


# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન

## ભાગ-૩








—: પ્રકાશક :—
શ્રી કુંદકુંદકહાન દિગંબર
જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ
(પાર્લા-સાંતાક્રુઝ) મુંબઈ

ॐ

वीतरागाय नमः।

# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન

## (ભાગ - ૩)

**શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર**
**પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના**
**પ્રવચનોનું અક્ષરશઃ પુસ્તક**

(નાટક સમયસાર સંવર દ્વારના સાર,
નિર્જરા દ્વાર પદ ૧ થી ૫૮,
બંધ દ્વાર પદ ૧ થી ૫૧ ઉપર

(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન નં. ૬૯ થી ૧૦૦)


—: પ્રકાશક :—

**શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,**
**(પાર્લા-સાંતાક્રુઝ) મુંબઈ-૪૦૦૦૫૬**

પ્રથમ આવૃત્તિ   પ્રત : ૧૦૦૦

વિ.સં. ૨૦૭૨   વીર સં. ૨૫૪૨   ઈ.સ. ૨૦૧૬

દ્વિતીય (સુધારેલ) આવૃત્તિ—૨૦૨૨

**-: પ્રકાશન તિથિ :-**

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી ૧૨૭મી જન્મજયંતી પ્રસંગ
૮–૫–૨૦૧૬, વૈશાખ સુદ–૨

**નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન ભાગ-૩**

## * પુસ્તક પુરસ્કૃતકર્તા *

(૧) સ્વ. અંજુબેન માણેકલાલ ડેલીવાળા
હ. અનુજ કૌશિકભાઈ ડેલીવાળા
મુલુંડ-મુંબઈ

(૨) (અ) શ્રીમતી હીરાબેન શાંતિલાલ દોશી
(બ) શ્રીમતી ઇન્દિરાબેન જયંતીલાલ શેઠ
હ. મમતાબેન ભાવિનભાઈ શાહ
(ક) શ્રીમતી કોકિલાબેન અનિલભાઈ ડેલીવાળા

## : પ્રાપ્તિસ્થાન :

* **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ-૩૬૪૨૫૦**
જિ. ભાવનગર
**ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪**

* **શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર**
**C/o શ્રી કુંદકુંદકહાન દિગંબર**
**જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ**
૪૭, ચર્ચ રોડ, ધનજી મહેતા ગ્રાઉન્ડ સામે
વિલેપાર્લા-(વેસ્ટ)
**મુંબઈ—૪૦૦૦૫૬**
**ફોન નં. ૦૨૨-૨૬૬૩૧૧૬૫**

* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ,
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ—૪૦૦૦૫૬**
ટે.નં. ૦૨૨–૨૬૧૩ ૦૮૨૦ / ૨૬૧૦ ૪૯૧૨

* **શ્રી સીમંધર ભગવાન દિ. જિનમંદિર**
**C/o શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
પ્લોટ નં. ૭૪૨, પૂજ્ય ગુરુદેવ
શ્રી કાનજીસ્વામી માર્ગ, સીંપોલી કોર્નર,
સોનીવાડી સામે, બોરીવલી (વેસ્ટ),
**મુંબઈ—૪૦૦૦૯૨**
**ફોન નં. ૦૨૨-૨૮૯૯ ૧૩૭૮**

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઑફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**મો. ૦૯૮૨૪૯૪૪૪૦૧**

ટાઈપ સેટીંગ :
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ**
**સોનગઢ (જિ. ભાવનગર)**
**મો. ૦૯૯૦૪૧૦૪૪૩૨**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)


હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# ગુરુભક્ત શિરોમણિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હૃદયસાગરમાંથી વહેલા ગુરુ ઉપકાર મહિમાવંત ઉદ્‌ગાર

## આ કાળે ગુરુદેવ મળવા દુર્લભ છે.

આ પંચમકાળે પૂજ્ય ગુરુદેવ મળવા મુશ્કેલ છે. ગુરુદેવ મળ્યા તે જ બેડો પાર છે. તેમના જેટલા ગુણગાન કરીએ એટલા ઓછા છે. તેમની નિરંતર વાણી ને નિરંતર સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. તેમનો એક એક શબ્દ આત્માને બતાવનારો, આત્માને જગાડનારો ને જે પુરુષાર્થ કરે તેને અનુભૂતિ થઈ જાય તેવી વાણી હતી. ગુરુદેવે તો સ્વયં ચૈતન્યને પ્રગટ કર્યો. 'તરણ–તારણ' પોતે તરીને બીજાને તારનાર હતા.

## કલ્યાણકારી વાણી ટેપમાં

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવની શક્તિ કોઈ અજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસમાંથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે તેવી દૈવી તેમની વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેપ(સીડી)માં ઉતરીને જીવંત રહી. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે.

## શ્રુતની શૈલી ગજબ

ગુરુદેવની શ્રુતની શૈલી ગજબ છે. તેમાં નિશ્ચય-વ્યવહાર, અસ્તિ-નાસ્તિ, ઉપાદાન-નિમિત્ત બધું જ તેઓએ સમજાવ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ, દિગંબર ધર્મથી જ મોક્ષ છે. બધો ખુલાસો કર્યો. મુક્તિનો માર્ગ ગુરુદેવે સ્પષ્ટ કર્યો, શ્રીમદ્ રાજચંદ્રના કેટલાક અર્થો પૂજ્ય ગુરુદેવે ખુલ્લા કરી સમજાવ્યા. તીર્થંકર ભગવાનની જેમ માર્ગ પ્રકાશ્યો....શ્રુતની ધારા જુદી જ....

મને(પૂ. બહેનશ્રીને) તત્ત્વની ઝંખના ઘણી. અંદરથી પોકાર આવતો પણ માર્ગની સ્પષ્ટતા તો ગુરુદેવે જ કરી. જેનાથી ઉપકાર થયો હોય તેનું નામ કેમ ભુલાય ?

*

# પ્રસ્તાવના

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાયભાવાયઃ સર્વ ભાવાન્તરચ્છિદે ॥**

સદેહે વિદેહ જઈ મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરનાર, ભરતક્ષેત્રના સીમંધર લઘુનંદન, જ્ઞાનસામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ, શુદ્ધાત્મામાં નિરંતર કેલી કરનાર હાલતા-ચાલતા સિદ્ધસમ ભગવાન **શ્રી કુંદકુંદાચાર્ય** વિક્રમ સંવત ૪૯ની સાલમાં થયા હતા.

ભગવાન મહાવીરથી ચાલતા આવતા જ્ઞાનમાં આચાર્યોની પરંપરાથી શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદ પૂર્વના દસમાં વસ્તુ અધિકારના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. ત્યાર પછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા અને પરંપરાથી તે જ્ઞાન ભગવાન **કુંદકુંદાચાર્ય**ને પ્રાપ્ત થયું હતું.

ભગવાન **કુંદકુંદાચાર્ય** વિ.સં. ૪૯માં સદેહે મહાવિદેહમાં ૮ દિવસ ગયા હતા. તેમણે શ્રી સીમંધર ભગવાનના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મચર્ચાનો અમૂલ્ય ખજાનો હૃદયગત કરીને ભરતક્ષેત્રમાં આવી પંચ પરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મશાસ્ત્ર છે. જેમાં શ્રી **કુંદકુંદાચાર્યે** ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે, જે ભવરહિત અશરીરી થવાનું શાસ્ત્ર છે.

**શ્રી કુંદકુંદઆચાર્ય** બાદ લગભગ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાન હૃદયને ખોલનાર, સિદ્ધપદ સાધક, મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી શ્રી સમયસાર શાસ્ત્રની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય **શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવ**ને થયું. તેમણે ''આત્મખ્યાતિ'' નામની ટીકાની રચના કરી. તે ઉપરાંત તે ગાથા ઉપર ૨૭૮ માર્મિક કળશો તેમજ પરિશિષ્ટની

રચના કરી. આ ટીકા વાંચતા પરમાર્થતત્ત્વના મધુર રસાસ્વાદી ધર્મજિજ્ઞાસુઓના હૃદયમાં નિઃસંદેહ આત્માનો અપાર મહિમા આવે છે, કેમકે આચાર્યદેવે તેમાં પરમ હિતોપદેશક, સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર ભગવંતોના હાર્દ ખોલીને અધ્યાત્મતત્ત્વના નિધાનો ઠાંસીઠાંસીને ભરી દીધા છે. અધ્યાત્મતત્ત્વના હાર્દને સર્વાંગ પ્રકાશનારી આ ''આત્મખ્યાતિ'' જેવી સુંદર ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન અધ્યાત્મગ્રંથની લખાયેલી નથી.

**શ્રી સમયસાર કળશ** ઉપર અધ્યાત્મરસિક **પંડિત શ્રી રાજમલજી પાંડે**એ ટીકા લખી છે, જે વિ.સં. સત્તરમી શતાબ્દીમાં થયા હતા. તે તેમણે રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી ભાષામાં લખેલી છે. સામાન્યબુદ્ધિના જિજ્ઞાસુ જીવો પણ સરળતાથી સમજી શકે એ રીતે વિસ્તારથી સ્પષ્ટતાપૂર્વક અને જોરદાર શૈલીથી ખુલ્લા કર્યા છે. ટીકામાં સ્થાને-સ્થાને નિર્વિકલ્પ સહજ સ્વાનુભવનું અતિશય મહત્વ બતાવ્યું છે અને તેની પ્રાપ્તિ કરવા પ્રેરણા આપી છે. તેઓ **કવિવર શ્રી બનારસીદાસ**થી થોડાક વર્ષો પહેલાં થઈ ગયા હોય એમ વિદ્વાનોનું માનવું છે.

**શ્રી સમયસાર કળશ**ની વિદ્વાન **પં. રાજમલજી**એ ટીકા કરી અને તેના ઉપરથી વિદ્વાન **પં. કવિવર શ્રી બનારસીદાસજીએ ''નાટક સમયસાર''**ની રચના કરી છે. આ ગ્રંથ અધ્યાત્મનું એક ઉજ્જવલ રત્ન છે.

પં. બનારસીદાસજીનો જન્મ વિ.સં. ૧૬૪૩ના મહા મહિનામાં મધ્ય ભારતમાં રોહતકપુર પાસે બિહોલી ગામમાં થયો હતો. તેમનું કુળ શ્રીમાળ હતું અને ગોત્ર બિહોલિયા હતું. વિદ્વાન કવિવર શ્રી બનારસીદાસજીએ પંડિત રાજમલજી રચિત ''સમયસાર કળશ'' ઉપરથી ''નાટક સમયસાર''ની રચના કરી હતી. તેમાં મંગલાચરણ તથા ઉત્થાનિકાના ૫૧ કળશ, જીવ દ્વારના ૩૫ કળશ, અજીવ દ્વાર—૧૪, કર્તા કર્મ ક્રિયા દ્વાર—૩૬, પુણ્ય-પાપ એકત્વ દ્વાર—૧૬, આસ્રવ દ્વાર—૧૫, સંવર દ્વાર—૧૧, નિર્જરા દ્વાર—૬૧, બંધ દ્વાર—૫૮, મોક્ષ દ્વાર—૫૩, સર્વવિશુદ્ધિ દ્વાર—૧૩૭, સ્યાદ્‌વાદ દ્વાર—૨૧+૧, સાધક સાધ્ય દ્વાર—૫૬, ચૌદ ગુણસ્થાનાધિકાર (ચતુર્દશ ગુણસ્થાનાધિકાર)—૧૧૫, ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિના—૪૦ પદની રચના કરવામાં આવી છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજુદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ, અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મયુગસ્રષ્ટા, આત્મજ્ઞસંત,

અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ **પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**નો ઉદય થયો.

ભારતની ભવ્ય વસુંધરા એ સંતરત્નો પાકવાની પવિત્ર ભૂમિ છે. તેમાં સૌરાષ્ટ્ર આગળ પડતું નામ છે. અર્વાચીનયુગમાં, અધ્યાત્મપ્રધાન જૈન ગગનમંડળમાં ચમકતા નક્ષત્રો સમા સમીપ સમયજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્ર**, અધ્યાત્મ યુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત **પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી** અને પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પવિત્રાત્મા **બહેનશ્રી ચંપાબેન** જેવા અસાધારણ સ્વાનુભૂતિ ધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપી, સૌરાષ્ટ્રની ધરતી પુણ્યભૂમિ બની છે. તેમ જ સોનગઢમાં એક જ રાતમાં સમ્યગ્દર્શન પામી **શ્રી નિહાલચંદ સોગાની**એ સોનગઢથી પોતાની મોક્ષયાત્રા શરૂ કરી.

પરમ દેવાધિદેવ ચરમતીર્થંકર પરમ પૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુ પરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમ પાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ''પરમાગમ સમયસાર'' વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે, તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, અંતરના પુરુષાર્થ વડે સ્વાનુભૂતિ સમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી, જેમણે સૌરાષ્ટ્ર, ગુજરાત, સમગ્ર ભારતવર્ષ તેમજ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવી વર્તમાન સદીના વિષમય ભૌતિકયુગમાં દુઃખી જીવોનો ઉદ્ધાર કર્યો છે, તે જિનશાસન પ્રભાવક, કરુણામૂર્તિ પરમોપકારી **પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**ની શુદ્ધાત્મ સુધારસ મંગલમય પવિત્રતા, પુરુષાર્થથી ધબકતું ધ્યેયનિષ્ઠ સહજ વૈરાગ્ય નીતરતું ઉત્તમ બાલબ્રહ્મચર્ય સહિત પવિત્ર જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગમાર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તો પણ ઘણા પૃષ્ઠો ભરાય તેમ છે.

**પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી**એ ૪૫-૪૫ વર્ષો સુધી અલૌકિક પ્રવચનો તથા તત્ત્વચર્ચાઓ દ્વારા મુમુક્ષુઓને ન્યાલ કરી દીધા. તેમણે ૧૫ શાસ્ત્રો ઉપર સળંગ તેમજ અન્ય સાત શાસ્ત્ર ઉપર અમુક પ્રવચનો તથા અમુક શાસ્ત્રો ઉપર ઘણીવાર પ્રવચનો કરેલા છે. અંદાજે ૯૪૦૦ કલાકના પ્રવચનો ટેપ તથા સીડીમાં સંગ્રહીત કરવામાં આવેલ છે.

જો અક્ષરશઃ પ્રવચનના પુસ્તક બનાવવામાં આવે તો તેના ઘણા ફાયદા મુમુક્ષુઓને થાય. પ્રવચનમાં આવેલ બાબતને શાંતચિત્તે વિશેષ ઘોલન કરી શકે. ન સમજાતી બાબતને પૂછી શકે, તેમ જ કઈ અપેક્ષા અને ન્યાય પૂજ્ય ગુરુદેવ કાઢીને આપે છે તેનું અવલોકન

પણ કરી શકે વગેરે. જુદા જુદા મંડળો તથા વ્યક્તિઓની ભાવના હતી કે બધા શાસ્ત્રોના અક્ષરશઃ પ્રવચન છપાય તો મુમુક્ષુઓને ઘણું લાભનું કારણ થશે.

અમારા પાર્લા મંડળમાં ટ્રસ્ટીઓ સમક્ષ મુમુક્ષુઓએ રજૂઆત કરતાં તેઓએ સહર્ષ અનુમોદના આપી અને પાર્લા મંડળે શ્રી નાટક સમયસાર ઉપર અક્ષરશઃ પ્રવચનો છપાવવાનું નક્કી કર્યું અને તે સંબંધી સંપૂર્ણ કાર્યવાહી શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદારને સોંપવામાં આવી. જેવી કે મુમુક્ષુઓ પાસે પ્રવચનો લખાવવા, તેને તપાસવા, કંપોઝ કરાવવા, બે વાર પ્રૂફ રીડિંગ તથા ભાષાકીય ચેક કરાવવા તથા છપાવવા વગેરે.

જેઓએ પ્રવચન લખવામાં તથા તપાસવામાં મદદ કરી છે તે મુમુક્ષુઓના નામ આ પ્રમાણે છે. વીણાબેન નંદુ, મંજુબેન ગાલા, સ્વાતિબેન બાબુભાઈ મોદી, કલ્પેશભાઈ બાબુભાઈ મોદી, આશિષભાઈ કીર્તિભાઈ કોઠારી, હેતલબેન અમીતભાઈ કોઠારી, કિરીટભાઈ જોબાલિયા, નીતાબેન મધુભાઈ દોશી, ચંદ્રકાંતભાઈ કેશવલાલ શાહ, લક્ષ્મીબેન સાવલા, દિલિપભાઈ સવાઈલાલ શાહ, પ્રીતિબેન ભાવેશભાઈ શાહ, જયંતભાઈ બ્રોકર, રૂપાબેન જયંતભાઈ બ્રોકર, ફોરમબેન મનહરભાઈ પારેખ, દીવાળીબેન ગડા, ભવ્યભાઈ મહેતા, પારૂલબેન અનુજભાઈ શેઠ, ઉષાબેન અરૂણભાઈ શાહ, ઝરણાબેન કેતનભાઈ શાહ, કેતનભાઈ ગોપાણી, વંદનાબેન સાવલા, ભારતીબેન સાવલા, મનીષભાઈ પીપલીયા, જયાબેન ગાલા, બેલાબેન દફતરી, અમીબેન રવાણી, મિનાક્ષીબેન નંદુ, આશાબેન જિતેન્દ્રભાઈ મહેતા, સૌમિલભાઈ મહેતા, અજયભાઈ શાહ, રજનીબેન જયેશભાઈ, ઝવેરબેન છેડા, હંસાબેન રાંભીયા, અનિલભાઈ પુનાતર, રાજીવભાઈ ચંદ્રકાંતભાઈ વાધર, બિપિનભાઈ શાહ, રમીલાબેન પ્રતાપભાઈ શાહ, રજનીભાઈ શેઠ, આશીષભાઈ ગાંધી, અતુલભાઈ ગાંધી, મીનાબેન ભરતભાઈ શાહ તથા કૌશિકભાઈ માણેકલાલ ડેલીવાળા—મુલંડ.

આ ઉપરાંત અતિ સૌથી મહત્વની અને ખૂબ જ ચીવટપૂર્વક સંપૂર્ણ જવાબદારી મલાડ મંડળના મુમુક્ષુ શ્રી અતુલભાઈ પ્રેમજીભાઈ જૈને નિભાવી છે. જેમકે તપાસેલ પ્રવચનને સાંભળીને તપાસવા અને કંપોઝ થયેલ પ્રૂફને પ્રવચન સાંભળીને તપાસવા વગેરે. આ પ્રવચન ગ્રંથનું પ્રિન્ટીંગ કાર્ય સ્મૃતિ ઑફસેટ, સોનગઢે કરી આપેલ છે. ઉપરોક્ત સર્વેનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

**જેટલા પ્રવચનો હિંદીમાં થયેલા છે, એની ભાષા હિંદી રાખીને ગુજરાતી લિપીમાં લખેલા છે. જ્યાં શબ્દો સ્પષ્ટ સંભળાતાં નથી ત્યાં .......(ડોટ) મૂકેલ**

**છે.** અમે અમારો પૂરો પ્રયાસ કર્યો છે કે ક્યાંય ભૂલ ન રહી જાય છતાં જો અમારાથી શરતચૂકથી જો કોઈ ભૂલ રહી ગઈ હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા માંગીએ છીએ. જો કોઈ ભૂલ તમારા ખ્યાલમાં આવે તો ધ્યાન દોરવા વિનંતી, જેથી આગળના પ્રકાશનમાં સુધારી શકાય.

કુલ ૧૯૭ પ્રવચન ૬ ભાગમાં પ્રકાશિત થશે. તેમાં અનુમોદના કરી દાન આપ્યું છે તે સર્વેનો હૃદયથી આભાર માનવામાં આવે છે. દાનરાશી અન્યત્ર છાપવામાં આવેલ છે. આ પ્રવચન ગ્રંથ માટે દાનરાશિ આપનાર મુમુક્ષુઓની ભાવના અનુસાર આ પુસ્તક દરેક તત્ત્વપ્રેમી મુમુક્ષુઓને વિનામૂલ્યે સ્વાધ્યાય અર્થે ભેટ આપવામાં આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૭મી જન્મજયંતી પ્રસંગે નાટક સમયસારના અક્ષરશઃ પ્રવચન ભાગ-૩ પ્રકાશિત કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.**

અંતમાં, શ્રી નાટક સમયસાર ઉપરના અક્ષરશઃ પ્રવચનોનો સ્વાધ્યાય કરી આપણે સૌ પૂર્ણતા પ્રાપ્ત કરી જ્ઞાની ધર્માત્માઓના ઉપકારને યથાર્થ કરીએ એવી મંગલ ભાવના.

પૂજ્ય ગુરુદેવશ્રીની
૧૨૭મી જન્મજયંતી
તા. ૮-૫-૨૦૧૬
વૈશાખ સુદ-૨
વિ.સં. ૨૦૭૨ વિ.સં. ૨૫૪૨

લિ.
**શ્રી કુંદકુંદકહાન દિ. જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ પાર્લા—સાંતાક્રુઝના**
જય જિનેન્દ્ર

**સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ**



# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમ | અધિકાર તથા પદ નંબર | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૬૯ | **સંવર દ્વારના સાર તથા નિર્જરા દ્વાર** પદ ૧, ૨ | ૧-૧૫ |
| ૭૦ | **નિર્જરા દ્વાર,** પદ ૧ થી ૫ | ૧૬-૨૯ |
| ૭૧ | **નિર્જરા દ્વાર,** પદ ૬ થી ૯ | ૩૦-૪૩ |
| ૭૨ | **નિર્જરા દ્વાર,** પદ ૧૦ થી ૧૨ | ૪૪-૫૭ |
| ૭૩ | **નિર્જરા દ્વાર,** પદ ૧૩ થી ૧૬ | ૫૮-૭૩ |
| ૭૪ | **નિર્જરા દ્વાર,** પદ ૧૭ થી ૨૦ | ૭૪-૮૯ |
| ૭૫ | **નિર્જરા દ્વાર,** પદ ૨૦ થી ૨૪ | ૯૦-૧૦૬ |
| ૭૬ | **નિર્જરા દ્વાર,** પદ ૨૫ થી ૨૯ | ૧૦૭-૧૨૧ |
| ૭૭ | **નિર્જરા દ્વાર,** પદ ૩૦ થી ૩૩ | ૧૨૨-૧૩૫ |
| ૭૮ | **નિર્જરા દ્વાર,** પદ ૩૪ થી ૩૮ | ૧૩૬-૧૪૯ |
| ૭૯ | **નિર્જરા દ્વાર,** પદ ૩૯ થી ૪૨ | ૧૫૦-૧૬૩ |
| ૮૦ | **નિર્જરા દ્વાર,** પદ ૪૩, ૪૪, ૪૫ | ૧૬૪-૧૭૭ |
| ૮૧ | **નિર્જરા દ્વાર,** પદ ૪૬ થી ૪૯ | ૧૭૮-૧૯૩ |
| ૮૨ | **નિર્જરા દ્વાર,** પદ ૫૦-૫૧ | ૧૯૪-૨૦૮ |
| ૮૩ | **નિર્જરા દ્વાર,** પદ-૫૩-૫૪ | ૨૦૯-૨૨૨ |
| ૮૪ | **નિર્જરા દ્વાર,** પદ ૫૫-૫૬-૫૭ | ૨૨૩-૨૩૭ |
| ૮૫ | **નિર્જરા દ્વાર,** પદ ૫૮ થી ૬૧ તથા **નિર્જરા દ્વાર,** સાર | ૨૩૮-૨૫૩ |
| ૮૬ | **નિર્જરા દ્વાર,**ના સાર | ૨૫૪-૨૬૯ |
| ૮૭ | **બંધ દ્વાર,** પદ ૧, ૨, ૩, ૪ | ૨૭૦-૨૮૫ |
| ૮૮ | **બંધ દ્વાર,** પદ ૪ થી ૬ | ૨૮૬-૩૦૦ |
| ૮૯ | **બંધ દ્વાર,** પદ ૭ થી ૧૨ | ૩૦૧-૩૧૮ |
| ૯૦ | **બંધ દ્વાર,** પદ ૧૩ થી ૧૫ | ૩૧૯-૩૩૩ |
| ૯૧ | **બંધ દ્વાર,** પદ ૧૬થી ૧૮ | ૩૩૪-૩૪૯ |
| ૯૨ | **બંધ દ્વાર,** પદ ૧૮ થી ૨૦ | ૩૫૦-૩૬૪ |
| ૯૩ | **બંધ દ્વાર,** પદ ૨૧ થી ૨૪ | ૩૬૫-૩૮૩ |
| ૯૪ | **બંધ દ્વાર,** પદ ૨૫ થી ૨૭ | ૩૮૪-૩૯૮ |
| ૯૫ | **બંધ દ્વાર,** પદ ૨૭ થી ૩૦ | ૩૯૯-૪૧૪ |
| ૯૬ | **બંધ દ્વાર,** પદ ૩૧ થી ૩૪ | ૪૧૫-૪૩૦ |
| ૯૭ | **બંધ દ્વાર,** પદ ૩૫ થી ૩૯ | ૪૩૧-૪૪૫ |
| ૯૮ | **બંધ દ્વાર,** પદ ૪૦ થી ૪૪ | ૪૪૬-૪૬૩ |
| ૯૯ | **બંધ દ્વાર,** પદ ૪૫ થી ૪૮ | ૪૬૪-૪૮૧ |
| ૧૦૦ | **બંધ દ્વાર,** પદ ૪૮ થી ૫૧ | ૪૮૨-૫૦૦ |

ૐ

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

# શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર

## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય સદ્ગુરુદેવ
## શ્રી કાનજીસ્વામીના પ્રવચન

## ભાગ-૩

**પ્રવચન નં. ૬૯, ચૈત્ર સુદ ૧૪ શુક્રવાર તા. ૯-૪-૧૯૭૧**
**સંવર દ્વારના સાર તથા નિર્જરા દ્વાર પદ ૧, ૨ ઉપર પ્રવચન**

### સંવર અધિકારનો સાર

**મૂળ શાસ્ત્ર :** પૂર્વ અધિકારમાં કહેતા આવ્યા છીએ કે મિથ્યાત્વ જ આસ્રવ છે, તેથી આસ્રવનો નિરોધ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર છે. આ સંવર–નિર્જરાનું અને અનુક્રમે મોક્ષનું કારણ છે. જ્યારે આત્મા સ્વયં બુદ્ધિથી અથવા શ્રીગુરુના ઉપદેશ આદિથી આત્મા–અનાત્માનું ભેદવિજ્ઞાન અથવા સ્વભાવ–વિભાવની ઓળખાણ કરે છે ત્યારે સમ્યગ્દર્શનગુણ પ્રગટ થાય છે. સ્વને સ્વ અને પરને પર જાણવું એનું જ નામ ભેદવિજ્ઞાન છે, એને જ સ્વપરનો વિવેક કહે છે. 'તાસુ જ્ઞાનકૌ કારન સ્વ–પર વિવેક બખાનૌ' અર્થાત્ ભેદવિજ્ઞાન સમ્યગ્દર્શનનું કારણ છે. જેવી રીતે કપડા સાફ કરવામાં સાબુ સહાયક છે તેવી જ રીતે સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ભેદવિજ્ઞાન સહાયક થાય છે અને જ્યારે કપડાં સાફ થઈ જાય ત્યારે સાબુનું કાંઈ કામ રહેતું નથી અને જો સાબુ હોય તો એક ભાર જ લાગે છે; તેવી જ રીતે સમ્યગ્દર્શન થયા પછી જ્યારે સ્વ–પરના વિકલ્પની આવશ્યકતા નથી રહેતી ત્યારે ભેદવિજ્ઞાન હેય જ હોય છે. ભાવ એ છે કે ભેદજ્ઞાન પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે અને સમ્યગ્દર્શન નિર્મળ થયા પછી તેનું કાંઈ કામ નથી, હેય છે. ભેદ–વિજ્ઞાન જોકે હેય છે તોપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ હોવાથી ઉપાદેય છે, તેથી સ્વગુણ અને પરગુણની

ઓળખાણ કરીને પર-પરિણતિથી વિરક્ત થવું જોઈએ અને શુદ્ધ અનુભવનો અભ્યાસ કરીને સમતાભાવ ગ્રહણ કરવો જોઈએ.

## संवर अधिकारका सार

पूर्व अधिकारमें कह आये हैं कि मिथ्यात्व ही आस्रव है, इसलिए आस्रवका निरोध अर्थात् सम्यक्त्व संवर है। यह संवर निर्जराका और अनुक्रमसे मोक्षका कारण है। जब आत्मा स्वयंबुद्धिसे अथवा श्रीगुरुके उपदेश आदिसे आत्मअनात्मका भेदविज्ञान अथवा स्वभाव-विभावकी पहिचान करता है तब सम्यग्दर्शन गुण प्रगट होता है। स्वको स्व और परको पर जानना इसीका नाम भेदविज्ञान है, इसीको स्व-पर विवेक कहते हैं। 'तासु ज्ञानकौ कारन स्व-पर विवेक बखानौ'की उक्तिसे भेदविज्ञान सम्यग्दर्शनका कारण है। जिस प्रकार कपड़ा साफ करनेमें साबु सहायक है उसी प्रकार सम्यग्दर्शनकी उत्पत्तिमें भेदविज्ञान सहायक होता है और जब कपड़े साफ हो जावे तब साबुनका कुछ काम नहीं रहता और यदि साबुन हो तो एक बोझ ही होता है; उसी प्रकार सम्यग्दर्शन हुए पीछे जब स्व-परके विकल्पकी आवश्यकता नहीं रहती तब भेदविज्ञान हेय ही होता है। भाव यह है कि भेदज्ञान प्रथम अवस्थामें उपादेय है और सम्यग्दर्शन निर्मल हुए पीछे उसका कुछ काम नहीं है, हेय है। भेदविज्ञान यद्यपि हेय है तो भी सम्यग्दर्शनकी प्राप्तिका कारण होनेसे उपादेय है, इसलिए स्वगुण और परगुणकी परख करके परपरिणतिसे विरक्त होना चाहिये और शुद्ध अनुभवका अभ्यास करके समताभाव ग्रहण करना चाहिए।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

નાટક સમયસાર. સંવર અધિકારનો સાર. पूर्व अधिकारमें कह आये है... પહેલા એમ કહેવાઈ ગયું છે. (શ્રોતા : આજ તો ગુજરાતી ચાલશેને?) આજ તો ગુજરાતી ચાલશે. એ તો ઓલા હતા. ...... એક ભાઈએ કહ્યું છે. કાંઈક કહ્યું છે, 'હિન્દી, કહો હિન્દી'. પૂર્વમાં કહેવામાં આવ્યું છે કે મિથ્યાત્વ તે જ આસ્રવ છે. મુખ્ય આસ્રવ મિથ્યાત્વને કહ્યું. ચારિત્ર દોષ જે હોય પાછળ, એ તો ગૌણ આસ્રવ છે અને જેને ઘણા અલ્પ સ્થિતિ, રસવાળા પરિણામ છે એને મુખ્યપણે આસ્રવ કહેવામાં આવ્યું નથી. દુનિયા એને મુખ્ય કરે. હિંસાના પરિણામ ક્રોધ, માન, માયાના ભાવ એ પાપ છે અને એ મુખ્ય છે, એમ કરે દુનિયા.

આંહીં કહે છે કે મિથ્યાત્વના પરિણામ એ જ મુખ્યત્વે બંધનનું કારણ છે. મિથ્યાત્વની વ્યાખ્યા કઠણ! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને એને મિથ્યાત્વ છે. એ ઉપરાંત દેહાદિની ક્રિયાને 'હું કરી શકું' એ પણ મિથ્યાત્વ છે. અંતરમાં પાપના ભાવમાં મજા પડે,

એ પણ મિથ્યાત્વ છે, પુણ્યના ભાવમાં ઠીક લાગે, હિત લાગે એ પણ (મિથ્યાત્વ છે). (શ્રોતા :....) ઓલામાં મીઠાશ લાગે, સુખબુદ્ધિ. આમાં હિતબુદ્ધિ (કે) આ મારું હિતનું કારણ છે. (શ્રોતા : ઓલું સુખનું કારણ, આ હિતનું કારણ). બેય એક જ છે, પણ બીજી ભાષાથી.. એવો જે મિથ્યાત્વભાવ અર્થાત્ એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ રાખવી એ પણ મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વભાવ એ જ આસ્રવ છે. સમજાય છે કાંઈ ?

મિથ્યાત્વ એ જ ખરેખર પાપ છે એમ કહ્યું. વિપરીત માન્યતા... આત્મા આનંદ ને અનાકુળ શાંતસ્વરૂપ છે, એને એ રીતે ન માનતાં, ન જાણતાં, ન અનુભવતાં, કોઈ પણ નિમિત્તના સંબંધથી મને ધર્મનો લાભ થાય, હું બીજાને નિમિત્ત થઈને બીજાને ધર્મનો લાભ થાય, એ બધું મિથ્યાત્વ છે. (શ્રોતા : બધેથી લાગુ પડે ?) ઝીણી વાત છે. કહો, પંડિતજી ! લાભ તો સ્વ-સ્વરૂપ ચૈતન્યમૂર્તિ આત્મા અનંત અનંત ગુણનું એકરૂપ, તેના આશ્રય વિના લાભ ત્રણ કાળમાં બીજેથી છે (નહીં). એમ મનાઈ જાય એમાં (કે) સમ્મેદશિખરથી લાભ થશે, ગિરનારથી થશે, શાસ્ત્ર ભણવાથી મને લાભ થશે. ભારે વાત ભાઈ !

મિથ્યાત્વનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે. ભગવાન આત્મા..! એથી અહીં કહ્યું, મિથ્યાત્વ એ જ પાપ છે. પછી પુણ્ય ને પાપ બેય વિકલ્પ છે, એ મારાં છે... જેને મારા માન્યા એના પર એની દૃષ્ટિ હોય છે, એથી એને અહીંયાં મિથ્યાત્વ કહેવામાં આવે છે. કહો, પ્રકાશદાસજી ! આ મહાવ્રતના પરિણામ રાગ છે. એનાથી લાભ માને તો મિથ્યાત્વ છે, મહાપાપ છે એમ કહે છે. (શ્રોતા : તે દિ' ધર્મ, એમ હશે.) પહેલા ધર્મ હશે, એમ કહે છે, તે દિ'. પણ માન્યો હતો ખરોને ! (શ્રોતા : હજારવાર). ... એ વખતે માન્યું હોયને. આ ધર્મ છે એમ માન્યું હોયને. આહાહા ! વૃત્તિ ઉત્પન્ન થાય (કે) 'આને ન મારું ને આને દુઃખ ન દઉં, આને આ કરું' એ વિકલ્પમાત્ર વિકાર છે. અને 'એ વિભાવ મારો સ્વભાવ છે અને મારું સ્વરૂપ છે' એ માન્યતા તદ્દન મિથ્યાત્વ છે.

એથી અહીં મિથ્યાત્વ તે જ આસ્રવ, એમ લીધુંને, 'હી' કીધુંને ! 'હી' એટલે મિથ્યાત્વ જ આસ્રવ છે. ભઈ, એકાંત થઈ જાય છે આમાં. એય ! મિથ્યાત્વ આસ્રવ છે, પણ શાસ્ત્રમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ (શ્રોતા : બધા મિથ્યાત્વ છે.) એ બધા મિથ્યા ઊંધી શ્રદ્ધા છે ત્યાં જ એ પાંચે પરિણામ અશુદ્ધ થાય છે. જ્યાં મિથ્યાત્વ નથી ત્યાં અશુદ્ધ પરિણામ થતાં જ નથી. આહાહા ! કેમ કે મિથ્યાત્વ છે તે, એક સમયની પર્યાય અને રાગ અને નિમિત્તની ઉપર અસ્તિત્વનો સ્વીકાર છે એ જ મિથ્યાત્વ છે. અને એની સાથે અવ્રત, પ્રમાદ, કષાય, યોગના પાપ પણ એની સાથે હોય છે.

इसलिये आस्रव का निरोध सम्यक्त्व संवर है, દેખો. એ આસ્રવ કોણ ? કે આ

મિથ્યાત્વ, એમ. એને આસ્રવ કહ્યોને. इसलिये आस्त्रव का निरोध सम्यक्त्व संवर है. ભગવાન આત્મા નિમિત્ત, રાગ ને અલ્પજ્ઞપણાથી રુચિ ઊઠાવીને પૂર્ણ સ્વરૂપમાં રુચિને પ્રસરાવે એનું નામ સમ્યગ્દર્શન. અને સમ્યગ્દર્શન છે એ પોતે શુદ્ધ છે ને એનો વિષય પણ શુદ્ધ છે એટલે સમ્યગ્દ્રષ્ટિને અશુદ્ધતાનું ઉત્પન્ન થવું (રહેતું) નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ મિથ્યાત્વ ગયું ત્યાં અવ્રત, પ્રમાદ, કષાય, યોગના જે અશુદ્ધ પરિણામ છે એ મારો સ્વભાવ જ નથી. મારા સ્વભાવમાં દ્રવ્યમાં નથી, ગુણમાં નથી ને પર્યાયમાં પણ એ નથી. આહાહા! એમ મિથ્યાત્વનો નિરોધ થવાથી એટલે કે આસ્રવનો નિરોધ કહો કે મિથ્યાત્વનો નિરોધ કહો. કારણ કે મિથ્યાત્વને જ અહીંયાં આસ્રવ કહેવામાં આવે છે. સમ્યક્ સંવર હોય છે. સમ્યક્ત્વ સંવર હોય છે. ત્યાં મિથ્યાત્વ વિપરીત શ્રદ્ધા એનો વ્યય થયો ને શુદ્ધ આનંદસ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ્યું એ ઉત્પાદ્ થયો. એ શુદ્ધતાના ઉત્પાદમાં મિથ્યાત્વરૂપી અશુદ્ધતાનો આસ્રવ છે નહીં. એની સાથે વ્રતાદિનો આસ્રવ ખરેખર સમકિતીને છે (નહીં). સમજાણું કાંઈ? ભારે ભાઈ!

અને यह संवर निर्जराका और अनुक्रमसे मोक्षका कारण है, લ્યો. સમ્યગ્દર્શન એ સંવર (એટલે) મિથ્યાત્વના આસ્રવનું રૂંધન. એ જ સંવર અને એ જ સંવરથી નિર્જરા. એ સંવરપૂર્વક નિર્જરા હોય છે. અશુદ્ધતા ટળે છે, કર્મ ગળે છે, શુદ્ધતા વધે છે. સમજાણું કાંઈ? આરે વ્યાખ્યા ભારે! સંપ્રદાયની સાથે તો ક્યાંય મેળ ખાય નહીં. લાગે કે આ ઓટલો જુદો લાગે છે. (શ્રોતા : જુદો નહીં, વિપરીત છે.) કહો, પંડિતજી! આહાહા! સંવર નિર્જરાકા... 'यह' એટલે સમકિત એમ. સમ્યગ્દર્શન આત્માનું શુદ્ધ ચૈતન્ય અખંડ, અભેદસ્વરૂપનું અંતર અનુભવ અને એમાં પ્રતીત એ જ સમ્યગ્દર્શન(રુપી) સંવર નિર્જરાનું અને અનુક્રમે મોક્ષનું કારણ છે. એ સમ્યગ્દર્શન જ નિર્જરા ને મોક્ષનું કારણ છે એમ કહે છે. કહો, ક્રમ મૂક્યો સારો. જે સમ્યક્ ચૈતન્યવસ્તુ એનો અનુભવ, શુદ્ધતાનો અનુભવ, એમાં પ્રતીત તે સમ્યગ્દર્શન છે. એ જ સંવર ને એ જ સંવર ને નિર્જરાનું કારણ. સમ્યગ્દર્શન સંવરનું કારણ, સમ્યગ્દર્શન નિર્જરાનું—અશુદ્ધતાના નાશનું કારણ, સમ્યગ્દર્શન અનુક્રમે મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ?

એ સમ્યગ્દર્શન શું એની કિંમત ન મળે. અને આ રાગ ઘટાડો, ક્રિયા કરી ને દયા પાળી ને વ્રત પાળ્યા ને તપસ્યા અપવાસ કર્યા ને, બધી લાંઘણું છે. લાંઘણું છે? (શ્રોતા : આત્માને ઓળખ્યો નહીં ને.....) જ્યાંથી લાભ થાય એ ચીજને તો જાણી નહીં ને અલાભ થાય એવા વિકલ્પ ઊભા કર્યા. સમજાણું કાંઈ? કહે છે, એ જ સંવર, નિર્જરા ને અનુક્રમે મોક્ષનું કારણ છે. આત્મા અખંડ આનંદ શુદ્ધ એનો અનુભવ (અને) રાગ ને પુણ્યનો અનુભવ નહીં કારણ કે એ તો અશુદ્ધ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપની વૃત્તિઓ વિકલ્પ

ઊઠે એનો અનુભવ નહીં, એમ કહે છે. ભગવાન શુદ્ધસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ એનો અનુભવ એવું જે સમ્યગ્દર્શન એ જ સંવરનું કારણ અને એ જ અશુદ્ધતા ને કર્મને ગાળવાનું કારણ. કર્મ તો એની મેળે ગળે પણ અસદ્‌ભૂત વ્યવહારનયના કથનો એવા હોય છે.

કર્મને ટાળવા એ કંઈ આત્માનો અધિકાર નથી. પણ આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ ને અનુભવ કરે, એથી તે કાળે કર્મના ઉદયનું પરિણમન અકર્મરૂપે પરિણમી જાય, એને આત્માએ ટાળ્યા અને નિર્જરા કરી જડની, એમ કહેવામાં આવે છે. જૂઠી દૃષ્ટિએ કહેવાય, અસદ્‌ભૂત વ્યવહારે. કહો, સમજાણું કાંઈ? जब आत्मा स्वयं बुद्धिसे.. હવે કહે છે કે કેમ ઉત્પન્ન થાય એ? આત્મા સ્વયં પોતાને કારણે સીધો સ્વભાવને અનુભવીને, પકડીને, अथवा श्रीगुरुके उपदेश आदिसे.. (શ્રોતા : ગુરુ ઉપદેશ આવ્યો). ઉપદેશ આદિસે... નિસર્ગજ ને અધિગમ બે કહેવું છે ને. નિસર્ગ છે (એટલે) કાં પોતાની મેળે પામે છે કે આ વસ્તુનું સ્વરૂપ છે, કાં નિમિત્ત સાંભળીને પછી અંતરમાં ઉતરે છે એમ કહેવું છે. ઉતરે છે તો અંદરમાં. કાંઈ નિમિત્ત સામું લક્ષ રાખીને અંદરમાં ઉતરવું બને? બહાર લક્ષ એ તો બાહ્યલક્ષી છે. ગુરુ ને ગુરુનો ઉપદેશ એ સાંભળે છે એ તો બાહ્યલક્ષી છે. ભારે કામ આકરું! સમજાણું કાંઈ? પણ વ્યવહારે એમ કહેવામાં આવે.

श्रीगुरुके उपदेश आदिसे आत्मा अनात्माका भेदविज्ञान.. ભગવાનના ઉપદેશમાં આવ્યું શું? શાસ્ત્ર આદિમાં, છેને! શાસ્ત્રનું વાંચન કરે, ગુરુએ કહ્યું સાંભળીને. એ શાસ્ત્રમાં કે ગુરુના વચનોમાં એ આવે છે કે તારો આત્મા પૂર્ણાનંદ શુદ્ધ છે, તે અશુદ્ધતાના રાગથી ભિન્ન છે. અશુદ્ધતા તું કર તો તને શુદ્ધતા પ્રગટે, એવો ઉપદેશ જ્ઞાનીનો ને શાસ્ત્રનો હોય (નહીં.) એવો જે ઉપદેશ છે એ મિથ્યાદૃષ્ટિનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? આ વ્રત પાળો ને તપસ્યા કરો બહારની, એનાથી તમને ધર્મ થશે, એ ઉપદેશ મિથ્યાદૃષ્ટિનો છે અને ઉપદેશ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનો પોષક ઉપદેશ છે. એ ગુરુનો ક્રને શાસ્ત્રનો ઉપદેશ નથી.

ગુરુનો ને શાસ્ત્રનો ઉપદેશ તો, 'તું તારામાં અંદરમાં જો. તારામાં આનંદ ને શાંતિની સંપદા બેહદ અનંત પડી છે. જેનો સ્વભાવ છે એની મર્યાદા શું?' એવા અંતર્મુખના ધ્યેયમાં જે ચેતન્યને પકડે એવો ઉપદેશ ગુરુએ કર્યો છે એમ કહે છે. અમારી સામું જોઈશ તો તને મળશે એમ નહોતું કહ્યું. (શ્રોતા : પહેલા તો ગુરુની સામું જોવું પડેને?) હો, પણ સામું જોયું માટે અંદરમાં જઈ શકે, એમ નથી. (શ્રોતા : તમારી વાત સાચી). આ તો વસ્તુની સ્થિતિ આવી છે. બહિર્મુખના લક્ષે અંતર્મુખમાં જવાય? મોઢું આમ રાખવું ને એકાગ્રતા અંદરમાં

થાય? (શ્રોતા : પહેલો ઉપદેશ, અંદર જાય પછી..) પછી નહીં, પહેલો જાય ત્યારે ઓલાને—ઉપદેશને નિમિત્ત કહેવાય, એમ કહે છે. આંહીં તો, ઉપદેશ આદિસે આત્મા અનાત્માના ભેદવિજ્ઞાન થાય છે. થાય ત્યારે એને ગુરુના ઉપદેશથી થયું એમ કહેવાય. અસદ્‌ભૂત વ્યવહારનયે કહેવામાં આવે છે. આવી વાત. એમને અત્યારે જ પૂછીએ, કેટલો ફેર છે આમાં? (શ્રોતા : પૂરેપૂરો). લ્યો, પૂરેપૂરો ફેર છે કહે છે.

आत्मा अनात्मा.. ભગવાન આત્મા તો આનંદ ને શુદ્ધ ચૈતન્યધાતુ અને અણાત્મા એ વિકલ્પ ને રાગ આદિ બધો અણાત્મા. બે જ વાત, એક જ્ઞાન—એક અજ્ઞાન, એક આત્મા—એક અણાત્મા. એવું કાં પોતાના અંતરથી થાય, કાં ગુરુએ કહ્યું પછી વિચાર કરીને અંતરમાં ઊતરે તો થાય. કહો, સમજાણું કાંઈ? आत्मा अनात्माका भेदविज्ञान.. ભેદવિજ્ઞાન છે ને. બેનું જુદાપણું. એ રાગનો વિકલ્પ અને આત્મા શુદ્ધચૈતન્ય, બેની જુદાઈનું ભેદવિજ્ઞાન.. अथवा स्वभाव-विभावकी पहिचान करता है तब सम्यग्दर्शनगुण प्रगट होता है. દેખો, પંડિતજી! 'ગુણ' શબ્દ વાપર્યો હૈ. 'સમ્યગ્દર્શન' ગુણ હૈ? વો તો પર્યાય હૈ. स्वभाव-विभावकी पहिचान करता है. શુદ્ધ ચૈતન્યસ્વભાવ તે આત્મા અને વિકલ્પમાત્ર ઊઠે તે અણાત્મા એટલે વિભાવ. એમ વિભાવ ને સ્વભાવની અંતરમાં ભેદજ્ઞાન દ્વારા પહિચાન કરે છે, तब सम्यग्दर्शनगुण प्रगट होता है. જુઓ, આ પ્રગટ હોવાની ક્રિયા! ત્યારે તેને સમ્યગ્દર્શન એવી પર્યાય પ્રગટ થાય છે. થઈ તે સંવર છે ને તે સંવરપૂર્વક નિર્જરા ને નિર્જરાપૂર્વક મોક્ષ, એ સમકિતથી થાય છે. આ વિના લાખ ઉપાય બીજા કરે એનાથી કાંઈ થતું નથી. સમજાણું કાંઈ?

स्वको स्व और परको पर जानना इसीका नाम भेदविज्ञान है. પોતાની નિજ સંપદા શુદ્ધ ચૈતન્ય જાણનસ્વભાવ, આનંદસ્વભાવ એ સ્વ અને વિકલ્પ આદિ પર.. પરકો પર જાનના ને સ્વકો સ્વ, ઈસીકા નામ ભેદવિજ્ઞાન હૈ. એનું નામ ભેદ નામ બે પૃથક્ છે તેને પૃથક્ તરીકે જાણવું એનું નામ ભેદવિજ્ઞાન. કહો, સમજાણું કાંઈ? इसीको स्व-पर विवेक कहते है. ભેદવિજ્ઞાનને સ્વ-પરની જુદાઈનો વિવેક કહે છે. 'ધર્મ વિવેકે નીપજે, જો સમજે તો થાય.' આવે છે ને? એ વિવેક આ. વિવેક આ બહારનો કરવો ને માણસ મોટા આવ્યા ને વિવેક કરવો ને આ કરવો, એ વિવેક નહીં. મોટો માણસ જેવો ભગવાન આત્મા એનો આદર કરવો ને રાગનો આદર છોડવો. રાગનો આદર ન કરવો. એવા સ્વપરના વિવેકને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. બહુ સાદી ભાષા વાપરી છે, લ્યો. આહાહા! ત્યારે તે સુખના પંથે વળે, બાકી આ બધા દુઃખના પંથે વળેલા છે. સમજાણું કાંઈ?

આ પુણ્ય-પાપના ભાવ, એના ફળ એમાં જ્યાં સુધી એની મીઠાશ છે, ત્યાં સુધી એના અસ્તિત્વનો સ્વીકારનારો મિથ્યાદૃષ્ટિ દુઃખના પંથે છે. આ બધા પૈસાવાળા દેખાય ને

લાલ પીળા ધોળા દેખાય ને લાખ લાખ રૂપિયાની મોટરું, શું કહેવાય? ઊંચી મોટર નથી આવતી લાખ-લાખની? આને આવડે મલુકચંદભાઈને. ત્યાં રહ્યા છેને એને ઘરે. ઈમ્પાલા ને ચંપાલા, શું એવું કાંઈ બોલતા હતા. (શ્રોતા : ઈમ્પાલા) ઈમ્પાલા, જે હશે તે. ચંપલ-ચંપલ, જેમ મારેને ખાસડા. ચંપાલા ખાસડા મારે અંદર. એ મોટર માથે બેઠી છે કે એ એનામાં બેઠો છે, એનું કાંઈ ભાન નથી એને. આહાહા! મોટરમાં જ્યારે બેસે ત્યારે એની પ્રમાણે મોભ્ભો જળવાય તો મોટરમાં બેઠા કહેવાય. એ મોભ્ભો માથે બેઠો હોય અંદર શેર છાતી પર. માન ને મરતબા મૂક્યા વિના.... માન ને મરતબો રાખીને મોટરમાં બેસે, એનામાં મોટર ચડી બેઠી છે. (શ્રોતા : ખરી વાત.) આહાહા!

કહે છે, એ સ્વ-પર વિવેક એને કહેવામાં છે, ભેદજ્ઞાનીને કહેવામાં આવે છે. દાખલો આપ્યો છે. तासु ज्ञानकी कारण स्वपर विवेक बखानो. (શ્રોતા : છઢાળામાં છે). છ ઢાળામાં? तासु ज्ञानकी कारण.. દેખો, આત્માના જ્ઞાનનું કારણ स्वपर विवेक बखानो. એ શેઠી! એ છઢાળામેં આતા હૈ. એનું નામ સ્વ-પર જ્ઞાનનું કારણ, એ स्वपर विवेक बखानो. .'की उक्तिसे भेदविज्ञान सम्यग्दर्शनका कारण है', લ્યો. ભેદવિજ્ઞાન સમ્યગ્દર્શનકા કારણ હૈ. એક કોર સમ્યગ્દર્શન કારણ ને જ્ઞાન કાર્ય. ભાઈ! આ બાજુ જ્ઞાનકારણ એ તો ધારેલું જ્ઞાન છે. એ નહીં, આ તો ભેદવિજ્ઞાન સમ્યગ્દર્શનકા કારણ હૈ. કહો, સમજાય છે કાંઈ? જ્યાં જેની મુખ્યતા હોય તેનું તેણે સમજવું જોઈએને! ખેંચતાણ શેની આટલી બધી? જેઠાભાઈ!

(શ્રોતા : જ્યાં જ્યાં જે જે યોગ્ય હોય..) એને યોગ્ય હોય... ત્યાં આગળ દર્શનની મુખ્યતા છે. કોઈ વખતે જ્ઞાન(ને મુખ્ય કરે) કારણ કે આત્મા શું ચીજ છે એના જ્ઞાનથી (શ્રદ્ધા થાય). એનું જ્ઞાન હોં, ઓલું બહારનું જ્ઞાન નહીં, બહિર્લક્ષી નહીં. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિના અનુભવ વિના, જ્ઞાન વિના શ્રદ્ધા કોની? જે વસ્તુ જ્ઞાનમાં આવી નથી એની શ્રદ્ધા કરો, પણ શું શ્રદ્ધા કરે? સસલાનાં શિંગડાં? એના ભાનમાં ભાસમાં આવવું જોઈએને કે આ આત્મા. એ તો શુદ્ધ અનુભવ થયા વિના શુદ્ધ આત્મા છે એવો ભાસ થાય જ નહીં. ત્યારે જ્ઞાનમાં આવ્યો કે આ આત્મા! ચૈતન્યસ્વરૂપ તો સાથે, પણ ભેદવિજ્ઞાન એ જ સમ્યગ્દર્શનનું કારણ છે. વળી ત્યાં 'પુરુષાર્થસિદ્ધિ'માં કહેવાય કે સમ્યગ્દર્શન કારણ, સમ્યગ્જ્ઞાન કાર્ય. બરાબર બેસે એવી વાત છે. સમજાણું કાંઈ?

जिस प्रकार कपड़ा साफ करनेमें साबुन सहायक है, લ્યો ઠીક. લ્યો, સહાયક છે. કપડું તો પોતાથી સાફ થાય છે. છેને 'પંચાસ્તિકાય'માં? સોનું એને પોતાને કારણે સોળવલું આમ થાય એવું ચોખ્ખું થાય. અગ્નિ તો નિમિત્ત કહેવાય છે. પણ પોતે પોતાનું સ્વરૂપ છે સોનાનું, એ આમ પોતે ઉજળું થતું થતું સોળવલાને પામે છે. અગ્નિ તો નિમિત્ત છે. આ તો

કહે, અગ્નિથી થાય. ભારે વાત! મોટી તકરાર. માટીનો ઘડો... એ ઘડો થવાની પૂર્વ પર્યાય કારણ ને ઘડાની પર્યાય કાર્ય, એટલું નહીં, પણ એના પહેલા જેટલી પર્યાય થઈ એ બધી કારણ ને આ કાર્ય. (શ્રોતા : એ તો બહુ ઝીણું છે.) પૂર્વની જે પર્યાય છે એ પણ જે સમયની પર્યાય છે, એ પછીના કાર્યનું એ પર્યાય કારણ છે અને પહેલાની પર્યાયનું એ પર્યાય કાર્ય છે. એમ શ્રૃંખલા અનાદિ અનંત પર્યાયની ચાલી જાય છે. શું કહ્યું પંડિતજી?

(શ્રોતા : પહલેકી પર્યાય કારણ હૈ ઔર પીછેકી પર્યાય કાર્ય). બસ, હરેક દ્રવ્યકી જો સમયકી પર્યાય હૈ, એ પર્યાય કારણ છે ને પછીની (પર્યાય) કાર્ય છે. એ સ્વતંત્ર છે એ તે હોં. આ (કારણ) છે માટે (કાર્ય) છે એમ નહીં. અને એ કારણ જે પર્યાય છે, તે પૂર્વની પર્યાયની અપેક્ષાથી તે કાર્ય છે. એ જ કાર્ય ને એ જ કારણ એક સમયમાં લાગુ પડે છે. સમજાણું કાંઈ? એ પ્રમાણે અનાદિ અનંત એમ છે. જાણે કે માટીમાં ઘડા થવાની યોગ્યતા પહેલેથી છે. કુંભારને ત્યાંથી શું કરવા લઈ આવ્યા? કોણ ...? આવા પ્રશ્ન ઉઠાવ્યા ઓલામાં. આહાહા! એ ઘઉંનો, કપડાનો, માટીનો... ઘઉં દેવ.. દેવ કીધો છે એને. એય! ઘઉં દેવ ત્યારે ઊગે અંદર.... ઘઉં દેવ પડે અંદરમાં. અરે ભગવાન! શું કરે છે આ?

અનંતા રજકણો સ્વતંત્ર છે. તે તે રજકણની એકેક પર્યાય પરને કારણે નહીં, એને કારણે ત્યાં થાય. એ પર્યાયનું કારણ તો પૂર્વની પર્યાય છે. એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી તો દરેક સમયની એ પર્યાય.... સમકિતની પર્યાય એને પૂર્વની પર્યાયનું કારણ કહે તો એ પૂર્વે તો મિથ્યાત્વ હતું. એય! હવે એનો વ્યય કારણ કહેવો, પણ એ તો ગઈ હવે. જુઓને, મિથ્યાત્વ આસ્રવ બેને.... એનો અર્થ શું? ન્યાય કંઈ... કારણ તો એ સમયની પર્યાય સ્વતંત્ર છે. દ્રવ્ય કારણ કહો તો પણ યથાર્થ પણ એ અપેક્ષિત (કથન છે). ખરેખર તો એ પર્યાયનું કારણ પર્યાય છે. સમકિતની પર્યાય થવાનું કારણ પર્યાય પોતે તે જ છે. આહાહા! વસ્તુની સ્થિતિની મર્યાદા જ આવી છે. એમાં કોઈનું કોઈ કર્તા નથી. એ ઉપાદાનની પર્યાય કર્તા કહેવી, કારણ કહેવી, એ પણ એક વ્યવહાર છે. એય ન બેસે. ભારે જગતને પણ! ત્રિકાળી દ્રવ્ય જેમ સત્ છે, એને જેમ કોઈની અપેક્ષા નથી, એમ વર્તમાન પર્યાયની પ્રગટતામાં કોઈની અથવા થયેલીમાં કોઈની અપેક્ષા નથી. સત્ છે ને! અંશ પણ સત્ છે ને! ત્રિકાળી સત્‌ને જેમ હેતુ નથી તેમ વર્તમાનને પણ હેતુ નથી. સમજાણું કાંઈ?

એવું જે સમ્યગ્દર્શન... जिस प्रकार कपडा साफ करनेमें साबुन सहायक,.. 'સહાયક' શબ્દે નિમિત્ત. સહ + આય—સાથે હોય. પણ સાથે હોય... એકલું કામ ન કરે ને મદદ કરે? પણ કામ તો નિમિત્ત નિમિત્તનું કરે. સાબુ સાબુમાં કામ કરે, કપડામાં કામ કરે? .....ધોવે છે કે નહીં સરખી રીતે આમ? બરાબર સરખા. પછી ધોકા મારે ને મેલ છૂટો.... વળી પાણીમાં, શું કહેવાય? (શ્રોતા : બુડાવે) એમ કરે તો મેલ છૂટો પડી જાય.

એ પુરુષાર્થના સંગ વિના થાય? આહાહા! ગપ મારે છે ને. એ પરમાણુની પર્યાયમાં જે મેલ હતો, એ પૂર્વ પર્યાય હતી અને પછી ટળી એ ઉત્તર પર્યાય થઈ. એ ટળી તે કારણ થયું ને થઈ તે કાર્ય થયું. ગજબ વાત છે! પંડિતજી!

'ઉપાદાન ત્રિભવનાત' છે ને? 'તત્વાર્થ રાજવાર્તિક' 'અકલંક દેવ'નું. ઉપાદાનની પર્યાય તે પછીની પર્યાયનું કારણ છે અને ઉપાદાનની પર્યાયને પછીની પર્યાય તે કાર્ય છે. આવી અનાદિ અનંત દરેક દ્રવ્યમાં ક્રમબદ્ધ પર્યાય ચાલી આવે છે. એવું જે માને એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર–જ્ઞાયક ઉપર જાય, એમ આંહીં કહે છે. સમજાણું કાંઈ? વસ્તુસ્વરૂપ ચૈતન્ય ભગવાન મહાપ્રભુ મહાશક્તિનો સાહેબો, એની તત્ત્વદૃષ્ટિ થતાં પર્યાયમાં સમ્યક્ થાય. કહે છે કે એ સમ્યક્‌ને.. ભેદજ્ઞાન તે સાબુ કહ્યો. પણ એ તો દૃષ્ટાંત છે. અહીં તો ભેદજ્ઞાન પોતે જ પર્યાય છે નિર્મળતા આવવા માટે. સમજાણું કાંઈ? આવું માથાકૂટ મૂકીને બધા કરવા માંડો પ્રતિક્રમણ ને.... શું કરે પણ ચીજને?

जिस प्रकार कपड़ा साफ करनेमें साबुन सहायक है. એ તો કથનની વાત છે. उसी प्रकार सम्यग्दर्शनकी उत्पत्तिमें भेदविज्ञान सहायक होता है, લ્યો. સમજાય છે કાંઈ? ખરેખર તો એ જ્ઞાનની પર્યાય દર્શનની પર્યાયને એને કારણ કહેવું એ પણ વ્યવહાર છે. (શ્રોતા : નિમિત્ત કારણ છે). એ નિમિત્ત છે જ્ઞાનની ભેદજ્ઞાનની પર્યાય. પંડિતજી! એક ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયને કારણ કહેવું એ તો નિમિત્ત છે. ઉપાદાન તો સ્વતંત્ર પોતાની પર્યાય છે. અહીં તો સમજાવવું છે કે સમ્યગ્જ્ઞાન હોય છે રાગથી ભિન્ન પડીને, એ જ્ઞાન સમ્યક્ (દર્શન)નું કારણ થાય છે. આહાહા! એવું જગતે વીંખી નાખ્યું છે. ભણ્યા એણે વીંખી નાખ્યું છે. આ ભેગા થયાને કૂતરા. ગોળના ગોદડા હતા ગોળના ગોદડા. એમાં ઉનાળાની ઋતુ આવી. મોટો પડિયો હોય. શું કહેવાય મોટાને? રવા.. રવા હોય. ગોળના રવા હોય ને એને ગરમી લાગે ને ગોળ પલળે. એમાં ગાદલા મૂક્યા હોય જોડે. ગાદલા પલળ્યા. હવે? નાખો તડકે ને એમાં વળગ્યા ડાઘા કૂતરા માંડ્યાં ચૂંથવા. પોતાના સૂઈ જવાના ગાદલાના કટકે કટકા કરી નાખ્યા. એકાંત તાણી–તાણીને મારીને અખંડ તત્ત્વને ખંડ માન્યતામાં કર્યું હોં.

એ દાખલો આપતા હોં ત્યાં સંપ્રદાયમાં. (શ્રોતા : નારણભાઈ આપતા). દાખલો સંપ્રદાયમાં છે. પછી અમારું હતું ને દાખલો આપતા. ઠાણે, ચોથે ઠાણે. સુખશય્યા અને દુઃખશય્યા. સુખસજ્જા. સમ્યગ્દર્શન-જ્ઞાન એ સુખસજ્જા છે. મિથ્યાદર્શન આદિ દુઃખશય્યા, દુઃખમાં સૂતો છે એ. સમજાય છે કાંઈ? દુઃખની પથારી કરીને સૂતો છે. જે મિથ્યાત્વભાવ છે (કે) રાગથી ધર્મ માને, પુણ્યથી ધર્મ માને ને પરમાં જરી આલ્હાદ ને ઠીક લાગે, આહાહા! એ દુઃખમાં સૂતો છે. અને જે પોતાના આનંદમાં આવીને અનુભવની પ્રતીત કરે

થાય એ સુખમાં સૂતો છે. સુખશય્યા—એ સુખની સજ્જા છે. કહો, ભીખાભાઈ! આ બધા ગાદલા—બાદલા પાથરીને સૂવે છે ને? ખાટલામાં શું કહેવાય એ? પાટી ને, લ્યો. (શ્રોતા : હવે તો પલંગ થઈ ગયા). પલંગ થઈ ગયા હવે. ખાટલાય નહીં, લ્યો ઠીક. આંહીં તો ત્રણ ખાટલા નીકળ્યા, શાંતિભાઈને ત્યાંથી. ત્રણ ખાટલા હતા. ત્રણ જણા લઈ ગયા ત્રણ. કરો ખાલી કરોને હવે. આહાહા!

શ્રીકૃષ્ણની પથારી નાગની. સુતરની કહેવાયને શું કહેવાય? પાટી. પાટીને ઠેકાણે નાગ હતા. એ પંડિતજી! નાગશય્યા. શેષનાગ. એની શેષનાગની શય્યા. કોમળ શરીર, પોચું હોયને સુંવાળું. (શ્રોતા : કોઈ ક્ષેત્ર ખાલી ન હોય તો ત્યાં સુવું પડે.) ના, ના, એ તો એક એનું પરાક્રમ બતાવે છે. ઠીક કહે છે એ. એવું ક્ષેત્ર હતું, એવો એનો પલંગ હતો કે આ પાટીની પેઠે બધા નાગ ગોઠવાઈ ગયા હોય, પૂંછડા આમ સરખા. અને એના મોઢાં આમ ચારેકોર ફેણ માંડે, એમાં સુવે. એ વાત આવે છેને. એવું પરાક્રમ હતું તે એવો એને યોગ હતો, પુણ્યનો યોગ હતો. વાત નથી આવતી?

એક ફેરી ભગવાન નેમિનાથે નહાઈને લૂગડું કાઢી નાખ્યું. રૂક્ષ્મણિને કહ્યું કે, ધોઈ નાખ. કૃષ્ણની રાણી. 'ધોઈ નાખ.' 'અમારો કૃષ્ણ અમને કહી શકે, તમે ન કહી શકો, તમારું કામ નહીં.' લે, અમારા કૃષ્ણની કેટલી સત્તા! એવી તમે આ શું કહો છો ધોઈ નાખવાનું? અમારા ધણી છો? ધણી તો શ્રીકૃષ્ણ છે, એ નાગની શય્યામાં સૂવે છે એ.' આહાહા! એમ કીધું ને ભગવાન ત્યાંથી નીકળ્યા. સંસાર છેને હજી. રાજકુમાર છે ને? નીકળીને નાગશય્યા હતા ત્યાં ગયા. પોતાનું ધનુષ-બાણ હાથમાં લીધું, શંખ લીધો, ફૂંક્યો. ત્યાં તો બાર જોજનમાં ને નવ જોજનમાં, બાર જોજન પહોળી ને નવ જોજન લાંબી નગરીમાં ખડભડાટ! કોણ છે આ? આ બીજો વાસુદેવ કોણ છે?

કૃષ્ણને ખબર પડે છે. ત્યાં જાય છે. પ્રભુ! આ શું કરો છો તમે? એમ કહે, માળા નક્કી આ તો .....મોટો ફાટ્યો. પરણાવી દ્યો આને. આ બધા સંસારના કાવાદાવા. ભગવાન તો તીર્થંકર હતા (પણ) ગૃહસ્થાશ્રમમા હતાને. વિકલ્પ એવો આવ્યો. નાગશય્યા ઉપર... ધનુષ્ય-બાણ લીધું હાથમાં, ટંકાર કર્યો આમ જરીક. તાર હોયને. અને શંખ ફૂંક્યો એવો જોરથી આસપાસની આ હોયને શું ? ધારું. ધારું (ધરતી) ધ્રુજી ઉઠી. સમજાણું કાંઈ? એના અવાજથી ધારું ધ્રુજી. શ્રીકૃષ્ણ આવ્યા વળી. પ્રભુ! ક્ષમા કરો. કહે, 'આ તારી રાણીએ આમ કહ્યું'. જુઓ, આ સંસારની ઝાળ. સમ્યગ્દર્શન અનુભવ, ત્રણ જ્ઞાન છે છતાં એ વિકલ્પની મર્યાદા આવે છે. ગીરધરભાઈ!

કહે છે, सम्यग्दर्शनकी उत्पत्तिमें भेदविज्ञान सहायक होता है और जब कपड़े साफ

हो जावें तब साबुनका कुछ काम नहीं रहता. સાધકપણું થઈને સાધ્ય થઈ ગયું પછી સાધકપણાની કાંઈ જરૂર રહેતી નથી. વિકલ્પની જરૂર નથી એમ કહ્યું. और यदि साबुन हो तो एक बोझ ही होता है. પૂર્ણ જ્યાં શુદ્ધતા થઈ, કપડું ધોળું થઈ ગયું પછી સાબુની જરૂર ન પડે. એમ કરીને લોકો એમ કહે કે જુઓ, સાબુની પહેલી જરૂર પડે. પણ એ તો સાધકભાવ પહેલો હોય છે. સાધક જ્યાં સુધી સાધ્ય કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સાધન હોય છે, પણ પૂર્ણ થઈ ગયા પછી સાધન રહેતું નથી. સમજાણું કાંઈ? और यदि साबुन हो तो एक बोझ ही होता है. સાબુ હોય તો પછી. उसी प्रकार सम्यग्दर्शन हुए पीछे... જુઓ, આંહીં તો એ વાત કરી છે સાધ્યની.

सम्यग्दर्शन हुए पीछे जब स्व-परके विकल्पकी आवश्यकता नहीं रहती, એમ. 'આ હું શુદ્ધ છું, આ રાગ અશુદ્ધ છે' એવા વિકલ્પની જરૂર રહેતી નથી. ભેદ પડી ગ્યો જ્યાં આત્મામાં. રાગથી સ્વરૂપનું ભાન થયું ભેદ પડીને, પછી ભેદ કરવાનો વિકલ્પ રહેતો નથી, એમ કહે છે. सम्यग्दर्शन हुये पीछे जब स्वपरके विकल्पकी आवश्यकता नहीं रहती तब भेदविज्ञान हेय ही होता है. પછી કાંઈ વિકલ્પની જરૂર નથી. સમ્યગ્દર્શન થયે જુદું પડ્યું, પછી જુદું પાડવું રહેતું નથી. भाव यह है कि भेदज्ञान प्रथम अवस्थामें उपादेय है. શરૂઆતમાં ભેદજ્ઞાન આદરણીય કહેવામાં આવે છે. सम्यग्दर्शन निर्मल हुये पीछे इसका कुछ काम नहीं है, લ્યો. આહાહા! રાગરહિત આત્માનો અનુભવ નિર્વિકલ્પ થયો, પછી એને આ વિકલ્પની જરૂર રહેતી નથી. છતાંય એ અનુભવ પણ પર્યાય છે. જ્ઞાનીને એ પર્યાય સામું જોવાનું ખરેખર રહેતું નથી. વસ્તુ અભેદ એકરૂપ ચૈતન્ય એના ઉપર દૃષ્ટિ પડી છે. એ દૃષ્ટિનું પરિણમન જ એમ થઈ ગયું હોય છે શુદ્ધનું. એને અશુદ્ધતાનું પરિણમન રહેતું નથી, એમ સિદ્ધ કરવું હતુંને આંહીં. એક પર્યાયમાં બીજી પર્યાય, બે ભાગ નથી કરવા. અહીં તો અખંડ એક જ છે બસ, શુદ્ધતા જ છે.

भेदज्ञान यद्यपि हेय है तो भी सम्यग्दर्शनकी प्राप्तिका कारण होनेसे उपादेय है, इसलिये स्वगुण और परगुणकी परख करके... સ્વગુણ ને પરગુણની પરીક્ષા કરવી. આ હીરા માણેકની પરીક્ષા કરે કે નહીં? ..परपरिणतिसे विरक्त होना चाहिये. રાગાદિની અશુદ્ધ દશા એનાથી તો વિરક્ત રહના ચાહિયે. આહાહા! और शुद्ध अनुभवका अभ्यास करके समताभाव ग्रहण करना चाहिये, લ્યો. વીતરાગભાવ... શુદ્ધ આત્માનો અનુભવ કરીને, વીતરાગતા પ્રગટ કરીને વીતરાગમાં રહેવું જોઈએ. જુઓ, આ સંવરનો સાર. આહાહા! હવે નિર્જરાની થોડી શરૂઆત કરીએને. હવે પાઠ છેને છેલ્લો અહીં તો અત્યારે... નિર્જરા દ્વાર લ્યો.

પ્રતિજ્ઞા (દોહરા)

वरनी संवरकी दसा, जथा जुगति परवांन।
मुकति वितरनी निरजरा, सुनहु भविक धरि कान॥१॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—જથા જુગતિ પરવાંન=જેવું આગમમાં કહ્યું છે તેવું. વિતરની=આપનારી.

**અર્થ** :—જેવું આગમમાં સંવરનું કથન છે તેવું વર્ણન કર્યું. હે ભવ્યો ! હવે મોક્ષ આપનાર નિર્જરાનું કથન કાન દઈને સાંભળો. ૧.

**अर्थ** :—जैसा आगममें संवरका कथन है वैसा वर्णन किया, हे भव्यो! अब मोक्षदायिनी निर्जराका कथन कान लगाकर सुनो॥१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સાંભળ, કહે છે, બરાબર ધ્યાન રાખીને. સમજાણું કાંઈ? वरनी संवरकी दसा. આત્માની સમ્યગ્દર્શન દશા એનું સંવરસ્વરૂપ એનું વર્ણન કર્યું. जथा जुगति परवान.. યથા યુક્તિથી એમ કહે છે. સમજાણું? જેમ આગમમાં કહ્યું છે તે પ્રમાણે. जथा जुगति परवान.. (શ્રોતા : જુગતિનો અર્થ જ આગમ પ્રમાણે). આગમ પ્રમાણે. જેમ આગમમાં કહ્યું છે, એ પ્રમાણે સંવરની દશાનું ભેદજ્ઞાનપૂર્વક વર્ણન કર્યું. मुक्ति वितरनी निरजरा. હવે અશુદ્ધતા ટાળીને શુદ્ધતા પ્રગટે એ મુક્તિની દેનારી છે. એ નિર્જરા મુક્તિની દેનારી છે. સંવરપૂર્વક નિર્જરા હોય એને નિર્જરા કહેવામાં આવે છે. અજ્ઞાનીને જરી મિથ્યાત્વમાં અકામનિર્જરા થાય, એ કાંઈ ખરેખર નિર્જરા નથી. તેથી કહે, આ તો મુક્તિની દેનારી નિર્જરા છે. અકામનિર્જરાથી તો પુણ્ય બંધાય ને સ્વર્ગમાં જાય, એ કાંઈ નિર્જરા નથી.

નિર્જરા એને કહીએ કે મુક્તિ પૂર્ણ શુદ્ધતા.. પૂર્ણ શુદ્ધતા પદને આપે, એને અહીં નિર્જરા, અશુદ્ધતાનું ટળવું, કર્મનું ગળવું, શુદ્ધતાનું વધવું—ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું કહ્યું ત્રણ? ઘણી વાર કહેવાયું છે. (શ્રોતા : અશુદ્ધતાનું ટળવું, કર્મનું ખરવું, શુદ્ધતાની વૃદ્ધિ થવી). એ ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. અસ્તિથી શુદ્ધતાનું વધવું, એ નિર્જરા. સ્વની પર્યાયમાંથી અશુદ્ધ નિશ્ચયનયે અશુદ્ધતાનું ટળવું એ નાસ્તિથી (કથન) અને અસદ્‌ભૂત વ્યવહારનયે એ કર્મનું ટળવું. આહાહા! मुकति वितरनी निरजरा, सुनहु भविक धरि कान.. कान लगाकर सूनो.. એમ નાખ્યું છે જોયું પંડિતજીએ. તમારા ગામના છે આ. જયપુર.

પહેલો શ્લોક.

रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः
कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुन्धन् स्थितः।
प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा
ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्च्छति॥१॥

કેટલા સાદા શબ્દો, સંસ્કૃત પણ બહુ સહેલું.

મંગલાચરણ (ચોપાઈ)

जो संवरपद पाइ अनंदै।
सो पूरवकृत कर्म निकंदै॥
जो अफंद ह्वै बहुरि न फंदै।
सो निरजरा बनारसि बंदै॥२॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—અનંદૈ=પ્રસન્ન થાય. નિકંદૈ=નષ્ટ કરે. બહુરિ=વળી. ફંદે=ગંચવાય.

**અર્થ :—**જે સંવરની અવસ્થા પ્રાપ્ત કરીને આનંદ કરે છે, જે પૂર્વે બાંધેલાં કર્મોનો નાશ કરે છે, જે કર્મની જાળમાંથી છૂટીને ફરી ફસાતો નથી, તે નિર્જરાભાવને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૨.

अर्थ :—जो संवरकी अवस्था प्राप्त करके आनंद करता है, जो पूर्वमें बाँधे हुए कर्मोंको नष्ट करता है, जो कर्मके फंदेसे छूटकर फिर नहीं फँसता; उस निर्जराभावको पण्डित बनारसीदासजी नमस्कार करते हैं॥२॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જુઓ, બનારસીદાસ નિર્જરાની દશાને વંદન કરે છે. નિર્જરા એ શુદ્ધ પર્યાય છે. जो संवरपद पाई अनंदै.. આહાહા! જે કોઈ રાગની ભિન્નતા કરીને આત્માના આનંદસ્વરૂપને અનુભવે, આનંદમાં રહે. આનંદ છે, સંવરમાં આનંદ છે કહે છે. આમ આસ્રવ રોધ્યો ને આસ્રવ... એ નહીં. આનંદ છે. સંવર પાઈ.. संवरपद पाई अनंदै.. આહાહા! સંવર એને કહીએ કે આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહાહા! જે આસ્રવ પુણ્ય-પાપના મિથ્યાત્વનો સ્વાદ હતો, એ તો ઝેરનો સ્વાદ, દુઃખદાયી સ્વાદ હતો. આ બધા શેઠીયાઓ ને રાજાઓ સવિકલ્પ ઝેરના પીણા પીવે છે. એમ એકલા પંચ મહાવ્રતના વિકલ્પથી લાભ થાય, એ માનનારા ઝેરના પીણા પીવે છે. રાજા ને ભોજ બેય. આહાહા! સમજાણું કાંઈ ?

એ મહાવ્રતના પરિણામ કે પાંચ અણુવ્રતના પરિણામ કે બાર વ્રતના પરિણામ—એ ઝેરના પ્યાલા છે. ભારે ભાઈ! એ દુઃખદાયક બંધના ભાવ છે.

त्यारे संवरपद पाई अनंदै.. જ્યારે વિકારના ભાવો જે દુઃખરૂપ છે, એનાથી ભિન્ન પડીને આત્માના અતીન્દ્રિય આનંદમાં રહે એનું નામ સંવર કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા સંવરની! આમાં કહે છેને, ભાઈ! આવી ક્રિયા કષ્ટ કરી એ તો જુઓ. અપવાસ, ઊઘાડા પગે હાલવા, લોંચ કરવા, નગ્નપણે રહેવું શિયાળામાં, ચોમાસામાં પાણીના ઝપાટા વાગે અને નગ્નપણે (રહેવું). બાપુ! એ ક્રિયા આકરી છે. કહે છે, એ કષ્ટદાયી ભાવ તો બધો મિથ્યાત્વનો દુઃખદાયી ભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : જાનવરો પણ નગ્ન હોય.) ઘાતી સહન કરવાનું થાય ત્યારે નગન થાય. બાપુ! રાગ વિનાનો નગન થયા વિના તને આનંદ નહીં આવે. ભગવાન તો દિગંબર આત્મા છે. પુણ્ય-પાપનાં કપડાં વિનાનો છે એ. પંડિતજી! લ્યો. આ આત્મા, દિગંબર આત્મા.

અંદરમાં પુણ્ય ને પાપનાં કપડાં પહેરીને માને કે અમે ધર્મી છીએ, એ ઝેરના ઘોલન પીવે છે એમ કહે છે. ઝેરને ઘોળે છે. કહો, સમજાણું કાંઈ? ઘોળે છે સમજતે હો? શું કહેવાય? કેરી નથી ઘોળતા કેરી? એમ આ રાગને ઘોળે છે. આહાહા! દુઃખને ઘોળે છે, દુઃખને અનુભવે છે. એ મહાવ્રતના પાળનારા, ૨૮ મૂળગુણ પાળનારા આત્માના ભાનના અનુભવ વિના એ દુઃખને વેદે છે. એ ધીરુભાઈ! શું પણ બરાબર? આ બધી ઊલ્ટી દિશા બધી. આ બધા પાળતા હશે એ નહીં પાળે. કોણ પાળતો હતો? દુઃખ પાળે છે. આત્મા કોણ છે અંદર વસ્તુ? આનંદસ્વરૂપ છે એમાં એને રાગની એકતાબુદ્ધિ મિથ્યાત્વ એ તો મહા ઝેર છે. ઝેરના પ્યાલાનો નાશ કર્યો નથી, એને અમૃતના પ્યાલા આવે ક્યાંથી? સમજાણું કાંઈ?

जो संवरपद पाई अनंदै.. जो संवरकी अवस्था प्राप्त करके आनंद करता है, લ્યો ઠીક. सो पूरवकृत कर्म.. તે પૂર્વના કર્મોને ટાળવાનો પ્રયત્ન એની પાસે છે. જેને સંવર થઈને આત્માનો આશ્રય લઈને... રાગાદિ વિકલ્પનો આશ્રય છોડ્યો છે અને આત્માનો આશ્રય લઈને આનંદ જેણે પ્રગટ કર્યો છે, એ પૂર્વના કર્મને હવે ટાળશે. એને નવું બંધન થતું નથી. સંવરને લઈને નવું બંધન નથી. એ પૂર્વે જે અજ્ઞાન અવસ્થામાં બંધાયેલા કર્મનો ઉદય આવે, એ સમયે આત્મા તો પોતાની દશામાં છે, સ્વરૂપ તરફની સ્થિતિમાં છે એટલે ઉદય ખરી જાય છે. એ પૂર્વના કરેલા કર્મોને નિકંદે. સમજાણું? ત્યાં પદ છે. સત્તા નાશ કરે. સત્તા નાશ કરે, એવું કાંઈ છે ખરું. સત્તા નાશ કળશમાં છે? કળશમાં હશે ક્યાંક. એમાં હશે. ક્યાંક સત્તા નાશ છે ખરું. નિર્જરા નિર્જરામાં ક્યાંક છે ખરું. એ સત્તાનાશનું ક્યાંક આવ્યું છે હોં. સ્વરૂપમાં રહે નહીં એ સત્તાનો નાશ કરે છે. સત્તાનાશ એવો શબ્દ છે હોં. ભાઈ

નહોતા કહેતા પંડિતજી ?

આ આવ્યું આવ્યું. એ મૂળથી સત્તા નામ આવે છે. સંવરના અધિકારમાં છે. છેલ્લો. એ પ્રલય છેને પ્રલય. 'रागग्रामप्रलयकरणात्' એમાં છે. સંવરનો છેલ્લો શ્લોક (૧૩૨). પ્રલય. હા, છેલ્લો શ્લોક છે ને. પ્રલય શબ્દ પડ્યો છેને. 'रागग्रामप्रलयकरणात्' બીજા પદમાં છે. પ્રલયનો અર્થ મૂળથી સત્તાનાશ. સમજાણું ? सो पूरवकृत कर्म निकंदे. ધર્મી તો પૂર્વના ઉદયની સત્તાનો નાશ કરી નાખે છે સત્યાનાશ. સત્ જે પડ્યું છે ઉદય, એનો સત્‌નો નાશ કરી નાખે છે. जो अफंद व्है बहुरि—न फंदै. जो कर्मके फंदेसे छूटकर फिर नहीं फंसता. अफंद व्है बहुरि न फंदै. રાગના ફંદમાં નથી ફસાયો, ધર્મી તો જ્ઞાનના આનંદમાં રહે છે. એ રાગના ફંદમાં ફસાતો નથી. એ अफंद व्है बहुरि न फंदै. એ કોઈ ફંદમાં ફસાતો નથી. આહાહા ! વ્યવહારના વિકલ્પમાં ફસાતો નથી એમ કહે છે. ખુશી થઈને આહાહા ! મારો વ્યવહાર તો જુઓ વ્યવહાર, મહાવ્રતના પરિણામ તો જુઓ. એ તો ફંદમાં ફસાઈ ગયો છે. આહાહા !

जो अफंद व्है बहुरि न फंदै, सो निरजरा बनारसी वंदै. એવી નિર્મળ શુદ્ધ ઉપયોગરૂપી દશા જે નિર્જરા છે, બનારસીદાસ કહે છે, એને હું વંદન કરું છું. જુઓ, કેટલું પોતે નાંખ્યું નામ પોતાનું. પહેલાથી શરૂ કર્યું છેને નિર્જરા. તો આમાં નાખ્યું નામ પોતાનું. अफंद व्है बहुरि न फंदै. લ્યો, બહુરિ આમાંય નાંખ્યો છે શબ્દ. સાધારણ હિંદીમાં તો આવે છે. બહુરિ આમાંય નાખ્યું છે. अफंद व्है बहुरि न फंदै. ધર્મી તો અફંદ જીવ છે. રાગ ને નિમિત્તમાં ફસાતો નથી. આહાહા ! ઓલા રાગને લાકડે ચડી ગયા છે બધા. સમજાણું કાંઈ ? નિમિત્તને લાકડે ફસાઈ ગયા છે. કહે છે, ધર્મી અફંદ છે. રાગ ને નિમિત્તના ફંદમાં ફસાતો નથી. अफंद व्है बहुरि न फंदै, सो निरजरा... એવી શુદ્ધતાની અંતર પ્રગટ દશા તેને, બનારસીદાસ કહે છે કે હું વંદન કરું છું. એ મંગલિક કર્યું.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૭૦, જેઠ વદ ૨ ગુરુવાર તા. ૧૦-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર પદ ૧ થી ૫ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક, નિર્જરા અધિકાર છે. પ્રતિજ્ઞા. પહેલું (પદ). દોહા.

પ્રતિજ્ઞા (દોહરા)

वरनी संवरकी दसा, जथा जुगति परवांन।
मुकति वितरनी निरजरा, सुनहु भविक धरि कान॥१॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—જથા જુગતિ પરવાંન=જેવું આગમમાં કહ્યું છે તેવું. વિતરની=આપનારી.

**અર્થ :—**જેવું આગમમાં સંવરનું કથન છે તેવું વર્ણન કર્યું. હે ભવ્યો ! હવો મોક્ષ આપનાર નિર્જરાનું કથન કાન દઈને સાંભળો. ૧.

अर्थ :—जैसा आगममें संवरका कथन है वैसा वर्णन किया, हे भव्यो! अब मोक्षदायिनी निर्जराका कथन कान लगाकर सुनो॥१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? जैसा आगममें संवरका कथन है.. છે એવું વર્ણન કર્યું. રાગ ને વિકારથી ભિન્ન એવું પોતાનું સ્વરૂપ છે, એવું ભાન થતાં એને સ્વભાવમાં એકત્વ થાય, એનું નામ સંવરદશા છે. એ આગમ પ્રમાણે પહેલી વાત કરી. जैसा आगममें संवरका कथन है वैसा वर्णन किया. સંવરનો અર્થ એ (કે) ભેદજ્ઞાન અથવા સ્વભાવમાં એકતા. રાગની એકતા એ મિથ્યાત્વ બંધ. રાગની પૃથક્તા (અને) પોતાના સ્વભાવનું સ્વભાવમાં એકપણું એનું નામ સંવર. જ્ઞાનીને ત્યાંથી ધર્મની શરૂઆત સંવરદશા થાય છે. जुगति परवांन, मुक्ति वितरनी.. હવે, વર્તમાનમાં તો સંવર થયો, પણ પૂર્વના કર્મ છે એ હવે નિર્જરી જાય છે. મુક્તિની દેનારી—દેનેવાલી એવી નિર્જરા સુનો (એમ) બનારસીદાસ કહે છે. भविक धरि कान. હે ભવ્ય જીવો! કાન બરાબર રાખી સાંભળવાનું.. ધ્યાન રાખીને સાંભળો એમ કહે છે. નિર્જરા. हे भव्यो! अब मोक्षदायिनी निर्जराका कथन कान लगाकर सुनो.

હવે મંગલાચરણ. નીચે શ્લોક છે.

रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा पर संवरः
कर्मागामि समस्तमेव भरतो दूराभिरुन्धन् स्थितः।

प्राग्बद्धं तुं तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा
ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्च्छति।।१।।

એનો અર્થ. પદ.. પદ.

जो संवरपद पाइ अनंदै।
सो पूरवकृत कर्म निकंदै।।
जो अफंद ह्वै बहुरि न फंदै।
सो निरजरा बनारसि बंदै।।२।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—અનંદૈ=પ્રસન્ન થાય. નિકંદૈ=નષ્ટ કરે. બહુરિ=વળી. ફંદે=ગંથવાય.

**અર્થ :—**જે સંવરની અવસ્થા પ્રાપ્ત કરીને આનંદ કરે છે, જે પૂર્વે બાંધેલાં કર્મોનો નાશ કરે છે, જે કર્મની જાળમાંથી છૂટીને ફરી ફસાતો નથી, તે નિર્જરાભાવને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૨.

**अर्थ :—**जो संवरकी अवस्था प्राप्त करके आनंद करता है, जो पूर्वमें बाँधे हुए कर्मोंको नष्ट करता है, जो कर्मके फंदेसे छूटकर फिर नहीं फँसता; उस निर्जराभावको पण्डित बनारसीदासजी नमस्कार करते हैं।।२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जो संवरपद पाई अनंदै.. જેણે વિકારથી આત્માનું સ્વરૂપ ભિન્ન જાણ્યું, અનુભવ્યું, એને આનંદ થાય છે. સંવર થતાં અતીન્દ્રિય આનંદ આવે છે. શ્રીચંદજી! આસ્રવ જ્યારે હતો ત્યારે દુઃખ હતું. મિથ્યાત્વ ને રાગ-દ્વેષ એવા જે પરિણામ હતા એ આસ્રવ છે, એ દુઃખ(રૂપ છે). એનાથી ભિન્ન પડીને આત્માનો આનંદસ્વભાવ.. અતીન્દ્રિય આનંદને રાગથી ભિન્ન પાડીને અનુભવ્યો એનું નામ સંવર. જુઓ, આ સંવરની વ્યાખ્યા. जो संवरपद पाई.. સમ્યગ્દર્શનરૂપી સંવર પામીને अनंदै આનંદ કરતા હૈ. આહાહા! सो पूरवकृत कर्म निकंदै.. જે વર્તમાનમાં વિભાવના—વિકારના દુઃખ પરિણામથી ભિન્ન પડીને પોતાનો અતીન્દ્રિય આનંદ એવો સ્વભાવ એને અનુભવે એ જીવને सो पूरवकृत कर्म निकंदै.. એને પૂર્વના બાંધેલા કર્મોનો નાશ થાય છે. સંવરપૂર્વક નિર્જરા ગણી છેને અહીંયાં. ઝીણું ભારે!

આ પહેલું જ કહે છે, આમ આમ થાય સંવર. મિથ્યાત્વમાં ને રાગ-દ્વેષમાં દુઃખ હતું. એનાથી ભિન્ન પડ્યું તત્ત્વ એટલે અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થઈ. એવો અતીન્દ્રિય

આનંદનો અનુભવી સંવરી જીવ તે પૂર્વકૃત કર્મને ટાળે. છેને? सो पूरवकृत कर्म निकंदै.. जो पूर्वमें बांधे हुए कर्मोको... 'સો' એમ જોઈએ. શબ્દ નથી... નષ્ટ કરે છે. આવી વાત જ નથી. આંહીં તો કહે, પાંચ આચરણ લેવાના પચ્ચખાણ કરો, સંવર (થઈ ગયો) લ્યો. (શ્રોતા : ......) ક્યા? અહિંસા, જૂઠું ન બોલવું, ચોરી (ન કરવી). લ્યો, કરો પચ્ચખાણ. લ્યો, સંવર થઈ ગયો. જામનગરમાં બહુ સંવર થાય. સંવર થયા આટલા, સંવર પોષા થયા આટલા. કોને સંવર પોષા કહેવા? જેમાં આત્મા આનંદમય એવો અનુભવમાં આવે ત્યારે એને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ એ પ્રકારના દુઃખની કારણદશા ટળે, ત્યારે એને આનંદનો અનુભવ થાય. એ આનંદમાં રહેતો પૂર્વના બાંધેલા કર્મને ખપાવે છે, એમ કહે છે. એ શું કહે છે સમજાણું? ઓલા અપવાસ કરવા ને દુઃખ લાગે, ત્યારે કર્મ ખપે, ત્યારે નિર્જરા થાય. બહુ કષ્ટ કરેને.. એ નિર્જરા જ નથી. કષ્ટ લાગે એ તો રાગ, અજ્ઞાન છે.

અહીંયાં તો संवरकी अवस्था प्राप्त करके आनंद करता है. તે પૂર્વમાં બાંધેલ કર્મને નષ્ટ કરે છે. આહાહા! આનંદમાં રહેતો... પૂર્વના કર્મના ઉદયથી પ્રતિકૂળતા અનેક હો, અરે! રાગાદિ હો, એમાં જોડાતો નથી. આહાહા! કહો, પ્રકાશદાસજી! યે ક્યા હૈ? સંવર ઐસા હૈ? મહાવ્રત લિયા યે સંવર હો ગયા નહીં? જેના સ્વભાવમાં વિકલ્પ નથી, રાગ નથી. મહાવ્રત એ તો રાગ છે, આસ્રવ છે, દુઃખ છે. આહાહા! એનાથી જુદું તત્ત્વ ચૈતન્ય આનંદમય, જે अनंदै, सो पूर्वकृतकर्म निकंदै. अनंदै સાથે निकंदै છે ને? પદની સાથે મેળ છે ને? અનંદે ને નિકંદે. પોતાના અનાકુળ આનંદની દશા સંવરરૂપ પ્રગટ કરી છે, એ પૂર્વના બાંધેલા કર્મ એને નષ્ટ કરે છે. આનંદમાં રહેતો નષ્ટ કરે છે, એમ કહે છે. દુઃખી થતો કષ્ટ વેઠીને કર્મ ખપે છે, એમ છે નહીં. जो अफंद व्है बहुरि न फंदै. એ અફંદ થયો છે. સંવર થયો છે ને? રાગના ફંદામાંથી છૂટ્યો છે. આહાહા! સમજાણું?

कर्मगामि समस्तमेव भरतो दुराभिरुन्धन् स्थितः, प्राग्बद्धं तुं तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा. એને નિર્જરા થાય છે. જે સ્વભાવના અંતર શરણમાં આવ્યો છે અને રાગના ફંદમાંથી છૂટ્યો છે. એ अफंद व्है बहुरि न फंदै.. એ ફરીને રાગના ફંદમાં આવતો નથી. આરે ભારે ધર્મ આવો! जो कर्मके फंदेसे छूटकर... એમ અફંદની વ્યાખ્યા કરી. અફંદ—જેને રાગનો ફંદ છે એ છૂટી ગયો છે, કહે છે. 'જગત દંદ ફંદ..' એ છૂટ્યો છે. રાગના વિકલ્પથી છૂટું તત્ત્વ અફંદમાં એટલે રાગના ફંદમાં નથી. એ बहुरि न फंदै.. ફરીને ફસતો નથી. આ નિર્જરાની વ્યાખ્યા. ઓલા કહે, અપવાસ કરે તો નિર્જરા થાય, ઉણોદરી કરે તો નિર્જરા થાય, અઠ્ઠમ કરે તો નિર્જરા થાય ને અઠ્ઠમ પર એક પોરસી ચઢાવે તો પચ્ચીસ અપવાસનું ફળ મળે. એય! સાંભળ્યું છે કે નહીં? અઠ્ઠમ કરે તો મહાફળ, એક

અપવાસ (ઉપર) પોરસી ચઢાવે તો પચ્ચીસ અપવાસનું ફળ, બહુ નિર્જરા થાય. ધૂળેય નિર્જરા ન થાય, સાંભળને! (શ્રોતા : નિર્જરાની લાલચે મરી ગયા). મરી ગયા?

અહીં કહે છે કે जो अफंद व्है बहुरि न फंदै. જેણે આત્માને રાગથી ભિન્ન પાડેલો છે, એવો સમ્યગ્દ્રષ્ટિ સંવરવાળો જીવ ફરીને રાગને તાબે થતો નથી. તેને પૂર્વના કર્મ ખપે છે. सो निरजरा, લ્યો. એને નિર્જરા કહીએ. એની અશુદ્ધતા ટળે છે, શુદ્ધતા વધે છે, કર્મ ગળે છે—ત્રણેય નિર્જરા. આહાહા! बनारसी वंदै.. બનારસીદાસ કહે છે, અહો! એવી પવિત્ર ભાવના—સ્વભાવની એકતા એવી દશાને હું આદરું છું, વંદન કરું છું. નિર્જરા એટલે શુદ્ધભાવ. એવા શુદ્ધભાવને વંદન કરું છું. બીજું (પદ) થયું પદ્યનો હોં. એ કવિતાનો પહેલો (શ્લોક) થયો. હવે કવિતાનો બીજો (શ્લોક).

**तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।**
**यत्कोऽपि कर्मभिः कर्म भुञ्जानोऽपि न बध्यते।।२।।**

ज्ञान-वैराग्यके बलसे शुभाशुभ क्रियाओंसे भी बंध नहीं होता. ધર્મી જીવને આત્માનું જ્ઞાન ને રાગની એકતાનો અભાવ—એ જ્ઞાન ને વૈરાગ્યનું બળ. અસ્તિ તત્ત્વ ચિદાનંદ આત્મા, એનું સ્વ-સન્મુખનું જ્ઞાન અને રાગના અભાવની પરિણતી—એ જ્ઞાન ને વૈરાગ્ય બે, ધર્મીને બે હોય છે. આ વૈરાગ્યબળ. સમજાણું કાંઈ?

જ્ઞાન-વૈરાગ્યના બળથી શુભાશુભ ક્રિયાઓથી પણ બંધ થતો નથી.

(દોહરા)

**महिमा सम्यक्ज्ञानकी, अरु बिरागबल जोइ।**
**क्रिया करत फल भुंजतैं, करम बंध नहि होइ।।३।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—મહિમા=પ્રભાવ. અરુ=અને. ભુંજતૈ=ભોગવતા.

**અર્થ** :—સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી અને વૈરાગ્યના બળથી શુભાશુભ ક્રિયા કરવા છતાં અને તેનું ફળ ભોગવવા છતાં પણ કર્મબંધ થતો નથી. ૩

**अर्थ** :—सम्यग्ज्ञानके प्रभावसे और वैराग्यके बलसे शुभाशुभ क्रिया करते और उसका फल भोगते हुए भी कर्मबंध नहीं होता है।।३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

महिमा सम्यक्ज्ञानकी.. નિર્જરા અધિકાર છે ને? આત્મજ્ઞાનની મહિમા છે કહે છે. આત્મા પૂર્ણ આનંદ, એવું જે અંતરમાં રાગથી ભિન્ન પડીને સ્વસન્મુખનું ભાન એ

આત્મજ્ઞાન. महिमा सम्यक्ज्ञानकी.. એ સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી अरु विरागबल जोई.. વૈરાગકા બળ. શુભાશુભ પરિણામથી રહિત જે દશા છે એ વૈરાગ્યનું બળ છે. એકલો અશુભથી છૂટે ને શુભમાં (પ્રવર્તે) એ વૈરાગ્ય નહીં. શુભ ને અશુભ બેય ક્રિયાના પરિણામથી જે ભિન્ન (રહે) છે એવું વૈરાગ્યનું બળ છે. એથી શુભાશુભ ક્રિયા કરતે... क्रिया करत फल भूंजतैं.. એ તો સમજાવ્યું છે હોં. કહે છે કે ક્રિયા કરે એટલે થાય અને ફળ ભોગવે. ભોગવતો નથી, પણ ભોગવે છે એવું દુનિયાને દેખાય છે. क्रिया कर फल भुंजतैं, करम बंध नहि होई.. સમકિતીને કર્મબંધન હોતું નથી. કેમ કે જડની ક્રિયા છે એનો તો એ જ્ઞાતા છે, એ કાંઈ કરતો નથી. રાગ થાય તેનો સ્વામી નથી. સ્વામી તો પોતાના ચૈતન્ય આનંદનો છે. એથી રાગ ને દેહની ક્રિયા હોવા છતાં અને રાગને જાણે ભોગતો હોય એમ દેખાય છતાં બંધ નાહીં. એને બંધન છે નહીં. આવું વસ્તુનું સ્વરૂપ છે.

ઓલા કહે કે વ્રત કરો, તપ કરો. બસ સમ્યગ્દર્શન. એ (વ્રતાદિ) હોય, આવું હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ. વ્રત લે ને અપવાસાદિ કરે, તો વ્રત તપ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ. એ વ્રત તપ તો ચારિત્ર છે. ચારિત્ર હોય તો સમ્યગ્દર્શન હોય. હતા કે દિ' વ્રત, તપ ? વ્રત, તપ (ચારિત્ર) ક્યાં છે ? એ તો વિકલ્પ છે, રાગ છે. પંચ મહાવ્રતની ક્રિયા ને દેહની ક્રિયા... જેને દેહથી ભિન્ન ચીજનો અનુભવ છે, તે દેહની ક્રિયા ને રાગનો કર્તા દેખાય છે અને ભોગવે છે એમ દેખાય છે, એમ કહે છે. છેને, એમ છેને. જુઓને, પાઠ છે ને. क्रिया कर फल भुंजतैं. જાણે ક્રિયા કરે છે અને એનું ફળ ભોગવે છે, તો પણ કર્મબંધન નથી. જ્ઞાનીકો ભોગ નિર્જરાકા હેતુ હૈ, એ કહે છે. ભોગ જ નથી. પણ એ તો શબ્દ છે. પોતાના આનંદના અનુભવ આગળ રાગનો અનુભવ છે જ નહીં. આહાહા !

જુઓ, આ મંગળાચરણ. આહાહા! પહેલું મંગળાચરણ કર્યુંને બીજા પદમાં. क्रिया करत फल भुंजतैं.. કઈ ક્રિયા ? જડની ક્રિયા કરે જ્ઞાની ? રાગની ક્રિયા કરે જ્ઞાની ? જડની ક્રિયા ભોગવે જ્ઞાની ? રાગની ક્રિયા ભોગવે જ્ઞાની ? સમજાવે શું ત્યારે એને ? પાઠમાં એવું છે. कर्म भूञ्जानोऽपि.. જ્ઞાની ઈન્દ્રિયોથી ભોગ લેતો છતાં, ભુંજાણો તે न बध्यते.. ભોગવતો છતાં તે બંધ પામતો નથી. આહાહા ! એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને વૈરાગ્યનું બળ છે ત્યાં. સમજાણું કાંઈ ? એને લઈને નિર્જરા છે. કાંઈ ક્રિયા ને રાગ, એને લઈને નિર્જરા નથી. અસ્તિપણે વસ્તુ પરિપૂર્ણ છે આત્મા, એવું અંતર્મુખનું જ્ઞાન-ભાન ને રાગાદિથી અભાવનો વૈરાગ્ય, એ બેના બળે રાગની ક્રિયા હોવા છતાં, દેહની ક્રિયા હોવા છતાં, એ કર્મથી બંધાતો નથી. આહાહા ! करम बंध नहि होई. भोग भोगते हुए भी ज्ञानियोंको कर्म-कालिमा नहीं लगती. દૃષ્ટાંત આપે છે. એના પર દૃષ્ટાંત છે હોં. શ્લોક તો બીજા (પદ)નો છે.

ભોગ ભોગવવા છતાં જ્ઞાનીઓને કર્મકાલિમા લાગતી નથી.

(સવૈયા એકત્રીસા)

जैसैं भूप कौतुक सरूप करै नीच कर्म,
कौतुकी कहावै तासौं कौन कहे रंक है।
जैसैं विभचारिनी विचारै विभचार वाकौ,
जारहीसौं प्रेम भरतासौं चित्त बंक है।।
जैसैं धाइ बालक चुँघाइ करै लालिपालि,
जानै ताहि औरकौ जदपि वाकै अंक है।
तैसैं ग्यानवंत नाना भांति करतूति ठानै,
किरियाकौं भिन्न मानै यातें निकलंक है।।४।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :–ભૂપ=રાજા, કૌતુક=ખેલ, નીચ કર્મ=હલકું કામ. રંક=કંગાલ. વાકૌ=તેનું. જાર (યાર)=મિત્ર. ભરતા=પતિ. બંક=વિમુખ. ચુંધાઈ=પિવડાવીને. લાલિપાલિ=લાલન–પાલન. અંક=ગોદ. નિઃકલંક=નિર્દોષ.

**અર્થ :–**જેવી રીતે રાજા ખેલરૂપ હલકુ કામ કરે તોપણ તે ખેલાડી કહેવાય છે, તેને કોઈ ગરીબ નથી કહેતું અથવા જેવી રીતે વ્યભિચારિણી સ્ત્રી પતિની પાસે રહે તોપણ તેનું ચિત્ત યારમાં જ રહે છે–પતિ ઉપર પ્રેમ રહેતો નથી અથવા જેવી રીતે ધાવ બાળકને દૂધ પિવડાવે, લાલન–પાલન કરે અને ગોદમાં લે છે તોપણ તેને બીજાનો જાણે છે, તેવી જ રીતે જ્ઞાની જીવ ઉદયની પ્રેરણાથી જાતજાતની શુભાશુભ ક્રિયા કરે છે પરંતુ તે ક્રિયાને આત્મસ્વભાવથી ભિન્ન કર્મજનિત માને છે, તેથી સમ્યગ્જ્ઞાની જીવને કમર્મકાલિમા લાગતી નથી. ૪.

**अर्थ :–**जिस प्रकार राजा खेल स्वरूप छोटा काम करे तो भी वह खिलाड़ी कहलाता है उसे कोई गरीब नहीं कहता, अथवा जैसे व्यभिचारिणी स्त्री पतिके पास रहे तो भी उसका चित्त यारहीमें रहता है—पतिसे प्रेम नहीं रहता, अथवा जिस प्रकार धाय बालकको दूध पिलाती, लालन-पालन करती और गोदमें लेती है, तो भी उसे दूसरेका जानती है, उसी प्रकार ज्ञानी जीव उदयकी प्रेरणासे भाँति भाँतिकी शुभाशुभ क्रिया करता है, परंतु उस क्रियाको आत्मभावसे भिन्न कर्मजनित मानता है, इससे सम्यग्ज्ञानी जीवको कर्मकालिमा नहीं लगती।।४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એ આવ્યું, ઓલામાં ક્રિયા કલંકને ભોગવે (એમ) કહ્યું હતું, એનો અહીં ખુલાસો કર્યો. ક્રિયાકો ભિન્ન માને. સમજાણું કાંઈ ? ત્યાં એમ કહ્યું હતું, ક્રિયા કરે ને ભોગવે. બેય

લીધું હતું. પણ એનો અર્થ કે ક્રિયાથી ભિન્ન જાણે છે. કરે કોણ ને ભોગવે કોણ? जैसैं भूप (રાજા) कौतुक सरूप करैं.. ખિલાડી થઈને ગધેડા ઉપર બેસે રાજા. તો દુનિયા એને એમ ન કહે કે આ માળો રાંક છે. એ તો ખિલાડી છે. ગધા ઉપર બેસીને ખેલ કરે, એમ કહે. રાજા ગધા પર બેઠો હોય તો એમ કહે કે આ રાંકો છે, આ કુંભાર છે એમ કહે? ગધેડાનો ધણી કુંભાર લાગે છે આ, એમ ન કહે. એ તો ખેલ કરે છે ગધા ઉપર બેસીને, એમ લોકો કહે. जैसैं भूप कौतुक सरूप करैं नीच कर्म... હલકું. આ ગધાનો દાખલા આપ્યો છે. गद्धा पर चढ़ना.. છે ને નીચે? कौतुकी कहावे तासौं कौन कहै रंक है.. એ ખેલ કરે, છોટા કામ કરે પણ એને કંગાળ કોણ કહે? ભિખારી કહે? છોટા કામ કરે તો ભી વહ ભિખારી કહલાતા હૈ? ખિલાડી કહલાતા હૈ. ભિખારી ન કહેવાય, ખિલાડી કહેવાય.

એમ ધર્મી જીવ દેહાદિની ક્રિયા એના સમીપમાં દેખાય ખરી, છતાં જ્ઞાની એ દેહાદિની ક્રિયાથી ભિન્ન વર્તે છે. સમજાણું કાંઈ? ગધેડા પર ચડ્યો છતાં એ રાજા છે (તે) ખેલાડી છે એમ કહેવાય. એમ ધર્મી, રાગાદિ કે દેહાદિની ક્રિયા એવી થાય તો પણ એનો ખેલ કરનાર એટલે એનો જાણનાર છે, એનો કરનાર નથી. આહાહા! કરે કર્તા છતાં અકર્તા. કરતો નથી, કર્તા તો એક નામમાત્ર કહ્યું. કહ્યુંને, ક્રિયાકો ભિન્ન. દેહની ક્રિયા ગમે તે થાવ, મારાથી નથી અને અંદર રાગનો ભાવ આવે એ પણ મારું સ્વરૂપ નથી. એમ સમકિતી ધર્મી પોતાના સ્વભાવમાં સાવધાન ને રાગથી અસાવધાન (રહે છે), એને નિર્જરા થાય. આહાહા!

जैसैं विभचारिनी विचारै विभचार वाकौ.. વ્યભિચારી સ્ત્રી હોય, એ વ્યભિચાર વિચારે. जारहीसौं प्रेम भरतासौं चित बंक है.. પોતાના ધણીથી તો વાંકું ચિત્ત છે અને પ્યાર છે બીજા વ્યભિચારી પુરુષ ઉપર. એમ ધર્મી જીવને પ્રેમ છે આત્મા ઉપર ને રાગની ક્રિયા ને દેહની ક્રિયા થાય છે, પણ એનાથી (પોતાને) ભિન્ન જાણે છે. જુઓ, ભાષા શું કરી જોયું! जैसैं व्यभिचारिणी स्त्री पतिके पास रहे.. એની સાથે રહે, એને રાંધે, ખવડાવે, આમ કરે, તેમ કરે तो भी उसका चित्त यारमें रहता है. જેના પર પ્રેમ છે એની પર રહે છે. पतिसे प्रेम नहीं रहता. એને પતિ ઉપર પ્રેમ નથી. એમ ધર્મી જીવને રાગ ને દેહની ક્રિયાના સમીપમાં દેખાય છે, છતાં રાગ ને દેહની ક્રિયાનો એને પ્રેમ નથી, એમાં એકતાબુદ્ધિ નથી, એમ કહે છે. આરે ભારે આકરું! जारहीसौ प्रेम भरतासौं चित बंक है.

जैसैं धाइ बालक चुँघाई करै लालिपालि.. ધાઈમાતા. રાખે છેને નોકર. હા, ઉપમાતા. માતા નહીં પણ ઉપમાતા. અહીં ધાઈમાતા કહે અમારે. છેને પાઠમાં? જુઓ, ધાઈ—બાળક ધવરાવનારી. ચૂંઘાઈ... દૂધ પીવરાવે, સ્તનથી દૂધ પાય, બધું એની મા જેવું કામ કરે. છે ને? ચૂંઘાઈ કરે, લાલપાલ કરે. 'બેટા આમ છે ને તેમ છે.' આ સુમનભાઈને

આ બહુ કરતી. શું નામ બાઈનું? મણીબાઈ. દીકરા જેવો હોં. બાઈ ચોખ્ખી, એ પણ... (શ્રોતા : રબારણ) ખબર છે ને. એક ફેરી આંહીં ઓલું કાંઈક ..... લાવી દેતી. શું કહેવાય આ? ગુરુકુળ. ત્યાં રહેતાને ઓલી કોર રહેતા. ખબર છે ને. કાંઈક સુમનભાઈ આમ જાતા .... આમ રાખે માની જેમ હોં. ...... બેન તરીકે, આને ભાઈ તરીકે.

એને દીકરા નહોતા. દીકરા તરીકે જાળવતા. પણ જાણતી કે મારા દીકરા નથી. (શ્રોતા : એ તો એના પોતાના માનતી હતી). માનતી હતી એ વાત સાચી. ભાઈ કહે, એને પ્રેમ બહુ હતો. આંખમાંથી આંસુ ચાલ્યા જાય, જરી સુમનભાઈને કાંઈ થાય, આંખમાંથી આંસુ... એક ફેરી ખબર છેને, એ ત્યાં હતા ને કાંઈક લાઠી-બાઠી હતું. આમ..... આહાહા! પણ આ તો છતાં મનમાં (એમ છે કે) હું કાંઈ એની માતા નથી. એમ તો છેને અંતરમાં. પાળી પોષીને મોટો (કર્યો, પણ હવે) એ કંઈ હવે મને (જાળવશે) નહીં. जैसैं धाइ बालक चुँघाई. ચૂંઘાઈ એટલે દૂધ પાય. करै लालिपालि.. નવરાવે, ખવરાવે, પીવરાવે, રાજી રાખે. जानै ताहि औरकौ जदपि वाकै अंक है. જો કે એના ખોળામાં બેઠો હોય. અંક—ગોદમાં બેઠો હોય પણ जाने ताहि ओरकौ.. એ તો બીજાનો છે ભાઈ. तैसे ग्यानवंत.. આ બધી ઉપમા આપી. એક તો રાજાની, એક વ્યભિચારિણીની ને ધાઈમાતાની—ત્રણ.

तैसैं ग्यानवंत नाना भांति करतूति ठानै, લ્યો. તેમ ધર્માત્મા જાણે, આ ક્રિયા થાય છે, રાગ થાય છે (એને) જાણે. करतूति ठानै.. ઠાને એટલે એમાં હોય એમ. किरियाकौ भिन्न मानै. આહાહા! સમજાણું? છે ને અંદર? लालन--पालन करती और गोदमें लेती है, तो भी उसे दूसरेका जानती है, उसी प्रकार ज्ञानी जीव उदयकी प्रेरणासे भांति भांतिकी शुभाशुभ क्रिया करता है. क्रिया करता है. આ તો સમજાવવું હોય તો શું સમજાવે? શુભ-અશુભ ક્રિયા ત્યાં થાય છે. થાય છે એને જાણે છે. આહાહા! આત્માના આનંદનો જ્યાં રસ છે, એને પછી રાગનો ને ક્રિયાનો રસ ઊડી ગયો છે અંદરથી. ધર્મી એને કહીએ. એમ ધર્મ કાંઈ સાધારણ વાત નથી. જેને આત્માના અતીન્દ્રિય આનંદનો રસ આવ્યો છે, એ રસની આગળ રાગનો ને જડની ક્રિયાનો રસ ઊડી ગયો છે. આહાહા! એને નિર્જરા થાય, એને અશુદ્ધતા ટળતી જાય અને કર્મ ગળતું જાય. કર્મ ગળે એ કર્મની નિર્જરા, અશુદ્ધતા ટળે એ અશુદ્ધ નિશ્ચયની (નિર્જરા), શુદ્ધતા વધે એ એનો શુદ્ધભાવ. આહાહા! એક-એક વાત જૈનદર્શનની એવી ઝીણી. લોકોને બહાર પડે તો આમ એવું લાગે કે આ તો એકાંત.. એકાંત.. છે.

આ તપસ્યા કરવાથી નિર્જરા.. 'તપસાત્ નિર્જરા' કહી છેને! તત્ત્વાર્થસૂત્રમાં નથી? 'તપસાત્ નિર્જરા'. એ તો વ્યવહારની વાત કરી છે. અહીં પ્રશ્ન થયો હતો. ૯ની સાલમાં. આવ્યા હતાને તોલારના.. તોલારના શેઠ. પછી એણે અમને પૂછ્યું હતું. લાડનુ ગામનો

હચો કો'ક જુવાન. 'શેઠ! પૂછો મહારાજને કે આ તપસાત્ નિર્જરા કીધી છે ને?' (સંવત) નવની સાલની વાત છે. માનસ્થંભ થયા પહેલા. 'ભાઈ! તપસા નિર્જરા એ તો આત્માનું સ્વભાવનું ભાન થઈ અને રાગથી ભિન્ન પડીને રાગ ઘટે ને ક્રિયા થાય, ત્યારે એને જેનાથી લક્ષ છૂટ્યું'તું આહાર કરવાનું વગેરે, એને વ્યવહારથી નામ આપ્યું કે આને તપસા નિર્જરા. નિર્જરા તો આનાથી (શુદ્ધભાવથી) થાય છે. રોટલા ન ખાધા એ નિર્જરા છે? લક્ષ ક્યાંથી છોડ્યું હતું ને લક્ષ ક્યાં સ્થિર થયું, એ સ્થિર થવાની દશાને નિર્જરા ન કહેતાં આંહીંથી લક્ષ છૂટ્યું ત્યાંથી નિર્જરા કીધી. એ તો વ્યવહારથી વાત કરી છે. સમજાણું?

ज्ञानी जीव उदयकी प्रेरणासे.. લ્યો, એમાંય એમ આવે. લ્યો. કર્મનો ઉદય એની પ્રેરણા થાય એને. એનો અર્થ એ કે જેને આનંદની રુચિ છે, એને રાગની રુચિ નથી, છતાં કર્મના નિમિત્તમાં બળજોરી પોતાની કમ છે એથી ત્યાં જોડાઈ જાય છે. એટલે કર્મની પ્રેરણાથી થયું એમ કહેવામાં આવે છે. છે તો પોતાની નબળાઈ. પણ નબળાઈને પોતાની છે એમ ન જાણતાં, પરની છે (એમ જાણે છે). એ મારી ચીજ ક્યાં છે? મારામાં જ છે ક્યાં? એમ કહે છે. આહાહા! भांति भांतिकी शुभाशुभ क्रिया करता है. દેખાય કે આ ક્રિયા કરે છે. જુઓ, આ અશુભ થાય છે, આ ભોગ લે છે, આમ દૂધપાક પુરી ખાય છે. ઓલો લૂખ્ખું ખાય છે. આ દૂધપાક પુરી ખાય છે ને એ કહે કે અમે ધર્મી. ઓલો લુખ્ખું ખાય તો કહે, ના, એને ધર્મ ન થાય. એ કનુભાઈ! ... મળ્યો હતોને ૯૪માં. ૯૪, ૯૪. કેટલા વરસ થયા? ૨૭ ને ૬ = ૩૩. આંહીં બહાર નહીં બહાર?

કહે, ઓલા ધર્મી ત્રણ-ત્રણ ગાદલે સૂવે... આ કનુભાઈએ પ્રશ્ન કર્યો હતો. તે દિ' આઠ વર્ષની ઊંમર હતી એની. છ્યાસીમાં જન્મ ને ચોરાણુમાં થયુંને આ મકાન. કહે, આ શું છે આ? ચક્રવર્તી મોટા ત્રણ-ત્રણ રેશમી ગાદલા એના પર સૂવે, પંખા નાખે, ટાઢા પાણી બરફ પીવે, ખમ્મા ખમ્મા (થાય) અને એ ધર્મી? અને અમે હેઠે સુઈએ, ગોદડું નહીં. કહ્યું હતુંને? (શ્રોતા : .....) કીડી ને કાગડાને ગોદડા ક્યાં છે? બિચારા હેઠે સુએ છે, લ્યોને. આ બળદ હેઠે બિચારાં... આમ રોગ હોય અને હાડકાં ઓલા થઈ ગયા હોય. હેઠે પથરા વાગે. ગોદડાંય નથી ને લૂગડુંય નથી ને ખડેય નથી. 'અમને ધર્મ ન થાય ને એને ધર્મ થાય?' એવો પ્રશ્ન કર્યો હતો. નાની ઉંમર હતી આઠ વર્ષની. આઠ-આઠ. ૩૩ ને ૮ = ૪૧ થયા. ૪૧ થયાને? એ ૮૬માં ત્યાં ગયા હતા ત્યારે જન્મ ન થયો હોય. ૮૬માં ગયા હતાને, સંપ્રદાયમાં હતા ત્યારે. પણ આ શું? ત્રણ-ત્રણ ગાદલે સૂવે, ટાઢા પાણી પીવે, પંખા નાખે અને કહે ધર્મી. અને અમે લૂખ્ખાં ખાઈએ, હેઠે સૂઈએ (તો પણ) અમને ધર્મ નહીં.

એ મનસુખ! એમાં ફેર શું પણ? ફેર અંદરમાં અનંતગણો. ઓલો ત્યાં રાગને

એકપણે અનુભવે છે અજ્ઞાની. ચાહે તો લૂખ્ખાં ખાતો હોય ને હેઠે સૂતો હોય કે જંગલમાં રહીને નાગો ફરતો હોય. (પણ) વિકલ્પને એકપણે અનુભવે છે એ મૂઢ છે. અને રાજ આદિમાં પડ્યો બેઠો હોય. અને બત્રીસ કવળ ચક્રવર્તીના કેટલા ઊંચા. એક કવળ છન્નુ કરોડ પાયદળ ન પચવી શકે. એક કવળ—કોળિયો છન્નું કરોડ પાયદળ ન પચવી શકે. એવા બત્રીસ કોળિયા લે ચક્રવર્તી, તોય એને (નિર્જરા). તોય કહે એ ધર્મી. એને રસ નથી રાગનો, રસ નથી એ જડનો. ચૈતન્યના રસ ને નિર્વિકલ્પ આનંદને રસે ચડ્યો છે, એને રસ ક્યાંય લાગતો નથી. બધે સ્મશાન જેવું લાગે છે. ઉદાસ.. ઉદાસ.. ઉદાસ.. આહાહા!

(શ્રોતા : ઉદાસ હોય એ રાગ કરે?) એ ઉદાસ જ છે અંદર. રાગ કરે છે ક્યાં? થાય છે એને ભિન્ન જાણે છે. એ આવ્યુંને. એ છેલ્લું જુઓને, भिन्न कर्मजनित मानता है.. દેખોને, છેને! પાઠમાં છે ને. शुभाशुभ क्रिया करता है.. કરતા નામ હોય છે. परंतु उस क्रियाको आत्मस्वभावसे भिन्न कर्मजनित मानता है. એ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલો રોગ છે, ઝેર છે. આહાહા! એ દુઃખ છે. અશુભભાવ કાળો નાગ છે. અજ્ઞાની એ ભાવમાં આમ રસબોળ, એકલો લાલપાલ ગરી જાય છે અંદરમાં. એ મિથ્યાત્વ એને બંધનું કારણ છે. આહાહા! ધર્મી જીવ ચૈતન્યરસનો રસીલો, ભગવાન આત્માના સુખનો રસીલો, એ રસિકને રાગનો રસ હોતો નથી, એ વાત કહે છે. રાગની ક્રિયા થાય, દેહની ક્રિયા જણાય, છતાં ભિન્ન (કર્મ)જનિત માને છે. ભિન્ન કર્મથી ઉત્પન્ન થયેલું માને છે. મારામાં છે નહીં. આહાહા!

इससे सम्यग्ज्ञानी जीवको कर्मकालिमा नहीं लगती.. કોઈ વળી એમ કહેતું કે આ જ્ઞાનીનો પક્ષ તો કરતા નથીને તમે? વળી એમ પૂછ્યું. પક્ષનો અર્થ, વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા! ક્યાંય જ્ઞાનીનું ચિત્ત ચોંટતું નથી રાગમાં, નિમિત્તમાં, સંયોગમાં. એનું ચિત્ત જ્યાં ચોંટ્યું છે ત્યાંથી ખસતું નથી. એથી આનંદ, અતીન્દ્રિય આનંદનો રસીલો ધર્મી.. એને ધર્મી કહીએ. આહાહા! એને કર્મના નિમિત્તથી થતી ક્રિયાઓ આદિ દેખાય, રાગાદિ દેખાય પણ એનું એને બંધન (થતું નથી). આહાહા! એ જ્ઞાન ને વૈરાગ્ય બળનું જોર છે, એમ કહે છે. આત્મજ્ઞાન અને રાગના અભાવનું બળ (એમ) અસ્તિ-નાસ્તિ છે. ચિદાનંદ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ આત્મા ધ્રુવસ્વરૂપ, એ ધ્રુવના રસે જે અંદર રસમાં ચડ્યો છે, નિત્યાનંદ આત્માના રસે ચડેલો ધર્મી એને ક્ષણિક વ્યભિચાર રાગાદિનો રસ આવતો નથી. આહાહા!

किरियाकौ भिन्न मानै याते निकलंक है, એમ. શબ્દ તો કહ્યો કે करतूति ठानै. ઠાને એટલે હોય છે એમ. भांति-भांति क्रिया करता है એમ 'ठानै'નો અર્થ કર્યો. किरियाकौ भिन्न मानै याते निकलंक है. ઓહોહો! આવું સ્વરૂપ છે. સંવર ને નિર્જરાનું આવું સ્વરૂપ છે.

લોકો કલ્પે છે એ રીતે નથી. એ મનસુખ! ભગવાનનું મંદિર કર્યું ને આ દેરાસર કર્યું ને શાંતિયજ્ઞ કર્યો ને ઢીંકણું કર્યું, થઈ ગઈ નિર્જરા. (શ્રોતા : આપની હાજરીમાં કરે.) એ તો એને ન્યાં કહ્યું સભામાં, 'પૈસા તમારા છે આ? વાપરો છોને?' આ ફેરી કહ્યું ત્યાં. બે લાખ, ત્રણ લાખ, ચાર લાખ ખરચાણા. કોના પણ હતા? તમારા ક્યાં હતા? એ તો અજીવની ક્રિયા છે. કોણ કરે અજીવને? (અજ્ઞાની) ધર્મ માને. આ છપાવ્યું છેને? 'મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હૂં' એમ બોલતા હતા ત્યાં. વ્યાખ્યાન થયા પછી બે-ત્રણ વાર બોલે, કંઠ મીઠો બહુને. બોલતા હતાને? એક આપ્યું છે હોં. આ મઢાવી.. શું કહેવાય? આપ્યું છે. (શ્રોતા : મઢાવી રાખ્યું છે.) મઢાવી રાખ્યું છે.

'મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હૂં'. હું રાગ, રંગ ને ભેદથી નિરાળો છું. કોઈ પરદ્રવ્યની સાથે મારે ગંધ—સંબંધ નથી કાંઈ. સંબંધ કેવો? એવો અંતરભાવ પરિણમે એને નિર્જરા થાય એમ કહે છે. ભાષા બોલે છે એ વળી, એથી કાંઈ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ સ્વભાવી હું. છેને એમાં? ઓહોહો! અંદર તત્ત્વ નાખ્યું છે. 'મૈં હૂં અપનેમેં સ્વયં પૂર્ણ.' હુકમચંદજીએ બનાવ્યું છે. હુકમચંદજીનું મગજ માળું બહુ.... એકથી એક વાત જોરદાર, બહુ જબ્બર. માળો કોણ જાણે કેવો ક્ષયોપશમ લઈને આવ્યા છે. કોઈ પણ વાતમાં તર્ક કરે બધી બંધબેસતી આમ. શીખવું કેમ? પૂર્ણ છું. એકવાર છોકરાઓને લઈ ગયા હતા. પાંચ ટુકડા કર્યા. એક ઓલું છેને.

'ગૃહસ્થાશ્રમ છોડીને, મુનિધર્મ અંગીકાર કરીને, સ્વભાવ સાધન વડે, ઘાતિકર્મનો નાશ કરીને, અનંત ચતુષ્ટયને પ્રાપ્ત થયા છે'. મોક્ષ અધિકાર.. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. પાંચ ટુકડા કરી કરીને... એમ બધાને બોલાવે, ક્યાં ભૂલ થઈ કહો, બોલો. ગૃહસ્થાશ્રમ છોડીને, મુનિધર્મ અંગીકાર કરીને... ઓલો વ્યય થયો, આનો ઉત્પાદ. સ્વભાવ સાધન વડે.. પાછું એમ. ત્રીજો બોલ એમ છેને. અધ્યાપકોને શીખવતા. એક એક ટુકડો કાપી-કાપીને. એવી રીતથી સમજાવે. સ્વરૂપ સાધન વડે, ચાર ઘાતિકર્મનો નાશ થઈ, અનંત ચતુષ્ટયને પામ્યા. આટલા પાંચ બોલ છે ને? પાંચ બોલ છે. અધ્યાત્મ વર્ગ રાત્રે..... ભારે સમજાવવાની શૈલી એની. એક શબ્દ પડ્યો (ત્યાં કહે) શું ભૂલ થઈ? શું આની ગલતી થઈ? બોલો, પરમાત્મપ્રકાશ. તમે ત્યાં હતા કે નહીં? નહીં લાઠી? અડધો કલાક સુધી. શીખવવાની રીત ભારે. હા, અધ્યાપકો પણ આમ ખુશી ખુશી થઈ જાય. એવી એની રીત છે.

સ્વરૂપ સાધન વડે ચાર ગતિનો નાશ થાય છે. વિકલ્પ ને વ્યવહાર સાધન વડે નહીં. નાશ થઈને થાય શું? અનંત ચતુષ્ટયને પામે છે. પછી એની કાંઈ નાની વ્યાખ્યા લીધી હતી. પાંચ ટુકડાની ઘણી હાલી હતી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છેને? આ એ. 'મૈં હૂં અપનેમેં

સ્વયં પૂર્ણ, પરકી મુજમેં કુછ ગંધ નહીં. મૈં અરસ અરૂપી અસ્પર્શી, પરસે કુછ ભી સંબંધ નહીં' પેલામાં ગંધ નહીં, અહીં સંબંધ નહીં. 'મૈં રંગરાગસે ભિન્ન ભેદસે, ભી મૈં ભિન્ન નિરાલા હૂં.' ભેદસે ભી ભિન્ન. એવા ભાનમાં નિર્જરા થાય. શબ્દ બોલ્યે કાંઈ થાય? 'મૈં હૂં અખંડ ચૈતન્યપિંડ, નિજ રસમેં રમનેવાલા હૂં'. નિજરસમેં રમનેવાલા હૂં. નિજરસમેં રમનેવાલા હૂં.

ભાઈ બોલતા હતા. બે-ત્રણ દિ' એ બોલે. વ્યાખ્યાન પૂરું થાયને સવારમાં ભાઈ બોલે. ગોદીકાની ધૂન સાંભળો એમ કહ્યું... 'મૈં હી મેરા કર્તા-ધર્તા, મુજમેં પરકા કુછ કામ નહીં. મૈં મુજમેં રહનેવાલા હૂં, પરમેં મેરા વિશ્રામ નહીં.' અહીં રહેવાવાળો છે. અહીં વિશ્રામ નહીં. મૈં શુદ્ધ બુદ્ધ અવિરુદ્ધ... 'મૈં શુદ્ધ બુદ્ધ અવિરુદ્ધ એક, પરપરિણતિસે અપ્રભાવી હૂં'. વિભાવથી પણ મારામાં પ્રભાવ પડતો નથી. ચોપાનીયાં આપ્યા હતા ઘણા ત્યાં. આત્માનુભૂતિસે પ્રાપ્ત.. એ 'स्वानुभूत्या चकासते.' 'આત્માનુભૂતિસે પ્રાપ્ત તત્ત્વ..' મારું તત્ત્વ તો અનુભૂતિથી પ્રાપ્ત છે. 'મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હૂં'. છેલ્લું પદ. એવું અંતરમાં ભાન હોય ત્યાં પૂર્વના કર્મની ક્રિયા વર્તે, એને પોતાની માને નહીં. આહાહા! એને કર્મકાલિકા લાગતી નથી, લ્યો. એનું ને એનું છે આ. એ વિશેષ સ્પષ્ટ છેને.

जैसैं निसि वासर कमल रहै पंकहीमैं;
पंकज कहावै पै न वाकै ढिग पंक है।
जैसैं मंत्रवादी विषधरसौं गहावै गात,
मंत्रकी सकति वाकै विना-विष डंक है।।
जैसैं जीभ गहै चिकनाई रहै रुखे अंग,
पानीमैं कनक जैसैं काईसौं अटंक है।
तैसैं ग्यानवंत नानाभांति करतूति ठानै,
किरियाकौं भिन्न मानै यातै निकलंक है।।५।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—નિસિ(નિશિ)=રાત્રિ. વાસર=દિવસ. પંક=કાદવ. પંકજ=કમળ વિષધર=સાપ. ગાત=શરીર. કાઈ=કાટ. અટંક=ડાઘ રહિત.

**અર્થ :**—જેમ કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે અને રાત-દિવસ કાદવમાં જ રહે છે પરંતુ તેના ઉપર કાદવ ચોંટતો નથી અથવા જેમ મંત્રવાદી પોતાના શરીર ઉપર સાપ દ્વારા ડંખ દેવડાવે છે પણ મંત્રની શક્તિથી તેના ઉપર વિષ ચડતું નથી અથવા જેમ જીભ ચીકણા પદાર્થ થાય છે પણ ચીકણી થતી નથી, લૂખી રહે છે, અથવા જેમ સોનું પાણીમાં પડ્યું રહે

**તોપણ તેના પર કાટ લાગતો નથી; તેવી જ રીતે જ્ઞાની જીવ ઉદયની પ્રેરણાથી જાતજાતની શુભાશુભ ક્રિયા કરે છે પરંતુ તેને આત્મસ્વભાવથી ભિન્ન કર્મજનિત માને છે તેથી સમ્યગ્જ્ઞાની જીવને કર્મકાલિમા લાગતી નથી. ૫.**

**अर्थ :—जैसे कमल कीचसे उत्पन्न होता है और दिन-रात कीचड़में रहता है परन्तु उस पर कीचड़ नहीं जमती, अथवा जिस प्रकार मंत्रवादी अपने शरीरको सांपसे कटवा लेता है पर मंत्रकी शक्तिसे उस पर विष नहीं चढ़ता, अथवा जिस प्रकार जीभ चिकने पदार्थ खाती है पर चिकनी नहीं होती, रूखी रहती है, अथवा जिस प्रकार सोना पानीमें पड़ा रहे तो भी उस पर काई नहीं जमती; उसी प्रकार ज्ञानी जीव उदयकी प्रेरणासे भाँति भाँतिकी शुभाशुभ क्रिया करता है परन्तु उसे आत्मस्वभावसे भिन्न कर्मजनित मानता है इससे सम्यग्ज्ञानी जीवको कर्मकालिमा नहीं लगती।।५।।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઓલામાંય એમ આવ્યું. किरियाकौ भिन्न मानै याते निकलंक है. પેલામાંય એ શબ્દ હતો. બહુ સરસ.

जैसे निसि वासर.. નિસિ નામ રાત ને વાસર નામ દિન. कमल रहै पंकहीमैं.. ચોવીસ કલાક કાદવમાં રહે. कमल कीचसे उत्पन्न होता है और दिन-रात कीचमें रहता है परंतु उस पर कीचड़ नहीं जमती. કીચડને છૂતા હી નહીં કમળ. આહાહા! દેખાય તો એમ કે આ કાદવમાંથી ઉત્પન્ન થયું, કાદવમાં .... દાખલોય કેવો આપ્યો છે, જુઓને. पंकज कहावै. પંક + જ — કાદવમાંથી ઉત્પન્ન થયું, 'પંક' એટલે કાદવ, એમાં 'જ' (એટલે જન્મે). કમળ—પંકજ. કાદવમાં ઉત્પન્ન થયું છતાં કાદવને ને કમળને કાંઈ લેવા દેવા નથી. આહાહા! पंकज कहावै पै न वाकै ढिग पंक है.. उस पर कीचड़ नहीं जमती.

जैसैं मंत्रवादी विषधरसौं गहावै गात.. મંત્રવાદી સર્પના મોઢામાં હાથ નાખે. विषधरसों गहावे गात, છેને. अपने शरीरको सांपसे कटवा लेता है. આહાહા! દાખલા. मंत्रकी सकति वाकै बिना-विष डंक है. પણ મંત્રની શક્તિને લઈને સર્પનો ડંખ એને લાગતો નથી. આહાહા! મંત્ર... આ તો વિષાન્તશક્તિ એટલે આ તો એવું હોય ત્યારે એવું હોય.

એક શેઠીયા આવ્યો હતો. ખૂબ મંત્રની ચોપડી-બોપડી લઈને. એ જાણે કે હું શ્રદ્ધાવાળો લાગું છું. .... મોટી ચોપડી લઈને. શું છે કીધું હવે આમાં? ધૂળેય નથી. આ મંત્ર-તંત્ર ભારે ભ્રમણાનો પાર નથી. આહાહા! આ મંત્રથી આમ થાય ને આ મંત્રથી આમ થાય ને આ મંત્રથી આમ થાય. નવકારમંત્ર કહ્યો નથી? કહે. નવકારમંત્ર એ શું છે, એ તો

શુભભાવનું નિમિત્ત છે, કીધું. મંત્ર શું ત્યાં બીજો હતો? આહાહા! जैसैं जीभ गहै चिकनाई. આ જીભમાં ગુંદર આદિ હોય. આ ગુંદરનો લાડવો આદિ ખાયને, એ જીભને અડે નહીં. चिकनाई रहै रुखे अंग. જીભને અડે નહિ કાંઈ. जीभ चिकने पदार्थ खाती है पर वह चिकनी नहीं होती. કહો, ગુંદર ખાય, એવું (ચીકણું) ખાય પછી સાબુથી ધોવું પડે ? જીભને સાબુથી ધોવી પડે? ભઈ, બહુ ચીકણી થઈ ગઈ. એને જીભને ચીકણાઈ લાગતી જ નથી. पानीमैं कनक जैसैं काईसौं अटंक है. પાણીમાં સોનું રહે પણ કાઈ લાગતી નથી, લ્યો. सोना पानीमें पड़ा रहे तो भी उस पर काई नहीं जमती. એવો જ એનો સ્વભાવ છે એમ કહે છે.

तैसैं ग्यानवंत नानाभांति करतूति ठानै. એમ આનંદસ્વભાવી આત્મા... બહારમાં ક્રિયાઓ દેહની, રાગની કંઈ દેખાય, હોય. करतूति ठानै, છેને? शुभाशुभ क्रिया करता है, એમ ઠાનૈનો અર્થ કર્યો. ન્યાંય એમ કહ્યું હતું. किरियाकौ भिन्न. એ ક્રિયાથી પોતાના આત્માને તદ્દન ભિન્ન જાણે છે. આહાહા! આ ભેદજ્ઞાનની મહિમા વર્ણવે છે. ભેદજ્ઞાન વિના તારા વ્રત ને તપ બધાય બંધનના કારણ, સંસારના કારણ છે. આહાહા! ભેદજ્ઞાનીને અશુભભાવ હોય તોય એ નિર્જરાનું કારણ છે એમ કહે છે આંહીં તો. કારણ કે એનો રસ છે નહીં. રસ નથી, સ્વામી નથી. ધણીપતે અશુભભાવને કરતો નથી. થાય તેને પોતાના આત્માથી ભિન્ન જાણે છે. તેથી તેને કર્મોની નિર્જરા થાય છે. લ્યો, આવું નિર્જરાનું સ્વરૂપ છે. આહા!

આ તો અજ્ઞાની ભાન વિનાના કહે અપવાસ કર્યો, અઠ્ઠમ કર્યો, થઈ ગઈ નિર્જરા. બહુ પરિષહ સહન કર્યા. ગળું સૂકાતું હતું તોય પાણી પીધું નથી, લ્યો. જેમ જેમ બહુ સહન કરે તેમ બહુ નિર્જરા. એ પ્રકાશદાસજી! દેહં દુખં મહા ફલં... દેહથી જેમ દુઃખ વધારે સહન થાય, એમ મહાફળ થાય. ધૂળેય ન થાય. આંહીં તો પોતાના સ્વભાવના રસના ભાનમાં અતીન્દ્રિય આનંદના રસનો રસીલો એને રાગની ક્રિયાનું સ્વામીપણું નથી. દેખાય છે કે આ રાગની ક્રિયા કરે છે. એને કાંઈ જેમ પાણીમાં સોનું કાઈ વિનાનું રહે છે, તેમ ધર્માત્માને રાગની ક્રિયાનો રંગ લાગતો નથી, એનો રસ ચડતો નથી. सम्यग्ज्ञानी जीवको कर्मकालिमा नहीं लगती, લ્યો. વિશ્ષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૭૧, જેઠ વદ ૩, શુક્રવાર તા. ૧૧-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર પદ ૬, ૭, ૮, ૯ ઉપર પ્રવચન

નિર્જરા અધિકાર. ધર્મ પામતાં ધર્મની શુદ્ધિ કોને વધે છે, એનો અધિકાર છે. ધર્મ પામતાં એટલે આત્માનો આનંદસ્વભાવ સુખસ્વરૂપ આત્મા, એનો અનુભવ થતાં આનંદનો સ્વાદ આવે. એવા ધર્મીને સુખના સ્વાદિયા, આત્માના આનંદનો રસનો રસિક કહેવાય છે. જ્યાં લગી મિથ્યાત્વ છે ત્યાં લગી પરમાં–પુણ્યમાં, પાપમાં, પરમાં કાંઈક ઠીક છે એવું સુખ ભાસે. આત્મા સિવાય કોઈપણ ચીજ પર અને પુણ્ય ને પાપભાવ એ પર—એમાં કાંઈક સુખ ભાસે, ત્યાં સુધી એ દુઃખનો અનુભવી મિથ્યાદૃષ્ટિ છે. ચક્રવર્તી છ ખંડનો ધણી, ૯૬ હજાર સ્ત્રીઓ, એને નહિ સુખ ભાસતુ હોય એમાં? ધર્મીને એમાં રોગ ભાસે છે. અજ્ઞાનીને એમાં સુખ ભાસે છે, આટલો ફેર છે. આટલો ઊગમણો–આથમણો ફેર છે. અજ્ઞાની ત્યાગી હોય... એ કહેશે બધું, છતાં એને પુણ્યના પરિણામમાં–ક્રિયામાં, રાગમાં સુખરૂપ લાગે છે એટલે ઠીક લાગે છે. એથી મિથ્યાદૃષ્ટિ દુઃખનો અનુભવી છે.

અને ધર્મ થતાં.. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ, વસ્તુ-આત્મા એનો સ્વભાવ આનંદ. એવી આનંદની દૃષ્ટિ થતાં પર્યાયમાં અનુભવ આનંદનો આવે. એને વિષય આદિમાં રોગ જેવું લાગે. જેમ રોગ આવે કોઢરોગ અને ગળતરોગ ને, ઠીક લાગતું હશે એને? ક્ષય રોગ આવે, લો. નામ સાંભળે ત્યાં (ધ્રુજી ઊઠે.) એને કેન્સર થયું આંહીં. ખબર નહોતી કાંઈ, દુઃખતું હતું ખરું માળું. આહાહા! કેન્સર જે થાય અને દુઃખ લાગે આમ આહ... એય, હીરાલાલજી! કેન્સર થયું. પૈસાવાળા માણસ હતાં. ઘણાં વર્ષની વાત છે. દસ લાખ રૂપિયા પેદા થયા. દસ લાખ રૂપિયા થયા એમ કહેતાં હતા. એક-બે લાખ ઓછા હશે. બીજી પરણેલા એના પાંચ-સાત વર્ષ થયાં હશે, દસ વર્ષ થયા હશે. ડૉક્ટરે કહ્યું, કેન્સર છે. 'ભાઈસાહેબ બાયડીને કહીશ નહિ હોં. નવી પરણી છે. હું તો જાણે ઠીક.' આહાહા! એમ ધર્મીને આત્માના આનંદના રસ આગળ પુણ્ય, પાપના ભાવ રોગ, કોઢ જેવા લાગે છે. સમજાય છે કાંઈ? પ્રકાશદાસજી! ભારે! તેથી કહે છે.

જુઓ છઠ્ઠો બોલ છેને એમાં. વૈરાગ્ય શક્તિનું વર્ણન. નીચે ત્રીજો કળશ છે ત્રીજો.

नाश्नुते विषयसेवनेऽपि यत्सवं फलं विषय सेवनस्य ना।
ज्ञानवैभववीतरागता बलात्सेवकोऽपि तदसावसेवकः॥२॥

ના એટલે નકાર આવ્યો ને. न फलं. ફળ નથી આવતું, એમ ને? (શ્રોતા : ના એટલે પુરુષ) પુરુષ છે, ઠીક. છઠ્ઠું પદ

વૈરાગ્યશક્તિનું વર્ણન (સોરઠા)

पूर्व उदै सनबंध, विषै भोगवै समकिती।
करै न नूतन बन्ध, महिमा ग्यान विरागकी॥६॥

**મૂળ શાસ્ત્ર : અર્થ :—**સમ્યગ્દૃષ્ટિ જીવ પૂર્વે બાંધેલાં કર્મોના ઉદયથી વિષય આદિ ભોગવે છે પણ કર્મબંધ થતો નથી, એ જ્ઞાન અને વૈરાગ્યનો પ્રભાવ છે. ૬.

**अर्थ :—**सम्यग्दृष्टि जीव पूर्वबद्ध कर्मोंके उदयसे विषय आदि भोगते हैं पर कर्मबंध नहीं होता यह ज्ञान और वैराग्यका प्रभाव है॥६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! સમ્યગ્દૃષ્ટિ જીવ.. આત્માના આનંદનો અનુભવી જીવ એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ. આત્માની સત્તા આનંદમયી છે. એવી સત્તાનો સ્વીકાર અનુભવમાં આવ્યો. ભાષા સમજતે હૈં ન? વસ્તુ આત્મા અને એનો સ્વભાવ એ એનો ધર્મ. વસ્તુ આત્મા છે તો એનો ધર્મ—સ્વભાવ તો આનંદ છે. અતીન્દ્રિય સુખનો પૂર છે પ્રભુ. એવા આનંદનું જેને અંતર ભાન, અનુભવ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા, એ જીવને पूर्वबद्ध कर्मोंके उदयसे.... પૂર્વના જે કર્મ હતા એ ઉદયમાં આવ્યાં, કોઈ અજ્ઞાનપણે જે બંધાયેલા विषय आदि भोगते हैं. ભાષા લોક દેખે એવી કરી છે. વિષય આદિ ભોગવે છે એમ નહીં, પણ એના સંયોગમાં એ દેખાય છે. આહા! સ્ત્રીના પરિચયમાં દેખાય, લડાઈના પરિચયમાં દેખાય. એથી 'એ ભોગવે છે' એમ શબ્દ લોકની દૃષ્ટિએ વાપર્યો છે.

ત્યાં કહેને, લ્યો, આને જ્ઞાની કહે છે અને આ તો હજી પરણે છે ને બાયડી છે ને છોકરા છે. આહા! કહે છે, સાંભળ ભાઈ! આત્માના આનંદના અનુભવ આગળ એ પૂર્વના કર્મથી મળેલી સામગ્રી એના સંયોગમાં એ જરી વિકલ્પ આવે છે રાગ, પણ એ રાગને રોગ જાણે છે. સમજાણું કાંઈ? આહાહા! રાગને રોગ જાણે છે. એથી એ ભોગવે છે એમ દેખાય છે, એમ. भोगते हैं पर कर्मबंध नहीं होता. એનું ફળ જે આવવું જોઈએ (કર્મ)બંધન, એ તો આવતું નથી. કેમકે જ્યાં રસ જ ઉડી ગયો છે. આહાહા! શુભ-અશુભભાવમાંથી ધર્મીને રસ ઊડી ગયો છે. ફીક્કો પડી ગયો છે. જુઓ, આ ધર્મદશા! ધર્મ એટલે કંઈ આ પૂજા કરવી, ભક્તિ કરવી, વ્રત પાળવા, તપ કરવા, એમ ધર્મ નહિ. કહે છે કે એવો જે આત્મા.... અજ્ઞાની પણ એવી રીતે જ ભોગવતો દેખાય બહારમાં અને જ્ઞાની પણ એ રીતે દેખાય. અંતરમાં આંતરા ઘણાં. આહાહા!

એકને રાગનો રસ છે મિથ્યાદૃષ્ટિને. જ્ઞાનીને રાગનો રસ નહિ, નિજ સ્વભાવનો રસ છે. બસ આટલો ફેર છે. આહાહા! એથી પર એનું જે કર્મબંધન નથી હોતું, એ જ્ઞાન અને વૈરાગ્યનો પ્રભાવ છે, દેખો. જ્ઞાન એટલે અનુભવ, આનંદ. આનંદનો એ મહિમા છે. જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન એટલે અનુભવ, આત્માના અનુભવનો એ પ્રભાવ છે. વૈરાગ્ય એટલે રાગરહિત શુદ્ધ પરિણતી. આહાહા! કહો, સમજાય છે કાંઈ? કહો, માળા ઓલા કહે છે કે નહિ, અવિરતી સમ્યગ્દૃષ્ટિને બંધ નથી એમાં એકાંત છે. કઈ અપેક્ષાએ કહે છે, સાંભળને! એ બધું નાંખ્યું છે. એણેય નાંખ્યું છે, ઓલાય નાંખે છે. બંધ નથી, એ તો દૃષ્ટિના આનંદના અનુભવ આગળ. રાગરહિતની પરિણતી—વૈરાગ્ય આગળ, એને અલ્પ બંધ જે રાગ આદિનો છે એને ગણ્યો નથી. એમ વાત છે. બંધ તો છે. નથી એમ નથી. અનંતાનુબંધીનો ભાવ (એવા) રાગનો રસ આવે અને જેમાં અનંત સંસાર (મળે એવું) કર્મબંધન થાય, એવું બંધન એને નથી. એ અપેક્ષાએ એને બંધન નથી એમ કહ્યું છે.

એય એની ટીકા કરે છે માળા. કઈ અપેક્ષા છે, ભાઈ! જુવોને, અહીં તો આચાર્ય એમ કહે છે. વાત સાચી. સમ્યગ્દૃષ્ટિ હો એને પણ જેટલો રાગ છે ભોગનો, એ બંધન જ છે, એ દુઃખ છે, એ ઝેર છે. એનું બંધન પણ એને થાય એમ જાણે છે. જાણે છે. ધર્મી એને કહીએ કે આત્માના આનંદ સિવાય ક્યાંય ચેન પડે નહિ. ચક્રવર્તીનું રાજ હો કે ઈન્દ્રના ઈન્દ્રાસન હો. એવી વાત છે ભાઈ! ધર્મ કોઈ એવી ચીજ નથી કે આ સામાયિક કરી નાખે કે પડિક્કમણું કરી નાખ્યું, આ કર્યું ને થઈ ગયો (ધર્મ.) એ સામાયિક કોને કહેવી એની ખબર ન મળે. એ બધો અનુભવ અને વૈરાગ્યનો પ્રભાવ છે કહે છે. આહાહા! આત્માનાં અનુભવ આગળ એ પુણ્ય-પાપના વિકલ્પો અને સંયોગો રોગ સમાન.. રોગ સમાન (માને છે.) દુનિયા માન આપે ખમ્મા.. ખમ્મા.. એ અભિમાન.. કોને માન?

કર્મની જેટલી સામગ્રી એ બધી.... આંહીં કર્મની સામગ્રીના બે પ્રકાર છે. એક ઘાતિકર્મનાં નિમિત્તેમાં થતો રાગ અને અઘાતિકર્મના નિમિત્તથી (મળતી) સામગ્રી—બેય પ્રત્યે ધર્મીને વૈરાગ્ય છે. આહાહા! જ્યાં કર્મ જ મારું નથી, ત્યાં કર્મના નિમિત્તે થતો રાગ.... આ બાજુ ઘાતિકર્મ અને અઘાતિના નિમિત્તે થતી સામગ્રી—બસ બે. આહાહા! કહે છે, 'ज्ञानवैभवविरागता बलात्सेवकोऽपि तदसावसेवकः' અજ્ઞાની ભોગ ન લે, વિષય ન લે, બ્રહ્મચર્ય પાળે શરીરથી બરાબર, પણ અંદરમાં એને ઊંડે રાગનો પ્રેમ છે, રાગનો રસ છે, માનનો રસ છે. પરપણાનું અધિકપણું (એમાં સ્વપણું) એને ભાસે છે. મારું સ્વરૂપ રાગથી અધિક ભિન્ન છે એમ ભાસતું નથી. આહાહા! સમજાણું કાંઈ? એક બોલ થયો.

ચોથો શ્લોક. કળશ ચોથો. શ્લોક એનો છે.

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुकत्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्॥

એનું સાતમું પદ. આ કળશ કીધો. ज्ञान वैराग्यसे मोक्षकी प्राप्ति है.

જ્ઞાન-વૈરાગ્યથી મોક્ષની પ્રાપ્તિ છે. (સવૈયા તેવીસા)

सम्यकवंत सदा उर अंतर,
ग्यान विराग उभै गुन धारै।
जासु प्रभाव लखै निज लच्छन,
जीव अजीव दसा निरवारै॥
आतमकी अनुभौ करि ह्वै थिर,
आप तरै अर औरनि तारै।
साधि सुदर्व लहै सिव सर्म,
सु कर्म-उपाधि विथा वमि डारै॥७॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :-ઉર=હૃદય. પ્રભાવ=પ્રતાપથી. નિરવારૈ=નિર્ણય કરે. ઔરનિ= બીજાઓને. સુદ્રવ્ય(સ્વદ્રવ્ય)=આત્મતત્ત્વ. સર્મ(શર્મ)=આનંદ. ઉપાધિ=દ્વંદ્વ-ફંદ. વ્યથા=કષ્ટ. વમિ ડારૈ= કાઢી નાખે છે.

**અર્થ :**—સમ્યગ્દષ્ટિ જીવ સદૈવ અંતઃકરણમાં જ્ઞાન અને વૈરાગ્ય બન્ને ગુણ ધારણ કરે છે જેના પ્રતાપથી નિજ આત્મસ્વરૂપને દેખે છે અને જીવ-અજીવ તત્ત્વોનો નિર્ણય કરે છે. તેઓ આત્મ-અનુભવ કરીને નિજસ્વરૂપમાં સ્થિર થાય છે તથા સંસાર-સમુદ્રથી પોતે સ્વયં તરે છે અથવા બીજાઓને તારે છે. આ રીતે આત્મતત્ત્વ સિદ્ધ કરીને કર્મોની જાળ દૂર કરે છે અને મોક્ષનો આનંદ પ્રાપ્ત કરે છે. ૭

**अर्थ :**—सम्यग्दृष्टि जीव सदैव अंतःकरणमें ज्ञान और वैराग्य दोनों गुण धारण करते हैं जिनके प्रतापसे निज-आत्मस्वरूपको देखते हैं और जीव-अजीव तत्त्वोंका निर्णय करते हैं। वे आत्म-अनुभव कर निज स्वरूपमें स्थिर होते हैं तथा संसार-समुद्रसे आप स्वयं तरते हैं वा दूसरोंको तारते हैं। इस प्रकार आत्मतत्त्वको सिद्ध करके कर्मोंका फंदा हटा देते हैं और मोक्षका आनंद प्राप्त करते हैं॥७॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? જુઓ, ધર્મી અને અધર્મીની ઊલટી દશા. सम्यकवंत सदा उर अंतर.. ધર્મી જીવના અંતરમાં જ્ઞાન અને વૈરાગ્ય—દો ગુણ સદા ધારણ કરતે હૈ. આહાહા! નિરંતર ધર્મી જીવને આત્માના આનંદનું જ્ઞાન ને અનુભવ અને રાગ ને નિમિત્ત પ્રત્યે – નિમિત્ત એટલે બાહ્ય અને રાગ એટલે અંતર– બેય પ્રત્યે જેને વૈરાગ્ય વર્તે છે. જેને રાગની પ્રીતિ નથી, નિમિત્તમાં જે અર્પાઈ ગયો નથી, ભિન્ન રહે છે. ચાહે તો ચક્રવર્તીનાં રાજ હો, આહાહા! એ મારી ચીજ નથી, મારામાં નથી, મને એ નથી. આહાહા! અંતઃકરણમેં હોં, અંતઃકરણમેં જ્ઞાન અને વૈરાગ્ય, એમ છે ને? અંતર છે ને, सदा उर अंतर.. આહાહા! જ્ઞાન અને વૈરાગ્ય. અસ્તિ આખું તત્ત્વ આનંદમય એનો અનુભવ એ જ્ઞાન અને રાગાદિનો અભાવ એ વૈરાગ્ય. આહાહા! दोनों गुण धारण करते हैं. उभै गुन धारै.. ગુણ શબ્દે છે પર્યાય બેય. છે તો બેય પર્યાય, પણ અવગુણ નથી એટલે એને ગુણ (કહ્યો છે.) એય, મોટા વાંધા ઉઠતા હતા. આ આઠ ગુણ કહ્યા છે, ફલાણા કહ્યા છે. ભઈ! કહ્યા પણ સાંભળ તો (ખરો.) સમકિત ગુણ છે. ગુણ છે ક્યો? એ તો શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ એ ગુણ છે. સમકિત પર્યાય છે, પ્રગટ છે એ તો પર્યાય છે. એ પર્યાયને અહીં ગુણ કહેવામાં આવે છે. આહાહા!

जासु प्रभाव लखै निज लच्छन, દેખો. એ આત્માનો જે સ્વભાવ અતીન્દ્રિય આનંદ એનો નાથ પ્રભુ એવું જ્યાં અંતરમાં આત્માના આનંદનું સ્વરૂપ ને આનંદનું જ્ઞાન થયું છે, એ જ્ઞાન ને વૈરાગ્યને લઈ અંતરના સ્વરૂપને અનુભવે છે, દેખે છે. આ તે હું છું. રાગાદિ તે હું છું (નહીં). આહાહા! આખી દુનિયાથી વિરક્ત થઈ ગયો છે. जासु प्रभाव लखै निज लच्छन. પોતાનું લક્ષણ એટલે આત્માનું સ્વરૂપ. જ્ઞાન ને વૈરાગ્યબળ લઈને પોતાનું સ્વરૂપ જે અતીન્દ્રિય શાંતિ એને દેખે છે. ધર્મીને શાંતિ પોતામાં દેખાય છે. આહાહા! સંયોગમાં કે પુણ્ય-પાપના રાગમાં શાંતિ છે નહીં એટલે દેખતો નથી. આંહીં છે માટે દેખે છે. जासु प्रभाव लखै–અનુભવે निज लच्छन. પોતાના જ્ઞાનનો અનુભવ કરે. આહાહા!

जीव अजीव दसा निरवारै.. અને જીવ અને અજીવ—બે તત્ત્વનો નિર્ણય કરે. રાગાદિ અજીવ છે, શરીર આદિ અજીવ છે. આહાહા! એક ચિદાનંદ ભગવાન હું પૂર્ણાનંદ સ્વરૂપ છું. એમ જીવ ને અજીવનો બેનો નિર્ણય (કરી) જુદા કરે. ધર્મી એને કહીએ કે અજીવને અજીવ તરીકે ભિન્ન જાણે ને જીવને જીવ તરીકે પોતાનું સ્વરૂપ (જાણે). પરથી ભિન્ન ને પોતાથી અભિન્ન જાણે. આહાહા! કુટુંબ-કબીલું બધું દેખાય, લાખો કરોડો માણસો. ૯૬ કરોડ પાયદળ હોય, કેટલી ઓલાને ચક્રવર્તીને (હોય). એકેય ન મળે, મારે કાંઈ ન મળે, મારામાં છે જ નહિને. આહાહા! એ અજીવની ચીજ અજીવને ધારીને રહી

છે. મારે લઈને નહિ ને મારામાં (નહીં). આહાહા !

એક રાગનો વિકલ્પ ઊઠે તે અજીવ છે, એ જીવ નથી, અચેતન છે. ચૈતન્યના આનંદ ને જ્ઞાનના સ્વભાવનો, એ દયા-દાન-વ્રતના પરિણામમાં એનો—ચૈતન્યના અંશનો અભાવ છે. ભારે ધર્મ મોંઘો ભાઈ આવો કાંઈક ! કેટલાંક કહે, સોનગઢવાળાએ ધર્મ મોંઘો કર્યો. ધર્મ તો જે છે એ અનાદિનો છે. મોંઘો કહે કે સોંઘો કહે. ઓલા તો ભાઈ સામાયિક, પોષા, પડીકમણાં કરતા. ધર્મ.. ધર્મ.. ધર્મ.. બાપુ ! ધર્મનાં મોઢા મોટા છે. જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે એવો ધર્મ કહેવાય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિનો ધર્મ, એ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ ને આનંદ એ એનો ધર્મ છે. વ્યવહાર વચ્ચે આવે એ એનો ધર્મ નથી. આહાહા ! જેને જીવ અને અજીવ બે દશા.. દશા એટલે બેના ભાગ—અવસ્થા બે નિરાળી—જુદી કરે. આહાહા ! મહાવ્રતનાં પરિણામ અજીવ છે એમ નક્કી કરે.

એ પ્રકાશદાસજી ! હસ્તીમલજી હતા એમનાં ગુરુ. જયપુરમાં. ગયાં ત્યારે હતાં થોડા દિવસ રહ્યા પછી ગુજરી ગયા. હસ્તીમલજી. ચેતનજી ! સાંભળ્યું હતું ? કો'કે કહ્યું હતું. બધાં પાકાં, પાકાં... સ્થાનકવાસીની શ્રદ્ધામાંય ફેર ને સ્થાનકવાસીમાં ફેર. એમાં છે નહિ બીજું એટલે શું કરે ? શાસ્ત્રમાં બીજું નથી. શ્વેતાંબર શાસ્ત્રમાં એ મહાવ્રતને નિર્જરા કીધી છે એને. મહાવ્રતને ધર્મ કીધો છે એના શાસ્ત્રમાં. પણ એ લોકો કહે, દિગંબરના શાસ્ત્રમાંય એમ લખ્યું છે. ગજબ કર્યો. અમારે તો મહાવ્રત, સમિતિ, ગુપ્તિ એ બધો અમારો ધર્મ છે. વિચાર તો કર, ધર્મ તે શું ચીજ હશે ? વિકલ્પ ઊઠે એ તો વૃત્તિ છે અને વૃત્તિ છે એમાં આનંદ તો આવતો નથી. અતીન્દ્રિય આનંદ આવ્યા વિના એ વિકલ્ત તો વૃત્તિ છે, વિકાર છે, એ તો દુઃખ છે. મહાવ્રતના પરિણામ આદિ એ તો દુઃખ છે. પોતાના આનંદને જીવસ્વરૂપ જાણે અને રાગાદિને અજીવસ્વરૂપ જાણે. એમ બેને ભિન્ન પાડીને નિર્ણય કરે. આહાહા ! આ તો નિર્ણય કરે એની વાત છે. બાકી (જ્ઞાનીને) તો કરેલો જ છે. આહાહા ! ઉપદેશમાં તો એમ સમજાવેને પણ એથી શું... ?

आतमकौ अनुभौ करि ह्वै थिर, દેખો. ધર્મી જીવ તો આત્માના આનંદનો અનુભવ કરી... આહાહા ! આઠ વર્ષની બાલિકા હોય ધર્મી—સમકિતી. બાલિકા તો જડનું શરીર છે. આત્માનું શરીર ક્યાં હતું ? રાગાદિ અંદર હોય એ તો અચેતન ને વિકાર છે, હું એ નહિ. આહાહા ! आतमकौ अनुभौ करि ह्वै थिर.. પોતાના આત્માનો અનુભવ કરીને નિજ સ્વરૂપમાં સ્થિર રહે છે, લ્યો. એટલે? ધર્મી વ્યવહારના રાગથી ભિન્ન પડીને પોતામાં છે, વ્યવહાર ને રાગમાં નથી. આહાહા ! ભારે કામ આકરું ! આવો ધર્મ ! आतमकौ अनुभौ करि ह्वै थिर, आप तरै अर औरनि तारै. એ તો પોતે અનુભવ કરીને પોતાના આત્માને તારે અને એવો જ ઉપદેશ બીજાને આપે અને એની યોગ્યતા હોય તો તરે. તારે એમ

કહેવામાં આવે. આહાહા! સમજાણું? જુઓ, तरै अर औरनि तारै એમ કહ્યું છે. એનો અર્થ કે જે આત્માનો શાંત, આનંદ સ્વભાવનો અનુભવ આવ્યો, એથી પોતે તર્યો ને એ બીજાને કહે છે કે આ અનુભવ કર આત્માનો તો તું તરીશ. ભાષા તો એમ કહેને. અજ્ઞાની બીજાને નિમિત્ત ન થાય તારવામાં, એમ. ધર્મીનો ઉપદેશ એવો આવે (કે) એક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો સ્વીકાર કર, રાગનો સ્વીકાર છોડી દે. આહાહા! સ્વીકાર છોડી દે. આવો ધર્મ તો ભારે ભાઈ!

आप तरै अर औरनि तारै, साधि सुदर्व. આહાહા! ધર્મી એને કહીએ (કે) પોતાનું દ્રવ્ય સાધે, છ ખંડ સાધે નહિ. ભાઈએ લખ્યું છેને. 'નિહાલચંદભાઈ.. નિહાલચંદભાઈ સોગાની'. લોકો કહે કે ચક્રવર્તીએ છ ખંડ સાધ્યા. કહે, ના, એ તો અખંડ સાધતા હતાં. અખંડ સુદ્રવ્ય, દેખો. પરિપૂર્ણ મારું તત્ત્વ છે. હું આનંદ અતીન્દ્રિય આનંદનો છલોછલ દરિયો છું. આહાહા! એક ... એમ કહેતા, ઓલો પુરુષાર્થ કરવો પડે. એમ કીધું. ભાઈ! પુરુષાર્થ કરવો એ તો અનંતમાં ભાગે છે. એ તો પુરુષાર્થનો પિંડ જ છે આત્મા. સુદર્વ. એકલો વીર્યની મૂર્તિ. અનંત-અનંત બળ—સામર્થ્યના સ્વભાવનો ધર્મરૂપી મૂર્તિ, એમાં પુરુષાર્થ કરવો એ પર્યાય એ તો અનંતમાં ભાગમાં છે. એ તો દૃષ્ટિ જ્યાં પૂર્ણ પુરુષાર્થ સંપન્ન એવું દ્રવ્ય એની ઉપર પડી એટલે પુરુષાર્થની પરિણતી ચાલે જ છે હવે. સમજાણું કાંઈ?

આમ તો કીધુંને, सुदर्व लहै सिव सर्म.. साधि सुदर्व એમ કહ્યુંને. आप स्वयं तरते है वा दूसरोंको तारते है। आत्मतत्त्वको सिद्ध करके कर्मोंका फंदा हटा देते है. એનો અર્થ એ (કે) પૂર્ણ ધ્રુવ દ્રવ્ય મારી ચીજ પૂર્ણ ધ્રુવ શાશ્વત દળ, નિત્ય શાશ્વત વસ્તુ એને (પર્યાય) સાધે છે. સવારમાં આવ્યું નહોતું? પારિણામિકભાવની ભાવના.. પારિણામિકભાવની ભાવના, એમ. સવારમાં આવ્યું હતું. એને સાધે છે એટલે પર્યાયમાં એનું ધ્યેય છે. પર્યાયમાં એનું ધ્યેય છે. આવો ધર્મ! ઓલું તો પડીકમણા કરો, અપવાસ કરો, સામાયિક કરો, પોષા કરો. રાગનું કરવું ને શાંતિનું મરવું. અહીં તો આત્મામાં ઠરવું ને રાગનું મરવું. રાગ મરી જાય (એટલે) (રાગ)રહિત થઈ જાય, એમ. એવી વાત છે ભાઈ!

साधि सुदर्व लहै सिव सर्म, દેખો. એ મોક્ષનું સુખ પામે છે. મોક્ષનો આનંદ પ્રાપ્ત કરતે હૈં. છેને, सिव सर्म—મોક્ષનો सर्म—સુખ. આત્મા પોતાનું દ્રવ્ય—વસ્તુ ભગવાન આત્મા.. પૂર્ણ જ્ઞાન, શાંતિ ને આનંદનો સ્વભાવ એને સાધે છે. અને એને લઈને એ સ્વરૂપ સાધન દ્વારા सिव सर्म—મોક્ષરૂપી આનંદ પ્રાપ્ત થાય છે, લ્યો. સવારમાં આવ્યું હતુંને

'મોક્ષમાર્ગપ્રકાશક'. નહોતું કહ્યું? ગૃહસ્થાશ્રમ છોડી, મુનિધર્મ અંગીકાર કરી, સ્વરૂપ સાધન વડે... સ્વરૂપ સાધન વડે. પંચમહાવ્રતના વિકલ્પ ને એના સાધન વડે, નગ્નપણાના સાધન વડે (નહીં). પછી લખ્યું હતું, આવું હોય એની બાહ્ય દશા આવી હોય છે. પાછળથી લખ્યું છે. આવું બધું સિદ્ધ કર્યા પછી. મુનિના સ્વરૂપમાં, આચાર્ય, ઉપાધ્યાય....

આંહીં તો કહે છે કે જેણે સુદ્રવ્યને સાધ્યું. ચક્રવર્તી છ ખંડને સાધે, ધર્મી સ્વદ્રવ્યને સાધે. કારણ કે છ દ્રવ્યનો જાણનાર એક સમયની પર્યાયમાં.. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણે. એવી અનંતી પર્યાયનું પિંડ દ્રવ્ય એને સાધે. આહાહા! सु कर्म-उपाधि विथा वमि डारै.. અને કર્મની જે ઉપાધિ—વ્યથા—દુઃખ એને ટાળે, લ્યો. વમી નાખે. ફંદા હટા દેતા હૈ.. कर्मोंका फंदा हटा देते है. એમ લખ્યું, જુઓ. એનો અર્થ કે ઉપાધિ—વ્યથા વમી ડારે, વમી નાખે. આહાહા! એ વમેલો ખોરાક મનુષ્ય ન લે, કૂતરો લે. આહાહા! એમ ધર્મી પોતાના આનંદસ્વભાવને સાધતા રાગને વમ્યો, એ રાગને ફરી ગ્રહણ કરતો નથી. सु कर्म-उपाधि विथा वमि डारै. मोक्षका आनंद प्राप्त करते हैं.

પાંચમો કળશ.

**सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या--**
**दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।**
**आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**
**आत्मानात्मावगमविरहात् सन्ति सम्यक्त्वरिक्ताः॥**

આહાહા! ગજબ વાત છેને. કેટલું સ્પષ્ટ કર્યું છે! सम्यग्ज्ञानके बिना समस्त चारित्र निस्सार है. આત્માના અનુભવ વિના જેટલી ક્રિયાકાંડ, વ્રત, નિયમ, બધો સાર થોથા. (શ્રોતા : એ તો ચારિત્ર છે. ક્રિયાકાંડ ક્યાં?) એ ક્રિયા ચારિત્રકી. ચારિત્ર ક્યાં હતું ત્યાં? લોકો એમ માનેને, આ ચારિત્ર છે, આ ચારિત્ર છે. નગ્ન મુનિ છે, વ્રતધારી છે, અપવાસ કરે છે, તપસ્યા કરે છે. ધુળેય નથી. દુઃખ કરે છે. આત્માના રાગથી ભિન્ન પડ્યાના અનુભવ વિના એ બધી દુઃખની ક્રિયાઓ છે. सम्यग्ज्ञानके बिना समस्त चारित्र निस्सार है. ચારિત્ર એટલે ક્રિયા. એ પછી પણ એમ કહેશે. भेदविज्ञानके बिना समस्त चारित्र निस्सार है।

સમ્યગ્જ્ઞાન વિના સંપૂર્ણ ચારિત્ર નકામું છે. (સવૈયા તેવીસા)

**जो नर सम्यक्वंत कहावत,**
**सम्यकज्ञान कला नहि जागी।**

आतम अंग अबंध विचारत,
धारत संग कहै हम त्यागी॥
भेष धरै मुनिराज-पटंतर,
अंतर मोह-महानल दागी।
सुन्न हिये करतूति करै पर,
सो सठ जीव न होय विरागी॥८॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—સંગ=પરિગ્રહ. પટંતર(પટતર)=સમાન. મહાનલ=તીવ્ર અગ્નિ. દાગી=ધગે છે. સુન્ન હિયે=શૂન્ય હૃદયે. સઠ=મૂર્ખ.

**અર્થ :**—જે મનુષ્યને સમ્યગ્જ્ઞાનનું કિરણ તો પ્રગટ થયું નથી અને પોતાને સમ્યગ્દૃષ્ટિ માને છે, તે નિજાત્મવસ્વરૂપનું અબંધ ચિંતવન કરેછ છે, શરીર આદિ પરવસ્તુમાં મમત્વ રાખે છે અને કહે છે અમે ત્યાગી છીએ. તે મુનિરાજ જેવો વેષ ધારણ કરે છે પરંતુ અંતરંગમાં મોહની મહાજ્વાળા સળગે છે, તે શૂન્ય-હૃદય થઈને (મુનિરાજ જેવી) ક્રિયા કરે છે પરંતુ તે મૂર્ખ છે; વાસ્તવમાં સાધુ નથી, દ્રવ્યલિંગી છે. ૮

**अर्थ :**—जिस मनुष्यके सम्यग्ज्ञानकी किरण तो प्रगट हुई नहीं और अपनेको सम्यग्दृष्टि मानता है, वह निजात्मस्वरूपको अबंध चिंतवन करता है, शरीर आदि परवस्तुमें ममत्व रखता है और कहता है कि हम त्यागी हैं। वह मुनिराजके समान भेष धरता है परंतु अंतरंगमें मोहकी महाज्वाला धधकती है, वह शून्य-हृदय होकर (मुनिराज जैसी) क्रिया करता है परंतु वह मूर्ख है; वास्तवमें साधु नहीं द्रव्यलिंगी है॥८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

..... એના વખાણ કર્યા છે ભાઈએ. દરબારીલાલ કોઠીયા. બહુ વખાણ કર્યા. એમ કહે, એમાં એક શબ્દ કોઈને સઠ કે પશુ કહ્યો નથી. ન હોય એમાં, તેથી શું? આમાં તો કેટલાય શબ્દ આવે છે પશુ.. પશુ.. એકાંતીમાં. એમાં શું છે ? એ કાલ વાંચ્યું હતું. ..... વખાણ બહુ લખ્યું છે. એમાં એક શબ્દ પણ કડક નથી, બીજા વાપરે એવું. ભઈ હવે કડક અને ફડક, સાંભળને ! મૂઢ કહે, અજ્ઞાની કહે, પશુ કહે, સાંભળને! (શ્રોતા : કુંદકુંદઆચાર્ય તો બહુ કહે છે.) બહુ કહે છે.

धारत संग कहे हम त्यागी,
भेष धरे मुनीराज-पटंतर,
अंतर मोह महानल दागी,

सुन्न हिये करतूति करै पर,
सो सठ जीव न होय विरागी.

લ્યો, જે નર (પોતાને) સમ્યક્ત્વંત સમકિતી છે એમ કહે છે, માને, મનાવે છે. જગત પાસે અમે ધર્મી (છીએ) એમ મનાવે. કોઈ રીતે અમને સમકિતી કહો, અમે ધર્મી. આહાહા !

सम्यकग्यान कला नहि जागी.. જેને રાગ ને નિમિત્તથી ભિન્ન આત્માનું જ્ઞાન તો થયું નથી. અનુભવ નથી આત્માનો ને કહે અમે સમકિતી એમ માનો. ચારિત્ર પાળીએ છીએ તે સમકિત વિના હોય? जिस मनुष्यके सम्यग्ज्ञानकी किरण तो प्रगट हुई नहि, સમ્યગ્જ્ઞાન શબ્દે અનુભવ. એ આત્માના આનંદનો સ્વાદ તો આવ્યો નથી અને સમકિતી છીએ એમ મનાવે છે. આહાહા! आतम अंग अबंध विचारत. અને કહે અમારે બંધ-બંધ છે નહિ, અમે તો સમ્યગ્દષ્ટિ છીએ. આહાહા! અમારે બંધ નથી. ભગવાને કહ્યું છે કે સમ્યગ્દષ્ટિને બંધ ન હોય. सम्यक आतम अंग अबंध विचारत.. और अपनेको सम्यग्दृष्टि मानता है, वह निजात्मस्वरूपको अबंध चिंतवन करता है. અમે તો અબંધ છીએ. निश्चयनयका एकान्त पक्ष लेकर, એમ છેને નીચે ત્રગડો (૩). સમ્યગ્દર્શનમાં તો આત્માનો અનુભવ, આનંદનો સ્વાદ ને એની સાથે સ્વજ્ઞેયનું ભાન યથાર્થ (હોય) સ્વજ્ઞેય.

धारत संग कहै हम त्यागी, લો. અને (शरीर आदि) परवस्तुमें ममत्व रखता है. શરીરની ક્રિયા મારી, વાણી હું બોલું છું આમ. આહાહા ! મારું લખાણ... એ પછી કહેશે હોં. ગ્રંથ રચે. મારું લખાણ મોતીના દાણા જેવું છે. હું એવું લખાણ લખું છું (કે) અક્ષર (જોઈને) લોકો ખુશી થઈ જાય. મૂઢ છો. આહાહા! धारत संग,.. એ પરપદાર્થનો તો સંગ કરે છે (અને) એ મારા છે એમ માને છે. લો. परवस्तुमें ममत्व रखता है. છેને શરીર આદિ. અર્થમાં છે. શરીર, વાણી, એ શબ્દો, અક્ષરો, પુસ્તકો વગેરે (પર) મમત્વ રાખે છે. એ મારા છે, લ્યો. આહાહા! અમે કરેલાં છે. અમારી રચના છે પુસ્તકની. આહાહા! એ કહેશે પછી. પણ આમાં મમતા કરે છે, એમ. એ અમારી ચીજ છે, અમે કરી છે. અમે કરી છે. એમ પરવસ્તુના સંગનો જેને મમત્વ છે, મિથ્યાત્વભાવ.

और कहते हैं कि हम त्यागी है. અમારે કાંઈ છે ભાઈ? લ્યો. भेष धरै मुनिराज पटंतर.. वह मुनिराजके समान भेष धरता है. નગ્ન દિગંબર, મોરપીંછી, કમંડળ, લ્યો. મુનિરાજનો ભેખ ધારે. પણ अंतर मोह–महानल दागी. મોહની જ્વાળા ધધકતી હૈ મિથ્યાત્વની. આહાહા! રાગનો ધણી, રાગની ક્રિયા મારી—એવી મિથ્યાત્વની અગ્નિ તો સળગે છે ત્યાં, કહે છે. આહાહા! છેને? अंतरंगमें मोहकी महाज्वाला मिथ्यात्व. પોતાની ચીજ

નથી એ ચીજની ઉપર એકત્વબુદ્ધિથી મિથ્યાત્વની જ્વાળા સળગે છે. ધર્મીને શાંતિની ધારા આવે છે, આને મિથ્યાત્વની ધારા સળગે છે. આહાહા! मोहकी ज्वाला धधकती है. નગ્ન મુનિ દિગંબર, પરનો સંગ જેણે છોડી દીધો છે, અમે ત્યાગી છીએ. પણ છે સંગ અંદર બધો એકેએક. આહાહા! ભારે ભાઈ!

सुन्न हिये करतूति करै... सुन्न हैये નથી, અમારો ભાવ છે કરવાનો, કહે છે. એ ક્રિયા કરીએ છીએ, મહાવ્રત આદિ પાળીએ છીએ, એમાં અમારો ભાવ છે. શૂન્ય નથી. પણ એ ભાવ તારો નથી. सुन्न हिये.. આહાહા! રાગનો અભાવ નથી એવો જે ભાવ એનાથી તો શુન્ય છો. सुन्न हिये करतूति करै.. રાગની ક્રિયા, મહાવ્રતની ક્રિયા, દેહની ક્રિયા सुन्न हिये છે, આંધળો છે. આહાહા! करै पर, सो सठ जीव न होय विरागी. એ શઠ કાંઈ વૈરાગી ન હોય. આહાહા! હવે આ નગ્ન થયા, મુનિપણું લીધું, અઠ્યાવીસ મુળગુણ પાળે, તોય કહે છે શઠ? અને सुन्न हिये.. ભાવ મારો નથી? પણ ભાવ કયો તારો છે? રાગ છે એ ભાવ જ તારો નથી. આહાહા! सो सठ जीव न होय विरागी,.. આહાહા! मुनिराज जैसी क्रिया करता है परंतु वह मूर्ख है. શઠની વ્યાખ્યા કરી. શબ્દમાં એમ કર્યું છે. मूर्ख है, वास्तवमें साधु नहीं है, द्रव्यलिंगी है. આકરું લાગે માણસને હોં. આટલી આટલી અમે ક્રિયા કરીએ ને શૂન્ય અને દ્રવ્યલિંગી?

એની ને એની વાતને વધારે સ્પષ્ટ કરે છે. भेदविज्ञानके बिना समस्त चारित्र.. એટલે ક્રિયાઓ વ્રતની, તપની બધી ક્રિયાઓ निस्सार है.

ભેદવિજ્ઞાન વિના સમસ્ત ચારિત્ર નકામું છે.

(સવૈયા તેવીસા)

**ग्रन्थ रचै चरचै सुभ पंथ,**
**लखै जगमैं विवहार सुपत्ता।**
**साधि संतोष अराधि निरंजन,**
**देइ सुसीख न लेइ अदत्ता॥**
**नंग धरंग फिरै तजि संग,**
**छकै सरवंग सुधारस मत्ता।**
**ए करतूति करै सठ पै,**
**समुझै न अनातम-आतम-सत्ता॥९॥**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—રચૈ=બતાવે. ચરચૈ=કથન કરે, સુભ પંથ=ધર્મમાર્ગ. સુપત્તા=સુપાત્ર.

નિરંજન=ઈશ્વર. સુસીખ=સારો ઉપદેશ. અદત્તા=આપ્યા વિના. નંગ-ધરંગ=નગ્ન. સંગ=પરિગ્રહ. સુધારસ મત્તા=અજ્ઞાનરસમાં ઉન્મત્ત. આતમ સત્તા=શુદ્ધ ચૈતન્યભાવ. અનાતમ સત્તા=શરીર, રાગ-દ્વેષ-મોહ આદિ.

**અર્થ :**—તે મૂર્ખ ગ્રન્થ-રચના કરે છે, ધર્મની ચર્ચા કરે છે, શુભ-અશુભ ક્રિયાને જાણે છે, યોગ્ય વ્યવહાર રાખે છે, સંતોષને સંભાળે છે, અર્હંત ભગવાનની ભક્તિ કરે છે, સારો ઉપદેશ આપે છે, આપ્યા વિના લેતો નથી, બાહ્ય પરિગ્રહ છોડીને નગ્ન ફરે છે, અજ્ઞાનરસમાં ઉન્મત્ત થઈને બાળતપ કરે છે, તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી. ૯

**अर्थ :**—वह मूर्ख ग्रन्थ-रचना करता है, धर्मकी चर्चा करता है, शुभ-अशुभ क्रियाको जानता है, योग्य व्यवहार रखता है, संतोषको सम्हालता है, अरहंत भगवानकी भक्ति करता है, अच्छा उपदेश देता है, बिना दिया हुआ नहीं लेता, बाह्य परिग्रह छोड़कर नग्न फिरता है, अज्ञानरसमें उन्मत्त होकर बाल-तप करता है, वह मूर्ख ऐसी क्रियाएँ करता है परन्तु आत्मसत्ताका भेद नहीं जानता॥९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ग्रन्थ रचै चरचै सुभ पंथ. શાસ્ત્ર રચે—શાસ્ત્ર બનાવે. નવા પોતે બનાવે હોં. કો'કના બનાવેલમાં નામ નાખી દે એ તો વળી, એ તો વળી માન લેવાનો ભાવ નવો. પોતે બનાવ્યાં હોય તો કહે અમે... એવા ગ્રન્થ રચે. આહાહા! चरचै सुभ पंथ, લ્યો. वह मूर्ख ग्रन्थ-रचना करता है. આહાહા! અમે સમયસાર છપાવ્યું છે. અમારા તરફની ટીકા થઈને છપાણું છે. અરે, પણ એ વિકલ્પ જ તારો નથી તે શું છપાવ્યું? સાંભળને! આહાહા! धर्मकी चर्चा करता है. શુભની વ્યાખ્યા થઈ. શુભ पंथ.. ધર્મની ચર્ચા કરે. ચર્ચા એ તો શુભભાવ છે. એ ક્યાં ધર્મ છે? આહાહા! વળી ૩૩-૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધિના દેવ (ચર્ચા કરે). એ આવી હતી વાત ત્યાં બધી. વાત તો ઘણી આવેને. એ ચર્ચા કરે છેને? એ ચર્ચા થઈ એ વિકલ્પ છે. આહાહા! ધર્મી એને ધર્મ માનતો નથી. અને વિકલ્પ છે માટે મને અહીં શુદ્ધિ વધે છે (એમ નથી).

કહે છેને, શાસ્ત્ર-અભ્યાસથી આગમ અભ્યાસમાં અસંખ્ય ગુણી નિર્જરા (થાય). ધવલમાં આવે છે ને. ધવલમાં છે. શાસ્ત્ર અભ્યાસથી અસંખ્ય ગુણી નિર્જરા. એ તો કઈ અપેક્ષાની વાત છે. અંતરનું લક્ષ છે આનંદનું, એ વખતે આંહીં (વિકલ્પ) છે ને અંતર સ્વરૂપમાં વિશેષતા વધે છે. આહાહા! એવી વાત શૈલી! એ શીવનીવાળા ધર્મદિવાકરે લખ્યું છે. કેટલાક કહે, શાસ્ત્રના અભ્યાસથી બંધ થાય. નહીં. ઓલા રતનજીએ નાંખ્યું હતુંને, શુદ્ધ અને શુભ વિના નિર્જરા નહિ. એ નાખ્યું હતું, આણે નાખ્યું હતું આમાં. શુદ્ધ અને શુભ

વિના નિર્જરા નહિ. જયધવલમાં આવે છે. એ તો હોય એની વાત છે. શું થાય? અહીં કહે છે, શુદ્ધપંથને ચર્ચે. એ મિથ્યાદૃષ્ટિ રાગને ચર્ચે, શાસ્ત્રની ચર્ચા કરે, પણ અંદરમાં રાગની એકતાબુદ્ધિ પડી છે (તેથી) આત્માનો અનુભવ નથી. આહાહા!

सुभ पंथ, लखै जगमै विवहार सुपत्ता, લ્યો. અને શુભ-અશુભ क्रियाओंको जानता है. जगमें लखै એટલે જાણે. એમ કે योग्य व्यवहार रखता है. વ્યવહારથી કરે, બરાબર વ્યવહાર રાખે, બરાબર પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ વિગેરે (પાળે.) એ તો અજ્ઞાન છે. કુંદકુંદ આચાર્યએ પાળ્યું હતું અઠ્યાવીસ મૂળગુણ, એમ કહે છે. અને તમે કહો કે એ આસ્રવ છે. સાંભળને હવે! ઝેર છે, એમ કુંદકુંદ આચાર્ય પોતે કહે છે. અઠ્યાવીસ મૂળગુણ એ ઝેર છે, રાગ છે. ભાન વિનાના પ્રાણી આવું કરે, વ્યવહાર સુપત્તા હૈ. બરાબર વ્યવહારને પામે, એમ. વ્યવહાર સુપત્તા એટલે રાખે. બરાબર વ્યવહાર રાખે. વ્યવહારમાં કાંઈ ખામી ન આવવા દે. વ્યવહાર આવો હોય એમ કહે એની વાત છે હોં, તોય મૂઢ છે. આહાહા! જેના વ્યવહારના ઠેકાણા નથી એની અહીં વાતેય કરી નથી.

साधि संतोष अराधि निरंजन, લ્યો. આંહીં સુધી લીધું. સંતોષ રાખે છે રાગની મંદતાથી. પણ એ તો બહારનો સંતોષ છે. સમાધાન રાખે.. સમાધાન રાખે. એ તો ઉદયનું આવ્યું, ફલાણું થયું, ઢીકણું થયું, એમ સંતોષ છે, પણ છે મિથ્યાદૃષ્ટિ. એ રાગથી સંતોષ કરું છું એમ માને છે. અને अराधि निरंजन,.. અર્હંત ભગવાનની ભક્તિ કરે. તોય શઠ છે, એ મૂર્ખ છે. ભગવાનની ભક્તિ કરે બરાબર એ તો શુભરાગ છે. ભક્તિ ભગવાનની એ તો શુભરાગ છે. એવી અર્હંત ભગવાનની ભક્તિ... જુઓ, આ બનારસીદાસે વિશેષ સ્પષ્ટ કર્યું છે ઓલા શ્લોકમાંથી હોં. પાંચમો શ્લોક છેને એનું નાંખ્યું અને પછી વિશેષ સ્પષ્ટ કર્યું. अराधि निरंजन.. નિરંજનને આરાધે. નિરંજન એટલે અરિહંત ભગવાન, પોતાનો આત્મા નહીં.

देइ सुसीख न लेइ अदत्ता, લ્યો. એ देइ सुसीख એમ ભાષા છે. એમ યોગ્યતાથી કામ કાઢી આપે. અચ્છા ઉપદેશ દે. ઉપદેશ પણ અચ્છા બરાબર દે. એમાં શું વળ્યું? ઉપદેશની ક્રિયા જડની, શાસ્ત્રની રચના જડની અને અમે કર્યા, અમે બનાવ્યા. देइ सुसीख. सुसीख છે શબ્દ એટલે અચ્છા ઉપદેશ દે. એમ કે વૈરાગ્યનો ઓલાને. 'ભાઈ! આ સંસાર ખરાબ છે. સ્ત્રી, કુટુંબ કોઈનું નથી, કોઈનું નથી. કોઈનું કોઈ નથી'. કોઈનું કોઈ નથી એમ તને ક્યાં બેઠું છે? રાગેય તારો નથી. એવી વાતો કરે, 'કોઈનું કોઈ નથી બાપા! મરતાં કોઈ સાથે નહિ આવે. છોડો, છોડો. મુક્તિ જોઈએ છે કે નહિ? મુક્તિ સંસાર છોડે મુક્તિ મળે કે સંસાર રાખે? આવી જાવ અહીં. છોડો અને આંહીં આવી જાવ' એમ. ત્યાં એની જેવા સાધુ થઈ જાવ, એમ. પણ સાધુ તું ક્યાં હતો હજી? આહાહા!

बिना दिया हुआ नहीं लेता.. અદત્ત. अचौर्य आदि व्रत, एषणा आदि समिति पालता है, એમ. (શ્રોતા : મહાવ્રત) હા, એવું જ. અચૌર્ય—કોઈની ચોરી કરે નહિ, જુઠું બોલે નહિ. એષણા-નિર્દોષ આહાર લે, એને માટે ચોકા કરીને કરેલો લે નહિ. એવો વ્યવહાર હોય છતાં અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહાહા! ઉદ્દેશિકની ચર્ચા ઘણી ચાલી હતી. એકલાં આવ્યાં હતા ને બેઠાં હતા મનોહરલાલ. વર્ણીજીના શિષ્ય. બે દિ' ઘણી ચાલી ખાનગી ચર્ચા. ખાસ આવ્યા હતા હોં. પ્રેમથી હોં. પ્રેમથી વાત્સલ્યથી હું આવ્યો છું આપને મળવા. સીકરમાં હતા તે દિ'. રેલમાં બેસીને આવ્યા. ઘણી બધી વાત થઈ.

૪૯ ગાથામાં ૨૯ બોલને પુદ્ગલ પરિણામ કેમ કહ્યા છે? એ આત્માના સ્વભાવ નથી, માટે. એ આત્મા નથી. નિમિત્તથી થયા એ નિમિત્તમાં નાખ્યા. આત્માનો સ્વભાવ (નથી). આત્મા તો આનંદકંદ પ્રભુ છે. એના વ્રત-બ્રત પુદ્ગલ પરિણામ છે. ના, એ તો નહીં. પણ આ ઉદ્દેશીક... એક ઉદ્દેશીકનો ખુલાસો આપ તરફથી થઈ જાય તો સંપ થઈ જાય બધો. આપણે તો હોય નહિ. એને માટે કરેલો લે છે બધા, એ ઉદેશીક છે. ચાહે તો ગૃહસ્થો માટે કરેલું હોય કે એકને ઉદ્દેશીને કરેલું હોય કે સમુચ્ચય કરેલું હોય. આ તો મહારાજ છે, લાવો કરો. આપણેય ખાશું ને એ પણ ખાશે, બધું ઉદ્દેશીક છે. ઉદ્દેશીકના ચાર બોલ છે ને. ઓલામાં બતાવ્યું છે. 'મોક્ષમાર્ગપ્રકાશક' નહિ? આ તો 'મોક્ષમાર્ગપ્રકાશક'માં નાખ્યું છે—ઓલા ૯૬ બોલ. નીચે. એ, એ. બતાવ્યું છે. માર્ગ બીજો થાય એવું નથી. માર્ગ તો આ છે. એ કાંઈ (પાંચમો) કાળ ને ભગવાન નથી, માટે કંઈ બચાવ કરાય, (એમ નથી).

नंग धरंग फिरै तजि संग, લ્યો. એ નગ્નપણું ધારણ કરે એટલે પરિગ્રહ છોડ્યો. तजि संग, ઠીક. બાયડી, છોકરા છોડી દીધાં. પરિગ્રહ છોડકર, વસ્ત્રનો તાણો છોડકર. छकै सरवंग मुधारस मत्ता. પણ આત્માના આનંદના ભાન વિના એ રાગના રસમાં ઉન્મત્ત હોકર.. એ રાગના પ્રેમમાં, વિકલ્પના પ્રેમમાં ઉન્મત્ત હોકર બાળતપ કરે, એ બાળતપ અજ્ઞાન છે.આહાહા! वह मूर्ख ऐसी क्रियाएँ करता है परंतु आत्मसत्ताका भेद नहीं जानता. પાઠ તો એ છે કે समुझै न अनातम-आतम-सत्ता. વિકલ્પ આદિ અનાત્મા છે, આનંદ આદિ આત્મા છે. બેની જુદાઈનું ભાન નથી તો આવું કરે પણ એ મૂર્ખ છે. એને નિર્જરા હોતી નથી. આ નિર્જરા અધિકારમાં નાખવાનું કારણ આ છે. એને ધર્મ હોતો નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૭૨, જેઠ વદ ૪, શનિવાર, તા. ૧૨-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર, પદ ૧૦, ૧૧, ૧૨ ઉપર પ્રવચન

નિર્જરા દ્વાર છે. એનો દસમો છે પદ. નવ પદ થઈ ગયા. એ બનારસીદાસે શ્લોકનું વિશેષ સ્પષ્ટ કર્યું છે. 'सम्यग्दृष्टिः स्वयमयमहं' એનામાંથી. ૧૦મો પદ.

ध्यान धरै करै इन्द्रिय-निग्रह,
विग्रहसौं न गनै निज नत्ता।
त्यागि विभूति विभूति मढै तन,
जोग गहै भवभोग-विरत्ता॥
मौन रहै लहि मंदकषाय
सहै बध बंधन होइ न तत्ता।
ए करतूति करै सठ पै,
समुझै न अनातम-आतम-सत्ता॥१०॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**નિગ્રહ=દમન કરવું. વિગ્રહ=શરીર. નત્તા (નાતા)=સંબંધ. વિભૂતિ= ધનસંપત્તિ. વિભૂતિ=ભસ્મ (રાખ) મઢૈ=લગાવે. જોગ=ત્યાગ. વિરત્તા(વિરક્ત)=ત્યાગી. તત્તા (તપ્ત)=ક્રોધિત, દુઃખી.

**અર્થ :—**આસન લગાવીને ધ્યાન કરે છે, ઇન્દ્રિયોનું દમન કરે છે, શરીર સાથે પોતાના આત્માનો કાંઈ સંબંધ ગણતો નથી, ધન–સંપત્તિનો ત્યાગ કરે છે, શરીરને રાખથી ચોળે છે, પ્રાણાયામ આદિ યોગ સાધન કરે છે, સંસાર અને ભોગોથી વિરક્ત રહે છે, મૌન ધારણ કરે છે, કષાયોને મંદ કરે છે, વધ–બંધન સહન કરીને દુઃખી થતો નથી. તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી. ૧૦.

**अर्थ :—**आसन लगाकर ध्यान करता है, इन्द्रियोंका दमन करता है, शरीरसे अपने आत्माका कुछ सम्बन्ध नहीं गिनता, धन-सम्पत्तिका त्याग करता है, शरीरको राखसे लिप्त रखता है, प्राणायाम आदि योग साधन करता है, संसार और भोगोंसे विरक्त रहता है, मौन धारण करता है, कषायोंको मंद करता है, बध-बंधन सहकर संतापित नहीं होता। वह मूर्ख ऐसी क्रियाएँ करता है परन्तु आत्मसत्ता और अनात्मसत्ताका भेद नहीं जानता॥१०॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે કે ધ્યાન ધરૈ.. આસન લગાવી આમ. પણ વિકલ્પમાત્ર અણાત્મા છે અને આનંદસ્વરૂપી આત્મા છે એનું ભાન નથી. आतम-अनातम-सत्ता.. ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદસ્વરૂપ અને એ સિવાય રાગ-વિકલ્પ બધું અણાત્મા. નિશ્ચયથી તો એક સમયની પર્યાય એ વ્યવહાર આત્મા છે, નિશ્ચય આત્મા નહીં. એવો આત્મા અને અણાત્મા વચ્ચેની ભિન્નતાનું ભાન નથી—વિવેક નથી, સમ્યક્ નથી, એ જીવ આસન લગાકર ધ્યાન કરે, મૂઢ છે. કહો, દેવચંદજી! આસન લગાવે ઔર इन्द्रिय निग्रह.. પાંચ ઈન્દ્રિયને દમન કરે, એ તો નાસ્તિ થઈ. અતીન્દ્રિય આનંદસ્વરૂપ અસ્તિ—સત્તા, એ ઈન્દ્રિયના વિષયથી અને ઈન્દ્રિયના ખંડ-ખંડ પર્યાયથી પણ એ ભિન્ન ચીજ છે. એવા આત્માનું અને આ અણાત્માનું જેને ભાન નથી એ ભલે ઈન્દ્રિય નિગ્રહ કરે, તો પણ તે શઠ છે—મૂરખ છે એમ કહે છે.

(શ્રોતા : મફતની મજૂરી..) મજૂરી મફતની ક્યાં? એમ તો સફળ છે એની મજૂરી રખડવા માટે. (શ્રોતા : રખડવા માટે સફળ). ઓલું સફળ છે ને. ચાર ગતિ મળવા માટે રખડે છે. રખડવું છે. આવી ક્રિયા કરે પણ. ઝીણું કેટલું છે ભાઈ! પરમાત્મા સર્વજ્ઞદેવ પૂર્ણ સ્વરૂપ જેણે જાણ્યું ત્રણ કાળ ત્રણ લોક, એણે જે આત્મા કહ્યો એ તો શુદ્ધ ચિદ્‌ઘન નિત્યાનંદ ચિદાનંદસ્વરૂપ છે, એમાં રાગ અને સંયોગનો સંબંધ અને લેપ નથી. એવા આત્માનું અને રાગ આદિથી માંડીને બધું અણાત્મ—એનો જ્યાં અંતર વિવેક—ભેદજ્ઞાન નથી. એ આ જીવો આવા આસન લગાવે, ઈન્દ્રિયોના દમન કરે તો પણ એ મૂઢ અને શઠ છે. કહો, આટલું કરે—એટલું તો કરે છે કે નહીં?

शरीरसे अपने आत्माका कुछ सम्बन्ध नहीं गिनता. विग्रहसौं न गनै निज नत्ता.. શરીર સાથે કાંઈ મારે નાતો નથી. શરીર સાથે કાંઈ મારે રિશ્તા (નથી). છેને તમારે 'રિશ્તા' હિન્દીમાં છેને? (શ્રોતા : સંબંધ રાખે). સંબંધ. કાંઈ લાગેવળગે નહીં, એમ માને, એમ કહે. પણ અંતરમાં આત્મા અનાકુળ આનંદસ્વરૂપ, એનો જેને વિવેક નથી, ભાન નથી, ભેદજ્ઞાન નથી, સમ્યગ્દર્શન નથી, એ બધા શઠ એટલે મૂરખ છે. આહાહા! ભારે કામ! विग्रहसौं न गनै निज नत्ता.. મારે ને એને કાંઈ સંબંધ નથી. પણ વસ્તુ શું? સંબંધ નથી તો સંબંધ વિનાની ચીજ શું છે? આહાહા! ભગવાન પરિપૂર્ણ પ્રભુ સચ્ચિદાનંદ ધ્રુવ, જેમાં એક પર્યાયનો પણ જેમાં પ્રવેશ નથી. એવા આત્માનું જેને જ્ઞાન નથી. એ આવી ક્રિયાઓ કરે છતાં એ મૂર્ખાઈમાં ખપે છે. કહો, સમજાણું કાંઈ?

त्यागि विभूति विभूति मढै तन. કવિ છે ને. त्यागि विभूति.. બધું ધન સંપત્તિ છોડી

દે છે, રાજપાટ છોડે. અને विभूति मढै.. અને શરીરમાં મેલ આદિ હોય તો સ્નાન ન કરે. વિભૂતિ એટલે અન્યમતિનાં બાવા રાખ ચોપડે, એ આ વાત નથી. (શ્રોતા : .....એમ દેખાતા હોય) હા, પણ એ આસન આદિમેં... વિભૂતિ એટલે ભસ્મ. એ મેલ થાય છે, એમ એનો અર્થ છે. शरीरको राखसे लिप्त रखता है એટલે મેલ રખતા હૈ. જુઓ, નીચે કહ્યું છે ને. स्नान आदि नहीं करनेसे, બસ એટલું. નીચે છે. અહીં તો ઓલા બાવા-બાવાની એકલી વાત થાયને. સ્નાનેય ન કરે ને મેલ-મેલ શરીરમાં હોય, મેલા આમ મેલ... પણ અંતર સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ જ્ઞાનાનંદ એવો આત્મા પરિપૂર્ણ ધ્રુવ ચીજ છે. એને રાગ ને પરથી ભિન્નતાનું (અને) સ્વભાવથી એકતાનું ભાન નથી, એ બધા અજ્ઞાનમાં મૂર્ખાઈમાં ખપે છે એમ કહે છે. કહો.

जोग गहै भव.. છે ને विभूति मढै तन, એમ. શરીરમાં મેલ હોય, સ્નાન ન કરે. ૨૮ મૂળગુણ પાળેને ૨૮ મૂળગુણ (એમાં) અસ્નાન આવે છે ને. 'અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો'. શ્રીમદ્‌માં આવે છે, ૨૮ મૂળગુણ આવે છે. દાંતેય ધોવે નહીં, સ્નાન કરે નહીં. પણ એથી શું થયું એ ક્રિયા? આહાહા! ભગવાન અનાકુળ આનંદ એકલો જ્ઞાનનો રસકંદ સચેત મૂર્તિ આખો આત્મા, એનું જેને અંતરદૃષ્ટિનું ભાન નથી એ વિનાના આવા પ્રાણીઓ બધા આવી ક્રિયાઓ કરે છતાં શઠ—મૂરખ છે. जोग गहै, લો. પ્રાણાયામ આદિ યોગ સાધન કરે. કરે છેને. નીચે આઠ બોલ છે, અષ્ટાંગ. 'આસન' લગાવે, 'પ્રાણાયમ' કરે, આમ શ્વાસને રૂંધન આમ કરવું. શું થયું? 'યમ'—પંચ મહાવ્રત. 'નિયમ'—અભિગ્રહ ધારણ કરે. ધારણા રાખે કે આ આત્મા એવો છે એવો એક વિકલ્પ રાખે. 'ધારણા'—ધ્યાન કરે અંતરનું વસ્તુના સ્વરૂપ ભાન વિનાનું. કહો, સમજાણું કાંઈ?

'પ્રત્યાહાર'—ઈન્દ્રિયોને પાછી વાળીને ચિત્તમાં જોડે. બહારમાં આમ પ્રત્યાહાર. 'સમાધિ'—જાણે કે એમાં રાગથી ભિન્ન થઈને જાણે શાંતિ કરું છું. એમ કષાયની મંદતા હોય છે. એવો યોગ ધારણ કરે. છતાં ભગવાન નિર્લેપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એવું જેને અંતરદૃષ્ટિ સમ્યગ્દર્શન નથી, સ્વનો અનુભવ નથી, એ બધા આવી ક્રિયાઓ કરતા છતાં મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. તો આ બધા પાંચ મહાવ્રત પાળે ને આ ઈન્દ્રિયદમન કરે ને એય! અપવાસ કરે આઠમ-ચૌદસના, એક મહિનાના ચાર-છ-આઠ-દસ-પંદર-વીસ. કહે છે કે બધા મૂરખ છે. એમ કહે છે આંહીં તો. (શ્રોતા : પંડિતજી કહે). એય, છોટાભાઈ! આચાર્ય કહે છે એ પંડિત કહે છે. પંડિત ઘરનું કહે છે? પાઠમાં સામાન્યપણે છે એનું સ્પષ્ટીકરણ કર્યું છે. દિગંબર જૈન સાધુ (થઈને) નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર, ગ્રીવક ઉપજાયો.' ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. તો એ તો નાસ્તિ થઈ. વસ્તુ શું છે?

અસ્તિ મહાસત્તા આનંદનું ધામ ભગવાન પૂર્ણાનંદ, એનો નિર્વિકલ્પ અનુભવ નથી, એ બધી ક્રિયાકાંડ બધાં થોથાં ચાર ગતિમાં રખડવા માટે છે. મનસુખ! ત્રણે ભેગા થઈ ગયા હવે આજ. (શ્રોતા : ......) ના, નહીંતર કાંઈ ત્રણે ભેગા ન થાય. કહો, સમજાણું આમાં? આહાહા! અરે પ્રભુ! તું ક્યાં કેવડો? જેના એક સમયની પર્યાયને પણ આંહીં તો પરદ્રવ્ય ગણી નાખી છે. જ્ઞાનનો એક સમયનો જે ઉઘાડ—વ્યક્ત એ વસ્તુ પરદ્રવ્ય છે. કેમ કે સ્વદ્રવ્યમાં એ નથી. અખંડાનંદ પ્રભુ પૂર્ણ સર્વજ્ઞે જોયો એ હોં. અજ્ઞાનીઓ આત્મા-આત્મા કરે એ નહીં. પરમેશ્વર વીતરાગદેવ એણે જે જોયો નિર્વિકલ્પ પૂર્ણાનંદ પ્રભુ, એવી જેને દૃષ્ટિનો અનુભવ નથી, ભેદજ્ઞાન નથી, એ બધી આ ક્રિયાઓ કરે... કહો, संसार और भोगोंसे विरक्त रहते है. સંસારની જાળમાં પડે નહીં. અશુદ્ધ ... બાહ્ય, ઓલો મિથ્યા સંસારી કહ્યો. આહાહા! પાંચ ઈન્દ્રિયના ભોગ ન ભોગવે. જાવજીવ બાળ બ્રહ્મચારી હોય તોય મૂઢ છે. આરે, ભારે કામ!

શુદ્ધ કારણપરમાત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ, એવો અતીન્દ્રિય સ્વાદના અનુભવ વિના આ બધું ક્રિયાકષ્ટ ચાર ગતિમાં રખડવા માટે છે. આહા! કહો, संसार और भोगोंसे विरक्त.. બિલકુલ ભોગ નહીં, વિષય નહીં, રસ-બસ ખાવા નહીં. આ લુખ્ખાં ખાય, મમરા—દાળિયા એ ખાઈને ચલવે. એથી શું થયું? એ તો જડ ક્રિયા છે. એમાં કદાચ રાગની મંદતા હોય, એ અચેતનભાવ રાગ છે. એ કંઈ આત્મા નથી. આહા! मौन धारण करता है. મૌન રહે, બોલવું નહીં. ભગવાને કીધું છે, વચનોનો નિગ્રહ કરવો. વચનનો નિગ્રહ એ તો વાણી જડ છે. જડ ન બોલાણું એ તો જડને કારણે. ભાષાવર્ગણા એ વખતે થવાની નહોતી તે ન થઈ. અને આ કહે, હું મૌન રહ્યો છું. હવે કાષ્ટમૌન અન્યમતિમાં બહુ ચાલે છે. ઓલા મથુરદાસ હતાને એ બહુ કરતા. મૌન ધારણ કરે. આમાંય મહિનો-મહિનો સુધી મૌન ધારણ કરે. બોલતા નથી, મૌન છે. મૌન ધારણ કરે, એમાં આત્માને શું?

આત્મામાં વિકલ્પ જ નથી. પ્રશસ્ત રાગ જે પંચ મહાવ્રતનો, એ રાગ જ સ્વરૂપમાં નથી. આહાહા! એવા સ્વરૂપના ભાન વિના, એવા પંચ મહાવ્રત ને ૨૮ મૂળગુણ આદિ પાળે તોય એ શઠ—મૂર્ખ છે. માળે ભારે કામ! એય પ્રકાશદાસજી! ક્યા હૈ ઉસમેં? અણુવ્રત, મહાવ્રત લો. તો સબ જ્ઞાનીને પણ અણુવ્રત ને મહાવ્રત લેવા પડે છેને, એમ કહે છે. ઐસે કહતે હૈં. (શ્રોતા : ....બાલ બ્રહ્મચારી હોતે હૈં ન) બસ જાઓ. (શ્રોતા : વો બતાતે હૈં ન, સાહેબ) ધૂળમેં હી નહીં હૈ. કૌન હૈ? બહારના બાલ બ્રહ્મચર્ય એ કંઈ આત્માનું સ્વરૂપ ક્યાંથી? આહાહા! સ્ત્રીનું સેવન ન કર્યું. એ તો કદાચિત રાગની મંદતા હોય તો ન થયું. એથી આત્મા ક્યાં આવ્યો એમાં? આહાહા!

આત્મા તો... જેમાં વિકલ્પ પરમાત્માનું સ્મરણ કરવું કે હું આત્મા ગુણી—અનંતગુણનો ધણી અને આ મારામાં ગુણ છે, એવો ભેદ પડીને (થતો) વિકલ્પ પણ જ્યાં એ ચીજમાં નથી. એવી ચીજના ભેદજ્ઞાન વિના... આહાહા! ભારે કામ આકરું માણસને! આવું જૈનનું સ્વરૂપ હશે? કોઈ કહે વીતરાગનું. (શ્રોતા : જૈનનું જ આવું હોય, બીજાનું હોય નહીં.) એ કહ્યું હતું ત્યાં ૧૫મી ગાથામાં ચલવી હતીને છેલ્લી ત્યાં ઉમરાળામાં. જૈનશાસન આ છે કે કર્મનો સંબંધ જેને નથી, રાગનો સંબંધ નથી, પુણ્ય-પાપના વિકલ્પનો સંબંધ નથી. સંબંધ છે એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા! વ્યવહારનો વિકલ્પ જે દયા-દાન-વ્રત કહેવાય એનો આત્માને સંબંધ છે, સમ્+બંધ છે, એ તો એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. આહાહા!

मौन धारण करता है. मौन रहै लहि मंदकषाय, છે ને. રાગની મંદતા, સરળતા. એય દેવાનુપ્રિયા! સરળતા ને સમતા. (શ્રોતા : સરળતા કેવી ....) પણ એ સરળતા કેવી? મિથ્યાદૃષ્ટિને સરળતા ક્યાં રહી? આહાહા! સમતા ક્યાંથી? સમતા તો રાગ રહિત વિકલ્પ રહિત નિર્વિકલ્પ થતાં જે શાંતિ પ્રગટ થાય એને સમતા કહે છે અને એને સરળ કહે છે. આહાહા ભારે કામ! જગતને તો એવું લાગે કે આ બધું આવો જૈનધર્મ હશે? એ વેદાંતનો ધર્મ હશે આ? (શ્રોતા : વેદાંતમાં આવી વાત જ નથી). આપણે તો ભાઈ અત્યાર સુધી સાંભળીએ છીએ કે કંદમૂળ ન ખાવા, રાત્રીએ ચૌવિહાર કરવો. ચૌવિહાર એટલે ખાવું નહીં ચાર (આહાર). હૈ ન? (શ્રોતા : પણ ખાય છે કોણ?) કંદમૂળ ખાવા નહીં, આઠ-છ પરબી બ્રહ્મચર્ય પાળવું, પંચપરબી પાળવું, આમ કરવું, સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા—આવો ધર્મ તો સાંભળ્યો છે અમે. એ ધર્મ કે દિ' હતો? આહા! સાંભળને! તારા સામાયિક પોષા એ એકડા વિનાના મીંડા છે બધા. એય છોટાભાઈ! ચિત્તોડમાં તો બહુ તમારે ધમાલ હાલે, ક્રિયાકાંડ. અરે, ક્રિયાકાંડને તો ઉથાપી નાખ્યો. આહા!

અહીં તો કહે છે, કષાયની મંદતા કરે તો પણ એ મૂઢ છે. અને કષાયની મંદતાને ધર્મ માને છે. પણ એ કષાયની મંદતાથી ભિન્ન ભગવાન છે, નિષ્ક્રિય પર્યાયમાં જેનું પર્યાયરૂપ પરિણમન નથી. આહાહા! એવો જે ધ્રુવ ભગવાન સર્વજ્ઞ વીતરાગી સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો છે એવું જેને પર્યાય અને રાગથી ભિન્ન (આત્મા)નું ભાન નથી, એવા કષાયના મંદવાળા જીવો પણ શઠ આંહીં કહેવામાં આવ્યા છે. આ પણે લખ્યું છે આ શઠ—અશઠની વ્યાખ્યા કરતાં. અશઠની વ્યાખ્યા કરી છેને દરબારીલાલ કોઠીયાએ. ઉસમેં આયા હૈ વો. જૈનગેઝેટ નહીં ક્યાંક આવ્યું'તું. અશરફીમાં તો મીઠાશ... કોઈને કાંઈ... ભાઈ! હવે શબ્દો ગમે એ હોયને. (શ્રોતા : .......) એમ કાંઈક શબ્દ છે. મીઠાશ શબ્દ વાપર્યો છે એમ કંઈક હોં. એમ કહે, આ આવા આવા છે અણાત્મા ને બીજી ભાષા કરી છે. આવ્યું છે

હમણાં. વાપરી હોય તે. વિદ્યાનંદ સ્વામી. વિદ્યાનંદ સ્વામી બ્રાહ્મણ હતાને પછી થઈ ગયા જૈન સાધુ. પછી શ્લોક વાંચે. બહુ વિદ્વતા ભરેલી હોય એવી વાત. શ્લોક વિદ્વતા ભરેલું બહુ ઊંચું. આ તત્ત્વાર્થસૂત્રની ટીકા છે. પણ શાસ્ત્રમાં પોતે કુંદકુંદ આચાર્ય કહે છે.

જે આત્મા એક સમયની પર્યાયને માને, ત્રિકાળી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિનો જેને અભાવ છે એ પશુ છે, ઢોર છે. આહાહા! ચાહે તો દિગંબર સાધુ હો, નગ્ન મુનિ હો, ૨૮ મૂળગુણ પાળતો હોય, વનવાસમાં રહેતો હો, પણ (માને છે કે) મહાવ્રતના રાગની મંદતાના પરિણામ એ મને ધર્મ છે અથવા એનાથી મને ધર્મ થાય છે અથવા એ ચીજ મારી છે, કહે છે કે મિથ્યાદૃષ્ટિ મૂઢ—શઠ છે. આહાહા! આકરું કામ હોં. ઝાઝા માણસમાં તો રહેવા ન દે. (શ્રોતા : હવે તો ઝાઝા માણસમાં જ આ થાય છે). આ તો હવે તો ન્યાં જયપુરમાં તો ધમધોકાર ચાલતું હતું ૨૦ દિવસ. પણ હવે આંહીં એટલું બધું નથી કાઠીયાવાડમાં એવું. એણે જોયું છેને બધું. પ્રકાશદાસ આવી ગયા છે ત્યાં. આહાહા!

કહે છે, सहै बध बंधन.. અરે, જુઓ આમ માર મારે એકલા આમ કોરડા અને ચામડી ઉતરડીને ખાર છાંટે તો પણ ન तत्ता—ક્રોધ ન કરે. છે? सहै बध बंधन.. બાંધે, મોઢું બાંધે. મોઢું સીવી નાખે... તો પણ ક્રોધ ન કરે, છતાં મૂઢ છે. કેમ કે એ વિકલ્પ જે ઉઠે છે એનાથી નિર્વિકલ્પ ચીજ તદ્દન નિરાળી આત્મા છે, એવું જેને અંતર વિવેક ભેદજ્ઞાન પ્રગટ્યું નથી, એ બધા જીવો આવું કરે છતાં (મૂઢ છે.) આહા! આકરું કામ ભારે! જૈનમાં ભારે આકરું લાગે. આ તો જૈન પરમેશ્વર કહે છે. સમજાણું કાંઈ? सहै बध बंधन होइ न तत्ता.. बध-बंधन सहकर संतापित नहीं होता.. જરી પણ ખેદ ન કરે. સમતા.. સમતા.. એ મંદકષાયની સમતા હોં.

ए करतूति करै.. આવી ક્રિયા કરે માથે (ઉપર) કીધી એવી બધી. सठ पै समुझे न अनातम-आतम-सत्ता.. આહાહા! પણ આત્માના ભાન વિના આવું કરતા હશે? એમ એક જણો કહેતો હતો. આ બધા અપવાસ કરે, આ બધું કરે, એ કાંઈ આત્માના ભાન વિના (કરે છે)? અરે ભાઈ! આત્મા એટલે શું ચીજ? બાપુ! પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ જ્ઞાયકભાવ એકલો સહજ પરમસ્વભાવભાવ, જેને પર્યાયના ચાર ભાવ પણ અડતા નથી. આહાહા! ક્ષાયિકભાવ પણ જેને અડતો નથી. આહા! એવો દ્રવ્યસ્વભાવ, એનું જેને (ભાન નથી). समुझे न अनातम.. અણાતમ છેને એ. એક સમયની પર્યાય એ નિશ્ચયથી તો અણાતમ છે. આહાહા! ગજબ વાત છે.

समुझे न अनातम-आतम-सत्ता. वह मूर्ख ऐसी क्रियाएँ करता हैं परंतु आत्मसत्ता और अनात्मसत्ताका भेद नहीं जानता. આહાહા! ભગવાન આત્મા पूर्णम् इदम्. સર્વજ્ઞ

સ્વભાવથી ભરેલો પ્રભુ, એ અલ્પજ્ઞેય નહીં. અલ્પ પર્યાયના ઉપયોગવાળો એ નહીં, આહાહા! એવો જે આત્મા... આ નિર્જરા અધિકારમાં નાખ્યું છે કે આવું કરે છતાં એને નિર્જરા થતી નથી, પણ મૂર્ખને મિથ્યાત્વબંધ થાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? નિર્જરા અધિકારમાં નાખ્યુંને નિર્જરા કેવી? અપવાસ કરે તો નિર્જરા ન થાય? તપસ્યા.. અપવાસ કરે એ તપસ્યા ને તપસ્યા તે નિર્જરા. અરે ભાઈ! તપસ્યા કોને કહેવી (એની) તને ખબર નથી. અતીન્દ્રિય આનંદ પ્રભુ... જેમ સોનામાં ગેરૂ લાગતાં સોનું ઓપે—શોભે, એમ અતીન્દ્રિય આનંદ ભગવાન નિર્વિકલ્પ, નિષ્ક્રિય જેમાં ઠરતાં જેની શાંતિ ને આનંદની શોભા વૃદ્ધિને પામે, એને તપસ્યા અને ઉપવાસ કહેવામાં આવે છે. ઉપવાસ — એ ઉપ નામ આત્માના સમીપમાં વસ્યો. બાકી આ રોટલા-બોટલા ન ખાય, એ બધા અપવાસ—માઠાવાસ છે. અઠ્ઠમ કરે ને ચૌવિહાર કરે ને આ બધું કરે. આહાહા! ૧૧મો પદ. એ ૧૦મો પદ થયો. ૧૧મો પદ.

(ચોપાઈ)

जो बिनु ग्यान क्रिया अवगाहै।
　　जो बिनु क्रिया मोखपद चाहै॥
जो बिनु मोख कहै मैं सुखिया।
　　सो अजान मूढनिमैं मुखिया॥११॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—** ક્રિયા=ચારિત્ર. અવગાહૈ=ગ્રહણ કરે. અજાન=મૂર્ખ. મૂઢનિમેં=મૂર્ખાઓમાં. મુખિયા=પ્રધાન.

**અર્થ :—** જે સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર ધારણ કરે છે અથવા ચારિત્ર વિના મોક્ષપદ ચાહે છે, તથા મોક્ષ વિના પોતાને સુખી કહે છે, તે અજ્ઞાની છે, મૂર્ખાઓમાં પ્રધાન અર્થાત્ મહામૂર્ખ છે. ૧૧.

**अर्थ :—** जो सम्यग्ज्ञानके बिना चारित्र धारण करता है, वा बिना चारित्रके मोक्षपद चाहता है, तथा बिना मोक्षके अपनेको सुखी कहता है, वह अज्ञानी है, मूर्खोंमें प्रधान अर्थात् महामूर्ख है॥११॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

મૂઢના મુખિયો છે એ પ્રમુખ. આહા! जो बिनु ग्यान क्रिया अवगाहै.. આત્માના આનંદનું વેદન—સ્વસંવેદન નથી અને ક્રિયા નામ વ્રત ને નિયમ આદિ ગ્રહણ કરે, એ મૂર્ખ છે, મૂઢમાં મુખિયો છે. जो बिनु क्रिया मोखपद चाहै.. અને સ્વસંવેદન જ્ઞાનમાં ચારિત્રની

રમણતા વિના મોક્ષને ચાહે. ક્રિયા શબ્દે આનંદસ્વરૂપ પ્રભુ એનું ભાન (થયું) સમ્યક્(દર્શન)માં, પછી ઠરવું અંદર લીનતા—આનંદમાં લીનતા. એ ચારિત્ર ન ઈચ્છે અને એમ ને એમ સમ્યગ્જ્ઞાનથી એકલી મુક્તિ થઈ જાય, એમ પણ નથી. પણ ચારિત્ર આ હોં. આહાહા! નગ્નપણું ને મહાવ્રતના વિકલ્પ ને એ કંઈ ચારિત્ર નથી. મહાવ્રતનો વિકલ્પ તો ચારિત્રમાં દોષ છે. આહાહા! ભારે જગતથી ઊંધું. કહે છે, जो बिनु क्रिया मोखपद चाहै.. જુઓ, ચારિત્ર—સ્વરૂપની રમણતા ઓહો! આનંદધામમાં લીનતા. ભગવાન આનંદમાં નિવાસ કરે છે પ્રભુ પોતે, એમાં ઠરવું અંદરમાં એનું નામ ચારિત્ર. એ જ્ઞાન હોવા છતાં ચારિત્ર વિના મુક્તિ માંગે, એ પણ કહે છે કે જૂઠું છે. સમજાણું કાંઈ?

जो बिनु मौख कहै मैं सुखिया.. અને મોક્ષ વિના અમે સુખી છીએ એમ માને. મોક્ષ વિના અમે સુખી છીએ સંસારમાં, એ અજાણ—એ આત્માના સુખ ને આનંદનો અજાણ મૂઢમાં મુખિયો છે. પૈસે ટકે સુખી હોય, છોકરાં-બાયડીએ સુખી હોય. બાયડી કહ્યાગરી, છોકરાં હુશિયાર હોય. જુઓ, દુકાનો એક એક છોકરાઓ ચલાવતા હોય ને પોતે બાપ તરીકે આમ બેઠો હોય, આહાહા! એક એક છોકરો ૧૦-૧૦ લાખ, ૨૦-૨૦ લાખ પેદાશ કરતો હોય, લો. અને ૫૦ વર્ષની ઉંમર હોય, બાપની હયાતીમાં છોકરાઓ પાક્યા હોય છ મોટા જોદ્ધા જેવા, લ્યો. સુખી છીએ સુખી કહે છે. ધૂળેય સુખી નથી, સાંભળને! આહા! મૂઢ દુઃખી છે. લક્ષ્મી ઉપરનો વિકલ્પ ઉઠે છે, એ વિકલ્પ આકુળતાનું દુઃખ છે. આંહીં તો કહે છે કે ચારિત્ર વિના મુક્તિ ન થાય અને મુક્તિ વિના સુખ ન થાય, એમ કહે છે. કેમ કે જે વિકલ્પ ઉઠે છે એ દુઃખ છે. શુભભાવ જે થાય દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો શુભભાવ એ દુઃખ છે, કષાય અગ્નિ છે, ભઠ્ઠી છે. આરે આરે! એ મનસુખ! હવે તમારા વેપારના ધંધાનો ભાવ શું કહેવો? એય! આ કરે છે તમારું એકલું ન્યાં... ભાવ કરે ભાવ. આહાહા!

પ્રભુ તો કહે છે કે શુભભાવ પોતે ભઠ્ઠી છે અને એના ફળ તરીકે સ્વર્ગમાં જાય અને અંગારાના દુઃખ ભોગવશે ત્યાં. આહાહા! ઈન્દ્ર અને ઈન્દ્રાણીઓ બધી આમ ઓહોહો! કોઈ દિ' શરીરમાં રોગ નહીં દેવને, હજાર વર્ષે આહારની ઈચ્છા ઉપજે એક સાગરવાળાને, પખવાડિયે તો શ્વાસ ઊંચો-નીચો પખવાડિયે લ્યે. પખવાડિયા સમજતે હૈં? (શ્રોતા : પંદ્રહ દિન) પંદર દિવસ. એટલો સુખી. કહો, શ્વાસને લેવાને પંદર દિન થાય એને. પંદર દિ'એ એક વાર. હજાર વર્ષે તો આહારની ઈચ્છા ઉપજે. અને સંયોગો ઈંદ્રાણીઓના, આના મોટાં આરસપહાણ તો ક્યાં પણ રતન.. રતનના બંગલાં. લ્યો, કહે છે કે એ અંગારામાં શેકાય છે, કષાયની અગ્નિમાં શેકાય છે. આહાહા! ભગવાન અકષાયસ્વરૂપ આનંદ, એનું જ્યાં આનંદનું વેદન ને ભાન નથી, એ બધા સુખી છીએ એમ

માને છે, એ અજાણ મૂઢમાં મુખિયા છે. ભારે આકરી વાત! દુનિયાને તો સાંભળવી આકરી પડે. છે કે નહીં એમાં?

सम्यग्ज्ञानके बिना चारित्र धारण करता है. સમ્યગ્દર્શન ને જ્ઞાન તો નથી. લઈ લો, વ્રત લ્યો, મહાવ્રત લ્યો. મુંઝાઓ નહીં, મુંઝાઓ નહીં, તમે છોડી દો. નગ્ન થઈ જાઓ. દિગંબર થઈ જાઓ. આ લૂગડાં પહેરીને મહાવ્રત લઈ લે. આહાહા! આંહીં તો કહે છે કે લૂગડાનો એક ધાગો રાખે અને મુનિ મનાવે—માને, નિગોદમાં જાશે. (શ્રોતા : કુંદકુંદ આચાર્ય આકરા બહુ). આકરા નહીં, એવું સ્વરૂપ છે. નવે તત્ત્વની ભૂલ છે એને. આહાહા! આંહીં તો કહે છે, સમ્યક્(દર્શન) વિના ચારિત્ર અંગીકાર (કરી) વ્રત લઈ લે, નિર્વિકલ્પ આનંદનો સ્વાદ તો આવ્યો નથી. આત્મા કોણ છે એનું તો ભાન નથી અને મહાવ્રત ને દીક્ષા લઈ લ્યો. છોડો બાયડી—છોકરા, તમારું કલ્યાણ થાશે. ધૂળમાંય નહીં થાય. રખડી મરશે. અભિમાન થશે અમુક મફતનું. એય!

बिना चारित्रके मोक्षपद चाहता है. સમ્યગ્દર્શન ને જ્ઞાન હોવા છતાં સ્વરૂપના આનંદની લીનતા, એ ચારિત્ર વિના મુક્તિ ત્રણ કાળમાં ન થાય. ચારિત્ર એટલે આ સ્વરૂપની લીનતા. છે ને? बिना चारित्र.. સમ્યક્ અનુભવ થયો.. આત્મા તો નિર્વિકલ્પ આનંદનું ધામ, એવું વેદન થયું એ તો સમ્યગ્દર્શન ને જ્ઞાન. હવે એ આનંદમાં રમવું, એ અતીન્દ્રિય આનંદમાં ઝમવટ—લીનતા થવી, એનું નામ ચારિત્ર. આ લૂગડાં—બૂગડાં ફેરવીને મહાવ્રત લીધા ને ચારિત્ર થઈ ગયું, રણમાં પોક મૂકવા જેવી વાત છે બધી. (શ્રોતા : અરણ્ય રૂદન છે સાહેબ!) અરણ્ય રૂદન. તમે પણ પડવાના હતા એમાં, રહી ગયા વળી. (શ્રોતા : પડતે બચાવ્યાને આપે) બચાવ્યા... આહાહા! અરે રે! તત્ત્વની ખબર ન મળે અને પોતે મૂઢમાં પડ્યા હોય અને બીજાને નાંખે. પડો તમે આમાં. દીક્ષા લઈ લ્યો હવે દીક્ષા ઝટ.

આંહીં તો સમ્યક્ અનુભવ વિના ચારિત્ર હોય નહીં અને ચારિત્ર વિના મુક્તિ હોય નહીં અને મુક્તિ વિના સુખ હોય નહીં. એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, એ પણ એટલો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. અને ચારિત્ર થયું એમાં અતીન્દ્રિય આનંદનો વિશેષ સ્વાદ છે અને એનું પૂર્ણ ફળ સુખ મોક્ષ છે. આહા! કેમ સુખિયા છેલ્લે મોક્ષમાં? એ કરતાં નીચે સુખી નથી? પણ પૂર્ણ સુખી નથી. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન, એમાં અતીન્દ્રિય આનંદનું સુખ આવ્યું, પણ અંશે આવ્યું. અને ચારિત્ર હોય ત્યારે અતીન્દ્રિય આનંદની ઉગ્રતાનો આનંદ આવ્યો અને એનું પૂર્ણ ફળ તરીકે મુક્તિ એમાં તો પૂર્ણ આનંદ હોય. આનંદનું ફળ તે આનંદ હોય કે દુઃખનું ફળ તે આનંદ હોય? સમજાણું કાંઈ? મહાવ્રતના પરિણામ એ તો દુઃખ છે, રાગ છે, વિકલ્પ છે. એનું ફળ મુક્તિ? આહાહા!

वह अज्ञानी है, मूर्खोंमें प्रधान अर्थात् महामूर्ख है. અર્થ આ કર્યો છે ને. હવે છઠ્ઠો કળશ નીચે. એ ૧૨મું એનું પદ છે. છઠ્ઠો નીચે કળશ છે. અમૃતચંદ્ર આચાર્ય મુનિ દિગંબર સંત ૯૦૦ વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં વિચરતા હતા. આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા. આહાહા! એમણે આ શાસ્ત્રમાં... વિકલ્પનું નિમિત્ત થઈ શાસ્ત્ર એની મેળે બની ગયું. શાસ્ત્રના કર્તા એ છે નહીં. રજકણને કોણ કરે? એમ નિમિત્તથી કથન કહે છે.

आसंसारात्प्रतिपदमयी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नृनपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्यमेति॥६॥

સ્થાયીભાવને પામેલી ચીજ અંદર ભગવાન આનંદ છે. આહાહા! એનું પદ. श्रीगुरुका उपदेश अज्ञानी जीव नहीं मानते.

શ્રી ગુરુનો ઉપદેશ અજ્ઞાની જીવો માનતા નથી (સવૈયા એકત્રીસા)

जगवासी जीवनिसौं गुरु उपदेस कहै,
तुमैं इहां सोवत अनंतकाल बीते हैं।
जागो ह्वै सचेत चित्त समता समेत सुनौ,
केवल-वचन जामैं अक्ष-रस जीते हैं॥
आवो मेरे निकट बताऊं मैं तुम्हारे गुन,
परम सुरस-भरे करमसौं रीते हैं।
ऐसे बैन कहै गुरु तौऊ ते न धरै उर,
मित्रकैसे पुत्र किधौं चित्रकैसे चीते हैं॥१२॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—મિત્રકૈસે પુત્ર=માટીના પૂતળા જેવા. ચિત્રકૈસે ચીતે=ચિત્રમાં બનેલા.

**અર્થ :**—શ્રીગુરુ જગવાસી જીવોને ઉપદેશ આપે છે કે તમને આ સંસારમાં મોહનિદ્રા લેતાં અનંતકાળ વીતી ગયો; હવે તો જાગો અને સાવધાન અથવા શાન્તચિત્ત થઈને ભગવાનની વાણી સાંભળો, જેનાથી ઇન્દ્રિયોના વિષય જીતી શકાય છે. મારી પાસે આવો, હું કર્મ-કલંક રહિત પરમ આનંદમય તમારા આત્માના ગુણ તમને બતાવું. શ્રીગુરુ આવાં વચન કહે છે તોપણ સંસારી મોહી જીવ કાંઈ ધ્યાન આપતા નથી, જાણે કે તેઓ માટીના પૂતળા છે અથવા ચિત્રમાં દોરેલા મનુષ્ય છે. ૧૨.

**अर्थ :**—श्रीगुरु जगवासी जीवोंको उपदेश करते हैं कि, तुम्हें इस संसारमें मोहनिद्रा लेते हुए अनन्तकाल बीत गया; अब तो जागो और सावधान वा शान्तचित्त होकर भगवानकी वाणी सुनो, जिससे इन्द्रियोंके विषय जीते जा सकते हैं। मेरे समीप आओ, मैं कर्म-कलंक रहित परम आनंदमय तुम्हारे आत्माके गुण तुम्हें बताऊँ। श्रीगुरु ऐसे वचन कहते हैं तो भी संसारी मोहीजीव कुछ ध्यान नहीं देते, मानों वे मिट्टीके पुतले है अथवा चित्रमें बने हुए मनुष्य हैं॥१२॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

માટીનાં પૂતળાં છે કહે છે. મિત્ર એટલે માટી. માટીના પૂતળાં જેવા છે. કાં ચિત્રમાં બનેલા મનુષ્ય હોય ચિત્રમાં. આહાહા! જોઈ લ્યો.

जगवासी.. જગમાં રહેલા—સંસારમાં રહેલા એવા જીવને ગુરુ ઉપદેશ કહે છે. तुमैं इहां सोवत... અરે આત્મા! પર્યાયબુદ્ધિમાં, રાગબુદ્ધિમાં, નિમિત્તબુદ્ધિમાં રહ્યો, એ (ત્યાં) સૂતાં અનંત કાળ વીત્યો. વ્યવહારમાં રહ્યો—પર્યાયમાં, રાગમાં, એમાં તો અનંત કાળ વીત્યો પ્રભુ તારો. આહા! ચોર્યાશીના અવતાર. इस संसारमें मोहनिद्रा लेते हुए, લ્યો, अनंत काल बीते है. ભગવાન આત્મા આનંદસ્વરૂપનું સાવધાનપણું તે કર્યું નહીં અને અનંત કાળ એક સમયની પર્યાય અને રાગમાં સચેત મોહથી રહ્યો. મિથ્યાત્વને લઈને એમાં જાગૃત રહ્યો. આહા! મુનિ થયો તોય એ રાગની ક્રિયા એક સમયની પર્યાયમાં રત રહ્યો.

तुमैं इहां सोवत अनंत काल बीते हैं, મોહમાં. जागो ह्वै सचेत चित्त.. અરે જીવ! હવે તો જાગ. આહાહા! સાવધાન થા. सचेत्त चित्त.. ચિત્તમાં ચેત કર.. ચેત કર. અરે! હું કોણ છું? આહા! અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ એનું ચેત કરે. समता समेत सुनौ.. और શાંત ચિત્ત થઈને એકવાર ભગવાનની વાણી સાંભળ. આહાહા! ભગવાનની વાણી એમ કહે છે કે એક સમયની પર્યાય અને રાગમાં સૂતો છે તે મોહ છે, મિથ્યાત્વ છે. આહા! સાવધાન થા. શાંત ચિત્તે ભગવાનની વાણી સુન. ભગવાનની વાણી સાંભળ, એમ કહે છે. છે ને? અહા!

केवल वचन.. ભગવાનની વાણીનાં વચનો કેવા છે? अक्ष-रस जीते हैं.. એમાં ઈન્દ્રિયોના વિષય જીતે જા સકતે હૈં. આહાહા! પાંચ વિષયો—શબ્દ, રૂપ આદિ ભગવાનની વાણી પણ વિષય છે. એમાં આમ કહ્યું હતું. એના તરફનો લક્ષવાળો વિકલ્પ, ખંડ ઈન્દ્રિય અને જડ—બધી ઈન્દ્રિયોને જીતવું એટલે એની રુચિ છોડીને અતીન્દ્રિય આનંદમાં આવવું, એનું નામ ઈન્દ્રિયને જીતી કહેવામાં આવી. આહા! जिससे इन्द्रियोंके विषय जीते जा सकते हैं. આનો સ્થૂળ અર્થ કરે કે પાંચ ઈન્દ્રિયોનાં વિષય સેવવા નહીં. પણ એ ક્યાં છે? કોણ સેવતો હતો પરને? પર્યાયમાં ઈન્દ્રિય ભાવેન્દ્રિય એમાં જેનું લક્ષ છે, એ વિષયને જ

સેવે છે, એ પરવિષય છે. ભાવેન્દ્રિય જે જ્ઞાનનો એક સમયનો ખંડ-ખંડ ભાગ ક્ષયોપશમ, એ પરવિષય છે, સ્વવિષય નથી. આહા!

એ પરવિષયને ભોગવનારો વિષયને જ ભોગવે છે એમ કહે છે. આમ તો નવમી ગ્રૈવેયકે ગયો તો વિષય રાજપાટમાં છોડ્યાં છે બધું, છતાં એ વિષયને સેવે છે કહે છે. એમ એક સમયની પર્યાય અને વિકલ્પ રાગ, એ પરવિષય છે. પરવિષયનો લક્ષ અને ધ્યેય છે એ પરવિષયને જ સેવે છે એ. આહાહા! આવો માર્ગ માળે... એક જણ કહે, આવો માર્ગ કાઢ્યો ક્યાંથી? આ શું છે? (શ્રોતા : એ તો અનાદિનો છે.) હવે કાઢે ક્યાં? અનાદિનો છે. આહાહા! તને ખબર નહોતી માટે એ નહોતો? આંહીં તો કહે છે, केवल-वचन... ભગવાનના વચનો કે જેમાં ઇન્દ્રિયોનું જીતવું એ ભગવાનની વાણીમાં એમ આવ્યું છે, દેખો. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે અમારી સામું જોવાનો (વિકલ્પ) જે ઇન્દ્રિયનો વિષય એને છોડી દે, એમ કહે છે. આહાહા! અમને સાંભળવા છોડી દે એમ કહે છે. 'सुनौ' કહ્યું પણ 'सुनौ'માં આ. (શ્રોતા : આ અમારે કહેવું છે).

केवल-वचन जामैं... ભગવાનની વાણીમાં તો ઇન્દ્રિયો અને પર્યાયબુદ્ધિનો નાશ કરાવે છે, એ ઇન્દ્રિયનાં વિષયોનું જીતવું તેમાં થાય છે. આહાહા! વીતરાગની વાણી સ્વભાવ સન્મુખ કરાવે છે અને નિમિત્ત અને વિકલ્પથી વિમુખ કરાવે છે, એનું નામ વીતરાગની વાણી છે. 'सुनौ' તો કહ્યું, પણ શું સાંભળવું છે તારે? કે અમારી સામું જોવું છોડીને અંદર સામું જો. આહા! તારો ભગવાન તારી પાસે પૂરો પડ્યો છે. આહાહા! ભારે કામ ભાઈ આવું! એક એક વાતે જગત સાથે મેળ—મીંઢવણી થાય એવી નથી. આહાહા! કહે છે, ભગવાનની વાણી સાંભળ કે જેને લઈને ઇન્દ્રિયોનો વિષય જિતે જા સકતે હૈં. એટલે કે ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માની વાણીમાં એમ આવે છે કે આ મારી વાણી આવે છે એ ઇન્દ્રિયથી જે મને લક્ષ કરીને સાંભળે (છો), એ પણ ઇન્દ્રિયનું જીતવું નથી. ઇન્દ્રિયથી તું જીતાઈ જાય છો. આહાહા!

અંતર ભગવાન આત્મા એકલો જ્ઞાનના પૂરનું નૂર, સુખનો સાગર, એવો ધ્રુવ પ્રભુ એનું જ (લક્ષ) કર, એમાં દૃષ્ટિ દે, એ ઇન્દ્રિયને જીતવું કહેવામાં આવે છે. એમ ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. ભગવાનની વાણી એમ નથી કહેતી કે પંચ મહાવ્રત પાળ ને આ કર. એમ નથી આવી એમ કહે છે. આહાહા! ભારે! વ્યવહારથી આવ્યું છે ને એ તો જ્ઞાન કરાવ્યું છે. એમ કહે, પંચ મહાવ્રત આવે છે ને. આવે છે તે શું? ક્યાં આવે છે? એ તો રાગ છે. પણ એ સંબંધીનું આંહીં જ્ઞાન થાય છે આનંદ સહિતનું, એને એ જ્ઞાન આવ્યું છે. અજ્ઞાનીને મહાવ્રત કેવા અને એને ચારિત્ર કેવું અને સમ્યગ્દર્શન કેવું? આહાહા! જ્યાં આત્માનું સ્વસંવેદન આનંદ સહિત પ્રગટ્યું છે, એને આગળ વધતાં સ્વરૂપમાં લીનતા થતાં

પછી વિકલ્પ એવો મહાવ્રતનો ઉઠે, એને તે જ સમયે રાગનું જ્ઞાન કરતું જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ જ્ઞાનસ્વભાવને સન્મુખ થયેલાને થાય છે. એ રાગને સન્મુખ થયેલાને એને થતું નથી. આરે !

आवौ मेरै निकट बताऊं मैं तुम्हारे गुन. જુઓ, હવે એ વાત કરે છે. आवौ मेरै निकट.. નજીક આવો નજીક. સાંભળવાને લાયક થાઓ એમ કહે છે. સત્ય વાત સાંભળવાને નિકટ આવો. આહા ! बताऊं मैं तुम्हारे गुन.. તમારામાં આનંદ અને શાંતિ અને અતીન્દ્રિય સુખ પડ્યું છે એવા ગુણને હું બતાવું. રાગને બતાવું ને નિમિત્તને બતાવું એમ નથી કહ્યું આંહીં. આહાહા ! आवौ मेरै निकट बताऊं मैं तुम्हारे गुन.. तुम्हारे गुनનો અર્થ તમારો દ્રવ્યસ્વભાવ. અરે પ્રભુ ! તારામાં તો અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓનો સાગર તું છો. અનંતા સિદ્ધોને પેટમાં રાખીને પડ્યો છો. આહાહા ! કેમ કે સિદ્ધ એ પર્યાય છે. એવી અનંતી પર્યાય એના જ્ઞાનગુણ ને આનંદગુણમાં પડી છે બધી. આહા ! आवो मेरै निकट बताऊं मैं तुम्हारे गुन बताऊँ.. વ્યવહાર બતાવું એમ કહ્યું નથી આંહીં. ભાઈ ! માળે કેટલું સ્પષ્ટ કર્યું! જુઓને. 'अपदमपदं' છે ને. અપદ છે. પદ બતાવું એમ કહ્યુંને.

'एतैतेत पदमिदमिदं यत्र'. પદ બતાવું તને. પદ તો કોણ ? ગુણસ્વરૂપ ભગવાન આત્મા એ પદ—નિજપદ. અનંતાનંત અનંત શાંતિવાળું તત્ત્વ તે નિજપદ. પુણ્ય-પાપના વિકલ્પ આદિ એ નિજપદ નહીં. આહાહા ! પંચ મહાવ્રતના વિકલ્પો એ નિજપદ નહીં, એ તો અપદ છે. આહાહા ! આંહીં તો એ પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર. નહીં ? શું ? એ ધર્મ ? આહાહા ! મૂળમાંથી ભૂલ્યા છે. આ બાઈયું નાની ઉંમરની છોડીયું દીક્ષા લેને બાલબ્રહ્મચારી, ઓહોહો ! જુઓ વખાણ. આહા ! દીક્ષા લેવા માટે એનું અમે માન કર્યું. મુંબઈમાં માન આપ્યા. શેના ? હજી દીક્ષા જ કોને કહેવું એનું ભાન નથી. આહાહા ! આ મૂંડાઈને બહાર લૂગડાં ફેરવવા એ દીક્ષા છે ? હજી સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી અને ચારિત્ર ક્યાંથી આવી ગયું એને ? આહાહા ! ધન્ય અવતાર બાલ બ્રહ્મચારી, એમ કરી વખાણ કરે. આપણાથી પળતું નથી. પણ પળે છે એને તો આપણે... દીક્ષા મહોત્સવ આપણે ઘેરે કરો. આહાહા ! મિથ્યાત્વના પોષક છે બધા એ. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાતું ભારે આકરી ! છોટાભાઈ !

आवौ मेरै निकट बताऊं मैं तुम्हारे गुन.. પ્રભુ! તું તો આનંદનો નાથ છો ને, આહાહા ! તારામાં દુઃખ નથી, વિકલ્પ નથી, રાગ નથી, અલ્પજ્ઞતા નથી. આહાહા ! એવો સર્વજ્ઞસ્વભાવ, પૂર્ણાનંદસ્વભાવ, પૂર્ણ સ્વચ્છતાસ્વભાવ, પૂર્ણ શાંતસ્વભાવ, શાંત એટલે વીતરાગતા, પૂર્ણ અકર્તૃત્વસ્વભાવ, પૂર્ણ અભોક્તૃત્વસ્વભાવ... રાગ આદિનું કરવું ને

ભોગવવું તારામાં જ છે નહીં એવો તારો સ્વભાવ છે. આહાહા! મહાવ્રતના પરિણામને કરવું—ભોગવવું એ તારા સ્વરૂપમાં છે જ નહીં. એવા ગુણોવાળો આત્મા તને બતાવું, કહે છે. એમ કહે છે. આહાહા! કહો, આ બનારસીદાસ. આ તો નીચે એક શબ્દ છેને, એનું છે એ. 'तद्विबुध्यध्वमन्धाः एतैतेतः' આ બાજુ આવ. એ પડખું છોડી દે. વિકલ્પ અને પર્યાયની બુદ્ધિ અને નિમિત્તની બુદ્ધિ છોડી દે, એ અપદ છે. કહો, સમજાણું કાંઈ?

आवौ मेरै निकट बताउं मैं तुम्हारे गुन, परम सुरस-भरे.. આહાહા! કેવા છે ગુણ? કે કર્મકલંક રહિત. જેમાં ભાવકર્મ અને જડકર્મ સ્વરૂપમાં છે જ નહીં. એવા અનંત આનંદવાળો પ્રભુ, અનંત જ્ઞાનવાળું તેજ પ્રભુનું, એવા ગુણને હું બતાવું. मैं कर्मकलंक रहित परम आनंदमय तुम्हारे आत्माके गुण तुम्हें बताऊँ, લ્યો. 'सुरस भरे' છે ને? सुरस भरे करमसौं रीते.. કર્મથી ખાલી એ તો અભાવ કહ્યો. પણ સુરસ ભરે—અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો ભગવાન પૂર્ણાનંદ છે એ તું છો. આહાહા! કહો, આત્મા આને કહીએ અને એ આત્માનું આવું સમ્યગ્દર્શન થાય ત્યારે એને સમકિતી અને ધર્મની શરૂઆત થઈ કહેવામાં આવે. આહા! परम सुरस भरे करमसौं रीते हैं, ऐसे बैन कहै गुरु... આવા વચનો કહે, સાંભળે. तौऊ ते न धरै उर.. અંદરમાં હૃદયમાં ધારે (નહીં), અદ્ધર ને અદ્ધર (કાઢી નાખે). આહાહા! ऐसे बैन कहै गुरु तोऊ ते न धरै उर, मित्रकैसे पुत्र.. માટીના પૂતળાં છે કહે છે. આહાહા! (જેમ) માટીના પૂતળાને કાંઈ ખબર પડતી નથી એવો ખબર વિનાનો છે કહે છે.

'मित्रकैसे पुत्र,'... 'मित्र' એટલે માટી. માટીના પૂતળાં જેવો. किधौं चित्रकैसे चीते है.. આ ચિત્રમાં બનાયા હુઆ મનુષ્ય (જેવો) ચિતરામણ છો તું એકલો. આહાહા! અતીન્દ્રિય આનંદનો નાથ એવો પ્રભુ તને બતાવું છું, એ ન્યાં જો, ન્યાં જો. એને ઠેકાણે, આ નહીં, અમારે તો આમ કરવું, અમારે તો આમ કરવું, અમારે જ્ઞાન-દર્શનની પહેલી જરૂર નહીં. અમારે તો પહેલાં વ્રત પાળવા, તપ કરવા. આહાહા! માટીના પૂતળો છો, કહે છે. ચિતરામણનું કાગળિયું છો. આહાહા! જડ છો એમ કીધું લ્યોને. એમ થયું કે નહીં? આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ નિર્વિકલ્પ સચેતન પ્રભુ પડ્યો છે એની દૃષ્ટિ કર ને એને જો (અને) રાગ અને પુણ્ય અને પર્યાયમાંથી દૃષ્ટિ છોડી દે. પણ માટીનાં પૂતળાંને જેમ કાંઈ અસર થતી નથી, એમ અજ્ઞાનીને આ વાત સાંભળીને અસર થતી નથી, એમ કરીને એને જગાડે છે. જાગ રે જાગ આત્મા સચેતન પ્રભુ. લ્યો, એ છઠ્ઠો કળશ હોં. એનું ૧૨મું પદ. એની વિશેષતા પાછળ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૭૩, જેઠ વદ ૫, રવિવાર, તા. ૧૩-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર, પદ ૧૩ થી ૧૬ ઉપર પ્રવચન

સમયસાર નાટક, ૧૩મો પદ છે. ૧૩.. ૧૩ છે ને?

જીવની શયન અને જાગૃત દશા કહેવાની પ્રતિજ્ઞા (દોહરા)

एतेपर बहुरौ सुगुरु, बोलैं वचन रसाल।
सैन दसा जागृत दसा, कहै दुहूंकी चाल॥१३॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—રસાલ=મીઠા. સૈન(શયન)=સૂતેલી. દસા=અવસ્થા.

**અર્થ :**—આમ છતાં ફરીથી કૃપાળુ સુગુરુ જીવની નિદ્રિત અને જાગૃતદશાનું કથન મધુર વચનોમાં કહે છે. ૧૩.

**अर्थ :**—इतने पर फिर कृपालु सुगुरु जीवकी निद्रित और जागृतदशाका कथन मधुर वचनोंमें कहते हैं॥१३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? इतने पर फिर कृपालु सुगुरु.. જ્ઞાની ધર્માત્મા जीवकी निद्रित और जागृतदशाका कथन मधुर वचनोंमें कहते हैं. અજ્ઞાનમાં શું થઈ રહ્યું છે અને જ્ઞાનમાં—ધર્મમાં શું થાય? એનું વર્ણન કરતે હૈં—કરે છે. જીવકી શયન અવસ્થા—અનાદિથી અજ્ઞાનમાં સૂતો છે. (શ્રોતા : ચાલે ત્યાં આમ સૂતો છે?) સૂતો જ છે. આહાહા! આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એવું જ્યાં અંતરમાં ભાન નથી, એ બધા પુણ્ય ને પાપના રાગમાં અજ્ઞાનમાં સૂતા છે. સમજાણું કાંઈ? સૂતા છે.

ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને એકલો જ્ઞાનમૂર્તિ પ્રભુ છે આત્મા, એને આત્મા કહીએ. એ આત્મા.. સર્વજ્ઞ પરમેશ્વરે એને આત્મા કહ્યો છે. આ શરીર આદિ તો અજીવ—જડ છે. પુણ્ય ને પાપના ભાવ એ તો અચેતન આસ્રવ છે. હિંસા-જૂઠું-ચોરી-વિષય-ભોગવાસના—એ પાપ વિકલ્પ છે. પાપ એ અજીવ છે, એ આત્માનું સ્વરૂપ નથી, એ આત્મા નથી. તેમ દયા-દાન-વ્રત-ભક્તિ-તપ-પૂજા આદિનો જે વિકલ્પ છે એ પણ આસ્રવ છે, રાગ છે, વિકાર છે, વિભાવ છે, એ કાંઈ આત્મા નથી. આહાહા! એથી અનાદિથી અજ્ઞાની—આત્માને ન જાણનારા રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવમાં સૂતા છે, એમાં

પોઢ્યા છે. એને આત્મા શું ચીજ છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

जीवकी शयन अवस्था. ૧૪મું.. ૧૪મું પદ છે.

જીવની શયન અવસ્થા (સવૈયા એકત્રીસા)

काया चित्रसारीमैं करम परजंक भारी,
मायाकी संवारी सेज चादरि कलपना।
सैन करै चेतन अचेतना नींद लियैं,
मोहकी मरोर यहै लोचनकौ ढपना।।
उदै बल जोर यहै स्वासकौ सबद घोर,
विषै-सुख कारजकी दौर यहै सपना।
ऐसी मूढ़ दसामैं मगन रहै तिहूं काल,
धावै भ्रम जालमैं न पावै रूप अपना।।१४।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**કાયા=શરીર. ચિત્રસારી=શયનાગાર, સૂવાની જગ્યા. સંવારી=સજી. પરજંક (પર્યંક)=પલંગ. સેજ=પથારી. ચાદરિ=ઓઢવાનું વસ્ત્ર. અચેતના=સ્વરૂપને ભૂલી જવું તે. લોચન=આંખ. સ્વાસકૌ સબદ=નસકોરાં બોલાવવાં.

**અર્થ :—**શરીરરૂપી મહેલમાં કર્મરૂપી મોટો પલંગ છે, માયાની પથારી સજેલી છે, કલ્પનારૂપી[1] ચાદર છે, સ્વરૂપની ભૂલરૂપ નિદ્રા લઈ રહ્યો છે, મોહની લહેરોથી આંખની પાંપણ ઢંકાઈ ગઈ છે, કર્મોદયની જોરાવરી એ નસકોરાંનો ઘુરકાટ છે, વિષય-સુખનાં કાર્યો માટે ભટકવું એ સ્વપ્ન છે; આવી અજ્ઞાન દશામાં આત્મા સદા મગ્ન થઈને મિથ્યાત્વમાં ભટકતો ફરે છે પરંતુ પોતાના આત્મસ્વરૂપને જોતો નથી. ૧૪.

૧. જ્યારે રાગ-દ્વેષનાં બાહ્ય નિમિત્ત નથી મળતાં ત્યારે મનમાં જાતજાતનાં સંકલ્પ વિકલ્પ કરવા તે.

**अर्थ :—**शरीररूपी महलमें कर्मरूपी बड़ा पलंग है, मायाकी सेज सजी हुई है, कल्पनारूपी चादर है, स्वरूपकी भूलरूप नींद ले रहा है, मोहके झकोरोंसे नेत्रोंके पलक ढँक रहे हैं, कर्मोदयकी जबरदस्त धुरकनेकी आवाज है, विषय-सुखके कार्योंके हेतु भटकना यह स्वप्न है; ऐसी अज्ञान-अवस्थामें आत्मा सदा मग्न होकर मिथ्यात्वमें भटकता फिरता है परन्तु अपने आत्मस्वरूपको नहीं देखता।।१४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે કે काया चित्रसारी.. ન્યારી.. શરીરરૂપ મહેલ એ તો ભિન્ન જડ છે આ તો.

એ અજ્ઞાની મારા તરીકે માનીને પડ્યો છે મૂઢ. (શ્રોતા : એને ક્યાં ખબર પડે કર્મની?) કોની? (શ્રોતા : કર્મની.) આ કર્મની અહીંયાં વાત ક્યાં છે? **शरीररूपी महलमें कर्मरूपी बड़ा पलंग है.** શરીરરૂપ મહેલમેં... એમ પછી. પહેલું શરીરરૂપી મહેલ છે અને કર્મરૂપી મોટી—બડા પલંગ છે. એટલે કે ભગવાન આનંદસ્વરૂપ આત્મા છે એની ખબર નથી એટલે કર્મનાં ભાવના નિમિત્તે અથવા કર્મના નિમિત્તે થયેલા વિકારો એ પલંગ છે એમાં સૂતો છે એ. કહો, સમજાણું કાંઈ? આહાહા! શુભ ને અશુભ ભાવ એ કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો ભારે પલંગ છે. આહાહા!

અજ્ઞાની, જેમ વીતરાગદેવ કહે છે એવો જેને આત્મા—રાગ અને શરીર વિનાની ચીજ એવું જેને ભાન નથી, એ બધા પુણ્ય ને પાપના વિકલ્પો—વાસનાઓ એમાં એ પલંગમાં સૂતા છે, પોઢ્યા છે એ પલંગમાં. આહાહા! (શ્રોતા : પોઢ્યાનો અર્થ કરજો બાપા). પોઢ્યા છે એ મરી ગયા છે. આહાહા! એવી વાત છે ઝીણી! શરીરરૂપી મહેલ મોટો મહેલ. મહેલ એટલે આ મોટો હજીરો—બે-પાંચ-દસ લાખનું મકાન, એમાં કર્મરૂપી પર્યંક—કર્મરૂપી પલંગ. આહાહા! શરીરરૂપી મહેલ એમાં કર્મરૂપી પલંગ. આહાહા! આત્મા એનાથી જુદી ચીજ છે શરીર અને કર્મથી એવું ભાન નથી અજ્ઞાનીને. મિથ્યા દૃષ્ટિમાં, ભ્રમણામાં એ શરીરના મહેલમાં કર્મના નિમિત્તે થતા વિકલ્પો—શુભ-અશુભ ભાવ(રૂપી) પલંગમાં સૂતો છે. આહાહા! ઘોર નિદ્રા અજ્ઞાનમાં લેટશે એ.

**मायाकी सेज..** છે. છે ને? **मायाकी संवारी..** 'संवारी' છેને અર્થ. સંવારીનો અર્થ કર્યો છે અંદર 'સજી.' માયાજાળનું સજ (સજાવટ) કરી છે એણે. આહાહા! શરીર, વાણી, મન, આ બહારની લક્ષ્મી ધૂળ-ધમાલ એ બધી માયાજાળ, એમાં અજ્ઞાની પોતાપણે માની અને એ શય્યાને સજી છે. કર્મરૂપી શય્યામાં સૂતો છે. એની માયાથી એને સજાવી છે. આહાહા! કહો સમજાણું આમાં? ક્યાં ગયો મનસુખ? સમજાય છે કે નહીં આ? કહે છે કે અજ્ઞાની આ રીતે ધર્મ નથી સમજતો, એને ધર્મનું ભાન નથી કે આ આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ છે, મારું આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ છે એ ચૈતન્ય છે. એવી ચૈતન્યની દશાનું અથવા શક્તિનું—સ્વભાવનું મિથ્યાદૃષ્ટિને ભાન નથી. એથી એ શરીરરૂપી મહેલમાં કર્મરૂપી પલંગમાં માયાને સજીને નિરાંતે સૂતો છે. આહાહા! માયાની સેજ સજી છે. ઠીક.

કલ્પનારૂપી ચાદર ઓઢી છે. આહાહા! કલ્પના કરે, આનું આમ થાશે ને આનું આમ થશે ને આનું આમ થાશે. **जब राग-द्वेषके बाह्य निमित्त नहीं मिलते तब मनमें भाँति-भाँतिके संकल्प-विकल्प** કરે. કરે સંકલ્પ અને વિકલ્પ, પરનું તો કાંઈ કરી શકતો નથી. આહાહા! આનું આ કરી દઉં ને આની દયા પાળી દઉં ને આની અમે અહિંસા કરી દઉં

ને હું આમ રળી દઉં, આમ કમાઉં ને... એમ અજ્ઞાની—મૂઢ અનાદિનો મિથ્યાદૃષ્ટિ સંકલ્પ-વિકલ્પની સેજને સજી એમાં કલ્પનારૂપી ચાદર ઓઢી છે. આહાહા! સવળું ન સૂવે તો ઓઢેને કપડું (શ્રોતા : માખી ન આવે). હમણાં માખીયું બહુ થઈ છે હમણાં. આ તો અનાદિની માખી થઈ છે, કહે છે. આહાહા! કલ્પનારૂપી ચાદર ઓઢી ભગવાન ચિદાનંદ પ્રભુ આનંદનો ધામ એના ભાન વિના એ કલ્પનાની ચાદર ઓઢીને સૂતો છે. આહાહા!

सैन करै चेतन अचेतना नींद लियैं. આહાહા! અચેતન—ભૂલરૂપ નીંદ લીધી છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાન ને દર્શન એનો સ્વભાવ એને ભૂલી, અચેતનાની નીંદ છે એને. આહાહા! પુણ્ય ને પાપના રાગની નિદ્રા છે એને. અચેતનમાં નિદ્રા (કરે છે)—સૂતો છે. આહાહા! मोहके झकोरोंसे नेत्रोंके पलक ढँक रहे हैं. મિથ્યાત્વના જોરથી ઊંધી શ્રદ્ધાને લઈને સમ્યગ્જ્ઞાનના નેત્રો—પલક, સૂએ ત્યારે આંખો બંધ થઈ જાયને આમ, એમ એના નેત્રો ઢંકાઈ (-બિડાઈ) ગયા છે. આહાહા! મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન એને લઈને એના સમ્યગ્જ્ઞાન નેત્ર ઢંકાઈ ગયા છે. સમજાણું કાંઈ?

मोहके झकोरोंसे नेत्रोंके पलक ढँक रहे हैं. અંદરના નેત્રો હોં. જે જ્ઞાન દ્વારા આત્માને જાણવો જોઈએ, એ જ્ઞાનના નેત્રો મિથ્યાત્વને લઈને બંધ થઈ ગયા છે એના. સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના સમ્યક્ દર્શન વિના, એના અનુભવ વિના અજ્ઞાની મોહ—મિથ્યાત્વને કારણે પુણ્યમાં ધર્મ છે, પાપમાં સુખ છે, શરીરમાં ઠીક છે, આ બધી સામગ્રીઓ મળી એ બધી મારી છે—એવી જે મિથ્યાત્વની નિદ્રા લઈને અંતરના નેત્રો જેના ઢંકાઈ (ગયા છે). આમ સૂએ ત્યાં આંખોની પલક બંધ થઈ જાયને, એમ એના સમ્યક્ નેત્રો ઢંકાઈ ગયા છે. આહાહા! છે ને?

मोहकी मरोर यहै लोचनकौ ढपना, उदै बल जोर यहै स्वासकौ सबद घोर. આહાહા! કહે છે, કર્મોદયની જબરજસ્તીથી ઘૂરકે. આ સૂવે ત્યારે અંદર અવાજ થાય છેને અંદર ઘૂરક ઘૂં.. ઘૂં.. આ .... (શ્રોતા :નાકોરા) નાકોરા (નસકોરાં). એમ અજ્ઞાની કર્મના ઉદયમાં ઘૂરકે છે. કર્મના ઉદયમાં વિકાર જે થાય એ એનું ઘૂં.. ઘૂં.. થઈ રહ્યું છે એને અંદરથી. कर्मोदयकी जबरदस्त धुरकनेकी आवाज है. આહાહા! એમાં કાંઈક પુણ્ય હોય અને પુણ્ય લઈને કાંઈક ધૂળ-બૂળ મળે પૈસા આદિ ને બાયડી-છોકરાં કાંઈક ઠીક હોય ને મૂઢ મિથ્યાત્વને લઈને અંદર ઘૂરકે.. ઘૂરકે ઘૂં..ઉ. નિદ્રાનો અવાજ એને છે. આ બનારસીદાસ ઉપમા આપે છે આ. મનસુખ! માળે ભાઈ આ!

विषय-सुखके कार्योंके हेतु भटकना... આહાહા! પોતામાં આનંદ છે એવું જ્યાં ભાન

નથી, એ પાંચ ઇન્દ્રિયના વિષયના સુખમાં ભટકે છે, એ એને સ્વપ્ન આવે છે. નિદ્રામાં જેમ સ્વપ્ન આવેને. નિદ્રામાં જેમ સ્વપ્ન આવે, એમ આને પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખ છે એવું સ્વપ્ન એને આવ્યું છે. આહાહા! આ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એવા સાંભળે, સ્ત્રીનું શરીર સુંદર દેખે સુંવાળું માખણ જેવું, અજ્ઞાની મૂઢ જીવ એમાં સુખ છે એવી કલ્પના કરીને અજ્ઞાનની નિદ્રામાં પરમાં સુખ છે એવું એને સ્વપ્ન આવે છે. આહાહા! કહો પ્રકાશદાસજી! આ વાત છે. દેખો, બનારસીદાસ કહે છે આ. ભગવાને જે કહેલું (તત્ત્વ) એને ન્યાયથી ઉતારીને આત્મામાં એ વિરુદ્ધ શું છે એ જ્ઞાની કહે છે, બતાવે છે. આહાહા! विषय-सुखके कार्योंके हेतु भटकना.. આહાહા! આંહીં રળવા જવું ને આંહીં ભોગ લઉં ને આંહીં સાંભળવું ને આંહીં શબ્દ સાંભળવું, રૂપ દેખવું, રસ ચાખવું, ગંધ સૂંઘવું, સ્પર્શ સ્પર્શવું. એ પરચીજની અંદરમાં ઝાંવા નાખી અને સુખની કલ્પના કરે છે, એ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિને નિદ્રામાં સ્વપ્નુ આવ્યું છે (એમ) કહે છે.

ऐसी मूढ़ दसामैं मगन रहै तिहूं काल.. ऐसी अज्ञान अवस्थामें आत्मा सदा.. સવાર, બપોર ને રાત એ અજ્ઞાની મૂઢ તો તલ્લીન છે. આહાહા! धावै भ्रम जालमैं न पावै रूप अपना. આહાહા! ऐसी अज्ञान अवस्थामें आत्मा सदा मग्न होकर मिथ्यात्वमें भटकता फिरता है. એ મિથ્યા—જૂઠી માન્યતા છે, મિથ્યા દૃષ્ટિ છે. વિષયમાં સુખની કલ્પનાનું સ્વપ્ન એ મિથ્યાત્વને (લઈને) આવે (અને) એ મિથ્યાદૃષ્ટિને હોય છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, પ્રવીણભાઈ! આવી વાત છે. આહાહા!

अपने आत्मस्वरूपको नहीं देखता. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ આત્મા છે. જેવો ભગવાને પ્રગટ કર્યો છે પરમાત્મા તીર્થંકરે, એવો એ આત્મા છે આનંદનું ધામ. એને એ જાણતો નથી, ઓળખતો નથી, એની એને ખબરું નથી, નિજ નિધાનમાં નજરું નથી. એ પરવસ્તુ (કે) જે એમાં નથી, એની કલ્પનામાં દોડી રહ્યો છે મૂઢ મિથ્યાદૃષ્ટિ. આ ચાર ગતિમાં રખડવાના એનાં લક્ષણ છે કહે છે. આહાહા! કહો, આમાં સમજાય છે કે નહીં?

છોટુભાઈ! ક્યાં ગયા તમારા (બીજા)? આ બે છોટાભાઈ છેને? એય છોટુભાઈ! એ શેઠ છે એમના. આ સમજવાનું છે. ન્યાં ધૂળમાં કાંઈ નથી એમ કહે છે. (શ્રોતા : ધૂળમાં કાંઈ નથી. પૈસામાં માલ છે). હવે પૈસા શું હશે? ધૂળ છે એ શું હશે? આ શરીર ધૂળ છે માટી, આ તો માટી જડ છે ધૂળ છે. અરે! એ તો ધૂળ છે, પણ અંદર શુભ-અશુભ ભાવ થાય એ અચેતન છે, એ ચૈતન્યસ્વભાવની જાત નહીં. આહાહા! અરે! એને... કીધુંને અંદર આવી ગયું છે એ અચેતનમાં.

सैन करै चेतन, अचेतना नींद लियैं. આહાહા! એ શુભ અને અશુભ વિકલ્પો જે ભાવ છે એ અચેતન છે, એ ચૈતન્યની જાત નથી. આહાહા! આ શરીર તો માટી—ધૂળ છે એ પ્રત્યક્ષ છે. એ રાખ થાય છે એની નથી ખબર પડતી? સ્મશાનની રાખ થઈને ઉડી જાય ફડાક દઈને. (શ્રોતા : એ તો થાય તે દિ' ને?) હવે થયેલી જ છે. આ શું છે આ? આ શું છે આ?

શાસ્ત્રમાં તો એને મૃતક ક્લેવર કહ્યું છે. મડદું છે, આ તો મડદું છે, અચેતન છે, માટી—ધૂળ છે. ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ દેહદેવળમાં (રહ્યો છતાં) દેહથી ભિન્ન.. આહાહા! અને એ પુણ્ય-પાપના રાગથી પણ ભિન્ન. આહાહા! એવા આત્માનું ભાન નથી, અંતર પિછાણ નથી, અંતર અનુભવ નથી, અંતરનો આશ્રય નથી. એ બધા મૂઢ મિથ્યાત્વી જીવો અજ્ઞાનમાં સૂતા છે ને આત્મસ્વરૂપને કાંઈ દેખતા (નથી.) અંદર ચીજ કોણ છું એને દેખવાની નવરાશ લેતા નથી. આહાહા! ક્યાં ગયો હસમુખ? (શ્રોતા : એમાં તો એનું ઉદયનું બળ છે). ઉદયનું બળ એટલે આત્મબળ ગયું ત્યારે ઉદયનું બળ છે, એમ કીધું. ન્યાં દૃષ્ટિ છે એને જોરમાં. અજ્ઞાનીને પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષમાં દૃષ્ટિ છે તે એનું બળ છે. આત્માનું બળ ક્યાં રહ્યું ન્યાં? આહાહા!

હવે જાગૃત દશા. આ અજ્ઞાનની દશાનું વર્ણન (થયું). મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમાં શું શું થાય એનું વર્ણન (હતું). ચાહે તો એ સાધુ થયેલો હો કે ભોગી હો કે જોગી હો, પણ અંતરમાં જે પુણ્ય ને પાપનાં વિકલ્પોમાં સૂતો છે અને એમાં ધર્મ માને અને એ ચીજ હું છું (એમ) માને છે, એ મિથ્યાત્વની નીંદમાં નિરાંતે સૂતા છે. એને આત્મા શું ચીજ છે એની એને ખબર નથી. હવે જીવની જાગૃત દશા. સવળી લે છે હવે. આ ભગવાન આત્મા જાગે છે. અરે! હું તો આત્મા, હું તો આનંદનો ધામ, જ્ઞાનાનંદનો સાગર, આહાહા! મારી ચીજમાં શરીર, વાણી તો નહીં, લક્ષ્મી-ફક્ષ્મી તો ક્યાંય દૂર રહી ગઈ, પણ મારી ચીજમાં પુણ્ય ને પાપની વૃત્તિઓ થાય દયા-દાન-ભક્તિ-પૂજા—એ વિકલ્પ પણ મારી ચીજમાં નથી. આહાહા! એમ અંતરમાં ભાન સમ્યગ્દર્શન થતાં—સમકિત દર્શન થતાં જાગૃત દશા કેવી હોય એનું વર્ણન છે.

જીવની જાગૃત દશા (સવૈયા એકત્રીસા)

**चित्रसारी न्यारी परजंक न्यारौ सेज न्यारी,**
**चादरि भी न्यारी इहां झूठी मेरी थपना।**
**अतीत अवस्था सैन निद्रावाहि कोउ पै,**

न विद्यमान पलक न यामैं अब छपना।।
स्वास औ सुपन दोऊ निद्राकी अलंग बूझै,
सूझै सब अंग लखि आतम दरपना।
त्यागी भयौ चेतन अचेतनता भाव त्यागि,
भालै दृष्टि खोलिकैं संभालै रूप अपना।।१५।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—થપના=સ્થાપના. અતીત=ભૂતકાળ. નિદ્રાવાહિ=નિદ્રામાં પડેલો. યામૈં=એમાં. છપના=લગાવવું. અલંગ=સંબંધ. દરપના=દર્પણ. ભાલૈ=દેખે.

**અર્થ :**—જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યારે જીવ વિચારે છે કે શરીરરૂપ મહેલ જુદો છે, કર્મરૂપ પલંગ જુદો છે, માયારૂપ પથારી જુદી છે, કલ્પનારૂપ ચાદર જુદી છે, આ નિદ્રાવસ્થા મારી નથી–પૂર્વકાળમાં નિદ્રામાં પડેલી મારી બીજી જ પર્યાય હતી. હવે વર્તમાનની એક પળ પણ નિદ્રામાં નહિ વીતાવું, ઉદયનો નિઃશ્વાસ અને વિષયનું સ્વપ્ન–એ બન્ને નિદ્રાના સંયોગથી દેખાતા હતા. હવે આત્મરૂપ દર્પણમાં મારા સમસ્ત ગુણો દેખાવા લાગ્યા. આ રીતે આત્મા અચેતનભાવોનો ત્યાગી થઈને જ્ઞાનદષ્ટિથી જોઈને પોતાનું સ્વરૂપ સંભાળે છે. ૧૫.

**अर्थ :**—जब सम्यग्ज्ञान प्रगट हुआ तब जीव विचारता है कि शरीररूपी महल जुदा है, कर्मरूप पलंग जुदा है, मायारूप सेज जुदी है, कल्पनारूप चादर जुदी है, यह निद्रावस्था मेरी नहीं है—पूर्वकालमें सोनेवाली मेरी दूसरी ही पर्याय थी। अब वर्तमानका एक पल भी निद्रामें नहीं बिताऊँगा। उदयका निःश्वास और विषयका स्वप्न ये दोनों निद्राके संयोगसे दिखते थे। अब आत्मरूप दर्पणमें मेरे समस्त गुण दिखने लगे। इस प्रकार आत्मा अचेतन भावोंका त्यागी होकर ज्ञानदृष्टिसे देखकर अपने स्वरूपको सम्हालता है।।१५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એ તો નિદ્રાના સંબંધમાં એ બધું ભાસતું હતું, એમ કહે છે.

સમ્યગ્દ્રષ્ટિ—પ્રથમ દરજ્જાનો ધર્મી જેને ભગવાન સમ્યગ્દ્રષ્ટિ કહે, જેને ધર્મી કહે, એની જાગૃત અવસ્થા કેવી હોય એની આંહીં વાત વર્ણવે છે. આહાહા! जब सम्यग्ज्ञान प्रकट हुआ.. અર્થાત્ પુણ્ય ને પાપના રાગથી ભિન્ન મારી ચીજ છે. હું એક સિદ્ધસ્વરૂપી પ્રભુ આત્મા એ મારું સ્વરૂપ છે. એવી અંતરની અનુભવની દષ્ટિ થતાં—એમાં આત્મા શુદ્ધ આનંદ છે એમ પ્રતીત આવતાં—એને સમ્યગ્જ્ઞાન થાય ને સમ્યગ્દર્શન થાય, तब जीव કેવું વિચારે છે? ધર્મી, જીવને કેવો માને છે? આહાહા! चित्रसारी न्यारी.. એ શરીરરૂપ મહેલ

જુદા. આ તો માટી—ધૂળ છે, અજીવ છે. આહાહા! મારામાં એ નહીં અને એ અજીવ થઈને રહેલ છે. મારી કોઈપણ દશા થઈને શરીર રહેલું નથી. શરીર તો અજીવ થઈને, માટી થઈને રહેલ છે. એ કંઈ મારી ચીજ થઈને રહેલ છે (નહીં). પર્યાયમાં હોં, દ્રવ્ય-ગુણમાં તો છે જ નહીં. પણ એની અવસ્થામાં શરીર રહ્યું છે એમ નથી. જુઓ, આનું નામ સમ્યગ્દ્રષ્ટિ જાગૃત.

કે શરીર મહેલમાં—અજીવપણામાં મારું કાંઈ નથી. આહાહા! હવે શરીરમાં મારું કાંઈ નથી અને આ બાયડી છોકરાં ને કુટુંબમાં ક્યાં આવ્યો એ? આરે ભારે આકરું! કર્મરૂપી પલંગ જુદો છે. શરીરરૂપી મહેલ જુદો અને પલંગ જુદો. પુણ્ય ને પાપના ભાવમાં સૂતો એ પલંગ જુદો, એ મારું સ્વરૂપ (નહીં). આહાહા! માયારૂપી સેજ જુદી. એ પલંગ જે આમ શય્યાને સજાવેલી હોયને. છેને સોનાના ઓલા નાખેને શય્યાને.

ત્યાં છેને સર હુકમીચંદ. શું કહેવાય? નહીં આપણે ગયા હતા...? પલંગ હતો ને પલંગમાં સોનાનાં ઓલાં લખાણ, ભાઈ અક્ષરો. આ પ્રકાશ પાસે, ઓલા કાચના મહેલ પાસે હતાને એમ કંઈ. (શ્રોતા : શીશમહેલ) શીશમહેલ.. શીશમહેલ, લો. મોટા ગૃહસ્થ હતાને એ તો. વીસ કરોડ કહેવાતા. ધૂળનાં આંકડા છે. એના પલંગને સજાવેલા હોય આમ એવા દેખાવ... હેઠે ચાર પલંગના (પાયામાં) સિંહના મોઢા. માથે આમ વાળ. એના પલંગને સેજને મઢાવી હોય. અજ્ઞાનીને સેજ એ કર્મના રાગ અને દ્વેષ, એને જે મઢાવી હોય જ્યાં બધા બાયડી, છોકરાં કુટુંબ મારા, આ બધી ધૂળ મારી એ સેજને સજી છે. જ્ઞાની (એને સેજ) માનતો નથી. એ મારી સેજ જ નહીંને. આહાહા!

એ ધર્મી થતાં—સમ્યગ્દ્રષ્ટિ થતાં, ભલે ગૃહસ્થાશ્રમમાં દેખાય છતાં એ શરીરરૂપી મહેલ, કર્મરૂપી પલંગ અને માયારૂપી સેજ બધું જુદું છે. મારી ચીજમાં એ નથી. આહાહા! મારી (ચીજ)માં હોય તે જુદી પડે નહીં. જુદી પડે તે મારી (ચીજ) નહીં. न्यारी इहां झूठी मेरी थपना, લ્યો. એ કલ્પનારૂપ ચાદર જુદી, લ્યો. કલ્પના કરે કે આ મારું ને આ તારું. એ બધી કલ્પનાની ચાદર જૂઠી. હું તો અખંડાનંદ પ્રભુ. કલ્પના એ જુદી. निद्रावस्था मेरी नहीं. આહાહા! એ અજ્ઞાનમાં રાગ-દ્વેષ માનતો હતો મારા, એ વસ્તુ જ મારી નહીં. એ મારી દશા જ ફરી ગઈ હવે, એમ કહે છે. આહાહા! એ આઠ વર્ષની બાલિકા પણ આત્મજ્ઞાન પામે—સમ્યગ્દર્શન ત્યારે આ દશા થાય છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન હોં હજી! આહાહા! ચારિત્ર તો પછી વાત. સ્વરૂપમાં ઠરવું ને રમવું એ તો અલૌકિક બીજી વાત, પણ પ્રથમ સમ્યગ્દર્શનનો ધર્મ થતાં કહે છે, निद्रावस्था मेरी नहीं. पूर्वकालमें सोनेवाली मेरी दूसरी ही पर्याय थी. એ અજ્ઞાનમાં રાગ-દ્વેષ મારા માન્યા, એ

દશા જ મારી નથી. એ અવસ્થા જ હું નહીં. આહાહા! સમજાણું કાંઈ? मेरी दूसरी ही पर्याय थी. એ અવસ્થા જ બીજી હતી. અજ્ઞાનમાં રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ ને એના બહારના સંયોગો મારા—એમ જે માન્યું હતું, એ દશાય મારી નહીં. એ અજ્ઞાનની અવસ્થા હતી, મારામાં છે નહીં. મારી દશા ફરી ગઈ છે હવે. આહાહા! હું તો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું એમ સમ્યગ્દ્રષ્ટિને–ધર્મીને અંત રમાં ભાસ થાય ત્યારે એને આ દશા જૂઠી કલ્પના હતી પહેલાંની, એમ એને એવો વિચાર આવે છે. કહો, સમજાણું?

अब वर्तमानका एक पल भी निद्रामें नहीं बिताऊँगा. આહાહા! શું કહે છે જરી? ભગવાન આત્મા.. સમ્યગ્દર્શન એટલે અનુભવ આત્માનો થતાં એક પળ પણ રાગની એકતામાં હવે વિતાવું નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? આ વ્યવહાર દયા-દાન-વ્રત-ભક્તિ-ભગવાનની શ્રદ્ધાનો રાગ, એ રાગની એકતા હવે એક પળ પણ હું કરું નહીં એમ કહે છે. કરું નહીં. આહાહા! अब वर्तमानका एक पल भी निद्रामें नहीं बिताऊँगा. એનો અર્થ એ થયો કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યનું ભાન થયું એટલે વિકલ્પમાત્ર જે છે એનાથી વિરક્ત થયો. આહાહા! બહારમાં દેખાય કે સંયોગમાં (છે) પણ અંતરમાં સંયોગ ને સંયોગભાવથી તદ્દન જુદો ધર્મી હોય છે.

નાળિયેરમાં જેમ સૂકો ગોળો કાચલીથી છૂટો પડેલો જેમ જુદો છે. કાચલી સમજતે હૈં? (શ્રોતા : ઉસકે ઉપર.....) વહ કાચલી હોતી હૈ ન કડક, કઠણ. લાલ તો છાલ. પણ વહ કાચલી હોતી હૈ ન કડક. એ નામ દૂસરા કહતે હૈં હિન્દીમેં કુછ કાચલીકો? નામ ફેર છે કંઈક. (શ્રોતા : વહ છોતા ઉપરકા) નહીં, એ નહીં. વહ કાચલી કઠણ. (શ્રોતા : ......) એ છાલા નહીં, બસ વહ. (શ્રોતા : હોકા બનતા હૈ.) હા, વહ હોકા બનતે હૈં વો. એ હોકા બને એ. એ કાચલી જુદી, (એમ) આ શરીર–છાલાં જુદા. આ કાચલી–કર્મ જુદાં અને કર્મનાં સંગે થયેલી રાતળ. કાચલી કોરની રાતળ ઝીણી લાલ લાલ છાલ. (શ્રોતા : ગોલેસે ચીપકી રહતી હૈ). એ પણ જુદી. જેમ નાળિયેર સફેદ ગોળો ધોળો શુદ્ધ. એમ ધર્મીને પોતાનો આત્મા શુદ્ધ એટલે નિર્મળ, આનંદ એટલે સુખરૂપ, એ હું. બાકી આ પુણ્ય-પાપની લાલ છાલ, આઠ કર્મની કાચલી અને આ શરીરના છાલાં—એ બધી જુદી ચીજ છે. કહો, સમજાણું કાંઈ? ભારે કહે છે.

न विद्यमान पलक न यामैं अब छपना.. એક ક્ષણ પણ ધર્મીને રાગના અંશ સાથે એકત્વબુદ્ધિ થતી નથી. આહાહા! ભિન્ન પડ્યો એ પડ્યો, કહે છે. પર્વતું પર વીજળી ત્રાટકે, ભાઈએ લખ્યું છે ને. આપ્યું છે કે નહીં પાનું તે દિ'? ચેતવવું.. ચેતવવું શું કહેવાય? આ ગીત છે આનું. વીંછીયાવાળાએ નથી લખ્યું? પર્વત પર જેમ વીજળી ત્રાટકે.. એ મુંબઈમાં

વ્યાખ્યાન આપેલું એમાંથી આ લખી લીધું છે. અને એ પર્વતનાં બે ટુકડા થાય, એ રેણ દીધે ભેગા ન થાય. એને રેણ દીધે ભેગા ન થાય. એમ ધર્મી જીવને રાગ અને શરીરની એકતા તૂટી જ અંદર છે. આહાહા! સમજાણું કાંઈ? એને ધર્મ કહીએ. આહાહા! રાગ ને શરીર અને આત્માનો સ્વભાવ—બે વચ્ચે જેણે ભેદજ્ઞાનની છીણી મારી છે અંદરથી. એ બે જુદાં પડ્યા, એ કોઈ દિ' હવે એકતાર એક થાય (નહીં). આહાહા!

न विद्यमान पलक न यामैं अब छपना, स्वास औ सुपन दोऊ निद्राकी अलंग बुझै.. શું કહે છે? આ શ્વાસનું જે ઓલું ઉદયનું કીધું હતુંને ઉદયનું નિઃશ્વાસ અને નિદ્રામાં સ્વપ્ન આવ્યું કે આ પરમાં સુખ છે એ.—એ બેય અજ્ઞાનની સાથે સંબંધ હતો. મારે (સંબંધ) છે નહીં. उदयका निःश्वास और विषयका स्वप्न निद्राके संयोगसे दिखते थे. એ તો અજ્ઞાનના સંયોગે, પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખ અને કર્મનો ઉદય મારો એ અજ્ઞાનમાં ભાસન થતું હતું. એ ધર્મીને હવે એ મારાં છે એમ ભાસન થતું નથી. ભારે ધર્મની વ્યાખ્યા ભાઈ આવી! કહો, સમજાણું કાંઈ?

આતમરૂપ... પછી આવ્યુંને सुझै सब अंग लखि आतम दरपना. ભગવાન આત્મા અંતર આનંદસ્વરૂપ એવું જ્ઞાન આદિ એના દર્પણમાં सब अंग सुझै.. જેટલાં અનંત ગુણો છે તે પોતાના છે એમ અંદર સૂઝ પડે છે. રાગ આદિ, પુણ્ય આદિ હું નહીં. મારાં અનંત અંગો જે ગુણ છે તે મારાં છે. આહાહા! પહેલી તો વાત પકડવી કઠીન હજી. આ ધર્મ. હવે આંહીં ધર્મ કરીને બેઠાં વહેલાં. અપવાસ કરો ને આ વ્રત કરવા ને એ ધર્મ. હવે સાંભળને! એ તો બધા રાગ ને વિકલ્પ છે. આંહીં તો રાગની વૃત્તિથી ભિન્ન પડેલું તત્ત્વ, જેમાં એકલા ચેતનના અનંત ગુણો જ વસેલા છે. अचेतनता भाव त्यागि.. વિકલ્પ આદિ અચેતન છે તેને દૃષ્ટિમાંથી છોડી દીધા છે. આહાહા!

भालै दृष्टि खोलिकैं संभालै रूप अपना.. ઓહોહો! કેટલું સરસ લખ્યું છે! आत्मा अचेतनभावोंका त्यागी होकर ज्ञानदृष्टिसे देखकर अपने स्वरूपको सम्हालता है. હું તો જ્ઞાન ને આનંદનો ધામ એવી મારી ચીજ છે. એની સંભાળ ધર્મી કરે. રાગ અને પરથી ત્યાગી થયેલો પરની સંભાળ ન કરતાં, પરને પર તરીકે પોતાના જ્ઞાનમાં રહીને એને જાણે. આહાહા! આનું નામ ધર્મ અને આનું નામ સમ્યગ્દર્શન છે. વીતરાગમાર્ગમાં આ ધર્મ છે. સમજાણું કાંઈ?

आत्मा अचेतनभावोंका त्यागी એટલે કે અંદરમાં પુણ્ય ને પાપની લાગણીઓ અચેતનભાવ છે એને છોડી, પોતાના અનંત ગુણને જોઈ, भालै दृष्टि खोलिकैं.. આહાહા! અંતર સમ્યક્ નેત્રથી પોતાના અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા એને જોવે, એને સમ્યગ્દ્રષ્ટિ

અને ધર્મી કહેવાય છે. છે કે નહીં સામે પુસ્તક? લીધું છે કે નહીં નટુ? પણ ત્યાં છે કે નહીં પાલેજ? હશે. વાંચ્યું હશે? શું કીધું? (શ્રોતા : શરૂ કર્યું). શરૂ કર્યું, ઠીક. ધંધો તો કે દિ' નો શરૂ કર્યો છે. (શ્રોતા : એ તો ઘણાં વરસથી..). કહો, સમજાણું કાંઈ? પાપના ધંધા તો કેટલા વરસથી શરૂ કર્યા છે? આ હવે શરૂ કર્યું છે હજી કહે છે. કહો! આંહીં કહે છે... છોટાભાઈ! આંહીં તો આ છે. આહાહા!

પ્રભુ તારી ચીજમાં શાંતિ ને અતીન્દ્રિય આનંદ ભરેલો છે. એવા ગુણને ધારનારો ધર્મી રાગ આદિનો ત્યાગી છે, એ રાગ આદિનો સ્વામી નથી. આહાહા! રાગ, પુણ્ય ને પુણ્યના ફળ આ ધૂળ આદિ એનો એ ધણી નથી. ધર્મી તેનો ધણી નથી અને તેનો ધણી થાય તે ધર્મી નથી. સમજાણું કાંઈ? ભેંસનો ધણી થાય એ પાડો હોય. એમ પુણ્ય ને પાપના રાગ અને શરીર આદિ પુણ્યના ફળ બહાર, એનો સ્વામી થાય એ જડ હોય મિથ્યાદૃષ્ટિ. માળે ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? અંતરમાં જેની સ્વભાવની દૃષ્ટિ ખુલી ગઈ છે, કહે છે કે એને પોતાના સ્વભાવના સમભાવ ઉપર એનું સાવધાનપણું છે. રાગ આદિના વિકલ્પનો તો ત્યાગી છે અંદરથી, એથી તેને સંભાળવું કે રાખવું એ છે (નહીં.) કરવું એમ નથી જ્યાં. આહાહા!

भालै दृष्टि खोलिकै संभालै रूप अपना.. હવે આ તે રાગને સંભાળવો, શરીરને સંભાળવું, આ બાયડી-છોકરા પકડ્યા એને સંભાળવા કે આત્માને સંભાળવો? ધૂળેય સંભાળતો નથી પરને. એ તો કલ્પના કરીને મૂઢ માને છે. સમજાણું કાંઈ? પરને સંભાળી શું શકે એ? એ તો જગતની સ્વતંત્ર ચીજ છે. એને કારણે ટકી ને બદલી રહી છે. એને સંભાળવું (ક્યાં રહ્યું?) આ તો આત્માને સંભાળે એમ કહે છે. ધર્મી પોતાની સંભાળ લે. આહાહા! મહેમાન આવે ત્યારે કહેને કે સંભાળ-બંભાળ લીધી નહીં અમારી તો. ઓરતો કરેને કેટલાક એવા આવ્યા હોય એ. (શ્રોતા : સંભાળ રાખી હોય તો....) હવે કોની સંભાળ લે? એય નટુ! એ બહુ ધ્યાન રાખે દુકાનનું ન્યાં. એ કહે છે કે પરનું ધ્યાન રાખે તો પર રહે એમ વસ્તુ છે નહીં. એ મૂઢ માને છે માળો.

(શ્રોતા : એનું નામ મૂઢ શેનો કહે?) મૂઢ નામ સ્વરૂપ ભિન્ન છે એની ખબર નથી અને ભિન્ન (પર)ચીજ ભિન્ન છે મારાથી એની ખબર નથી, તેથી મૂઢ થયો. આ મારા છે, જે એના નથી એ મારા (માને) છે અને જે એના છે તેને તો આદર કર્યો નથી અંદરનો. આહાહા! અંતર ભગવાન આત્મામાં અનંત આનંદ શાંતિ પડી છે. એવું જે સ્વગુણનું સ્વ નિધાન એને તો સંભાર્યું નથી ને આ પરને સંભાળવાની કલ્પના (કરે છે તે) મૂઢ છે કહે છે.

હવે એ જાગૃત દશાનું ફળ. જે આ પ્રકારે સમ્યગ્દર્શન—જાગૃત દશા થાય કે

વિષયોમાં સુખ નથી. માન્યું હતું એ અજ્ઞાન અવસ્થા હતી. મારામાં આનંદ છે. મારામાં શાંતિ આદિ અનંત ગુણોનો નિધાન ભંડાર છે. અને રાગનો વિકલ્પ ઉઠે દયા-દાન-વ્રત આદિનો, એ પણ મારી ચીજમાં નથી. એ ભિન્ન ચીજ છે. એમ જેને સમ્યગ્દર્શન—જાગૃત દશા ધર્મની થઈ, એનું ફળ શું એ કહે છે. એનું ફળ શું?

જાગૃત દશાનું ફળ (દોહરા)

इहि विधि जे जागे पुरुष, ते शिवरूप सदीव।
जे सोवहि संसारमैं, ते जगवासी जीव॥१६॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**ઇહ વિધિ=આ પ્રકારે. જાગે–સચેત થયા. તે=તેઓ. સદીવ(સદૈવ)= હંમેશાં. જગવાસી=સંસારી.

**અર્થ :—**જે જીવ સંસારમાં આ રીતે આત્મ–અનુભવ કરીને સચેત થયા છે તે હમેશા મોક્ષરૂપ જ છે અને જે અચેત થઈને સૂઈ રહ્યા છે તે સંસારી છે. ૧૬.

**अर्थ :—**जो जीव संसारमें इस प्रकार आत्म-अनुभव करके सचेत हुए हैं वे सदैव मोक्षरूप ही हैं और जो अचेत हुए सो रहे हैं वे संसारी हैं॥१६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

इह विधि जे जागे.. માથે કહ્યું એવો ભગવાન આત્મા પોતાનો આનંદનો, જ્ઞાનનો સાગર—એમ એણે અંતરમાં ઓળખ્યો ને જાણ્યો ને ધર્મી થયો, એનું ફળ તે शिवरूप सदीव. એ તો મોક્ષરૂપ જ છે સદાય એમ કહે છે, લ્યો. આહાહા! ભાઈ! હવે મોક્ષ થશે એમ નથી (કહ્યું). આહાહા! સમ્યગ્દ્રષ્ટિ તો મોક્ષસ્વરૂપ જ છે. કેમ કે રાગ આદિ બધા વિકલ્પથી મુક્ત થયેલો અને આત્માના—પોતાના સહજ સ્વભાવનો આદર કરીને સન્મુખ થયો, એ ધર્મી સદૈવ... ભાષા એમ છે, દેખો. ...सचेत रहे हुए हैं वे सदैव मोक्षरूप ही हैं. આહાહા! ભગવાન આત્મા પોતાના હોવાપણે અસ્તિ—સત્તા, શાંત અને આનંદના રસથી ભરેલો પ્રભુ આત્મા, એનું જ્યાં ભાન અને સ્વભાવનો સ્વામી (એમ) થયો અનુભવ, કહે છે, એ મોક્ષસ્વરૂપ જ છે. ते शिवरूप सदीव.. આહાહા! સદાય મોક્ષસ્વરૂપ જ છે કારણ કે રાગથી મુક્ત છે. સમ્યગ્દ્રષ્ટિ રાગથી મુક્ત છે અને આખા સંસારથી મુક્ત છે. એનામાં સંસાર છે નહીં. આહાહા!

અંતરસ્વરૂપ મહાપ્રભુ ચૈતન્ય, જેવો સર્વજ્ઞ પરમેશ્વરે અનંત અનંત ગુણની ખાણ નિધાન—એવો આત્માને રાગ ને પરથી ભિન્ન કરીને જાણ્યો, એ પરથી ભિન્ન છે એટલે મુક્ત છે, એમ. આહાહા! ભારે વાતું ભાઈ! આમાં ક્યાંય.. જુઓ, આ બધી બહારની

વાતો છે એ તો ક્યાંય આવી નહીં. બહારની વાતો એમાં છે જ નહીંને (તો) ક્યાંથી આવે? આહાહા! શરીર, વાણી, મનની ક્રિયા એ મારી છે, એ તો બહિરાત્મા માનનારા છે. બહિર્ જે ચીજ બાહ્ય છે એ મારાથી થાય (એમ માનનારા) એનું નામ બહિરાત્મા–મિથ્યાદૃષ્ટિ. અરે! પુણ્ય ને પાપના રાગ એ પણ બહિર્ છે, અંતરની ચીજ નથી. એને પણ મારા માનનારા બહિરાત્મા નામ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! ભારે ભાઈ!

આ તો સંસાર છોડીને બેસે ત્યારે થાય આ. અમરચંદભાઈ! પણ સંસાર હતો ક્યાં આંહીં તો? સાંભળને! સંસાર એટલે મિથ્યાત્વ ને રાગ-દ્વેષ. એ જ્યાં સ્વરૂપમાં નથી, આહાહા! એવું જે સ્વરૂપનું ભાન થતાં મિથ્યાત્વ ને રાગ-દ્વેષથી રહિત થયો દૃષ્ટિમાં, (તો) દ્રવ્ય મુક્ત જ છે અને પર્યાયમાં પણ પરથી મુક્ત થઈ ગયો એમ કહે છે. એય ચંદુભાઈ! ભારે વાતું ભાઈ! આ તો આવો જૈનધર્મ હશે? (શ્રોતા : એ ભગવાનનો ધર્મ..) ભગવાનનો ધર્મ તો અત્યારે તો એ સાંભળે ક્યારે? કંદમૂળ ન ખાવા, ચૌવિહાર કરવો, સામાયિક કરવી, પોષા કરવા, વ્રત પાળવા, એવું સાંભળીએ છીએ અત્યારે. એય છોટાભાઈ! (શ્રોતા : એ પણ સંભળાય, આ પણ સંભળાય). બેય છોટાભાઈ બેઠા જોડે. બેય ... છે ને. કહો, સમજાણું આમાં? આહાહા!

કહે છે, બહુ ટૂંકામાં વાત કીધી. इहि विधि जे जागे पुरुष, ते शिवरूप सदीव.. જ્યાં સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો ભાન અનુભવ થયો. એમાં અપૂર્ણતા પણ નથી, તો રાગ અને પર તો નથી જ. આહાહા! એથી તેને–આવી જાગૃત દશાવંતને સદા શિવરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શિવરૂપ એટલે મોક્ષરૂપ. નમોત્થુણંમાં નથી આવતું? 'सिवमलयमरुयमणंत'.. અર્થેય ન આવડતા હોય. જય ભગવાન. છોટાભાઈ! આવે છે કે નહીં 'नमोत्थुणं'માં? નથી આવતું છેલ્લું 'सिवमलयमरुयमणंत'. કોણ જાણે શું હશે? શિવ એટલે ઓલા શંકર હશે? 'विहुयरयमलापहीणरमरणा'.. નથી આવતું? અર્થનીય ખબર ન મળે એને ભાવના ભાન તો ક્યાંથી હોય? આહાહા!

કહ્યું હતુંને એક ફેરી. ઓલા દસા–વિસાની તકરાર રહેતી લીમડીમાં. દશાશ્રીમાળી અને વિસાશ્રીમાળી. લીમડી. તે દશાશ્રીમાળીની બાઈ સામાયિક કરીને બેઠેલી. તે ઓલી હોયને ઘડું–ઘડી. આ ઘડી પૂરી થાય તો થઈ ગયું સામાયિક. હજી સામાયિક કોને કહેવી...? આત્માનું ભાન ન મળે, સામાયિક કેવી તારે ત્યાં? એમાં એ 'લોગસ્સ' બોલવા માંડી, ડોસી હતી તે. પોતે દશાશ્રીમાળી, ઓલા વિસાશ્રીમાળી—બેયને તકરાર. એ લોગસ્સમાં આવ્યું 'विहुयरयमला'.. એટલે કહે વિસા રોઈ મર્યા. એલ્યા, આ આપણી તકરારો આંહીં ક્યાંથી લોગસ્સમાં આવી? કહે. (શ્રોતા : સાચી વાત છે). આપણે આંહીં

દસા–વિસાની નાતમાં તકરાર છે, વાત સાચી. પણ આ વિસા રોઈ મર્યા એ ક્યાંથી આવ્યું આમાં? એલ્યા, જુઓ તો ખરા એમાં. ન્યાં 'विहुयरयमला' છે. પણ એલ્યા 'विहुयरयमला' એટલે શું પણ?

કે, હે ભગવાન! પરમેશ્વર સિદ્ધ ભગવાન આત્મા! આપે તો 'विहुय.. વિ+હુય વિશેષે ધૂળ ટાળ્યાં છે. શું? 'रयमला'.. રજ એટલે આ કર્મ જડ ઝીણી ધૂળ એને આપે ટાળી છે અને 'मल'. મળ એટલે પુણ્ય ને પાપનો જે રાગ ભાગ–ભાવકર્મ વિકારી, એને પણ આપે ટાળ્યાં છે. 'विहुयरयमला' એલા, અર્થ તો આવો છે ને આ વિસા રોઈ મર્યા ક્યાંથી આવ્યું આ? ખબર ન મળે અર્થની. જય નારાયણ.. સામાયિક કરીને ઉઠીને ભાગે. એય છોટાભાઈ! અને તમારે ચિતલમાં તો એવું હોય કે એક કલાક ભેગા થાય બધા વ્યાખ્યાન વખતે. અમે ત્યાં આવીએ છીએને ઘણી વાર. આવે અને જ્યાં પુરું થાય, પથરણું સંકેલી (ઝટ) ભાગે. એય હિંમતભાઈ! હવે શું કરતા હોય તો કોણ જાણે? પણ આ તે દિ'ની વાત છે, લો. (શ્રોતા : ....) ચોમાસે જાવું હતુંને આંહીં અમરેલી. તે દિ' છેલ્લા ત્યાં આવ્યા હતાને. એ બધા હતા ગોપાલ શેઠ, મોતીચંદશેઠ. બધા આવ્યા હતાને. એક કલાક થાય કે તરત જ પાછું (ભાગે.) આ શું કીધું (એનું) પૂછું.... જય નારાયણ.

આંહીં કહે છે, ભગવાન! સાંભળને પ્રભુ! આહાહા! જેને આત્મા... સર્વજ્ઞ તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ આત્મા કહ્યો, એ આત્મા પુણ્ય ને પાપના આસ્રવ તત્ત્વથી ભિન્ન કહ્યો છે. કારણ કે આસ્રવતત્ત્વ જુદું તત્ત્વ છે, અજીવતત્ત્વ જુદું છે નવમાં. જીવ, અજીવ, આસ્રવ, પુણ્ય, પાપ, બંધ, સંવર, નિર્જરા, (મોક્ષ)—બધા તત્ત્વ ભિન્ન છે. હા, એ ભિન્નની ખબર ન મળે હજી અંદર. અજીવ ભિન્ન છે. દયા-દાન-વ્રતના વિકલ્પ ઉઠે એ પુણ્યાસ્રવ છે, એ આસ્રવતત્ત્વ છે. એનાથી ભગવાન જ્ઞાયકતત્ત્વ ચિદાનંદ, એ ભિન્ન–જુદો છે. એવા જુદાનું ભાન થતા એ જુદો એટલે મુક્ત, એમ. ભારે! इहि विधि जे जागे पुरुष, ते शिवरूप सदीव.. ભાષા એવી લીધી છેને. आत्म-अनुभव करके सचेत हुए... જાગૃત હુએ. આહાહા! वे सदैव मोक्षरूप ही है. મુક્ત જ છે. આહાહા!

વ્યવહારથી મુક્ત થયો, નિમિત્તથી મુક્ત થયો તો હવે કેની સાથે સંબંધ રહ્યો? એય પ્રકાશદાસજી! ક્યા કહા? સમ્યગ્દર્શનમાં સ્વભાવની એકતાનો જ્યાં સંબંધ થયો, ત્યાં એને આસ્રવ અને અજીવનો સંબંધ તૂટી ગયો. છે, પણ સંબંધ તૂટી ગયો. આંહીં સ્વભાવનો સંબંધ થતાં—સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચિદાનંદ આત્માનો સ્વભાવ સંબંધ થતાં, દયા દાનના આદિનો વિકલ્પ રાગ–આસ્રવતત્ત્વનો સંબંધ છૂટી ગયો અને છૂટ્યા વિના આત્માનું દર્શન અને આત્માનું સમકિત થાય નહીં. આહાહા!

હવે કહે છે કે જ્યારે આવી જ જ્યાં દૃષ્ટિ અને પરથી ભિન્નપણાના ભાનમાં વર્તનારો જીવ, એ તો સંબંધ વિનાનો રાગ અને નિમિત્તના સંબંધ વિનાનો રહ્યો. એટલે એને સંબંધ છે એવો બંધ... સંબંધ છે એવો બંધ એને નથી. સમ્–બંધ છે એવો બંધ એને નથી. આહાહા! ભારે કામ આકરું! હવે સમ્યગ્દર્શન થતાં, કહે છે, મુક્ત છે, લે. (શ્રોતા : અલૌકિક વાત છે) વાત તો વીતરાગની એવી હોય છે. પરમેશ્વર ત્રિલોકનાથ ઈન્દ્રોની સમક્ષ પરમાત્મા આમ ફરમાવતા હતા. ગણધરોની હાજરીમાં વીતરાગના આવા વાણીના ધોધ આવતા હતા દિવ્યધ્વનિમાં. આહાહા! ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, લ્યો. સીમંધર પરમાત્મા એમની વાણીમાં આ આવે છે.

કહે છે, इहि विधि.. જે માથે વિધિ કીધી એ રીતે जागे पुरुष.. હું તો અચેતનનો ત્યાગી અને ચેતનનો ભોગી છું. રાગ આદિનો ત્યાગી અને સ્વભાવનો હું ભોગી છું. આહાહા! એમ જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં, કહે છે કે રાગનો કર્તા નહીં, ત્યાં રાગનો ભોગ નહીં, ત્યાં રાગનો સંબંધ નહીં. આહાહા! અને સંબંધ.. રાગસહિત આત્મા છે એમ માન્યતા એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'પુરુષાર્થસિદ્ધિ'માં આવીને ગાથા ૧૪મી. રાગ, પુણ્યના પરિણામ સહિત જીવને માનવો અને અજીવ કર્મના સહિત... કારણ કે અજીવતત્ત્વ અને એ પુણ્યતત્ત્વ જુદું તત્ત્વ છે અને ભગવાન આત્મ તત્ત્વ જુદું છે. એ જુદા તત્ત્વને જુદા તત્ત્વવાળો માનવો, એ તો મિથ્યાત્વ છે. અને જુદા તત્ત્વથી જુદો પડેલો એને બંધ માનવો એ પણ મિથ્યાત્વ છે. એટલે બંધ નથી એટલે અબંધ છે. આહાહા! ગજબ વાત છે! વસ્તુ–પદાર્થ–દ્રવ્ય પોતે અબંધ છે. એનાં ગુણો અબંધ છે. પર્યાયમાં–અવસ્થામાં રાગની એકતામાં જે સંબંધ અને બંધ હતો, એ સંબંધ જ્ઞાનીએ તોડ્યો. અનાદિનો તો સંબંધ–નાતો હતો. આહાહા!

એ ભગવાન આત્માના અનંત ગુણોને ભાળી પોતાની શુદ્ધતાને સંભારી, રાગ ને વિકલ્પ અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો સંબંધ પણ તોડ્યો છે એણે, એમ કહે છે. આહાહા! એવી જે સમ્યગ્દર્શનની જાગૃતદશા, એના ફળ તરીકે તો શિવરૂપ સદૈવ છે, કહે, જાઓ. કહો, સમજાય છે કે નહીં કાંઈ? કાંઈ સમજાય છે કે નહીં એમ કહ્યું છે. બધું સમજાઈ જાય તો તો પાર થઈ જાય. આ શું કહેવા માંગે છે, એના લક્ષમાં આવું આવે છે કે નહીં? ભગવાન જાણે... માથા ફરી ગયેલા હોય ઊંધે માથે અને આવું કહે છે, આ કંઈક ગ્રીક–લેટિન જેવું લાગે. આહાહા! ભગવાન તારા ઘરની વાત છે આ. તું સચ્ચિદાનંદ = સત્ એટલે શાશ્વત, ચિદ્ અને આનંદનો ધામ. આહાહા! એવી જ્યાં જાગૃત દશા થઈ, એ અજાગૃત દશા એવી રાગ આદિથી તો સંબંધ છૂટી ગયો. આહાહા! સંબંધ છૂટ્યા વિના

સ્વભાવનો સંબંધ અને અનુભવ થાય નહીં. આહાહા!

જે सोवहि संसारमैं, ते जगवासी जीव, લો. કહે છે કે પણ જે કોઈ રાગ આદિના ભાવમાં પોતાપણે માનીને સૂતો છે એ સંસારી જીવ છે, એ રખડતો જીવ છે. આ લોકો કહે છેનેસ ભઈ, આ બાયડી-છોકરા છોડ્યા, સંસાર છોડ્યો. ધૂળેય નથી છોડ્યો, સાંભળને! બાયડી-છોકરાં ક્યાં ગરી ગયા હતા તારામાં તે છોડ્યાં તેં? એ તો જુદી ચીજ છે. આંહીં તો सोवहि संसारमैं.. રાગ અને પુણ્યનાં વિકલ્પમાં જે પોતાપણે માનીને સૂતો છે એ સંસાર છે. એ સંસારી પ્રાણી છે. આહાહા! એ રખડતા રામ છે. ચોર્યાશીનાં અવતારમાં રખડતા રામ છે એ અજ્ઞાની, એમ કહે છે. આહાહા! सो सोवहि संसारमैं છે ને? આહાહા! अचेत हुए सो रहे हैं એટલે કે રાગ ને પુણ્ય ને પરવસ્તુ મારી કરીને માનીને બેઠા છે, એ સંસારી પ્રાણી નરક ને નિગોદમાં રઝળનારા સંસારી છે અને રાગથી ભિન્ન પાડીને સ્વરૂપનાં ભાનમાં છે એ સદાય મુક્ત છે. બેયના ફળ અને બેયનું સ્વરૂપ બતાવ્યું, લ્યો. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

ક્રમબદ્ધ એટલે શું? કીધું, જે સમયે ભગવાને દીઠું તે સમયે ત્યાં પર્યાય થવાની જડ—ચૈતન્યની, ફેરફાર ત્રણ કાળમાં ન થાય. પણ ઈ કોને? કે જેને આ આત્મા દૃષ્ટિમાં આવ્યો જ્ઞાયકમૂર્તિ, એ રાગથી પાર, નિમિત્તથી પાર એવી મારી ચીજ છે. એવું જેને જ્ઞાયકનું ભાન થયું એ જ્ઞાતા થઈ ગયો. એ રાગનો કર્તા રહ્યો નહીં. દયા-દાનનાં વિકલ્પ આવે પણ તેનો કર્તા ધર્મી નહીં. એને ક્રમબદ્ધનું જ્ઞાન સાચું હોય. વાતું કરે, થાવું એ થાશે અને દૃષ્ટિ હોય રાગ ઉપર, એ દૃષ્ટિ સાચી નથી, કીધું ઈ. **નાટક સમયસાર પ્રવચન નં. ૭૫નો અંશ, પાના નં. ૧૦૦**

## પ્રવચન નં. ૭૪, જેઠ વદ ૬, સોમવાર, તા. ૧૪-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર, પદ ૧૭ થી ૨૦ ઉપર પ્રવચન

નિર્જરા અધિકાર છે. નિર્જરા કોને થાય અને નિર્જરા કોને ન થાય—એ અધિકાર છે. નિર્જરા એટલે ધર્મ. आत्म अनुभव ग्रहण करनेकी शिक्षा. ૧૭મું (પદ).

આત્મ-અનુભવ ગ્રહણ કરવાની શિખામણ (દોહરા)

जो पद भौपद भय हरै, सो पद सेऊ अनूप।
जिहि पद परसत और पद, लगै आपदारूप॥१७॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—ભૌ (ભવ)=સંસાર. સેઉ=સ્વીકાર કરો. અનૂપ=ઉપમા રહિત. પરસત (સ્પર્શત)=ગ્રહણ કરતાં જ. આપદા=કષ્ટ.

**અર્થ :—**જે જન્મ-મરણનો ભય દૂર કરે છે, ઉપમા રહિત છે, જેનું ગ્રહણ કરવાથી બીજા બધા પદ(ઇન્દ્ર, ધરણેન્દ્ર, નરેન્દ્રાદિ) વિપતિરૂપ ભાસવા લાગે છે તે આત્મઅનુભવરૂપ પદને અંગીકાર કરો. ૧૭.

**अर्थ :—**जो जन्म-मरणका भय हटाता है, उपमा रहित है, जिसे ग्रहण करनेसे और सब पद विपत्तिरूप भासने लगते हैं उस आत्म-अनुभवरूप पदको अंगीकार करो॥१७॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

(શ્રોતા : નીચે કળશ છે.) હા, કળશ નીચે. એનો કળશ નીચે સાતમો. આ ૧૭મો (પદ) છે.

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः॥७॥

जो जन्म-मरणका भय हटाता है. એટલે? જેને ગ્રહણ કરવાથી (ભય દૂર થાય છે.) ભગવાન આત્મા શુદ્ધ આનંદપદ છે. આહાહા! આ આત્મા અંતર અતીન્દ્રિય આનંદ નિજ પદ, એને ગ્રહણ કરવાથી એટલે અનુભવવાથી જનમ-મરણનો ભય હટી જાય છે. અને उपमा रहित है. જેને ઉપમા શું! નિજપદ શાંતરસ... આત્માનો સ્વભાવ એ નિજપદ એ શાંતરસ અને આનંદરસ એને ગ્રહણ કરવો. છે ને? जिसे ग्रहण करनेसे.. સેવવો એટલે

સેવના–સેવના. સેવવું એટલે ગ્રહણ કરવું. જેને ધર્મ કરવો છે, જેને અશુદ્ધતા ટાળવી છે, એણે શુદ્ધ ચૈતન્યપદ આનંદધામ ભગવાન એનો અનુભવ કરવો. જે આત્માનું અંતર અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનો અનુભવ કરવાથી જનમ-મરણ રહેતા નથી. જનમ-મરણનો ભય સમ્યગ્દ્રષ્ટિને રહેતો નથી. ઉપમારહિત જે પદ છે. એ નિજપદને ઉપમા શું! શુદ્ધ ચૈતન્ય ધાતુ...

जिसे ग्रहण करनेसे.. જે પદને અનુભવવાથી सब पद विपत्तिरूप भासने लगे. આહાહા! જે આત્મા વીતરાગીસ્વરૂપ છે આત્મા અંતર શાંત અવિકારીસ્વભાવ, એનો અનુભવ કરવાથી ધરણેન્દ્ર, ઈન્દ્ર અને નરેન્દ્ર—એ બધા (પદ) વિપદ લાગે. આત્માનાં અનુભવ કરવાથી આ મોટા ઈન્દ્ર આદિના પદો પણ આપદા જેવા લાગે, દુઃખના સ્થાન લાગે. છે? सब पद विपत्तिरूप भासने (लगते हैं). વિપત્તિ છે, ઉપાધિ, દુઃખરૂપ છે ઈન્દ્રપદ, નરેન્દ્ર પદ, ચક્રવર્તીપદ. આહાહા!

નિજાનંદ પ્રભુ આત્માનો સ્વભાવ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે પ્રગટ કર્યો. એ પ્રગટ કરવાનું ધામ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એનો જે અનુભવ કરે એટલે સમ્યગ્દર્શન પ્રગટ કરે, એને અનુભવમાં જનમ-મરણ પછી રહેતા નથી. એને ધર્મ થાય છે અને એને અશુદ્ધતા ને કર્મ ટળે છે. નિર્જરા છે ને? આત્મા આનંદસ્વરૂપ એનો અનુભવ કરવાથી અશુદ્ધતા–મેલ ટળે, કર્મ ટળે. કોઈ અપવાસ–બપવાસ કરવાથી કર્મ ટળે, એમ છે નહીં. એમ કહે છે. (શ્રોતા : એ આપદાના સ્થાન કહ્યા). એ આપદા છે બધા. સ્વસંપદા આગળ એ બધી આપદાઓ છે. ક્યા? ધરણેન્દ્ર, નરેન્દ્ર અને ઈન્દ્ર—ત્રણ લીધાને. ધરણેન્દ્ર હેઠે, ઈન્દ્ર ઉપર, નરેન્દ્ર વચમાં રાજા ચક્રવર્તી આદિ. (શ્રોતા : ત્રણ લોક) ત્રણ લોક. આહાહા!

શુદ્ધ ચૈતન્ય પ્રભુ ત્રિકાળી આનંદધામ, એનો સ્વભાવનો અનુભવ કરવાથી કર્મની નિર્જરા થાય, કર્મ ગળે, કર્મ ટળે અને જેના અનુભવ આગળ ત્રણ લોકના ઈન્દ્રોની સંપદા પણ આપદા જેવી લાગે. કહો, સમજાણું કાંઈ? એ બધા બે-પાંચ-પચીસ લાખ રૂપિયા થાય અને જ્યાં ઓલો મકાન-બકાન સરખું સુધરાય ને આમ ફલાણું થાય (એટલે) સુખી છીએ એમ એને ન લાગે, એમ કહે છે . (શ્રોતા : એને એટલે?) આ આત્માના આનંદનો અનુભવ કરે એને–ધર્મીને. ધર્મી એને કહીએ કે ધર્મી એવો જે આત્મા આનંદનું નિજપદ, એનો અનુભવ કરે તે ધર્મ. આરે! ગ્રહણ કરવું કહ્યુંને. सो पद सेऊ अनूप. એ ઉપમા વિનાનું પદ એને સેવો, એની સેવા કરો. નિજપદ આનંદસ્વરૂપ જ્ઞાયક એની સેવા કરો. પુણ્ય-પાપ ને નિમિત્તની સેવા છોડ દે. આહાહા!

जो पद भौपद भय हरै.. ભવના પદો આ મોટા ઈન્દ્ર આદિના એનો તો ભય હરે.

सो पद सेऊ अनूप, जिहि पद परसत और पद. આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ખાણ. એની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કરતા और पद परसत, लगै आपदारूप.. આપદા લાગે. ભઠ્ઠી લાગે એમ કહે છે. કહો, આ અજ્ઞાની માને છેને (કે) આ સુખી છીએ પૈસામાં ને આબરૂમાં ને કંઈક સરખાઈમાં. એ દુઃખ છે, કષાય અગ્નિ સળગે છે ત્યાં. એને અજ્ઞાની સુખ માને છે.

મિથ્યાદૃષ્ટિ—જેની દૃષ્ટિમાં નિજપદ આનંદસ્વરૂપ આત્મા આવ્યો નથી. એ પરપદમાં સુખ માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે અને નિજપદમાં આનંદનો અનુભવ કરે એ સમકિતી છે. અને એને સંસારના મોટા ઊંચા ઊંચા પદો છે એ પણ આપદા જેવાં ભાસે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? આનું નામ નિર્જરા અને ધર્મ. આ કહે કે અપવાસ કરી નાખ્યા ને અઠ્ઠમ કર્યો ને નિર્જરા થઈ. ધૂળેય નિર્જરા નથી, કાળ ગયો તારો બધો. उस आत्म-अनुभव पदको अंगीकार करो. આહાહા! એકલું માખણ મૂક્યું છે આમાં તો. પાઠ જ એ છેને જુઓને.

હવે સંસાર સર્વથા અસત્ય છે એ વાત કરે છે. એ વિશેષ એમાં સમજાવે છે.

સંસાર સર્વથા અસત્ય છે. (સવૈયા એકત્રીસા)

जब जीव सोवै सब समुझै सुपन सत्य,
　　वहि झूठ लागै तब जागै नींद खोइकै।
जागै कहै यह मेरौ तन मेरी सौंज,
　　ताहू झूठ मानत मरन-थिति जोइकै।।
जानै निज मरम मरन तब सूझै झूठ,
　　बूझै जब और अवतार रूप होइकै।
बाहू अवतारकी दसामैं फिरि यहै पेच,
　　याही भांति झूठौ जग देख्यौ हम टोइकै।।१८।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—સૌંજ=વસ્તુ. અવતાર=જન્મ. ટોઇકૈ=શોધીને.

**અર્થ :**—જ્યારે જીવ સૂવે છે ત્યારે સ્વપ્નને સત્ય માને છે, જ્યારે જાગે છે ત્યારે તે જૂઠું જણાય છે. શરીર કે ધન–સામગ્રીને પોતાની ગણે છે, પછી મૃત્યુનો ખ્યાલ કરે છે ત્યારે તેને પણ જૂઠી માને છે. જ્યારે પોતાના સ્વરૂપનો વિચાર કરે છે ત્યારે મૃત્યુ પણ અસત્ય જણાય છે અને બીજો જન્મ સત્ય લાગે છે. જ્યારે બીજા જન્મનો વિચાર કરે છે ત્યારે પાછો આ જ ચકરાવામાં પડી જાય છે,—આ રીતે શોધીને જોયું તો આ જન્મ–મરણરૂપ આખો સંસાર જૂઠો જ જૂઠો જણાય છે. ૧૮.

**अर्थ** :–जब जीव सोता है तब स्वप्नको सत्य मानता है, जब जागता है तब झूठा दिखता है और शरीर वा धन-सामग्रीको अपनी गिनता है। पश्चात् मृत्युका खयाल करता है तब उन्हें भी झूठी मानता है, जब अपने स्वरूपका विचार करता है तब मृत्यु भी असत्य दिखती है और दूसरा अवतार सत्य दिखता है। जब दूसरे अवतार पर विचार करता है तब फिर इसी चक्करमें पड़ जाता है, इस प्रकार खोजकर देखा तो यह जन्म-मरणरूप संसार झूठा ही झूठा दिखता है।।१८।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આખો જગત જૂઠો છે, ધર્મી કહે છે (કે) એમ અમે જોયું. આહાહા! ભગવાન આત્મા એક શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ એના સિવાય આખું જગત જુઠું ભાસ્યું. ધર્મીને આખું જગત જુઠું ભાસ્યું. આહાહા! जब जीव सोवै तब समुझै सुपन सत्य.. નિદ્રા લે ત્યારે સ્વપ્નું આવે એ સાચું લાગે એને. નિદ્રામાં સ્વપ્ન આવે એ સાચું લાગે. જાણે એમાં આમ થયું, આમ થયું. ભૂખ લાગી છે અને સુખડી થઈ છે અને સુખડી ખાઉં છું, સપનામાં. એ વખતે એને સાચું લાગે. वहि झूठ लागै तब जागै नींद खोइकै.. નિદ્રા ઉડી ત્યાં, અરે! આ તો કાંઈ ન મળે. ભૂખડો રહ્યો અને પેટેય ભરાણું નથી આ તો. (શ્રોતા : ખાટલામાં સૂતા છે). નીંદમાં સ્વપ્ના–સ્વપ્નું સાચું લાગે, જાગૃતમાં સપનું જુઠું લાગે. આહાહા! અરે! એ તો બધું ખોટું હતું, લ્યો. जब जागता है तो वह झूठा दिखता है और शरीर वा धन-सामग्रीको अपनी गिनता है. આહાહા!

जागै कहै यह मेरौ तन.. (જેમ) સ્વપ્નામાં ઓલું સાચું લાગે, (એમ) જાગ્યો (-ઉપજ્યો) ત્યાં કહે, આ મારું શરીર, આ મારી દુકાન, આ મારી બાયડી, આ મારા છોકરા, આ મારી આબરુ, આ મારો પરિવાર, આ મારું સર્વસ્વ સામગ્રી. આહાહા! शरीर वा धन-सामग्रीको अपनी गिनता है. આ મારા મકાન, આ અમારા છોકરાઓ, આ અમારી છોડીયું, આ અમારા જમાઈ, આ અમારા મકાન, આ અમારી આબરુ, આ અમારી વખારો. (શ્રોતા : હવે તો મોટી વખાર....) એય હસમુખ! તેર વખારો છે એક લાઈનમાં. પણ એની ક્યાં હતી, એ તો ધૂળની જગતની ચીજ છે. આહાહા!

ताहू झूठ मानत. દેખો, मेरौ तन मेरी सौंज. सौंज એટલે વસ્તુ. પૈસા, આ પૈસા મારા. આ સામાન... ઓલી ગાય વેચીને, ગાય વેચી હતીને... ઓલા શિવલાલ પટેલ હતાને ગાય–બાય રાખી હતી. પછી વેચી હશે કો'ક ભરવાડને. પછી નીકળે, 'આ જુઓ આ મારી ગાય. મેં આ ગાય વેચી હતી.' શિવલાલ પટેલ હતાને શિવલાલ પટેલ. ગુજરી ગયા, નહીં? એ બહુ એવું કરતા. ગાયું–બાયું રાખેને પછી કો'કને વેચે અને વળી નફો લઈ

લે અને એવું કરતાને એમાં પણ..... એવું ક્યાં .... ચાલે. આ મારી ગાય, લ્યો મારી ગાય. એ મેં ભરવાડને આપી હતી. કહો, આ મારું મકાન. ક્યાં મકાન હતું તારે? માળા તારે છે ક્યાં? જેવો સપનાનો સંસાર સાચો દેખાય, એવો જાગૃતને આ સંસાર આવો દેખાય છે. છે (નહિ). એનું છે નહીં, કાંઈ તણખલુંય એનું નથી. આહાહા! (શ્રોતા : તો આ બધુંય એનું નથી). મોહનભાઈ આવ્યા હતાને ત્યારે, તારે ત્યાં આવ્યા હતા, નહીં? હા. મોહનભાઈ ત્યાં આવ્યા હતા. અમારે બોટાદવાળો. જયપુર આવ્યો હતો. આહાહા!

કહે છે કે જ્યારે ઉંઘમાંથી ઉઠ્યો ત્યારે સ્વપ્નું જૂઠું લાગ્યું અને જાગ્યો (ઉપજ્યો) ત્યારે આ બધું માળે મારું લાગ્યું. પછી જ્યારે મૃત્યુનો ખ્યાલ આવે આહાહા! અરે, આહાહા! શ્વાસ ચાલતો નથી હવે. શ્વાસ કામ કરતો નથી. હાય! હાય! આ બધું જૂઠું લાગે. આ બાયડી, છોકરા, પૈસા બધા હીરા પડ્યા, પણ કાંઈ આમ મદદ કરતા નથી આમાં. આ મૃત્યુનો કાળ આવે ત્યારે બધું જૂઠું (ભાસે છે.) આહાહા! **ताहू झूठ मानत मरन–थिति जोइकै..** લગભગ જ્યાં સ્થિતિ થઈ કે બસ હવે દેહ છૂટવાનો કાળ છે. પટેલને પૂછ્યું કીધું, કેમ છે? કહે, અંતક્રિયા થઈ ગઈ હવે અંતક્રિયા. અરે, પણ બેઠા છોને, શું છે? ખાઈને આવેલા અહીંયાં રોટલી, દાળ-ભાત સારા. ઓળા ખાધેલા, શું કહેવાય? શીંગોના. શીંગો-શીંગો મગફળી અને એમાં ખાધેલા કેળા માથે. એમાં ખાધેલી આની તમારી રસોઈ બચુભાઈની.

તે દિ' બચુ હતોને તે દિ'? બચુ ત્યાં આવ્યો હતો ગોદીકાને ત્યાં. આ અમારી રસોઈ માટે ગોદીકાએ બોલાવ્યો હતો બચુને ત્યાં વીસ દિ'. એ હતો જયપુર. એની રસોઈ બધી ઓલી જુદી જાતનીને. હવે ખાઈને આવ્યો ત્યાં, આંહીં શ્વાસ બંધ થઈ ગયો. શ્વાસ ચાલતો નથી, કહે, હેઠે... એ હવે ઉંચો ચડી ગયો. અંતક્રિયા છે. પણ આ બધું ઉઘરાણી, આ ગાયો એ બધું ક્યાં ગયું? ઓય માળુ! આ તો બધું જૂઠું નીકળ્યું. શિવા પટેલ નહોતા? ૩૬ કલાક રહ્યો શ્વાસ બસ. કાંઈ નહીં હોં. સાજા સમરાં. કાંઈ રોગ નહીં, કાંઈ નહીં. એકદમ એક ટાણે ખાધું ને આ શ્વાસ હેઠેથી ડુટીએથી ઊંચો ઉપડ્યો. ભાઈ, એને ખાતરી થઈ ગઈ. હેઠે બેઠા હતા અમથાં. અંતક્રિયા.

ઓય માળે! શું છે પણ આ બેઠા છોને. કાંઈ (દેખાતું) નથીને.. બસ, શ્વાસ ઉપડી ગયો. પણ શેનો? ગમે તેનો હોય. આ ખાઈને આવ્યા, ત્યાં શ્વાસ હેઠે બેસતો નથી. ૩૬ કલાક રહ્યો શ્વાસ. ધર્મચંદભાઈએ આપ્યું ઈન્જેક્શન. જ્યાં ઈન્જેક્શન આપ્યું એટલે બેસી ગયું સરખું. હું ગયો ત્યાં છેલ્લો શ્વાસ હાલતો હતો. ભાઈ ઈન્જેક્શન.... એ તો એ સ્થિતિ થવાની હતી. આને તો બિચારાને એમ કે બહુ શ્વાસ ચાલે છે ને કાંઈક (કરીએ). એય

જતીશભાઈ! કહો, સમજાણું? આહાહા! મરણ સ્થિતિ દેખીને આ બધું જૂઠું (લાગે) હાય હાય! આ બાયડી-છોકરા, મકાન, પૈસા, આબરુ, આ બધું મારું નહીં. આ તો મારી સાથે હાલશે નહીં. આ તો બધું જૂઠું છે ને મેં તો મલાવા માન્યા હતા આમાં બધા. આહાહા! મોટરું, કેટલી જાતની મોટરું, લ્યો. ૩ જાતની મોટર એ રાખે છે ગોદીકા હોં. ત્રણ મોટરો રાખે. એ...ય મોટી મોટર લાંબી. એક ટૂંકી ને... એવી ત્રણ રાખે છે. ગૃહસ્થ માણસ. કીધું, માળે પણ આમાંથી નીકળવું પડશે જ્યારે.... એકલો જાશે ત્યારે હાય.. હાય!

કહે છે, जानै निज मरम मरन तब सूझै झूठ. જ્યારે જાણે કે અરે! હું આત્મા તો ત્રિકાળ છું. એટલું હોં, વસ્તુનું સ્વરૂપ (હાથ) આવ્યું નથી. હું તો આત્મા કાયમ રહેનારો છું, એમ જ્યારે જાણે ત્યારે મરણને પણ જૂઠું જાણે. મરે કોણ? આરે, આરે! હું તો આત્મા છું કાયમ રહેનારો. આ મરણ કોનું? મરણ કોને હોય? મારે મરણ નથી. હું કાંઈ મરતો નથી. આહાહા! जब अपने स्वरूपका विचार करे.. વિચાર એટલે ત્રિકાળ છું એટલું. तब मृत्यु भी असत्य दिखती है. આ મારું મરણ હોય? હું તો આત્મા છું. આત્મા મરે નહીં ને આત્મા જન્મે નહીં. માળે પણ આ ખેલ ભારે આકરો. જગતનો ખેલ અજ્ઞાનીનો.. આહાહા! जानै निज मरम मरन तब सूझै झूठ, बूझै जब और अवतार रूप होइकै. પછી दूसरा अवतार सत्य दिखता है. પાછો બીજે જન્મે ત્યાં એ. પાછી માંડી પાછી. બીજે જ્યાં જન્મે ત્યાં એનાં ગલૂડિયાં અને એ વહાલ. અને આ ગલૂડિયો થાય ત્યાં આ મારી મા ને આ મારો.. આ ને આ ને આ.. આ. આહાહા! ભારે ભાઈ.

કહે છે, बूझै जब और अवतार रूप होइकै. બીજો અવતાર લે, ત્યાં થઈ રહ્યું. રાજા... કહ્યું હતુંને એક ફેરી. કો'કે કહ્યું હતું રાજાને કે 'તું મરીને આ કૂતરીને પેટે ગલૂડિયું થઈશ અને તારા કપાળમાં ધોળો ચાંદલો હશે'. રાજા કહે, પણ એ વખતે મારી નાંખો મને, ગલૂડિયું થાઉં તો. હું આવો રાજા રહી શકું એમાં? એ ગલૂડિયું થયું અને મારવા ગયા ઓલા, (ત્યાં) ભાગ્યું. (શ્રોતા : ભાગે જ ને). કહે, આ અવતાર ઠીક છે મારે. લ્યો ઠીક. આહાહા! રાજા મરીને... ગલૂડિયા સમજતે હૈં? કુત્તીકા બચ્ચા. ક્યા કહતે હૈં? (શ્રોતા : પિલ્લા) પિલ્લા. તે એને એક જણે કહ્યું કે તું બચ્ચું થઈશ. ત્યારે ભાઈસા'બ એમાં હું નહીં રહીં શકું. માર્ગ કાઢ્યો, મારી નાંખો આને. જ્યાં મારી નાંખવા ગયા ત્યાં ભાગ્યો. મારે આ ઠીક છે. આહાહા! જ્યાં જ્યાં અવતરે ત્યાં ત્યાં મારું પોતાનું... પણ પોતે ચીજ મુસાફર અનાદિ અનંત ભિન્ન છે, એનું એને ભાન (નથી.) આહાહા! આ નિર્જરા અધિકારમાં શું કરવા મૂક્યું? કે આત્માની નિત્યતાના અનુભવ સિવાય બધું જૂઠ છે. એવું જ્યાં સુધી ન ભાસે ત્યાં સુધી એને ધર્મ ને નિર્જરા થાય નહીં.

वाहू अवतारकी दसामैं फिरि यहै पेच.. એ રીત કળા પાછી, એ જ્યાં જન્મ્યો. સિંહપણે જન્મ્યો તો એ સિંહણ ને એના બચ્ચા ને શું કહેવાય એને? ગુફા. બસ એ મારું. આળોટતો હોય ને જાણે.. એ જાણે હું વનનો વાઘ, સિંહ તે હું. ન્યાં મરીને પાછો કૂતરો થાય વળી ત્યાંય પાછી એ માંડે. આહા! याही भांति झूठौ जग देख्यौ हम टोइके.. આ રીતે આખું જગત, સત્યને ખોજતાં આખું જગત જૂઠું ભાસ્યું. આહાહા! ખોજ કરકે... આત્મા અખંડ અનાદિ અનંત—એવા આત્માની જ્યાં ખોજ થઈ, આખી દુનિયા સંકલ્પથી માંડીને બધુંય જૂઠું ભાસ્યું. આહાહા!

હવે સમ્યગ્જ્ઞાનીનું આચરણ. આઠમો કળશ. નીચે કળશ.. કળશ છે ને.

**एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्**
**स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।**
**आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं**
**सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्॥८॥**

આહાહા! ધર્મી એને કહીએ કે ધર્મીને આવા ભાવ હોય. એમ કહે છે. સમ્યગ્જ્ઞાની ભલે ગૃહસ્થાશ્રમમાં ચોથે ગુણસ્થાને હો, શ્રાવક થવા પહેલાં સમ્યગ્દ્રષ્ટિ હો, તો પણ એ ધર્મીને આવા ભાવ ને વિચાર હોય છે.

સમ્યગ્જ્ઞાનીનું આચરણ (સવૈયા એકત્રીસા)

पंडित विवेक लहि एकताकी टेक गहि,
दुंदज अवस्थाकी अनेकता हरतु है।
मति श्रुति अवधि इत्यादि विकलप मेटि,
निरविकलप ग्यान मनमैं धरतु है॥
इन्द्रियजनित सुख दुखसौ विमुख ह्वैकै,
परमके रूप ह्वै करम निर्जरतु है।
सहज समाधि साधि त्यागी परकी उपाधि,
आतम आराधि परमातम करतु है॥१९॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—ટેક=હઠ. દુંદજ=વિકલ્પરૂપ, આકુળતારૂપ. મેટિ=દૂર કરીને. સમાધિ=ધ્યાન. પરકી ઉપાધિ=રાગ-દ્વેષ-મોહ.

**અર્થ :**—સમ્યગ્દૃષ્ટિ જીવ ભેદજ્ઞાન પ્રાપ્ત કરીને એક આત્માનું જ ગ્રહણ કરે છે,

દેહાદિથી મમત્વના અનેક વિકલ્પો છોડી દે છે. મતિ, શ્રુત, અવધિ ઇત્યાદિ ક્ષાયોપશમિકભાવ છોડીને નિર્વિકલ્પ કેવળજ્ઞાનને પોતાનું સ્વરૂપ જાણે છે, ઇન્દ્રિયજનિત સુખ-દુઃખમાંથી રુચિ ખસેડીને શુદ્ધ આત્મ-અનુભવ કરીને કર્મોની નિર્જરા કરે છે અને રાગ-દ્વેષ-મોહનો ત્યાગ કરીને ઉજ્જ્વળ ધ્યાનમાં લીન થઈને આત્માની આરાધના કરીને પરમાત્મા થાય છે. ૧૯.

**अर्थ :**—सम्यग्दृष्टि जीव भेदज्ञान प्राप्त करके एक आत्माहीको ग्रहण करता है, देहादिसे ममत्वके नाना विकल्प छोड़ देता है। मति, श्रुत, अवधि, इत्यादि क्षायोपशमिकभाव छोड़कर निर्विकल्प केवलज्ञानको अपना स्वरूप जानता है, इन्द्रियजनित सुख-दुःखसे रुचि हटाकर शुद्ध आत्मा-अनुभव करके कर्मोंकी निर्जरा करता है और राग-द्वेष-मोहका त्याग करके उज्ज्वल ध्यानमें लीन होकर आत्माकी आराधना करके परमात्मा होता है।।१९।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! જુઓ! આ નિર્જરા એને થાય એટલે અશુદ્ધતા એને ટળે ને કર્મ એને ગળે (અને) એને ધર્મ થાય. કોને? કે 'पंडित' એટલે સમ્યગ્દ્રષ્ટિ જીવ. છેને પંડિત, મુખ્ય ભાષા. એને પંડિત કહીએ. ભણ્યા-ગણ્યા હોય ગમે એટલા પણ એ પંડિત નહીં. રાગના વિકલ્પથી અને મતિજ્ઞાન આદિના ભેદથી (ભિન્ન) જેણે આત્માને અભેદ તરીકે જુદો જાણ્યો, એનું નામ વિવેક અને એનું નામ સમકિત ને એનું નામ ભેદજ્ઞાન. पंडित विवेक लहि, લ્યો. सम्यग्दृष्टि जीव भेदज्ञान प्राप्त करके... રાગનો વિકલ્પ છે એનાથી પણ હું જુદો અને જ્ઞાનના ભેદો પડે છે એટલોય હું નહીં, હું તો અભેદ ચૈતન્ય છું. આ ધર્મીની ધ્યેયની ચીજ છે. एकताकी टेक गहि... હું તો અખંડ એક સ્વરૂપી છું. છે ને? एक आत्माहीको ग्रहण करता है. હું તો અખંડ આત્મા શુદ્ધ ધ્રુવ છું. એવો એક આત્મા એને જ અનુભવે છે, એ હું છું. શરીર, વાણી, મન તો નહીં, વિકલ્પ તો નહીં, પણ જ્ઞાનની પર્યાયોમાં અનેકતાના ભેદ પડે એ હું નહીં. આહાહા!

एकताकी टेक गही.. એક આત્માનો અનુભવ કરીને.. એક જ સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્મળ એનો અનુભવ કરી दुंदज अवस्थाकी अनेकता हरतु है.. देहादिसे ममत्वके नाना विकल्प छोड़ देता है. દુંદ.. હું અને રાગ—બેય (એક) એવા દ્વંદ જેને છૂટી ગયા છે. આનું નામ ધર્મ. એનું નામ ધર્મી. જેને હું ભગવાન આત્મા એક સ્વરૂપ અને રાગ એ બીજી ચીજ મારી—એવો દ્વંભાવ જેને છૂટી ગયો છે. આહાહા! બીજી ચીજ તો ક્યાંય રહી ગઈ. મકાન ને હજીરા ને પૈસા ને આબરૂ ને. એ તો જગતની જડની ચીજ છે. એ જડપણે થઈને રહ્યાં છે. આંહીં તો વિકલ્પ જે એનો હતો, એય હું નહીં. અનેકતા, દુંદ અવસ્થાની અનેકતા હરે છે. વિકલ્પ અને અનેક ભેદ જેણે તોડી નાખ્યા છે. અંતર

અખંડ આનંદમાં એકાકાર થાય. આહાહા! ભારે ....

मति श्रुति अवधि इत्यादि विकलप मेटि.. આ મતિજ્ઞાન ને પછી શ્રુતજ્ઞાન ને પછી અવધિ ને મનઃપર્યય ને કેવળ ને, એવા ભેદને મટાડી. કહો, ધર્મી રાગનો વિકલ્પ તો મટાડે, નિમિત્તનો સંબંધ તો છોડે, પણ જ્ઞાનની અવસ્થાના ભેદોને પણ મટાડી દઈ... આહાહા! निरविकलप ग्यान मनमैं धरतु है. દૃષ્ટિમાં, અનુભવમાં તો એકલો આત્મા વિકલ્પ રહિત છે એને ગ્રહે એટલે કે અનુભવે છે. ભારે ઊંધી વાત કહી, લ્યો. આનું નામ ધર્મ. કોઈ મંદિરમાં જઈને પૂજા કરી નાખવી, અપવાસ કરી નાખવા, વ્રત કરી નાખવા—એ ધર્મ છે (નહીં). એ ધર્મ મંદિરમાં નથી, અપાસરામાં નથી, સ્વાધ્યાયમંદિરમાં નથી. આહાહા! ચિદાનંદ અખંડ આત્મા વસ્તુસ્વરૂપે એકરૂપ ગ્રહણ કરી અને નિર્વિકલ્પને મનમાં ધારે છે. એ મારું અભેદસ્વરૂપ તે હું છું. આ સમ્યગ્દ્રષ્ટિનું ધ્યેય અને સમ્યગ્દ્રષ્ટિને આશ્રય કરવાલાયક ચીજ નિર્વિકલ્પ—ભેદ વિનાની ચીજ. ઘર ઘર નાટક.. એના વખાણમાં આવે છેને છેલ્લે. આ ઘરે ઘરે સમયસાર નાટક થઈ ગયું. એ વખતે તો બહુ બનારસીદાસ વખતે... છે ને અંદર ક્યાંક પાછળ, નહીં?(શ્રોતા : પાનું ૪૧૭) ૪૧૭ છે. (શ્રોતા : प्रगटी जगमांही जिनवानी) હા, એ.

पांडे राजमल्ल जिनधर्मी. આની (કળશની) ટીકા કરીને આ કળશટીકા. समैसार नाटकके मर्मी. ૪૧૭ પાનું. तिन गिरंथकी टीका कीनी—તે ગ્રંથની ટીકા કરી, એમ. बालबोध सुगम कर दीनी. સાધારણ પ્રાણીને સમજાય એવી સુગમ ટીકા છે આ કળશટીકા. इहि विधि बोध—वचनिका फैली.. એ પ્રકારે સમ્યગ્જ્ઞાન—બોધની વચનિકા વિસ્તાર થયો. समै पाय अध्यातम सैली.. અધ્યાત્મ શૈલી પ્રસાર—પ્રચાર પામી. प्रगटी जगमांही जिनवानी। घर घर नाटक कथा बखानी, લ્યો. प्रगटी जगमांही जिनवानी.. વીતરાગ પરમાત્માની વાણી બહાર આવી અધ્યાત્મની ઘર ઘર નાટક કથા.. ઘર ઘર નાટકની ચર્ચા હોને લગી. કહો, સમજાણું કાંઈ? એ વખતની વાત છે, લ્યો, આ જ્યારે બન્યું ત્યારે. આહાહા! સમયસાર નાટકની ચર્ચા ઘરે ઘરે થવા લાગી કે આ શું કહે છે આ? સમકિત ને એનો વિષય ધ્રુવ ને...

હવે ઓલા સાધારણ માણસને ન કહેવું (એમ) એમાં ન રહ્યું. આવી અધ્યાત્મની વાત સાધારણ માણસને (ન કહેવી.) આ તો કહે ઘરે ઘરે આ થયું હવે તો. (શ્રોતા : અધ્યાત્મની વાત ઘરે ઘરે પહોંચી). ઘરે ઘરે એ ચર્ચા થવા માંડી કે આત્મા અભેદ ચિદાનંદ ધ્રુવ એનું આશ્રય લે તો ધર્મ થાય. ભેદનો આશ્રય નહીં, રાગનો આશ્રય નહીં. એવી ચર્ચા ઘરે ઘરે થવા લાગી, લ્યો. ૩૦૦ વર્ષ પહેલાંની વાત છે. બનારસીદાસ આમ કહે છે. (શ્રોતા : પણ એ તો ઉત્તરમાં થઈ. આ દેશમાં તો આ હમણાં છે). આ તો એમ કહે, આવી વાત

એ વખતે પણ ઘરે ઘરે થઈ, એમ. અત્યારે તો કાળ સારો છે એમાં શું? જયપુરનું જોયું હોય એને ખબર પડે. એક જ વાત ત્યાં સવારથી સાંજ વીસ દિ' ઝપટ. કોઈ ચર્ચા કરતા હોય, કોઈ સાંભળતા હોય, કોઈ વિચારતા હોય, કોઈ વાંચતા હોય, કોઈ શીખવતા હોય. વીસ દિ'ની ઝડી.. ઝડી હતી. (શ્રોતા : વરસાદની ઝડી) હા, વરસાદની ઝડી આવે છે ને.

આંહીં કહે છે, निर्विकल्प ग्यान मनमैं धरतु है. આહાહા! ભેદ વિનાની ચીજ. રાગ વિનાની ચીજ તો ખરી, પણ પર્યાયના ભેદ—પર્યાય અવસ્થાના ભેદ વિનાની ચીજ, એવો અભેદ ભગવાન નિર્વિકલ્પ એને જ્ઞાનની પર્યાયમાં જેણે ધાર્યો છે, માન્યો છે, જાણ્યો છે, એને ધર્મી અને સમકિતી કહીએ અને એને નિર્જરા હોય છે. અપવાસ કરી નાખે છ-છ મહિનાના ને દીક્ષા લઈને આ મહાવ્રત પાળે ને, એ કંઈ ધર્મ નથી. એ ધર્મનું કારણે ય નથી. આહાહા! इंद्रियजनित सुख दुखसौं विमुख ह्वैके. આહાહા! ઈન્દ્રિયના નિમિત્તથી, કલ્પનાથી આ ઠીક ને અઠીક એવો સુખ-દુઃખ સંયોગ, એનાથી તો રહિત થઈને સ્વ-સન્મુખના સુખમાં સ્વસન્મુખ રહેતો (અને) પરથી વિમુખ થતો. આહાહા! ચક્રવર્તીના રાજ ને ઈન્દ્રના ઈન્દ્રાસન હોય, સમકિતી પર સુખ-દુઃખની કલ્પનાથી વિમુખ છે.

અર્થમાં એમ છે કે क्षायोपशमिकभाव छोड़कर निर्विकल्प केवलज्ञानको अपना स्वरूप जानता है. એ કેવળજ્ઞાન એટલે ત્રિકાળી (સ્વભાવ) લેવો. પર્યાયનો નહીં. ત્રિકાળ—એકલું જ્ઞાન, એમ. એકલું જ્ઞાન. इन्द्रियजनित सुख-दुःखसे रुचि हटाकर... આહાહા! શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ—એમાં ક્યાંય ઠીક છે ભોગમાં અને વિષયમાં અને લડાઈમાં. પૈસા આમ ગણતો હોય ને પેદાશ એક દિ'ની પાંચ હજાર, દસ હજાર, આમ-આમ જાણે આહાહા! કહે છે કે ઈન્દ્રિયના સુખની કલ્પનાથી તો ધર્મી રહિત છે. પાંચ હજાર, દસ હજારનો વકરો આવ્યો હોય અને સાંજે ગણે, આહા.ए! અને રૂપિયે એક આનો ગણે તોય આ દસ હજારમાં આટલી પેદાશ થાય. એ મૂઢ જીવ એમાં સુખ માને છે, એમ કહે છે. આહાહા! ધર્મી તો પોતાના આનંદના—નિજાનંદના અનુભવ આગળ એ સુખ-દુઃખની કલ્પનાને છોડી દે છે, એમાં સુખ છે (નહીં). એમાં દુઃખેય નથી અને સુખેય નથી, એ તો જ્ઞેય છે પરરૂપ. આહાહા! ભારે કામ!

परमके रूप ह्वै करम निर्जरतु है.. આહાહા! પરમ એટલે આત્મા શુદ્ધનો અનુભવ કરીને પરમ.. પરમરૂપ એટલે ભગવાનનું સ્વરૂપ પોતાનું. નિજસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એનો અનુભવ કરીને परमके रूप व्है.. પરમના સ્વરૂપપણે પરિણમે છે એમ કહે છે. कर्मोंकी निर्जरा करता है, લ્યો. એને કર્મની નિર્જરા થાય. પરમ સ્વરૂપ ભગવાન આત્મા પોતાનો એને અનુભવ કરીને परमके रूप व्है, એમ છે ને? પરમના સ્વરૂપે થાય છે, અનુભવે છે. પોતે શુદ્ધ આનંદ અને જ્ઞાન સ્વરૂપ એ રૂપે થાય છે પરિણતિમાં—અનુભવમાં. એ સમકિતી

જીવ એ રીતે શુદ્ધ પરિણતિ દ્વારા કર્મને નિર્જરાવે છે, એને કર્મ ગળે ને ટળે છે.

सहज समाधि साधि.. આ ભાષા જ બધી (જુદી). સ્વભાવિક આત્માની શાંતિરૂપી સમાધિ. એ પુણ્ય ને પાપના વિકલ્પની આધિથી રહિત પોતાનો આનંદસ્વરૂપ સમાધિ એટલે શાંતિ એને સાધી सहज समाधि साधि.. આને સાધે. વ્યવહારને સાધે ને રાગને સાધે, એ ધર્મી નહીં. सहज समाधि साधि.. શાંતિ આત્માની.. નિર્વિકલ્પ રસ પ્રભુ આત્માનો એને સાધન કરી. એકાગ્ર થઈ પોતામાં લીન રહી, त्यागि परकी उपाधि.. એ વિકલ્પની જાળને છોડી દે છે. શુભ-અશુભની સંકલ્પ જાળ. પોતાના સ્વરૂપનું સાધન આરાધી વિકલ્પજાળ છૂટી જાય છે. એને છોડે છે એમ કહેવામાં આવે છે.

आतम आराधि.. ભગવાન ચૈતન્યસ્વરૂપ નિર્મળ, પુણ્ય-પાપના રાગરહિત અને ભેદરહિત એવો જે આત્મા શુદ્ધ ધ્રુવ એને આરાધી, એને સેવી, એમાં લીનતા કરી, એમાં એકાગ્રતા કરી परमातम करतु है.. આત્માને પરમાત્મા કરી નાખે છે. એ આત્મા પરમાત્મા થઈ જાય છે, પણ આ રીતે. आतम आराधि परमातम करतु है.. વ્યવહાર આરાધીને, નિમિત્ત આરાધીને પરમાત્મા થાય છે, એમ (નથી). आतम आराधि.. માળે શબ્દ વાપર્યા એક-એકમાં! ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્યવસ્તુ, એનું આરાધન એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા, સ્વભાવનું આશ્રય કરીને જે પ્રગટ થઈ એની સેવા કરતાં परमातम.. એમ કરતાં પરમાત્મા થઈ જાય છે. આ નિર્જરા અધિકાર છે ને. એ કર્મને ગાળીને પરમાત્મા થઈ જાય છે. આહાહા! ભારે વાત સાંભળવી પણ (કઠણ). એય હસમુખ! તેં કથા વાંચી હોય, પણ આ વાંચ્યા વિના સમજાય એવું નથી. કથામાં શું હતું? છોકરા વાંચે કથાઓ. એને પૂછ્યું હતું કે શું (વાંચે છે?) કથા વાંચું છું, કીધું. આ મોટા પુસ્તક નથી વાંચતો, એમ.

ઝાઝી ઉઘરાણી જે દિવસે આવે ત્યારે ચોપડો તપાસીને કેટલો ખુશી થાય કે આજ તો ઘણા માણસની ઉઘરાણી આવી હોં. સાત લાખમાંથી આજ તો લાખેક આવ્યા છે. આના ૨ હજાર ને આના ૨ હજાર ને આના બે હજાર ને. ઓલા ભાઈ જાય છેને કાનપુર, નહીં? શોભાલાલ. થોડા દિવસમાં કેટલા રૂપિયા પાંચ-દસ લાખ આવે. એક એક પોરમાં ૫૦-૫૦ હજાર, લાખ લાખ મોટી ઉઘરાણી કરે એ મોટો... બીડીના વેપારી નહીં આ શોભાલાલ? (શ્રોતા : ભગવાનદાસ) ભગવાનદાસના ભાઈ નાના. એ કાનપુર ખાતે ધીરધાર કર્યું હોય. જાય મહીનો તેમાં કેટલાય લાખો ઉઘરાણીના હોય તે લઈ આવે. આરે, પણ ત્યારે આમ લાગે કેવું સારું હોં. આહાહા! આજ દસ હજાર આવ્યા, એના કલાક પછી પાંચ હજાર આવ્યા ને પછી ૨૫ હજાર આવ્યાને, આહાહા! આજ તો બહુ વધ્યું. શું વધ્યું ધૂળ? એય!

ઉઘરાણીવાળો બરાબર સરખો હોય અને આવે એકસાથે કોઈ દેવા. દરોડો થાય જ્યારે તો આહાહા! ધૂળેય નથી. પાપ છે કહે છે, સાંભળને હવે! આહાહા! પાપમાં લપેટાઈ જાય ત્યાં તો. આહાહા! આ તો ધર્મી જીવ એના પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને, ધ્યેય કરીને, એમાં રહીને કર્મને ખપાવે છે, આહાહા! અને પરમાત્મા થઈ જાય છે. આહાહા!

सम्यग्ज्ञानको समुद्रकी उपमा. હવે, ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો છે, ચૈતન્ય રત્નાકર છે... આહાહા! એટલા અમાં રત્નો ભર્યાં છે કે જો અંતરદષ્ટિને એકાગ્ર કરે તો એ બધા રત્નોનો અનુભવ થાય. પુણ્ય-પાપના વિકલ્પ એમાં ભર્યા નથી કે એનો અનુભવ થાય. નીચે નવ.

**अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो**
**निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।**
**यस्याभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्**
**वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः ॥९॥**

છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર મોટો છે, એવો આ ભગવાન ચૈતન્ય રત્નાકર સ્વયંભૂ ભગવાન છે. આહાહા! એ સમુદ્રમાં વેળુ નથી નીચે, એકલાં રત્નો ભર્યાં છે. કોઈ માણસ નહીં એટલે કામના નહીં, નહીંતર તો લઈ આવે ત્યાં જઈને. પણ માણસનું જવું ત્યાં થાતું નથી. દેવને જરૂર નથી, ઢોરને કામના નથી. માછલા ઘણા છે અંદર. આહાહા! એમ ભગવાન આત્મા અંતરમાં અનંત ચૈતન્યરત્નાકર—અનંત અનંત રત્નોથી (ભરેલો દરિયો). આવો આત્મા. કેમ બેસે એને? આહાહા! અદ્‌ભુત ચૈતન્ય રત્નાકર છે, એમ કહે છે, જુઓને, આવ્યુંને. અદ્‌ભુત નિધિ ચૈતન્ય રત્નાકર. આહાહા! એક વિકલ્પની પાછળ અને એક સમયની પર્યાયની પાછળ એકલો ચૈતન્યરત્નાકર અનંત ગુણના મણિરતનથી ડોલી રહ્યો છે. ગુણ મણીરતનથી એ ડોલી રહ્યો છે અંદર. આહાહા!

આ આવા વખાણ! આંહીં તો એક બીડીમાં ખુશી થઈ જાય, તમાકુની ચપટી જરી સારી આવે ત્યાં આહાહા! બસ ખુશી થઈ જાય. એક છોકરો સારો થાય ને બોલતો, બોલતો, ઓહોહો! છોકરો હુશિયાર બહુ થયો હોં. થોડી નાની ઉંમરમાં પણ બહુ થયો. ઘરમાં કર્મી પાક્યા. (શ્રોતા : કર્મીને, ધર્મી નહીં ને?) પાપ કરનારો પાકશે. આહાહા! એમાં ખુશી થાય, લ્યો. આહાહા! અરે! ભગવાન ચૈતન્ય રત્નાકર તું છો. આ કેટલી ઉપમા આપી, જુઓને.

સમ્યગ્જ્ઞાનને સમુદ્રની ઉપમા. (સવૈયા એકત્રીસા)

जाके उर अंतर निरंतर अनंत दर्व,
भाव भासि रहे पै सुभाव न टरतु है।
निर्मलसौं निर्मल सु जीवन प्रगट जाके,
घटमैं अघट-रस कौतुक करतु है।।
जामैं मति श्रुत औधि मनपर्यै केवल सु,
पंचधा तरंगनि उमंगि उछरतु है।
सो है ग्यान उदधि उदार महिमा अपार,
निराधार एकमैं अनेकता धरतु है।।२०।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**અંતર=અંદર. અઘટ=પૂર્ણ. ઔધિ(અવધિ)=દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાથી રૂપી પદાર્થોને એકદેશ સ્પષ્ટ જાણનાર જ્ઞાન. પંચધા=પાંચ પ્રકારની. તરંગિની=લહેરો, ગ્યાન ઉદધિ=જ્ઞાનનો સમુદ્ર. નિરાધાર=સ્વતંત્ર.

**અર્થ :—**જે જ્ઞાનરૂપ સમુદ્રમાં અનંત દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયો સહિત હમેશા ઝળકે છે, પણ તે, તે દ્રવ્યોરૂપ થતો નથી અને પોતાના જ્ઞાયક સ્વભાવને છોડતો નથી. તે અત્યંત નિર્મળ જળરૂપ આત્મા પ્રત્યક્ષ છે જે પૂર્ણ રસમાં મોજ કરે છે તથા જેમાં મતિ, શ્રુત, અવધિ, મન:પર્યય અને કેવળજ્ઞાન આ પાંચ પ્રકારની લહેરો ઊઠે છે, જે મહાન છે, જેનો મહિમા અપરંપાર છે, જે નિજાશ્રિત છે તે જ્ઞાન એક છે તોપણ જ્ઞેયોને જાણવાની અનેક્તા સહિત છે.

**ભાવાર્થ :—**અહીં જ્ઞાનને સમુદ્રની ઉપમા આપી છે. સમુદ્રમાં રત્નાદિ અનંત દ્રવ્યો રહે છે, જ્ઞાનમાં પણ અનંત દ્રવ્યો પ્રતિબિંબિત થાય છે. સમુદ્ર રત્નાદિરૂપ થઈ જતો નથી, જ્ઞાન પણ જ્ઞેયરૂપ થતું નથી. સમુદ્રનું જળ નિર્મળ રહે છે, જ્ઞાન પણ નિર્મળ રહે છે. સમુદ્ર પરિપૂર્ણ રહે છે, જ્ઞાન પણ પરિપૂર્ણ રહે છે. સમુદ્રમાં લહેરો ઉત્પન્ન થાય છે, જ્ઞાનમાં પણ મતિ, શ્રુત આદિ તરંગો છે. સમુદ્ર મહાન હોય છે, જ્ઞાન પણ મહાન હોય છે. સમુદ્ર અપાર હોય છે, જ્ઞાન પણ અપાર હોય છે. સમુદ્રનું જળ નિજાધારે રહે છે જ્ઞાન પણ નિજાધાર છે. સમુદ્ર પોતાના સ્વરૂપની અપેક્ષાએ એક અને તરંગોની અપેક્ષાએ અનેક હોય છે, જ્ઞાન પણ જ્ઞાયકસ્વભાવની અપેક્ષાએ એક અને જ્ઞેયો જાણવાની અપેક્ષાએ અનેક હોય છે. ૨૦.

**अर्थ :—**जिस ज्ञानरूप समुद्रमें अनंत द्रव्य अपने गुण-पर्यायों सहित सदैव प्रतिबिम्बित होते हैं। पर वह उन द्रव्योरूप नहीं होता और न अपने ज्ञायकस्वभावको छोड़ता है। वह अत्यन्त निर्मल जलरूप आत्मा प्रत्यक्ष है जो अपने पूर्ण रसमें मौज करता है तथा जिसमें

मति, श्रुत, अवधि, मनःपर्यय और केवलज्ञान ये पांच प्रकारकी लहरें उठती हैं, जो महान है, जिसकी महिमा अपरंपार है, जो निजाश्रित है वह ज्ञान एक है तो भी ज्ञेयोंको जाननेकी अनेकता लिये हुए है।

**भावार्थ :–**यहाँ ज्ञानको समुद्रकी उपमा दी है। समुद्रमें रत्नादि अनंत द्रव्य रहते हैं, ज्ञानमें भी अनंत द्रव्य प्रतिबिम्बित होते हैं। समुद्र रत्नादिरूप नहीं हो जाता, ज्ञान भी ज्ञेयरूप नहीं होता। समुद्रका जल निर्मल रहता है, ज्ञान भी निर्मल रहता है। समुद्र परिपूर्ण रहता है, ज्ञान भी परिपूर्ण रहता है, समुद्रमें लहरे उठती हैं, ज्ञानमें भी मति, श्रुत आदि तरंगे हैं। समुद्र महान होता है, ज्ञान भी महान होता है। समुद्र अपार होता है, ज्ञान भी अपार है। समुद्रका जल निजाधार रहता है, ज्ञान भी निजाधार है। समुद्र अपने स्वरूपकी अपेक्षा एक और तरंगोंकी अपेक्षा अनेक होता है, ज्ञान भी ज्ञायक स्वभावकी अपेक्षा एक और ज्ञेयोंकी अपेक्षा अनेक होता है।।२०।।

## પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ તો આનંદના રસથી કુતુહલતા કરે છે, અનુભવે છે એમ કહે છે. આહાહા!

जागै मति श्रुति औधि मनपर्यै केवल सु, पंचधा तरंगनि उमंगि उछरतु है। सो है ग्यान उदधि.. એ ભગવાન જ્ઞાનનો દરિયો છે દરિયો. આહાહા! उदार महिमा अपार.. જેના સ્વભાવની શક્તિની ઉદારતાનું શું કહેવું! અને એ મહિમા જેનો અપાર. निराधार एकमैं अनेकता धरतु है. આહાહા!

એનો અર્થ : जाकै उर अंतर.. જેના જ્ઞાનરૂપી સમુદ્રમાં અનંત દ્રવ્ય અપને ગુણ-પર્યાય સહિત સદૈવ ભાસે છે. આહાહા! જેની જ્ઞાનની એક સમયની અવસ્થામાં... ગુણ ને દ્રવ્યની તો શું વાત કરવી! જ્ઞાનની–આ આત્માની એક સમયની દશામાં લોકાલોક અનંત દ્રવ્ય પ્રતિભાસે છે. એટલું એનું સામર્થ્ય એક સમયની જ્ઞાનની દશાનું છે. जाके उर अंतर निरंतर अनंत दर्व.. નિરંતર અનંત દ્રવ્ય પડ્યા છે. એનું જ્ઞાન છેને એટલે એમાં અનંત દ્રવ્ય પડ્યા છે અંદર, એમ કહેવાય છે.

भाव भासि रहै.. દ્રવ્યરૂપ નહીં હોતા.. છતાં અનંત દ્રવ્ય ભાસે પણ અનંત દ્રવ્યરૂપ થતો (નથી). આહાહા! भाव भासि रहै.. એનો ભાવ–સ્વભાવ ભાસે પણ सुभाव न टरतु है.. પોતાનો સ્વભાવ છોડતો (નથી). જ્ઞાયકભાવમાં બધા ભાવ ભાસે, પણ એ તો પોતાનો ભાવ છે. પોતાનો સ્વભાવ તે કોઈ દિ' છોડતું (નથી) એવો ચૈતન્યદરિયો છે અંદર. આહાહા! આ તો પુણ્ય ને પાપના વખાણ. આણે આવી ક્રિયા કરી ને એણે આમ કર્યા ને

એણે આટલા અપવાસ કર્યા ને જે ધૂળ ને ધાણી છે. ભગવાન આત્મા ચૈતન્યદરિયો, કહે છે, એના જ્ઞાનમાં લોકાલોક ભાસે છતાં પોતાનો સ્વભાવ છૂટતો (નથી). સ્વભાવની અસ્તિ છે તે નાસ્તિ થતી નથી, એવો ભગવાન આત્મા. આહાહા!

निर्मलसौं निर्मल सु जीवन प्रगट जाके, લ્યો. अत्यंत निर्मल जलरूप आत्मा प्रत्यक्ष है जो अपने पूर्णरसमें मौज करता है. निर्मलसौं निर्मल सु जीवन.. ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો, એવી જ્યાં અંતરદૃષ્ટિ થઈ તો નિર્મળથી નિર્મળ દશાઓના એમાંથી તરંગ ઉછળે છે. એ પુણ્ય-પાપનો વ્યવહાર ઉછળે છે એવો એ આત્મા નથી. આહાહા! પ્રકાશદાસજી ગયા? ગયા લાગે છે. છ મહિના હમણાં એકાંત રહેવું છે. આ પ્રકાશદાસજી કલકત્તાના એ ગયા. ... જૂના માણસ એમના ઓળખીતા એની પાસે. આહાહા! કહે છે, निर्मलसौं निर्मल सु जीवन प्रगट जाके.. ભગવાન ચૈતન્યરત્નાકર જ્યાં એની દૃષ્ટિમાં સમ્યગ્દર્શનમાં બેઠો, એને સમય સમયમાં નિર્મળધારા—શુદ્ધધારા પ્રગટ થાય છે. આહાહા! એથી ક્ષણે ક્ષણે તેને કર્મની નિર્જરા થાય છે. ઓલી નિર્મળધારા—શુદ્ધભાવની નિર્મળ ધારા. जीवन प्रगट जाके.. એ તો પ્રગટ થાય છે એમ કહે છે. પ્રત્યક્ષ છે. प्रत्यक्ष जाके.. મતિ, શ્રુત આદિની દશાઓ પ્રત્યક્ષ પ્રગટ થાય છે.

घटमैं अघट—रस कौतुक करतु है. આહાહા! ઘટ.. ઘટ એવો જે શરીર એમાં અઘટ—પૂર્ણ. શરીર રૂપી ઘટમાં ભગવાન અઘટ.. અઘટ નામ ઘટે નહીં એવો પૂર્ણ સ્વરૂપ છે. એ પૂર્ણ સ્વરૂપમાં મોજ માણતો આત્મા છે. સમ્યગ્દર્શન થતાં—ધર્મની પહેલી દશા થતાં. આહાહા! घटमैं अघट—रूप रस, એમ લીધું છેને. પૂર્ણ. अपने पूर्णरसमें मौज करता है.. મોજ કરે છે. ધર્મીને દુઃખ નથી એમ કહે છે. અરેરે! આવા પરીષહો સહન કરવા પડ્યા ને આવા દુઃખ આવ્યા ને આટલા ઉપસર્ગ સહન કર્યાં. આ કંઈ દુઃખ છે ધર્મીને? ધર્મ—સ્વભાવ તો આનંદ છે, એવું ભાન થતાં એને સુખની શાંતિની સાહ્યબી પ્રગટ થાય છે. સુખરૂપ દશા છે, એને દુઃખરૂપ છે (નહીં). આહાહા!

એમ માનેને કે ભાઈ, ધર્મીને કેટલું સહન કરવું પડે, કેટલું દુઃખ સહન કરવું પડે, કેટલા પરિષહ—ઉપસર્ગ... એ ધર્મનું સ્વરૂપ જ નથી. સહન કોણ કરે? એ તો આત્માની નિર્મળધારા દ્વારા આત્માને અનુભવે (છે). कौतुक करतु है.. મજા કરે છે એમ કહે છે. કૌતુકનો અર્થ મજા કર્યો. घटमैं अघट—रस.. આ શરીરરૂપી ઘટ—ઘડો એમાં અઘટરસ. આ ઘટ વિનાની અઘટ ચીજ પૂર્ણ પૂર્ણાનંદ પ્રભુ એનો રસ જ્યાં ઉછળે છે, આહાહા! મોજ કરે છે, કહે છે. આહાહા! ભારે વ્યાખ્યા! ઓલા તો કહે કે કેટલા વ્રત પાળ્યા, કેટલા અપવાસ કર્યા, સંથારો કેટલા દિ' હાલ્યો. આહાહા! એ આત્મામાં જ્યાં અંદર ચૈતન્યરત્નાકર ઉછળે

છે, મોજ કરતાં.. કરતાં એની દશા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે એમ કહે છે. આનંદનો અનુભવ કરતાં.. કરતાં,.. આહાહા! કૌતુક કરતાં.. કરતાં..

जागैं मति श्रुति औधि मनपर्यै केवल सु... जामैं' જોઈએ કે जागैं? जागैं શબ્દ છે? (શ્રોતા : जामैं) जामैं જોઈએ. 'जिसमें' છે ને અંદર જુઓ. 'जामैं' જોઈએ. જરી શબ્દમાં ફેર છે. जामैं मति श्रुति औधि मनपर्यै केवल सु, એમ જોઈએ. એ તો પ્રગટ થાય છે, (એમ છે) जागैनो અર્થ. પણ એમાં, અર્થમાં એમ છે, જુઓ. जिसमें.. जागै मति श्रुत, એમ નથી લીધું. ફેર હશે ઓલામાં. પેલામાં શું છે? (શ્રોતા : जामैं લીધું છે) जामैं હશે. નિર્જરા. ૨૦ એના પહેલાં. (શ્રોતા : ૨૦મું પદ) ૨૦મું પદ. આમાંય એમ લખ્યું છે.

जागै मति श्रुत औधि.. એટલે બંનેનો અર્થે અર્થ, શબ્દે શબ્દ કર્યો છેને આમાંથી એમણે. હવે આમાં જોઈ લઈએ. આમણે શું કીધું છે? નિર્જરા છેને. નિર્જરા અધિકાર, નહીં? ૧૯મું પદ છે. जामैं मति श्रुत अवधि मनपर्ये, એમ છે આમાં વળી. આમાં વળી जामैं मति श्रुत अवधि.. પણ ખરેખર તો 'जामैं' જોઈએ. એમ ભાષા ગોઠવી. જેમાં મતિ, શ્રુત, અવધિ, કેવળ પ્રગટ થાય છે, તરંગો ઊઠે છે, એમ. દરિયામાં તરંગ ઉઠે, એમ ધર્મીને મતિ, શ્રુતજ્ઞાનના નિર્મળ તરંગ ઉઠે છે.

सो है ग्यान उदधि, उदार महिमा अपार.. એ ઉદધિ—દરિયો મહિમા જેનો ઉદાર.. ઉદાર.. ગમે તેટલું એમાંથી કાઢો તોય ખૂટે નહીં એટલું ઉદાર છે. महिमा अपार.. જેનો મહિમા અપાર છે. નિરાધાર છે—એને કોઈનો આધાર નથી. આલંબન નથી એવું ભગવાન તત્ત્વ છે. एकमैं अनेकता धरतु है.. વસ્તુ એક હોવા છતાં અનેક ગુણ અને અનેક પર્યાયપણે પરિણમે છે. એને અહીંયાં આત્મા કહીએ અને તેને નિર્જરા થાય અને ધર્મી કહેવામાં આવે છે, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૭૫, જેઠ વદ ૭, મંગળવાર, તા. ૧૫-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર પદ ૨૦ થી ૨૪ ઉપર પ્રવચન

આ નિર્જરા અધિકાર છે. ધર્મ કેમ થાય અને ધર્મ થતાં અશુદ્ધતા અને કર્મ કેમ ગળે, એની વાત ચાલે છે. કહે છે કે આ ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપ છે. આ પુણ્ય-પાપની ક્રિયાઓ છે એ કંઈ સ્વરૂપમાં નથી. દેહાદિ તો પર છે, પણ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ થાય એ પણ વિભાવ છે, એ કંઈ સ્વભાવમાં નથી. એથી એ સ્વભાવને મદદગાર નથી. નિર્જરા એને થાય કે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અંતરમાં એકાગ્ર થઈને શુદ્ધતા જે પ્રગટ કરે, એને ધર્મ થાય ને એને નિર્જરા થાય. એ તો જ્ઞાનનો દરિયો છે આત્મા. ચૈતન્યસમુદ્ર, એની ઉપમા આપી છેને અહીંયાં. જુઓ ભાવાર્થમાં છે. અર્થ તો વંચાઈ ગયો છે કાલે.

यहाँ ज्ञानको समुद्रकी उपमा दी है. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ સમુદ્ર, એમાં તો એકલું જ્ઞાનજળ અને આનંદ સ્વરૂપ ભર્યું છે, એને આત્મા કહીએ. આહાહા! જ્ઞાનસમુદ્ર છે ભગવાન ચૈતન્યદરિયો અંદર આહાહા! કોઈ દિ' નજર કરી નથી. એ પુણ્ય ને પાપના રાગ, એની પાછળ આખો ચૈતન્યદરિયો છે, એને આત્મા કહેવામાં આવે છે. આહાહા! એ આત્માનું જે જ્ઞાન કરે અને આત્માના આનંદનું વેદન કરે, એને નિર્જરા થાય. આ એકલા અપવાસ-બપવાસ કરવાથી નિર્જરા થાય એમ નથી એમ કહે છે. (શ્રોતા :.....) એ આવશે તર્ક ૨૧ (પદ)માં આવે છે. આહાહા! ચૈતન્યસ્વરૂપ ભગવાન, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવો જે આત્મા, એને જેણે અનુભવ્યો અને એનું જ્ઞાન કર્યું ને એની પ્રતીત કરી, એને શુદ્ધતા પ્રગટ થાય છે, એને અશુદ્ધતા ટળે છે, એને કર્મ ગળે છે.

સમુદ્રમાં જેમ રત્ન આદિ અનંત દ્રવ્ય રહે છે. સમુદ્રમાં જેમ અનંત રતન છે. એમ ज्ञानमें अनंत द्रव्य प्रतिबिम्बित होते हैं. શું કહે છે? ભગવાન જ્ઞાનસ્વભાવ એમાં જગતની ચીજો અનંત જાણવામાં આવે, એ અનંત રતન છે એમાં. આહાહા! પણ समुद्र रत्नादिरूप नहीं हो जाता. સમુદ્ર રતનરૂપે થતો નથી. એમ ભગવાન આત્મા જ્ઞાનમાં અનંત જ્ઞેયોને જાણે—રાગ, શરીર આદિ, છતાં રાગ અને શરીરરૂપ થતો નથી. ચૈતન્યસમુદ્ર છે એ તો. આવો આત્મા એને ધર્માત્મા કહેવામાં આવે છે અને એને ધર્મી કહેવામાં (આવે છે). આહાહા! ભારે ઝીણી વાતો! સમુદ્રમાં જેમ રત્ન આદિ અનંત દ્રવ્ય... સ્વયંભૂરમણ સમુદ્ર છેને છેલ્લો. ત્યાં રેતી નથી, એકલાં રતન છે. છેલ્લો છેને સ્વયંભૂરમણ સમુદ્ર. આપણા જંબૂદ્વીપ, પછી લવણ... એમ કરતાં છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. ભગવાન કહે છે કે

એમાં અનંતી રતનની રાશી પડી છે રેતીને ઠેકાણે. પણ ત્યાં કંઈ માનવ-બાનવ નથી કે કોઈ લેવા જાય ત્યાં. (શ્રોતા : .....પકડી જાય તો). એ એનો બાપે જાય નહીં, એ તો ક્યાં જાય? કોણ જાય ત્યાં? ધૂળ. આહાહા!

આંહીં તો કહે છે કે જેમ સમુદ્રમાં અનંત રતન છે, એમ ભગવાન જ્ઞાન સમુદ્ર પ્રભુ અનંત દ્રવ્યોને જાણે, એ જાણવું એ એનામાં રતન છે. કોઈનું કરી દે ને કોઈથી આત્મામાં કાંઈ થાય, એવી ચીજ નથી. આહાહા! (શ્રોતા : એ... એમાં ગુરુ કરી દે). કોઈ ગુરુ કરે નહીં ને ગુરુનો દેવેય એને કરે નહીં. આંહીં તો કહે, એની પર્યાયેય કરે નહીં. આંહીં તો એ કહે છે, દ્રવ્યનો આશ્રય કરે તો કલ્યાણ થાય. એવી વાત છે ઝીણી બહુ! જૈન વીતરાગમાર્ગ ધર્મનો માર્ગ બહુ ઝીણો છે, સૂક્ષ્મ છે. જેમ સમુદ્ર રતનરૂપે થતો નથી. એનું પાણી કંઈ રતનરૂપે થાય? એમ જ્ઞાન જ્ઞેયરૂપે થાય નહીં. જાણવામાં આવે કે આ કંઈ ચીજ છે. આ શરીર છે, આ પૈસા છે, આ વાણી છે, આ કર્મ છે. એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે એમાં અનંતને જાણે, પણ છતાં એ અનંતરૂપે થતો (નથી.) આહાહા! એને આત્મા કહીએ. એવી દૃષ્ટિ જેને અંતર લાગુ પડી એને આત્મા કહીએ.

समुद्रका जल निर्मल (रहता) है, એમ જ્ઞાન भी निर्मल (रहता) है. જ્ઞાનસ્વરૂપ ભગવાન... શરીર, વાણી, મન આદિ અનંત પદાર્થ જગતમાં હો, એ એના (પોતાના) થઈને રહેલા છે, એને જાણે છતાં તે એનું જ્ઞાન તો નિર્મળ છે. ચૈતન્યસ્વરૂપ નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. પરને લઈને મેલ છે કે પર જાણ્યું માટે મેલ છે એમ છે (નહીં.) પરિપૂર્ણ રહતા હૈ. જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ જ છે. ભલે પર્યાયમાં અપૂર્ણતા હો, પણ વસ્તુ તરીકે તો પરિપૂર્ણ જ છે. સમુદ્ર પરિપૂર્ણ, એમ ભગવાન આત્મા પરિપૂર્ણ ચૈતન્યસ્વરૂપ અખંડ અભેદ પરિપૂર્ણ છે. આહાહા!

समुद्रमें लहरें उठती हैं.. સમુદ્રમાં તરંગ ઉઠે. એમ આ જ્ઞાનમાં મતિ-શ્રુતજ્ઞાન આદિ તરંગ ઉઠે. સમ્યગ્જ્ઞાનની પર્યાયના તરંગ ઉઠે. રાગ આદિ ઉઠે, એ આત્મામાં નહીં. समुद्र अपार होता है. જ્ઞાન મહાન છે. સમુદ્ર પણ મહાન છે, એમ આ જ્ઞાન મહાન અનંત.. અનંત.. અનંત.. ભલે એટલા ક્ષેત્રમાં હો, પણ અનંત.. અનંતને જાણે એવું મહાન તત્ત્વ છે. સમુદ્ર અપાર છે, એમ જ્ઞાન અપાર છે. એ જ્ઞાનનો કોઈ પાર નથી. અનંત.. અનંતને જાણે છતાં અનંત.. અનંતગુણા હોય તોય જાણે, એવો જ્ઞાનનો અંતરસ્વરૂપનો અપાર મહિમા છે.

समुद्रका जल निजाधार रहेता है. એ જરી આધાર નાંખ્યો છે એણે. આ લવણસમુદ્ર છેને ભાઈ, એ સોળ હજાર જોજન આમ ઊંચો છે આમ. દરિયાથી આમ

ઓલી ચડેલી છે, દેગડી ચડેલી છે પાણીની. સમુદ્રના—લવણ સમુદ્રના મધ્યમાં દસ હજાર યોજન એટલામાં દેગડી ચડેલી છે. એમ નિજાધાર—એમ ને એમ રહ્યું છે અનાદિથી. લવણ સમુદ્ર છેને એના મધ્યમાં, ભગવાન કહે છે, દેગડી ચડેલી છે આમ પાણીની હોં ઊંચી, આધાર કોઈ ન મળે. જંબુદ્વીપ...માં છે. આમાં ય છે શાસ્ત્રમાં.

સમુદ્રનું જળ દેગડી આમ ચડેલી ઉપર સોળ સોળ હજાર ઊંચી, સોળ હજાર યોજન હોં. એને કોઈ આધાર નથી. એમ ચૈતન્ય ભગવાન જ્ઞાનની અંદરમાં અનંત (તરંગ) ઉછળે, એ કોઈને આધારે નથી. આહાહા! જ્ઞાન નિજાધાર... समुद्र अपने स्वरूपकी अपेक्षासे एक... દરિયો એક છે આમ પોતાની અપેક્ષાએ અને તરંગની અપેક્ષાએ અનેક. એમ ભગવાન આત્મા જ્ઞાયકભાવ ધ્રુવભાવની અપેક્ષાએ એક, પણ એની દશાઓ સમ્યગ્જ્ઞાન—મતિ, શ્રુત, અવધિ થાય એવા તરંગની અપેક્ષાએ આત્મા અનેક કહેવામાં આવે છે. આહાહા! પહેલું તો સમજવું જ કઠણ. આ જ્ઞાનના ભાન વિના જેટલી ક્રિયા-કષ્ટ બધું કરે, એ બધા રણમાં પોક મૂકવા જેવું છે. એ કહેશે હવે.

ज्ञानरहित क्रियासे मोक्ष नहीं होता. એ આત્મા આવો છે અંદરમાં એવા અંતર અનુભવ વિના, એના જ્ઞાનના આનંદના ભાન વિના ગમે તેટલી ક્રિયાઓ કરે, મહાવ્રત પાળે, અપવાસ કરે, મરી જાય, સૂકાઈ જાય પણ એને ધર્મ નહીં. આહાહા! એ કહે છે, જુઓ. ૧૦મો કળશ. નીચે કળશ છે.

**क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः**
**क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरं।**
**साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं**
**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि॥१०॥**

એનું પદ. આ હતો કળશ.

જ્ઞાનરહિત ક્રિયાથી મોક્ષ થતો નથી. (સવૈયા એકત્રીસા)

**केई क्रूर कष्ट सहैं तपसौं सरीर दहैं,**
**धूम्रपान करैं अधोमुख ह्वैकै झूले हैं।**
**केई महाव्रत गहैं क्रियामैं मगन रहैं,**
**वहैं मुनिभार पै पयारकैसे पूले हैं॥**
**इत्यादिक जीवनकौं सर्वथा मुकति नांहि,**
**फिरैं जगमांहि ज्यौं वयारिके बधूले हैं।**

जिन्हके हियमैं ग्यान तिन्हिहीकौ निरवान,
करमके करतार भरममैं भूले हैं।।२१।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—કેઈ=અનેક. ક્રૂર=મૂર્ખ. દહ=બાળે. અધોમુખ ह्वै=નીચે માથુ અને ઉપર પગ કરીને. બયારિ=હવા. નિરવાન=મોક્ષ.

**અર્થ :—**અનેક મૂર્ખ કાયક્લેશ કરે છે, પંચાગ્નિ તપ આદિથી શરીરને બાળે છે, ગાંજો, ચરસ, વગેરે પીવે છે, નીચે મસ્તક અને ઉપર પગ રાખીને લટકે છે, મહાવ્રતનું ગ્રહણ કરીને તપાચરણમાં લીન રહે છે, પરિષહ આદિનું કષ્ટ ઉઠાવે છે; પરંતુ જ્ઞાન વિના તેમની આ બધી ક્રિયા કણ વિનાના ઘાસના પૂળા જેવી નિસ્સાર છે. આવા જીવોને કદી મોક્ષ મળી શકતો નથી, તેઓ પવનના વંટોળિયાની જેમ સંસારમાં ભટકે છે–ક્યાંય ઠેકાણું પામતા નથી. જેમના હૃદયમાં સમ્યગ્જ્ઞાન છે, તેમને જ મોક્ષ છે; જે જ્ઞાનશૂન્ય ક્રિયા કરે છે તેઓ ભ્રમમાં ભૂલેલા છે. ૨૧.

**अर्थ :—**अनेक मूर्ख कायक्लेश करते हैं, पंचाग्नि तप आदिसे शरीरको जलाते हैं, गाँजा, चरस आदि पीते हैं, नीचेको सिर और ऊपरको पैर करके लटकते हैं, महाव्रत ग्रहण करके तपाचरणमें लीन रहते हैं, परिषह आदिका कष्ट उठाते हैं; परन्तु ज्ञानके बिना उनकी यह सब क्रिया, कण रहित पयालके गट्टेके समान निस्सार है। ऐसे जीवोंको कभी मुक्ति नहीं मिल सकती, वे पवनके बधूलेके समान संसारमें भटकते हैं—कहीं ठिकाना नहीं पाते। जिनके हृदयमें सम्यग्ज्ञान है उन्हींको मोक्ष है; जो ज्ञानशून्य क्रिया करते हैं वे भ्रममें भूले हुए हैं।।२१।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

कोई क्रूर कष्ट सहैं तपसौं सरीर दहैं.. અપવાસ આદિથી શરીરને બાળે. કષ્ટ સહે ઘણા. धूम्रपान करैं अधोमुख ह्वै कै झूले हैं. केई महाव्रत गहैं.. મહાવ્રત ધારણ કરે. क्रियामें मगन रहै.. એ મહાવ્રતની ક્રિયા—અહિંસા, સત્ય ને એમાં મગ્ન રહે. પણ મૂઢ છે કહે છે. હે કે નહીં ? દેખો. केई महाव्रत गहैं क्रियामें मगन रहै, वहै मुनिभार.. મુનિનો ભાર વહન કરે. આમ ચાલવું ને આમ ખાવું ને આમ પીવું, એ બધી ક્રિયાઓ રાગની છે. वहै मुनिभार. इत्यादिक जीवनकौं सर्वथा मुकति नांहि.. એવા જીવને ધર્મ બિલ્કુલ થતો (નથી). આહાહા ! इत्यादिक जीवनकौं.. આંહીં 'सर्वथा' શબ્દ ભારે વાપર્યો છે. કાંઈક તો થાય કે નહીં, પંચ મહાવ્રત પાળે ને અપવાસ કરે તો ? ભગવાન! ઝીણી ચીજ છે ભાઈ ! જરીયે ન થાય લાભ આત્માને. કારણ કે બધી રાગની ક્રિયાઓ છે. આહાહા !

इत्यादिक जीवनकौं सर्वथा मुकति नांहि, फिरैं जगमांहि ज्यौं वयारिके बधूले हैं. વંટોળિયાનું તરણું.. વંટોળિયાનું તરણું. વંટોળિયો હોય ને વંટોળિયો—પવન, એનું તરણું જેમ

ફર્યા કરે. એમ આવા મહાવ્રતના ધરનારા, ક્રિયાકાંડના કરનારા, પણ એનાથી રહિત આત્મા આનંદ અને જ્ઞાન છે એનું જેને ભાન નથી, અનુભવ નથી, આત્માના જ્ઞાનનું વેદન નથી, એકલી ક્રિયાકાંડમાં મચ્યા છે. એ બધા વંટોળિયાના તરણાંની પેઠે જગમાંહી ચોર્યાશીમાં રખડશે. છે કે નહીં એમાં? આકરું કામ છે ભાઈ! અંતર ચૈતન્યસ્વરૂપ એ તો જ્ઞાનનો સાગર છે. એ જ્ઞાનમાં જ્ઞાનની ક્રિયા અંદર થાય તે મોક્ષનું કારણ છે. फिरै जगमांहि ज्यौं.. ખુલાસો કરશે. जिन्हके हियमैं ग्यान तिन्हिहीकौं निरवान.. જેના અંતરમાં (એમ છે કે) જ્ઞાનસ્વરૂપ હું છું. હું એ પુણ્ય-પાપની ક્રિયાના રાગથી તદ્દન ભિન્ન છું. એનો निरवान, करमके करतार भरममैं भूले हैं. ખુલાસો હવે.

केई मूरख कष्ट सहै.. કાયક્લેશ કરે, અપવાસ કરે, રસ છોડે, પંચાગ્નિ તપ કરે. तपसौं शरीर दहै.. પંચાગ્નિ કરેને આ બાવા-બાવા. છાણાં-બાણાં રાખીને બેસી રહે. ગાંજા, ચરસ આદિ પીવે, નીચેકો કોઈ શિર રાખીને ઉપરકો પૈર કરે, મહાવ્રત ગ્રહણ કરકે તપાચરણમેં અહિંસા આદિ મહાવ્રત પાળે ને અનશન ઉણોદરી આદિ તપ કરે, છતાં એને ધર્મ નથી. આરે, ભારે વાત! આ તો બધું પહેલેથી શીખ્યા હોય. આ શરીરની ક્રિયા તો જડ છે. પણ અંદર વિકલ્પ ઉઠે કે આ દયા પાળું ને વ્રત પાળું ને અપવાસ કરું, એ બધો વિકલ્પ પણ રાગ-વિકાર છે. એના વિકલ્પ વિનાનું ચૈતન્યતત્ત્વ છે અંદર આનંદ પ્રભુ, એનું ભાન કરીને આત્માના આનંદનું વેદન કરે, એ ક્રિયા ધર્મની અને મોક્ષનું કારણ છે. એને નિર્જરા થાય. આવા અપવાસ—બપવાસ કરે ને મહાવ્રત ધારે, એને જરીય નિર્જરા થાય નહીં. સાંભળ્યું, આ શું છે કહે છે એ? આ બધા મૂંડાઈને બેસે અને ઓલો વયો ગયો ઓલાનામાં પ્રકાશદાસ. આહાહા!

કહે છે, केई महाव्रत गहैं क्रियामैं मगन रहैं.. બસ, આમ ખાવું, આમ ન ખાવું, આમ પીવું, આમ ચાલવું, આમ જોઈને આમ ચાલવું. પણ એ તો બધી ક્રિયા રાગની છે. वहै मुनिभार.. પરિષહ આદિ કષ્ટ ઉઠાવે. મુનિભાર પરિષહ સહન કરે. અપવાસ લાગ્યો હોય, આમ તૃષા (લાગે છતાં) પાણીનો બિંદુ લે નહીં અને સમભાવે સહન કરે. પણ એ છે બધો કષાયભાવ, એ બધો રાગભાવ છે. ભગવાને જે આત્મા જોયો રાગ વિનાની ચીજ અંદર આનંદ ને જ્ઞાનની મૂર્તિ, એનું જેને અંતરમાં ભાન નથી, સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી, એની આ બધી ક્રિયાઓ નિરર્થક છે. આહાહા! કંઈ પણ ધર્મનું કારણ અને નિર્જરા થાય એવી એ ચીજ નથી. આહાહા!

इत्यादिक जीवनकौं सर्वथा मुकति नांहि.. છે? એ उनकी यह सब क्रिया, कण रहित पयालके गड्डेके समान निस्सार है. એ ફોતરાં.. ફોતરાં.. કૂસકા. ચોખા ન મળે

એકલાં (ફોતરા), એકલાં ફોતરાં. (શ્રોતા : ફોતરાં ખાંડે) ફોતરાં ખાંડ્યા. એ તો બધી ક્રિયાઓ રાગ છે, વિકાર છે, વિભાવ છે. આહાહા! ફોતરાં છે કહે છે. અંદરનો રાગ વિનાનો ભગવાન જ્ઞાનસમુદ્ર પ્રભુ, એની અંતરનો અનુભવ અને દૃષ્ટિ તો નથી. એથી આ ક્રિયાવાળાઓને જરીય ધર્મ અને મુક્તિ જરીય નથી. આહાહા! ભારે આકરું પડે આ.

जिन्हके हियमैं ग्यान, લ્યો. છે? (ऐसे जीवोंको) कभी मुक्ति नहीं मिल सकती, वे पवनके बधूलेके समान संसारमें भटकते है—कही ठिकाना नहीं पाते. जिनके हृदयमें सम्यक्ज्ञान.. એ પુણ્ય-પાપની ક્રિયાઓના રાગથી પણ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ વસ્તુ ભિન્ન છે. ચોખો છેને ચોખો. ચોખા. એને રાતડ હોયને લાલીશ, ઉપર લાલીશ. ચોખામાં નથી લાલ રંગ? (શ્રોતા : હા, લાલ હોય.) ફોતરું છે, લાલ રંગ છે અને ચોખો—ત્રણ છે. ફોતરું જે ઉપરનું આ ડાંગરનું, એ ફોતરું કંઈ ચોખો નથી. એમ ચોખામાં ઓલો લાલ રંગ હોય, એ કાંઈ ચોખો નથી. એમ આ શરીર છે એ ફોતરું છે અને અંદર દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ થાય એ લાલ રંગ છે. એ રંગ વિનાની ચીજ અંદર જે ચોખો છે નિર્મળાનંદ પ્રભુ, એનું ભાન અને અનુભવ કરવો એનું નામ ધર્મ અને નિર્જરા છે. આહાહા! ભારે કામ ભાઈ! (શ્રોતા : તપસા નિર્જરા નહીં?) એ આ તપસ્યા. આહાહા! અંતર ચૈતન્ય ભગવાન પૂર્ણ જ્ઞાનથી ભરેલો એની અંતર્દૃષ્ટિ મૂકતાં, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડતાં, નિર્વિકલ્પ ચીજની જે દૃષ્ટિ અને અનુભવ થાય એનું નામ નિર્જરા ને ધર્મ કહેવામાં આવે છે. આહાહા! ભારે કામ!

છે? जिनके हृदयमें सम्यग्ज्ञान है, उन्हींको मोक्ष है. जो ज्ञानशून्य क्रिया करते हैं, वे भ्रममें भूले हैं. અંતર જ્ઞાનસ્વરૂપ ભગવાન આનંદની મૂર્તિ, એનું અંતરમાં અનુભવનું ભાન નથી અને આ એકલી ક્રિયાકાંડમાં જોડાયા છે એ ભ્રમમાં ભૂલ્યા છે, એ અજ્ઞાનથી ભૂલ્યા છે. આહાહા! સજ્ઝાયમાંય આવે છે. દ્રવ્ય સંયમથી ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો. આત્મા સમ્યગ્દર્શન... મહાવ્રતનો વિકલ્પ એ રાગની ક્રિયા રાગ છે, એ બંધન છે, ઝેર છે, દોષ છે. એના રહિત પ્રભુ ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા, એની અંતર્દૃષ્ટિ કરીને જ્ઞાનમાં જ્ઞાનની શક્તિમાંથી વ્યક્તતા જ્ઞાનની, શાંતિની, આનંદની પ્રગટ કરવી, એનું નામ નિર્જરા ને ધર્મ છે. આહા! કઠણ વાત છે. હજી કાને સાંભળ્યું ન હોય. કહો દેવચંદજી! આવી વાત છે. ભાઈ! પ્રભુનો માર્ગ આ છે. આહાહા! કહા ન દેખો ન.

ज्ञानशून्य.. જ્ઞાન એટલે આ વાતું કરીએ એ જ્ઞાન નહીં. અંતર જે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એને જ્ઞાનમાં વેદન કરવું. જ્ઞાનને જ્ઞાનમાં સ્વસંવેદન (એટલે) પ્રત્યક્ષ થઈને, રાગ અને મનનો સંબંધ છૂટીને, જ્ઞાન જ્ઞાનને વેદે અને એને અનુભવે, એનું નામ જ્ઞાન. એવા જ્ઞાનની

શૂન્યક્રિયા અને ચૈતન્યમૂર્તિનું સ્વસંવેદનનું ભાન ન મળે, એ ક્રિયા ભ્રમમાં ભૂલ્યા છે. ભ્રમણામાં ભૂલેલા ચાર ગતિમાં રખડનારા છે. આહાહા! ભારે કામ આકરું પણ માણસને. હવે, વ્યવહાર લીનતાનું પરિણામ. અજ્ઞાની અનાદિથી વ્યવહારમાં લીન છે.

વ્યવહાર-લીનતાનું પરિણામ (દોહરા)

लीन भयौ विवहारमें, उकति न उपजै कोइ।
दीन भयौ प्रभुपद जपै, मुक्ति कहासौं होइ ?।।२२।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—ઉકતિ=ભેદજ્ઞાન. કહાસૌ=કેવી રીતે.

**અર્થ :—**જે ક્રિયામાં લીન છે, ભેદવિજ્ઞાન રહિત છે અને દીન થઈને ભગવાનના ચરણોમાં જાપ કરે છે અને એનાથી જ મોક્ષની ઇચ્છા રાખે છે તે આત્માનુભવ વિના મોક્ષ કેવી રીતે મેળવી શકે ? ૨૨.

**अर्थ :—**जो क्रियामें लीन है, भेदविज्ञानसे रहित है और दीन होकर भगवानके चरणोंको जपता है, और इसीसे मुक्तिकी इच्छा करता है सो आत्मानुभवके बिना मोक्ष कैसे मिल सकता है ?।।२२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! लीन भयौ विवहारमें.. ક્રિયામેં લીન બસ. આ ખાવું ને આ ન ખાવું ને આ અપવાસ કર્યો ને તપ કર્યો ને આ અહિંસા પાળી ને સત્ય બોલવું ને બ્રહ્મચર્ય શરીરથી પાળ્યું—એવો જે વિકલ્પ, એ તો વિકલ્પ છે, રાગ છે. એ ક્રિયામાં લીન અજ્ઞાની છે. उकति न उपजै कोइ. ઉકતિ એટલે ભેદજ્ઞાન—વિવેક. પણ એ વિકલ્પથી ભિન્ન ચીજ ભગવાન આત્મા છે એની એને ખબર (નથી). उकति न उपजैं.. એટલે ભેદજ્ઞાનનું ભાન નથી એમ કહે છે. ભારે કઠણ આવું. કહે, આવો વીતરાગ માર્ગ! ગામડામાં તો સાંભળ્યો ન હોય, એમાંથી શહેરમાં આવ્યા તો શહેરમાંય.... કેમ દેવડિયામાં ક્યાં હતું આ? (શ્રોતા : કલકત્તા ફરીને આવ્યા). આ તો રાજકોટ હવે ન્યાંય નહોતો. આહાહા! રાજકોટમાં ગુજરી ગયાં હતાંને ડોસી. આઠ દિ’ રહ્યા હતાં, નહીં? ખબર છેને. કાન્તિની બા. આઠ દિ’ રહ્યા હતા. અસાધ્ય થયો હતો. ખબર છે ને? ઘણાં વરસ થયા બધી વાત... અસાધ્ય હતા આઠ દિ.’ ત્યાં રહેતા હતા એની બા. આહાહા!

અરે! આત્મા શું ચીજ છે? પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે ભાઈ! તારો સ્વભાવ તો આનંદ અને જ્ઞાન છે. એને અનુભવ્યા અને જાણ્યા વિના જે આવી ક્રિયા—કષ્ટ કરે, એ ભ્રમમાં ભૂલ્યા છે. આહાહા! लीन भयौ विवहारमैं.. બે વાત કરી.

એક વિકલ્પ જે થાય છે એમાં લીન છે અને એનાથી ભિન્ન છે એનું ભાન નથી એમ કહે છે. આ તો તત્ત્વની વાત છે. અનંત કાળથી એણે કરી નથી. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો દિગંબર જૈન મુનિ થઈને, તોય વિકલ્પની ક્રિયા એ મારી માનીને રહ્યો એટલે મિથ્યાદષ્ટિ છે. लीन भयौ વિકલ્પમાં.

જુઓ, ખૂબી કેવી છે કે સમ્યગ્દ્રષ્ટિ છે એ તો વ્યવહારથી મુક્ત છે. ધર્મી એને કહીએ કે જે આનંદસ્વરૂપ આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ, એનું જેને અંતરમાં અનુભવ અને ભાન (છે), એ વિકલ્પની ક્રિયાથી ભિન્ન છે. એને સમકિતી અને ધર્મી કહીએ. ત્યારે અજ્ઞાની વિકલ્પમાં લીન છે. જ્ઞાની વિકલ્પથી ભિન્ન છે, અજ્ઞાની વિકલ્પમાં લીન છે. ન્યાય સમજાય છે કાંઈ? આ તો સારમાં સાર માખણની વાત છે. આહાહા! એણે કોઈ દિ' સાંભળી નથી. એમ ને એમ જીવન વીત્યા અનંત કાળ. દુકાન ઉપર ભાઈ વાંચતાને આ ચાર ચોપડી સજ્ઝાયમાળા. એમાં આ તે દિ' ખ્યાલ આવતો કે માળે આ શું કહે છે? આ શબ્દ આવે છે એમાં.

'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો'. ચાર ચોપડી સજ્ઝાયમાળા આવે છે. સજ્ઝાયમાળા વાંચી છે? વાંચી નહીં હોય. એક-એક સજ્ઝાયમાળામાં ૨૦૦-૩૦૦ સજ્ઝાય પાઠ છે. એ આપણે બાલાભાઈ છગન અમદાવાદવાળા. એ દુકાન ઉપર હું ત્યાં બધું મંગાવતો ને દુકાન ઉપર વાંચતો. ચાર ચોપડી છે, આંહીં છે. વચ્છરાજભાઈનાં ..... ચાર સજ્ઝાયમાળા—૧લો ભાગ, ૨જો ભાગ, ત્રીજો ભાગ, ચાર ભાગ. એક એકમાં ૨૦૦-૩૦૦ સજ્ઝાય છે. દુકાન ઉપર નિવૃત્તિ (હતી). એ બધી વાંચેલી. એમાં એક આ શબ્દ આવેલો તે દિ'. આ તો ૬૨-૬૪ વરસ પહેલાંની વાત છે. ૫૮ તો આ થયાં. કે 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો'. સજ્ઝાયમાળા જોઈ પણ નહીં હોય તમે, કાંતિભાઈ! ઓલી છે કે નહીં ત્યાં? એય! જુઓ તો ખરા, એને નજરે તો પડે.

એ ત્યાં રાખી છે. એમાં એક નથી હોં. હજી આવી નથી. દેવચંદજી! શ્વેતાંબરમેં ચાર સજ્ઝાયમાળા પુસ્તક આવે છે. જુઓ આ ચાર. આ ચાર. એક-એકમેં.... આ સજ્ઝાયમાળા છે ચાર. ઘણી.. કેટલો આંકડો ઘણો. આ બધી વાંચેલી દુકાન ઉપર. આ ચાર છે. આમાંથી તો એક, બે ભેગી આવી ગઈ છે. એક નથી આવી. (શ્રોતા : એકનાં બે ભાગ). કહ્યું હતું. એમાં એક ઠેકાણે એવું આવ્યું ત્યાં. એ વાંચ્યું ત્યાં દુકાન ઉપર હોં. દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો. કીધું, આ શું હશે? એટલે કે આત્માના સમ્યગ્દર્શન અને અનુભવ વિના આ ક્રિયાકાંડ કરીને નવમી ગ્રૈવેયક ગયો પણ પાછો પટક્યો. (શ્રોતા : ....) એમાં આવે છે. (શ્રોતા : એ જ દ્રવ્યસંયમ). એ દ્રવ્યસંયમ. આ મહાવ્રત પાળે એ બધી ક્રિયાકાંડ

દ્રવ્યસંયમ છે. પુણ્ય બંધાય મિથ્યાત્વ સહિત. આહાહા! મિથ્યાત્વ તો ભેગું પડ્યું છે ને. રાગક્રિયા મારી છે, એ મહાવ્રતનાં પરિણામ મારા છે ને એનાથી મને લાભ થાય, એ (માન્યતા) મિથ્યાત્વ છે. (શ્રોતા : સ્વર્ગ લગી તો પહોંચી જાયને). માખીયું ઉતરી જાય ત્યારે. શું કીધું? આંહીંથી માખી લાકડે ચાલી. અમારે તો ઓછી થઈ ગઈ. એમ આ સ્વર્ગમાં ગયો અનંતવાર ગયો, એ નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. (શ્રોતા : ત્યાંની તો વાત ચાલે છે.) એ માટે એમાં છે ....

અને આપણે અહીં છે, 'છઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' 'છઢાળા'માં આવે છે. 'છઢાળા' છે ને. ભાઈને આખું મોઢે છે. અમારે નવનીતભાઈ છે ને. નવનીતભાઈ. નવનીતશેઠ છેને પ્રમુખ આપણે અહીંયાં. એને આખી છઢાળા મોઢે અને છઢાળામાં પૈસા બહુ ખરચે છે. ઘણાં વરસો... પુસ્તક કેટલાં? આપણે શું? વ્યાખ્યાનને ભાઈ એના? (શ્રોતા : હા, વ્યાખ્યાન). વ્યાખ્યાન આપે છે. મફત બહુ વહેંચે, આ પત્રવાળાને વહેંચે છે. મફત આપે છે ઘણા. નવનીતભાઈને બહુ રસ છે. નવનીતભાઈ છેને આ નવનીતભાઈ, એને આ છઢાળા આખી કંઠસ્થ છે.

એમાં આ છે કે 'મુનિવ્રત ધાર..' અનંતવાર તેં મુનિપણું ધારણ કર્યું છે. અને નવમી ગ્રૈવેયકે ગયો. આ ગ્રીવાને ઠેકાણે પાસડા છે નવ ગ્રૈવેયક દેવના. ત્યાં અનંત વાર ઉપજ્યો. પણ આતમજ્ઞાન—આત્મા રાગથી રહિત, વિકલ્પથી રહિત છે એના ભાન વિના ચોર્યાશીનાં અવતારમાં પાછો પટક્યો. બાબુભાઈ કહે કે પણ સ્વર્ગ તો પહોંચીએ. એમ કહે છે. એ તો ધૂળ હતી. તમારી આ શેઠાઈની ધૂળ, એમ એ બધી ધૂળ છે ન્યાં. આહાહા! (શ્રોતા : ધૂળના પ્રકાર જુદા). ધૂળનો પ્રકાર જુદો. ઊંચી ધૂળ એમાં શું છે? ન્યાંથી પટક્યા. ન્યાંથી થયો માણસ, માણસ મરીને ઢોર ને ઢોર મરીને નિગોદ. આહાહા! બાપુ! ચીજ આત્મા શું ચીજ છે. એ પુણ્ય પાપના વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે, બંધતત્ત્વનું કારણ છે. આહાહા! એની ખબર ક્યાં છે એને? આહાહા!

એ આંહીં કહે છે, જુઓ. જુઓ, આમાં બહુ છે એવી વાતો એમાં. દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો. મેં કીધું, આ શું કહે છે ? અને એ જ શબ્દ મેં મારા ભાઈને કહ્યું હતું. આ ૭૨ની ચર્ચા ચાલીને, પુરુષાર્થની, પાળિયાદમાં. ભગવાને દીઠું એ થાય, એ મોટી ચર્ચા ચાલી હતી, ૭૨ની સાલ, ૭૨માં. અમારા ગુરુ હતા હીરાજી મહારાજ ને મૂળચંદજી ને હતા. મોટી ચર્ચા મૂળચંદજીની સાથે હોં. હીરાલાલજી તો બિચારા ભદ્રિક હતા. ૭૨ની વાત છે. ૫૫ વરસ થયા. 'ભગવાને દીઠું એવું થાશે, આપણે કંઈ પુરુષાર્થ કરી શકીએ

નહીં' એમ વારંવાર બોલ્યા કરે મૂળચંદજી. કીધું, એલા આ વાક્ય કોના ઘરના? ભગવાનના આવા વાક્ય હોય? મોટી (ચર્ચા). એ શું કહેવાય ભાઈ? તમને તો બતાવ્યું'તું ને. સરવા સરવા. સરવા છે પાળિયાદ અને વીંછીયા વચ્ચે. ભાઈ આવ્યા છે. (શ્રોતા : એ તો મેં જોયું છે). હં, જોયું છે. ઉતારો બતાવ્યો હતો. આ ઉતારામાં આ તકરાર થઈ હતી. (શ્રોતા :.....સામું હતું). ૭૨નાં ફાગણ સુદ તેરસ. આ ચર્ચા ઉઠી મોટી. કીધું, ભગવાનની વાણી આવી ન હોય. ભગવાનની વાણી તો... જેને કેવળ છે એ આત્મા કેવળીને જાણે અને કેવળી દીઠું એમ થાય એવું જેને બેસે, એને સમ્યગ્દર્શન થાય, એને ભવ-બવ હોય નહીં.

આ ૭૨ની વાત છે. ૫૫ વરસ પહેલાંની વાત છે. એમ હોય નહીં, કીધું. પછી હું તો સવારમાં ઊઠી ગયો હતોને ભાઈ, બીજે દિ'એ. પણ આમાં એ યાદ આવ્યું કે એ સમયે હીરાજી મહારાજ આટલું બોલ્યા હતા હોં. 'ભાઈ! ઉતાવળ થાય છે હોં. આ કંઈ એવી ભૂલ નથી'. કીધું, નહીં. નવમી ગ્રૈવેયકે ગયો તોય મૂળ ભૂલ રહી ગઈ છે, કીધું. તે દિ' આ કહ્યું તો હોં. ૭૨ની વાત છે. ૭૨નાં ફાગણ સુદ ચૌદશની સવારે. કાનિયાદ છે ઓલો કાનિયાદ. પાળિયાદ પાસે છે કાનિયાદ. છોટાભાઈ મુંબઈમાં નથી? કાનિયાદવાળા ગૃહસ્થ છે. કેશવજી છોટાભાઈ. હવે ગુજરી ગયા. કાનિયાદવાળા છે. કાનિયાદવાળાને તમે ઓળખો છો ને? કાનિયાદ બોટાદ પાસે છે. મુંબઈમાં મોટું એનું (નામ), પૈસાવાળો મોટો. એ ત્યાં પછી એક દિ' એ... પણ હીરાજી મહારાજે આટલું કહ્યું, 'શાંત થાઓ.' મેં કીધું, આ મારે સાંભળવું પાલવે નહીં, આ સંપ્રદાય પાલવે નહીં, આ વાત પણ પાલવે નહીં. ભગવાન જેને જ્ઞાનમાં બેઠા, એને ભવ હોય એ વાત નહીં, કીધું.

એટલે એટલું કહ્યું એમણે કે નવમી ગ્રૈવેયકમાં ગયો... ના, એટલું કહ્યું કે આ ભૂલ કંઈ મોટી નથી. પ્રતિમા ન માનતો હોય એ ભૂલ.... (શ્રોતા : .....) એ એક ભૂલ છે. મૂર્તિ ન માને તો તો મેં કીધું, એ નહીં. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે આવી ભૂલ રહી ગઈ છે, કીધું, શલ્ય રહી ગયું છે અંદરમાં. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર... ત્યાંય પ્રશ્ન થયો હતો જયપુરમાં. એક માણસ ઉભો થયો. અનુકૂળ હતો. 'મહારાજ! ક્રમબદ્ધનો ખુલાસો આજ તો કરો. દિવસ ચાલ્યા જાય છે'. માણસ તો ૩૦૦૦ માણસ. ક્રમબદ્ધ (એટલે) સમયે સમયે જે પર્યાય જ્યાં થવાની તે થાય, એનો અર્થ શું? મેં કીધું, સાંભળો હવે ત્યારે. ક્રમબદ્ધ એટલે કે આત્મા જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ છે એવું જેને અંતરમાં ભાન થયું, એ રાગ અને પરનો કર્તા નથી એવું અકર્તાપણું એને પ્રગટ થયું. એટલે એને જે સમયે જે પર્યાય થાય તેનો જાણનાર રહે, એ કર્તા ન થાય, એ ક્રમબદ્ધનું તાત્પર્ય છે. (શ્રોતા : જ્ઞાતા થાય એ તાત્પર્ય).

ભાઈ હતા કે નહીં? પ્રશ્ન કર્યો હતો. પછી મેં કીધું, હવે આ પ્રશ્ન ... તે શી ખબર

પડે. પણ પછી તો અનુકૂળ હતું માણસને. મહારાજ! મેં તો જાણવા માટે કહ્યું હતું. ક્રમબદ્ધ એટલે શું? કીધું, જે સમયે ભગવાને દીઠું તે સમયે ત્યાં પર્યાય થવાની જડ—ચૈતન્યની, ફેરફાર ત્રણ કાળમાં ન થાય. પણ એ કોને? કે જેને આત્મા દૃષ્ટિમાં આવ્યો જ્ઞાયકમૂર્તિ. એ રાગથી પાર, નિમિત્તથી પાર એવી મારી ચીજ છે એવું જેને જ્ઞાયકનું ભાન થયું એ જ્ઞાતા થઈ ગયો. એ રાગનો કર્તા રહ્યો નહીં. દયા-દાનના વિકલ્પ આવે પણ તેનો કર્તા ધર્મી નહીં. એને ક્રમબદ્ધનું જ્ઞાન સાચું હોય. વાતું કરે થાવું એ થાશે અને દૃષ્ટિ હોય રાગ ઉપર, એ દૃષ્ટિ સાચી નથી, કીધું. ઝીણો વિષય છેને એ. ક્રમબદ્ધનો ઝીણો વિષય છે. એકદમ નવો છેને. એ હતો નહીંને. આંહીં કહે છે, ઓહો! ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાનનો સાગર, એની દૃષ્ટિ છોડી દઈને જે કોઈ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામમાં લીન છે એ મૂરખ ભેદવિજ્ઞાનથી રહિત છે, એને સમ્યગ્દર્શન નથી. આહાહા! રાગમાં લીન, તેને રાગથી ભિન્નનું ભાન (નથી) એમ કહે છે. આહાહા! ભારે વાત ભાઈ!

लीन भयौ विवहारमैं, उकति न उपजै कोई.. उकति એટલે રાગથી ભિન્ન મારી ચીજ છે, અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય છું એવું ક્રિયામાં લીનવાળાને સ્વરૂપનું ભાન રહેતું નથી. સ્વરૂપનું ભાન થતું નથી. दीन भयौ प्रभुपद जपै.. આહાહા! હે ભગવાન! પ્રભુ! મને તારજો હોં. આવી દીનતા કરે એ મૂઢ છે. પ્રભુ ક્યાં તારી દે એવું છે. પ્રભુ તો પર છે. દીનતા.. दीन भयौ प्रभुपद जपै.. દીન હોકર.. ભગવાન... ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. હે ભગવાન.. હે ભગવાન.. એ શું છે પણ? ભગવાન—ભગવાનનો જાપ એ રાગ છે, વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ-બરમ નહીં. दीन भयौ प्रभुपद जपै.. પામર માનીને... હું પ્રભુ પરિપૂર્ણાનંદ કંદ છું એનું ભાન નથી અને પર્યાયમાં પામર માનીને ભગવાનનો જપ કરે, એ મૂરખ ચાર ગતિમાં રખડવાના છે, કહે છે. मुकति कहासौं होइ? એવા જીવને મુક્તિ.. ઓલામાં उकति કીધી હતીને. उकति न उपजै.. मुक्ति कहांसैं होइ? કવિ છેને એટલે બધી મેળ કરી છે. આહાહા!

ચૈતન્ય ભગવાન અંતર અસ્તિ મહાપ્રભુ ધ્રુવ ચૈતન્ય આનંદનું ધામ એવું જેને અંતર્દૃષ્ટિમાં અનુભવ નથી, અંતરમાં સમ્યક્ પ્રતીતિ ને ઓળખાણ નથી, રાગની ક્રિયાથી ભિન્ન છે તેના ભાન નથી, એ બધા ક્રિયામાં લીન જીવો—ક્રિયાથી ભિન્નના ભાન વિનાના જીવો—દીન થઈને પ્રભુના જાપ કરે. હે નાથ, તારજો હવે હોં. તે તારે કોણ? છે કોઈ તારનાર જગતમાં? ભગવાનેય તારે નહીં. ભગવાન તો પર છે. તું તર ત્યારે ભગવાને તાર્યા એમ નિમિત્તથી કહેવામાં આવે. આહાહા! પ્રભુ મને તારજો હોં, દીન ભિખારી થઈને (કહે). એ રાંકો માન્યો તેં આત્માને. પર્યાયમાં રાંકો માન્યો. પણ ત્રિકાળી જ્ઞાયક મૂર્તિ પ્રભુ છે એની એને પ્રતીત અને એનું એને ભજન નથી, એમ કહે છે. કારણ કે આ તો આખી

જાત ફેરફાર આખો છે હોં. સંપ્રદાયથી આખો ફેરફાર છએ માટે આ સંપ્રદાયમાં ચાલે એવું નહોતું ન્યાં. આહાહા! માર્ગ કેવા બાપા ભારે! આહાહા!

એક તો બિચારી આજે આવી હતી ઓલી અર્જિકા. કો'ક ત્યાંની નથી? આહાહા! અઢાર વર્ષની બાળ બ્રહ્મચારી. હા, બહુ દેખાવ રૂપાળો. ૧૮ વર્ષની અર્જિકા થઈ ગયેલી. માથું આમ મૂંડું ને બધું ને હોં, રૂપાળી બહુ. એ ઓલા દેષભૂષણમાં ઓલી આવી હતી. જુદી આવી હતી. વ્યાખ્યાન ત્રણ સાંભળ્યા. સાંભળીને... ઓલું વ્યાખ્યાન પૂરું થાય ને પછી હું લૂગડું ફેરવવા જાઉંને પાછળ. માણસો ઘણા હોય, એ અંદર આવી અને બોલી, 'મહારાજ! અહો! મારી ચીજ શું છે એ આજ મને ખબર પડી,' કહે.

અર્જિકા થયેલી હોં અને નાની ઉંમર. જોઈ હતી બેન અર્જિકાને? ઓલી નાની ઉંમરની. ઓલી બે નહીં મોઢા આગળની. એ ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા એણે. પછી તો એને ગામમાં જવું પડ્યું. એવો વેષ ફેર એને નભવું શી રીતે? એટલે.... નાની ઉંમર ૧૮ વર્ષની અર્જિકા બાલ બ્રહ્મચારી. આ સાંભળીને બોલી, આહાહા! આ વાત બધી ત્યાં આવતી હતી. ઓલા સાંભળવા આવેને ભાઈ. જોઈ હતી તમે ભાઈ ચેતનજી? આજે મારે રાત ગામમાં જાવું છે. પણ આજ મને આ વાત.. મારી ચીજ આવી છે એ આજ મને ખબર પડી, કહે. મુંડાઈને બેસે, ભાન ન મળે કે આત્મા શું ચીજ છે? આહાહા!

આંહીં એ કહે છે, એને मुकति कहासौं होइ? આવા જીવને ભગવાન.. ભગવાન.. ભગવાન.. હે નાથ! હું તો દીન છું હોં. એ દીનને દયા કરો, પ્રભુ! આપ દયા કરો. (શ્રોતા : ભક્તો તો એમ જ કહેને). એ તો કથનની શૈલી છે. પોતાને દીન માને તો મૂઢ જીવ છે. ત્રણ લોકનો નાથ ચિદાનંદ પ્રભુ, આહાહા! એક સમયની પર્યાયથી અધિક—ભિન્ન—જુદો એવો મહાપ્રભુ... જેને અંતરની દૃષ્ટિ નથી અને હું દીનથી દીન છું, રાંકો છું, સંસારી છું, અજ્ઞાની છું—એ તો મિથ્યાત્વભાવ છે બધો. સમજાણું કાંઈ? लीन भयौ सब प्रभुपद जपै, मुकति कहाँसे होइ?

બીજો દોહરો ૨૩. (શ્રોતા : એનું અનુસંધાન). એની સાથે મળે એવો.

વળી— (દોહરા)

प्रभु सुमरौ पूजौ पढ़ौ, करौ विविध विवहार।
मोख सरूपी आतमा, ग्यानगम्य निरधार।।२३।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ**:—સુમરૌ=સ્મરણ કરો. વિવિધ વિવહાર=જુદા જુદા પ્રકારનું ચારિત્ર.

**અર્થ** :—ભગવાનનું સ્મરણ કરવાથી, પૂજા-સ્તુતિ કરવાથી અથવા અનેક પ્રકારનું

ચારિત્ર ગ્રહણ કરવાથી કાંઈ થઈ શકતું નથી, કેમકે મોક્ષસ્વરૂપ આત્મા અનુભવ-જ્ઞાનગોચર છે. ૨૩.

**अर्थ :**—भगवानका स्मरण करने, पूजा-स्तुति पढ़ने वा अनेक प्रकारका चारित्र ग्रहण करनेसे कुछ नहीं हो सकता, क्योंकि मोक्षस्वरूप आत्मा अनुभव-ज्ञानगोचर है।।२३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ચાહે તો ભગવાનનું સ્મરણ કરો, એનાથી મુક્તિ નથી. પૂજૌ. એ ભગવાનની પૂજા કરો ને સ્તુતિ કરો, એ પુણ્ય છે, ધર્મ નથી. એય! (શ્રોતા : આવું કહેશેને તો...) કોણ કરે છે એ? એ તો આવે, વિકલ્પ આવે. વસ્તુથી પૂર્ણ ન હોય ત્યારે એવો વિકલ્પ આવે, પણ એ વિકલ્પ મુક્તિનું કારણ છે.. (શ્રોતા : એમ ન માને. માન્યતાની વાત છે.) આહાહા! પણ બહુ આકરી વાત ભાઈ! રહી ગયું છે તને આખું પ્રભુનું, પ્રભુત્વના મહત્ત્વનું શલ્ય રહી ગયું તને. કે આવો મોટો હું? હું પ્રભુ થવાને લાયક? આવો પ્રભુ? પ્રભુના સ્મરણ વિના, પ્રભુની ભક્તિ વિના? અરે! ભક્તિ વિના. તારું સ્મરણ કરે એમાં પ્રભુ પ્રગટે એવો છે એ આત્મા. આહાહા! प्रभु समरौ पूजौ पढ़ौ. છે? સ્તુતિ પઢનેવાલા. સ્તુતિ કરો ભગવાનની. करौ विविध विवहार. અને મહાવ્રતની ક્રિયાઓ અનેક પ્રકારની સાંજ-સવાર આ પડિકમણા ને આ ને આ, આ. કર બધી, પણ એ બધો વિકલ્પ અને રાગ છે.

मोख सरूपी आतमा.. એ પ્રભુ જે રાગની ક્રિયાથી ભિન્ન છે એવો મોક્ષસ્વરૂપી પ્રભુ એ ग्यानगम्य निरधार.. એ તો અંતરના જ્ઞાન અને અનુભવગમ્ય છે. એ ક્રિયાથી ગમ્ય થાય એવો આત્મા (નથી). આહાહા! વાત ઠીક આવી ગઈ છે આ. આ બેય શેઠિયા છે. આ કલકત્તાના શેઠ ને આ જમશેદ(નગર)ના. વાડીભાઈ! પણ વાડીભાઈને સોહે રુચે છે. આહાહા! બાપુ! માર્ગ તો આ છે ભાઈ! આહાહા! 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહીં ગુરુ સંતને, મૂક્યા નહીં અભિમાન.' આહાહા! કહે છે, ભગવાન આત્મા મોક્ષસ્વરૂપ આત્મા.. આહાહા! અબદ્ધસ્વરૂપ છે ને. ચૈતન્ય પ્રભુ તો રાગ અને કર્મથી ભિન્ન અબદ્ધસ્વરૂપ છે. એવા સ્વરૂપનું ભાન, એ મોક્ષસ્વરૂપી આત્મા એ તો જ્ઞાનથી અનુભવથી જ પ્રગટ થાય. બાકી કોઈ ક્રિયાથી એને પ્રગટ થાય એવી ચીજ (નથી). મોક્ષસ્વરૂપી આત્મા અનુભવ જ્ઞાનગોચર છે. આહાહા! એને વધારે સ્પષ્ટ કરવા દાખલો આપે છે.

જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી. (સવૈયા એકત્રીસા)

**काज विना न करै जिय उद्यम,**
**लाज विना रन मांहि न जूझै।**

डील विना न सधै परमारथ,
सील विना सतसौं न अरूझै।।
नेम विना न लहै निहचै पद,
प्रेम विना रस रीति न बूझै।
ध्यान विना न थंभै मनकी गति,
ग्यान विना सिव पंथ न सूझै।।२४।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**ઉધમ=ઉધોગ. લાજ=સ્વાભિમાન. ડીલ=શરીર. જુઝૈ=લડે. પરમારથ (પરમાર્થ)=મોક્ષ. અરૂઝે=મળે. નેમ=નિયમ. બૂઝૈ=સમજે. સિવપંથ=મોક્ષમાર્ગ. સૂઝૈ=દેખાય.

**અર્થ :—**પ્રયોજન વિના જીવ ઉધમ કરતો નથી, સ્વાભિમાન વિના સંગ્રામ લડતો નથી, શરીર વિના મોક્ષ સધાતો નથી, શીલ ધારણ કર્યા વિના સત્યનો મેળાપ થતો નથી, સંયમ વિના મોક્ષપદ મળતું નથી; પ્રેમ વિના રસની રીત જાણી શકાતી નથી, ધ્યાન વિના ચિત્ત સ્થિર થતું નથી અને જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી. ૨૪.

**अर्थ :—**बिना प्रयोजन जीव उद्यम नहीं करता, बिना स्वाभिमानके संग्राममें नहीं लड़ता, शरीरके बिना मोक्ष नहीं सधता, शील धारण किये बिना सत्यका मिलाप नहीं होता, संयमके बिना मोक्षपद नहीं मिलता, प्रेमके बिना रसरीति नहीं जानी जाती, ध्यानके बिना चित्त स्थिर नहीं होता और ज्ञानके बिना मोक्षमार्ग नहीं जाना जाता।।२४।।

---

## પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ज्ञानके बिना मुक्तिमार्ग नहीं जाना जा सकता. અંતરમાં એ પુણ્ય-પાપના વિકલ્પની ક્રિયાથી ભિન્ન એનું અંતર જ્ઞાન વિના સાચું સ્વરૂપ જાણવામાં આવતું નથી. काज विना न करै जिय उद्यम.. વિના પ્રયોજન કોઈ પુરુષાર્થ કરે ? આ રળવાનો પુરુષાર્થ... પણ રાગી છે પ્રાણી મોહી—આ કરું ને આ કરું, આ કરું, ધૂળ કરું, વેપાર કરું, પણ એણે આ (પોતાનું) કાર્ય માન્યું છેને. આહાહા ! काज विना न करै जिय उद्यम, लाज विना रन मांहि न जूझै. ૨૫ વરસનો રાજકુમાર હોય અને રાજ ઉપર લડાઈ ચડી આવે, પોતે જાય લડવા. અરેરે ! હું રાજાનો કુંવર, આ રાજ જાશે. લાજ આવે એને. (શ્રોતા : હવે તો કુંવરેય વયા ગયા). હવે તો ક્યાં રાજા-બાજા રહ્યા છે? બધા ભિખારા છે. આ સાલિયાણા માટે માથા પછાડે. ખબર છે ને. આંહીં તો કહે છે, ૨૫ વરસનો રાજકુમાર હોય, પરણેલો હોય છ મહિને, પણ રાજ ઉપર જો લડાઈ આવી તો લડવા જાય. નાક કપાય છે નહીંતર મારું. लाज विना रन मांहि न जूझै.. રણમાં જૂઝે નહીં. આહાહા ! बिना स्वाभिमानके संग्राममें

नहीं लड़ता. અભિમાન છે ને. હું રાજાનો કુંવર છું, અમે રજપૂત છીએ, પાછા ન ફરીએ. અમારું રાજ જાય, પહેલાં પ્રાણ જાય તો રાજ જાય. એવા અભિમાનીઓ અભિમાન વિના રણમાં જૂઝે નહીં.

डील विना न सधै परमारथ. મનુષ્યભવ વિના મુક્તિ કોઈ દિ' હોય નહીં. મનુષ્યભવ હોય ને. (શ્રોતા : ....) હા, એ મનુષ્યભવ હોય એમાં મુક્તિ હોય, ભવથી નહીં. પણ તિર્યંચભવમાં ને દેવભવમાં ને નરકભવમાં મુક્તિ હોઈ શકે (નહીં) એટલું સિદ્ધ કરવું છે. મોક્ષ હોય તો મનુષ્યમાં હોય એટલી વાત છે. કેવલજ્ઞાન પામે આત્મા અને મુક્તિ પામે તે મનુષ્યભવમાં. મનુષ્યભવને લઈને નહીં, પણ મનુષ્યભવમાં હોય એટલી વાત અહીં સિદ્ધ કરવી છે. ઓલું જ્ઞાન વિના... એ વાત કરીને સિદ્ધ કરવી છેને. ज्ञान विना सिव पंथ न सूझै. એને સિદ્ધ કરવા આ દાખલા છે બધા. (શ્રોતા : મનુષ્ય સિવાય કોઈને કેવળજ્ઞાન થાય નહીં). થાય નહીં.

सील विना सतसौं न अरूझै. આહાહા! કહે છે, शील धारण किये बिना सत्यका मिलाप नहीं होता. અંતરનો આત્મા શુદ્ધસ્વરૂપનું શીલ બ્રહ્મચર્ય અંદર બ્રહ્માનંદ—બ્રહ્મ આનંદ—બ્રહ્મસ્વરૂપ ભગવાન એનો આનંદ, એ આનંદના શીલ વિના, આનંદના શીલના આચરણ વિના... ક્યા કહતે હૈં? સત્યનો મિલાપ નહીં. સચ્ચિદાનંદ પ્રભુ આત્માનો મિલાપ હોતો નથી. આહાહા! કહો, સમજાણું?

હમણાં કીધુંને. ૨૫ વરસનો છોકરો ત્યાં ભોપાલમાં. સાડા છસોનો પગાર. મારે જાવજ્જીવ બ્રહ્મચર્ય લેવું છે જાવજ્જીવનું. ૩-૪ હજાર માણસમાં. થે તુમ તે દિ'? (શ્રોતા : નહીં) નહીં થે. ભોપાલમાં હેમચંદ. એ અહીંયાં આવ્યો હતો પોર (બ્રહ્મચર્ય) લેવા. ૨૫ વરસની—૨૪ વરસની ઉંમર. ઘણું કરીને ૨૫. બ્રહ્મચર્ય આપો જાવજીવનું. અરે, આ જુવાનને કેમ અપાય? કીધું. રજા વિના, એના મા—બાપની રજા વિના. પછી ત્યાં આખું કુટુંબ લઈને આવ્યો હમણાં. સાડા છસોનો પગાર છે. ૨૫ વરસની ઉંમર છે. છ ભાઈઓ છે. ચાર પરણેલા છે. પોતે બાળ બ્રહ્મચર્ય લેવા. પાછું જાણપણામાં હોં આ બધું વાંચેલું, જાણ્યું. આવ્યો પણ હોંશિયાર છે. આહાહા! (શ્રોતા : B.E. એન્જિનીયર છે.) ઈજનેર છે મોટો ઈજનેર છે. .... માણસ જાગે તો.

ઓહોહો! માર્ગ તો આ કરવાનો છે કહે. ધૂળેય કરી કરીને મરી ગયા અનંત વાર. ૨૫ વરસની ઉંમર, સાડા છસોનો પગાર, છ ભાઈઓ, ૪ પરણેલા, પોતે બાળ બ્રહ્મચારી અને છઠ્ઠો હજી નાનો. બધું કુટુંબ આવ્યું હતું. એનો બાપે તો બહુ ખુશી થઈને ઓહોહો! મારા પિતાજી તો બહુ રાજી છે, કહે. માતાજી જરી રોવે છે, એમ કીધું. બધું કુટુંબ આવ્યું

હતું ત્યાં ગોદિકાની મેડી ઉપર. આ માતાજી જરી રોવે છે. હવે શું છે ...? એટલી નિવૃત્તિ લીધી એણે પ્રવૃત્તિ છોડીને. એટલો એક શુભભાવ છે. એ પણ એક શુભભાવ છે, એ કંઈ ધર્મ નથી હજી. આહાહા! એ પણ બહુ ડાહ્યો માણસ છે, જાણપણું છે, વાંચન છે બહુ સારું.

सील विना सतसौं न अरूझै.. આત્માનું બ્રહ્મ નામ આનંદ શીલ હોં એ શીલ. (શ્રોતા : શુદ્ધતા) શુદ્ધભાવ. અરે, પ્રભુ બ્રહ્માનંદ પ્રભુ આત્માનો અતીન્દ્રિય આનંદનો શીલસ્વભાવ, એવા આનંદના સ્વભાવ વિના સત્યનો મેળાપ થાય નહીં. नेम विना न लहै निहचै पद.. સ્વરૂપનું સમ્યગ્દર્શન ને જ્ઞાન થવા છતાં સ્વરૂપની ચારિત્રદશા વિના મુક્તિ કોઈ દિ' ન હોય. પણ ચારિત્ર કેવું? આત્માના જ્ઞાનમાં, આનંદમાં રમવું એ. સમજાણું કાંઈ? આહાહા! સંયમ એટલે સ્વરૂપમાં રમણતા. ભગવાન આનંદમૂર્તિમાં રમણતા વિના મુક્તિ કોઈ દિ' હોય નહીં. એકલા સમ્યગ્દર્શન–જ્ઞાનથી ન હોય એમ સિદ્ધ કરવું છે. नेम विना न लहै निहचै पद, प्रेम विना रस रीति न बूझै.. प्रेमके बिना रसरीति नहीं जानी जाती. એ આત્માના આનંદનો પ્રેમ વિના અંતર એકાગ્ર થઈ શકે (નહીં). રસ છેને અહિંયા. અંતરનો આનંદરસ.. આનંદરસ. પુણ્યપાપનો રસ પ્રેમ છૂટીને આનંદના રસ વિના અંદરમાં એકાગ્ર થઈ શકે નહીં. પ્રેમ જોઈએ પ્રભુનો. પરમાત્મા હું પોતે છું એવો એનો પ્રેમ થાય તો એને આત્માના આનંદનો રસ આવે. આહાહા!

ध्यान विना न थंभै मनकी गति.. અંતરમાં સ્થિરતા વિના મનની ચપળતા રોકાય નહીં. અંતરસ્વરૂપ બ્રહ્માનંદ પ્રભુ પોતે, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ હોં. અજ્ઞાની કહે એ નહીં. એવો જે ભગવાન આત્મા (એના) ધ્યાન વિના.. એની એકાગ્રતા વિના મનની ચંચળતા રોકાય નહીં. હવે એ તો દૃષ્ટાંત કહીને સિદ્ધ આ કરવું છે. ज्ञान विना सिव पंथ न सूझै. (શ્રોતા : એ તો દાખલા હતા). એ તો બધા દાખલા હતા. આહાહા! એમ રાગ ને પુણ્યથી ભિન્ન ભગવાન, એના જ્ઞાન વિના શિવનો પંથ સૂઝ પડે (નહીં). આહાહા! આ જાણપણું એટલે શાસ્ત્રની આ વાત નથી. શાસ્ત્રના જાણપણા, બહુ જાણપણા.. એ બધા શાસ્ત્રનાં જાણપણા એ જ્ઞાન જ નથી. આત્માના આનંદનું અંતર ભાન થઈને આનંદનું જ્ઞાન–આત્મજ્ઞાન–ભેદજ્ઞાન–રાગથી ભિન્ન ભાન—એવા જ્ઞાન વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પંથ સૂઝ પડે નહીં. કહો, કેટલું સરસ કીધું છે હોં. આહાહા! અંતર વસ્તુ પોતે જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્ય છે. એવા જ્ઞાનનું જ્ઞાન.. એવા જ્ઞાનનું જ્ઞાન અંતર્મુખ થઈને અનુભવી જ્ઞાન, એ જ્ઞાન વિના શિવપંથનો સૂઝ પડે (નહીં). કે મોક્ષનો માર્ગ શું છે? આ તો રાગની ક્રિયા એ મોક્ષનો માર્ગ, મહાવ્રત એ મોક્ષનો માર્ગ, એ તો મૂઢ છે. આહાહા!

જ્ઞાન વિના શિવ પંથ ન સૂઝૈ, લ્યો. જ્ઞાન વિના મોક્ષમાર્ગ.. સમ્યગ્જ્ઞાન વિના સમ્યગ્દર્શનની ખબર ન પડે. સમ્યગ્જ્ઞાન વિના જ્ઞાનની ખબર ન પડે. સમ્યગ્જ્ઞાન વિના આત્માની ખબર ન પડે અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્રની ખબર ન પડે. આહાહા! આ આત્માનું ભાન થાય ત્યારે એને જ્ઞાન થાય ત્યારે નિર્જરા થાય એમ સિદ્ધ કરવું છે. એ જ્ઞાન વિના ક્રિયાકાંડ લાખ કરોડ કરે, ધર્મ ન થાય, નિર્જરા ન થાય. મિથ્યાત્વ સહિત પુણ્ય બાંધે (તો) દેવ-બેવમાં જાય અને આ ધૂળનાં શેઠિયા કદાચિત થાય, પાછા હેઠા પડે. સમજાણું કાંઈ? આહાહા! રખડતા રામ રહે, એ આતમરામ ન થાય. આહાહા! બહુ કામની... આ નિર્જરા અધિકાર છે ને. નિર્જરા એટલે કર્મનું ટળવું. પણ કોને ટળે? કે જેણે કર્મ અને રાગથી ભિન્ન આત્માનું ભાન કર્યું કે જેમાં રાગેય નથી ને કર્મેય નથી અને ક્રિયાકાંડનો વિકલ્પ જેના સ્વરૂપમાં નથી. એવું જેણે આત્માનું જ્ઞાન કર્યું અને આત્માની શ્રદ્ધા કરીને આત્મામાં સ્થિર થાય, એને કર્મ ગળે ને નિર્જરા થાય. અપવાસ કરી કરીને મરી જાય ને એને નિર્જરા થાય એમ છે નહીં. કહો, મનસુખ!

જ્ઞાનકી મહિમા કહે છે હવે. આહાહા! ભારે ઝીણું! વાત તો એ વર્ણવવી છે કે જેટલો વિકલ્પ છે વ્યવહાર, એ બધો બંધનું કારણ છે. અને વિકલ્પથી રહિત ભગવાન આત્મા એનો આશ્રય લઈને જેટલી શુદ્ધતા આનંદની, જ્ઞાનની, શાંતિની પ્રગટ થાય, બસ એટલો ધર્મ, એટલી નિર્જરા. એ સિવાય નિર્જરા-બિર્જરા બહારની ક્રિયાકાંડથી (થાય જ નહીં). લોકો તો આઠ અપવાસ કરે ને દસ અપવાસ કરે તો આહાહા.. ઘણી નિર્જરા થઈ ગઈ છે એમ માને. ધૂળેય નથી, મિથ્યાત્વ બાંધ્યું છે અમથું. એય! કેમકે એ અ–ઉપવાસ છે. એ (ઉપવાસ) નથી, અપવાસ છે એ તો. આત્મા અંદર આનંદમૂર્તિના સમીપમાં જઈને એકાગ્ર થવું એનું નામ ઉપવાસ છે. આ તો લાંઘણું છે બધી. આત્માના સમ્યગ્દર્શન ને જ્ઞાનના વેદન વિના એ બધા અપવાસ–બપવાસ બધા લાંઘણું છે. મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે. એવાને નિર્જરા કહે છે, એ તપસ્યા થાય નહીં. અહિંસા પાળે, અનશન કરે, પુણ્યબંધ થાય મિથ્યાત્વ સહિત. મિથ્યાત્વ ટળ્યા વિના અને સમકિત થયા વિના એની ક્રિયા આત્માના લાભાર્થ માટે નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૭૬, જેઠ વદ ૮, બુધવાર, તા. ૧૬-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર પદ ૨૫ થી ૨૯ ઉપર પ્રવચન

ઈન્દ્રિયોના વિષયોમાં, ઈન્દ્રાણીના સંગમાં રહે તોય કહે છે કે એને કર્મ ઘટાઘટી.. એને કર્મ ખરતું જાય છે. આરે, આરે! હટાહટી. પર પરિણતીસે હટાહટી છે. આહાહા! અતીન્દ્રિય આનંદના જ્ઞાનની જ્યાં જાગૃતિ થઈ, અતીન્દ્રિય જ્ઞાનના આનંદની, એની આગળ આ બધી ક્રિયાઓ પરપણે જણાય છે. એ પોતાના જ્ઞાનની સ્વાવલંબી દશામાં પરપણે જણાય છે. એથી એ બોલે તોય મૌન છે, ચાલે તોય સ્થિર છે, વિષયની વાસના હોય તોય તે શાંતિ સમાધિ છે. એ વિકલ્પથી છુટો પડ્યો છે ને. આહાહા!

એ વખતે વિરોધ થયો હતો ઘણો. મેઘવિજય કરીને શ્વેતાંબર સાધુ હતા. (શ્રોતા : ઉપાધ્યાય). ઉપાધ્યાય. મેઘવિજય કરીને ઉપાધ્યાય.. આ બનારસીદાસ(નો) વિરોધ કર્યો હતો બહુ. આ તો વ્યવહારના તો ભુક્કા ઉડાવે છે. વ્યવહાર તો એકલો બંધ.. બંધ.. બંધ.. નહીં, એકાંત મિથ્યાભાસી છે. એ બધુ વાંચ્યું છે. અમારે ભાઈ હુકમચંદજી કહેતા હતા હુકમચંદજી. એ કહે વાંચ્યું છે. પુસ્તક બધા ભેગા કર્યા છે માળે. હુકમચંદજીએ વાંચ્યું છે મેઘવિજયનું. કહે, હા, પુસ્તક વાંચ્યું છે. બધા પુસ્તક બહુ ભેગા કર્યા છે. વાંચન ઘણું હોં. મેઘવિજયનું.. આ ભાઈ શું કહેવાય? હુકમચંદજીને. (એ કહે), મેઘવિજયનું મેં વાંચેલું છે. છે અહીં પુસ્તક. શું નામ કહ્યું? યુક્તિ પ્રબોધ. શ્વેતાંબરને તો આ આકરું લાગે. ૨૫મું પદ છે. ज्ञानकी महिमा.

જ્ઞાનનો મહિમા (સવૈયા તેવીસા)

ग्यान उदै जिन्हके घट अंतर,
जोति जगी मति होत न मैली।
बाहिज दिष्टि मिटि जिन्हके हिय,
आतमध्यान कला विधि फैली॥
जे जड़ चेतन भिन्न लखैं,
सुविवेक लियैं परखैं गुन थैली।
ते जगमैं परमारथ जानि,
गहैं रुचि मानि अध्यातम सैली॥२५॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—અંતર=અંદર. મતિ=બુદ્ધિ. મૈલી=અશુદ્ધ. બાહિજ દિષ્ટિ=શરીર આદિમાં આત્મબુદ્ધિ. ભિન્ન=જુદા. પરખૈં=પરીક્ષા કરે. રુચિ=શ્રદ્ધાન. અધ્યાત્મ સૈલી=આત્મ-અનુભવ.

**અર્થ** :—જેમના અંતરમાં સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો છે, જેમની આત્મજ્યોતિ જાગૃત થઈ છે અને બુદ્ધિ નિર્મળ રહે છે, જેમને શરીર આદિમાંથી આત્મબુદ્ધિ ખસી ગઈ છે, જે આત્મધ્યાનમાં નિપુણ છે, તેઓ જડ અને ચૈતન્યના ગુણોની પરીક્ષા કરીને તેમને જુદા જુદા માને છે અને મોક્ષમાર્ગને સારી રીતે સમજીને રુચિપૂર્વક આત્મ-અનુભવ કરે છે. ૨૫.

**अर्थ** :—जिनके अंतरंगमें सम्यग्ज्ञानका उदय हुआ है, जिनकी आत्मज्योति जागृत हुई है और बुद्धि निर्मल रहती है, जिनकी शरीर आदिसे आत्मबुद्धि हट गई है, जो आत्मध्यानमें निपुण हैं, जो जड़ और चेतनके गुणोंकी परीक्षा करके उन्हें जुदा-जुदा जानते हैं; वे मोक्षमार्गको अच्छी तरह समझकर रुचिपूर्वक आत्म-अनुभव करते हैं।।२५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

નિર્જરા અધિકાર છે ને. એટલે ग्यान उदै जिन्हके घट अंतर.. ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એની જેને અંતર જ્ઞાનકલા જાગૃત થઈ છે. जिन्हके घट જ્ઞાન ઉદય થયું, સમ્યગ્જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન એ અહીં વાત નથી. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એમાંથી જ્ઞાનની દશા અંતરમાં સ્વસન્મુખથી જે સ્વ-સત્તાવલંબી જ્ઞાન પ્રગટ થયું, એને અહીંયાં જ્ઞાન કહે છે. ग्यान उदै जिन्हके घट अंतर.. અંતરંગમાં રાગના વિકલ્પથી ભિન્ન પડીને, ચૈતન્યસ્વભાવની જાગૃતિ અંતરમાંથી સ્વાવલંબી તરીકે થઈ. जोति जगी मति होत न मैली.. અંતરનું જ્ઞાન પ્રગટ થયું, એ જ્યોતિ આત્મજ્યોતિ જાગી. मति होत न मैली.. એ એનું જ્ઞાન સમ્યક્ (છે), મેલું થાય જ નહિ. રાગ આદિ વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. વિકલ્પથી માંડીને બધા પરિગ્રહથી રહિત જ્ઞાની છે. એથી એની મતિમાં મેલ આવતો નથી એમ કહે છે. સ્વભાવને અવલંબે ચૈતન્ય જાગૃત થયો, એ જાગૃતદશામાં મેલી દશા હવે થતી નથી.

बाहिज दृष्टि मिटी.. વિકલ્પથી માંડીને એક સમયની અવસ્થાની દૃષ્ટિ પણ જેને છુટી ગઈ છે. बाहिज दृष्टि मिटी जिन्हके हिय.. તદ્દન માખણની વાત છે આ તો. આહાહા! નિર્જરા (અધિકાર) છે ને. बाहिज दिष्टि मिटी जिन्हके हिय.. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા... બાહ્ય વિકલ્પ, નિમિત્ત આદિથી જેની દૃષ્ટિ છૂટી ગઈ છે. आतमध्यान कला विधि.. બાહ્યદૃષ્ટિ છૂટી आतमध्यान कला विधि फैली. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની એકાગ્રતાની ધ્યાનકળા જાગૃત થઈ. आतमध्यान कला विधि फैली.. બાહ્યદૃષ્ટિ ગઈ, અંતરદૃષ્ટિમાં આતમધ્યાનની એકાગ્રતા થઈ. આહાહા! આ વાત પહેલી સમજવી કઠણ છે. એને નિર્જરા—ધર્મ થાય, જ્યાં ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ એને પકડીને જે એકાગ્રતા

થાય, એમાંથી જે જ્ઞાન જાગે, એને બાહ્યદૃષ્ટિ ટળી ને અંતર દૃષ્ટિમાં ધ્યાન ને એકાગ્રતા થાય છે.

जे जड चेतन भिन्न लखैं.. ભગવાન જ્ઞાયકસ્વરૂપ અને વિકલ્પ માંડીને બધું જડ અચેતન—બેને જુદા જાણે, લખે એટલે જાણે, એને નિર્જરા થાય. આહાહા! जे जड़ चेतन भिन्न लखैं.. એક કોર જ્ઞાયકસ્વભાવ ચૈતન્યસ્વરૂપ અને બીજી બાજુ વિકલ્પથી માંડીને બધું અચેતન—બેને અંતરમાં ભિન્ન તરીકે જાણે, લખે એટલે જાણે. सुविवेक लियै परखैं गुन-थैली.. અને ચૈતન્ય ગુણોની પરીક્ષા કરીને જુદા-જુદા જાણે ને मोक्षमार्गको अच्छी तरह समझकर... सुविवेक लियै.. એટલે કે અંતરમાં સ્વસન્મુખમાં વિકલ્પનો અંશ પણ જેમાં નથી એવો સુવિવેક જાગ્યો છે અંદર. એવા જીવ परखैं गुन-थैली.. ગુણની થેલી એ આત્મા, એની પરીક્ષા કરે છે. થેલી સમજતે હૈં ન? યહ તો હિન્દી ભાષા હૈ. ભગવાન અનંત જ્ઞાન અને આનંદની થેલી છે, બોરી. એને પરખે—એની પરીક્ષા કરીને અંદર એકાગ્રતા થાય.

ते जगमैं परमारथ जानि.. જગતની અંદર પરમાર્થ એવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને પરખી ભિન્ન જાણી गहैं रुचि.. અંતર સ્વરૂપની રૂચિ ગ્રહી કરીને मानि अध्यात्मसैली.. અનુભવ કરે. અંતરદૃષ્ટિ કરી અને અધ્યાત્મ નામ આત્માના આનંદનો અનુભવ કરે, એને નિર્જરા થાય. આરે, ભારે ! मोक्षमार्गको अच्छी तरह समझकर रुचिपूर्वक आत्म-अनुभव करते हैं.

હવે ઓલી કોર, ૧૧મો શ્લોક છે શ્લોક.

पदमिदं ननु कर्मदुरासदं सहजबोधकला सुलभं किल
तत इदं निजबोधकलाबलात् कलयितुं यततां सततं जगत्॥११॥

बहुविधि क्रिया कलेससौं, सिवपद लहै न कोइ।
ग्यानकला परकाशसौं, सहज मोखपद होइ॥२६॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—બહુવિધિ=અનેક પ્રકારની.

**અર્થ :**—અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓના ક્લેશથી કોઈ મોક્ષ પામી શકતું નથી અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં ક્લેશ વિના જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. ૨૬

**अर्थ :**—अनेक प्रकारकी बाह्य क्रियाओंके क्लेशसे कोई मोक्ष नहीं पा सकता और सम्यग्ज्ञान प्रकाशित होनेसे बिना क्लेशके ही मोक्षपद प्राप्त होता है॥२६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

बहुविधि क्रिया.. બાહ્ય ક્રિયા દયા, દાન ને વ્રત, ભક્તિ ને પૂજા ને વાંચન ને શ્રવણ ને મનન—એવી બધી જે ક્રિયાઓ એ રાગની બાહ્ય ક્રિયા છે. એ ક્રિયા ક્લેશ છે કહે છે. આહાહા! એ વ્રત ને તપ ને બધી વૃત્તિઓ છે એ ક્લેશ છે, રાગનું ઉત્થાન છે, વિકારની ઉત્પત્તિ છે. એવા क्रिया कलेससौं सिवपद लहै न कोइ.. એને મુક્તિ હોઈ શકે નહિ. આહાહા! ભારે! અહીં તો એકલી ક્રિયાકાંડથી જ ધર્મ થાય ને મુક્તિ થાય, એવું તો સંપ્રદાયમાં તો ધોખ માર્ગે ચાલે છે. આહાહા!

बहुविधि क्रिया क्लेश.. એમ પાછું. ઘણા પ્રકારની બાહ્ય ક્રિયાઓંકે ક્લેશસે. એ રાગ ક્રિયા તો ક્લેશ છે કહે છે. આહાહા! મહાવ્રતના ભાવ, અપવાસના ભાવ, અનશન, ઉણોદરી, ત્યાગનો ભાવ—એ બધો વિકલ્પ રાગ છે. એ તો ક્લેશ છે એમ કહે છે. सिवपद लहै न कोइ.. એવી ક્રિયાકાંડના ક્લેશથી આનંદસ્વરૂપ એવો મોક્ષ, એની એને પ્રાપ્તિ થાય નહિ. આ તો નિશ્ચયની વાત છે. પણ પમાય શી રીતે? પછી સાધન જોઈએને વ્યવહાર? (શ્રોતા : વ્યવહાર સાધન હોય?) સાધન વ્યવહાર છે એમ કહેતાને ભઈ. વસ્તુ છે એ તો શુદ્ધ છે નિશ્ચય, પણ હવે કરવું શું અમારે? કરવું.. એ જ્ઞાનાનંદમાં એકાગ્ર થવું એ કરવું. કરવું (એટલે) ક્રિયાકાંડ રાગ આદિ કરવો છે? પંચ મહાવ્રતનો વિકલ્પ પણ ક્લેશ છે. અઠ્ઠયાવીસ મૂળગુણ મુનિને હોય, એ પણ રાગ ને ક્લેશ છે. જુઓને, કલેશ લીધું છે ને. बहुविधि क्रिया.. આ તો અશુભક્રિયાની વાત છે. શુભક્રિયાનેય ક્લેશ કીધો છે. એનાથી આત્માની મુક્તિ અને ધર્મ થાય નહિ. આહાહા!

ग्यानकला परकाशसौ.. પણ સમ્યગ્જ્ઞાનના પ્રકાશવાથી અંતરની ચૈતન્યકળા.. આનંદસ્વરૂપ ભગવાન આત્મા અંતરની કળાથી જાગૃત થાય, એનાથી सहज मोखपद होइ.. લો. એને ક્લેશ વિના, કષ્ટ વિના સહેજે મુક્તિ થાય. એમ કહે, અમારે કેટલું તો સહન કરવું પડે, મહાવ્રત, ઉઘાડે પગે ચાલવું, પરિષહ, ઉપસર્ગ, ત્યારે ચારિત્ર હોય. ધૂળેય ચારિત્ર નથી, સાંભળને! અહીં તો કહે છે, ग्यानकला परकाशसौ.. પ્રભુ ચૈતન્ય ભગવાન એનો પ્રકાશ જાગ્યો અંદરથી કળાનો. સ્વભાવિક ચૈતન્યમૂર્તિ સહજસ્વરૂપ એમાં એકાગ્ર થઈને જે જ્ઞાનકળા જાગી, એ જ્ઞાનની એકાગ્રતાના પ્રકાશથી જ મોક્ષપદ થાય, સ્વભાવિક મોક્ષપદ થાય એમ કહે છે. કાંઈ સહન કરવું પડે ને ક્લેશ થાય, હઠ કરવો પડે (એમ નહીં). એ વિના એની સહજ મુક્તિ થાય. એ પહેલા શ્લોકનો અર્થ કર્યા. બીજો.

**ग्यानकला घट घट बसै, जोग जुगतिके पार।**
**निज निज कला उदोत करि, मुकत होइ संसार॥२७॥**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—બસૈ=રહે. પાર(પરે)=અગમ્ય. ઉદોત=પ્રગટ. મુક્ત=મુક્ત.

**અર્થ** :—જ્ઞાનજ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં રહે છે, તે મન, વચન, કાય અને યુક્તિથી અગમ્ય છે. હે ભવ્યો ! પોતપોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને સંસારથી મુક્ત થાઓ. ૨૭.

**अर्थ** :—ज्ञानज्योति समस्त जीवोंके अंतरंगमें रहती है, वह मन, वचन, काय और युक्तिके अगम्य है, हे भव्यो! अपनी-अपनी ज्ञानज्योति प्रगट करके संसारसे मुक्त होओ।।२७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ભગવાન આત્મા... ज्ञानज्योति समस्त जीवोंके अंतरंगमें रहती है. એનું સ્વરૂપ જ જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય છે. અનેક પ્રકારની જ્ઞાનકળા ઘટ ઘટ વસે છે. ઘટ એ શરીર. દરેક શરીરમાં એ ભગવાન ભિન્ન વસે છે. जोग जुगतिके पार, લ્યો. મન, વચન અને કાયા— એનાથી પણ અગમ્ય છે. આ યુક્તિના વિકલ્પથી પણ અગમ્ય છે. जोग जुगतिके पार.. મન, વચન, કાયાની ક્રિયા ને યુક્તિનો વિકલ્પ, એનાથી પાર એ ચીજ આત્મા છે. આહાહા! निज निज कला उदोत करि.. ભાષા જુઓ. અંતર જ્ઞાનસ્વરૂપની અંદર પોતપોતાની જાગૃતિની કળા પ્રગટ કરો. અંતરની નિજાલંબી. આહાહા ! એકલું માખણ નિર્જરામાં છેને. આ તો નિર્જરા અધિકાર છે.

निज निज कला.. પાછી ભાષા એમ છેને. પોતપોતાની કળા—જ્ઞાનજ્યોતિ... અંતરમાં ચૈતન્યસૂર્ય, નિર્વિકલ્પ ચૈતન્યતેજ, એમાંથી પોતાની જ્ઞાનની કળા પ્રગટ કરી... શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ બધી જ્ઞાનની કળા છે. નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ શ્રદ્ધા ને નિર્વિકલ્પ રાગ રહિત સ્થિરતા એ બધી જ્ઞાનકળા છે. રાગ નહિ, એમ કહે છે. જ્ઞાનકળા निज निज कला उदोत करि मुक्त होइ संसार. મોક્ષપદ પ્રાપ્ત કરે છે. संसारसे मुक्त होओ. એનાથી સંસારથી મુક્તિ થાય. કોઈ ક્રિયાકાંડ વ્રત ને તપ ને ફલાણા, ઢીકણા, ધૂળ, એનાથી મુક્તિ થાય નહિ ને ધર્મ થાય નહિ. આહાહા ! ભારે કામ આકરું! ધમધોકાર ચાલે છે બહારમાં તો. વ્રત લ્યો, તપ લ્યો, મુંડાવો. માર્ગ તો બાપા! અંતર નિજસ્વરૂપ અખંડ આનંદ પ્રભુ, એનો આશ્રય લઈને જે દશા થાય, એ દશા મુક્તિનું કારણ છે. બાકી બહારના લક્ષે જેટલી ક્રિયાકાંડના વિકલ્પો (થાય એ) બધાય બંધના કારણ છે. એ બંધના કારણ છે, એનાથી મુક્તિ ન થાય. मुक्त होई संसार, લ્યો.

**अचिन्त्यशक्तिः स्वयमेव देवश्चिन्मात्र चिन्तामणिरेष यस्मात्।**
**सर्वार्थसिद्धात्मतया विधत्ते ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१२।।**

અનુભવની પ્રશંસા (કુંડલિયા)

अनुभव चिंतामनि रतन, जाके हिय परगास।
सो पुनीत सिवपद लहै, दहै चतुरगतिवास॥
दहै चतुरगतिवास, आस धरि क्रिया न मंडै।
नूतन बंध निरोधि, पूब्बकृत कर्म बिहंडै॥
ताके न गनु विकार, न गनु बहु भार न गनु भव।
जाके हिरदै मांहि, रतन चिंतामनि अनुभव॥२८॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—પુનીત=પવિત્ર. દહૈ=બાળે. આસ=આશા. મંડૈ (માંડે)=કરે. નિરોધિ=રોકીને. વિહંડૈ=ખેરવે. ભાર=બોજો. ભવ=જન્મ.

**અર્થ :—**અનુભવરૂપ ચિંતામણિ રત્નનો પ્રકાશ જેના હૃદયમાં થઈ જાય છે તે પવિત્ર આત્મા ચતુર્ગતિ ભ્રમણરૂપ સંસારનો નાશ કરીને મોક્ષપદ પામે છે. તેનું આચરણ ઇચ્છારહિત હોય છે, તે કર્મોનો સંવર અને પૂર્વકૃત કર્મોની નિર્જરા કરે છે. તે અનુભવી જીવને રાગ-દ્વેષ, પરિગ્રહનો ભાર અને ભાવી જન્મ કાંઈ ગણતરીમાં નથી અર્થાત્ અલ્પકાળમાં જ તે સિદ્ધપદ પામશે. ૨૮.

**अर्थ :—**अनुभवरूप चिंतामणि रत्नका जिसके हृदयमें प्रकाश हो जाता है, वह पवित्र आत्मा चतुर्गति भ्रमणरूप संसारको नष्ट करके मोक्षपद पाता है। उसका चारित्र इच्छा रहित होता है, वह कर्मोंका संवर और पूर्वकृत कर्मोंकी निर्जरा करता है। उस अनुभवी जीवके राग-द्वेष, परिग्रहका भार और आगे होनेवाले जन्म किसी गिनतीमें नहीं है अर्थात् वह स्वल्प कालहीमें सिद्धपद पावेगा॥२८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

अनुभव चिंतामनि रतन जाके हिय परगास.. અનુભવની પ્રશંસા. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનો જે અનુભવ, આનંદને અનુસરીને દશાનું થવું, આત્મા નિર્વિકલ્પ વીતરાગ સ્વભાવ એને અનુસરીને દશાનું થવું, એ અનુભવ. એ અનુભવ મુક્તિનું કારણ છે. अनुभव चिंतामणि रतन.. કો'કના હાથમાં ચિંતામણી રતન આવ્યું હોય, ઈચ્છે તે વસ્તુ મળે. એમ ભગવાન આત્મા એનો અનુભવ, ધારે એટલો અનુભવ કરે એ પ્રમાણે આનંદની પ્રાપ્તિ થાય. આનંદનો નાથ પોતે છે. આહાહા! પૂર્ણ સ્વરૂપ એનો અનુભવ કરે એને ચિંતામણી રતન છે એ તો, કહે છે, અનુભવ તો ચિંતામણી રતન છે. આહાહા! ઓલું ધૂળનું ચિંતામણી રતન તો સામગ્રી ઉપાધિ આપે. આ તો अनुभव चिंतामनि रतन.. વીતરાગસ્વરૂપ પ્રભુ એનો અનુભવ એ વીતરાગી દશારૂપ ભાવ એ ચિંતામણી રતન છે. આહાહા!

जाके हिय परगास.. જેનું હૈયું એટલે જ્ઞાનભાવ—અંતરભાવમાં જેને અનુભવનો પ્રકાશ છે, सो पुनीत सिवपद लहै.. એ પવિત્ર આત્મા અલ્પ કાળમાં મોક્ષને પામે. दहै चतुरगतिवास.. लहै અને दहै. મુક્તિને પામે અને ચાર ગતિને દહે—બાળે. ચાર ગતિમાં વસવું ટળી જાય. આહાહા! અનુભવથી મુક્તિ થાય. બાકી ક્રિયાકાંડ ને વ્રત-તપથી ધર્મ-બર્મ થાય નહિ. આહાહા! આકરું લાગે આ દીપચંદજી! અત્યારે તો ચારેબાજુ ધમાલ.. સ્થાનકવાસી દેરાવાસી અને દિગંબર ત્રણેમાં અપવાસ કરો, વ્રત કરો, મહાવ્રત લ્યો, અણુવ્રત લ્યો. બસ, જાવ તમારું કલ્યાણ... ધૂળમાંય નથી, અહીં કહે છે. એ સંસાર અનાદિનો છે એની એ જાત છે. अनुभव चिंतामनि रतन.. ભગવાન આત્મા શુદ્ધ—પવિત્ર, એનો અનુભવ, મહાવ્રત આદિના વિકલ્પનો પણ જેમાં અભાવ છે અને આનંદની દશા અનુભવની હયાતિ છે. सो पुनीत सिवपद लहै... वह पवित्र आत्मा चतुर्गति भ्रमणरूप संसारको नष्ट करके..' लहै.. चतुर्गति दहै.

दहै चतुरगतिवास, आस धरि क्रिया न मंडै। नूतन बंध निरोधि, पुब्बकृत कर्म बिहंडै. ધર્મી જીવ પોતાના આનંદસ્વરૂપનો અનુભવ કરીને दहै चतुरगतिवास, आस धरि क्रिया न मंडै.. કોઈ ક્રિયાનો વિકલ્પ (કે) આવું પાળું, આ વ્રત લઉં ને, એમ (ફળની) આશા કરીને ક્રિયા ન કરે. આવી જાય વિકલ્પ એ જુદી વાત છે. आस धरि क्रिया न मंडै, છે ને? उसका चारित्र इच्छा रहित होता है. એવો ખુલાસો કર્યો છે. ઈચ્છારહિત એટલે ઈચ્છા નથી, એમ. आस धरि क्रिया न मंडे.. સ્વરૂપની સ્થિરતા છે, પણ આ રાગની ક્રિયા કરવા જેવી છે એમ કરીને રાગને કરે નહિ, સ્વરૂપની સ્થિરતાને કરે. આરે, ભારે! नूतन बंध निरोधि. શુદ્ધ આત્માના અનુભવની દશાથી નવા કર્મને રોકી... निरोधि એટલે નવા કર્મ આવતા નથી, એમ. पुब्बकृत कर्म बिहंडै.. પૂર્વના કર્મ છે તે ઉદય આવીને નાશ થઈ જાય. આત્માના અંતર સન્મુખના અનુભવમાં નવા કર્મ તો છે નહિ બાંધવાના, જૂના એ વખતે ખરી જાય છે. આહાહા! લ્યો, આ ધાર્મિક ક્રિયા, ધર્મની આ ક્રિયા. ધર્મક્રિયા હતી ? શું હતું ભાઈ ? ..... બસ એ ધર્મક્રિયા. આમાં હિન્દીમાં છપાણું છે એ ને? ધર્મક્રિયા. ધર્મક્રિયા, આ ધર્મક્રિયા છે.

ताके न गनु विकार... સહજાત્મ સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ, એની જ્યાં અંતર અનુભવ દૃષ્ટિ થઈ, એ જીવને न गनु विकार.. એને વિકલ્પો હોય એ ભિન્ન રહી જાય છે. એના અનુભવમાં વિકાર આવતો (નથી). ધર્મી વિકાર ને વ્યવહારથી તો મુક્ત છે. આહાહા! વિકલ્પ વચમાં હોય, (પણ) એનાથી ધર્મી સમકિતી તો મુક્ત છે. ગ્રહે વિકારને એ તો ગૃહિત મિથ્યાદૃષ્ટિ છે. મહાવ્રત આદિના વિકલ્પને ગ્રહે તો તો મિથ્યાદૃષ્ટિ છે. પણ એ વિકલ્પથી મુક્ત છે. તેને न गनु विकार, न गनु बहु भार.. આહાહા! એને કર્મ ઝાઝા

છે એમ એને છે નહિ. મોટું ચક્રવર્તીનું રાજ છે ને બધું આ છે, એ કાંઈ નથી બોજો જ્ઞાનીને, કહે છે. આહાહા! છ ખંડના રાજમાં પડ્યો હોય, છતાં અખંડ સ્વરૂપને સાધતો એને ભાર ને બોજો કાંઈ છે (નહિ). આહાહા! આવું રાજ ચલવવું પડે ને રાગ કરવો પડે... કોઈ વિકલ્પ એનો નથી, ત્યાં વળી બહાર(ની વસ્તુ એની) ક્યાંથી આવી? કહે છે.

તેને ન गनु बहु भार.. લ્યો. कर्मोंका संवर (और) पूर्वकृत कर्मोंकी निर्जरा करता है. उस अनुभवी जीवको राग-द्वेष, परिग्रहका भार.. રાગ-દ્વેષ, વિકલ્પ છે જ નહીંને. સમ્યગ્દૃષ્ટિ ધર્મીને રાગ વિકલ્પ છે જ નહીં. શુદ્ધ દ્રવ્ય અબંધ, ગુણ અબંધ ને પરિણામ અબંધ—એ ત્રણ એને છે. આહાહા! વળી કોઈ એમ પ્રશ્ન કરે કે અત્યારે આવું સમકિત થઈ શકતું હશે? લે વળી માળા. એવો પ્રશ્ન એક આવ્યો હતો. આવાને આવા. કારણ કે આ બધું થાય ત્યારે એમાં સમકિત નથી પછી ધર્મ ક્યાં રહ્યો પછી? ધર્મ થઈ શકે અત્યારે આવો? એમ કહે છે. એવા લોકો બિચારા અજ્ઞાનમાં પડ્યા છે. આ તો મોટી ઠેઠ ઊંચી વાત છે એમ કહે છે. અરે ભગવાન! આ તો હજી પહેલા એકડાની વાત છે. આહાહા!

સમ્યગ્દૃષ્ટિ વ્યવહારના રાગથી તો મુક્ત છે. વ્યવહારનો બોજો એને (હોય જ નહિ). ભઈ આટલો વ્યવહાર કરવો પડશે, શું કરીએ? એ જ્ઞાનીને હોતું જ નથી. આહાહા! વળી સાંજ–સવાર પડિક્કમણા કરવા બેસવું પડે, સામાયિક કરવી પડે ત્રણ વાર, સવાર, બપોર, સાંજ-સંધ્યા. એ વિકલ્પનો બોજો-બોજો જ્ઞાનીને છે નહિ. આહાહા! ताके न गनु विकार.. એ અનુભવી જીવને વિકાર (ગણત્રીમાં) ગણવામાં આવતો નથી. न गनु बहु भार.. રાગ-દ્વેષનો વિકલ્પ. न गनु भव.. એ ભવેય નથી એને. આહાહા! ભવ કેમ કહેવો? રાગ અને રાગના ફળથી જ્યાં ભિન્ન પડ્યો, એવા સમ્યગ્દર્શનમાં સમ્યગ્જ્ઞાનમાં ભવ કેવો? न गनु भव.. કહે છે કે એકાદ-બે ભવ હોય એ જ્ઞાનનું જ્ઞેય છે, એને ભવ નથી. આહાહા! રાગ સહિત જ જ્યાં આત્મા નથી, પછી એને ભવ સહિત આત્મા ક્યાંથી હોય? આહાહા! લ્યો, આ મનુષ્યગતિ. આવ્યું હતુંને, મનુષ્ય ભવ વિના મોક્ષ ન થાય. નહોતું આવ્યું? આમાં જ આવ્યું હતું. डील बिना न सधे मोक्ष.

આંહીં કહે છે, મનુષ્યપણાની ગતિ મારે છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. ભવ નથી, એમ કીધુંને. न गनु भव, લ્યો. आगे होनेवाले भव किसी गिनतीमें नहीं. એકાદ-બે ભવ હોય, પણ એ ભવ હોય તે કોને? એ પોતે તો જ્ઞાતાદૃષ્ટા તરીકે એમાં રહેલ છે. ભવમાં ઉપજવું ને ભવનો ભાવ એનો, એ તો છે નહિ. આહાહા! ભારે આકરું! કહો, કાંતિભાઈ! ક્યારે અહીં આવ્યા આજ? કાંઈ નવરા ન થયા ઘરમાંથી ન્યાં? જયપુરમાં કોઈ નવરું ન થયું, કીધું. શાંતિભાઈને પૂછ્યું'તું ઘરમાંથી કોઈ ? કહે, કોઈ નહિ. ઠીક. કહે છે, न गनु भव.. આહાહા! સમ્યગ્દૃષ્ટિ એકાવતારી છે અને બે ભવ છે ને... પણ આંહીં કહે છે ભવ છે જ

નહીં. શક્રેન્દ્રને કહેવાય છેને એક ભવતારી. શક્રેન્દ્ર ઈન્દ્ર ને ઈન્દ્રાણી બેય એક ભવતારી (હોય છે). એ તો જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાનમાં ધર્મીને ભવ છે જ નહિ કારણ કે ભવ ને ભવનો ભાવ બેય પર છે, એનાથી તો છુટો છે. આહાહા! ગતિ અને ગતિનો ભાવ બેયથી ધર્મી છુટો છે.

जाके हिरदै मांही, रतन चिंतामणी अनुभव.. લ્યો. જેના હૃદયમાં અનુભવ રતન ચિંતામણી, એને વિકાર ન ગણું, ભવ ન ગણું, ભાર ન ગણું, એવો અનુભવ રતન ચિંતામણી છે. એ પશુ હોય પશુ શરીરે. અનુભવ રતન ચિંતામણી છે એને, કહે છે, ભવ-બવ નથી, જાવ. ભારે કામ આ! स्वल्पकालहीमें सिद्धपद पावेगा. એ તો પછી ખુલાસો કર્યો છે અર્થમાં. બાકી તો ખરેખર શુદ્ધ અખંડ આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એવો જ્યાં અનુભવ થયો, ત્યાં હવે પછી કાંઈ છે જ નહિ. વિકલ્પ પણ પર રહી ગયો, ભવ પર રહી ગયા. એમાં આહી ક્યાં આવ્યો અંદર? અલ્પ કાળે મુક્તિ થશે, એ તો પછી સમજાવ્યું છે છેલ્લા પદે. મુક્ત જ છે. રાગથી મુક્ત થયો, હવે પછી કોનાથી એને મુક્ત થવું છે? એકલો ચૈતન્યસ્વભાવ એનો જ્યાં આશ્રય ને અનુભવ થયો, રાગથી, વિકલ્પથી, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એનાથી મુક્ત છે એ તો. પછી રાગ બાકી છે માટે ભવ છે, એ તો બધું જ્ઞાનનું જ્ઞેય તરીકે જણાવવાની વાત છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની પ્રશંસા. લ્યો, અનુભવની પ્રશંસા કરી પહેલી. બીજી સમ્યગ્દર્શનની. એ તો વાત એક જ છે.

સમ્યગ્દર્શનની પ્રશંસા (સવૈયા એકત્રીસા)

जिन्हके हियेमैं सत्य सूरज उदोत भयो,
फैली मति किरन मिथ्यात तम नष्ट है।
जिन्हकी सुदिष्टिमैं न परचै विषमतासौं,
समतासौं प्रीति ममतासौं लष्ट पुष्ट है।।
जिन्हके कटाक्षमैं सहज मोखपंथ सधै,
मनको निरोध जाके तनकौ न कष्ट है।
तिन्हके करमकी कलोलैं यह है समाधि,
डोलै यह जोगासन बोलै यह मष्ट है।।२९।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ**:—પરચૈ (પરિચય)=સંબંધ. વિષમતા=રાગ-દ્વેષ. સમતા=વીતરાગતા. લષ્ટ પુષ્ટ=વિરુદ્ધ. કટાક્ષ=નજર. કરમકી કલોલૈ=કર્મના ઝપાટા. સમાધિ=ધ્યાન. ડોલૈ=ફરે. મષ્ટ=મૌન.

**અર્થ :—**જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે; જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને પ્રેમ અને મમતા પ્રત્યે દ્વેષ છે; જેમની દૃષ્ટિમાત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયક્લેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે, તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે.

ભાવાર્થ :—સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં જ ગુણશ્રેણિ નિર્જરા પ્રગટ થાય છે; જ્ઞાની જીવ ચારિત્રમોહના પ્રબળ ઉદયમાં જોકે સંયમ લેતા નથી-અવ્રતની દશામાં રહે છે—તોપણ કર્મનિર્જરા થાય જ છે અર્થાત્ વિષય આદિ ભોગવતાં, હાલતાં-ચાલતાં અને બોલતાં-ચાલતાં છતાં પણ તેમને કર્મ ખરે છે. જે પરિણામ, સમાધિ, યોગ, આસન, મૌનનું છે તે જ પરિણામ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલનું છે. સમ્યક્ત્વનો આવો જ અટપટો મહિમા છે. ૨૯.

**अर्थ :—**जिनके हृदयमें अनुभवका सत्य सूर्य प्रकाशित हुआ है और सुबुद्धिरूप किरणें फैलकर मिथ्यात्वका अंधकार नष्ट करती हैं, जिनके सच्चे श्रद्धानमें राग-द्वेषसे नाता नहीं है, समतासे जिनका प्रेम और ममतासे द्रोह है, जिनकी चिंतवन मात्रसे मोक्षमार्ग सधता है और जो कायक्लेश आदिके बिना मन आदि योगोंका निग्रह करते हैं; उन सम्यग्ज्ञानी जीवोंके विषय-भोग भी समाधि हैं, चलना-फिरना योग वा आसन हैं और बोलना-चालना ही मौनव्रत है।

**भावार्थ :—**सम्यग्ज्ञान प्रगट होते ही गुणश्रेणी निर्जरा प्रगट होती है, ज्ञानी जीव चारित्रमोहके प्रबल उदयमें यद्यपि संयम नहीं लेते—अव्रतकी दशामें रहते हैं—तो भी कर्मनिर्जरा होती ही है अर्थात् विषय आदि भोगते, चलते-फिरते और बोलते-चालते हुए भी उनके कर्म झड़ते हैं। जो परिणाम, समाधि, योग, आसन, मौनका है वही परिणाम ज्ञानीके विषय-भोग, चलन-फिरन और बोलचालका है। सम्यक्त्वकी ऐसी ही अटपटी महिमा है॥२९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

વિરુદ્ધ છે. लष्ट पुष्ट (એટલે) વિરુદ્ધ છે. વીતરાગતાથી સમેત છે ને મમતાથી રહિત છે, એમ.

કહે છે, જેના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત હુઆ... જેના જ્ઞાનમાં અનુભવમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન જાગૃત થયો, सत्य सूरज उदोत भयौ.. સાચો સૂરજ, ખોટો આ સૂર્ય આ નહિ. ચૈતન્યસૂર્ય—અનંત પ્રકાશનો પુંજ એવો સૂર્ય—જ્યાં પ્રગટ થયો અનુભવમાં फैली मति किरन.. સમ્યગ્જ્ઞાનની મતિ ફેલી, मिथ्यात तम नष्ट है.. મિથ્યાત્વ

અંધકારનો ત્યાં વ્યય છે. सुबुद्धिरूप किरणें फैलकर.. સમ્યગ્જ્ઞાનની કળા... સૂર્યમાંથી જેમ પ્રકાશ (આવે), એમ અંતર ચૈતન્ય પ્રકાશમાંથી પ્રકાશનું કિરણ દશામાં જાગ્યું, ઉત્પન્ન થઈ મિથ્યાત્વને નષ્ટ કર્યું છે.

जिन्हकी सुदृष्टिमैं न परचै विषमता.. જેના સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષનો નાતો નથી. સમ્યગ્દષ્ટિ અનુભવી જ્ઞાનીને રાગ સાથે કાંઈ લાગતું-વળગતું નથી, લાગતું-વળગતું નથી. વ્યવહાર રત્નત્રયના રાગ સાથે ધર્મીને કાંઈ લાગતું-વળગતું નથી એમ કહે છે. આરે આરે.. ઓલા કહે, વ્યવહાર પહેલો હોય, વ્યવહાર થાય તો નિશ્ચય થાય. આહાહા! અહીં તો ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવથી ભરેલું તત્ત્વ નિર્મળ નિર્વિકલ્પ અભેદ, એવો જે અંતર અનુભવ એને અનુસરીને દશા થઈ, કહે છે, એના સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષનો નાતો જ નથી. અનુભવમાં ને સમ્યગ્દર્શનમાં રાગ સાથે કાંઈ સંબંધ નથી. વ્યવહાર શ્રદ્ધા—દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ, ધર્મીને એની સાથે કાંઈ લાગતું-વળગતું નથી.

जिन्हकी सुदिष्टिमैं न परचे विषम.. એને વિષમતા સ્પર્શતી જ નથી એટલે કે રાગને એ અડતો જ નથી. આહાહા! પોતાના આનંદ અને જ્ઞાન સ્વભાવને વેદતો—અનુભવતો ધર્મી, એને રાગની સાથે પરિચય છે જ નહિ. समतासौ प्रीति... વીતરાગભાવની દશાની જાગૃતિ, એ પ્રીતિ. ममतासौ विरुद्ध. રાગ મારો એવી મમતાથી તો વિરુદ્ધ છે. આહાહા! समतासौं प्रीति ममतासौ लष्ट पुष्ट है—વિરુદ્ધ છે. વીતરાગતાનો જ્યાં ભાવ પ્રગટ્યો છે, ત્યાં રાગભાવથી તો વિરુદ્ધ છે, વિપરીત એનો ભાવ છે. રાગ સાથે નાતો નથી—સંબંધ નથી. (શાસ્ત્રમાં એમ આવે કે) દસમા ગુણસ્થાન સુધી રાગ (હોય). એય! અહીં કહે છે, રાગની સાથે કાંઈ સંબંધ નથી. કઠણ વાત. રાગ સાથે સંબંધ કરે તો તો બંધ થયો, બંધ થયો તો મિથ્યાદૃષ્ટિ થયો. આત્માને બંધવાળો માન્યો. રાગ અને કર્મબંધ એ અજીવ છે, એ સહિત માને તો તો મિથ્યાત્વભાવ થયો, ભવનું બીજ થયું. આંહીં તો આત્મા રાગ અને કર્મથી રહિત છે એવો જે આત્માનો અનુભવ, એને મમતાથી તો વિરોધ છે. રાગ મારો છે એ વાત એની દૃષ્ટિમાં છે (નહીં). દેવ-ગુરુ મારા, એવું જ્ઞાનીને અંતરમાં નથી એમ કહે છે.

जिन्हके कटाक्षमैं सहज मोखपंथ सधै.. આહાહા! જેની જ્ઞાનની ઉગ્રતાના સહજ કટાક્ષમાં મોક્ષનો પંથ સધે. કષ્ટ નહિ, પણ સહજ દશામાં મોક્ષ સધે એમ કહે છે. જેને કટાક્ષમાં... કટાક્ષ એટલે ચિંતવનમાત્ર, એમ. અંતરની જ્ઞાનની ધારાની એકાગ્રતા માત્રથી મોક્ષમાર્ગ સધે. એને આમ કષ્ટ (સહન) કરવું પડે ને વ્રત-તપ ને આ કરે, ત્યારે મોક્ષમાર્ગ સધે, એમ છે નહિ. આ તો ઘરે ઘરે નાટક થયું હતું પહેલાં. સમયસાર નાટક થયું ત્યારે.

એમાં આવ્યું છે, ઘર-ઘર નાટક કથા બખાની. છતાં પણ શું થયું આ બધું? બહારની વાત એકલી રહી ગઈ. આ મંદિરો કરો, વ્રત પાળો, દાન કરો, ભગવાનની ભક્તિ કરો, મોટા વરઘોડા કાઢો, લ્યો. વરઘોડા સમજે? રથ.. રથયાત્રા. એ ક્રિયા તો પર છે. એના વિકલ્પ ઉઠે એ રાગ છે, પર છે. આહાહા!

કહે છે, ધર્માત્માને તો જ્ઞાનની એકાગ્રતાના કટાક્ષમાં જ મોક્ષપંથ સધે છે. એને કોઈ કષ્ટ સહન કરવું પડે, દુઃખ થાય—એવી ચીજ જ્ઞાનીને છે (નહિ). આહાહા! ઠીક આ પહેલું ગોતી કાઢ્યું, વળી એમ કહે છે. અરે ભગવાન! આનંદસ્વરૂપ ભગવાન છે. એ આનંદથી, શાંતિથી પ્રાપ્તિ થાય. એની (પ્રાપ્તિ) દુઃખથી થાય? સહન કરવું પડે, આહાહા, તૃષા લાગી, પાણી ચોખ્ખું મળે નહીં, કાંઈ પીવાય નહિ, બાપા! સહન કરે નિર્જરા થાય. અહીં કહે છે કે બંધ થાય, સાંભળને! મિથ્યાત્વનો બંધ થાય. એ મેં સહન કર્યું, મને આ થયું છે, તૃષા મને લાગી છે, એ ભાવ જ મિથ્યાત્વ છે. તૃષા કોને લાગે? સમજાણું કાંઈ? આવો અધિકાર ભારે!

मनकौ निरोध जाके तनकौ न कष्ट है, લ્યો. જેને કાયક્લેશ વિના મનનું રૂંધવું સહજ થઈ જાય છે, એમ કહે છે, મન રોકાઈ જાય છે. સ્વરૂપમાં દૃષ્ટિ ઠરતાં, અંતર નિર્વિકલ્પ આનંદનું વેદન થતાં, કાયક્લેશ વિના મનનું રોકાવું સહેજ થઈ જાય છે. આહાહા! तिन्हके करमकी कलोलैं यह है समाधि.. આહાહા! કર્મનો ઉદય વર્તે... કહે છે કે એને સમાધિ છે કારણ કે જ્ઞાન કરે છે એ તો. ધર્મી તો, રાગનો ઉદય છે એનું જ્ઞાન કરે છે. રાગ કરે છે ને મારામાં રાગ છે, એમ તો છે નહિ. રાગ થાય ત્યાં તો જ્ઞાન થાય છે. રાગ છે માટે (જ્ઞાન થાય છે) એમ નહિ. રાગ છે માટે જ્ઞાન થાય છે એમેય નહિ. રાગનું જ્ઞાન રાગ છે માટે થાય છે, એમ નહિ. આત્મા જ્ઞાનમય છે માટે આત્માનું જ્ઞાન થતાં, રાગનું જ્ઞાન (એટલે કે) રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થાય છે, એ એને સમાધિ છે, એમ કહે છે.

तिन्हके करमकी कलोलैं, દેખો. (सम्यग्ज्ञानी) जीवोंके विषय-भोग भी समाधि है. ઓલા લગાવી દે છે. કઈ રીતે છે? વિષય ભોગની વૃત્તિ જે થઈ એમાં એકત્વ નથી અને ભિન્ન પડીને તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી કરે છે એ સમાધિ છે. વિષયભોગનો વિકલ્પ છે એ તો રાગ છે. પણ રાગને પૃથક્ રાખીને, પોતાના સ્વભાવથી સ્વ અને પરને જાણવાની ક્રિયા થાય એ સમાધિ છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાન ખીલ્યું છે એ સમાધિ કહેવાય છે. જોર કેટલું આપ્યું બનારસીદાસે! डोलै यह जोगासन.. ચાલે એ સ્થિર છે કહે છે. સમકિતી ચાલે એ તો બધું ખરી જાય છે એમ કહે છે. ચાલવાની ક્રિયા ખરી જાય છે. જ્ઞાતા તરીકે જાણે છે કે ચાલવાની ક્રિયા થાય છે. એ પર તરફની અપેક્ષાનું જ્ઞાન. આહાહા! चलना-फिरना

योग वा आसन है, લ્યો. સ્થિર થઈને બેઠો જાણે. ચાલે છે એ સ્થિર થઈને બેઠો છે. એ કાયનું કંપન, ક્રિયા બધી છૂટતી જાય છે. જ્ઞાનસ્વરૂપ આનંદ છું એવા અંતર અનુભવમાં એ ક્રિયાનો જ્યાં સ્પર્શ નથી, એ ક્રિયાનું જ્યાં અડવું નથી એટલે કે આસનમાં જાણે બેઠો હોય, એમ કહેવામાં આવે છે. સ્વના આસનમાં બેઠો હોય, એમ. ચૈતન્યના આસનમાં બેઠો છે યોગની ક્રિયા કાળે. આહાહા! ભારે!

શુદ્ધ ધ્રુવ પરમાત્મસ્વભાવ પોતાનો એવો જ્યાં અંદર સ્પર્શ્યો એટલે થઈ રહ્યું. હવે રાગનો સ્પર્શ ને કંપનનો સ્પર્શ છે જ નહિ એને. મિથ્યાત્વ ગયું, સમ્યક્ થયું પછી અવ્રત, પ્રમાદ, કષાય, યોગના પરિણામ એ એનામાં નથી. એના નથી, એનામાં નથી. ભારે કામ! એ તો નિશ્ચયની વાત છે, એમ કહે પાછા. નિશ્ચય એટલે સાચું, વ્યવહાર એટલે આરોપિત કથન ખોટું. આહાહા! સમ્યગ્જ્ઞાની જીવ(કો) ચલના-ફિરના-યોગ કંપન એ આસન છે. સ્થિર છે, કહે છે. છે તો ભલે, પણ છૂટી જાય છે. આહાહા! બોલના-ચાલના એ મૌનવ્રત છે, લ્યો. બોલે કોણ? ચાલે કોણ? એ તો જ્ઞાનમાં તે પ્રકારનું પોતાનું સ્વાવલંબી સ્વ-પર પ્રકાશકનું જ્ઞાન પ્રગટ થાય છે, એમાં 'એ જાણે છે' એમ કહેવું એ પણ વ્યવહાર છે. એને ક્યાં જાણે છે? ખરેખર તો પોતાને જાણે છે. એ પોતાને જાણવામાં રહ્યો છે એ જ એને મૌનવ્રત છે. બોલે તોય મૌનવ્રત, ચાલે તો સ્થિર. આરે, આરે! એમ કે ચૈતન્ય ભગવાન પૂર્ણ અનંત.. અનંત.. સ્વચ્છતા ને શાંતિનું સ્વરૂપ એનું છે, એવો જ્યાં દૃષ્ટિમાં સ્પર્શ થયો, વેદન થયું, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટ્યું. થઈ રહ્યું, હવે જેટલી બધી ક્રિયાઓ છે એ પર છે અને પરને લઈને એમાં આત્માને કાંઈ થાય, એમ છે નહિ.

લ્યો, डोलै यह जोगासन.. डोलै यह जोगासन बोलै यह मष्ट है.. ભાષા... બોલે એ મૌન છે બધું. અટપટી, ન આવ્યું ઓલામાં? चिनमूरति दृगधारीकी मोहे रीति लगत है अटापटी.. અટાપટી આવે છેને ઓલામાં. ઈન્દ્રિયોના વિષયમાં, ઈન્દ્રાણીના સંગમાં રહે તોય, કહે છે, એને કર્મ ઝટાઝટી છે, એ કર્મ ખરતું જાય છે. આરે, આરે! (શ્રોતા : રમત અનેક સુરનિ સંગ પૈ તિસ, પરણતિ તૈં નિત હટાહટી). હટાહટી. પરપરિણતીસે તો હટાહટી છે. આહાહા! અતીન્દ્રિય આનંદના જ્ઞાનની જ્યાં જાગૃતિ થઈ, અતીન્દ્રિય જ્ઞાનના આનંદની આગળ આ બધી ક્રિયાઓ.... એ વિકલ્પથી છુટો પડ્યો છેને. આહાહા!

લ્યો, વિરોધ થયો હતો ઘણો. મેઘવિજય કરીને શ્વેતાંબર હતા સાધુ. ઉપાધ્યાય, મેઘવિજય કરીને. આ બનારસીદાસ થયાં... એમણે (બનારસીદાસનો) વિરોધ કર્યો હતો બહુ. આ તો વ્યવહારના તો ભુક્કા ઉડાવે છે. વ્યવહાર એકલો બંધ.. બંધ.. બંધ.. નહિ, એકાંત મિથ્યાભાસી છે. એ બધું વાંચ્યું છે માળે હોં. ભાઈ હુકમચંદ કહેતા હતા હુકમચંદ. એમણે વાંચ્યું છે. પુસ્તક બધા ભેગા કર્યા છે માળે. હુકમચંદજીને (પૂછ્યું) કે મેઘવિજયનું

(પુસ્તક) છે? હા, છે પુસ્તક, વાંચ્યું છે. બધા ભેગા બહુ કર્યા છે. વાંચન ઘણું હોં મેઘવિજયનું. આ ભાઈ શું કહેવાય? હુકમચંદજી. મેઘવિજયની મેં વાત કરી તો (કહે) એ મેં વાંચ્યું છે. છે આંહીં પુસ્તક. શું નામ કંઈ? યુક્તિ પ્રબોધ. શ્વેતાંબરને તો આ આકરું લાગે. એ તો ક્રિયા ઉપર જ એનો આખો મદાર છે. વ્રત ને તપ એ બધો જ ધર્મ, એના ઉપર મદાર. એને કહીએ કે તારા વ્રત ને તપ એ બંધનના કારણ છે, ઝેર છે. ઝેરને પીવે છો. આહાહા!

અંતરના આનંદના સ્વાદ આગળ, કહે છે, ચાલવું—ચાલવું—બોલવું થાય, એ બધું ખરી જાય છે. ક્યાંય એનો સ્વાદ એને છે (નહિ). આહાહા! બોલવાનો પ્રેમ નથી, ચાલવાનો પ્રેમ નથી, રૂચિ નથી. રૂચિ તો આત્મા ઉપર છે. આહાહા! તેથી ધર્મી બોલે તોય મૌન છે, ચાલે તોય સ્થિર છે, આ ભોગ લે તોય સમાધિ છે, કહે છે. આ અપેક્ષાએ હોં, ભોગનો વિકલ્પ છે એ સમાધિ નથી. પણ એમાં એનો સ્વીકાર નથી (અને) સ્વભાવનો સ્વીકાર વર્તે છે. એની નાસ્તિ વર્તે છે, વિકૃતિની સ્વભાવમાં નાસ્તિ વર્તે છે, વૈરાગ્ય છે. સ્વભાવમાં પૂર્ણની પ્રતીતિનું ભાન વર્તે છે. આહાહા! આ તો જેને અલ્પકાળે મુક્તિ થવાની છે એની વાતો છે આ તો. રખડવાનું જેને પડ્યું છે અનંત, એને આ વાત અંતરમાં બેસવી કઠણ પડે.

सम्यग्ज्ञान प्रगट होते ही... ભાવાર્થમાં લખ્યું છે, गुणश्रेणी निर्जरा प्रगट होती है.. એને કર્મની ધારા ખરતી જાય છે, ટળતી જાય છે, એવી દશા થાય છે. ज्ञानी जीव चारित्रमोहके प्रबल उदयमें यद्यपि संयम नहीं लेते.. દેખો. પ્રબળ ઉદયનો અર્થ પુરુષાર્થની એટલી કમી છે. સંયમ નહિ લેતે અવ્રતી સમ્યગ્દૃષ્ટિ. अव्रतकी दशामें रहते हैं तो भी कर्मनिर्जरा होती है. ઓલા તો કહે, નહિ. ઓલા દાખલા જ્યાં ત્યાં (આપે). સમકિતી ગમે તેવું કરે પણ હાથીના સ્નાન જેવું છે, એ દાખલા આપે. ભાઈ! આવે છે ને. એ તો ચારિત્રની અપેક્ષાએ વાત છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. અવ્રતના પરિણામ જે છે એ એના પોતાના (છે એમ) સ્વીકારતો નથી, પછી પ્રશ્ન ક્યાં? અવ્રતના પરિણામ છે એ પર છે. પોતાના છે એ માનતો નથી (પછી) પ્રશ્ન ક્યાં આવ્યો? આહાહા! અવ્રત તો રાગભાવ છે, રાગ પર છે. પોતાના અસ્તિમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં—ત્રણેમાં નથી રાગ. આહાહા!

अव्रतकी दशामें रहते हैं तो भी कर्मनिर्जरा होती है अर्थात् विषय आदि भोगते, चलते फिरते.. વળી આવું લે ત્યાં ઓલા કહે, જુઓ, અહીં તો અશુભભાવમાં નિર્જરા કીધી તો શુભભાવે નિર્જરા કેમ ન થાય? લે! ક્યાંની વાત કરે છે માળા, સાંભળ તો ખરો! આ અશુભભાવથી નિર્જરા કહે છે? અંદર રાગથી રહિત એવો અનુભવ વર્તે છે, એને લઈને નિર્જરા છે. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ જ્યાં રાગનો સ્વાદ ઝેર જેવો લાગે છે. એથી

એને અંતરના આનંદના સ્વાદમાં અશુદ્ધતા ટળે છે, કર્મ ગળે છે. चलते-फिरते और बोलते-चालते हुए भी उनके कर्म झड़ते हैं. તે તે કાળનો ઉદય આવીને, તે તે કાળે જ્ઞાન પણ તે જ પ્રકારના સ્વ-પર પ્રકાશનું જ્ઞાન કરતું, તે ચીજ ખરી જાય છે. પોતાના અસ્તિત્વમાં એ રાગ આવ્યો, એમ જ્ઞાની માનતો (નથી). એનું એ સંબંધીનું પોતાનું સ્વ-પર પ્રકાશક જ્ઞાન પોતામાં આવ્યું છે એમ માને છે. આહાહા ! ભારે !

जो परिणाम, समाधि योग आसन मौनका है.. એ ફળ, એમ કહે છે, પરિણામ સમાધિનું, યોગનું ને આસનનું, મૌનનું. वही परिणाम ज्ञानीके विषय-भोग, चलन-फिरन और बोलचालका है। सम्यक्त्वकी ऐसी ही अटपटी महिमा है. લ્યો આવ્યું. અટપટા હૈ. આસ્રવ આવે પણ આસ્રવની ઝટાઝટી છે, આસ્રવ ખરતો જાય છે. આવે છે ને. આહાહા ! હટાહટી. બંધ વસ્તુને પોતે માનતો નથી. રાગ જ જ્યાં માનતો નથી પછી એ તો શું ? અબદ્ધ પરિણામી દ્રવ્ય, ગુણ ને પર્યાય મારી ચીજ છે. દ્રવ્યે અબદ્ધ છું, ગુણે અબદ્ધ ને પરિણામે અબદ્ધ મુક્તસ્વરૂપ છું, તમે અબદ્ધ કહો કે મુક્ત કહો. હવે એ મુક્તસ્વરૂપ છે એમાં રાગ સાથે આવ્યું જોડાણ, એ ક્યાં આવ્યું એમાં ? કેવી વાતું છે ઝીણી !

અબદ્ધસ્પૃષ્ટ જ્યાં કહ્યું, અબદ્ધસ્પૃષ્ટ તો નાસ્તિથી કહ્યું. અસ્તિથી કહો તો મુક્તસ્વરૂપ છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં દ્રવ્ય મુક્ત, ગુણ મુક્ત ને પર્યાય પણ મુક્ત. રાગ ને વ્યવહારથી મુક્ત છે એટલે મુક્ત જ છે. આહાહા ! કહો, કાંતિભાઈ ! આવું છે કામ ભારે આકરું ! દુનિયા સાથે મીંઢવણી ન થાય, ઓલાએ લખ્યું છેને. ગાયન આવ્યું છે મુંબઈનું. છેને એમાં. ઓલું આમાં છે ? વો ગુજરાતી હૈ. વો મુંબઈમેં વ્યાખ્યાન હુઆ થા ને તો એક અપના વીંછીયાવાલા હૈ, પ્રેમચંદભાઈ ઉસકે લડકેકા લડકા હૈ, ઉસને બનાયા હૈ. કવિ હૈ કવિ. અભી લગાયા થા ત્યાં પોરબંદર. અહીં કહે છે, આહા! સમકિતકી ઐસી અટપટી મહિમા હૈ. આહાહા ! વિકલ્પનો અંશ છે એની સાથે પણ જ્યાં સંબંધ નથી અને સંબંધ હોય તો તો મિથ્યા દૃષ્ટિ બંધ છે એ તો. એથી કહે છે, સમ્યગ્દૃષ્ટિની અનુભવીની દશા અટપટી છે. દુનિયાને ખ્યાલમાં આવવી મહા અલૌકિક વાત છે. એને નિર્જરા થાય છે આવા જીવને. ક્ષણે ક્ષણે બધું ખરતું જાય છે ને શુદ્ધતા વધતી જાય છે, એને નિર્જરા કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૭૭, જેઠ વદ ૯, ગુરુવાર, તા. ૧૭-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર, પદ ૩૦ થી ૩૩ ઉપર પ્રવચન

નિર્જરા અધિકાર. સમયસાર નાટક. ૩૦મું પદ છે. परिग्रहके विशेष भेद कथन करनेकी प्रतिज्ञा.

इत्थं परिग्रहमपास्य समस्तमेव सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद् भूयस्तमेव परिहर्त्तुमयं प्रवृत्तः॥१३॥

પરિગ્રહના વિશેષ ભેદ કથન કરવાની પ્રતિજ્ઞા (સવૈયા એકત્રીસા)

आतम सुभाउ परभाउकी न सुधि ताकौं,
जाकौ मन मगन परिग्रहमैं रह्यौ है।
ऐसौ अविवेककौ निधान परिग्रह राग,
ताकौ त्याग इहांलौं समुच्चैरूप कह्यौ है॥
अब निज पर भ्रम दूरि करिवैके काज,
बहुरौं सुगुरु उपदेसको उमह्यौ है।
परिग्रह त्याग परिग्रहकौ विशेष अंग,
कहिवेकौ उद्दिम उदार लहलह्यौ है॥३०॥

**શબ્દાર્થ :—**સુધિ=ખબર અવિવેક=અજ્ઞાન, રાગ=પ્રેમ. સમુચ્ચૈ=સમગ્ર. ઉમહ્યૌ હૈ=તત્પર થયો છે. કહિવેકૌ=કહેવાને.

**અર્થ :—**જેનું ચિત્ત પરિગ્રહમાં રમે છે તેને સ્વભાવ–પરભાવની ખબર રહેતી નથી; તેથી પરિગ્રહનો પ્રેમ અજ્ઞાનનો ખજાનો જ છે. તેનો અહીં સુધી સામાન્ય રીતે સમગ્રપણે ત્યાગ કહ્યો છે, હવે શ્રીગુરુ નિજ–પરનો ભ્રમ દૂર કરવા માટે પરિગ્રહ અને પરિગ્રહના વિશેષ ભેદ કહેવાને ઉત્સાહપૂર્વક સાવધાન થયા છે. ૩૦.

**अर्थ :—**जिसका चित्त परिग्रहमें रमता है उसे स्वभाव-परभावकी खबर नहीं रहती, इसलिये परिग्रहका प्रेम अज्ञानका कोष ही है। उसके त्यागका यहाँ तक सामान्य रीतिसे समुच्चयरूप कथन किया है; अब श्रीगुरु निज-परका भ्रम दूर करनेके लिए परिग्रह त्याग और परिग्रहके विशेष भेद कहनेको उत्साहपूर्वक सावधान हुए हैं॥३०॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

अपने सुभाउ परभावकी न सुधि.. આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ અને પરભાવ–વિકલ્પથી માંડીને પરવસ્તુ બધો પરિગ્રહ. શુભ વિકલ્પ છે એનાથી માંડીને બધી ચીજો, એ બધી પરિગ્રહમાં ગણવામાં આવે છે. આત્મા એનાથી તદ્દન ભિન્ન છે. એવું જ્યાં ભાન નથી, ત્યાં સ્વભાવ ને પરભાવની સુધિ નથી. વિકલ્પ રાગ અને સ્વભાવ ભિન્ન શુદ્ધ–બેનો જ્યાં અંદર વિવેક નથી, એ પરિગ્રહવંત છે. जाकौ मन मगन परिग्रहमें रह्यो है.. જેને ચિદાનંદ આત્મા જ્ઞાનસ્વભાવ આનંદસ્વરૂપ એનું, વિકલ્પથી માંડીને (સર્વ) પર(વસ્તુ)થી ભિન્ન છે એવું જેને ભાન નથી, એ વિકલ્પમાં મગ્ન છે. પરિગ્રહમાં એ મગ્ન રહ્યો છે. નિર્જરા અધિકાર છે ન. રાગનો–વિકલ્પની પકડ છે એ પરિગ્રહવંત છે (અને) એને બંધન છે. અને વિકલ્પથી માંડીને પર ચીજ, એનાથી ચૈતન્ય ભિન્ન છે એવું ભાન છે ત્યાં નિર્જરા છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ ? आतम सुभाउ અને परभाव.. વિકલ્પથી માંડી શુભ દયા, દાન, વ્રતથી માંડીને બધી ચીજો—એ બધો પરભાવ–પરવસ્તુ છે એની જેને સૂધિ નથી, રાગ અને (પર)વસ્તુ એનાથી (મારી) ચીજ ભિન્ન છે એવી જેને સુઝ પડતી નથી, એનું મન તો રાગમાં લીન છે. એ પરિગ્રહમાં લીન છે એમ કહે છે. સમજાય છે કાંઈ? જે વસ્તુમાં નથી એમાં જેની લીનતા છે, એ પરિગ્રહમાં લીન છે. આહાહા!

ऐसौ अविवेककौ निधान परिग्रह राग.. કહે છે કે શુભરાગનો વિકલ્પમાત્ર પરિગ્રહ છે અને આત્મા એનાથી જુદી ચીજ છે એવું જેને ભાન નથી એ अविवेककौ निधान.. રાગની એકતા એ પોતે અજ્ઞાનનું નિધાન છે, અવિવેકનું નિધાન છે. આહાહા! રાગની રૂચિ છૂટી અને સ્વભાવની દૃષ્ટિ થઈ, એને આત્મા તે વસ્તુ છે. એને રાગથી માંડીને બધી ચીજનો રાગ અને રસ ઉડી ગયો છે સમકિતીને. માટે સમકિતીને નિર્જરા છે એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ ? अविवेककौ निधान.. રાગ, કર્મ, શરીર આદિ બધી ચીજો, એ બધું અવિવેકનું નિમિત્ત છે. એનાથી જુદો પડતો નથી અને એમાં એકત્વ છે, એ અજ્ઞાનનું કારણ છે. अविवेककौ निधान.. परिग्रहका प्रेम अज्ञानका कोष है. અજ્ઞાનનો ભંડાર છે કહે છે. એમ કહ્યુંને અર્થમાં. કોષ એટલે ભંડાર, નિધાન. ચૈતન્ય જ્ઞાન-આનંદસ્વરૂપ એ સિવાય રાગાદિ શુભ હો કે અશુભ, એનો જેને પ્રેમ છે એ અવિવેકનો ભંડાર છે. એમાંથી અજ્ઞાન જ વધે છે. જુઓ, આ બાહ્ય પૈસા ને એ તો ક્યાંય રહી ગયા.

ताकौ त्याग इहांलौं समुचैरूप कह्यौ है.. રાગનો વિકલ્પ અને સ્વભાવ—બેમાં ધર્મીને... રાગનો ત્યાગ એમાં પરિગ્રહનો ત્યાગ સામાન્યપણે કહ્યો. રાગ, જ્ઞાનીને રાગ છે જ નહિ. જ્ઞાનીને રાગનો રાગ નથી, એથી જ્ઞાનીને પરિગ્રહનો ત્યાગ છે. રાગાદિ, લક્ષ્મી

આદિ બધો ત્યાગ જ છે દૃષ્ટિમાં, એમ કહે છે. ताकौ त्याग इहांलौ समुच्चैरूप कह्यौ, अब निज पर भ्रम दूरि करिवैकै काज.. હવે અનેક પ્રકારના વિશેષ રાગના ભાગ—શુભ-અશુભના અને કર્મનો ઉદય આદિ ચીજ કે બાહ્ય સામગ્રી—એ દરેક ચીજમાં જ્યાં જ્યાં એક-એકમાં પકડ છે, એ અવિવેક અને અજ્ઞાન છે. એ निज पर भ्रम दूर करिवैकै.. રાગથી માંડીને પરચીજ અને પોતે સ્વ-ચીજ—એ બેની એકતા એ ભ્રમ છે. રાગ હું છું, પુણ્ય હું છું, પુણ્ય મને બંધાય છે, પુણ્યની સામગ્રી મને મળી છે—એ બધું અજ્ઞાન છે. સમજમેં આતા હૈ? આહાહા!

निज पर भ्रम दूर करिवैकै काज, बहुरौं सुगुरु.. ધર્માત્મા ઉપદેશને માટે સાવધાન થયા છે. परिग्रह त्याग परिग्रहकौ विशेष अंग... પરિગ્રહ એટલે પરની પકડ. એનો ત્યાગ, એના વિશેષ પ્રકાર. कहिवेकौ उद्दिम उदार लहलह्यौ है.. કહેવા માટે ઉત્સાહપૂર્વક સાવધાન થયા છે. આહાહા! કેટલું કહ્યું! વસ્તુ.. વસ્તુ જે છે ચૈતન્ય, એ તો એકલો આનંદ અને જ્ઞાનનો ભંડાર છે, એનો પકડ એ નિજ પરિગ્રહ છે. એ સિવાય ચાહે તો શુભરાગ હો કે અશુભ હો કે બંધન હો કે બાહ્ય સંયોગ હો—એમાં ક્યાંય પણ મારાપણાની બુદ્ધિ છે, એ અવિવેક અને અજ્ઞાન છે. એ માટે ભિન્ન-ભિન્ન ભાવ અને ભિન્ન-ભિન્ન ચીજો, એની એકત્વબુદ્ધિ છોડાવવા ભિન્ન-ભિન્ન પરિગ્રહની વ્યાખ્યા કરે છે.

સામાન્ય-વિશેષ પરિગ્રહનો નિર્ણય (દોહરા)

त्याग जोग परवस्तु सब, यह सामान्य विचार।
विविध वस्तु नाना विरति, यह विशेष विस्तार॥३१॥

**શબ્દાર્થ** :—પરવસ્તુ=પોતાના આત્મા સિવાય અન્ય સર્વ ચેતન–અચેતન પદાર્થ. સામાન્ય=સાધારણ. વિરતિ=ત્યાગ.

**અર્થ** :—પોતાના આત્મા સિવાય અન્ય સર્વ ચેતન–અચેતન પરપદાર્થ ત્યાગવા યોગ્ય છે એ સામાન્ય ઉપદેશ છે અને તેમનો અનેક પ્રકારે ત્યાગ કરવો એ પરિગ્રહનો વિશેષ ત્યાગ છે.

ભાવાર્થ :—મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ ચૌદ અંતરંગ પરિગ્રહ અને ધન–ધાન્યાદિ દસ બાહ્ય પરિગ્રહ—આ બધાનો ત્યાગ એ સામાન્ય ત્યાગ છે અને મિથ્યાત્વનો ત્યાગ, અવ્રતનો ત્યાગ, કષાયનો ત્યાગ, કુકથાનો ત્યાગ, પ્રમાદનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, અન્યાયનો ત્યાગ આદિ વિશેષ ત્યાગ છે. ૩૧.

**अर्थ** :—अपने आत्माके सिवाय अन्य सब चेतन-अचेतन पर पदार्थ त्यागने योग्य

हैं यह सामान्य उपदेश है और उनका अनेक प्रकारसे त्याग करना यह परिग्रहका विशेष त्याग है।

**भावार्थ :**—मिथ्यात्व, राग, द्वेष आदि चौदह अंतरंग परिग्रह और धनधान्यादि दस बाह्य परिग्रह—इन सबका त्याग सामान्य त्याग है, और मिथ्यात्वका त्याग, अव्रतका त्याग, कषायका त्याग, कुकथाका त्याग, प्रमादका त्याग, अभक्ष्यका त्याग, अन्यायका त्याग आदि विशेष त्याग हैं।।३१।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઓહો! ભારે ટૂંકામાં! त्याग जोग परवस्तु.. अपने आत्माके सिवाय,.. ભગવાન જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ એ સિવાય, अन्य सब चेतन-अचेतन पर पदार्थ त्यागने योग्य हैं। यह सामान्य उपदेश है. એકલો પ્રભુ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય તે અંગીકાર કરવાલાયક છે અને એ સિવાયનો કોઈપણ શુભ વિકલ્પથી માંડીને બધી ચીજો હેય છે, છોડવા જેવી છે, વસ્તુમાં એ નથી. એ સામાન્ય ઉપદેશ થયો. પરિગ્રહના ત્યાગનો સામાન્ય ઉપદેશ કહ્યો. સમજાણું કાંઈ આમાં ? और उनका अनेक प्रकारसे त्याग करना यह परिग्रहका विशेष त्याग है. અંદરમાં શુભરાગના અસંખ્ય પ્રકાર, અશુભના અસંખ્ય પ્રકાર, એના બંધનાં અનેક પ્રકાર, એના ફળના અનેક પ્રકાર—એ બધાનો ત્યાગ કહેવો કે આ નહિ, આ નહિ, આ નહિ, એ વિશેષ પરિગ્રહનો ત્યાગ છે.

मिथ्यात्व, राग, द्वेष आदि चौदह अंतरंग परिग्रह, લો. મિથ્યાત્વ—વિપરીત માન્યતા. અંશ જેટલો હું, રાગ તે હું, પુણ્યના પરિણામ તે હું, એને બંધન થયું તે મારાં, મને, એને ફળ આવ્યા તે મને—એવો જે મિથ્યાત્વભાવ એ અંતરંગ પરિગ્રહ છે, એનો ત્યાગ. એમ રાગ-દ્વેષ. શુભ કે અશુભ રાગ એ પણ અંતરંગ પરિગ્રહ છે. વસ્તુમાં નથી અને (તેથી) એને પકડવું એ પરિગ્રહ છે. એ મિથ્યાત્વ પરિગ્રહ છે. સમજાય છે કાંઈ? પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા. પૈસા મારા (એમ માને એ) મૂઢ છે, કહે છે, મિથ્યાદૃષ્ટિ છે. શરીર મારું, કર્મ મને, કર્મ મારા, આ બાયડી મારી, છોકરાં મારા—એના પ્રત્યેનો ઉત્પન્ન થયેલો રાગ, એ રાગ એ મારો, એ મિથ્યાત્વભાવ છે. એ અંતરંગ પરિગ્રહનો ત્યાગ કહ્યો.

और धन-धान्यादि दस बाह्य परिग्रह... એ સબનો ત્યાગ, એ સામાન્ય ત્યાગ. બધું નહિ. રાગેય નહિ ને ધન-ધાન્યેય નહિ. और मिथ्यात्वका त्याग.. હવે ભેદ પાડે છે. વિપરીત માન્યતાનો ત્યાગ, અવ્રતનો ત્યાગ, કષાયનો ત્યાગ. એના ભેદ પડ્યા એ તો બધા. મિથ્યાત્વ તે પરિગ્રહ છે એનો ત્યાગ, અવ્રત પરિગ્રહ છે એનો ત્યાગ, કષાય પરિગ્રહ છે એનો ત્યાગ, કુકથાનો ત્યાગ, વિપરીત કથા એની પકડ એનો ત્યાગ, પ્રમાદનો ત્યાગ... પ્રમાદ પણ

પરિગ્રહ છે એનો ત્યાગ. પ્રમાદભાવ એ સ્વરૂપમાં છે નહિ. એ પ્રમાદનો પકડ મારો, મને પ્રમાદ, એ મિથ્યાત્વનો પરિગ્રહ છે. ભારે ભાઈ!

બાયડી છોકરા છોડીને બેસેને કે અમે પરિગ્રહના ત્યાગી થયાં. બાયડી–છોકરાં મેં છોડ્યા, એનો અર્થ જ કે એ મારા હતા (એમ માન્યું હતું). એ માન્યતા જ મિથ્યાત્વ છે. રાગ મેં છોડ્યો. તો, રાગ મારો હતો એમ માન્યો હતોને? તેં છોડ્યો (એ માન્યતા) મિથ્યાત્વ છે, મિથ્યાત્વનો પરિગ્રહ છે. અભક્ષ્યનો ત્યાગ. એનો અર્થ કે જે આત્માના આનંદ ને જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ સિવાય કોઈપણ ચીજ એ બધો પરિગ્રહ છે, એનો ત્યાગ. અન્યાયનો ત્યાગ. એ વિશેષ પ્રકાર થયા. સામાન્ય એ કે વિકલ્પથી માંડી પરનો ત્યાગ. અને હવે ભેદ પાડીને શુભવિકલ્પનો ત્યાગ, અશુભનો ત્યાગ, કષાયનો ત્યાગ, પ્રમાદ – એ વિશેષ ત્યાગ છે.

સામાન્ય અને વિશેષ કોઈપણ પ્રકારનો જે પરિગ્રહ છે એ મને છે, મારો છે—એ માન્યતા અવિવેક ને અજ્ઞાન છે, એ અહીં વાત કરે છે. સમજાણું કાંઈ? ભાષા મારી મીઠી, ચોખ્ખી, હું સુંદર બોલનારો, (અ માન્યતા) પરિગ્રહ છે મિથ્યાત્વનો. પદ્ધતિસર બોલનારો. બોલે કોણ? વાણી કોની? એ વાણીનો પરિગ્રહ છે એને મિથ્યાત્વનો, એમ કહે છે. મારો ઉપદેશ દુનિયાને સારો લાગે, (એ માન્યતા) મિથ્યાત્વનું કારણ છે. ઉપદેશ. આ વિશેષ પરિગ્રહની વાત ચાલે છે. મેં ઉપદેશ કર્યો, એ ઉપદેશની પકડ એ પરિગ્રહ થયો, એ મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું?

આ શાસ્ત્રના ભણતરની પકડ એ પણ મિથ્યાત્વની પકડ છે. અને એક સમયની પર્યાય જેટલી પર્યાયબુદ્ધિ, એ પણ મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહાહા! આ નિર્જરા અધિકાર છે. એટલે કે સ્વભાવ સિવાય કાંઈપણ અંશ(માત્ર) કોઈ પણ ચીજને પોતાની માનવી, એને મિથ્યાત્વનો પરિગ્રહ અને મિથ્યાત્વ લાગે છે. અને આત્મા સિવાય કોઈપણ વિકલ્પ આદિ મારો નથી, મારામાં નથી, મારું પરિણમન તદન શુદ્ધ છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને પર્યાય શુદ્ધ છે, એ એની ચીજ છે. એ સિવાય બીજી ચીજનો અંદર દ્રષ્ટિમાં ત્યાગ છે એને નિર્જરા થાય છે, એમ કહેવું છે. સમજાય છે કાંઈ? એને કર્મ ગળે છે ને એને શુદ્ધિ વધે છે. અને આમ બાહ્ય સ્ત્રી, કુટુંબ પરિવાર, ધંધાપાણી છોડ્યા મેં, એવો જે ભાવ મિથ્યાત્વભાવ છે. એ કાંઈ અંદર હતા નહિ, તેં કર્યા નહોતા. તે તો જડની ક્રિયા પરની હતી, એનું નામ પણ પરિગ્રહ. મેં આ છોડ્યું, એનું નામ પણ પરિગ્રહ મિથ્યાત્વ છે. બહુ ઝીણું! ક્યાં સુધી કાતવું છે ઝીણું?

અહીં તો એક સમયનો પર્યાય ઉપર અહંભાવ એ પણ મિથ્યાત્વભાવનો પરિગ્રહ છે. એને ક્ષણેક્ષણે બંધન જ છે, ભલે ત્યાગી હોય, પંચ મહાવ્રત પાળતો હોય તો પણ ક્ષણેક્ષણે એને મિથ્યાત્વનો જ પકડ છે, મિથ્યાત્વનું જ બંધન છે. અને ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, ચક્રવર્તીના રાજની સંપદામાં રહ્યા દેખાય છતાં, જ્યાં વિકલ્પથી માંડીને પરનો મારા સ્વભાવમાં અભાવ છે એવી પરની પકડ છૂટી ગઈ છે, એને એવી ચીજમાં રહ્યાં છતાં નિર્જરા થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

ધર્મીને પોતાના આનંદ સિવાય કોઈ ચીજ પોતાની ભાસતી નથી એટલે બીજી ચીજોના ઘેરાવામાં પડ્યો દેખાય છતાં... ઘેરાવો સમજતે હો ? બાયડી, છોકરાં ને કુટુંબ, ધંધો આમ મોટો પહોળો. અંદરમાં સ્વભાવનો આશ્રયનો ઉપાદેયભાવ, એ (સિવાય) બીજો કોઈપણ રાગાદિ મારો ભાવ નથી, એવું જ્યાં પરિગ્રહના રાગ વિનાનું અંતર પરિણમન,... પરની અપેક્ષાએ લઈએ તો અપરિગ્રહી એવો ભગવાન, બાકી સ્વપરિગ્રહી ચૈતન્યમૂર્તિ એના પરિણમનમાં, ગમે તે ક્ષેત્ર, કાળ, ભાવમાં એ દેખાય, છતાં એ પરનો ત્યાગી છે, માટે તેને ક્ષણે-ક્ષણે નિર્જરા થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આરે, આવો ધર્મ કઈ જાતનો છે આ?

परिग्रहमें रहते हुए भी ज्ञानी जीव निष्परिग्रह हैं. જુઓ, નીચે ૧૪ કળશ. **पूर्वबद्धनिजकर्मविपाकात् ज्ञानीनो यदि भवत्युपभोगः।** છે ઉપભોગ એમ સિદ્ધ કરે છે. લે, ઉપભોગ છે ? ઉપભોગની તો ના પાડી છે અહીં. **पूर्वबद्धनिजकर्मविपाकात् ज्ञानीनो यदि भवत्युपभोगः** વળી જ્ઞાનીને હોય ઉપભોગ. એય! મેળ ક્યાં ખાધો આમાં? પણ સમજાવવું (શી રીતે)? ઓલું દુનિયા દેખે છેને કે જુઓ, આ બાયડીમાં પડ્યો, છોકરામાં પડ્યો, ધંધા કરે છે, વહાણ કરે છે, ઢીંકણું કરે છે ને ફલાણું કરે છે. **तद्भवत्वथ च रागवियोगात्.** સિદ્ધાંત અહીં છે. **रागवियोगात् नूनमेति न परिग्रहभावम्॥** આહાહા!

પરિગ્રહમાં રહેવા છતાં પણ જ્ઞાની જીવ નિષ્પરિગ્રહી છે.

(ચોપાઈ)

**पूरव करम उदै रस भुंजै,**
**ग्यान मगन ममता न प्रयुंजै।**
**उरमैं उदासीनता लहिये,**
**यौं बुध परिग्रहवंत न कहिये॥३२॥**

**શબ્દાર્થ** :—પૂરવ (પૂર્વ)=પહેલાનાં. ભુંજૈ=ભોગવે. પ્રયુંજૈ=લીન થાય. ઉદાસીનતા=વૈરાગ્ય. બુધ=સમ્યગ્દૃષ્ટિ.

**અર્થ** :—જ્ઞાની જીવ પૂર્વે બાંધેલાં કર્મના ઉદયથી સુખ–દુ:ખ બન્ને ભોગવે છે પણ તેઓ તેમાં મમતા અને રાગ–દ્વેષ કરતા નથી, જ્ઞાનમાં જ મસ્ત રહે છે તેથી તેમને નિષ્પરિગ્રહી જ કહ્યા છે. ૩૨

**अर्थ** :—ज्ञानी जीव पूर्वबद्ध कर्मके उदयसे सुख-दुःख दोनों भोगते हैं पर वे उनमें ममता और राग-द्वेष नहीं करते—ज्ञानहीमें मस्त रहते हैं इससे उन्हें निष्परिग्रही ही कहा है।।३२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ધર્મીને પૂર્વમાં અજ્ઞાનભાવે બંધાયેલા કર્મો, એ કર્મનો ઉદય આવે, (એના કારણે) સુખ-દુઃખ દોનો આવે, સામગ્રી પણ અનુકૂળ-પ્રતિકૂળ હોય અને એના વલણમાં જરી રાગાદિની વૃત્તિ હો. એને ભોગવે છે, એ તો દુનિયા કહે છે એ અપેક્ષાએ કહ્યું છે. બાકી જ્ઞાની નથી રાગને ભોગવતો, નથી સામગ્રીને ભોગવતો. સમજાણું કાંઈ? उदयसे सुख-दुःख दोनों भोगते हैं पर वे उनमें ममता और राग-द्वेष नहीं करते. એટલે કે સામગ્રી અનુકૂળ—પ્રતિકૂળ અને કર્મના ઉદય તેના તરફનો વિકલ્પ કંઈ હોય, તે તરફ 'આ મારો છે' એમ જે રાગની પ્રીતિ કરતો નથી. ચૈતન્યની આનંદની જ્યાં પ્રીતિ વર્તે છે, ત્યાં ધર્મીને રાગની પ્રીતિ થતી નથી. ધર્મીને સુખબુદ્ધિ બધેથી ઊડી ગઈ છે.

પુણ્યના ભાવમાં, પાપના ભાવમાં, સામગ્રીમાં, સ્ત્રી-કુટુંબની અનુકૂળતામાં, પૈસા હજીરા—મકાન ને દાળ-ભાત-લાડવા આમ પતરવેલીયાં ને બધા અનુકૂળતાના આમ ઢગલાં દેખાય, એમાં પોતાપણાની બુદ્ધિ જ ગઈ છે ને. એમાં સુખ છે એ બુદ્ધિ જ ટળી ગઈ છે. એ તો જ્ઞાતાનું જ્ઞેય રહી ગયું છે. આહાહા! અજ્ઞાનીને એમાં રસ પડે છે. રાગનો રસ ચડ્યો છે. અજ્ઞાનીને રાગનો રસ ચડ્યો છે. જ્ઞાનીને જ્ઞાનનો રસ ચડ્યો છે, તે રાગનો રસ ચડતો નથી. આવી વાત છે. આ ઓલા કહે, 'આ બધું બહારથી છોડીને બેસે તોય પરિગ્રહ?' કહે, સાંભળ, સાંભળને હવે, તને ખબર નથી.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એનો જ્યાં ભેટો અંતરમાં થયો, એને બધો પરિગ્રહ મારો એ વાત છૂટી ગઈ છે અંદરથી. આહાહા! ચૈતન્યનો પરિગ્રહ છે એને. રાગ ને વ્યવહાર રત્નત્રયના વિકલ્પનો પણ પરિગ્રહ નથી. આહાહા! જ્ઞાની પાછા પરણે છે. કોણ પરણે છે? તું ભાળે છે કે પરણે છે. એ કહે છે, જુઓ. પૂર્વબદ્ધ કર્મનો ઉદય આવ્યો, સંયોગ દેખાય છે. પણ એમાં એને રસ ને રૂચિ જ ઊડી ગઈ છે. રાગનો રસ ગયો અને સ્ત્રીમાં સુખબુદ્ધિ ટળી ગઈ છે અંદરથી. આહાહા! પણ ટળી ગઈ છે તો શું કરવા કરે

છે આ? કરતો નથી, તને ભાસે છે કે આ કરે છે, એમ. એ થાય છે તેને આનંદમાં રહીને, પરમાં સુખબુદ્ધિ ટળીને, પોતામાં સુખબુદ્ધિમાં રહીને જાણે છે. આહાહા! ભારે ! શાંતિભાઈ! શું હશે આ ? આવો ધર્મ ? આવી વસ્તુ હશે ? પોપટભાઈ!

કોઈક કહે, નિશ્ચયથી.. નિશ્ચયથી આમ કહે છે, તે નિશ્ચયથી એવી વસ્તુ હશે કે નિશ્ચય કહેવામાત્ર છે? એમ. અરે ભાઈ! વસ્તુ એવી છે. આનંદસ્વરૂપ ભગવાન નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એ અભેદ અખંડ આનંદ છે, એનું જ્યાં અંતર વલણ ને ભાન થયું, એ વસ્તુ (પર્યાય) જ શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા (થઈ ગઈ), થઈ રહ્યું ખલાસ. એને ચાહે કોઈ વિકલ્પ અશુભનો દેખાય, શરીરનો સંયોગ થાય એમ દેખાય, છતાં એનાથી વિરક્ત છે. રાગથી વિરક્ત છે ધર્મી. લે ! રક્ત નથી, રાગમાં રક્ત નથી, રાગમાં રક્ત હોય તો અજ્ઞાની છે એ તો. આહાહા! ક્યાંય પણ રાગના ભાવમાં અશુભમાં પ્રેમ થયો, આ ઠીક છે એમ થયું, મિથ્યાદ્રષ્ટિ છે, અજ્ઞાન છે.

આંહીં કહે છે, ग्यान मगन ममता न प्रयुंजै. એ ધર્મી તો જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર–લીન છે. દ્રષ્ટિ ત્યાં થંભી ગઈ છે. એ દ્રષ્ટિમાં હવે બીજી ચીજ આવતી નથી. ममता न प्रयुंजै. રાગનો રસ અને રાગ મારો એ પ્રયુંજૈ જ નહિ, એકપણું એને થતું જ નથી, એમ કહે છે. આહાહા! માર્ગ તે માર્ગ છે ને. હજી તો સાંભળ્યોય નથી, સમજ્યોય નથી અને એમ ને એમ માને કે આપણે ત્યાગ કર્યો, લો, આપણે ત્યાગી થઈ ગયા, આ બ્રહ્મચર્ય પાળીએ છીએ, લો, સ્ત્રીના ત્યાગી. ધૂળેય નથી સાંભળને ! અંદર વિકલ્પ ઊઠે એનો રસ છે, એ પરિગ્રહનો રસ છે તને, આત્માનો રસ છે નહિ. આહાહા! કહો, આવો માર્ગ છે.

उरमैं उदासीनता लहिये.. ધર્મીને જ્ઞાનમાં રાગથી ઉદાસીનતા વર્તે છે. મારાપણાની બુદ્ધિ છુટી ગઈ છે. એથી તેનાથી ઉદાસીન વર્તે છે. જ્ઞાનીનું આસન રાગથી ભિન્નમાં વર્તે છે, એમ કહે છે. ઉદાસીન કહ્યુંને, ઉચ્ચ આસન. ધર્મીનું આસન ને પડાવ રાગથી ભિન્નમાં પડ્યો છે. આહાહા ! ભારે માર્ગ ઝીણો ! ૯૬ હજાર સ્ત્રીમાં પડ્યો દેખાય. કહે છે, ના, એ તો રાગ ને સ્ત્રીથી વિરક્ત છે. અજ્ઞાની નગ્ન થઈને ફરે એકલો, વસ્ત્ર વિના બાવો સાધુ દિગંબર જૈનનો, (પણ) અંતરમાં રાગનો જેને રસ અને પ્રેમ છે એ બધાં પરિગ્રહવંત છે. બધો પરિગ્રહ એને વળગ્યો છે. કહો, સમજાણું આમાં ?

यौं बुध परिग्रहवंत न कहिये.. લ્યો. આ કારણે. કારણ આપ્યુંને. ભગવાન આત્મા આનંદનું ધામ, જ્ઞાનનું પૂર પ્રભુ, એ આત્માનું ધ્યાન કર. (આત્માનો) પકડ પરિગ્રહ થયો, એથી રાગ આદિથી ઉદાસીન છે. એવાં બુધ નામ ધર્મી જીવને સમ્યગ્દષ્ટિને પરિગ્રહવંત ન કહીએ. ધર્મીને પરિગ્રહવાળો ન કહીએ. એ કરોડપતિ છે ને અબજપતિ છે ને રાગપતિ છે

ને નરપતિ છે, પત્નીનો પતિ છે, એમ ન કહીએ, એમ કહે છે. સમજાણું કાંઈ? કરવટ બદલી ગઈ છે, પડખું બદલી ગયું છે. રાગના વિકલ્પ પ્રત્યેની મમતાનો ભાવ હતો એ પરનું પડખું હતું. એ પડખું છુટી ગયું છે ધર્મીને. આહાહા! મહાપ્રભુને પડખે આવી ગયો છે. એથી સમ્યગ્દષ્ટિને, બુધ એટલે સમ્યગ્દષ્ટિ અથવા જ્ઞાની, પરિગ્રહવંત ન કહીએ. એને પરિગ્રહવાળો ન કહીએ, દ્રષ્ટિ અને સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ. અસ્થિરતા હોવા છતાં તે અસ્થિરતાવાળો ન કહીએ, એમ કહે છે ભાઈ. આહાહા! અસ્થિરતાનો સ્વામી ક્યાં છે? અસ્થિરતાને પોતાની પર્યાયમાં ભેળવે છે ક્યાં? આહાહા! દ્રવ્ય શુદ્ધ છે એનું પરિણમન શુદ્ધ થઈ ગયું છે. એમાં અશુદ્ધતાનું પરિણમન જ એને નથી, એમ કહે છે. આહાહા!

उरमांहि उदासीनता लहिये.. જ્ઞાનાનંદ સ્વભાવમાં એ પરથી તો ઉદાસ છે. પરમાં એને ઉત્સાહ નથી. ધર્મીને પરમાં ઉત્સાહ નથી, એ ઉદાસ છે. અજ્ઞાની સ્વમાં ઉદાસ છે ને પરમાં ઉત્સાહ છે. એને બહારની અનુકૂળતા અથવા શુભભાવ આદિમાં ઉત્સાહ વર્તે છે અજ્ઞાનીને. આહાહા! સ્વભાવ પ્રત્યેનો અસાવધાન છે અજ્ઞાની. જ્ઞાનીને સ્વભાવ પ્રત્યેનો ઉત્સાહી છે, રાગ પ્રત્યે ઉદાસ છે. આહાહા! આ ભેદજ્ઞાનની વાત! એનું શું મહાત્મ્ય છે એની ખબરું વિના બહારથી ટાંકે માપ... ઓહોહો ! ગજબ વાત કરી છે. આચાર્યોએ ટૂંકા શબ્દમાં નિર્જરા અધિકાર (વર્ણવ્યો છે). ખરેખર તો ધર્મી જીવ એને કહીએ કે (જેની દૃષ્ટિમાં) વસ્તુ શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે. તેથી એનું પરિણમન પણ તદ્દન શુદ્ધ છે. એથી એને અશુદ્ધતાનો પરિણમન જ નથી, પછી અશુદ્ધતાનો પકડ મારો છે એ તો છે નહિ. આહાહા! સમજાણું કાંઈ ?

સમ્યગ્દષ્ટિને અશુદ્ધ પરિણમન એ તો વિકાર છે. વિકારનો તો એ પોતે ત્યાગી છે. વિકારથી તો વિરક્ત છે. લે. આહાહા! ઓલી વિરતી ક્યાં છે, કહે છે. એ તો વળી સ્વરૂપની સ્થિરતાની અપેક્ષાની વાત છે. રાગથી, અસ્થિરતાથી ટળીને સ્થિરતામાં આવવું, એ તો રાગની વિરક્તી અસ્થિરતાની રીતે. આંહીં તો વસ્તુ (-રાગ)થી ખસી ગયો છે તો એનાથી વિરક્ત જ છે. આહાહા! સમજાણું કાંઈ? એકલો નગ્ન દિગંબર સાધુ થઈને ફરે, એને વિકલ્પનો અંદર પકડ છે કે આ શુભભાવ એ મારું હિત છે, એનાથી મને કલ્યાણ થાય છે, તો મહા પરિગ્રહવંત છે, મિથ્યાત્વનો પરિગ્રહવંત છે. આ વાત એ છે. એ તો તમે નિશ્ચયની વાત કરો છો, કહે છે. એટલે સાચી વાત કરો છો, એમ. કંઈ ખોટી થોડી લાવોને એમાં. ભગવાન! તારું સત્ય જ એવું છે પ્રભુ! તું સતનો સાહેબો એ વિકારનો સાહેબ કેમ થાય? આહાહા!

ચૈતન્યપ્રભુ... એક સમયની પર્યાયનો પણ જ્યાં પકડ નથી, પર્યાયબુદ્ધિ નાહિ, એને કહે છે કે પરિગ્રહવંત ન કહીએ. એ પરિગ્રહના ઘેરાવામાં પડ્યો દેખાય છતાં એ નિષ્પરિગ્રહી છે. બાહ્યના પરિગ્રહ છોડી, કુટુંબ છોડી, બાવો થઈ સાધુ જૈનનો થાય. ઊંડે અંદરમાં રાગનો શુભરાગ, મહાવ્રતનો રાગ, દયા-દાનનો રાગ એ મારો છે, એનાથી મને લાભ છે, એમાં હું છું ત્યારે લાભ થાયને. આહાહા! તો કહે છે કે એ મહાપરિગ્રહવંત મિથ્યાદૃષ્ટિ છે. એય ! શું બરાબર ? આ બધું બહારનો તો ભુંસાડીયો વળે છે આમાં.

અરે, ભગવાન! તારા હિતની વાત છે હોં. બહારથી છોડીને નગ્નપણું (લીધું), કંઈક પંચ મહાવ્રતના પરિણામ (લીધા), કાંઈક કો'ક થોડા ઘણા સાધારણ. સરખા તો ક્યાં છે ? છે જ ક્યાં પણ ? આ તો એમ કે જરી... ત્યાં તો એને થઈ જાય કે અમે ચારિત્ર (પાળીએ છીએ.) અરે પ્રભુ! છેતરાઈ જાય છે ભાઈ ! ત્યાં કાંઈ પોપાબાઈના રાજ નથી. દુનિયા માને માટે ફળ આવી જાય એમ (નથી.) દુનિયા—લાખો માણસ માને આહાહા ! ભારે ચારિત્ર. એથી ચારિત્રનું ફળ આવે ને ચારિત્ર આવી જાય અંદર, એમ છે (નહિ). એમ નહિ ? લાખો કરોડો માણસો કબુલેને. સમકિતી હીરાના થાળમાં ખાતો હોય, હીરાના સિંહાસન પર બેઠો હોય, ઈન્દ્રો જેના મિત્રો હોય. કહે છે કે પ્રભુ! એને જોતાં તને આવડતું નથી હોં. એ સવારમાં આવ્યું હતું. આહાહા! વિષયની વાસનાના વિકલ્પનો સ્વામી નથી, રસ નથી, રસ ઊડી ગયો છે બધો. આહાહા ! જેને સ્વ-વિષયનો રસ છે. સ્વ-વિષય એટલે ધ્રુવ એવો વિષય એનો એને રસ છે. આહાહા! જયચંદજી! આવી વાત છે ભાઈ! માર્ગ... આહાહા!

દિવ્યશક્તિનો દેવ, આવી ગયુંને પહેલું. દેવ છે, આવી ગયુંને આમાં, નહીં? કળશમાં આવી ગયું. દેવ છે. બારમો કળશ 'अचिन्त्यशक्तिः स्वयमेवदेव.' એકલો વીતરાગભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, એનો જ્યાં અનુભવ થયો, બધો ... ગયો. વ્યવહાર રત્નત્રયની પકડ એને નથી. એ વ્યવહાર મારો છે એમ (એને) નથી. આહાહા! મારે વ્યવહાર તો હોયને. કરવો પડે એ વળી જુદી વાત છે હોં, પણ વ્યવહાર મારે હોયને. અરે ભાઈ! વ્યવહાર તારે હોય એની વ્યાખ્યા શું? વ્યવહાર એ રાગની ક્રિયા છે, એ તારે હોય ? તો તો રાગ ને સ્વભાવ—બે એક થઈ ગયા. આવો માર્ગ આત્માનો છે, એવો માર્ગ જિનવરનો છે. જિનવરનો માર્ગ કહો કે આત્માનો કહો. આહાહા! અરે! કાને ન પડે દુનિયાને સત્ય અને એમને એમ જાય, ભગવાન! જિંદગી તારી ચાલી જાય છે ભાઈ હોં. દુનિયા માનશે ને કબુલશે કે તને ફળ આવી જાય ધર્મનું, એમ છે ? આહાહા! ધર્મ નથી ને ધર્મ માનીને બેઠો અને દુનિયા કહે કે વાહ વાહ ધર્મી વાહ. એથી કરીને કંઈક આનું ફળ તને આવે? અધર્મમાં પડ્યો છો, અધર્મનું ફળ આવે છે. દુનિયા માને છે કે ધર્મી છે, એથી કાંઈ ધર્મનું ફળ આવે? (ન આવે.)

यौं बुध परिग्रहवंत न कहिये.. ज्ञान ही में मस्त रहते हैं. અર્થ કર્યો થોડો. इससे उन्हें निष्परिग्रह ही कहा है. ધર્મી સમકિતીને તો દ્રષ્ટિ છે પોતાના સ્વરૂપ ઉપર, એમાં એ મસ્ત છે. એ રાગ આદિ વ્યવહારમાં ધર્મી મસ્ત નથી. તેથી તેને નિર્જરા થાય છે. ચૌદમું થયુંને. પંદર 'वेद्यवेदकविभावचलत्वाद्.' કારણ મૂકે છે હવે હોં. છેને, परिग्रहमें रहने पर भी ज्ञानी जीवोंको परिग्रह रहित कहनेका कारण, એમ. પરિગ્રહમાં રહેવા છતાં પણ... લોકોને સમજાવે તો ભાષા એમ જ થાય ને. પરિગ્રહમેં રહને પર ભી એટલે પરિગ્રહના સંયોગમાં દેખાવા છતાં પણ, ધર્મી જીવોકોં પરિગ્રહ રહિત કહનેકા કારણ. એને કેમ પરિગ્રહ રહિત કહ્યો, એનો હેતુ બતાવે છે.

वेद्यवेदकविभावचलत्वाद् वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान् सर्वतोऽप्यतिविरक्तिमुपैति॥१५॥

આહાહા!

પરિગ્રહમાં રહેવા છતાં પણ જ્ઞાની જીવોને પરિગ્રહ રહિત કહેવાનું કારણ.

(સવૈયા એકત્રીસા)

जे जे मनवंछित विलास भोग जगतमैं,
ते ते विनासीक सब राखे न रहत हैं।
और जे जे भोग अभिलाष चित्त परिनाम,
तेऊ विनासीक धारारूप ह्वै बहत हैं॥
एकता न दुहूं मांहि तातैं वांछा फुरै नांहि,
ऐसे भ्रम कारजकौं मूरख चहत हैं।
सतत रहैं सचेत परसौं न करैं हेत,
यातैं ग्यानवंतकौ अवंछक कहत हैं॥३३॥

**શબ્દાર્થ** :–વિનાસીક=નાશવંત. ફુરૈ=ઊપજે. કારજ (કાર્ય)=કામ. સતત=હમેશાં. સચેત=સાવધાન. અવંછક=ઇચ્છા રહિત.

ભાવાર્થ :—સંસારની મનવાંછિત ભોગ–વિલાસની સામગ્રી અસ્થિર છે, તેઓ અનેક પ્રકારના પ્રયત્નો કરવા છતાં પણ સ્થિર રહેતી નથી, એવી જ રીતે વિષય–અભિલાષાઓના ભાવ પણ અનિત્ય છે. ભોગ અને ભોગોની ઇચ્છાઓ આ બંનેમાં એકતા નથી અને નાશવંત છે તેથી જ્ઞાનીઓને ભોગોની અભિલાષા જ ઊપજતી નથી, આવા ભ્રમપૂર્ણ કાર્યોને તો

મૂર્ખાઓ જ ઇચ્છે છે, જ્ઞાનીઓ તો સદા સાવધાન રહે છે—પરપદાર્થમાં સ્નેહ કરતા નથી, તેથી જ્ઞાનીઓને વાંછા રહિત જ કહ્યા છે. ૩૩.

**अर्थ** :—संसारकी मनवांछित भोग-विलासकी सामग्री अस्थिर हैं, वे अनेक चेष्टाएँ करने पर भी स्थिर नहीं रहती, इसी प्रकार विषय अभिलाषाओंके भाव भी अनित्य हैं। भोग और भोगकी इच्छाएँ इन दोनोंमें एकता नहीं है और नाशवान हैं। इससे ज्ञानियोंको भोगोंकी अभिलाषा ही नहीं उपजती, ऐसे भ्रमपूर्ण कार्योंको तो मूर्ख ही चाहते हैं, ज्ञानी लोग तो सदा सावधान रहते हैं—पर पदार्थोंसे अनुराग नहीं करते, इससे ज्ञानियोंको निर्वांछक कहा है॥३३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! जे जे मनवंछित विलास भोग जगतमैं.. ઈચ્છા કરે કે આવી સામગ્રી હોય, આવી મનવાંછિત સામગ્રી હોય, તે તે વિનાશીક છે બધી. નાશવાન પદાર્થ છે. सब राखे न रहत हैं.. એ સામગ્રી રાખવા માગે તો રહે? એ તો પરચીજ છે. મનથી ઈચ્છા કરી કે આ સામગ્રી આવી હોય, બાયડી આવી હોય, છોકરા આવા હોય, મકાન આવા હોય, પૈસા આવા હોય, નોકરો કામ કરનારા આવા હોય, અમારા બધા... આવા છોકરા થાય, આવા પાકે તો આવા થાય. એવી જે મનવાંછિત સામગ્રીઓ તે તો નાશવાન છે. એ કાંઈ ઈચ્છા છે માટે સામગ્રી આવે છે એમ છે નહિ. ઈચ્છા વખતે, સામગ્રીની ઈચ્છા કરે તો સામગ્રી નથી. સામગ્રી નાશવાન છે. और जो जो भोग अभिलाष.. હવે, चित्त परिनाम કહે છે. ઓલી સામગ્રીની વાત કરી. આવી સામગ્રી હોય, પૈસે ટકે ઠીક હોય, શરીર નિરોગી હોય, તો પછી આપણે નિરાંતે ધર્મધ્યાન થાય. કહે છે, પણ એ ચીજો પર છે, સામગ્રી નાશવાન છે. રહે છે જ ક્યાં એની પાસે? એ રહી છે એનામાં. આહાહા!

અહીં તો એ સિદ્ધ કરવું છે કે જ્ઞાનીને સામગ્રીની ઈચ્છા નથી તેમ ઈચ્છાની ઈચ્છા જે થાય, એ ઈચ્છાય નથી જ્ઞાનીને. કારણ કે ઈચ્છા નાશવાન, સામગ્રી નાશવાન. નાશવાનની દ્રષ્ટિવાળો નાશવાનને ઈચ્છે. અવિનાશની દ્રષ્ટિવાળો નાશવાનને કેમ ઈચ્છે? આહાહા! વેદ્ય-વેદક કહે છે ને. વેદાય એવી સામગ્રી આવે ત્યારે ઈચ્છા ન મળે, ઈચ્છા હતી ત્યારે સામગ્રી નહોતી. આહાહા! આવું હોય તો ઠીક, એ ઈચ્છા. પછી સામગ્રી આવી ત્યારે ઓલી ઈચ્છા નહોતી. ત્યારે બીજી ઈચ્છા થઈ. પછી બીજી ઈચ્છા થઈ. એટલે ઈચ્છાને ને સામગ્રીને કંઈ મેળ ખાતો નથી. માટે એવી ઈચ્છા જ્ઞાની કરતો નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

આટલી સરખાઈ હોયને થોડી, છોકરા-બોકરા કરતા થઈ જાય અને કાંઈક આજીવિકાનું સાધન પણ અમને આપે, ન રળી આપીએ તોય પણ. એવું ઠીક હોય તો પછી

આપણને.... એ તારી ઈચ્છા વખતે સામગ્રી નથી ને સામગ્રી હોય ત્યારે વળી ઈચ્છા નથી. કંઈ મેળ ખાતો (નથી). આહાહા! એવી અમેળ ઈચ્છાને અને અમેળ સામગ્રીને ધર્મી કેમ ઈચ્છે? આહાહા! જુઓને, ક્યાં નાંખ્યું છે !

કેમ એ પરિગ્રહવંત કહીએ? કે સામગ્રીની ઈચ્છા થાય એ ઈચ્છા જ કરતો નથી અને સામગ્રીને આ આવે તો ઠીક, એ સામગ્રીની પણ એને ઈચ્છા નથી. એને તો આત્મા અંતર શુદ્ધ ચિદાનંદ પ્રભુ, અંતરમાં પૂર્ણતાને પામે એ ભાવના હોય છે. ધર્મીને તો ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિનું ભાન છે (અને) એ આનંદ ને જ્ઞાનમાં પૂર્ણપણે થાય એવી એકાગ્રતા હોય છે, ઈચ્છાય નહિ. સંસારની મનવાંછિત ભોગવિલાસની સામગ્રી અસ્થિર છે. वे अनेक चेष्टाएँ करने पर भी स्थिर नहीं रहती.. ઘણો પ્રયત્ન કરે પણ એ શરીર વિખાઈ જાય, શરીર જીર્ણ થઈ જાય, બહારની સામગ્રી વિખાઈ જાય, એકલો રહે, બહારના સાધન કાંઈ ન રહે. બહુ પ્રયત્ન કરીને આટલું તો રાખું, જીવું ત્યાં સુધી આટલા સાધન રહે તો બસ છે. ધૂળેય નહિ રહે, સાંભળને! અને તે સામગ્રી નાશવાન ને તારી ઈચ્છા (નાશવાન). ઈચ્છા જેની કરી, એ વખતે તો સામગ્રી નહોતી, નિરર્થક તારી ઈચ્છા ગઈ. ધર્મીને તો વેદ્ય-વેદક ભાવ પોતાનો છે. આહાહા!

પરની ઈચ્છા ને ઈચ્છાની સામગ્રીનો મેળ ખાતો નથી, માટે ધર્મીને સામગ્રી અને સામગ્રીની ઈચ્છા હોતી નથી. કારણ કે પરિગ્રહ પરવસ્તુ છે. પરિગ્રહ નથી જ્ઞાનીને, કેમ? કે પર સામગ્રીની એને રૂચિ નથી અને ઈચ્છાની પણ રૂચિ નથી. ઈચ્છાનોય ત્યાગ થયો છે ને પરિગ્રહનો અંદર ત્યાગ છે. એટલે આ હોય તો ઠીક એવી ઈચ્છા અને સામગ્રી બેયનો ત્યાગ દૃષ્ટિમાં છે. માટે તેને અપરિગ્રહવંત કહીએ છીએ, એમ કહે છે. શું કહ્યું સમજાણું? विषय अभिलाषाओंके भाव भी अनित्य हैं.. બેય—સામગ્રી અનિત્ય અને રાગ અનિત્ય. અનિત્ય પર દૃષ્ટિ છૂટી ગઈ છે જ્ઞાનીની તો. આહાહા! અનિત્યને ભાખતો નથી, અનિત્યનો પકડ નથી. આહાહા!

અરે ભઈ! આ કથન શૈલી ક્યાં આ લોકોને... અંતર ચીજ મહાપ્રભુ ચૈતન્ય આનંદ સ્વરૂપ એની જ્યાં અંદર એકાગ્રતા ને ભાવના થઈ, હવે એને ઈચ્છાની ઈચ્છા નથી. ઈચ્છા થાય તો પણ ઈચ્છાથી પર છે. ઈચ્છાથી તો વિરક્ત છે અને સામગ્રીથી તો વિરક્ત છે જ. આહાહા! 'આટલું હું કરું ને તો મને દુનિયા સારી કહેશે' એવી ઈચ્છા (હતી). હવે જ્યારે સારું કહેવા માંડ્યા ત્યારે ઓલી ઈચ્છા રહી નહિ, ત્યારે બીજી ઈચ્છા થઈ ભોગવવાની કે અમુક... હવે સારા કહેવા માંડ્યા અમને. એ બધી મિથ્યાદૃષ્ટિને એવી ઈચ્છા હોય છે. આહાહા!

જુઓને, जे जे मनवांछित विलास भोग जगतमैं, ते ते विनासीक सब राखे न

रहत हैं.. બધી સામગ્રી. जे जे भोग अभिलाष चित्त परिनाम.. પણ ચિત્તના પરિણામમાં એવું આવ્યું કે આટલું કામ આમ થાયને તો આપણે બહારમાં પડીએ, આપણને અભિનંદન આપે. ઓલાને મોટા અભિનંદન આપે તો આપણને અભિનંદન આપે. એય! મૂઢ છો, કહે છે. બહારની સામગ્રી વખતે વળી ઈચ્છા રહેતી નથી અને ઈચ્છા વખતે અભિનંદન આવતું નથી. આહાહા! સભા કાંઈ ભરાય, વ્યાખ્યાનની ઝપટ લાગતી હોય, દુનિયા એમ કહે કે વાહ વાહ. આ એવો જોગ આવેને જ્યારે, ત્યારે ખરા કહેવાય. માળા મૂઢ છો. એવો જોગ આવે ત્યારે આ તારી ઈચ્છા નહિ રહે, ઈચ્છા છે ત્યારે ઓલો જોગ નથી. અજ્ઞાનની ઈચ્છા છે. આહાહા ! ભાવના તો તારે બહારની છે કે ભાવના તારે અંદરની છે ? જોયું, विनासीक धारारूप व्है बहत हैं.. લો એમ કહ્યું. નાશવાન હે. ભોગ અને ભોગની ઈચ્છા, એમ. સામગ્રી અને એની ઈચ્છા. દોનોંમેં એકતા નહીં હે, નાશવાન હૈં.

एकता न दुहूँ माँहि तातैं वाँछा फुरै नांहि.. બેયમાં એકતાપણું થતું નથી. ઈચ્છા ટાણે સામગ્રી નહીં અને સામગ્રી ટાણે ઈચ્છા નહિ. એટલે બેનો કોઈ મેળ ખાતો નથી. માટે જ્ઞાનીને વાંછા સ્ફૂરે નાહિ. ઈચ્છા જ ઊપજતી નથી એમ કહે છે આંહીં તો. આહાહા! આનંદસ્વરૂપ ભગવાન એની જ્યાં એકાગ્રતા વર્તે, એને આ ઈચ્છા ઉપજે કેમ ? એમ કહે છે. એથી ઈચ્છા અને પરવસ્તુનો અભ્યંતરમાં ત્યાગી છે, માટે તેને અપરિગ્રહવંત કહેવામાં આવે છે. આહાહા! ऐसे भ्रम कारजकौं मूरख चहत हैं, લ્યો. ભ્રમ કાર્યને મૂરખ ચહે, કહે છે. ભારે માળે ગોઠવ્યું છે. ऐसे भ्रम कारजकौं मूरख चहत हैं. सतत रहैं सचेत परसौं न करैं हेत. ધર્મી તો જ્ઞાતા-દૃષ્ટામાં સચેત રહે છે. परसौं—રાગ આદિમાં પણ પ્રેમ કરતો (નથી.) यातै ग्यानवंतकौ अवंछक कहत हैं, લો. આ અપેક્ષાએ ધર્મીને પરિગ્રહ રહિત અથવા વાંછા વિનાનો કહેવામાં આવે છે. લ્યો, એ વાત થઈ. વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૭૮, જેઠ વદ ૧૦, શુક્રવાર તા. ૧૮-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર પદ ૩૪ થી ૩૮ ઉપર પ્રવચન

૧૬મો કળશ નીચે. સમયસાર નાટક. નિર્જરા અધિકાર. નીચે ૧૬(કળશ) એનું છે ૩૪મું પદ.

**ज्ञानिनो न हि परिग्रहभावं कर्मरागरसरिक्ततयैति।**
**रङ्गयुक्तिरकषायितवस्त्रे स्वीकृतैव हि बहिर्लुठतीह॥१६॥**

परिग्रहमें रहने पर भी धर्मी जीव निष्परिग्रही हैं, इस पर दृष्टांत. નિર્જરા અધિકાર છેને આ. નિર્જરા એટલે ધર્મીને આત્માનો આનંદનો સ્વાદ જ્યાં આવ્યો છે, એથી રાગમાં ને બીજે ક્યાંય રસ જાતો નથી. અજ્ઞાનીને રાગનો રસ છે. આખી વાતમાં આ સ્થિતિ છે. રાગમાં ભલે મંદ રાગ હો પણ એનો રસ ને પ્રીતિ છે, એ ત્યાગબુદ્ધિવાળાને ભલે બાહ્યથી ત્યાગ (દેખાતો) હોય, એ મિથ્યાદૃષ્ટિ રાગના રસવાળો પરિગ્રહના ભીડાથી, દુકાન આદિથી કે ધંધા આદિથી છૂટ્યો હોય, તો પણ રાગના રસવાળો બંધન જ કરે છે એમ કહે છે. એને અંતરનો શુદ્ધ આનંદસ્વભાવ એની દૃષ્ટિ થઈ નથી, 'આનંદસ્વરૂપ જ હું છું' એવો અંદરમાં ભાવ જાગ્યો નથી, એને રાગમાં રસ છે. એ બહારનો ત્યાગી હોવા છતાં અંતરમાં તો રાગનો ને મિથ્યાત્વનો ભોગી છે. જ્ઞાનીને બહારનો ત્યાગ ન હો, છતાં રાગનો (ત્યાગ છે). છેને એમાં ? कर्मरागरसरिक्त.. કોઈપણ રાગાદિનું કાર્ય, એના રસથી છૂટો છે. એથી એને જે જે સ્થિતિમાં જ્યાં ઊભો હોય, ત્યાં ત્યાં એને કર્મની નિર્જરા જ થાય છે. એ વાત અહીંયાં દૃષ્ટાંત કહીને સિદ્ધ કરે છે.

(સવૈયા એકત્રીસા)

**जैसैं फिटकड़ी लोद हरड़ेकी पुट बिना,**
**स्वेत वस्त्र डारिये मजीठ रंग नीरमैं।**
**भीग्यौ रहै चिरकाल सर्वथा न होइ लाल,**
**भेदै नहि अंतर सुफेदी रहै चीरमैं॥**
**तैसैं समकितवंत राग द्वेष मोह बिनु,**
**रहै निशि वासर परिग्रहकी भीरमैं।**

पूरव करम हरै नूतन न बंध करै,
जाचै न जगत-सुख राचै न सरीरमैं।।३४।।

**શબ્દાર્થ** :–મજીઠ=લાલરંગ. ચિરકાળ=સદૈવ. સર્વથા=સંપૂર્ણપણે. ચીર=વસ્ત્ર. નિશિ વાસર=રાત–દિવસ. ભીર=સમુદાય. જાચૈ=ચાહે. રાચૈ=લીન થાય.

**અર્થ** :–જેવી રીતે ફટકડી, લોધર અને હરડેનો પુટ દીધા વિના મજીઠના રંગમાં સફેદ કપડું બોળવાથી અને લાંબો સમય બોળી રાખવા છતાં પણ તેના ઉપર રંગ ચડતો નથી–તે તદ્દન લાલ થતું નથી, અંદરમાં સફેદ જ રહે છે. તેવી જ રીતે રાગ–દ્વેષ–મોહ રહિત જ્ઞાની મનુષ્ય પરિગ્રહ–સમૂહમાં રાત–દિવસ રહે છે તોપણ પૂર્વ–સંચિત કર્મોની નિર્જરા કરે છે, નવીન બંધ કરતો નથી. તે વિષયસુખની વાંછા નથી કરતો અને ન શરીર ઉપર મોહ રાખે છે.

ભાવાર્થ :–રાગ–દ્વેષ–મોહ રહિત હોવાને કારણે સમ્યગ્દષ્ટિ જીવ પરિગ્રહ આદિનો સંગ્રહ રાખવા છતાં પણ નિષ્પરિગ્રહી છે. ૩૪.

**अर्थ** :–जिस प्रकार फिटकरी, लोद और हरड़ेकी पुट दिये बिना मजीठके रंगमें सफेद कपड़ा डुबानेसे तथा बहुत समय तक डूबा रखनेसे भी उस पर रंग नहीं चढ़ता—वह बिलकुल लाल नहीं होता, अंतरंगमें सफेदी ही रहती है; उसी प्रकार राग-द्वेष-मोहरहित ज्ञानी मनुष्य परिग्रह-समूहमें रात-दिन रहता है तो भी पूर्व-संचित कर्मोंकी निर्जरा करता है, नवीन बंध नहीं करता। वह विषय-सुखकी वाञ्छा नहीं करता और न शरीरसे मोह रखता है।

भावार्थ :–राग-द्वेष-मोहरहित होनेके कारण सम्यग्दृष्टि जीव परिग्रह आदिका संग्रह रखते हुए भी निष्परिग्रही है।।३४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

પરિગ્રહ અને અપરિગ્રહની વાત છે આમાં. जैसे फिटकडी लौद हरडेकी.. વસ્ત્રને એનો રંગ ન લાગે. मजीठके रंगमें सफेद कपड़ा डुबानेसे... હરડે, ફટકડી ને લોદનો (પુટ) નથી, તો મજીઠના રંગમાં સફેદ કપડા बहुत समय तक डूबा रखनेसे भी उस पर रंग नहीं चढ़ता.. રંગ ચઢે નહીં. આ દૃષ્ટાંત કહ્યો. ફટકડી, લોદ ને હરડેના પુટ વિના स्वेत वस्त्र डारिये मजीठ रंग नीरमैं.. ધોળું વસ્ત્ર મજીઠમાં (નાખો), પણ એની સફેદાઈ છૂટીને લાલ રંગ નહીં થાય. કેમકે એને પુટ નથી (આપ્યો) હરડે આદિનો. भीग्यौ रहे चिरकाल.. મજીઠમાં ઘણો કાળ રહે તો પણ सर्वथा न होइ लाल.. ઉપર લાલ થાય પણ વસ્ત્રના અંદર તાણાવાણા લાલ થાય નહીં. તાણાવાણા સમજતે હૈં? भेदै नहि अंतर सुफेदी रहै चीरमैं..

ચીરના તાણાવાણા સફેદ છે, એને હરડે ને લોદની પુટ વિના મજીઠનો રંગ અંદર લાગે નહીં.

तैसैं समकितवंत... એ તો દૃષ્ટાંત થયો. આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ છે એવો જ્યાં અંતર અનુભવ થયો, એની પુણ્ય-પાપમાંથી સુખબુદ્ધિ ખસી ગઈ છે. ક્યાંય ચોરાશીના અવતારમાં, અવતાર કોઈ સ્વર્ગાદિનો હો, પણ ત્યાં સુખબુદ્ધિ ધર્મીની સુખબુદ્ધિ ખસી ગઈ છે. તેથી राग द्वेष मोह बिनु.. એને આ ઠીક છે કે આ અઠીક છે—એ રાગભાવ એને આવતો નથી. મોહ નથી, પરમાં સાવધાની નથી. આનંદસ્વરૂપના અનુભવમાં જ્યાં અતીન્દ્રિય આનંદનો ધર્મીને સ્વાદ આવ્યો છે, આહાહા! એ સ્વાદ આગળ કોઈપણ વસ્તુ પ્રત્યે એને રાગ-દ્વેષ સ્વાદ આવતો નથી. આવી વાત છે.

रहै निशि वासर परिग्रहकी भीरमैं.. છ ખંડનું રાજ હો, છન્નું હજાર સ્ત્રી હો, સોળ હજાર તો દેવ જેની સેવા કરતા હોય—એટલો જેને પરિગ્રહ બાહ્યમાં દેખાય. રાત-દિ' એમાં દેખાય, એમ કહે છે. तो भी पूरव करम हरै. हरैનો અર્થ સ્વરૂપના આનંદના સ્વાદની અધિકતામાં એને રાગાદિ કોઈ ચીજની અધિકતા દેખાતી નથી. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા સુખસાગર, એવું જે અનુભવ થઈને પ્રતીત થઈ છે, તેથી તેને ક્યાંય, જે ભાવે તીર્થંકરગોત્ર (બંધાય) એ ભાવમાં પણ એને રસ લાગતો (નથી). આવું છે. ચાહે તો એ પંચ મહાવ્રતના પરિણામમાં રહેતો હોય અજ્ઞાની. પણ એને રાગ છે એમાં એનો રસ છે. તેથી મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વથી નવા આઠેય કર્મ બંધાય છે.

કહો, પાંચ મહાવ્રતના પરિણામ હોય, છતાં એ વિકલ્પ છે, એ રાગ છે. એ રાગની જેને દૃષ્ટિ ને રસ છે, એને આત્માના રસનો તો અભાવ છે. એથી અજ્ઞાની મહાવ્રતના રાગમાં રસવાળો મિથ્યાદૃષ્ટિ આઠેય કર્મ બાંધે. આહાહા! જ્ઞાની આવા ભીડામાં રહ્યો છતાં અંતરમાં રાગ ને દ્વેષનો રસ ને રૂચિ ઊડી ગઈ છે, જગતની સ્પૃહામાત્ર ઊડી ગઈ છે એમ કહે છે. छेने जाचै न जगत सुख... આખી દુનિયાના સર્વાર્થસિદ્ધિ, ચક્રવર્તીના આદિના સુખો, (એમાં એને) સુખ છે જ નહીં, દુઃખ છે, હળાહળ ઝેર છે. એમ ધર્મીને જગતના સુખના વિષયમાં સુખની અભિલાષ, રૂચિ ટળી ગઈ છે. આહાહા! ભારે! जाचै न जगत–सुख राचै न सरीरमैं... સ્વરૂપમાં રાચ્યો છે એ શરીરમાં રાચે નહીં, એમ કહે છે. જુઓ, આ સમ્યગ્દ્રષ્ટિનું આચરણ અને સમ્યગ્દ્રષ્ટિની દશા.

ભાવાર્થ. राग-द्वेष-मोह रहित होनेके कारण सम्यग्दृष्टि.. ત્રણેથી રહિત છે. મિથ્યાત્વથી રહિત છે, રાગ-દ્વેષના પરિણામથી રહિત જ છે, લે. થઈ ગયો કેવળી, વીતરાગ? આહાહા! રાગ છે છતાં રાગથી વિરક્ત છે. આખી દુનિયા છે. આખી દુનિયા

– છ દ્રવ્ય છે. એ સ્વદ્રવ્યના અનુભવમાં છ દ્રવ્યથી તો વિરક્ત છે. આહાહા ! राग-द्वेष-मोह रहित होनेके कारण सम्यग्दृष्टि जीव... આવું સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે. કોઈ એમ માની લે કે મેં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરી, નવ તત્ત્વની (શ્રદ્ધા) માટે સમકિત, એ સમકિત નહીં. પંચ મહાવ્રત પાળ્યા માટે ચારિત્ર, એ નહીં. આત્મા અંતર આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનો જ્યાં અનુભવ થઈને શ્રદ્ધામાં બેઠું છે કે આ આત્મા તે જ સુખસ્વરૂપ છે. એવા આનંદના સુખની પ્રતીતિ આગળ આખા જગતના સુખની સ્પૃહા નિવૃત્ત થઈ ગઈ છે. આહાહા! આ ત્યાગ! એ ત્યાગને ભાળે નહીં જગત. આખા જગતમાંથી જ સ્પૃહા ઊડી ગઈ છે જેની. એક ભગવાન આત્મા આનંદની જ જેની ભાવના વર્તે છે. દીપચંદજી ! .... આ છે.

जीव परिग्रह आदिका संग्रह रखते हुए भी.. એ તો સમજાવે છે, સંગ્રહ રાખે છે ક્યાં ? હોય છે. (કોઈક) કહે છેને, ઘણો સંગ્રહ કરે એ વધારે પરિગ્રહવાળો છે. સંગ્રહ ઘટાડો તો બીજા પ્રાણીને (લાભ થાય). આવી વાત છે. એમ કહે, એક જણો જે બહુ ભેગા કરે છે એ ઘટાડે તો બીજાને મળેને ? શું મળે ? અરર.. ધૂળ મળે. અત્યારે તો બહુ ચાલ્યું છે એ. એક જણો બહુ પરિગ્રહ રાખે તો ઘણાને મળતું ઘટે. ઓછું રાખે તો બીજાને મળે. બીજાને શું મળે, ધૂળ મળે ? ઓછું રાખવું, ન રાખવું, એ એની બુદ્ધિમાં કલ્પના ભલે હો, પણ એ વસ્તુ ક્યાં સંગ્રહી શકે છે? આંહીં તો સમજાવે છે. सम्यग्दृष्टि जीव परिग्रह आदिका संग्रह रखते हुए भी.. લક્ષ્મી, સ્ત્રીઓ... ઓલા ભાઈ કહેતા લાલન. અમારા એડવર્ડને, એડવર્ડ ને.. શું કહેવાય? (શ્રોતા : જ્યોર્જ) જ્યોર્જ, એને એક રાણી ને તમારો ધર્મી સમકિતીને છન્નું હજાર રાણી. સમજમેં આયા ? નહીં આયા ?

એક લાલન થા પંડિત, શ્વેતાંબરકા લાલન પંડિત. વાંચન બહુત થા. મીંડાવાળા સબ જૂઠા. આંહીં રહતે થે ૯૦–૯૫ વર્ષકી બડી ઉંમર. સોલહ વર્ષકી ઉંમરસે નેવું વર્ષ સુધી અભ્યાસ જ કિયા સારા શાસ્ત્રકા. પછી કહતે થે, 'અમારા જ્યોર્જ છેને જ્યોર્જ રાજા એને એક રાણી ને તમારો સમકિતી ધર્મી મોટો કહેવાય ધર્મી ચક્રવર્તી, એને છન્નું હજાર રાણી. વ્યભિચારી છે' કહે. ધીરો થા, કીધું, જરા ધીરા થાવ. એક રાણી માટે રાજ છોડ્યું નહીં કો'કે ? (શ્રોતા : એનો બાપ....) ખપે એ દેશની ન હતી ને બીજામાં લગ્ન કર્યા એટલે રાજ છોડવું પડ્યું એક રાણી માટે. તો કહે, અમારો આવડો મોટો બાદશાહ એને એક રાણી ને તમારા સાધારણ વાસુદેવને આટલી રાણી, બળદેવને આટલી રાણી, ચક્રવર્તીને આટલી રાણી, એમ કહે.

પછી કીધું, એવું થાય કે સમકિતીનું શરીર મોટું હોય પાંચસે ધનુષનું મોટું જાડું, તો રજકણ બહુ હોય તો પરિગ્રહ છે એને ઝાઝો ? સંગ્રહ કર્યો છે એણે ? આ રજકણો

જ્યાદા—ઝાઝા હોય, ઝાઝા હોય, લ્યો. સંગ્રહ કર્યો છે એણે ? અજ્ઞાનીએ પણ સંગ્રહ કર્યો છે ? અને આના શરીરના રજકણો ઘટાડો તો સંગ્રહબુદ્ધિ ઘટી કહેવાય? એ વાતમાં કાંઈ માલ નથી. રાગની એકતાબુદ્ધિ છે એ સંગ્રહબુદ્ધિ છે. આહાહા! પછી ચાહે તો છ ખંડનું રાજ ન હોય ને ગરીબાઈ હોય, પણ રાગની એકતા છે ત્યાં આખા સંસારની સંગ્રહબુદ્ધિ છે. અને જ્યાં રાગની એકતા ટળી છે... કોઈ રાગને રાખવાની રક્ષણબુદ્ધિ નથીને. રાગને રાખવાની રક્ષણબુદ્ધિ નથી, ત્યાં પરને વળી રાખું એવું છે (નહીં). આહાહા! આવી વાત ભારે !

सम्यग्दृष्टि जीव परिग्रह आदिका संग्रह रखते हुए भी.. શરીરમાં ઘણા રજકણ હોય, ભાષાવર્ગણા ઘણી હોય, લ્યો. લક્ષ્મી પણ બહુ ઘણી, પુણ્યને કારણે ઘણી હોય, સ્ત્રીઓ પણ જેને ઘણી હોય, છોકરાઓય જેના ઘણા હોય, લ્યોને, ચક્રવર્તીને કેટલા છોકરા? ચોસઠ હજાર છોકરા ને બત્રીસ હજાર છોડીયું, બત્રીસ હજાર જમાઈ. લે! કહે છે, કાંઈ નથી, પણ સમકિતીને એકેય ચીજ જ નથીને. આહાહા ! જ્યાં રાગ ને પર તરફની મોહબુદ્ધિ નાશ થઈ ગઈ છે અને અખંડાનંદ પ્રભુ ચૈતન્ય ધ્રુવ નિત્ય એનો જ્યાં અનુભવ—એને અનુસરીને દશા થઈ છે, પરિગ્રહનો સંગ્રહ-બંગ્રહ એને છે જ નહીં. આહાહા! અંતરમાં તો વૈરાગી છે. રાગથી પણ જેને વૈરાગ્ય છે. રાગથી વૈરાગ્ય છે તો પછી બીજી ચીજની તો શું વાત કરવી ? આહાહા !

અરે, એ ચીજ... લોકોને હજી સમ્યગ્દર્શનની કિંમત નથી અને સમ્યગ્દર્શનની દશામાં કેવું હોય એની ખબરું નથી ને બહારથી ટાંકે આ કે બાયડી છોકરા છોડ્યા ને આણે બ્રહ્મચર્ય લીધું જાવજીવ, માટે ત્યાગી થઈ ગ્યો ને એને ધર્મ થયો. એમ ધર્મ નથી. આંહીં તો સમ્યગ્દ્રષ્ટિ પરિગ્રહ આદિ... 'પરિગ્રહ આદિ' શબ્દ છે ને ? સ્ત્રીઓ, કપડાં, લ્યો. કેટલી જાતના કપડા હોય એને. હાર ચોસઠ દોરો હાર હોય ચક્રવર્તીને. ગરીબને ઘેર હોય નહીં. હાર પહેરે ચોસઠ દોરાનો, બાદશાહ લાગે ઈન્દ્ર. કહે કે જ્યાં રાગની એકત્વબુદ્ધિ તૂટી છે, રાગનો રસ નથી, એને આ ચીજ છે એમ કોણ કહે? એ તો જગતની ચીજ છે. આહાહા!

અંતરના માપ એવા કઠણ છે. દૃષ્ટિ ફરે સંસાર ને દૃષ્ટિ ફરે મુક્તિ. રાગના નાનામાં નાનો કણ એવો હું ને એના સહિત હું, ખલાસ થઈ ગયું. સંસારી મિથ્યાદૃષ્ટિ સંસારતત્ત્વ છે. ઠીક. પાછું કહેશે હોં કે આવું અમે કહીએ છીએ માટે રાગને રસથી ભોગવ અને કહે કે અમે સમકિતી છીએ ને અમારે બંધન નથી, તો મરી જઈશ. રાગનો પ્રેમ છે ને રાગને ઈચ્છા સુખબુદ્ધિથી ભોગવે છે અને કહે કે અમારે બંધન નથી. મરી જઈશ. મરી ગયો છો મિથ્યાત્વભાવમાં. આહાહા! પરમાં જેને અભિલાષ સુખબુદ્ધિ છે, પુણ્યભાવમાં, પાપભાવમાં, સામગ્રીમાં સુખબુદ્ધિ છે અને સુખબુદ્ધિએ ભોગવે છે ને કહે કે અમારે ભોગ

છે નહીં. એમ અહીં નથી કહ્યું કે સુખબુદ્ધિએ ભોગવે એને પરિગ્રહ નથી. એમ નથી કહ્યું. સુખબુદ્ધિએ ભોગવે, એ તો આખા સંસારનો પરિગ્રહવંત છે. સમજાણું કાંઈ? આહાહા! નિષ્પરિગ્રહી છે, લ્યો. વળી દૃષ્ટાંત બીજું

जैसैं काहू देसकौ बसैया बलवंत नर,
　　जंगलमैं जाइ मधु-छत्ताकौं गहतु है।
वाकौं लपटांहि चहुंओर मधु-मच्छिका पै,
　　कंबलकी ओटसौं अडंकित रहतु है॥

तैसें समकिती सिवसत्ताकौ स्वरूप साधै,
　　उदैकी उपाधिकौं समाधिसी कहतु है।
पहिरै सहजकौ सनाह मनमैं उछाह,
　　ठानै सुख-राह उदवेग न लहतु है॥३५॥

**શબ્દાર્થ** :—સમાધિ=ધ્યાન. સનાહ=બખ્તર. ઉછાહ=ઉત્સાહ. ઉદવેગ=આકુળતા.

**અર્થ** :—જેમ કોઈ બળવાન પુરુષ જંગલમાં જઈને મધપૂડો તોડે છે તો તેને ઘણી મધમાખીઓ ચોંટી જાય છે, પણ તેણે કામળો ઓઢેલો હોવાથી તેને તેમના ડંખ લાગી શકતા નથી. તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ ઉદયની ઉપાધિ રહેવા છતાં પણ મોક્ષમાર્ગને સાધે છે, તેમને જ્ઞાનનું સ્વાભાવિક બખ્તર પ્રાપ્ત છે, તેથી આનંદમાં રહે છે—ઉપાધિજનિત આકુળતા વ્યાપતી નથી, સમાધિનું કામ આપે છે.

ભાવાર્થ :—ઉદયની ઉપાધિ સમ્યગ્જ્ઞાની જીવોને નિર્જરાનું કારણ છે તેથી તે તેમને ચારિત્ર અને તપનું કામ દે છે, તેથી તેમની ઉપાધિ પણ સમાધિ છે. ૩૫.

**अर्थ** :—जैसे कोई बलवान पुरुष जंगलमें जाकर मधुका छत्ता निकालता है तो उसको बहुतसी मधु-मक्खियाँ लिपट जाती हैं, परंतु कम्बल ओढ़े हुए होनेसे उसे उनके डंक नहीं लग सकते। उसी प्रकार सम्यग्दृष्टि जीव उदयकी उपाधि रहते हुए भी मोक्षमार्गको साधते हैं, उन्हें ज्ञानका स्वाभाविक बख्तर प्राप्त है, इससे आनंदमें रहते हैं—उपाधिजनित आकुलता नहीं व्यापती, समाधिका काम देती है।

**भावार्थ** :—उदयकी उपाधि सम्यग्ज्ञानी जीवोंको निर्जराहीके लिये है, इससे वह उन्हें चारित्र और तपका काम देती है, अतः उनकी उपाधि भी समाधि है॥३५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

पहिरै सहजकौ सनाह.. કવિ પણ છેને જબ્બર. पहिरै सनाह मनमैं उछाह.. સનાહ ને ઉછાહ પણ મેળ છેને ઠાનૈ सुख–राह उदवेग न लहतु है. આહાહા! શું કહે છે?

जैसे काहू देशकौ बसैया बलवंत नर.. કોઈ દેશનો રહેનારો બળવંત પુરુષ હો. જંગલમાં જાય मधु छताको गहतु है. મધમાખી. મધમાખી હોય ને? મધપૂડાને તોડે, (મધ) લે. मधुका छत्ता निकालता है, લ્યો. લાખો માખીઓ હોય, મોટા મધપૂડા હોય, જંગલમાં તો મોટા હોય. जंगलमैं जाइ मधु–छताकौं गहतु है, वाकौं लपटाहिं चहु ओर मधु–मच्छिका पै. ચારે ઓર લાખો માખીઓ લપટે પણ कंबलकी ओट, પણ કાંબળો ઓઢ્યો છે, કામળી ઓઢી છે તેને કાંઈ ડંખ-બંખ છે (નહીં). આહાહા ! બનારસીદાસે દાખલો કેવો આપ્યો છે! कंबलकी ओटसौं अडंकित रहतु है.. એકપણ મખમાખી એને કરડતી નથી. કામળી ઓઢ્યો હોય ને આમ જરીક આંખમાંય જરીક કાણાવાળું રાખ્યું હોય થોડું જરીક, માખી ગરી શકે નહીં. જુએ બધું. આમ આખી કામળી.

तैसें समकिती सिवसत्ताकौं स्वरूप साधे.. તેમ મોક્ષમાર્ગકો સાધે છે, લ્યો. ધર્મી તો આનંદસ્વરૂપનું સાધન કરે છે. આહાહા! આત્માની શુદ્ધ સત્તા જે અતીન્દ્રિય આનંદ છે, તે આનંદનો અંદર એકાગ્રતાનો અનુભવ ને આનંદની વૃદ્ધિ કરે છે. એ શિવ નામ મોક્ષના માર્ગને સાધે છે. આહાહા! અંતરમાં રાગરહિત સ્વભાવનું સાધન કરે છે ધર્મી. મુક્તસ્વરૂપ એવો ભગવાન આત્મા એનો અનુભવ છે એટલે મુક્તસ્વરૂપનું સાધન કરતાં મુક્તિના ઉપાયને સાધે છે. सिवसत्ताकौ स्वरूप साधै.. એ તો મોક્ષના માર્ગને સાધે છે કહે છે. उदैकी उपाधिकौं समाधिसी कहतु है, લ્યો. એ ઉદયની ઉપાધિને સમાધિ માને છે. ત્યાં આત્માના આનંદ પ્રત્યેના રસમાં તરબોળ છે. ધર્મી અતીન્દ્રિય આનંદના રસમાં તરબોળ છે. તરબોળ સમજતે હૈં? ડુબા હુઆ.

વહ રોટી હોતી હૈ ન, શું કહેવાય? પૂરણપોળી. પૂરણપોળી નહીં હોતી? રોટી. પૂરણ-પૂરણ. ઉની કરકે પછી ઘીમાં નાખે. ઉની ઉની રોટલી પોચી હોય, પૂરણ હોયને અંદર. પૂરણ સમજ્યાને તુવરની દાળની? તુવરકી દાળકા શું કહતે હૈં તુમ્હારે? પૂરણપોળી કહતે હૈં. રોટીમેં તુઅરકી દાળકા મીઠા પૂરણ ભરકે ઉસમેં નાખે. (શ્રોતા : માલપૂઆ કહતે હૈં). નહીં, માલપૂઆ નહીં. બીજી વાત છે. અહીં તો પૂરણપોળી કહતે હૈં. પૂરણપોળી એવી પોચી હોય કે ઉપર પણ રોટલીનો લોટ હોય ચડીને પોચો રહે ને અંદર પોલું હોય. એ જ્યાં ઉની ઉની નાખે ઘીમાં ને ચમચાથી ઊપાડે, તરબોળ થઈને ઉપડી હોય. એવી રોટલી પણ થાય છે.

એક ફેરી જોઈ છે ત્યાં વાવડી. વાવડી નહોતા ગયા? ૯૯માં. ... બ્રાહ્મણે નહીં

રોટલી કરેલી ....? (શ્રોતા : ....બનાયા જાતા હૈ) હાં, વો. (શ્રોતા : ઘીમે ખૂબ અચ્છી તરહ ડાલ દી જાતી હૈ, તર હો જાતા હૈ). તુવરની દાળ. આ તો રોટલીને મોણ નાખીને એવી પોચી કરે કે લોટ આમ શેકાઈ જાય સરખો, પણ આમ પોચો રહે. એમાં ઘીમાં તરબોળ. એમ ધર્મી તો અતીન્દ્રિય આનંદના રસમાં તરબોળ છે. આહાહા! એ છન્નું હજાર સ્ત્રી ને એટલા પુત્રો દીકરા, એમાં ક્યાંય રસ જ ઊડી ગ્યો છે ને. રોગ દેખે છેને. આહાહા! ક્ષય રોગ દેખે છે એને. उदैकी उपाधिकौ समाधिसी कहतु है... उदयकी उपाधि रहते हुए भी मोक्षमार्गको साधते है.. पहिरै सहजकौ सनाह, દેખો. અહો! શુદ્ધ ચૈતન્યદ્રવ્ય આનંદસ્વરૂપ એવું જે જ્ઞાન અંતરમાં અનુભવ્યું, એવું જ્ઞાનનું બખ્તર જેણે પહેર્યું છે. સમ્યગ્જ્ઞાનનું બખ્તર પહેર્યું છે કે જેમાં રાગ વ્યવહારને અડતું નથી.

पहिरै सहजकौ सनाह.. સ્વભાવિક જ્ઞાન, અતીન્દ્રિય શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન, સ્વસન્મુખથી થતું પ્રગટેલું જ્ઞાન—એ જ્ઞાનનું જેણે બખ્તર પહેર્યું છે એને ઉદયનો ડંખ લાગતો નથી. આહાહા! ठानै सुख-राह.. કહે છે કે એ તો આનંદનો પંથ સાધે છે. આહાહા! ठानै. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ અતીન્દ્રિય આનંદનો પંથ સાધે છે. છે ને? ठानै सुख-राह.. आनंदमें रहते हैं—उपाधिजनित आकुलता नहीं व्यापती. એને એ ઉપાધિની આકુળતા લાગતી નથી. કંબલની ઓઢ ઓઢી છે એને માખીનો ડંખ લાગતો નથી. તેમ સમ્યગ્જ્ઞાન—ચૈતન્ય વસ્તુનું અંતરથી આવેલું જ્ઞાન—આખા આત્મપ્રદેશે વ્યાપી ગયું છે. એવા અનુભવનું જ્ઞાન એણે ઓઢેલું છે, એથી એને રાગનો ને કર્મના ઉદયનો ડંખ લાગતો નથી. આહાહા! समाधिका काम देती है.

ભાવાર્થ. उदयकी उपाधि सम्यग्ज्ञानी जीवोंको निर्जराहीके लिये है. એ તો સમયે-સમયે સ્વભાવ સન્મુખ અનુભવમાં વધતો છે, આનંદના સાધનમાં ધર્મી તો વધતો છે, એથી ઉદયની ઉપાધિ વખતે સમ્યગ્જ્ઞાની, निर्जराहीके लिये है, નિર્જરા જ કરે છે. इससे वह उन्हें चारित्र और तपका काम देती है. ભાષા દેખો. ઉદયથી વિરક્ત છે ને સ્વભાવથી રક્ત છે. આનંદમાં લીન છે ને વિકારથી વિરક્ત છે. આહાહા! આવું સમ્યગ્દ્રષ્ટિનું સ્વરૂપ છે. એથી એને ચારિત્ર ને તપનું કામ દે છે. ચારિત્રથી જેમ નિર્જરા થાય ને તપથી નિર્જરા થાય, એમ ધર્મીને સમ્યગ્જ્ઞાન ને દર્શનનું ઓઢણું ઓઢ્યું છે આખું. આહાહા! (તેથી) એને સંસારનો ઉદય અડતો નથી કહે છે. ઉદયભાવ જેને અડતો નથી એમ કહે છે. એને આનંદભાવ ક્ષયોપશમ આદિ આનંદનું કાર્યભાવ વૃદ્ધિ પામે છે. ભારે કામ!

उनकी उपाधि भी समाधि है, લ્યો. કહે છે, ઠીક ગોતી કાઢ્યું આ. અરે ભગવાન! બાપુ! એવું એનું ચારિત્ર છે એ તો અલૌકિક વાત છે. ચારિત્ર જે છે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, સ્વરૂપની અતીન્દ્રિય આનંદના જે ઉછાળા ભરતી આવે છે, એની વાતો શું કરવી!

ભાઈ! એ તો સાક્ષાત્ પરમેષ્ઠી પ્રભુમાં ભળ્યો. ઓહોહો! ધન્ય અવતાર! ધન્ય દશા! જ્યાં ચારિત્રની રમણતા પ્રગટી છે, એ ચારિત્ર એટલે ક્રિયા ને વ્રત એ કાંઈ નથી. આત્માના આનંદનો અનુભવ થયો છે, એ આનંદમાં મશગુલમાં લીન થઈ ગ્યો છે. ચરે છે, એમાં રમે છે. અતીન્દ્રિય આનંદમાં રમણ જેનો સ્થિર સ્વભાવ થઈ ગયો છે, એને ચારિત્ર કહીએ. ઓહો! એ તો પરમેષ્ઠી છે. પરમ ઈષ્ટમાં ભળ્યો છે. એની શું વાત કરવી! આહાહા!

આંહીં તો સમ્યગ્દ્રષ્ટિની વાત ચાલે છે. જેને રાગની અસ્થિરતા ટળી અને જેને ત્રણ કષાયના અભાવની વીતરાગતા પ્રગટી, ઓહો! એ તો મોક્ષસ્વરૂપ જ છે. જરી વિકલ્પ હોય એને કેમ ગણવો? નથી આવ્યું? નિયમસાર (કળશ ૨૫૩)માં આવે છેને ભાઈ. આપણે જડ છીએ તે એને ફેર ગણીએ છીએ, કહે છે. એ જરી અસ્થિરતાનો અંશ જરી-જરી સંજ્વલનનો, એનોય તે પોતાને જાણતાં પોતામાં પોતાથી પ્રગટેલી સ્વ-પર જાણવાની જ્ઞાનપર્યાય એમાં રહેલો છે, એ રાગમાં રહ્યો નથી. આહાહા! સમકિતીય રાગમાં રહ્યો નથી.

આ તો સ્વરૂપની સ્થિરતા એટલી જામી ગઈ છે અંદરમાં કે જે સંજ્વલનનો મંદ રાગ એમાં એ રહ્યો નથી અને મંદ રાગ સહિત છું એમ એ જાણતો-માનતો નથી. આહાહા! 'હું તો આનંદના રમણતાના શીલવાળો છું'. જેમાંથી નીકળવું ગોઠે નહીં, એવો અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચારિત્રમાં છે ઉત્કૃષ્ટ ઘણો, એને ચારિત્ર કહીએ. એની તો શું વાત કરવી! પણ કહે છે કે સમ્યગ્દ્રષ્ટિને પણ રાગની રૂચિ–ઝેરની રુચિ છૂટી ગઈ છે. આહાહા! એને કહે છે કે રાગાદિ ઉદય આવ્યો, એને સ્વભાવ તરફની એકાગ્રતાને કારણે એના સન્મુખની દૃષ્ટિ છૂટી ગઈ છે, સ્વ સન્મુખનો અનુભવ થયો છે, એથી એને ઉદય પણ ચારિત્ર ને તપનું કામ કરે છે. આહાહા! એવી વાત છે. કહો, સમજાણું કાંઈ?

उनकी उपाधि भी समाधि है. એટલે ઉપાધિ પોતે સમાધિ છે એમ નહીં, પણ ઉપાધિના કાળમાં એના તરફનો આદર નથી અને સ્વભાવના આદરમાં રમે છે એ સમાધિ છે, એમ. અને ઉપાધિ ખસી જાય છે. આહાહા! સમ્યગ્દર્શનનું મહાત્મ્ય અને સમ્યગ્દર્શનનું ધ્યેય શું છે? આહાહા! એનું ધ્યેય આખો ભગવાન છે. સમ્યક્ દ્રષ્ટિએ આખા આત્માને કબજે કરી લીધો છે. આહાહા! અનંત-અનંત આનંદની ખાણ એવો જે ભગવાન આત્મા એને સમ્યક્ દ્રષ્ટિએ કબજે કરી લીધો છે. મારો કબજો આમાં છે. રાગ ને નિમિત્તમાં કબજો ઉઠાવી લીધો છે. એ કાંઈ વાત નથી, એ કાંઈ કહેવામાત્રની વસ્તુ નથી. વસ્તુની સ્થિતિનું વસ્તુ છે આંહીં. ધર્મીનો ખજાનો ખુલી ગયો છે.

ભાઈએ લખ્યું છે ને. રાગની એકતા તૂટતાં સારા સંસારની એકતા ગઈ અંદરથી.

આહાહા! એકલો મુક્ત સ્વભાવનો જ્યાં આદર ને અનુભવ રહ્યો. એનો ખજાનો ખુલી ગયો છે હવે. જેટલી એકાગ્રતા કરે એટલો ખજાનો પ્રગટ થાય છે. અજ્ઞાની પંચમહાવ્રત પાળતો હોય, ક્રિયાકાંડમાં મશગુલ હોય, સમિતિ ગુપ્તિમાં તત્પર હોય, આહાહા! એના ખજાના બંધ છે. ખજાને તાળા માર્યા છે. સમજાણું કાંઈ? બહુ આંતરા, ફેરફાર ઘણો. લોકોને બાહ્ય આચરણે બહુ મહિમા થઈ ગઈ છે. એવું લાગે કે આ તો મૂળ વાત, મૂળ વાતને ઉડાડી દીધી છે. (કહે છે કે) એ સાધન છે. (પણ) એ સાધન નથી. આંહીં તો એ ખુલાસો કર્યોને ગ્રંથકારે. ધર્મીનો ઉદયભાવ ઉપાધિ નિર્જરાનું કારણ છે. એટલે કે સ્વભાવની એકતા છે, એથી તેની (ઉદયભાવની) એકતા થતી નથી એટલે છૂટી જાય છે.

એક માણસ આવ્યો વાત કરવા, પણ એની સામું ન જુએ ને પોતાનામાં બેઠો (પડ્યો) હોય, તો ઓલો ઉભો થઈને ચાલ્યો જાય. આને મારી સાથે વાત કરવાનો વખત નથી. (શ્રોતા : વ્યવહાર તો ઉપકારી ... આદરણીય ....?) જ્યાં અંતર આનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ જ્યાં શ્રદ્ધા-જ્ઞાનના આદરમાં પડ્યો છે, એને આદર, પામર ભિખારી ઝેર જેવા રાગનો આદર શી રીતે હોય? ઓહોહો! આખા સ્વર્ગના સુખની બુદ્ધિ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવની બુદ્ધિ ટળી ગઈ છે. આહાહા! અહીં તો શુભભાવ ઉદયભાવ છે. શુભભાવ ઉદયભાવ છે. ઉદયભાવ સમકિતીને સ્પર્શતો નથી એમ કહે છે આંહીં તો. આહાહા! જ્ઞાની જીવ સદા અબંધ છે, લ્યો. ૧૭ કળશ નીચે છે ને.

**ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात् सर्वरागरसवर्जनशीलः।**
**लिप्यते सकलकर्मभिरेषः कर्ममध्यपतितोऽपि ततो न॥१७॥**

જુઓ, रागरसवर्जनशील. જ્ઞાની જીવ સદા અબંધ છે.

જ્ઞાની જીવ સદા અબંધ છે. (દોહરા)

**ग्यानी ग्यानमगन रहै, रागादिक मल खोइ।**
**चित्त उदास करनी करै, करम बंध नहि होइ॥३६॥**

**શબ્દાર્થ :—**મલ=દોષ, ખોઈ=દૂર કરીને. કરની=ક્રિયા.

**અર્થ :—**જ્ઞાની મનુષ્ય રાગ-દ્વેષ-મોહ આદિ દોષોને દૂર કરી જ્ઞાનમાં મસ્ત રહે છે અને શુભાશુભ ક્રિયા વૈરાગ્ય સહિત કરે છે, તેથી તેને કર્મબંધ થતો નથી. ૩૬.

**अर्थ :—**ज्ञानी मनुष्य राग-द्वेष-मोह आदि दोषोंको हटाकर ज्ञानमें मस्त रहता है और शुभाशुभ क्रिया वैराग्यसहित करता है, इससे उसे कर्मबंध नहीं होता॥३६॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઓલામાં ખૂબ લખ્યું છે એક જણાએ બે-ચાર પાનામાં. પણ એક વાર ન્યાં સાંભળવા તો જાવ, વિરોધ કરો છો તો તમને ખબર પડશે કે શું છે ત્યાં? લ્યો, આમાં આવ્યું છેને વિશેષ અંક. આંહીંનું છે આ. ફોટો આંહીંનો છે. એકવાર હું ગયો તો ત્યાં વિરોધ કરવા, ત્યાં ઠરી ગ્યો. એ કાંઈક એવી વાત કરે છે. એવી વાત કરે છે. માટે વિરોધ કરનારાને આમંત્રણ આપું છું કે એકવાર સોનગઢ જઈ આવો. બાપુ! સાંભળે તો એને ખબર પડે કે આ શું છે? હા, આવો માર્ગ છે ભાઈ! એ તે માર્ગની વસ્તુની સ્થિતિ છે આ. ज्ञानी मनुष्य ग्यानमग्न रहै.. સ્વભાવની એકતામાં જ લીનતા ધર્મીની તો છે. ઉદયભાવમાં લીનતા (નથી). આહાહા!

रागादिक मल खोई.. રાગ-દ્વેષ આદિને મળ... રાગાદિક છે ને. રાગ-દ્વેષ-મોહ એ મળનો તો નાશ થાય છે ત્યાં. चित्त उदास करनी करै.. शुभाशुभ क्रिया वैराग्यसहित करता है. એટલે શુભાશુભ પરિણામ આવે એમાં વૈરાગ્ય હોય છે, એમ. કર્મ છે જ ક્યાં? ભાષા તો સમજાવાવમાં શું આવે? શુભાશુભ પરિણામ વૈરાગ્ય સહિત હોય—દેખાય છે. શુભ-અશુભ પરિણામનો જ એને વૈરાગ્ય છે. પુણ્ય-પાપ(અધિકાર)માં આવે છે નહીં? પુણ્ય-પાપના ભાવથી જ એને વૈરાગ્ય છે. સ્વરૂપની સત્તાનો અનુભવ છે ને પુણ્ય-પાપથી વૈરાગ્ય છે. એ જ્ઞાન ને વૈરાગ્યશક્તિ ધર્મીને નિરંતર.. આ નિર્જરા અધિકારમાં જ છે (શ્લોક ૧૩૬). જ્ઞાન-વૈરાગ્યશક્તિ. એ વૈરાગ્ય એટલે બહારનું વૈરાગ્ય એ નહીં. ઓહો! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનું જ્યાં અંતરમાં અનુભવનું જ્ઞાન અને રાગથી વિરક્ત વૈરાગ્ય, એનું નામ વૈરાગ્ય છે. પુણ્યભાવથી પણ વૈરાગ્ય છે જ્યાં. આહા!

चित्त उदास करनी करै.. એટલે કે પુણ્યપાપના વિકલ્પો હોય પણ છતાં વૈરાગ્ય છે, એથી એને કર્મબંધન હોતું નથી. આહાહા! અહીં તો બંધન થાય ને બંધન ન થાય, એની વ્યાખ્યા નિર્જરા અધિકારમાં છે. અજ્ઞાની પંચમહાવ્રત પાળતો હોય, બાયડી-છોકરા છોડ્યા હોય કે બાળ બ્રહ્મચારી હોય, પણ અંદરમાં સ્વભાવને પડખે ગયો નથી, તો એ રાગને પડખે ઊભો છે. આહાહા! રાગને પડખે ઉભેલો અજ્ઞાની ક્ષણે-ક્ષણે દર્શનમોહ ને ચારિત્રમોહ સહિત બંધ કરે છે. પંચ મહાવ્રત પાળતો હોય તોય દર્શનમોહનો બંધ થશે, એમ કહે છે. (શ્રોતા : ....) રાગ છે, એનો રસ છે ને એકતાબુદ્ધિ છે, થઈ રહ્યું. અબંધસ્વરૂપ જીવ આત્મા ભિન્ન એ તો રહી ગયું ને બંધનો રસ રહ્યો. એને ક્ષણે-ક્ષણે દર્શનમોહ અને ચારિત્રમોહ સહિત શાતા કર્મ બંધાય છે. જ્ઞાનીને કર્મબંધન નહીં હોય, લ્યો. વિશેષ.

मोह महातम मल हरै, धरै सुमति परकास।
मुकति पंथ परगट करै, दीपक ग्यान विलास॥३७॥

**શબ્દાર્થ** :—સુમતિ=સારી બુદ્ધિ. મુક્તિ પંથ=મોક્ષમાર્ગ.

**અર્થ** :—જ્ઞાનરૂપી દીપક મોહરૂપી મહા અંધકારનો મળ નષ્ટ કરીને સુબુદ્ધિનો પ્રકાશ કરે છે અને મોક્ષમાર્ગ બતાવે છે. ૩૭.

**अर्थ** :—ज्ञानरूपी दीपक मोहरूपी महा अंधकारका मल नष्ट करके सुबुद्धिका प्रकाश करता है और मोक्षमार्गको दरसाता है॥३७॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જ્ઞાનરૂપી દીપક... જ્ઞાન એટલે ચૈતન્યનું આત્મજ્ઞાન. સ્વરૂપનું જ્ઞાન એવું જે આત્માનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નહીં. આત્મજ્ઞાનરૂપી દીવો. વસ્તુનું જ્યાં જ્ઞાન થયું, આ આત્મા આવો છે એવું ભાન અનુભવ થયો. દેખો, ज्ञानरूपी दीपक मोहरूपी महाअंधकारका मल नष्ट करके... સ્વરૂપ તરફની સન્મુખતાથી જે સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ, એ જ્યોતિ મોહરૂપી મહા અંધકારનો નાશ કરી નાખે છે. मुक्ति पंथ परगट करै.. કોણ? જ્ઞાનરૂપી દીવો. જેને આત્માજ્ઞાન... આતમજ્ઞાન કીધુંને? આતમજ્ઞાન. આત્માનું જ્ઞાન, આતમજ્ઞાન. રાગનું જ્ઞાન, છ દ્રવ્યનું જ્ઞાન, એ નહીં. આતમજ્ઞાન—સ્વસન્મુખના આનંદના અનુભવ સહિતનું જે જ્ઞાન, એ જ્ઞાનરૂપી દીવાએ મોહરૂપી અંધકારને તો નષ્ટ કરી નાખ્યો છે. સુબુદ્ધિનો પ્રકાશ કરે છે. વિવેકમાં સુબુદ્ધિ પ્રગટી છે. રાગ ને સ્વભાવની ભિન્નતાનું જ્યાં ભાન વર્તે છે. मुक्ति पंथ परगट करै.. એ તો મોક્ષનો પંથ પ્રગટ કરે છે. સ્વભાવ સન્મુખ થયેલું જ્ઞાન સ્વભાવની જ શુદ્ધતા વધારે છે. दीपक ग्यान विलास.. એવા જ્ઞાનરૂપી દીપકનો વિલાસ છે. એ આતમજ્ઞાનના દીવાનો આ વિલાસ છે. આહાહા!

ज्ञानरूपी दीपककी प्रशंसा.. હવે પ્રશંસા કરે છે. ચૈતન્ય ભગવાનનું જ્ઞાન. એનું જ્ઞાન ક્યારે કહેવાય? રાગથી ને નિમિત્તથી હટી અને સ્વભાવ સન્મુખનું જ્ઞાન કરે ત્યારે તેને આતમજ્ઞાન કહેવામાં આવે છે. આતમજ્ઞાન ને? કે વ્યવહારનું જ્ઞાન? નિમિત્તનું જ્ઞાન ? પરનું જ્ઞાન ? આતમજ્ઞાન. આત્મા શુદ્ધ ધ્રુવ એનું જ્ઞાન. એના સન્મુખ થયેલું સમ્યગ્જ્ઞાન, આનંદના વેદનવાળું જ્ઞાન, એવું જે આત્મજ્ઞાન મોહનો નાશ કરે છે, સુબુદ્ધિને પ્રકાશે છે. મોક્ષમાર્ગ દેખાડે છે. એની વિશેષ પ્રશંસા

જ્ઞાનરૂપી દીપકની પ્રશંસા (સવૈયા એકત્રીસા)

जामैं धूमकौ न लेस वातकौ न परवेस,
करम पतंगनिकौं नास करै पलमैं।

दसाकौ न भोग न सनेहकौ संजोग जामैं,
मोह अंधकारकौ वियोग जाके थलमैं।।
जामैं न तताई नहि राग रकताई रंच,
लहलहै समता समाधि जोग जलमैं।
ऐसी ग्यान दीपकी सिखा जगी अभंगरूप,
निराधार फुरी पै दुरी है पुद्गलमैं।।३८।।

**શબ્દાર્થ :—**ધૂમ=ધુમાડો. વાત=હવા. પરવેસ(પ્રવેશ)=પહોંચ. દસા=બત્તી. સનેહ(સ્નેહ)=ચીકાશ, (તેલ વગેરે) તતાઇ=ગરમી. રક્તાઈ=લાલાશ. અભંગ=અખંડ. ફુરી=સ્ફુરાયમાન થઈ દૂરી=દૂર

**અર્થ :—**જેમાં જરા પણ ધૂમાડો નથી, જે પવનના ઝપાટાથી બુઝાઈ જતો નથી, જે એક ક્ષણમાત્રમાં કર્મરૂપી પતંગિયાંઓને બાળી નાંખે છે, જેમાં બત્તીનું ઢાંકણ નથી અને જેમાં ઘી, તેલ વગેરે આવશ્યક નથી, જે મોહરૂપી અંધકારને મટાડે છે, જેમાં કિંચિત્ પણ આંચ નથી તેમજ ન રાગની લાલાશ છે, જેમાં સમતા, સમાધિ અને યોગ પ્રકાશિત રહે છે તે જ્ઞાનની અખંડ જ્યોતિ સ્વયંસિદ્ધ આત્મામાં સ્ફુરિત થઈ છે—શરીરમાં નથી. ૩૮.

**अर्थ :—**जिसमें किंचित् भी धुवां नहीं है, जो हवाके झकोरोंसे बुझ नहीं सकता, जो एक क्षणभरमें कर्म-पतंगोंको जला देता है, जिसमें बत्तीका भोग नहीं है, और न जिसमें धृत, तेल आदि आवश्यक हैं, जो मोहरूपी अंधकारको मिटाता है, जिसमें किंचित् भी आंच नहीं है और न रागकी लालिमा है, जिसमें समता समाधि और योग प्रकाशित रहते हैं, ऐसी ज्ञानकी अखंड ज्योति स्वयंसिद्ध आत्मामें स्फुरित हुई है—शरीरमें नहीं है।।३८।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આવી સમાધિ તો કોઈ સાતમે-આઠમે (ગુણસ્થાને) હોય. (સમ્યગ્દ્રષ્ટિને) સમાધિ હોય, સાંભળને ! આધિ, વ્યાધિ, ઉપાધિથી જુદો પડ્યો, તે એકલી સમાધિ થઈ.

निराधार फूरी. કોઈના આધાર વિના સ્ફૂરી એમ કહે છે.

કેવો છે જ્ઞાનરૂપી દીવો? જેમાં કિંચિત્ ધુમાડો નથી, લ્યો. રાગરૂપી ધુંઆ નથી એમાં. એવું આત્મજ્ઞાન. વાતનો પ્રવેશ નહીં—વાયુનો પ્રવેશ નહીં. વાયુનો ઝકોરો આવે ને દીવો બુઝાઈ જાય. ભગવાન આતમજ્ઞાન એને ઉદય(રુપી) વાયુનો ઝકોરો લાગે ને બુઝાઈ જાય એવી ચીજ છે નહીં. કહે છેને કે વાયુ આવ્યો ત્યાં દીવો ઓલાઈ ગયો. આ એવું છે નહીં. ચૈતન્યદીવો શાશ્વત ભગવાન સમ્યગ્જ્ઞાનમાં જ્યાં જાણવામાં આવ્યો. એવું જે જ્ઞાનરૂપી દીવો એમાં વા એને બુઝવી શકે એટલે કે ઉદયનો વા એને બુઝવી શકે એવું છે

નહીં. करम पतंगनिकौ नास करै पलमैं.. ચૈતન્ય ભગવાન પોતાના સ્વભાવ સન્મુખના અનુભવી જ્ઞાનમાં કર્મના પતંગિયા તો નાશ થઈ જાય છે. કર્મોના પતંગિયા આ દીવામાં નાશ થઈ જાય છે. જલતો દીવો હોયને તો જાણે અગ્નિ (-પ્રકાશ) છે એમ કરીને જાય, મરે ન્યાં તો. એમ કર્મરૂપી ઉદય આવે, ધર્મી પોતાના આનંદસ્વરૂપમાં એકાગ્રતાના કારણે જ્ઞાનરૂપી દીવો એને બાળી નાખે છે.

આ માને કે આવી બધી વાતું તો કંઈક ચારિત્ર હોય ને આઠમે હોય (એને હોય). એવું માને. અહીં તો હજી સમ્યગ્દ્રષ્ટિની વાત ચાલે છે, સાંભળને! ક્ષણભરમાં એને નાશ કરી નાખે છે. दसाकौ न भोग એટલે બત્તીનો ભોગ નથી, એમ. सनेहकौ संजोग.. તેલ નથી જેમાં, એમ. દીવાની બત્તી હોય છેને વાટ. અહીં વાટ-બાટ નથી. આમાં ઘી, તેલ આદિની આવશ્યકતા નથી. કહે, (તેલ આદિ હોય) તો બળે દીવો, નહીં તો ન બળે. આહાહા! मोह अंधकारकौ वियोग जाकै थलमैं. मोहरूपी अंधकारको मिटाता है. એના સ્થળમાં—આનંદરૂપી જ્ઞાનસ્વભાવના સ્થળમાં—ભાવમાં અને એના ક્ષેત્રમાં—મોહરૂપી અંધકાર એનો વિયોગ છે. એ પ્રકાશિત સ્થળમાં અંધકાર ક્યાંથી હોય? એમ કહે છે. જ્યાં સૂર્યનો પ્રકાશ આવે ત્યાં અંધકાર (ન હોય). એમ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનો જ્ઞાન અનુભવ થયો, એને અંધકારનો વિયોગ છે, મોહરૂપી અંધકારનો અભાવ છે.

जामैं न तताई नहि राग रकताई रंच.. जिसमें किंचित् भी आंच नहीं है. લ્યો, तताई (એટલે) આંચ નથી લાગતી એને. દીવો હોયને આમ લથડી જાયને આમ. ઓલાય નહીં, પણ આમ આમ થાયને, હલે આમ. એવી આંચ નથી જેને, એમ. શાશ્વત ચૈતન્ય દીવો જ્યાં જાગ્યો, એના જ્ઞાનના દીપકને આંચ નથી. આહાહા! और न रागकी लालिमा है. લ્યો, राग रकताई.. રાગના રક્તનો અંશ એમાં નથી. लहलहै समता समाधि जोग जलमैं.. આહાહા! जिसमें समता समाधि और योग प्रकाशित रहते हैं. અકષાયસ્વભાવ સમાધિ, સુખ અને સ્વરૂપમાં એકાગ્રતા તે યોગ પ્રકાશિત રહે છે એવું એ જ્ઞાન છે.

ऐसी ग्यान दीपकी सिखा जगी अभंगरूप.. અભંગરુપ શિખા છે એની. निराधार फुरी.. स्वयंसिद्ध आत्मामें स्फुरित हुई है. કોઈના આધારે નહીં. અંતરના આનંદના અનુભવ સહિતની જ્ઞાનજ્યોતિ સ્ફૂરી.. निराधार फुरी पै दुरी है पुद्गलमैं.. પુદ્ગલથી દૂર છે એમ. શરીરથી ને રાગથી દૂર—છૂટી અંદર જેની શિખા છે. એને સમ્યગ્જ્ઞાનનો દીવો કહેવામાં આવે છે અને (આવો) ધર્મ કરનારને નિર્જરા હોય છે એમ કહે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૭૯, જેઠ વદ ૧૧, શનિવાર, તા. ૧૯-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર, પદ ૩૯ થી ૪૨ ઉપર પ્રવચન

....અશુદ્ધતા ને કર્મ ટળે કેમ? ધર્મીની દૃષ્ટિ આનંદ ને શુદ્ધ ચૈતન્ય ઉપર હોય છે. ધર્મીની દૃષ્ટિ અને એનું જ્ઞાન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક આનંદ, એના ઉપર દૃષ્ટિ હોવાથી આનંદનો સુખનો અનુભવ ચૈતન્યથી છે. એવા અનુભવને કારણે બહારના સંયોગોમાં ઉપભોગ કરતો દેખાય, છતાં એ ઉપભોગ કરતો (નથી.) પરમાં એને રાગમાં રસ ઊડી ગ્યો છે. ભોગની વાસનાનો રાગ, રાગમાં રસ–સુખબુદ્ધિ ટળી ગઈ છે. વિષયમાં, આબરુમાં વિકલ્પ જે આવે, એ વિકલ્પનો રસ જ ઊડી ગયો છે અંદરથી. સુખ ભાસતું નથી, ક્યાંય સુખ ભાસતું નથી જ્ઞાનીને આત્મા સિવાય. અતીન્દ્રિય આનંદનો અનુભવ હોવાથી, એને કોઈ ભોગની કલ્પના થાય ને સંયોગ (હોય), છતાં તે બધા ખરી જાય છે, ટળી જાય છે એને નિર્જરા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ કહે છે, લ્યો.

याद्रृक् तादृगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्तुं नैष कथंञ्चनापि हि परैरन्यादृशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव॥१८॥

સમ્યગ્દ્રષ્ટિનું હૃદય ફરી ગયું છે, દશા ફરી ગઈ છે, એમ કહે છે. ज्ञानकी निर्मलता पर दृष्टांत.

જ્ઞાનની નિર્મળતા પર દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसो जो दरव तामैं तैसोई सुभाउ सधै,
　　　　कोऊ दर्व काहूकौ सुभाउ न गहतु है।
जैसैं संख उज्जल विविध वर्न माटी भखै,
　　　　माटीसौ न दीसै नित उज्जल रहतु है॥
तैसैं ग्यानवंत नाना भोग परिगह-जोग,
　　　　करत विलास न अग्यानता लहतु है।
ग्यानकला दूनी होइ दुंददसा सूनी होइ,

ऊनी होइ भौ-थिति बनारसी कहतु है।।३९।।

**શબ્દાર્થ** :—દર્વ (દ્રવ્ય)=પદાર્થ. ભખૈ=ખાય છે. દુંદદસા=ભ્રાંતિ. સૂની (શૂન્ય)=અભાવ. ઊની=ઓછી ભૌથિતિ=ભવસ્થિતિ.

**અર્થ** :—પં. બનારસીદાસજી કહે છે કે જે પદાર્થ જેવો હોય છે તેનો તેવો જ સ્વભાવ હોય છે, કોઈ પદાર્થ કોઈ અન્ય પદાર્થના સ્વભાવનું ગ્રહણ કરી શકતો નથી, જેમકે શંખ સફેદ હોય છે અને માટી ખાય છે પણ તે માટી જેવો થઈ જતો નથી—હમેશાં ઊજળો જ રહે છે, તેવી જ રીતે જ્ઞાનીઓ પરિગ્રહના સંયોગથી અનેક ભોગ ભોગવે છે પણ તે અજ્ઞાની થઈ જતા નથી, તેમના જ્ઞાનનાં કિરણો દિવસે દિવસે વધતાં જાય છે, ભ્રમદશા મટી જાય છે અને ભવ-સ્થિતિ ઘટી જાય છે. ૩૯

**अर्थ** :—पं. बनारसीदासजी कहते हैं कि जो पदार्थ जैसा होता है उसका वैसा ही स्वभाव होता है, कोई पदार्थ किसी अन्य स्वभावको ग्रहण नहीं कर सकता, जैसे कि शंख सफेद होता है और मिट्टी खाता है पर वह मिट्टी सरीखा नहीं हो जाता—हमेशा उजला ही रहता है; उसी प्रकार ज्ञानी लोग परिग्रहके संयोगसे अनेक भोग भोगते हैं पर वे अज्ञानी नहीं हो जाते। उनके ज्ञानकी किरण दिन दूनी बढ़ती है, भ्रामक दशा मिट जाती है और भव-स्थिति घट जाती है।।३९।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जैसो जो दरव तामैं तैसोई सुभाऊ सधै.. સમકિતીનું દ્રવ્ય તો શુદ્ધ ચૈતન્યપણે પરિણમેલું છે. વસ્તુનો સ્વભાવ આનંદ ને શુદ્ધ છે એ ઉપર ધર્મીની (દ્રષ્ટિ થતાં) પ્રથમ અનુભવદશામાં એને આનંદનો સ્વાદ આવ્યો હોય છે. એ અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ, કહે છે કે जो दरव तामैं तैसोई सुभाउ. એ તો શુદ્ધ આનંદને સાધે છે. આરે, ઝીણું ભારે ! ધર્મી એને કહીએ કે શુદ્ધ અતીન્દ્રિય આનંદસ્વરૂપ સુખ એના સ્વભાવનું સાધન સાધે છે. એને कोऊ दरव काहूकौ सुभाउ न गहतु है.. કોઈ સંયોગી ચીજ સ્ત્રી, કુટુંબ, પરિવાર લક્ષ્મી આદિનો સંયોગ અને એના લક્ષે થયેલો જરી રાગ—એ આત્માના સ્વભાવને અજ્ઞાન(રુપ) કરી શકે નહીં. ચૈતન્યસ્વભાવ દ્રવ્યના અતીન્દ્રિય આનંદના રસના સ્વાદી જીવને પરની ચીજો આનંદના સ્વાદને અજ્ઞાન(રુપ) કરી શકે કે પરમાં સુખબુદ્ધિ ઉપજાવી શકે, એવી પરચીજમાં તાકાત નથી. સમજાણું કાંઈ ?

कोऊ दरव काहूकौ सुभाउ न गहतु है.. ભગવાન આત્મા શુદ્ધ નિર્મળ આનંદસ્વરૂપ એનો જ્યાં અનુભવ થયો કે આ આનંદ તો આત્મામાં છે. એ આનંદ, નથી પુણ્ય-પાપના વિકલ્પમાં, નથી શરીર આદિના સંયોગની ક્રિયામાં. એવું જે ધર્મનું ભાન એને

કોઈ રાગ આદિ ક્રિયા કે બહારની ક્રિયા અજ્ઞાન કરી શકે એવો સ્વભાવ છે (નહીં.) કહો, સમજાય છે કે નહીં? ચીમનભાઈ! આ શું કહેવાય છે આ? આ શું કહેવાય છે? એમ કે નિર્જરા કોને થાય, એમ. આખી ચૈતન્ય ચીજ જ્યાં અંદર અનુભવમાં આવી અને કરવાનું હતું એ તો કર્યું એણે. શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે (અને) પરમેશ્વર સર્વજ્ઞ તીર્થંકરદેવે પણ એવો જોયો છે, એવો ભગવાને અનુભવ્યો ને પૂર્ણ દશા પ્રગટ કરી. ધર્મી પણ એને કહીએ, જેને ઈન્દ્રના ઈન્દ્રાસનો ને ઈન્દ્રાણીના ભોગ દુઃખરૂપ ને કાળા નાગ જેવા, રોગ જેવા લાગે. આમ ક્રિયામાં દેખાય, પણ અંદરમાં એને દુઃખ દેખાય છે. આહાહા! સુખ તો આત્મામાં છે એવો અનુભવ હોય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? જુઓ, ધર્મની સ્થિતિની આ રીત ને પદ્ધતિનું સ્વરૂપ છે આ. વસ્તુનું સ્વરૂપ આવું છે.

कोऊ दरव काहूकौ सुभाउ न गहतु है.. જ્યાં વસ્તુદૃષ્ટિ અનુભવદૃષ્ટિ થઈ, એને સંયોગી ચીજો કે સંયોગી રાગાદિનો ભાગ સુખબુદ્ધિ ઉપજાવે, એવી તાકાત (નથી.) जैसे संख उज्जल विविध वर्न माटी भखै.. જેમ શંખ ઉજ્જ્વળ છે ધોળો—સફેદ, એ વિવિધ વર્ણે માટી એટલે કાળી માટી પણ ખાય. છતાં माटीसौं न दीसै.. શંખ માટીના રંગવાળો ન થાય. શંખ માટીના રંગવાળો ન થાય. દરિયામાં કાળી માટીય હોય. શંખ પોતે ધોળો છે ને કાળી માટી અંદર ખાય, મોઢામાં આવે, તેથી શંખ કાળો થઈ જાય? શંખ તો ધોળો સફેદ રહે છે. माटीसौं न दीसै.. એ માટી(મય) ન દેખાય, માટીવાળો ન દેખાય, એ ધોળો સફેદ દેખાય. उज्जल रहतु है.

तैसैं ग्यानवंत—ઐસે ધર્મી જીવ नानाभोग परिग्रह-जोग... ज्ञानी लोग परिग्रहके संयोगसे अनेक भोग भोगते हैं.. ભાષા તો શું કરવી. દુનિયાની ભાષાએ એને સમજાવે છે. એ સાથે ખાતો હોય, કહો, સુંવાળા લૂગડા પહેરતો હોય, .... શરીરમાં, ખાવાપીવાની ચીજમાં સહુ બેઠા હોય ભેગો એ બેઠો હોય, જે ચીજ (બધા) ખાય એવું આ પણ ખાતો હોય. આહાહા! પણ કહે છે, અનેક પ્રકારના ભોગ ને પરિગ્રહનો સંબંધ હોય એને (છતાં) करत विलास न अग्यानता लहतु है. અનેક ભોગ ભોગતે છતે એટલે દુનિયા એમ જાણે છેને કે ભોગવે છે. ખરેખર તો આનંદના અનુભવ આગળ રાગનો ને પરનો અનુભવ છે જ નહીં. સમજાણું કાંઈ?

સમકિતદૃષ્ટિનું એટલું મહાત્મ્ય છે કે એની દશામાં આનંદના સુખ સિવાય ક્યાંય સુખ ભાસતું નથી. પછી ભલે આઠ વર્ષની બાલિકા હો કે તિર્યંચ પશુ દેડકો હોય. આત્મામાં આનંદ ને અતીન્દ્રિય રસ સુખ છે, એવો જે એને અનુભવ સ્વાદમાં આવ્યો, એને ધર્મી કહીએ. આહાહા! એને સમકિતી કહીએ, એને જ્ઞાની કહીએ. એને અનેક પ્રકારના ભોગના જોગમાં

દેખાય, અનેક પ્રકારના પરિગ્રહના સંબંધમાં ઊભો દેખાય. અહીં તો 'करत विलास' એમ શબ્દ વાપર્યો છે. એ વિલાસ કરતો દેખાય, એમ લેવું. વિલાસ કરતો નથી. આહાહા!

રોગની દવા લે એને હોંશ હોય? રોગ હોયને રોગ, એવી દવા એક આવે.... આ શું કહેવાય આ પાણી થઈ જાય? પાંડુરોગ નહીં, પણ કમળો.. કમળો. કમળાનો રોગ હોય છેને, કમળા નહીં હોતા હૈ? પીલિયા, એની એક દવા આવે છે. એકવાર ત્યાં થયું હતું (સંવત) ૮૭ની સાલમાં. એની દવા વિષ્ટાથી પણ (ખરાબ) એવી ગંધ મારે. સૂકી હોય કાંઈક. હતું તો લાકડું... ઔષધ. પણ એની એટલી ગંધ કે કૂતરાની વિષ્ટા કરતાં પણ મહા ગંધ. એ કમળાના રોગવાળો પીવે તો હોંશ હશે એને? છતાં આ દવા વળી. ઓલી તો દવા કે ટોપરું ને એમાં કાળા તલ નાખીને ફલાણું કરજો. તો તો વળી ઓસડ જેવું કરે. ઓસડ જેવું કરે એટલે ઓસડ લેવાનું પ્રમાણ હોય એનાથી વધારે ખાય કારણ કે એમાં નારિયેળનો ગોટો એમાં સાકર નાખીને ફલાણું કરીને આમ કરે. લાવોને ભાઈ, રોટલી ખાઈએ એ કરતાં ઓસડ સારું.

'પરમાત્મ પ્રકાશ'માં આવ્યું છે કે ઉપકરણ મુનિને જોઈએ એ સિવાય વધારે રાખે એને, જેમ ઓસડનું અજીર્ણ થાય એવું અજીર્ણ થયું છે એને. 'પરમાત્મપ્રકાશમાં' છે એ. અહીંયાં તો મુનિની ઉત્કૃષ્ટ (દશા)ની વાત છે, પણ સમકિતીમાં પણ એમ છે. ક્યાંય પણ એને પરમાં રસ હોય નહીં. બહુ સામગ્રી ભેગી કરી માટે મજા કરે છે એમ છે જ નહીં. એ તો દવા તરીકે જેમ ગંધેલી ચીજ.... એવી આવી હતી તે દિ' કમળો થયો હતોને ૮૭માં. કોઈ દેશી વૈદ્ય હતો. પણ પૂછે તો... કૂતરાની વિષ્ટાથી (ખરાબ) ગંધ મારતી હતી. એકદમ (મોઢામાં) નાખી દેવી (પડે). એમ ધર્મી જીવને, એ ગંધાયેલી ચીજ જેમ મહા કડવી ને વિષ્ટા જેવી છે, (એમ) બહારનો સંયોગ ને રાગ બધો વિષ્ટા જેવો દેખાય છે એને. આહાહા! એથી એ બહારના જોગ ને ભોગના સંયોગમાં વિલાસ કરતો દેખાય, છતાં અજ્ઞાનતા લહતું નહીં. અજ્ઞાનપણાને નહીં પામે એ. એ તો જ્ઞાનપણા ને આનંદપણાની જ પ્રાપ્તિ કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

ग्यानकला दूनी होइ.. આહાહા! શુદ્ધ આનંદનું સ્વરૂપ ભગવાન આત્મા, એના આનંદની ને જ્ઞાનની નિર્મળતા, એવા જોગ ને ભોગના સંબંધમાં પણ શુદ્ધિ વધતી જાય છે એમ કહે છે. 'दूनी' તો એક શબ્દ વાપર્યો છે. અસંખ્ય ગુણી નિર્જરા થાય છે. છેને અંદર. दूनी बढती हैं, भ्रामकदशा मिट जाती है. दूनीનો અર્થ એ, ઘણી. આહાહા! दुंददसा सूनी होइ.. શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, આનંદસ્વભાવ, એકલો જ્ઞાનસ્વભાવ એવી અંતર અનુભવની દૃષ્ટિ અને અનુભવ હોવાથી ધર્મીને—જ્ઞાનીને એવા જોગ ને ભોગના સંબંધમાં પણ પોતાની શુદ્ધિ વધતી જાય છે. दुंददसा सूनी होइ.. द्वन्द નામ રાગાદિ ભાગ છે એ

શૂન્ય થતો જાય છે. એ દ્વંદદશા લીધી છેને રાગ. રાગદશા શૂન્ય થતી જાય છે અને અરાગદશા વધતી જાય છે એમ કહે છે. આરે, આરે! ऊनी होइ भौ-थिति.. ભવસ્થિતિ ઘટતી જાય છે, લ્યો. ધર્મીને ભવસ્થિતિ જે હોય એકાદ–બે ભવ, એ પણ ક્ષણે ક્ષણે ઘટતી જાય છે. बनारसी कहतु है.. વસ્તુનું સ્વરૂપ આવું છે એમ હું કહું છું, એમ કહે છે. એ ૩૯મું પદ ૧૮મા કળશનો કહ્યો.

હવે, विषयवासनाओंसे विरक्त रहनेका उपदेश. આવું સાંભળીને કોઈ એમ માને કે જ્ઞાનીને બંધ નથી, માટે હું વિષયસુખની રૂચિથી, અભિલાષાથી વિષય કરું તોપણ મારે કાંઈ બંધ નથી. તો કહે છે, મૂઢ છો, મરી જઈશ માળા. (શ્રોતા : બેનો–જ્ઞાની ને અજ્ઞાનીનો ભેદ શું રહ્યો?) કીધાને, અજ્ઞાનીનો આમ ભાગ છે. એને રાગમાં રસ ને પ્રેમ છે, વિષયની અભિલાષા છે, એમાં સુખબુદ્ધિ છે અને માને છે કે મારે બંધ છે નહીં. ભગવાને કહ્યું છે, જ્ઞાનીને સમકિતીને બંધ નથી. પણ સમકિતીને બંધ નથી એનું કારણ શું ? રાગનો રસ તૂટીને આનંદનો રસ આવ્યો છે, એવા રસ આગળ આખી દુનિયાના રસથી એ ઉદાસ થઈ ગયો છે. એથી એને નિર્જરા ને ધર્મ છે, એમ કહે છે. ભોગની વાસના વિકલ્પ છે, એ તો દુઃખરૂપ છે. અજ્ઞાનીને છે દુઃખરૂપ, પણ એ માને છે સુખરૂપ. અમારે તો કર્મની નિર્જરા થાય છે. પૂર્વના કર્મ(નો ઉદય) આવ્યો (અને) ભોગ લઈએ તોપણ અમારે નિર્જરા છે. મરી જઈશ માળા, કહે છે. એમાં સુખબુદ્ધિ છે, પ્રેમબુદ્ધિ છે અને તું કહે કે અમારે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, એ વાતનો મેળ ખાતો નથી એમ કહે છે.

૧૯ કળશ નીચે.

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्॥१९॥

વિષયવાસનાઓથી વિરક્ત રહેવાનો ઉપદેશ (સવૈયા એકત્રીસા)

जौलौं ग्यानकौ उदोत तोलौं नहि बंध होत,
बरतै मिथ्यात तब नाना बंध होहि है।
ऐसौ भेद सुनिकै लग्यौ तू विषै भोगनिसौं,
जोगनिसौं उद्दमकी रीति तैं बिछोहि है॥
सुनु भैया संत तू कहै मैं समकितवंत,

यहु तौ एकंत भगवंतकौ दिरोहि है।
विषैसौं विमुख होहि अनुभौ दसा अरोहि,
मोख सुख टोहि तोहि ऐसी मति सोहि है॥४०॥

**શબ્દાર્થ** :—ઉદોત(ઉદ્યોત)=અજવાળું. જોગ=સંયમ. બિછોહિ હૈ=છોડી દીધી છે. ઉદ્દમ=પ્રયત્ન. દિરોહિ (દ્રોહી) વૈરી (અહિત કરનાર). અરોહિ= ગ્રહણ કરીને. ટોહિ=જોઈને. સોહિ હૈ=શોભા આપે છે.

**અર્થ** :—હે ભાઈ ભવ્ય ! સાંભળો. જ્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ રહે છે ત્યાં સુધી બંધ થતો નથી અને મિથ્યાત્વના ઉદયમાં અનેક બંધ થાય છે, એવી ચર્ચા સાંભળીને તમે વિષયભોગમાં લાગી જાવ તથા સંયમ, ધ્યાન, ચારિત્રને છોડી દો અને પોતાને સમ્યક્ત્વી કહો તો તમારું આ કહેવું એકાન્ત મિથ્યાત્વ છે અને આત્માનું અહિત કરે છે. વિષયસુખથી વિરક્ત થઈને આત્મ-અનુભવ ગ્રહણ કરીને મોક્ષસુખ સન્મુખ જુઓ એવી બુદ્ધિમત્તા તમને શોભા આપશે.

ભાવાર્થ :—જ્ઞાનીને બંધ થતો નથી એવો એકાંતપક્ષ ગ્રહણ કરીને વિષયસુખમાં નિરંકુશ ન થઈ જવું જોઈએ, મોક્ષસુખ સન્મુખ જોવું જોઈએ. ૪૦.

**अर्थ** :—हे भाई भव्य सुनो! जब तक ज्ञानका उजाला रहता है तब तक बंध नहीं होता और मिथ्यात्वके उदयमें अनेक बंध होते हैं, ऐसी चरचा सुनकर यदि तुम विषय-भोगोंमें लग जाओ तथा संयम ध्यान चारित्रको छोड़ दो और अपनेको सम्यक्त्वी कहो तो तुम्हारा यह कहना एकान्त मिथ्यात्व है और आत्माका अहित करता है। विषयसुखसे विरक्त होकर आत्म-अनुभव ग्रहण करके मोक्षसुखकी ओर देखो, ऐसी बुद्धिमानी तुम्हें शोभा देगी।

**भावार्थ** :—ज्ञानीको बंध नहीं होता ऐसा एकान्त पक्ष ग्रहण करके विषयसुखमें निरंकुश नहीं हो जाना चाहिये, मोक्षसुखकी ओर देखना चाहिये॥४०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ધર્મ ને અધર્મની વચ્ચે આંતરો કેટલો છે, એ સમજાવે છે. जौलौं ग्यानकौ उदोत.. શુદ્ધ આનંદસ્વભાવનું ભાન ને અંતરકળા ખીલી છે. રાગ ને સંયોગથી ભિન્ન સ્વરૂપનો અનુભવ વર્તે છે ત્યાં સુધી તો બંધ નહીં હોય. ભગવાન આત્માના આનંદના સન્મુખમાં દૃષ્ટિ પડી છે અને એ આનંદનું વેદન છે. એને જ્યાં સુધી જ્ઞાનનો પ્રકાર આનંદનો ભાગ વર્તે છે ત્યાં સુધી તેને બંધ નહીં, એને બંધ નથી. बरते मिथ्यात.. પણ રાગમાં સુખબુદ્ધિ થઈ. વિષયમાં ઠીકબુદ્ધિ, હોંશબુદ્ધિ, ઉત્સાહબુદ્ધિ થઈ. बरते मिथ्यात.. એ તો મિથ્યાત્વમાં વર્તે છે. સમજાણું કાંઈ ? નાનામાં નાની ચીજ હોય મોસંબી જેવી, પણ એને પ્રેમ થયો એના ઉપર.

રાગનો પ્રેમ થયો, તો મિથ્યાત્વ છે. કહો, સમજાય છે કાંઈ? રાગમાં હોંશ આવી. 'હોંશિડા મત હોંશ ન કીજે'. સજ્ઝાયમાળામાં સજ્ઝાય છે. હોંશ કરે હોંશ. આબરૂ સાંભળે, કીર્તિ સાંભળે, મોટપ સાંભળે, ત્યાં હોંશ વર્તે તો મૂઢ છો, કહે છે, મિથ્યાદૃષ્ટિ છો. बरते मिथ्यात तब नाना बंध होहि है.. રાગના ભાવમાં સુખબુદ્ધિ, હોંશબુદ્ધિ, ઉલ્લાસબુદ્ધિ, એકતાબુદ્ધિ, આદરબુદ્ધિ, ઉપાદેયબુદ્ધિ વર્તે એ તો મિથ્યાત્વભાવ છે. એમાં સુખ લાગે છે, બહુ સારું લાગે છે, મજા પડે છે, મિથ્યાત્વ છે. આહાહા!

बरते मिथ्यात तब नाना बंध होहि है.. અનેક પ્રકારનો મિથ્યાત્વ સહિત બંધન આઠે કર્મનો થાય છે. આહાહા! बरते मिथ्यात तब नाना बंध होहि है ग्यानकौ उदोत तोलौं नहि बंध होत. અંતરની દૃષ્ટિમાં આનંદ વર્તે છે, શુદ્ધ ચૈતન્ય વર્તે છે, એની આગળ એને રાગનો વિકલ્પ, ચાહે તો તીર્થંકરગોત્રનો હો, પણ હેયબુદ્ધિ છે, દુઃખબુદ્ધિ છે. આહાહા! ઓલા રતનચંદજીએ ચર્ચ્યું છે ને. મોક્ષમાર્ગ બંધનુંય કારણ હોય, મોક્ષનુંય કારણ હોય. બે (કારણ) છે. એકાંત નથી, અનેકાંત છે. મોટું ચર્ચ્યું. તેની સામું જવાબ આપ્યો આમાં સન્મતિ સંદેશમાં. કોઈક કહેતું હતું. નહીં, જે સ્વભાવની દૃષ્ટિ ને અનુભવ છે એ મોક્ષનો માર્ગ તો સંવર-નિર્જરારૂપ જ છે અને જેટલો રાગભાગ છે એ તો અપરાધ છે, બંધનું કારણ છે. એ રત્નત્રય(રુપ) મોક્ષ(માર્ગ) નથી. રત્નત્રય બંધનું કારણ હોઈ શકે નહીં. સમ્યક્ નિશ્ચય હોં. નિશ્ચય જ રત્નત્રય છે. ઓલા રત્નત્રય છે ક્યાં? આત્મા... કીધું છેને ત્યાં નહીં? 'પુરુષાર્થ સિદ્ધિ'. (પાનું ૧૭૦)

येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बंधनं नास्ति',
येनांशेन तु रागस्ते नांशेनास्य बंधनं भवति॥२१२॥

ધર્મીને પણ (એમ છે). ત્યાં તો આવ્યું છે. અહીં તો એકદમ સમ્યગ્દર્શનની શુદ્ધતાના મહાત્મ્ય આગળ રાગાદિ એનો પોતાનો ગણ્યો નથી, એથી પોતાને બંધ નથી, એમ. સમજાણું કાંઈ? કઈ જાતનો ધર્મ આવો? એક સાકરનો ગાંગડો મોઢામાં પડ્યો અને જેને સારો લાગ્યો અંદર ઠીક લાગ્યો. કહે છે, એ તો મિથ્યાવભાવ છે. એ મીઠો એને મીઠો લાગે એમાં મિથ્યાપણું ક્યાં આવ્યું? મીઠાનું મીઠા(પણે) જ્ઞાન એ તો જ્ઞાન સમ્યક્ થયું. (શ્રોતા : મીઠાનું જ્ઞાન જુદી વાત છે ને મીઠામાં મજા જુદી વાત છે). પણ મીઠો છે એમાં મજા આવી એ (મિથ્યા) દૃષ્ટિ થઈ. આહાહા! મધુરો મીઠો. અરે! ભગવાનનો સ્વાદ મીઠો છે એની તો તને ખબર નથી. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એના સ્વાદ આગળ એ (મીઠો સ્વાદ) તો કડવા ઝેર જેવો સ્વાદ છે. અજ્ઞાની એના સ્વાદમાં મીઠાશ વેદે છે એ મિથ્યાત્વભાવ છે. એ કદાચિત્ બાહ્ય ભોગનો વિષયનો ત્યાગી હોય, તોપણ તે

મિથ્યાત્વભાવથી ભોગી જ છે. અને જ્ઞાની, એને રાગનો ભાગ આવ્યો ને સંયોગના પ્રસંગમાં, સંબંધમાં દેખાય, છતાં એ છૂટતો જાય છે. આહાહા! એની દૃષ્ટિમાં રાગ ને સંયોગ એની દૃષ્ટિનો વિષય નથી. આહાહા!

આવો ફેર. નગ્ન મુનિ સાધુ થયો હોય પંચ મહાવ્રત, પણ જેને અંદર રાગમાં હિતબુદ્ધિ છે એટલે કે રાગથી મને લાભ થશે, એણે રાગ પોતાનો માન્યો. બસ, મિથ્યાદૃષ્ટિને ભોગ ને સંયોગનો ત્યાગ હોવા છતાં ભોગી જ છે એ. આહાહા! बरते मिथ्यात तब नाना बंध होहि है.. નાના એટલે અનેક પ્રકારના. ऐसौ भेद सुनिकै लग्यौ तू विषै भोगनिसौं.. જુઓ, ભાષા એમ છે ને. એ વાત સાંભળીને તને વિષયનો રસ આવ્યો. लग्यौ तू विषय भोगनिसौं.. ભોગને કાળે એમાં તને લગની લાગી, એ તો રસ આવ્યો.

जोगनिसौं उदमकी रीति ते बिछोहि है.. રાગનો સંયમ કરવો જોઈએ, એનો અભાવ કરવો જોઈએ અને સ્વભાવની શાંતિમાં આવવું જોઈએ. એવી સંયમ અથવા સ્વરૂપની એકાગ્રતા અથવા સ્વરૂપની સ્થિરતા છોડી દીધી તેં અને વિકલ્પનો આદર કર્યો. ઓહોહો! जोगनिसौं उद्धमकी रीति तैं बिछोहि है.. સ્વરૂપ તરફની સાવધાનીને તેં છોડી દીધી અને રાગની સાવધાનીમાં જોડાઈ ગયો. અને કહે કે અમારે ભોગની નિર્જરા થાય એટલું કર્મ ખરી જાય છે. મૂઢ છો. અનેક પ્રકારના દર્શનમોહ સહિત સાત-આઠ કર્મ બંધાય છે. એકલો બંધમાં જ પડ્યો છે.

सुनु भैया संत तू कहे मैं समकितवंत.. રાગના રસ ને પ્રેમમાં પડ્યો ને તું કહે છે, હું સમકિતવંત? तुम्हारा यह कहना एकांत मिथ्यात्व हैं और आत्माका अहित करता है. विषयसुखसे विरक्त होकर आत्म अनुभव ग्रहण करके.. सुनु भैया संत तू कहे मैं समकितवंत.. વિષયનો રસ અંદર પ્રેમ છે, ઉલ્લાસિત વીર્યથી એ રાગને સેવે છે અને કહે છે હું સમકિતવંત છું. यहु तौ एकंत भगवंतको दिरोहि है.. આહાહા! સર્વજ્ઞ પરમાત્માનો દ્વેષી છો અથવા સર્વજ્ઞ સ્વભાવ આત્માનો દ્વેષી છો. આહાહા! विषैसों विमुख होहि एकंत भगवंतकौ विरोहि. ભગવાન આનંદસ્વરૂપ એનો દ્રોહી—વિરોધી થયો. રાગનો પ્રેમ ને રસ આવ્યો, સુખપણું ભાસ્યું રાગમાં—સંયોગમાં, તો ભગવાન આત્માનો વેરી થયો. વીતરાગની આજ્ઞાનો પણ વેરી થયો. ઓહોહો! આ દૃષ્ટિનું ભૂલ ક્યા માપે કરવું બહારથી? કહો શાંતિભાઈ!

यहु तौ एकांत भगवंतकौ दिरोहि है.. લ્યો. ભગવાન આત્માનું અહિત કરનાર છે, એમ લખ્યું છે. भगवंतकौ दिरोहिનો એટલો અર્થ છે. આત્માનું અહિત કરનાર છો. જ્ઞાનીનું નામ ધરાવી ને વિષયનો રસ સેવે ને એમાં સુખબુદ્ધિ રાખે અને કહે કે અમારે ભોગની નિર્જરા થાય. અહિત કરનાર છો, આહાહા! એ આત્માનું અહિત કરનાર છો. विशैसौं

विमुख होहि. એનો અર્થ તો પાછો લોકો એવો કરી નાખે કે બિલ્કુલ સંયોગના વિષય છોડી દે. એમ નથી. અહીં તો રાગાદિ વિષય પર છે, એનાથી વિમુખ થઈ જાય છે અને સ્વભાવ સન્મુખ થાય એમ વાત છે.

(સમયસાર) ૭૨ ગાથાનો એવો અર્થ કરે છે ને? ૭૨ ગાથા છેને કર્તાકર્મની. એમ કહે, જે કોઈ જ્ઞાની વિષયથી નિવર્તે નહીં તો તે જ્ઞાની જ નથી. પણ એનો અર્થ બીજો છે ત્યાં. અભિપ્રાયમાં રાગથી નિવર્તે નહીં તો એ જ્ઞાની જ નથી એમ કહે છે. અભિપ્રાયમાં રાગનો રસ પડ્યો છે અને કહે છે, અમારે આસ્રવ નથી, બંધ નથી. તો અહિત કરનાર જૂઠો છો. રાગનો અભિપ્રાય જેને છૂટી ગયો છે, આસ્રવના પરિણામનો આશ્રય, હિતબુદ્ધિ, અભિપ્રાય છૂટી ગયો છે, એને હિતબુદ્ધિ ને આશ્રય આત્મા ઉપર આવ્યો છે. એ વિષયથી છૂટી ગયો છે એમ કહેવું છે. સંયોગમાં ભલે વિષય આદિ હો. સમજાણું? ૭૨ ગાથાનો એવો અર્થ કર્યો છે. ૭૨ ગાથા હૈ ન સમયસારકી. જો એ વિષયથી વિરક્ત ન હોય તો જ્ઞાની નથી. એનો અર્થ – રાગાદિ વિકલ્પ છે એ અભિપ્રાયમાં મારો છે એમ માને તો તે વિષયથી વિરક્ત છે જ નહીં, એમ. આરે, ભારે વાતું !

विषेसौं विमुख. વિષયસુખસે વિરક્ત. વિષયસુખથી વિરક્ત. ચાહે તો ઈંદ્રાણીના સુખ હો કે અબજોપતિના અને ભૂખ લાગી હોય ને આમ મેવા એકલા હોય, માવાના જાંબુ ને... કહે છે, જેની દૃષ્ટિ એના ઉપરથી ખસી ગઈ છે. આહાહા! એનો જે વિકલ્પ આવ્યો છે એના ઉપરથી દૃષ્ટિ ખસી ગઈ છે, એ વિષયથી વિમુખ છે. સમજાણું કાંઈ ? શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એથી વિષયથી વિમુખ થયો, એમ નથી. રાગનો રસ પડ્યો છે ત્યાં સુધી વિષયથી સન્મુખ જ છે. આહાહા ! ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. રાગ—અશુભ રાગ છે કે શુભ, એનો જેને રસ ને પ્રેમ છે એ મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. એ વિષય ન ભોગવે બહારના, છતાં રાગનો ભોગ કરે છે એ જ મોટો ભોગી છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવો ધર્મ ઝીણો ભારે થઈ ગયો. ભગવાન ! પણ તું ઝીણો છોને કીધુંને. આત્મા તો અતીન્દ્રિય આનંદનું ધામ છે. એવા અતીન્દ્રિય આનંદના સન્મુખની દૃષ્ટિ છોડી દઈને, પર રાગાદિમાં વિષયસુખમાં બુદ્ધિ થઈ, બસ એ જ મિથ્યાત્વ છે.

માટે विषैंसौं विमुख होहि अनुभौ दसा अरोहि. જુઓ, ભાષા. રાગમાં સુખબુદ્ધિ છોડી દઈ અને આત્માના આનંદના અનુભવમાં રહે તો એ વિષયથી વિરક્ત છે એમ કહેવામાં આવે છે. આ પુસ્તક આવ્યું છે કે નહીં ત્યાં, છોટાભાઈ ? આવ્યું છે ? ક્યાંથી આવ્યું ? (શ્રોતા : એના છોકરાએ....) ઠીક. તમારે નહીં આવ્યું હોય ચંદુભાઈ ? એને તો બહુ આઘું રહ્યુંને આઘું. અસ્તિ-નાસ્તિ કરી. ધર્મી જીવ જેને વ્યવહારના રાગનો રસ પણ

ઉડી ગ્યો છે, એ વિષયથી વિમુખ છે. રાગની સન્મુખ નથી, જ્ઞાની રાગ સન્મુખ નથી. જ્ઞાનીની દૃષ્ટિ સ્વભાવ સન્મુખ છે અને રાગથી વિમુખ છે. અજ્ઞાની સ્વભાવથી વિમુખ છે ને રાગથી સન્મુખ છે. બસ, આટલો ફેરે ફેર છે બધો. સમજાણું કાંઈ? આહાહા! સુંવાળા શરીર ને શરીરના અવયવોને દેખીને જેને આમ ઉમેદ આવે છે, અંદર ઉમેદ આવે છે, એ વિષયની સન્મુખ જ છે. સમજાણું કાંઈ? એ સ્વભાવ સન્મુખથી છૂટી ગ્યો છે.

विषैंसौ विमुख होहि अनुभौ दसा अरोहि, લ્યો ઠીક. ગ્રહણ કરે, શુદ્ધ સ્વરૂપને ગ્રહણ કરે. પ્રભુ અતીન્દ્રિય આનંદ રસવાળું તત્ત્વ એને અનુભવે અને ગ્રહણ કરે. मोख सुख टोहि.. આત્માના સુખને તે ખોજે છે અંદરથી. આત્માના આનંદને દેખે છે ધર્મી. રાગમાં આનંદ એને દેખાતો નથી. આહાહા! દિગંબર જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયકે ગયો અનંત વાર, લ્યો. હજારો રાણી છોડી ત્યાગી થયો બહારનો, પણ અંદરમાં શુભરાગનો પણ રસ ને પ્રેમ એકતાબુદ્ધિ છે, એ વિષયની સન્મુખ જ આખો પડેલો છે. સમજાણું કાંઈ? विषैंसौ विमुख होहि अनुभौ दसा अरोहि.. મોક્ષસુખ... અનુભવ, આત્મા આનંદસ્વરૂપનો અનુભવ, એ मोक्षसुखकी ओर देखो. ત્યાં જો ત્યાં સુખ છે. રાગમાં ક્યાંય સુખ છે (નહીં.)

ऐसी बुद्धिमानी तुम्हें शोभा देगी એમ કહે છે. मोख सुख टोहि तोहि ऐसी मति सोहि है.. એને શોધે અંતરમાં તો ઐસી મતિ તને શોભે. એ મતિ શોભાવ. રાગમાં સુખબુદ્ધિ કરે ને ભોગ લે ને માને કે અમે જ્ઞાની છીએ. કલંક છે, કહે છે, મિથ્યાત્વનું કલંક છે. આહાહા! ज्ञानीको बंध नहीं होता ऐसा एकांतपक्ष ग्रहण करके विषय सुखमें निरंकुश नहीं हो जाना चाहिए. વિષયસુખ ભોગવ્યું તો ભોગવ્યું, આનંદ લીધો તો લીધો, એનો અર્થ શું? વિષયસુખમાં ક્યાંય આનંદની ગંધેય નથી. નથી, તેમાં માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? मोक्षसुखकी ओर देखना चाहिए. ધર્મીની તો આત્માના આનંદના સુખ ઉપર દૃષ્ટિ હોવી જોઈએ. એનો અનુભવ હોય. લ્યો, એ ચાલીસમું કીધું. ૧૯મો (કળશ) થયો ને ૪૦મું (પદ).

૨૦મો કળશ.

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फल परित्यागैकशीलो मुनिः॥२०॥

એક સ્વભાવ. આનંદનો જેનો એક સ્વભાવ અને પરનો ત્યાગનો એક સ્વભાવ,

એમ. રાગના ત્યાગનો જેનો એક સ્વભાવ સમકિતીને છે. મુનિ કહ્યું છે. કળશટીકામાં અર્થમાં મુનિ એટલે સમકિતી લીધા છે. ज्ञानी जीव विषयोंमें निरंकुश नहीं. ધર્મી વિષયમાં અંકુશ વિનાનો ગમે તે ભોગ લઉં તો વાંધો નથી, એમ એને હોતું નથી.

જ્ઞાની જીવ વિષયોમાં નિરંકુશ રહેતા નથી. (ચોપાઈ)

ग्यानकला जिनके घट जागी।
ते जगमांहि सहज वैरागी।
ग्यानी मगन विषैसुख मांही।
यह विपरीति संभवै नांही॥४१॥

**અર્થ** :—જેમના ચિત્તમાં સમ્યગ્જ્ઞાનનાં કિરણો પ્રકાશિત થયા છે તેઓ સંસારમાં સ્વભાવથી જ વીતરાગી રહે છે, જ્ઞાની થઈને વિષયસુખમાં આસક્ત હોય એ ઊલટી રીત અસંભવ છે. ૪૧.

**अर्थ** :—जिनके चित्तमें सम्यग्ज्ञानकी किरण प्रकाशित हुई है वे संसारमें स्वभावसे ही वीतरागी रहते हैं, ज्ञानी होकर विषयसुखमें आसक्त हों, यह उलटी रीति असम्भव है॥४१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે, ग्यानकला जिनके घट जागी. જેને આત્માના આનંદ સહિત જ્ઞાનદશા જાગી છે તે જગમાં સહજ વૈરાગી છે. રાગથી તે વૈરાગ્ય છે, ઉદાસ છે. ધર્મી તો રાગના ભાવથી ઉદાસ છે. સ્વભાવના આદરની દૃષ્ટિમાં ધર્મીને રાગનો ત્યાગ છે અંદર. આહાહા! એથી એ રાગનો એને વૈરાગ્ય વર્તે છે. ધર્મીને રાગનો રાગ નથી. રાગનું પોતાના સ્વભાવ સન્મુખ થઈને જ્ઞાન કરે, એ જ્ઞાન તો પોતાનું છે. આહાહા! સમ્યગ્દર્શન એટલે એનો વિષય અને સમ્યગ્દર્શનની દૃષ્ટિની દશા, એ અલૌકિક વાત છે. સાધારણ વાત નથી. ધર્મની પહેલી દશા સમ્યગ્દર્શન, એનો વિષય ભલે ધ્રુવ જ્ઞાયક, એનો અર્થ એ થયો કે જેને જ્ઞાયકભાવની દૃષ્ટિ અંતર્મુખ નીકળી ઊછળી ग्यानकला जिनके घट जागी, એને આત્મામાં આનંદ ભાસે છે. એ જગમાં વૈરાગી છે.

ભરતનું નથી આવતું? ભરત ઘરમાં વૈરાગી છે. આતા હે કિ નહીં? છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી, એ બધા સ્મશાનના મડદા છે. આહાહા! શરીર પણ મડદું—મૃતક કલેવર છે. એવી બુદ્ધિમાં પરથી ધર્મીને વૈરાગ્ય જ છે. પરનો રાગ ને પ્રેમ અંતરમાં રૂચિમાં નથી, એમ કહે છે. ग्यानकला जिनके घट जागी.. જેના જ્ઞાનહૃદયમાં પ્રકાશિત, જેના ચિત્તમાં

એટલે જ્ઞાનમાં અંદર, તે જગમાં સહજ વૈરાગી. વિકલ્પથી માંડીને આખી દુનિયા તે તરફનો તેને વૈરાગ્ય છે. વસ્તુના અસ્તિભાવનું અનુભવનું ભાન છે ને રાગાદિથી (માંડીને) બધી ચીજનો જેને વૈરાગ્ય છે, એને જ્ઞાની કહીએ. આહાહા!

ग्यानी मगन विषैसुखमांही. ધર્મી (હોય) અને વિષયસુખમાં બુદ્ધિ (હોય, એમ) બે (સાથે) હોઈ શકે નહીં. ઈન્દ્રાણી જેવી જેને કરોડ ઈન્દ્રાણી શકેન્દ્રને, લ્યો. વિષયસુખમાં સુખબુદ્ધિ છે, એ છે જ નહીં. આહાહા! વેશ્યાના પ્રેમ જેવો ત્યાં પ્રેમ દેખાય. અજ્ઞાનીને રાગની ક્રિયામાં બહારમાં પ્રેમ છે એમ દેખાય, જ્ઞાનીને રાગમાં ને ક્રિયામાં ક્યાંય પ્રેમ (છે નહીં.) આહાહા! એક મ્યાનમાં બે તલવાર ન રહે, એમ જેને વિષયસુખની બુદ્ધિ છે અને એને સમ્યગ્દર્શન રહે (એમ બને નહીં). અને સમ્યગ્દર્શન ન હોય અને વિષયસુખમાં બુદ્ધિવાળો (પોતાને) 'સમકિતી છું' એમ માને, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા!

ग्यानी मगन विषै सुखमांही, यह विपरीत संभवै नांही.. ધર્મી ૯૬ હજારો સ્ત્રીઓમાં પડ્યો દેખાય, પણ વિષયસુખની બુદ્ધિ નથી. આહાહા! અરે, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એ વિષયના સુખનો વિકલ્પ ઝેર જેવો.. ઝેર જેવો લાગે. એ કાઢી નાખવા માગે છે એને. લાડવો ખાતાં એમાં કાંકરી આવે કાંકરી, ફટ સળવળ કરીને કાઢી નાંખે છે. એમ વચ્ચે આ કાંકરી ઝેરની આવી, આહાહા! ધર્મી છોડવા માંગે છે, છૂટવા માંગે છે. દૃષ્ટિએ છુટ્યો છે ને સ્થિરતાએ છોડવા માંગે છે. સમજાણું કાંઈ? આવી સમ્યગ્દર્શનની કિંમત છે. આવું સમ્યગ્દ્રષ્ટિનું ધ્યેય ધ્રુવ ઉપર હોય છે. તેથી આનંદના ધામમાં જેની દૃષ્ટિ પડી, એને વિષયસુખમાં દૃષ્ટિ હોઈ શકે નહીં, એમ કહે છે. નાનામાં નાનો રસ પણ એના ચૈતન્યરસને લૂંટી જાય, એવો રસ એને હોય નહીં. આહાહા! विषय सुखमें आसक्त हो, यह उलटी रीति असंभव है. આસક્ત નામ આદરબુદ્ધિ એ આસક્તિ.

ग्यान और वैराग एक साथ ही होते है.

જ્ઞાન અને વૈરાગ્ય એક સાથે જ હોય છે. (દોહરા)

ग्यान सकति वैराग्य बल, सिव साधैं समकाल।
ज्यौं लोचन न्यारे रहैं, निरखैं दोऊ नाल॥४२॥

**શબ્દાર્થ :**—નિરખૈં=દેખે. નાલ=એક સાથે.

**અર્થ :**—જ્ઞાન અને વૈરાગ્ય એક સાથે ઊપજવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ મોક્ષમાર્ગને સાધે છે, જેમકે આંખ જુદી જુદી રહે છે પણ જોવાનું કામ એક સાથે કરે છે.

ભાવાર્થ :—જેવી રીતે આંખ જુદી જુદી હોવા છતાં પણ જોવાની ક્રિયા એક સાથે કરે

છે, તેવી જ રીતે જ્ઞાન અને વૈરાગ્ય એક જ સાથે કર્મની નિર્જરા કરે છે. જ્ઞાન વિનાનો વૈરાગ્ય અને વૈરાગ્ય વિનાનું જ્ઞાન મોક્ષમાર્ગ સાધવામાં અસમર્થ છે. ૪૨.

**अर्थ :**—ज्ञान-वैराग्य एकसाथ उपजनेसे सम्यग्दृष्टि जीव मोक्षमार्गको साधते हैं, जैसे कि दोनों नेत्र पृथक्-पृथक् रहते हैं पर देखनेका काम एकसाथ करते हैं।

---

**भावार्थ :**—जिस प्रकार दोनों नेत्र पृथक्-पृथक् होते हुए भी देखनेकी क्रिया एकसाथ करते हैं, उसी प्रकार ज्ञान-वैराग्य एक ही साथ कर्म-निर्जरा करते हैं। बिना ज्ञानका वैराग्य और बिना वैराग्यका ज्ञान मोक्षमार्ग साधनेमें असमर्थ है।।४२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ग्यान सकति वैराग्य बल.. एकसाथ उपजनेसे... સ્વરૂપના આનંદનું જ્ઞાન અને ભાન અને એ જ ક્ષણે રાગના અભાવવાળો વૈરાગ્ય. આહાહા ! એક સાથે ઊઠે છે. વસ્તુની દૃષ્ટિનું ભાન અને રાગના અભાવવાળો વૈરાગ્ય એક સાથે હોય છે. શુદ્ધ ધ્રુવનો આદર અને રાગના કણથી માંડીને બધી ચીજોનો જેમાં અભાવ, એવો વૈરાગ્ય હોય છે. આહાહા ! ધ્રુવ પર દૃષ્ટિ પડી એટલે રાગાદિ અધ્રુવ ચીજથી તો એને વૈરાગ્ય હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? ભારે આવો ધર્મ ભાઈ ! સમકિતી હોય એને આવું હોય—રાગ હોય, ભોગ હોય, ફલાણું. હોય જ નહીં, સાંભળને ! એ તો બહારનો સંયોગ હોય. એમ તો સંયોગ તો સંયોગના કાળમાં, ક્ષેત્રમાં હોય, એમાં એના કાળમાં, એના ક્ષેત્રમાં ક્યાં ગરી ગયો ? એ તો ખલાસ... રાગની એકતા તૂટી છે તો એના ક્ષેત્ર ને કાળમાં એ ચીજ છે જ નહીં. આહાહા !

આ વસ્તુનું સ્વરૂપ આવું છે હોં. કોઈ કહે, ભાઈ નિશ્ચયથી આવું છે ને ફલાણાથી આવું છે. ચીજ જ એવી છે કે જ્યાં અતીન્દ્રિય આનંદનું ધામ, એવું પદનું જ્યાં ભાન થયું, ત્યાં એ પદથી વિરુદ્ધ રાગાદિનો વૈરાગ્ય હોય છે, એક સાથે હોય છે. અસ્તિ પૂર્ણાનંદનું જ્ઞાન ને રાગાદિનો અભાવ એ વૈરાગ્ય—બેય એક સાથે હોય છે. અસ્તિ-નાસ્તિ. કહો, સમજાણું ? એમ કે સમ્યગ્દર્શનમાં આત્મસ્વભાવ છે એનો આદર થયો, પણ હજી રાગનો વૈરાગ્ય નથી, રાગ પ્રત્યે હજી કાંઈ આસક્તિ છે, એમ હોઈ શકે નહીં. ग्यान सकति वैराग्य बल, सिव साधै समकाल, લ્યો. सम्यग्दृष्टि जीव मोक्षमार्गको साधते है. એકસાથે પૂર્ણ સ્વરૂપનું ભાન ને રાગથી જેમાં વૈરાગ્ય, એ રીતે મોક્ષને સમકિતી સાધે છે. રાગથી સાધે છે એમ નહીં. રાગનો વૈરાગ્યથી ને સ્વરૂપના ભાનથી.

सिव साधै समकाल, લ્યો. મોક્ષમાર્ગ સાધતે હૈં એક સાથ. ज्यों लोचन न्यारे रहै બે આંખ્યું જુદી. निरखैं दोउ नाल.. જુએ એક વસ્તુને. એક વસ્તુને એકસાથે. દેખવાનું કામ

એક સાથે કરે છે. એમ જ્ઞાન ને વૈરાગ્ય એક સાથે હોય છે એમ. જ્ઞાન હોય અને વૈરાગ્ય ન હોય, એમ હોય નહીં. (શ્રોતા : એ જ્ઞાન જ નહીં). ને વૈરાગ્ય હોય ને સમ્યક્ અનુભવ ન હોય, એ વૈરાગ્ય જ નથી. આત્મા વસ્તુ... ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવે જે આત્મા કહ્યો પૂર્ણાનંદ સ્વરૂપ એનું જ્યાં સન્મુખનું ભાન છે, ત્યાં રાગથી વિમુખ સાથે જ થયો છે. વ્યવહાર રત્નત્રય આદિ કે અશુભ રાગથી વૈરાગ્ય–વિમુખ ત્યારથી જ થયો છે. આહાહા ! जिस प्रकार दोनों नेत्र पृथक्-पृथक् होते हुए भी देखनेकी क्रिया एकसाथ करते है; ऐसे ज्ञान-वैराग्य एक ही साथ कर्म निर्जरा करते हैं; લ્યો. આત્માનો અનુભવ ને રાગથી વૈરાગ્યભાવ, બેય કર્મની નિર્જરા કરે છે એમ કહે છે.

बिना ज्ञानका वैराग्य. બહારના વૈરાગ્યથી બાયડી છોડે અને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી, તો એ વૈરાગ્ય જ નથી. बिना वैराग्य ज्ञान.. રાગના અભાવનો વૈરાગ્ય નથી ને જ્ઞાન સમ્યક્ છે, એમ ન હોઈ શકે. ज्ञान-वैराग्य एक ही साथ कर्म निर्जरा करते हैं. बिना ज्ञानका वैराग्य और बिना वैराग्यका ज्ञान मोक्षमार्ग साधनेमें असमर्थ है. સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એના અનુભવનું જ્ઞાન ને પ્રતીત અને રાગનો અભાવ વૈરાગ્ય—બેય થઈને મોક્ષમાર્ગને સાધે છે. અને બેય સાથે જ હોય છે, એમ. આત્માનુભવ થયો ને રાગથી વૈરાગ્ય નથી, એમ બને નહીં. રાગથી વૈરાગ્ય છે અને આત્માનુભવ નથી, એમ બને નહીં. બેય એકસાથે ઊપજે છે. એને અહીં ધર્માત્માને કર્મની નિર્જરા થાય એમ કહેવામાં આવે છે. જડ

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૮૦ , જેઠ વદ ૧૨, રવિવાર, તા. ૨૦-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર, પદ ૪૩, ૪૪, ૪૫ ઉપર પ્રવચન

સમયસાર નાટક, નિર્જરા અધિકાર. ધર્મી કોને કહેવો ને ધર્મ થાય એને કર્મની નિર્જરા થાય, ધર્મ ન થાય એને કર્મબંધન થાય—એ અધિકાર ચાલે છે. ૪૩મું છે પદ. अज्ञानी जीवोंकी क्रिया बंधके लिये और ज्ञानी जीवोंकी क्रिया निर्जराके लिये है.

અજ્ઞાની જીવોની ક્રિયા બંધનું કારણ અને જ્ઞાની જીવોની ક્રિયા નિર્જરાનું કારણ છે.

(ચોપાઈ)

मूढ़ करमकौ करता होवै।
फल अभिलाष धरै फल जोवै॥
ग्यानी क्रिया करै फल-सूनी।
लगै न लेप निर्जरा दूनी॥४३॥

**શબ્દાર્થ :—**જોવૈ=દેખે. સૂની (શૂન્ય)=રહિત. લેપ=બંધ.

**અર્થ :—**મિથ્યાદષ્ટિ જીવ ક્રિયાના ફળની (ભોગોની) અભિલાષા કરે છે અને તેનું ફળ ચાહે છે તેથી તે કર્મબંધનો કર્તા છે. સમ્યગ્જ્ઞાની જીવોની ભોગ આદિની શુભાશુભ ક્રિયા ઉદાસીનતાપૂર્વક હોય છે તેથી તેમને કર્મનો બંધ થતો નથી અને પ્રતિદિન બમણી નિર્જરા જ થાય છે.

વિશેષ :—અહીં 'નિર્જરા દૂની' એ પદ કાવ્યનો પ્રાસ મેળવવાની દૃષ્ટિથી આપ્યું છે, સમ્યગ્દર્શન થયા પછી સમયે સમયે અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. ૪૩.

**अर्थ :—**मिथ्यादृष्टि जीव क्रियाके फलकी (भोगोंकी) अभिलाषा करता है और उसका फल चाहता है इससे वह कर्मबंधका कर्ता है। सम्यग्ज्ञानी जीवोंकी भोग आदि शुभाशुभ क्रिया उदासीनतापूर्वक होती है, इससे उन्हें कर्मका बंध नहीं होता और दिन दूनी निर्जरा ही होती है।

विशेष :—यहाँ 'निर्जरा दूनी' यह पद कविताका प्रास मिलानेकी दृष्टिसे दिया है, सम्यग्दर्शन उपजे उपरान्त समय समय पर असंख्यातगुनी निर्जरा होती है॥४३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે કે અજ્ઞાની રાગ વિકલ્પને કરે છે. કેમ કે જેને પોતાનું માને એને કરે. રાગ

છેને શુભ કે અશુભ રાગ... मूढ करमकौ कर्ता होवै.. આત્મા રાગરહિત શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એવું જેને અંતરમાં ભાન નથી, એ તો રાગની ક્રિયા જે દયા, દાન, વ્રતાદિના પરિણામ એ મારા છે ને હું એનો કર્તા છું (એમ માને છે). જેનો કર્તા થાય એને પોતાનું માને તો કર્તા થાય. સમજાય છે કાંઈ? ચિદાનંદસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ સ્વભાવ એની જેને દૃષ્ટિ નથી, એ અજ્ઞાની અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પો જે રાગ એ હું છું એમ પોતાના માનીને એનો કર્તા અજ્ઞાની થાય છે. શું કીધું એ પાછું કહો. આ વસ્તુ—ચૈતન્યદ્રવ્ય શુદ્ધ આનંદ છે એવું આનંદનું જ્યાં ભાન નથી, એને—અજ્ઞાનીને જે રાગ થાય દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો, એ રાગ મારો છે એમ માને છે માટે એનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! આહાહા!

मूढ़ करमकौ कर्ता होवै.. આ વાત છે. વસ્તુ જે છે જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ, એનો જેને સ્વાદ આવ્યો અને ભાન ધર્મનું થયું, એ રાગ મારો છે એમ (માનતો) નથી એટલે રાગનું કાર્ય મારું છે એમ (એને) છે નહીં. પણ અનાદિથી અજ્ઞાની... પોતાની ચીજ સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદની ગાંઠ.. એ તો અતીન્દ્રિય આનંદનો ગાંઠડો છે. આહાહા! એનો અનાદર કરી અને એનાથી વિરુદ્ધ જે રાગ થાય પછી ભલે શુભ હો, પણ એ શુભ ઉપર એની દૃષ્ટિ છે એથી શુભ મારા છે, એથી શુભનું પરિણમન હું કરનારો છું, એમ (માનીને) કર્તા થાય છે. એને મિથ્યાત્વ સહિત આઠેય કર્મનું બંધન છે એમ કહે છે. નિર્જરા તો નથી, પણ એને અધર્મ છે. આરે! કેમ કે રાગ જે વિકલ્પ છે એ પોતે અધર્મ છે. એ ધર્મસ્વરૂપ જ નથી. પ્રભુ સર્વજ્ઞે કહેલો, જોયેલો, અનુભવેલો પૂર્ણ રૂપે, એવો જે આ ચૈતન્ય આત્મા એની જ્યાં દૃષ્ટિ નથી, એનું અવલંબન નથી, એને પોતાપણે પર્યાયમાં માન્યો નથી, એણે રાગ પોતાપણે છે એમ માન્યું છે, તેથી એ રાગનો કર્તા થાય છે, એ મૂઢ છે. સમજાણું કાંઈ? છોટાભાઈ! આવી વાત છે ઝીણી. બહુ ઝીણી! .... એટલા નીકળ્યા થોડા એમાંથી.... કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા જે છે અંદર, એ તો અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે, એને આત્મા કહીએ. એવો આત્મા જેણે દૃષ્ટિમાં લીધો નથી, પ્રતીતમાં આવ્યો નથી, એને અનુસરીને અનુભવ કર્યો નથી, એથી એને ધર્મ થતો નથી. આ થોડું પહેલું કહેજો, એમ કહેતા હતાને તમે. કહ્યું એટલે થોડું લીધું. (શ્રોતા : એટલે ઘણા વખતથી આપણી વાત છોડી દીધાં પહેલા, છેલ્લે પા-પા કલાક સંપ્રદાયમાં વાંચતા....) એ વાંચતા, તમે યાદ કર્યું એટલે પછી..... કોને ધર્મ થાય, કોને ધર્મ ન થાય એ પાધરું માંડે એ કરતાં એનો ઉપોદ્‌ઘાત..... ત્યાં કહ્યું હતું એ યાદ આવ્યું, આમાં ....માં આવ્યું. કનુભાઈ! આહાહા! કહે છે કે ધર્મ થતો નથી, એથી એને અધર્મ થાય છે. એમ છે ને?

मूढ़ करमकौ करता होवै, फल अभिलाष धरै फल जोवै.. જે રાગનો ભાવ કરે છે એમાં એની સુખબુદ્ધિ છે અજ્ઞાનીની. રાગભાવ જે છે એમાં સુખબુદ્ધિની અભિલાષ છે. એમાં મને ઠીક પડે છે, મજા પડે છે—એવી જે દૃષ્ટિ છે તે મિથ્યા દૃષ્ટિ છે. કેમકે રાગમાં મજા છે જ નહીં. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હો, પણ એ તો કષાય અગ્નિ છે, દુઃખ છે. એથી જેને સુખબુદ્ધિ નથી, આત્મામાં આનંદ છે એવી સુખબુદ્ધિ નથી. એને રાગમાં સુખ છે એવી દુઃખબુદ્ધિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. (શ્રોતા : આત્મામાં સુખ...) રાગ દુઃખ છે, એને એ સુખ માને છે અથવા એ રાગ કરતાં કરતાં મારું કાંઈ કલ્યાણ થશે, એ તો એનું એ થયું. રાગ મારો માન્યો એટલે કરતાં કરતાં કાંઈ થાશે, એમ માન્યા વિના રહે નહીં. આહાહા! બહુ ઝીણું! વીતરાગ તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વરનું આ તત્ત્વ અંતરનું છે.

ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાનનું મૂર્તિ છે એવું જેને ભાન (નથી). મૂઢ કીધુંને પહેલું.. એટલે એવું જેને ભાન નથી. કર્મ એટલે રાગ... જ્યાં આવી ચીજ છે એની ખબર નથી, એથી રાગમયભાવ એને પોતાનો માને છે અને પોતાનો માને એનો કર્તા થયા વિના રહે (નહીં) અથવા કર્તા થાય એ પોતાનો માન્યા વિના કર્તા થાય નહીં. પોતાનું માને તે કર્તા થાય અને કર્તા થાય તે પોતાનું માને તો જ કર્તા થાય. ચીમનભાઈ! આવું ઝીણું છે આ. આહાહા! મૂઢ એટલે (જેને) અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ પ્રભુ એનું અજ્ઞાન છે, એનું જેને જ્ઞાન નથી. કર્મ એટલે રાગની ક્રિયા—દયા, દાન, વ્રતની ભક્તિ આદિ પરિણામની જે ક્રિયા. એ ક્રિયા મારી છે ને એ કર્તવ્ય મારું છે, એમ કર્મનો કર્તા થાય છે. અજ્ઞાની રાગની ક્રિયાનો કર્તા—રચનાર—બનનાર—રાગરૂપે થનાર થાય છે. સમજાણું કાંઈ?

ચાહે તો સાધુ થયો હોય જૈનનો દિગંબર દ્રવ્યલિંગી મુનિ... વસ્ત્ર-પાત્રવાળા તો દ્રવ્યલિંગી પણ નથી. ભાવલિંગી તો નથી, પણ દ્રવ્યલિંગી પણ એને કહેવાય નહીં. આહાહા! આ તો જેને અઠ્યાવીસ મૂળગુણ છે, નગ્નદશા છે, એવું બરાબર દ્રવ્યલિંગ સારું એનું હોય. છતાં એ રાગની ક્રિયા મહાવ્રતના પરિણામની છે એ મારી ક્રિયા છે, એ મારું કર્તવ્ય છે, એ હું છું.... કેમકે 'ત્રિકાળી જ્ઞાયક આનંદ છે એ હું છું' એવું સ્વભાવનું ભાન તો નથી એટલે ક્યાંક હુંપણું તો એને માનવું પડશે. 'છે', વસ્તુ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનું ધામ છે. હોવાપણે આ રીતે છે અને આ રીતે હોવાપણે ભાસ્યું નહીં, ત્યારે હું ક્યાંક છું (એમ) એને માનવું તો પડશે. એટલે એને જે રાગ થાય દાન, દયા, વ્રત, ભક્તિનો એ હું અને એ મારા, માટે મારું કર્તવ્ય, એનો કરનારો હું છું. એ મૂઢ જીવને ક્ષણે ક્ષણે મિથ્યાત્વથી સંસાર વધે છે એમ કહે છે. ભારે આવો માર્ગ ભાઈ!

मूढ़ करमकौ करता होवै, फल अभिलाष... એ રાગમાં સુખબુદ્ધિ છે એને અને એનાથી મને કાંઈ મળશે અનુકૂળતા. અનુકૂળતા કાંઈ મળશે આત્માને માટે, એ મૂઢદૃષ્ટિ છે. એ फल अभिलाष... એ રાગના ફળને ઇચ્છે છે. રાગને પોતાનો માનીને કરે છે, માટે રાગના ફળને ઇચ્છે છે. જયંતીભાઈ ! આવું માર્ગનું સ્વરૂપ છે. આહાહા ! અરે! અનંત કાળનો આથડ્યો.... એ નજીક આવો નજીક જરીક. ઘણી જગ્યા મોઢા આગળ રહે છે. પાછળ બહુ ટૂંકો રસ્તો છે. આવો, આવો, નજીક આવો. ઘણી જગ્યા મોઢા આગળ છે. પહેલા આવે એને પહોળામાં બેસવું પડેને......

કહે છે, मूढ़ करमकौ करता होवै.. આ તો મહાસિદ્ધાંત છે. આહાહા ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, એનો સિદ્ધાંત કહે છે કે જે આ આત્મા જ્ઞાન ને આનંદની ખાણ એકલી, અતીન્દ્રિય આનંદ ને સુખનું રૂપ છે. એવો આત્મા જેને શ્રદ્ધા-જ્ઞાનમાં સન્મુખ થઈને બેઠો નથી, એને એનાથી વિમુખના પુણ્યના પરિણામ દયા-દાનના, વ્રત-ભક્તિના પરિણામ એ વિમુખ રાગ પરિણામ છે. એ રાગ પરિણામ(પણે) પરિણમનારો હું છું એમ અજ્ઞાની માને છે. ચેતનજી ! ભારે વાતું ભાઈ આ !

પ્રભુ ચૈતન્ય આત્મા સુખનો સાગર આત્મા છે, અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. એની જેને વૃત્તિ નથી, એની જેને અભિલાષ નથી, એનું જેને ભાન ને ભાવના નથી, એવા અજ્ઞાની અનાદિથી આનંદના વિરુદ્ધનો જેટલો રાગ ઉત્પન્ન થાય, ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, નામસ્મરણનો—એ બધો વિકાર રાગ છે, એ રાગ તે મારો એટલે કે હું અને એ પણે—રાગપણે પરિણમનારો હું. એટલે હું વિકારી આત્મા ને વિકારપણે પરિણમું—એવી જેની દૃષ્ટિ છે, એ વિકાર એ રાગને પોતાનો માને ને રાગના ફળને પણ અભિલાષ કરે છે. આહાહા ! ભારે !

मूढ़ करमकौ करता होवै, फल अभिलाष धरै फल जोवै.. મેં આ પુણ્ય કર્યા, ધર્મ કર્યો, એ શુભભાવને ધર્મ માનેને અજ્ઞાની. એનું ફળ મને આવશે, કાંઈક સ્વર્ગ મળશે, કાંઈક શેઠાઈ મળશે, એમ મૂઢ જીવ (માને છે.) ભગવાન પાસે જાશું. ભગવાન તો અહીં બેઠો, ત્યાં ક્યાં ભગવાન છે ? એ ભગવાન તો પર છે. સમજાણું કાંઈ ? ભગવાન પાસે તો અનંત વાર ગયો હતો. ભગવાનની વાણી અનંત વાર સાંભળી છે. પણ એ બધી રાગભાવથી સાંભળી છે અને સાંભળવામાં રાગ જ હોય. રાગ વિનાની મારી ચીજ અંદર શુદ્ધ ચિદાનંદ આત્મા, સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે, એ આત્મા ઉપર એની દૃષ્ટિ થતી નથી. એથી તે વિકલ્પમાં રાગનો કર્તા થઈ અને એના ફળની વાંછા કર્યા કરે છે.

ग्यानी क्रिया करै फल–सूनी.. હવે સવળું. ધર્મી જીવ એને કહીએ કે એને રાગાદિભાવ આવે, પણ એને પોતાનો ન માને ને એનાથી–મારા સ્વરૂપથી વિપરીત–ઊલટી દશા છે, માટે તેને હેય માને અને એના ફળની અભિલાષા જ્ઞાનીને હોતી (નથી.) આહાહા! ધર્મી એને કહીએ કે ग्यानी क्रिया करै फल–सूनी.. ઓલામાં ફળની અભિલાષ કીધી હતીને. એટલે કે 'ક્રિયા કરે' શબ્દ વાપર્યો છે. પણ ધર્મી સમ્યગ્દ્રષ્ટિ તો પોતાના જ્ઞાન ને આનંદને જ કરે છે. આહાહા! રાગની ક્રિયાનો વિકલ્પ ઉઠે, પણ તેને એકપણે માનતો નથી, માટે તે રાગની ક્રિયા કરતો નથી.

નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન એનું જેને ભાન છે, અનુભવ છે, 'એ હું છું' એવું જેને અજ્ઞાન ટળીને જ્ઞાન થયું છે—એવો સમકિતી ધર્મી એને નિર્જરા થાય છે એમ સિદ્ધ કરવું છે. કેમ કે શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્મા પોતાનો એનો એમાં સ્વીકાર છે. રાગની ક્રિયાનો સ્વીકાર અંતરમાં છે (નહીં). આહાહા! કાંતિભાઈ! આવું સ્વરૂપ છે. ભારે! કનુભાઈ! સાંભળ્યું છેને એમનું? આ નોકરી છોડીને બેઠા છે. શેમાં હતા કાંતિભાઈ? પ્લેનમાં હતા. પંદરસોનો પગાર માસિક. છોડી દીધી, નોકરી કરવી નથી. ધંધો કરવો નથી. (શ્રોતા : આ ધંધો છેને.) કહે છે કે તોય ધર્મ નથી. અહીં તો એમ કહે છે.

એ રાગનો ભાગ છે એટલે કે આ અમારે કરવું છે. પણ રાગથી ભિન્ન ચેતન્ય ભગવાન એનું જ્યાં અંતરમાં ભેદજ્ઞાન વર્તે છે, એને એવો રાગ હોવા છતાં રાગનો સ્વામી નથી, રાગને પોતાપણે માનતો નથી, રાગને સ્વભાવમાં એકપણે કરતો નથી, રાગને ભિન્ન રાખીને તેનો કર્તા થતો નથી. આહાહા! ભારે ભાઈ આવું! શરત ભારે આકરી! કહો, સમજાણું કાંઈ? ग्यानी क्रिया करै फल–सूनी. આહાહા! જ્યાં ઝેર છે, ધર્મી તો રાગ ઝેર દેખે છે. આહાહા! ધર્મી જીવ એને કહીએ.... આ તો વીતરાગ ધર્મ છે, વીતરાગ માર્ગ છે. વીતરાગ માર્ગ તો.... રાગરહિત સ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ એની જેને વીતરાગી શ્રદ્ધા ને વીતરાગી જ્ઞાન પ્રગટ્યું છે એને ધર્મી કહીએ. એ ધર્મીને રાગ થાય... થાય એમ કહેવું એ પણ વ્યવહાર છે. એને થાતો જ નથી. આ તો સમજાવે શું? જ્ઞાની ક્રિયા કરે. આ તો થાય છે એને 'કરે' એમ કહેવામાં આવે છે. ભાષા જ વ્યવહારની એવી છે ને. આહાહા!

ज्ञानी जीवोंकी भोग आदि शुभाशुभक्रिया उदासीनता(पूर्वक)... અહો! ધર્મીને રાગનો, ભોગનો વિકલ્પ હો, પણ ઝેર દેખે છે એને. મારો આનંદ તો મારામાં છે. એ આનંદનો જેણે અનુભવ સ્વાદ લીધો છે, એને એ રાગ, ભોગ તો ઝેર દેખાય છે. એને રાગમાં હિતબુદ્ધિ એટલે સુખબુદ્ધિ હોતી નથી. આહાહા! એ જ્ઞાની શુભાશુભ પરિણામથી ઉદાસીન છે. આહાહા! જેમ પરદ્રવ્યનો અભાવ(રુપ) સ્વભાવ આત્માનો છે. પરદ્રવ્યનો

આત્મામાં અભાવ છે. એમ ધર્મીના આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પનો પણ અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગનો ધર્મ મહા અલૌકિક છે, પણ કોઈ દિ' સાંભળ્યો નથી, વિચાર્યો નથી. અરેરે! એમ ને એમ જીવન ચાલ્યા જાય છે. બહારથી એમ માને કે અમે કાંઈક કરીએ છીએ, વ્રત પાળીએ છીએ, અપવાસ કરીએ છીએ ને પૂજા કરીએ છીએ ને ભક્તિ કરીએ છીએ. અરે ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! દેહની ક્રિયાઓ તો પરની છે. એમાં રાગની મંદતા થતી હોય તો એ વિભાવ વિકાર છે. અને એના ઉપર દૃષ્ટિ રાખીને એનું પરિણમન મારું છે (એમ માને છે તો) મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. જ્ઞાની રાગથી મુક્ત છે. અજ્ઞાની રાગ સહિત છે. સમજાય છે કાંઈ?

અજ્ઞાની આત્માના સ્વભાવને રાગ સહિત માનનારો (છે તેથી) રાગનું કર્તૃત્વ સ્વીકારે છે. જ્ઞાની રાગથી રહિત આત્માનો સ્વીકાર કરનાર (છે તેથી માને છે કે) રાગ સહિત હું છું જ નહીં. હું તો આનંદ ને જ્ઞાન સહિત છું. આહાહા! એવા ભાનમાં ક્રિયા થાય. કરે શું? ઉપદેશની ભાષામાં તો એમ જ આવેને. क्रिया उदासीनतापूर्वक होती है, લખ્યું છેને પાછું. 'કરે'નો અર્થ 'હોતી હૈ.' એવું લખ્યું છે. ખુલાસો એમ કર્યો છે. लगै न लेप निर्जरा दूनी. ધર્મીને આત્મા શુદ્ધ આનંદનો સ્વાદ આવ્યો છે, અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા.. આહાહા! એ તો અતીન્દ્રિય આનંદનો દરિયો આત્મા, એની જેને ખબર પડી (કે) આ મારી ખાણમાં તો અતીન્દ્રિય આનંદ આખો છે. આહાહા! સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, એવો જ આખો આત્મા અતીન્દ્રિયમય છે એમ જ્યાં અનુભવ વર્તે છે. એને રાગાદિ ભાવ પોતાનો સ્વીકારતો નથી એટલે એને લેપ લાગતો નથી. આહાહા! ભારે વાતું!

लगै न लेप निर्जरा दूनी. ઘણી નિર્જરા થાય. દૂની તો એક શબ્દ મેળવવા માટે છે. અર્થમાં કહ્યું છે એવું. यहाँ 'निर्जरा दूनी' यह पद कविताका प्रास मिलानेकी दृष्टिसे दिया है. સમ્યગ્દર્શન ઉપજે.. ઓહો! ધર્મદશા થાય. 'ધર્મી એવો હું આત્મા પૂર્ણાનંદનો નાથ અનંતા સિદ્ધપર્યાયને પેટમાં રાખનારો હું સિદ્ધ. આહાહા! એવો હું આત્મા એમ જ્યાં અનુભવમાં, પ્રતીતમાં અનુભવ સહિત આવ્યું કહે છે કે એને તો સમ્યગ્દર્શન ઊપજે, ઉપરાંત સમયે સમયે અસંખ્યગુણી નિર્જરા થાય. કર્મ ખરતું જાય છે. સ્વભાવની સન્મુખતા જેટલી વર્તે છે, એટલું કર્મનું (આવવું) તેને થતું (નથી), એને નિર્જરા થાય.

આ અપવાસ કરીને બેઠા ને અપવાસ કર્યા, આ શું કહેવાય? તમારા વરસીતપ કર્યા ને નિર્જરા થાય. ધૂળેય નથી. એ તપ ક્યાં હતો? અજ્ઞાન હતું. બાળતપ ને મૂર્ખાઈ ભરેલા તપ ને મૂર્ખાઈ ભરેલા વ્રત. 'જેને હું આનંદમૂર્તિ જ્ઞાનાનંદ છું, હું રાગનોય કર્તા નથી. દેહની

ક્રિયાનો કર્તા નથી, આહારનો છોડનાર નથી, આહારનો લેનાર નથી, એવી મારી ચીજ છે.'—એવો જ્યાં અનુભવ નથી. એને તો બધા આવા વ્રત ને તપ બધા અજ્ઞાન ભરેલા, મૂર્ખાઈ ભરેલા બંધના કારણ છે. સમજાણું કાંઈ? लगे न लेप निर्जरा दूनी, લ્યો.

હવે ૪૪ પદ. ज्ञानीके अबंध और अज्ञानीके बंध पर कीटकका दृष्टांत. કીડો.. કીડો.. જીવડો. કીડાનો દાખલો. બેય કીડા. બેયને કીડાનો દાખલો. એક ગોરખધંધાનો કીડો ને એક રેશમનો કીડો—બે

જ્ઞાનીના અબંધ અને અજ્ઞાનીના બંધ પર કીડાનું દૃષ્ટાંત (દોહરા)

बंधै करमसौं मूढ़ ज्यौं, पाट-कीट तन पेम।
खुलै करमसौं समकिती, गोरखधंधा जेम॥४४॥

**શબ્દાર્થ :—**પાટ=રેશમ. કીટ=કીડો. પેમ=જાલ. જેમ=જેવી રીતે.

**અર્થ :—**જેવી રીતે રેશમનો કીડો પોતાના શરીર ઉપર પોતે જ જાળ વીંટે છે તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિ જીવ કર્મબંધનને પ્રાપ્ત થાય છે અને જેવી રીતે ગોરખધંધા નામમો કીડો જાળમાંથી નીકળે છે તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મબંધનથી મુક્ત થાય છે. ૪૪.

**अर्थ :—**जिस प्रकार रेशमका कीड़ा अपने शरीर पर आप ही जाल पूरता है उसी प्रकार मिथ्यादृष्टि जीव कर्मबंधनको प्राप्त होते हैं, और जिस प्रकार गोरखधंधा नामका कीड़ा जालसे निकलता है उसी प्रकार सम्यग्दृष्टि जीव कर्मबंधनसे मुक्त होते हैं॥४४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

बंध करमसौं मूढ़ ज्यौं, પાટ નામ રેશમ. એનો કીડો.. રેશમનો કીડો લાળ મોઢામાંથી કાઢીને લાળમાં જ વીંટાઈ જાય. જુઓ, જાળ બહારથી નથી આવતી, કહે છે. રેશમનો કીડો લાળ મોઢામાંથી કાઢે ને એમાં વીંટાઈ જાય. એમ અજ્ઞાની આનંદ ને જ્ઞાન સ્વરૂપના ભાન વિનાનો રાગ ને વિકલ્પની લાળ કાઢે ને એમાં વીંટાઈ જાય. એ રાગ મારું આચરણ છે એમ એમાં વીંટાઈ જાય. આહાહા! એને મિથ્યાદર્શન સહિત આઠેય કર્મનો બંધ પડે છે એમ કહે છે. जिस प्रकार रेशमका कीडा.. પાટ એટલે રેશમ, કીટ એટલે કીડો. तन पेम... शरीर पर आप ही जाल पूरता है, દેખો. 'तन पेम' એટલે શરીર પર લાળ પોતે જ વીંટે છે. એમ અજ્ઞાની શુભ-અશુભરાગની લાળ પ્રગટ કરી, પુણ્યના વિકલ્પો ઉત્પન્ન કરી એમાં પોતે ઘૂંચી જાય છે, એને પોતાનું માની ત્યાં ચોંટી જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

खूलै करमसौं समकिती, गोरखधंधा जेम.. બેયમાં કીડાનો દાખલો છે. ગોરખધંધા નામનો કીડો થાય છે એ જાળથી નીકળી જાય. જાળમાં વીંટાય (નહીં.) એમ ધર્મી જીવ એને કહીએ કે જે રાગની લાળમાં વીંટાતો નથી. આહાહા! એ તો જ્ઞાનાનંદસ્વભાવમાં આનંદની લહેર કરતો, રાગને હેય માનીને છોડતો સમકિતી કર્મબંધનથી મુક્ત થાય છે. ક્ષણે ક્ષણે તેને કર્મની નિર્જરા થાય છે. આહાહા! આવી ગયું છે પહેલું. સમક્દૃષ્ટિને વિષયભોગનો વિકલ્પ ઝેર જેવો દેખાય છે. એનાથી રહિત પોતાના સ્વભાવનો સ્વાદ છે, એથી એને એ સમાધિ જ છે કહે છે. આ ગયા હૈ ન પહલે સબ? વિષયભોગ ચારિત્રનું કામ કરે છે અને હાલવું-ચાલવું ધર્મીનું એ તો યોગની ક્રિયા છે, કહે છે, એ યોગની ક્રિયાથી યોગનો નિરોધ કરે છે એમ કહે છે. કેમ કે એ ક્રિયાનો સ્વામી નથી. જડની ક્રિયા—શરીરનું હાલવું-ચાલવું, બોલવું... આ તો જડ છે માટી. એટલે એને યોગની ક્રિયા હોવા છતાં તેનાથી ભિન્ન છે. છેને આવી ગયું છેને? (શ્રોતા :....) એ પછી. હાલે-ચાલે છતાં, એમ. શું છે એ? ક્યાં આવ્યું? (શ્રોતા : ૧૪૮ પાને). (પદ-૨૯, ભાવાર્થ)

જુઓ, સમાધિ, યોગ આસન. આસન છે એમ કહે છે. એ ક્રિયા હાલવા-ચાલવાની થાય એ તો એણે સ્વરૂપમાં આસન માર્યું છે કહે છે. આહાહા! છે જુઓ ૧૪૮ પાને. પરિણામ સમાધિ... जो परिणाम, समाधि योग आसन मौनका है वही परिणाम ज्ञानीके विषय-भोग, चलन-फिरन और बोलचालका है. આહાહા! ધર્મી જીવને અંતર આત્માના આનંદના પ્રેમ આગળ સર્વજ્ઞ પરમેશ્વર પ્રત્યે પણ પ્રેમ દેખાતો નથી, જાતો નથી કહે છે. આહાહા! આવો પોતાનો નિજાત્મા એનો આનંદનો પ્રેમ ને અનુભવ છે, તેથી વિષયનો વિકલ્પ આવ્યો એ વખતે પણ એને દુઃખરૂપ લાગે અને એમાંથી જ્ઞાન.. એનું જ્ઞાન ને શાંતિ કરે છે. સ્થિરતા વધે છે અંદર. એ વિકલ્પને લઈને નહીં, પણ એના કાળમાં સ્વભાવ સન્મુખ છે એટલે સમાધિ વધે છે, કહે છે. અને હાલે-ચાલે એ એનું આસન છે સ્થિરતાનું, એમ કહે છે.

હાલવા-ચાલવાની ક્રિયા જડની જાણે છે. 'મારી નહીં, મારામાં નહીં, મેં કરી નથી. હું તો તે ક્રિયાનો જાણનાર-દેખનાર મારામાં રહીને જાણનાર-દેખનાર છું'. એથી એ હાલવા-ચાલવાની ક્રિયા પણ સ્થિરતાનું કામ કરે છે, એમ કહે છે. બોલે તે મૌન છે એ તો, કહે છે. ધર્મી બોલે એ મૌન છે. અજ્ઞાની મૌન હૈ મૌન, પણ રાગની સાથે એકતા છે, તે બોલતો મિથ્યાદૃષ્ટિ છે. આંહીં કહે છે, खूलै करमसौं समकिती.. અહીં તો સમકિતદૃષ્ટિની જ વાત કરી છે. गोरखधंधा जेम.. ગોરખનો કીડો થાય, એ કીડો જાળના કટકા કરી છૂટીને નીકળી જ જાય, રહે નહીં. આ રેશમના કીડાની વાત થાય છે, ત્યાં શું? આ શું કહે છે? ભાગલપુર. ભાગલપુર છેને ભાગલપુર. એ કીડા કેટલાક એની મેળે કટકા કરીને નીકળી

જાય. કટકાનું પાછું થાય છે. શું કહેવાય એ ? એરંડી.

એરંડીના બે પ્રકાર. એરંડી થાય છેને ભાગલપુર. એક એરંડી એમને એમ જીવડા હોય, એને ઉના પાણીમાં નાંખે જીવતા. મરી જાય પછી એના આખા દોરા નીકળે. અંદર મરી ગયો હોય એનું બનાવે રેશમ, એ તો મહાપાપ. એક કીડા એની મેળાએ કટકા કરી બહાર નીકળી જાય, એ કટકાને ભેગા કરીને બનાવે ત્યાં. સમજાણું ? શું કીધું ? એરંડી. એરંડી બનાવે. એ નિર્દોષ છે અને કીડા મારીને બનાવે તે સદોષ છે. ભાગલપુર ગયા હતાને. ભાગલપુર ગયા હતા. વ્યાખ્યાન આપ્યું હતું. ત્યાંથી ચંપાપુરી ગયા. વાસુપૂજ્ય ભગવાન મોક્ષ પધાર્યા છેને ત્યાં ગયા હતા. આંહીં કહે છે, કીડા કટકા કરીને નીકળી જાય એનો સ્વભાવ જ એવો છે. એમ ધર્મી પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના આનંદના સ્વાદ આગળ રાગાદિની ક્રિયા બધી હેય માનીને છૂટી જાય છે. એને નિર્જરા થઈ જાય છે. રાગમાં એકત્વ (કરતો નથી), રાગમાં બંધાતો નથી એમ કહે છે.

(શ્રોતા : રાગ કરે છે શું કરવા ?) કરતો નથી. કરે ક્યાં ? હોય છે. હોય છે, નબળાઈ છે તે હોય છે. નબળાઈનો ને એનો બેયનો સ્વીકાર નથી. 'હું તો પૂર્ણાનંદ ધ્રુવ ચૈતન્યમૂર્તિ છું' એનો ધર્મીને સ્વીકાર છે. પર્યાયની નબળાઈનો સ્વીકાર નથી. શશીભાઈ! આવું ..... વીતરાગમાર્ગ એવો આકરો છે. જગતને સાંભળવા મળ્યો નથી. બહારથી આ પૂજા ને ભક્તિ ને વ્રત ને અપવાસ ને વરસીતપ, બસ એ ધર્મ. ધૂળેય ધર્મ નથી, હવે સાંભળને ! એ તો અજ્ઞાની અનંત વાર એવું કરે છે. અંદર મિથ્યાદૃષ્ટિ રાગની મંદતાના પરિણામને ધર્મ માની મિથ્યાત્વથી વીંટાઈ જાય છે. ધર્મી એવી ક્રિયામાં પોતાપણું ન માનતાં એનાથી છૂટતો જાય છે. જેને પોતાપણું માન્યું છે તેમાં એકાગ્ર છે ને રાગમાં પોતાપણું માન્યું નથી (તેથી) રાગથી છૂટો પડતો જાય છે. આહાહા ! આ ધર્મની ચીજ છે. હવે કહે છે જુઓ, ज्ञानी जीव कर्मके कर्ता नहीं है. કોણ જાણે એ રાગ કરે છે કે નહીં? તને શું ખબર પડે છે ? એમ કહે છે. એ રાગ કરે છે કે નથી કરતો, તને શું ખબર પડે ? (શ્રોતા : .... ) ખબર જેને છે એને ખબર પડે. ખબર નથી એને શું ખબર પડે? એમ કહે છે. નીચે જુઓ.

त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं
किन्त्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत् ।
तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञान स्वभावे स्थितो
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः ।।२१।।

બાહ્ય દૃષ્ટિથી દેખનારા જ્ઞાનીના હૃદયને પરખી શકે નહીં એમ કહે છે. जे निज

પૂરબ કર્म उदै.. 'ભગવાન આનંદમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને શાંતિનો સાગર પ્રભુ પોતે હું છું' એવું જ્યાં ભાન જ્ઞાનમાં આવ્યું અને પ્રતીત થઈ, એની સાથે આનંદની સ્થિરતા પણ થઈ. આહાહા! એને સમકિતી કહીએ. સમકિતી એટલે આમ ધર્મને માન્યો ને દેવ-ગુરુને માન્યું અને સમકિતી. ધૂળેય નથી સમકિતી, સાંભળને! સમજાણું કાંઈ?

જ્ઞાની જીવ કર્મના કર્તા નથી (સવૈયા તેવીસા)

जे निज पूरव कर्म उदै,
सुख भुंजत भोग उदास रहैंगे।
जे दुःखमैं न विलाप करैं,
निरबैर हियैं तन ताप सहैंगे॥
है जिन्हकै दिढ़ आतम ग्यान,
क्रिया करिकैं फलकौं न चहैंगे।
ते सु विचच्छन ग्यायक हैं,
तिन्हकौं करता हम तौ न कहैंगे॥४५॥

**શબ્દાર્થ :—**ભુંજત=ભોગવતા. ઉદાસ=વિરક્ત. વિલાપ=હાય હાય કરવી. નિરબૈર=દ્વેષ રહિત. તાપ=કષ્ટ

**અર્થ :—**જે પૂર્વે બાંધેલાં પુણ્યકર્મના ઉદય-જનિત સુખ ભોગવવામાં આસક્ત થતા નથી અને પાપકર્મના ઉદયજનિત દુઃખ ભોગવતા દુઃખી થતા નથી–દુઃખ દેનાર પ્રત્યે દ્વેષભાવ કરતા નથી પણ સાહસપૂર્ણ શારીરિક કષ્ટ સહન કરે છે, જેમનું ભેદ-વિજ્ઞાન અત્યંત દૃઢ છે, જે શુભક્રિયા કરીને તેનું ફળ સ્વર્ગ આદિ ઇચ્છતા નથી, તે વિદ્વાન સમ્યગ્જ્ઞાની છે. તેઓ જોકે સાંસારિક સુખ ભોગવે છે તોપણ તેમને કર્મના કર્તા તો અમે નહિ કહીએ. ૪૫.

**अर्थ :—**जो पूर्वमें बाँधे हुए पुण्यकर्मके उदय-जनित सुख भोगनेमें आसक्त नहीं होते और पापकर्मके उदय-जनित दुःख भोगते हुए संतापित नहीं होते—न दुःख देनेवालेसे द्वेषभाव करते हैं बल्कि साहसपूर्वक शारीरिक कष्ट सहते हैं, जिनका भेद-विज्ञान अत्यन्त दृढ़ है, जो शुभ क्रिया करके उसका फल स्वर्ग आदि नहीं चाहते, वे विद्वान सम्यग्ज्ञानी हैं। वे यद्यपि सांसारिक सुख भोगते हैं तो भी उन्हें कर्मका कर्ता हम तो नहीं कहते॥४५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એ પાઠ છે હોં. શ્લોકનો અર્થ છે. શ્લોક છેને એનો અર્થ છે. जे निज पूरब कर्म उदै.. પૂર્વ અજ્ઞાનપણે બાંધેલું કર્મ જ્યાં ઉદયમાં આવે છે બે પ્રકારે—એક તો અંદર રાગરૂપે, એક તો સંયોગરૂપે. ઘાતિકર્મનું નિમિત્ત છે એને કારણે એને અંદરમાં રાગાદિ થાય. અઘાતિનું નિમિત્ત છે તેને કારણે સંયોગ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મીનો સંયોગ (થાય). બેય કર્મની સામગ્રી છે. એ આત્માની ધર્મની, ધર્મીની સામગ્રી નથી. કહો, સમજાણું કાંઈ ?

બે પ્રકારે કર્મ છેને, ઘાતિ ને અઘાતિ. ઘાતિના નિમિત્તના સંબંધમાં જે થયેલો વિકાર એ કર્મની સામગ્રી છે, આત્માની નથી. અઘાતિકર્મના નિમિત્તથી મળેલો ચક્રવર્તીનું રાજ, બે-પાંચ કરોડ પૈસા, શરીર સુંદર, સ્ત્રી, કુટુંબ એ બધો સંયોગ છે. એ અઘાતિના નિમિત્તનું ફળ, ઓલો રાગ ઘાતિનું ફળ—બેય કર્મની સામગ્રી છે. ભગવાન આત્માની સામગ્રી નથી. આહાહા ! એ વેરીની સામગ્રી છે. એ વેરીનું લશ્કર છે બધું. પુણ્ય-પાપના ભાવ અને સંયોગી ચીજ—એ બધા વેરીના સાધનો છે, વેરીના લશ્કર છે. આહાહા !

जे निज पूरब कर्म उदै, सुख भुंजत.. ભાષા તો શું કરે? એક દૂધપાક પુરી ખાતો દેખાય જ્ઞાની ને અજ્ઞાની સાથે દૂધપાક પુરી ખાતો હોય. બેય ભેગા દેખાય સરખા. ખરું કે નહીં ? (શ્રોતા : અજ્ઞાની તો મોંઘા દેખીને ન પણ ખાય.) ન પણ ખાય. પણ આ તો ખાય એની આપણે વાત લીધી છે ને. વર ખાયને વર. વરની ભેગા અણવર (આદિ) હોયને, પંચોળામાં બધું આપે. પણ કન્યા વરને આપે કે ઓલા અણવરને આપે ? પકવાન તો બધાને સરખો આપે, પંચોળામાં બેસે એટલે. છોટાભાઈ ! એમ ધર્મીને પૂર્વના કર્મને લઈને પુણ્યના પરિણામ આવ્યા. જાણે છે કે ‘એ મારી ચીજ નથી, હું એનો સ્વામી નથી, મારામાં નથી, મારાથી થઈ નથી, મારા ઘરમાં એ પુણ્ય છે જ નહીં. હું તો આનંદનો નાથ, આનંદનો સ્વામી છું’. એ सुख भुंजत.. દેખાય છે કે સુખ ભોગવે છે આમ.

भोग उदास रहैंगे.. ઉદાસ.. એ કડવી ઔષધિ પીવી પડે રોગીને તો પ્રેમ હશે ત્યાં ? એ સુખ એટલે એ લોકો માને છેને. પીવે છે આમ ગટક ગટક. सुख भुंजत... ભાષા શું કરવી ? ભોગવે શું ? પણ આમ દેખાય દૂધપાક, પુરી, પતરવેલીયું. સરખું ન હોય, કાચું હોય તો એમેય કહે, પાકું થયું નથી, કોણ રાંધનાર છે આ? શું કરી નાંખ્યું આ? આવો દૂધપાક કોણ કરનાર છે? ભાષા સાથે કાંઈ સંબંધ નથી ને વિકલ્પ સાથે કાંઈ સંબંધ (છે જ નહીં). સમજાણું કાંઈ ? ઓલો અજ્ઞાની મૌન કરીને કાંઈ નહીં, જે આવ્યું એ ખાઈ લે. સમજાણું કે નહીં ?

એક દિ’ વહોરવા ગયા હતા દામજીભાઈને ત્યાં. વરસગાંઠ હતીને તમારી. શાક એવા બે સરખાઈના હતા. જીવરાજભાઈને ખબર છેને. એક અડદનું કાંઈક શાક હતુંને એ

બરાબર સરખું નહોતું. અને શું બીજું ? ટીંડોળાનું શાક. બે શાક હતા. પણ કાચું (હતું). આ તો કાંઈ બોલે નહીં. એ તો પડ્યો ખાવા. મેં કીધું, પણ આ શું છે ? જોવામાં તો આવે કે નહીં ? બેય શાક કાચા હતા, સરખા નહોતા. ..... આ બોલે નહીં કાંઈ. પણ ખ્યાલ તો આવે કે નહીં ? એમ જ્ઞાનીને રાગાદિ આવે એનો ખ્યાલ તો આવે. ક્રિયા થાય એનો ખ્યાલ આવે, પણ તેમાં સુખબુદ્ધિ એને હોતી નથી. આહાહા !

सुख भुंजत भोग उदास रहैंगै.. ઝેરના પ્યાલા પીવા હોય એવું એને જ્ઞાનીને વિષયનું સુખ લાગે છે. ઝેરના પ્યાલા પીતો હોય એવું લાગે. આહાહા ! અરે! ધર્મી કોને કહીએ ? જેને આત્મામાં આનંદ ભાસ્યો છે અને આનંદ એ આત્માનું સ્વરૂપ છે એવું જેને ભાસ થયું છે, ભાન થયું છે. ભાસ એકલું નહીં, ભાન ને અનુભવ થયો છે. આહાહા ! એને આ વિષયસુખ કાળા નાગ જેવા લાગે છે, ઝેર જેવા લાગે છે. આહાહા ! ઉદાસ.. ઉદાસ.. કોઈ ઉપાય નથી એથી એ ક્રિયા અંદર દેખાય છે. પૂર્વના કર્મનું ફળ. છે. એ મારા આત્માનું ફળ નથી.

जे दुःखमैं न विलाप करैं. દેખો, એ સાતમી નરકના નારકીની સંયોગીદશા હોય, તોય સમકિતી ત્યાં વિલાપ કરતો નથી એને કારણે. આહાહા ! નારક દુઃખ ભોગવે પણ અંતર ઘટાઘટી સુખકી. (શ્રોતા : બાહર નારકકૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ઘટાઘટી) સુખની ઘટાઘટી. સાતમી નરકનો નારકી રવરવ નરકમાં પડ્યો હોય ૩૩ સાગરે, પણ જ્યાં આત્માનું સમ્યક્ ભાન છે. 'અરે, અમે તો આનંદમૂર્તિ છીએ. આ રાગ ને સંયોગ અમારી ચીજના અસ્તિત્વમાંય નથી. એના અસ્તિત્વમાં હો તો એ તો દુનિયાની ચીજ છે'. આહાહા ! સમજાય છે કાંઈ ? એ રવરવ નરકમાં પણ દુઃખને વેદતો નથી એમ કહે છે.

जे दुःखमैं न विलाप करैं.. पापकर्मके उदयजनित दुःख भोगते हुए संतापित नहीं होते. આહાહા ! એ સંયોગ અને સંયોગ(ને લઈને) જરી કંઈક દ્વેષનો અંશ આવે, એ બધું જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણે, પરજ્ઞેય તરીકે. મારા અસ્તિત્વમાં એ રાગેય નથી ને પ્રતિકૂળતાય નથી. મારી સત્તાના હોવાપણામાં બેય નથી. આહાહા! એથી ધર્મીને.... ભાઈએ લખ્યું છેને નિહાલભાઈએ. સમકિતી એટલો તૈયાર હોય છે... એક ઠેકાણે લખ્યું છે. કે રૂંવાટે-રૂંવાટે ઉની સોયું... સોયું સમજ્યા ને? કે ચૂભતી હોય તો પણ એને ડર ને ભય નથી. કારણ કે મારા અસ્તિત્વમાં એ છે જ નહીં. આવે છેને. સોયું.. સોયું.. ઉની ઉની રૂંવાટે રૂંવાટે. પણ એ તો એનું હોવાપણું ન્યાં છે, અહીં આત્મામાં એ ક્યાં છે ? આહાહા ! મારા હોવાપણામાં એ સંયોગોની દશા નથી ને સંયોગના લક્ષે કાંઈક થયેલો રાગ-દ્વેષ આદિ એ મારા સ્વરૂપમાં નથી, મારી હયાતિમાં નથી. મારી હયાતિમાં તો જ્ઞાન ને આનંદ એ

મારી હયાતિમાં છે. સમજાણું કાંઈ ? આહાહા !

એ બેય વાત લીધી પાછી. વળી निरबैर हियै तन ताप सहैंगे.. पुण्यकर्मके उदयजनित सुख भोगनेमें.. બેય લીધું. પૂર્વના બંધનો... પહેલું આવ્યુંને, 'સુખ ભુજંત'. એ આવ્યુંને. પૂર્વના ઉદયને લઈને સુખની સામગ્રી અને વિકલ્પ—બે એ પહેલામાં આવ્યું. બીજામાં દુઃખની સામગ્રી ને વિકલ્પ—એ દુઃખમાં આવ્યું. આહાહા ! સમ્યગ્દ્રષ્ટિ જ્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના વિકલ્પથી પણ મુક્ત છે, એ આ દુઃખના સંયોગોથી તો મુક્ત જ છે. શરીર ને શરીરના કારણોથી (થતાં) સંયોગનું અસ્તિત્વ પોતાની પર્યાયમાં જાય તો સંયોગ હોય, (પણ એ) મારી હયાતિમાં નથી, મારી સતામાં નથી. મારી મોજૂદગીમાં એની મોજૂદગી છે જ નહીં. આહાહા ! ધર્મી જીવ રાગને અને દ્વેષને—બેયને સ્પર્શતો નથી. કેમકે રાગ ને દ્વેષની હયાતિ પોતાના ચૈતન્યમાં સત્તામાં સ્વીકારતો નથી. સમજાણું કાંઈ ?

निरबैर हियै तन ताप सहैंगे.. પ્રતિકૂળતા દેનાર શરીર માથું કાપનાર હોય, પણ એ તો ક્રિયા જડના અસ્તિત્વમાં થાય છે, મને થતી નથી. મારનાર ને કાપનાર ઉપર વેરનો અંશ નથી, વેરબુદ્ધિ નથી. અને ચંદનથી ચોપડી અને ક્ષુધાકાળે આમ માવાના જાંબુ પીરસે, આમ આપે, (પણ) પ્રેમનો અંશ નથી. અંશ છે એ મારી હયાતિમાં નથી. કહો, સમજાણું કાંઈ ? ભારે માર્ગ બાપા ! આહાહા ! આવા ધર્મી ! આ તો મારા ઉપર અપકાર કરે ને આ કહે ધર્મી.... મજા અમને પડે છે અને આ પ્રતિકૂળતા કરનાર દુઃખ દે છે. કહે છે, એ તો બધો મિથ્યાત્વભાવ છે. એ ધર્મ જ નથી એને. સમજાણું કાંઈ ? અપવાસ કર્યો ને જરી બહુ ક્ષુધા તૃષા લાગી. પાણી ન લ્યે, પણ દુઃખ લાગે છે એ મિથ્યાત્વભાવ છે. દુઃખ મને થાય છે ને દુઃખ મારામાં છે, એવો જે દુઃખનો અનુભવ તો મિથ્યાદષ્ટિને છે એમ કહે છે. ચીમનભાઈ! આવી વાત છે આ ધર્મની.

है जिन्हकै दिढ़ आतम ग्यान, क्रिया करिकैं फलकौ न चहैंगे.. साहसपूर्वक शारीरिक कष्ट सहते हैं. સહન કરવું એટલે જાણવું, દેખવું. जिनका भेदविज्ञान अत्यंत दृढ है. ધર્મી જેનો વિકલ્પ, ભગવાન તીર્થંકર થવાનો વિકલ્પ છે, એનાથી પણ ભિન્ન છે પોતાનું સ્વરૂપ. આહાહા ! એવું જેણે જાણ્યું છે એનું દઢ આતમજ્ઞાન છે. है जिनकै दिढ़ आतम ग्यान.. आतम ग्यान એમ કહ્યું છે ને ? રાગ ને પરનું જ્ઞાન નહીં, આતમજ્ઞાન. આહાહા ! નિજાનંદ પ્રભુ આત્મા એનું જ્ઞાન, એવું જેને—સમ્યગ્દ્રષ્ટિને દઢ થઈ ગયું છે. क्रिया करिकैं.. એમાં રાગાદિ આવે કે દ્વેષ હોય, એનો સ્વામી નથી. એના ફળ તરીકે મને અનુકૂળતા—પ્રતિકૂળતા મળશે, એનો પણ સ્વામી નથી.આહાહા !

क्रिया करिकैं फलको न चहैगें.. करिकै એ તો ભાષા સમજાવવાની છે. उसका

फल स्वर्ग आदि नहीं चाहते.. ते सु विचच्छन ग्यायक है.. ધર્મી તો એને કહીએ, જે રાગનો પણ જ્ઞાતાદૃષ્ટા છે. રાગનો સ્વામી (નથી) ને પોતાના ભાવમાં એ ભાવનો મેળ ખાતો નથી, એથી એને મેળવતો નથી. આહાહા! तिनकौं कर्ता हम तौ न कहैंगे. આચાર્ય કહે છે, 'એવા જીવને, રાગના કર્તા છે ને એમાં સુખબુદ્ધિ છે એમ અમે તો નથી માનતા'. આહાહા! બાહુબલી ને ભરત બેય સમકિતી. ઉપાડ ચક્ર. (ચક્ર) બાહુબલીના હાથમાં આવ્યું. ઓહોહો! અરે! ત્યાં સગો ભાઈ. (એક) બાપનો દીકરો થયોને. મા જુદી છે. અને તે ચરમશરીરી એ જ ભવે મોક્ષે જનારા. એ ચક્ર ને ચક્રથી પોતાની અંદર ઉત્પન્ન થયો જરી નબળાઈનો રાગ-દ્વેષનો અંશ, (છતાં) ભેદજ્ઞાન વર્તે છે તે કાળે તેને. જગતને તો.... ભેદજ્ઞાન એટલે એની જુદાઈપણાનું જ્ઞાન વર્તે છે એમ કહે છે. એ રાગ ને ક્રિયાનું એકપણાનું જ્ઞાન એને છે નહીં. આહાહા!

ते सु विचच्छन ग्यायक है.. ધર્મી તો વિચક્ષણ જ્ઞાની જ્ઞાયક છે. આહાહા! શુભરાગ વિકલ્પથી માંડીને આખી દુનિયાનો તે જાણનાર છે. જાણવાનું અસ્તિત્વ મારામાં છે. એ રાગાદિનું અસ્તિત્વ મારામાં (નથી). આવા આત્માને માને ને અનુભવે એને સમકિતી કહીએ. એને ક્ષણે ક્ષણે કર્મની નિર્જરા થાય. આવું જેને ભાન નથી અને આ અપવાસ કરે અને વ્રત પાળે તો ધર્મ થાય (એમ માને એને) ક્ષણે ક્ષણે મિથ્યાત્વનું બંધન થાય એમ કહે છે. એય! આહાહા! આચાર્ય કહે છે, આહાહા! 'જેના હોવાપણામાં જેણે અતીન્દ્રિય આનંદ ને અનંત જ્ઞાન ને શાંતિ પણ જોઈ છે. એવા આત્માનું અંતરમાં દૃઢ જેને ભાન થયું છે, એને આ રાગ ને રાગની ક્રિયા ને બહાર સંયોગને એ કરે છે એમ અમે માનતા નથી. એ તો જાણનાર (છે)'. આહાહા!

वे यद्यपि सांसारिक सुख भोगते है तो भी उन्हें कर्मका कर्ता हम तो नहीं कहते. ભોગવે છે એમ દેખાય. આહાહા! એ તો રાગને ને ઝેરને ઓકે છે, ધર્મી રાગને ઝેર જાણતો ઓકે છે, સંઘરતો (નથી). આહાહા! હાથમાં કાળો નાગ પકડ્યો હોય તો એ કાંઈ રાખવા પકડ્યો હશે? મનમાં તો (એમ છે કે) રાગ ઝટ છોડું.. ઝટ છોડું. ધર્મીને રાગ આદિનો અંશ છે એ કાળા નાગના ઝેર જેવો દેખાય, . આહાહા! એને સમકિતી ને ધર્મી કહીએ. એ ધર્મીને ક્ષણે ક્ષણે કર્મના ભાગનો ઉદય છે એ ખરી જાય છે (તેથી) એને બંધન હોતું નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૮૧, જેઠ વદ-૧૪, સોમવાર, તા. ૨૧-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર, પદ ૪૬ થી ૪૯ ઉપર પ્રવચન

सम्यग्ज्ञानीका विचार. નિર્જરા (અધિકાર) ચાલે છેને? ધર્મીની કેવી જ્ઞાન–વિચારધારા કે શ્રદ્ધા કેવી હોય અને સમતા કેવી હોય—એનું વર્ણન છે.

સમ્યગ્જ્ઞાનીનો વિચાર (સવૈયા એકત્રીસા)

जिन्हकी सुदृष्टिमैं अनिष्ट इष्ट दोऊ सम,
　　जिन्हकौ अचार सु विचार सुभ ध्यान है।
स्वारथकौं त्यागि जे लगे हैं परमारथकौं,
　　जिन्हकै बनिजमैं न नफा है न ज्यान है॥
जिन्हकी समुझिमैं सरीर ऐसौ मानियत,
　　धानकौसौ छीलक कृपानकौसौ म्यान है।
पारखी पदारथके साखी भ्रम भारथके,
　　तेई साधु तिनहीकौ जथारथ ग्यान है॥४६॥

**શબ્દાર્થ** :—બનિજ=વ્યાપાર. જ્યાન=જવું–તોટો–નુકસાન. છીલક=ફોતરાં. કૃપાન=તલવાન. પારખી=પરીક્ષક. ભારથ (ભારત)=લડાઈ.

**અર્થ** :—જેમની જ્ઞાનદૃષ્ટિમાં ઇષ્ટ–અનિષ્ટ બન્ને સમાન છે, જેમની પ્રવૃત્તિ અને વિચાર શુભધ્યાનનું કારણ છે, જે લૌકિક પ્રયોજન છોડીને સત્યમાર્ગમાં ચાલે છે, જેમના વચનનો વ્યવહાર કોઈને નુકશાનકારક અથવા કોઈને લાભકારક નથી, જેમની સુબુદ્ધિમાં શરીરને કમોદનાં ફોતરાની જેમ અને તલવારના મ્યાનની જેમ આત્માથી જુદું ગણવામાં આવે છે, જે જીવ–અજીવ પદાર્થોના પરીક્ષક છે. સંશય આદિ મિથ્યાત્વની ખેંચતાણના જે માત્ર જ્ઞાતા–દૃષ્ટા છે તે જ સાધુ છે અને તેમને સાચું જ્ઞાન છે. ૪૬.

**अर्थ** :—जिनकी ज्ञानदृष्टिमें इष्ट-अनिष्ट दोनों समान हैं, जिनकी प्रवृत्ति और विचार शुभ ध्यानके लिये होती है, जो लौकिक प्रयोजन छोड़कर सत्यमार्गमें चलते हैं, जिनके वचनका व्यवहार किसीको हानिकारक वा किसीको लाभकारक नहीं है, जिनकी सुबुद्धिमें शरीर धानके छिलके व तलवारके म्यानके समान आत्मासे जुदा गिना जाता है, जो जीव-अजीव पदार्थोंके परिक्षक हैं, संशय आदि मिथ्यात्वकी खींचतानके जो मात्र ज्ञाता-द्रष्टा हैं; वे ही साधु हैं और उन्हींको वास्तविक ज्ञान है॥४६॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે કે जिन्हकी सुदृष्टिमैं अनिष्ट इष्ट दोऊ सम.. કોઈ ચીજ ઈષ્ટ-અનિષ્ટ જ નથી, એ તો જ્ઞાનનું જ્ઞેય છે. વીંછીનો કરડ અનિષ્ટ અને ચંદનનો લેપ ઈષ્ટ—એવી કોઈ ચીજ નથી. અજ્ઞાની એને ઈષ્ટ-અનિષ્ટ કલ્પે છે કે આ અનુકૂળતા એ ઈષ્ટ છે ને પ્રતિકૂળતા એ અનિષ્ટ છે. એ તો મિથ્યાત્વભાવમાં કલ્પના છે એની. વસ્તુસ્વરૂપમાં (એમ નથી). ધર્મી જીવ પ્રતિકૂળ કે અનુકૂળ સંયોગમાં ક્યાંય ઈષ્ટ-અનિષ્ટપણું માનતો નથી. ઈષ્ટ હોય તો પોતાનો આનંદ ને ધ્રુવ સ્વભાવ, અનિષ્ટ હોય તો રાગ. એટલું પ્રવચનસારમાં આવે છે. પરવસ્તુ કોઈ ઈષ્ટ-અનિષ્ટ છે એમ છે નહીં. કહો, સમજાણું કાંઈ? એ આવશે આમાં પછી કહેશે. અશાતાના ઉદયનો ગંજ હો તો પણ એમાં એને સમતા છે. આ ઠીક નથી એમ નથી. જેની સુદષ્ટિમાં ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ આત્મા, એવું જ્યાં અંતરમાં સમ્યગ્દર્શનમાં ભાન વર્તે છે, એને જગતના કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ દષ્ટિમાં દેખાતા નથી.

जिन्हकौ अचार सु विचार सुभ ध्यान है.. એનો આચાર ને વિચાર તો સ્વરૂપમાં ધ્યાન કરવું એ છે, એમ કહે છે. એ શુભ એટલે સારું. જેનું આચરણ અને વિચાર—બેય, સ્વરૂપ તરફની એકાગ્રતાનું ધ્યાન એ એનો આચાર ને વિચાર છે. લોકો કહેને, આવો આચાર પાળે ને આવા વિચાર... આચાર-વિચારની વાતું ચાલે છેને એ અપેક્ષાએ નાખ્યું છે. આચાર ને વિચાર આ. વ્યવહાર વિકલ્પ આચાર ને જ્ઞાનનો વિચાર એમ નહીં. આચાર-વિચાર બેઉ સ્વરૂપ તરફની એકાગ્રતાના ધ્યાનના જ એને હોય છે. કહો, સમજાણું કાંઈ? લોકો કહે છેને કે ભઈ, આચાર વિચાર કાંઈ છે? આચાર શું પાળે છે ને વિચાર શું એનું જ્ઞાન છે, એમ. આચાર શું પાળે છે ને વિચાર શું એનું જ્ઞાન છે. ધર્મી જીવનો આચાર ને વિચાર સ્વરૂપ તરફની એકાગ્રતાનું ધ્યાન, એ એનો આચાર ને વિચાર છે. રાગનું વર્તન છે એ કાંઈ ધર્મીનું વર્તન નથી, એ આચરણ તો ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા!

स्वारथकौ त्यागी.. એટલે કે લૌકિક આચરણનો ત્યાગ કરી અને જે लगे है परमारथकौ.. છેને અર્થમાંય છે. लौकिक प्रयोजन छोड़कर... સ્વાર્થ એટલે લૌકિક પ્રયોજન છે એને છોડી દે છે. એ પ્રયોજન જ નથી. વાત તો એમ કહેવી છે કે ધર્મી જીવ છે એટલે એને ઓલા છોકરા ને છોડીયું ને વેપારનું સરખું ચાલે અને સરખે ઠેકાણે પડે—એવો જેનો ભાવ નથી. (શ્રોતા : એવો વિકલ્પ આવેને?) વિકલ્પ આવે એ એનું આચરણ નથી. કહો સમજાણું કાંઈ? એમ તો આવેને કે ભઈ, છોકરો સરખે ઠેકાણે પડે તો ઠીક ને છોડી સરખે ઠેકાણે પડે ને ધંધે-બંધે સરખે વળગી જાય. એ વાતનો વિકલ્પ જ નથી એમ કહે છે. આવે તોય એનો નથી. એ આવે તોય એનો નથી, એ ભલે હો. એ તો સ્વાર્થના ત્યાગી છે ધર્મી

તો. પરમાર્થમાં લાગ્યા છે. આહાહા! (શ્રોતા : મુનિની વાત કરી છે આમાં?) મુનિની નહીં, સમકિતીની વાત છે આ બધી. મુનિ તો નામ આપ્યું છે. કહો, સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એટલે શું ચીજ! આહાહા! આખો ભગવાન જ્યાં પ્રસિદ્ધમાં, પ્રતીતમાં, જાહેરમાં, શ્રદ્ધામાં આવી ગયો, અનુભવમાં આખો પદાર્થ આવ્યો, એની પછી શું વાત કહેવી? એને લૌકિકનો વિકલ્પ ઊઠે તોય એનો એને નહીં. એનો ત્યાગ છે એને, એમ કહે છે અહીં તો. લૌકિક પ્રયોજનનો ત્યાગ છે ને પરમાર્થ પ્રયોજનને સાધે છે, એમ કહે છે. આહાહા! એ વ્યવહાર છે એ જ લૌકિકભાવ છે, એને એ છોડે છે ધર્મી તો. વ્યવહાર રત્નત્રયનો ભાવ છેને, એ લૌકિક છે. લૌકિક કહો કે વ્યવહાર કહો. એમ કહે છે.

स्वारथको त्यागि जे लगे हैं परमारथकौं... અંતરસ્વરૂપ શુદ્ધ ચૈતન્યના તરફના જેના વલણ છે, એને વ્યવહારના વલણ છૂટી ગયા છે એમ કહે છે. ધર્મનો વ્યવહાર હોં આ. વ્યવહાર જેને પુણ્ય કહીએ, વ્યવહાર કહીએ, એનો એ ત્યાગી છે, વ્યવહારનો એ ત્યાગી છે. લૌકિકનો ત્યાગી છે. લૌકિક પ્રયોજનનો ત્યાગ છે એમ કહે છે. ભારે!

जिन्हकै बनिजमैं न नफा है न ज्यान है.. નફો-તોટો નથી. जिनके वचनका व्यवहार किसीको हानिकारक वा किसीको लाभकारक नहीं है. એટલે વાણી... વાણી આવે, એમાં વાણીને કારણે વાણી આવે છે. એમાં એને કાંઈ વાણીથી લાભેય નથી ને વાણીથી નુકસાન પણ નથી. (શ્રોતા : એને પોતાને કે બીજાને?) પોતાને. એ તો પછી નાખ્યું છે એમણે. એ તો કોઈની વાતમાં.... પોતાની અહીંયાં તો વાત છે. વાણી આવે, એમાં નથી જીવને નફો ને નથી જીવને લાભ. ભઈ ઉપદેશ કરે માટે એને લાભ થાય છે એમ નથી. આહાહા! કહો, સમજાણું? શિક્ષા આપેને બીજાને? લાભ થાયને પોતાને કાંઈ?

વણીજ—જેનો વેપારમાં નફો-તોટો નથી. એટલે વાણિયાનો વ્યાપાર હોયને વાણિજ્ય.. એમાં કાંઈ છે નહીં, એનો સ્વામી નથી, એનો જાણનાર દેખનાર છે. ધર્મીને વાણીથી લાભ થાય ઉપદેશથી કે ઉપદેશ ન હોય તો નુકશાન થાય, એવું છે નહીં, એમ કહે છે મૂળ તો. જેને અજ્ઞાનીને વાણી હોય એને વધારે લાભ થાય. હજારો માણસો ધર્મ પામે લાખો માણસો, લ્યો. કહે છે કે ના, ના. ધર્મીના ઉપદેશથી કોઈ ધર્મ પામતોય નથી, એ તો એને કારણે પામે છે અને ઉપદેશથી પોતાને લાભ થાય, એમ છે નહીં, એમ કહે છે મૂળ તો. આહાહા!

जिन्हकै बनिजमैं न नफा है न ज्यान है.. તોટો નથી—નુકશાન નથી. जिन्हकी समुझिमैं शरीर ऐसौ मानियत, धानकौसौ छीलक.. ધાનનું જે ફોતરું હોય ઉપર, અનાજનું

ફોતરું-ફોતરું. છીલકા. छीलक શબ્દ છે ને? એમ ભગવાન આત્મા ઉપર શરીર તો છીલક—ફોતરું છે, એમ જેની માન્યતામાં છે. શરીર મારું છે એમ નહીં. શરીર ફોતરા જેવું એક જુદું છે. આહાહા! ચૈતન્ય શુદ્ધ સ્ફટિક એવા રતનની પાસે, આ જે શરીર દેખાય છે એ ફોતરું છે. આહાહા!

धानकौसो छीलक कृपानकौसौ म्यान है, લ્યો. તલવારકે મ્યાનકે સમાન હૈ. તલવાર, જેમ મ્યાનમાં જુદી છે, એમ શરીરમાં ભગવાન જુદો ને આત્માથી શરીર તદ્દન જુદું, તદ્દન જુદું. એની સાથે આત્માને કાંઈ સંબંધ છે (નહીં.) ભઈ, શરીરનો સદુપયોગ કરવો, વાણીનો સદુપયોગ કરવો, એમ છે (નહીં). જડનો સદુપયોગ શું થાય? આહાહા! શરીર સારું હોય, ભાષાજોગ હોય, જરી એનો સદુપયોગ કરે તો લાભ થાય. શું થાય? જડનો ઉપયોગ કરે છે (એમ માને છે પણ) તે જડની ક્રિયા સ્વતંત્ર છે એમ કહે છે. કેટલાક કહે છેને, આપણે બીજાને ઉપદેશ દઈએ તો આપણને ધર્મ થાય, નિર્જરા થાય. એ અહીં કહે છે, ઉપદેશથી નિર્જરા-ફિર્જરા થતી (નથી). સમજાણું કાંઈ?

पारखी पदारथके.. ધર્મી તો જડ ને ચેતનને, આસ્રવ ને સ્વભાવ બેયને પારખે છે બરાબર. બેઉનો પારખુ છે એમ કહે છે. જીવ અજીવ પદાર્થનો પરીક્ષક છે. રાગાદિ, શરીરાદિ અજીવ છે, ભગવાન જ્ઞાનમૂર્તિ તે જીવ છે. એમ ધર્મી બેનો પરીક્ષક—પારખી છે. આહાહા! સમજાણું? पारखी पदारथके साखी भ्रम भारथके.. મિથ્યામતના પ્રકારો જેટલા હોય, સંશય આદિ મિથ્યાત્વની ખેંચતાણ, પણ એમાં એ છે જ નહીં. જગતના ષટ્ દર્શનો, એના અનેક પ્રકારની ખેંચતાણ, એમાં જ્ઞાની પડતો નથી. मिथ्यात्वकी खींचतानके जो मात्र ज्ञाता-द्रष्टा है. એવા વિકલ્પ-અભિપ્રાયો જગતમાં છે એમ જાણે છે. કહો, સમજાણું?

तेई साधु तिनहीकौ जथारथ ग्यान है.. તે ધર્માત્માને સાચું જ્ઞાન છે. તેથી ઉપદેશથી લાભ-નુકશાન માનતો નથી. જડ-ચૈતન્યની અને વિકારી અને અવિકારી સ્વભાવની જેને અંતર પરીક્ષા વર્તે છે ને લૌકિક વ્યવહાર છોડીને સ્વરૂપનું સાધન છે જ્યાં અને આચાર ને વિચાર પણ સ્વરૂપ તરફનો જ જ્યાં છે, એવા સાધુને યથાર્થ જ્ઞાન છે, એને સાચું જ્ઞાન છે. પણ જે કોઈ એમ માને કે અમે તો બીજાને ઉપદેશ દઈએ (તો) ઘણો લાભ થાય, આપણને પણ લાભ થાય ને બીજાને પણ થાય. એ એનું સાચું જ્ઞાન નથી એમ કહે છે. મિથ્યાજ્ઞાન છે એમ કહે છે. ભારે કામ! કનુભાઈ! પણ ઉપદેશ દેવો એમાં લાભ નથી? પણ વાણી ક્યાં એની છે, તે વાણીથી લાભ ને નુકશાન? એ વાત જ ખોટી છે. આહાહા!

ભાઈ! વાણી તો જગતમાં ઘણી પડી છે, એમ નથી આવતું ભગવતી આરાધનામાં?

(શ્રોતા : સારા શબ્દો વાપરોને...) સારા શબ્દો વાપરોને, (એમ) ભગવતી આરાધનામાં આવે છે. એય ! કોણ વાપરે ? એ તો એના ભાવમાં ખોટપ ન આવવા દે, એ વાત છે. એમ કહે, જગતમાં ભાષા તો ઘણી સારી છે (તો) સારી ન બોલે ? (શ્રોતા : કોણ બોલે ?) બોલે કોણ પણ ? એ તો વ્યવહારના કથનો છે બધા. આહાહા ! ભાષાનો રજકણ પણ કોણ બોલે, કોણ કાઢે, કોણ લે, કોણ છોડે ? આહાહા ! એમ જેને અંતરમાં ભાન છે તેને અહીંયાં યથાર્થ જ્ઞાન કહેવામાં આવે છે. નહીંતર ઊલટું જ્ઞાન છે ઊંધું.

ज्ञानकी निर्भयता. ૨૨મો કળશ છેને નીચે. ઓલું તો ઉપરથી બધું કહ્યું. આ કળશનો અર્થ છે. ज्ञानकी निर्भयता. ઓહો ! ચૈતન્યવસ્તુ પરથી નિરાળી જ્યાં અનુભવ ભાનમાં આવી, એ પુરુષ નિર્ભય છે. એને મરણનો કે આ લોકનો, પરલોકનો કાંઈ ભય છે જ નહીં. કોને ભય હોય ? શાશ્વત વસ્તુ ધ્રુવ ચૈતન્યવસ્તુ અંતરમાં અનુભવમાં, પ્રતીતમાં, જ્ઞાનમાં જ્ઞેય થઈને ભાન થયું, એવા ધર્મી જીવ નિઃશંક છે એથી નિર્ભય છે, એમ કહે છે.

જ્ઞાનની નિર્ભયતા (સવૈયા એકત્રીસા)

जमकौसौ भ्राता दुखदाता है असाता कर्म,
ताकै उदै मूरख न साहस गहतु है।
सुरगनिवासी भूमिवासी औ पतालवासी,
सबहीकौ तन मन कंपितु रहतु है।।
उरकौ उजारौ न्यारौ देखिये सपत भैसौं,
डोलत निसंक भयौ आनंद लहतु है।
सहज सुवीर जाकौ सासतौ सरीर ऐसौ,
ग्यानी जीव आरज आचारज कहतु है।।४७।।

**શબ્દાર્થ** :—ભ્રાતા=ભાઈ. સાહસ=હિંમત. સુરગનિવાસી=દેવ. ભૂમિવાસી=મનુષ્ય, પશુ આદિ. પાતાલવાસી=વ્યંતર, ભવનવાસી, નારકી આદિ. સપત (સપ્ત)=સાત. ભૈ (ભય)=ડર. સાસ્વત=કદી નાશ ન પામનાર. આરજ=પવિત્ર.

**અર્થ** :—આચાર્ય કહે છે કે જે અત્યંત દુઃખદાયક છે, જાણે જમનો ભાઈ છે, જેનાથી સ્વર્ગ, મધ્ય અને પાતાળ—ત્રણલોકના જીવોનાં તન-મન કાંપ્યા કરે છે, એવા અસાતા-કર્મના ઉદયમાં અજ્ઞાની જીવ નિરાશ થઈ જાય છે. પરંતુ જ્ઞાની જીવના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ છે. તે આત્મબળથી બળવાન છે, તેનું જ્ઞાનરૂપી શરીર અવિનાશી છે, તે પરમ પવિત્ર છે અને સાત ભયથી રહિત નિઃશંકપણે વર્તે છે. ૪૭.

**अर्थ :** आचार्य कहते हैं कि जो अत्यन्त दुःखदायी है मानों जमका भाई ही है, जिससे स्वर्ग, मध्य और पाताल त्रैलोक्यके जीवोंका तन मन कांपता रहता है, ऐसे असाता कर्मके उदयमें अज्ञानी जीव हतहतसा हो जाता है। परन्तु ज्ञानी जीवके हृदयमें ज्ञानका प्रकाश है, वह आत्मबलसे बलवान है, उसका ज्ञानरूपी शरीर अविनाशी है, वह परम पवित्र है और सप्तभयसे रहित निःशंकित डोलता है।।४७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આચાર્ય કહે છે, એ ધર્માત્મા પવિત્ર છે. जमकौसौ भ्राता.. જાણે અશાતા જમનો ભાઈ હોય. શરીરમાં રોગ આવે આકરો, કંપારી ઊઠી જાય અંદરથી. એવા શૂળ ચડે ને એણે એકવાર આમ જોયા હોય, આહાહા! ફરીને આવશે તો? મગનભાઈ! આ રોગની વાત ચાલે છે આ. શરીરમાં રોગ આવે ને રોગ આકરો, કંપી ઊઠે આમ. એકવાર આવી ગ્યો હોય ને પછી ફરી વાર આવે ત્યાં, આહાહા! નામ સાંભળે ત્યાં. जमकौसौ भ्राता.. અશાતાવેદનીય કર્મ अत्यंत दुःखदायी है मानो जमका भाई ही है. આહાહા! તલવાર પડે, છરા પડે માથે. અશાતાનો ઉદય છેને બધો દુઃખદાયી—અત્યંત દુઃખના નિમિત્તો, એને દેખીને અજ્ઞાનીને આમ ભય થઈ જાય. આહાહા!

અરે! આવો રોગ ન હોયને.. રોગથી એમ કંપી ઊઠે. ધર્મી કહે છે કે આવો આકરો જમનો ભાઈ જેવો રોગ મને છે (નહીં, તેથી) નિર્ભય છે. આહાહા! રોગ તો જડની દશા છે અને સંયોગો હોય બહારના એ પણ પર છે. ધર્મીને, સંયોગોમાં હું નથી ને શરીરની દશામાં હું નથી. હું છું ત્યાં એ દશા નથી ને એ દશાનો સંયોગ પણ એમાં (નથી.) આહાહા! જુઓ, આ નિર્જરા એને થાય એમ કહે છે. કહે છે, सुरगनिवासी.. દેવ પણ કંપી ઊઠે એવા. ઈન્દ્રો આદિ સાધારણ દેવને વજ્ર મારે વજ્ર. એવો .... ઉપર વૈમાનિક દેવમાં રહેનારા દેવો.

भूमिवासी.. નીચે ભૂમિવાસી. ભૂમિ એટલે આ મનુષ્યલોક અને पातालवासी દેવો નીચે. ઉર્ધ્વ, મધ્ય ને હેઠે सबहीकौ तन मन कंपितु रहतु है. રોગ એવા આકરા સાંભળે ત્યાં આહાહા! ઊલટી.. ઊલટી.. ઊલટી.. આમ આખું શરીર આમ બધું ખેંચાય ને પરસેવો.. પરસેવો શરીરમાં આવે એવો રોગ આકરો. કહે છે કે ઉર્ધ્વલોક, મધ્યલોક અને હેઠે અધોલોક, એના જીવો રોગનું એવું નામ સાંભળે ત્યાં કંપી ઊઠે. सबहीकौ तन मन कंपितु रहतु है.. શરીર કંપી જાય, મન કંપે અંદર. આહાહા!

उरकौ उजारौ.. પણ જ્યાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટ્યો છે અંદર, હૃદયનો ઉજાસ જ્ઞાતા-

દૃષ્ટાનો સ્વભાવ જ્યાં પ્રગટ્યો છે, न्यारौ देखिये सपत भैंसौं.. એ તો સાત ભયને ભિન્ન દેખે છે. सपत એટલે સાત. भैं એટલે ભય. આહાહા! ત્યારે આ કહે, શ્રેણિક રાજા જેવા ક્ષાયિક સમકિતી હતા, તીર્થંકર ગોત્ર બાંધ્યું હતું. પ્રત્યેક સમયે પણ બાંધે જ છે. એણે કેમ આ ઝેર ખાધું? માથું પછાડ્યું અથવા હીરો ચૂસ્યો એમ કોઈ કહે છે. અંતરમાં નિર્ભય છે. અટાપટી છે ને. અંતરમાં નિર્ભય છે. એ વિકલ્પ આવ્યો છે એનો એ ત્યાગી છે. આહાહા! પોતામાં વિકલ્પ વિનાનું પરિણમન નિરંતર સતત શુદ્ધ વર્તે છે. કહો, સમજાણું? હીરો ચૂસ્યો કે માથુ ફોડ્યું, એ કાળે પણ એને દેહની ક્રિયાથી ભય નથી, મરણનો જેને ડર નથી.

લ્યો, એનો દીકરો આવ્યો હતો કુણિક. કુણિક આવ્યો હતો. પહેલા એને નાખ્યો તો કેદમાં. ક્ષાયિક સમકિતી તીર્થંકરગોત્ર બાંધે ક્ષણે ક્ષણે. એને ઓલા દીકરાએ નાખ્યો કેદમાં. આહાહા! રાજ જોઈતું હતું. શરીરે થઈ ગયેલી મોટી અવસ્થા (-ઉંમર). સુંદર રૂપાળો હતો બહુ કુણિક. જુવાન અવસ્થા થઈ, કેટલો કાળ ગયો ને આ મરતા નથી. હવે કરવું શું? લ્યો. બાપ બેસે ત્યાં સુધી રાજ થાય નહીં. મોટું રાજ, હાથી, ઘોડા, પાયદળ આમ બધું, ઓહોહો! નાખ કેદમાં બાપને, રાજ તો થાય. કેદમાં નાખ્યા. આહાહા! તો પણ, કહે છે, એને અંતર ભય નથી. (શ્રોતા : અંદર ભય નથી તો બહાર ભય છેને?) એ વિકલ્પ આવ્યો છે, એથી કંઈ.... એવું નથી. અંતર અસંખ્ય પ્રદેશી ચૈતન્ય ધ્રુવ એમાં કંઈપણ ખંડ થાય, એવો એને ભય છે (નહીં.)

એ પાછો ગયો એની મા પાસે. 'મા હું ગાદીએ બેઠો છું. મારા પિતાજીને આ પ્રમાણે જેલમાં નાખ્યા'. અરે દીકરા! શું કર્યું તે આ? તારો જ્યારે જનમ થયો, તું પેટમાં હતો ત્યારે આ કાળજું ખાવાનું મન થયું. એમણે પણ મારું શું કહેવાય? મારો ડોળો પૂરો કયો હતો ઢોંગ કરીને. ઓલાને બતાવે. અભયકુમારે બધું કરેલું. માંસ લાવેલા, કાપી કાપીને આપે. એ જાણે કે કાળજું કાપે છે. આવો ડોળો ભાઈ! તું મારા પેટમાં હતો ત્યારથી આવું (હતું). અરે, જન્મ્યા પછી મેં તરત નાખી દીધો તને ઊકરડે.

તરતનો જન્મ્યો ને ઓલા શું કહેવાય? કૂકડા. કૂકડા.. કૂકડા. કૂકડાએ મારી ચાંચ આંગળમાં ને પરુ થઈ ગયું હતું. પીડા.. પીડા.. ને રોતો હતો. એમાં (શ્રેણિક) મારી પાસે આવ્યા. ક્યાં ગયો આપણો (દીકરો) જેનો જન્મ થયો. મેં તો નાખી દીધો. અરે! આવું કર્યું? એ તારી પાસે આવ્યા, તને ઉપાડ્યો. ચૂસતા હતા, તારા પિતાજી આંગળી ચૂસતા હતા, તને દુઃખ ન થાય માટે. આવું (કર્યું) તારા પિતાજીએ. હેં! હાય, હાય! મેં ગજબ કર્યું. પછી હાથમાં ખંજર લઈને ઓલું તાળું તોડવા (જાય છે). આને એમ લાગ્યું કે આ મને મારવા આવે છે. એક તો પૂર્યો છે અને હવે આ મારવા આવે છે. એ તો જ્ઞાનના ઉઘાડમાં

એ જાતનો ભાવ ભાસી જાય. આહાહા !

છે સમકિતી, ક્ષાયિક સમકિતી અને પહેલા તીર્થંકર થવાના છે આવતી ચોવીસીમાં. (શ્રોતા : તીર્થંકર થવાના છે ને મરતા મરતા...) છતાં આમ છે, એમ કીધું. એ રાગના ચાળા સ્વતંત્ર છે. આહાહા ! જ્યાં જાય છે કાપવા, ત્યાં પોતાની મેળે મરી જાય છે. આમ જ્યાં અંદર જુએ ત્યાં, હાય હાય ! અરે! મેં મારા પિતાને આમ કર્યું. પછી રોવે છે બહુ, પણ પછી શું થાય ? આમ પણ જાવું હતું નરકેને. આયુષ્ય બાંધેલું. આહાહા ! રમતું તો જુઓ. એ .... પહેલી નરકે ૮૪ હજાર વર્ષની સ્થિતિએ જવું, આહાહા !

જેને સો ઈન્દ્રો પૂજશે ત્યાંથી નીકળતાં. માતાના પેટમાં આવ્યા પહેલા છ છ મહિના પહેલા ઈન્દ્રો આવીને માતાની સેવા કરશે. આહાહા ! એને અત્યારે નરકમાં જાવું, લ્યો. છતાં ત્યાં ભય નથી, કહે છે, એમ કહેવું છે અહીં તો. નરકનો ભય નથી, મરણનો ભય નથી. ખંજર મારે તો મને આ દુઃખ થાય એનો ભય છે (નહીં). આહાહા ! આ તે કાંઈ (વાત છે.) જુદો પડેલો ભગવાન એને હવે એકતા કેમ થાય ? એમ કહે છે. રાગથી પણ જુદો, તો શરીરના રજકણના છિલકાથી તો જુદો. જુદાને જુદાના કારણે ભય થાય એમ છે નહીં, એમ કહે છે. આહાહા ! આ કંઈ વાત છે. વસ્તુનું સ્વરૂપ એવું છે.

सबहीकौ तन मन कंपितु रहतु है, उरकौ उजारौ न्यारौ देखिये सपत भैसौं.. પણ ધર્માત્મા સાત ભયથી ભિન્ન છે. આહાહા ! અખંડાનંદ વજ્ર ચૈતન્યમૂર્તિ ધ્રુવ એમાં કાંઈ ખોડખાંપણ આવે, એવી એ ચીજ છે (નહીં.) એવું અનુભવ વર્તે છે. આહાહા ! डोलत निसंक भयौ आनंद लहतु है.. એવા પ્રસંગમાં પણ, કહે છે કે નિઃશંકપણે પરિણમે છે, ડોલે છે. જુઓ, અભય કહો કે નિઃશંક કહો. નિઃશંક ને અભય બેને ભેગા ગણ્યા છે ને. નિર્ભય. નિઃશંકતાથી નિર્ભયતા. કોઈએ પ્રશ્ન કર્યો હતો ત્યાં. ચંદુભાઈ ડોક્ટરે કર્યો હતો. નિઃશંક ને નિર્ભયમાં ફેર શું ? રાજકોટ. નિઃશંકતા એટલે નિસંદેહ... આવું પુછેલું. અને નિર્ભય– પરથી ભય નથી. નિઃશંક વસ્તુ આ છે એમ અસ્તિથી અને પરથી નિર્ભય છે એ નાસ્તિ. નિઃશંક તે નિર્ભય છે ને નિર્ભય તે નિઃશંક છે.

આકરા રોગ આવે, ગામમાં પ્લેગ આવે. ઘરમાં દસ માણસ ને નવ માણસને પ્લેગ થયો હોય ને હાલકડોલ ગામમાં ચાલતું હોય. ખસો, ખસો આંહીંથી. એ પણ પહેલા ખસે, સમકિતી હોય તોપણ. (શ્રોતા : અને નિર્ભય કહે ?) છતાં નિર્ભય છે. એવો વ્યવહાર લાગી ગયો, એવો વિકલ્પ આવ્યો ને એ જાતની... આખા કુટુંબમાં એક સાથે નવને.. નવને પ્લેગ. ગામમાં બીજા સગાવહાલા પણ (કહે), હવે નીકળો ચાલો. તમે એક છો, હવે શું થશે ? નીકળો ભાગો, ચાલો ભાઈ બહાર. અંદર ભય નથી. આહાહા ! આ વાત, અંતરના

અભિપ્રાયને જાણે નહીં એને આ બેસે નહીં.

डोलत निसंक भयौ आनंद लहतु है.. તે ક્ષણે પણ એને અતીન્દ્રિય આનંદની મજા આવે છે, ભય નથી. આહાહા ! મિથ્યાત્વ અને અનંતાનુબંધીની આકુળતા તો નાશ થઈ ગઈ છે. એટલી તો નિરાકુળ આનંદદશા સમકિતીને પ્રગટેલી પ્રસિદ્ધ પ્રગટ છે. આહાહા ! એ કહે છે, એ તો નિઃશંક થતો આનંદ લહે છે. એને પૂર્વોના કર્મો ખરી જાય છે. ચારિત્રમોહનો ઉદયમાં જરી ભય આવ્યો, પણ એ ખરી જાય છે. આહાહા ! જુઓ, આ ધર્મીની અંતરદૃષ્ટિ અને એની નિર્ભયતા.

सहज सुवीर जाकौ सासतौ शरीर ऐसौ.. आत्मबलसे बलवान है, એમ કહે છે. सहज सुवीर, એમ કહે છે. શરીરના બળમાં એને ભલે નિર્બળતા આવી ગઈ (હોય), ગમે તે સ્થિતિ ઊભી થઈ હોય, પણ સ્વાભાવિક અંતરબળ છે આત્માનું, અનંત વીર્યવાનને પકડ્યો છે આત્માએ પોતે. એવો અનંત વીર્યવાન હું છું, અનંત બળવંત છું. એના બળને કોઈ ભુલાવે એવી ચીજ છે (નહીં.) આહાહા ! सहज सुवीर.. સ્વાભાવિક બળ પ્રગટ્યું છે એમ કહે છે. શરીરની વાત નથી અહીંયાં. આત્માનું સ્વાભાવિક વીર્ય. सासतो शरीर. મારું શરીર તો શાશ્વત છે. જ્ઞાનરૂપી મારું શરીર એ તો શાશ્વત છે. वह आत्मबलसे बलवान है, उसका ज्ञानरूप शरीर अविनाशी है. લખ્યું છે અંદર. ग्यानी जीव आरज.. એવા ધર્માત્માને आचारज (-આચાર્ય) આર્ય કહે છે. આર્ય નામ પવિત્ર કહે છે. આહાહા ! બાવીસ કળશનો થયો અર્થ. અર્થ કર્યોને ઉપરથી.

आचार्य कहते है कि जो अत्यंत दुःखदाई है मानो जमका भाई ही है, जिससे स्वर्ग, मध्य और पाताल त्रैलोक्यके जीवोंका तनमन कांपता रहता है ऐसे असाताकर्मके उदयमें अज्ञानी जीव हतसाहस हो जाता है. હાય ! હાય ! શું થશે ? કોણ રહેશે? કોણ મરે ? વસ્તુ મરે નહીં, પરમાણુ મરે નહીં. परंतु ज्ञानी जीवके हृदयमें ज्ञानका प्रकाश है. 'હું તો ચેતન્યના નૂરના તેજવાળો આત્મા છું એ હું છું. રાગ ને બહારની કોઈ ચીજ મને હલાવી શકે (એવી) તાકાત છે નહીં'. वह आत्मबलसे बलवान है, उसका ज्ञानरूपी शरीर अविनाशी है. આ પરમ પવિત્ર (એમ) આર્યનો અર્થ કર્યો છે. और सप्तभयसे रहित निःशंकित डोलता है. આનંદ નાખ્યું નથી અર્થમાં. ઓલામાં આનંદ નાખ્યો છે પાઠમાં અને અર્થમાં નથી. આનંદ લહતુ હૈ, એવો અર્થ જરી ન નાખ્યો.

સપ્તભયના નામ, લ્યો. કળશ બાવીસ આવી ગયો, નહીં ? કળશ આવી ગયો ? કળશ બોલ્યા નથી નહીં ?

सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमन्ते परं
यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि
सर्वामेव निसर्गनिर्भयतया शङ्कां विहाय स्वयं
जानन्तः स्वमवध्यबोधवपुषं बोधोच्चयवन्ते नहि।।२२।।

સાત ભયના નામ. આ ભયથી ધર્માત્મા રહિત છે. અજ્ઞાની એ ભયથી સહિત છે.

સાત ભયનાં નામ (દોહરા)

इहभव-भय परलोक-भय, मरन-वेदना-जात।
अनरच्छा अनगुप्त-भय, अकस्मात-भय सात॥४८॥

**શબ્દાર્થ :—**આલોક-ભય, પરલોક-ભય, મરણ-ભય, વેદના-ભય, અરક્ષા-ભય, અગુપ્તિ-ભય અને અકસ્માત-ભય—આ સાત ભય છે. ૪૮

**अर्थ :—**इहभव-भय, परलोक-भय, मरणभय, वेदना भय, अनरक्षाभय, अनगुप्ति-भय और अकस्मात भय—ये सात भय हैं॥४८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

લ્યો, સાત નામ. આ લોકનો ભય. એનો અર્થ આવશે. પરલોકનો ભય. આ લોકમાં, કહે, અરેરે! શું થશે? હજી કાંઈ સાધન નહીં ને છોકરા મરી ગયા, બાયડી મરી ગઈ, પૈસા ગયા, શરીરમાં રોગ, શું થશે? એ ભય જ્ઞાનીને હોતો (નથી). પરલોકનો ભય. ક્યાં જશું મરીને? આ દેહ છૂટીને જાશું ક્યાં? એનો ભય ધર્મીને હોતો નથી. નરકમાં જાય તોય એને ભય હોતો નથી એમ કહે છે. પરલોકનો ભય જ નથી. સમજાણું કાંઈ? ભગવાનને પૂછ્યું શ્રેણિકે 'મહારાજ! હું ક્યાં જઈશ?' નરકમાં જઈશ એમ કીધું. છતાં અંતરમાં નિર્ભય છે. સ્થિતિ તો જે પ્રમાણે બહારના જ્ઞેયની થવાની હોય તે થશે. અંતર નિર્ભય છે. ભગવાને કહ્યું છે કે તું તીર્થંકર થવાનો છે એની ખબર છે. નરકમાં જવાનું છે એ પણ એને ખબર છે, છતાં નિર્ભય છે.

અંતર અનુભવમાં આત્મા આનંદમૂર્તિ જ્યાં શાશ્વત.. શાશ્વત.. ધ્રુવ આત્મા અનુભવમાં આવ્યો, હવે એને ભય શાનો? ચાહે તો નરકમાં જાય તોય ખપાવશે કર્મ. નથી આવ્યું? 'યોગીન્દુદેવ, યોગસાર'. એ ભલે નરકમાં જાય, કર્મ ખપે છે. નિર્જરા થઈ છેને. યોગીન્દ્રદેવમાં આવે છે. 'યોગસાર'માં આવે છે કે નહીં? ભલે નરકમાં જાય સમકિતી, કહે છે, તોય એના કર્મ ખપી જાય ત્યાં. કારણ કે એનાથી રહિત અનુભવ દૃષ્ટિ વર્તે છે, એ બધું

ખરતું ખરતું ઝટ જાય છે. છેને શ્લોક છે એમાં. (શ્લોક-૮૮). પૂર્વ કર્મ ક્ષય થાય, જાય તો કોનું? વાંધો નથી એમ. છેને કોકને મોઢે ? (શ્રોતા : સમ્યગ્દ્રષ્ટિ જીવને, દુર્ગતિ ગમન ન થાય, કદી જાય તો દોષ નહિ, પૂર્વ કર્મ ક્ષય થાય). એમ. કદી જાય તો દોષ નહિ, પૂર્વ કર્મ ક્ષય થાય. ને અજ્ઞાની સ્વર્ગમાં અહમિન્દ્ર થાય, તો પણ તે ભયવાળો ને દુઃખી છે. આહાહા ! ને જ્ઞાની નરકમાં જાય. જાય કહેવું, એ પણ સમજાવવાની વાત છે. એ રાગમાં આવતો નથી, પછી નરકની ગતિમાં આવે એ તો છે (નહીં).

વસ્તુસ્વભાવ ચૈતન્ય આનંદ અને જ્ઞાન, એનો એમાં એને વાસ છે. એનો એને એમાં વાસ છે. જ્યાં રાગમાંય વાસ નથી તો વળી શરીરની ક્રિયામાં ને શરીરના સંયોગ મળે એમાં (વાસ) છે એમ કહેવું એ નિમિત્તવસ્તુ શું હતી એનું જ્ઞાન કરાવવાના બધા કથન છે. આહાહા ! ભારે ! વ્યવહારની કથનની શૈલી.. ક્ષાયિક સમકિતી નરકમાં ગયા, લ્યો એમ કહેવાય કે નહીં ? એક કોર કહે કે ધર્મી વ્યવહારથી મુક્ત છે, વ્યવહારને અડતો નથી ને વ્યવહારમાં એ છે જ નહિ. વ્યવહાર એટલે વિકલ્પ. દયા, દાન, વ્રત આદિના વિકલ્પમાં એ છે જ નહિ. આહાહા ! મૂળ રાખીને વાત હોયને. વાત થાય, વ્યવહારે એમ સમજાવે કે અત્યારે નરકગતિનો સંયોગ છે. બસ, સંયોગ છે. એ જ્ઞેય છે, જ્ઞાનનું જ્ઞેય છે. એને ત્યાં (ગતિમાં) છું એમ ક્યાં છે ? હું તો આનંદ અને જ્ઞાનમાં છું. આહાહા ! એ કાંઈ વાત છે? વસ્તુના સ્વરૂપનું ભાન છે. સમજાણું કાંઈ ?

મરણભય. ધર્મીને મરણ... આવશે ખુલાસો બધો. વેદના ભય હોતો નથી. અણરક્ષા. (કોઈ) રક્ષા કરે તો રહું (-ટકું), નહિતર નહીં, એવું નથી. અણગુપ્તનો ભય. એવું નથી. ચોરનો ભય નથી. અકસ્માત ભય. અકસ્માત થઈ જશે કંઈ તો, એકદમ વ્રજ પડશે, એકદમ ભીંસ પડશે... એવો સાત ભય જ્ઞાનીને હોતો નથી. सप्त भयका पृथक्-पृथक् स्वरूप લ્યો.

સાત ભયનું પૃથક્ પૃથક્ સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

दसधा परिग्रह-वियोग-चिंता इह भव,
दुर्गति-गमन भय परलोक मानिये।
प्राननिकौ हरन मरन-भै कहावै सोइ,
रागादिक कष्ट यह वेदना बखानिये।
रच्छक हमारौ कोऊ नांही अनरच्छा भय,
चोर-भै विचार अनगुप्त मन आनिये।

अनचिंत्यौ अबही अचानक कहाधौं होइ,
ऐसौ भय अकस्मात जगतमैं जानिये॥४९॥

**શબ્દાર્થ** :—દસધા=દસ પ્રકારનો. વિયોગ=છૂટવું તે. ચિંતા=ફિકર. દુર્ગતિ=ખોટી ગતિ. [1]અનગુપ્ત=ચોર.

૧. ગુપ્ત=શાહુકાર, અનગુપ્ત=ચોર.

**અર્થ** :—ક્ષેત્ર, વાસ્તુ આદિ દસ પ્રકારના પરિગ્રહનો વિયોગ થવાની ચિંતા કરવી તે આલોકનો ભય છે, કુગતિમાં જન્મ થવાનો ડર લાગવો તે પરલોકભય છે, દસ પ્રકારના પ્રાણોનો વિયોગ થઈ જવાનો ડર રહેવો તે મરણભય છે, રોગ આદિ દુઃખ થવાનો ડર માનવો તે વેદનાભય છે, કોઈ મારો રક્ષક નથી એવી ચિંતા કરવી તે અરક્ષાભય છે, ચોર અને દુશ્મન આવે તો કેવી રીતે બચીશું એવી ચિંતા કરવી તે અગુપ્તિભય છે, અચાનક જ કાંઈક વિપત્તિ આવી ન પડે એવી ચિંતા કરવી તે અકસ્માત-ભય છે. સંસારમાં આવા સાત ભય છે. ૪૯.

**अर्थ** :—क्षेत्र, वास्तु आदि दस प्रकारके परिग्रहका वियोग होनेकी चिंता करना इस भवका भय है, कुगतिमें जन्म होनेका डर मानना परलोक भय है, दस प्रकारके प्राणोंका वियोग हो जानेका डर मानना मरणभय है, रोग आदि दुःख होनेका डर मानना वेदनाभय है, कोई हमारा रक्षक नहीं ऐसी चिंता करना अनरक्षाभय है, चोर व दुश्मन आवे तो कैसे बचेंगे ऐसी चिन्ता करना अगुप्तभय है, अचानक ही कुछ विपत्ति न आ खड़ी हो ऐसी चिंता करना अकस्मातभय है। संसारमें ऐसे ये सात भय है॥४९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન** :

આ ભયનું સ્વરૂપ વર્ણવે છે. दसधा परिग्रह.. ક્ષેત્ર, વાસ્તુ, ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, ઘરવખરો અને ભાંડ આદિ વાસણ—એ કોઈ વયા (ચાલ્યા) જશે, અકસ્માત ચાલ્યા જશે, આ લોકમાંથી આ બધા સાધનો વયા (-ચાલ્યા) જશે, એવો ભય જ્ઞાનીને હોતો નથી. વાસ્તુ એટલે મકાન, ક્ષેત્ર, ચાંદી, સુવર્ણ, ધન, ધાન્ય. આહાહા! (શ્રોતા : મોટર ન આવી?) મોટર! મોટર આવી ગઈ એમાં વાસ્તુ—સાધનમાં. વાહન બધા આવી ગયા એકમાં. દાસી, ધન, ધાન્ય... ધન છેને. સાધન એ ધન છેને. સુવર્ણના ઢગલા પડ્યા હોય, હાય! હાય! કોઈ લઈ જશે, નાશ થઈ જશે, કોઈને ખબર પડશે કે આ ઠેકાણે આ છે—એવો આ લોકનો ભય ધર્મીને હોતો નથી. નિર્જરા (અધિકાર)માં આવે છેને. 'છેદાવ વા ભેદાવ વા અથવા કોઈ લઈ જાવ'. જવાનું હોય એ જાવ. મારી પાસે કાંઈ છે નહીં, મારું

નથી. આહાહા! છેદાવ ને ભેદાવ—બેય. લઈ જાવ, કોક (લઈ) જતું હોય તો ઉપાડી જાવ, અમારી કોઈ ચીજ છે (નહીં). અમને કોઈ ઉપાડી જાય એમ છે નહીં. આહાહા!

આત્મા શાશ્વત ચીજ એનો જ્યાં આદર થઈને અનુભવ થયો, ઉપાદેયપણે અનુભવ્યો, કહે છે, એને આ લોકની ચીજો એનો ભય હોતો નથી. દાસી, દાસ, ભાંડ એટલે વાસણ. दसधा परिग्रह वियोग.. એનો વિયોગની ચિંતા, એનું નામ આ ભવ એમ કહે છે, એનું નામ આ ભવ. આનો વિયોગ થશે, કોઈ લઈ જશે, નાશ થઈ જશે, જીવશું ત્યાં સુધી આ રહેશે છે કે નહીં? રહેવાના મકાન, સાધન, આ બધા ઘરવખરા કર્યા હોયને, મરે ત્યાં સુધીના સાધન બધા તૈયાર હોય આમ જુઓ તો. વીંછી કરડ્યો હોય તો કટકો રાખે છેને, શું કહેવાય? કાળી. એ રાખ્યા. રેકોર્ડનો કટકો છેને. રાખ્યું છે બધી ખપત એકે એક ચીજની, ઓહોહો! શું છે પણ હવે?

એવો વીંછી કરડ્યો હોય ઠાકરીયો મોટો લાંબો કાળો. એક ફેરી જોયું હતું જંગલમાં. એ.. મોટો વીંછી આવડો મોટો, જાણે ડબ્બો હોય મોટો.... એવો. એ તો કરડે તો મરી જ જાય માણસ. ગઢડામાં એક છોકરાને કરડ્યો હતો. મરી ગયો છ કલાકમાં. ગાંઠીયાવાળાનો. એવા આકરા વીંછી એકવાર કરડ્યો હોયને કે બીજાનું જોયું હોયને, રાડ આવી જાય. આહાહા! ધર્મીને કરડ નથી ને એને ભય પણ (નથી). આહાહા! જ્યાં મારાપણું માન્યું છે એમાંથી તો કાંઈ જાતું નથી ને જેમાં મારાપણું નથી માન્યું એ જાય છે તો ભલે જાઓ. એ કાંઈ મારું છે (નહીં). આહાહા! જુઓ, આવા સમકિતી એને નિર્ભય કહીએ ને એને નિર્જરા થાય એમ કહે છે. સમજાણું કાંઈ? એ દસધા પરિગ્રહના વિયોગની ચિંતા એ આ ભવ(નો ભય).

दुर्गति गमन-भय परलोक मानिये, લ્યો. कुगतिमें जन्म होनेका डर मानना परलोक-भय है. ક્યાં જાશું? પશુમાં જશું, નરકમાં જશું, ક્યાં જશું? ડરે એમ. આ તો ભયની વ્યાખ્યા છે. ધર્મીને એ ભય હોતો નથી. प्राननिकौ हरन मरन भै कहावै सोई.. આ પ્રાણ છૂટી જાય છે દસ પ્રાણ—પાંચ ઈન્દ્રિયો, મન, વચન ને કાયા, શ્વાસ ને આયુષ્ય. દસ પ્રાણનું હરણ એ મરણભય. એને મરણભય કહીએ. જ્ઞાનીને એ દસ પ્રાણ જ નથીને જડના. એ દસ પ્રાણ જાય તો કાંઈ એનું ગયું નથી, એ તો જડનું જાય છે, જડનું જાય છે.

સંતોષનો દાખલો નહોતો આપ્યો એક ફેરી? કરોડપતિ હોયને દસ લાખ ખોયા એના દીકરાએ. દાખલો આપ્યો હતો. ખબર છે? ઘણીવાર આપ્યો છે. કરોડપતિ હોયને, છોકરાએ દસ લાખ ખોયા. ના પાડી હોય, એલા કાંઈ કરીશ નહીં ધંધો. હવે આ ઘણું છે. ઓલો કહે, પણ બાપનું વાસી ખાવું, એ કરતાં કાંઈ હું રળું કે નહીં? કર્યો ધંધો ને ખોયા

દસ લાખ. હવે કરવું શું? પોતે જવાય નહીં. બાપ બહુ કડક આકરો. ખોયા એ અપાય નહીં. પૈસા કંઈ પોતા પાસે ન મળે. ભાઈબંધને કહ્યું, જા બાપુ પાસે, દસ લાખ ગણી દે નહીંતર સવારે મોઢું નહીં ભાળે. કારણ કે હું ગૃહસ્થનો દીકરો છું. જે મોઢે નાગરવેલના પાન ચાવ્યા તે મોઢે કોલસા? ના નહીં પડાય કે મારી પાસે નથી. કરોડ પૈસા છે.

એના બાપ પાસે જઈ સંભાળાવ્યું, જુઓ ભાઈ! આ ભાઈએ દસ લાખ ખોયા છે. એ સાંભળીને સટાક દઈને બે-ચાર ચોપડી દીધી સરખાઈની. કોણે કહ્યું હતું? ના પાડી હતી તો... બાપુજી! દ્યો નહિતર મરી જશે. ભલે મરી જાય. રેલ આવે કષાયની પછી કાંઈ... બાપુજી! એક વાત સાંભળશો? કહે. શું? કે તમારે કઈ પછેડી ફાડવી છે હવે. એક-બે વર્ષ છે અને એક કરોડ એને દેવા હતાને તમારે? નેવું લાખ દેજો. એના ગયા કે તમારા? છોટાભાઈ! કોના ગયા? મફતનો શેનો માંડે છે? દસ લાખ એના ગયા. એને હવે નેવું લાખ મળશે. તારે તો લઈ જવાના નથી સાથે. હા, બેટા વાત ભારે કરી તેં. લો, ફરી ગઈ દૃષ્ટિ. ઓલા કહે કે મારા ગયા, ઓલા કહે કે એના ગયા. ચીમનભાઈ! .... દૃષ્ટિમાં ફેરવી નાખ્યું. મારા નહીં, એના ગયા. લઈ જા બેટા જા. એમ દૃષ્ટિમાં મારાપણું માને તો એને દુઃખ હતું. મારી જ જ્યાં નથી ચીજ, ધર્મીને કોઈ ..... રજકણ જ એનો નથી. આહાહા! છોકરા ને બાયડી ને બધું ક્યાં હતું એનું? એ તો બીજી જડની—પરની ચીજ છે.

પ્રાણનું હરણ. શ્વાસ બંધ થઈ જાય, આયુષ્ય પૂરું થઈ જાય, ઇન્દ્રિયો તૂટી જાય, એ મરણભય. ધર્મીને હોય નહીં. ધર્મીનું મરણેય નથી ને પ્રાણેય એના નથી. रोगादिक कष्ट यह वेदना. રોગાદિ આકરા શૂળ ચડે. આહાહા! પાણી નાખે તો રહે નહીં મોઢામાં, પેટમાં. પાણીની થાય ઊલટી, કાં થઈ જાય ઝાડા પાણીના. મોસંબી નાખે એવા ઝાડા. આરે! હવે આ તો ભારે. એવા રોગના કષ્ટથી વેદના—એ ધર્મીને એનો ભય હોતો નથી. આહાહા! रच्छक हमारौ कोऊ नांही अनच्छा-भय.. અમારો રક્ષક નથી એમ કહે છે. कोई हमारा रक्षक नहीं ऐसी चिंता करना अनरक्षाभय है. અમારા રક્ષક કોઈ છે નહીં. પણ અમે પોતે જ તે રક્ષક છીએ અમારા. કોઈ પરચીજ અમારી રક્ષક નથી એવો ધર્મીને ભય હોતો નથી. આહાહા!

चोर-जौ विचार अनगुप्त मन आनिये.. અણગુપ્ત એટલે ચોર, ચોરીનો ભય. ચોર લઈ જશે. अनगुप्त मन आनिये.. अनचिंत्यौ अबही अचानक कहाधौ होई.. अचानक ही कुछ विपत्ति न आ खडी हो ऐसी चिंता करना अकस्मात भय है. અરે, કોઈ સર્પ કરડી જશે, કોઈ સિંહ આવી જશે જંગલમાં, એ અકસ્માત (ભય). આવા ભય જગતમાં હોય છે એમ કહે છે, જુઓને. ऐसौ भय अकस्मात जगतमैं जानिये.. અજ્ઞાનીને આવા ભય હોય

છે. ધર્મીને એ ભય હોતો નથી. હવે કળશ ૨૩મો છેને? એક-એક ભયની વ્યાખ્યા કરે છે.

लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन
श्चिल्लोकं स्वयमेव केवलमयं यं लोकयत्येककः
लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥२३॥

એનું ૫૬

આ ભવ ભય મટાડવાનો ઉપાય (છપ્પા)

नख सिख मित परवांन, ग्यान अवगाह निरक्खत।
आतम अंग अभंग संग, पर धन इम अक्खत॥
छिनभंगुर संसार-विभव, परिवार-भार जसु।
जहां उतपति तहां प्रलय, जासु संजोग विरह तसु॥
परिगह प्रपंच परगट परखि,
इहभव भय उपजै न चित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित॥५०॥

**શબ્દાર્થ** :—નખ સિખ મિત=પગથી માથા સુધી. અવગાહ=વ્યાપ્ત. નિરક્ખત=દેખે છે. અક્ખત=જાણે છે. વિભવ=ધન, સંપતિ, પ્રલય=નાશ. પ્રપંચ=જાળ. પરખિ=જોઈને.

**અર્થ** :—આત્મા પગથી માથા સુધી જ્ઞાનમય છે, નિત્ય છે, શરીર આદિ પર પદાર્થ છે, સંસારનો સર્વ વૈભવ અને કુટુંબીઓનો સમાગમ ક્ષણભંગુર છે, જેની ઉત્પત્તિ છે તેનો નાશ છે, જેનો સંયોગ છે તેનો વિયોગ છે ને પરિગ્રહ–સમૂહ જંજાળ સમાન છે, આ રીતે ચિંતવન કરવાથી ચિત્તમાં આ ભવનો ભય ઊપજતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૦

**अर्थ** :—आत्मा सिरसे पैर तक ज्ञानमयी है, नित्य है, शरीर आदि परपदार्थ है, संसारका सब वैभव और कुटुम्बियोंका समागम क्षणभंगुर है। जिसकी उत्पत्ति है उसका नाश है। जिसका संयोग है उसका वियोग है, और परिग्रह-समूह जंजालके समान है। इस प्रकार चिंतवन करनेसे चित्तमें इस भवका भय नहीं उपजता। ज्ञानी लोग अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप

देखते हैं इससे निःशंक रहते हैं।।५०।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

પોતાના આત્માને આનંદસ્વરૂપ જુએ છે. જ્ઞાનસ્વભાવ શાશ્વત વસ્તુ છે. સત જે છે એ છે. એને જોતાં ધર્મીને આ ભવનો ભય એને નથી. આ ભવની છેને આ વાત? આ ભવનો ભય નથી. नख सिख मित परवांन.. पैरसे सिरकी चोटी तक... આ માથું.. ग्यान अवगाह निरखत... आत्मा सिरसे पैर तक ज्ञानमयी है. मैं तो જ્ઞાનમય ચેતન્ય શાશ્વત વસ્તુ છું. એમાં આ લોકનો ભય આવે ક્યાંથી? એ તો જ્ઞાન જેનું શરીર ને નિત્ય શાશ્વત છું. આહાહા! એને આ લોકનો ભય હોતો નથી.

ग्यान अवगाह निरक्खत, એમ. आतम अंग अभंग. नित्य है.. शरीर आदि परपदार्थ है, લ્યો. निरक्खत—દેખતે हैं. आतम अंग अभंग संग.. અખંડાનંદ પ્રભુમાં ભંગ છે નહીં. आतम अंग अभंग... અર્થમાં શું કર્યું છે? ..शरीर आदि परपदार्थ है, संसारका सब वैभव... ઉપરથી અર્થ કર્યો છે. संग पर धन इम अक्खत, દેખે છે. સંગ આદિ પર છે એમ દેખે છે. હું તો અભંગ છું. સંગ આદિ બધી ચીજો पर धन इम अक्खत.. ધર્માત્મા એમ જોવે છે, 'પરવસ્તુ તે ભિન્ન છે ને હું તો અભંગ છું.' એથી એને આ લોકનો ભય હોતો નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

અરે ભાઈ! ક્રમબદ્ધ એટલે શું? આત્મા જ્ઞાનસ્વરૂપ સર્વજ્ઞ. જેમ સર્વજ્ઞ જ્ઞાન છે, એ જાણે છે. બસ, જાણે છે. થાય છે, એમ જાણે છે. એમ આંહીં થાય તેને જાણનારો જ્ઞાનસ્વભાવ છે. અને તે તે સમયે તે તે થાય છે, તેનું તે તે સમયે તે જ પ્રકારનું જ્ઞાન પોતાથી થાય છે. આહાહા! એટલે પછી રાગથી થાય, એ રહેતું નથી અને આડુંઅવળું થાય, એ પણ રહેતું નથી. અને વ્યવહારથી નિશ્ચય થાય, એ પણ વાત રહેતી નથી.

**નાટક સમયસાર પ્રવચન નં. ૯૯નો અંશ, પાના નં. ૪૩૦**

## પ્રવચન નં. ૮૨, જેઠ વદ અમાસ, મંગળવાર તા. ૨૨-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર પદ ૫૦-૫૧ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક, નિર્જરા અધિકાર છે. ૫૦મો બોલ છે ૫૦. ફરીને. બે લીટી ચાલી હતી. આ ભવનો ભય નિવારણનો ઉપાય. નિર્જરા અધિકાર છે આ. ધર્મીને નિર્જરા થાય છે એ અધિકાર છે. ધર્મી એને કહીએ કે જેને આત્માના આનંદનો અનુભવ થયો હોય, જેને આત્માના આનંદ આગળ દુનિયામાં કોઈ (ચીજમાં) ક્યાંય એને સુખ લાગે નહીં. પુણ્યના ભાવમાંય સુખબુદ્ધિ નહિ ને પાપમાંય નહિ, શરીરમાં નહિ, પરમાં ક્યાંય નહિ. આત્માના આનંદ સિવાય ક્યાંય એને સુખબુદ્ધિ હોતી નથી. એથી એનું ચિત્ત ક્યાંય બીજે ઠરતું નથી. જ્ઞાનાનંદસ્વભાવ આત્માનો છે એવું જેણે અનુભવ્યું છે, જાણ્યું છે, એને ક્ષણે-ક્ષણે સ્વભાવ સન્મુખતા વર્તે છે. તેથી કર્મનો ઉદય આવે એ બધો ખરી જાય છે એમ કહેવું છે અહીં નિર્જરા (અધકિારમાં).

આ ભવ ભય મટાડવાનો ઉપાય (છપ્પા)

नख सिख मित परवांन, ग्यान अवगाह निरक्खत।
आतम अंग अभंग संग, पर धन इम अक्खत॥
छिनभंगुर संसार-विभव, परिवार-भार जसु।
जहां उतपति तहां प्रलय, जासु संजोग विरह तसु॥
परिगह प्रपंच परगट परखि,
इहभव भय उपजै न चित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित॥५०॥

**શબ્દાર્થ** :—નખ સિખ મિત=પગથી માથા સુધી. અવગાહ=વ્યાપ્ત. નિરક્ખત=દેખે છે. અક્ખત=જાણે છે. વિભવ=ધન, સંપત્તિ, પ્રલય=નાશ. પ્રપંચ=જાળ. પરખિ=જોઈને.

**અર્થ** :—આત્મા પગથી માથા સુધી જ્ઞાનમય છે, નિત્ય છે, શરીર આદિ પર પદાર્થ છે, સંસારનો સર્વ વૈભવ અને કુટુંબીઓનો સમાગમ ક્ષણભંગુર છે, જેની ઉત્પત્તિ છે તેનો નાશ છે, જેનો સંયોગ છે તેનો વિયોગ છે ને પરિગ્રહ–સમૂહ જંજાળ સમાન છે, આ રીતે ચિંતવન કરવાથી ચિત્તમાં આ ભવનો ભય ઊપજતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિ:શંક રહે છે. ૫૦

**अर्थ :**—आत्मा सिरसे पैर तक ज्ञानमयी है, नित्य है, शरीर आदि परपदार्थ है, संसारका सब वैभव और कुटुम्बियोंका समागम क्षणभंगुर है। जिसकी उत्पत्ति है उसका नाश है। जिसका संयोग है उसका वियोग है, और परिग्रह-समूह जंजालके समान है। इस प्रकार चिंतवन करनेसे चित्तमें इस भवका भय नहीं उपजता। ज्ञानी लोग अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप देखते हैं इससे निःशंक रहते हैं।।५०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા ! નખથી શિખ. નખથી તે માથા સુધી જ્ઞાન પ્રમાણે હું તો આત્મા છું. નખથી તે શિખ. मित परवांन—મર્યાદા પ્રમાણે. 'હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ ચૈતન્યના પ્રકાશનો પૂર એવો હું આત્મા' એમ ધર્મી જાણતો, ग्यान अवगाह निरक्खत.. પોતે જ્ઞાનસ્વરૂપમાં વ્યાપતો પોતે પોતાને જોવે છે. ग्यान अवगाह.. પુણ્ય ને પાપ ને રાગ આદિમાં એ અવગાહતો નથી. પોતાનું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એ પોતાની સ્થિતિનું અસ્તિત્વ છે એમાં એ અવગાહે છે, વ્યાપે છે. આહા ! એથી એને એ નિરખે છે. હું તો જ્ઞાનસ્વભાવી આત્મા એમ જોનાર, જાણનાર, દેખનાર છે. आतम अंग अभंग.. મારો અંગ તો અભંગ છે, અભેદ છે. એમ જોતા संग पर धन इम अक्खत.. ધન આદિ જેટલો સંગ છે પરનો બધો, (એને) એમ જોવે છે કે બધા નાશવાન છે. અવિનાશી એક હું આત્મા છું. બાકી બધું—પુણ્ય-પાપના રાગથી માંડી બધી લક્ષ્મી, શરીર, સ્ત્રી, કુટુંબ બધું—સંગ જે છે એ પર છે, એ તો નાશવાન છે. આહાહા !

એમ જોતાં.. छिनभंगुर संसार-विभव.. ક્ષણે-ક્ષણે નાશ, ક્ષણે-ક્ષણે નાશ થાય છે. જગતની બધી ચીજો શરીરથી માંડીને, અરે, પુણ્ય-પાપના રાગ આદિ ક્ષણે-ક્ષણે નાશ પામે છે. संसार-विभव परिवारभार जसु.. અને પરિવાર પણ ક્ષણે-ક્ષણે વિલય અવસ્થા—નાશ પામે છે. એમ ધર્મી પોતાના આત્માના અભંગ અંગને જોતો, બીજા બધાના સંગને ભંગ અને નાશવાન જોતો... એમ કહે છે. સમજાણું કાંઈ ? जहां उतपति तहां प्रलय.. જ્યાં ઉત્પન્ન થાય તેનો નાશ થાય. સંયોગો આવે, ઉત્પન્ન થાય, વળી જાય. जासु संयोग विरह तसु.. સંયોગ હોય એનો વિરહ થાય. આહાહા !

'પંચાસ્તિકાય'માં કહ્યું છે કે પર્યાયનો સંયોગ થાય એ પર્યાયનો બીજે સમયે વિરહ થાય—વિયોગ થાય. બીજી ચીજનું તો શું કહેવું ? શરીર આદિ તો જગતની ચીજ માટી ધૂળ છે. બીજા સ્ત્રીનો આત્મા કે એનું શરીર કે કુટુંબ પરિવાર બધો સંયોગ છે એટલે વિયોગ લઈને આવ્યા છે. પણ આત્માની પર્યાય જે ઉત્પન્ન થાય એ સંયોગી છે, ઉત્પન્ન થયું એ સંયોગ છે. બીજે સમયે તેનો વિયોગ થઈ જાય છે. આહાહા !

એવો આત્માનો અભંગ અંગ જોતાં, બધું ક્ષણભંગુર અને સંયોગનો વિરહ, વિરહ એટલે વિયોગ. परिग्रह प्रपंच परगट परखी.. બધો પરિગ્રહ વિકલ્પથી માંડીને બધો પ્રપંચ પ્રગટ. આહાહા! જીવતા પોતાનું જીવન રાગથી અને પરથી જ્યાં ભિન્ન જોયું, એના જીવનમાં આખો પરિગ્રહ પ્રપંચ પ્રગટ નાશવાન દેખાય. ક્યાંય દૃષ્ટિ એની સ્થિર થતી નથી. સ્થિર થઈ છે ત્યાં થઈ છે. ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા છે. इहभव भय उपजै न चित्त.. એવા વિચારકને—આવા ધર્માત્માને આ પ્રકારની વિચારધારાને લઈને આ ભવનો ભય ઉપજતો નથી. આ ભવ એટલે આ બાયડી, છોકરા, કુટુંબ, પરિવાર, શરીર આ બધું આવ્યું એ ચાલ્યું જશે અને હું એકલો રહી જઈશ—એવા ભાવનો ભય ધર્મીને હોતો નથી આહાહા!.

ग्यानी निसंक.. એ તો નિઃશંક નિઃસંદેહ નિર્ભય છે. ભય વિના... મારા સ્વરૂપમાં કોઈ ભય જ નથી. કોઈ અડે એવું નથી. રાગ જેને અડતો નથી, તો વળી બાહ્યચીજનો સ્પર્શ ક્યાં આવ્યો? એમ સમ્યગ્દ્રષ્ટિને—પહેલી ધર્મની શરૂઆતની દૃષ્ટિવાનને આ ભવનો ભય હોતો નથી. निसंक निकलंक.. મારું સ્વરૂપ નિઃશંક નિઃસંદેહ નિઃકલંક છે. મળ—મેલ વિનાનો સ્વભાવભાવ અસ્તિ—સત્તા એવો નિઃકલંક પોતાનું ग्यानरूप निरखंत नित.. એને જ એ જોવે છે, કહે છે. આહાહા! એથી એને આ લોકનો ભય હોતો નથી. જુઓ, આ ધર્મીની દશા! સમ્યગ્દ્રષ્ટિની આ સ્થિતિ! આમ ધર્મને માનવો કે દેવ-ગુરુ-શાસ્ત્ર કે નવ તત્ત્વ સાચા, એ સમ્યક્ નહિ. પોતાના શુદ્ધ અખંડ સ્વભાવ.. સત્ય વસ્તુ તો આ છે.

હવે આ લોકો કહે છેને, આપણે વ્યવહારને નભાવવો અને એમાંથી આત્માની શુદ્ધિ કરવી. કહો, આ શી રીતે થાય? (શ્રોતા : નવી શોધ હશે?) નવી શોધ હશે. અરે, ભગવાન! આહાહા! શું કર્યું તેં? શું કરવું છે? આત્મા અખંડ આનંદકંદ અભંગ અભેદ છે એનો અનુભવ નથી, ત્યાં સાચી વસ્તુ કાંઈ નથી. એ વ્યવહાર-ફ્યવહાર બધા નાશવાન વિકલ્પો (છે.) આહાહા! અને તે વ્યવહારને નભાવતા આત્મા શુદ્ધિ થાય. અરે ભગવાન! શું કરે છે? ભાઈ! દુનિયા રાજી થશે, આત્મા રાજી નહિ થાય. રાજી એટલે આત્માને આનંદ નહિ આવે. વ્યવહારના આચરણનો નભાવ ને સેવન કરતા આનંદ નહિ આવે એને. એ વ્યવહાર આદિ તો બધું નાશવાન છે, એનાથી ભિન્ન મારી ચીજ અખંડ નિઃકલંક છે. એવી દૃષ્ટિના અનુભવ વિના કોઈને ક્ષણે-ક્ષણે નિર્જરા (થતી નથી) ને કર્મનું ગળવું થતું નથી. એ ગમે એવો વ્યવહાર કરે. આહાહા!

ઓલાય કહે કે વ્યવહારનો ઉપદેશ દેવો ને વ્યવહારને (પાળવો.) ચેતનજીએ યાદ કર્યું હતું. આણેય એમ કહ્યું. આહાહા! આનંદઘનજી જેવાય એમ કહે છે, ભાઈ! વ્યવહારે

લખ દોહ્યલા, કાંઈ ન આવે હાથ રે. વ્યવહારે લખ જે રહે તેના ભેદ અનેક રે. શુદ્ધનય સ્થાપતા સેવતા તે રંગે એક પંથ રે.' ભેદથી કાંઈ હાથ નહિ આવે ભાઈ! આહાહા! આવું તો તે એ કહી ગયા છે. કહો. હવે એને ક્યાં... શું થાય? એને એ જાતનું બેઠું હોય અથવા ફરાય નહીં. એ જાતનું બેસે તો સંતોષ થાય, નહીં તો... ધર્મ કરવાની રીત બીજી લાગતી ન હોય તો શું કરે એ?

આંહીં તો કહે છે કે ધર્મી જીવ પોતાના આત્માને નિષ્કલંક વ્યવહારના રાગ વિનાનો (દેખે છે). એમ કહે છે. આહાહા! सदा निष्कलंक और ज्ञानरूप देखते है, દેખો. આહાહા! વ્યવહારનો વિકલ્પ તો કલંક છે. મહાવ્રતનો વિકલ્પ આદિ અથવા ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ. શુભભાવના ત્રણ પ્રકાર છેને. એક ક્રિયાનયનો વિકલ્પ શુભભાવ, એક ભક્તિનો શુભભાવ અને એક ગુણ-ગુણીના ભેદનો શુભભાવ. ત્રણેય રાગ છે, એ દુઃખરૂપ છે. હવે દુઃખરૂપ છે એનાથી આત્માને નિજ સુખરૂપની દશા થાય એ તો કલંક છે. આંહીં તો એમ કહે છે. નિઃશંક નિઃકલંક.. પાછો મેળ છેને ઓલા 'ક'નો પણ. ज्ञानी निसंक निकलंक, એમ પાછું. નિઃશંકનો ઓલો 'ક' પાછો મળવો જોઈએને. निकलंक निज ग्यानरूप, પાછું. પોતાનું જ્ઞાન છે એમ. ભગવાન તીર્થંકરનું ને કેવળીનું પણ નહિ. એનું (જ્ઞાન) એ તો પર છે. આહાહા!

જ્ઞાનરૂપ નિજ... હું તો જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાનની પ્રધાનતાએ આત્માને જ્ઞાનરૂપ વર્ણવ્યો છે. કારણ કે બધા ગુણમાં જ્ઞાન પ્રધાન છે અને સવિકલ્પ છે એ (એટલે કે) સ્વપરને જાણવાની તાકાત(વાળું) છે. એથી આંહીં તો (એમ કહ્યું કે) એકલો જ્ઞાનપ્રકાશની મૂર્તિ આત્મા એ નિષ્કલંક—રાગના કલંક વિનાની ચીજ છે. એમ પોતાના આત્માને જોતા એને ક્ષણે-ક્ષણે અશુદ્ધતા ટળે છે અને કર્મ એને ગળે છે અને શુદ્ધતા વધે છે. ત્રણેને નિર્જરા કહેવાય. શુદ્ધતા વધે એને નિર્જરા કહેવાય અસ્તિની, અશુદ્ધતા ટળે એને નિર્જરા કહેવાય અને કર્મ પર છે એ ગળે એને અસદ્ભૂત વ્યવહારનયે દ્રવ્યનયે બહારની.... આવી વાત છે ભાઈ! માર્ગ એવો છે. વસ્તુ એવી.. વસ્તુ એવી છે. માર્ગ એટલે ભગવાને કાંઈ રચ્યો છે કે આવો માર્ગ તારે કરવો? વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એકલો જ્ઞાનનો પિંડ... બીજામાં આવશે.

એકલો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જેમાં ક્યાંય વિકલ્પની ગંધ નથી, વ્યવહારનો એમાં સ્પર્શ નથી. આહાહા! આ રીતે દૃષ્ટિના સ્વરૂપમાં વસ્તુ આવે કે વસ્તુ એવી છે. સમજાણું કાંઈ? એવડી છે, આવી છે, એવું એને આમ બેસતું નથી. આ ક્યાં દેખાય નહિ, એમ કહે છે. પણ દેખાય નહિ, દેખાય નહિ, એવો નિર્ણય કરે છે કોણ? (શ્રોતા : દેખનારો) એ તો

દેખનારો. દેખનારો એમ કહે છે કે મારો નિર્ણય મને થતો નથી. માળે ભારે વાત, લે ! 'હું મને દેખાતો નથી' એનો અર્થ શું? 'હું આ કાંઈ છું' એ મને દેખાતો નથી, એનો અર્થ શું થયો? 'હું છું' એમ તો સિદ્ધ થયું એને. (શ્રોતા : હું મને દેખાઉં છું.) આહાહા! હું.. આ આત્મા. એમ આવ્યું હતુંને ૭૩માં, નહિ? ૭૩ ગાથા (સમયસાર)માં ભાઈ, નહીં? આ આત્મા અખંડ અનંત પ્રત્યક્ષ, અખંડ પ્રત્યક્ષ અનંત ચિન્માત્ર જ્યોતિ. પહેલી લીટી આવી હતી ૭૩માં.

હું આ આત્મા.. એ ત્યાં નથી. જયપુરમાં નહીં કર્યું હોય. એ નથી ત્યાં. આટલો ફરક. 'હું તો એક પ્રત્યક્ષ છું એ જ મારું સ્વરૂપ છું'. ન જણાઉં અને પરોક્ષ રહું એ વાત જ સ્વરૂપમાં નથી. આહાહા! એવો ભગવાન આત્મા પોતે પોતાને નિજસ્વરૂપે જોતાં, એને કર્મની નિર્જરા (થાય છે), અશુદ્ધતા ટળે છે. આ કાંઈ અપવાસ-બપવાસ કર્યા ને આ કર્યા માટે કર્મ ટળે છે એમ છે નહિ, એમ એ કહે છે. આ ભવના ભય નિવારણના ઉપાયની વાત છે ને આ. પરભવનો ભય નિવારણ. ૫૧ (૫૬). બેનો શ્લોક એક હતો. શ્લોક એક જ હતો, કળશ એક હતો.

પરભવ-ભય મટાડવાનો ઉપાય (છપ્પા)

ग्यानचक्र मम लोक, जासु अवलोक मोख-सुख।
इतर लोक मम नाहिं, नाहिं जिसमाहिं दोख दुख॥
पुन्न सुगतिदातार, पाप दुरगति पद-दायक।
दोऊ खंडित खानि, मैं अखंडित सिवनायक॥
इहविधि विचार परलोक-भय,
नहि व्यापत वरतै सुखित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित॥५१॥

**શબ્દાર્થ :—**જાસુ=જેને. ઇતર=બીજા. ખંડિત=નાશવંત. અખંડિત=અવિનાશી. સિવનાયક=મોક્ષનો રાજા.

**અર્થ :—**જ્ઞાનનો પિંડ આત્મા જ અમારો લોક છે, જેમાં મોક્ષનું સુખ મળે છે. જેમાં દોષ અને દુ:ખ છે એવા સ્વર્ગ આદિ અન્ય લોક મારા નથી ! નથી !! સુગતિ આપનાર પુણ્ય અને દુ:ખદાયક દુર્ગતિનું પદ આપનાર પાપ છે, તે બન્નેય નાશવંત છે અને હું અવિનાશી છું–મોક્ષપુરીનો બાદશાહ છું. એવો વિચાર કરવાથી પરલોકનો ભય સતાવતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિ:શંક રહે

છે. ૫૧

**अर्थ :**—ज्ञानका पिंड आत्मा ही हमारा लोक है, जिसमें मोक्षका सुख मिलता है। जिसमें दोष और दुःख हैं ऐसे स्वर्ग आदि अन्य लोक मेरे नहीं हैं! नहीं हैं!! सुगतिका दाता पुण्य और दुःखदायक दुर्गतिपदका दाता पाप है, सो दोनों ही नाशवान हैं और मैं अविनाशी हूँ—मोक्षपुरीका बादशाह हूँ। ऐसा विचार करनेसे परलोकका भय नहीं सताता। ज्ञानी मनुष्य अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप देखते हैं इससे निःशंक रहते हैं॥५१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

છેલ્લા બે પદ તો એના એ છે. ग्यानचक्र. ચક્ર એટલે પિંડ. જ્ઞાનનો પિંડ આખો અંદર. તે ग्यानचक्र मम लोक,.. તે મારો લોક છે. મારે પરલોક-ફરલોક ને બીજી કોઈ ગતિ-બતિ છે (નહિ.) આહાહા! जासु अवलोक... જેને જોતાં—અવલોકતાં મોક્ષનું સુખ થાય. સ્વરૂપ જ્ઞાનપિંડ એને જોતા આનંદ આવે, એણે આત્માને જોયો—જાણ્યો એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વભાવ એને જોતાં (એટલે) અવલોકતાં.. છેને? નિશ્ચયથી જોતાં મોક્ષનું સુખ એટલે જે મોક્ષમાં સુખ છે એ જ સુખ અહીંયાં આવે છે. આનંદ, અતીન્દ્રિય આનંદનો અનુભવ.. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે છે.

કહે છે કે પોતાને જોતાં—નિજને નિરખતાં.. इतर लोक मम नाहिं.. એ સ્વર્ગ, નર્ક (આદિ) ચાર ગતિ(રુપ) લોક મારો છે જ નહિ. આહાહા! સ્વર્ગ, નર્ક, પશુ કે મનુષ્યનો ભવ—એ લોક મમ નાહિ, એ મારો લોક જ નથી. नाहिं जिसमांहि दोख दुख.. જેમાં દોષ અને દુઃખ છે તે મારો લોક નહિ. ચાર ગતિમાં તો દોષ જ ભર્યા છે. આહાહા! અને દુઃખ છે. આ શેઠાઈના ભવ ને દેવના ભવ, કહે છે કે દોષ અને દુઃખથી ભર્યા છે. બરાબર હશે? જુઓ, જિસમાહિં દોષ ને દુઃખ છે. એટલે કે હું તો નિર્દોષ ને આનંદ(સ્વરુપ) છું. મારો એ લોક છે અને પર લોક પણ, પ્રધાન લોક એ મારો છે. આ લોક સ્વર્ગ આદિ દોષ અને દુઃખથી ભરેલો છે, એ લોક મારો નહિ. આહાહા!

पुन्न सुगतिदातार.. ખુલાસો કરે છે કે જેટલો વ્યવહાર પુણ્યભાવ છે એ તો સ્વર્ગ આપે, પણ એ સ્વર્ગ તો દુઃખ ને દોષથી ભરેલી ગતિ છે. આહાહા! पुन्न सुगतिदातार.. પણ સુગતિ શબ્દ વાપર્યો છેને, કહે છે. (શ્રોતા : એમાં શું? ગતિ જ છેને, સંસાર ગતિમાં નથી જાતા?) પણ પહેલી કીધી છેને કે इतर लोक मम नाहिं. એ સ્વર્ગ આદિ લોક મારો નથી, એમાં તો દોષ ને દુઃખ ભર્યા છે. આહાહા! હું તો ભગવાન આત્મા છું, નિર્દોષ ને આનંદ ભરેલું મારું તત્ત્વ છે. અને ઈતર બીજો લોક છે એ મારો લોક છે નહિ. એટલે અહીં મરીને

ક્યાં જઈશ, એ પ્રશ્ન ઉઠે (નહિ). આહાહા! ક્યાં જઈશ મરીને? ક્યાં જાય? એ પોતે જ પોતામાં છે જ્યાં જાય ત્યાં. ખરેખર તો ધર્મીને સ્વર્ગની ગતિ ને નર્કની ગતિ, એ ગતિનો સ્પર્શેય નથી એને. સમજાણું કાંઈ?

ધર્મનું રૂપ આવું છે. એ કાંઈ સાધારણ દયા પાળવા, વ્રત કરો અને તપસ્યા કર્યા ને ધર્મ (થાય એમ નથી). પણ એવું લોકોને વહાલું લાગેને માળું. માણસ કેટલું ભરાય, લોકો ખુશી થઈ જાય. આ વાત શું લાંબી લાગે છે ને, લ્યો. વ્યવહાર કરશો તો સ્વર્ગ મળશે, આત્મા નહિ, એમ થયુંને આમાં ? એ મારો લોક નથી, એ પુણ્યનું ફળ છે. આહાહા ! વ્યવહાર દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા એવું વ્યવહાર પુણ્ય એ મારો લોક નથી, એવું એનું ફળ છે. આહાહા ! પછી હું ક્યાં જઈશ, એ કાંઈ છે નહિ. હું જ્યાં છું ત્યાં જ છું. ધર્મી તો જ્યાં છે ત્યાં જ છે. જ્ઞાનસ્વરૂપમાં છે. એ રાગમાંય આવતો નથી ને ગતિમાંય જાતો નથી. આહાહા !

पुन्न सुगतिदातार पाप दुरगति पद-दायक... પાપ દુર્ગતિના પદને દે કે જે ઈતર છે, એ મારી ચીજ નથી. આહાહા ! લ્યો, પુણ્યનું ફળ જે છે તે ઈતરલોક છે, એ મારો લોક (નથી.) તો પછી આંહીં પુણ્યને પોતાનું માને એ અજ્ઞાની છે એમ કહે છે. જેનું ફળ ઈતરલોક છે એના કારણને પોતાનું માને, એ તો ઈતરલોકને પોતાનું માન્યું ને ઈતરલોકના કારણને પણ પોતાનું માન્યું. પોતાનો સ્વભાવ રાગ ને પુણ્ય રહિત છે એને જીવને માન્યો નહિ. ભારે ઝીણું પડે માણસને આ! એ તો વસ્તુ આમ... પાછી એવી જ વાત આવશે આંહીં. શિવનો બાદશાહ છે એ તો, મોક્ષપુરીનો બાદશાહ છે. આહાહા! ભગવાન આત્મા મુક્તસ્વરૂપ બાદશાહ છે. બંધન—ફંદન રાગ-ફાગ એને છે જ નહિ. આહાહા ! અત્યારે હોં. दोऊ खंडित खानि... કહે છે કે, પુણ્ય ને પાપના ફળરૂપે ગતિ, એ તો ખંડિત ખાણ છે, અખંડ ખાણ એ છે (નહિ). આહાહા !

'पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमय' આ તો જરી પરસમય—સ્વસમયનો જરી વિચાર આવ્યો બપોરે. ઓલા આનંદઘનજીમાં આવે છેને, કીધું, એણે શું લીધું છે ? એણે પણ પાઠમાં પહેલેથી સ્વસમય લીધો છે. આત્મામાં ઠરે છે એ સ્વસમય, એમ લીધું છે. આ કહે કે સ્વસમય સિદ્ધ જ હોય, ૧૪ (ગુણસ્થાન) સુધીનો હોય તો. અરે! ગજબ વાત છે ને. એમ કહે કે ભઈ, સ્વસમયની જઘન્યતા ચોથે છે અને પૂર્ણતા તેરમે છે. એમ કહે તો ઠીક છે. બારમા સુધી હજી પરસમય કહેવામાં આવે છે. ઓલો રાગ છેને, અશુદ્ધતા છેને, અપૂર્ણતા છેને, વ્યવહારનય છે ખરો. હા, છે, એ પરસમય છેને. રયણસારમાં કહ્યું છે, અંતરાત્મા બારમા ગુણસ્થાન સુધી હજી એને પરસમય કહેવામાં આવે છે. .... ઓલો રાગનો ભાગ છેને એ અપેક્ષાએ. પણ ખરેખર તો દૃષ્ટિમાં એ પરસમયનું સ્વરૂપ જ નથી. આહાહા! એ તો જ્ઞેય તરીકે જ્ઞાનમાં છે એમ વાત છે. એટલે પરિણતિમાં અધૂરી દેખાય

છે, પણ અધૂરી અને જે છે એ બધું ખરેખર તો જ્ઞાનનું જ્ઞેય છે.

એવો અંતરાત્મા, કહે છે, दोऊ खंडित खानि,.. પુણ્ય ને પાપ બેઉ ખંડ—ભાગ છે અને એના ફળ તરીકે ચાર ગતિ મળે એ ખંડિત ખાણ છે. 'હું' मैं अखंडित सिवनायक... આહાહા ! સમકિતી ધર્મી જીવ પોતાને અખંડ શિવનાયક (માને છે). 'હું શિવનાયક, હું તો મોક્ષનો નાયક છું, ગતિનો નાયક (નથી)' એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? આહાહા ! એ સ્વર્ગની ગતિનો હું નાયક નથી એમ કહે છે. આહાહા! પાંચમા આરાના મુનિઓ કે સમકિતીઓ સ્વર્ગમાં જ જાય. આંહીં કહે છે, પણ હું જાતો જ નથીને. જાણે કે આ છે, એટલું. સ્વર્ગ તો પરલોક છે. પરલોક એ અનેરો લોક છે, એ મારો લોક નથી. લોકયંતિ લોકમાં જે મારું જોવાનું—અવલોકવાનું લોક છે એ તો મારી ચીજ અંતરમાં છે. એ કાંઈ બહારમાં છે નહિ.

કહો, मैं अखंडित सिवनायक.. સમ્યગ્દ્રષ્ટિ જીવ એમ સ્વીકારમાં છે કે 'હું તો અખંડ છું. મોક્ષ નામ પવિત્રતાની પૂર્ણતાનો જ હું નાયક છું. હું કોઈ આ ચાર ગતિ ને એનો સ્વામી છું, પરલોક સ્વર્ગની ગતિનો સ્વામી છું કે નર્કગતિનો સ્વામી—એ હું નહિ'. આહા ! સમજાણું કાંઈ ? ગતિ છે એ તો ઉદયભાવ છે. ઉદયભાવ છે એ તો ખંડ-ખંડ વિકારી વિભાવ છે. એનું ફળ એ ગતિ પણ દુઃખરૂપ છે, દોષરૂપ છે. આત્મા દોષ ને ગતિરૂપ હોય એમ કેમ બને ? આસ્રવ વસ્તુ છે તે દોષ છે, ગતિ(રુપ) ઉદયભાવ છે એ આસ્રવતત્ત્વ છે, આહાહા! બહુ ધીરજની વાતો છે ભઈ આ તો. જેને જન્મ-મરણના આરા લાવવા (છે એની) વાત છે આંહીં તો. અવતાર કરવો, એ કહે છે, ખંડ-ખંડ (ભાવ છે). એ અવતાર જ મારો નહિ એમ કહે છે. ખબર નથી મુનિને કે અમે તો પંચમ આરાના (છીએ, તેથી) સ્વર્ગમાં જાશું ? ના, અમે તો ક્યાંય જાતા નથી, અમે તો અમારામાં છીએ. આહાહા! રાગ આદિ છે એ અમારી ચીજ નથી. તો એના ફળ તરીકે સ્વર્ગ આદિ (મળે), એમાં અમે જઈએ છીએ કે એમાં અમે છીએ, (એમ) છે નહિ. આહાહા !

શાસ્ત્રમાં એમ આવે કે સમકિતી વૈમાનિકમાં જ જાય, બીજે ન જાય. એવી કથનશૈલી શાસ્ત્રની... વૈમાનિકમાં જાય, સ્ત્રીમાં ન જાય, નપુંસક ન થાય, નારકી ન થાય, ઢોર ન થાય, આ થાય. આંહીં કહે છે, એ તો એક સંયોગ શું છે એનું જ્ઞાન કરાવ્યું છે. બાકી સમકિતી ક્યાંય જાતો નથી અને કાંઈ થાતો નથી. થાય છે તો જ્ઞાનરૂપ અને જાય છે તો આનંદમાં. આરે, ભારે વાત ભાઈ ! अखंडित सिवनायक.. મોક્ષપુરીનો બાદશાહ. થઈ ગયો મોક્ષ ? સાંભળને ! આંહીં તો પવિત્રતા છે.. પવિત્રતા છે તેનો હું નાયક છું એમ કહેવું છે. શિવનાયક છે ખરુંને ? 'પવિત્રતાનો હું સ્વામી છું. એ ગતિ અને દોષ ને પુણ્ય ને પાપના

ફળ ને પુણ્ય-પાપ—એ મારા નહિ અને હું એનો સ્વામી નહિ'. આહાહા! જુઓ, આ ધર્મદૃષ્ટિ થતા આવી વિધિ ને સ્થિતિ-દશા હોય છે.

इह विधि विचार परलोक-भय.. આ રીતે વિચારતા એને પરલોક ભય નહિ व्यापत.. પરલોક ભય વ્યાપતો જ નથી. અને वरतै सुखी.. આનંદરૂપે વર્તે.. આનંદમાં વર્તે છે. આહાહા! અનાકુળતાના સમાધાનમાં વર્તે છે કહે છે. ग्यानी निसंक निकलंक निज.. ધર્મી જીવ તો નિઃશંક છે, નિઃસંદેહ છે, નિર્ભય છે. 'અખંડ ચૈતન્યસ્વભાવ એ હું છું. એમાં ખંડ-ખંડ પુણ્ય-પાપ અને એના ફળ એ હું નહિ'. એથી એને પરલોક ભય વ્યાપતો (નથી.) પરલોક ભય આવતો નથી, પરલોક ભય દશામાં થાતો નથી. દશામાં ગતિ થતી નથી તો પછી પરલોક ભય ક્યાંથી આવ્યો? એમ કહે છે. આહાહા! દશામાં પરગતિ.. પરગતિ વ્યાપતી નથી. આહાહા! સમજાણું કાંઈ?

જ્ઞાન ... (શ્રોતા : જે હોય નહિ એ એનું શી રીતે?) વ્યાપતી નથી ને શેનો ભય? આહાહા! આવું ચૈતન્યનું સ્વરૂપ ભગવાન બાદશાહનું છે એવી જેને ખબરું નથી, એને ધર્મ થાય અને આવો ધર્મ કર્યા... આહા! શું થાય? અનાદિથી લૂંટાણો છે અને લૂંટાવું એને સારું લાગે છે. પુણ્યભાવમાં લૂંટાઈ ગયો છે એ. ઓલો કહેતો હતોને નહીં તે દિ' ? પરલોકમાં.... નાગલપુરવાળા નહીં? ભાઈ હતાને તે દિ.' બોટાદમાં. હવે પુણ્ય-ધર્મક્રિયા કરવા દયો, સ્વર્ગમાં સુખ તો ભોગવશે, પછી ધર્મ થશે ન્યાં. જૂના માણસ અમારે બોટાદના. નાગલપુર છે જોડે બે ગાઉ. વિસાશ્રીમાળી નહિ સલોદ, સલોદ છેને સલોદ. આમ રીતસર ઠીક.... દસ-બાર ઘર હતા. સલોદ... કારખાનું તાતાનું..... કેશવલાલ કહેતા હતા તે ભાઈ. કેશવભાઈ એનો બાપ.... સલોદ છે કોઈક બીજો. આ કરતા હતા એ બીજો.....

કાંઈ ધર્મની ખબર ન હોય. મહારાજ આવે, સાંભળવું ને આહાર-પાણી નિર્દોષ દેવા, બસ જાવ. ઈ મહારાજેય એમ કહે કે નિર્દોષ પાણી આપે, આહારપાણી લે, બેય સુગતિ જાય, એવો પાઠ છે. .... અમારે હીરાજી મહારાજ બહુ કહે જ્યાં ત્યાં. એમ કે પહેલે દિવસે એ જ કહે, ફરીને આવીએ તો એમના માટે આહાર ન બનાવે. સાધુ માટે આહાર ન બનાવે માટે પહેલેથી જ વાત મૂકે. જુઓ ભાઈ, સાધુ આવે તો આહાર પાણી એમને માટે કરવા નહિ. એને માટે કંઈ પણ પાણી-બાણી કર્યા, ગર્ભમાં ગળાશો એમ કહે. પહેલા તો તરત (પહોંચી) જાય એટલે કંઈ (એને માટે) કરે નહિ. એકદમ જાય. ટાણું હોય ત્યાં આહાર પાણી લઈ લે.. રોટલી બે-ત્રણ... પછી બપોર આ કહે. ફરીવાર આવવું હોયને એટલે.

'સાધુ માટે કાંઈ ન કરાય, પાણીનો બિંદુ પણ ન કરાય. નિર્દોષ આહાર-પાણી દે

અને આહાર-પાણી નિર્દોષ લેનાર.... નિર્દોષ દાતા નિર્દોષ લેનારા, દોઈ ગચ્છંતિ સુગઈ. પાંચમો અધ્યાય છે. એ સુગતિનો અર્થ ત્યાં 'ધર્મ કરે છે' (એમ છે) પાછો. ..... બે ભાગ છે. એમાં આ સો ગાથાનો છેલ્લો શ્લોક છે સોમો. દોઈ ગચ્છંતિ સુગઈ.... હીરાજી મહારાજ અમારા સંપ્રદાયના ગુરુ. નિર્દોષ આહાર-પાણી લેનાર હોં. પાણી-આહારના આ બધા અત્યારે ગોટા વાળે છે એવું નહીં. બિલકુલ પાણી આહાર (નિર્દોષ). અમારે માટે (કરેલો) જરી પાણીનો બિંદુ (હોય તો કહે), નહીં. તરસ્યા રહે, છાસ પી આવે. બિચારાએ માની લીધેલું, ક્રિયાઓ માની લીધેલી, શું થાય?

સારામાં સારા કહેવાતા, હિંદુસ્તાનના હીરા. અત્યારે સ્થાનકવાસીમાં એવું કોઈ છે પણ નહિ એવું. એવી ક્રિયા એમની હતી. હીરાજી મહારાજ હીરા હિન્દુસ્તાનના હીરા. ક્રિયા આવી હતી, બસ. માન્યતા મિથ્યાત્વની. જોયા છે કે નહિ તમે? તમે નહિ જોયા હોય. (સંવત) ૭૪માં ગુજરી ગયા. (શ્રોતા : સુરેન્દ્રનગરમાં મોટી પાલખી કાઢી હતી). હા, પાલખી કાઢી હતી ત્યાં બહાર સુરેન્દ્રનગર. ૭૪, ચૈત્ર વદ આઠમ. ૨૬ ને ૨૭ = ૫૩ વર્ષ થયા. બહુ બિચારા ભદ્રિક હતા, પણ આ તત્ત્વ જ નહોતું, કાંઈ કાને પડ્યું નહોતું.

એ મરી ગયા ત્યારે વીસ વર્ષનો દીકરો મરે એવું લાખોપતિ રોતા. પાંચ-પાંચ લાખના આસામી રાયચંદ ગાંધી બોટાદવાળા. હીરાજી મહારાજનું નામ સાંભળ્યું ગુજરી ગયા, અશ્રુની ધારા હોં.. પાલખી મોટી કરી. આબરૂવાળા હતાને. અમે આવ્યા... અમે પાંચ ગાઉ છેટે હતા. અમે આવ્યા પછી પાલખી ઉપાડી. સાધુ રોવે, આર્જીકા રોવે, ગૃહસ્થો રોવે. વીસ વર્ષનો છોકરો મરી ગયો હોય એમ રોવે, એવો પ્રેમ હતો. માનેલી ક્રિયા હતી બધી એ પ્રમાણે કરતા. આ વાત તો હતી જ નહિ. આહાહા! આંહીં તો કહે છે કે શુભવિકલ્પ છે એ બંધનું કારણ છે. એને ધર્મનું કારણ માને તો એ મિથ્યાત્વ લાગે છે. આહા! એવી વાત બાપુ! એ મારગડા વીતરાગના અંતર, વીતરાગ એટલે આત્મા હોં.

ग्यानी निसंक निकलंक निज.. નિઃકલંક કહો કે વીતરાગ કહો, આત્મા વીતરાગ સ્વરૂપ જ છે. ग्यानरूप निरखंत नित,.. નિત છેને. પોતાના આત્માને તો જ્ઞાતાપણે હંમેશા જોવે છે. રાગવાળો ને ક્રિયાવાળો ને પુણ્યવાળો ને સ્વર્ગમાં જનારો—એમ જોતો નથી. આહાહા! જુઓને, બનારસીદાસે પણ કેટલું ઊંચું (બનાવ્યું છે). હવે મરણનો ભય. (૫૬) બાવન. નીચે શ્લોક ૨૭.

**प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो**
**ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित् ।**

तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो ।
निःशंङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति ।।२७।।

એ વેદનાનો જુદો છે, વેદનાનો જુદો કળશ આવશે. એનું પદ પણ જુદું છે. આ તો એકનું પદ આ છે. મરણભયનું પદ જુદું છે ને વેદનાનું જુદું છે. કળશે ય જુદો અને આ ય જુદું, બેય જુદા છે.

મરણનો ભય મટાડવાનો ઉપાય (છપ્પા)

फरस जीभ नासिका, नैंन अरु श्रवन अच्छ इति।
मन वच तन बल तीन, स्वास उस्वास आउ-थिति।।
ये दस प्रान-विनास, ताहि जग मरन कहिज्जइ।
ग्यान-प्रान संजुगत, जीव तिहुं काल न छिज्जइ।।
यह चिंत करत नहि मरन भय,
नय-प्रवांन जिनवरकथित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।।५२।।

**શબ્દાર્થ** :—ફરસ=સ્પર્શ. નાસિકા=નાક. નૈન=આંખ. શ્રવન=કાન. અચ્છ (અક્ષ)=ઇન્દ્રિય સંજુગત=સહિત કથિત=કહેલું.

**અર્થ** :—સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન—એ પાંચ ઇન્દ્રિયો; મન, વચન, કાયા—એ ત્રણ બળ; શ્વાસોચ્છ્‌વાસ અને આયુષ્ય—આ દસ પ્રાણોના વિયોગને લોકમાં લોકો મરણ કહે છે; પરંતુ આત્મા જ્ઞાનપ્રાણ સંયુક્ત છે તે ત્રણકાળમાં કદી પણ નાશ પામનાર નથી. આ રીતે જિનરાજના કહેલા નય-પ્રમાણ સહિત તત્ત્વસ્વરૂપનું ચિંતવન કરવાથી મરણનો ભય ઊપજતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૨.

**अर्थ** :—स्पर्श, जीभ, नाक, नेत्र और कान ये पांच इन्द्रियाँ, मन, वचन, काय ये तीन बल, श्वासोच्छ्वास और आयु इन दस प्राणोंके वियोगको लोकमें लोग मरण कहते हैं; परंतु आत्मा ज्ञानप्राणसंयुक्त है वह तीनकालमें कभी भी नाश होनेवाला नहीं है। इस प्रकार जिनराजका कहा हुआ नय–प्रमाणसहित तत्त्वस्वरूप चिंतवन करनेसे मरणका भय नहीं उपजता। ज्ञानी मनुष्य अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप देखते हैं इससे निःशंक रहते हैं।।५२।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એ ૨૭મા કળશમાં ઉપર છે. કહે છે કે ધર્માત્મા સમ્યગ્દ્રષ્ટિ એમ પોતાને વિચારે છે કે આ પાંચ ઇન્દ્રિયો જે છે—સ્પર્શ, જીભ, નાક, આંખ, કાન. अच्छ—ઇન્દ્રિયો. 'અચ્છ' છેને (એનો અર્થ) ઇન્દ્રિય છે. (પાંચ ઇન્દ્રિયો), મન, વચન ને તન—મન, વચન ને શરીર—એ ત્રણ બળ અને શ્વાસ ને ઉચ્છવાસ—નવ અને આયુષ્ય. શ્વાસ-ઉચ્છવાસ (મળીને) નવ અને આયુષ્ય—દસમો. એ દસેય જડ છે. એ ये दस प्रान-विनास... ઇન્દ્રિયોનો નાશ, મન-વચન-તનનો નાશ. જુઓ, શરીરનો નાશ, વાણીનો નાશ, મનનો નાશ, શ્વાસોશ્વાસ જડ નાશ, આયુની સ્થિતિનો નાશ—એ બધા નાશવાન પ્રાણ છે. એ ધર્મી એને પોતાના પ્રાણ માનતો નથી. આ ઇન્દ્રિયો મારી છે એમ માનતો નથી એમ કહે છે. આ તો જડની છે. મન, વચન ને તન એ મારા છે એમ માનતો નથી. એ બધા જડના છે. આહાહા! શ્વાસ મારો નથી, એ જડનો છે અને આયુષ્યની સ્થિતિ—શરીરની મુદત એ જડની છે.

दस प्रान—विनास, ताहि जग मरन कहिज्जइ.. એ દસ પ્રાણનો વિયોગ એને દુનિયા મરણ કહે છે. જ્ઞાની એને પોતાના માનતો નથી માટે એને મરણભય હોતો નથી. આહાહા! ग्यान प्रान संजुगत.. ત્યારે મારા પ્રાણ કોણ છે? 'હું તો શાશ્વત ચૈતન્યપ્રાણથી જીવનારો આત્મા છું'. આ દસ પ્રાણથી જીવન એ જીવનું જીવન જ નથી. આહાહા! મનથી... મનનું રહેવું મનબળ એ જડ છે એમ કહે છે. આહાહા! વાણી, કાયા ને શ્વાસ ને આયુષ્ય. દસ પ્રાણનો વિનાશ (થાય) એને જગત મરણ કહે છે. પણ એ પ્રાણ મારા નથી, હું તો જ્ઞાનપ્રાણથી સહિત છું. આવા દસ પ્રાણથી સહિત નથી. દશ પ્રાણથી સહિત નથી, પણ જ્ઞાનપ્રાણથી સહિત છું એમ. આહા!

તમારી ઇન્દ્રિયો મોળી પડી ગઈ છે હોં. ઓલો કહે, હા. વાણી બળ પણ હમણાં જેવું પહેલા હતું એવું નથી. હા. પણ મારું હતું જ નહિ પછી કોને ...? પહેલું જેવું બોલતા એવું અત્યારે બોલી શકતા નથી હોં તમે. હા. પણ શું હા? (શ્રોતા : બોલતો હતો પુદ્‌ગલ). એ તો પુદ્‌ગલની ભાષા હતી. એ પ્રાણ તારું ક્યાં હતું? વચનપ્રાણ એ તારા ક્યાં હતા? આહા! મનપ્રાણેય તારા ક્યાં હતા? શરીર તો છે જ પર. આહાહા! ग्यान प्रान संजुगत.. परंतु आत्मा ज्ञानप्राणसंयुक्त है वह तीनकालमें कभी भी नाश होनेवाला नहीं.. जीव तिहुंकाल न छिज्जइ.

ભગવાન આત્મા... જીવતરશક્તિમાં આવે છે ને. જીવતરશક્તિથી જીવનારો ત્રિકાળ છે. એનો કોઈ દિ નાશ થાતો નથી. શેનું મરણ હોય એને? મરણનો ભય શું? આહાહા!

ग्यान प्रान संजुगत जीव तिहुं काल न छिज्जइ.. ત્રણે કાળમાં ભગવાન જ્ઞાનપ્રાણથી કોઈ દિ' નાશ થતો નથી. શાશ્વત જ્ઞાનપ્રાણથી (સહિત) પ્રભુ છે એવી અંતરની દૃષ્ટિને લઈને ધર્મીને દસ પ્રાણના વિયોગના મરણનો ત્રાસ અને ભય હોતો નથી.

यह चिंत करत नहि मरन भय.. આ રીતે શ્રદ્ધા ને જ્ઞાનમાં વિચારણા હોવાથી એને મરણનો ભય હોઈ શકતો (નથી.) આહાહા! 'દુનિયાને મરણ તણો ભય છે, જ્ઞાનીને આનંદની લહેર જો'. કોણ મરે? કોણ જીવે? એમાં ક્યાં હતો હું કે ટકું? 'હું તો જ્યાં છું ત્યાં છું. એવા મારા પ્રાણનો મારાથી કોઈ દિ' વિયોગ ન થાય'. આહાહા! નિશ્ચય સત્યની વાતો એવી ઝીણી લાગે, પણ સત્ય વસ્તુ તો આ જ છે. (શ્રોતા : ....સાંભળે એટલે સમાધિમરણ કહે....) સમ્યગ્દર્શન વિના સમાધિમરણ કોને કહે પણ ? સાંભળે એટલે શું થયું ? ક્યાં છે સમાધિમરણ કોનું હતું ? (શ્રોતા : આપ કહો છે કે મરણભય ન હોય અને શાસ્ત્રમાં આવે છે સમાધિમરણ?) વાતું કરે છે બધી. સમાધિમરણ કોને કહે? જેને અંતરમાં રાગથી ભિન્ન શાંતસ્વરૂપ આનંદસ્વરૂપ સમાધિસ્વરૂપ છે એવું જેને ભાન થયું છે, એને દેહના છૂટવાકાળે સમાધિ હોય. પણ રાગને પોતાનો માને છે, વિકલ્પનું આચરણ પોતાનું માને છે, આ ક્રિયા શ્વાસ આદિની, મનની, વાણીની મારી છે (એમ માને છે) એ તો મરી જાય છે એમાં ભેગો. આહાહા! સમાધિ ક્યાંથી આવી ?

એક જણ તો પૂછતો હતો નહીં એક માણસ ? 'મહારાજ! અત્યારના પંચમ આરાના સમાધિમરણ તરફડીને મરતા હશે ?' એમ પૂછતો હતો. કારણ કે આ બિચારા વ્રત લઈને બેસે, સમકિત ન મળે ભાન ન મળે. વ્રત લઈને બેસે, પડિક્કમા લઈને બેસે ને મરતા વખતે હાયવોય તરસ.. તરસ.. તરફડિયા મારતા હોય ને દેહ છૂટે. સમાધિમરણ થઈ ગયા. ધૂળેય નથી સમાધી. (શ્રોતા : કહેવાય તો ખરીને સમાધિ ?) ગાંડા જેવા. બીજું શું કહે બહારમાં તો ? આહાહા ! આવું વિચારતાં, આંહીં તો કહે છે, મારા ચૈતન્ય ભાવપ્રાણનો તો મારે કોઈ દિ' વિયોગ હોય નહિ એટલે મરણ કોનું ? દસ પ્રાણ તો નાશવાન છે જ તે. નાશવાન છે એવા થયા. માન્યું હતું એવું થયું. એમાં મને ક્યાં મરણ આવ્યું ? આહાહા! એવો આત્મા અંતરમાં શાશ્વત ચિદાનંદ મૂર્તિ એની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો, એને આ મરણ-બરણ, ફરી ભવ હોતા નથી. આહાહા !

नय प्रवांन जिनवरकथित.. નિશ્ચયનયથી આવી વસ્તુ છે એમ નયથી અને प्रमाणसहित तत्त्वस्वरूप चिंतवन करनेसे... 'ત્રિકાળી દ્રવ્ય છું અને વર્તમાન પર્યાયની પરિણતિ શુદ્ધ છે. એમાં રાગાદિ કે બીજા પ્રાણ મારે છે નહિ.' એમ नय-प्रमाणसहित तत्त्वस्वरूप चिंतवन करनेसे मरणका भय नहीं उपजता, લ્યો जिनवरकथित,.. ભગવાને

જે આત્મા ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ કહ્યું એ નિશ્ચયનય અને એની શુદ્ધ પરિણતી વર્તમાન છે એ વ્યવહારનય. આ દસ પ્રાણે જીવવું એ વ્યવહાર એમ નહિ, એમ કહે છે. ભાવપ્રાણથી પરિણમવું, જીવવું એ વ્યવહારનય અને ત્રિકાળ જે વસ્તુ છે એ નિશ્ચયનય, એમ. હું જ્ઞાનપ્રાણથી, આનંદપ્રાણથી જીવનારો, તો એની પરિણતી જે જ્ઞાન અને આનંદની છે એ વ્યવહારનય છે અને ત્રિકાળ જે છે એ નિશ્ચયનય છે. એમ નય ને પ્રમાણ છે. પણ આ દસ પ્રાણ એ મારા વ્યવહારના છે અને નિશ્ચયપ્રાણ આ છે, એમ નહિ. સમજાણું કાંઈ ?

જે એમાં નથી, એની સાથે પ્રમાણ ને વ્યવહાર ને નિશ્ચય ક્યાંથી સ્થાપવું, એમ કહે છે. એ તો પરમાં છે. જિનવરકથિત–ભગવાને કહ્યું કે નિર્મળ પર્યાય છે એ વ્યવહાર છે. ત્રિકાળી તે નિશ્ચય છે. આહાહા! પ્રાણથી જીવું છું, એમ કહેવું છેને. જ્ઞાન-આનંદ પ્રાણથી જીવું છું. ધ્રુવ તો શાશ્વત છે, પણ એની પરિણતી પણ એ જાતની હોય છે. એથી જિનવરે કહેલું નિશ્ચય તત્ત્વ અને એમણે કહેલી વ્યવહાર પરિણતી—એવા પ્રમાણથી જોતા જ્ઞાની નિઃશંક છે. ધર્મી જીવ નિઃશંક, નિઃસંદેહ છે. નિઃશંક નિઃકલંક છે. એને રાગ આદિનો વ્યવહારનો કલંક છે (નહિ.) આહા!

निज ग्यानरूप निरखंत नित, લ્યો. પોતાને જ્ઞાનરૂપે હંમેશા સદાય (જુએ છે). હું તો જ્ઞાતા-દૃષ્ટા ને આનંદ જ છું. ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. આ જીવન એ મારું જીવન છે. ઓલા વાંધા ઉઠાવ્યા છેને. જીવો અને જીવવા દ્યો, નહીં ? ઓલાએ કહ્યું સ્વરૂપ, ભાઈએ હિતૈષી. જીવો ને જીવવા દ્યો. એવું (હોય) તો તો સંસાર પ્રાણી એ સુખી. જીવો અને જીવવા દયો, એ મહાવીર ભગવાનનો ઉપદેશ છે ? (શ્રોતા : એ તો અંગ્રેજ લોકોનું કહેવું છે એની ખબર જ નથી.) એણે બિચારાએ એમ નાખ્યું તો ઓલાએ ટીકા કરી. કોણ કર? જીવે કોણ ? પ્રાણથી જીવવા દયો એમ ભગવાને કીધું ? પ્રાણ એના છે ? એના નથી ને એનાથી જીવવા દયો, એમ ભગવાન કહે ? આહા !

એમ લોકોએ ઠરાવી દીધું. એમ જ બોલે. મહાવીરનો સંદેશ, જીવો ને જીવવા દયો, એમ બોલે. સ્વાગત થાય ને માણસો બધા ભેગા થાય. જુવાન માણસ બોલે. મહાવીરનો સંદેશ, જીવો ને જીવવા દો. અરે, પણ ભગવાનનો સંદેશ એ છે જ નહિ, સાંભળને ! સાંભળ્યુંય ગોઠે નહીં. ઓલાએ ના પાડી કે નહીં. ભગવાનનો સંદેશ તો આનંદ ને જ્ઞાનના દર્શન, જ્ઞાન, સુખ ને શાંતિ, સત્તાના પ્રાણ જે તારા છે, એ પ્રાણે પર્યાયમાં જીવન કરવું એય વ્યવહાર છે. પરથી જીવવાની વાતેય ક્યાં થાય અનુકૂળ ? જીવે તો આ પણ છે ને મરે છે. એ પ્રાણ તો એના આત્મા છે જ નહિ, એ તો જડના છે.

અશુદ્ધ પ્રાણ એની પર્યાયનાં ગણો તો પણ એ અશુદ્ધ નિશ્ચયથી છે. એના

સ્વભાવના, એના પોતાના નથી. ઓલા તો નથી પણ એની યોગ્યતાથી જીવે છે પર્યાયમાં, એ સંયોગી ભાવ છે. પોતાનો સ્વભાવ નથી, એ પુદ્ગલના જ છે નિશ્ચયથી તો. અશુદ્ધ ભાવપ્રાણ જે છેને. આહાહા! જેનાથી જે થાય તે (એમાં) કરણ આવ્યુંને. કરણ ન આવ્યું? સજ્જાયમાં આવ્યું હતું. પ્રકૃતિ આદિ કરણ... કરણથી નીપજેલા .... જેનાથી નીપજ્યા એ એના. આહાહા ! પુદ્ગલકરણથી નીપજેલા બધા અશુદ્ધભાવો એના નિમિત્તથી, આત્માના નહિ. બહુ આકરું કામ છે જગતને !

ज्ञानरूप निरखंत नित, લ્યો. સદાય પોતે પોતાના સ્વભાવને નિરખે છે એટલે જોવે છે. આંહીં તો પરને જોવે છે એની ના પાડી પાછી. એમ કહે, આ પ્રાણે જીવે છે એમાં પરને જોવે છે, એમ ન આવ્યું. ભઈ દસ પ્રાણ ગયા, નાશ થયા. હતા ને નાશ થયા એને જોવે છે, એમેય ન આવ્યું. પોતે પોતાના જ્ઞાનભાવમાં જે છે એને પોતે જોવે છે. એને ક્ષણે ક્ષણે કર્મની નિર્જરા થાય છે. એને નિર્જરા થાય છે. અપવાસ.... હમણાં બહાર નીકળવું નહિ, પચ્ચકખાણ કરાવો. થઈ ગઈ નિર્જરા ને સમાધિમરણ. એ મરણ ક્યાંથી સમાધિ હતા? આહા ! એ મરણની વાત કરી. હવે વેદનાભયનો શ્લોક છે એ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

---

ઉપાદાન-નિમિત્તના વાંધા, નિશ્ચય-વ્યવહારના વાંધા ને ક્રમબદ્ધ—આ પાંચ બોલો સોનગઢના ચર્ચાય જ્યાં ત્યાં. ઈ પાંચમાં ભૂલ છે. ઈ તો એકમાં ભૂલ તો પાંચમાં ભૂલ છે, એમ લ્યોને. ક્રમબદ્ધને માને અને યથાર્થ સર્વજ્ઞને માને. સર્વજ્ઞ(સ્વરૂપી) છે જીવ. જેમ કેવળી ત્રણકાળ ત્રણલોકને જાણે, એમ આત્મા તો એકલો જાણનાર દેખનાર છે. એવો જો નિર્ણય કરે તો એનો અર્થ જ એ કે ક્રમસર થાય છે, એને જાણનારો રહે અને રાગ આવે એનો જાણનારો રહે. રાગને લઈને જણાય, એમ છે નહિ. એથી નિમિત્તથી—વ્યવહાર થાય ઈ ઊડી જાય છે વાત. અને નિશ્ચય ને વ્યવહાર. નિમિત્ત એ જ વ્યવહાર છે. વ્યવહારથી ત્યાં જ્ઞાન થાય, એમે ય નથી, એ તો જ્ઞાનથી જ્ઞાન થાય છે. નિમિત્તથી જ્ઞાન થાય? એ તો જ્ઞાનનો સ્વભાવ છે એનાથી જ્ઞાન થાય છે.

**નાટક સમયસાર પ્રવચન નં. ૯૬નો અંશ, પાના નં. ૪૨૯**

## પ્રવચન નં. ૮૩, અષાઢ સુદ-૧, બુધવાર, તા. ૨૩-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર પદ-૫૩-૫૪ ઉપર પ્રવચન

સમયસાર નાટક, નિર્જરા દ્વાર. ૨૪મો છે કળશ નીચે. વેદના. ૨૪મો છે ને? ધર્મીને કેમ નિર્જરા થાય છે, એ અધિકાર છે.

एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदाऽनाकुलैः ।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति ।।२४।।

વેદનાભય નિવારણ કરવાનો ઉપાય.

વેદનાનો ભય મટાડવાનો ઉપાય (છપ્પા)

वेदनवारौ जीव, जाहि वेदत सोऊ जिय।
यह वेदना अभंग, सु तौ मम अंग नांहि बिय।।
करम वेदना दुविध, एक सुखमय दुतीय दुख।
दोऊ मोह विकार, पुग्गलाकार बहिरमुख।।
जब यह विवेक मनमहिं धरत,
तब न वेदनाभय विदित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।।५३।।

**શબ્દાર્થ :**—વેદનવારૌ=જાણનાર. જાહિ=જેને. અભંગ=અખંડ. બિય=વ્યાપતી. બહિરમુખ=બાહ્ય.

**અર્થ :**—જીવ જ્ઞાની છે અને જ્ઞાન જીવનું અભંગ અંગ છે, મારા જ્ઞાનરૂપ શરીરમાં જડ કર્મોની વેદનાનો પ્રવેશ થઈ જ શકતો નથી. બન્ને પ્રકારનો સુખ-દુ:ખરૂપ કર્મ-અનુભવ મોહનો વિકાર છે. પૌદ્ગલિક છે ને આત્માથી બાહ્ય છે. આ પ્રકારનો વિવેક જ્યારે મનમાં આવે છે ત્યારે વેદના-જનિત ભય જણાતો નથી. જ્ઞાની પુરુષ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિ:શંક રહે છે. ૫૩.

**अर्थ :**—जीव ज्ञानी है और ज्ञान जीवका अभंग अंग है, मेरे ज्ञानरूप अंगमें जड़ कर्मोंकी

वेदनाका प्रवेश ही नहीं हो सकता। दोनों प्रकारका सुखदुःखरूप कर्म-अनुभव मोहका विकार है, पौद्‌गलिक है और आत्मासे बाह्य है। इस प्रकारका विवेक जब मनमें आता है तब वेदना-जनित भय विदित नहीं होता। ज्ञानी पुरुष अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप देखते हैं इससे निःशंक रहते हैं॥५३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

वेदनवारौ जीव.. ધર્મીને એમ ભાન વર્તે છે કે 'મારે તો સિદ્ધ થાવું છે.' મુક્તિ.. મુક્તિ. તો મુક્તમાં તો અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા વગેરે દશાઓ છે, તો એ દશા પ્રાપ્ત કરવી છે. નિર્જરા કરે છેને. તો એ દશા ક્યાંથી પ્રાપ્ત થશે? એ દશા જેમાં ભરી છે એનાથી પ્રાપ્ત થશે. પૂછ્યું હતુંને હમણાં. છોકરાંને પૂછ્યું હતું, 'એલા (સાદિ) અનંત સિદ્ધ થઈને શું કરવું તમારે? સિદ્ધમાં તો અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ થાય એ ક્યાંથી લાવશો તમે? ક્યાં છે તે લાવશો એને? એ નિમિત્તમાં છે? રાગમાં છે? એક સમયની પર્યાયમાં છે?' છે તો અંદર ધ્રુવમાં ગુણમાં. જ્યાં છે ત્યાં એકાગ્ર થવાથી સિદ્ધપદ થાય. કર્મની નિર્જરા થાય અને પૂર્ણપદની પ્રાપ્તિ થાય. તો એનો અર્થ એ છે કે આત્મામાં અનંત ગુણ જે શક્તિરૂપ બધા પડ્યા છે એમાં એને એકાગ્ર થાવું છે. એને રાગમાં ને નિમિત્તમાં એકાગ્ર થાવું છે? એમાં તો નથી. એ મારામાં નથી. રાગ ને નિમિત્ત મારામાં નથી (અને) એમાંથી પર્યાય પ્રગટ થાય—આવે છે એમ નથી. બરાબર છે? તો એક સમયની વર્તમાન અવસ્થા છે એમાંય નથી, એ તો એક સમયની અવસ્થા છે.

કહે છે કે वेदनवारौ जीव.. હું પોતે જ આનંદનો વેદનારો અને जाहि वेदत सोऊ जिय વેદાય તે હું. બરાબર છે? શું કહે છે એ? ધર્મીએ એમ ભાન, પ્રતીત કર્યું છે કે જે કંઈ પૂર્ણ દશા પ્રાપ્ત થવાની છે, સાધક છેને, તે દશા તો અંતરમાં એકાગ્ર થતાં થાય એવી છે. બરાબર છે? રાગમાં કે નિમિત્તમાં એકાગ્ર થયે એ કંઈ મળે એવું નથી. કારણ કે એમાં છે નહીં. એમ એક સમયની પર્યાયમાં પણ એકાગ્ર થવાથી કંઈ (મળે એવું નથી). એમાં છે નહીં (કે) નવું નીકળે. એથી એમ જ સિદ્ધ થઈ ગયું કે જે ત્રિકાળી વસ્તુ સ્વભાવ છે એમાં જેટલી પર્યાયો પ્રગટ થવાની એ બધી શક્તિરૂપે પડી છે. તો ત્યાં શોધે તો મળશે. બાકી બીજે શોધે તો મળશે (નહીં.) કહો, સમજાણું? એટલે ધર્મીને અંતર્દૃષ્ટિમાં ધ્રુવ ઉપર જ એની આસ્થા છે ને દૃષ્ટિ છે. એકાગ્ર થવાનું એ જ એનું ધ્યેય છે ત્યાં. સમજાણું કાંઈ? એથી કહે છે કે વેદનારો જીવ, એ આનંદનો વેદનારોય હું અને વેદાય તે આનંદ એ પણ હું. એમાં વેદનારો બીજો અને વેદાય કાંઈક રાગ આદિ બીજી ચીજ એવું છે નહીં. આરે, આહા!

वेदनवारौ जीव.. ભગવાન આત્મા, જેમાં અતીન્દ્રિય આનંદ પૂર્ણ આનંદ પડ્યો છે.

પૂર્ણ આનંદ પ્રગટે એવડી એવી તો દશાઓ અનંતી પડી છે. એવો જે જીવ એમ દૃષ્ટિમાં અને અંતર એકાગ્રતામાં લીધો છે, તો કહે છે કે વેદનારો, આનંદનો વેદનારોય હું છું. અને વેદત સોऊ જિય.. વેદાય છે એ પણ જીવ. પોતાનો આનંદ વેદાય છે. વેદનારોય એ અને વેદાય પણ એ જ. સમજાય છે કાંઈ? આહાહા! આ ધર્મ કેમ થાય એની વાત છે. નિર્જરા કેમ થાય એમ છેને? તો એનો અર્થ જ ધર્મ કેમ થાય. કે જે આત્મા અનંત આનંદનો પિંડ પ્રભુ છે એની એકાગ્રતાથી અતીન્દ્રિય આનંદનો વેદનારોય હું અને વેદાય તે પણ મારી આનંદ દશા. વેદનારો આત્મા અને સુખ-દુઃખને વેદે એવું સ્વરૂપમાં છે નહીં. સમજાય છે કાંઈ?

તત્ત્વ એવું સીધું ને સરળ છે, પણ અનાદિથી એની દૃષ્ટિમાં લેવાનો પ્રયત્ન જ કર્યો નથી. આંહીં કહે છે કે ધર્મી એને કહીએ કે જેને આનંદનો વેદનારોય હું અને આનંદ વેદાય એ પણ હું, એને ધર્મી કહીએ. ધર્મીને પુણ્ય-પાપના પરિણામમાં ક્યાંય સુખબુદ્ધિ ઉડી ગઈ છે. શરીરમાં, વાણીમાં, સ્ત્રી-કુટુંબ પરિવારમાં, આબરૂમાં સુખબુદ્ધિ ઉડી ગઈ છે કારણકે એમાં સુખ છે નહીં. અને સુખ જે કાઢવું છે એ તો સુખાનંદ પ્રભુ આત્મા પોતે છે. આહાહા! એવો સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એને, કહે છે કે વેદનારો હું છું. કારણ કે હું તો આનંદમૂર્તિ છું. એ આનંદનો વેદનારો પણ હું અને વેદાય તે પણ મારી દશા છે આનંદની. રાગ અને સુખ-દુઃખની કલ્પના એ મારી દશા નથી કે હું એને વેદું. અને વેદનારો આત્મા ને વેદાય તે રાગ (એમ નથી). આહાહા!

જુઓ, આ વીતરાગી ધર્મ! સર્વજ્ઞ પરમાત્માએ વસ્તુનું સત્ સ્વરૂપ જેવું છે એવું જણાવ્યું, એ આ રીતે છે ભાઈ! અમે એને કાંઈ કર્યું નથી. તારો સ્વભાવ... ભગવાન! તારે સુખી થાવું છેને. અને સુખ તો પાછું કેવું સુખ? પૂર્ણ સુખ. ખરુંને કંઈ થોડું સુખ માગે? તો પૂર્ણ સુખ એ તો અતીન્દ્રિય આનંદનું સુખ છે. હવે એ અતીન્દ્રિય આનંદનું સુખ તારે પ્રાપ્ત કરવું હોય તો ક્યાંથી લાવીશ તું? એ સંયોગોમાં છે ક્યાંય? બાયડી-છોકરાં, કુટુંબ, આબરૂ, પૈસા, ધૂળધમાલ, દાળ-ભાત, પકવાન, મોસંબી, મોટરું, ન્યાં છે? ધૂળમાંય નથી. એ તો પર છે. હવે પુણ્ય-પાપના રાગમાં છે એ? રાગમાં તો આકુળતા છે અને આત્મા તો આકુળતા રહિત છે. આકુળતા સહિત એ આત્મા નહીં. આહાહા!

કહે છે, વેદનવારૌ જીવ.. વેદનવાળો તો હું જીવ છું. આહાહા! ધર્મી—સમકિતીને ધર્મની પહેલી દશા પ્રગટ થાય ત્યાં, આનંદનો વેદનારો હું, વેદાય તે આનંદ એ પણ મારો આનંદ. સમજાય છે કાંઈ? આહાહા! યહ વેદના અભંગ.. મારું આનંદસ્વરૂપ એમાં એકાગ્ર થવાથી જે આનંદ પ્રગટ્યો એ અભંગ છે. એમાં ભંગ પડે એવી ચીજ (નથી). આહાહા! કેમ કે વસ્તુ જેમ અભંગ છે, એને આશ્રયે જે આનંદ પ્રગટ્યો એ પણ અભંગ છે. સંસારની

સુખ-દુઃખની કલ્પનાઓમાં ભંગ-છેદ પડે સંયોગ-વિયોગમાં. સંયોગો વયા (ચાલ્યા) જાય અને બહારમાં ખંડ પડી જાય (તો) દુઃખી થાય. ભગવાન આત્મા... જેને આનંદનું ધામ પ્રભુ આત્મા છે એવું જ્યાં અનુભવ ને દૃષ્ટિમાં આનંદ આવ્યો, એથી ધર્મીને આનંદનું વેદન તે જ અભંગ વેદના છે. આહાહા!

सु तौ मम अंग.. એ અભંગવેદના તો મારું અંગ છે, મારી ચીજ છે એ. नाहिं बिय.. એમાં બીજી વેદના વ્યાપતી નથી. શું કહ્યું સમજાણું આમાં? અસ્તિ-નાસ્તિ કરી. આહાહા! 'હું આત્મા છું અને આત્મા એટલે અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરના સામર્થ્યવાળો હું આત્મા છું. હું પામર નથી, હું અલ્પજ્ઞ નથી, હું વિકારી નથી, હું સંયોગમાં આવતો નથી'. એવો આત્મા દૃષ્ટિમાં અને આશ્રયમાં આવ્યો, કહે છે કે મારે તો આનંદની વેદના અભંગ—અખંડ એક છે. અને એ આનંદની વેદના એ મારો ભાગ છે, એ મારું અંગ છે. સમજાણું કાંઈ? આહાહા! नांहि बिय.. નાહિં વ્યાપતી. રાગ આદિ બીજી વેદના મારામાં છે જ નહીં, રાગથી તો મુક્ત છું. આહાહા! ધર્મી જીવ રાગના વિકલ્પથી મુક્ત છે. એથી મને મારા આનંદની વેદનામાં બીજી વેદના વ્યાપી જાય એમ છે (નહીં.) આહાહા!

આ અનેકાંત છે, આ અનેકાંત (એમ) માણસ માળા કહે છે. સમજાણું કાંઈ? એ તો મિશ્રપણું કહ્યું છે અપેક્ષાથી, બાકી તો ધર્મીને સ્વભાવના વેદનનો ભાગ એ જ પોતાનું અંગ છે. રાગનું વેદન એ એનું અંગ નથી. એથી એ રાગની વેદના સ્વભાવમાં વ્યાપતી નથી એટલે આવતી નથી. આહાહા! કનુભાઈ! ન્યાયથી સમજાય એવું છે. આ તો લોજીકથી વાત ચાલે છે આ. આહા! ભગવાન તું છો ને! છો એમાં શું છે? શું એમાં નથી? શું છે અને શું એમાં નથી? અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એ છે. એવું એમાં એકેય નથી કે જેમાં પૂર્ણતા ન હોય. આહાહા! અત્યારે હોં. આહાહા! જે ક્ષણે દ્રવ્યને સ્વીકાર્યું વસ્તુને તે જ ક્ષણે દ્રવ્યમાં પૂર્ણતા પડી છે અને તેમાં એકાગ્ર થવાની ધારા વહે (છે). આહાહા!

એને સમ્યગ્દ્રષ્ટિ કહીએ, એને ધર્મી કહીએ... આહાહા! બહાર ગોતવા જાય તો બહારથી મળે એવું છે? કહો, ધર્મની દશા ક્યાંય સમ્મેદશિખરથી મળશે? શેત્રુંજયથી મળશે? સમવસરણમાં ભગવાન પાસે જાય ત્યાંથી મળશે? હું પોતે જ આખા આનંદસ્વભાવની શક્તિથી ભરેલો પ્રભુ છું. મારા સમીપમાં હું જાઉં તો મને મળશે. 'સમીપમાં' નો અર્થ એકાગ્રતા. એવી એકાગ્રતાવંતને વેદના રાગની અને સુખ-દુઃખની હોતી નથી. તેથી રાગ આદિ આવે તે ખરી જાય છે એમ કહે છે. આહાહા!

यह वेदना अभंग, सु तौ मम अंग नांहि बिय.. બીજું વ્યાપેલું મારામાં નથી. જુઓ, સમજાય છે કાંઈ ? આહાહા ! ભારે આવો માર્ગ ! એ માર્ગનું સ્વરૂપ જ એવું છે. આહાહા ! વીતરાગે આ જ કહ્યું છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે ઈન્દ્રોની સમક્ષ અને ગણધરોની સમીપમાં વાણીમાં આ કહ્યું હતું. 'ભાઈ ! તું પૂરો છો ને પ્રભુ તારે શોધવું હોય તો ન્યાં શોધજે હોં આહાહા ! બાકી બહારમાં ઝાંવા નાખે કંઈ મળે એવું (નથી)'. આહાહા ! એવો જ્યાં અંતરમાં વસ્તુનો સ્વીકાર થઈને, વસ્તુમાં અનંતા આનંદ અને જ્ઞાન એવો સ્વીકાર દૃષ્ટિમાં થયો, એને તો આનંદનું વેદન છે. આહાહા !

આ વીંછી કરડે ને સર્પ કરડે ને આ વાઘ ખાય છેને. ધર્મીને વેદન જ નથી એમ કહે છે. આહાહા ! વાઘનું તો મોઢું એને અડતું જ નથી. કટકા થાય એ એનામાં થાતા નથી, પણ જરીક અંશ દુઃખના વેદનનો પર્યાય આવે, એ પણ જીવના સ્વભાવમાં વ્યાપતો નથી એમ કહે છે. આહાહા ! એય તંબોળી ! આવું સ્વરૂપ છે. કેમ કે એનો વ્યાપક ભગવાન આત્મા અને એની વ્યાપ્ય તો નિર્મળ દશા છે એમ કહે છે. કેમકે વ્યાપક નામ પ્રસરનારો— ફેલાનારો એ પોતે ભગવાન આત્મા છે. ફેલાઈને શું ફેલાણું ? વિસ્તાર શેનો થયો સમ્યગ્દર્શનમાં? કે શાંતિ અને આનંદનો ફેલાવ થયો. એ આનંદ ને શાંતિનું વ્યાપ્ય આત્માનું (અને) આત્મા વ્યાપક. પણ અંદર સુખ-દુઃખની કલ્પનાનું રાગનું વેદન, એ આત્માનું વેદન નહીં અને આત્મામાં એ વ્યાપતું નથી કારણ કે વ્યાપક એ નથી. સમજાણું કાંઈ? આરે, આવું ભારે સ્વરૂપ ભાઈ !

હજી તો પકડાવું કઠણ શું કહે છે એ. એ વિના એના સમજણ વિના તો ક્યાં પ્રયોગ કરવો, ક્યાં જવું ને ક્યાંથી હઠવું—એની ખબરૂં વિના અથડાયા કરે છે અનાદિથી વિકલ્પમાં, સુખ-દુઃખની વેદનામાં, એમ કહે છે. એ સુખ-દુઃખનું વેદન, અનાદિનો દુઃખી એને દુઃખનું વેદન છે એમ કહે છે. પોતાના આત્માના ભાન વિના, સ્વભાવના સ્વીકાર વિના, રાગનો સ્વીકાર છે તો દુઃખનો સ્વીકાર છે અને દુઃખી છે પ્રાણી. એ શેઠીયા હોય કે રાજા હોય, દુઃખી એકલા છે બિચારા. એમ હશે ? (શ્રોતા : એમ જ છે). એય મોહનભાઈ ! પણ આ છોકરાઓ રળે ૫૦-૫૦ હજાર, લાખ-લાખ રળે, તોય દુઃખી હશે? (શ્રોતા : રળે કોણ પણ ?) રડે છે, રાગમાં રોવે છે બિચારા. આહાહા ! એ રાગભાવ કરીને વેદે છે, એ દુઃખી છે. એ વેદન દુઃખ છે એમ કહે છે અને એ દુઃખનું વેદન મારું છે એ માન્યતા મિથ્યાત્વ છે, એમ આંહીં કહે છે. આહાહા !

અહીંયાં તો ભગવાન આત્મા, જેમાં અનંત આનંદનો રસ પડ્યો છે. એ વસ્તુ જ જ્ઞાનરસ, આનંદરસ સ્વરૂપ છે. આનંદ ને જ્ઞાન એનું સત્ત્વ, એનો ભાવ, એનું તત્ત્વ છે.

ભગવાન આત્માનું સત્ત્વપણું એ તો જ્ઞાન-આનંદ આદિ એનું પણું છે. આહાહા! એવા સ્વભાવનો ધર્મીને સ્વીકાર થતાં એ ધર્મી રાગ ને દ્વેષના વેદનમાં વ્યાપતો નથી અથવા એ વેદન અહીંયાં વ્યાપતું નથી. આહાહા! શું કહ્યું એ? રાગ-દ્વેષનો વિકલ્પ છે એમાં એ પોતે વ્યાપતો નથી અને એ રાગ-દ્વેષની વેદના અહીં વ્યાપતી નથી. આહાહા! ભારે વાત ભાઈ! આવી ધર્મની શરૂઆત થાતી હશે તો આમ થાય છે ? આ તો ઊંચી વાત હશે કોઈ કેવળીની. બાપુ! કેવળી તો ક્યાંય રહી ગયા. કેવળીની અનંતી પર્યાયનો પિંડ તું છો. આ તારી વાત છે. આહાહા! શું કરે?

આંહીં કહે છે, करम वेदना दुविध, एक सुखमय दुतीय दुख.. કર્મના નિમિત્તમાં વેદનમાં કલ્પના સુખની અને દુઃખની છે, એ બેય કર્મવેદના, બેય વિભાવવેદના, બેય દુઃખવેદના છે. दोऊ मोह विकार.. સમજાણું કાંઈ? આ પરમાં ઉમંગ આવીને ઉત્સાહ આવે, પ્રેમ આવે પરમાં. કહે છે કે એ રાગનું વેદન છે, દુઃખનું વેદન છે, એ કર્મના ફળનું અજ્ઞાનનું વેદન છે. એ दोऊ मोह विकार છે. ભગવાન આત્મા નિર્વિકારી સ્વભાવની મૂર્તિ પ્રભુ, જેને આત્મા આવો છે એમ જ્યાં સ્વીકારમાં, અનુભવમાં, પ્રતીતમાં આવ્યો એથી, કહે છે કે એને તો આનંદની વેદના વ્યાપે છે, અતીન્દ્રિય આનંદની વેદના પ્રસરે છે. એ વેદવાયોગ્ય એ અને વેદનારો એ આત્મા. આત્મા વેદનારો અને એ પુણ્ય સુખ-દુઃખની કલ્પનાનું વ્યાપવું, વેદવું વસ્તુમાં નથી. કહો, સમજાય છે કાંઈ ? આરે, ભારે ભાઈ આવો ધર્મ!

હવે ઓલા વ્યવહારમાંથી એને પાછું હઠવું ગોઠતું નથીને કારણ કે એમાં દેખાય કાંઈક.. કરીએ છીએ (એમ) કાંઈક દેખાય. જેમાં હણાઈ જાય છે (એમાં) કરીએ એમ એને દેખાય. (શ્રોતા : કોણ દેખે અજ્ઞાની?) એને ભાન ક્યાં છે પણ એને? આહાહા! કહો, કાંતિભાઈ! આવું સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમાત્માએ એને પ્રગટ કર્યું અને પ્રગટ કરવાની રીત ભગવાને જણાવી. કે 'ભાઈ! જ્યાં એ પડ્યા છે.. તારે જે અનંત આનંદ અને શાંતિ ને સુખ ને અનંત જ્ઞાન પ્રગટ કરવું છે બેહદ આનંદ આદિ, તો એ જ્યાં પડ્યાં છે ત્યાં જાને. એકાગ્ર ત્યાં થા, જ્યાં અંદરમાં પડ્યાં છે ત્યાં એકાગ્ર થા.' એકાગ્ર થનારો ધર્મી એને કર્મના સુખ-દુઃખની કલ્પનાનું વેદન વ્યાપતું (નથી). આહાહા! થોડું છે એને ગણ્યું નથી આંહીં, લ્યો. એ જ્ઞેય તરીકે થઈ ગયું. (શ્રોતા : વ્યાપક નથી....) આહા!

नांहि बिय.. बियનો અર્થ વ્યાપતી કર્યું છે. बिय છેને ઓલું. આવ્યુંને. नांहि बिय.. बियનો અર્થ વ્યાપતી કર્યો છે. આ તો બીજું નથી.. એનો અર્થ કે બીજું વ્યાપતું નથી, એમ. બીજી વેદના એનામાં નથી એટલે વ્યાપતી નથી. સમજાય છે કાંઈ? એની સમજણમાં તો હજી વાત લે કે વસ્તુ આવી છે ને આ રીતે પ્રગટે ત્યારે એને ધર્મ થાય. હવે એની ખબરું વિના ધર્મ થયો.. ધર્મ

થયો.. ધર્મ થયો.. આહાહા! એમ ને એમ એણે અજ્ઞાનમાં કાળ ગુમાવ્યો.

ભગવાન કહે છે કે આવા જીવને નિર્જરા હોય કેમકે ત્યાં એને પોતાના આનંદની વ્યાપ્ય વેદના છે. વ્યાપક પણ આત્મા એટલે કે વેદનારોય આત્મા અને અતીન્દ્રિય આનંદની અવસ્થા વેદાય તે પણ આત્માની દશા છે. કર્મના જે સુખ-દુઃખનો ભેદ.. दोऊ मोह विकार.. આહાહા! અંતરમાં પૈસા દેખીને, સ્ત્રી દેખીને, આબરુ સાંભળીને, કુટુંબ બહોળું છે માટે મને ઠીક—એમ કલ્પના કરીને જે વેદે છે ભાવ, એ તો બધો મોહનો વિકાર છે, કહે છે. સમજાણું કાંઈ ?

पुग्गलाकार बहिरमुख.. ભાષા દેખો. એ તો પુદ્ગલનું સ્વરૂપ છે. ભગવાન! એ સુખ-દુઃખ સંસારની કલ્પનામાં ભાવ એ તો પુદ્ગલનું સ્વરૂપ છે. આકાર એટલે પુદ્ગલનો સ્વભાવ છે. અને એ બહિર્મુખ છે, એ તારા અંતર્મુખ સ્વભાવમાં (છે જ નહીં). આહાહા! અરે! આવી વાત સાંભળવા મળે નહીં, એ કે દિ'... સમજણ કરીને અંદર સ્વનો આશ્રય કરે તો ધર્મ થાય એ વાત ક્યાં રહી ગઈ ઓહોહો! દુર્લભ વાત ઘણી.. ઘણી.. જિંદગી પૂરી થશે. પૂરી થવાને સન્મુખ તો જાય છે. આહાહા! કરવાનું શું એની સૂઝ પડે નહીં પછી કાંઈક ક્યાંક કરે એમ માને છે. આહા! ભારે ભાષા કીધી.

કહે છે, 'ભાઈ! પ્રભુ! તું તો અનાકુળ આનંદસ્વરૂપ છોને આત્મા'. હવે એ આનંદસ્વરૂપમાં તો આનંદનું જ વેદન પ્રગટ થાય કારણકે પ્રસરનારો વ્યાપક તો એ છે. એની દશા વ્યાપ્યરૂપે–કાર્યરૂપે, તો આનંદનું કાર્ય એ એનું વેદન છે. આહાહા! અને આ સુખ-દુઃખની કલ્પના એ બેય દુઃખરૂપ છે, બેય પુદ્ગલાકાર છે, પુદ્ગલસ્વરૂપ છે અને બેય બહિર્મુખ છે. બહિર્લક્ષે ઉત્પન્ન થયેલા ભાવ છે. ધર્મીને એ ભાવ હોતો (નથી). અંતર્મુખી દૃષ્ટિને લઈને, આહાહા! સ્વરૂપ દૃષ્ટિ થઈને જે સ્વરૂપના વેદનની દશા, એ તો સ્વરૂપનો આકાર ને સ્વરૂપનો ભાવ છે. અને આ જે સુખ ને દુઃખની કલ્પના... આહાહા! નોકરી પાંચસોની હોય અને એકદમ હજાર-પાંચ હજારનો પગાર થાય, ખુશી ખુશી થઈ જાય. ભૂખ હોય એટલી, એમાં પાછું જોવે એવું એને શીરો લસલસતો મીઠો, આમ કાંઈ દાંતે ચાવવું ન પડે, આહાહા! કહે છે, ભાઈ! એ વિકારનું વેદન છે, ભાઈ! એ શીરાનું નહીં. એ તો મોહનો વિકાર. આહાહા! એ તારું કાર્ય (નહીં), તારો સ્વભાવ નહીં. આહાહા!

पुग्गलाकार बहिरमुख, जब यह विवेक मनमहिं धरत.. દેખો, બેય જુદાં પાડ્યાને. સુખ-દુઃખની કલ્પના પુદ્ગલસ્વરૂપ, બહિર્મુખ અને વ્યાપક આત્મા અને વ્યાપ્ય એની આનંદદશા.—એમ બેયની વિવેકતાનું–ભિન્નતાનું ભાન થયું. जब यह विवेक मनमहिं धरत.. 'मनमहिं' શબ્દ રાખ્યો છે. ભાવમાં એ જાતનો ખ્યાલ આવ્યો, तब न वेदनामय

विदित.. ત્યારે ધર્મીને વેદનાનો ભય હોતો નથી. મારામાં વેદના વ્યાપતી નથી, હરખ-શોક વ્યાપતા નથી, હું એમાં વ્યાપતો નથી. પછી મને વેદના છે એ ભય હોઈ શકતો (નથી.) આહાહા !

આવું સ્વરૂપ મારું ! આવું ભગવાને કીધું હશે આવું ? (શ્રોતા : ભગવાન જ કહે, ભગવાન સિવાય બીજો કોઈ કહી શકે નહીં.) પણ આ ભગવાને કીધું છે, પણ એમ એક નિશ્ચયનું કીધું છે. પણ પાછો વ્યવહારનું બીજું કાંઈક રહી જાય છે કે નહીં ? એ તો કહ્યુંને અહીંયાં કે વ્યવહારનું જે વેદન છે એ જીવના વ્યાપ્યમાં નથી. એ કીધું. આહાહા ! ધર્મી જીવને તો શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવનો જ્યાં આશ્રય છે ને આદત પડી ગઈ છે તેના અવલંબનની, એથી એને, કહે છે કે આનંદની દશામાં પરિણીત થયેલો એને દુઃખની દશાનું પરિણમન જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહીં હિંમતભાઈ ? ભારે ઝીણી વાતું પડે આવું ! આવો ધર્મ કેમ ચાલે ? માર્ગ તો આ છે પ્રભુ! બીજી રીતે કોઈ કલ્પે ને મનાવે, જિંદગી ચાલી જશે ભાઈ ! અજ્ઞાનમાં, અવિવેકમાં જિંદગી દુઃખી થઈને જીવ ચાલ્યો જશે.

આંહીં તો પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, 'ભાઈ ! તું જે છો એ તો આનંદની ને જ્ઞાનની મૂર્તિ છો. અને તારે અનંત જ્ઞાન અને આનંદ પ્રગટ કરવા છે એ તો પર્યાયમાં અંતરને આશ્રયે પ્રગટ થશે.' એ વસ્તુને આશ્રયે પ્રગટ થશે. આહા ! તો એ વસ્તુની જેને દૃષ્ટિ થઈ એવો જે ધર્મી, એ કહે છે કે પુણ્ય-પાપના હરખ-શોકનું વેદન (મને નથી.) પર જડનું વેદન તો છે જ નહીં. અજ્ઞાનીનેય નથી. શરીરમાં દુઃખ થયું કંઈક પીડા, એ કંઈ શરીરની પીડા ન્યાં છે ? કપાણું એ દુઃખ છે ? એ તો શરીરની અવસ્થા છે, જડની અવસ્થા છે. એમાં અણગોઠતો ભાવ થયો એ દુઃખનું વેદન છે. અને શરીરમાં અનુકૂળતા કદાચ દેખાણી કાંઈક, એ તો જડની અવસ્થા છે. પણ એમાં અનુકૂળતા દેખાણી, આહાહા ! ભારે મજા.. એ તો કલ્પનાના સુખનું, મોહના વિકારનું વેદન છે. એમ મોહના વિકારનું વેદન અને પોતાના આત્માનું વેદન—એ બેયનો વિવેક થવાથી तब न वेदनाभय विदित.. એને ભય થતો નથી. આહાહા !

ग्यानी निसंक निकलंक निज.. દરેકમાં એ શબ્દ વાપર્યો છે. ધર્મી જીવ તો નિઃશંક છે કે સુખદુઃખની કલ્પનાનું વ્યાપવું મારામાં છે નહીં. આહાહા ! ધર્મી સમકિતીને એમ છે કે 'હું તો નિઃશંક શુદ્ધ આનંદ અને જ્ઞાનનો સ્વામી એ નિઃશંક છું. નિઃકલંક—મારામાં એ રાગની વેદના એવા કલંક વિનાની હું ચીજ છું'. આહાહા ! આ ભાવમાં વાત છે હોં. વસ્તુએ આવો જ્યાં ચૈતન્ય ભગવાન સ્વીકાર્યો, શ્રદ્ધામાં અનુભવ્યો, એટલે કહે છે, નિઃશંક છે એ તો. અરે,

વેદના કેવી આકરી આવશે? અને મારું મરણ બગડશે અથવા કંઈક થશે તો શું થશે? શું થાય? હું તો આનંદનો વેદનારો આનંદ લઈને આગળ જવાનો, એમ કહે છે. દુઃખી થઈને વેદના થઈને જાવાનો, એ મારી ચીજ છે (નહીં.) આહાહા!

જુઓ, મરતાં પણ ધર્મી જીવને, મરતાં એટલે દેહના પ્રાણો છૂટવાને કાળે, એને તો આત્માના આનંદના વ્યાપ્ય–વ્યાપકની દૃષ્ટિ અને એની દશા છે. એથી એને મરણનું અને રાગ, દુઃખના વેદનનું વ્યાપવું એમાં છે નહીં. 'જગતને મરણ તણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર.' આરે, આરે! મરે કોણ? જીવતો જીવ અનાદિનો છે એમાં મરે કોણ? જાય કોણ? નવું થાય કોણ? આહાહા! એવો निसंक निकलंक निज.. હું તો નિઃકલંક સ્વરૂપ છું. રાગના વેદનનું કલંક મને નથી. આહાહા! સમજાણું કાંઈ?

ग्यानरूप निरखंत नित.. એ તો આત્માને જ્ઞાનરૂપ, આનંદરૂપ, શાંતિરૂપ, સુખરૂપ निरखंत नित.. નિત્ય એ રીતે જ આત્માને જોવે છે ધર્મી. ધર્મી રાગનાં વેદનવાળો અને કર્મવાળો અને આ વાળો, એ જોતો નથી. આહાહા! હવે આ વાત મૂળની ન મળે અને ઉપરનાં ડાળા–પાંખડાની વાતું. આ વ્રત પાળો ને અહિંસા કરો ને શરીરથી બ્રહ્મચર્ય પાળો ને. અરે ભગવાન! ભાઈ! એ ડાળા-પાંખડા તોડ્યે એ મૂળ નહીં છેદાય. સમજાણું કાંઈ? निरखंत नित निज.. હું તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંત નિર્વિકાર અકષાયસ્વરૂપ છું. એને જોતો નિરખતો જ્ઞાની રાગની વેદના કે દુઃખની વેદનાનો એને ભય હોતો (નથી). છે નહીં પછી ભય કોનો?

અણરક્ષા. અણરક્ષા ભય નિવારણ. કાંઈક રક્ષા કરું તો ઠીક, નહિતર ચાલ્યું જશે તત્ત્વ. અણરક્ષા એ સ્વરૂપમાં છે (નહીં.) સ્વરૂપ તો રક્ષાયેલું અનાદિ અનંત ધ્રુવ છે. આહા! એનો શ્લોક ૨૫મો.

यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति–
ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः ।
अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति ।।२५।।

જ્ઞાનનો, આનંદનો સદાય અનુભવ કરે (છે). આહાહા! विदन्ति.. પ્રત્યક્ષ આનંદ અને જ્ઞાનને વેદે છે એમ કહે છે. એનું પદ.

અરક્ષાનો ભય મટાડાવાનો ઉપાય (છપ્પા)

जो स्ववस्तु सत्तासरूप जगमहिं त्रिकालगत।

तासु विनास न होइ, सहज निहचै प्रवांन मत।।
सो मम आतम दरब, सरवथा नहि सहाय धर।
तिहि कारन रच्छक न होइ, भच्छक न कोइ पर।।
जब इहि प्रकार निरधार किय,
तब अनरच्छा-भय नसित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।।५४।।

**શબ્દાર્થ :—**સ્વવસ્તુ=આત્મપદાર્થ. તાસુ=તેનો. રચ્છક(રક્ષક)=બચાવનાર. ભચ્છક=નાશ કરનાર. નિરધાર=નિશ્ચય.

**અર્થ :—**સત્સ્વરૂપ આત્મવસ્તુ જગતમાં સદા નિત્ય છે, તેનો કદી નાશ થઈ શકતો નથી, એ વાત નિશ્ચયથી નિશ્ચિત છે, તેથી મારો આત્મપદાર્થ કદી કોઈની મદદની અપેક્ષા રાખતો નથી, તેથી આત્માનો ન કોઈ રક્ષક છે, ન કોઈ ભક્ષક છે. આ રીતે જ્યારે નિશ્ચય થઈ જાય છે ત્યારે અરક્ષાભયનો અભાવ થઈ જાય છે. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૪.

**अर्थ :—**सत्स्वरूप आत्मवस्तु जगतमें सदा नित्य है, उसका कभी नाश नहीं हो सकता, यह बात निश्चयनयसे निश्चित है। सो मेरा आत्मपदार्थ कभी किसीकी सहायताकी अपेक्षा नहीं रखता, इससे आत्माका न कोई रक्षक है न कोई भक्षक है। इस प्रकार जब निश्चय हो जाता है तब अनरक्षा-भयका अभाव हो जाता है। ज्ञानी लोग अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप देखते हैं इससे निःशंक रहते हैं।।५४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

મારો કોઈ રક્ષકેય નથી ને મારો કોઈ ભક્ષકેય નથી. આહાહા!

जो स्ववस्तु सत्तासरूप.. મારી ચીજ છે એ હોવાપણે ત્રિકાળી છે, એમાં હોવાપણામાં રાખવું કે નાશ થવું એ હોતું નથી. આહા! सत्स्वरूप आत्मवस्तु जगतमें सदा नित्य है. પ્રભુ આત્મા તો સદાય અવિનાશી છે. આહા! સ્વવસ્તુ.. ધર્મીની સ્વવસ્તુ પોતાનો આત્મા, જે અનાદિ-અનંત નિત્ય ધ્રુવ એ સત્તાસ્વરૂપ છે, હોવાવાળું તત્ત્વ છે. હોવાવાળામાં રક્ષક થવું એમ હોતું (નથી). 'છે' એમાં રક્ષક શું? અને 'છે' એમાં ભક્ષક શું? 'છે' એને ભક્ષ્ય કરે કોણ? 'છે' એની રક્ષા કરે કોણ?

जो स्ववस्तु सत्तासरूप जगमहिं त्रिकालगत.. ત્રણે કાળે ‘છે’ અનાદિઅનંત હું છું, એ હું આત્મા. એવા આત્માની રક્ષા કરું તો રહે, નહિંતર ન રહે એવું એમાં છે નહીં. આ બહારની ચીજ તો જુઓને ....ભેગા કરે, બારણાં કરે, સળિયા પાકા નાખે. (શ્રોતા : કોણ કરે ? એ તો આપે સમજાવી દીધું છે. એ તો એના કારણે....) પણ એ રક્ષા થઈ કહેવાય એને. અરે, કોની રક્ષા કરે ? ભાઈ ! પરની રક્ષા કરી શકે નહીં ને સ્વની રક્ષા હોઈ શકે નહીં. કારણ કે સત્ ત્રિકાળ છે એમાં રક્ષા શેની ? એમ કહે છે. આહાહા !

આ બાયડી-છોકરાંની તો રક્ષા કરી શકે કે નહીં ? (શ્રોતા : કોણ કોની કરે ?) (શ્રોતા : પર છે તો પરની કરે ?) આ પતિ શેનો થયો ત્યારે ? પણ પતિ થયોને ? પત્નીનો પતિ. આ નૃપતિ. રાજા નૃપતિ કહેવાય. ઓલો ઉદ્યોગપતિ (કહે તો) વળી ખુશી થાય. આ ભાઈએ ઉદ્યોગ કરીને પોતાના બાહુબળે પૈસા ભેગા કર્યા ને બહાર ચડ્યા, ઉંચા આવ્યા છે રખડવા. એના વખાણ કરે માળા. એય! રખડવાનું છે, બીજું શું ધૂળમાં છે? આહા !

૫૦ લાખ ભેગાં કર્યાં હોય.. ઉદ્યોગપતિ. (શ્રોતા : અરે હવે ૨૫-૫૦ લાખ તો..) હવે ઝાઝું થઈ ગયું, વાત સાચી. પછી આ મહાજનમાં તો બહુ પૈસા વધી ગયા. એય! ન્યાં તમારે. ધૂળમાંય નથી ત્યાં. હેરાન થઈને મરી જશે. હમણાં કહેતા હતા, નાઈરોબી આવશો? કીધું, પણ તમારામાં ઠેકાણું નથી. નાઈરોબી કોણ... ? કહે, વાત સાચી. ક્યારે ભાગવું પડશે એ ઠેકાણું (નથી). રંગભેદને લઈને.. તમારા ભાઈ કહેતા હતા. ઓલા લલિતાબેનના વર નરશીભાઈ. એમ કહે, ત્યાં આવશોને ? (શ્રોતા : કરોડપતિ છે). કરોડ ગણો... ગણવાં છેને. આહાહા! એ કરોડનો પતિ માને એ મૂઢ મિથ્યા(દ્રષ્ટિ) છે એમ કહે છે આંહીં તો. કરોડ તો જડ ચીજ છે. એનો પતિ આત્મા? આંહીં તો રાગનો પતિ માને કે રાગ મારી ચીજ છે, એ પણ મૂઢ ને અજ્ઞાની છે. આહાહા !

जगमहि त्रिकालगत.. હું તો ત્રણેય કાળે રહેલ ચીજ છું. ધર્મીને પોતાના આત્માની દૃષ્ટિ છે (કે) એ તો ત્રિકાળ રહેનારી ચીજ છે. तासु विनास न होइ, सहज निहचै प्रवांन मत.. એનો નાશ કોઈ દિ’ થાય નહીં. कभी नाश नहीं हो सकता, यह निश्चयनयसे निश्चित है. સ્વભાવિક નિશ્ચયથી પ્રમાણ છે. ત્યારે વળી વ્યવહારનયથી ? વ્યવહારનયથી પર્યાય બદલે છે, એટલું. આહાહા ! એમ કે સ્વભાવિક નિશ્ચયથી આ પ્રમાણમત છે, એમ. પણ એ જ સત્ય છે એમ. આહાહા !

सो मम आतम दरब, सरवथा नहिं सहाय धर.. હું તો આતમદ્રવ્ય–વસ્તુ છું. सरवथा नहिं सहाय. કોઈ સહાય મને છે નહીં એવી હું ચીજ છું. કોઈની સહાય હોય તો હું રહું, રહી શકું, એમ નથી. નિઃસહાય વસ્તુ અનાદિ છે. આહાહા! નિઃસહાય એટલે

પરની સહાય હોય તો આત્મા રહે, ટકી શકે એવો નથી. सो मम आतम दरब, દેખો. ધર્મીને તો મારું આતમદ્રવ્ય, દ્રવ્ય એવું મારું છે. આહા! દ્રવ્ય એટલે શું હશે? આ પૈસા હશે? દ્રવ્ય એટલે વસ્તુ—પદાર્થ. આહા! અનાદિ-અનંત સત્તાવાળી ચીજ હોવાવાળું.. હોવાવાળું.. હોવાવાળું,. હોવું.. હોવું.. હોવું.. એમાં હોવામાં હોવાપણામાં ન હોવું કે દિ' આવે? આહાહા! ધર્મી જીવ પોતાના આતમદ્રવ્યને सरवथा नहिं सहाय धर.. કોઈ એને સહાય કરનાર છે નહીં. આહા!

मेरा आत्मपदार्थ कभी किसीकी सहायताकी अपेक्षा नहीं रखता.. મારી ચીજ છે એને કોઈની અપેક્ષા (નથી). ભઈ, આ અજીવ છે તો જીવ રહે, શરીર છે તો આત્મા રહે, લ્યો, ઇન્દ્રિયો હોય તો ઇન્દ્રિયોનું જ્ઞાન થાય. ઇન્દ્રિય વિના એકલું કોની સહાયથી જ્ઞાન થાય? એવો હું છું જ નહીં. હું તો મારા સ્વભાવથી જ્ઞાન થાય ને સ્વભાવથી આનંદ થાય એવો ત્રિકાળી છું. આનું નામ ધર્મી ને એનું નામ સમ્યગ્દર્શન. આહાહા! सरवथा नहिं सहाय धर.. ભઈ કથંચિત્ તો રાખો, નહિંતર એકાંત થઈ જશે. અહિં તો સર્વથા શબ્દ વાપર્યો છે. આહા! व्यक्त नियतं ततस्त्रातं किमस्यापरैः એમ છેને? મારું રક્ષણ કોણ કરે અપર? अस्यात्राणमतो न किञ्चन भवेत—કિંચિત્ નથી, એમ. સર્વથા મારો કોઈ સહાય કરનાર છે જ નહીં. સર્વથા હું પોતે છું. ભઈ, કથંચિત્ સહાય અને કથંચિત્ અસહાય, એમ રાખો તો અનેકાંત થાય. એ વાત જ ખોટી છે. આહાહા!

સર્વથા હું.. પરથી રક્ષા થાય તો રહું એવો હું છું જ નહીં બિલકુલ. સર્વથા મારું હોવાપણું ત્રિકાળ સત્તાથી સ્વભાવથી શોભિત છે, સર્વથા રક્ષક છું. પરરક્ષા કરે તો રહું એવો હું છું (નહીં.) આહાહા! આ જ્યાં વસ્તુસ્વરૂપ છે ત્યાં વળી સર્વથા ન હોય, ત્યાં વળી કથંચિત્ આમ ને કથંચિત્ આમ એમ હશે? ઓલાએ લખ્યુંને નહીં કાંઈ? સત્ આમ જ છે. અરે આવું સાંભળીને અમને હાસ્ય થાય છે. (શ્રોતા : એને તો હાસ્ય જ થાયને). અરે ભગવાન! ભાઈ! તું છો ત્રિકાળ એમ જ છે. હવે એમાં તને હાસ્ય શું આવ્યું? કહે, હું છુંય ખરો ને હું નથીય ખરો, એમ? તો એ અનેકાંત થાય? આહાહા!

તેથી કહે છેને આમાં જુઓ. तिहि कारन रच्छक न होइ, भच्छक न कोइ पर.. ભગવાન આત્મા શુદ્ધ, શુદ્ધ સત્તાસ્વરૂપ અનાદિ-અનંત હું છું, એમાં કોઈ રક્ષક મારો નથી તેમ મારો કોઈ ભક્ષક નથી. રક્ષક હોય તો ભક્ષક હોય ને ભક્ષક હોય તો રક્ષક હોય. આહાહા! ભઈ, આ મુકામ-બુકામ ઉતારવા હોય તો શેઠીયાની જરૂર પડે, લ્યો. નાથ કહે છેને નાથ. આહા! સ્ત્રીનો નાથ પતિ છે એમ કહેવાય. નાથ શું કરવા? જે મળેલી ચીજની રક્ષા કરે ને અણમળેલીને આપે એને નાથ કહીએ, લો. આંહીં તો મળેલી છે એને એમ ને

એમ રાખે આત્મા. અણમળેલી એટલે અણમળેલું કાંઈ છે જ નહીં.

અણમળેલી સિદ્ધની પર્યાય એ તો થાય છે એમ કહે છે, થશે જ. અનંતી સિદ્ધ પર્યાયોનો પિંડ પ્રભુ, જેણે ભરોસે પ્રતીતમાં થઈ ચડાવી દીધો છે સરાણીએ, એને કેવળજ્ઞાન પ્રગટશે જ. સમજાણું કાંઈ? આહાહા! માળા કહે, આટલું બધું હોય તો (અને) કર્મને કારણે નથી રોકાયેલો, તો પછી કરી દ્યો મોક્ષ અત્યારે લ્યો, એમ કહે છે. એય! અરે ભગવાન! શું કહે છે તું આ? પ્રભુ! તારે ગાળ્યું કો'કની સાંભળીને ખુશી થાવું છે. કર્મ મને હેરાન કરે ને કર્મ મારગ આપે તો થાય ને કર્મને લઈને મને આમ થાય—એવી ગાળ્યું સાંભળવી છે તારે? આહાહા!

'મારી વહુ રાંડી છે માટે હું આવ્યો છું.' આવે છેને? (શ્રોતા : બાપાનો કાગળ આવ્યો છે.) બાપાનો કાગળ છે. દાદાનો કાગળ આવ્યો છે. એલ્યા, પણ અમે તો રોવા મંડ્યા ને અમે તો આવ્યા સામસામે. તું ધણી બેઠો, તારી બાયડી કેમ રાંડી? પણ કાગળ લખ્યો બાપદાદાએ કે તું આવજે, તારી વહુ રાંડી છે (અને) આંહીં એ રોવે છે. છ મહિના-બાર મહિના... ધર્મદાસ ક્ષુલ્લકમાં આવે છે. આહા!

પછી રોવા મંડ્યો ઓલો ભેગો. એ પણ ઘરનો માણસ ખરોને. વાણિયાને રોતાં રોતાં છેલ્લો ઘરનો માણસ રહે. બધા ઉભા થઈ ગયા અને ઓલો ઊભો ન થયો. તો કહે, આ કોણ છે? હવે કોણ છેલ્લો રહી ગયો? કહે, એ તો એનો ધણી. અરે, પણ એ છે ને કોણ રાંડ્યું? શું થયું આ? આ ચિઠ્ઠી રહી. દાદાની ચિઠ્ઠી આવી છે. એમ આ ચિઠ્ઠી રહી, જ્ઞાનાવરણીયે આત્માના જ્ઞાનને રોક્યું છે. દાદાની ચિઠ્ઠી છે. સાંભળને હવે! એના હાથમાં ભગવાનની ચિઠ્ઠી છે એમ કહે. અરે, તને ભાન નથી માળા. અક્કલનાં ખાં. ખાં એટલે કે અક્કલ ખવાઈ ગયેલી છે.

આંહીં કહે છે, तिहि कारन रच्छक न होइ.. હું તો અનાદિ-અનંત પ્રભુ છું. મારી રક્ષા હોય તો રહું એવો હું નથી અને કોઈ મને ભક્ષક કરી જાય એવો હું નથી. जब इहि प्रकार निरधार किय, દેખો. જ્યારે આ પ્રકારનો સ્વરૂપનો નિશ્ચય થયો છે સમકિતીને.. નિરધાર આવ્યુંને. अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप देखते हैं । निश्चय हो जाता हैं. લ્યો. जब इहि प्रकार निरधार આત્મામાં થાય છે સમકિતીને तब अनरच्छा—भय नसित.. અરક્ષાભય એને હોતો નથી, નાશ થઈ જાય છે. આહાહા!

ग्यानी निसंक निकलंक निज.. ધર્મી જીવ તો એને કહીએ કે જેને સ્વરૂપમાં શંકા પડતી નથી કે આ સ્વરૂપ આમ રહેશે કે નહીં રહે. એવો સંદેહ નથી. આહાહા! લ્યો, ભઈ કર્મના એવાં કોઈ જોર આવે તો આત્મા બધું હેરાન-હેરાન થઈ જાય. એલા, એની તને

પ્રતીત કર્મના જોરમાં? તારામાં જોર છે કે હું કેવળજ્ઞાન ક્ષણમાં લઉં એની તને પ્રતીત નહીં? એક ક્ષણમાં જાગ્યો એટલે પૂર્ણ કરી દઉં હું, એવો હું છું. એને કોઈ રાખનાર-રોકનાર કોઈ છે (નહીં). આહાહા! રોકનાર એટલે ભક્ષક કીધુંને. આવું કરું તો એમાં કોઈ રક્ષક હોય તો આવું થાય, નહીંતર ભક્ષણ થઈ જશે, કોઈ પાછું નાશ કરી દેશે.

ભગવાન આત્મા ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુ, એનો જ્યાં નિર્ધાર અંતરનો અનુભવ કરીને થયો, એ તો પોતાને નિઃશંક માને છે. નિઃસંદેહ. પૂર્ણાનંદનો નાથ જ હું છું. મારામાં રક્ષક હોય તો રહું અને ભક્ષક આવે તો નાશ થઈ જાઉં એવો છું નહીં. આહા! અજગર ગળી જાય છેને આખો.... અજગર એને કહે છે ને. 'અજ' એટલે બોકડો. ઓલો અજગર હોય ને. ગર એટલે ગળી જાય. બોકડો ગળી જાય એટલે અજગર કહે. આખું ગળી જાય. એમ મારા આખા તત્ત્વને કોઈ ગળી જશે. પણ હોય એને ગળે કોણ? આહાહા! છે, છે ને છે. આહાહા! એવી મહાસત્તાનું હોવાપણું દૃષ્ટિમાં આવ્યું, કહે છે, નિઃકલંક છું હું તો. કલંક-બલંક મને છે નહીં. निज ग्यानरूप.. પોતાને આનંદ અને જ્ઞાનરૂપ જોતો હું તો જ્ઞાનરૂપ છું. વિકારરૂપ એ રૂપે પણ હું (નથી). એમ निरखंत नित.. સદા પોતાને જ્ઞાનસ્વભાવી નિત્ય જોવે છે. તેથી તેને રાગ ને દ્વેષ આવ્યા એ નિર્જરી જાય છે અને ગળી જાય એને નિર્જરા થાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૮૪, અષાઢ સુદ-૨, ગુરુવાર, તા. ૨૪-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર, પદ ૫૫-૫૬-૫૭ ઉપર પ્રવચન

૨૬મો કળશ. નિર્જરા દ્વાર. સાત ભયનું વર્ણન આવે છે. ધર્મી ભયરહિત છે. એમાં આ ચોર-ભય નિવારણ. એનો ૨૬મો કળશ.

स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न यत्
शक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।
अस्यागुप्तिरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निःशङ्कं सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥२६॥

ચોર-ભય મટાડવાનો ઉપાય (છપ્પા)

परम रूप परतच्छ जासु लच्छन चिन्मंडित।
पर प्रवेस तहां नाहिं, माहिं महि अगम अखंडित॥
सो ममरूप अनूप, अकृत अनमित अटूट धन।
ताहि चोर किम गहै, ठौर नहि लहै और जन।
चितवंत एम धरि ध्यान जब,
तब अगुप्त भय उपसमित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित॥५५॥

**શબ્દાર્થ :—**પરતચ્છ (પ્રત્યક્ષ)=સાક્ષાત્. પ્રવેસ=પહોંચ. મહિ=પૃથ્વી. અકૃત=સ્વયંસિદ્ધ. અનમિત=અપાર. અટૂટ=અક્ષય. ઠૌર=સ્થાન. અગુપ્ત=ચોર. ઉપસમિત=રહેતો નથી, દૂર થાય છે.

**અર્થ :—**આત્મા સાક્ષાત્ પરમાત્મારૂપ છે, જ્ઞાનલક્ષણથી વિભૂષિત છે, તેની અગમ્ય અને નિત્ય ભૂમિમાં પરદ્રવ્યનો પ્રવેશ નથી. તેથી મારું ધન અનુપમ, સ્વયંસિદ્ધ, અપરંપાર અને અક્ષય છે, તેને ચોર કેવી રીતે લઈ શકે? બીજા મનુષ્યોને પહોંચવાનું તેમાં સ્થાન જ નથી. જ્યારે આવું ચિંતવન કરવામાં આવે છે ત્યારે ચોર-ભય રહેતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિ:શંક રહે છે. ૫૫.

**अर्थ :—**आत्मा साक्षात् परमात्मारूप है, ज्ञानलक्षणसे विभूषित है, उसकी अगम्य और

नित्य भूमि पर परद्रव्यका प्रवेश नहीं है। इससे मेरा धन अनुपम, स्वयंसिद्ध, अपंरपार और अक्षय है, उसे चोर कैसे ले सकता है? दूसरे मनुष्यके पहुँचनेको उसमें स्थान ही नहीं है। जब ऐसा चिंतवन किया जाता है तब अगुप्त-भय नहीं रहता। ज्ञानी लोग अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप देखते हैं इससे निःशंक रहते हैं।।५५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ધર્મી નામ સમ્યગ્દ્રષ્ટિની ભાવના, એની વિચારણા છે કે परम रूप परतच्छ.. હું તો પરમસ્વરૂપ પ્રત્યક્ષ પરમાત્મસ્વરૂપ જ છું. પરમસ્વરૂપ એટલે ત્રિકાળી પ્રત્યક્ષ પરમાત્મા—પરમ આત્મા—પરમસ્વરૂપ. એવો જે આત્મા પ્રત્યક્ષ.. પ્રત્યક્ષ છે એમ કહે છે. જ્ઞાનના સ્વસંવેદનથી એ પ્રત્યક્ષ છે. એવું મારું સ્વરૂપ जासु लच्छन चिन्मंडित.. જેનું લક્ષણ જ્ઞાન સહિત છે, જ્ઞાનથી શોભાયમાન છે. જ્ઞાન એનું લક્ષણ છે એનાથી તે શોભાયમાન છે, સહિત છે, વિભૂષિત છે. અર્થમાં એમ કહ્યું છે મંડિતનો અર્થ. ज्ञान लक्षणसे विभूषित. મંડિત શબ્દ ખરોને.

चिन्मंडित.. મારું સ્વરૂપ જ જ્ઞાનથી વિભૂષિત છે. એવો આત્મા હું, એમાં पर प्रवेश तहां नाहिं.. એમાં કોઈનો પ્રવેશ છે નહીં. પ્રવેશ નથી તેને કોણ લૂટે? ચોરનો ભય એમાં (નથી કારણ કે) પરનો પ્રવેશ જ નથી એમાં. परप्र ावेस तहां नाहिं, माहिं महि अगम अखंडित.. એ તો પૃથ્વીમાં—જગતની અંદર મારી ચીજ જ અતીન્દ્રિય અખંડિત છે. नित्य भूमि पर परद्रव्यका प्रवेश नहीं है એમ ભેગું કર્યું છે. મારી ભૂમિ જ माहिं महि अगम છે. મારી અસંખ્ય પ્રદેશી ધ્રુવ ભૂમિ એ કોઈને ગમ્ય છે (નહીં). બીજાને ગમ્ય નથી કે એમાં પ્રવેશ કરે. पर प्रवेस तहां नाहिं माहिं महि अगम अखंडित. બીજા પદાર્થથી અગમ્ય છે, ઈન્દ્રિયથી પણ અગમ્ય છે. અખંડિત છે.

सो ममरूप अनूप.. એ મારું સ્વરૂપ તો અનૂપ (એટલે કે) ઉપમા વિનાની ચીજ છે. 'ચૈતન્ય મહાપદાર્થ પરમાત્મ ભગવાન સ્વરૂપ જ હું છું' એમ જેને અંતરમાં ભાસ્યું છે, એને अकृत—અણકરાયેલી ચીજ છું. એ કરેલી ચીજ નથી, અકૃત છે. અનાદિ-અનંત હું આત્મા બનેલો નથી નવો, છે એ અનાદિથી છે. अटूट धन.. એ મારું ધન તો નાશ ન થાય એવું છે. આ દુનિયાની લક્ષ્મી તો નાશ થઈ જાય, લ્યો. અક્ષય છે. મેરા ધન અનુપમ છે, સ્વયંસિદ્ધ છે. અપરંપાર અને અક્ષય છે, એમ લખ્યું છે. એવું જે મારું સ્વરૂપ એમાં કોણ પ્રવેશ કરે કે એને લઈ જાય કે લૂંટી જાય? આહાહા!

अनमित.. પ્રમાણ વિનાની—મર્યાદા વિનાની ચીજ છે એ વસ્તુ મહા. अटूट धन છે. ताहि चोर किम गहै.. ચોર કેમ એને ઉપાડે? નિત્યાનંદ પ્રભુ હું એને કોણ ઉપાડે? જેમાં

ગમ્ય નથી પરની, પરનો પ્રવેશ નથી, પર જેમાં ઝાંખી નાંખીને જોવે એવી એ ચીજ (નથી). किम गहै ठारै नहि लहै.. એના સ્થાનને બીજો પામે જ નહીં તો શું લે? એમ કહે છે. કોઈ ગામમાં એક વસ્તુ હોય, કોઈ ગામમાં ઓલામાં ... સગવડતા આપે તો જરી ત્યાં જઈ આવે. મારા સ્થાનને નહીં લહૈ. મારું સ્થાન અસંખ્ય પ્રદેશી આનંદઘન છે એવા સ્થાનને બીજો પામી શકે નહીં. और जन.. મારા સિવાય અનેરાઓ એ ઘનમાં પ્રવેશ કરતા નથી. બહુ સ્પષ્ટ ઘણું સરસ કર્યું છે. આ શ્લોકો... चितवंत एम धरि ध्यान जब.. એમ પોતાનાં સ્વરૂપ તરફની સાવધાનીના ધ્યાનમાં આવી ભાવનામાં હોય છે. तब अगुप्त भय उपसमित.. ચોરનો ભય ત્યાં ઠરી જાય છે (એટલે) ચોર-ભય રહેતો (નથી). આહાહા!

ज्ञानी निसंक निकलंक निज.. ધર્મી તો નિઃશંક છે, નિઃસંદેહ છે. અખંડ આત્મા ધ્રુવ નિત્ય હું છું એમાં નિષ્કલંક છે. એને કોઈ કલંક છે નહીં. સંસારનો વિકલ્પ પણ જે સ્વરૂપમાં નથી એવું નિષ્કલંક સ્વરૂપ છે. એને કોણ પ્રવેશ કરે ? અને એ સ્થાનને કોણ પહોંચે કે જે સ્થાનમાં આવીને એને લઈ જાય? (શ્રોતા : ન લઈ જાય). આહાહા! અને એ જ મારી ચીજ છે એમ કહે છે. ગમ્ય એટલે મારી ચીજ આ છે. કોઈ રાગ આદિ કે પરવસ્તુ એ મારી ચીજ છે નહીં. આહાહા! ज्ञानी निसंक निकलंक निज ग्यानरूप.. પોતાના જ્ઞાનસ્વરૂપને એટલે આત્મસ્વરૂપને निरखंत नित.. સદા તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ હોય છે. આહાહા! કહો, આ તો સમ્યગ્દ્રષ્ટિની વાત છે. આ કંઈ મુનિની, કેવળીની વાત નથી. આ તો પહેલે જ ધર્મની વાત છે. આવું એનું સ્વરૂપ છે એવું એને અનુભવમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ग्यान निरखंत नित, લ્યો. એ ચોર-ભયનું નિવારણ કહ્યું. હવે અકસ્માત-ભય નિવારણ. ૨૮મો પદ.

एकं ज्ञानमनाद्यनन्तमचलं सिद्धं किलैतत्स्वतो
यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः।
तन्नाकस्मिकमत्र किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥२८॥

सदा ને सतत બે જોડે આપ્યું. નિરંતર આત્મા પોતાના સતત સ્વભાવ કાયમ રહેનારો એને જોવે છે. જોવે છે એટલે એને અનુભવે છે. એનું પદ ૫૬. अकस्मात भय निवारण करनेका उपाय.

सुद्ध बुद्ध अविरुद्ध. ઓલામાંય આવે છે .... સુખકંદ. अब हम कब हु न निजघर आये એમાં આવે છે. सुद्ध बुद्ध अविरुद्ध. હિન્દી લોકો બોલે છે.....

અકસ્માત ભય મટાડવાનો ઉપાય (છપ્પા)

सुद्ध बुद्ध अविरुद्ध, सहज सुसमृद्ध सिद्ध सम।
अलख अनादि अनंत, अतुल अविचल सरूप मम।।
चिद्विलास परगास, वीत-विकलप सुखथानक।
जहाँ दुविधा नहि कोइ, होइ तहां कछु न अचानक।।
जब यह विचार उपजंत तब,
अकस्मात भय नहि उदित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।।५६।।

**શબ્દાર્થ :—**સુદ્ધ=કર્મકલંક રહિત. બુદ્ધ=કેવળજ્ઞાની. અવિરુદ્ધ=વીતરાગ. સમૃદ્ધ=વૈભવશાળી. અલખ=અરૂપી અતુલ=ઉપમારહિત વીત–વિકલપ=નિર્વિકલ્પ.

**અર્થ :—**મારો આત્મા શુદ્ધ જ્ઞાન તથા વીતરાગભાવમય છે અને સિદ્ધ ભગવાન જેવો સમૃદ્ધિવાન છે. મારું સ્વરૂપ અરૂપી, અનાદિ, અનંત, અનુપમ, નિત્ય, ચૈતન્યજ્યોતિ, નિર્વિકલ્પ, આનંદકંદ અને દ્વંદ્વરહિત છે. તેનામાં કોઈ આકસ્મિક ઘટના બની શકતી નથી, જ્યારે આ જાતનો ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે અકસ્માતભય પ્રગટ થતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૬.

**अर्थ :—**मेरा आत्मा शुद्ध ज्ञान तथा वीतरागभावमय है और सिद्ध भगवानके समान समृद्धिशाली है। मेरा स्वरूप अरूपी, अनादि, अनंत, अनुपम, नित्य, चैतन्यज्योति, निर्विकल्प, आनंदकंद और निर्द्वंद्व है। उस पर कोई आकस्मिक घटना नहीं हो सकती, जब इस प्रकारका भाव उपजता है तब अकस्मात-भय उदय नहीं होता। ज्ञानी मनुष्य अपने आत्माको सदा निष्कलंक और ज्ञानरूप देखते हैं इससे निःशंक रहते हैं।।५६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા! मेरा आत्मा शुद्ध ज्ञान... બુદ્ધ છેને. શુદ્ધ જ્ઞાન અને વીતરાગમય છું હું તો. અવિરુદ્ધ એટલે વિરોધતાના કષાયભાવો આદિ મારામાં છે નહીં, લ્યો. सुद्ध.. મારો આત્મા શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ વીતરાગતાથી ભરેલો છે. અને सहज सुसमृद्ध सिद्ध सम.. સિદ્ધ સમાન મારો આત્મા અનંત નિજ સમૃદ્ધિથી ભરેલો સ્વભાવિક છે. સિદ્ધ ભગવાનમાં જેમ પૂર્ણ આનંદ આદિ સમૃદ્ધિ છે, એવી જ મારામાં મારી સમૃદ્ધિ અનંત જ્ઞાન-આનંદ આદિ સમૃદ્ધિથી ભરેલો સ્વભાવિક છું. એમાં અકસ્માતનું શું કારણ? એમાં અકસ્માત શું થાય?

એમ કહે છે. सिद्ध सुसमृद्ध.. सुसमृद्ध सिद्ध सम.. સિદ્ધની પેઠે હું સમૃદ્ધિવાળો આત્મા છું. જેટલી સમૃદ્ધિ સિદ્ધમાં છે, એવી બધી મારી સમૃદ્ધિ મારામાં છે. આહા! 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. એવું સ્વરૂપ છે એમ સમ્યગ્દ્રષ્ટિ પોતાની વિચારધારામાં.. નિર્જરાની ધારામાં આવો વિચાર હોય છે. આહા!

अलख.. હું તો અલખ છું. ઈન્દ્રિયો આદિથી પણ લખાય નહીં એવો છું. અરૂપી છું, એમ. ઈન્દ્રિયથી કે વિકલ્પથી જણાય એવો હું નથી. હું તો પ્રત્યક્ષ મારા સ્વભાવથી જણાઉં એવો હું છું માટે અલખ છું. अलख.. ઈન્દ્રિય આદિ વિકલ્પથી પણ લખ્યો એટલે જાણ્યો ન જાય. અલખ એટલે જાણ્યો ન જાય, લખ્યો ન જાય, લખ્યો એટલે જાણ્યો ન જાય. अनादि अनंत.. હું તો અનાદિ-અનંત છું. છે, છે ને છે. એવા અનાદિ-અનંતમાં અકસ્માતપણું શું? એમાં નવાપણું શું? બીજાનો પ્રવેશ કયાં છે? બીજી ચીજ ક્યાં છે કે એમાં અકસ્માત થઈ જાય? अतुल—તુલના—ઉપમા ન થઈ શકે એવો છું અનુપમ. अतुल એટલે તુલના ન થઈ શકે (એટલે) કે જેને કોઈ ઉપમા આપી શકાય (નહીં) એવો આત્મા છે. अविचल सरूप मम.. મારું સ્વરૂપ ચળતું નથી. છેને એમાં ઓલામાં.

अनादि अनंत अचलं.. ચળતો નથી હું કોઈ દિ', એમ આંહીં કહે છે. વસ્તુ છે એ શી રીતે ચળે? ધ્રુવ નિત્ય વસ્તુ છે એ પર્યાયમાં આવતી નથી, તો ચળે કોનાથી? એમ કહે છે. આવું જે પરમ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુ એ અવિચલ સ્વરૂપ મારું છે. ચળે નહીં, અસ્થિર થાય નહીં એવી મારી ચીજ છે અનાદિ-અનંત. એમ ધર્મીને આવી વસ્તુ અનુભવમાં ભાસી છે તેથી તેની તે ભાવના એવી કરે છે. આહાહા! લ્યો, अविचल स्वरूप मम चिद्विलास परगास.. મારો તો ચિદ્‌નો આનંદ એ મારો પ્રકાશ છે. ચૈતન્યજ્યોતિ, લ્યો. અવિચલનો અર્થ નિત્ય કર્યો. चिद्विलास परगास.. જ્ઞાનના આનંદનો પ્રકાશ. જેમાંથી નીકળે તો જ્ઞાન અને આનંદ, એ મારો વિલાસ છે, એ ચિદ્‌વિલાસ છે. ચૈતન્યધાતુ અને આનંદસ્વરૂપ ત્રિકાળ, એથી એના અનુભવમાં પણ જ્ઞાન અને આનંદનો પ્રકાશ આવે છે. એમાં રાગ અને પુણ્ય એ આવતા નથી. આહાહા!

वीत-विकलप.. એ વિકલ્પથી રહિત નિર્વિકલ્પ ચીજ છે. દયા-દાન-વ્રત-ભક્તિના વિકલ્પો એ વસ્તુના સ્વરૂપમાં નથી, એ ચીજ જ પર છે. અથવા નિર્વિકલ્પ એટલે અભેદસ્વરૂપ છું. આનંદકંદ છું. सुखथानक છેને. सुखथानक.. મારું સ્થાન જ આનંદને ઉપજાવનારું હું આનંદમય છું. આહાહા! આત્મા અતીન્દ્રિય આનંદનું સ્થાન છે. એ કોઈ દુઃખ ને આપદાનું સ્થાન (નથી). આહા! સંસારનું એ સ્થાન છે જ નહીં એમ કહે છે. સુખનો—આનંદનો ધામ છું. અતીન્દ્રિય આનંદના ધામમાં जहां दुविधा नहि कोई.. જ્યાં

બેપણું—બીજાપણું જ જ્યાં નથી. होइ तहां कछु न अचानक.. होइ तहां कछु न अचानक.. જ્યાં દુવિધા—બે(પણું) નથી એવું મારું સ્વરૂપ ભગવાન છે. होइ तहां कछु न अचानक.

જયચંદજી પંડિતે લખ્યું છેને આ 'સમયસાર'ની શરૂઆતમાં, નહીં? એમ કે સમયસાર નાટક એ પહેલાં બહાર આવી ગયેલું. પેલા પ્રસ્તાવનામાં લીધું છે. પણ એણે ૩ કારણ આપ્યા છેને કે આ લખવાનો હેતુ શું? એક આ કારણ આપ્યું. (શ્રોતા : આનો અર્થ સમજો). જરી કોઈ પક્ષ લઈ જાય ને એકાંત લઈ જાય, તેથી આ સ્પષ્ટ (કરવા) શાસ્ત્રના અર્થને કહું છું. હા, તેથી અનુવાદ કરું છું. આમાંથી મળેલી બસ વાત એક એક. આમાં એકલું વેદાંતનું છે, એમ નથી. પર્યાય સહિતની વાત છે, અનુભવ સહિતની વાત છે. પર્યાય અનુભવ વિલાસ સહિત છે. પણ એવો અર્થ એકદમ કાઢી શકે નહીં, એથી આ અનુભાગનો અનુવાદ કરવામાં આવ્યો છે. ૩ કારણો આપ્યા છે. કોઈ વેદાંતથી આમ ન લઈ જાય, એક કારણ. બીજું—આમ મારા કરતાં પણ સાધારણ બુદ્ધિ પ્રાણીની (હોય), સંસ્કૃત વ્યાકરણ આદિ ન જાણતાં હોય એને આવી સાદી ભાષામાં સમજવામાં ઠીક પડે, એમ. મૂક્યા છેને ૩ કારણ મૂક્યા છે પ્રસ્તાવનામાં. આંહીં તો એમ કહેવું છે કે આ વાત એટલી બધી લાગે એને કેટલાકને કે આ તો વેદાંત છે એમ થઈ જાય. નથી એવી વાત, પણ એને કાઢતાં ન આવડે...

'શ્રીમદે'ય એક પત્રમાં લખ્યું છે ને. 'સમયસાર' વાંચીને કેટલાંકને એક આત્માનો ભ્રમ થઈ જાય છે. એક આત્મા છે એવી શ્રદ્ધા થઈ જાય. પત્રમાં છે ક્યાંક. એક આત્મા એટલે પોતે એક આત્મા. બધા થઈને એક આત્માની ક્યાં વાત છે આંહીં? અદ્વૈત છું હું પોતે. ગુણભેદ પણ નથી એમ અદ્વૈત ને એક છે. આહાહા! શું થાય? આવી જ્યાં નિશ્ચય વાત આવે સત્યની એટલે કેટલાક કહે, ભાઈ એ તો વેદાંત છે. એ વેદાંતને લાગુ પડે એવી છે. એમાંય આવે છેને 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં આવે છે ને. કે આવી વાત વેદાંતવાળાને આ ઠીક લાગે. એવું આવે છે, નહીં? ..... એવું આવે છે. એમાંય ઘણા ખુલાસા કર્યા છે હોં. વેદાંતમતવાળાને આ વાત સારી લાગે અને આ વાતવાળાને વેદાંત ઝીણું લાગે, પણ એમ નથી. નિશ્ચયાભાસનો અધિકાર છે ત્યાં આ કીધું છે. આહા!

આ તો વસ્તુ પોતે. એક વિચાર તો એ હતોને કે જ્યારે બે ભાગ છે આત્મામાં—એક દ્રવ્યભાગ અને એક પર્યાયભાગ. પણ બેયને જો હેય ને ઉપાદેય કરીએ તો એમાં.... સમજાણું કાંઈ? બે ભાગ થાતા નથી. સમજાય છે? આ તો પર્યાય હેય છે... એમાં આ લીધું. જેમ સ્વ ને પર બે પદાર્થ છે, એમ આ એક સ્વમાં બે ભાગ છે. હવે બેય ભાગને ઉપાદેય કહીએ તો તો એનો દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમાં આવે નહીં. અને લેવો છે દ્રવ્યસ્વભાવ

ત્રિકાળ. પર્યાયે આશ્રય લેવો છે ત્રિકાળીનો, એથી બે ભાગમાંથી એકને હેય ને એકને ઉપાદેય કર્યા વિના વસ્તુ જ સિદ્ધ નહીં થાય. સમજાણું કાંઈ ? એથી કોઈને વેદાંત લાગે. એમ પણ તો ક્યાં બે થઈને... બે છે એમાં એક હેય ને એક ઉપાદેય, એવું બે ક્યાં છે વેદાંતમાં ? સમજાણું કાંઈ ? ક્યાંય પણ એને કેમ.... તર્કથી બધું ઊભું કરેલું છે. લોકોને સુધરેલાને એવું લાગે કે ભારે વાત ઓહોહો ! એમ વસ્તુ જ કોઈ પોતે એક અખંડાનંદ પરમાત્મા પોતે અદ્વૈત છે.

दुविधा नहि कोई.. એમ આહીં કોઈ બે પ્રકારના આવેને, એને એમ કહે.... દુવિધા નથી એટલે એકલો જ આત્મા છે ને બીજું નથી—એમ કોઈ કાઢે, એમ નથી અહીંયાં. આંહીં તો એક સ્વરૂપ મારું છે જે અખંડ અદ્વૈત એમાં દુવિધા નથી. રાગ ને નિમિત્તનો સંબંધ એને કાંઈ છે જ નહીં. સમજાણું કાંઈ ? માર્ગ વીતરાગનો એવો ઝીણો છે. વીતરાગ પોતે જ છે, કીધુંને આંહીં. આવ્યું હતુંને अविरुद्ध. अविरुद्धનો અર્થ અંદરમાં છે. અંદર છે, જુઓ. मेरा आत्मा शुद्ध ज्ञान और वीतरागभावमय है. અર્થમાં છે. એનો અર્થ છેને. એ अविरुद्धનો અર્થ જ જ્ઞાન ને વીતરાગતા બેય, એમ. કોઈ ઠેકાણે જ્ઞાન ને આનંદ સિદ્ધ કરે. કોઈ વખતે આનંદને ચારિત્રમાં નાખીને વીતરાગતા સિદ્ધ કરે. (શ્રોતા : નામભેદ) હા, એમ. વસ્તુ પોતે ભગવાન આત્મા જ્ઞાન અને વીતરાગભાવ એટલે આનંદભાવ અથવા આનંદ અને જ્ઞાન બેય. એ આનંદમાં સમ્યગ્દર્શન અને ચારિત્ર બેય આવી ગયા. અથવા ત્રિકાળી શ્રદ્ધા ને ત્રિકાળી સ્થિરતા એ વીતરાગભાવમાં આવી ગઈ. સમજાણું કાંઈ? આ તો ભઈ અંતરની ઝીણી વાતું છે. એ કોઈ બહારથી પકડાઈ જાય એવી ચીજ છે (નહીં). આહાહા ! એમ એના ભાવમાં એને એ જાતની રૂચિ અને સમજણ નક્કી થવી જોઈએ પહેલી. સમજાણું કાંઈ ?

जहां दुविधा नहीं कोइ, होइ तहां कछु न अचानक.. એક જ વસ્તુ છે, બે નથી, ત્યાં અચાનકપણું શું હોય ? એમ કહે છે. પણ એટલે એક છું એનો અર્થ—'હું અખંડ પૂર્ણાનંદ પ્રભુ છું, એકરૂપ વસ્તુ છું.' એક એટલે બધા થઈને એક એમ નથી આંહીં કાંઈ. પોતાનું સ્વરૂપ જ એકરૂપ છે, વીતરાગતા છે, જ્ઞાન છે, આનંદ છે, બધું એકરૂપ અભેદ છે. એમાં होइ तहां कछु न अचानक.. અચાનક ત્યાં કંઈ હોતું નથી. આહા ! આ તો ઓલું પર્યાયનું હેયનું આવ્યું હતુંને ભાઈ... એ હેયપણું યથાર્થપણે છે. એમાં બેયને ઉપાદેય કરે તો દૃષ્ટિ હાથ આવતી (નથી.) દૃષ્ટિનો વિષય ધ્રુવ છે, ધ્રુવ તો હાથ આવતું નથી. ઓલા પ્રમાણમાં કહ્યુંને ભાઈ, નહીં? પ્રમાણમાં... નિશ્ચય કરતાં પ્રમાણ વધી ગયો. નિશ્ચયમાં તો એક (અખંડ) દ્રવ્ય લીધું છે અને પ્રમાણમાં તો બેય છે. માટે પૂજ્ય એ થઈ ગયું. કહે, નહીં. જેમાં વ્યવહારનો નિષેધ આવતો નથી એ પૂજ્ય હોઈ શકે નહીં. ન્યાયથી વાત છે બહુ સરસ.

આ તો નાખ્યું છે 'નિહાલભાઈ'એ રૂચિનું, 'નયચક્ર'માંથી. બે વસ્તુ છે. કારણકે કાર્ય પણ છે અને ત્રિકાળી કારણ છે. એક વસ્તુ કાર્ય છે, કાર્ય કહો કે પર્યાય કહો. અને ત્રિકાળી વસ્તુ છે. હવે બે વસ્તુમાં બેય વસ્તુ ઉપર દૃષ્ટિ આપતાં એકરૂપ અખંડ તો દૃષ્ટિમાં આવતું નથી. આખું તત્ત્વ.... દૃષ્ટિ કરનાર પર્યાય છે. પણ એનો વિષય તો આખું તત્ત્વ દૃષ્ટિમાં આવવું જોઈએ. એ પ્રમાણમાં એમ આવતું નથી. શું કહેવાય છે સમજાય છે કાંઈ? (શ્રોતા : બે ભાગ છે એમ ન કહેવાય). છે જ નહીં, એમ હોઈ શકે જ નહીં. જેમ બે છે તો બેય ઉપાદેય નહીં અને બેય હેય નહીં, એમ બે છે. બે છે, તો એમાં એકલી જે ત્રિકાળી વસ્તુ છે એનો આશ્રય કરવો છે એવી વાત આવ્યા વિના પર્યાયને હેય (કરી) પર્યાયનું લક્ષ છૂટે નહીં. એ વળી ઝીણું ! એય! આવી વાત છે ભઈ જરી. આવતાં તો ... એવી વાત છે. આહાહા ! કહો, સમજાણું આમાં ? ન સમજાય એમ હોય નહીં. એય પ્રદીપ ! શું કહે કે થોડું સમજાય છે. મેં કીધું, સમજાય છે ? કીધું, હવે સમજાય છે થોડું. હવે કોલેજવાળાને થોડું સમજાય એવું કેમ ? કોલેજમાં કેમ બધા ડહાપણ કરે બધેય. કોલેજમાં કાંઈ ડહાપણ ચાલે નહીં. ન્યાં મફતના ગપ્પા... આહાહા !

આ વસ્તુ છેને ભગવાન ! એના ખ્યાલમાં, આ રીતે હોય એમ એને આવવું જોઈએ. કે આ વસ્તુ જ પોતે પ્રભુ આત્મા છે ધ્રુવ. એમાં તો દુવિધા—બીજી (ચીજ) નથી. આહાહા ! જેમાં પર્યાય પણ નથી એવા ધ્રુવ તત્ત્વમાં અચાનકપણું શું હોઈ શકે ? આહાહા ! દુવિધાને બદલે આ યાદ આવી ગયું અત્યારે ચાલતાં ચાલતાં. ઓલા વેદાંત ને બધા કહે છેને. અરે, એ ચીજ એવી વસ્તુ છે. સર્વજ્ઞે જે અભૂતાર્થ કહ્યું છે એ અભૂતાર્થ તે વસ્તુ કીધી છે. એટલે ત્રિકાળની અપેક્ષાએ તો એ પર્યાય અભૂતાર્થ માન્યા વિના જણાય (નહીં). એમાં અભેદમાં ભેદ દેખાતો નથી એમ ખુલાસો કર્યો છેને ભાઈએ. ત્યાં અભૂતાર્થ કેમ કહ્યું? કે અભેદમાં ભેદ દેખાતો નથી અને અભેદમાં ભેદ દેખાય તો અભેદ સિદ્ધ થતું નથી. અને જે રાગી પ્રાણી છે એ ભેદનું લક્ષ કરે એટલે રાગ થયા વિના રહે નહીં.

જુઓને, કેટલું જયચંદ પંડિતે બહુ સરસ કહ્યું છે. એવી વાત સાધારણ પ્રાણી એના અર્થ ન કરી શકે એવો ખુલાસો આપ્યો છે. બહુ સારા બધા... છઠ્ઠી-સાતમી (ગાથા) બહુ સરસ બધી. આહા ! કહે છે કે આત્મા એકરૂપ ત્રિકાળ અભેદ એવી દૃષ્ટિમાં ભેદ દેખાય નહીં. ભેદ (દેખાતો) નથી તેથી એને 'અસત્ છે' એમ કહેવો જોઈએ. એમ કહ્યું છેને. શા કારણે? (સર્વથા) ભેદ નથી ને પર્યાય નથી એમ નહીં. પણ આ કારણે ભેદ નથી ને વ્યવહાર નથી, એટલું અભૂતાર્થ છે. સમજાણું કાંઈ ? ત્રિકાળી એકરૂપ વસ્તુ જ્યાં જોવે છે એનો અર્થ એટલો થયો કે વર્તમાન જ્યારે અંતર્મુખ જોવે... અંતર્મુખ જોવે એટલે એનો અર્થ એ થયો કે એને ભેદ-બેદ ઉપર લક્ષ જાય જ નહીં. આ બાહ્ય લક્ષ છે ત્યાં ભેદરૂપ છે બધું.

પણ જ્યાં અંતર્મુખ થાય, ત્યાં આ અભેદ છે કે સામાન્ય છે (એવું) લક્ષ કરવું એ પણ ક્યાં છે ત્યાં? પણ અંતર્દષ્ટિ કરતાં દૃષ્ટિનો વિષય અભેદ છે એવું ત્યાં આવી જાય છે. આવી જાય છે. અભેદ છે એમ સામાન્ય ઉપર દૃષ્ટિ પડી જાય છે, એમ. સમજાણું કાંઈ?

એથી એને કહ્યું કે દૃષ્ટિનો વિષય તો અભેદ છે. પણ એ દૃષ્ટિ ને જ્ઞાનનું પદ નિશ્ચયનયે કીધુંને. નિશ્ચયનય એટલે અભેદ ભૂતાર્થ છે એમ કીધું છે ને. નિશ્ચયનય તે ભૂતાર્થ. ૧૧મી (ગાથાનું) બીજું પદ. भूयत्थो देसिदो दु सुद्धणओ.. એ શુદ્ધ જ્ઞાન જ સત્યાર્થ છે, એ શુદ્ધનય જ ત્રિકાળી વસ્તુ છે. સમજાણું કાંઈ? ઓલા દુવિધામાંથી આવી ગયું. દુવિધા ન હોઈ.. ભાઈ ગાય છેને. ગોદિકાજી ગાય છે, નહીં? ઓલા બુધનું. બુધનું એમાં આવે છે, ગાયન બહુ જૂનું છે. બહુ વૈરાગ્યથી ગાય છે. 'દુવિધા કબ હુ ન તજી' એમ છેને? એમ છે બુધનુંને, બુધજનનું છે. એ ગાયન ગાયું હતું એક ફેરી. હવે તો આ ગાય છે ભાઈ. 'મૈં જ્ઞાનાનંદ સ્વભાવી છું' ૨-૩-૪ દિ' એ વ્યાખ્યાન પૂરું થયે.

આંહીં તો કહે છે, ભગવાન આત્મા અભેદ એકરૂપ, જ્યાં ભેદ... વિકલ્પ છેને, ભેદ નથી જ્યાં. વિકલ્પ એટલે ભેદ નથી. અને સુખનું સ્થાન આત્મા છે. એમાં દુવિધા કહાં? બે પ્રકાર જ જ્યાં નથી. આહા! સમ્યગ્દર્શનનો વિષય એક જ પ્રકાર છે, અભેદ. એથી સમ્યગ્દ્રષ્ટિ દુવિધામાં છે જ નહીં. तहां कछु न अचानक.. ત્યાં ક્યાંય જરીયે અચાનક અકસ્માત કાંઈ થઈ જાય (એમ નથી). શું અકસ્માત થાય? આહાહા! अटूट धन આવ્યું છે આંહીં. એય! આ બધી ધૂળ ને લક્ષ્મી તો મરી જાય છે હાય! હાય! કરીને. આહા! આટલું રહી ગયું, આટલું કરવું રહી ગયું, અકસ્માત થઈ ગયું. એને જાણે ..... ૫૦ વરસ થઈ ગયા, ૬૦ વરસ થયા ત્યાં મરણની તૈયારી થઈ જાય. હાય! હાય! એય!

ત્યાં મકાન કરાવ્યા ...ભાઈએ ને હવે અહીં પડ્યા ઓલા ઈસ્પિતાલમાં. મગનભાઈ ઉપર કાગળ હતો, લાવ્યા હતાને. મગનભાઈ! ચંદ્રકાંતને, એને બિચારાને એમ કે... પણ હવે પાછળથી હવે.... ૫૦ વરસ થયાં હશે, કેટલાં થયાં હશે નહીં? ૫૫-૫૬. તો એ વખતે થાય કે આ કરો ને હવે નિવૃત્તિ લઈએ. આ બધું એની અવસ્થા જેટલો કાળ ન રહીએ. આરે! એ તો પરમાં બધું અકસ્માત કામ ધાર્યું (ન થાય, કારણકે) એ તો જડની (દશા) છે. એમાં ધાર્યા પ્રમાણે શું થાય પરમાં? કે આટલા વરસે આપણે નિવૃત્તિ લઈએ. હવે બસ થઈ ગયું, લ્યો. એ ત્યાં હતોને પોરબંદરમાં. પહેલાં ગયા ત્યારે હોં ૮૨ની સાલમાં. શું નામ ભૂલી ગયા? ગિરધરભાઈ. ગિરધરભાઈ હતા એક ૮૨ની સાલમાં. મકાન કરાવ્યા. પૈસાવાળો માણસ હતો. ૮૨ની વાત છે હોં. પહેલા વહેલા ૮૨માં ગયા હતાને. ૧૮ ને ૨૭ = ૪૩ વર્ષ થયા.

ત્યારે મકાન કરાવ્યા .... બજારમાં. હવે આપણે નિવૃત્તિથી આંહીં રહેશું. એમાં ચડ્યો ગોળો. અમે ત્યાં હતા, ઉઠીને બહાર ગયેલા. શું કહેવાય? .... છેને. ભવાનજી ત્યાં હતા ઓલા ભાઈ કચ્છી ભવાનજી ત્યાં હતા. ભવાનજી આવતા અહીં સાંભળવા. આંહીં કહ્યું, ભઈ મહારાજનાં દર્શન કરીએ. ત્યાં આ ગોળો ચડ્યો. બચશે કે નહીં હવે કાંઈ... આ મકાન કરાવ્યા, હવે નિવૃત્તિ લેશું. નિવૃત્તિ ક્યાંથી આવે? બહારમાં ક્યાં ત્યાં (હતી) ? હમણાં નહીં પછી કરશું, હમણાં નહીં પછી કરશું. એ હમણાં આવે નહીં, પછી થાય નહીં. એવું આત્મામાં નથી, કહે છે. આત્મા તો, અકસ્માત એમાં થાય એવી ચીજ જ નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

દેહ છૂટી ગયો .... એ વખતે પણ થોડાક પૈસા ઘણા કહેવાતાને ભાઈ. ૪૫ વરસ પહેલાં સાત-આઠ લાખ એ ઘણા કહેવાય. એ તો હવે આ બધું ફાટ્યું કોણ જાણે. (પૈસાની કિંમત) ઘટી ગઈ. પહેલાનાં એક લાખ ને અત્યારના વીસ લાખ બધા સરખા થઈ ગયા. ભાવ બધે વધી ગયા. બધા વધી ગયા. આ નોકરો, બધા કડિયા, દાડીયા ઓહોહો ! એના પ્રમાણમાં બધું (વધે.) એક રૂપિયો ચાર પૈસાનો થઈ ગયો, ૩ પૈસાનો. વીસમું ગણું ૩ પૈસાનો. ૧૬મું ગણો તો એક આનો. એટલા ૫-૭ લાખ હતા. ....

૧૦ હજાર ... કીધું, અમારે બાપના બાપ (પાસે) ૧૦ હજાર. મોટા આબરૂદાર. ગીગાકુરા ઓહોહો ! બાપા. એના પગમાં પગરખા..... એક જણ બોલતી હતી. ૮૧માં ગઢડે ચોમાસુ હતુંને. એને ખબર નહીં, ઉપર મહારાજ છે. હું તો મેડીએ ચડીને બેઠો હતો. હેઠે એક ડોસી નીકળી. આમ.... બોઘાએ લીધેલાને મકાન, મુસલમાને લીધેલા. એટલે કાંઈક જરીક હશે એને એટલે બોલતી હતી બાઈ. મુસલમાન વૃદ્ધ.... જીર્ણ થઈ ગયેલી ને ચાલતી હતી. વાત કરતી જાતી હતી. બાપુ! ગીગાકુરાના પગરખા ન પહેરે કોઈ. બાપુ! એ તો એ હતા. ..... હું સાંભળતો હતો, ઉપર હતો. આબરૂ મોટી અમારા બાપના બાપની. ગીગાકુરા. મૂડી ૧૦ હજારની. બે હજાર રળતા બે મહિનામાં. આ ધંધો શું કહેવાય આ ? પેટી રૂની પેટી. આ ગૃહસ્થ, રાજા જેવા માણસ. ધંધા-બંધા-વેપારમાં માણસ.... એ વાત એમને શોભે નહીં, એમાં હોય નહીં. .... હવે આંહીં તો તમારે ૫-૫-૧૦ વરસ થયા ઠેકાણાં નથી તમારે ચીમનભાઈને.

(શ્રોતા : મોંઘવારી ઘણી છે). શું હશે પોપટભાઈ ? હવે એનાં સાળાનાં ઠેકાણાં નથી કાંઈ. અબજો રૂપિયા કહેવાય છે ..... ... અરે, ધૂળમાંય નથી. ત્યાં અકસ્માત થઈ જાય .... ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જેમાં પરનો પ્રવેશ નહીં, પરને ગમ્ય નથી કે ક્યાં છે એ. પરને ગમ્ય નથી કે ક્યાં છે એ આત્મા. એ આત્માનો અકસ્માત શું થઈ શકે ?

આહાહા! કહો, કનુભાઈ! આ તો લોજીકથી સિદ્ધ થાય છે હોં. આહા! કહો, સમજાય છે કે નહીં આ? હવે આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. હજી એના ઠેકાણાં નહીં ને થઈ ગયા વ્રતધારી મહાવ્રત ને ચારિત્ર. બૂડી મરશે ચારગતિમાં ઊંધા જઈને. આહાહા!

એક વસ્ત્રનો ધાગો રાખીને પણ મુનિ મનાવે—માને તો, કહે છે, નિગોદગામી. 'કુંદકુંદઆચાર્ય' આ કહેનારા એ કહે છે, લ્યો. યથાર્થ છે એ. એની ભૂમિકાની ખબર નથી, એને રાગ કેટલો એની ખબર નથી, એને સંયોગ કેટલો હોય એની ખબર નથી, એને મુનિ હોય એને દ્રવ્યનો આશ્રય કેટલો લીધો હોય એની ખબર નથી. એકેય તત્ત્વની ખબર નથી. મિથ્યાત્વનું સેવન છે ને એના ફળમાં (નિગોદ છે). એય શાંતિભાઈ! આ બધા વસ્ત્ર-પાત્રવાળાને તમે સ્થાપ્યા હશે બહુ ત્યાં. ભણાવતાં હતાને એ. ક્યાં કલકત્તા? ઘણા ... કલકત્તા.. કલકત્તા, નહીં? કલકત્તા. મોહનભાઈ ગયા? ગયા હશે. આહાહા! પ્રભુ! તારી ચીજ આવી છે. જેમાં દુવિધા—બે પ્રકાર જ્યાં નથી, ત્યાં બીજો આવીને શું ન્યાં કરશે અંદર? એમ કહે છે.

जब यह विचार उपजंत तब,.. જ્યારે આ વિચાર ઉપજે છે ત્યારે अकस्मात भय नहि उदित.. અકસ્માત ભય પ્રગટ થતો નથી. આહાહા! ग्यानी निसंक निकलंक निज.. ધર્મી તો નિઃશંક છે કે મારી ચીજમાં કોઈનો પ્રવેશ નથી. અને ક્યાં છું એની ગમ્ય નથી દુનિયાને. ઓલામાં કહ્યું છેને કે કેવળી પણ મને ન જાણે. એટલે કે જુઓ, મારામાં આવીને મને ક્યાં જાણે છે? એ તો ત્યાં છેટે રહીને જાણે છે. એ તો વ્યવહાર.... ભાઈ! (શ્રોતા : એના સંબંધીના જ્ઞાનને જાણેને, એને ક્યાં જાણે છે?) શું કહ્યું? (શ્રોતા : પોતે પોતાનો અનુભવ....) એને ક્યાં છે? હું આવો છું એવું વેદન તો આને છે. એવું વેદન થઈને જાણે છે કેવળી? 'કેવળી પણ મને ન જાણે એવો હું છું' એમ લખ્યું છે. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. 'સમ્યગ્જ્ઞાન દીપિકા' ને? આરે! કેટલી વાત તો એવી વાતું કરી છેને માળે. ઊંડી ઊંડી પણ અલૌકિક વાત હોં. જ્ઞાની-અજ્ઞાની કોઈ ન જાણે એવો હું છું. લ્યો, આ શું વળી? પણ જ્ઞાની તો પર છેને. પર મારાપણે થઈને ક્યાં એ જાણે છે? એનામાં રહીને જાણે છે. સમજાણું કાંઈ? આહાહા! ગજબ વાત.

अकस्मात भय नहि उदित, ज्ञानी निसंक निकलंक निज.. એ તો નિઃશંક છે કે મારો સ્વભાવ ત્રિકાળ વીતરાગ અને જ્ઞાનમય છે. નિષ્કલંક—રાગ ને કલંક-ફલંક એમાં છે નહીં. निज ग्यानरूप निरखंत नित, લ્યો. પોતાના જ્ઞાનસ્વરૂપને નિરખે છે. જુઓ, ત્યાં એ પર્યાય આવી ગઈ. બધે આવી ગયું છે ત્યાં. ग्यानरूप निरखंत नित.. હું તો જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ ત્રિકાળ વીતરાગમૂર્તિ છું. સમ્યગ્દ્રષ્ટિને આત્મા આવો છે એવું

અનુભવમાં આવ્યો છે. આહાહા! એથી એને અકસ્માત ભય છે નહીં. એ ૨૮મો (કળશ) છે. એ થઈ ગયા સાતેય ભય. સાત ભય થઈ ગયા સાત ભય. હવે આઠ નિઃશંક આદિ ભેળવે છે અંદર. કારણ કે નિઃશંકમાંથી સાત ભય કાઢ્યાને. હવે આઠેનો નિઃશંક, નિઃકલંક આઠેયની વાત ભેગી કરે છે. હવે ૨૯મો કળશ.

**टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः**
**सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।**
**तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्म्मणो नास्ति बन्धः**
**पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव॥२९॥**

આ તો નિશ્ચય સમકિતની વાત છે આ. નિશ્ચય સમકિત તો ૧૨મે (ગુણસ્થાને) થાય. અરર! ભગવાન! તું આ શું કહે છે આ? એટલે આવું આટલું બધું ચોથે હોય નહીં, એમ કહે છે. ચોથે હજી તો સરાગ વ્યવહાર સમકિત હોય. અરેરે! સ્વના આશ્રય વિનાની દૃષ્ટિ એ તે કંઈ સમકિત છે? સ્વના આશ્રયની દૃષ્ટિ એટલે એ તો નિશ્ચય થઈ ગયો. આહા! વ્યવહાર તો પરનો આશ્રય છે. પરના આશ્રયમાં વસ્તુ ક્યાંથી આવી? આહા! એનું ૫૬. सम्यग्ज्ञानी जीवोंको नमस्कार. બનારસીદાસ નમસ્કાર કરે છે.

સમ્યગ્જ્ઞાની જીવોને નમસ્કાર. (છપ્પા)

**जो परगुन त्यागंत, सुद्ध निज गुन गहंत धुव।**
**विमल ग्यान अंकूर, जासु घटमहिं प्रकाश हुव॥**
**जो पूरबकृत कर्म, निरजरा-धार बहावत।**
**जो नव बंध निरोध, मोख-मारग-मुख धावत॥**
**निःसंकतादि जस अष्ट गुन,**
**अष्ट कर्म अरि संहरत।**
**सो पुरुष विचच्छन तासु पद,**
**बानारसि बंदन करत॥५७॥**

**શબ્દાર્થ :**—ધ્રુવ (ધ્રુવ)=નિત્ય. ધાર=પ્રવાહ. નિરોધ=રોકીને. મોખ મારગ–મુખ=મોક્ષમાર્ગ તરફ. ધાવત=દોડે છે. સંરહત=નષ્ટ કરે છે.

**અર્થ :**—જે પરદ્રવ્યમાંથી આત્મબુદ્ધિ છોડીને નિજ સ્વરૂપનું ગ્રહણ કરે છે, જેમના હૃદયમાં નિર્મળ જ્ઞાનનો અંકુર પ્રગટ થયો છે, જે નિર્જરાના પ્રવાહમાં પૂર્વે કરેલાં કર્મો

વહેવડાવી દે છે અને નવીન કર્મબંધનનો સંવર કરીને મોક્ષમાર્ગ સન્મુખ થયા છે, જેમના નિઃશંક્તાદિ ગુણો આઠ કર્મરૂપ શત્રુઓનો નાશ કરે છે, તે સમ્યગ્જ્ઞાની પુરુષ છે. તેમને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૫૭.

**अर्थ :**—जो परद्रव्यसे आत्मबुद्धि छोड़कर निज-स्वरूपको ग्रहण करते हैं, जिनके हृदयमें निर्मल ज्ञानका अंकुर प्रगट हुआ है, जो निर्जराके प्रवाहमें पूर्वकृत कर्मोंको बहा देते हैं, और नवीन कर्मबंधका संवर करके मोक्षमार्गके सन्मुख हुए हैं, जिनके निःशंकितादि गुण अष्टकर्मरूप शत्रुओंको नष्ट करते हैं, वे सम्यग्ज्ञानी पुरुष हैं। उन्हें पं. बनारसीदासजी नमस्कार करते हैं।।५७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जो परगुन त्यागंत, सुद्ध निज गुन गहंत धुव।
विमल ग्यान अंकूर, जासु घटमहिं प्रकाश हुव।।

जो पूरबकृत कर्म, निरजरा—धार बहावत.. નિર્જરાની ધાર વહાવે છે, પ્રવાહ. ઓલું પાણીમાં ધોધ નહોતો? જોવા નહોતા ગયા એક ઠેકાણે ? જોગફોલ. પાણી નહીં કેટલું ઊંચું પાણી ? ૮૦૦ ફૂટ ઊંચું, લ્યો. પાણીની ધાર પડે ધાર. એમાં કંઈ સૂઝ પડતી હશે ? એમ ધર્મીને નિર્જરા આમ ધાર વહે છે, એમ કહે છે. નિર્જરાધાર.

जो पूरबकृत कर्म, निरजरा—धार बहावत।
जो नव बंध निरोध, मोख—मारग—मुख धावत।।
निःसंकतादि जस अष्ट गुन, अष्ट कर्म अरि संहरत।

આઠ ગુણે આઠ કર્મને હણ્યાં એમ કહે છે. સાથે મેળવવું છેને. निःसंकतादि जस अष्ट गुन. આંહીં ગુણ કીધાં છે, (પણ) છે તો પર્યાય. સમકિત પોતે પર્યાય છે અને આ અંગ બધા પર્યાય છે. આ અવયવો છે બધા. આહાહા !

निःसंकतादि जस अष्ट गुन, अष्ट कर्म अरि संहरत।
सो पुरुष विचच्छन तासु पद, बानारसि वंदन करत।।

એ પ્રશ્ન પણ આવ્યો, સમકિતીને વંદાય કે નહીં. એટલે બનારસીદાસમાં .... બનારસીદાસ આમ કરે છે. એ ગૃહસ્થ હતા, પંડિત હતા. હવે ઘણે ઠેકાણે આવે છે. ધ્રુવ નિત્ય.... એ સમકિત નિશ્ચય છે એ બારમે હોય, તેરમે હોય. સમકિતને તો ભારે કરી નાખ્યું. (શ્રોતા : ....ચારિત્રભ્રષ્ટ હોય ને સમકિત હોય તો તરી જાય છે.) કેવો છે ધર્મી ?

કે જો परगुन त्यागंत.. રાગ આદિમાં આત્મબુદ્ધિ છોડી દીધી છે. શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરુ અને રાગ—બધાં પરદ્રવ્ય છે. એ મારાં છે એવી આત્મબુદ્ધિ એમાંથી જેણે છોડી દીધી છે. આહાહા! ભારે વાત ભાઈ!

વળી પાછા ભરત ચક્રવર્તી આત્મબુદ્ધિ છોડી છે અને હંમેશા સેંકડો કન્યાને લગ્ન કરે. આમ કેમ બેસે જગતને? ભાઈ! અંતરમાં તો છૂટું જ છે. એ રાગના ભાગથી છૂટો છે, ત્યાં પરવસ્તુનો પ્રશ્ન ક્યાં છે ત્યાં? આહાહા! जे परगुन त्यागंत, सुद्ध निज गुन गहंत ध्रुव.. એ નિજસ્વરૂપને ગ્રહણ કરે છે. ધ્રુવ નિશ્ચયથી એમ. निज गुन गहंत ध्रुव, परगुन त्यागंत.. ધ્રુવ નિશ્ચયથી ગ્રહણ, એમ. ધ્રુવને, એમ નહીં. निज गुन गहंत ध्रुव, એમ. परगुन त्यागंत, निज गुन गहंत ध्रुव. નિશ્ચયથી પોતાના ગુણને ગ્રહે છે (એમ) આંહીં કહ્યું.

विमल ग्यान अंकूर, લ્યો, એ પર્યાય આવી. विमल ग्यान अंकूर.. અંકૂર ફૂટ્યો અંદરનો, કહે છે. આનંદનો પ્રત્યક્ષ (અનુભવ) થતાં જ્ઞાનનો અંકુર ને આનંદનો અંકુર ફૂટ્યો, સમકિતીને. આહા! આ શાસ્ત્રનું જ્ઞાન એ આંહીં વાત નથી હોં. શાસ્ત્રનું જ્ઞાન.... આંહીં તો विमल ग्यान अंकूर.. એ ત્રિકાળી જ્ઞાનસ્વભાવ છે એનો અંકુર ફૂટ્યો અંદરમાંથી કે જે અંકુર કેવળજ્ઞાનનું કારણ કહેવાય છે. અંકુર આવે છેને. બે અંકુર—એક આ પ્રગટ જ્ઞાનનો અંકુર કેવળજ્ઞાનનો અને શુદ્ધમાં શુદ્ધનો અંશ છે એ યથાખ્યાત ચારિત્રનો અંકુર. (રહસ્યપૂર્ણ) ચિઠ્ઠીમાં આવે છેને. 'પરમાર્થવચનિકા'

विमल ग्यान अंकुर, जासु घटमहिं प्रकास हुव, લ્યો. જેના હૃદયમાં નિર્મળ જ્ઞાનનો અંકુર પ્રગટ થયેલો છે. સહજાનંદસ્વરૂપ પ્રભુ એના અવલંબનથી, જે પર્યાય પર તરફના લક્ષવાળી હતી, એ છૂટીને સ્વના લક્ષવાળી અંકુરદશા પ્રગટ થઈ છે. કહો, સમજાણું કાંઈ? એનો અર્થ કર્યો છે ધ્રુવનો, નહીં? ધ્રુવ એટલે નિત્ય કર્યું છે. અર્થ કર્યો છેને શબ્દાર્થ. કાયમ આ ગ્રહણ કરે છે, એમ. गुन गहंत नित, એમ. એ તો પોતાના નિજ ગુણને જ ગ્રહે છે. રાગને છોડે છે. છોડે છે એટલે છૂટી જાય છે. ભાષા તો એમ જ હોયને. परगुन त्यागंत, લ્યો. આ રાગ છે એને છોડું, એમ છે? સ્વભાવ સન્મુખની દશામાં, રાગની ઉત્પત્તિ જે પરસન્મુખમાં હતી એ છૂટી જાય છે. એને परगुन त्यागंत, સ્વગુણને ગ્રહે છે.

તેથી विमल ग्यान अंकुर, घटमहिं प्रकास हुव.. જ્ઞાનનો અંકુરો ફૂટ્યો છે. સમ્યગ્જ્ઞાન કળા... કેવળજ્ઞાન સાથે કળા. શું કીધું જોયું? કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે, એમ આવ્યું છે. (શ્રોતા : સમ્યગ્દર્શન કેવળજ્ઞાનને બોલાવે છે). બોલાવે.. એ તો અનેક પ્રકારની વાતો આવે. એટલે આ જયાં (સમ્યગ્દર્શન) પર્યાય થઈ, કેવળજ્ઞાન લાવશે જ, એમ. આવશે જ. બીજ થઈ તે પૂનમ થશે જ, એમ. जासु घटमहिं प्रकास हुव.

जो पूरबकृत कर्म, निरजरा–धार–बहावत.. અજ્ઞાનથી બંધાયેલા કર્મો હતા સત્તામાં. ધર્મીને નિર્જરા धार–बहावत.. નિર્જરાનો પ્રવાહ વહાવે છે. આ અસંખ્યગુણી નિર્જરા કહી છેને. નિર્જરાનો પ્રવાહ વહે છે. બંધનનો પ્રવાહ જે અજ્ઞાનમાં હતો, એ હવે નિર્જરાનો પ્રવાહ થઈ ગયો એમ કહે છે. રાગ ને કર્મ મારા એવી માન્યતા હતી, ત્યાં તો બંધનની ધારા ચાલતી હતી. વસ્તુના સ્વભાવનું ભાન સમ્યક્‌માં થતાં એને નિર્જરાની धार–बहावत, લ્યો. प्रवाहमें पूर्वकृत, જુઓ, નિર્જરાનો પ્રવાહ છેને. पूर्वकृत कर्मोंको बहा देते है. છૂટી જાય છે.

जो नव बंध निरोध.. નવા બંધનું (આવવું) અટકી ગયેલું છે. જૂના બંધની નિર્જરાનો પ્રવાહ વહે છે. मोख-मारग-मुख-धावत.. મોક્ષમાર્ગની ઓર, એમ. એ મોક્ષમાર્ગની સન્મુખ ધાવે છે. અંદર સન્મુખ સંવેગનો વેગ ત્યાં ગયો છે. निःशंकितादि जे अष्टगुन.. એને નિઃશંક, નિકાંક્ષા એવા આઠ ગુણો એટલે પર્યાયો–સમકિતના ચિહ્નો–એંધાણ–લક્ષણ–આચરણ... जस अष्ट गुन એ પર્યાય છે.

अष्टकर्म अरि संहरत... આઠ કર્મરૂપી વેરી. જુઓ, આંહીં તો વેરી લીધો. એય ! કર્મ વેરી. ઓલા કહે, અરિહંતાણં ન કહેવું. માળે લોકો પણ ક્યાં અટક્યા. મૂળ વાતને ન સિદ્ધ કરતાં, શબ્દોમાં..... આ કહ્યું આંહીં જુઓ. अष्ट कर्म अरि संहरत.. આઠ કર્મરૂપી વેરી. सो पुरुष विचच्छन तासु पद.. એ વિચક્ષણ પુરુષ–ધર્મી એના પદને બનારસીદાસ વંદન કરે છે, લ્યો. આહા ! નિર્જરાનું થઈ ગયુંને. सम्यग्ज्ञानी पुरुष हैं, उन्हें बनारसीदास नमस्कार करते हैं, લ્યો. सम्यग्ज्ञानी पुरुष हैं, उन्हें बनारसीदास नमस्कार करते हैं. હવે આઠ અંગના નામ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૮૫, અષાઢ સુદ ૩, શુક્રવાર, તા. ૨૫-૬-૧૯૭૧
## નિર્જરા દ્વાર પદ ૫૮ થી ૬૧ તથા સાર ઉપર પ્રવચન

આ નિર્જરા અધિકાર છે. સમયસાર નાટક. એ આઠ અંગના નામની વાત કરે છે. સમ્યગ્દર્શનકે અષ્ટ અંગો. સમ્યગ્દર્શનના આઠ ચિહ્નો. લક્ષણો કહો, ચિહ્ન કહો, આચાર કહો કે અંગ કહો, અવયવ કહો. સમ્યગ્દ્રષ્ટિને આ આઠ અંગના સહાયથી નિર્જરા થાય છે એમ સિદ્ધ કરવું છે.

સમ્યગ્દર્શનનાં આઠ અંગોના નામ. (સોરઠા)

प्रथम निसंसै जानि, दुतिय अवंछित परिनमन।
तृतिय अंग अगिलानि, निर्मल दिष्टि चतुर्थ गुन॥५८॥

पंच अकथ परदोष, थिरीकरन छट्टम सहज।
सत्तम वच्छल पोष, अष्टम अंग प्रभावना॥५९॥

**શબ્દાર્થ** :—નિસંસૈ(નિઃસંશય)=નિઃશંકિત. અવંછિત=વાંછા રહિત, નિઃકાંક્ષિત. અગિલાનિ=ગ્લાનિ રહિત, નિર્વિચિકિત્સિત. નિર્મળ દિષ્ટિ=યથાર્થ વિવેક, અમૂઢદષ્ટિ. અકથ પરદોષ=બીજાના દોષ ન કહેવા, ઉપગૂહન. થિરિકરન=સ્થિર કરવું, સ્થિતિકરણ. વત્સલ=વાત્સલ્ય, પ્રેમ.

**અર્થ** :—નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સિત, અમૂઢદષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના—આ સમ્યગ્દર્શનનાં આઠ અંગ છે. ૫૯.

**अर्थ** :—निःशंकित, निःकांक्षित, निर्विचिकित्सित, अमूढ़दृष्टि, उपगूहन, स्थितिकरण, वात्सल्य और प्रभावना—ये सम्यग्दर्शनके आठ अंग हैं॥५८-५९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આઠના નામ આપ્યા. પહેલો निसंसै.. એ દરેકનો અર્થ કરશે બીજા (પદ)માં. संशय—शंका नहीं—निःशंकित. બીજો अवंछित—વાંછા રહિત—નિઃકાંક્ષિત. કોની (વાંછા રહિત) એ વ્યાખ્યા કરશે. अगिलानि—ગ્લાનિ રહિત એટલે નિર્વિચિકિત્સિતા. ગ્લાનિ નહીં. એનો અર્થ કરશે. निर्मल दिष्टि એટલે યથાર્થ વિવેક—અમૂઢદષ્ટિ. अकथ दोष... परदोष—दूसरोंके दोष नहीं कहना. ઉપગૂહન એક લીધો છે. थिरिकरन—स्थिर करना. એ સ્થિતિકરણ. અને वच्छला—વાત્સલ્ય, પ્રેમ. ये सम्यग्दर्शनके आठ अंग है, લ્યો. એ આઠ અંગોનું સ્વરૂપ. એનું સ્વરૂપ કહે છે.

સમ્યક્ત્વનાં આઠ અંગોનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

धर्ममें न संसै सुभकर्म फलकी न इच्छा,
असुभकौ देखि न गिलानि आनै चितमैं।
सांची दिष्टि राखै काहू प्रानीकौ न दोष भाखै,
चंचलता भानि थिति ठानै बोध वितमैं॥
प्यार निज रूपसौं उछाहकी तरंग उठै,
एई आठौं अंग जब जागै समकितमैं।
ताहि समकितकौं धरै सो समकितवंत,
वहै मोख पावै जौ न आवै फिरि इतमैं॥६०॥

**શબ્દાર્થ :—**સંસૈ (સંશય)=સંદેહ. ભાનિ=નાશ કરીને. થિતિ ઠાનૈ=સ્થિર કરે. બોધ=રત્નત્રય. તરંગ=લહેર, ઉછાહ=ઉત્સાહ. ઇતમેં=અહીં (સંસારમાં).

**અર્થ :—**સ્વરૂપમાં સંદેહ ન કરવો એ નિઃશંકિત અંગ છે, શુભ ક્રિયા કરીને તેના ફળની અભિલાષા ન કરવી એ નિઃકાંક્ષિત અંગ છે, દુઃખદાયક પદાર્થ જોઈને ગ્લાનિ ન કરવી એ નિર્વિચિકિત્સા અંગ છે, મૂર્ખાઈ છોડીને તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવો એ અમૂઢદૃષ્ટિ અંગ છે, બીજાઓના દોષ પ્રગટ ન કરવા એ ઉપગૂહન અંગ છે, ચિત્તની ચંચળતા દૂર કરીને રત્નત્રયમાં સ્થિર થવું તે સ્થિતિકરણ અંગ છે, આત્મસ્વરૂપમાં અનુરાગ રાખવો તે વાત્સલ્ય અંગ છે. આત્માની ઉન્નતિને માટે ઉત્સાહિત રહેવું એ પ્રભાવના અંગ છે, આ આઠ અંગોનું પ્રગટ થવું તે સમ્યક્ત્વ છે, તે સમ્યક્ત્વને જે ધારણ કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે, સમ્યગ્દૃષ્ટિ જ મોક્ષ પામે છે અને પછી આ સંસારમાં આવતો નથી.

વિશેષ :—જેવી રીતે શરીરનાં આઠ અંગ હોય છે અને તે પોતાના અંગી અર્થાત્ શરીરથી પૃથક્ થતાં નથી અને શરીર તે અંગોથી પૃથક્ થતું નથી. તેવી જ રીતે સમ્યગ્દર્શનનાં નિશંકિત આદિ આઠ અંગ હોય છે અને તે પોતાના અંગી અર્થાત્ સમ્યગ્દર્શનથી પૃથક્ થતાં નથી અને સમ્યગ્દર્શન આઠ અંગોથી જુદું હોતું નથી—આઠ અંગોનો સમુદાય જ સમ્યગ્દર્શન છે.

**अर्थ :—**स्वरूपमें सन्देह नहीं करना निःशंकित अंग है, शुभ क्रिया करके उसके फलकी अभिलाषा नहीं करना निःकांक्षित अंग है, दुःखदायक पदार्थ देखकर ग्लानि नहीं करना निर्विचिकित्सा अंग है, मूर्खता त्यागकर तत्त्वका यथार्थ निर्णय करना अमूढ़दृष्टि अंग है, दूसरोंके दोष प्रगट नहीं करना उपगूहन अंग है, चित्तकी चंचलता हटाकर रत्नत्रयमें स्थिर होना स्थितिकरण अंग है, आत्मस्वरूपमें अनुराग रखना वात्सल्य अंग है, आत्म उन्नतिके लिये उत्साहित रहना

प्रभावना अङ्ग है, इन आठ अङ्गोंका प्रगट होना सम्यक्त्व है, उस सम्यक्त्वको जो धारण करता है वह सम्यग्दृष्टि है, सम्यग्दृष्टि ही मोक्ष पाता है और फिर इस संसारमें नहीं आता।

विशेष :—जिस प्रकार शरीरके आठ अङ्ग होते हैं और वे अपने अंगी अर्थात् शरीरसे पृथक् नहीं होते और न शरीर उन अंगोंसे पृथक् होता है। उसी प्रकार सम्यग्दर्शनके निःशंकित आदि आठ अंग होते हैं और वे अपने अंगी अर्थात् सम्यग्दर्शनके पृथक् नहीं होते और न सम्यग्दर्शन अष्ट अंगोंसे निराला होता है—आठों अंगोंका समुदाय ही सम्यग्दर्शन है॥६०॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે કે ધર્મમાં સંશય નહીં. પોતાનું જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અખંડ અભેદ, એમાં સંશય (જરાય નહીં). નિર્ભય અને ....સંશયી. સંશય નથી. આમ તો નિઃશંકનો અર્થ બીજો પણ એક છેને. ઓલો શંકા.... લખ્યું છેને. નિયમસારમાં, નહીં? પાંચમી ગાથામાં. આપ્તપુરુષ છે એ શંકારહિત છે. આપ્તપુરુષ શંકારહિત છે. શંકા એટલે મોહ અને રાગ-દ્વેષ દોષ, એનાથી આપ્તપુરુષ રહિત છે. અહીં સમકિતવંત, એ મોહ અને રાગ-દ્વેષ રહિત જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? શંકાની વ્યાખ્યા કરીને. પાંચમી ગાથા, નહીં? નિયમસાર. 'अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मतं' એમાં આવે છે શબ્દમાં મેળ. આપ્ત, આગમ અને તત્ત્વની શ્રદ્ધા. વ્યવહાર સમકિતીની વાત છેને. છતાંય આપ્ત કોને કહેવાય? કે શંકારહિત તે આપ્ત—પરમેશ્વરદેવ. શંકા એટલે શું? મોહ અને રાગ-દ્વેષ. એ શંકારહિત—નિઃશંક છે. એમ ધર્મી જીવ પોતાનો સ્વભાવ નિઃશંક મોહ અને રાગ-દ્વેષ રહિત છે એ નિઃશંક છે એને. સમજાણું કાંઈ?

પરમેશ્વરને તો રાગ-દ્વેષની અસ્થિરતા ટળી ગઈ છે ને વીતરાગ થઈ ગયા છે. અહીંયાં મોહ મિથ્યાત્વ ટળ્યું છે, પણ રાગ-દ્વેષ ટળ્યા નથી. છતાં શ્રદ્ધામાં તો (એમ છે કે) 'મોહ અને રાગ-દ્વેષ રહિત જ મારું સ્વરૂપ છે ત્રિકાળ શુદ્ધ'. સમજાણું કાંઈ? એ સમકિતનું પહેલું અંગ છે, નિઃશંક. એનું અંગ—અવયવ. સમકિત સામાન્ય એ અવયવી અને આ એના અંગો એટલે અવયવ છે. આ શરીર છે એ અંગી છે અને હાથ-પગ એના અંગ છે. એ કંઈ જુદા નથી શરીરથી. એમ સમકિતનું અંગ સમકિતથી જુદું નથી. નિઃશંક આત્મા અસ્તિપણે લીધો છે ત્યાં. નિર્વાંછના એ નાસ્તિથી, શુભની વાંછા નથી, એમ. પણ અસ્તિ મહા આવો સ્વભાવ શુદ્ધ એકલો પવિત્ર નિર્મળાનંદ પ્રભુ, એવી પ્રતીતમાં એને નિઃસંશય છે. રાગ-દ્વેષ, મોહ જેના ભાવમાં છે જ નહીં, એવો આત્મા સમ્યગ્દ્રષ્ટિના અનુભવમાં, પ્રતીતમાં, શ્રદ્ધામાં વર્તે છે. કહો, સમજાય છે કે નહીં?

નિવાંછક. सुभकर्मफलकी न इच्छा.. શુભ પરિણામ છે એનાથી સમ્યગ્દ્રષ્ટિ તો વિરક્ત જ છે. પણ એ શુભભાવનું ફળ પણ ઈચ્છતો (નથી). જે પોતાની ચીજ નથી, એ શુભભાવ પોતાનો છે જ નહીં. નિઃશંકમાં એ રાગ-દ્વેષ મોહથી રહિત જ મારી ચીજ છે એવું જ્યાં નિઃસંશય પ્રગટ્યું, ત્યાં એને નિર્વાંછક ભેગું સાથમાં હોય છે. એટલે કે શુભરાગની ક્રિયા જે છે એનાથી હું રહિત છું એટલે એના ફળની ઈચ્છા જ્ઞાનીને હોતી (નથી). સમજાણું કાંઈ ? કહે, ભાઈ, આ પુણ્ય અમે કરીએ છીએ અને ફળ આવશે કાંઈક સ્વર્ગ આદિ. પણ એ ફળ અને ભાવ બેય મારા નથી. એથી બેયની એને વાંછા નથી. આહા ! વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન, એમાં જેની દૃષ્ટિ નિઃસંશયપણે પરિણમી છે, એમ કહે છે, એને શુભભાવના ફળની ઈચ્છા હોતી નથી. એ નાસ્તિથી કહ્યું છે. ઓલો અસ્તિથી.

असुभकौ देखि न गिलानि आनै चित्तमैं.. ભાષા એવી લીધી છે, જુઓ. વિકલ્પ એવા દેખે, એથી એમ ન થઈ જાય એને કે આ શું ? મારા સ્વભાવમાં આ શું ? એ મારા સ્વભાવમાં છે જ નહીં. અશુભપરિણામની ગ્લાનિ અને દ્વેષ નથી. એનો એ જ્ઞાની જ્ઞાતા અને દૃષ્ટા છે. કહો, સમજાણું ? પહેલું અસ્તિત્વ સિદ્ધ કર્યું. પછી ઈચ્છારહિત સિદ્ધ કર્યું. પછી દ્વેષ નહીં એમ સિદ્ધ કર્યું. સમ્યગ્દ્રષ્ટિને અશુભભાવ છે એનો દ્વેષ નથી, ગ્લાનિ નથી. આ શું ? આ શું ? આહાહા ! સ્વભાવ ચૈતન્ય નિર્મળાનંદ હોવા છતાં, એ અશુભભાવ થાય એનો એને દ્વેષ નથી, ગ્લાનિ નથી. નિર્વિચિકિત્સક છે એમ કહે છે. (શ્રોતા : અશુભભાવ દુઃખદાયક છે એમ ન સમજવું ?) દુઃખદાયક, પણ એ કીધુંને પછી શું એની (વાત ?). પોતે એની ગ્લાનિ કરતો નથી અને દ્વેષ જ કરતો નથી. 'છે' એને જાણે છે એમ કહે છે. દ્વેષ નથી કે અરે, આ શું ?

જુઓને, શ્રેણિકરાજાયે માથું ફોડીને એમ ને એમ.... દ્વેષનો અંશ આવ્યો હતો. (પણ) ગ્લાનિ નથી એના ઉપર. જાણે છે કે છે. સમજાણું કાંઈ ? આ તો નિશ્ચયના બધાં અંગ લીધાં છે. असुभकौ देखि न गिलानि आनै चित्तमैं.. વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ જ્યાં અંતર અનુભવમાં અને દૃષ્ટિમાં આવ્યો, એને અશુભભાવની ગ્લાનિ હોતી નથી, દ્વેષ નથી. આહાહા ! આ શું ? सांची दिष्टि राखै.. આ અમૂઢદૃષ્ટિ. મૂંઝાય નહીં, મૂંઝવણ નથી એને. આવો ભાવ આવવા છતાં આ શું થશે મારું ? મૂંઝવણ નથી. મારું થશે જ. પરમાત્મા થવાનો છું એ જ થશે. સમજાણું કાંઈ ? નિર્મળ લખ્યું છેને, નિર્મળ દૃષ્ટિ. અહીંયાં લખ્યું છે અર્થમાં, दुःखदायक पदार्थ देखकर ग्लानि नहीं करना. એ સાધારણ વાત છે. (શ્રોતા : એ બહારની વાત.) એ બહાર... વાત તો આમ છે ખરેખર તો. અને નિર્મળ છેને ?

નિર્ણય. मूर्खता त्यागकर तत्त्वका यथार्थ निर्णय करना. અંદર એને અવિવેક ન

આવે, વિવેક જ હોય છે. સૂક્ષ્મ વાતમાં પણ ક્યાંય એને મૂંઝવણ આવતી નથી. આખો ભગવાન આત્મા ચૈતન્યપિંડ જ્યાં અનુભવમાં આવ્યો, પ્રતીતમાં આવ્યો, ભગવાન બાદશાહ મોક્ષનો નાયક ભગવાન આત્મા પોતે. (શ્રોતા : શિવનાયક) શિવનાયક આવ્યું હતુંને. મોક્ષનો બાદશાહ છે એમ કહે છે. એ મુક્તિપુરીનો નાથ છે, સંસાર-ફંસારનો નાથ એ (નથી). આહાહા! કહે છે, सांची दिष्टि राखै.. એમાં ક્યાંય એને સત્યમાં મૂંઝવણ થઈ જાય કે આ શું હશે? આવો આ માર્ગ? આવો ભાવ આવે છે, અશુભ રૌદ્રધ્યાન થઈ જાય છે માટે શું ભવ હશે? એમ શંકા—અવિવેક થતો નથી. અમૂઢદષ્ટિ. જુઓ, આ સમ્યગ્દર્શનની દશા અને એના આઠ અંગો સહચર—સાથે રહેનારા.

सांची दिष्टि राखै काहू प्रानी कौ न दोष भासै.. કોઈનો દોષ ન જોવો, એવો વ્યવહાર ખરેખર તો. એટલે દોષને જોવાની દૃષ્ટિ જ નથી. પર્યાયદષ્ટિ ગઈ છે એટલે વસ્તુદષ્ટિ થઈ છે એટલે પરના દોષો જોવાની વાત નથી. એનો આત્મા નિર્દોષ છે એમ એ જુએ છે. સમજાણું કાંઈ? જેમ પોતાને પર્યાયદષ્ટિ વિનાનો (જોવે છે), એમ પરને પણ દોષ વિનાનો જ આત્મા છે એમ જોવે છે. આહાહા! चंचलता भानि थिति ठानै बोध वितमैं, લ્યો. चित्तकी चंचलता हटाकर रत्नत्रयमें स्थिर होना.. સ્થિતિકરણ. चंचलता भानि.. રત્નત્રયમાં એને જરીય અસ્થિરતા—ચંચળતા થતી નથી. વસ્તુ છે એ વસ્તુ છે. જુઓ, આંહીં સમ્યગ્દર્શનના અંગની વાત છે. છતાં અહીંયા चंचलता भानि थिति ठानै बोध वितमैं. અર્થમાં એમ લખ્યું છેને. रत्नत्रयमें સ્થિર હોના. અહીંયાં તો રત્નત્રય.... ભાઈ સમજાય છે આમાં? એને ત્યાં (નિશ્ચય) રત્નત્રય સિદ્ધ કર્યો ચોથે (ગુણસ્થાને). અર્થમાં છે ને.

चित्तकी चंचलता हटाकर रत्नत्रयमें स्थिर होना स्थितिकरण अंग है. ચોથે પણ સ્થિતિકરણ છે ને. સમજાણું કાંઈ? પોતાના સમ્યગ્દર્શન, પોતાના જ્ઞાન અને સ્થિરતાના અંશમાં ક્યાંય એને ચંચળતા હોતી નથી, લ્યો. ચોથે કીધું છે ને. 'છ ઢાળા'માં નથી કહ્યું? ત્રણે મોક્ષના માર્ગી છે ચોથા, પાંચમા અને છઠ્ઠા (ગુણસ્થાનવાળા). આવે છેને. ત્રણેય મોક્ષના માર્ગી છે. મોક્ષમાર્ગ ત્રણે.. ત્રણે.. ત્રણે (ગુણસ્થાન)માં ત્રણ (રત્ન) છે એમ કહે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર. ત્રણેમાં ત્રણ છે. ભલે અંશ—થોડું, પણ છે ત્રણ ત્યાં. સમજાણું કાંઈ? ચંચળતા નાશ કરી. थिति ठानै बोध वितमैं.. જ્ઞાનરૂપી લક્ષ્મી. પોતાનો જે જ્ઞાનસ્વભાવ ચૈતન્યસ્વભાવ એમાં પોતે ઠાનૈ—સ્થિર રહે છે. જ્ઞાનમાંથી એને ક્યાંય ચંચળતા થતી નથી.

प्यार निज रुपसौं उछाहकी तरंग उठै.. વાત્સલ્ય. પોતાનો શુદ્ધ સ્વરૂપનો જ જેને પ્યાર અને પ્રેમ છે. आत्मस्वरूपमें अनुराग रखना वात्सल्य अंग है. અનુરાગ—પ્રેમ. એનો

પ્રેમ રાગ અને સ્ત્રી, કુટુંબ આદિ નથી લઈ જતો, એમ કહે છે. પ્રેમ જોડાણો છે પ્રભુ સાથે. પોતાનો જે શુદ્ધસ્વરૂપ પવિત્રસ્વરૂપ એનો જેને પ્રેમ છે અને વાત્સલ્ય... પછી આવ્યુંને. વાત્સલ્ય.. એ વાત્સલ્ય આવ્યું. उछाहकी तरंग उठै.. પ્રેમ છે એટલે ઉત્સાહનો તરંગ.. અંદર સ્વભાવ (તરફની) સાવધાનીના તરંગ ઉઠે છે, લ્યો. आत्म उन्नतिके लिये उत्साहित रहना, એમ. એ પ્રભાવના અંગ છે. પ્રભાવના લેવું છેને આંહીં. એ ઉત્સાહ.. ઉત્સાહ થાય છે ઉત્સાહ, એ પ્રભાવના છે એમ કહે છે. સ્વરૂપ તરફની ઉત્સાહની વૃદ્ધિ છે એ પ્રભાવના છે.

ભગવાન આત્મા પોતાનો પૂર્ણ શુદ્ધ સ્વભાવ, એનો જ્યાં અંતર દૃષ્ટિ અને અનુભવ થયો એટલે શુદ્ધસ્વભાવનો જ એને ઉત્સાહ વર્તે છે, એ પ્રભાવના છે. આ બહારની પ્રભાવના—પતાસા વહેંચવા અને શુભભાવ, એ આંહીં વાત ગણી નથી આંહીં. (શ્રોતા : કેમ ગણી નથી?) એ એની છે જ નહીં. શુભભાવ જ એનો નથી. એય! આહા! વ્યવહારનું વર્ણન કરે ત્યારે આવે, પણ એ વ્યવહાર એનામાં છે જ નહીં. વ્યવહાર એનો છે નહીં, વ્યવહારમાં એ છે નહીં. उछाहकी तरंग उठै. એ પ્રભાવના છે, લ્યો. प्यार निज रुपसौं.. એ વાત્સલ્ય છે. ઉત્સાહના તરંગ ઉઠે સ્વભાવ સન્મુખ. સર્વે મોક્ષ તરફનો જ્યાં ઉત્સાહ વર્તે છે, તે જ એની પ્રભાવના છે. પ્રભાવના બહારમાં કોણ કરે? લોકોમાં બહારમાં જ આખું સમાઈ ગયું છે.

જુઓ, કેટલી પ્રભાવના કરી ઓહોહો! (શ્રોતા : એ દેખાય. હમણાં જ થઈને). અહીંયાં જયપુર જોવે છે બધા. હમણાં ધીરુભાઈ કહેતા હતા. હમણાં દેવશીભાઈ આવ્યા ત્યારે વાત થઈ હતી. દેવશીભાઈ ત્યાં હતા. ત્યાં ગયા મુંબઈ ગયા છે. મલાડ-મલાડ. શું ત્યાં એમ કે...! એ તો બહારનું થયું. એમાં આત્મા ક્યાં આવ્યો? (શ્રોતા : આત્મા નહોતો આવ્યો ને આપ ગયા? પ્રભાવના ....) કોણ ગયો હતો? ક્યાં ગયો હતો? એવી વાત છે ભારે. એય માણિકલાલજી! માણિકલાલ તો આવ્યા નહોતા. તમે તો નવરા હતા. શું હતું? (શ્રોતા : માંદા હતા). માંદા હતા. લે, કાંઈક થયું. એ તો હવે નવરા છે. આ પ્રભાવના તો આત્મામાં હોય, આત્માની દશામાં હોય. પ્રભાવના આત્માથી વેગળી હોય? એમ કહે છે. (શ્રોતા : વેગળી ન હોય). શુભરાગેય આત્માથી વેગળો છે. બહારની ક્રિયા તો ક્યાંય રહી ગઈ હવે. સમજાણું કાંઈ?

આંહીં તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એનો જ્યાં વીર્યનો ઉલ્લાસ સ્વભાવ સન્મુખ થાય એનું નામ પ્રભાવના છે. કહો, સમજાણું કાંઈ? ઓલું તો વ્યવહાર હોય એને એ જાણવાલાયક (છે.) વિકલ્પ હોય અને થાય એ તો જાણવાલાયક છે, એ કંઈ આદરવાલાયક નથી. આહાહા! આવો માર્ગ તો જુઓ, વીતરાગ માર્ગ આત્માનો! હવે ન્યાં સર્વસ્વ મનાઈ ગયું

બહાર. અહિંયાં તો उछाहकी तरंग उठै.. નિર્મળધારા સ્વભાવ સન્મુખની વર્તે એનું નામ પ્રભાવના, એમ કહે છે. એય ચેતનજી! (શ્રોતા : ઉલ્લાસિત વીર્ય). ઉલ્લાસ અંદર. આ તો બહાર હાથી ને ઘોડા ને માણસ ને.. એ તો બહાર રહી ગયું, તારી દશામાં ક્યાં આવ્યું? (શ્રોતા : એક માઈલમાં હતા.) એ તો એણે લખ્યું હતું, માઈલ એટલું બધું (ન હોય.) માઈલ કોને કહે? પણ આટલું મોટું નથી. મોટું... (શ્રોતા : આંહીંથી સ્ટેશન સુધી) સ્ટેશન સુધી. એ તો માણસ કેટલું ને પછી કાંઈ સાકડું નહોતું. મોટું હતું.

શહેરમાં બે બાજુ મોટી મોટર જવાના રસ્તા હોં. આમ જવાનો રસ્તોય મોટો ને આમ વચ્ચે... રસ્તો મોટો બેય બાજુ. ઓલાની ઓલી કોર આમ જાય ને. ઘણો મોટો રસ્તો. એ આત્મા એટલો પહોળો છે કે અનંત-અનંત ગુણને એક સમયમાં સાવધાનપણે ઉછાળે, એ એની પ્રભાવના છે. એય માણિકલાલજી! प्रयोग कहते हैं, પ્રભાવના—ભાવના. ભાવના—પોતાની પર્યાય પોતાથી દૂર હોય? (શ્રોતા : ન હોય). શુભભાવ અને બહારની ક્રિયા તો દૂર છે. બહારની ક્રિયા પરદ્રવ્યની છે. શુભભાવ તો આસ્રવના પરિણામ છે. કહો, સમજાણું કાંઈ? વસ્તુ એવી છે. ઓલો વ્યવહાર-વ્યવહાર કરીને માણસને આમ ઉત્સાહ થઈ જાય છેને. વ્યવહાર એટલે પણ... વ્યવહારમાં ઉત્સાહ થવો એ જ વાત ખોટી છે એમ કહે છે. સ્વરૂપમાં ઉત્સાહ થવો એ વસ્તુ છે, એમ છે અહીં. સમજાણું?

एई आठौ अंग जब जागै समकितमैं, લ્યો. આહાહા! આત્માનું દર્શન, એમાં આઠેય અંગ સહચર—સાથે જાગે—ઉત્પન્ન થાય. ताहि समकितकौ धरै सौ समकितवंत.. આવા આઠ અંગ સહિત સમકિતને ધારે—એને હોય તે સમકિતવંત છે. આહાહા! वहै मोख पावै जौ न आवे फिरि इतमैं.. એ મોક્ષને પામે, એ સિદ્ધપદને પામે. અને ન इतमैं—સંસારમાં હવે આવે નહીં. फिर संसारमें नहीं आता. આવે (ક્યાં), સંસાર હતો જ ક્યાં એમાં? અર્થ તો થઈ ગયો. વિશેષ છે હવે. એમાં છેને વિશેષ. વિશેષ છે ને.

जिस प्रकार शरीरके आठ अंग होते है. હવે એ નામ હેઠે. હેઠે નામ છે ને. शिर—માથું, नितंब—બેઠક, આ શરીરની બેઠક—નીચેનો ભાગ. એને આ નિતંબ જોડે કાન... ત્યાં નિતંબનો અર્થ આ (શ્રોતા : ખંભો છે) ખંભો થાય છે. એ ક્યાંક શબ્દ મગજમાં છે. આમાંય ક્યાંક છે. નિતંબ જોડે કાનસો. એટલે એ શબ્દ સવૈયા જેવો છે, નહીં? સમયસાર નાટકમાં ક્યાંક હોવો જોઈએ. જોયું પણ હાથ ન આવ્યો. થોડું જોયું મોક્ષ(દ્વાર) સુધી. શબ્દ મગજમાં રહી ગયો છે ક્યાંક. કાંઈ બધું યાદ હોય ત્યાં? આવો શબ્દ છે, નિતંબ જોડે કાનસો. એટલે ભગવાન યાદ આવ્યા પછી. ઓલા કાનને જોડી દે છેને આ .... હા, હા, ખંભા સાથે. ખંધ-ખંધ કહેવાય. ખંભા સાથ જોડી દે, તુટે નહીં (એટલે). વચ્ચે. નિતંબ. આ સ્ત્રીને નિતંબિની કહે છે. શાસ્ત્રમાં ઘણે ઠેકાણે આવે છે. હવે નિતંબિની જો કહે તો પછી

પુરુષ નિતંબિની કેમ નહીં? જો એકલો અર્થ બેઠકનો હોય તો, એમ.

એય! એમ જરાક શબ્દમાં એમ નીકળ્યું હતું નિતંબિની. તો પછી તમે આને પુરુષના શરીર એની બેઠક નથી. પણ એને કહ્યું હોય એ અપેક્ષાથી. નિતંબ-બેઠક અથવા ખંધ. આ ખંભા-ખંભા એક લેવું હોં એ બધું થઈને. उर-આ હૃદય છાતી એક. ત્રણ. અને પીઠ (મળીને) ચાર. પાછળ પીઠ. ચાર અને કર (હાથ) બે. છ અને બે પદ. कर जुगल जुगल पद, એમ. બે હાથ અને બે પગ. એમ કરીને આઠ છે. आठ अंग ये तन विषै, और उपंग अनेक, લ્યો ઠીક. એ સિવાયના આંગળાઓ ને આ બધા, એ બધા ઉપંગ. મૂળ આઠ અંગ આ. शरीरके आठ अंग होते हैं और वे अपने अंगी अर्थात् शरीरसे पृथक् नहीं होते. એ શરીરના આઠ અંગો શરીરના જ અવયવો છે. કાંઈ શરીર જુદું હોય અને એના અવયવ જુદા એમ છે નહીં. और न शरीर उन अंगोंसे पृथक् होता है. બેય અરસપરસ. अंगी अर्थात् शरीरसे पृथक् नहीं होते और न शरीर उन अंगोंसे पृथक् होता है, એમ.

અંગ છે એ અંગીસે જુદા નહીં અને અંગી છે તે અંગથી જુદા નહીં, એમ. શરીર છે તે આ હાથ-પગ (આદિ) અવયવથી જુદું નહીં અને શરીરના અવયવોથી શરીર જુદું નહીં. શરીર એનાથી જુદું નહીં. અંગીથી અંગ અને અંગ અંગીથી જુદું નહીં. એમ આઠ સમકિતના જે અંગો એનાથી સમકિત જુદું નહીં અને સમકિત આઠ અંગથી જુદું નહીં. આઠ અંગો સમકિતથી જુદાં નહીં અને સમકિત આઠ અંગથી જુદું નહીં. આરે આરે! (શ્રોતા : એક ભાગ). એક જ વસ્તુ છે ને. उसी प्रकार सम्यग्दर्शनके निःशंकित आदि आठ अंग होते है और वे अपने अंगी अर्थात् सम्यग्दर्शनसे पृथक् नहीं होते સમ્યગ્દર્શનથી કાંઈ જુદા નથી. और न सम्यग्दर्शन अष्ट अंगोंसे निराला होता है. અરસપરસ. आठों अंगोंका समुदाय ही सम्यग्दर्शन है, લ્યો. આ તો અભ્યંતર-નિશ્ચયની વાત લીધી ને. અને પર્યાય પોતે.... (શ્રોતા : સમયસારમાં નિશ્ચય છે). નિશ્ચય છેને સમયસારમાં. પાછળથી લખ્યું કે ભાઈ આ નિશ્ચયપ્રધાન છે. હવે चैतन्यनटका नाटक, લ્યો. છેલ્લો અર્થ એ કાઢશે. હવે ૩૦મો કળશ નીચે છેને. ૩૦મો.

रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गै
प्राग्बद्धं तु क्षयमुपनयन् निर्जरोज्जृम्भणेन।
सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं
ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।।३०।।

આહાહા! એનું પદ. ચૈતન્ય નટકા નાટક. ચૈતન્ય નટનું નાટક

ચૈતન્ય નટનું નાટક (સવૈયા એકત્રીસા)

पूर्व बंध नासै सो तो संगीत कला प्रकासै,
नव बंध रुंधि ताल तोरत उछरिकै।
निसंकित आदि अष्ट अंग संग सखा जोरि,
समता अलाप चारी करै सुर भरिकै।।
निरजरा नाद गाजै ध्यान मिरदंग बाजै,
छक्यौ महानंदमैं समाधि रीझि करिकै।
सत्ता रंगभूमिमैं मुकत भयौ तिहूं काल,
नाचै सुद्धदिष्टि नट ग्यान स्वांग धरिकै।।६१

**શબ્દાર્થ :—**સંગીત=ગાયન. સખા=સાથી. નાદ=ધ્વનિ. છક્યૌ=લીન થયો. મહાનંદ=મહાન હર્ષ. રંગભૂમિ=નાટ્યશાળા.

**અર્થ :—**સમ્યગ્દષ્ટિરૂપી નટ, જ્ઞાનનો સ્વાંગ ધારણ કરીને સત્તારૂપ રંગભૂમિમાં મોક્ષ થવાને માટે સદા નૃત્ય કરે છે; પૂર્વબંધનો નાશ તેની ગાયનવિદ્યા છે, નવીન બંધનો સંવર જાણે કે તેના તાલની મેળવણી છે, નિઃશંકિત આદિ આઠ અંગ તેના સહચારી છે, સમતાનો આલાપ સ્વરોનું ઉચ્ચારણ છે, નિર્જરાની ધ્વનિ થઈ રહી છે, ધ્યાનનું મૃદંગ વાગે છે, સમાધિરૂપ ગાયનમાં લીન થઈને ખૂબ આનંદમાં મસ્ત છે. ૬૧.

**अर्थ :—**सम्यग्दृष्टिरूपी नट, ज्ञानका स्वांग बनाकर सत्तारूप रंगभूमिपर मोक्ष होनेके लिये सदा नृत्य करता है; पूर्वबन्धका नाश उसकी गायन विद्या है, नवीन बन्धका संवर मानों उसका ताल तोडता है, निःशंकित आदि आठ अंग उसके सहचारी हैं, समताका अलाप स्वरोंका उच्चारण है, निर्जराकी ध्वनि हो रही है, ध्यानका मृदंग बजता है, समाधिरूप गायनमें लीन होकर बड़े आनंदमें मस्त है।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

માળે બનારસીદાસે... તેથી એમાં લખ્યુંને ઘર ઘર નાટક કથા બખાનિ. કહો, આવે છેને. આ સમયસાર નાટકનું આ પુસ્તક પઢતાં લોકો બહુ ખુશી થયા ભાઈ ! આહાહા ! ત્યાં થોડાક બાકી આવ્યા હતા તે લોકો તો લેતા હતા એકદમ. મોટું પુસ્તક, કાગળ-બાગળ.. સમજ્યાને.... માગણી છે એટલાય રહ્યા નહીં હવે તો. ખુટી ગયા. એ સત્તરસો મંગાવ્યા હતા, એ ન આવ્યાને. કેટલાય રાડું પાડતા હતા. અમે બસો માંગ્યા ને ૩૫

આવ્યા, એમ કહેતા ન્યાં હોં જયપુરવાળા કહેતા. ૩૫ આવ્યા અમારે તો. અને કો'કે કંઈક ભોપાળવાળાએ કાંઈક મંગાવ્યા હતા. એ અમારે તો બહુ થોડા આવ્યા છે. આવું રૂડું અને દેખાવેય એવો છે એનો. કાગળ મોટા, ... આધાર. આ તો ઓલા.... આવું હતું નાનું આવું નાનું લ્યો.

निरजरा नाद गाजै ध्यान मिरदंग बाजै, छक्यौ महानंदमैं समाधि रीझि करिकै। सत्ता रंगभूमिमैं मुक्त भयौ तिहूंकाल.. પોતાની સત્તામાં મુક્ત થયો, કહે છે. सत्ता रंगभूमिमैं मुक्त भयौ तिहूंकाल, नाचै सुद्धदिष्टि नट ग्यान स्वांग धरिकै, લ્યો.

पूर्व बंध नासै सो तो संगीत कला प्रकासै... सम्यग्दृष्टि रूपी नट ज्ञानका स्वांग बनाकर... છેને છેલ્લું. ग्यान स्वांग धरिकै.. જ્ઞાનનો સ્વાંગ. હું તો જ્ઞાનસ્વરૂપ એનો ભેખ ધાર્યો છે. પુણ્ય-પાપ ને વિકલ્પ ને શરીરનો ભેખ ધર્મીને છે જ નહીં. સમ્યગ્દ્રષ્ટિરૂપી નટ.. છેને છેલ્લું પદ, એનો અર્થ પહેલો કર્યો છે. नाचै सुद्धदिष्टि नट ग्यान स्वांग धरिकै.. છેલ્લા શબ્દનો પહેલો અર્થ કીધો. જ્ઞાનનો સ્વાંગ બનાકર પછી सत्ता रंगभूमिमैं मुक्त भयो तिहूं काल.. સત્તા, લ્યો. सत्तारूप रंगभूमिपर मोक्ष होनेके लिये सदा नृत्य करता है. પોતાના હોવાપણામાં દ્રવ્ય-ગુણ ને પર્યાય શુદ્ધ, એમાં એ નાચે છે. વ્યવહાર અને રાગમાં એ નાચતો (નથી.) આહાહા! (શ્રોતા : પર્યાય લઈ લીધી ભેગી). નિર્મળ પર્યાય. નિર્મળ પર્યાયમાં નાચે છેને. આંહીં પરિણમવું છે ને. નાચ કરે છે ને. આઠ અંગ પર્યાય જ છે. સમકિત પોતે પર્યાય છે અને જ્ઞાનનો સ્વાંગ એ પણ પર્યાય છે. એ લેવું છે આંહીં. ત્રિકાળ જ્ઞાન છું એવું જે પર્યાયમાં ભાન થયું એ જ સ્વાંગ ધર્યો છે, એમ કહેવું છે.

સત્તા રંગભૂમિ છે એની. શું કહેવાય થિયેટરને? ... કહે, શું કહે છે? (શ્રોતા : થિયેટર) થિયેટર. આ કોનું? સમકિતનું થિયેટર શું છે? પોતાની સત્તા. પોતાનું હોવાપણું. દ્રવ્ય-ગુણ ને પર્યાયનું નિર્મળપણે હોવાપણું એ પોતાની સત્તા. આહાહા! रंगभूमिमैं सत्ता मुक्त भयौ तिहूं काल, લ્યો. मोक्ष होनेके लिये सदा नृत्य करता है. શુદ્ધ ચૈતન્યવસ્તુ એની જ્યાં અંતર અનુભવ દૃષ્ટિ થઈ એટલે એ પોતાના અનુભવમાં જ નાચે છે, કહે છે. પોતાની સત્તા—હોવાપણામાં (જ રહે છે). સત્તા બહાર આવતો નથી. આહા! આવે છેને ક્યાંક, નહીં? સત્તા બહાર નીકળે તે ચોર છે. એ સમયસાર નાટકમાં આવે છે. મોક્ષ અધિકારમાં ક્યાંક આવે છે. સત્તામાં રહે તે શાહુકાર અને સત્તા બહાર જાય તે ચોર. મોક્ષ કે અધિકારમાં કાંઈ છે ખરું. ઓલા પ્રમાદ કહે છે કાંઈક બીજું. ઓલી સત્તા નથી સ્થાપી ક્યાંક. સત્તા.. જ્યાં ઠોર-ઠોર સત્તા છે. (શ્રોતા : ૨૩) (મોક્ષદ્વાર-પદ) ૨૩. એ ઘણું ભઈ આવે છે અંદર. ઓલા મુખ્ય વાત લક્ષમાં રહી ગઈ હોય. પોતાનું હોવાપણું—દ્રવ્યેય શુદ્ધ,

ગુણેય શુદ્ધ ને પર્યાયેય શુદ્ધ—એ પોતાનું હોવાપણું એમાં સદાય પરિણમે છે. કહો, થયું. હવે પહેલેથી. (પહેલી) લીટી.

पूर्व बंध नासै सो तो संगीत कला प्रकासै.. પૂર્વ બંધનો નાશ કરે એ તો ગાયનની વિદ્યા. નાચનારો ગાય ખરોને. નાટકમાં આવે ને ગાયને. 'બ્રહ્મા સુત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' પહેલું આવે એ. વડોદરામાં જોયેલું. નાટક, અનસૂયા નાટક આવેલું મોટું હોં. એ વખતે સતી અનસૂયા નાટક. ત્યાં છેને નર્મદા ભરૂચને કાંઠે અને અનસૂયા ..... શું ગામ છે કાંઈ? ....નું કાંઈ ગામ છે. પાંચ ગાઉ છે પાલેજથી. ત્યાં અનસૂયા નદી નીકળી છે. એ બે બહેનો હતી મૂળ તો. અનસૂયા સતી હતી. એનું મોટું નાટક હોં બહુ વૈરાગ્યવાળું. નહોતું એક ફેરી કહ્યું એ? ન્યાં કહ્યું હતું. એ બાઈ બ્રહ્મચારિણી હતી. પછી સ્વર્ગમાં જતી હતી એમને એમ. સ્વર્ગવાળાએ ના પાડી. 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ' એમ આવે છેને ભાઈ. એવું બધું... પરણ્યા વિનાના (હોય), છોકરાં ન હોય એને ગતિ ન હોય સુગતિ. (શ્રોતા : સ્વર્ગમાં નહીં). ઠીક, તો હવે જાવું ક્યાં? તો નીચે જે હોય એને પરણું. એમાં નીચે એક આંધળો બ્રાહ્મણ, એને પરણી. એને થયાં છોકરાં.

शुद्धोसि बुद्धोसि निर्विकल्पोसि उदासिनोसि.. બેટા એમ ગાતી ગીત. ૬૪ની સાલની વાત હશે લગભગ. સંવત ૬૪. વડોદરા મોટું થિયેટર છે એનું. ત્યાં ગાતી અંદર. નાનું બાળક લાવી હશે ક્યાંકથી. બાળક.. બાળક હોં. સાચું પાછું, ખોટું નહીં, એમ. એ ક્યાંકથી લઈ આવેલા. એવું હોયને નરમ-બરમ. शुद्धोसि.. निर्विकल्पो.. આપણે આવે છેને ભાઈ બંધ અધિકારમાં. (શ્રોતા : ...માં ને પરમાત્મપ્રકાશમાં) બેય ઠેકાણે આવે છે. આપણે આમાં સમયસાર (જયસેનાચાર્યની ટીકા)માં બે ઠેકાણે છે. સમયસારમાં બંધ અધિકારમાં છેલ્લે અને (મોક્ષ અધિકારમાં) છેલ્લે અને પરમાત્મપ્રકાશમાં છે. છેલ્લે આવે છે, આવે છે. છેને લખીને અમારે અમારા કુંવરજીભાઈને મોકલ્યું હતું.

'શુદ્ધ છો પ્રભુ !'. બાળકને સંસ્કાર પડવા જોઈએ આવા, લ્યો. ઓલા કહે કે આવું પહેલેથી? (શ્રોતા : પહેલેથી ખોટું શીખવવું?) હરીભાઈનું ઓલું આમ વાંચીને, કહેતો હતોને એક જણો કે આવું શાસ્ત્રથી જ્ઞાન ન થાય એ પહેલેથી? આવ્યું હતુંને હરીભાઈ? (શ્રોતા : શાસ્ત્રથી જ્ઞાન થાય એમ ધવલમાં લખ્યું છે). લખ્યું છે એનો અર્થ શું છે? શાસ્ત્ર તો પરવસ્તુ છે. એનાથી જ્ઞાન થાતા હશે? પરલક્ષી જ્ઞાનેય એનાથી થાય છે? શાસ્ત્રથી જ્ઞાન થતું નથી.

सत्थं ण याणदे किंचि.. (સમયસાર ગાથા ૩૯૦). (શ્રોતા : એમાં ક્યાં લખ્યું છે કે એનાથી જ્ઞાન ન થાય. એ તો શાસ્ત્ર પોતે જ્ઞાન નથી એમ લખ્યું છે). પણ શાસ્ત્ર પોતે

(જ્ઞાન) નથી તો જેનામાં નથી એનાથી થાતું હશે આંહીં ? એમ કે એ તો દલીલ આવી. કીધું, પણ એનો અર્થ જ એ... શાસ્ત્રથી જ્ઞાન થાતું નથી એનો અર્થ–શાસ્ત્ર છે એ પર છે અને એના નિમિત્તમાં જે જ્ઞાન થાય છે એ પોતાથી થાય ત્યાં, છતાં એ વાસ્તવિક જ્ઞાન નથી. સમજાણું કાંઈ ? વાસ્તવિક જ્ઞાન તો ચૈતન્યના અંતરલક્ષે ઉત્પન્ન થાય તે જ્ઞાન છે. પણ એટલું બધું ન કહેતાં, એ શાસ્ત્રથી (થયું એમ કહેવાતું) જ્ઞાન પોતાથી થયું છે અને એ જ્ઞાન સાચું છે એટલે એને આ જ્ઞાનવાળાને અંતરલક્ષ જાય છે અને સાચું જ્ઞાન થાય છે— એવી શૈલી લીધી છે કથનની. (શ્રોતા : બહુ લાંબી શૈલી).

એ તો ભાઈએ કહ્યું છેને ત્યાં. હાથીના દાંત બહારના બીજા ને ચાવવાનાં બીજા છે. સમ્યગ્જ્ઞાનદીપિકામાં છે. એ જૈનના આચાર્યો ને બધા લખાણમાં આવે ત્યારે આવું જ કહે. એ બહારના દાંત છે, સાંભળને હવે ! તું સમજ. વાત સાચી છે પણ હવે... બહારના દાંત છે એ ખાવામાં કામ આવે? દેખાવમાં કામ આવે મોટા. (શ્રોતા : ઘરેણાં કરે). ઘરેણાં સોનાના... એમાં શું દાળીયા થયા ? ભૂખ્યો હોય તો એનાથી ચાવવામાં કામ આવે છે એ ? ચાવવામાં તો ઓલા નાના-નાના હોય એ કામ આવે. (શ્રોતા : ....) હા. એ વસ્તુ એવી છે. વસ્તુનો સ્વભાવ એવો છે ભાઈ ! આંહીં કહે છે, સમ્યગ્દ્રષ્ટિને પૂર્વ બંધનો નાશ થાય એ ગાયનની વિદ્યા છે. એ ગાયનની વિદ્યા. હા, ગાયન આવડેને. ગાયન ગાયને અંદરથી પાછો સાથે નાચનારો. એવું નાચે, એવા લાગે એ... એ ગાયન છે કે પૂર્વ બંધનો નાશ થાય એ જ ગાયનની વિદ્યા છે. છે ને ? અને સંગીતકળા છે. જુઓ, સંગીતકળા આવી હોયને વાજાં ને ફાજાં ને. ધૂન લગાવે માળા.

આંહીં હમણાં પાડ્યું હતું એક નાટક. કેટલા નાચ બાઈયુંના કરે છોડીયું. ભઈ આવું આંહીં શું માંડ્યું તમે? કીધું. ટોડરમલનું હતું નાટક. દેખાવ ટોડરમલનો થોડો અને બીજું વચમાં છોડીયું ગાય ને નાચે ને ફરે ને આ. હવે પણ આંહીં શું કામ હતું? હતું કે નહિ? એય જવાહરલાલજી ! નાટક નહીં ઓલું ? આંહીં છોડીયું... મેં તો કીધું, ભાઈ! આમાં મારો વખત મફતમાં જાય છે. ત્યારે એક જણાએ કો’કે બચાવ કર્યો હતો કો’કે કાંઈક. કોણ હતું એ બચાવ કરતો હતો. એ તો આપની ભક્તિ કરે છે કે આ. આંહીં ભક્તિ ? ટોડરમલનું દેખાડવું ને આંહીં ભક્તિ? (શ્રોતા : પણ ભક્ત કે દિ’ થયા ? તે દિ ન કરે તો કે દિ’ કરે ભક્તિ?) ભક્તિનું આંહીં ક્યા કામ હતું ? ટોડરમલની શું સ્થિતિ એ બતાવવી છે ને. એ આવ્યું બહુ થોડું અને ઓલું આવ્યું ઝાઝું. અમથા આમ આમ કૂદે છોડીઓ ને આમ. શું છે પણ આ ? આમ કરે ને આમ... શું છે પણ ... કરી તો?

મેં તો કીધું, એ આવું કંઈ ભઈ આપણે.... આ તો ધર્મનું સ્થાન છે. એમાં ધર્મની

વાત (હોય). ભલે ટોડરમલની સ્થિતિ છે, એનું વર્ણન આવવું જોઈએ. એ તો બહુ થોડું આવ્યું. એ તો આ બેઠા હતાને. ન્યાલભાઈ જેવા કહે, આ બધું લાંબુ. ભાઈએ પણ કહ્યું હતું હોં ગોદિકાજી. ગોદિકા પણ બોલ્યા હતા હોં. 'આ શું? કહે, મને પણ પસંદ નથી આવતું'. આવું છોકરા-છોકરા પસંદ કરી આવ્યા હશે આ પાટની ને. એ ઓલા ભણેલા હોયને ભણેલા આમ કોઈ, એ લોકોએ કરેલું. કોઈ કહેતા હતા ખરું. કોક હશે સંસ્થા, એના છોકરાંઓ કરવાના હતા. એનું પોતાનું નાચતા હોયને એ થોડું આમાં બતાવવું, એમ. ભઈ, આંહીં તો પોતાનું જ્ઞાન.... જેમાં જ્ઞાન... બે વાત હોય—કાં કોઈ શ્રદ્ધા-જ્ઞાનની વાત હોય ને કાં કોઈ વૈરાગ્યની હોય. બે વાત સિવાય ત્રીજી નાચ-નૃત્ય રાસડાં એ તો બધા ઘણાં નાચે છે. નાચ નટોય નાચે છે. એમાં નવું શું પણ અહીંયાં તારે કરવું છે? એક જણો કો'ક બચાવ કરતો'તો. આપણા માંહ્યલો હતો કો'ક. ભુલી જઈએ ઘણાં માણસો ને....

આંહીં તો કહે છે, नव बंध रुंधि ताल तोरत उछरिकै.. નવા કર્મ રોકે છે એ સંવર માનો એ તાલ તોડવાનું છે. મૃદંગ પર મારે છેને હાથ.. મૃદંગ પર હાથ મારે છેને આમ. ધ્વનિ, આંહીં કહે છે નવા કર્મને રોકવા એ તાલ તોડવું છે. આહાહા! उछरिकै—તાલ તોડના એમ લખ્યું છે. निसंकित आदि अष्ट अंग संग सखा जोरि.. હવે એકલો નાચે નહીં. સાથે હોય છેને બીજા સખા. છોડીયું ઘણી ઝાઝી હોય, ગૃહસ્થ ઝાઝાં હોય. સાથે-સાથે હોય. આમ થાય, કોઈ આમ થાય. એમ નિસંકિત આદિ અષ્ટ અંગ એ સંગ સખા છે. એ સખી છે એની બધી, મિત્રો છે એના. સમકિતનાં આઠ અંગો મિત્રો છે. संग सखा जोरि—आठ अंग उसके सहचारी है, લ્યો. એની જોડી છે. સમકિતના આઠ અંગ એ જોડી છે એની. સહચર છે, જોડી એટલે એમ સાથે હોય. માળે તો ઠીક નાંખ્યું છે.

समता अलाप चारी करै सुर भरिकै, લ્યો. समताका अलाप स्वरोंका उच्चारण है. સમતા.. એમાં સ્વરનું ચાલે છેને એમાં શું કહેવાય? એ.. એ... ફલાણું ફલાણું (શ્રોતા : આલાપ) આલાપ. આલાપ કરે છેને. આ.... આ... થોડીવાર એવું કરે, બહુ હોશિયાર હોય એ. ધમપ, મધપ, પધમ ફલાણું ફલાણું એવું કાંઈ કરે છે, નહીં? એ આલાપ.. આલાપ કરે આલાપ. એ આલાપ ક્યો આંહીં? સમતાનો આલાપ આંહીં તો. સ્વરોનું ઉચ્ચારણ છે સમતા. આહા! નિર્વિકલ્પતા વીતરાગતા એ સ્વરોનું ઉચ્ચારણ છે. આહાહા! જુઓ, આ સમકિતરૂપી નટનું નાટક. निरजरा नाद गाजै.. એ નિર્જરાની ધ્વનિ.. નાદ—ધ્વનિ નિર્જરાનો નાદ છે. અશુદ્ધતા ટળે છે, શુદ્ધતા વધે છે એ એનો ધ્વનિ છે. આહા! નાદનો અર્થ ધ્વનિ કર્યો છે આંહીં. निर्जराकी ध्वनि हो रही है.

ध्यान मिरदंग बाजै, લ્યો. ઓલામાં તાલ છે સરખો. તાલ સરખો મેળવેને પહેલામાં.

સંવર માનો ઉસકા તાલ. અને અહીં ધ્યાનનું મૃદંગ. સ્વરૂપમાં એકાગ્રતા એ મૃદંગ—ઢોલક. ઢોલક હોય છેને ઢોલક. વાજું. અને छकयौ महानंदमैं समाधि रीझि करिकै. समाधिरूप गायनमें लीन होकर... સમાધિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. રાગરહિત એકાગ્રતાની સમાધિ. એ गायनमें लीन होकर... જેમ આ ગાયનમાં લીન થઈ જાય છેને, એમ આ સમાધિમાં લીન થઈ જાય છે. એ એની ગાયનની લીનતા છે. बड़े आनंदमें मस्त है, લ્યો. रीझि करके महानंदमैं छकयौ છે. समाधि रीझि करके, લ્યો. સમાધિરૂપ ગાયનમાં લીન થઈને. રીઝિ. છેલ્લા બે પદની વ્યાખ્યા પહેલી થઈ ગઈ છે. नाचै सुद्धदिष्टि नट ग्यान स्वांग धरिकै, सत्ता रंगभूमिमैं मुक्त भयौ तिहूं काल. આહાહા!

## સાતમા અધિકારનો સાર

સંસારી જીવ અનાદિકાળથી પોતાનું સ્વરૂપ ભૂલેલા છે, એ કારણે પ્રથમ તો તેમને આત્મહિત કરવાની ભાવના જ નથી થતી, જો કોઈવાર આ વિષયમાં પ્રયત્ન પણ કરે છે તો સત્યમાર્ગ નહિ મળવાથી ઘણું કરીને વ્યવહારમાં લીન થઈને સંસારને જ વધારે છે અને અનંત કર્મોનો બંધ કરે છે. પરંતુ સમ્યગ્જ્ઞાનરૂપી ખીલાનો સહારો મળતાં ગૃહસ્થ માર્ગ અને પરિગ્રહ–સંગ્રહની ઉપાધિ હોવા છતાં પણ જીવ સંસારની ચક્કીમાં પીસાતો નથી અને બીજાઓને જગતની જાળમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે. તેથી મુક્તિનો ઉપાય જ્ઞાન છે, બાહ્ય આડંબર નથી અને જ્ઞાન વિના બધી ક્રિયા ભાર જ છે, કર્મનો બંધ અજ્ઞાનની દશામાં જ થાય છે.

**संसारी जीव अनादिकालसे अपने स्वरूपको भूले हुए हैं, इस कारण प्रथम तो उन्हें आत्महित करनेकी भावना ही नहीं होती, यदि कभी इस विषयमें उद्योग भी करते हैं तो सत्यमार्ग नहीं मिलनेसे बहुधा व्यवहारमें लीन होकर संसारको ही बढ़ाते हैं और अनन्त कर्मोंका बन्ध करते हैं, परंतु सम्यग्ज्ञानकी खूंटीका सहारा मिलने पर गृहस्थ-मार्ग और परिग्रह-संग्रहकी उपाधि रहनेपर भी जीव संसारकी चक्कीमें नहीं पिसता और दूसरोंको जगज्ञालसे छूटनेका रास्ता बतलाता है। इसलिए मुक्तिका उपाय ज्ञान है, बाह्य आडंबर नहीं। और ज्ञानके बिना सम्पूर्ण क्रिया बोझा ही है, कर्मका बन्ध अज्ञानकी दशामें ही होता है।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

હવે સાતમા અધિકારનો સાર. પોતે બનારસીદાસ લખે છે. બુદ્ધિ.. બુદ્ધિલાલ શ્રાવક છેને, બુદ્ધિલાલ. संसारी जीव अनादिकालसे अपने स्वरूपको भूले हुए हैं. નિર્જરા અધિકાર

છે ને. એને નિર્જરા અનાદિની છે નહીં, એમ. અનાદિનું અજ્ઞાન છે. इस कारण प्रथम तो उन्हें आत्महित करनेकी भावना ही नहीं होती. આહાહા! જુઓને, આ જન્મે, પછી જુવાની થાય ને પછી પરણે ને પછી છોકરા ને આ કંઈ દુકાન-બુકાન સરખી હાલે, ઉદ્યોગપતિ નામ થાય. થઈ રહ્યું, મરી ગયા બિચારા. ઉદ્યોગપતિ. બાહુબળે પૈસા અમે ભેગા કર્યા. બાપુ કંઈ મૂકી નહોતા ગયા. આવા ને આવા અજ્ઞાનીઓ. आत्महित करनेकी भावना ही नहीं होती. મારું શું થશે? મારું હિત કેમ થાય? એની તો કદી (ચિંતા કરી નથી). આ હોળી સળગે આખી (જિંદગી). આહાહા! આ બધું અસ્તિત્વ છે એને હું રાખું અને એમાં વધ્યો એ વધ્યું. એવું અનાદિનું (મિથ્યાત્વ છે). પણ મારું અસ્તિત્વ અનાદિથી પરથી છે ભિન્ન, એમાં શું વધ્યું? એની એને ખબરેય નથી. भावना ही नहीं होती., એમ કહે છે. આહાહા!

यदि कभी इस विषयमें उद्योग भी करते हैं तो सत्यमार्ग नहीं मिलनेसे... કહે છે કે સાચો માર્ગ મળતો નથી, બિચારા વ્યવહારમાં પડ્યા છે. (बहुधा व्यवहारमें) लीन होकर संसारको ही बढ़ाते है, ઠીક. સત્યમાર્ગ મળે નહીં અને વ્યવહારમાર્ગ મળે. જુઓ, ઓલામાં છે. સત્યમાર્ગ નહીં મિલનેસે બહુધા વ્યવહારમાં... વ્યવહારમેં લીન હોકર. આ દયા પાળવી ને વ્રત પાળવા ને તપસ્યા કરવી ને પૂજા કરવી, જાત્રા કાઢવી—એ બધો વ્યવહારમાર્ગ—બંધમાર્ગ છે. એય પોપટભાઈ! શું છે આ તમારું જુઓને. એને શું બબ્બે-બબ્બે કરોડના સંચા લેવા ગયા છે. આરે, મારી નાંખે પૈસા. પૈસા મારતા હશે? આમ ઢગલા રૂપિયાના દેખે. કહો. શું પંદરસો ખટારા નીકળે. પંદરસો? ત્યાં ઓલા ખટારા ધૂળના. દરરોજ. આ શું કીધું એલ્યુમિનિયમન નીકળે છેને પથરા. કેટલા ખટારા નીકળે દરરોજ. (શ્રોતા : ૮૦૦) ૮૦૦, લ્યો. આંખ્યું ફાટી જાયને આમ. ૮૦૦ એલ્યુમિનિયમના ખટારા નીકળે બહાર. એટલું બહાર આવે. એમાં પાછા જાય જાપાન ફરવા ને આહાહા! બાદશાહ પણ કેવો માળો.. મારું શું થશે એની કંઈક વાતે ય ન મળે. આહાહા! આ તો એક દાખલો. એનો નહીં, આ તો આખી દુનિયાની વાત છેને. આહાહા!

व्यवहारमें लीन होकर... વ્યવહાર કયો? આ ધર્મના નામનો હોં. ધર્મના નામનો વ્યવહાર કરે શુભભાવ. આહાહા! संसारको ही बढ़ाते है. આમ તો સંસાર વધારે છે. और अनंत कर्मोंका बंध करते हैं, લ્યો. શુભભાવની ક્રિયામાં એકાકાર રાગ.... જુઓને, આ શેત્રુંજયમાં આસો પૂનમ આવી હતી, મોટરૂં સડસડાટ જાય. બસની બસું બધી જાય જાણે. એક તો જાત્રા ભગવાનની કરવી, એમ પાછું લખે એવા અંદરમાં હો. શેત્રુંજયની એકવાર જાત્રા કરે તો પણ ભવનો પાર થઈ જાય, એવું આવે છે એમાં. કહો. અહીંયાં તો કહે, ત્રણ લોકના નાથની—તીર્થંકરની જાત્રા અનંતવાર કરે તોય ભવનો નાશ ન થાય, લે. એ તો શુભભાવ છે એક, રાગની મંદતા હોય તો. એ તો સંસાર છે. સંસારને વધાર્યો. આહાહા!

બહારની આ ધર્મપ્રભાવના... ક્રિયામાં રોકાવું, વ્યવહારની ક્રિયામાં રોકાવું, શાસ્ત્રો બનાવવામાં રોકાવું. એય! કહે છે કે એકલા વ્યવહારમાં રોકાણો, સમ્યક્‌નો ઉપદેશ તો આવ્યો (નહીં). સત્યમાર્ગ શું છે એની તો ખબર ન મળે. આહાહા!

और अनंत कर्मोंका बंध करते हैं, પાછા. ખરું (કર્મ) તો અનંત મિથ્યાત્વ છે ને. શુભભાવની ક્રિયા છે એ મારી છે અને એમાં હું છું. અનંત કર્મ વધારે છે. દર્શનમોહ આદિ અનંત કર્મ બાંધે છે. આહાહા! શું થાય? परंतु सम्यग्ज्ञानकी खूंटीका सहारा मिलने पर.. લ્યો ખૂંટો મળ્યો હવે. સમ્યગ્જ્ઞાનની ખૂંટી.. હું તો ચૈતન્ય શુદ્ધ એવું જ્ઞાન જ્યાં થયું, પુણ્ય-પાપના રાગની ક્રિયા પણ મારી નહીં.

सम्यग्ज्ञानकी खूंटीका सहारा मिलने पर गृहस्थ मार्ग और परिग्रह संग्रहकी उपाधि रहने पर भी जीव संसारकी चक्कीमें नहीं पिसता. ગૃહસ્થમાર્ગ અને પરિગ્રહ-સંગ્રહની ઉપાધિ રહને પર ભી સંસારચક્કીમેં નહીં પિસતા. વિકલ્પથી જ્યાં ભિન્ન પડ્યું છે જ્ઞાન અને બહારની ક્રિયાથી તો ભિન્ન છે જ. એ ગૃહસ્થાશ્રમમાં હો અને પરિગ્રહના સંગ્રહની ઉપાધિ પણ હોય બહારની, છતાં જીવ સંસારચક્કીમેં... રાગની એકતા જ તૂટી ગઈ છે. સમ્યગ્જ્ઞાનમાં રાગની એકતા તૂટી ત્યાં વળી પરની એકતા ક્યાં રહી? આહાહા સંસારચક્કીમેં નહીં પિસતા. પુણ્ય-પાપના વિકારમાં એ પિસાતો (નથી), ભીંસાતો નથી, એમાં ભીંસમાં નથી આવી જતો, કહે છે. આહા! શુભ-અશુભ વિકલ્પ છે એનાથી હું જુદો છું એવું ભાન થયું, એ શુભાશુભમાં પિલાતો નથી. આહાહા!

और दूसरोंको जगज्ञालसे छूटनेका रास्ता बतलाते हैं. બીજાને પણ, એ વ્યવહાર અને નિમિત્તથી છૂટો છું અને છૂટો થા—એમ બતાવે. અને ઉપદેશમાં પણ પરથી છૂટો થા અને છૂટો છો એમ બતાવે. પોતે જ્યાં રાગ અને નિમિત્તથી છૂટો પડ્યો છે અને છૂટાનું જ ભાન વર્તે છે, તો બીજાને પણ એ જ વાત કરે. જુઓ, આ ઉપદેશ એનો આવો, એમ કહે છે. રાગ કર અને રાગથી લાભ થાશે અને મોક્ષમાર્ગ થશે—એ ઉપદેશ ધર્મીનો હોઈ શકે (નહીં). આહાહા! इसलिए मुक्तिका उपाय ज्ञान है, बाह्य आडंबर नहीं. આહાહા! અંતર સ્વરૂપની શ્રદ્ધા, અંતરનું જ્ઞાન અને જ્ઞાનમાં એકાગ્રતા એ મુક્તિનો ઉપાય છે. બાકી બાહ્ય આડંબર એ ઉપાય છે નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૮૬ અષાઢ સુદ ૪ શનિવાર તા. ૨૬-૬-૧૯૭૧
## નિર્જરા દ્વારના સાર પર પ્રવચન

### સાતમા અધિકારનો સાર

સંસારી જીવ અનાદિકાળથી પોતાનું સ્વરૂપ ભૂલેલા છે, એ કારણે પ્રથમ તો તેમને આત્મહિત કરવાની ભાવના જ નથી થતી, જો કોઈવાર આ વિષયમાં પ્રયત્ન પણ કરે છે તો સત્યમાર્ગ નહિ મળવાથી ઘણું કરીને વ્યવહારમાં લીન થઈને સંસારને જ વધારે છે અને અનંત કર્મોનો બંધ કરે છે પરંતુ સમ્યગ્જ્ઞાનરૂપી ખીલાનો સહારો મળતાં ગૃહસ્થ માર્ગ અને પરિગ્રહ–સંગ્રહની ઉપાધિ હોવા છતાં પણ જીવ સંસારની ચક્કીમાં પીસાતો નથી અને બીજાઓને જગતની જાળમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે. તેથી મુક્તિનો ઉપાય જ્ઞાન છે, બાહ્ય આડંબર નથી અને જ્ઞાન વિના બધી ક્રિયા ભાર જ છે, કર્મનો બંધ અજ્ઞાનની દશામાં જ થાય છે. જેવી રીતે રેશમનો કીડો પોતાની જાતે જ પોતાની ઉપર જાળ વીંટે છે તેવી જ રીતે અજ્ઞાની પોતાની જાતે જ શરીર આદિ અહંબુદ્ધિ કરીને પોતાની ઉપર અનંત કર્મોનો બંધ કરે છે, પણ જ્ઞાનીઓ સંપત્તિમાં હર્ષ કરતા નથી, વિપત્તિમાં વિષાદ કરતા નથી, સંપત્તિ અને વિપત્તિને કર્મજનિત જાણે છે તેથી તેમને સંસારમાં ન કોઈ પદાર્થ સંપત્તિ છે ન કોઈ પદાર્થ વિપત્તિ છે, તેઓ તો જ્ઞાન–વૈરાગ્યમાં મસ્ત રહે છે. તેમને માટે સંસારમાં પોતાના આત્મા સિવાય બીજો કોઈ પણ પદાર્થ એવો નથી કે જેના પર તે રાગ કરે અને સંસારમાં કોઈ એવો પદાર્થ નથી જેના ઉપર તે દ્વેષ કરે. તેમની ક્રિયા ફળની ઇચ્છારહિત હોય છે તેનાથી તેમને કર્મબંધ થતો નથી, ક્ષણે ક્ષણે અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. તેમને શુભ–અશુભ, ઇષ્ટ–અનિષ્ટ, બન્ને એક સરખા છે અથવા સંસારમાં તેમને કોઈ પદાર્થ ન તો ઇષ્ટ છે કે ન અનિષ્ટ છે. તો પછી રાગ–દ્વેષ કોના ઉપર કરે ? કઈ ચીજના સંયોગ–વિયોગમાં લાભ–હાનિ ગણે ? તેથી વિવેકી જીવ લોકોની નજરમાં ચાહે ધનવાન હોય કે નિર્ધન હોય, તેઓ તો આનંદમાં જ રહે છે. જ્યારે તેમણે પદાર્થનું સ્વરૂપ સમજી લીધું અને પોતાના આત્માને નિત્ય અને નિરાબાધ જાણી લીધો તો તેમના ચિત્તમાં સાત પ્રકારનો ભય ઊપજતો નથી અને તેમને અષ્ટાંગ સમ્યગ્દર્શન નિર્મળ હોય છે, જેથી અનંત કર્મોની નિર્જરા થાય છે.

**संसारी जीव अनादिकालसे अपने स्वरूपको भूले हुए हैं, इस कारण प्रथम तो उन्हें आत्महित करनेकी भावना ही नहीं होती, यदि कभी इस विषयमें उद्योग भी करते हैं तो सत्यमार्ग नहीं मिलनेसे बहुधा व्यवहारमें लीन होकर संसारको ही बढ़ाते हैं और**

अनन्त कर्मोंका बन्ध करते हैं, परंतु सम्यग्ज्ञानकी खूंटीका सहारा मिलने पर गृहस्थ-मार्ग और परिग्रह-संग्रहकी उपाधि रहनेपर भी जीव संसारकी चक्कीमें नहीं पिसता और दूसरोंको जगज्ञालसे छूटनेका रास्ता बतलाता है। इसलिए मुक्तिका उपाय ज्ञान है, बाह्य आडंबर नहीं। और ज्ञानके बिना सम्पूर्ण क्रिया बोझा ही है, कर्मका बन्ध अज्ञानकी दशामें ही होता है। जिस प्रकार कि रेशमका कीड़ा अपने आप ही अपने ऊपर जाल पूरता है उसी प्रकार अज्ञानी अपने आप ही शरीर आदिसे अहंबुद्धि करके अपने ऊपर अनन्त कर्मोंका बन्ध करते हैं, पर ज्ञानी लोग सम्पत्तिमें हर्ष नहीं करते, विपत्तिमें विषाद नहीं करते, सम्पत्ति और विपत्तिको कर्मजनित मानते है इसलिए उन्हें संसारमें न कोई पदार्थ सम्पत्ति है न कोई पदार्थ विपत्ति है, वे तो ज्ञान-वैरागयमें मस्त रहते हैं। उनके लिए संसारमें अपने आत्माके सिवाय और कोई भी पदार्थ ऐसा नहीं है जिससे वे राग करें और न संसारमें कोई ऐसा पदार्थ है जिससे वे द्वेष करें। उनकी क्रिया फलकी इच्छा रहित होती है इससे उन्हें कर्मबन्ध नहीं होता, क्षण-क्षण पर असंख्यातगुणी निर्जरा होती है। उन्हें शुभ-अशुभ, इष्ट-अनिष्ट दोनों एकसे हैं अथवा संसारमें उन्हें कोई पदार्थ न तो इष्ट है, न अनिष्ट है। फिर राग-द्वेष किससे करेंगे? किससे संयोग-वियोगमें लाभ-हानि गिनेंगे? इससे विवेकवान जीव लोगोंके देखनेमें धनी हों चाहे निर्धन हों वे तो आनन्द ही में रहते हैं। जब उन्होंने पदार्थका स्वरूप समझ लिया और अपने आत्माको नित्य और निराबाध जान लिया तो उनके चित्तमें सप्त प्रकारका भय नहीं उपजता और उनका अष्टांग सम्यग्दर्शन निर्मल होता है जिससे अनन्त कर्मोंकी निर्जरा होती है।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ નિર્જરા અધિકાર. સાતમા અધિકારનો સાર. થોડું ચાલ્યું છે. ફરીને. આ નિર્જરા એટલે ધર્મ કેમ થાય, અશુદ્ધતા કેમ ટળે. અને અજ્ઞાનથી કર્મ કેમ બંધાય? બેય વાત છે આમાં. પહેલા કહે છે કે संसारी जीव અનાદિથી, अनादि कालसे अपने स्वरूपको भूले हुए है. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા એને અનાદિથી ભૂલેલો છે. इस कारण प्रथम तो उन्हें आत्महित करनेकी भावना ही नहीं होती. પોતાના શુદ્ધ આનંદસ્વરૂપને ભૂલેલો એને આત્મહિત કરવાની પહેલી તો ભાવના હી નહીં. આ સંસારમાં રઝળવાના ભાવો કરવા... यदि कभी इस विषयमें उद्योग भी करते हैं... કોઈને

વળી એવો હિત કરવાનો વિચાર થાય અને એ વિષય સંબંધીનો પ્રયત્ન કરે, પણ સત્ય मार्ग नहीं मिलनेसे... સાચો માર્ગ મળ્યો નહીં.

(बहुधा) व्यवहारमें लीन होकर संसारको ही बढाते है. એ તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા—એ પરિણામ કરી (સંસાર વધારે છે). વિકારભાવ છે એ તો. સાચું સ્વરૂપ એ રાગની ક્રિયાથી ભિન્ન છે... દયા-દાન-વ્રત-પૂજા-ભક્તિના જે પરિણામ છે એ રાગ છે, વિકાર છે. (શ્રોતા : બધા જીવને બચાવવા...) કોણ બચાવે? કોને બચાવે? કોણ બચાવવાનું? એને પોતાને બચાવે વિકારથી, એની તો ખબર નથી. પ્રાણભાઈ! આ શું છે? કહે, કો'કના પ્રાણને બચાવવા. આહા! કહે છે, એક તો જાણે વ્યવહારધર્મ શું છે એમાંય કેટલાકને તો કાંઈ ખબર નથી. એમને એમ સંસારમાં દોડમાં ચાલ્યો જ જાય છે અનાદિથી. એમ કરતા કોઈને વિચાર થાય તો એને સત્ય માર્ગ મળતો નથી બિચારાને. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને એ બધું રાગ છે, એ કંઈ આત્માની ક્રિયા નથી, ધર્મની ક્રિયા નથી, એ તો વિકારની ક્રિયા છે. અને વિકાર રહિત આત્માનું અંદર આનંદ સ્વરૂપ છે એ વાત એને મળતી નથી. તેથી (बहुधा) व्यवहारमें लीन होकर... બસ એ ક્રિયાકાંડ એમાં લીન હોકર संसारको ही बढाते है.

(શ્રોતા : એક તો બિચારો અપવાસ કરે....) અપવાસ ક્યાં કર્યો? ધૂળેય અપવાસ... લાંઘણ છે એને. અપવાસ કર્યા બે, ચાર, દસ, વીસ, પચ્ચીસ, એ તો અભિમાન છે કે મેં રાગને છોડ્યો. આત્માનું ભાન નથી; જે આત્મા રાગરહિત, વિકલ્પરહિત, રાગની ક્રિયા રહિત છે. આહાહા! એના ભાન વિના તે બધા અપવાસ કરે, પૂજા કરે, મંદિર બનાવે, અપાસરા બનાવે, દયાઓ પાળે, વ્રત પાળે, ચોપડીમાં બાર વ્રત અંગીકાર કરે—બધાં સંસારકો બઢાતે હૈં. પ્રાણભાઈ! એવી વાત છે જરી ઝીણી છે. સંસારને વધારે છે. એમ કે રાગની ક્રિયા, વિકલ્પની ક્રિયા છે એ તો. આ કરવું, આ પાળું કે આને કરવું એ તો રાગ છે. અને રાગમાં એકત્વબુદ્ધિ છે, ભિન્ન (આત્માનું) તો ભાન નથી, તેથી મિથ્યાત્વને—સંસારને વધારે છે. આહા! કહો, સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવને, અજ્ઞાનભાવને જ પુષ્ટી કરે છે એમ કહે છે.

बहुधा व्यवहारमें लीन होकर संसारको बढाते हैं और अनंत कर्मोंका बंध करते है. આહાહા! એ વ્યવહારની ક્રિયા એ વ્રતની, દયાની, દાનની, અપવાસની એ રાગ છે, વિકલ્પનું ઉત્થાન છે. આ કરું એ તો વૃત્તિ છે, રાગ છે. એને પોતાની માની અને એ ક્રિયા મારો ધર્મ છે, એમ માની અનંત કર્મોનો એ બંધ કરે છે. આહાહા! સાંભળવા મળ્યું નથી, એમ કહે. નહોતું પેલું કહ્યું? કે સત્ય માર્ગ સાંભળ્યો નથી એણે. (શ્રોતા : ....) હા, અંશે

અંશે મિથ્યાત્વને સેવે છે. રાગની ક્રિયા છે, વિકલ્પ ઉઠે છે, પ્રભુ ચૈતન્ય તો નિર્વિકલ્પ આનંદનું ધામ છે. એ તો જ્ઞાનસમુદ્ર આત્મા છે. એવી રાગની ક્રિયાથી ભિન્ન સ્વરૂપની ક્રિયાની એને ખબર નથી. અને રાગની ક્રિયામાં એકત્વબુદ્ધિ છે એ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ એ અનંત સંસારનું કારણ છે. ચાહે તો એ વ્રત પાળતો હોય ને મહાવ્રત પાળતો હોય, એ પણ વિકલ્પ છે, રાગ છે. એને એ પોતે પોતાનું સ્વરૂપ માને છે અથવા એને સાધન માને છે. તો સ્વભાવનું સાધન રાગ, એ તો એકતાબુદ્ધિ છે. ઝીણી વાત છે. એણે કોઈ દિ' સાંભળી નથી.

કીધુંને માથે સત્ય માર્ગ મળ્યો નથી એટલે ક્રિયાકાંડમાં મશગુલ રહે. અપવાસ કરવા, આ કરવું, ઓળી કરવી, દાન દેવા. (શ્રોતા : વર્ધમાન તપમાં તો કાંઈ વાંધો નહીંને?) વર્ધમાન તપ હતો... નક્કી તો કરેને પ્રવીણભાઈ ! ......... છે, ભાઈ કહે છે એને પૂછવું નહીં. (શ્રોતા : નામ પણ કેવું સરસ આપ્યું છે વર્ધમાન તપ.) આહા! વર્ધમાન તપ, વર્ધમાન ઓળી. એય ચેતનજી! ઓળીને શું કહે છે? એ વર્ધમાન ઓળી. એ વર્ધમાન ઓળી કે વર્ધમાન તપ? મિથ્યાત્વ છે, કહે છે, આંહીં તો. ભગવાનનું નામ લે તોય વિકલ્પ રાગ છે. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. કરે એ તો વિકલ્પ છે. આહાહા! માર્ગ બાપુ! વીતરાગનો માર્ગ જુદી જાતનો આખી દુનિયાથી ભિન્ન છે. કહે છે, સત્ય માર્ગ.. એ વિકલ્પની ક્રિયાથી જુદી ચીજ છે આત્મા, એવો સાચો માર્ગ તો સાંભળવા મળ્યો નહીં. એથી બહુધા માણસો તો વ્યવહારમાં મશગુલ થઈ ગયા. તેથી संसारको बढाते हैं और अनंत कर्मोंका बंध करते है, લો. આહાહા!

પરંતુ सम्यग्ज्ञानकी खूंटीका सहारा मिलने पर... પણ જ્યારે, આત્મા જ્ઞાનમૂર્તિ, ચૈતન્યમૂર્તિ છે, એ તો એકલો જ્ઞાતા ને દૃષ્ટા છે—એવી અંતરમાં અનુભવ દૃષ્ટિ મળી, તો ખૂંટો મળ્યો એને ધ્રુવનો. ધરબાયેલો અનાદિ-અનંત હું ચૈતન્યમૂર્તિ છું. મારામાં એ દયા, દાન, વ્રતના વિકલ્પની ક્રિયા તો મારા સ્વરૂપમાં નથી. આહા! ભારે કામ આકરું જગતને! सम्यग्ज्ञानकी खूंटीका सहारा मिलने पर गृहस्थ मार्ग और परिग्रह संग्रहकी उपाधि रहने पर भी... ભલે ગૃહસ્થનો માર્ગ હોય, ચક્રવર્તીનું રાજ હોય, પણ જ્યાં રાગ ને દેહથી મારી ચૈતન્યખૂંટી ધ્રુવતારો ભિન્ન છે એવું અંતર અનુભવ ને ભાન થયું, તો કહે છે કે ગૃહસ્થના માર્ગની ભલે એ ક્રિયા હોય, પરિગ્રહ સંગ્રહની ઉપાધિ હો, પૈસા પણ લાખો કરોડો હો, जीव संसारकी चक्कीमें नहीं पिसता. પણ એ પુણ્ય ને પાપના વિકલ્પેય મારા નથી. હું તો જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય શુદ્ધ આનંદ છું. એવા ભાનમાં એ પુણ્ય-પાપના ચક્રમાં પિસાતો નથી. સમજાણું કાંઈ? આ તો સાર લખ્યો આખો.

(શ્રોતા : સંસારની ચક્કી એટલે?) પુણ્ય-પાપના ભાવ એ સંસાર ચક્કી. એ શુભભાવ એ પુણ્ય કર્મચક્ર—દયા, દાન, વ્રત, ભક્તિ પુણ્યરૂપી કર્મચક્ર અને હિંસા, જૂઠું, ચોરી વિષય એ પાપરૂપી કર્મચક્ર. અજ્ઞાની બેય કર્મચક્રમાં પીસાઈ ગયા છે. ધર્મી એ કર્મચક્રમાં પિસાતો નથી. આહાહા! લખ્યું છે તો સરસ. संसारकी चक्कीमें नहीं पिसता, આહા! और दूसरोंको जगज्ञालसे छूटनेका रास्ता बतलाता है. બીજાને પણ એમ કહે કે પુણ્ય-પાપના પરિણામ ક્રિયા રાગ છે, એનાથી તને ધર્મ નહીં થાય. એ રાગથી ભિન્ન પડીને ચૈતન્યનો અનુભવ કર તો ધર્મ થાય. એમ પોતે પણ રાગની ચક્કીમાં પિસાતો નથી, જગતને પણ એ ઉપદેશ એવો આપે છે. કાંતિભાઈ! આહાહા! કહો, સમજાણું કાંઈ? આજ તો શનિવાર છે. (શ્રોતા : શનિવારે રજા છે.) રજા પડે છે? એમ. (શ્રોતા : ચોથો શનિવાર) હા, ચોથો ઠીક. આહા!

બે વાત સિદ્ધ કરી. એક તો સમ્યગ્જ્ઞાનનો ખૂંટો ચૈતન્યમૂર્તિ હું આનંદ અને જ્ઞાનનો સાગર છું. એવો જ્યાં ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિ ને અનુભવ થયો, એને એનો સહારો મળ્યો વસ્તુનો. એ વસ્તુના સહારાની દૃષ્ટિવંત ધર્મી, પુણ્ય પાપના વિકલ્પ મારા છે એમ પિસાતો નથી. એ ભિન્ન રહીને પોતાની ક્રિયા—રાગથી ભિન્ન પોતાની સ્વભાવક્રિયા કરે છે. આરે, આરે શું ક્રિયા! સમજાણું કાંઈ? इसलिये मुक्तिका उपाय ज्ञान है. મોક્ષનો ઉપાય તો પુણ્ય-પાપની ક્રિયાથી આત્માનું સ્વરૂપ અંદર ભિન્ન છે એનો ભાન અને અનુભવ કરવો એ જ મોક્ષનો ઉપાય છે. નિર્જરા અધિકાર છે ને. बाह्य आडंबर नहीं.. એ બધી બાહ્ય આડંબરની ક્રિયાઓ છે. આહા! વ્રત ને તપ ને દાન ને પૂજા ને ભક્તિ એ બધો વિકલ્પ બાહ્ય આડંબર છે. આહાહા!

और ज्ञानके बिना संपूर्ण क्रिया बोझा ही है. આત્માના ભાન વિના એ રાગનો પરિણામ છે, હું શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાયક ચૈતન્ય છું એવી જ્યાં અંતર દૃષ્ટિ ને સમ્યગ્જ્ઞાન નથી, ત્યાં એ બધી ક્રિયાઓ ભાર—બોજો છે. આહા! રાગના પરિણામ એ બોજો છે ભાર. 'क्लिशतां' આવે છેને. ક્લેશ કરો તો કરો, પણ એ પાંચ મહાવ્રતના પરિણામ આદિ બોજો છે, ભાર છે, દુઃખ છે, રાગ છે. આહાહા! ભારે આકરું કામ! હવે આંહીં એના માનેલાં વ્રત અને એની માનેલી ક્રિયાઓ એ ધર્મ. આ શેઠીયાઓ પણ એમાં પાછા પોષણ આપે ભેગા. એ પ્રાણભાઈ! (શ્રોતા : શેઠીયાઓ શું કરે...?) ..... અઠ્ઠમ કર્યા કેટલા જણાએ? બસોએ. જાઓ, બધાંને પાંચ-પાંચ રૂપિયા આપો. આપણે કરી શકીએ નહીં તો હવે આપણે કરતા હોય એને તો અનુમોદીએ, એમ કહે. પણ એ મિથ્યાત્વનું અનુમોદન છે, સાંભળને! એય!

બે નુકશાન થયા. એક મિથ્યાત્વનો લાભ થયો અને ઓલા કરે છે એને અનુમોદન આપે છે કે આ ઠીક કર્યું છે એણે, એ મિથ્યાત્વને પોષે છે. નટુભાઈ! આવું છે. આહા! માર્ગ બાપુ! એ રાગની વૃત્તિ ઉઠે છે કે આ કરું ને આ કરું, વ્રત, દાન ને પૂજા. હોય, સમકિત પછી પણ હોય, પણ એનો આદર નથી. એને હેયબુદ્ધિએ જાણે છે, ધર્મબુદ્ધિએ એને માનતો (નથી.) આહાહા! આવી છે વાત જ આકરી છે. પરિણામ હોય ને કર્તા ન થાય, આ વાત આકરી. સમ્યગ્દર્શનમાં પુણ્ય-પાપની ક્રિયાથી, રાગથી ભિન્ન એવું સ્વરૂપ અનુભવમાં આવવાથી એ રાગના પરિણામ કરવા જેવા છે એટલે કરું એવી બુદ્ધિ જ હોતી નથી. છતાં પરિણામ હોય. આહા! આ આકરી વાત! શાંતિભાઈ! સમજાય છે કે નહીં આ?

ज्ञानके बिना... ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પની ક્રિયાથી જુદો એવા ચૈતન્યનું આત્મજ્ઞાન—સ્વરૂપના ભાન, સ્વરૂપનો સ્વીકાર અને સ્વરૂપની જેને કિંમતનું જ્ઞાન નથી, (એને) સંપૂર્ણ ક્રિયા બોજો છે. આહાહા! એ અપવાસ કરે છે બે ને પાંચ ને દસ ને વીસ બોજો, ભાર-દુઃખનો ભાર છે. એ બધું દુઃખનો બોજો છે. આહાહા! રાગની ક્રિયા એ તો દુઃખનો બોજો છે. (શ્રોતા : પણ એ એમ કહે છે, એ ક્રિયા કરી તો જુઓ.) હવે અનંત વાર કરી એવી, સાંભળને! નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે અનંત વાર કરી હતી. શું છે પણ હવે? એ તો રાગ છે, મિથ્યાત્વ સહિત છે. મહાપાપ મિથ્યાત્વનું. સાત વ્યસન કરતાં પણ મોટું પાપ. એ મિથ્યાત્વ વળગ્યું છે એને. રાગ છે એ મારો છે, તે ક્રિયા મારે કરવા જેવી છે, એ ક્રિયા ધર્મનું સાધન છે. એ બધો મિથ્યાત્વ—વિપરીત માન્યતાના શલ્યને પોષનારી છે. આહાહા! સમજાણું કાંઈ? આવે છેને આમાં. આવશે આગળ. क्रिया मोक्षकी कतरनी.. મોક્ષની કાતરણી છે. ભારે આકરું કામ!

ज्ञानके बिना संपूर्ण क्रिया... એના અપવાસ ને એના ચોવિહાર ને... મોટી ધામધૂમ કરે. દસ-દસ, વીસ-વીસ લાખના મંદિરો કરે, અપાસરા કરે, મોટો શેઠ થઈને ફરે, એ બધો બોજો છે, કહે છે, દુઃખનો. રાગ છે એ દુઃખ છે. આહાહા! कर्मका बंध अज्ञानकी दशामें ही होता है, દેખો. કર્મકા બંધ. રાગથી ભિન્ન સ્વરૂપનું ભાન વિના એ રાગની ક્રિયામાં એકત્વબુદ્ધિ છે, એ જ અજ્ઞાનથી કર્મનો બંધ અજ્ઞાનદશામાં થાય છે. આહાહા! जिस प्रकार रेशमका कीडा.. રેશમનો કીડો, अपने आप ही अपने ऊपर जाल पूरता है. મોઢામાંથી લાળ કાઢી શરીર ઉપર વીંટે. રેશમના કીડા.

આ ભાગલપુર છેને એ બાજુ ચંપાપુર, નહીં? વાસુપૂજ્ય ભગવાન મોક્ષ પધાર્યાંને ચંપાપુરી, ત્યાં એની કોર ભાગલપુર છે. બધે જઈ આવ્યા છીએને. ત્યાં રેશમના કીડા થાય. કેટલાકને તો એમ ને એમ પાંચસો, હજાર, પાંચ હજારને લઈને ઉના પાણીમાં નાખી દે,

મારી નાખે ને પછી ઓલા આખા રેશમના દોરા નીકળે આખા. તો એની શું કહેવાય એ? એરંડી. એની એરંડી ઉંચી થાય. અને કેટલાંક જીવડા કાપીને નીકળી જાય પહેલા, એ કટકાની જે એરંડી થાય એ સાધારણ થાય. બે પ્રકારની એરંડી છે. એરંડી સમજતે હૈં ન? ભાગલપુર થાય છેને.

કેટલાક કીડાઓ જીવતા એ ઉપર વીંટેલું હોય પોતે, પણ એને કાપીને નીકળી જાય. પછી કટકાં, કટકાંને ભેગા કરીને એરંડી કરે, એ નિર્દોષ છે. કેટલાકને તો એમ ને એમ જીવતા નાખે ઉના પાણીમાં. કહે છે કે એરંડી તો પછી, પણ પોતે જ્યારે લાળ કાઢી અને લાળ કાઢીને શરીર પર વીંટી. अपने आपही अपने उपर जाल पूरता है. उसी प्रकार अज्ञानी... ભગવાન આત્મા રાગ ને પુણ્યની ક્રિયા ને શરીરથી ભિન્ન છે એનું ભાન નથી, તેથી રાગની ક્રિયા મારી એમ માનીને, પોતે જ અજ્ઞાન ઉભું કરીને નવા કર્મની લાળમાં વીંટાઈ જાય છે. આહાહા! ગજબ વાત! સાધુ હોય, નવમી ગ્રૈવેયક જાય, મહાવ્રત પાળે, ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. તો પણ એને, એ મહાવ્રતના પરિણામ એ ધર્મ છે, પરની દયા પાળવાનો ભાવ એ ધર્મ છે—એવો જે મિથ્યાત્વ ભાવ, એ મિથ્યાત્વની લાળ કાઢી અનંતા કર્મને વીંટે છે. આહાહા! કામ આકરું ભારે.

अपने आप ही शरीर आदिसे अहंबुद्धि करके... દેખો, ન્યાય આપ્યો. શરીરની ક્રિયા એ મારી છે કે રાગના પરિણામ થયા એ મારા છે. આ રાગ છે એ આસ્રવ છે, શરીર એ અજીવ છે. બેમાં અહંપણું છે કે એ મારૂં કર્તવ્ય છે. अहंबुद्धि करके अपने ऊपर अनंत कर्मोंका बंध करते हैं, લ્યો. આહા! સૂક્ષ્મ વાત છે. ચૈતન્ય ભગવાન તો જ્ઞાતા-દૃષ્ટા અનંત જ્ઞાનનો સાગર છે. એમાં એ રાગની ક્રિયાનો નિષેધ છે, સ્વભાવમાં નથી. છતાં અજ્ઞાની સ્વભાવનું ભાન નહીં હોવાને લઈને, રાગની ક્રિયા પોતે અનંત વાર કરીને માને કે મારું મેં હિત કર્યું. એ અજ્ઞાનને લઈ રાગનું એને અભિમાન છે. ઊંડે ઊંડે રાગ તે હું છું એવું અહંપણું છે. રાગથી ભિન્ન છે એના અહંપણાની ખબર નથી. સમજાણું કાંઈ?

(अहंबुद्धि करके अपने) उपर अनंत कर्मोंका बंध करते हैं, पर ज्ञानी लोग... સમ્યગ્દ્રષ્ટિ શ્રેણિક રાજા આદિ રાજમાં પડ્યા હોય ગૃહસ્થાશ્રમમાં.. અરે, ભરત ચક્રવર્તી ભગવાનના પુત્ર, ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામ. संपत्तिमें हर्ष नहीं करते. એ સંપત્તિ મારી છે એમ માનતો (નથી). આહાહા! એ તો જગતની ચીજ જડની છે. મારી ચીજ તો મારી પાસે છે. હું આનંદ ને જ્ઞાનસ્વરૂપી, એ મારી સંપદા છે. એમ સમકિતીને પોતાની સંપદા અંતરમાં ભાસે છે. પરની સંપદાને પોતાની માનતો નથી. આહા!

ज्ञानी लोग संपत्तिमें हर्ष नहीं करते, विपत्तिमें विषाद नहीं करते. પ્રતિકૂળતાના ગંજ હો, અશાતાના ઉદયને લઈને શરીરમાં ક્ષયરોગ હો, વાંઝિયો હોય, વાંઢો હોય, એકલો હોય, કાળામશ શરીર હોય, પાંચ રૂપિયા મહિને પેદા કરતા પણ આવડતું (ન હોય.) આવડતું એટલે (ઉત્પન્ન) થાતા ન હોય, એમ. આવડે છે કોને? આ બધા હોશિયાર માણસો હોય એ પેદા વધારે કરે કે નહીં? લાખ-લાખની પેદાશું, બે-બે લાખ ને પાંચ-પાંચ લાખની પેદાશું, હોશિયારી વિના થાતું હશે? ધૂળેય હોશિયારી નથી ત્યાં. તું હોશિયાર કેવો? એ તો પૂર્વના પુણ્યના રજકણ પડ્યા હોય, એનો પાક કાળ આવે એટલે દેખાય કે બે-પાંચ કરોડ રૂપિયા ધૂળ આવ્યા. આ માને કે હું વ્યવસ્થા બરાબર જાળવું છું ને. એ મિથ્યાત્વનું સેવન છે. ખરેખર તો એ દુકાન બંધ કોણે કરી છે? એણે કરી છે? એ થવાની હતી જડની. આહા! બહુ કામ આકરું.

શરીરના રજકણે રજકણની ક્રિયા પણ ભિન્ન છે. આ તો અજીવતત્ત્વ છે. અજીવ પરમાણુ છે. એના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં રહેલું તત્ત્વ છે. આત્માનું થઈને રહ્યું છે આ? આ તો અજીવ થઈને રહ્યું છે. એમ લક્ષ્મી અજીવ થઈને રહી છે. અજીવ થઈને જગતના સત્વનું તત્ત્વ અજીવ થઈને રહ્યું છે. એને પોતાનું માને તે મિથ્યાદષ્ટિ મૂઢ છે એમ કહે છે. ચાહે તો ધર્મી નામ ધરાવતો હોય, સામાયિક ને પોષા ને પ્રતિક્રમણ કરતો હોય અને આ સંપદા મારી છે (એમ માને તે) મૂઢ મિથ્યાદષ્ટિ છે. ધર્મીને સંપત્તિમાં રસ નથી. એ દેખાય એ ચીજ મારી નથી. એ સંધ્યાના રંગ પુણ્યને લઈને ખીલ્યા છે. એ પુણ્યેય મારું નહીં અને એનું ફળેય મારું નહીં. આહા! એવી સમ્યગ્જ્ઞાન દશા થતા વિપત્તિમાં વિષાદ નહી. અરે! પાપ કરનારા આવા ને એના શરીર નિરોગ, એને આ બધી સગવડતા અને હું ધર્મી, મારે આ બધી અગવડતા—એવો વિકલ્પ ધર્મીને હોતો નથી. સમજાણું કાંઈ? આહા!

અમારે એકવાર એવું થયું હતું, નારાયણભાઈ, અમારે હતાને નારાયણભાઈ. ક્ષયનો રોગ થઈ ગયો હતોને. આ દીક્ષા લીધી હતીને. પછી સહેજ મગજ .... થયું કાળાહજ છેને કાળાહજ. વીંછીયા પાસે કાળાહજ છે. કાળાહજ છે. ... એ રાજકોટ પાસે પંદર માઈલ. કાળાહજ છે. એમાં એક સાધુ નીકળ્યા તમારે ઓલા કાનજી મુનિ ને દેવરાજજી. અને એને જરી મગજ અસ્થિર થઈ ગયેલું નારાયણભાઈનું. અમે કાળાહજથી વીંછીયા આવતા હતા અને એ કાળાહજ જતા હતા. રસ્તામાં મળી ગયા. નારાયણભાઈ કહે, આપણે આવા છતાં રોગી અને આ આવા નિરોગી? આ તો કાંઈ ભાન વિનાના છે અને આવા સાધુ...

કાનજી મુનિ ને દેવરાજજી હતા ગોંડલમાં.... (સંવત) ૮૭ની સાલની વાત છે ૮૭.

૮૬નું ચોમાસું અમરેલી હતુંને, ત્યાંથી ૮૭માં વીંછીયા હતા ત્યારની વાત છે. ૧૩ ને ૨૭ ચાલીસ વર્ષ થઈ ગયા. ચાલીસ વર્ષ પહેલાની વાત છે. એ એમ બોલ્યા હતાં હોં. કાંઈક ફર્યુ લાગે છે. અરે, આપણને આવા ને રોગ થાય. આ મહારાજને ધર્મ કાંઈ ખબર ન મળે ને.... શરીર આવું લઠ્ઠ.... ગોંડલ સંપ્રદાયના હતા એક કાનજી મુનિ અને એક દેવરાજજી હતા. દેવરાજજી છે કે નહીં? એય ગુજરી ગયા. બેય ગુજરી ગયા. આ તો ઘણા વર્ષની વાત છે.

અરે, પણ કોને? પાપનો ઉદય હોય તો શરીરમાં રોગ હોય, નરકની દશા પણ હોય. શ્રેણીકરાજા નરકમાં છે અત્યારે, લ્યો. તીર્થંકરગોત્ર બાંધ્યું છે. ત્યાંથી નીકળીને પહેલા તીર્થંકર થશે. છતાં એ માને છે કે મને આ, હું એ છું જ નહિ. હું તો આનંદ અને જ્ઞાન એ મારી ચીજ છે. નરક અવસ્થામાં હું છું જ નહીં, નારકી હું છું જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? હું નારકી જ નથી એમ માને છે. હું કર્મવાળો જ નથી, ગતિ જ નથી મને. આહાહા! એ વાત છે કંઈ! જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માનું, એનું જ્યાં ભાન થયું, એ ગતિ ને કર્મ-ફર્મ મારા છે જ નહીં. એટલે પ્રતિકૂળતામાં દ્વેષ નથી, અનુકૂળતામાં હરખ નથી એમ કહે છે.

અજ્ઞાનીને જરીક અનુકુળતા આવે, આહા! હમણાં બાદશાહી છે હમણાં, બહુ સરખાઈ છે. ઠીક. છોકરા સારા હરહડે ચઢી ગયા. અમે પણ કામ કેટલા કર્યા. હવે કાંઈ અવસ્થા થવા આવી, ૬૦-૬૫ વર્ષ. પણ છોકરા સરખાઈએ ચઢી ગયા અને દીકરીયું પણ સરખાઈમાં પરણાવી છે. હવે અમે સરખાઈમાં. ધૂળેય નથી, સાંભળને હવે! બહારની જડની અવસ્થામાં હરખાઈ તું માને છે, એ જ મૂઢ છે, આંહીં તો કહે છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ, શું હશે આ બધું? માળો આવો ધર્મ હશે? બહુ ફેર પણ આ. અત્યારે માને છે લોકો એનાથી આ તો બહુ ફેર. આહા!

ज्ञानी लोग संपत्तिमें हर्ष नहीं करते, विपत्तिमें विषाद नहीं करते. संपत्ति और विपत्तिको कर्मजनित जानते है. ધર્મીને તો રાગથી રહિત આત્માનું ભાન છે, તેથી જેટલી સામગ્રી.. કર્મના નિમિત્તથી થયેલો રાગ અને કર્મના નિમિત્તથી થયેલી સામગ્રી. આ બાજુમાં ઘાતિકર્મના નિમિત્તથી થયેલો રાગ, આ બાજુમાં અઘાતિકર્મથી થયેલી બહારની સામગ્રી—બેયને જડની ને પરની માને છે. આહાહા! સમજાણું કાંઈ? ધર્મી તો એને કહીએ કે જેને કર્મના નિમિત્તથી થયેલો રાગ-દ્વેષની વાસનાનો વિકલ્પ-આસ્રવ્ એ ઉપાધિ મારી નહીં. હું એમાં નહીં, એ મારા નહીં. આહાહા! અઘાતિકર્મથી મળેલી બાદશાહી બહારની. ચક્રવર્તીનું રાજ અમે એમાં નહીં, એ મારા નહીં, અમે તો આત્મા છીએ. અમારામાં તો

જ્ઞાન અને આનંદ ભરેલો છે. એ રાગ ને સંપદા અમારી છે (નહીં.) આહાહા! સંપદામાં પડ્યા છતાં આમ માને છે એમ કહે છે. આહાહા!

इसलिये उन्हें संसारमें न कोई पदार्थ संपत्ति है, न कोई पदार्थ विपत्ति है. ધર્મીને બહારની કોઈ સંપદાય નથી અને કોઈ વિપદાય નથી. वे तो ज्ञानवैराग्यमें मस्त रहते है. આહાહા! દેખો, બે ભાગ પડ્યા. પોતાનું જ્ઞાન અને રાગથી વૈરાગ્ય. એમાં એ સમકિતી મસ્ત હોય છે. આહા! છેને બેય બાજુથી વાત લીધીને. જ્ઞાન એટલે આત્મજ્ઞાન. પુણ્ય-પાપના વિકલ્પથી જુદું એવું ભાન અને રાગથી રહિત દશા એ વૈરાગ્ય. એ ચોથે ગુણસ્થાને સમકિતીને આવું હોય છે. આહાહા!

उनके लिये संसारमें अपने आत्माके सिवाय... દેખો! ધર્મી—સમકિતીને તો સંસારમાં પોતાને આત્મા સિવાય, એક ભગવાન આત્મા શુદ્ધ આનંદ સિદ્ધસ્વરૂપ મારું, એ સિવાય और कोई भी पदार्थ ऐसा नहीं है जिससे वे राग करे. શેમાં રાગ કરે? એનો પદાર્થ કોઈ નથીને બીજો. રાગ આવે એનોય રાગ ક્યાં કરે? એ એની ચીજ જ નથીને. આહાહા! વ્યવહારનો રાગ આવે એ મારો નથી. પછી રાગનો રાગ ક્યાંથી કરે? આહા! એ આવી ગયું છે આપણે. શુભમાં રાગ નહીં ને અશુભમાં દ્વેષ નહીં. અશુભભાવ આવે પણ દ્વેષ નહીં. એ તો એક જગતની ચીજ છે એનો હું જાણનાર છું. જાણવાનો સ્વભાવ એમાં હું છું. એ રાગ અને દ્વેષના પરિણામમાં હું નથી. આહા! સમજાણું કાંઈ?

(कोई पदार्थ ऐसा नहीं है) जिससे वे राग करें और न संसारमें कोई ऐसा पदार्थ है जिससे वे द्वेष करें। उनकी क्रिया फलकी इच्छा रहित होती है. રાગાદિ હો, પણ જેણે રાગ છે એને પોતાનું સ્વરૂપ નથી માન્યું. એને રાગનું ફળ આવો એવી ઈચ્છા જ હોતી નથી. આહા! ભારે કામ આકરું! એ દયા-દાન કે ભગવાનની ભક્તિ એવા પરિણામ જ્ઞાનીને થાય એમ કહેવાય વ્યવહારથી, પણ ખરેખર એ પરિણામેય મારા (નથી.) આહાહા! આ તો પરિણામનું ફળ આવજો. આ પુણ્ય કર્યાં છે તો સ્વર્ગ મળે, પૈસા મળે, સગવડતા મળે ભવિષ્યમાં સરખી—એ ઈચ્છા ધર્મીને હોતી નથી. આહાહા! હું તો આનંદની મૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ. उनकी क्रिया फलकी इच्छा रहित होती है. ભાવ તો આવે ભગવાનની પૂજાનો, ભગવાનને વંદન કરવાનો, નામસ્મરણનો. છે એ શુભરાગ, પણ એ રાગ જ જ્યાં પોતામાં એકપણે માનતો નથી, એને હેયબુદ્ધિએ માને છે, એના ફળને કેમ ઈચ્છે એ? ભારે કામ! સમજાણું કાંઈ?

इससे उन्हें कर्मबंध नहीं होता. સમ્યગ્દ્રષ્ટિને કર્મબંધન થતું જ નથી. આહાહા! કેમ કે જેના સ્વભાવમાં પૂર્ણ સંપદા આનંદ અને શાંતિની પડી છે, એનો જ્યાં અનુભવ ને ભાન

ને પ્રતીત વર્તે છે, એને રાગના ભાવનું સ્વામીપણું નથી, ધણીપતું નથી, રાગનો કર્તા નથી, રાગના ફળને ઈચ્છતો નથી, પરજ્ઞેય તરીકે જાણે છે (માટે) એને કર્મબંધન હોતું નથી. કર્મબંધનના કારણ ભાવ—એ ભાવ જ મારા નથી. આહાહા! ભારે ભાઈ આવો ધર્મ માર્ગ! આવું વીતરાગનું સ્વરૂપ હશે? એ માણેકલાલજી! તમારે ત્યાં હતું દાહોદમાં ત્યાં? દાહોદ ને શું તમારું? દાહોદ. ભીખાભાઈનું બીજું, નહીં? દહેગામ. બેયમાં દ-દ આવે છે. આહાહા! ભગવાન વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ એમણે કહેલો ધર્મ જુદી ચીજ છે. જગતને સાંભળવા મળી નથી. વીતરાગનો કહેલો તો વીતરાગ ધર્મ હોયને. એ રાગમાં ધર્મ મનાવે તો વીતરાગ કેવા? અને જે રાગને ધર્મ માને એ પણ સમ્યગ્દ્રષ્ટિ કેવો? એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા!

क्षण-क्षण पर असंख्यातगुणी निर्जरा होती है. આહા! જેને ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છું એવું ભાન (છે), એને તો ક્ષણે ક્ષણે રાગાદિ ટળતો જાય છે અને કર્મ પણ ગળતા જાય છે. આહાહા! અજ્ઞાની મહાવ્રતાદિની ક્રિયા કરે અને રાગને પોતાનો માને છે, ક્ષણે ક્ષણે મિથ્યાત્વ આદિ અનંત સંસાર વધારે છે. આકરી વાત! .... આહાહા! બિચારો પંચ મહાવ્રત પાળે. મહાવ્રત (નહીં), રાગને પાળે છે. મહાવ્રત એટલે રાગ, વિકલ્પ. એને પાળે, રક્ષણ કરે અને ભગવાન આત્મા રાગ વિનાનો એનું રક્ષણ છોડી દે છે. આવો માર્ગ છે અનાદિનો. નવો કે દિ' હતો? વીતરાગ અનાદિના છે અને અનાદિનો આ જ માર્ગ કહેતા આવ્યા છે. મહાવિદેહમાં તો ત્રિકાળ એમને એમ વર્તે જ છે ભગવાનની હાજરીમાં. સમજાણું કાંઈ?

પણ આ આત્મા શું ચીજ છે એની લોકોને કિંમત નથી. આત્મા એટલે બસ થઈ રહ્યું, .... જાવ. ઓલા બહુ જીવડાં થાયને, વરસાદ આવે એટલે. ઓલા ફુદડા-ફુદડા. એ પલ્લાના જીવ કહેવાય એમ કહે. પણ એલા અંદર ભગવાન આત્મા છે. તું શરીરને ન જો અને એનો રાગ છે એનો ન જો અને એનો કર્મ છે એને ન જો, એ આત્મા નથી. એનો આત્મા અંદર ભગવાન છે, શુદ્ધ આનંદકંદ છે. એ પલ્લાના જીવ નહિ, એ પરમેશ્વરના જીવ છે. આહાહા! ચેતનજી! પરમેશ્વર સ્વરૂપ છે એ. આહાહા! તને જોતા આવડતું નથી આત્માને. શરીરની ક્રિયા અને શરીરવાળો આત્મા એ આત્મા જ નહીં. રાગવાળો અને રાગની ક્રિયાવાળો એ આત્મા નહીં. આહાહા!

કહે, નવ તત્ત્વ છે ને. બંધ, પુણ્ય-પાપ તત્ત્વ જુદું, અજીવતત્ત્વ જુદું, આસ્રવતત્ત્વ જુદું. નહિ તો નવ શી રીતે સિદ્ધ થશે? આહાહા! પુણ્ય-પાપના વિકલ્પો બેય આસ્રવતત્ત્વ છે, નવા આવરણના કારણ છે. એ આત્માના સ્વરૂપમાં નથી. કારણ કે આત્મા આસ્રવથી

રહિત છે. આહાહા! (શ્રોતા : કે દિ'?) અનાદિથી છે, પણ (સહિત) માન્યું છે એણે. પ્રવીણભાઈ! એ વકીલ છેને. .... લ્યો, ભારે લખ્યું પણ હોં. બધો સાર લખ્યો છે આખા અધિકારનો.

उन्हें शुभ-अशुभ, इष्ट-अनिष्ट दोनों एकसे हैं. આહાહા! એ શુભ-અશુભ ભાવ પણ બંધનું કારણ છે એમ જાણે છે જ્ઞાની. અને શુભ-અશુભની સામગ્રીઓ બહાર અનુકૂળ-પ્રતિકૂળ જ્ઞેય જડ છે. મને છે નહિ, મારામાં છે નહિ, મારાથી આવ્યા નથી. મારાથી આવે તો શાંતિ અને આનંદ આવે. આ આવે? એ તો પર છે. આહાહા! शुभ-अशुभ, इष्ट-अनिष्ट दोनों एकसे हैं. આહાહા! સાતમી નરક. એમ તો સમકિતી ત્યાં ન જાય, પણ ત્રીજી નરકે જાય છે સમકિતિ. એ અનિષ્ટેય માનતો નથી. આહાહા! અને સ્વર્ગમાં જાય અહમિન્દ્ર થઈને સમકિતી, એને ઈષ્ટ માનતો નથી. એ પદ જ ઈષ્ટ નથી. આ (નરકનું) પદ અનિષ્ટ નથી. આહાહા! મારું પદ તો એનાથી ભિન્ન છે. એ મારા પદમાં રાગનું પદ નથી, પછી આ પદ ક્યાંથી આવ્યું? આહાહા!

अथवा संसारमें उन्हें कोई पदार्थ न तो इष्ट है न अनिष्ट है. ધર્મીને જગતના બધાં પદાર્થ જ્ઞાનમાં જ્ઞેય—પરજ્ઞેય તરીકે જણાય છે, ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. અજ્ઞાની કલ્પે છે કે આ મને ઈષ્ટ છે ને આ અનિષ્ટ છે. અને જે ઈષ્ટ હોય ને એ પાછો અનિષ્ટ થાય. વહાલમાં વહાલો દીકરો ઈષ્ટ માનતો હોય, લ્યો. પણ કાંઈ ફેરફાર થઈ ગયો. જુદો પડી જા, નીકળી જા, કાંઈ નહિ દઉં તને, એમ કહે બાપ. પ્રવીણભાઈને ખ્યાલ છે કે નહિ? પણ એલા પચ્ચીસ લાખ તમારી પાસે છે. ચાર છોકરાનો ચોથો ભાગ તો આપો છ લાખ. એક પાઈ નહિ દઈએ, દોકડો પણ નથી. નીકળી જા. જેને વ્હાલો માન્યો હતો. જાણ્યું કે આ તો મારો નખ્ખોદિયો નીકળ્યો, આ તો કાંઈ કરતો નથી. મને મારી નાખવાનો ભાવ આવે છે. કારણ ઘણા વર્ષ થયા ને હવે... શ્રેણિક રાજાને મારવાનો ભાવ થયોને કોણીકને. આહાહા! દુનિયામાં તો એવું જ છે બાપુ! કહે છે, ધર્મી જીવને તો આત્મા મારો શુદ્ધાનંદ છે, એ મારી ચીજ છે. જગતમાં કોઈ શુભ-અશુભ, અનિષ્ટ કંઈ મારા માટે છે (નહિ.)

फिर राग-द्वेष किससे करे? અનુકૂળ કોઈ નથી તો રાગ કેમ કરે? પ્રતિકૂળ કોઈ નથી તો દ્વેષ કેમ કરે? અસ્થિરતાનો રાગ આવી જાય એ વસ્તુ નથી. એ વસ્તુ નથી મારામાં, એમ કહે છે આંહીં તો. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ આત્મદૃષ્ટિ કે જેને આત્મા સિવાય કોઈ ચીજમાં ઈષ્ટ-અનિષ્ટપણું (ભાસતું નથી). જ્ઞેય છે એમ ભાસે છે એટલે પછી એ તો જ્ઞાન કરે છે. એમ આ ઠીક છે ને આ અઠીક છે, એ ચીજમાં નથી. તો પછી માન્યતામાં ક્યાંથી હોય એને? અજ્ઞાની માને છે કે આ અનુકૂળ આટલું. એ તો ભાગ

પાડ્યો એણે. જ્ઞેય એક પ્રકારે જાણવાયોગ્ય છે, એના બે ભાગ પાડ્યા મિથ્યાદષ્ટિએ. સમજાણું કાંઈ ? ભારે !

किससे संयोग-वियोगमें लाभ-हानि गिनेंगे ? ધર્મી કોના વિયોગથી હાનિ માને અને કોના સંયોગથી લાભ માને? આહાહા! આપણી ભઈ પાંચ લાખની મુડી હતી અને આ પચ્ચીસ લાખની થઈ, માનો લાભ. મૂઢ માને છે. એ તો બહારની જડની ચીજ છે, એ તારામાં આવી ક્યાંથી અને તેં માની ક્યાંથી પણ? કહો, સમજાણું કાંઈ? આહાહા! કિસસે સંયોગ-વિયોગમેં લાભ-હાનિ માને, એમ કહે છે. જુઓને ભાષા જુઓ! સંયોગ ને વિયોગ પરચીજ છે. એમાં સંયોગ થયો માટે લાભ અને વિયોગ થયો માટે નુકશાન.. એક વહાલામાં વહાલો દીકરો, છ મહિનાના લગ્ને ૩૦ વર્ષનો રાજકુમાર જેવો. જુઓ, પાંચ-પચ્ચીસ કરોડનો આસામી હોય અને બે કરોડ ખર્ચ્યા હોય લગનમાં. (લગ્નના) છ મહિને મરે. ધર્મીને દીકરો મારો નથી, (ત્યાં) મરે કોણ અને છોડે કોણ? આહાહા! કહો, સમજાણું કાંઈ? એવા પ્રસંગમાં પણ એને દ્વેષ નથી કે આ શું થયું? એ તો એક ક્રિયા છે જડની, સંયોગ છે. હું તો એનો જાણનાર છું. પ્રાણભાઈ! આવી ચીજ છે.

મોટા ગૃહસ્થ હોય, તો જુઓને છોકરાના લગ્નમાં નાખે છેને. ભોગીભાઈ કહેતા, એમની દીકરીની દીકરી પરણાવીને મોરબી દુર્લભજી ઝવેરીના દીકરાના દીકરા વેરે. ગૃહસ્થ છે, ઘણાં કરોડપતિ છે, ઘણાં કરોડપતિ હોં મોરબી. એ કહેતા કે લગ્નમાં આવ્યા છોકરાવાળા મોટો સેટ લઈને. દોઢ કરોડનો તો દાગીનો લાવ્યા હતા. દોઢ કરોડનો દાગીનો. શું કહેવાય તમારે? ઘરેણું સમુર્તુ. એ તો વાત તો થઈ હતી એવી રીતે કે ગોદીકામાં ઉતરેલાને અમે તો ગોદીકા. પુનમચંદ ગોદીકાને ત્યાં ઉતરેલા. એટલે એ તો ગૃહસ્થ માણસ છે ને કરોડપતિ છે. પણ એની સામે ૩૫ લાખનું મકાન થયું છે, દુર્લભજીની વહુના નામનું..... સંતોકબાના નામની હોસ્પિટલ. ત્યાં ૩૫ લાખનું કર્યું. એ તો મોટા બે અબજપતિ છે. પણ ઓછું હશે પણ એને ગોદીકા એવું લાગ્યું. ભોગીભાઈને કહ્યું, બે અબજ કહે કોને? અહીંયાં તો કોઈ કહેતું હતું, એના ને એના મિત્રો. હા, એ ખરું કે એના છોકરાના લગ્ન આવ્યાં. દોઢ કરોડનો દાગીનો લાવ્યા હતા. એટલે કરોડ હશે ઘણા.

પણ આંહીં તો કહે છે કે એ આપ્યા ને દીધા, એ મારી ક્રિયા જ નથી, એમ ધર્મી માને છે. આહાહા! (શ્રોતા : આપે ખરો?) કોઈ આપે કોને પણ આપે? (શ્રોતા : દીકરા વહુને ઘરેણું ન ચઢાવે?) કોણ ચઢાવે? એ તો જડની ક્રિયા છે. સમકિતી આપે અને દે, એમ માનતો નથી. આહાહા! અજ્ઞાની, મેં આમ આપ્યા ને મેં આમ દીધા ને. બીજા કરતાં મેં અધિક મારા છોકરાને (આપ્યાં). એ છોકરો મારો નથી, કો'કનો છે. એનું શરીર તો

જડદ્રવ્ય છે. એનો આત્મા પર આત્મા છે. એમાં તારો ક્યાંથી થઈ ગયો એ? પરદ્રવ્યને પોતાનું માનવું, એ જ મહામૂઢતા ને અજ્ઞાન છે. પ્રાણભાઈ! પરવસ્તુ છે કે નહીં? એ આત્મા પર છે કે નહીં? કાંઈ તમારો છે? એ તો એનો છે. અને એનું શરીર પણ જડ અજીવનું છે. એ કાંઈ તમારું છે? આ પણ જડ છે, જ્યાં આ અજીવ છે. આ પર જગતની ચીજ છે આ, અજીવતત્ત્વ છે. એને પોતાનું માનવું એ મિથ્યાદૃષ્ટિ છે. અજીવને જીવ માન્યો. માળા પોતાને મારી નાખ્યો અંદર.

પચ્ચીસ મિથ્યાત્વમાં આવે છે ને. અજીવને જીવ.... બોલ્યે જાય, ગડીયા હાંકે જાય. હા, જીવને અજીવ માને તો મિથ્યાત્વ થાય, ધર્મને કુધર્મ માને... પણ ધર્મ કોને કહેવાય એની કાંઈ ખબરેય ન મળે. સાધુને કુસાધુ માને.. પણ સાધુ કહેવાય કોને એ ખબર છે તને? આહાહા! ઊંધો અર્થ થાય છે બધો ભાન વિનાનો. પાંચમાં સમયસૂત્રમાં પણ બોલે છે. ..... પાંચમું સમયસૂત્ર આવે છે ને. એમાં આવે છે. .... મિથ્યાત્વ છોડી દઉં છું. પણ તને મિથ્યાત્વની ખબર નથી, શું છોડી દે? પ્રતિક્રમણમાં આવે છે પાંચમું સૂત્ર. નમો ચોવીસાય તિત્થયેરામિ ઋષભાય મહાવીર પજુસણામી. મિથ્યાત્વને છોડું છું. .... પણ ભાન ન મળે મિથ્યાત્વનું ને સમકિતનું. ગડીયા હાંકે રાખે. આહાહા!

આ બધા અર્થ કરતા હોં અમે સંપ્રદાયમાં. ઓલી તિથિ હોયને ચૌદસ-પાંખીની સજ્ઝાયની. ત્યાં પછી આવા અર્થ કરતા. શાસ્ત્ર વંચાય નહીં. આ શું કહે છે આમાં? આ શું કહે છે, જુઓ તો ખરા. ૮૦ની સાલ. વર્ષ થયા કેટલા? ૪૭ થઈ ગયા. આઠમ, પૂનમ ને એકમ સજ્ઝાય વંચાય. (શ્રોતા : આવશ્યક વંચાય) આવશ્યક વંચાય. શાસ્ત્ર ન વંચાય. આવશ્યકના અર્થ કરતા. સભા મોટી હોય બોટાદમાં તો હજ્જારો માણસ. બાપુ! આ શું કહે છે આ? મિથ્થતં પરિણામી. મિથ્યાત્વને છોડ્યું છે. હવે મિથ્યાત્વ ખબર નથી ને છોડ્યું ક્યાંથી બોલે? જૂઠું બોલે રાગમાં. સમ્મતં .... સમકિતને અંગીકાર કર્યું છે. ચોપડીમાં લખ્યું છે કે મેં સમકિત અંગીકાર કર્યું, બાર વ્રત અંગીકાર કર્યાં. ચોપડી અંગીકાર કરી છે જડની. આહાહા! સંયોગ વિયોગમેં લાભ હાનિ કૈસે ગિનેંગે?

इससे विवेकवान जीव लोगोंके देखनेमें धनी हों चाहे निर्धन हों,.. દેખો. જેને રાગ ને પરથી ભિન્ન આત્માનું ભાન સમ્યગ્દર્શન વર્તે છે. એવા જીવો लोगोंके देखनेमें... લોકો એવું દેખે કે આ તો સધન છે, અબજોપતિ છે, આ નિર્ધન છે. કન્યાય મળતી નથી. દેખો, वे तो आनंदहीमें रहते है. ધર્મી તો આનંદમાં રહે છે. આહા! કહો, સમજાણું કાંઈ? પોતાનો આનંદ સ્વભાવ છે, ત્રિકાળી આનંદસ્વભાવ છે, એવું જ્યાં અંતરભાન વર્ત્યું,, એ તો પોતાની દશામાં છે. એ રાગ એ પોતાની દશા નહીં અને બહારની ચીજ પોતાની ચીજ

નહીં. જેથી પરમાં છે નહીં. પરથી એને દુઃખ-સુખની કલ્પના પણ થતી નથી. આહાહા!

જબ ઉન્હોંને પદાર્થકા સ્વરૂપ સમજ લિયા. આસ્રવનું તત્ત્વ, આત્માનું તત્ત્વ અને જડતત્ત્વ, એમ ભિન્ન ભિન્ન જ્યાં સમજી લીધું. अपने आत्माको नित्य और निराबाध जान लिया. હું તો ત્રિકાળ છું અને મારા સ્વરૂપને કોઈ બાધા કરે એવો હું છું (નહીં.) ત્રિકાળ અનાદિ-અનંત નિત્યાનંદ હું આત્મા છું. એવું સમ્યગ્દર્શન અનુભવમાં ભાન થયું, ..तो उनके चित्तमें सप्त प्रकारका भय नहीं उपजता. આલોકભય ને પરલોકભય. આ છેલ્લો સરવાળો કરે છે. સમકિતીને આ લોકનો ભય અને પરલોકનો ભય હોતો નથી. આ બધી સામગ્રી જીવું ત્યાં સુધી રહેશે કે નહીં? મારા છોકરાં બધા વિખાઈ જશે તો? પછી હું એકલો ઘરડો. વહુઓ-બહુઓ બધી કહેશે, ચાલો હવે. આખો દિ' દુકાને જાઓ હવે. આંહીં ને આંહીં નહીં. આંહીં બધી વહુઓને લાજ કાઢવી પડે. તમારે આંહીં શું છે? પણ તમે આંહીં દેખો તો ઓલું થાય. જાવ દુકાને. હાય, હાય! આ વૃદ્ધાવસ્થા! મારી જુવાન અવસ્થા હતી. પણ જુવાન અવસ્થાય તારી નહોતી અને વૃદ્ધા(વસ્થાય) તારી નથી, એ તો જડની છે. આહા!

એમ બને છે હોં. હા, ચાર-પાંચ વહુ હોય એમાં બોલકી હોય એ બોલી નાખે. સાધારણ ન બોલે બિચારી ખાનદાન હોય. હા.. હા.. હા.. કરીને બળખા કાઢો ને આખો દિ' છોકરાને પણ ઓલું થાય. દુકાને જાઓ દુકાને હવે. નહીં તો વખારે નાંખો ખાટલો એમનો. ઘાસની વખાર હોને બહાર ગાય-ભેંસ (બંધાય). આ બનેલું છે હોં બધું. હા, જોયું છે. વખારે ખાટલો નાખે ત્યાં એમને એકલું ઠીક પડે, પેશાબ કરવા, ઝાડો કરવા. એમ કરીને ત્યાં નાખે. ઓલો ખેદ માને હાય-હાય! પણ એ ચીજ તને ક્યાં હતી તારી? સાંભળને! મફતનો શું..? એ વખારે નાખે તોય વખારની ચીજમાં તું ક્યાં છો? તું તો તારામાં છો. આહાહા! આ નરકમાં નાખ્યો, જુઓને. હું કર્મમાંય નથી, ત્યાં નરકમાં નાખે કોણ? આહાહા! ગતિમાં હું નથી, ગતિ મારામાં નથી, ગતિમાં હું નથી. આહાહા! આ તે કાંઈ વાત છે! એ વસ્તુનું સ્વરૂપનું આવું ભાન અંતરમાં થાય, એને કહે છે, निराबाध जान लिया है.. આત્માને કોઈ વિઘ્ન જ નથી. અનુકુળ-પ્રતિકુળ ચીજ જ કોઈ નથી.

उनके चित्तमें सात प्रकारका भय नहीं उपजता और उनका अष्टांग सम्यग्दर्शन निर्मल होता है, લ્યો. સમકિતમાં આવે છેને. આઠ અંગ કીધાને. નિઃશંક, નિકાંક્ષ, નિર્વિચિકિત્સા. जिससे अनंत कर्मोंकी निर्जरा होती है, લ્યો, અનંત કર્મોની સમકિતીને ક્ષણે ક્ષણે નિર્જરા (થાય છે), કર્મ ગળી જાય છે. અપવાસ ન કરે તોય ગળી જાય એમ કહે છે. ને અજ્ઞાની અપવાસ કરે તોય મિથ્યાત્વનું પોષણ ક્ષણે ક્ષણે થાય છે કારણ કે ક્રિયા મેં કરી

અને રાગનું સ્વરૂપ મારું છે. આહાહા! ગજબ વાત છે. ઓલો અઠમ અપવાસ કરે ને એક પોરસી ચઢાવે તો પચ્ચીસ ઉપવાસનું પુણ્ય. કહો પ્રાણભાઈ! સાંભળ્યું છે કે નહીં? સાંભળ્યું જ હોયને. ત્રણ ઉપવાસ કરેને એટલે અઠ્ઠમ. સવારે એક પોરસી ચઢાવો, પચ્ચીસ અપવાસનું પુણ્ય. ધૂળેય નથી, સાંભળને! મિથ્યાત્વનું પોષણ છે. આહાહા!

એ રાગને છોડવા જેવો છે કે રાગ આદરવા જેવો છે, એની કાંઈ ખબર ન મળે. એ ક્રિયા છૂટેલી છે, પરની છે. આહાર મેં છોડ્યો નથી, એ તો છૂટેલો જ છે. મારામાં આવ્યો નથી. ત્યાં આવવાનો હતો જ નહીં. એને ઠેકાણે મેં છોડ્યો તો અજીવનો સ્વામી થઈને મિથ્યાત્વ સેવે છે. આહાહા! કહો, નટુભાઈ! ધર્મીને તો પોતાના આત્માના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ વર્તે છે. એ સિવાય મારી કોઈ ચીજ જ નથીને જગતમાં. શુભ વિકલ્પથી પુણ્યથી માંડીને કોઈ પણ ચીજ એના અસ્તિત્વમાં એને કારણે છે. મારા અસ્તિત્વમાં એ મારા કારણે એ આવી (નથી.) આહાહા! જુઓ, આ ધર્મનું સ્વરૂપ ને રૂપ. એથી એને કર્મની નિર્જરા થાય છે. એ નિર્જરા અધિકાર પૂરો. હવે બંધ અધિકાર.

(પ્રમાણ વચન ગુરુદેવ)

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એનો પોતાનો ત્રિકાળી સ્વભાવ ત્રણકાળ ત્રણલોકને જાણવાનો છે ત્રિકાળી. એમાં ત્રિકાળીમાં જ્ઞાનચેતના પડી છે ત્રિકાળ, લ્યો ઠીક. ત્રિકાળીમાં જ્ઞાનચેતના ત્રિકાળમાં પડી છે. પર્યાય નહીં, ધ્રુવ. એક ત્રિકાળ જ્ઞાનચેતના છે અંદર. બસ, એનું જ્ઞાન થતાં પર્યાયમાં જ્ઞાન ચેતના પ્રગટ થાય છે. રાગાદિ થાય એને જાણનાર રહી જાય છે, એ ય કહેવું વ્યવહાર છે. પોતાની પર્યાયને ખરેખર જાણે છે.

**નાટક સમયસાર પ્રવચન નં. ૯૬નો અંશ, પાના નં. ૪૩૦**

## પ્રવચન નં. ૮૭ અષાઢ સુદ ૫ રવિવાર તા. ૨૭-૬-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૧, ૨, ૩, ૪ ઉપર પ્રવચન

સમયસાર નાટક, બંધ અધિકાર.

પ્રતિજ્ઞા (દોહરા)

कही निरजराकी कथा, सिवपथ साधनहार।
अब कछु बंध प्रबंधकौ, कहूं अलप विस्तार॥१॥

**શબ્દાર્થ** :—સિવપથ=મોક્ષમાર્ગ, અલપ=થોડા.

**અર્થ** :—મોક્ષમાર્ગની સિદ્ધિ કરનાર નિર્જરા તત્ત્વનું કથન કર્યું, હવે બંધનું વ્યાખ્યાન કાંઈક વિસ્તાર કરીને કહું છું. ૧.

**अर्थ** :—मोक्षमार्ग सिद्ध करनेवाले निर्जरा तत्त्वका कथन किया, अब बन्धका व्याख्यान कुछ विस्तार करके कहता हूँ॥१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન** :

કહે છે, મોક્ષમાર્ગ સિદ્ધ કરનેવાલા નિર્જરા તત્ત્વનું કથન કર્યું. આત્મા પવિત્ર—શુદ્ધ છે એવો અનુભવ થતાં એને કર્મની અને અશુદ્ધતાની નિર્જરા થાય છે. આત્મા શુદ્ધ ચૈતન્ય.... નિર્જરાની વાત કરી. કેવી નિર્જરા છે? કે सिवपथ साधनहार.. આત્મા આનંદસ્વરૂપ, એનો આનંદનો શુદ્ધ ઉપયોગરૂપ અનુભવ થવો એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. अब कछू बंध प्रबंधकौ.. હવે થોડાક બંધનો વિસ્તાર, કંઈક અલ્પ વિસ્તાર કરું, એમ વચનિકાકાર કહે છે. હવે મંગલાચરણ અમૃતચંદ્રાચાર્યનું.

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमतं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत्।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटन्नाटयद्
धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति॥१॥

એનું પદ.

મંગળાચરણ (સવૈયા એકત્રીસા)

मोह मद पाइ जिनि संसारी विकल कीने,
यहीतैं अजानुबाहु बिरद बिहतु है।
ऐसौ बंध-वीर विकराल महा जाल सम,
ग्यान मंद करै चंद राहु ज्यौं गहतु है॥
ताकौ बल भंजिवेकौं घटमैं प्रगट भयौ,
उद्धत उदार जाकौ उद्दिम महतु है।
सो है समकित सूर आनंद-अंकूर ताहि,
निरखि बनारसी नमो नमो कहतु है॥२॥

**શબ્દાર્થ** :—પાઈ=પિવડાવીને. વિકલ=દુઃખી. બિરદ=નામના. અજાનુબાહુ(આજાનુબાહુ)= ઘુંટણ સુધી પહોંચે તેવા લાંબા હાથવાળા. ભંજિવેકૌં=નષ્ટ કરવાને માટે. ઉદ્ધત=બળવાન. ઉદાર=મહાન. નમો નમો (નમઃ મનઃ)=નમસ્કાર નમસ્કાર.

**અર્થ** :—જેણે મોહનો દારૂ પાઈને સંસારી જીવોને વ્યાકુળ કરી નાખ્યા છે, જેના હાથ ઘુંટણ સુધી લાંબા છે એવી સંસારમાં પ્રસિદ્ધિ છે, જે મહા જાળ સમાન છે અને જે જ્ઞાનરૂપી ચંદ્રમાને તેજરહિત કરવા માટે રાહુ સમાન છે. એવા બંધરૂપ ભયંકર યોદ્ધાનું બળ નષ્ટ કરવાને માટે જે હૃદયમાં ઉત્પન્ન થયો છે, જે બહુ બળવાન, મહાન અને પુરુષાર્થી છે, એવા આનંદમય સમ્યક્ત્વરૂપી યોદ્ધાને માટે પંડિત બનારસીદાસજી વારંવાર નમસ્કાર કરે છે. ૨.

**अर्थ** :—जिसने मोहकी शराब पिलाकर संसारी जीवोंको व्याकुल कर डाला है, जिसकी घुटनेतक लम्बी भुजाएँ हैं ऐसी संसारमें प्रसिद्धि है, जो महाजालके समान है, और जो ज्ञानरूपी चन्द्रमाको प्रभारहित करनेके लिये राहुके सदृश है। ऐसे बन्धरूप भयंकर योद्धाका बल नष्ट करनेके लिये जो हृदयमें उत्पन्न हुआ है, जो बहुत बलवान महान और पुरुषार्थी है; ऐसे आनन्दमय सम्यक्त्वरूपी योद्धाको पंडित बनारसीदासजी बार बार नमस्कार करते हैं॥२॥

---

## પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

મંગલાચરણ કરે છે. કહે છે કે રાગની એકતારૂપી જે બંધભાવ... આત્મા અબંધસ્વભાવી વસ્તુ છે. એમાં રાગનો ભાગ—કોઈપણ શુભ-અશુભ રાગ, એની જે એકતાબુદ્ધિ એ ભાવબંધ છે. એ ભાવબંધ મહા મોહ પદ પાઇ.. મિથ્યાત્વનો દારૂ એણે પીધો છે. રાગ તે હું છું—એવો મિથ્યાત્વનો દારૂ બંધે પીધો છે. સમજાય છે કાંઈ? મહા મોહ પદ પાઇ જિનિ સંસારી વિકલ કીને.. અજ્ઞાની પ્રાણીને પાગલ બનાવ્યું છે. વિકારીભાવ પુણ્ય

ને પાપનો—એ 'મારો' એવો જે મિથ્યાત્વભાવ, એ બંધભાવે જગતના જીવોને પાગલ બનાવ્યા છે. છે ને. (जिसने) मोहकी शराब पिलाकर संसारी जीवोंको व्याकुल कर डाला है. વ્યાકુલ. પુણ્ય ને પાપના ભાવ—વિભાવભાવ—વિકારભાવ—બંધભાવ—એ હું છું, એવો જે મિથ્યાત્વનો અભિપ્રાય (જેને છે), એણે ઊંધી શ્રદ્ધારૂપી મિથ્યાત્વનો દારૂ પીધો છે. જેથી રાગ મારો એમ માને છે. સમજાણું કાંઈ ?

महा मोह पद पाइ जिनि संसारी विकल कीनें, याहीतै अजानुबाहु बिरद बिहतु है. કહે છે કે મહાયોદ્ધો છે એ. રાગનો બંધભાવ એ મહાયોદ્ધો છે. યોદ્ધાનું એવું લક્ષણ આવે છે કે બહુ શુરવીર હોય એની હાથની લંબાઈ (ગોઠણ) સુધી પહોંચે લાંબો હાથ, ખંભો શું ? આ ઘુંટણ. ઊભો હોય તો તેનો હાથનો ભાગ અહીં આમ લગી પોગે. એને યોદ્ધાનો મોટો યોદ્ધો કહેવામાં આવે. સમજાણું ? એમ આ 'અજાનુબાહુ'. આ પણ કહે છે કે મિથ્યાત્વરૂપી બાહુ—હાથ લાંબો થયો છે એનો બંધનો. बिरद बिहतु है.. મહામિથ્યાત્વને લાંબો કરી વિસ્તાર કરી અને મહાયોદ્ધો પ્રસિદ્ધ થયો છે અજ્ઞાનનો. ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ છે એને ભૂલી અને પુણ્ય ને પાપના વિકલ્પનો ભાવબંધ, કહે છે કે એ તો મહાયોદ્ધો છે એમ એનું બિરૂદ, એની નામાવલી નીકળી છે બહાર. છેને એમાં. નામાવલી કહે છે ને ? નામ નીકળ્યું, નામ કાઢ્યું. નથી કહેતા ? આણે નામ કાઢ્યું. એમ ભાવબંધે નામ કાઢ્યું છે કે હું એક યોદ્ધો છું અજ્ઞાનરૂપી મિથ્યાત્વનો. એવી એની પ્રસિદ્ધિ થઈ છે.

ग्यान मंद करै.. ऐसो बंध-वीर विकराल महाजाल सम.. ઓહોહો ! વિકારના પરિણામની એકતાની મહાજાળ રચી છે ભાવબંધે. આહાહા ! ભગવાન આત્મા, સ્વરૂપ તો એનું અબંધસ્વરૂપ છે. છતાં એ વિકારના પરિણામ શુભ ને અશુભ, એની એણે જાળ ભાવબંધે રચી છે. ग्यान मंद करै.. આત્માના સ્વરૂપની વિપરીત દૃષ્ટિ કરે છે એ તો. મંદ કરે એટલે જ્ઞાનની દશા હીણી કરી નાખી છે. ભાવબંધે, 'પુણ્ય-પાપના વિકારની લાગણીઓ મારી છે' એવો જે ભાવબંધ એણે આત્માની દશાને હીણી કરી નાખી છે. પોતે હોં અજ્ઞાનભાવે. આહાહા !

ग्यान मंद करै चंद राहु ज्यौं गहतु है.. ચંદ્રને જેમ રાહુ પકડે છે, આડો આવે છે. એમ રાગરૂપી ભાવબંધ ચૈતન્યરૂપી ચંદ્રને આડો આવે છે. 'રાગ તે હું' એવો જે મિથ્યાત્વભાવ એને આડ આવે છે, ચૈતન્યના પ્રકાશને રોકે છે. આહાહા ! ताकौ बल भंजिवेकौ.. હવે સવળી. એવો જે ભાવબંધ, જેનું નામ પ્રસિદ્ધ છે કે મેં જગતને વશ કર્યું છે. નિગોદથી માંડીને જૈનનો દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો, એને પણ ભાવબંધે વશ કર્યો છે. કારણ કે રાગની ક્રિયા એ મારી છે એવી એની નામાવલી નીકળી છે, નામ કાઢ્યું

છે એણે. રખડાવવામાં હું હોંશિયાર છું. સમજાણું કાંઈ?

ताकौ बल भंजिवेकौ घटमैं प्रगट भयौ.. સમ્યક્ સૂર્ય. મિથ્યાત્વરૂપી ભાવબંધ હતો, એ ચૈતન્યના સ્વભાવને હીણો કરી દીધો દશામાં હોં! વસ્તુ તો વસ્તુ છે. એના બળને ટાળવા ઘટમાં પ્રગટ થયો. ઉદ્ધત (એટલે) કોઈને ગણે નહિ. એક આત્માનો આનંદસ્વભાવ એનો જેને સ્વીકાર છે સમ્યગ્દર્શનમાં. સમ્યગ્દર્શન યોદ્ધો મિથ્યાત્વરૂપી યોદ્ધાનો નાશ કરવાને સમર્થ છે. આહાહા! ताकौ बल घटमैं उद्धत. છે ને. બળવાન, ઉદાર, મહાન સમ્યગ્દર્શન અબંધપરિણામ. રાગાદિની એકતાબુદ્ધિ મિથ્યાત્વ એ બંધપરિણામ. એ બંધપરિણામને નાશ કરવાને સમકિતરૂપી સુરજ ઉગ્યો.

उद्धत उदार जाकौ उद्दिम महतु है.. જેનો પુરુષાર્થ અનંત ગણો છે. ઉત્પન્ન હુઆ.... બંધરૂપ ભયંકર યૌદ્ધાકા બલ. बलवान, महान और पुरुषार्थी है. સમ્યગ્દર્શનરૂપી પરિણામ—સૂર્ય ઉગ્યો એ મહા પુરુષાર્થ છે. જેણે અનંતા અનંતા ગુણસ્વરૂપ ભગવાન આત્મા એને જેણે પ્રતીત ને અનુભવમાં લીધો, એવો સમ્યગ્દર્શનરૂપી સૂર્ય પ્રગટ થયો. જુઓ, આ બંધભાવ છે એનો નાશ કેમ થાય, એ પણ વાત સાથે વર્ણવે છે. આહાહા! એક જ કળશમાં. પર્યાય—રાગબુદ્ધિ જ્યાં છે એ મિથ્યાબુદ્ધિ—મિથ્યાત્વબુદ્ધિ છે અને એનું ફળ ચાર ગતિમાં રખડવાનો વિસ્તાર છે. એના બળને નાશ કરવા ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, એકલો જ્ઞાનસ્વભાવ અને આનંદસ્વભાવ, એવો અનુભવ કરતું સમકિતદર્શન, જેમાં પુરુષાર્થ મહા છે.

सो है समकित सूर.. એ સમકિતરૂપી સૂર્ય, आनंद-अंकूर ताहि.. 'आनंदामृत', છે ને? 'आनंदामृत नित्यभोजि'. સમ્યગ્દર્શન એ ચીજ છે કે જેને અતીન્દ્રિય આનંદનું નિત્ય ભોજન છે. મિથ્યાત્વ રાગની એકતામાં નિત્ય દુઃખનું ભોજન છે. સમ્યગ્દર્શન પ્રગટ્યું, કહે છે, અબંધસ્વભાવી ભગવાન આત્મા એનો જ્યાં અનુભવ થઈને પ્રતીત અનુભવ થયો. કહે છે એ તો 'आनंदामृत नितभोजि'—અતીન્દ્રિય આનંદનો હંમેશા અનુભવ કરનાર છે એ. એનો ખોરાક સમકિતીનો... આહાહા! સમ્યગ્દર્શનનો ખોરાક અતીન્દ્રિય આનંદસ્વરૂપ એના આનંદનો અનુભવ એ એનો ખોરાક છે. કહો, સમજાણું?

છેને 'आनंदामृत नितभोजि'. સમકિત आनंद-अंकूर ताहि.. આનંદરૂપી અંકૂર ફુટ્યો. સમ્યગ્દર્શન થયું, એને અતીન્દ્રિય આનંદનો અંકૂર ફૂટ્યો. જુઓ, ત્યાં નાખ્યું છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે. મિથ્યાત્વનું એ સ્વરૂપ છે કે અનંતી આકુળતાના દુઃખનું વેદન છે. આહાહા! સમજાણું કાંઈ? બહુ શબ્દાર્થ બધા નથી એમાં. સહજાવસ્થા છે ને. (સહજ) અવસ્થા એટલે ત્રિકાળી વસ્તુ. ત્રિકાળી સહજાત્મસ્વરૂપ ધ્રુવ

અવસ્થા 'છે', એનો જ્યાં અનુભવમાં સ્વીકાર થયો, અતીન્દ્રિય આનંદનો અનુભવ 'नितभोजि' છે. પદ છેને એટલે અમુક અમુક શૈલીમાં વાત થાય. 'स्फूटन्नाटयद्'—એ પ્રત્યક્ષ આનંદનો અનુભવ થઈને સમકિતરૂપી સૂર્ય નાચે છે એટલે પરિણમે છે. કહો, ચોથા ગુણસ્થાનમાં આ દશા છે.

સમ્યગ્દર્શનમાં આત્મા અબદ્ધસ્પૃષ્ટ અનુભવમાં આવ્યો. મિથ્યાત્વમાં રાગના બંધવાળો અનુભવમાં આવ્યો, દુઃખનો અનુભવ. એ રાગના એકતાબુદ્ધિની મિથ્યાદશા, એને ટાળવાને સ્વભાવની એકતારૂપી જે સમ્યગ્દર્શન પ્રગટ્યું, એને આનંદના અનુભવ સહિત સહજ ત્રિકાળી વસ્તુ જે છે નિત્યાનંદ પ્રભુ, એનો અનુભવ થઈને નિત્યાનંદ દશા પ્રગટી. કહો, સમજાણું કાંઈ? મંગલાચરણ આમ કર્યું છે. માંગલિક કર્યું છે આ. આત્મા પરમ શુદ્ધ આનંદનું ધામ, એને રાગના વિકલ્પની એકતા મહાઘોર મિથ્યાત્વ બંધનનો ભાવ છે. એ મિથ્યાત્વને છેદવા, 'ભગવાન આત્મા પૂર્ણાનંદ છું. બંધસ્વરૂપ એ મારું સ્વરૂપ જ નથી. રાગમાં અટકવું ને રાગની એકતા—એ મારી ચીજ જ નથી. સ્વભાવમાં અટકવું ને આવવું અને આનંદનો વિકાસ થવો એ આત્માનું સ્વરૂપ છે'—એમ સમ્યગ્દર્શને અનુભવ્યું. ભારે ભાઈ!

આંહીં તો સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા કરો, લ્યો. એય જયંતિભાઈ! બાપુ! એમ નથી ભાઈ! સમ્યક્ સત્ય સ્વરૂપનું અનુભવ અને પ્રતીત થઈ, ત્યારે જે મિથ્યાત્વનો ભાવ હતો એનાથી ગુલાંટ ખાઈ ગયો. પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા સહજ અવસ્થા ત્રિકાળ શક્તિ સ્વભાવ, એનો જ્યાં દ્રવ્યનો સ્વીકાર થયો, અનુભવ નિત્યનો (થયો, તો) નિત્યમાંથી અતીન્દ્રિય આનંદનો અંકુર આવ્યો એ એનો અનુભવ છે. અંકુર છેને, થોડો આવ્યો છેને. પૂર્ણ તો કેવળજ્ઞાન થાય ત્યારે આવેને. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આવી સમકિતની વ્યાખ્યા છે. (શ્રોતા : શાસ્ત્રમાં તો અનેક પ્રકારે છે? શાસ્ત્રમાં એક જ પ્રકાર છે?) એક જ પ્રકાર છે આ વસ્તુનો, બીજો પ્રકાર છે જ નહિ. બીજો પ્રકાર હોય તો મિથ્યાત્વનો બીજો પ્રકાર છે. જુઓને, કેટલું (સુંદર) મંગલાચરણ. આહાહા!

આ બાઈયું નથી ગાતા લગ્ન કે એવું હોય એમાં? 'સોના સમો રે સૂરજ ઉગ્યો' આવે છે ને. એમ આંહીં આનંદ સમો રે સમકિત સૂરજ ઊગ્યો, એમ કહે છે. આ મંગલાચરણ કરે છે. ગાય છે કે નહીં ઓલામાં? 'વેણલા ભલે વાયા રે'. ભલે સવાર ઊગી, એમ કહે. એમ કહે, ભાન તો એને કાંઈ નહિ. ગાનારને કાંઈ ભાન ન મળે. ત્યાં છોકરાના લગનમાં સવારે ગાયને. ઓલા લગન-બગન હોય ને ઠીક કાંઈક પૈસા હોય.. છોકરો હોય ઠીક.... સવારમાં ગાય 'વેણલા ભલે વાયા'. આજનો દિવસ ઉગ્યો તે ઉગ્યો.

ભલે ઉગ્યો, કહે છે. 'સોના સમો સૂરજ ઉગ્યો રે' એમ કહે છે ને ! ત્યાં તો ધૂળેય નથી, મફતનો અજ્ઞાન અંધકાર છે. આંહીં તો કહે છે, જ્યાં સમકિતરૂપી સૂર્ય ઉગ્યો, વેણલા વાયા, દિશાઓ ફરી ગઈ એની. એની સવાર પડી એ પડી, એના વહેણ બદલાઈ ગયા. સમજાય છે કાંઈ ? અજ્ઞાનમાં જે રાગની એકતાના પરિણામ જે વહેતા હતા, એ સમકિતમાં સ્વભાવી એકતાના પરિણામ વહેવા લાગ્યા, એમ કહે છે. આહાહા !

समकित सूर आनंद-अंकुर ताहि, निरखी बनारसी नमो नमो कहतु है. સમ્યગ્દર્શન થતાં આનંદરૂપી સ્વાદ જ્યાં આવ્યો, 'અહો ! નમો નમો'—મારો નમસ્કાર એને છે, કહે છે. આવા આનંદની દશા પ્રગટ થઈ એને નમસ્કાર છે. એમાં મારું વલણ છે, રાગાદિમાં મારું વલણ નથી. આહાહા ! 'નમો નમો' બે વાર કહ્યું. નમસ્કાર.. નમસ્કાર. 'નમો મુજ નમો મુજને કહું' આવે છેને, આનંદઘનજીમાં આવે છે. આંહીં તો બંધના અધિકારમાં બંધની વ્યાખ્યા કરી. પણ બંધની વ્યાખ્યા (બંધ) ટાળવા માટે કરી છે. બંધ છે માટે રાખવો છે ને બંધ છે એમ જણાય, એમ નથી. છે, એમ છેને આંહીં? પણ હવે એને ટાળવાનો ઉપાય ? એ માટે વાત કરે છે, કાંઈ રાખવા માટે વાત કરે છે ત્યાં ? ટાળવાનો ઉપાય એ કે ભગવાન અબંધસ્વરૂપી ચૈતન્યદ્રવ્ય એનો અનુભવ ને દૃષ્ટિ કરવી કે જેમાં આનંદનો અંકુર ફુટે ને દુઃખની દશા જાય અને સુખના વેણલા વાય, એને બંધના નાશનો ઉપાય કહેવામાં આવે છે. આહાહા ! કહો, સમજાણું આમાં ? આવો માર્ગ ભારે ધર્મ ..., એ કહેશે.

કર્મચેતના ને જ્ઞાનચેતના. બેય પરિણતિ અંદરમાં ઊંડે વહે છે, લ્યો. ઊંધી ને સવળી. આ એનું સ્પષ્ટીકરણ કરતા કહેશે. જ્ઞાનચેતના ને કર્મચેતનાનું વર્ણન. એ કર્યું તો એ કે ઓલો બંધભાવ ને બંધભાવને છેદનાર જ્ઞાનચેતના. હવે એનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છે. એ તો ઓલો કળશ છેને એનું વિશેષ સ્પષ્ટીકરણ છે. કારણકે રાગનો અનુભવ એ કર્મચેતના છે અને જ્ઞાનનો અનુભવ એ જ્ઞાનચેતના છે. પહેલી કીધી કર્મચેતના, બીજી કીધી જ્ઞાનચેતના. એનું સ્પષ્ટીકરણ કરે છે હવે. આહાહા ! સમજાણું કાંઈ ? આ (પહેલા) કળશનું સ્પષ્ટીકરણ વિશેષ છે.

જ્ઞાનચેતના અને કર્મચેતનાનું વર્ણન. (સવૈયા એકત્રીસા)

**जहां परमातम कलाकौ परकास तहां,**
**धरम धरामैं सत्य सूरजकी धूप है।**
**जहां सुभ असुभ करमकौ गढ़ास तहां,**
**मोहके बिलासमैं महा अँधेर कूप है।।**

फैली फिरै घटासी छटासी घन-घटा बीचि,
चेतनकी चेतना दुहूंधा गुपचूप है।
बुद्धिसौं न गही जाइ बैनसौं न कही जाइ,
पानीकी तरंग जैसें पानीमें गुडूप है॥३॥

**શબ્દાર્થ** :—ધરા=ભૂમિ, ગઢાસ=ગાઢાપણું. છટા=વીજળી. ઘન=વાદળું. દુહૂંધા=બન્ને તરફ, બન્ને અવસ્થાઓમાં. બૈન=વચન. ગુડૂપ=ડૂબી.

**અર્થ** :—જ્યાં આત્મામાં જ્ઞાનની જ્યોતિ પ્રકાશિત છે ત્યાં ધર્મરૂપી ધરતી પર સત્યરૂપ સૂર્યનું અજવાળું છે અને જ્યાં શુભ–અશુભ કર્મોની સઘનતા છે ત્યાં મોહના ફેલાવાનો ઘોર અંધકારમય કુવો જ છે. આ રીતે જીવની ચેતના બન્ને અવસ્થાઓમાં ગુપચૂપ થઈને શરીરરૂપી વાદળાની ઘટામાં વીજળીની જેમ ફેલાઈ રહી છે. તે બુદ્ધિગ્રાહ્ય નથી અને ન વચનગોચર છે, તે તો પાણીના તરંગની જેમ પાણીમાં જ સમાઈ જાય છે. ૩.

**अर्थ** :—जहाँ आत्मामें ज्ञानकी ज्योति प्रकाशित है वहाँ धर्मरूपी धरतीपर सत्यरूप सूर्यका उजाला है और जहाँ शुभ-अशुभ कर्मोंकी सघनता है वहाँ मोहके फैलावका घोर अंधकारमय कुआ ही है। इस प्रकार जीवकी चेतना दोनों अवस्थाओंमें गुपचुप होकर शरीररूपी मेघ-घटामें बिजलीके समान फैल रही है। यह बुद्धिग्राह्य नहीं है और न वचनगोचर है, वह तो पानीकी तरंगके समान पानीहीमें गर्क हो जाती है अर्थात समा जाती है॥३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કર્મ રાગની એકાગ્રતાની ચેતના એ કર્મચેતના અને સ્વભાવની એકાગ્રતાની ચેતના તે જ્ઞાનચેતના. बुद्धिसौ न गही जाई बैनसों न कही जाइ.. કહે છે કે એ મનથી એકદમ પકડાય એવી (નથી). રાગની એકતાની કર્મચેતના પણ અરૂપી છે. વિકારી પરિણતિ છેને સૂક્ષ્મ, એ કંઈ મનથી પકડાય એવી નથી. बुद्धिसौं न गही जाइ बैनसौं न कही जाइ, पानीकी तरंग जैसें पानीमैं गुडूप है. લ્યો, આવ્યું. બેય પર્યાયો ઊંધી ને સવળી, એમાં સમાઈ જાય છે, કહે છે.

જુઓ અર્થ. जहां परमातम कलाकौ परकास.. ભગવાન શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન એવી પરમાત્મશક્તિ—પરમાત્મસ્વરૂપ, એનો જ્યાં કળાનો પ્રકાશ, ત્યાં તો ધર્મરૂપી ભૂમિ પર સત્ય(રુપી) સૂરજની આતાપ છે. સત્ય સૂરજનો આતાપ છે એમાં એટલે અંધકાર ત્યાં રહેતો નથી. સમજાણું કાંઈ? ज्ञानकी ज्योति प्रकाशित है वहाँ धर्मरूपी धरतीपर सत्यरूप सूर्यका उजाला है, લ્યો. રાગ—પુણ્યનો વિકલ્પ છે એ અજ્ઞાન છે, એમાં જ્ઞાનનો અંશ નથી.

એથી એની એકતાબુદ્ધિ એ તો મિથ્યાત્વનું અંધારું છે, કૂવો છે, કહે છે લોકો. અને એનાથી ભિન્ન પડેલો પરમાત્માની કળાનો પ્રકાશ અંદર આવ્યો, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થતાં ધર્મરૂપી પૃથ્વી એમાં સત્યરૂપી સૂરજનો આતાપ છે—ધૂપ છે, જેમાં અંધકાર આવતો નથી.

जहां सुभ असुभ करमकौ गढ़ास तहां.. આહાહા! જ્યાં પુણ્ય ને પાપના શુભ-અશુભ ભાવ, એની જ્યાં સઘનતા—એકતા એવી બુદ્ધિ મિથ્યાત્વમાં છે. मोहके बिलासमैं महा अँधेर कूप है.. શુભ-અશુભ પરિણામની ક્રિયા મહામોહરૂપી આંધળો કૂવો છે. સમજાણું કાંઈ? 'अंधकूप है' આવે છે ઓલામાં પાછળ. આણે કીધું હતુંને 'अंधकूप है' ક્રિયામાં આવે છે ક્યાંક. મોક્ષ (અધિકાર)માં ક્યાંક આવે છે. ક્રિયામાં.... આમાં ને આમાં છે. શુભ ને અશુભ ભાવ એ તો, કહે છે કે આંધળો કૂવો છે, અંધકાર છે. સમકિતમાં પ્રકાશ છે અને શુભાશુભ પરિણામમાં અંધકાર છે. એ ઓલામાં ક્યાંક છે. પ્રમાદી થઈને ક્રિયામાં ઝૂકે તો આંધળામાં જાય, છેને એ? મોક્ષમાર્ગમાં ક્યાંક છે, પાછળ છે એમાં. ક્રિયા કરણી, મુક્તિકી કતરની... એમાં કંઈક છે. એમાં ક્યાંક હશે.

શુભાશુભ.... બે વાત કરી કે ચૈતન્યના જ્યાં સ્વભાવનો સ્વીકાર અનુભવનો થયો, ત્યાં તો પરમાત્મા પ્રકાશનો પ્રકાશ છે, ઉજાળો છે, ત્યાં તો નિર્મળતા છે. અને પુણ્યની ને પાપની એકતાનો જ્યાં અનુભવ છે ત્યાં અંધકાર છે. કહો, સમજાણું કાંઈ? मोहके विलासमैं.. સ્વરૂપની સાવધાની છોડી દઈને રાગના વિકલ્પમાં સાવધાની, પુણ્ય ને પાપના ભાવમાં સાવધાની એ મોહનો વિલાસ છે. महा अंधेर कूप છે, આંધળો કૂવો છે એ. આહાહા! ઘોર અંધકાર કૂવો છે. કેટલું? ૨૮૮. આની કોર બસ એ. ज्ञानका उदय होने पर अज्ञानदशा हट जाती है.

**ग्यानभान भासत प्रवान ग्यानवान कहै,**
**करुना निधान अमलान मेरौ रूप है।**
**कालसौं अतीत कर्मजालसौं अजीत जोग—**
**जालसौं अभीत जाकी महिमा अनूप है॥**
**मोहकौ विलास यह जगतकौ वास मैं तो,**
**जगतसौ सुन्न पाप पुन्न अंध कूप है।**

આંધળો કૂવો છે. છે ને હેઠે. સર્વવિશુદ્ધ દ્વાર.

**पापकिनी कियौ कौन करै करिहै सु कौन,**
**क्रियाको विचार सुपिनेकी दौर धूप है॥९२॥**

આહાહા! મેં દયા-દાન પાળ્યા હતા ને મેં પુણ્ય કર્યું'તું. અરે! એ તો સપનું છે, અજ્ઞાન ... આ કોણ કરે? ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એ વિકારના ભાવને કરે ક્યાં? સમજાણું કાંઈ? ભારે આકરું! કોણે કર્યું'તું? કોણ કરે? ક્યાં કર્યું'તું? છે જ નહિને મારામાં, કહે છે. એ તો સપનું આવી ગયું. સમજાણું? એ પછી આવે છેને. જુઓ, ક્રિયાકી નિંદા. ૨૯૦માં આવે છે. જુઓ, એમાં જ આવે છે એના પછી,

करनी हित हरनी सदा, मुक्ति वितरनी नांहि
गनी बंध-पद्धति विषै, सनी महादुखमांहि॥

છે? ૨૯૦. मोक्षमार्गमें क्रियाका निषेध. करनी हित हरनी.. શુભાશુભ પરિણામની ક્રિયા એ તો હિતની હરનારી છે. આહાહા! રાડ નાખે લોકો હોં. એવું ચર્ચે છે ને. નહીં, 'આત્મધર્મ'માં શુભ ઉપયોગને આસ્રવ કહ્યો છે, એમ નહિ. એ પણ ધર્મનું કારણ છે ને ધર્મ છે. છે ને? करनी हित हरनी सदा, मुक्ति वितरनी नांहि.. મુક્તિની આપનારી નહીં, એમ કહે છે. गनी बंध पद्धति.. પુણ્ય ને પાપના પરિણામ તો બંધની પદ્ધતિમાં ગણ્યા. આંહીં કહ્યુંને. આ બંધ અધિકાર ચાલે છે. सनी महादुःखमांहि.. મહાદુઃખસે લિપ્ત હૈ. એ પુણ્ય ને પાપના પરિણામ તો દુઃખથી લેપાયેલ છે એમ કહે છે. આવું તો સ્પષ્ટ ખાતું છે, પણ હવે..! પાછું નીચેય છે, જુઓ.

करनीकी धरनीमैं महा मोह राजा बसै'. છે ને? 'રાગ કરું, પુણ્ય કરું'—એ એમાં તો મિથ્યાત્વરૂપી મોહ વસે છે. ૨૯૦ પાનું હોં! करनीकी धरनीमैं महा मोह राजा बसै. क्रियाकी भूमि पर मोह महाराजाका निवास है. રાગ કરવા જેવો છે, રાગ કરવા જેવો છે (એ માન્યતા) મહા મિથ્યાત્વનો મોહવિલાસ છે, કહે છે. આહાહા! करनी अग्यानभाव राकिसकी पुरी है. અજ્ઞાનભાવ છે ને? રાગ તે અજ્ઞાન છે. અને રાક્ષસની પુરી છે—રાક્ષસનું નગર છે એ તો. આહાહા! આત્માની શાંતિને ખાઈ જાય છે. करनी करम काया पुग्गलकी प्रतिछाया, करनी प्रगट माया मिसरीकी छुरी है. 'માયા મિસરીકી છુરી'. કહો, આ બધી ક્રિયા.. ક્રિયા.. કહે છેને. ખૂબ આવ્યું છે એમાં. કેવો કહેવાય કટારીયો? કટારીયો કહેવાય? ભાઈ કોટડી. બહુ મખ્ખનલાલે લખ્યું છે. 'અંદરનો મતભેદ ન લખો. તદ્દન આચાર્યથી ધર્મ, દિગંબર ધર્મ બધું વિરુદ્ધ છે'. આહાહા! ભાઈ! આંહીં તો કહે છે, करनी करम काया—કરમની કાયા છે એ તો, રાગનું કાર્ય કર્મનું છે. આત્માનું છે એ? पुग्गलकी प्रतिछाया—એ પુણ્યના ભાવ તો પુદ્ગલની છાયા છે. આહાહા!

करनी प्रगट माया मिसरीकी छुरी है, करनीकै जालमैं उरझि रह्यौ चिदानंद.. અનાદિથી જ્ઞાનાનંદ પ્રભુ, એ રાગના પરિણામમાં ઉલઝી રહ્યો છે, ઉઝળી રહ્યો છે.

करनीकी वोट ग्यानभान दुति दुरी है. क्रियाकी आड़ ज्ञान-सूर्यके प्रकाशको छूपा देती है. રાગની રુચિમાં, રાગના પ્રેમમાં, રાગની એકતામાં ચૈતન્યસૂર્ય અટવાઈ જાય છે, ઢંકાઈ જાય છે. आचारज कहै, દેખો आचारज कहै करनीसौ विवहारी जीव, करनी सदैव निहचै सुरूप बुरी है. બંધપદ્ધતિ છે, આંધળો કૂવો છે એ. આહાહા! આકરું ભારે ભાઈ! જેમાં ધર્મ માન્યો હોય એ સિવાયની ત્રીજી ચીજ કેવી? કહે છે વળી. આ પાપથી નિવર્તવું એ ધર્મ, એ વ્રત. આહાહા! વ્રતના પરિણામ છે એ વિકલ્પ છે, પુણ્ય છે. એ ક્રિયા આંધળી ક્રિયા છે. એમાં આત્મા ક્યાં હતો રાગની ક્રિયામાં? આહાહા! કહે છેને, मोहके विलासमें महा अंधेर कूप है, લ્યો, આપણે ચાલે છે એમાં,

फैली फिरै घटासी छटासी घन-घटा बीचि... આહાહા! इस प्रकार जीवकी चेतना दोनों अवस्थाओंमें गुपचुप होकर शरीररूपी मेघघटामें.... શરીરરૂપી મેઘ, એની ઘટામાં વિજળીની પેઠે ફેલ રહી છે. ઊંધી પરિણતિ રાગની ને સવળી પરિણતિ સમકિતની—બેય ફેલાઈ ગઈ છે. પર્યાયની વાત છે એમાં. પરની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? શું કહે છે આ? કહે છે, પુણ્ય ને પાપના પરિણામની ચેતના—કર્મચેતના ગુપચુપ શરીરરૂપી મેઘઘટામાં વિજળીની જેમ ફેલાઈ રહી છે. અજ્ઞાનરૂપી અંધકારના શુભાશુભ પરિણામ, એ પણ શરીરરૂપી ઘટાથી ભિન્ન, એની આત્માની પર્યાયમાં વિજળીની પેઠે પરિણમી રહી છે ઊંધી.

અને જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા... રાગથી ભિન્ન પડેલી જ્ઞાનચેતના—સમ્યગ્દર્શન, એ પણ અંતરમાં ઘટરૂપી મેઘની ઘટામાં, મેઘનો આ મોટો દળ, એમાં ચૈતન્યની શુદ્ધ પરિણતિ અંદરમાં વિજળીની પેઠે કામ કરે છે અને એક સમયની પર્યાય ગુડૂપ થઈ જાય છે અંદર, નવી આવે છે. વિકારી પર્યાય પણ નવી આવે છે ને જાય છે, ગુડૂપ થઈ જાય છે એમ કહે છે, જુઓ. આ વિકારી પર્યાય ગુડૂપ થઈ જાય છે—ડૂબી જાય છે—સમાઈ જાય છે. શબ્દમાં, ડૂબી જાય છે, એમ હશે. ગુડૂપ = ડૂબી. આહાહા! શરીરરૂપી ઘટા ઘનઘોર જલદળ, ભગવાન આત્મા ભિન્ન. એના સ્વરૂપના અનુભવ ને ભાન વિના રાગરૂપી ક્રિયાનો અંધકાર વિજળીની પેઠે થાય ને જાય, થાય ને જાય, થાય ને જાય. એમ ચૈતન્યની પરિણતિ ધર્મની, શુદ્ધ ચૈતન્યની દશા, એ પણ થાય ને જાય. નિર્મળ થઈ વળી ગઈ, વળી નવી થઈ ને ગઈ. જેમ આ પાણીના તરંગો જેમ પાણીમાં સમાઈ જાય છે, એમ શુદ્ધ ને અશુદ્ધ પરિણતિ—બેય આત્મામાં સમાઈ જાય છે.

..... આવે અશુદ્ધ પણ ગઈ ક્યાં? છે કે નહિ? (શ્રોતા : ઉપર ઉપર રહે છે.) ઉપર ઉપર નહિ. (શ્રોતા : ગુડૂપ થઈ ગઈ....) ગુડૂપ થઈ ગઈ. (પર્યાયનો ઉત્પાદ) હોય ત્યારે

ઉપર ઉપર કહેવાય. જાય ત્યારે? છે ને. અશુદ્ધતા ગઈ ને થઈ, ગઈ ને થઈ, વિજળીના ચમકારાની જેમ ફટ કરતું. અંધકાર—રાગની એકતા, પરિણમન અંધકારમય થયું ને ગયું, થયું ને ગયું. આ તો શરીર દળમાં ભિન્ન એ ચીજ થાય છે. કર્મને લઈને નહીં, પરને લઈને નહિ—એમ સિદ્ધ કરવું છે પાછું. ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા, એના અજ્ઞાનમાં—અભાનમાં પરિણતિમાં જે વિકારની પરિણતિ, મોહ અંધકારનો કૂવો થાય ને જાય, થાય ને જાય. બહારનું બહાર રહી ગયું. કર્મ ને શરીર, વાણી, એ અજીવપણે રહી ગયું. આ તો જીવની પર્યાયની વાત ચાલે છે. 'चेतनकी चेतना' એમ લેવું છે ને. અને કર્મને લઈને કાંઈ છે નહીં અને જડની કાંઈ વાત તો આંહીં છે જ નહિ. સમજાણું કાંઈ?

આ કીધુંને કેટલું બનારસીદાસે સ્પષ્ટ આટલું કર્યું. મોટા ઘટા ઘનઘોર વાદળા હોય, એમાં વિજળીનો ચમત્કાર દેખાયને ફડાક.. ફડાક. એમ આ ઘનઘોર જડ, માટી, ધૂળ આ, એમાં ભગવાન ચૈતન્ય ભિન્ન. એની અજ્ઞાનની રાગની ક્રિયાઓ અશુદ્ધ થાય ને જાય, થાય ને જાય. એ કહે છે કે આંહીં તો બુદ્ધિથી પકડાય નહિ. એમ કહે છે. બેય હોં. એકલી સવળી એમ નહિ. બુદ્ધિથી પકડાય નહિ એટલે બહુ સૂક્ષ્મ પર્યાય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આરે! કહો, પોતે બનારસીદાસે આ કળશને સ્પષ્ટ કરવા માટે લખ્યું છે. બંધ એ કર્મચેતના, સમકિત એ જ્ઞાનચેતના. બે. પહેલી વાત કરી મંગલાચરણમાં. ભગવાન અમૃતચંદ્ર આચાર્ય મુનિ-સંત, એમના (શ્લોકનું) આ સ્પષ્ટીકરણ કર્યું છે.

કહે છે કે જ્યાં જેને પર્યાયબુદ્ધિ એટલે રાગબુદ્ધિ છે, એ પણ અજ્ઞાનની પરિણતિ આત્મામાં જ થાય છે. એ કંઈ કર્મને લઈને અને કર્મમાં થાય છે એમ છે (નહિ). અને થાય ને જાય, થાય ને જાય, એમ થયા કરે છે. અને ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા, રાગની ક્રિયા ને રાગથી ભિન્ન આત્મા છે. એમ ચૈતન્યનું ભાન થઈને જ્ઞાનચેતના થઈ, એ પણ પરિણતિ થાય ને જાય. પાણીમાં તરંગ જેમ પાણીમાં ગુડૂપ રહે. पानीकी तरंग जैसै पानीमें गुडूप है, એમ લખ્યું છે ને. पानीकी तरंगके समान पानीहीमें गर्क हो जाती है—ડૂબી જાય છે, અંદર વઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

એ તો દ્રવ્ય છેને વસ્તુ અને પરની અપેક્ષા વિનાનું એવું સ્વતંત્ર દ્રવ્ય છે, ચૈતન્ય ભગવાન. હવે એનું ભાન ન હોય તો પણ એ રાગની એકતાની પર્યાયબુદ્ધિમાં પોતે જ પરિણમે છે અશુદ્ધપણે મિથ્યાત્વભાવમાં એ કર્મચેતના છે. અને પોતે ચૈતન્યસૂર્યનું ભાન થઈને જ્ઞાનચેતના થઈ, એ પણ પરિણતિ—શુદ્ધ પરિણતિ છે. ઓલી અશુદ્ધ છે, આ શુદ્ધ છે. અશુદ્ધને કર્મચેતના કહીએ અને સમ્યગ્દર્શનમાં થઈ જ્ઞાનચેતના, તેને જ્ઞાનચેતના (કહીએ). એટલે જ્ઞાન પોતાના સ્વભાવની એકતાનું પરિણમન છે. સમજાણું કાંઈ? આહાહા! આવો

ધર્મ ભારે ભાઈ પ્રભુ! બધા આ રાડું પાડે છે, લ્યો, આસ્રવ કહે છે એને. દયાના ભાવને, પૂજાના ભાવને આસ્રવ કહે છે. આ શું કહે છે? આસ્રવનો બાપ કહે છે્ આંહીં તો (શ્રોતા : આસ્રવ જ છે.) આંહીં તો ઝેર કહે છે. એ તો છોડીને બીજે જાવું છે માટે એને ઝેર કહે છે, એમ. પણ વર્તમાનમાં ઝેર છે એમ કહે છે આંહીં તો. આહાહા! ઝીણી વાત છે.

चेतनाकी चेतना दुहूंधा गूपचूप है, દેખો. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ, એને ભૂલીને અજ્ઞાનની પરિણતિ કરે એ ગુપચૂપ છે અંદર અને આત્માનું ભાન કરીને જ્ઞાનચેતના નિર્મળ પરિણતિ એ પણ ગુપચૂપ છે. છે ને? बुद्धिसौं न गही जाइ बैनसौं न कही जाइ. કુબુદ્ધિ અશુદ્ધ પરિણતિ ક્યાં પકડાય છે? એમ કહે છે. સમય સમયની ધારા, મિથ્યાત્વ, અજ્ઞાન, રાગની એકતાબુદ્ધિનું પરિણમન સમયે સમયે છે. સમયે સમયે થાય ને જાય, થાય ને જાય. દૃષ્ટિમાં જ્યાં સુધી રાગની એકતાબુદ્ધિ છે, ત્યાં સુધી તો એ સમયે સમયે થાય ને જાય છે. પકડાય એવું (નથી). એક સમયનો ભાવ કેમ પકડાય? એમ ચેતના ચેતનની.... ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, એનો જ્યાં શ્રદ્ધામાં સ્વીકાર થયો, એનું ભાન થયું તો એ જ્ઞાનચેતના, એ પણ અરૂપી, વિકાર વિનાની નિર્મળ પરિણતિ એક સમયની... એક સમયની થઈ-ગઈ, થઈ-ગઈ. ઉત્પાદ્-વ્યય, ઉત્પાદ્-વ્યય, એમ. કહો, સમજાણું કાંઈ?

पानीकी तरंग जैसे पानीमैं गुडूप है. સામે છેને. પુસ્તક તો હવે બહુ બહાર આવ્યા છે. આ ૨૫૦૦ તો બહાર આવ્યા 'સમયસાર નાટક'. गुपचुप होकर शरीररूपी मेघ-घटामें बिजलीके समान फैल रही है. वह बुद्धिग्राह्य नहीं है, वचनगोचर नहीं है. ભારે! બનારસીદાસે તો પદ કરીને ઘણું સ્પષ્ટ કર્યું.

બીજો શ્લોક અમૃતચંદ્ર આચાર્યનો.

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृतः।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्॥२॥

કેવળ આ એક જ બંધ છે એમ કહે છે, જુઓ. આહાહા! कर्मबंधका कारण अशुद्ध उपयोग है, દેખો, આત્મામાં રાગની અશુદ્ધદશા, એ ત્રિકાળી જ્ઞાયકભૂમિમાં–ત્રિકાળી ચૈતન્ય આનંદની ભૂમિમાં એ રાગની એકતા કરવી એ જ ભાવબંધ ને અશુદ્ધ ઉપયોગ છે. એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

કર્મબંધનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. (સવૈયા એકત્રીસા)

कर्मजाल वर्गनासौं जगमैं न बंधै जीव,
बंधै न कदापि मन-वच-काय-जोगसौं।
चेतन अचेतनकी हिंसासौं न बंधै जीव,
बंधै न अलख पंच-विषै-विष-रोगसौं।।
कर्मसौं अबंध सिद्ध जोगसौं अबंध जिन,
हिंसासौं अबंध साधु ग्याता विषै-भोगसौं।
इत्यादिक वस्तुके मिलापसौं न बंधै जीव,
बंधै एक रागादि असुद्ध उपयोगसौं।।४।।

**શબ્દાર્થ :—**વર્ગના=કર્મપરમાણુઓના સમૂહને વર્ગણા કહે છે. કદપિ=કદી પણ. અલખ=આત્મા. પંચ–વિષૈ=પાંચ ઇન્દ્રિયોના વિષય–ભોગ. અસુદ્ધ ઉપયોગ=જીવની શુભાશુભ પરિણતિ.

**અર્થ :—**જીવને બંધનું કારણ ન તો કાર્માણ વર્ગણા છે, ન મન–વચન–કાયાના યોગ છે, ન ચેતન–અચેતનની હિંસા છે અને ન ઇન્દ્રિયોના વિષયો છે. કેવળ રાગ આદિ અશુદ્ધ ઉપયોગ બંધનું કારણ છે. કેમકે કાર્માણવર્ગણા રહેવા છતાં પણ સિદ્ધ ભગવાન અબંધ રહે છે, યોગ[1] હોવા છતાં પણ અરહંત ભગવાન અબંધ રહે છે. હિંસા[2] થઈ જવા છતાં મુનિ મહારાજ અબંધ રહે છે અને પાંચ ઇન્દ્રિયોના ભોગ ભોગવવા છતાં પણ સમ્યગ્દષ્ટિ જીવ અબંધ રહે છે.

ભાવાર્થ :–કાર્માણવર્ગણા, યોગ, હિંસા, ઇન્દ્રિય–વિષયભોગ—એ બંધના કારણ કહેવાય છે. પરંતુ સિદ્ધાલયમાં અનંતાનંત કાર્માણ પુદ્‌ગલવર્ગણાઓ ભરેલી છે, તે રાગાદિ વિના સિદ્ધ ભગવાન સાથે બંધાતી નથી, તેરમાં ગુણસ્થાનવર્તી અરિહંત ભગવાનને મન–વચન–કાયાના યોગ રહે છે પરંતુ રાગ–દ્વેષ આદિ થતા નથી તેથી તેમને કર્મબંધ થતો નથી, મહાવ્રતી સાધુઓથી અબુદ્ધિપૂર્વક હિંસા થયા કરે છે પરંતુ રાગ–દ્વેષ ન હોવાથી તેમને બંધ નથી, અવ્રતી સમ્યગ્દષ્ટિ જીવ પંચેન્દ્રિયના વિષયો ભોગવે છે પણ તલ્લીનતા ન હોવાથી તેમને નિર્જરા જ થાય છે. તેથી સ્પષ્ટ છે કે કાર્માણવર્ગણાઓ, યોગ, હિંસા અને સાંસારિક વિષય બંધના કારણ

૧. મનયોગ બે—સત્ય મનોયોગ, અનુભય મનોયોગ. વચન યોગ બે—સત્ય વચનયોગ, અનુભય વચનયોગ. કાયયોગ ત્રણ—ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ અને કાર્માણ કાયયોગ—એવા સાત યોગ સયોગી જિનરાજને હોય છે.

૨. ત્રણ સ્થાવર હિંસાના ત્યાગી મહાવ્રતી મુનિ ઈર્યા સમિતિપૂર્વક વિહાર કરે છે અને અકસ્માત્ કોઈ જીવ તેમના પગ નીચે આવી પડે તથા મરી જાય તો પ્રમત્તયોગ ન હોવાથી તેમને હિંસાનો બંધ થતો નથી.

નથી, કેવળ અશુદ્ધ ઉપયોગથી જ બંધ થાય છે. ૪

**अर्थ :**—जीवको बंधके कारण न तो कार्माण वर्गणाएँ हैं, न मन-वचन-कायके योग हैं, न चेतन-अचेतनकी हिंसा है, और न इन्द्रियोंके विषय हैं, केवल राग आदि अशुभ उपयोग बंधका कारण है। क्योंकि कार्माण वर्गणाओंके रहते हुए भी सिद्ध भगवान अबंध रहते हैं, योग होते हुए भी अरहंत भगवान अबंध रहते है, हिंसा हो जाने पर भी मुनि महाराज अबंध हैं और पंचेन्द्रियोंके भोग भोगते हुए भी सम्यग्दृष्टि जीव अबंध रहते हैं।

**भावार्थ :**—कार्माण वर्गणा, योग, हिंसा, इन्द्रिय-विषयभोग ये बंधके कारण कहे जाते हैं, परन्तु सिद्धालयमें अनंतानंत कार्माण पुद्गलवर्गणाएँ भरी हुई हैं, वे रागादिके बिना सिद्ध भगवानसे नहीं बंध जाती; तेरहवें गुणस्थानवर्ती अरहंत भगवानको मन-वचन-कायके योग रहते हैं परंतु राग-द्वेष आदि नहीं होते इससे उन्हें कर्मबंध नहीं होता; महाव्रती साधुओंसे अबुद्धिपूर्वक हिंसा हुआ करती है परंतु राग-द्वेष नहीं होनेसे उन्हें बंध नहीं है, अव्रतसम्यग्दृष्टि जीव पंचेन्द्रियोंके विषय भोगते है पर तल्लीनता न होनेसे उन्हें निर्जरा ही होती है। इससे स्पष्ट है कि कार्माण वर्गणाएँ, योग, हिंसा और सांसारिक विषय बंधके कारण नहीं हैं; केवल अशुद्ध उपयोगसे ही बंध होता है।।४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

कर्मसौं अबंध सिद्ध.. આ એક નવું નાખ્યું આમાં, પાઠમાં આ નથી. સ્પષ્ટ કરવાને માટે નાખ્યું છે. આવે છેને ઓલા પુણ્ય-પાપ (અધિકાર)માં. પુણ્ય-પાપનો નિષેધ (કર્યો) તો શરણ કોનું? મુનિને શરણ કોનું? ત્યારે એણે લીધું, પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાને શરણ કોનું? એમ લીધું. દેશવિરતિ, મુનિ એમ આવે છે ને. સ્પષ્ટ કરવું હોય તો કરેને, એમાં શું છે? એમ આંહીં.

बंधे न अलख पंच—विषै—विष—रोगसौं।।
कर्मसौं अबंध सिद्ध जोगसौं अबंध जिन,
हिंसासौं अबंध साधु ग्याता विषै—भोगसौं।।

એ નાખ્યું છેને જયચંદ પંડિતે છેલ્લે. આ સમિતિનો દાખલો આપ્યો છેને. મુનિને સમિતિ છેને એટલે દાખલો આપ્યો છે. સમકિતીને સમિતી નથી. બાકી અભ્યંતર જોઈએ તો તો સમકિતી એ પણ અબંધ જ છે. લખ્યું છે. એટલે એમાંથી આ થોડું સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ?

इत्यादिक वस्तुके मिलापसौं न बंधै जीव,
बंधै एक रागादि अशुद्ध उपयोगसौं॥

અહીં નિમિત્તનો તો નિષેધ કર્યો. कर्मजाल वर्गनासौं जगमैं न बंधै जीव.. કર્મની વર્ગણા છે એને કારણે જીવ ન બંધાય. જો એને કારણે બંધાય તો સિદ્ધ પણ બંધાવા જોઈએ. કારણ કે સિદ્ધ ભગવાન છે ત્યાં કર્મની વર્ગણા ઘણી પડી છે. કર્મની વર્ગણાનો જથ્થો પડ્યો છે એ બંધનું કારણ છે એમ નહિ.

बंधे न कदापि मन-वच-काय जोगसौं.. મન-વચન-કાયાની ક્રિયા, જોગ એ પણ બંધનું કારણ નહિ. चेतन अचेतनकी हिंसासौं न बंधे जीव.. પરજીવનું મરવું, એ તો પરની ક્રિયા છે. એ કહેશે. चेतन अचेतनकी हिंसासौं न बंधै जीव.. એ તો પુદ્‌ગલની ક્રિયા છે એમ કહે છે. રાડ નાંખેને! बंधै न अलख पंच विषै—विष-रोगसौं.. પાંચ ઈન્દ્રિયના વિષયનો ભોગ પણ બંધનું કારણ નથી. કેમ? कर्मसौ अबंध सिद्ध.. કર્મની વર્ગણા તો પડી છે સિદ્ધ ભગવાનની (નજીક), તો પણ બંધ છે નહિ. जोगसौं अबंध जिन.. કેવળી. જોગ કંપન તો છે, પણ બંધન છે નહિ. हिंसासौं अबंध साधु.. સાધુ સમિતિએ ચાલે છે, જીવડું મરી જાય પગ નીચે, એને એનો બંધ નથી. हिंसासौं अबंध साधु, લ્યો. એને બંધ થવો જોઈએ, ઓલો જીવ મરે છે એનો બંધ. ભાવમાં રાગની એકતા, ચૈતન્યના સ્વભાવમાં રાગ (એકમેક માનવો), ચૈતન્યની ભૂમિકામાં રાગને એકપણે માનવો, ઉપયોગ ને રાગની એકતા કરવી એ એક જ બંધનું કારણ મિથ્યાત્વ છે.

એમાં મોટા વાંધા. નહિ, જડની ક્રિયા પણ બંધનું કારણ છે. જડની ક્રિયા પણ મોક્ષનું કારણ છે. અરે ભગવાન! ક્યાં બંધ માન્યો? પ્રવચનસારમાં આવે છે ને. એ તો જ્ઞાન કરાવ્યું ભાઈ! સમજમાં કેમ આવે? એટલે દેહની ક્રિયા નિમિત્ત છે, એને પણ..... આચરણ કરવું એટલું વ્યવહારમાં. કથનશૈલીનો આશય ન સમજે. આ તો અલખના ..... માર્ગ છે અંદર. ભગવાન અંતર આનંદમૂર્તિ પ્રભુ, એ પોતાના આનંદમાં રાગરૂપી દુઃખને એકરૂપ માને, રાગરૂપી ભાવને એકરૂપી પોતાની ભૂમિકામાં લાવે, બસ એક જ સંસાર ને મિથ્યાત્વ ને બંધ છે. એમ રાગને પોતાની ભૂમિકામાં ન લાવે અને જ્ઞાનાનંદ ભૂમિકામાં પરિણતિ કરે, બસ એ જ મોક્ષનું કારણ છે.

ग्याता विषै—भोगसौं... पंचेन्द्रियोंके भोग भोगते हुए भी सम्यग्दृष्टि जीव अबंध रहते है. એમ કે ત્યાં રાગનો સ્વામી નથી ને રાગ સાથે એકતા નથી. એ તો ભિન્ન ચીજ થઈ ગઈ છે. જેમ આ જડની ક્રિયા થાય સ્વતંત્ર, એમ રાગની ક્રિયા સ્વતંત્ર થઈ. વિષય-ભોગ વખતે રાગ વિભાવક્રિયા સ્વતંત્ર (થઈ). વિભાવની સ્વભાવમાં એકતા તો કરતો નથી. જેમ

આ દેહની ક્રિયા જેમ ભિન્ન છે, એમ રાગની ક્રિયા સ્વભાવથી ભિન્ન છે. સમજાણું કાંઈ? જો વિષયભોગથી બંધ હોય તો સમકિતીને પણ બંધ હોવો જોઈએ એમ કહે છે. સમજાણું કાંઈ? ...... બંધ છે. હવે સાંભળને, એ તો છે એ. એ તો પરચીજ છે. (ચર્ચા) થઈ ગઈ છે ૯૫માં. ..... કરી હતી. બંધ નથી, બંધ નથી (કહો છો, પણ) રાગ-દ્વેષમાં ગુંથાણા છો. હવે કઈ અપેક્ષા છે, સાંભળને! એ તો અસ્થિરતાના અંશને ગણીને (કહ્યું છે), પણ અસ્થિરતા સ્વભાવમાં છે જ નહિ. સ્વભાવના ભાનવાળો અસ્થિરતાવાળો છે જ નહિ. એ તો પર છે. આહાહા! સમજાણું કાંઈ?

बंधै एक रागादि असुद्ध उपयोगसौं, લ્યો. પાઠમાં એ છે. 'यदैक्यमुपयोगभूः' આત્માની ઉપયોગરૂપી ભૂમિકામેં રાગને મિલાન કરે છે, રાગને લાવે છે, એકતા કરે છે. એ જ મિથ્યાત્વભાવ, એ અશુદ્ધ ઉપયોગ જ બંધનું કારણ છે. છે ને, 'यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः' રાગ વિકલ્પ.. જે વ્રત-દયા-દાન-વ્રત આદિ એનો જે વિકલ્પ છે. એક ત્રિકાળી ભગવાન ઉપયોગરૂપ ચૈતન્ય, એમાં એ લાવે છે, બસ એ જ મિથ્યાત્વભાવ છે. એ જ અશુદ્ધ ઉપયોગ છે. મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ ઉપયોગ જ હોય છે. એ બંધનું કારણ છે. સમ્યગ્દ્રષ્ટિને વિષયભોગ વખતે પણ અશુદ્ધ ઉપયોગ નથી એમ કહે છે. રાગ છે, એના રહિત સમકિતીનો ઉપયોગ અંતરરૂપે અંતરદશામાં અંતર્મુખ થઈને પરિણમે છે. બહિર્મુખ રાગના પરિણમનમાં એનું એકપણું નથી. જેમ શરીર ને આત્મા જુદા, એમ રાગ ને આત્મા જુદા. જુદા-જુદાથી કામ જુદાને થાય એમ બની શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? અશુદ્ધ ઉપયોગ.... એનો ભાવાર્થ કહેશે વિશેષ. આ અર્થ તો થઈ ગયો, ભાવાર્થ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૮૮, અષાઢ સુદ ૬ સોમવાર તા. ૨૮-૬-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૪, ૫, ૬ પર પ્રવચન

આ સમયસાર નાટક શાસ્ત્ર છે. બંધ અધિકાર. આ આત્મા વસ્તુ છે. અને ભગવાન એમ કહે છે, આ ચૈતન્ય આત્મા વસ્તુ છેને એનામાં અનંત શાંતિ-આનંદ આદિ શક્તિઓ—ગુણ ભર્યા છે. એના સ્વભાવમાં પુણ્ય ને પાપનો રાગ નથી. એ આત્માનો સ્વભાવ શુદ્ધ ને પવિત્ર છે. એમાં જે આ રાગના વિકલ્પ છે પુણ્ય ને પાપનો રાગભાગ, એને આત્માના સ્વભાવ સાથે એકત્વ કરે એ જ મિથ્યાત્વભાવ ને એ જ બંધનું કારણ છે. સંસારની વૃદ્ધિનું એ કારણ છે. સમજાય છે કાંઈ? એ ચાલે છે, જુઓ, ભાવાર્થ. આત્મા બહારના સાધનો કર્મવર્ગણા કર્મના રજકણો છેને, એ બંધના કારણ કહેવાય છે પણ ખરેખર એ કારણ (નથી.) એ કાર્માણવર્ગણા પહેલો શબ્દ છેને ભાવાર્થમાં. બીજો યોગ. મન, વચન ને કાયાનું કંપન—યોગ. ત્રીજી હિંસા જીવ, અજીવની હિંસા થાય ને ચોથો ઈન્દ્રિયોના વિષયનો ભોગ. યે બંધના કારણ કહે જાતે હૈં વ્યવહારસે.

परंतु सिद्धालयमें अनंतानंत कार्माण पुद्गल वर्गणाऐं भरी हुई है. કાર્માણ પરમાણુ—રજકણ બંધના કારણ હોય તો સિદ્ધ ભગવાન જ્યાં બિરાજે છે નમો સિદ્ધાણં, સિદ્ધાલયમાં—મુક્તમાં, ત્યાં પણ કર્મના રજકણોનો સમૂહ તો છે. જો એ બંધનું કારણ હોય તો એને પણ બંધ થવો જોઈએ. પણ રાગની એકતાનો ભાવ નથી, તેથી તેને કાર્માણવર્ગણા પણ બંધનું નિમિત્તકારણ પણ થતું નથી, એમ કહે છે. ઉપાદાનમાં—અંતર શક્તિના ત્રિકાળી સ્વભાવમાં—ભગવાન આત્માના જ્ઞાન-આનંદ આદિ સ્વભાવમાં રાગના વિકલ્પની વિકારની એકતા જ્યાં નથી, ત્યાં કાર્માણવર્ગણા હો તો પણ બંધનું કારણ નથી. રામજીભાઈ! આવું છે ગજબ. સિદ્ધાલયમાં પણ અનંતા પરમાણુ પડ્યા છે. वे रागादि बिना सिद्ध भगवानसे नहीं बंध जाती.. રાગ નામ વિકારભાવ, પુણ્ય ને પાપની વાસના એ વિકૃત છે, વિભાવ છે, દોષરૂપ છે. ચાહે તો શુભરાગ હો કે અશુભ, એ નિર્દોષ ભગવાન આત્માની સાથે એવા રાગને એકત્વ જે કરતો નથી, એને કાર્માણવર્ગણા હો તો પણ બંધ થતો નથી. સમજાય છે કાંઈ?

રાગાદિ વિના બંધ નહીં. તેરમે ગુણસ્થાન વર્તી અરિહંત ભગવાન—સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત. પહેલા સિદ્ધ લીધા, બીજા અરિહંત. અરિહંત ભગવાનને મન, વચન ને કાય યોગ છે. परंतु रागद्वेष आदि नहीं होने से इससे उन्हें कर्मबंध नहीं होता. યોગ તો છે

ભગવાનને કંપન. જો યોગ બંધનું કારણ હોય તો તો ભગવાનને યોગ છે. (પણ) ખરેખર યોગ બંધનું કારણ નથી. એ બધું પુદ્‌ગલમાં ગણશે આગળ. ઝીણી વાત છે. એનો સ્વભાવ શુદ્ધ આનંદ છે. ભગવાન આત્માનો સ્વભાવ-સ્વરૂપ શુદ્ધ જ્ઞાન ને આનંદ છે, એને છોડીને કાંઈપણ વિકલ્પની—રાગની વાસનાને સ્વભાવ સાથે મેળવે—એકત્વ કરે કે જે કંઈ વસ્તુ એકત્વ નથી, એ જ મિથ્યાત્વભાવ છે ને મિથ્યાત્વભાવ એ જ સંસારનું કારણ છે.

महाव्रती साधुओंसे अबुद्धिपूर्वक हिंसा हुआ करती है. સંત સાચા આત્મજ્ઞાની ધ્યાની, આત્માના આનંદમાં રહેનારા એવા સાધુ હોય, એને પણ ચાલતાં જીવજંતુ હણાઈ જાય શરીરથી, પણ અંતર ધ્યાનમાં સમિતિ છે ને હણવાનો ભાવ નથી, તો એને હિંસા લાગતી નથી. હિંસા થાય છતાં એને હિંસા લાગતી નથી કેમ કે એને હિંસાનો ભાવ નથી. परंतु रागद्वेष नहीं होनेसे उन्हें बंध नहीं है.

હવે જરી અવ્રતી સમ્યગ્દ્રષ્ટિ જીવ. ઝીણી વાત છે ને ભાઈ! વીતરાગમાર્ગમાં, પરમેશ્વરના માર્ગમાં સમકિતી એને કહીએ કે જેને 'શરીર-વાણી-મન ને કર્મથી તો હું જુદો છું પણ પુણ્ય-પાપના તત્ત્વો જે આસ્રવ પુણ્ય વિકાર એનાથી હું જુદો છું.' એવું જેને અંતરમાં.. આનંદ ને જ્ઞાનથી અભિન્ન છું અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન છું. એવું અંતરમાં આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પ્રતીતિ થાય, એને અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહે છે, એને વિષય ભોગ ભોગતે છતે તલ્લીનતા ન હોનેસે (નિર્જરા હૈ). એને વિષયની વાસના હોય છે, પણ વાસનામાં સમ્યગ્દ્રષ્ટિને સુખબુદ્ધિ હોતી નથી. સમજાય છે કાંઈ? આહાહા! ભગવાન આત્મા શાંત ને અનાકુળ આનંદની મૂર્તિ, એનો અંદરમાં જેને પ્રેમ ને અંદર પ્રયત્ન સ્વસન્મુખ થયો છે એવા ધર્મી જીવને, કહે છે, ભલે રાગાદિ હો પણ રાગની સાથે રાગની એકતા નથી. (શ્રોતા : વાસના નથી.) આહાહા! ઝીણી વાત છે ભાઈ!

સમ્યગ્દ્રષ્ટિને વિષયની વાસનાનો વિકલ્પ હોય છે. અવિરતિ છે ને. છતાં વાસનાનો રાગ એનાથી હું તો આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદના સ્વાદની ભૂમિકામાં ઊભો એને રાગના રાગનો રાગ નથી, રાગનો રાગ નથી. આહાહા! ઝીણું છે જૈનદર્શન, વીતરાગ દર્શન ઝીણી વાત છે! અનંતકાળમાં એણે અનંત ભવ કર્યા ચોરાશીના અવતાર, સ્વર્ગના કર્યા અનંતા, નરકના અનંતા કર્યા. પણ એ સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબરું વિના એણે રાગના ભાવ ને પુણ્ય-પાપના કયા અને એ મારું કર્તવ્ય છે એમ માનીને સ્વભાવ સાથે વિકારને એકત્વ કરી મિથ્યાત્વ સેવ્યું. એને રાગની મંદતા હોય તો સ્વર્ગાદિ મળે પણ એ કાંઈ ધર્મ નથી. સમજાય છે કાંઈ?

અવિરતિ સમ્યગ્દ્રષ્ટિને રાગાદિમાં એકતા નથી એમ કહે છે. તલ્લીનતાનો અર્થ. આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ છે આત્મા. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ આત્મા સ્વભાવમાં છે. એવું જેને અંતરમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું, ભાનમાં છે એને, કહે છે, રાગનો વિકલ્પ હો છતાં એની સાથે રાગમાં રાગનો રાગ નથી, રાગમાં એકત્વતા નથી, રાગનો પ્રેમ નથી, રાગમાં સુખબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? શ્રેણિક રાજા. એમ ભરત ચક્રવર્તી. જુઓ, ભગવાનના પુત્ર ઋષભદેવ ભગવાનના. જેને છન્નું હજાર સ્ત્રીઓ હતી. કહે છે કે પણ સમ્યગ્દ્રષ્ટિને સ્ત્રી જ નથી અંદરમાં. આહાહા!

જેની અંતર સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા વીતરાગભાવ જ્યાં પ્રગટ્યો. 'હું તો વીતરાગ સ્વરૂપે શુદ્ધ ચૈતન્ય છું' એવી સમ્યગ્દષ્ટિની વીતરાગતા જ્યાં પ્રગટી, એને રાગનો પ્રેમ ને રાગનો રસ હોતો નથી. સમજાણું કાંઈ? આહાહા! કહે છે, तल्लीनता न होनेसे उन्हें निर्जरा ही होती है. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો હું તો નાથ છું, એ રાગનો નાથ કેમ થાય? ભલે ગૃહસ્થાશ્રમમાં રાજપાટ દેખાય પણ અંતરમાં એનાથી દૃષ્ટિ નિરાળી છે. કહે છે કે એને આવી વાસનાનો રાગાદિ હોય, છતાં એકત્વબુદ્ધિ નથી ને રાગથી ભિન્ન સ્વરૂપનું પરિણમન સ્વભાવ સન્મુખ થઈ ગયું છે. આહાહા! એથી એને કર્મનો ઉદય જે રાગાદિ આવે એ ખરી જાય છે, એને બંધનું કારણ છે (નહીં.) આહાહા! ભારે વાત!

ઈસસે સ્પષ્ટ હૈ કિ કાર્મણ વર્ગણા બંધનું કારણ નથી, મન-વચન ને કાયા એ બંધનું કારણ નથી, હિંસા જીવની થાય એ બંધનું કારણ નથી, આ સંસારીક વિષય બંધકે કારણ નહીં હૈ. केवल अशुद्ध उपयोगसे ही बंध होता है. ભગવાન આત્મા જ્ઞાન ને દર્શન ને આનંદ, એને ભૂલી અને રાગનો અશુદ્ધ ઉપયોગ કરે છે, પોતાના સ્વરૂપમાં રાગને મેળવે છે, રાગને લાવે છે, જેમાં નથી તેને લાવે છે, બસ એ રાગનો ઉપયોગ તે અશુભ ઉપયોગ, તે જ મિથ્યાત્વભાવ, એ જ બંધનું કારણ છે. બંધ એટલે આ સંસારમાં રખડવાનું કારણ છે, ચોરાસીના અવતારમાં. સમજાણું કાંઈ? હવે ત્રીજો શ્લોક. એનું પદ પાંચમું. નીચે છે.

लोकः कर्म ततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्
तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवेत् केवलं
बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दृगात्मा ध्रुवम्।।३।।

એનું પદ છે ૫મું. છે ને ? પુનઃ

વળી—(સવૈયા એકત્રીસા)

कर्मजाल-वर्गनाकौ वास लोकाकासमांहि,
मन-वच-कायकौ निवास गति आउमैं।
चेतन अचेतनकी हिंसा वसै पुग्गलमैं,
विषैभोग वरतै उदैके उरझाउमैं।।
रागादिक सुद्धता असुद्धता है अलखकी,
यहै उपादान हेतु बंधके बढ़ाउमैं।
याहीतैं विचच्छन अबंध कह्यौ तिहूं काल,
राग दोष मोह नाहीं सम्यक् सुभाउमैं।।५।।

**શબ્દાર્થ :—**લોકાકાસ=જેટલા આકાશમાં જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને કાળ—એ પાંચ દ્રવ્યો પ્રાપ્ત થાય છે તે. ઉપાદાન હેતુ=જે સ્વયં કાર્ય કરે, વિચચ્છન=સમ્યગ્દષ્ટિ. તિહૂં કાલ=ભૂત, ભવિષ્ય, વર્તમાન.

**અર્થ :—**કાર્મણવર્ગણાઓ લોકાકાશમાં રહે છે, મન-વચન-કાયાના યોગોની સ્થિતિ ગતિ અને આયુષ્યમાં રહે છે, ચેતન-અચેતનની હિંસાનું અસ્તિત્વ પુદ્‌ગલમાં છે, ઇન્દ્રિયોના વિષય-ભોગ ઉદયની પ્રેરણાથી થાય છે, તેથી વર્ગણા, યોગ, હિંસા અને ભોગ—આ ચારેનો સદ્‌ભાવ પુદ્‌ગલ સત્તામાં છે-આત્માની સત્તામાં નથી, તેથી એ જીવને કર્મબંધનાં કારણ નથી અને રાગ-દ્વેષ-મોહ જીવના સ્વરૂપને ભૂલાવી દે છે તેથી બંધની પરંપરામાં અશુદ્ધ ઉપયોગ જ અંતરંગ કારણ છે, સમ્યક્ત્વભાવમાં રાગ-દ્વેષ-મોહ હોતા નથી તેથી સમ્યગ્જ્ઞાનીને સદા બંધરહિત કહ્યા છે. ૫.

**अर्थ :—**कार्माण वर्गणाएँ लोकाकाशमें रहती हैं, मन-वचन-कायके योगोंकी स्थिति, गति और आयुमें रहती है, चेतन-अचेतनकी हिंसाका अस्तित्व पुद्गलमें है, इन्द्रियोंके विषय-भोग उदयकी प्रेरणासे होते हैं; इससे वर्गणा, योग, हिंसा और भोग इन चारोंका सद्भाव पुद्गलसत्ता पर है—आत्मसत्तापर नहीं है, अतः ये जीवको कर्मबंधके कारण नहीं है और राग-द्वेष-मोह जीवके स्वरूपको भुला देते हैं इससे बंधकी परंपरामें अशुद्ध उपयोग ही अंतरंग कारण है। सम्यक्त्व भावमें राग-द्वेष-मोह नहीं होते इससे सम्यग्ज्ञानीको सदा बंध रहित कहा है।।५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એનો અર્થ. कर्मजाल-वर्गनाकौ वास लोकाकासमांहि.. આ લોક છેને જગત, એમાં

રજકણો કર્મના ભર્યા છે, એ કાંઈ આત્મામાં છે (નહીં). આત્મામાં તો આનંદ ને જ્ઞાન છે, આહાહા! એમ કહે છે. એ કર્મના રજકણો જે જડ છે... સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાંય કર્મના રજકણો તો પડ્યા છે. ઉપર ભગવાન બિરાજે છે ત્યાં નિગોદના જીવ પણ છે સિદ્ધના પેટમાં. પણ અંતરમાં અંદર રાગની એકતા છૂટી જઈ ને અંતરમાં એકલી વીતરાગતા રહી ગઈ છે એને કર્મની વર્ગણા લોકાકાશમાં છે, આત્મામાં છે (નહીં), માટે બંધનું કારણ નથી. मन वचन कायकौ निवास गति आउमैं.. કહે છે, કંપન થાય મન, વચન ને કાયમાં, એ તો ગતિ ને આયુષ્યમાં એની મર્યાદા છે, આત્મામાં નથી. આહાહા! છે ને निवास गति आउ. ચાર ગતિ.. ગતિ એ વિકૃતભાવ અને આયુષ્ય એ તો પરભાવ. એમાં એ મન, વચન ને કાય યોગ છે, આત્મામાં નથી. આત્મામાં નથી માટે એનાથી બંધ છે નહીં.

चेतन अचेतनकी हिंसा बसै पुग्गलमें.. શરીર આદિની હિંસા (એટલે) જડ ને ચૈતન્ય જુદા પડે, એ તો જડની ક્રિયામાં થાય છે, આત્મામાં એ ક્રિયા છે નહીં. (શ્રોતા : શરીરની અપેક્ષાએ.....) શરીર જડ છે ને શરીરનું આમ આમ થવું કે આમ થવું, એ પુદ્‌ગલની ક્રિયા છે, આત્માની ક્યાં છે? એ પછી છે. નિવાસ કાય એમાં વર્તે છે. યોગ વર્તે છે એમ. આ હિંસાની વાત ચાલે છે. યોગ છે એ ગતિ, આયુમાં વર્તે છે એમ કહે છે. આત્મામાં નથી, એનો સ્વભાવ નથી. ધર્મીએ તો પોતાનો સ્વભાવ રાગથી ને કંપનથી ને આયુષ્યથી જુદો જાણ્યો છે. આત્મામાં ધર્મીએ—સમકિતીએ.... આત્મામાં તો જ્ઞાન ને આનંદ વસેલા છે—રહેલા છે. એનાથી તો બંધ છે નહીં. અહીં તો હિંસાની વ્યાખ્યા ચાલતી હતી. निवास गति आउमैं.. અહીં તો चेतन अचेतनकी हिंसा बसै पुग्गलमैं.. શરીરની ક્રિયા થાય છેને આમ, એ જડની છે. એ આત્માની ક્યાં છે? એ આત્માની છે જ નહીં, આત્મામાં છે નહીં શરીર. આહાહા!

विषैभोग वरतै उदैके उरझाउमैं.. વિષયની વાસના આદિની ક્રિયા એ તો કર્મના ઉદયની છે, ધર્મીના ભાવમાં એ છે (નહીં.) આહાહા! ભારે કામ! વીતરાગમાર્ગને સમજવો (કઠણ છે.) એ અનંતકાળમાં એ સમજ્યો નથી. સમજ્યા વિના એણે બધી ક્રિયાઓ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંત વાર કરી. 'પણ એ રાગ છે ને રાગની ક્રિયા મારી છે' એવો જે મિથ્યાત્વભાવ એ જ અનંત સંસારનું કારણ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? પાછળ અર્થ છે એમાં, જુઓ. कार्माण वर्गणाएँ लोकाकाशमें रहती है, मन-वचन-कायाके योगोंकी स्थिति गति और आयुमें रहती है, चेतन-अचेतनकी हिंसाका अस्तित्व पुद्‌गलमें है. શરીરને કારણે છે, શરીરનું એમાં નિમિત્ત છે હિંસા આદિમાં, એ આત્માની છે (નહીં).

इन्द्रियोंके विषयभोग उदयकी प्रेरणासे होते है.. સ્વભાવથી થતો નથી. કામ ભારે!

કર્મના નિમિત્તથી થતો રાગ, એને ધર્મી પોતાનો માનતો નથી, એનો એ સ્વામી છે નહીં, એ રાગ એનો છે નહીં. એવું આત્માનું ભાન કે મારામાં રાગ તો નથી, કર્મ નથી, પણ અલ્પજ્ઞપણુંય મારા ત્રિકાળમાં નથી. પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ એવું જે સ્વરૂપ મારામાં છે, એ સ્વરૂપે તો બંધ હોઈ શકે નહીં. આહાહા! ભારે ઝીણું! આવ્યુંને? वर्गणा, योग, हिंसा और भोग इन चारोंका सद्भाव पुद्गल सत्ता पर है. रागादिक सुद्धता असुद्धता है अलखकी. એ તો પુદ્ગલમાં રહે છે, કહે છે, આત્મામાં (નહીં). આ રાગની એકતા એવી અશુદ્ધતા કાં રાગની એકતા ટળીને સ્વભાવની એકતા એવી શુદ્ધતા.બેય એની દશામાં હોય. રાગ નહીં હોં રાગની એકતા. રાગની તો ના પાડી પહેલી. એ તો કર્મનો ઉદય લાવે છે.

એ રાગ, ચૈતન્યસ્વરૂપમાં એકત્વબુદ્ધિ રાગની, એ જ મિથ્યાત્વ, અશુદ્ધ ઉપયોગ છે. એ સંસારવૃદ્ધિનું રખડવાનું કારણ છે. અને એ રાગથી રહિત, જુઓ, રાગાદિક શુદ્ધતા ને અશુદ્ધતા, રાગાદિકથી રહિત એવી શુદ્ધતા કાં રાગાદિકથી સહિત એવી અશુદ્ધતા, એમ. એ અલખકી.. એ અલખ આત્માની છે. પેલી ના પાડી હતી કે રાગ આત્માનો નથી, રાગ છે કર્મના ઉદયનો. અહીં એ કહ્યું કે જે રાગ વિકૃત વૃત્તિ જે ઊઠે, એ અલખ ભગવાન આત્મામાં નથી. પણ રાગની એકતા કરે છે અજ્ઞાની તો એની દશામાં મિથ્યાત્વ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? રાગાદિ શુદ્ધતા અશુદ્ધતા. 'રાગાદિ'નું એ તો શબ્દનું મેળવ્યું છે. હવે અલખકી.

यहै उपादान हेतु.. આંહીં અશુદ્ધતા કીધું.... અને પણ આમાં શુદ્ધતા લીધી. છાપવામાં ફેર છે. કારણ કે રાગાદિ શુદ્ધતા ક્યાંથી આવે? નહીં તો આમ લેવી જોઈએ કે રાગાદિ રહિત શુદ્ધતા ને રાગાદિક સહિત અશુદ્ધતા, એ અલખની છે. અહીં રાગાદિકની અશુદ્ધતા એની છે એમ સિદ્ધ કરવું છેને? એનો અર્થ? પહેલો તો ના પાડે છે કે રાગ નથી. આત્મામાં રાગ છે જ નહીં. રાગ તો કર્મના ઉદયની પ્રેરણા છે, આત્મામાં ક્યાં છે? પણ એ રાગનું એકત્વપણું અશુદ્ધતા એ જ મિથ્યાત્વભાવ ને મૂઢતા છે. અને કાં રાગાદિ રહિત આત્માની શુદ્ધતા એ આત્માનો સ્વભાવ છે. એની દશામાં બે ભાવ છે, ત્રીજો ભાવ છે (નહીં.) કહો, સમજાણું કાંઈ? રાગાદિક મૂઢતા અશુદ્ધતા હૈ, એ બરાબર છે. નહીં તો આ જ વાત આવે છેને પાછળ. અશુદ્ધ ને શુદ્ધ જ એની દશામાં છે, એની દશામાં ત્રીજી વાત (નથી.)

અશુદ્ધતા એટલે શું? રાગને ઉપયોગમાં એકાકાર કરવો એ અશુદ્ધતા અને રાગથી ભિન્ન આત્માનું ભાન કરવું એનું નામ શુદ્ધતા. એનો એ આત્મા કર્તા છે. અજ્ઞાનભાવે રાગની એકતામાં અશુદ્ધતાનો કર્તા, ભાનભાવે આત્માની શુદ્ધતાનો એ કર્તા. એના

પરિણમનમાં એ છે, ત્રીજી ચીજ છે નહીં. કહો, સમજાણું કાંઈ? (શ્રોતા : ......) એ તો અજ્ઞાનભાવે કર્તા છેને, અજ્ઞાનભાવે અશુદ્ધતાની એકતાનો કર્તા એ છે, વસ્તુની દૃષ્ટિએ કર્તા નથી. એય! સર્વવિશુદ્ધમાં આવ્યું નથી? જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી કર્તા માન. ભેદજ્ઞાન થયા પછી કર્તા નથી એમ જાણ. એય! એ તો જેમ હોય એમ આવેને. સમજાણું કાંઈ? પાછળ આવે છે ઘણું સર્વવિશુદ્ધમાં. આમાં શું કહે છે પેલામાં? રાગાદિક મૂઢતા નહીં. સુધાર્યું છે આમાં. છે તો આવો ને આવો શબ્દ આમાંય તે. રાગાદિક શુદ્ધતા. જેવું આમાં છે એવું જ નાખી દીધું. સુધાર્યું છે. રાગાદિ શુદ્ધતા એટલે મૂઢતા. આમાં સુધાર્યું છે લાલ અક્ષરે. આમાં નાંખ્યું એવું એમને એમ કરી નાખ્યું.

(શ્રોતા : રાગાદિકથી શુદ્ધતા એ મૂઢતા). રાગાદિકની મૂઢતાથી અશુદ્ધતા, એમ. રાગપણું મારું છે એવી જે મૂઢતા, તે અશુદ્ધતા, એ બંધનું કારણ, એમ. આમાં શું છે આમાં? .... બંધ અધિકાર. બંધદ્વાર. રાગાદિક મૂઢતા. લ્યો આમાં છે રૂપચંદજીમાં. રાગાદિક મૂઢતા અશુદ્ધતા હૈ અલખકી. એ બરાબર છે. એહી ઉપાદાન.. સિદ્ધ એ કરવું છેને. બંધનું ઉપાદાન કારણ—મૂળ કારણ પુણ્ય ને પાપના રાગને પોતામાં એકત્વ કરવો એ એક જ મૂઢતા મિથ્યાત્વભાવ, અશુદ્ધભાવ બંધનું કારણ છે. આણે શું કર્યું છે? મૂઢતા. એમાં સુધાર્યું છે. બંધ અધિકાર છે ને. મૈં કર્તા.. એ તો પેલામાંય આવ્યું છે. આમાંય એમ કહ્યું છે, રાગાદિક શુદ્ધતા અશુદ્ધતા હૈ. .... તો આપણે કર્યો છે રૂપચંદજીએ. એ આપણે સુધાર્યું છે. શું કહ્યું સમજાણું આમાં?

ભગવાન આત્મા તો પવિત્ર શુદ્ધ આનંદનો નાથ આનંદકંદ છે, એનું સ્વરૂપ જ એ છે. કારણ કે પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વમાં જાય છે અને કર્મ ને શરીર તો અજીવતત્ત્વમાં જાય છે. બેથી રહિત આત્માનું સ્વરૂપ છે. એને ઠેકાણે, આસ્રવનો રાગ વિકલ્પ છે એ સહિત છું એવી જે મૂઢતા એ જ અશુદ્ધતા, એ જ બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? બાકી બીજે આવે છે. બે ભાવમાં છે એ. કાં શુદ્ધ કરે કાં અશુદ્ધ કરે, બસ. ત્રીજી વસ્તુ એનામાં છે જ નહીં. કર્તા-કર્મમાં આવે છે. કહો, સમજાણું? यहै उपादान हेतु.. આહા! મૂળ બંધનું કારણ આ. સ્વયં કાર્યકો કરે ઉપાદાન, લ્યો, એનો અર્થ કર્યો છે નીચે. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ, એમાં જે રાગનો વિકારભાવ એને એકપણે માને એ મૂઢતા, એ મિથ્યાત્વભાવ, એ અશુદ્ધભાવ, એ જ બંધનું કારણ છે, સંસારનું વૃદ્ધિનું કારણ છે. દર્શનમોહ આદિ બંધનું એ કારણ એમ કહે છે.

हेतु बंधके बढ़ाउमैं, એમ છે ને? याहीतैं विचच्छन अबंध कह्यो तिहूं काल. અહીં તો સમકિતીને કાઢી નાખે છે. સમકિતી અબંધ છે. 'विचच्छन' કહ્યું છે ને? જેમ શરીર ને

જડકર્મ આત્માથી પર છે, એમ રાગ પણ પર છે. એમ જેની દૃષ્ટિ વસ્તુ ઉપર ગઈ ને રાગથી ભિન્ન પડી, એવો જે વિચિક્ષણ ધર્મી સમકિતી अबंध कह्यो तिहूं काल. એને તો અબંધ કહ્યો. કહો, સમજાણું કાંઈ? એને બંધ નથી. અબંધ એવો જે આત્મસ્વભાવ એનો ગુણ અબંધ, દ્રવ્ય અબંધ ને સમ્યગ્દર્શન થયું એ પણ અબંધ છે. ત્યારે સમ્યગ્દ્રષ્ટિને અબંધ કહ્યો ત્રણેકાળ, એમ. राग दोष मोह नाही सम्यक सुभाउमैं, લ્યો. એ ઓલામાં કહ્યું હતું, અજ્ઞાનીને રાગ-દ્વેષ મોહ છે એની એકતામાં, એ જ્ઞાનીને રાગ-દ્વેષ મોહ નથી. સમજાણું કાંઈ? અરે, સમ્યગ્દર્શન થતાં અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ.. કહેવો અવિરતિ ભાઈ! છતાં અવિરતિથી રહિત છે. સમજાણું કાંઈ? કર્મ જ નથી. આહાહા!

याही तैं विचच्छन—સમ્યગ્દ્રષ્ટિ. ઓલામાં છે નીચે જુઓ. अतः ये कर्मबंधके कारण नहीं है और राग-द्वेष-मोह जीवके स्वरूपको भूला देते हैं, इससे बंधकी परंपरामें अशुद्ध उपयोग ही अंतरंग कारण है. ઓલા બધા બાહ્ય નિમિત્તકારણ. નિમિત્તકારણ કીધુંને. યોગ ને..... પંચાસ્તિકાયમાં. યોગ બાહ્ય કારણ છે. અભ્યંતરકારણ આ એક જ. सम्यक्त्वभावमें राग-द्वेष-मोह नहीं होते, इससे सम्यग्ज्ञानीको सदा बंधरहित कहा है. આહાહા! બંધ છે જે રાગનો ભાવબંધ, એનાથી તો આત્મા અબંધ છે, એમ ભિન્ન પાડ્યો છે આત્માને. સમ્યગ્દ્રષ્ટિએ આત્માને, રાગનો ભાવબંધ છે એનાથી ભિન્ન પાડ્યો છે ત્યારે તો સમ્યગ્દર્શન થયું છે. આહાહા! સમજાણું? સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં, જેમ અજીવ કર્મ ને શરીરનું હોવાપણું ભિન્ન છે, એમ રાગનું હોવાપણું ચૈતન્યસ્વભાવથી ભિન્ન છે. એમ જ્યાં જાણ્યું, ત્યાં રાગની દૃષ્ટિ રહી નહીં, સ્વભાવદૃષ્ટિ થઈ એટલે રાગરહિત સ્વભાવનું શુદ્ધ પરિણમન છે. રાગ રહિત ધર્મીનું શુદ્ધ જ પરિણમન છે. એ અશુદ્ધ પરિણમન પોતાનું નથી, એ જ્ઞાનનું જ્ઞેય છે. સમજાણું કાંઈ?

એક તો કહેવો અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ અને અવિરતિમાં દોષરહિત સમ્યગ્દર્શન છે. અવિરત(ભાવ)ને પોતાનામાં ખતવતો નથી. આહાહા! આકરી વાત છે. સ્વરૂપ જ એવું છે ત્યાં. ખબર નહીં એટલે બીજી ચીજ કાંઈ થઈ જાય? આસ્રવ કીધું, અવિરતભાવ આસ્રવ છે. સમ્યગ્દ્રષ્ટિ વ્યવહારથી મુક્ત છે. વ્યવહારથી મુક્ત છે એટલે અવ્રતના ભાવથી પણ મુક્ત છે. કહ્યું છે કે નહીં? ભગવાન આત્મા, એની શું ચીજ ને એની મહત્તા ને મોટપ શું છે, એની એને ખબર નથી. તેથી રાગને મોટપ આપી દે છે, એનો અર્થ કે રાગમાં એકત્વ કરે છે. આહાહા!

મેં પુણ્ય કર્યાં. મેં શુભભાવ કર્યો, એમ શુભને અને પુણ્યના ભાવને એકપણે બનાવે છે. પાઠમાં એમ છે ને? 'रागादिनुपयोगभूमिमनयन्'. લાવતો નથી. ઓલામાં એમ હતું કે

'यदैक्यमुपयोगभूः समुपयाति'. ઓલી કોર. બસ, ઓલામાં લાવે છે, અહીં લાવતો નથી. બસ આટલો જ આંતરો સિદ્ધાંતમાં. આહાહા ! આ તે ભારે વાત! અજ્ઞાનીને રાગના વિકલ્પરૂપ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગના પરિણામ હો, પણ એ રાગ છે. અજ્ઞાની પોતાની આત્મભૂમિકામાં એ લાવે છે. જે નથી એને લાવે છે, એનું નામ મિથ્યાત્વ ને એનું નામ મૂઢતા ને બંધનું કારણ. જ્ઞાની 'रागादिनुपयोगभूमिमनयन्'.. લાવતો જ નથી. આહાહા ! ભારે વાત. કહો, છેને સામે પુસ્તક ? ક્યા ગાથાનો અર્થ થાય છે, કેમ થાય છે.

'ज्ञानं भवेत् केवलं'.. બસ. એ તો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન એટલે આત્મા શુદ્ધ, એમ. એકલો આત્મા શુદ્ધ એ આત્મા ભવેત્. એ રૂપે પરિણમન છે, એને આત્મા કહીએ. રાગરૂપે પરિણમન છે, એ આત્મા નથી એમ કહે છે. राग दोष मोह नाहीं 'सम्यक्' सुभाउमैं. ભગવાન આત્માના સ્વભાવમાં એ છે નહીં. કહે છે, આવું (હોવા) છતાં સ્વચ્છંદી થવું એને યોગ્ય નથી. (શ્રોતા : સ્વચ્છંદી થાતો જ નથી). છતાં ગમે તે હિંસા થઈ તો થઈ, ભોગની વાસના ગમે તે કરતો (હોય તો) થઈ તો થઈ, એવી ભાવના સમકિતીને હોતી નથી. સાવચેત કરાવે છે. આમ કહ્યું હતું, છતાં ગમે તેમ થાવ એમ નહીં. શુભ પરિણામમાં એને પ્રયત્ન હોવો જોઈએ, એમ કહે છે. ભલે એનું ફળ ન ઇચ્છે. શુભના પરિણામને પોતામાં લાવે નહીં, પણ શુભ પરિણામનો પ્રયત્ન એને હોય છે. સમજાણું કાંઈ ? નીચે ચોથો શ્લોક છેને !

**तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां**
**तदायतनमेव सा किल निरर्गला व्यावृतिः।**
**अकामकृत्कर्म तन्मतमकारणं ज्ञानिनां**
**द्वयं न हि विरुद्ध्यते किमु करोति जानाति च।।४।।**

એનો પદ છઠ્ઠો. यद्यपि ज्ञानी अबंध है.. ધર્મી તો અબંધ જ છે, રાગની એકતાથી છૂટ્યો છે. રાગની એકતા જ્યાં નથી ત્યાં રાગ જુદો છે, ત્યાં રાગનું બંધન એને છે જ નહીં, એમ કહે છે. तो भी पुरुषार्थ करते है.. છે ને ? અબંધ છે છતાં રાગના શુભભાવમાં એનો પ્રયત્ન છે કે અશુભ ન થાય, એમાં સ્વચ્છંદી ન થવાય, એમ. સમજાણું કાંઈ ?

જોકે જ્ઞાની અબંધ છે તોપણ પુરુષાર્થ કરે છે. (સવૈયા એકત્રીસા)

**कर्मजाल-जोग हिंसा-भोगसौं न बंधे पै,**
**तथापि ग्याता उद्दिमी बखान्यौ जिन बैनमैं।**

ग्यानदिष्टि देत विषै-भोगनिसौं हेत दोऊ—
क्रिया एक खेत यौं तो बनै नांहि जैनमैं।।
उदै-बल उद्दिम गहै पै फलकौं न चहै,
निरदै दसा न होइ हिरदैके नैनमैं।
आलस निरुद्दिमकी भूमिका मिथ्यात मांहि,
जहाँ न संभारे जीव मोह नींद सैनमैं।।६।।

**શબ્દાર્થ** :—ઉદ્દિમી=પુરુષાર્થી. બખાન્યૌ=કહ્યો. બૈન=વચન. નિરદૈ=કઠોર. ન સંભારૈ(ન સમ્હાલૈ)=અસાવધાન રહે. સૈન(શનય)=નિદ્રા.

**અર્થ** :—સ્વરૂપની સંભાળ અને ભોગોનો પ્રેમ—એ બન્ને વાતો એક સાથે જ જૈનધર્મમાં હોઈ શકે નહિ, તેથી જોકે સમ્યગ્જ્ઞાની વર્ગણા, યોગ, હિંસા અને ભોગોથી અબંધ છે તોપણ તેને પુરુષાર્થ કરવાને માટે જિનરાજની આજ્ઞા છે. તેઓ શક્તિ પ્રમાણે પુરુષાર્થ કરે છે પણ ફળની અભિલાષા રાખતા નથી અને હૃદયમાં સદા દયાભાવ રાખે છે, નિર્દય હોતા નથી. પ્રમાદ અને પુરુષાર્થહીનતા તો મિથ્યાત્વદશામાં જ હોય છે જ્યાં જીવ મોહનિદ્રાથી અચેત રહે છે, સમ્યક્ત્વભાવમાં પુરુષાર્થહીનતા નથી. ૬.

**अर्थ** :—स्वरूपकी सम्हाल और भोगोंका अनुराग ये दोनों बातें एक साथ ही जैनधर्ममें नहीं हो सकतीं, इससे यद्यपि सम्यग्ज्ञानी वर्गणा, योग, हिंसा और भोगोंसे अबंध हैं तो भी उन्हें पुरुषार्थ करनेके लिये जिनराजकी आज्ञा है। वे शक्ति अनुसार पुरुषार्थ करते हैं पर फलकी अभिलाषा नहीं करते और हृदयमें सदा दयाभाव रखते हैं निर्दय नहीं होते। प्रमाद और पुरुषार्थहीनता तो मिथ्यात्वदशामें होती है जहाँ जीव मोहनिद्रामें अचेत रहता है, सम्यक्त्वभावमें पुरुषार्थहीनता नहीं है।।६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

कर्मजाल-जोग हिंसा-भोगसौं न बंधे पै,
तथापि ग्याता उद्दिमी बखान्यौ जिन बैनमैं।

સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ તો છે જ, પણ સ્વચ્છંદનો પુરુષાર્થ છોડવાને શુભમાં પુરુષાર્થ છે એમ સિદ્ધ કરે છે.

ग्यानदिष्टि देत विषै-भोगनिसौं हेत दोऊ--
क्रिया एक खेत यौं तो बनै नांहि जैनमैं।।

લ્યો, આ કવિ. શું કહ્યું? ग्यानदिष्टी देत.. 'હું શુદ્ધ આનંદ છું' એવી દૃષ્ટિ હોય અને विषै-भोगनिसौं हेत.. વિષયભોગના રાગમાં પ્રેમ હોય, એમ બની શકે નહીં. સમજાણું કાંઈ? ग्यानदिष्टि देत विषै–भोगनिसौं हेत, दोऊ क्रिया एक खेत... બે ક્રિયા એક અસંખ્ય પ્રદેશમાં એક (દ્રવ્ય)માં બે (વિરુદ્ધ) ક્રિયા હોઈ શકે નહીં. એક મ્યાનમાં બે તલવાર હોઈ શકે નહીં. એમ ધર્મીને જ્ઞાનનો પણ પ્રેમ છે, એની દૃષ્ટિ જ્ઞાન પર પણ રહે અને એને રાગનો પ્રેમ પણ થાય, એમ બે બની શકે નહીં. આંહીં તો એકલો રાગના એકત્વને સંસાર બતાવવો છે. મિથ્યાત્વ એ સંસારદાયકભાવ. લખ્યું છેને બુદ્ધિ, ઓલા .... આમાં.

उदै बल उद्दिम गहै पै फलकौ न चहै.. જુઓ છે તો શુભભાવ હોં, ઉદયબળની વાત છે. उदै-बल उद्दिम गहै पै फलकौं न चहै, निरदै दसा न होइ हिरदैको नैनमैं. आलस निरुद्दिमकी भूमिका मिथ्यात मांहि, जहां न संभारै जीव मोह नींद सैनमैं. પાઠમાં છે ને.

કહે છે, कर्मजाल-जोग हिंसा-भोगसौं न बंधै.. તો પણ જ્ઞાતા સમકિતીને પોતાના સ્વભાવનો પુરુષાર્થ છે અને શુભભાવમાં પણ તેનો પુરુષાર્થ હોય છે એમ કહે છે. નિર્દય પરિણામ એના હોતા નથી. ग्यानदिष्टी.. સ્વરૂપ જ્ઞાનાનંદ છે એવી પણ દૃષ્ટિ પણ રહે અને भोगनीसौं हेत रहे.. એ વિષયસુખમાં પ્રેમ રહે—એ બે વાત હોઈ શકે નહીં. ધર્મીને આનંદનો પણ પ્રેમ રહે આત્માનો અને ભોગનો અથવા બહારની ચીજમાં ઉમંગતા આવે એને કંઈક દેખીને.. અનુકૂળ દેખીને હરખ, અનુકૂળ દેખીને ઉમંગ, એમ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

उदै-बल उद्दिम गहै पै फलकौं न चहै.. રાગનો ભાગ આવે, જાણે, એનો પ્રયત્ન પણ જરી શુભમાં હોય છે. फलकौं न चहै.. એટલે રાગ પોતાનો છે અને એ ભાવનું કર્તવ્ય મારું છે એમ ન જાણે. એમ આનું ફળ કાંઈ સારું આવજો પુણ્યબંધનું, એ ધર્મીને હોતું નથી. કહો, સમજાણું? સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહ્યો (છતાં) એને રાગની એકતા તૂટી ગઈ છે, તેથી એને અબંધ કહેવામાં આવે છે. છતાં તે અબંધ સ્વચ્છંદી નથી એમ કહે છે. આબરૂનો પ્રેમ હોય, ભોગનો પ્રેમ હોય, અનુકૂળતામાં ઉત્સાહ વધે અને એક કોર કહે કે મારી જ્ઞાનદૃષ્ટિ આત્મા ઉપર દૃષ્ટિ છે (એમ) બે હોઈ શકે નહીં. આહાહા! આત્મા આનંદમૂર્તિ પ્રભુ વીતરાગ તીર્થંકરે કહ્યો, એવી દૃષ્ટિ ધર્મીને થઈ. એ કહે કે અમને આ દૃષ્ટિ પણ છે આત્માની અને આ રાગ આવે એનો ભોગમાં, આબરૂમાં, કીર્તીમાં અમને ઉમંગતા–ઉત્સાહ વીર્ય આવે છે ઉત્સાહનો, એમ બે હોઈ નહીં. આહાહા!

ભરત ચક્રવર્તીને દીકરો પહેલો થયો તો મોટો મહોત્સવ કર્યો હતો. આવે છે કે

નહીં? શેમાં? 'ભરતેશવૈભવ'. પહેલો વહેલો આવ્યોને ઓલો? શું નામ ભૂલી ગ્યા? એ જે હોય નામ. અર્કકીર્તિ—સૂર્યનો કીર્તિ. લડાઈ કરવા ગયા હતા, ... વશ કરવા, કહે છે, એ બધો વિકલ્પનોય સ્વામી નથી ને એનો ધણી નથી ને એનામાંય નથી. એ દીકરો આવ્યો ને મોટો મહોત્સવ કર્યો. (શ્રોતા : દીકરામાં શુભભાવ કેમ થાય?) શુભભાવ એટલે એમાં લીનતા નથી. (શ્રોતા : પણ થાય છે અશુભ). ભલે હો, લીનતા નથી એટલી જ વાત છે. સ્વચ્છંદતા નથી, આ આવ્યો તો વાંધો નથી, એમ નથી. જાણે છે કે પુરુષાર્થની નબળાઈ છે. આદરણીય નથી, હિતબુદ્ધિ નથી, ઉમંગબુદ્ધિ નથી.

બહારમાં તો પ્રેમ.... જાઓ, આઠ દિ' મોટો મહોત્સવ કરો, રાજકુમાર જન્મ્યા છે. એ તમારો નહીં ને? પણ એ તો બહારનો દેખાવ અજ્ઞાની જુએ (એટલે) એને લાગ, (પણ) અંદરમાં લુખ્ખાશ છે. 'સમ્યગ્દ્રષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ, અંતરંગસે ન્યારો રહે જ્યોં ધાવ ખિલાવે બાળ.' એ તો સંપ્રદાયમાં આવે છે વાત. આવે છે કે નહીં? સંપ્રદાયમાં નાના છોકરાઓને શીખવતા પહેલેથી. પહેલેથી એ તો આવે છે, છોકરાઓને.... 'સમ્યગ્દ્રષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ.. કુટુંબને જાણે પાળે છે એમ દેખાય. એનો અર્થ એ. એમાં ક્યાં લખ્યું છે કે કુટુંબ પ્રતિપાળને દેખે? કરે કુટુંબ (પ્રતિપાળ), એમ લખ્યું છે. ભાષા શું હોય? નિર્જરા અધિકારમાં, સમકિતી ઈન્દ્રિયોને ભોગવે, ઈન્દ્રિયોથી ભોગને ભોગવે, એમ લખ્યું છે જુઓ. એ તો લોકો ભાળે છે, એમ કહ્યું છે એને. એય! આહાહા! રાગનો વિકલ્પ ઊઠ્યો એમાં એની સ્વચ્છંદતા નથી, એટલી વાત. ગમે તે થયો રાગ, ગમે તે હો, એમ નથી. એનો ઉત્સાહ તો સ્વભાવ તરફ છે.

उदै—बल उद्दिम गहै पै फलकौं न चहै.... पुरुषार्थ करनेके लिये जिनराजकी आज्ञा है. દેખો, છે ને? वे शक्ति अनुसार पुरुषार्थ करते हैं पर फलकी अभिलाषा नहीं करते. એના અશુભની વાત છે હોં. શુભની તો છે જ પણ... ધર્મીને એવો શુભભાવ ...પૂર્વક આવે છે, હોય છે. પણ એનો આશ્રય નથી અથવા એનો સ્વામી નથી ને એના ફળને (ઈચ્છતો નથી). રાગ બંધાણું માટે બહુ સારું થયું એમ નથી. हृदयमें सदा दयाभाव रखते है,.. છે ને? निरदै दसा न होइ हिरदैके नैनमैं.. અંદરમાં અકષાય કરુણા, અનંતાનુબંધીનો અભાવ છે એટલે કરુણા જ વર્તે છે. .... એ તો કરુણા છે. બાહુબલીને માર્યુંને ચક્ર. સમકિતી હતા ભરત. ... એ વિકલ્પનો જ્ઞાતા છે. ખડગની ધાર વાતું છે આ તો ભાઈ!

ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિનતણી ચરણસેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.

દેવો પણ રહી શકે નહીં ને અજ્ઞાની પણ રહી શકે નહીં. ધર્મી તો એને કહીએ, જેને

પોતાના આનંદના પ્રેમ આગળ ક્યાંય પ્રેમ આવતો જ નથી. એને ધર્મની પહેલી દશાવાળો કહીએ. આહાહા ! કોઈ વખાણ કરે ને મોટો માને ને એમ થઈ જાય કે આહાહા ! હું કાંઈક છું. (શ્રોતા : પરથી મોટો માને....) એ તો અજ્ઞાન છે, મિથ્યા દૃષ્ટિ છે. આઠ મદ નથી કહ્યા આઠ. પચ્ચીસ દોષ વર્ણવ્યા છેને સમકિતના. આઠ અનાયતન, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અનાયતનને છોડે છે, આઠ મદને છોડે છે. મદ હોય જ નહીં. સ્વભાવ શુદ્ધ આનંદનું જ્યાં અધિકપણું (એટલે કે) રાગથી જુદાપણું, પર્યાયથી પણ જુદાપણું જ્યાં ભાસ્યું.. આહાહા !

'णाणसहावाधियं मुणदि आदं'. એકત્રીસ (સમયસાર.) એનું નામ સમ્યગ્દર્શન. એને પરમાં પ્રેમ ને ઉત્સાહ, એ મીંદડીનું કેડ ભાંગી ગઈ ને ચાલે, એવું છે. મીંદડી હોયને. એકદમ ચાલતી હોય પણ કેડ ભાંગી ગઈ પછી ચાલે ખરી આમ, આમ પણ ચાલવું લુલું થઈ ગયું. ઘસડાય, પાછળ બે પગ ઘસડાય. એમ ધર્મીને રાગ લૂલો થઈ ગયો. રાગ પોતાનો નથી એમ ભાન થઈ ગયું. આહાહા! પછી રાગ ઘસડાય પાછળ થોડો આવે, પણ એનો છે નહીં. આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં રાગપણું પોતાનું માને તો એ વીતરાગમાર્ગ રહેતો નથી. સમજાણું કાંઈ ? આહાહા !

निरदै दसा न होइ हिरदैके नैनमैं, લ્યો. ચક્ર ફેંક્યું બાહુબલી પર, કહે છે, પણ અંદર નિર્દય નથી. એ વિકલ્પ આવ્યો છે પણ એનાથી આમ પરિણમ્યું, એમ નથી. (શ્રોતા : સમ્યગ્દ્રષ્ટિને એટલીય ખબર ન હોય કે કુટુંબમાં ઝગડા ન હોય ? ખબર નહોતી, ભાન નહોતું?) બધી હતી. રાગના ચાળા છે. ૨ ામચંદ્રજી સમકિતી હતા. રામચંદ્રજી. સીતાને લઈ ગયા રાવણ, તે આમ પર્વતે પર્વતે ગોતે. મારી સીતા.. મારી સીતા.. ... છતાં એ જ્ઞાની છે. આ પણ જ્ઞાની છે ને એ પણ જ્ઞાની છે, બેય સરખા છે. એય! સીતાજી, લ્યોને. જેને રાવણ ચળાવવા આવ્યો, પણ ચળ્યા નહીં. એ જ્યારે સ્વર્ગમાં ગયા ત્યારે રામચંદ્રજી ધ્યાનમાં હતા, ત્યાંથી આવ્યા ચળાવવા. એ રાગની વિકલ્પની ઝાળ એવી છે. આહાહા! એય !

રામચંદ્રજી ધ્યાનમાં હતા આનંદમાં. સીતાજી સ્વર્ગમાં છે. ન્યાંથી આવ્યા. સીતાજીના વેશમાં આવ્યા. નહીં તો (અત્યારે) પુરુષ છે. ત્યાં આવીને ચળાવ્યા. ધ્યાન મૂકો, આપણે અહીંયાં દેવમાં ભેગા રહેશું. એવી વાતું છે. મોટા પુરુષની વાતું મોટી અંદર હોય. (શ્રોતા : મોટા પુરુષના .... મોટા જ હોયને ?) .... માપ ન થાય. પુરુષોત્તમ પુરુષ છે રામચંદ્રજી. ભગવાનને સ્વીકાર્યા છે. ને મુનિ થયા છે નગ્ન દિગંબર. કેવળ પામી મોક્ષ પધાર્યા. રામચંદ્રજી કેવળ પામી મોક્ષ પધાર્યા. વીતરાગના ભક્ત હતા, સમકિતી હતા. ચારિત્ર અંતર આનંદ છે, નગ્નદશા. આહાહા! એવી વાત છે. અંદરમાં હૃદયમાં ખટકતો હોય છે રાગ, પોતામાં એને સુખરૂપ માનતો નથી.

आलस निरूद्रमकी भूमिका मिथ्यात मांहि.. જેને આત્મા તરફનો પુરુષાર્થ નથી અને સ્વચ્છંદી તરીકે શુભમાં પણ પુરુષાર્થ નથી, એવા આલસી જીવો નિરુદ્યમી ભૂમિકા (એટલે કે) મિથ્યાત્વમાં છે. સમજાણું કાંઈ? ધર્મીને પોતાના સ્વભાવ તરફનો પુરુષાર્થ છે અને સ્વચ્છંદી ન થવાય માટે શુભમાં પણ હોય છે, એમ આંહીં સિદ્ધ કરવું છે. આહાહા! સમકિતી થયા માટે હવે કોઈ જાતનો ડર નથી રાગથી, એમ નથી. રાગથી અંદર નિર્ભયતા છે. અંદર (રાગ) છે, છતાં સ્વચ્છંદતા નથી. ગમે તે રાગ આવ્યો, ગમે તે વિષય લે, એમ હોય નહીં. એની ભૂમિકાની દશામાં निरुदिम आलस.. નિરુદ્યમી ભૂમિકા તો મિથ્યાત્વ છે. જુઓ, આંહીં સુધી કહે છે. આગળ પણ કહેશે ક્યાંક. આવે છે પાછળ.

जे जिय मोह नींदमैं सोवैं। ते आलसी निरुदिम होवैं।।
द्रिष्टि खोलि जे जगे प्रवीना। तिनि आलस तजि उद्दिम कीना।।

નવમું પદ છે. આ તો ઘણા વરસથી કહીએ છીએ. આહાહા!

જહાં आलस निरुद्दिम.. ભગવાન ચૈતન્ય શુદ્ધ આત્મા, એના તરફનો પ્રયત્ન એને છે અને એનું ઘોલન થતાં શુભવિકલ્પ પણ એમાં હોય છે. એવી ભૂમિકામાં આળસ ને અનુદ્યમ.. આળસ અને અનુદ્યમ હોતા નથી. जहां न संभारै जीव मोह नींद सैनमैं.. જ્યાં ભગવાન આનંદસ્વરૂપને યાદ ન કરે અને એકલા રાગમાં એકાકાર થાય, એ દશા મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? प्रमाद और पुरुषार्थहीनता तो मिथ्यात्वदशामें होती है. जहाँ जीव मोहनिद्रासे अचेत रहता है. રાગની એકતામાં—મોહમાં—મૂઢતામાં આત્માની સચેતતા જાગૃત દશા અવરાઈ જાય છે. એ નિદ્રા, મોહનિદ્રામાં.. सम्यकत्वभावमें पुरुषार्थहीनता नहीं. પોતાના સ્વરૂપની રચનાનો પુરુષાર્થ તેને કાયમ હોય છે. સ્વરૂપ રચનાનો પુરુષાર્થ. એમાં વિકલ્પ પણ એ જાતનો હોય છે.

સ્વભાવની સન્મુખની ઘોલન દશા છે. સ્થિરતા ન થાય ત્યારે એનો વિકલ્પ એવો જ હોય છે. એને સ્વચ્છંદ હોતો નથી, એમ કહે છે. जहां न संभारै जीव.. અરે, પોતાનું સ્વરૂપ આનંદ ને જ્ઞાન એને યાદ ન કરે અને રાગને યાદ કરે, એ તો મોહનિદ્રાના શયનમાં સૂતો છે. મોહની નીંદ, એ નિદ્રાશયન.. શયન.. મોહની નિદ્રામાં સૂતો છે. ભગવાન આત્મા રાગરહિત, પુણ્યરહિત, પાપરહિત આનંદકંદ (છે એને) યાદ કરતો નથી, સંભારતો નથી, સમભાવ દૃષ્ટિ કરતો નથી. એકલો રાગમાં સાવધાન થઈને મિથ્યાનિંદમાં સૂતો છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને બંધન અજ્ઞાન ને ચોર્યાશીનું થાય છે.

જુઓ એમાં લખ્યું છે. हृदयमें सदा दयाभाव रखते हैं, निर्दय नहीं होते. 'દયા,

શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય. હોય મુમુક્ષુ ઘટ વિષે, સોહ સદાય સુજાગ્ય.' એવો ભાવ રાગની મંદતાનો હોય છે. વસ્તુસ્વરૂપ એ નથી. પણ એ સ્વરૂપમાં સ્વચ્છંદતા નથી માટે આવું હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? ખાંડાની ધાર જેવો દુષ્કર નથી હોં, દુઃખવાળો નથી. પણ એ વીતરાગી આજ્ઞાનું સ્વરૂપ રાગથી રહિત જાણીને માનવું અને રાગ આવે છતાં સ્વચ્છંદ ન થાવું, એવી ભગવાનની આજ્ઞા છે. એમ રાગથી એકત્વ માનવું એ ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ છે. રાગથી મને ધર્મ થશે પુણ્યથી.. રાગનું એકત્વ માને એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વની ભાવનિદ્રામાં સૂતો છે. ધર્મી તો એનાથી ભિન્ન પડેલો નિરુદ્યમી ને આળસુ નથી. ઉદ્યમી ને અનાળસુ છે એમ કહે છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

આંહીં તો પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, 'ભાઈ ! તું જે છો એ તો આનંદની ને જ્ઞાનની મૂર્તિ છો. અને તારે અનંત જ્ઞાન અને આનંદ પ્રગટ કરવાં છે, તો ઈ તો પર્યાયમાં પ્રગટ તો અંતરમાંને આશ્રયે થશે'. એ વસ્તુને આશ્રયે પ્રગટ થશે. તો એ વસ્તુની જેને દૃષ્ટિ થઈ, એવો જે ધર્મી, એ કહે છે કે પુણ્ય-પાપના હરખ-શોકનું વેદન (મને નથી.) પર-જડનું વેદન તો છે જ નહીં. અજ્ઞાનીને ય નથી. શરીરમાં દુઃખ થયું કંઈ પીડા, એ કંઈ શરીરની પીડા ન્યાં છે ? કપાણું એ દુઃખ છે ? એ તો શરીરની અવસ્થા છે, જડની અવસ્થા છે. એમાં અણગોઠતો ભાવ થયો એ દુઃખનું વેદન છે. અને શરીરમાં અનુકૂળતા કદાચ દેખાણી કાંઈક, એ તો જડની અવસ્થા છે. પણ એમાં અનુકૂળતા દેખાણી, આહાહા ! ભારે મજા છે! એ તો કલ્પનાના સુખનું, મોહના વિકારનું વેદન છે.

**નાટક સમયસાર પ્રવચન નં. ૮૩નો અંશ, પાના નં. ૨૧૬**

## પ્રવચન નં. ૮૯ અષાઢ સુદ ૭ મંગળવાર તા. ૨૯-૭-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૭ થી ૧૨ પર પ્રવચન

સાતમું પદ છે, નહીં? આ બંધ અધિકાર છે. રાગ અને સ્વભાવની એકતા એ બંધપણું છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદ ને જ્ઞાયક છે, એમાં રાગ ને પુણ્ય-પાપનો વિકલ્પ એની સાથે એકતા કરવી એ પર્યાયદૃષ્ટિ છે (અને) મિથ્યાદૃષ્ટિ એ બંધભાવને પામતો નવા બંધને વધારે છે. જ્ઞાની રાગથી ભિન્ન પડીને પોતાનો આનંદસ્વભાવ એમાં રહેતો રાગથી ભિન્ન કરતો, નવો બંધ એને થતો નથી. છતાંય એને કાંઈ રાગાદિ થાય છે કર્મના નિમિત્તથી, એની જરી વાત કરે છે.

ઉદયની પ્રબળતા (દોહરા)

जब जाकौ जैसौ उदै, तब सो है तिहि थान।
सकति मरोरै जीवकी, उदै महा बलवान।।७।।

**શબ્દાર્થ :—**જાકૌ=જેના. થાન=સ્થાન. ઉદૈ(ઉદય)=કર્મનો વિપાક.

**અર્થ :—**જ્યારે જે જીવનો જેવો ઉદય હોય છે ત્યારે તે જીવ તેની જેમ વર્તે છે. કર્મનો ઉદય બહુ જ પ્રબળ હોય છે તે જીવની શક્તિઓને કચડી નાખે છે અને તેને પોતાના ઉદયને અનુકૂળ પરિણમાવે છે. ૭

**अर्थ :—**जब जिस जीवका जैसा उदय होता है तब वह जीव उसी माफिक वर्तता है। कर्मका उदय बहुत प्रबल होता है वह जीवकी शक्तियोंको कुचल डालता है और उसे अपने उदयके अनुकूल परिणमाता है।।७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જે જીવનો જેવો ઉદય છે... એની પર્યાયમાં રાગની અસ્થિરતા હોય છે જ્ઞાનીને, એ કર્મનો ઉદય છે, એ સ્વભાવનો ઉદય નથી. તબ એ જીવને તે પ્રકારે એનું સ્થાન ને ભાવ થાય. જ્ઞાની સમજતો હોય છે કે હું રાગ (રહિત), સ્વભાવ સહિત ને રાગ રહિત છું. એમ હોવા છતાં રાગના બળતર જોરે એમાં અસ્થિરતા થાય છે. એ સ્થાનમાં એ અસ્થિરતા જ હોય, કહે છે. सकति मरौरे जीवकी.. પુરુષાર્થ નબળો છે તેથી આત્માની પર્યાયમાં રાગ તરફનું ખેંચાણ આસક્તિ થઈ જાય છે. (શ્રોતા : આસ્રવ મરોડે...) એ શક્તિ મરોડે.. કીધુંને. પોતાનો જે સ્વભાવ છે, પોતાનો સ્વભાવ છે એને રાગમાં ખેંચીને અસ્થિરતા કરે છે

એમ કહે છે. મરોડી નાખે છે. કહો, સમજાણું ?

ચૈતન્યસ્વરૂપ આનંદનું ભાન હોવા છતાં ધર્મીને રાગની અંદર આસક્તિ છે, એમાં જીવની પર્યાય મરોડાઈ જાય છે, અસ્થિર થઈ જાય છે, એમ કહે છે. उदै महा बलवान.. એ પ્રકારે રાગનું ત્યાં જોર છે અસ્થિરતાનું, એનું બળવાનપણું છે એમ કહ્યું છે. (શ્રોતા : એ તો કર્મનું જોર છે.) કરમ-ફરમની વાત અહીંયાં છે નહીં. जीवकी शक्तिओंको कुचल डालता है. રાગની તીવ્ર આસક્તિ થાય તો જીવની શાંતિને પણ (કચડી નાંખે). ધર્મી જીવને પણ અશાંતિ જરી થાય એમ કહે છે. એટલી વાત છે. એ હવે દૃષ્ટાંત આપે છે, જુઓ એની ઉપર. उदयकी प्रबलता पर दृष्टांत. એની સાથે મેળ ખાવો પડશેને પાછો.

ઉદયની પ્રબળતા પર દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसैं गजराज परयौ कर्दमके कुंडबीच,
उद्दिम अहूटै पै न छूटै दुख-दंदसौं।
जैसैं लोह-कंटककी कोरसौं उरझ्यौ मीन,
ऐंचत असाता लहै साता लहै संदसौं॥
जैसैं महाताप सिर वाहिसौं गरास्यौ नर,
तकै निज काज उठि सकै न सुछंदसौं।
तैसैं ग्यानवंत सब जानै न बसाई कछू,
बंध्यौ फिरै पूरब करम—फल—फंदसौं॥८॥

**શબ્દાર્થ** :—ગજરાજ=હાથી. કર્દમ=કીચડ. કંટક=કાંટો. કોર=અણી. ઉરઝ્યો=ફસાયેલી. મીન=માછલી. સંદસૌ=છૂટવાથી.

**અર્થ** :—જેવી રીતે કાદવના ખાડામાં પડેલો હાથી અનેક પ્રયત્નો કરવા છતાં પણ દુઃખથી છૂટતો નથી, જેવી રીતે લોઢાના કાંટામાં ફસાયેલી માછલી દુઃખ પામે છે—નીકળી શકતી નથી, જેમ આકરા તાવ અને માથાના શૂળમાં પડેલો મનુષ્ય પોતાનું કાર્ય કરવા માટે સ્વતંત્રતાથી ઊઠી શકતો નથી, તેવી જ રીતે સમ્યગ્જ્ઞાની જીવ જાણે છે બધું પણ પૂર્વોપાર્જિત કર્મની જાળમાં ફસાયેલો હોવાથી તેનું કાંઈ વશ ચાલતું નથી અર્થાત્ વ્રત, સંયમ આદિનું ગ્રહણ કરી શકતા નથી. ૮.

**अर्थ** :—जिस प्रकार किचड़के गड्ढेमें पड़ा हुआ हाथी अनेक चेष्टाएँ करने पर भी दुःखसे नहीं छूटता, जिस प्रकार लोह-कंटकमें फँसी हुई मछली दुःख पाती है—निकल नहीं सकती, जिस प्रकार तेज बुखार और मस्तक शूलमें पड़ा हुआ मनुष्य अपना कार्य करनेके लिये स्वाधीनतापूर्वक

नहीं उठ सकता, उसी प्रकार सम्यग्ज्ञानी जीव जानते सब हैं परन्तु पूर्वोपार्जित कर्मोदयके फंदेमें फँसे होनेसे उनका कुछ वश नहीं चलता अर्थात् व्रत संयम आदि ग्रहण नहीं कर सकते॥८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जैसें गजराज परयौ कर्दमके कुंडबीच,
उद्दिम अहूटै पै न छूटै दुख-दंदसौं।
जैसें लोह-कंटककी कोरसौं उरझ्यौ मीन,
ऐंचत असाता लहै साता लहै संदसौं॥

એ ચેતન જોઈએ ત્યાં. ઍંચત એટલે... જેવા શબ્દ છે એવા નાખ્યા. સુધાર્યું નથી કાંઈ. જુઓ, ઓલામાં આમ છે આમાં, એમ નાખ્યું છે. પણ આમાં એમ નથી. ચેતન છે આમાં. સમયસાર. રૂપચંદજીનું. ચેતન.. આડો અવળો શબ્દ થઈ ગયો છે આમાં. 'ચ' જોઈએ ને પહેલો એને માથે 'એ' જોઈએ, ચેતન. 'ત' જોઈએ, 'ન' જોઈએ.

ऐंचत असाता लहै साता लहै संदसौ,
जैसें महाताप सिर वाहिसौं गरास्यौ नर,
तकै निज काज उठि सकै न सुछंदसौं॥
तैसें ग्यानवन्त सब जानै न बसाइ कछू

જુઓ એની પર દાખલો છે આ. ઓલો ઉદય બળવાન એનો દાખલો છે આ.

तैसें ग्यानवंत सब जानै न बसाइ कछू,
बंध्यौ फिरै पूरब करम—फल—फंदसौं॥

(શ્રોતા : એક બાજુ કહે છે કે જ્ઞાનીને બંધ છે નહીં.) એ પાછી અપેક્ષા છે ને. દૃષ્ટિના જોરની અપેક્ષાએ બંધ નથી, પણ પર્યાયમાં એ રાગનું પરિણમન છે ને. એક અપેક્ષાએ તો તદ્દન દ્રવ્ય શુદ્ધ છે તો દૃષ્ટિમાં શુદ્ધનું જ પરિણમન છે. પણ પાછું અશુદ્ધતા છે એ પણ પ્રસિદ્ધ કરવું છે ને. (શ્રોતા : એ તો પુદ્‌ગલ પરિણામ ?) પુદ્‌ગલ પરિણામ તો અપેક્ષાથી કહ્યા, પણ એ જીવના છે. નયમાં ન આવ્યું? ૪૭ નયમાં. રાગનો કર્તા ને રાગનો ભોક્તા જીવની પર્યાયમાં છે, એમ જીવ જાણે છે. (શ્રોતા : એ તો પરનું લક્ષ કરે તો..) બસ, થઈ રહ્યું, પરના લક્ષે રાગરૂપે થાય છે. બિલકુલ નથીને ત્યાં વળી કહ્યું. જ્ઞાનદૃષ્ટિમાં, અંશે અંશે જેટલું વિકારી પરિણમન છે એ મારું છે એમ જ્ઞાની જાણે છે. (શ્રોતા : બેઉ

જાણવું જોઈએ ?) બેય જાણે છે.

(શ્રોતા : એક જાણે તો શું વાંધો ?) એક જાણે તો વસ્તુની સ્થિતિ નહીં રહે. અબંધ છે એ બરાબર છે, વસ્તુના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ. પણ પર્યાયમાં નબળાઈનું જોર છે એ પોતાને કારણે. એ પણ એણે જાણવું જોઈએ. જેને આત્માના સ્વભાવનું જોર નથી, એને રાગનું જોર છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ ? એ નાખ્યું કર્મમાં પછી. સ્વભાવનું જોર નથી ઉગ્ર એટલે કર્મના નિમિત્તમાં જોડાઈ ગયો એટલે કર્મનું જોર છે એમ કહ્યું છે. વાત એમ છે. કર્મ જડ છે બિચારા, એ કાંઈ કરતાય નથી ને એ કાંઈ ખેંચતાય નથી. વૈરાગ્યમાં.... પરથી ભિન્ન છે એટલો વૈરાગ્ય છે, પણ જેટલું અસ્થિરતા થઈ એટલું વૈરાગ્ય ક્યાં છે ? પૂર્ણ વૈરાગ્ય હોય તો કેવળી થઈ જાય. વીતરાગ થઈ જાય. એ કહે છે જુઓને.

जैसैं गजराज परयौ कर्दमकै कुंडबीच.. મોટો હાથી ગજરાજ. પડ્યો કર્દમના ગદ્ધામાં. ખાડો મોટો પડ્યો હોય એમાં પડ્યો. છે તો હાથી મોટો. उद्दिम अहूटै पै न छूटै दुःख–दंदसौं.. પણ કાદવમાંથી નીકળી શકે નહીં. કહો, સમજાણું ? એમ ધર્મી જીવ જ્ઞાની, એમ કહે છે, આત્મા આનંદ ને શુદ્ધ છે એવું ભાન હોવા છતાં રાગના જોરમાં પકડાઈ જાય છે અંદર, છૂટી શકતો નથી. છે પુરુષાર્થની પોતાની કચાશ. પણ ઓલા સ્વભાવમાં એ નથી, એથી રાગમાં જોડાઈ ગયો, એનાથી છૂટવું છે પણ ભૂમિકા પ્રમાણે છૂટી શકતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ ?

વાત એ. લ્યો, ત્યારે ઓલા કહે છેને, ભગવાનનો માર્ગ અનેકાન્ત છે. પણ અનેકાન્ત એમાં હોય એનું અનેકાન્ત હોયને ? એમાં નાંખ્યું છે. પૂજ્યપાદસ્વામીએ વ્યાકરણમાં અનેકાન્ત કીધું છે. ઉપાદાનથી થાય, નિમિત્તથી થાય, એમ. બધાને ખટકે છે માળાને. ગામેગામ બધા ભાગ પડી ગયા હવે. (શ્રોતા : વાત સાચી લાગે એને તો....) ખોટી લાગે છે આને. બે ભાગ પડી ગયા. કહે, નહીં. હો નિમિત્ત હો. બનારસીદાસે ત્યાં સુધી કહ્યું, 'ઉપાદાન બળ જહાં તહાં નહીં નિમિત્તકો દાવ'. હો, કોણે ના પાડી ? હોય એટલે શું ? એનાથી કાર્ય થાય છે? (શ્રોતા : એ ન હોય તો ન થાય.) એ ન હોય પણ ક્યાં ન હોય ? એ તો નિમિત્તની સાબિતી કરવી હોય તો એમ કહેવાય. નિમિત્ત ક્યાં નથી ? કઈ પર્યાય–કાળમાં એની સ્વતંત્ર (પર્યાયના) કાળમાં ક્યાં નિમિત્ત નથી ? સમજાણું કાંઈ ? એવી વાત છે.

માણસને હજી સાંભળેલી નહીં, માનેલી નહીં. એટલે ઉપાદાન-નિમિત્તના દોહા ઉઠાવી નાખ્યા હતાને ભાઈએ, અજિતકુમાર. એના વખાણ કર્યા છે. અજીતકુમાર ખંડખંડ બરાબર સોનગઢને તોડી નાખતા. અરે ભાઈ! શું સોનગઢનું ક્યાં હતું ? એ તો એના વસ્તુના

સ્વરૂપનું છે. બનારસીદાસે ન કહ્યું ઓલાનું ? એક, એમ કે આત્માને જ્ઞાનીનો ઉપદેશ હોય તો જ કામ થાય. સમજાણું? કે એકથી કામ થાય, પણ આ તો (કહ્યું કે) બેથી કામ થાય. દોહો મૂક્યો છે ને ? સાત દોહરા નહીં? બનારસીદાસના ૪૭ દોહરામાં. ના, ના, એકથી જ થાય, સાંભળને! હોય છે. હોય છે તે શું? કાર્યરૂપે કાર્ય થાય છે એમાં એ કાર્ય કરે છે ? એ પોતાનું કાર્ય કરે કે આનું કરે ? એના પંડિતે કરેલું એને ખોટું પાડવું, હવે એનું શું કરવું ? આંહીં કહે છે કે પોતાના પુરુષાર્થની કચાશ છે એમાં રાગનું જોર છે, એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? **उद्दिम अहूटै पै न छूटै दुःख–दंदसौं..** એ હાથી ખાડમાં ખાડામાં કર્દમમાં પડ્યો પણ નીકળી શકે નહીં. આહાહા !

એક ત્યાં એક ગાય જોઈ હતી પાલેજમાં. એક ખાડો હતો મોટો ખાડો, એમાં ઘાસ બહુ ભરેલું. એ ખાવા તો ગઈ પણ અંદર હતું પાણી. ઘણા વરસની વાત છે. એમાં હું જંગલમાં નીકળ્યો. આ બે પગ ખવાઈ ગયા, ઓલા બળી ગયા ત્યાં, પગનો ભાગ બળી ગયો. ઓલા તોડા પહેર્યા હોયને એટલો ભાગ બળી ગયો. અગ્નિમાં પડ્યો રહ્યો પગ. હેઠે અગ્નિ નહીં, ઉપર નહીં. એટલામાં જ્યાં પગ હતો ત્યાં. હવે બહાર નીકળી શકે એમ હતું નહીં. ખાડો બહુ ઊંડો. ધર્મશાળા છે ત્યાં પાલેજમાં. ધર્મશાળા નહીં ? આપણે આ.... બસ એની પાસે ખાડ હતી મોટી ખાડ. એમાં ઘાસ પડ્યું હતું. અંદર સળગી ઉઠ્યું. એ બચારી ખાવા ગઈ, પણ નીકળી શકે નહીં. જોયું હતું અમે પગના ભાગમાં, વચલો ભાગ બળી ગયો. પણ નીકળી શી રીતે શકે? ખાડો ઊંડો. ઘાસના લોભે ગઈ તો ખરી. જોયું હતું... ચાર પગ કે બે પગના ભાગ અંદર બળી ગયા. એમ તો જીવતી હતી. નીકળી શકે નહીં. ક્યાંથી નીકળવું રસ્તો ક્યાં? ખાડ મોટી. ગઈ તો ખરી પણ નીકળાણું નહીં. બળી ગઈ, લ્યો.

એમ પોતાના સ્વભાવનું ભાન છે ધર્મીને, છતાં રાગમાં એકાકાર અસ્થિરતા થઈ ગઈ છે. એકાકાર નથી, આમ તો ભિન્ન છે. પણ અસ્થિરતા થઈ ગઈ. છૂટવા માંગે પણ એ ભૂમિકા પ્રમાણે એવી પુરુષાર્થની ગતિ હોતી નથી. ભૂમિકા પ્રમાણે. ચોથા-પાંચમા ગુણસ્થાનમાં રાગથી રહિત થવાનો પુરુષાર્થ છે જ નહીં. સમજાણું કાંઈ ? **जैसैं लोह–कंटककी कोरसौं उरझ्यौ मीन..** માછલું.. માછલું. લોઢાનો કાંટો નાખે છેને લોટ નાખીને. લોટ નાંખીને લોઢાનો કાંટો. ત્યાં પાલેજમાં જોયેલું. ત્યાં છેને ઓલું તળાવ ને મુસલમાન માણસો. હવે તો ઘટી ગયા છે પાણી. માછલાને લોઢાનો નાખે કાંટો હોયને કાંટો લોઢાનો. અને લોટ નાંખે. એ ખાવા જાય ત્યાં કાંટો ગરી જાય. **लोह कंटककी कोरसौं..** કંટકની કોર **उरझ्यौ..** એની અણી ગરી જાય. **उरझ्यौ मीन..** એકાકાર અંદર થયું, થઈ રહ્યું. **फँसी हुई..** ફસાઈ ગઈ.

चेतन असाता लहै.. અશાતા પામે साता लहै.. છૂટે તો સાતા લહે, પણ છૂટી શકે નહીં. साता लहै संदसौं.. છૂટે તો શાતા પામે, પણ છૂટી શકતો નથી. બંધ અધિકાર છે એટલે બંધનો ભાવ થોડો છે જ્ઞાનીને, એની વાત અહીં સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? चेतन असाता लहै.. આહાહા! એ ગાયનું તે દિ' જોયું હતું, અત્યારે હજી યાદ છે હોં. ૬૨ વરસ થયા હશે. તોડા પહેર્યા હોયને એટલું બળી ગયું ચામડું.... નખ.. નખ.. એ સારા. કારણ કે ઊંડું ગરી ગયેલુંને જરી. ઉપર બળતું હતું ઘાસ. પગની ઉપર કાંઈ નહીં પાછું મધ્યમાં. બળી ગયું... આહાહા! રાતે પડી હશે. લોકો આવ્યા સવારે પછી તો કાઢી બહાર. એ દાખલો અહીં લાગુ પડે છે, જુઓ આ.

એમ ધર્મી જીવ આત્મા આનંદને જાણનાર હોવા છતાં ग्यानवंत सब जानै.. જાણે કે આ રાગ ખરાબ છે, નુકશાનકારક છે, સુખ એમાં નથી. એમ છતાં, આહાહા! રાગમાં જોડાય છે, છૂટી શકતો નથી એમ કહે છે. जैसैं महाताप सिर वाहिसौं गरास्यो नर.. મનુષ્યને તાવ આવ્યો. એકસો પાંચ-છ ડીગ્રી. માથું.... સુવડાવ્યો માથે આમ. गरास्यो नर, तकै निज काज उठि सकै न सुछंदसौं.. ખાટલામાંથી ઊઠી શકે નહીં. જુઓને, આ ચકરી આવે છેને માણસને, નહીં? ચકરી. ઊઠી ન શકે. આમ પડી જાય.

जैसैं महाताप सिर वाहिसौं गरास्यो नर, લ્યો. तेज बुखार और मस्तक शूलमें पडा हुआ अपना कार्य करनेके लिये स्वाधीनतापूर्वक नहीं उठ सकता. અહીં જરી હેઠે આવો અહીં ખાવા. ન ઊઠી શકે. ઉપર નહીં બેસાય, ખાટલો પોચો આમ-આમ છે ને. પીવું હોય પાણી કે ચા, ઊઠી શકે નહીં. માથું ફાટે.. ફાટે. તાવ આવે ને માથું ફાટતું હોય, બેય.

એમ જ્ઞાનીને ભાન છે કે આ અમારો આનંદ છે એમાંથી ખસી જાઉં છું, અસ્થિરતામાં આવું છું. પણ તે ભૂમિકા પ્રમાણે છોડી શકતો નથી. तकै निज काज.. તાવ ને માથાના શૂળવાળો પોતાનું કાર્ય तकै એટલે કરવા માગે કે ઊઠું, આમ કરું, તેમ કરું. तकै निज काज उठि सकै न सुछंदसौ.. પણ પોતાના સ્વતંત્રપણે ઊઠી શકે નહીં. तैसै ग्यानवंत सब जानै, લ્યો. બંધ અધિકારમાં જરી નાખ્યું છેને? આવે છેને? જ્ઞાન પરિણમન.... આસ્રવમાં નથી આવતું? આસ્રવ છે એ બંધનું કારણ છે. એ લેખ આવ્યો છે મોટો, ભાઈનો કૈલાસચંદજીનો.

ઓલો કહે છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર બંધનુંય કારણ ને મોક્ષનુંય કારણ—બેય છે. રતનચંદજી. બીજું છે. બંધનું કારણ સમ્યગ્દર્શન છે જ નહીં. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં બહુ ખુલાસો છે કે સમકિતી જ તીર્થંકરગોત્ર બાંધે ને સમકિતી મુનિને જ આહારક શરીર હોય. પણ એ રાગ અશુદ્ધ ઉપયોગનો અપરાધ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને કારણે

બંધ છે નહીં. ઓલું આવે છે ને ? 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં मोक्खउपाय. મોક્ષ ઉપાય છે.. બંધ કારણ છે એ મોક્ષનો ઉપાય છે, એમ. પણ મોહ છે એ ત્યાં લાગુ પડતું નથી. એ નાખ્યું છે ભાઈ કૈલાસચંદજીએ. .... છેલ્લામાં એમ નાંખવું જોઈએ એને ઠેકાણે... મોક્ષનો ઉપાય છે એમ કહે છે. બંધભાવ પણ મોક્ષનો ઉપાય છે. કહો, આવા ને આવા ત્યાગી... જ્યાં ને ત્યાં ગાથાઓ છે. જેટલે અંશે નિર્મળતા દર્શનની એટલે અંશે બંધ નથી. જેટલે અંશે રાગ છે એટલે અંશે બંધ છે. પક્ષ કરીને માણસને...

હવે આ સમયસાર ખટક્યું છે. એય! વાંચ્યું ને ? હવે સમયસાર, સમયસાર જ્યાં હોય ત્યાં ઉપાડે. પણ તને નડ્યું શું ? આ બનારસીદાસ નથી કહેતા આમાં? ઘર ઘર કથા વખાણી. વાંધો શું છે તારે? આત્મા, આત્મા કેવો છે ? આત્મા શું છે? એને માટેની વાત છે આમાં. વાંધો શું છે? નહીં, બંધની વાત સમજાવો. સમયસારના જાણનારા પણ, સમયસારના વાંચનારાને બંધની ખબર ન મળે. કાંઈ ખબર ન મળે, એમ લખ્યું છે. સમયસારિયા પણ બધા સમયસારરૂપ થાતા નથી ને મફતની વાતું કરે છે, એમ લખ્યું છે. આહાહા ! ઓલામાં એમ લખે છે, આત્મા.... વેદાંતમાંય આવે છે ને આપણામાંય આવે છે. 'પદ્મનંદી' (આચાર્ય) ૧૩ બોલ. આત્મા સાંભળવો, આત્મા પૂછવો, આત્મા વાંચવો, આત્મા.... કેટલા અગિયાર બોલ આવે છે, નહીં ? 'યોગસાર'માં. અમિતગતિ(આચાર્ય).

અને આમાંય આવે છે. 'પદ્મનંદી પંચવિંશતિ'માં થોડા આવે છે. ઓલામાં ઘણા આવે છે. અગિયાર બોલ આવે છે. અને આમાં વેદાંતમાં તો ઘણું આવે છે. આત્મા સાંભળવો, આત્મા વાંચવો, આત્મા વિચારવો, આત્મા પૂછવો. એ એને ખટકે છે. અરે ભગવાન! ભલે છે પણ એ આત્માની વાત છે ને ? એમ કહેવું છે. આત્મા એટલે સમયસાર. વાંધો આવ્યો હોય એને આત્મા.... એમ કે આત્મા હવે સમયસાર સમયસાર થઈ ગયું અત્યારે. જ્યાં હોય ત્યાં જમાનો બદલાઈ ગયો.

આવું નહોતું. ફરીને શરૂ કરો. કથાનુયોગ જોઈએ પહેલો. પછી એ ત્રણે યોગમાંથી ગમે તે એક વાંચે. એ જરા ધીમો હતો. ભાઈ નહોતું કહેતા ? જૂનાગઢવાળા આવ્યા હતાને બારભાયા. બારભાયા આવ્યા હતા ત્યાં. 'અમારે તો અડધો કલાક ચાલે કથા, પછી પા કલાક ચાલે બીજું પછી. કથાનુયોગ પહેલો. (શ્રોતા : શ્વેતામ્બરમાં અડધો કલાક કથા જ ચાલે). કથા જ ચાલે. પછી કર્તા-કર્મ કહે એ ચાલે. એમ કહેતા હતે. હવે આ ચાલે તો વાંધો શું છે તારે ? (શ્રોતા : આ પણ કથા છે.) આત્માની કથા છે. શું છે ? એને પણ ત્યાગ કેટલો જોશે એને? એમ કે આત્માને માટે બીજા અનુયોગના જ્ઞાનનો ભંડાર ભેગો કરો તો યોગસાર, સમયસાર.... નાખ્યું છે. છેને એમાં ? બધુંય આવે, ક્યાંથી નથી આવતું ?

આંહીં કહે છે, ग्यानवंत सब जानै.. સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની જાણે બધું કે અરે, આ રાગ નુકશાનકારક છે. વાસના, લડાઈનો ભાવ આવે. રાજાનો કુંવર હોય, રાજા હોય, લ્યો. આહાહા! દુઃખદાયક છે આ ભાવ. પણ એ ભૂમિકામાં અબંધપરિણામની પૂર્ણતા તો થઈ નથી. એથી આવા બંધ ભાવ એને હોય છે, એમ જણાવે છે અને ટાળવાનો પુરુષાર્થ કરવા કહે છે.

सब जानै न बसाइ कछू, बंध्यौ फिरै पूरब करम—फल—फंदसौं.. એ કર્મના નિમિત્તનું ફળ રાગાદિ એમાં જોડાઈ જાય છે. मोक्षमार्गमें अज्ञानी जीव पुरुषार्थहीन और ज्ञानी पुरुषार्थी होते हैं, દેખો. ગોમ્મટસારમાં કહ્યું છે કે એકલો એકાંત પુરુષાર્થ એ મિથ્યાત્વ છે. આંહીં પુરુષાર્થ કહે છે, મારું એમ કહેવું છે. કારણ કે પુરુષાર્થ સ્વભાવ તરફ છે એમાં બધા (આવી જાય છે.) સ્વભાવ આવ્યો. આવી જાય છે, ભેગા છે. ભાઈ! એમાં જુદા ક્યાં છે?

મોક્ષમાર્ગમાં અજ્ઞાની જીવ પુરુષાર્થહીન અને જ્ઞાની પુરુષાર્થી હોય છે. (ચોપાઈ)

जे जिय मोह नींदमैं सोवैं।
ते आलसी निरुद्दिम होवैं।।
द्रिष्टि खोलि जे जगै प्रवीना।
तिनि आलस तजि उद्दिम कीना।।९।।

**અર્થ :—**જે જીવ મિથ્યાત્વની નિદ્રામાં સૂઈ રહે છે તેઓ મોક્ષમાર્ગમાં પ્રમાદી અથવા પુરુષાર્થહીન હોય છે અને જે વિદ્વાન જ્ઞાનનેત્ર ઉઘાડીને જાગૃત થયા છે તેઓ પ્રમાદ છોડીને મોક્ષમાર્ગમાં પુરુષાર્થ કરે છે. ૯.

**अर्थ :—**जो जीव मिथ्यात्वकी निद्रामें सोते रहते हैं वे मोक्षमार्गमें प्रमादी पुरुषार्थहीन होते है और जो विद्वान ज्ञाननेत्र उघाड़कर जाग्रत हुए हैं वे प्रमाद छोड़कर मोक्षमार्गमें पुरुषार्थ करते हैं।।९।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जो जीव मिथ्यात्वकी निद्रामें सोते रहते है.. રાગ ને વિકારની એકતામાં પુરુષાર્થ ઊલટો કરીને સૂવે છે. वे मोक्षमार्गमें प्रमादी और पुरुषार्थहीन है. એ અંતર્મુખ સ્વભાવ સન્મુખના પુરુષાર્થથી હીન વિપરીત છે. સમજાય છે? ત્યાંય પુરુષાર્થ તો છે, પણ સવળો પુરુષાર્થ નથી એમ કહેવું છે. પુરુષાર્થહીન કીધોને? પુરુષાર્થ તો છે ઊંધો. સવળા

પુરુષાર્થથી હીન છે, એમ. સમજાણું? जे जिय मोह नींदमैं सौवै.. જે જીવ... મોહ શબ્દે મિથ્યાત્વ, એનો પુરુષાર્થ સ્વભાવ સન્મુખ હોતો નથી. ते आलसी निरुद्दिम हौवै.. આળસુ ને ઉદ્યમ વિનાનો અજ્ઞાની થાય. લ્યો, અહીં તો આળસી ને નિરુદ્યમી કહ્યો. પુરુષાર્થ સ્વભાવ તરફ નથી એ અપેક્ષાએ. બાકી છે તો ઉદ્યમી. મિથ્યાત્વભાવમાં ઉદ્યમી છે. ક્યાં ઉદ્યમી નથી? સવળો ઉદ્યમ એ ઉદ્યમ ગણવામાં આવ્યો છે. જે વીર્ય સ્વરૂપને રચે છે એને પુરુષાર્થ કહે છે. રાગમાં એકત્વ થાય એ પુરુષાર્થ છે? એટલે એને પુરુષાર્થહીન ગણ્યું, એમ. સમજાયું? આહાહા!

ते आलसी निरुद्दिम हौवै.. જેને સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ નથી અને રાગાદિ વિકાર તરફનો પુરુષાર્થ છે. એવો જે મિથ્યાદૃષ્ટિ, સ્વભાવ તરફનો આળસુ ને ઉદ્યમ વિનાનો છે એમ કહે છે. द्रिष्टि खोली जे जगे प्रवीना.. ધર્મી જીવ અંતરના જ્ઞાનનેત્રને ઉઘાડીને, પુરુષાર્થ દ્વારા સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરીને જાગૃત હુએ.. ધર્મી પોતાના જ્ઞાનસ્વભાવના પુરુષાર્થથી જાગૃત થયો છે. કહો, સમજાણું? કોઈ એમ કહે, ભગવાને દીઠું તે દિ' થાશે. એમાં આપણો પુરુષાર્થ શું કામ કરે? એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ રાગની એકતામાં પડી છે. અને ભગવાને દીઠું એમ થાશે, એમ કરીને પુરુષાર્થ ખોઈ બેસે છે. આ લોકો એમ કહે, ક્રમબદ્ધ માનનારા પુરુષાર્થ ખોઈ બેસે છે. ક્રમબદ્ધ માનનારાને જ પુરુષાર્થ હોય છે. સમજાણું કાંઈ? ભારે!

આંહીં તો કહે છે કે અજ્ઞાની પુરુષાર્થહીન છે અને પ્રમાદી છે. કઈ અપેક્ષાએ? પોતાના સ્વભાવનો પુરુષાર્થ કરતો નથી એ અપેક્ષાએ પ્રમાદી, હીન છે. બાકી પુરુષાર્થ બરાબર કરે છે મિથ્યાત્વભાવમાં. પણ એ કાંઈ પુરુષાર્થ છે? એમ કહે છે. સમજાણું? મિથ્યાત્વભાવનો પુરુષાર્થ એ કાંઈ વીર્યનું કાર્ય છે? એ પુરુષાર્થ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? રાગમાં વિકારમાં એકતાબુદ્ધિનો પુરુષાર્થ એ કાંઈ પુરુષાર્થ છે? એમ કહે છે. જુઓને, કઈ શૈલી છે? કારણ કે પુરુષાર્થ તો સ્વરૂપની રચના કરે એને પુરુષાર્થ કહીએ. આ તો રાગની સાથે એકત્વ વિકારની રચના કરે, એ તો પુરુષાર્થહીન છે. શું કહે છે? સ્વભાવનો જે પુરુષાર્થ છે એ છે નહીં, એમ. સમજાણું કાંઈ? આહાહા!

द्रिष्टि खोली जे जगे प्रवीना.. જેણે જ્ઞાનનેત્ર ઊઘાડી ને જાગૃત હુએ હૈ. तिनि आलस तजि उद्दिम कीना, લ્યો. એ સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરતો આળસ છોડીને ઉદ્યમવાન થયો છે. સમ્યગ્દ્રષ્ટિ સ્વભાવ તરફના પુરુષાર્થમાં છે એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મીનો પુરુષાર્થ વીર્ય, શુદ્ધ સ્વભાવની રચના કરે એમાં એનું વીર્ય છે. તેથી ધર્મી સ્વભાવના પુરુષાર્થમાં છે એમ કહે છે. સમજાણું કાંઈ? द्रिष्टि खोली जे जगे प्रवीना.. 'હું

તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપ' એવી જ્યાં દૃષ્ટિ ખીલી ને જ્ઞાન નેત્ર ખૂલ્યા, કહે છે કે એને સ્વભાવ તરફનો આળસ ને સ્વભાવ તરફનો પુરુષાર્થહીનતા હોય નહીં. એમ કહે છે. आलस तजि उद्यम कीना, લ્યો. એને તો, મોક્ષમાર્ગમાં પુરુષાર્થ કરતે હૈં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પુરુષાર્થ તે જ પુરુષાર્થ છે એમ કહે છે. મિથ્યાત્વ ને રાગમાં પુરુષાર્થ એ સમુળગો પુરુષાર્થહીન કીધો. કરે છે તો ખરો બિચારો આની કોર ઊંધો. સમજાણું કાંઈ? શુભરાગ. લ્યો, એ નવમો થયો.

દસમો. ज्ञानी और अज्ञानीकी परिणति पर दृष्टांत. બેય ઉપર દૃષ્ટાંત આપે છે. બેય આવ્યુંને એમાં? અજ્ઞાની ને જ્ઞાની—બેય આવ્યુંને આમાં. ઓલામાં એમ હતું પહેલું, जब जाकौ जैसौ उदै. એ કહીને દૃષ્ટાંત આપ્યો. આ પણ બે વાત કરીને એનું દૃષ્ટાંત આપે છે.

જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિ પર દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

काच बांधै सिरसौं सुमनि बांधै पाइनिसौं,
जानै न गंवार कैसी मनि कैसी काच है।
यौंही मूढ़ झूठमैं मगन झूठहीकौं दौरै,
झूठी बात मानै पै न जानै कहा साच है।।
मनिकौं परखि जानै जौंहरी जगत मांहि,
साचकी समुझि ग्यान लोचनकी जाच है।
जहांसो जु वासी सो तौ तहांकौ मरम जानै,
जाको जैसौ स्वांग ताकौ ताही रूप नाच है।।१०।।

**શબ્દાર્થ** :—સિર=મસ્તક. સુમનિ=રત્ન. પાઈનિસૌં=પગોથી. પરખિ=પરીક્ષા. લોચન=નેત્ર. સ્વાંગ=વેષ.

**અર્થ** :—જેવી રીતે વિવેકહીન મનુષ્ય માથામાં કાચ અને પગમાં રત્ન પહેરે છે, તે કાચ અને રત્નનું મૂલ્ય સમજતો નથી, તેવી જ રીતે મિથ્યાત્વી જીવ અતત્ત્વમાં મગ્ન રહે છે અને અતત્ત્વને જ ગ્રહણ કરે છે, તે સત્-અસત્‌ને જાણતો નથી. સંસારમાં હીરાની પરીક્ષા ઝવેરી જ જાણે છે, સાચ-જૂઠની ઓળખાણ માત્ર જ્ઞાનદૃષ્ટિથી થાય છે. જે જે અવસ્થામાં રહેવાવાળો છે તે તેને જ સારી રીતે જાણે છે અને જેનું જેવું સ્વરૂપ છે તે તેવી જ રીતે પરિણતિ કરે છે, અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વને જ ગ્રાહ્ય સમજે છે અને તેને અપનાવે છે તથા સમ્યક્ત્વી સમ્યક્ત્વને જ ગ્રાહ્ય જાણે છે અથવા તેને અપનાવે છે.

**ભાવાર્થ** :—ઝવેરી મણિની પરીક્ષા કરીને લે છે અને કાચને કાચ જાણીને તેની કદર

કરતો નથી, પણ મૂર્ખાઓ કાચને હીરો અને હીરો કાચ સમજીને કાચની કદર અને હીરાનો અનાદર કરે છે, તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની હાલત રહે છે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ અતત્ત્વનું જ તત્ત્વશ્રદ્ધાન કરે છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ પદાર્થનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ કરે છે. ૧૦.

**अर्थ :**—जिस प्रकार विवेकहीन मनुष्य माथेमें काँच और पैरमें रत्न पहिनता है वह काँच और रत्नका मूल्य नहीं समझता, उसी प्रकार मिथ्यात्वी जीव अतत्त्वमें मग्न रहता है और अतत्त्वहीको ग्रहण करता है, वह सत्-असत्को नहीं जानता। संसारमें हीराकी परीक्षा जौहरी ही जानते हैं, साँच-झूटकी पहिचान मात्र ज्ञानदृष्टिसे होती है। जो जिस अवस्थाका रहनेवाला है वह उसीको भलीभांति जानता है और जिसका जैसा स्वरूप है वह वैसी ही परिणति करता है, अर्थात् मिथयादृष्टि जीव मिथ्यात्वको ही ग्राह्य समझता है और उसे अपनाता है तथा सम्यक्त्वी सम्यक्त्वको ही ग्राह्य जानता है व उसे अपनाता है।

**भावार्थ :**—जौहरी मणिको परीक्षा करके लेता है और काँचको काँच जानकर उसकी कदर नहीं करता, पर मूर्ख लोग काँचको हीरा और हीराको काँच समझकर काँचकी कदर और हीराका अनादर करते हैं, उसीप्रकार सम्यक्त्वी और मिथ्यात्वीका हाल रहता है अर्थात् मिथ्यादृष्टि जीव अतत्त्वहीको तत्त्वश्रद्धान करता है और सम्यक्त्वी जीव पदार्थका यथार्थ स्वरूप ग्रहण करता है॥१०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

काच बांधै सिरसौं सुमनि बांधि पाइनिसौं,
जाने न गंवार कैसी मनि कैसौ काच है।

यौंही मूढ़ झूठमैं. અહીં તો મૂઢ કીધો. જુઓ ઓલો વળી કહે કે જુઓ, અષ્ટાપદમાં ક્યાંય એવો શબ્દ નથી મૂઢ ને એવી ભાષા.... પણ હવે ભાષામાં શું છે? 'કુંદકુંદાચાર્યે' બહુ મૂઢ (શબ્દ) વાપર્યો છે આમાં. પરને જીવાડું, પરને મારું, પરને ઉગારું. મૂઢ છો. (શ્રોતા : મૂઢ મટાડવો છે એટલે એમ જ કહેને?) સમજણ કરાવે એટલે યથાર્થ કરાવે કે નહીં? સમજાણું?

काच बांधै सिरसौं सुमनि बांधि पाइनसौं,
जाने न गंवार कैसी मनि कैसौ काच है।

यौंही मूढ़ झूठमैं मगन झूठहीकौं दौरै,
झूठी बात मानै पै न जानै कहा साच है॥

સાચું શું છે, એનું ભાન કાંઈ નથી. બધામાં પોતાનો જુઠો દોરો ચલવે. ધર્મ કરવાને બહાને પણ જૂઠું ચલવે. સમજાણું કાંઈ? માન.. માન.. માન મેળવવા.

मनिकौं परखि जानै जौंहरी जगत मांहि,
साचकी समुझि ग्यान लोचनकी जाच है।
जहांको जु वासी सो तौ तहांकौ मरम जानै,
जाको जैसौ स्वांग ताकौ ताही रूप नाच है॥

ભારે કહે છે બનારસીદાસ પણ. અજ્ઞાની કાચ બાંધે. એ માથે કાંચ બાંધે, પગે મણિ. કહો, બાંધતા હશે કોઈ? આ તો દૃષ્ટાંત છે. એવાય હોય પાગલ હોય ગાંડા. कांच बांधै सिरसौ.. કાંચનો કટકો હોય એ રાખે માથે ટોપીમાં જડે કાં પાઘડીમાં જડે. અને सुमनि.. ઉત્તમ મણિ હોય ઉત્તમ ઊંચી કિંમતી એ પગમાં બાંધે, જોડામાં નાખે. જોડામાં મણિ ને અહીં કાંચ, એમ કહે છે. એમ મૂળ તો કહે છે. આહાહા! जानै न गंवार.. કાચ કૈસી ને મણિ કૈસો. કોને કહેવો કાચ ને મણિ કહેવો (એની) ખબર નથી. ऐसो मूढ झूठमैं मगन.. આહાહા! પોતાની કલ્પેલી જૂઠ વાત, એમાં એ મગન હોય. એ બહાને આખો કારખાનું ચાલતું હોય અજ્ઞાનીનું. શાસ્ત્રને બહાને પણ જૂઠું ચલવે, ધર્મને બહાને, સંસારને બહાને.. मूढ झूठमैं मगन એમ છે ને? मिथ्यात्वी जीव अतत्त्वमें मगन रहता है. જુઓ એમ છે.

વાસ્તવિક આત્મા શું? રાગ શું? અજીવ શું? એના ભાન વિના, એ સ્વભાવમાં મગ્ન ન રહેતાં અતત્વમાં મગ્ન, જૂઠમાં મગ્ન રહે. લ્યો, આમાં આવ્યું છેને, વિદ્વાન. નિશ્ચય તજી વ્યવહારમાં વર્તન કરે એ વિદ્વાન નથી એમ કહે છે. શાસ્ત્રમાં આવે, વ્યવહારને કરો, વ્યવહાર કરો, વ્યવહાર કરો. જૂઠ છે એમાં મગ્ન રહે. વસ્તુ અપેક્ષાએ જૂઠ છે. (વ્યવહાર) વસ્તુ (-અસ્તિ) છે. એય નાખ્યું છે આણે. એમ કે બધી ચીજ (છે.) એક જ આત્મા હોય ભૂતાર્થ ને બીજું અસત્ય હોય તો વેદાંત થઈ જશે. આત્મા પણ છે ને બીજા છ દ્રવ્ય સત્ય છે. ..... જૈનસંદેશમાં નાખ્યું, કહો. પહેલા કોણ હતું? અજીતકુમાર? નહીં. એને ઠેકાણે આવ્યો છેને બીજાને ઠેકાણે. .... કર્મનો ખિલૌના છે આત્મા. છાપામાં આવ્યું હતુંને પહેલું .... કેમ પંડિતજી? કર્મનો ખિલૌના છેને આત્મા? જડકર્મ જેમ નચાવે તેમ નાચે આત્મા.

કરમ બિચારૈ કૌન? એ તો જડ છે. તે તારામાં એની નાસ્તિ છે ને એનામાં તારી નાસ્તિ છે. જડકર્મમાં તારી નાસ્તિ છે ને તારામાં... તારામાં જે નથી એ તને નુકશાન કરે?

એ એનામાં રહ્યો, તારામાં ન આવે ને નુકશાન કરે, લ્યો. એ અડતોય નથી છતાં એને પોતાને અંદરમાં એકત્વબુદ્ધિ થાય અજ્ઞાનીને, એને કારણે ઓલો નિમિત્ત થાય. મૂઢતાની યોગ્યતા છે એને નિમિત્ત થાય.

એ સમયસારમાં આવે છેને, સ્ત્રીને ધૂણાવે એને. આવે છે ને? અહીં તો કહે છે, मूढ झूठमैं मगन.. પુણ્ય વિકલ્પ આદિ પર(ચીજ) વાસ્તવિક તત્ત્વ નથી, બસ એમાં લીન-મગ્ન છે. झूठमैं मगन, झूठ ही कौ दोरै. વાત ને પ્રરૂપણા, માન્યતા જૂઠને સિદ્ધ કરવા માંગે. છે ને? वह सत्-असत्को नहीं जानता, संसारमें हीराकी परीक्षा जौहरी ही जानते है. અહીં તો એ કહ્યું છે. झूठ ही कौ दोरै. લ્યો. એ જૂઠને લંબાવે. એ પોતાની વાત ખોટી હોય તો પણ એને લંબાવીને સિદ્ધ કરવા માંગે. આહાહા! झूठी बात मानै पै न जानै कहा साच है.. જૂઠી વાત માને. સાચું છે એનું ભાન ન મળે. झूठी बात मानै पै न जानै... साँच-झूठकी पहिचान मात्र ज्ञानदृष्टिसे होती है. અજ્ઞાનીને છે નહીં, એમ કહે છે.

मनिकौं परखि जानै जौंहरी जगत मांहि.. મણિને તો ઝવેરી પરખી શકે છે. આવે છેને. એક ઓલો હીરો હાથ આવ્યો હતો તે. માન્યું કે આપણે હવે ઘાસતેલ બાળવું મટ્યું. કરો પ્રકાશ રોટલી ને રોટલા વખતે રાતના. મૂરખ છે. કાંઈ ખબર નથી. એમાં વળી હીરાવાળો કોઈ પ્રગટ્યો. એલા, પણ આ શું ચીજ છે તારે ત્યાં? અમારે ત્યાં હજારો સોનામહોરો પડી છે, લાવ, આપીએ તને. હેં! આવી આ ચીજ! લ્યો. એને ગ્યાસતેલનો લાભ થાતો હતો. ગ્યાસતેલ ન બળે માટે આ હીરાને.... આવા ને આવા. પછી એને ખબર પડી. ઓહો! અરે, હું તો જ્યાં હતો ત્યાં તો આવી બહુ ચીજ હતી. પણ આ તો હું એક જ લઈ આવ્યો.

मनिकौं परखि जानै जौंहरी जगत मांहि, साचकी समुझि ग्यान लोचनकी जाच है, લ્યો. એ સત્યને જ્ઞાની સમજે. દ્રવ્યનું સ્વરૂપ સત્ય ત્રિકાળ શુદ્ધ છે. પર્યાય પણ એને આશ્રયે થાય તો શુદ્ધ છે. પરને આશ્રયે થાય તો અશુદ્ધ છે. એવું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાની જાણી શકે છે એમ કહે છે. साचकी समुझि ग्यान लोचनकी जाच है.. जो जिस अवस्थाका रहनेवाला है वह उसीको भली जानता है. શાસ્ત્રથી પણ એ વાતને સિદ્ધ કરવા મથે, એમ કહે છે. साचकी समुझि ग्यान लोचनकी जाच है. जहांको जु वासी सो तौ तहांकौ मरम जानै.. ધર્મી જેનો સ્વાંગ એના મર્મને જાણે. અજ્ઞાનીને એના મર્મની ખબર નથી. રાગ આદિમાં પડ્યો એકત્વબુદ્ધિમાં, આહાહા! એને સાચા લોચન ખુલ્યા નથી, ખીલ્યાં નથી. એને ઊંધી જ વાતમાં બધું દોરાણ હોય છે એમ કહે છે.

जहांको जु वासी सो तौ तहांकौ मरम जानै, जाकौ जैसौ स्वांग ताकौ ताही

रूप नाच है.. શાહુકારનો વેશ પહેરી પછી નટની પેઠે નાચે ? નટ નાચે એ તો એનો સ્વાંગ હોય એ પ્રમાણે નાચે. હમણાં નહોતો? ક્યાંક બાજીગર હતો. ભાવનગર હતો, નહીં? આપણે નીકળ્યા ત્યારે, નહીં? એક બાઈ છોડી હતી જુવાન બાજીગર. બે વાંસડા ઉપર પગ મુક્યા હતા. ભાવનગર, નહીં? સરકસ નહીં, બાજીગર. આ તો બાજીગર ને બાઈ—બે. આ તો રસ્તામાં સરકસ ક્યાં? આપણે રસ્તામાં નીકળ્યા ત્યારે. ક્યાં હતું અમદાવાદ ? અમદાવાદમાં હતું.

બાઈ હતી બાજીગરની જુવાન. બે વાંસડા પર પગ મુક્યા હતા. બજાણી હતી બજાણી. રસ્તા પર હતી બજાણી. બે વાંસડા પર પગ, હાથમાં લાકડી. આમ કરતી હતી. શિખ્યા હોય એ. જુવાન બાઈ હતી. અમદાવાદ. બજાણી.. બજાણી. સરકસ નહોતું. એનો ખેલ એ જાણી શકે. એ કંઈ શાહુકાર ખેલ કરી શકે ? શાહુકાર એના ધંધાનો ખેલ કરી શકે. એનો મર્મ જાણે કે આમ છે તો હું આમ કરું છું. આમ કરું છું. जाकौ जैसौ स्वांग ताकौ ताही रूप नाच है, લ્યો. जिसका जैसा स्वरूप है वह वैसी ही परिणति करता है, अर्थात् मिथ्यादृष्टि जीव मिथ्यात्वही को ग्राह्य समझता है और उसे अपनाता है. પોતાનું માને. सम्यक्त्वी सम्यक्त्वको ही ग्राह्य जानता है और उसे अपनाता है.

ભાવાર્થ—जौहरी मणिको परीक्षा करके लेता है और कांचको कांच जानकर उसकी कदर नहीं करता. કાચની કદર કરે નહીં. ભલે મોટો હોય ને બહુ ચકચકતો હોય. पर मूर्ख लोग कांचको हीरा और हीराको कांच समझकर कांचकी कदर और हीराका अनादर (करते है). કાચની કદર ને હીરાનો અનાદર. આમ, કદર ને અનાદર. उसी प्रकार सम्यक्त्वी और मिथ्यात्वीका हाल रहता है । मिथ्यादृष्टि जीव अतत्त्वहीको तत्त्वश्रद्धान करता है. વાસ્તવિક તત્ત્વ નથી એને વાસ્તવિક તત્ત્વમાં મેળવી દે. અને વાસ્તવિક તત્ત્વ હોય એને ખોઈ બેસે. सम्यक्त्वी जीव पदार्थका यथार्थ स्वरूप ग्रहण करता है, લ્યો. जैसी क्रिया तैसा फल.

बंध बढावे अंध ह्वै, ते आलसी अजान।
मुकति हेतु करनी करैं, ते नर उद्दिमवान॥११॥

**શબ્દાર્થ** :—અંધ=વિવેકહીન. આલસી=પ્રમાદી. અજાન(અજ્ઞાન)=અજ્ઞાની. ઉદ્દિમવાન= પુરુષાર્થી.

**અર્થ** :—જે વિવેકહીન થઈને કર્મની બંધ-પરંપરા વધારે છે તેઓ અજ્ઞાની તથા પ્રમાદી છે અને જે મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તેઓ પુરુષાર્થી છે. ૧૧.

**अर्थ :**—जो विवेकहीन होकर कर्मकी बंध-परंपरा बढ़ाते हैं वे अज्ञानी तथा प्रभावी हैं और जो मोक्ष पानेका प्रयत्न करते हैं वे पुरुषार्थी हैं॥११॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એને ઉદ્યમવાન કીધો. બાકી ઊંધા પુરુષાર્થવાળાને ઉદ્યમવાન (નથી કીધો), આળસુ છે. આહાહા! बंध बढावै.. જે વિવેકહીન જીવ કર્મની બંધની પરંપરા વધારે છે, આહાહા! તે આળસી છે, સ્વરૂપનો આળસી છે. ત્યાં ઉદ્યમી છે પણ એ ઉદ્યમ ગણવામાં આવ્યો નથી. એ આળસી અજાણ છે. मुक्ति हेतु करनी करैं.. ધર્મી તો રાગથી છૂટવા ને સ્વભાવમાં એકતાની કરણી કરે છે. સ્વભાવની એકતાની કરણી નામ પુરુષાર્થ કરે છે ધર્મી. તે नर उद्दिमवान.. તેને ઉદ્યમવાન કહીએ. ઓલા મિથ્યાત્વવાળાને ઉદ્યમવાન ન કહીએ, એને આળસી કહીએ. ઉદ્યમ તો ઘણો કરે છે બિચારો. ઊંધો. ઊંધો પુરુષાર્થ એ પુરુષાર્થનું સ્વરૂપ જ નથી એમ કહે છે. આહાહા! હવે શ્લોક પાંચમો છેને નીચે.

जानाति यः स न करोति करोति यस्तु जानत्ययं न खलु तत्किल कर्मरागः
रागं त्वबोधमयमध्यवसयमाहु—र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतुः॥५॥

जबलग जीव सुद्धवस्तुकौं विचारै ध्यावै,
　　तबलग भौगसौं उदासी सरवंग है।
भोगमैं मगन तब ग्यानकी जगन नांहि,
　　भोग-अभिलाषकी दसा मिथ्यात अंग है॥
तातैं विषै-भोगमैं मगन सो मिथ्याती जीव,
　　भोगसौं उदास जो समकिती अभंग है।
ऐसी जानि भोगसौं उदास ह्वै मुकति साधै,
　　यहै मन चंग तौ कठौती मांहि गंग है॥१२॥

**શબ્દાર્થ :**—ઉદાસી=વિરક્ત. સરવંગ=તદ્દન. જગન=ઉદય. અભિલાષ=ઇચ્છા. મુકતિ (મુક્તિ)=મોક્ષ. ચંગ(ચંગા)=પવિત્ર. કઠૌતી=કથરોટ.

**અર્થ :**—જ્યાં સુધી જીવનો વિચાર શુદ્ધ વસ્તુમાં રમે છે ત્યાં સુધી તે ભોગોથી સર્વથા વિરક્ત રહે છે અને જ્યારે ભોગોમાં લીન થાય છે ત્યારે જ્ઞાનનો ઉદય રહેતો નથી કારણ કે ભોગોની ઇચ્છા અજ્ઞાનનું રૂપ છે તેથી સ્પષ્ટ છે કે જે જીવ ભોગોમાં મગ્ન રહે છે તે મિથ્યાત્વી છે અને જે ભોગોથી વિરક્ત છે તે સમ્યગ્દષ્ટિ છે. એમ જાણીને ભોગોથી વિરક્ત

**થઈને મોક્ષનું સાધન કરો ! જો મન પવિત્ર હોય તો કથરોટના પાણીમાં નાહવું તે જ ગંગા–સ્નાન સમાન છે અને જો મન મિથ્યાત્વ, વિષય–કષાય આદિથી મલિન છે તો ગંગા આદિ કરોડો તીર્થોના સ્નાનથી પણ આત્મામાં પવિત્રતા આવતી નથી. ૧૨.**

**अर्थ :—जब तक जीवका विचार शुद्ध वस्तुमें रमता है तब तक वह भोगोंसे सर्वथा विरक्त रहता है और जब भोगोंमें लीन होता है तब ज्ञानका उदय नहीं रहता, क्योंकि भोगोंकी इच्छा अज्ञानका रूप है। इससे स्पष्ट है कि जो जीव भोगोंमें मग्न होता है वह मिथ्यात्वी है और जो भोगोंसे विरक्त है वह सम्यग्दृष्टि है। ऐसा जानकर भोगोंसे विरक्त होकर मोक्षका साधन करो! यदि मन पवित्र है तो कठोतीके जलमें नहाना ही गंगा-स्नानके समान है और यदि मन मिथ्यात्व, विषय-कषाय आदिसे मलीन है तो गंगा आदि करोड़ों तीर्थोंके स्नानसे भी आत्मामें पवित्रता नहीं आती।।१२।।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जबलग जीव सुद्धवस्तुकौं विचारे ध्यावै.. જુઓ, અહીં સિદ્ધાંત શું સિદ્ધ કરવો છે ? जब लग जीव सुद्धवस्तु... ભગવાન આનંદસ્વરૂપ અને પવિત્ર ભગવાન આત્મા, એનું વિચાર ને ધ્યાન કરે છે, तबलग तो भौगसौं उदासी.. વિષયવાસનાથી ઉદાસ છે. આહાહા! આત્માના પુરુષાર્થમાં શુદ્ધવસ્તુનો જ્યાં ભોગ કરે છે.. ધર્મી તો શુદ્ધ આનંદસ્વરૂપ વસ્તુનો ભોગ કરે છે. એને भौगसौं उदासी सरवंग है.. ભોગની કલ્પનાથી પણ વૈરાગ્ય છે એને. આહાહા ! સમજાણું કાંઈ? जबलग जीव सुद्धवस्तुकौं विचारे ध्यावै, तबलग भौगसौं उदासी सरवंग है. પરમાં સુખબુદ્ધિ છે નહીં. ઉદાસ છે અંદરથી. 'કરે કરમ સોહી કરતારા, જો જાને સો જાનનહારા. भोगमैं मगन तब ज्ञानकी जगन नांहि.. આહાહા ! વિષય વાસનામાં લીન છે એને જ્ઞાનની જાગૃતિ છે નહીં. આંધળું જ્ઞાન થઈ ગયું છે. કહો, સમજાણું કાંઈ ?

પહેલા અસ્થિરતાની વાત કરી હતી. જ્ઞાનીને.... પણ જ્ઞાનીને એ રાગમાં એકતા નથી. જ્ઞાનીને એકતા આત્મામાં—સ્વભાવમાં છે. એથી ઇન્દ્રના ઇંદ્રાણી આદિના ભોગથી સુખમાં ધર્મી—સમકિતદૃષ્ટિ ઉદાસ છે. સમકિતદૃષ્ટિને ક્યાંય પરમાં સુખનો રસ આવતો (નથી). આહાહા ! એમ કહે છે. भौगसौं उदासी.. પાંચ કરોડ પેદા રૂપિયા થયા, છોકરાઓ પાંચ સારા થયા, મકાનો મોટા થયા વાસ્તુ ને... કહે છે, આત્માના ભોગી છેને સમકિતીજીવ, એ તો પરના ભોગથી તો ઉદાસ છે. આહાહા ! સમજાણું કાંઈ ? મકાનનું વાસ્તુ... અને છોકરાના લગન હોય. એકનો એક છોકરો, બે પાંચ લાખ ખરચતો હોય. લોકો ચારેકોર વખાણ.. વખાણ.. આહાહા ! આમાં ધર્મી તો ઉદાસ છે. મારા આનંદનો ભોગવટો મારો મારી પાસે છે. એ પરચીજમાં ક્યાંય સુખ છે (નહીં.) આહાહા ! વીસ

વર્ષનો જુવાન, છ મહિનાના પરણેતરમાં મરી ગયો હોય, એનું બાપા મોઢું જોવે. સુખબુદ્ધિ હશે એમાં?

એક જણ હતો... એકનો એક ભાઈનો દીકરો હતો. પોતાનો તો ન્હોતો. મરી ગ્યો પછી કહે, એકવાર મને મોઢું જોવા દ્યો. ઠાઠડી બાંધવા પહેલા. .... અરેરે, આ છોકરો જાય છે આ. એને આમ દુઃખનો ખેદ છે. જોતાં એને દુઃખનો ખેદ છે. એમ જ્ઞાનીને દુનિયાના ભોગ જોતાં એનાથી એને ખેદ છે, ઉદાસ છે. સમજાણું કાંઈ? આત્માના આનંદ સિવાય બીજે બધે શૂન્યતા થઈ ગઈ છે જ્ઞાનીને, એમ કહે છે. ચાહે તો લક્ષ્મીની સામગ્રી હો, સ્ત્રીની સામગ્રી હો. છન્નું હજાર સ્ત્રી ચક્રવર્તીને, લ્યો. આહાહા! સ્મશાનમાં જેમ મડદું બેઠું હોય એમ ધર્મીને છે, કહે છે. એને આનંદના સ્વાદ આગળ આખી દુનિયાના ભોગનો રસ દૃષ્ટિમાંથી ઊઠી ગયો છે. આહાહા!

અજ્ઞાની ભોગમેં મગન. કાંઈક પ્રશંસા ને કાંઈક સારું કહે, અંદરથી ગલગલીયા થઈ જાય. રાગમાં લીન છે એમ કહે છે. અજ્ઞાની રાગના ભાવમાં સુખબુદ્ધિમાં લીન છે. तब ग्यानकी जगन नांहि.. પરમાં સુખબુદ્ધિ જ્યાં આવી એથી જ્ઞાન આંધળું થઈ ગયું. એણે જાણ્યું નહીં કે સુખ મારામાં છે. (માને છે કે) પરમાંથી આવ્યું. સમજાણું? આહાહા! ભૂખ લાગી હોય અને સાટા ગળ્યા આમ ઘીમાં તળેલા આવે ત્યાં એને આહા! મૂઢ રાગમાં લીન થઈ ગયો છે, એમ કહે છે. જ્ઞાની એવા સમયમાં પ્રસંગમાં પરથી તો ઉદાસ છે. ભોગ ખાતો-પીતો દેખાય, (પણ) એ ખાતો-પીતો છે જ નહીં. આહાહા!

भोगमैं मगन तब ग्यानकी जगन नांहि.. ભોગમેં મગન.. આ કવિની શબ્દ (મેળવણી) પાછી, એમ. भोगमैं मगन तब ग्यानकी जगन नांहि.. ત્યારે જ્ઞાન ચાલતું નથી, આધળું છે. આહાહા! શરીરની સુંદરતા, અવયવોની નમણાઈ એવી દેખીને અજ્ઞાની એમાં લીન થઈ જાય છે. આહાહા! એને જ્ઞાન ચૈતન્યની જાગૃતિ છે નહીં. એને સમ્યગ્દર્શન નથી એમ કહે છે. સમજાણું કાંઈ? भोग-अभिलाषकी दसा मिथ्यात अंग है, દેખો. પરમાં સુખબુદ્ધિની અભિલાષા એ તો મિથ્યાત્વનું અંગ છે.

भोगोंकी इच्छा अज्ञानका रूप है. આનંદની જેને રૂચિ નથી, એને ભોગની વાસનાની રૂચિ છે. એ અજ્ઞાનનો એક ભાગ છે, મિથ્યાત્વનો જ ભાગ છે એમ કહે છે અહીં તો. तातैं विषै—भोगमैं मगन सो मिथ्याती जीव.. એથી વિષયના ભોગમાં, પંચેન્દ્રિયના વિષયો એના તરફના ભોગમાં લીન એ મિથ્યાત્વી જીવ છે. भौगसौं उदास सो समकिती अभंग है, લ્યો. આહાહા! ઈન્દ્રના ઈન્દ્રાસનો ને ઈંદ્રાણીઓ કરોડો, એ ભોગથી સમકિતી ઉદાસ છે. આહાહા! સમજાણું કાંઈ? भौगसौं उदास सो समकिती अभंग है.. અભંગ છે,

કહે છે. ऐसी जानि भोगसौं उदास ह्वै मुक्ति साधै.. ધર્મીને તો રાગ આદિના ભોગમાં ક્યાંય પણ ઉમંગતા, ઉત્સાહતા (નથી), એનાથી ઉદાસ છે. ह्वै मुक्ति साधै.. એ સ્વરૂપને સાધી રહ્યો છે, મુક્તિને સાધે છે.

यहै मन चंग तौ कठौती मांहि गंग है.. લાકડાની કથોટ આવેને ? શું કહેવાય ? કથરોટ. એમાં પાણી નાખીને નહાય, ગંગા આવી જાણે મારે ઘેરે. મનમાં જ્યાં રાગાદિ ને પરના ભોગથી ઉદાસ છે, એ પોતે અંદરમાં આત્માના આનંદમાં સ્નાન કરે છે, ન્હાય છે. એ ગંગામાં નહાય છે. यहै मन चंग तौ कठौती मांहि गंग है, લ્યો. काष्ठका एक बर्तन.. પહેલાં એ થાતુંને આ. રોટલીના લોટને કાષ્ટમાં.... લાકડાની થાળી. અમારે હતી લાકડાની મોટી, એમાં કરતા હોં. કહે છે, જે આત્મા પરથી ઉદાસ થઈ ગ્યો છે, એને ઘરમાં જ આનંદ ને પવિત્રતા ગંગામાં નહાય છે, એમ રહે છે. અજ્ઞાની રાગમાં એકાકાર થઈ ને આત્માની ગંગાને છોડી દે છે. આ બંધનો અધિકાર છે એટલે અજ્ઞાનમાં બંધ છે ને જ્ઞાનમાં બંધ નથી, એમ સિદ્ધ કરવું છે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

કહે છે, 'ભાઈ ! પ્રભુ તું તો અનાકુળ આનંદ સ્વરૂપ છો ને આત્મા'. હવે એ આનંદ સ્વરૂપમાં તો આનંદનું જ વેદન પ્રગટ થાય કારણકે પ્રસરનારો વ્યાપક તો ઈ છે. એની દશા વ્યાપ્યરૂપે, કાર્યરૂપે, તો આનંદનું કાર્ય એ એનું વેદન છે. અને આ સુખ-દુઃખની કલ્પના, એ બેય દુઃખરૂપ છે, બેય પુદ્‌ગલાકાર છે, પુદ્‌ગલ સ્વરૂપ છે અને બેય બહિર્મુખ છે. બહિર્લક્ષે ઉત્પન્ન થયેલા ભાવ છે. ધર્મીને એ એ ભાવ હોતો (નથી.) અંતર્મુખી દૃષ્ટિને લઈને, આહાહા ! સ્વરૂપ દૃષ્ટિ થઈને જે સ્વરૂપનું વેદનની દશા, એ તો સ્વરૂપનો આકાર ને સ્વરૂપનો ભાવ છે.

**નાટક સમયસાર પ્રવચન નં. ૮૩નો અંશ, પાના નં. ૨૧૫**

## પ્રવચન નં. ૯૦, અષાઢ સુદ ૮, બુધવાર તા. ૩૦-૬-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૧૩, ૧૪, ૧૫ પર પ્રવચન

બંધ અધિકાર. બારમું પદ ચાલ્યું છે. તેરમું. છે ને? પાનું ૧૮૦. માથે શું કહ્યું? કે ધર્મીને વિષય-ભોગની વાસના હોતી જ નથી. એ હોતી જ નથી. એને નથી હોતી. એ છે એ પર છે. કેમકે ધર્મીએ, આત્મામાં આનંદ છે એમ અનુભવ્યું છે. એથી એને પુણ્ય-પાપના ભાવમાં કે ક્યાંય સુખબુદ્ધિ સમકિતીને હોતી જ નથી. સમજાણું કાંઈ? એ વિકલ્પ આવે, પણ એમાં સુખપણું માનતો નથી. એમાં મજા છે એમ માનતો નથી. જો રાગના મંદપણામાં કે તીવ્રપણામાં ઠીક છે, સુખબુદ્ધિ છે એમ માને, (તો એ) મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી. કેમકે આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો સ્વભાવ પુંજ છે. એની જેને અંતરદૃષ્ટિ થઈ, એને વિષયો—ચક્રવર્તીના રાજ કે ઈન્દ્રના ઈન્દ્રાસન—એમાં ક્યાંય સુખ ભાસતું નથી ધર્મીને. (શ્રોતા : અજ્ઞાનીને હોય નહીં). અજ્ઞાની માને છે કે પરમાં સુખ છે. માને છે, છે નહીં. ભોગમાં મજા છે. સ્ત્રીઓની અનુકૂળતાના ભોગ, પૈસા, આબરૂ, કીર્તિ, શરીર ઠીક હોય તો મને ઠીક પડે—એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની છે. સમજાય છે કાંઈ? માથે કહ્યું હતું ને?

भोग-अभिलाषकी दसा मिथ्यात अंग है
तातैं विषै-भोगमैं मगन सो मिथ्यात्वी जीव
भोगसौं उदास सो समकिती अभंग है

સમ્યગ્દર્શનની ભૂમિકામાં ચોથે ગુણસ્થાને, આત્મા અખંડ આનંદ છે એવો અંતર અનુભવ થયો હોવાને લઈને અને એમાં પ્રતીત થઈ છે કે સુખ તો આત્મામાં છે. ઈન્દ્રના ઈન્દ્રાસનોમાં, આબરૂમાં, સ્ત્રીઓના શરીરની સુંદરતા, નમણાઈમાં ક્યાંય સુખ નથી. એ સુખ તો મારો સ્વભાવ છે. એને સમજાવવા વિષે ચાર ભાગ પાડે છે, પુરુષાર્થના. આહાહા! ચાર પુરુષાર્થ દોહા છે ને? તેરમું.

ચાર પુરુષાર્થ (દોહરા)

धरम अरथ अरु काम सिव, पुरुषारथ चतुरंग।
कुधी कलपना गहि रहै, सुधी गहै सरवंग॥१३॥

**શબ્દાર્થ :—**પુરુષારથ=ઉત્તમ પદાર્થ. ચતુરંગ=ચાર. કુધી=મૂર્ખ. સુધી=જ્ઞાની. સરવંગ(સર્વાંગ)=પૂર્ણ.

**અર્થ :—**ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ પુરુષાર્થના ચાર અંગ છે. દુર્બુદ્ધિ જીવ તેમનું મન ફાવે તેમ ગ્રહણ કરે છે અને સમ્યગ્દષ્ટિ જ્ઞાની જીવ સંપૂર્ણ રીતે વાસ્તવિક રૂપમાં અંગીકાર કરે છે. ૧૩.

**अर्थ :—**धर्म, अर्थ, काम और मोक्ष ये पुरुषार्थके चार अंग हैं। उन्हें दुर्बुद्धि जीव मनचाहे ग्रहण करते हैं और सम्यग्दृष्टि ज्ञानी जीव सम्पूर्ण तथा वास्तविकरूपसे अंगीकार करते हैं।।१३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ધર્મ, એનો અર્થ પછી કરશે. અજ્ઞાની કોને માને ધર્મ ને જ્ઞાની કોને માને ધર્મ? અજ્ઞાની કોને માને અર્થ ને જ્ઞાની કોને માને અર્થ? અજ્ઞાની કોને માને કામ ને જ્ઞાની કોને માને કામ? અજ્ઞાની કોને માને મોક્ષમાર્ગ ને જ્ઞાની કોને માને મોક્ષમાર્ગ? कुधि-- અજ્ઞાની कलपना गहि रहै. પોતાની કલ્પનાથી અનાદિનો મિથ્યાદષ્ટિ ચારના વાસ્તવિક સ્વરૂપને બીજી રીતે માને છે. सुधि.. સુધી એટલે સમ્યગ્દ્રષ્ટિ, સમ્યગ્જ્ઞાની. गहै सरवंग.. જેવું એ ચારનું સ્વરૂપ છે એવું એ માને છે. હવે એની વ્યાખ્યા. चार पुरुषार्थों पर ज्ञानी और अज्ञानीका विचार

ચાર પુરુષાર્થ ઉપર જ્ઞાની અને અજ્ઞાનીનો વિચાર (સવૈયા એકત્રીસા)

कुलकौ आचार ताहि मूरख धरम कहै,
पंडित धरम कहै वस्तुके सुभाउकौं।
खेहकौ खजानौं ताहि अग्यानी अरथ कहै,
ग्यानी कहै अरथ दरब-दरसाउकौं।
दंपतिकौ भोग ताहि दुरबुद्धी काम कहै,
सुधी काम कहै अभिलाष चित चाउकौं।
इंद्रलोक थानकौं अजान लोग कहैं मोख,
सुधी मोख कहै एक बंधके अभाउकौं।।१४।।

**શબ્દાર્થ :—**ખેહ=માટી. દંપતી=સ્ત્રી–પુરુષ. દુરબુદ્ધિ=મૂર્ખ. સુધી=જ્ઞાની. ઇન્દ્રલોક=સ્વર્ગ.

**અર્થ :—**અજ્ઞાનીઓ કુળપદ્ધતિ—સ્નાન, ચોકા વગેરેને ધર્મ કહે છે અને પંડિતો વસ્તુસ્વભાવને ધર્મ કહે છે. અજ્ઞાનીઓ માટીના સમૂહને એવા સોના–ચાંદી આદિને દ્રવ્ય કહે છે પરંતુ જ્ઞાનીઓ તત્ત્વ–અવલોકનને દ્રવ્ય કહે છે. અજ્ઞાનીઓ સ્ત્રી–પુરુષના વિષયભોગને કામ કહે છે, જ્ઞાની આત્માની નિસ્પૃહતાને કામ કહે છે. અજ્ઞાનીઓ સ્વર્ગલોકને વૈકુંઠ (મોક્ષ) કહે છે પણ જ્ઞાનીઓ કર્મબંધનના નાશને મોક્ષ કહે છે. ૧૪.

**अर्थ** :—अज्ञानी लोग कुलपद्धति—स्नान चौका आदिको धर्म कहते हैं और पंडित लोग वस्तुस्वभावको धर्म कहते हैं। अज्ञानी लोग मिट्टीके ढेर सोने-चांदी आदिको द्रव्य कहते हैं, परन्तु ज्ञानी जीव तत्त्व-अवलोकनको द्रव्य कहते हैं। अज्ञानी लोग पुरुष-स्त्रीके विषय-भोगको काम कहते हैं, ज्ञानी आत्माकी निस्पृहताको काम कहते हैं। अज्ञानी स्वर्गलोकको वैकुंठ (मोक्ष) कहते हैं पर ज्ञानी लोग कर्मबन्धन नष्ट होनेको मोक्ष कहते हैं।।१४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? कुल को आचार ताहि मुरख धरम कहै.. પોતાના કુળની વિધિ પ્રમાણે આચરણ કરતો હોય—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એ કુળ પદ્ધતિની રીતને ધર્મ કહે છે અજ્ઞાની. સમજાણું કાંઈ? એ તો બાહ્ય પદ્ધતિ છે, એ ધર્મ નથી. આહાહા! દયા, દાન, વ્રત, તપ, પૂજા, જાત્રા—એવો જે કુળનો આચાર છે સંપ્રદાયનો, એને એ અજ્ઞાની ધર્મ માને. એ ધર્મ નથી. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે. રાગની મંદતા હોય એ શરત. ન હોય અને એમ ને એમ એકલી બાહ્ય (ક્રિયા) કરે ને અંદર તીવ્ર રાગ અભિલાષ હોય તો તો એને પુણ્ય પણ નથી.

कुलकौ आचार ताहि मूरख धरम कहै, पंडित धरम कहै वस्तुके सुभाउकौं.. ભગવાન આત્મા આનંદ ને શુદ્ધ સ્વરૂપી પ્રભુ છે. એનું સ્વભાવનું સાધન થઈને જે નિર્મળ વીતરાગી આનંદ આદિ દશા પ્રગટે, એ વસ્તુના સ્વભાવને સમકિતી ધર્મ કહે છે. સમજાણું કાંઈ? પંડિત શબ્દે જ્ઞાની. વસ્તુ સ્વભાવકો ધર્મ... ભગવાન આત્મા વસ્તુ છે, પદાર્થ છે. એનો સ્વભાવ આનંદ ને જ્ઞાન ને શાંતિ છે. એને—શાંતિ ને આનંદ (સ્વભાવ)ને સાધીને જેને આનંદ ને શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા, નિર્મળતા પ્રગટી ગઈ છે એ વસ્તુનો સ્વભાવ છે, એને ધર્મ કહે. સમજાણું કાંઈ?

આ તો સંપ્રદાય ને કુળમાં પરંપરાએ જે મળ્યું હોય એનું આચરણ કરવું, એનું નામ અજ્ઞાની ધર્મ માને. (શ્રોતા : બાપદાદાએ કર્યું હોય એ ન કરવું). બાપદાદાએ કર્યું, એનો પ્રશ્ન ક્યાં છે? એણે કર્યું એ એને ઘરે રહ્યું. સત્ય શું છે એવું એણે સમજવું જોઈએ. બાપદાદાએ સારું કર્યું, ધર્મ કર્યો હોય તો? (શ્રોતા : ....) કેટલાક કહેને, બાપદાદાનું કુળ મૂકી દીધું તમે. એમ કહે છે કેટલાક. બાપદાદા શું કરતા હતા એ ખબર છે તને? બાપદાદાની પરંપરામાં મળ્યું હોય, આ વ્રત કરવા ને દયા પાળવી ને પૂજા કરવી, આ સામાયિક, પોષા, પડિક્કમણા એના માનેલા કરવા, એ તો બધો રાગની મંદતા છે. એ કાંઈ ધરમ-બરમ નથી. સમજાણું કાંઈ?

અજ્ઞાની લોગ—મૂરખ પોતાની પરંપરાનો આચાર... અજ્ઞાની બહુ આઘા જાય તો

નહાવું ને ધોવું ને શરીર સાફ રાખવું ને સ્નાન કરવું—એ ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. (શ્રોતા : ચોકાનો ધર્મ) ચોકું કર્યું. ચોકા એટલે સ્નાન. એ અહીંયાં નથી વાત. આ સ્નાન ચોકા એટલે શરીરની શુદ્ધતાની વાત છે. એ વાત અત્યારે આંહીં નથી. સાધુ માટે આ ચોકા કરે છેને દિગંબરમાં? સાધુ માટે બનાવે, એ તો માર્ગ જ તદ્દન વિરુદ્ધ છે. આજ સાધુને વહોરાવવું છે માટે આજ બનાવો પાણી. આ કેરી રસ, પૂરી, ઢીકણું. આ તો લેનાર પણ મિથ્યાદૃષ્ટિ છે ને દેનારેય મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ?

એનો તો મારે અનુભવ ઘણો છેને સંપ્રદાયમાં. અમારા હીરાજી મહારાજ હતા એની ક્રિયા ચોખ્ખી બહુ ક્રિયા. દૃષ્ટિ મિથ્યાત્વ, કંઈ ભાન નહીં. પણ વહોરવાની ક્રિયા (બહુ ચોખ્ખી). હીરાજી મહારાજ હતા. માણેકચંદજી હતા એનું તો બધું સમજવા જેવું ઠેકાણું વગરનું. પણ આનું તો કષાય મંદ હતો. વહોરવાની ક્રિયા હીરાચંદજી મહારાજની બહુ સખત ક્રિયા સખત. પાણીનો એક બિન્દુ કળશામાં પડ્યો હોય ટાઢો અને... રાયચંદ ગાંધી જેવું મોટું ઘર છે ત્યાં બોટાદમાં ગૃહસ્થ માણસ. પચાસ પચાસ માણસ જમતા હોય ત્યાં. શું કહેવાય? ઓલો રૂ નો ધંધો રૂ.. રૂ.. કેવા કહેવાય ? બિનશા. બિનશાનો મોટો ધંધો એને ઘરે. પણ વહોરવા જાય....

અમે બધું એવું કર્યું હતું પહેલું બધું હોં. નહીંતર એ મોટું ઘર ગામમાં. પચાસ-પચાસ માણસ જમે. અધમણ—અધમણ, મણ—મણ કેરીનો રસ હોય. લાડવા ચુરમાના પચાસ-સો-બસો પડ્યા હોય થાળ ભરેલા. પણ વહોરવા ઊઠે ને પાણીનો કળશો તો ખાલી હોય, પણ પાણીનું બિંદુ અંદર પડ્યું હોય ને વહોરાવનાર ઊઠે બાઈ. ઉજમબા અત્યારે જીવે છે ડોસી. જો સાડલો અડી જાય એને, આ ન ખપે. પણ એ તો બાહ્યની ક્રિયા છે. એ કાંઈ વસ્તુ છે? સમજાણું કાંઈ? આ તો દાખલો. અમારી ક્રિયા એવી સખત હતી એ વખતેય તે. પણ આ તો બધી બહારની કુળાચારની ક્રિયા હતી.

સંવત ૭૭માં ભાવનગર ગયેલા ૭૭માં. પહેલા ભાવનગર ગયેલા ૭૭માં.... રાડ નાખે. ત્રણસો ઘર. વહોરવા જઈએ ત્યાં ત્રીસ-ત્રીસ, પચીસ-પચીસ ઘર થાય પૂરા ત્યારે માંડ આહાર થાય. હરિભાઈના મોટા ભાઈ હતા. મોટાભાઈ શેઠ હતા એ અમરચંદ. ઘરે ઘરે છન્નું દોષનું ચોપાનિયું છાપી દીધેલા. જો મહારાજ માટે કાંઈ પણ કરેલું હોય તો મહારાજ લેશે નહીં, ગર્ભમાં ગળવું પડશે એમ કહે પાછા. આકરું હતું આકરું. સિત્યોતેરની વાત છે. પહેલાવહેલા ગયેલા. એ લોકોનું બધું ઠેકાણા વગરનું બધું બરવાળાના સાધુનું. અમેચંદજી ને.. એ બધાને જોયેલા અમે. ચોપાનિયું છપાવ્યું ઘરે ઘરે. મહારાજ આવ્યા છે, આપણા ઉમરાળાના મહારાજ છે. જો કાંઈ પણ પાણીમાં જરીક પાણી નાખ્યું વધારે, ચોખા કરે એમાં ચપટી ચોખા નાખ્યા તો દોષ લાગશે, ગરભમાં ગળવું પડશે. એવી સખત હતી.

પણ એ બધી કુળની ક્રિયા હતી. વાસ્તવિક ધર્મની ક્રિયા નહોતી. ગુરુ કરતા એમ કરેલું.

અજ્ઞાની લોગ કુળપદ્ધતિ એને ધર્મ કહે. (શ્રોતા : કુળમાં ગુરુની પદ્ધતિ આવી?) ગુરુ પદ્ધતિ આવી ગઈને. એ એમ કરતા હતા, અમેય કરતા હતા. (શ્રોતા : એ કુળ). એ કુળ છે ને. पंडित लोग वस्तुस्वभावको धर्म कहते हैं. આહાહા! દેખો, સમ્યગ્દ્રષ્ટિ તો પોતાનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ, એવા અતીન્દ્રિય આનંદને પ્રગટ (કરવો) એ વસ્તુનો સ્વભાવ છે. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્માનો સ્વભાવ છે. એ અતીન્દ્રિય આનંદને પ્રગટ કર્યો છે એને સમકિતી ધર્મ કહે છે. વીતરાગી દશાને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? આકરી વાત ભારે જગતને! વીતરાગનો માર્ગ પરમ સત્ય છે (પણ) જગતને પીરસાણો છે બીજી રીતે. એમને કહ્યું હતું. ત્યાં તો ઘણું માણસ હતુંને જયપુર. ત્રણ-ત્રણ હજાર માણસ ને આખો હોલ પાંચ લાખનો હોલ ખીચોખીચ ભરાય. વળી કીધું, જુઓ, સમાજ પાસે ધર્મ બીજી રીતે પીરસાણું છે, ધર્મ બીજી રીતે છે. ન્યાં હતા ને..... જેઠ સુદ અગિયારસે ત્યાં હતા. બારસે બહાર આવ્યાને અમદાવાદ. જેઠ સુદ અગિયારસ. ભીમ અગિયારસ ત્યાં કરી હતી.

આ મોટો વરઘોડો પચાસ-સાઈઠ હજાર માણસ રથયાત્રામાં. બહારમાં થાતું હતું, એમ કહ્યું ભાઈ! (કર્યું) એ કહે, એ કરે કોણ એને? કરે કોણ એને? એ તો થવાનું હોય એ થયું. એ પણ કાંઈ બહારની પ્રભાવના નથી. આહાહા! બહારની પ્રભાવના તો જે કાંઈ શુભરાગ આવ્યો, એને બાહ્ય પ્રભાવના કહેવામાં આવે. તે પણ એ પુણ્યબંધનનું કારણ છે. આહાહા! અંતરની પ્રભાવના તો આત્મા આનંદસ્વરૂપ પ્રગટ છે એની ભાવનાથી એકાગ્રતા થવી અને શાંતિ ને સ્વચ્છતાની દશા વ્યક્ત પ્રગટ થવી, એને સાચી પ્રભાવના વીતરાગ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પણ દુનિયા તો આમ જાણે ને કે આહાહા! આખું ગામ ડોલી ગયું હતું. ૨૧ તો હાથી. હતા તમે કે નહીં? પહેલા બે દિ'.... પ્રેમચંદજી ને ખેમરાજ ને, નહીં? ભાઈ તો હતા જતિશભાઈ, નહીં? થોડું જોઈને વયા ગયા હતા. .... પચીસ હજાર માણસ ખીચોખીચ.

રથ હતો મોટો ઉંચો ને એના ઉપર હું બેઠો હતો. ભગવાન હતા એના સારથી તરીકે હું બેઠો હતો રથમાં. ભાઈએ ત્રણ હજારમાં લીધી હતી. ગોદીકાએ ત્રણ હજારમાં સારથી તરીકે ઉછામણી લીધી હતી. સંચાના ઘોડા હતા, ઓલા ઘોડા નહીં. પ્લાસ્ટીકના સંચાથી ચાલે. .... ઓલી અગ્યારસ, જેઠ સુદ અગ્યારસ શુક્રવાર. પણ એ બધી બહારની ક્રિયા એ ધર્મ નથી. એ તો કુળના આચારની પરંપરાનું વર્તન છે. એમાં શુભભાવ થાય એ પણ ધર્મ નથી. શુભભાવ પુણ્ય છે. આહાહા! કારણકે પુણ્ય એ કાંઈ વસ્તુનો સ્વભાવ નથી. આંહીં તો વસ્તુનો સ્વભાવ.. ભગવાન આત્મા વસ્તુ (એટલે) એમાં વસેલી શક્તિઓ,

વસ્તુ—એમાં વસેલી શક્તિઓ જ્ઞાન, આનંદ, શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા, જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ વગેરે. એવી જે શક્તિઓ—ગુણનો પિંડ પ્રભુ, એની શક્તિમાંથી સ્વભાવ સન્મુખ થઈને જે પ્રગટ દશા થાય, તેને ધર્મી ધર્મ સ્વીકારે છે. સમજાણું કાંઈ?

खेहकौं खजानौं ताहि अग्यानी अरथ कहै.. આ પાંચ-પચાસ, લાખ, કરોડ રૂપિયા ધૂળ મળે ધૂળ. રાખ છે બધી. એય! (શ્રોતા : અહીં લખ્યું છે મિટ્ટીકા ઢેર.) બીજું શું છે? મિટ્ટીનો ઢેર છે સોના-રૂપાના દાગીના. આહાહા! આ પોતે શરીર જ માટીનો પિંડ છે, જડનો ધૂળનો. લક્ષ્મી ખેહનો ખજાનો રાખનો ખજાનો છે બધો. આહાહા! દુનિયા એને દ્રવ્ય કહે છે. અમને આ દ્રવ્ય મળ્યું. ધૂળેય નથી મળ્યું, સાંભળને માળા! એ દ્રવ્ય તો દ્રવ્યમાં રહ્યું છે. લક્ષ્મી આદિ તો અજીવ થઈને રહી છે. એ તારી થઈને રહી છે? ગુણવંતભાઈ! કેમ હશે આ? લક્ષ્મી છે એ લક્ષ્મી અજીવ થઈને રહી છે કે લક્ષ્મી જીવ થઈને રહી છે? અજીવ ખેહનો—રાખનો—ધૂળનો ખજાનો છે તો એ. માળા પણ એવાને મોઢા આગળ બેસવા મળે ખુરશી! ધૂળના ધણી. (શ્રોતા : પુણ્યની કિંમત છે). ધૂળમાંય કિંમત નથી, અજ્ઞાની ચાટે છે. આહાહા! ધર્મી જીવ તો... અજ્ઞાની લોગ માટીના ઢેર સોના ચાંદી આદિને દ્રવ્ય કહે છે. આહાહા!

આ ભાઈ છેને આપણા દીપચંદજી શેઠીયાના મામાભાઈ. ત્યાં સરદારશહેર. ઘણા વરસ પહેલા દસ કરોડ રૂપિયા પડ્યા છે એની પાસે. દસ કરોડ. દસ કરોડના એકલા હીરા, સોના, રૂપા, માણેક પડ્યા છે. અત્યારે તો એની કિંમત પચીસ-ત્રીસ કરોડ રૂપિયા થઈ ગયા છે. દીપચંદજી કહેતા. પણ એવા છે કે... બહુ ઘણો પૈસો. એ કાંઈ કાઢવાની વાત નહીં. તેરાપંથી છે. સ્થાનકવાસીના તેરાપંથી માંહ્યલા. પૈસો ખરચવો એ પાપ માને. દયા, દાન માટે પૈસો ખરચવો એ પાપ છે. પૈસા ઘણા દસ કરોડ તો કેટલા વરસથી છે. અત્યારે તો એમને એમ પડ્યું છે સોનું, દાગીના, રતન અને બધું ઢગલા પડ્યા છે. ખેહનો ખજાનો છે ધૂળનો. આહાહા! ધૂળ તો માટી છે ને.

धर्मी जीव ग्यानी कहै अरथ दरव-दरसाउकौं.. સમકિતી તો દ્રવ્ય વસ્તુ જે ભિન્ન-ભિન્ન છે, એને જાણે તેને અર્થ કહે. આત્મા રાગથી ભિન્ન છે. કર્મ રજકણો ભિન્ન ભિન્ન છે. દરેક દ્રવ્ય, છ દ્રવ્યો ભગવાને જે છ દ્રવ્યો જોયા તીર્થંકરે, એ દરેક દ્રવ્ય પોતે પોતાના અસ્તિભાવમાં રહેલા છે. ભિન્ન ભિન્ન રહ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? કર્મની સાથે આત્મા એક થયો નથી. કર્મ આત્માની સાથે એક થયા નથી. કર્મનો એક રજકણ બીજા રજકણથી એક થયો નથી. આ શરીરના રજકણો છે અનંત પરમાણુ માટી, અનંતથી બનેલું

છે આ. એકેક રજકણ બીજા રજકણરૂપે નથી. દરેક રજકણ ને દરેક આત્મા ભિન્ન-ભિન્ન છે એનું નામ દ્રવ્યનું અવલોકન કહેવામાં આવે છે.

અજ્ઞાની ઓલા પૈસા ધૂળને અવલોકન કરીને માને છે મૂઢ. આ પાંચ-પચાસ લાખ, કરોડ.. અત્યારે તો કરોડ, બે, પાંચ કરોડવાળા ઘણાય દેખાય છે ધૂળના. અહીં તો માથે પડે ધોકા. પૈસાવાળા માથે ધોકા પડે. પણ પૈસા હતા કે દિ' તારા ? સાંભળને ! પૈસાવાળો એટલે જડવાળો ? પૈસા તો જડ છે. જડવાળો તું છો ? અજ્ઞાની એ રાખના ઢગલાને અર્થ માને છે. ધર્મી તો આત્મા દ્રવ્યને ભિન્ન-ભિન્ન ભાળે તેને અર્થ કહે છે. સમજાણું કાંઈ ? તમારે તો બધો અનુભવ થઈ ગયો છે ચીમનભાઈને. ભરવું પડ્યું હતું બે-ત્રણ લાખનું કંઈક, નહીં ? શું હતું કંઈક... વળી કાંઈ ઘટી ગયું ને વળી કાંઈ પતી ગયું. આહાહા ! ધૂળમાંય નથી બાપા! ભાઈ ! એ જગતની ચીજ છે, એ તારી ક્યાં છે ? આહાહા !

આંહીં તો શરીર મારું માને એ મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે કારણ આ તો અજીવ છે. એ જીવનું અજીવ છે ? આ જીવનું આ અજીવ છે ? અજીવનું અજીવ છે. આહાહા ! એ જીવનું અજીવ માનવું ને જીવની લક્ષ્મી.. જીવને લક્ષ્મી માનવી, મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. (શ્રોતા : ભલે મૂઢ રહ્યો પણ પૈસાદાર તો છે ને?) પૈસાદાર જ નથી, મમતાવાળો છે. પૈસામાં ગરી ગયો છે એ ? પૈસા એની પાસે આવી ગયા છે ? પૈસા તો પૈસામાં રહ્યા છે. એ કહે, મને આવ્યા. એ મમતા એની પાસે આવી છે, મમતાવાળો છે. (શ્રોતા : પૈસાદાર નથી એમ ને?) પૈસાદાર છે જ નહીં કોઈ. પૈસાદાર કેવો ? આહાહા ! જડનો સ્વામી છે કાંઈ ? એ પરવસ્તુ જગતની સ્વતંત્ર ચીજ છે. આહાહા ! (શ્રોતા : વિભૂતિ....) વિભૂતિ—રાખ. વિભૂતિ એટલે ભૂતિ. ભૂતિ એટલે રાખ. એ તો આવે છે ને. ધૂળમાંય નથી, સાંભળને !

તારો ભગવાન આત્મા શરીર-કર્મથી જુદો ને રાગથી જુદો એવું અવલોકન કરવું એને અર્થ કહેવાય છે. સમજાણું છે કાંઈ ? આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ઇન્દ્રોની સમક્ષ આમ ફરમાવતા હતા પ્રભુ. તો ઇન્દ્રો તો મોટા વૈભવવાળા. પહેલા સુધર્મ દેવલોક સ્વર્ગના ઇન્દ્ર બત્રીસ લાખ વિમાન. ઈશાનના અઠ્યાવીસ લાખ વિમાન. એક એક વિમાનમાં અસંખ્ય દેવ કેટલાકમાં. કેટલાક નાના છે. અસંખ્ય દેવ. કહે છે કે એ ખેહના ખજાના છે. એ આત્માનું છે ? આહાહા !

ઇન્દ્રના ઇન્દ્રાસનો, ચક્રવર્તીની વિભૂતિઓ, લ્યો. ભરતની છન્નું હજાર સ્ત્રીઓ, છન્નું કરોડ પાયદળ. એ તો પર છે. આહાહા ! ભગવાન! એ તારામાં ક્યાં આવી ગઈ ચીજ ? અને તું ક્યાં એ ચીજમાં પેસી ગયો છો કે તારી થાય ? એ ચીજ ક્યાં તારામાં ગરી ગઈ છે કે તારી થાય? આહાહા ! અજ્ઞાની એને ખજાનો માને. જ્ઞાની આત્મ પદાર્થને અને દરેક પદાર્થને—દ્રવ્યને ભિન્ન ભિન્ન અવલોકે, એને અર્થ માને છે. સમજાણું કાંઈ ? એટલે

કોઈનું કોઈ દ્રવ્ય નથી. ઓલું કહ્યુંને ખેહ? દ્રવ્ય દરેક દ્રવ્ય પોતપોતાનું છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ ચૈતન્યસ્વભાવી સનાથ એ મારું દ્રવ્ય, એને અહીંયાં અર્થ કહેવામાં (આવે છે.)

दंपतिको भोग ताहि दुरबुद्धि काम कहै.. મૂઢ જીવો સ્ત્રીઓના ભોગને કામ કહે છે. મૂઢ છે, કહે છે માળા. ભોગ શું સ્ત્રીઓનો લઈ શકે છે તું? એ તો જડ છે. સ્ત્રીનું શરીર તો જડ છે. જડને તું અનુભવી શકે? એમાં રાગ થાય એને તું અનુભવે છે. આહાહા! દંપતિનો ભોગ—પતિ પત્ની બે રમે એને અજ્ઞાની દુર્બુદ્ધિ કામ કહે. મૂઢ જીવો એને ભોગ કહે. આહાહા!

सुधी काम कहै अभिलाष चित चाउकौं.. ધર્મી જીવ आत्माकी निस्पृहताको काम कहते हैं. ઇચ્છા જ્યાં નથી, નિસ્પૃહતા એ જ એની ભાવના છે ને એ એને કામ કહેવાય છે. આહાહા! કહો, જ્યાં રાગની પણ અભિલાષ નથી. ધર્મીને તો આત્મા આનંદસ્વરૂપ પ્રભુ એની સ્પૃહા છે, બીજી કોઈ સ્પૃહા નથી. એની આ સ્પૃહાને નિસ્પૃહી કહેવામાં આવે છે. એ નિસ્પૃહી તે કામ છે. ધર્મીનું એ કામ છે એમ કહે છે. ભારે બનારસીદાસ! આ બંધ અધિકાર છે ને. એટલે અજ્ઞાની આચારને ધર્મ કહે છે, એ તો બંધ છે. એને ધર્મ કહે છે, એ તો બંધના ભાવ છે. દ્રવ્ય, વસ્તુ, લક્ષ્મી આદિ એ તો જડ છે. 'એ મારા' એ માન્યતા એ તો બંધ છે. એને તું લક્ષ્મી કહે? એમ કહે છએ.

દંપતિનો ભોગ.. ધૂળનોય ભોગ નથી ત્યાં. આહાહા! પ્રભુ આત્મા પોતાના આનંદને ભૂલી મિથ્યાદૃષ્ટિ દંપતિનો ભોગ.. ભોગમાં મને ઠીક છે તેને એ કામ કહે છે. સમજાણું કાંઈ? ત્યારે કહે, ચક્રવર્તી છ ખંડના ધણી સમકિતી છે ને? એને છન્નું હજાર સ્ત્રી છે ને? નથી, એમ કહે છે. આહાહા! એના સ્વરૂપની દૃષ્ટિમાં એ સ્ત્રીઓ ને રાગ મારો છે જ નહીં. એની ભાવના તો નિસ્પૃહ અંદર દૃષ્ટિની છે. સમજાણું કાંઈ? દૃષ્ટિનો મોટો ફેર છે. આહાહા! ज्ञानी तत्त्व अवलोकनको द्रव्य कहते हैं. અજ્ઞાની સ્ત્રી વિષયકો ભોગ કામ કહે. જ્ઞાની આત્માકી નિસ્પૃહતા, વીતરાગતા એને કામ કહે. એ એનું કામ, એનું એ કાર્ય છે. (શ્રોતા : નિષ્કામ એ કામ કહે છે?)

इंद्रलोक थानकौं अजान लोग कहैं मोख.. આ વૈકુંઠ.. વૈકુંઠ છે ને. કારણ કે વૈકુંઠ એટલે મોક્ષ. સ્વર્ગમાં એટલે મોક્ષ. એ ધૂળેય મોક્ષ નથી. આહાહા! ભૂતડાલોકમાંથી આવ્યા હોય ને કાંઈક ખ્યાલ આવી ગયો હોય. વ્યંતરના ઓરડા ને એ બધા રતનના, મણિરતનના હોય છે. અજ્ઞાનીને તો એમ લાગે કે ઓહોહો! હું તો વૈકુંઠમાં હતો. વળી અહીંથી મરીને વૈકુંઠમાં જઈશ. તારો વૈકુંઠ ભૂતડાનું. સમજાણું કાંઈ? આહાહા! અજ્ઞાની

આ લોક... थानकौ अजान लोग कहैं मोख, એમ કહ્યુંને ?

इंद्रलोक थानकौं अजान लोग कहैं मोख, એમ. જુઓને, કેટલાકને થઈ જાય છે ને. અંદર કાંઈક થોડો ખ્યાલ આવી ગયો હોય પૂર્વભવનો. એ પૂર્વભવમાં કોઈ દેવ હોય. સમજાણું? અને દેવમાં વ્યંતર ને ભવનપતિમાંય સમૃદ્ધિ ઋદ્ધિ ઘણી છે. એકલા મણિરતનના ઓરડા છે. કોઈ પૂર્વે પુણ્ય કર્યા હોય તો એમાં હોય, એમાં ખ્યાલ આવી ગયો હોય તો કહે, આહાહા! અમે તો વૈકુંઠમાંથી આવ્યા છીએ અને મરીને વૈકુંઠમાં ન્યાં ને ન્યાં જવાના. ઓલું ભૂતડા-બૂતડાનું હાલતું હોય, આય બિચારા.... અજ્ઞાની એને મોક્ષ કહે છે. આહાહા! ધૂળના દેવો એને મોક્ષ કહે છે. આ શેઠિયાઓ કરતાં એના બંગલા બંગલા ઊંચા હોય. આ ધૂળ ઓછી હોય, ત્યાં ધૂળ વધારે હોય. (શ્રોતા : જાત જુદી હોયને?) જાત જુદીનું શું વળતું હતું? હોળી ને હોળી છે ત્યાં. આહાહા! હજારો ઇંદ્રાણીઓ, અસંખ્ય વિમાનો એ બધી ચીજને એમ દેખે આહાહા! આ તો મુક્તિ છે.

આંહીં એમ કહે છેને કે આંહીં અમારા સાધુને લાડવા આપશો ત્યાં વૈકુંઠમાં તમને લાડવા મળશે. કહો, વળી ત્યાં હજી લાડવા રાખવા છે. આવા ને આવા. ત્યાં ભગવાનની પાસે સેવા કરશો ને અમારા સાધુને આહાર-પાણી લાડવા જમાડશો તો ત્યાં લાડવા મળશે. હજી તો દેહ રાખવો છે, લાડવા ખાવા છે, આ એનું વૈકુંઠ. મૂરખનું વૈકુંઠ આવું હોય છે. સમજાણું કાંઈ? ઓલા નહોતા કહેતા એક હમણાં? સ્વામીનારાયણના સાધુ થયાને ભાઈ મોટી ઠાઠમાઠથી. એ ભાઈ ત્યાં વાત કરતા હતા છોટાભાઈ. પણ એ તો બાયડી છોકરાવાળા. અત્યારના બાયડી છોકરાવાળા હોય. અમને ખબર છે ને.

૮૧માં ગઢડે ચોમાસું હતુંને ૮૧માં. ૧૯ ને ૨૭ = ૪૬ વરસ થયા. (શ્રોતા : એ તો એના કુટુંબનો..) એનો કુટુંબનો હતો, અમે તો એને જોયેલો છે ને. આ વંડો છે ને ગઢડાનો, અમે ત્યાં ઉતરેલા અને સામે એના આચાર્ય હતા. સામે વચ્ચે શેરી નાની. મહાજનનો વંડો છેને ગઢડા નહીં આપણે? આપણું મંદિર થયુંને હમણાં નહીં? મુહૂર્ત થયું એની પાસે. ત્યાં ચોમાસું હતું ૮૧માં ચાર મહિના. ૮૧ની સાલમાં ગઢડે. ઘણા વરસ થઈ ગ્યા. ત્યાં એનો આચાર્ય આવેલા. સામે હતા તે આમ દેખાય. મોટો વકીલ હતો મોટો. જયનારાયણ કરીને... એને સાથે બાયડી ને છોકરા. બાયડીને વહુજી મહારાજ કહે, બેટીને બેટી મહારાજ કહે, બેટાને બેટા મહારાજ કહે. ગજબ છે ને! આવી ભ્રમણા સૂઝે છે તને. એ મરીને મોક્ષ જાશે, એમ. કેવો મોક્ષ?

पर ज्ञानी लोग कर्मबंधनको नष्ट होनेको मोक्ष कहते हैं, દેખો. છે ને? सुधी मोख कहै एक बंधके अभाउकौं.. રાગાદિનું બંધન પૂર્ણ છૂટી જવું, એકલી આનંદદશા પૂર્ણ રહેવી, એનું નામ મોક્ષ છે. રાગનું પૂર્ણ છૂટી જવું ને પૂર્ણ વીતરાગ ને પૂર્ણ આનંદની પર્યાયનું પ્રગટ

રહેવું, એનું નામ મોક્ષ છે. સમજાણું કાંઈ? અજ્ઞાની ને જ્ઞાનીમાં આવો ફેર છે, કહે છે. आत्मामें ही चार पुरुषार्थ है. હવે આત્મામાં ઊતારે છે ચારેય. પોતે બનારસીદાસે કર્યું છે. કળશ વિના ઘણું નાખ્યું છે.

આત્મામાં જ ચારે પુરુષાર્થ છે. (સવૈયા એકત્રીસા)

धरमकौ साधन जु वस्तुकौ सुभाउ साधै,
अरथकौ साधन विलेछ दर्व षटमैं।
यहै काम-साधन जु संग्रहै निरासपद,
सहज सरूप मोख सुद्धता प्रगटमैं।।
अंतरकी द्रिष्टिसौं निरंतर विलोकै बुध,
धरम अरथ काम मोख निज घटमैं।
साधन आराधनकी सौंज रहै जाके संग,
भूल्यौ फिरै मूरख मिथ्यातकी अलटमैं।।१५।।

**શબ્દાર્થ :—**વિલેછ=ભિન્ન ભિન્ન ગ્રહણ કરવું. સંગ્રહૈ=ગ્રહણ કરે. નિરાસપદ=નિસ્પૃહતા. સૌંજ=સામગ્રી. અલટ=ભ્રમ.

**અર્થ :—**વસ્તુસ્વભાવને યથાર્થ જાણવું તે ધર્મ-પુરુષાર્થની સિદ્ધિ છે, છ દ્રવ્યોનું ભિન્ન ભિન્ન જાણવું તે અર્થ-પુરુષાર્થની સાધના છે, નિસ્પૃહતાનું ગ્રહણ કરવું તે કામ-પુરુષાર્થની સિદ્ધિ છે અને આત્મસ્વરૂપની શુદ્ધતા પ્રગટ કરવી તે મોક્ષ-પુરુષાર્થની સિદ્ધિ છે. આવી રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થોને સમ્યગ્દષ્ટિ જીવ પોતાના હૃદયમાં સદા અંતર્દષ્ટિથી દેખે છે અને મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વના ભ્રમમાં પડીને ચારે પુરુષાર્થોની સાધક અને આરાધક સામગ્રી પાસે રહેવા છતાં પણ તેમને જોતો નથી અને બહાર ગોત્યા કરે છે. ૧૫.

**अर्थ :—**वस्तुस्वभावका यथार्थ जानना अर्थ-पुरुषार्थकी सिद्धि करना है, छह द्रव्योंका भिन्न भिन्न जानना अर्थ-पुरुषार्थकी साधना है, निस्पृहताका ग्रहण करना काम-पुरुषार्थकी सिद्धि करना है और आत्मस्वरूपकी शुद्धता प्रगट करना वह मोक्ष पुरुषार्थकी सिद्धि है। इस प्रकार धर्म, अर्थ, काम और मोक्ष इन चारों पुरुषार्थोंको सम्यग्दृष्टि जीव अपने हृदयमें सदा अंतर्दृष्टिसे देखते हैं और मिथ्यादृष्टि जीव मिथ्यात्वके भ्रममें पड़कर चारों पुरुषार्थोंकी साधक और आराधक सामग्री पासमें रहते हुए भी उन्हें नहीं देखता और बाहर खोजता फिरता है।।१५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

અલટ એટલે ભ્રમ. એનો અર્થ. धरमकौ साधन जु वस्तुकौ सुभाउ साधै.. માણસ

કહે છેને કે ભાઈ આ સાધન શું? ધર્મનું સાધન શું? તમે ધર્મ તો કહો છો કે આવો.. આવો.. આવો.. પણ એનું સાધન? એ સાધન, વસ્તુનો સ્વભાવ છે તે એનું સાધન છે. આહાહા! આનંદકંદ પ્રભુ એનામાં કરણ—સાધન નામનો ગુણ છે અનાદિનો. એ વસ્તુના સ્વભાવને સાધ્યને સાધે એનું નામ ધર્મ છે. સ્વભાવ સાધે, લ્યો. આહાહા! આ સાધન કહ્યું સાધન. वस्तुका स्वभावको यथार्थ जानना अर्थ-पुरुषार्थकी सिद्धि करना है, લ્યો. ધર્મના પુરુષાર્થની સિદ્ધિ અંતરમાં વાસ્તવિક વર્તમાન જ્ઞાનથી આખા પદાર્થ ભગવાન આત્માને જાણવો—અનુભવવો, એનું નામ ધર્મનું સાધન કહેવામાં આવે છે. આહાહા! આ લોકો કહે આ દયા દાન, વ્રત પાળો એ બધા સાધન છે. પછી સાધ્ય પ્રગટશે. નિશ્ચય. અરર! આવા મારી નાખ્યા બિચારાને. ક્રિયા કષ્ટ કરે, દુઃખી થાય, પાપ બાંધે ને માને કે અમારે ધર્મ થાય છે.

धरमकौ साधन जु वस्तुकौ सुभाउ साधै.. ભગવાન આત્માનો સ્વભાવ તો આનંદ જ્ઞાન ને શાંતિ છે. એને જે સાધે ને અંતરમાં લીનતા કરે એનું નામ ધર્મ છે. अरथकौ साधन विलेछ दर्व षटमैं, લ્યો. छह द्रव्योंका भिन्न भिन्न जानना अर्थ-पुरुषार्थकी साधना है. ભિન્ન-ભિન્ન.. ભગવાન આત્મા રાગથી ભિન્ન, પરમાણુ પરમાણુથી ભિન્ન, પરમાણુ આત્માથી ભિન્ન. છએ દ્રવ્યોને ભિન્ન-ભિન્ન જાણવા એ અર્થની સિદ્ધિ છે. કારણ કે વસ્તુનું સ્વરૂપ એવું છે એમ કહે છે. અર્થ એટલે દ્રવ્ય. વસ્તુનો સ્વભાવ સ્વતંત્ર છે. કોઈ કોઈને નુકશાન કરતું નથી, કોઈ કોઈને લાભ આપતું નથી. કહો, આ કર્મનો ઉદય અમને નુકશાન કરે. કહે છે કે તને અર્થને જોતાં આવડતો નથી. એમ ધર્મનું સ્વરૂપ, અર્થનું સ્વરૂપ છે જ નહીં. કર્મનો ઉદય આવે તો આપણને રાગ ને વિકાર થાય, કર્મ ઘટે તો આપણને લાભ થાય. એ દ્રવ્યને જોતાં જ આવડ્યું નથી, કહે છે. અજ્ઞાની મૂઢ છે. સમજાણું કાંઈ?

अरथकौ साधन विलेछ.. દરેકનું લક્ષણ ભિન્ન ભિન્ન છે ષટ્ દ્રવ્યમાં. છએ દ્રવ્યો ભિન્ન ભિન્ન પોતાના સ્વતંત્ર સહાયે કામ કરી રહ્યા છે. પરની એને સહાય કે વિઘ્ન છે નહીં. એવું જે અંતરમાં સાધન એને અર્થનું સાધન કહેવામાં આવે છે. અર્થ નામ પદાર્થ. પદાર્થનું સાધન એ છે. શું કીધું સમજાણું? એક વસ્તુ તદ્દન પરથી ભિન્ન છે એમ સાધન કરવું તે અર્થસાધન છે. એણે અર્થને સાધ્યો. અર્થ કહો, પદાર્થ કહો. अरथकौ साधन विलेछ दर्व षटमैं.. જુદા જુદા પુરુષાર્થને સાધવા. जानना, भिन्न-भिन्न जानना अर्थ-पुरुषार्थकी साधना है. રાગથી ને કર્મથી ભગવાન આત્માને ભિન્ન જોવો—જાણવો એ અર્થની સિદ્ધિ છે, એ પદાર્થની સાબિતી છે. આરે, ભારે કામ!

यहै काम-साधन जु संग्रहै निरासपद.. ભોગને લોકો કામ કહે છે, મૂઢ જીવો. ધર્મી

સમકિતી નિરાસપદને ગ્રહે છે. આશા વિનાનું વિકારી રહિત વીતરાગ સ્વરૂપ આત્મા પોતે એ નિરાસપદ છે, એને સંગ્રહે છે, એને પકડે ને અનુભવે છે. એને કામનું સાધન કહેવામાં આવે છે. सहज सरूप मोख सुद्धता प्रगटमैं.. ભગવાન આત્મા સહજાત્મસ્વરૂપ એની પ્રગટ દશા પૂર્ણ શુદ્ધતા થવી એને ધર્મી મોક્ષ કહે છે. સમજાણું કાંઈ ? सहज सरूप मोख सुद्धता प्रगटमैं.. સહજ સ્વાભાવિક સ્વરૂપ અને શુદ્ધતા પ્રગટ, એનું નામ મોક્ષ છે. સહજ સ્વભાવ પ્રગટ થયો ને પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ એનું નામ મોક્ષ છે.

अंतरकी द्रिष्टिसौं निरंतर विलौके बुध., સમ્યગ્દ્રષ્ટિ-જ્ઞાની જીવ અંતરથી આત્મામાં આવા ચાર ભાવને જોવે છે. બધા ચાર અંતર આત્મામાં છે, બહારમાં છે (નહીં). ધર્મનું સાધનેય આત્મામાં, અંતરંગ અર્થનું સાધનેય આત્મામાં, નિસ્પૃહતાને સંગ્રહવો એય આત્મામાં અને મોક્ષ પૂર્ણ પર્યાયની નિર્મળતા થવી એ પણ આત્મામાં. એ આત્માની અંદરમાં ચાર સાધન છે. અંતર ઘટમાં છે, એ બહારમાં છે (નહીં). આહાહા ! अंतरकी द्रिष्टिसौं निरंतर विलौके बुध, પાછું એમ. ધર્મી તો નિરંતર પોતાના દ્રવ્યસ્વભાવને પરથી ભિન્ન જોવે છે. સમજાણું કાંઈ? સદા. સમ્યગ્દ્રષ્ટિ જીવ રાગના વિકલ્પથી પણ આત્માને ભિન્ન જોવે છે. આહાહા ! એ ચારેય બોલો આત્મામાં ઊતરે છે, બહારમાં છે નહીં.

धरम अरथ काम मोख निज घटमैं, દેખો. આત્માના ઘટમાં એ ચારેય જુએ છે. साधन आराधनकी सौंज रहै जाके संग.. શું કહે છે ? એ ચારેય પુરુષાર્થકી સાધક ને આરાધક સામગ્રી તો પાસમેં—અંદરમાં રહે છે, બહાર છે નહીં. આ શરીર સાધન છે ને આ પુણ્યના પરિણામ સાધન છે, એ વાત સાચી નથી એમ કહે છે. साधन आराधनकी सौंज એટલે સામગ્રી. रहै जाके संग.. આત્મામાં અંદર પડી છે બધી સાધન-સામગ્રી. એ પુણ્યના પરિણામ ને નિમિત્ત શરીર-વાણી એ કોઈ સાધન-ફાધન નથી. લ્યો, પોતાનો પુરુષાર્થ ચારમાં અંદરમાં સમાય એનું નામ સાધન છે. અંદરમાં સંગમાં પડ્યો છે, અંદર સંગમાં છે. આ તો મંદિર, આગમ એનો આધાર છે અત્યારે તો.

(શ્રોતા : આધાર જ ક્યાં છે?) જગતને મારી નાખ્યા. આગમ ને મૂર્તિ બેય. કહે છેને અમારે. (શ્રોતા : ....) હા, જિનાગમ ને જિનમૂર્તિ, ભવિક જીવકો આધાર. ધૂળેય નથી આધાર. અહીં તો કહે છે. (શ્રોતા : ભવ્ય જીવને તો આત્માનો આધાર છે.) એ તો શુભભાવ હોય છે, ત્યારે એમાં લક્ષ જાય એટલી નિમિત્તની મર્યાદા, પણ એ ખરેખર શુભભાવ ને એ સાધન નથી, પણ વચમાં આવ્યા વિના રહેતું નથી. હેયબુદ્ધિએ આવે છે. આહાહા ! માર્ગની સમજણ સાચી શ્રદ્ધા મહામુશ્કેલી લોકોને. બહારમાં એવા ગૂંચવી દીધા, નવરો ન થાય. ઉપધાનમાં જુઓને એક દિ'માં કેટલાં ? સો ખમાસમણા. બિચારા ડોસી

હોય તો ઊઠબેસ કરી-કરીને (મરી જાય.) સો ખમાસમણા તો દેવા ભગવાનને. .... ક્રિયા મોહ રાગની અને આ પરની ને જડની. એનાથી ભિન્ન પડીને એમાં (-આત્મામાં) એકાગ્ર થવું એ ક્રિયા ધર્મની છે. આરે, ભારે આકરું લાગે લોકોને હોં.

મોટા મોટા નામ ધરાવ્યા હોયને આમ, પાંચ-પાંચ લાખના મંદિર, દસ-લાખના મંદિર, અમે ધર્મના સાધન કર્યા. ધૂળેય નથી સાધન, સાંભળને! આંહીં તો કહે છે, સાધન ને આરાધનાની સામગ્રી તો તારી પાસે પડી છે એમ કહે છે. ત્યારે તું કોણ? એ જ્ઞાન, આનંદ ને શાંતિ એ આત્મા. રાગ આત્મા છે? બહારની ક્રિયા આત્મા છે? આહાહા! चारों पुरुषार्थकी, જુઓ, साधक और आराधक सामग्री पासमें रहते हुए भी उन्हें नहीं देखता. બહાર જોશે માળો. મંદિરથી કાંઈક મળશે, ભગવાનની મૂર્તિથી મળશે, ભગવાનના સમવસરણમાં દર્શન કરીએ તો એનાથી કાંઈક મળશે. અષ્ટાહ્નિકા આવે છે કાલથી. નંદીશ્વરદ્વીપ પૂજા. નંદીશ્વરદ્વીપમાં છેને બાવન જિનાલય? આઠમા દ્વીપમાં શાશ્વત મંદિરો છે. શાશ્વત મૂર્તિઓ હોય છે. પણ એ તો એના તરફનો ઝુકાવ એ શુભભાવ છે. એવો વ્યવહાર વચમાં હોય છે, પણ એ સાધન છે એમ નથી, ભગવાન! એમ નથી. (વચમાં) આવે તો આ સાધન કેમ નથી? પણ આવે, રાગની મંદતા આવે. આહાહા!

ઈન્દ્રો જ્યાં નંદીશ્વરદ્વીપમાં જાય સમકિતી, લ્યો, શક્રેન્દ્ર. બાવન જિનાલયો છે. મણિરત્નની પ્રતિમાઓ છે આઠમા દ્વીપમાં. એ તો આ બધામાં છે, બત્રીસ સૂત્રમાંય છે. પણ એ લોકો કહે, એ તો યક્ષની મૂર્તિ છે. એમ કહે. યક્ષની મૂર્તિને ઈન્દ્રો માને? તીર્થંકર ભગવાનની મૂર્તિ છે. એની પૂજા આદિનો ભાવ તે શુભ છે પુણ્ય, ધર્મ નહીં. આહાહા! કહો, વજુભાઈ! કાલથી શરૂ થાય છેને? વજુભાઈને ઘેરથી થાય છે, કોઈ કહેતું હતું. આપણને કાંઈ બહુ ખબર નથી. ચંદુભાઈ કહે કાંઈ સાંભળ્યું હોય આમ. આહાહા! કાલ છેને ગુરુવારથી? ગુરુથી ગુરુવાર આઠ દિ'. હોય છે, એ ક્રિયા તો પરની છે. એમાં ભાવ હોય છે એ શુભ છે. બસ, એટલી મર્યાદા. એથી આગળ લઈ જાય તો અંદર મેળ નહીં ખાય.

આંહીં તો કહે છે ને. શું કહ્યું? જુઓ. કહે છે કે તારો સાધન ને આરાધન એની સામગ્રી તો તારી પાસે છે. એમ કહ્યુંને. रहै जाकै संग.. સામગ્રી પાસમેં રહતી હૈ. અંદરમાં છે ભગવાન. એ રાગમાંય નથી ને પરમાંય નથી. આહાહા! ભારે વાત! ત્યારે કહે, શું કરવા કરો છો? કરે કોણ? કરે કોણ, એ તો એ વખતે થવાનું હોય તે થાય. આ ભાવ છે અંદર રાગની મંદતાનો, એ શુભભાવ છે, બસ એટલું. એમાં કાંઈ ન્યાં ગયાને... એ પણ શુભભાવ એ સાધન નથી એમ અહીં તો સિદ્ધ કરવું છે. તારી પાસમાં સાધન ને આરાધન છે, એમ કહેવું છે ને? રાગ ક્યાં એની પાસમાં છે? (શ્રોતા : એ તો બહાર છે). એ તો

બહાર છે. આહાહા! વસ્તુ આ છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. ભગવાને કર્યું નથી, કહ્યું છે કે આવું છે. માન, ઓળખ ને જાણ.

साधन आराधनकी सौंज.. સૌંજ એટલે સામગ્રી, रहै जाके संग.. આહાહા! साधक और आराधक सामग्री पासमें रहते हुए भी उन्हें नहीं देखता. આહાહા! પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન ને એમાં સાધક નામનો ગુણ પણ પડ્યો છે ભેગો. એનું સાધન ને એનું આરાધન એ વીતરાગી દશા, એ તારા સંગમાં તારામાં છે. રાગાદિથી સમકિતી તો મુક્ત છે. રાગ હો પણ અંતરદૃષ્ટિમાં ધર્મી તો મુક્ત છે રાગથી. આહાહા! લે, રાગ સાધન (નથી) ને આરાધનની સામગ્રી નથી એમ કહે છે. ભારે કામ આકરું લાગે માણસને હોં! વસ્તુ તો આવી છે. કાંઈ બીજું કાંઈ કરવા જાશે તો ઘર ખોશે. સાધન આરાધનકી સામગ્રી... છે ને? साधक और आराधक सामग्री पासमें रहते.. मिथ्यात्वके भ्रममें पड़कर.. उन्हें नहीं देखता और बाहर खोजता फिरता है.

સમ્મેદશિખરમાંથી સમકિત થાશે, શેત્રુંજાના સિદ્ધગિરિના દર્શનથી સમકિત થાશે, એમ અજ્ઞાની ખોજે છે બહારથી. એય! અંતરમાં શોધ, શોધ, ન્યાં સાધન પડ્યા છે બધા. એ વચ્ચે આવે છે એ તો જાણવાલાયક છે, એ ખરેખર સાધન નથી. વ્યવહાર સાધનની ઉપમા આપી એને. કષાયની મંદતા એને વ્યવહાર સાધન... વ્યવહાર સાધન એટલે નથી એને કહેવું, એનું નામ વ્યવહાર સાધન. વ્યવહાર અન્યથા કહે છે માળો, (પણ) એમ માને તો મિથ્યાત્વ છે એમ કહે છે. વ્યવહાર રાગની મંદતાને સાધન કહ્યું. વ્યવહાર નથી. જો એમ જ એમ માની લે કે આ સાધન છે તો મિથ્યાત્વ છે. કીધું નહીં વ્યવહારના બોલમાં? 'મોક્ષમાર્ગ પ્રકાશક'. વ્યવહારનય અન્યથા કહે છે. એકના કારણમાં ભેળવીને વાત કરે, કો'કનામાં ભેળવીને (કહે છે, પણ) એમ જ માને તે મિથ્યાત્વ છે.

(શ્રોતા : ભગવાને કહ્યું એ માનવું નથી.) કહ્યું શું કહ્યું છે? ભગવાને એમ કહ્યું કે એ રાગ છે. એમ કહ્યું છે. (શ્રોતા : કારણ કહ્યું છેને પણ) ? કારણ કહ્યું એ વ્યવહારથી કહ્યું છે. કહ્યું એટલે? પણ કઈ નયે કહ્યું છે? (શ્રોતા : એનું શું કામ છે?) નયનું કામ ન હોય તો બૂડે. એ ચેતનજી ! એ તો વ્યવહારસાધન, વ્યવહારકારણ (આવે), પણ વ્યવહારનયે અન્યથા કહ્યું છે. નથી તેને સાધન કહ્યું. (શ્રોતા : ....) જણાવે નહીં એ વ્યવહાર? અંદર વ્યવહાર આવે છે એવું જણાવે જ્ઞાની. પણ એ સાધન છે નહીં. આરે, આરે! આકરું કામ ભાઈ! એ તો આવ્યુંને અગિયારમી ગાથામાં, નથી આવ્યું? વ્યવહાર નિમિત્ત સાધનને હસ્તાવલંબ જાણીને ભગવાને ઉપદેશ જૈનશાસ્ત્રમાં ઘણો કર્યો છે, પણ એનું ફળ સંસાર છે. અગિયારમી ગાથા. (શ્રોતા : સાધન કહ્યુંને?) કીધુંને એનું ફળ સંસાર. સંસારના ફળનું સાધન કીધું. (શ્રોતા : પણ સાધન કીધુંને ?) સંસારના ફળનું સાધન કીધું. ચેતનજી! (શ્રોતા : નથી ચાલ્યું..) નથી ચાલ્યું?

મહાવિદેહમાં ચાલે છે.

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞે જે કહ્યું અને એ તેના ન્યાયમાં બેસી જાય એમ છે. આ એમાં કાંઈ ગરબડ રહે એવું કાંઈ છે નહીં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો ચોખ્ખું કહ્યું છે. વ્યવહારનય કહે છે એમ જો માને એ તો મિથ્યાત્વ છે, એમ કીધું છે ન્યાં તો. એ પંડિતજી! એમ કીધું છે કે નહીં? વ્યવહારનય કહે છે એમ માને તો મિથ્યાત્વ છે, એમ કીધું. કારણ કે કોઈ નિમિત્તની અપેક્ષા આદિથી એને અન્યથા કહે છે. એમ કેમ કહે? પણ એ વ્યવહારનયના લક્ષણ જ એવા છે. (શ્રોતા : ભગવાનના કથનમાં આવ્યું?) ભગવાનના કથનમાં એમ આવે. (શ્રોતા : બીજા માણસ કહે તો એવા લખાણ ..... ભગવાને...) ભગવાને કહ્યું એ કઈ અપેક્ષાએ કહ્યું? કઈ નયનું કથન છે? એ કઈ નય સાચી છે કે ઉપચારિત છે? (શ્રોતા : ભગવાન તો સાચું જ કહે). વાંધો ઊઠ્યોને. મોટું લખાણ બહુ આવે છે. એ વ્યવહારને અભૂતાર્થ કહે છે. હવે સાંભળને. અભૂતાર્થનો અર્થ વસ્તુ છે. રાગ વસ્તુ નથી? પર્યાય પણ વસ્તુ નથી? છે, બસ, છે એટલું જાણવું. પણ એ સાધન છે એમ જે કહ્યું છે એ અન્યથા વ્યવહારનયે કહ્યું છે.

આંહીં તો કહ્યુંને કે સાધન—આરાધનકી સામગ્રી તો તારી પાસે છે. રાગ એની પાસે છે? એનો સ્વભાવ છે? એ તો બહાર છે. એક કોર આવું માને, કહે અને વળી મોટી રથયાત્રા કઢાવે, એમ વળી માણસ કહે છે. કોણ કઢાવે? સાંભળને ભાઈ! (શ્રોતા : શાસ્ત્રમાં લખ્યું છે, રથયાત્રા કઢાવવી..) કઢાવવી શું? એ તો ભાષા વ્યવહારનું અન્યથા કથન છે. કઢાવે કોણ? કાઢે કોણ? એ પરમાણુની અને એ જીવની એ સમયે જે પર્યાય થવાની હોય ત્યાં થાય. બીજો કોણ કરી શકે? સમજાણું કાંઈ? भूल्यौ फिरै मूरख मिथ्यात्वकी अलटमैं, લ્યો. એ અંદરમાં સાધન ને આરાધન અંદરમાં પડ્યું છે આત્મામાં, શુદ્ધતામાં હોં. એને ઠેકાણે મૂઢ મિથ્યાદૃષ્ટિ બહારમાં ભ્રમણાથી ફરે છે મૂરખ. આંહીંથી મળશે, આંહીંથી ધર્મ મળશે, આંહીંથી સમકિત થાશે. આહાહા! બહુ સરસ વાત કરી છે. બસ, હવે કળશ આવશે. આ તો બંધના અધિકારમાં .... કળશ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૯૧ અષાઢ સુદ ૮ ગુરુવાર તા. ૧-૭-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૧૬, ૧૭, ૧૮ પર પ્રવચન

આ સમયસાર નાટક, બંધ અધિકાર છે. છઠ્ઠો કળશ. ૧૮૨ પાનું છે ને. નીચે છઠ્ઠો કળશ છે. શું અધિકાર છે? આ બંધ છે. અજ્ઞાનીને વિપરીત અભિપ્રાયથી ક્ષણે ક્ષણે મિથ્યાત્વાદિ આઠ કર્મોનો આકરો બંધ પડે છે. અજ્ઞાનીને પડે છે. જ્ઞાનીને ભાન છે તેથી એને બંધ પડતો નથી, એ વર્ણન છે.

सर्वं सदैव नियतं भवति स्वकीय—
कर्मोदयान्मरण जीवित दुःखसौख्यम्।
अज्ञानमेतदिह यत्तु परः परस्य
कुर्यात्पुमान् मरण जीवित दुःखसौख्यम्॥६॥

એનું પદ્ય. वस्तुका सत्यस्वरूप और मूर्खका विचार

तिहूँ लोकमांहि तिहूँ काल सब जीवनिकौ,
पूरब करम उदै आइ रस देतु है।
कोउ दीरघाउ धरै कौउ अलपाउ मरै,
कौउ दुखी कोउ सुखी कोउ समचेतु है॥
याहि मैं जिवायौ याहि मारो याहि सुखी करौ,
याहि दुखी करौ ऐसे मूढ़ मान लेतु है।
याही अहंबुद्धिसौं न विनसै भरम भूल,
यहै मिथ्या धरम करम-बंध हेतु है॥१६॥

**શબ્દાર્થ :—**દીરઘાઉ(દીર્ઘાયુ)=અધિક ઉમર. અલપાઉ(અલ્પાયુ)=નાની ઉંમર. જિવાયૌ=જીવાડ્યો. મૂઢ=મિથ્યાદૃષ્ટિ. હેતુ=કારણ

**અર્થ :—**ત્રણ લોક અને ત્રણ કાળમાં જગતના સર્વ જીવોને પૂર્વ ઉપાર્જિત કર્મ ઉદયમાં આવીને ફળ આપે છે જેથી કોઈ અધિક આયુ મેળવે છે, કોઈ નાની ઉંમરમાં મરે છે, કોઈ દુ:ખી થાય છે, કોઈ સુખી થાય છે અને કોઈ સાધારણ સ્થિતિમાં રહે છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ એમ માનવા લાગે છે કે મેં આને જીવાડ્યો, આને માર્યો, આને સુખી કર્યો, આને દુ:ખી કર્યો

**છે. આ જ અહંબુદ્ધિથી અજ્ઞાનનો પડદો દૂર થતો નથી અને એ જ મિથ્યાભાવ છે જે કર્મબંધનું કારણ છે. ૧૬.**

**अर्थ :—तीन लोक और तीनों कालमें जगतके सब जीवोंको पूर्व उपार्जित कर्म उदयमें आकर फल देता है जिनसे कोई अधिक आयु पाते हैं कोई छोटी उम्रमें मरते हैं, कोई दुःखी होते हैं, कोई सुखी होते हैं और कोई साधारण स्थितिमें रहते हैं। इस पर मिथ्यात्वी ऐसा मानने लगता है कि मैंने इसे जिलाया है, इसे मारा, इसे सुखी किया, इसे दुःखी किया है। इसी अहंबुद्धिसे अज्ञानका परदा नहीं हटता और यही मिथ्याभाव है जो कर्मबंधका कारण है॥१६॥**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ત્રણ લોકમાં અને ત્રણ કાળમાં... એ વાત સિદ્ધ કરે છે. આ જગતમાં ત્રણ લોક— ચાહે તો અધોલોક હો, મધ્ય હો કે ઉર્ધ્વ હો અને ત્રણ કાળ અને સર્વ જીવ—આમ આખી વાત ત્રણ લીધી. ત્રણ કાળમાં, ત્રણ લોકમાં અને સર્વ જીવ. આહા! तिहूँ लोकमांहि तिहूँ काल सह जीवनिकौ, पूरब करम उदै आइ रस देतु है. એણે જે પૂર્વે કર્મ બાંધ્યા હોય, એવો એને સંયોગ અને આયુષ્ય આદિની સ્થિતિ હોય છે. વિકાર થાય એની આંહીં વાત નથી. પૂર્વે કર્મ બાંધ્યું હોય એ પ્રમાણે વિકાર થાય, એમ આંહીં નથી વાત. પણ પૂર્વે એણે કર્મ બાંધ્યું હોય જેવું... पूरब कर्म उदै आइ.. ઉદય આવ્યા. એને आइ रस देतु है.. કર્મનો રસ ફળ આપે.

कोउ दीरघाउ.. કોઈનું આયુષ્ય દીર્ઘ હો, એ પણ પૂર્વના આયુષ્ય (બંધના) કારણે છે. પૂર્વે એણે જો (દીર્ઘ) આયુષ્ય બાંધ્યું હોય તો એનું દીર્ઘ આયુ રહે, જે પ્રમાણે બાંધ્યું હોય એ પ્રમાણે. कोउ अलपाउ.. અલ્પ કાળમાં મરે. પણ જેટલું આયુષ્ય એણે બાંધેલું હોય એ પ્રમાણે એનું અલ્પ આયુ થાય છે. कोउ दुखी कोउ सुखी.. કોઈ દુઃખી નામ પ્રતિકૂળ સંયોગ કેટલાકને હોય છે અને કોઈને અનુકૂળ સંયોગ એ પૂર્વના પ્રારબ્ધને કારણે છે. સુખ-દુઃખ થાય એની વાત નથી. આંહીં તો સામગ્રી મળે બહારની ધૂળ આદિની, એની વાત છે. છે ને? कोउ दीरघाउ धरै, कोउ अलपाउ मरै.. પૂર્વેના આયુષ્ય બાંધેલા હોય એ પ્રમાણે થાય.

कोउ दुखी એટલે પ્રતિકૂળ સંયોગ એને મળે, પણ એ પૂર્વના અશાતાના ઉદયનો યોગ હોય એ પ્રમાણે મળે. कोउ सुखी એટલે દુનિયાને અનુકૂળ. આ પૈસા-બૈસા, બૈરી, છોકરા, ધૂળ આદિ કહેવાય છેને આ બધું અનુકૂળ. એ કોઈને પૂર્વનાં કર્મનો ઉદય એવો હોય એમ મળે. कोउ समचेतु.. કોઈ સાધારણ સ્થિતિમાં હોય માણસ. પ્રતિકૂળતા ઘણી નહીં અને અનુકૂળતા (પણ ઘણી નહીં), સાધારણ સ્થિતિમાં. કોઈ પૂર્વનાં કર્મનો એવો

ભાગ છે રસ, એ પ્રમાણે એની સ્થિતિ બને છે. याही मैं जिवायौ.. પણ અજ્ઞાની એમાં અહંકાર, મિથ્યાત્વ કરે છે. મેં આ બાળકોને જીવાડ્યા, પાંજરાપોળના ઢોરને મેં જીવાડ્યા, આ જીવને મેં બચાવ્યો, પ્રાણરક્ષા કરી—એ (માન્યતા) મિથ્યાત્વભાવ છે. દયા કોણ, કોની દયા કરે? કોણ કરે? એ, કાંતિભાઈ! શું છે આ?

પરની પ્રાણરક્ષા મેં કરી. પ્રાણ દસ—પાંચ ઇન્દ્રિયો, મન, વચન અને કાયા (મળીને) આઠ અને આયુષ્ય ને શ્વાસ. એની મેં રક્ષા કરી પરની—પશુની, બાળકની, ગરીબોની, એમ જે માને છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. છે ને? જીવાડ્યો મેં, એના પ્રાણની મેં રક્ષા કરી તો એ જીવ્યો. હું એની સંભાળ કરનારો છું તો એ જીવ્યો નહીંતર તો મરી જાત. મૂઢ એમ માને છે. બરાબર હશે? (શ્રોતા : જીવો ને જીવવા દો, ભગવાને કહ્યું છે.) કોઈ કહેતા નથી, ભગવાને કીધુંય નથી. દુનિયા લઈને બેઠી છે. ભગવાનનો સંદેશ—જીવો અને જીવવા દો, એમ રાડું પાડે છે બહુ આ લોકો. આંહીં તો કહે, પરને જીવાડી શકું એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિ મૂઢની છે. આહાહા! સમજાણું કાંઈ?

જીવાડ્યો મેં. આને જીવાડ્યો, રક્ષણ કર્યું. આ પાણીમાં પડી ગયો હતો ને રાખ્યો હતો, બચી ગયો, મેં બચાવ્યો. મકોડાં પડ્યા હોય, લ્યોને, પાણીમાં, મેં બચાવ્યો. મૂઢ છો, કહે છે. બચાવે ક્યાં? ભાવ વિકલ્પ હતો. બાકી બચાવી શકે એ તો પરની ક્રિયા છે. વીતરાગનો માર્ગ આવો છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહીં, એવું વીતરાગનું અનાદિ વસ્તુનું સ્વરૂપ એવું છે. કહેશે વધારે. સમજાય છે કાંઈ? કોઈ કોઈનું સહાયક નથી, ભાઈ! જીવાડી શક્યો. મેં આને માર્યો, મેં આની હિંસા કરી. મૂઢ છે. એના આયુષ્યની સ્થિતિ એટલી હતી તો દેહ છૂટી ગયો. એને ઠેકાણે મેં આને માર્યો, એ (માન્યતા) મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ, પાપભાવ છે. આની તો ખબર ન મળે અને આ પ્રાણીની રક્ષા કરવી એ ધર્મ. આહાહા! હાલી નીકળ્યા છે. સમજાણું કાંઈ?

અહિંસા ..... એમ કહેતા અમારે. ભગવાને અહિંસા કીધી. કોઈ પ્રાણીને મારવો નહીં, દયા પાળવી, એવો પરમ ધર્મ ભગવાને કહ્યો છે. ભગવાન અહીંયાં ના પાડે છે, એમ નથી મેં કહ્યું. (શ્રોતા : તો શું બેસી રહેવું?) બેસી રહે, એ રાગ છે તો રાગ આવશે. પણ રાગને લઈને પરને જીવાડી શકે છે (એમ છે નહીં). આ મા-બાપ છોકરાઓને પાળે છે કે નહીં? અમે મોટા કર્યાં, સુમનભાઈને તો બહુ આમણે પૈસા ખર્ચીને ભણાવીને મોટા કર્યાં લ્યો. ખરું કે નહીં? અમેરિકા મોકલ્યા. એ તો પછી કુચે મરવા (ગયો), એમ કહે છે ભાઈ. પણ આમ ભણાવ્યા—ગણાવ્યા પૈસા ખર્ચીને. ડાહ્યા તો કર્યા હશે કે નહીં? કેળવણી આપી. ધૂળેય આપી નથી, અહીંયાં એમ કહે છે. કો'કને કોણ કેળવણી આપે? મૂર્ખ છો, એમ કહે છે આંહીં તો. કેળવણી આપીને. આ જીતુ-બીતુને આપી હશે કે નહીં? ચોપડા તપાસે

કો'કના. કોણ તપાસે? આંહીં તો એ વાત છે ભગવાનની. આહાહા!

ભાઈ! એક તત્ત્વ છે એ બીજા તત્ત્વને શું.... એ પાઠ છે જુઓને. यत्तु परः परस्य. છે ને? પર પરનું કાંઈ પણ જીવાડી શકે, મારી શકે.. અરે, સુખી કરું એટલે.... અંદર સંસ્કૃતમાં છે 'परः परस्य.' આહાહા! બહુ ચોખ્ખી વાત છે. એક જીવ બીજા જીવને પ્રતિકૂળ સંયોગ આપી શકે. મૂઢ છે કહે છે. કોણ આપે? ઘણા અશાતાના ઉદય હોય અને પ્રતિકૂળ સંયોગના રજકણો એને મળે. આ કહે કે મેં એને ઝેર આપ્યું, મરી ગયો જીવ. મેં આમ આપ્યું, અપચ્ય આહાર આપ્યો તેથી એને રોગ થયો. મૂઢ છો. આહાહા! સમજાણું? અને મેં સુખી કર્યો. જુઓ, મેં એને આહાર આપ્યો, પાણી આપ્યું, દવા આપી, પગ દાબ્યા. એ તો ઓલા સુમનભાઈ આવીને પગ દાબી જાય. એય! કોના પગ? કોના પગ? પગ તો માટી ધૂળના છે. એ તો પુદ્‌ગલના છે, પગ આત્માના છે? બીજો પગ દાબે આમ, એ માન્યતા જ જૂઠી છે કહે છે. વજુભાઈ! કળતર થાય તો બહુ દબાવે. આહાહા!

એક આ આંગળી હલે એ જડને કારણે હલે છે. આત્માના કારણે હલે એ માન્યતા મૂઢ મિથ્યાદૃષ્ટિની છે. વીતરાગના તત્ત્વને સમજતો નથી. આહાહા! ભારે આખી દુનિયાથી નિરાળી! મેં જીવાડ્યો, પ્રાણરક્ષા કરી. મેં માર્યો, એણે હિંસા કરી નાખી. એલા, પણ તું એક બીજું તત્ત્વ, બીજા તત્ત્વની તું હિંસા કરી શક એ તારામાં તાકાત છે? એમ બીજા તત્ત્વની તું દયા પાળી શક અને બચાવી શક... સમજાણું કાંઈ? તેરાપંથી એમ કહે છે કે પરને બચાવવું એમ માનવું એ મિથ્યાત્વ છે. પણ એ બીજી વાત કહે છે. એને ખબર નથી કે એ બચાવી શકતો નથી. એ વાત ખબર જ નથી એને. સમજાણું કાંઈ? પરને બચાવવાના ભાવ એ પાપ છે એમ કહે છે. એમ નથી. એને બચાવી શકું છું એ માન્યતા જૂઠી છે. પણ બચાવવાનો ભાવ જે છે એ પુણ્યભાવ છે. આ તો મોટો ફેર છે. સમજાણું કાંઈ?

બચાવી શકું છું એમ માને, એ તો પરદ્રવ્યની ક્રિયા હું કરી શકું (એમ) માન્યું છે, એ મિથ્યાત્વભાવ છે. પણ પરને હું બચાવું છું એવો એનો દયાનો ભાવ, એ ભાવ કાંઈ પાપ નથી, પુણ્ય છે. ધર્મેય નથી. પર જીવને બચાવવાનો ભાવ એ ધર્મેય નથી, પાપેય નથી, (એ ભાવ) પુણ્ય છે. સમજાણું કાંઈ? આહાહા! તત્ત્વની ખબર ન મળે, થઈ ગયા સાધુ અને અમે દયા પાળીએ છીએ. છ કાયની દયાના પાળનારા એમ લખે. સંવત્સરી આવેને સંવત્સરી. છ કાયના રક્ષક, છ કાયના ગોવાળ. સંવત્સરી આવેને. ખમતખામણામાં લખેને. એકબીજા ખમાવે ત્યારે લખે. ..... એ રક્ષા કરી શકતો નથી (તેથી ન) રક્ષવું એવો ભાવ નથી. નબળાઈને લઈને જીવને ન મારું એવો વિકલ્પ ઉઠે છે. પણ મારી શકું છું, જીવાડી શકું છું—એ ધર્મી માનતો નથી. અને માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! જગતથી ભારે ફેરફારવાળી વાત!

આ મંદિર બનાવું, ઉપાશ્રય બનાવું, પુસ્તક બનાવું, લ્યો, અક્ષરોનો તરજુમો–અનુવાદ કરું. એ જડની પર્યાય કરું એ મૂઢની માન્યતા છે. અહીં તો એવી વાત છે. એ સુમનભાઈ! બહુ ફેર. આ તો વીતરાગ સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાતો છે. એક તત્ત્વ પોતે જ પોતાના દ્રવ્ય-ગુણ પર્યાયપણે રહેલું છે. દરેક તત્ત્વ પોતે પોતાના દ્રવ્યમાં એટલે શક્તિવાનમાં, એની ગુણ એટલે શક્તિમાં અને વર્તમાન હાલતમાં—દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દરેક તત્ત્વ છે, એને બીજું તત્ત્વ કરે શું? આહાહા! આ વેપાર-બેપારના ધંધા તો ધ્યાન બુદ્ધિવાળો કરી શકે કે નહિ? ધૂળેય કરે નહિ. એ તો અભિમાન કરે, મિથ્યાત્વ સેવે. બરાબર વ્યવસ્થાપૂર્વક કામ લઈએ છીએ, દુકાન ઉપર થડે હું બેઠો હોઉં ત્યારે ઘરાક-બરાક સરખા આવે અને આ બડથોલ નોકરને બેસાડ્યો હોય ત્યારે બે દિ'માં કાંઈ કર્યું નહીં. પોરો ચઢે મિથ્યાત્વનો. અજ્ઞાની, માળા સાંભળને!

પરના રજકણના ધંધા, રજકણ દેવા-લેવાની ક્રિયા શું આત્મા કરી શકે છે? આહાહા! આકરું કામ બાપા! ત્રણ લોક, ત્રણ કાળમાં સર્વ જીવને.. આ એકેન્દ્રિય જીવને મેં બચાવ્યા, આટલા બચાવ્યા... એ તો કસાઈખાને જતા હતા, આટલા પૈસા દઈને મેં બચાવ્યા. એ ભાવ છે એ શુભ છે, પણ હું બચાવી શકું છું, આને હું બચાવી શકું છું એ માન્યતા મિથ્યાત્વ છે. આકરું કામ છે. કહો, સમજાણું કાંઈ? એને નવ તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા નથી. એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ પણ બગાડે, સુધારે એવી માન્યતા તે મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા! ત્યારે હવે મા-બાપને પાળવા કે નહિ? એ કાંતિભાઈ! એને માથે આવીને પડ્યું છે. એની મા ડોશી ઘરે છે. નોકરી છોડી દેવી પડી. સેવા (કરવા) જવું પડે ન્યાં. થોડો વખત આંહીં રહે, પછી ન્યાં જાય. એક બાઈ, એક આદમી—બે રાખ્યા છે, નહીં? બે રાખ્યા છેને? રાખી શકે છે? (શ્રોતા : રાખ્યા છે એમ કીધું પછી રાખી શકે છે એવો પ્રશ્ન ક્યાં ઉઠે?) (રાખ્યા) એ વાત જ જૂઠી છે. રાખે કોણ? પરદ્રવ્યને રાખે ને રહે, એ વાત જ જૂઠી છે તદ્દન. આહાહા!

આ વીતરાગમાર્ગ છે બાપા! આ તો વસ્તુની સ્વતંત્રતા, વસ્તુનું સ્વતંત્ર સ્વરૂપ છે. કોઈ તત્ત્વની કોઈ દશા બીજો કરે (એમ) ત્રણ કાળ ત્રણ લોકમાં સર્વ જીવમાં ક્યાંય બનતું નથી. એકેન્દ્રિય હો, બેઈન્દ્રિય હો, ત્રણ ઈન્દ્રિય હો, ચૌઈન્દ્રિય હો, પંચેન્દ્રિય હો. આવે છેને મિચ્છામિ પડિક્કમણામાં. ઈરીયા, વતીયા, વિસિયા.... એવો ભાવ કર્યો હોય વિકલ્પ એની વાત છે. પરને કરી શકે છે એમ નથી. તત્સૂત્રીમાં આવતું નથી? તાવ કાયં, ઠાણેણં... ત્યાં સુધી આ શરીરને હું રાખું. રાખી શકે છે? એમાં આવે છે. તાવ કાયં જાણણં મોણણં અપાણં.... આખો આત્મા વોસરાવ્યો. ભાન ન મળે કાંઈ. આહાહા! તત્સૂત્રીમાં આવેને ભાઈ ....... એ કોઈ વિકલ્પ હતો એનો વિચાર કરીને પાછો ફરે છે. પરનું કરી શકું છું,

કાયાને આમ રાખી શકું, એ (કાયા) તો જડ છે. જડને આમ રાખી શકું આમ કાયોત્સર્ગમાં. મૂઢ છો, કહે છે.

અજીવની પર્યાય જીવ કરે, એણે અજીવને જીવ માન્યો. આમ બોલે કે અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને... આ બોલે છે ને. મિથ્યાત્વના પચ્ચીસ (પ્રકાર) આવે છે. શ્વેતામ્બરમાં દસ આવે છે. આમાં પચ્ચીસ આવે છે. જીવને અજીવ માને તો મિથ્યાત્વ. ભાઈસા'બ ગડીયા હાંકે જાય, અર્થની કાંઈ ખબર ન મળે. મેં આને દુઃખી કર્યો એટલે પ્રતિકૂળ સંયોગ આપ્યા, એમ. કેટલીક બાઈઓ એવી હોય છેને સાસુ, વહુને વહેલી ઉઠાડીને કીધું હોય, ઘઉં દળી નાખજે દશ શેર. એમાં બેઠી હોય ને કાંઈ ઝોલું ખાધું હોયને. સાસુ એવી આકરી હોય ને ઓલું ઘઉં આમ મૂકવા જાયને ત્યાં અગ્નિનું એક મૂકે હેઠે. આ બને છે હોં, આ બનેલું છે બધું. ઘઉંનું ઓલું હોયને. છે આ બધું ગામડામાં છે. હોય સાસુ કડક. હાથ નાખવા જાય ત્યાં અંગાર મૂકે. અંગાર-અંગારા.

બન્યું છે, ગામડામાં બન્યું છે. બાઈઓ એવી હોય છે ભાન વિનાની, અક્કલ વિનાની. શેઠની શેઠાણી મોટી કહેવાતી હોય (પણ હોય) બધી મૂર્ખના જામ. પણ પૂર્વના પુણ્યને લઈને બહારમાં મોટા ગૃહસ્થના ઘરના કહેવાતા હોય, હોય તો બધા મૂર્ખના જામ. સુમનભાઈ ! આ નાની ઉંમરમાં જોયેલું સાંભળેલું છે હોં. ઘણું બધું સાંભળેલું છે. બાઈયું એવી કડક હોય કે (અંગાર) હેઠે મુકી દે. આમ જ્યાં.... ઉંઘ ઉડી જાય. તો શું તે કર્યું કાંઈ ? એ તો એનો અશાતાનો ઉદય હતો તો સંયોગ આવ્યો. તે અગ્નિ મૂકીને એનો હાથ દાઝ્યો એ વાતમાં માલ નથી. આહાહા !

ગુણવંતભાઈ ! શું હશે આવું આ બધું ? વેપાર-બેપાર કરો છોને તમે ધંધા-બંધા. ભગવાન એમ કહે છે કે ભાઈ ! તું બીજાની પ્રાણરક્ષા કર એ માન્યતા તારી મૂઢ, મિથ્યાત્વ, મહાપાપ બાંધે છે. પરને હું મારી શકું એવી તારી માન્યતા પ્રભુ! તને ઘણું નુકશાન કરે છે. એમ બીજાને અનુકુળ સંયોગ આપી દઉં આહાર, પાણી, ક્ષુધા હોય એને શીરો, તૃષા હોય એને મોસંબી. ગળે પ્રાણ હતા ને બચાવ્યો એને, લ્યો. એમ નથી કહેતા માણસ? ધૂળેય બચાવ્યો નથી, સાંભળને હવે ! એ તો એના પૂર્વના પુણ્યના યોગે એવી સામગ્રી આવવાની હતી એના કર્મને કારણે. તેં આપી છે એમ માન્યું, મિથ્યાત્વના મહાપાપને (લઈને) આત્મા (હણાય છે). અહીં કહેશે હમણાં.

आत्महतो भवन्ति. એ આત્માની હિંસા કરનારા છે. આહાહા! ગજબ વાત છે. याहि दुखी करौ ऐसे मूढ मान लेतु है.. છે ને? મૂઢ માને છે. આહાહા! મિથ્યાદૃષ્ટિ મૂઢની વ્યાખ્યા આ. જેને તત્ત્વની દૃષ્ટિની ખબર નથી. સમ્યગ્દર્શન શું? આત્મા શું? ભાન નથી.

એ જીવો આત્માને પરના કર્તા (માનીને) અભિમાન કરે છે. આહા! સાધુ નામ ધરાવે ને આમ માને તો એ મિથ્યાદષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ? અમે ઉપદેશ આપીને ઘણા જીવોને (ખંખેરાવીએ). અમારી પાસે પૈસા નથી, એમ કહતે હૈં. પણ અમે ઉપદેશ આપીને ખંખેરાવીએ રૂપિયા દાન દેવા માટે. મૂઢ છો કહે છે. ઉપદેશ તો જડની ભાષા છે. ભાષા તેં કરી છે? આ તો જડની અવસ્થા છે. અને ઉપદેશથી ઓલો પૈસા કાઢે છે? એ તો પૈસા ત્યાં નીકળવાના હતા એને કારણે નીકળે છે. એવા ઉપદેશ દઈને આમ કરીએ. ઓલા એક હતાને ભાઈ ત્યાં જોરાવરમાં. શું? મણીભાઈ કોઠારી.

૯૦ માં તમે ગયા હતા. તે દિ' તો બહુ હતુંને વઢવાણમાં હજારો માણસો. જોરાવર ગયા ત્યાં એની કોરથી કેટલાય માણસો. આની કોરથી ઢગલો હતો. ૯૦ ની સાલમાં. પરિવર્તન તો ૯૧માં કર્યુંને. ૯૦માં હજી... મણીભાઈ કોઠારી જોરાવરનગરમાં હતા. બહુ ઉપદેશ. પહેલા તો વ્યાખ્યાનમાં બધા.... અમે દુનિયાને એવી શૈલીએ વાત કરીએ કે બાઈયું પણ એમ કે દાગીના હાથમાંથી છોડી દે. એવો ઉપદેશ દઈએ. તમારો કાંઈ હક્ક છે કે નહીં કાંઈ ઘરમાં? કે રાંધી ખવરાવવું એટલો જ હક્ક છે? તમે કાંઈ સ્વતંત્ર કરી શકો કે નહીં? સ્વતંત્ર કાંઈ ન કરી શકો? છોડો. હાથમાંની બંગડીઓ સોનાની કઢાવી નાખીએ દાનમાં. દાન હોયને.... મૂઢ છો માળા, સાંભળ! ઉપદેશની ભાષા જડની છે. એ રતિભાઈ! ઓળખતા કે નહીં? મણીભાઈ કોઠારી. ૯૦માં ગયાને ત્યારે. અપસરામાં સમાય નહીં એટલું માણસ આવતુંને તે દિ' તો. છાપ મોટી હતીને. મુહપતિ ફરીને આ મૂર્તિ આવી ગઈ ત્યાં હાય.. હાય.. આહાહા!

પહેલા જરીક એનાથી બોલાઈ ગયું હતું હોં ભાઈ! બહુ વીજળી ને બધું પડ્યું. એ આખો પંડાળ ફાટી ગયો. ૧૦-૧૨ હજાર રૂપિયાનું નુકશાન થયુ હતું. બે-ત્રણ દિ પહેલા. હું હેઠે ઉતર્યો ત્યાં એ આવ્યા. આજ તો મોટું નુકશાન થયું. મોટું શબ્દ નહોતો વાપર્યો. ઘણું એમ કંઈક ભાષા વાપરી હતી. બહુ આજ તો નુકશાન થયું. એ ઓલા ઉંધા અર્થમાં. માણસને એમ થઈ ગયું.... આ ચોથા દિ'ની વાત છે. પંડાળ મોટો ઉંચો... ફાટી ગયા બે કટકા થઈ ગયા. એટલો પવન. અને અગ્નિ કાંઈક સળગી..... પછી પાછળથી બધું સરખું થઈ ગયું. પૈસાનું તો ઠીક.... પણ એ વખતે બોલી ગયા હતા હોં. હું હેઠે ઉતર્યો દિશાએ જવા.. આજ તો ઘણું નુકશાન થયું. બનવાની હોય એ... ફાટવાનું હોય એના કાળે એ ફાટે જ તે. પવનનું નિમિત્ત અને ફાટવાની ક્રિયા તો પોતાથી થઈ છે. પવનથી પણ થઈ નથી. આ વાત જગતની સાથે (મેળ ન ખાય). પણ જરીક બોલી ગયા હતા, નહીં? ખબર છે? નુકશાન બહુ આવ્યું.... જેટલી ચીજ છે એ રાખી રહે નહી અને ટાળી ટળે નહીં. એને ટાણે રહેવું હોય તે રહે અને એને ટાણે જવું હોય તો જાય. આત્મ કાંઈ પરનું કરી શકે ત્રણ કાળમાં, એ વાત છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

याहि दुखी करौ ऐसे मूढ मान लेतु है, याही अहंबुद्धिसौ न विनसै भरम भूल.. અજ્ઞાનીને અહંપણું (છે કે) આને જીવાડું, આને માર્યું, આને પ્રતિકૂળ સંયોગ આપ્યા, આને અનુકૂળ સંયોગ મેં આહાર, પાણી, કપડાં, ટાઢમાં કપડાં આપ્યા. ધ્રૂજતો હતો મરી જતો હતો. હવે બચી ગયો, લ્યો. મોટર-બોટરમાં બિચારા કપડાં લઈને જાય, ગામડામાં દેવા જાય, બહુ ટાઢ હોય એ વખતે. પણ એ ક્રિયા પરની, જડની, જડની થવાને કાળે થાય. તારાથી થઈ છે ને મેં આને કપડાં આપ્યા, એ માન્યતા જ અજ્ઞાનીની મૂઢ ને મિથ્યાત્વ છે. આહાહા! મોહનભાઈ! આ કપડાંથી હું છું, કહે છે, મિથ્યાત્વભાવ છે. એમ કહે છે. એ જડની ક્રિયા છે, એ આત્મા કરી શકતો નથી. મોહનભાઈએ તો કર્યું છેને ઘણું. સંચાને બરાબર આમ આમ પગ હેઠે હલાવેને સંચો. આંહીં કહે છે, એ સંચાને હલાવી શક નહીં. કપડામાં એ દોરો સરખો આમ રાખે ફટ-ફટ-ફટ-ફટ-ફટ. એ બધી જડની ક્રિયા જડને કાળે થાય આત્મા કરી શકે નહીં. આહાહા! આકરું કામ ભારે! ગુણવંતભાઈ! બરાબર હશે આ?

अहंबुद्धिसौं न विनसे भरम भूल.. એ શું કહે છે? એનું હું કરી શકું છું, દુઃખી કરી શકું એટલે પ્રતિકૂળ સંયોગ આપી શકું, અનુકૂળ આપી શકું, પ્રાણરક્ષા કરી શકું, પ્રાણઘાત કરી શકું—એવો જે મિથ્યાત્વભાવ એને ભ્રમ ન વિનસે. ભ્રમણામાં. ભ્રમણા થઈ ગઈ, એને ભ્રમણા થઈ ગઈ. પણ હું હતો ને આ બચ્યોને. મેં હાથ દીધો ને ટક્યોને, મેં કપડાં દીધાં તો આમ થયુંને, નહીં તો મરી જાત. મેં લુગડું આપ્યું, આહાર આપ્યો ને બચી ગયો, પાણી આપ્યું ને બચી ગયો, નહીં તો તરફડતો હોત. પણ એના આયુષ્ય પ્રમાણે એ બચ્યો અને એને મળવાનું હતું એ એને કારણે, કર્મના કારણે (નહીં). મળ્યું છે (તે) તારે કારણે નહીં. આહાહા! ભારે ભાઈ આ તો વાત! દુનિયાથી (જુદી).

સાધુ બિચારા મૂઢ થઈને મરી ગ્યા એમાં ને એમાં. અમે આ કર્યાં, અમે આ કર્યાં. બે-પાંચ લાખ ભેગા કર્યાં સમજાવી સમજાવીને. એમાંથી પછી આમ અપાસરો મોટો બનાવ્યો, સ્વાધ્યાય મંદિર બનાવ્યું, બધું આ બનાવ્યું. ધૂળેય નથી બનાવ્યું, સાંભળને! એય! કેમ હશે આમાં? આ પરમાગમ કોણ બનાવે? ઈંટું. શું કીધું? ઈટું બનાવે. એક-એક રજકણ જગતનું સ્વતંત્ર અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વની જે ક્ષેત્રે, જે કાળે, જે અવસ્થા થવાની છે એ કાળે જ થશે. બીજાથી થાય અને બીજા એને રોકી શકે, એ વાત ત્રણ કાળમાં સાચી છે (નહીં). મિથ્યાશ્રદ્ધામાં મૂંઝાઈને મરી ગયો છે અનાદિનો. વર્તન તો એણે ઘણા કર્યાં, મહાવ્રત પાળ્યા અને ધૂળ પાળી ને એ રીતે. રાગ મંદ હોય તો દેખાય. (પણ) શ્રદ્ધામાં મોટા મીંડા. આહાહા! यहै मिथ्या धरम करम—बंध हेतु है, લ્યો. આ તો મિથ્યાધર્મ છે, કહે છે તારો. આહાહા! ગજબ વાત છે ને. એ છટ્ઠા શ્લોકની વાત થઈ. સાતમો આ બાજુ

છે. इसी अहंबुद्धिसे अज्ञानका परदा नहीं हटता और यही मिथ्याभाव है जो कर्मबंधका कारण है. આહાહા! ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. સવળો પડે તો એ થાય તેને જાણે, અવળો પડે તો થાય તેનો અહંકાર કરે કે મારાથી થયું. બસ, આ સિવાયનું બીજું કાંઈ કરી શકે (નહીં). સાતમો શ્લોક—કળશ નીચે.

अज्ञानमेतदधिगम्य परात्परस्य पश्यन्ति येमरणजिवितदुःख सौख्यम।
कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते, मिथ्यादृशो नियतमात्महनो भवन्ति।।७।।

વળી— (સવૈયા એકત્રીસા)

जहांलौ जगतके निवासी जीव जगतमैं,
सबै असहाइ कोऊ काहूकौ न धनी है।
जैसी जैसी पूरब करम-सत्ता बांधी जिन,
तैसी उदैमैं अवस्था आइ बनी है।।
एतेपरि जो कोउ कहै कि मैं जिवाऊं मारूं,
इत्यादि अनेक विकलप बात घनी है।
सो तौ अहंबुद्धिसौं विकल भयौ तिहूँ काल,
डोलै निज आतम सकति तिन हनी है।।१७।।

**શબ્દાર્થ** :—અસહાઈ=નિરાધાર. ધની=રક્ષક. અવસ્થા=હાલત. ધની=ધણી. વિકલ=બેચેન. ડોલૈ=ફરે છે. તિહૂંકાલ=સદૈવ. હની=નાશ કર્યો.

**અર્થ** :—જ્યાં સુધી સંસારી જીવોને જન્મ-મરણરૂપ સંસાર છે ત્યાં સુધી તેઓ અસહાય છે—કોઈ કોઈનો રક્ષક નથી જેણે પૂર્વે જેવી કર્મસત્તા બાંધી છે તેના ઉદયમાં તેની તેવી જ દશા થઈ જાય છે. આમ હોવા છતાં પણ જે કોઈ કહે છે કે હું પાળું છું, હું મારું છું, ઇત્યાદિ અનેક પ્રકારની કલ્પનાઓ કરે છે તેથી તે આ જ અહંબુદ્ધિથી વ્યાકુળ થઈને સદા ભટકતો ફરે છે અને પોતાની આત્મશક્તિનો ઘાત કરે છે. ૧૭.

**अर्थ** :—जब तक संसारी जीवोंका जन्म-मरणरूप संसार है तब तक वे असहाय हैं—कोई किसीका रक्षक नहीं है। जिसने पूर्वकालमें जैसी कर्मसत्ता बाँधी है उदयमें वैसी ही दशा हो जाती है। ऐसा होनेपर भी जो कोई कहता है कि मैं पालता हूँ, मैं मारता हूँ इत्यादि अनेक प्रकारकी कल्पनाएँ करता है, सो वह इसी अहंबुद्धिसे व्याकुल होकर सदा भटकता फिरता है और अपनी आत्मशक्तिका घात करता है।।१७।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

પુનઃ એનો શ્લોક. जहांलौ जगतके निवासी जीव जगतमैं, सबै असहाइ कोऊ काहूकौ न धनी है. કોઈનો કોઈ ધણી નથી. તો આ પત્નિનો પતિ એનો ધણી છે કે નહીં? હવે હાથ ઝાલે છે તો જાવજીવ પાળીશ એવું બોલવું પડે. ઓલો મુસલમાન એમ બોલે હોં. મુસલમાનને ઓલું ન હોયને? હા, એ ભાષા છે. ..... એ પાળીશ તમને. પછી આમ કહેવું છે. એવું કાંઈક છે. પાણીનું મઢુડી લાવી દઈશ, એમ કહે પાછો હોં. એ પરણતા વખતે મુસલમાન એમ બોલે. કબૂલ? કહે, હા. ફલાણું સાંભળ્યું હતું. જોડે અમારે મુસલમાન હતા. આ અત્યારે .... છેને એ મુસલમાનની જગ્યા છે. એ બાજુ છેને ઓરડા જેવું. શું કહેવાય? કૂવો કૂવો. ડંકી. એ મુસલમાનની જગ્યા છે. ઓરડો છે ત્યાં અમારે મામાની જમીન હતી. બ્રાહ્મણ રહેતા જન્મસ્થાનમાં હોં. હમણાં નવું લીધું એ અમારા મામાનું છે. ૨૧૦૦૦ની આવીને. દસ્તાવેજ થઈ ગયો છે. કાલ કહેતા હતા. આહાહા! ભારે કામ ભઈ આ તો.

કોણ કોનું લે? કોણ કોને દે? (શ્રોતા : કરેલું પાણીમાં ગયુંને?) પાણીમાં ક્યાં ગયું? જેમ છે એમ રહ્યું. સૌને કારણે સૌ થયું. મફતનો વચમાં માનીને બેસે કે મારે કારણે આ થયું, મૂઢ છો. નિમિત્ત શું કરે પણ? નિમિત્ત તો ક્યારે કહેવાય? થાય ત્યારે તે કાળ હોય ત્યારે કાર્યકાળ હોય તો એ છે, બસ એ નિમિત્ત. નિમિત્ત કરે શું? જે દ્રવ્યની કે જે પરમાણુની જે પર્યાય, એનો કાર્યકાળ હોય તે વખતે જ તે થાય. નિમિત્ત હો. કોણે ના પાડી છે? હોય તો એ બીજી ચીજ છે. એનાથી કાર્ય થયું છે? આહાહા!

આ સૂડીથી સોપારી ભંગાતી નથી એમ કહે છે આંહીં. કારણ કે સોપારીના રજકણ જુદા અને સૂડીના જુદા. એ પુદ્ગલ જુદા, આ પુદ્ગલ જુદા. આ એક પુદ્ગલ બીજાના કટકા કરે એમ બનતું નથી. ઓલો માને કે મેં બરાબર સરખા (કર્યા). ડાહ્યા માણસને કહે. ઓલો ભૂક્કો કરવો હોયને સોપારીનો સરખો ઝીણો. એ કાતરે સરખી રીતે. ઓલો મૂરખ અભિમાન કરે કે મેં કર્યું. સમજાણું કાંઈ? આ બાયડીઓ સારી પૂરણપોળી બનાવે, લ્યો. બહુ હોંશિયાર હોય, એનો હાથ હોય હળવો, એના હાથે સારું જ થાય, એમ કહે છે માણસ. સાચી વાત હશે એ? પરનું પર કરે કોણ? આહાહા! મિથ્યાદષ્ટિ અભિમાન કરે. અમારા હાથે તો બધું સારું જ થાય. ઢોકળા સારા થાય પોચા, પુડલા સારા થાય. સરખું ન થાય તો પાછા એમેય કહે, ભઈ એ તો રસોઈ છે. વળી એમ કહે. ત્યારે એક ટાઈમ કહેને કે રસોઈ છે તે એને કારણે થાય છે. પહેલેથી કહેને. તારાથી કાંઈ થતું (નથી.) આહાહા!

जहां लौ जगतके निवासी जीव जगतमैं
सबै असहाइ कोउ काहूकौ न धनी है.
जैसी जैसी पूरब करम-सत्ता बांधी जिन,
तैसी उदैमें अवस्था आइ बनी है.
एतेपरि जो कोउ कहै कि मैं जिवाऊँ मारुं,
इत्यादि अनेक विकलप बात घनी है.

વાત તો ઘણી છે, કહે છે. એક વાત આટલી કરી, પણ એ સિવાય બધે જ્યાં ત્યાં આમ કરું ને આમ કરું ને પાણી ભરી દઉં ને પાણી સરખું કરી દઉં ને આમ કરું ને આહાર કરી દઉં ને રોટલા કરી દઉં, ચોપડા લખી દઉં, સરખા કરી દઉં—બધી વાતોનો મિથ્યાત્વભાવ છે. એ જડની ક્રિયા મારાથી બન એ માન્યતા જ મિથ્યાત્વ અને વિકલ્પનો ભાવ છે. 'विकल्पकः कर्ता.' આવે છેને. પરનું કાર્ય નથી કરી શકતો. આવે છેને કર્તા-કર્મ અધિકારમાં ? 'विकल्पकः कर्ता', વિકલ્પ એનું કર્મ છે. અજ્ઞાની પરનું કાર્ય કરે એ વાત ત્રણ કાળમાં નથી. ફક્ત એ વખતે વિકલ્પ ઉઠાવે એ એનું કર્મ–કાર્ય અને એ એનો કર્તા, બસ. આહાહા !

વસ્તુની સીમા, આવે છેને નિર્જરા અધિકારમાં. દરેક વસ્તુ પોતાની સીમામાં છે. કોઈ કોઈનું કોઈ કરતું નથી. આહાહા ! સીમા નથી આવતી ક્યાંક ટીકામાં? દરેક વસ્તુની સીમા છે (એટલે કે) પોતપોતામાં છે, એમ કરીને. ના, આ તો આમાં આવે છે. એ સમાપ્તિ એ વળી જુદું. એ તો ૧૦૮. આ તો આમાં સમયસારમાં આવે છે ક્યાંક ટીકામાં. આયુષ્ય બચાવી શકે નહીં. ટીકામાં છે. છે કે નહીં ? ક્યાંક છે અંદર. પોતપોતામાં સહુ છે. કોઈ કોઈને સંક્રમણતી નથી. એ તો ૧૦૩. કોઈ દ્રવ્ય અને કોઈ ગુણની પર્યાય કોઈમાં સંક્રમતી નથી એવો જ એ વસ્તુનો સ્વભાવ છે. આવે છેને એ ? પ્રવચનસારમાં તો આવે છે, આ ગાથાઓમાં ક્યાંય આવે છે. બંધમાંય ક્યાંક આવે છે હોં. ક્યાંક છે ખરું. ક્યાંક હશે.

'દ્રવ્ય-ગુણમાં નિજરસથી જ અનાદિથી વર્તે છે. ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી (પોતાના દ્રવ્ય-ગુણમાં જ વર્તે છે). લ્યો. પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતર રૂપે સંક્રમણ પામતી નથી. દ્રવ્યાંતર-ગુણાંતર રૂપે નહીં સંક્રમતી તે અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે ?' ૧૦૩ માં છે. પોતપોતાની સીમામાં કામ કરે છે. પોતાનું દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય સત્. પર્યાય પણ સત્ છે, પરમાણુની હો કે આત્માની હો, તે તે પર્યાયમાં પરનો પ્રવેશ નથી. તેથી પર એનું કાંઈ કરી શકતો નથી. આહાહા ! ભારે ભાઈ આ તો આકરૂં ! જગત અહંકાર... પણ ઓલા બીજા શું કહે છે ? બચાવી શકે, પણ અહં ન

કરવો, અહંકાર ન કરવો. એ વળી આનો અર્થ એવો કરે છે રતનચંદજી. અહં કરવું (એમ) આવ્યુંને. અહં ન કરવો. પણ કરી શકતો જ નથી. આહાહા!

ઓલામાં આવે છેને, કરવું ખરું પણ અનાસક્તિભાવે કરવું. કહે છેને એક લૌકિકનો. કામ કરવું પણ અનાસક્તિયોગે કરવું. એ જ ખોટી વાત છે, આંહીં કહે છે. પરનું કરી શકું છું એ માન્યતા જ તારી આસક્તિ ને મિથ્યાત્વભાવ છે. આહાહા! અનાસક્તિયોગ ચાલે છેને આ? ગીતાનું તો બહુ ચાલે છે બધું બહારમાં. સાંભળ્યું છેને બધાનું ઘણું. અનાસક્તિયોગ. વાત જ જૂઠી છે. અનાસક્તિયોગ એટલે કરવું, કરી શકાય છે અને અનાસક્તિ રાખવી, (એ) વાત જ જૂઠી છે. આહાહા! અનાસક્તિયોગ આવે છે કે નહિ? एतेपरि जो कोऊ कहै कि मै जिवाऊं मारुं, इत्यादि अनेक विकल्प... सो तौ अहंबुद्धिसौं विकल भयो तिहूँ काल.. વિકલ થયો બેચેન. મૂઢ છે, કહે છે. डोलै निज आतम सकति तिन हनी है, લ્યો.

जहांलौ जगतके निवासी.. જ્યાં સુધી જગતમાં—લોકમાં પ્રાણી છે, जीव जगतमैं सबै असहाइ.. આહાહા! દેહની સ્થિતિ પૂરી થવા આવે, ડોક્ટરો-બોક્ટરો બોલાવે. પૈસા આપે. પણ ધૂળેય કરી શકે નહીં કંઈ. આહાહા! આમ એકલો ...લીધો હોય. જડનું પણ કરી શકે નહીં તો પછી પરનું કોણ કરે અને પર તને કોણ ત્યાં બચાવી દે? આહાહા! सबै असहाइ.. જીવની વાત લીધી છેને આંહીં. જીવ જગતમેં, એમ લેવું છેને. જીવની વાત છેને. सबै असहाइ.. એકેન્દ્રિયથી માંડીને અનંત આત્માઓ.. નિગોદમાં અનંત જીવ બટાટાના સક્કરકંદની એક કણીમાં. બટાટા શું? મૂળો, લસણ, ડુંગળી, સૂરણકંદ. એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ. કહે છે, કોઈ જીવને કોઈ જીવ કાંઈ કરી શકે નહીં, (ભલે) એક શરીરમાં ભેગા રહ્યા. આહાહા! એક જીવ નીકળીને રાજા થાય અને એક જીવ મરીને પાછું ત્યાં ને ત્યાં નિગોદમાં જાય. કોણ કોને સહાય? આહાહા!

जैसी—जैसी पूरब करम—सत्ता.. કોઈ કોઈનો ધણી નથી. ધણી છે કોઈનો? કહેવાય છેને નૃપતિ, કરોડપતિ, લખપતિ. એમ બધું ભાષા તો બહુ બોલાય છે. ઉદ્યોગપતિ. ધૂળેય નથી, સાંભળને હવે! પાગલના બધા લક્ષણ છે. ઉદ્યોગપતિ બહુ પૈસા રળેને. ઉદ્યોગપતિએ આમ ઉદ્યોગ કર્યો. એના બાપ કાંઈ નહોતા મૂકી ગયા અને પોતે બાહુબળે બે-પાંચ કરોડ ભેગા કર્યાં. કોઈ મુકી ગયું નથી. એ તો એની મેળે રજકણો (પરિણમે છે. તારી) સાથે આવે છે ન્યાં? એ તો એની પૂંજી એને કારણે જળવાય છે. એને કારણે આવે અને એને કારણે જાશે. તારે કારણે આવ્યા અને તારા માટે આવ્યા છે? તારા થઈને રહ્યા છે એ? આ તો તત્ત્વે તત્ત્વ જુદાં છે, એમાં બીજા તત્ત્વનું કાંઈ પણ કરી શકું એ માન્યતા

મહામિથ્યાત્વ અને અનંત સંસારને બાંધવાનું કારણ છે. આહાહા!

जैसी–जैसी पूरब करम–सत्ता बांधी जिन, तैसी उदैमैं अवस्था आइ बनी है. આ સંયોગની વાત છે હોં. કર્મનો ઉદય આવે એટલે જીવને વિકાર કરવો જ પડે. એ પ્રશ્ન આંહીં છે નહીં. एतेपरि जो कोउ कहै कि मैं जिवाऊं मारुं.. ભઈ, મેં આને બરાબર રાખ્યો અત્યાર સુધી મોટો કર્યો, લ્યો. પાળી પોષીને મોટો કર્યો. ધૂળેય કર્યો નથી. મા-બાપ મરી ગયેલા, એકલો હતો. નાની ઉંમરથી મેં પાળી પોષીને મોટો કર્યો. હવે એને શક્તિ આવી છે તો જુદો પડે છે. હવે જુદો જ હતો, કર્યો હતો કે દિ' તેં? સાંભળને! અનેક વિકલ્પો વાત ઘણી છે, કહે છે. ઘણી વાતો છે કહે છે. આહાહા!

એક આંખ ફોડી શકું પરની, આંખ આપે તો એને દેખતો કરી શકું. અત્યારે આંખનું દાન નથી આપતા? ચક્ષુદાન. મરે ત્યારે. બેંક કરી. ઓલો મરતો કહી જાય કે મારી આંખો લઈ લેજો. એલા, પણ આંખો તારી ક્યાં છે? એ તો જડની છે. આહાહા! આવા તે અભિમાન. આવા મરે પછી જાય ક્યાં? હેઠે. મારી આંખો લઈ લેજો. ચક્ષુદાન. પણ ચક્ષુ છે પરમાણુ જડના. તારી આંખ ક્યાંથી આવી? તારો પ્રાણ ક્યાં હતો એ? આહાહા! બહુ કામ (આકરૂં). વિપરીત માન્યતા મિથ્યાત્વ એણે ઘર કર્યું છે અનાદિથી. અને એને ટાળ્યા વિના અને સમજ્યા વિના બીજુ કરે, એ બધાં એકડાં વિનાના મીંડા છે.

इत्यादि अनेक विकलप बात घनी है.. કહે છે. કેટલી કહીએ? એમ કહે છે. सो तो अहंबुद्धिसौ विकल भयौं तिहूँ काल.. જ્યાં જ્યાં જાય ત્યાં વિકળ બેચેન મૂઢ થઈને ફરે છે. બેચેન–ભાન વિનાનો. મેં આમ કર્યું, મેં આમ કર્યું. હળવે હળવે પૈસા વધતા ગયા એમ મેં દુકાન વધારી, નોકરો વધાર્યાં, આમ કર્યું અને ગામ આખું નભે છે. મિલમાલિક હોયને એ. અમે ઘણા માણસ નભાવીએ (છીએ). નભે છે એને માટે આ અમે કરીએ છીએ. ધૂળેય નભાવતું નથી, સાંભળને માળા ધૂળ! એ તો એના આયુષ્ય અને એનો પુણ્યનો ઉદય હોય એટલું એને આવવાનું (હોય એ આવે) અને આવે તોય એના આત્માને શું છે? પણ આ તો સંયોગની વાત છે અત્યારે. ઓલો કહેતો હતોને, અમે સાત હજાર માણસને નભાવીએ છીએ. એકલા ધંધા કરીએ છીએ? સાત હજાર માણસ નભે છે. તારાથી નભતા હશે? આહાહા! ગાંડાના કાંઈ ગામ જુદા હોય છે? ગાંડાના ગામ ભેગા થતા હશે? આહાહા!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ છ દ્રવ્ય કહે છે. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા છે. છમાં જાતિએ છ, સંખ્યાએ અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક આકાશ. વસ્તુ આ

જ છે અનાદિ. એમાં કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને કાંઈ કરે એ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા! विकल भयौ तिहूँ काल, डोलै निज आतम सकति तिन हनी है.. આહાહા! મેં આને જીવાડ્યો, પ્રાણરક્ષા કરી. કહે છે કે એ માનનારો આત્માના સ્વભાવને હણે છે, આત્માની હિંસા કરે છે. પછી કોઈ નહીં બચાવે કોઈને. બચાવતો હતો કે દિ' તે ન બચાવે? આહાહા! દુનિયાથી તો ઊંધું છે ભાઈ!

બોલે ખરા પડિકમણામાં ૨૫ મિથ્યાત્વમાં. ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ, અધર્મને ધર્મ માને તો મિથ્યાત્વ, કુસાધુને... આવે છે ને? કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, અમાર્ગને માર્ગ માને તો મિથ્યાત્વ, માર્ગને કુમાર્ગ... અર્થની કાંઈ ખબર ન મળે. પાંચમા સંવરસૂત્રમાં બોલે. આ સાધુ નામ ધરાવનારા... નામ ધરાવનારા, સાધુ ક્યાં હતા? .... આ જ જૂઠી વાત બોલે. અસંયમ મેં છોડી દીધું છે. એલા પણ મિથ્યાત્વનું ભાન નથી ત્યાં અસંયમ ક્યાં છોડ્યું છે? ..... આવે છે કે નહીં? પાઠમાં ...... આહાહા! કુમાર્ગને છોડ્યો છે અને માર્ગને ગ્રહ્યો છે. એલા પણ માર્ગ-કુમાર્ગની ખબર નથી અને શું તું બોલે છે આ? આહાહા! સાંજ સવાર જૂઠું બોલે ને મહાવ્રત નામ ધરાવે. આહાહા!

डोलै निज आतमसकति तिन हनी है.. આહાહા! કેટલા મેં શિષ્યો બનાવ્યા, કેટલો મેં ધર્મનો ઉદ્ધાર કર્યો. એલા, પણ પરનું બનાવી શકે તે તારો હાથનો અધિકાર છે? એમ માનનારા આત્માની હિંસા કરે છે એમ કહે છે. એ મિથ્યાત્વભાવથી આત્માને હણી નાખે છે એમ કહે છે. છેને પાઠમાં, જુઓને. 'आत्महनो भवन्ति' સંસ્કૃતમાં છે. 'हनो भवन्ति.' આહાહા! પરના પ્રાણરક્ષા તો કરી શકતો નથી, પણ માને છે કે કરું છું, ત્યાં આત્માની હિંસા થાય છે. આહાહા! આકરું જ કામ જગતની સાથે ઊભા રહેવું. आतम सकति तिन हनी है.. શક્તિ એટલે પર્યાય હોં, ત્રિકાળી ગુણ નહીં. શક્તિ એટલે એની અવસ્થામાં—પર્યાયમાં પરને હણું છું, પરની રક્ષા કરું છું, આ મેં અનુકૂળ આપ્યું. આ મેં પ્રતિકૂળ આપ્યું—એવી જે માન્યતા તે આત્માના સમ્યગ્દર્શનની હિંસા કરે છે, મિથ્યાદર્શનને પોષે છે. આહાહા!

એમ કહીને એમ કહે છે કે પરને હણી શકતો નથી, પણ હણી શકું છું એ માન્યતામાં તું હણાઈ જાય છો. એમ કહે છે. આહાહા! શાંતિભાઈ! પરની પ્રાણરક્ષા કરી શકતો નથી, પણ પ્રાણરક્ષા કરું એ માન્યતામાં જ તારા આત્માની હિંસા થાય છે. આહાહા! લોકોને વાંધા ઉઠે છે. ભગવાને દયા એ ધર્મ કહ્યો. કઈ દયા પણ? આત્મામાં રાગ અને દ્વેષની ઉત્પત્તિ ન થવી અને શાંતિ સ્વભાવની ઉત્પત્તિ થવી, એનું નામ ભગવાન દયા કહે છે. એ દયાનું ભાન ન મળે અને પરની દયા ચાલી નીકળ્યા કરવા. કરી શકે નહીં

એને કરવા નીકળ્યા. આહાહા! ભારે કામ! આ તો આત્મશક્તિ એને હણી છે. નષ્ટ કરી નષ્ટ કરી.

अहंबुद्धिसे व्याकुल होकर सदा भटकता फिरता है.. મેં આનું કર્યું. જીવમંડળી, દયા જીવમંડળી, ફલાણાના અગ્રેસર. એનો હું અગ્રેસર છું. આ બધા આવા કામ અમે કરીએ છીએ, પૈસા-પૈસા ઉઘરાવીને. અરે ભાઈ! પરના કામ કોણ કરે બાપુ? પૈસા કોણ ઉઘરાવે ને પૈસા કોણ લે અને દે? આહાહા! દુનિયા સાથે તો કાંઈ મેળ ખાઈ શકે તેવું નથી. और अपनी आत्मशक्तिका घात करता है, લ્યો. પોતાની શક્તિનો ઘાત કરે છે. એ તો પાઠમાં શ્લોક હતાને એનો અર્થ કર્યો. હવે પોતે બનારસીદાસ જરી (કહે છે.) ઉત્તમ પુરુષ, મધ્યમ પુરુષ, અધમાધમ અને અધમ પુરુષ—ચાર. ઉત્તમ પુરુષ, મધ્યમ પુરુષ, અધમ પુરુષ અને અધમાધમ જીવોનો સ્વભાવ. ચારના સ્વભાવનું વર્ણન કરે છે. એ બનારસીદાસે સ્વતંત્ર બનાવ્યું છે એમ કહેવાયને. બનાવે કોણ? વિકલ્પ હતો. ભાષા તો એમ જ બોલાયને. ભાષા બોલે એવું માની લે. આવે છેને. 'व्यवहारमासिदेण'. સર્વવિશુદ્ધમાં નથી આવતું? (ગાથા ૩૨૪). ભાષાએ એમ માને, મૂઢ છો. ભાષા તો વ્યવહારની ભાષા છે.

ઉત્તમ, મધ્યમ, અધમ અને અધમાધમ જીવોનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)

उत्तम पुरुषकी दसा ज्यौं किसमिस दाख,
बाहिज अभिंतर विरागी मृद अंग है।
मध्यम पुरुष नारिअरकीसी भांति लियैं,
बाहिज कठिन होय कोमल तरंग है।।
अधम पुरुष बदरीफल समान जाकैं,
बाहिरसैं दीखै नरमाई दिल संग है।
अधमसैं अधम पुरुष पूंगीफल सम,
अंतरंग बाहिज कठोर सरवंग है।।१८।।

**શબ્દાર્થ** :—અભિંતર=અંદર. બદરીફલ=બોર. નરમાઈ=કોમળતા. દિલ=હૃદય. સંગ=પથ્થર. પૂંગીફલ=સોપારી.

**અર્થ** :—ઉત્તમ મનુષ્યનો સ્વભાવ અંતરમાં અને બહારમાં કિસમિસ દ્રાક્ષ જેવો કોમળ (દયાળુ) હોય છે. મધ્યમ પુરુષનો સ્વભાવ નાળિયેર સમાન બહારમાં તો કઠોર (અભિમાની) અને અંદરથી કોમળ રહે છે, અધમ પુરુષનો સ્વભાવ બોર જેવો બહારથી કોમળ પણ અંદરથી કઠોર રહે છે અને અધમાધમ પુરુષનો સ્વભાવ સોપારી જેવો અંદર

અને બહારથી સર્વાંગે કઠોર રહે છે. ૧૮.

**अर्थ :**—उत्तम मनुष्यका स्वभाव अन्तरंग और बाह्यमें किसमिश दाखके समान कोमल (दयालु) रहता है। मध्यम पुरुषका स्वभाव नारियलके समान बाहर तो कड़ा (अभिमानी) और अन्तरङ्गमें कोमल रहता है। अधम पुरुषका स्वभाव बेर फलके समान बाहरसे कोमल पर अंतरंगमें कठोर रहता है और अधमाधम पुरुषका स्वभाव सुपारीके समान अंतरंग और बाह्य सर्वांग कठोर रहता है॥१८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઉત્તમ પુરુષની દશા તો કિસમિસ દ્રાક્ષ જેવી હોય છે. અંદરમાંય કોમળ અને બાહ્યમાંય કોમળ. આહાહા! દ્રાક્ષ છેને દ્રાક્ષ. દ્રાક્ષ છે તે કોમળ હોય. એમ ધર્મી જીવનું (હૃદય).... દયાની અપેક્ષાએ વાત છે. કરુણા છે બધા પ્રાણી પર. હૃદય કોમળ છે અને બહારમાં પણ કોમળતા છે એમ કહે છે. કિસમિસ દ્રાક્ષની જેમ. કોમળ નામ કષાયનો, મિથ્યાત્વનો અને કષાયનો અભાવ છે એમ કહે છે. આમ કરું. હું કરું એવું એને અંદર હોતું નથી, એમ કહે છે. આના પછી આ વાત લીધી છે ને. મેં આ કામ કર્યાં, મેં આમ કામ કર્યાં એવું એને હોતું નથી. અંદરમાંય હોતું નથી અને બહારમાંય એવા અભિમાન હોતા નથી. આહાહા! उत्तम पुरुषकी दसा ज्यों किसमिस दाख.. કિસમિસ. એ તો કિસમિસ કહે છે ને.

बाहिज अभितंर विरागी, જોયું. રાગથી પણ જ્ઞાની તો ભિન્ન છે. પરથી તો ભિન્ન છે. સમ્યગ્દૃષ્ટિ તો રાગથી પણ ભિન્ન વૈરાગી છે એમ કહે છે. પરનું કરવું એ તો એને છે નહીં, પણ રાગ જે આવ્યો એનાથી ભિન્ન છે ધર્મી તો, એમ કહે છે. મૃદુ, વૈરાગી ને મૃદુ અંગ છે. કોમળ છે એમ કહે છે. દયાળુ. मध्यम पुरुष नारीअरकीसी भांति लिये.. નારિયેળ બહારમાં કઠણ હોય અને અંદર કોમળ. ટોપરૂં કોમળ હોય અને કાચલી કઠણ હોય. આહાહા! મધ્યમ પુરુષો બહારમાં કઠણ જેવા લાગે, પણ અંદરમાં હોય કોમળતા. સમજાણું કાંઈ? बाहिज कठिन होय कोमल तरंग है.. એમ છે ને? બહાર તો કડક અભિમાની, અંતરમેં કોમળ રહે. એવી એક સ્થિતિ હોય છે એમ એવું વર્ણન કરે છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૯૨, અષાઢ સુદ ૯ શુક્રવાર તા. ૨-૭-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૧૮, ૧૯, ૨૦ પર પ્રવચન

સમયસાર નાટક, બંધ અધિકાર. બનારસીદાસ ચાર પ્રકારના પુરુષનું વર્ણન કરે છે. એક ઉત્તમ પુરુષ, એક મધ્યમ, અધમ ને અધમાધમ. ચારનો ટૂંકામાં સ્વભાવ લઈ એક પછી એકનું ભિન્ન ચાલશે.

ઉત્તમ, મધ્યમ, અધમ અને અધમાધમ જીવોનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)

उत्तम पुरुषकी दसा ज्यौं किसमिस दाख,
बाहिज अभिंतर विरागी मृद अंग है।
मध्यम पुरुष नारिअरकीसी भांति लियैं,
बाहिज कठिन होय कोमल तरंग है।।
अधम पुरुष बदरीफल समान जाकैं,
बाहिरसैं दीखै नरमाई दिल संग है।
अधमसैं अधम पुरुष पूंगीफल सम,
अंतरंग बाहिज कठोर सरवंग है।।१८।।

**શબ્દાર્થ :—**અભિંતર=અંદર. બદરીફલ=બોર. નરમાઈ=કોમળતા. દિલ=હૃદય. સંગ=પથ્થર. પૂંગીફલ=સોપારી.

**અર્થ :—**ઉત્તમ મનુષ્યનો સ્વભાવ અંતરમાં અને બહારમાં કિસમિસ દ્રાક્ષ જેવો કોમળ (દયાળુ) હોય છે. મધ્યમ પુરુષનો સ્વભાવ નાળિયેર સમાન બહારમાં તો કઠોર (અભિમાની) અને અંદરથી કોમળ રહે છે, અધમ પુરુષનો સ્વભાવ બોર જેવો બહારથી કોમળ પણ અંદરથી કઠોર રહે છે અને અધમાધમ પુરુષનો સ્વભાવ સોપારી જેવો અંદર અને બહારથી સર્વાંગે કઠોર રહે છે. ૧૮.

**अर्थ :—**उत्तम मनुष्यका स्वभाव अन्तरंग और बाह्यमें किसमिश दाखके समान कोमल (दयालु) रहता है। मध्यम पुरुषका स्वभाव नारियलके समान बाहर तो कड़ा (अभिमानी) और अन्तरङ्गमें कोमल रहता है। अधम पुरुषका स्वभाव बेर फलके समान बाहरसे कोमल पर अंतरंगमें कठोर रहता है और अधमाधम पुरुषका स्वभाव सुपारीके समान अंतरंग और बाह्य सर्वांग कठोर रहता है।।१८।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઉત્તમ પુરુષની દશા તો કિસમિસ દ્રાક્ષ જેવી છે. અંદરમાં પણ વીતરાગતા છે અને બાહ્યમાં પણ શાંતિ છે. કષાયને વશ નથી. અંતર ભેદજ્ઞાન છે, એ ઉપરાંત કષાયની ઘણી મંદતા છે એને અહીંયાં ઉત્તમ પુરુષ કહે છે. बाहिज अभिअंतर विरागी.. વૈરાગી મૃદુ છે– કોમળ છે. અંતરમાં અકષાયભાવ ઘણો છે તેથી એ મૃદુ–કોમળ છે.

मध्यम पुरुष नारिअरकिसी भांति.. નારિયળનો ગોટા ઉપર બહાર કાચલી કઠણ, પણ ટોપરૂ પોચું હોય છે. એમ મધ્યમ પુરુષ છે જ્ઞાની. बाहिज कठिन.. કષાયને વશ (કરવામાં) કેટલીક વાર હોય છે. कोमल तरंग.. અંદરમાં તો રાગ ને પરથી વિરક્ત છે. રાગની ક્રિયાથી... શરીરની ક્રિયા તો જડ જ છે. પણ દયા-દાનના વિકલ્પના તરંગથી પણ એ ભિન્ન છે. કોમળ તરંગ, જ્ઞાનનો તરંગ છે. ચૈતન્ય ભગવાન આત્મા રાગના વિકલ્પથી ભિન્ન છે એવી વિરક્ત દશા છે. બહારમાં જરી કષાયના ભાગને તાબે છે. ઠગનો દાખલો આપશે, ઠગનો દાખલો આપશે.

अधम पुरुष बदरीफल समान जाकै.. બોર.. બોર.. બહારથી પોચો હોય અને અંદરનો ઠળીયો કઠણ. એમ કેટલાક અજ્ઞાની બહારમાં કષાયની મંદતાની ક્રિયા પુણ્યની હોય, અંદરમાં રાગની એકતાની કઠોરતા છે. સમજાણું કાંઈ? બદરીફલ. बाहिरसै दीखै नरमाई.. કષાય મંદ લાગે, ત્યાગી દેખાય પણ दिल संग है.. હૃદયમાં પથ્થર જેવા છે. આહાહા ! સંગ એટલે પથ્થર. રાગ ને વિકાર એની એકતામાં પથ્થર જેવા છે, કહે છે. આહાહા ! જુઓ, બંધ અધિકારનું વર્ણન.

अधमसैं अधम पुरुष पूंगीफल समान.. સોપારી.. સોપારી.. બહારેય કઠણ અને અંદરેય કઠણ. अंतरंग बाहिज कठोर सरवंग है.. અધમાધમ. ધર્મી જીવ–જ્ઞાની કે સજ્જનને જોઈ શકે નહીં. એ અશુભભાવની તીવ્રતાવાળો લીધો છે. ઓલામાં દૃષ્ટિ મિથ્યા છે, પણ કાંઈ શુભમાં બાહ્યમાં કષાય મંદ છે એવો લીધો છે. પહેલામાં તો અંતર-બાહ્ય, બેય... કહે છે હવે દેખો. उत्तम पुरुषका स्वभाव.. ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની અને બાહ્યમાં પણ કષાયની મંદતા ઘણી, એની વ્યાખ્યા કરે છે.

ઉત્તમ પુરુષનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)

**कीचसौ कनक जाकै नीचसौ नरेस पद,**
**मीचसी मिताई गरुवाई जाकै गारसी।**
**जहरसी जोग-जाति कहरसी करामाति,**
**हहरसी हौस पुद्गल-छबि छारसी।।**

जालसौ जग-विलास भावसौ भुवन वास,
कालसौ कुटुंब-काज लोक-लाज लारसी।
सीटसौ सुजसु जानै बीटसौ वखत मानै,
ऐसी जाकी रीति ताहि वंदत बनारसी।।१९।।

**શબ્દાર્થ** :—મીચ=મૃત્યુ. મિતાઈ=મિત્રતા. ગરુવાઈ=મોટાઈ. ગાર(ગાલ)=ગાળ, જોગ–જાતિ=યોગની ક્રિયાઓ. કહર=દુ:ખ. હહર=અનર્થ. હૌસ=હવિસ, મહત્ત્વાકાંક્ષા. પુદ્‌ગલ–છવિ=શરીરની કાંતિ. છાર=ભસ્મ. ભાલ=બાણ ઉપરની લોઢાની અણી. લાર=મોઢાની લાળ. સીઠ=નાકનો મેલ. બીઠ=વિષ્ટા. વખત=ભાગ્યોદય.

**અર્થ** :—સોનાને કાદવ સમાન, રાજ્યપદને અત્યંત તુચ્છ, લોકોની મૈત્રીને મૃત્યુ સમાન, પ્રશંસાને ગાળ સમાન, યોગની ક્રિયાઓને ઝેર સમાન, મંત્રાદિ યુક્તિઓને દુ:ખ સમાન, લૌકિક ઉન્નતિને અનર્થ સમાન, શરીરની કાંતિને રાખ સમાન, સંસારની માયાને જંજાળ સમાન, ઘરના નિવાસને બાણની અણી સમાન, કુટુંબના કામને કાળ સમાન, લોકલાજને લાળ સમાન, સુયશને નાકના મેલ સમાન અને ભાગ્યોદયને વિષ્ટા સમાન જે જાણે છે (તે ઉત્તમ પુરુષ છે) તેને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે.

ભાવાર્થ એ છે કે જ્ઞાની જીવ સાંસારિક અભ્યુદયને એક આપત્તિ જ સમજે છે.

**अर्थ** :—जो कंचनको कीचड़के समान, राज्यपदको नितान्त तुच्छ, लोगोंकी मित्रताको मृत्युके समान, प्रशंसाको गालीके समान, योगकी क्रियाओंको जहरके समान, मंत्रादि करामातको दुःखके समान, लौकिक उन्नतिको अनर्थके समान, शरीरकी कान्तिको राखके समान, संसारकी मायाको जंजालके समान, घरके निवासको बाणकी नोंकके समान, कुटुम्बके कार्यको कालके समान, लोकलाजको लारके समान, सुयशको नाकके मेलके समान और भाग्योदयको विष्टाके समान जानता है (वह उत्तम पुरुष है); उसे पं. बनारसीदासजी नमस्कार करते हैं।।१९।।

**भावार्थ** :—यह है कि ज्ञानी जीव सांसारिक अभ्युदयको एक आपत्ति ही समझते हैं।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઉત્તમ પુરુષો—ધર્માત્મા—સમ્યગ્દ્રષ્ટિ—રાગમાં, પુણ્યમાં ધર્મ નહીં માનનારા.. સમજાય છે કાંઈ? અને અંતરમાં રાગથી ભિન્ન પડેલા ભેદજ્ઞાની જીવો, कीचसौं कनक जाकै.. સોનું તો કાદવ જેવું એને લાગે, કહે છે. (શ્રોતા : કાદવ લાગે તો નાખી દે). નાખી કોણ દે, લે કોણ? પરચીજને નાખે કોણ અને લે કોણ? એ તો જડ ચીજ છે. એની દૃષ્ટિમાં કાદવ જેવું સોનું દેખાય. હીરા અને માણેક હોય ઘરમાં કરોડો, (ધર્મીને માટે) કાદવ છે,

માટી છે. આહાહા! એ સમુચ્ચય વાત છેને આંહીં તો. સમુચ્ચય વાત છેને. कीचसौं कनक जाकै.. કનક શબ્દે આખી વસ્તુ બધી – સોનું, રૂપું, ઘર, મકાન આદિ એ કાદવ જેવું લાગે.

राज्यपदको नितान्त तुच्छ–નીચ, નીચ. રાજ્યપદ હોય સમકિતી જ્ઞાનીને કે રાજ્ય છોડ્યું હોય, પણ એને દુનિયાનું રાજ દેખીને એને હલકામાં હલકી ચીજમાં બેઠો છે એમ લાગે એને. ઓલો જાણે રાજ્યમાં ઉંચો બેઠો છે, બીજાને એવું લાગે. ઓહોહો! પાંચ-પાંચ કરોડની ઉપજ, પચાસ પચાસ હાથી ઘરે ઝૂલે. આ કહે કે રાજ્ય સો નીચ–તુચ્છ, એમ. નિતાંત તુચ્છ એટલે હલકી ચીજ, હલકી ચીજ છે એ. આહાહા! આત્મા આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે એનું જ્યાં અંતરમાં ભાન વર્તે છે અને એ સિવાય વિશેષ કષાયની મંદતા છે જેને, ઘણો કષાય ઘટી ગયો છે. આહાહા! એ રાજને નીચ–હલકું પદ, હલકું પદ માને છે.

मीचसी मिताई.. બીજા સાથે મૈત્રી કરવી એ મૃત્યુ જેવું લાગે. કારણ પરદ્રવ્યનો સંગ રાગને ઉત્પતિ કરનાર છે. આહાહા! સમજાણું કાંઈ? लोगोंकी मित्रता.. ભઈ, એને મિત્ર થવા જઈએ, ચાલો. ગૃહસ્થ માણસ હોય.. મિત્રો ને મિત્રતા.. આમ છે, આમ છે. અરે, મિત્રતા તો મૃત્યુ જેવું છે. પાછું એને બોલાવવા ને એને રાખવા ને એને સાચવવા. મૃત્યુ છે. આહાહા! ઝલસા-બલસા ઉડે ત્યાં જાવું પડે. મિત્ર બાંધે ત્યારે એવું થાય. એ માણેકલાલભાઈ! એટલે દુનિયા સાથે મૈત્રી બાંધવી એને મૃત્યુ થવું બરાબર દેખાય છે, એમ કહે છે. આહાહા! જુઓ તો ખરા! કેટલો વૈરાગ્ય છે! દૃષ્ટિમાં તો છે. મારા સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યનો સંગ–મૈત્રી કરવી એ મૃત્યુ જેવું લાગે છે, કહે છે.

मित्रताको मृत्युके समान, લ્યો. સમકિતી ચક્રવર્તીને તો ઈન્દ્રો મિત્રો હોય છે. કહો છો નહીં, છે કે નહીં? કહો છો એમ નહીં, છે. ચક્રવર્તી, ભરત ચક્રવર્તી વગેરે હીરાના સિંહાસન પર બેઠા હોય. સમકિતી છે, જ્ઞાની છે. અંતર ભાન છે કે આ રાગ ને આ (મારી) ચીજ. એકાવતારી ઈન્દ્રો જોડે બેસે સિંહાસનમાં, એના મિત્ર છે. પણ અંતરમાં વિશેષ કષાયની મંદતાવાળાને મિત્રપણું તો મૃત્યુ જેવું દેખાય. અરે, આ તો સંગ સાચવવો પડશે. આને મિત્ર કરીએ તો એને જાળવવો પડશે, મૃત્યુ જેવું લાગે, કહે છે. હિંમતભાઈ!

આ થોડાક મિત્ર સારા થાય તો કામ આવે સારે નરસે. સારે નરસે એટલે? સારા એટલે લગન-બગન હોય એમાં માણસ ભેગા થાય. નરસું હોય તો રોવામાં ભેગા થાય. એકલા બે-ચાર જણાં મિત્રો હોય એ કરતાં પચાસ-પચ્ચીસ મિત્ર રાખ્યા હોય તો સ્મશાનમાં ઝાઝા આવે. દીકરો મરી ગયો હોય, દીકરી મરી ગઈ હોય તો શોભા તો દેખાય. મોટું સરઘસ નીકળે. હા, કેટલાકને એવું હોય. આપણા દીકરા મરી ગયા. ૫૦૦-

૧૦૦૦-૧૫૦૦-૨૦૦૦ સ્મશાનમાં. આપણી પણ આબરુ એવી રહેવી જોઈએ કે પાછળ કંઈ પાંચ-પચીસ હજાર, પાંચ-પચ્ચીસ સો ભલે પણ વધારે આવવા જોઈએ. પણ કોની પાસે? માળા સાંભળને હવે! માળા મડદા થઈ ગયા, હવે શું છે તારે? આહાહા!

गरुवाई जाकै गारसी.. ધર્મી પુરુષની વાત છેને. (શ્રોતા :.....) તોય નહીં. એ તો પહેલું કીધુંને પરદ્રવ્યના સંગમાં જ રાગ થાય છે. આત્મા અંદર આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદનું ઢીમ સાગર આત્મા છે. એવા અંતરના અતીન્દ્રિય આનંદના સ્વાદીયા એવા ધર્માત્માને મૈત્રી જગતના પ્રાણી પાસે કરવી એ તો મૃત્યુ જેવું લાગે. ચીમનભાઈ! તમારા જેવા ઘણાં મિત્રો ગોતે. બોલકાં માણસ છે, એ ઓલા મોઢા આગળ બેસે તો ઠીક પડે. બાબુભાઈને બધા મોઢા આગળ બહુ રાખે. એ પ્રશંસા કરી બાબુભાઈની કે કોઈપણ કામ કરવું હોય તો સોંપો, એને સોંપ્યું હોય તો કામ પાર. એવું લખ્યું છે બાબુભાઈ માટે. બોલે બહુ. ઘણાં મિત્રો થવા જાય એના. ચીમનભાઈ! તમારા કરતાય બહુ બોલે. તમારે મુંબઈમાં, એને વળી અહીંયાં બધે. મિત્ર થવા જાય બધા.

છાપામાં આવ્યું છે. બાબુભાઈને કોઈપણ કામ સોંપ્યું હોય, કહેવું પડે અને એને પૈસાનું કામ સોંપ્યું હોય.. શું કહેવાય? આ બોલી.. બોલી. એય! શું કહેવાય? બોલી, ઉછામણી. ઉછામણી કીધા પછી લડાવે તમને. એવી લડાવે. પણ એ ભાવ તો... લોકોના મનમાં... 'પાંચ મિનિટમાં ઉકેલવું છે, ઝટ કરો. બહાર (રથયાત્રા) તૈયાર છે. પાંચ લાખમાં આ બધું કામ છે, ઝટ કરો, નહીંતર આપી દેવાશે'. ઉછામણી ફટ ફટ આપી દે. એય! એવી છાપ છે એની ઓલામાં, આખા ઉત્તર (ગુજરાતમાં) મોટી. નહીંતર ઉંમર તે ચાલીસ વર્ષ છે. બહુ છાપ છે બહારમાં. વ્યાખ્યાન કરવા બેસે માણસ ઝાઝા હોય. દસ હજાર માણસો ભેગા થાય, દસ-દસ હજાર. આજે તો બાબુભાઈનું પ્રવચન છે એમ કહે. એય! ઘણા મિત્રો ભેગા થાય, લ્યો. બોલતા ન આવડે એની પાસે કોણ જાય? હવે મિત્ર, કહે છે કે ગાળ્યું છે બધી. આ ગરવાઈ ગાળ્યું. મોટું પદ.

प्रशंसाको गालीके समान.. આહાહા! તમે તો મોટા ઓહોહો! અમારા સંઘમાં તો તમે અગ્રેસર, તમારા જેવા કોઈ નહીં, એમ વાત કરે ત્યાં ઓલો ફૂલાઈ જાય. ધર્મી કહે છે કે પ્રશંસા એ તો ગાળો છે. મારી પ્રશંસા તને શું ખબર? આહાહા! અભિનંદનના પૂંછડા આપે ને મોટા આવડા. ખુશી ખુશી થઈ જાય એકબીજા દેનાર-લેનાર ખીચોખીચ રાગમાં તમારે... આહાહા! ધર્મી, ઉત્તમ પુરુષ એ પ્રશંસાને—મોટપને.. મોટપ લેવી. મોટપને તો ગાળ સમાન માને. ગાળ્યું છે આ તો, કહે. આહાહા! જગતથી ઊંધું છેને બધું. દુનિયા કંઈક પડી છે ને વસ્તુ ક્યાંક જુદી છે. અખંડ આનંદની મૈત્રી જેને થઈ છે, આહાહા! એને પરની

સાથે મોટપ શું કામ? મૈત્રીનું શું કામ?

जहरसी जोग-जाती.. કહે છે, योगकी क्रियाओंको जहरके समान.. યોગની ક્રિયા. આમ યોગ કરે તો આમ થાશે ને ઢીંકણું કરે તો આમ થાશે. હવે ધૂળમાંય નથી યોગમાં, સાંભળને! અને યોગ તો આત્માના આનંદ સાથે જોડવું એ યોગ છે. બહારની એવી યોગક્રિયા કરશો તો નીરોગતા થઈ જશે, આમ યોગ સાધશો તો વચનસિદ્ધિ તમને થશે. આહાહા! એવી ક્રિયાને ધર્મી તો કેવી માને છે? ઝેર જેવી માને છે, લ્યો. આહાહા! અરે, શુભભાવને ઝેર જેવી માને છે તો પછી બીજી (વાત જ ક્યાં છે?) એમ કહે છે અહીંયાં તો. છેને જોગની જાતિ, એ પુણ્યપરિણામ શુભભાવ થાય એને ધર્મી ઝેર માને છે. આહાહા!

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એને પણ ધર્મી ઝેર માને છે. બાપુ! વાત શું છે? એ રાગ છે એ તો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ તો શુભરાગ છે. ધર્મથી બંધન થાય? તીર્થંકરપ્રકૃતિ એ શુભભાવનું કારણ છે. શુભભાવ એટલે ઝેર-દુઃખ છે. આહાહા! દુનિયા તો આમ ખુશી ખુશી થઈ જાય છે, તીર્થંકરનું નામ પડે ત્યાં. ઉત્તમ પુરુષની દશામાં શુભભાવ તો ઝેર જેવો દેખાય છે, એમ કહે છે. છે ને? योगकी क्रियाओंको जहरके समान. યોગ એટલે મંત્ર આદિ કરામત કે રસાયણો આદિથી સિદ્ધ કરવું એ. આવું થાશે તો લોઢાનું સોનું થાશે, આનું કરશો તો આમ થાશે. ધૂળેય નથી એમાં, સાંભળને! આમ બધી રસાયણની પ્રાપ્તિ થાય, એ તો બધા ક્રિયાકાંડ....

मंत्रादि करामातको दुःखके समान, લ્યો. મંત્ર.. મંત્ર.. ઓલા હમણાં આવ્યાં હતા. એક જણે કીધુંને છેલ્લે. નહીં ઓલા મંત્ર લઈને? મોહનલાલ બડજાત્યા. એનો દીકરો વળી ત્યાં જાય અરવિંદ. ત્રણ કરોડ રૂપિયા એની પાસે છે. અરવિંદ પાસે જાય. જૈન વસ્તુ શું એનું સાંભળવા ન મળે. જૈનમાં જન્મ્યો ને કહે, શ્રદ્ધા નથી. ભાન ન મળે. આ વળી કહે એક ફેરી કે હું તો કહે સમકિતી છું, મહારાજ હોં. મારો દીકરો.... છેલ્લે મંત્રના ચોપડા લઈને આવ્યા ત્યાં ગોદીકાને ઘરે. આમાં આ મંત્ર છે ને આમાં આ મંત્ર છે.... હું મંત્રનું કાંઈ જાણતો નથી. આત્માના મંત્ર સિવાય આ બધું કંઈ જાણતો નથી. આ જ શીખવા જેવું છે કે જુઓ, આ વાળો મંત્ર. હવે કીધું, આ શું તમારી દૃષ્ટિ આ થઈ? હું તો તમને મભમ રાખતો હતો.

એનો દીકરો ત્રણ કરોડ રૂપિયા. એનો બાપ. પછી ઓલો અરવિંદમાં ગરી ગયો. છેને ત્યાં અરવિંદ, શું કહેવાય એ? પોંડીચેરી. ધૂળમાંય નથી ત્યાં. એક છે બાઈ માતાજી કહેવાય. છ મહીને બોલે ને જવાબ આપે ઓહોહો! ધૂળેય નથી, બધી ભ્રમણા છે. વીતરાગ સર્વજ્ઞ માર્ગ સિવાય બધા ભ્રમણાના માર્ગ છે. સમજાણું કાંઈ? ધર્મી જીવ કરામતીને તો..

કેવું કીધું? દુઃખ.. દુઃખ.. મંત્ર સાધો ને આમ કરો ને આમ કરો. નીરોગ શરીર થઈ જશે, આમ કરશો તો આમ થશે ને આમ કરશો તો... હવે ધૂળેય નથી સાંભળને! શરીરનો તો શાતાનો ઉદય હશે તો એમ રહેશે. તારી કરામત કરવા જા તો....

એક જણો કહેતો હતો આંહીં. અમારે ગામમાં હતો નરસી. અહીં એક કો'ક હતો માસ્તર. આવ્યા તે દિ' હોં એટલામાં. ત્યાં રહેતા હતા.. શું કહેવાય? મેઘ બ્રધર્સ. મોઢા આગળ રહેતા એક. એ કહે, મહારાજ મેં મંત્ર બહુ સાધ્યા. હવે તો એવું લાગે છે કે આમ બળદને કાપે. શું કર્યું ગપ માર્યા બધા, કીધું. શું મંત્ર ક્યાં હતા? માળા આવા ને આવા. આવ્યા હતા માસ્ટર અહીંયાં તે. અંદરમાં એમ કે બળદને કાપે એવો ઘા વાગે છે. હશે એવું કાંઈક. ગામનો દરજી હતો એક નરસી દરજી. એનો અહીં સગો હતો એ પણ કંઈક શીખ્યો હતો. એમાં કાંઈ એને રોગ થઈ ગયો. આવાને આવા માળા મફતમાં. આવું જાપ કરે તો આમ થાય, આ આહાર લે તો આમ થાય. અજ્ઞાનીની ભ્રમણાઓ છે બધી. કહે છે, એવી કરામતીને તો દુઃખરૂપ માને છે.

हहरसी हौस, લ્યો. लौकिक उन्नतिको अनर्थके समान.. ઓહોહો! બાપુ! તમારે આઠ-આઠ દીકરા, ત્રણ-ત્રણ બૈરીયું, સારા ઘરની વહુઓ છોકરાઓને ઘરે અને આવા મકાન પાંચ-દસ લાખના, મૂડી પાંચ-પચાસ લાખની. બહુ ઉન્નતિ તમે કરી હોં. ધૂળેય નથી ઉન્નતિ. હવે ત્યાં ક્યાં ધૂળ હતું ઉન્નતિ? ધર્મી જીવ ઉત્તમ પુરુષ ઉન્નતિને તો અનર્થ સમાન માને છે. બહુ ફેરફાર આ તો, દુનિયાથી બહુ ફેર. ઉન્નતિ.. લૌકિક ઉન્નતિની વાત છે ને. પૈસા, આબરુ, બુદ્ધિ ઓહો! આમ છોકરાના લગન કરે ને પાંચ-પાંચ, દસ-દસ લાખના ખર્ચ અને બેંડવાજા અને ઓલા શું કહેવાય? ચાંદીના ઓલામાં નાખેને આમ આમ અત્તર.. શું કહેવાય એને? અત્તરદાની. અત્તરદાની એટલે અત્તર દેનારી, એમ. ઓલા ચાંદીના હોય છેને આમ છાંટે, આહાહા! શું પણ તમે શું લગન ઉજવ્યાને. માનને ઉજવ્યું છે, સાંભળને હવે માળા!

ધર્મીને બહારની ઉન્નતિ અનર્થ લાગે છે. કહો, હિંમતભાઈ! શું હશે આ માળો આવો બધો ફેર? આહાહા! આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ એવું જ્યાં અંતરભાન છે, એને આનંદની વૃદ્ધિ થાય એ એની ઉન્નતિ છે. આહાહા! આંહીં કહે છેને. જુઓ, તમારા બાપ કાંઈ મૂકીને નહોતા ગયા અને આ તમે બધું બાહુબળે ભેગું કર્યું. બહુ ઉન્નતિ કરી. ઉદ્યોગપતિ તમે થયા. આ ઉદ્યોગપતિ આખા હિન્દુસ્તાનમાં ૨૫-૫૦ સારા મોટા હશે. એમાં તમે ફલાણા નંબરે આવો છો, એમ કહે. એમ કહે છે એ બધા ગણતરીવાળા હોં. ઓલા છેને શાંતિલાલ ખુશાલ. લોકો કહે છે, કેટલામો ફલાણો નંબર છે. બધા મોટા માણસમાં ફલાણો નંબર છે. ઝેરના પરખામાં પહેલે નંબરે છે. ઓલો કહે, બીજે નંબરે છે.

આહાહા! અરે પ્રભુ! તું આનંદના ધામનું તારું સ્વરૂપ પ્રભુ, એનું જેને ભાન નથી, એ બધી બહારની ઉન્નતિને અર્થકારક માને છે. આહાહા!

પછી पुद्‌गल छवि छारसी.. એ શરીરની સુંદરતા કાંતિ રાખની સમાન છે. આહાહા! રાખના પિંડલા છે આ બધા. पुद्‌गल छवि.. આ શરીર તો જડની છબી છે. રૂપાળું હોય કે સુંદર હોય કે આ હોય, એ બધો રાખનો પિંડલો છે. આહાહા! કો'ક કહેતું હતુંને કે ફલાણાનો ફોટો આવ્યો છે. એમ કોણ કો'ક કહેતું હતું. નિહાલભાઈનો જમાઈ, નહીં? હમણાં લગ્ન કર્યું નિહાલભાઈએ. કો'ક કહેતું'તું, છબી આમ રાજકુમાર જેવી છે, રાજા જેવો છે. આમ મૂછો ને... કો'ક કહેતું તું. એ યાદ નથી આવતું. કો'ક કહેતું તું, તમારે છોકરા કહેતા હતા? કો'ક કહેતું'તું. આંહીં યાદ કોને રહે છે? ઘણા માણસ આવે.

ઓલામાં હશે આપણે લગન થયાને. છ લાખ ખર્ચ્યા છોડીના લગ્નમાં. ચંદુભાઈના ભાઈની દીકર. લ્યોને. ચંદુભાઈ આ તમારા બ્રહ્મચારી. આ એના ભાઈ રહ્યા. એના બાપ આ. એના મોટાભાઈનો દીકરો. છ લાખ ખર્ચ્યા દીકરીના લગ્નમાં. એ કોણે ના પાડી. એક જણો કોઈ કહેતું હતું. છાપામાં એવું આવ્યું છે, આમ મૂછો. એક મૂછોવાળો નહોતો આપણે ત્યાં? જયપુરમાં. મોઢા આગળ બેસતો. આમ મૂછો રાખેલી. હાથમાં લાકડી, બેસતા જોડે સાંભળવા. સાંભળતા. દિગંબર છે. આમ બધા મૂછો ને વાળ કરેલા, આમ તેમ. હાય.. હાય! મડદાને શણગારવા છે. આહાહા! पुद्‌गल छवि छारसी.. પુદ્‌ગલની કાંતિ એ તો રાખની સમાન છે.

जालसौ जग विलास, લ્યો. संसारकी मायाको जंजालके समान છે. આહા! આડતિયાં વધ્યા, દુકાન વધી, આમ થ્યું. ફલાણું વધ્યું. જંજાળ માયા, જંજાળ વધી, જંજાળ વધી, એમ ધર્મી માને છે. આહાહા! ભાષણ આપે. આગળ વધ્યા હોયને, પૈસાવાળા છયા હોય. અહીંયાં આપે.. શું કહેવાય ઓલું? ગુરુકુળમાં. મોટા મોટા માણસો હોયને ભાવનગરથી આવ્યા હોય. અમે આમ વધ્યા ને અમે આમ વધ્યા, અમે આમ વધ્યા. આ પણ આવ્યા હતા ભાઈ પટ્ટણી, પ્રભાશંકર પટ્ટણી, ભાવનગરના દીવાન આવ્યા હતાને આપણે વ્યાખ્યાન સાંભળવા. વ્યાખ્યાન સાંભળ્યું, પણ પાછા માર્યા ગોટા બધા. (સંવત) ૯૩ માં. શ્રાવણ વદ અમાસના આવ્યા હતા ગુરુકુળમાં. બધા આવ્યા હતા મોટા મોટા અમલદાર અધિકારી ભાવનગરના. અમે આમ વધ્યા હતા. છોકરાઓ એકલા ડાંડીયા લઈ નહીં વધો. ફલાણું કરીને એમ કરીને મારી .... ધૂળેય વધ્યા નથી. કોણ વધ્યા, સાંભળને માળા! આહાહા!

એમાં શું થઈ ગયું પણ? મોટા વિષ્ટાના ઢગલા પર બેઠા. ઉંચા વિષ્ટાનો ઢગલો કરી

બેઠા એ ઉંચો થયો? કૂતરાને બેસાડે .... નહીં? ખાટલો નવો કરેને. નવો ખાટલો કાથીનો અને કૂતરાને બેસાડ્યો પહેલો. કારણ કે જો આપણે બેસશું ને મરી જશું તો? કાથી છે એટલે. ખાટલી કહેવાયને... અમારે ગામડાંમાં બધું હતું ઉમરાળામાં. બધેય હતું ગામડામાં. નવી કાથીનો ખાટલો હોય ત્યારે પહેલો માણસ સૂવે નહીં. રોટલો નાખે વચમાં એટલે કૂતરું (આવે ખાવા). આમ આનીકોર રાખે તો ખાઈ જાય, એમેય નહીં. વચમાં રાખે તો કૂતરો અંદર જઈને ખાય. મધ્યમાં જઈને ખાય. પછી જ ખાટલો વપરાય. કહો, કૂતરો એનાથી મોટો. મૂરખાઈના (ગામ) કાંઈ જુદા હશે? આ બધા મૂરખાના ગામ બધાય. મોહનભાઈ! આવું છે બધું. આહાહા! બાપુ! તારું સ્વરૂપ ચિદાનંદ પ્રભુ છેને ભાઈ! એની તને પ્રતીત નહીં, એનો તને ભરોસો નહીં, એની કિંમતું નહીં અને આ જગતની ચીજની કિંમત કરવા ગયો, હેરાન થઈ ગયો તું. આહાહા! कुटुम्बके कार्यको कालके समान.

घरके निवासको बाणकी नोंकके समान, લ્યો. भावसो भुवनवास.. હોયને ભાલો, એની હોયને અણી. આ ઘરમાં રહેવું એ અણી જેવું લાગે એને. બંગલા કર્યા હોય પાંચ-દસ લાખના. ભઈ, હોશું છે એની આહાહા! ૪૦-૪૦ લાખના બંગલા. લ્યો, ગોવામાં છે. શાંતિભાઈને ૪૦ લાખના. બે દસ-દસ લાખના હતા, એ હવે નાના પડ્યાં એટલે એક ચાલીસ લાખનું (કર્યું) અને વાસ્તુ કરે ત્યારે ધામધૂમ લાગે કેવું! સ્મશાનના લાડવા જેવું લાગે કે નહીં? જ્ઞાનીને, એમ કહું છું. અજ્ઞાનીને તો જાણે આહાહા! ધૂળમાંય નથી, સાંભળને! ભગવાન આત્મામાં વાસ કરને, એ વાસ્તુ છે. આ વાસ્તુ. આહાહા! भावसो भुवनवास, છે ને? એ ઘરમાં રહેવું.. એ તો શું કહેવાય? ભાલો. એ ભાલાની અણી. ભાલાની અણી ઉપર રહેવું, એ (ઘરમાં) રહેવા (બરાબર છે) એમ કહે છે.

कालसौ कुटुंब-काज, લ્યો ઠીક. કુટુંબના કાર્યને કાળસમાન માને. આહાહા! કુટુંબ-બુટુંબ હોય છે આ બધું જુઓને. ...છે બાહ્ય, સમકિતી છે, કષાય મંદ છે.... કુટુંબ છે આજુબાજુ છે, પણ કાળ સમાન... કુટુંબના કાર્ય કાળ સમાન. આહાહા! આટલું કામ. છોકરો પરણાવવો છે ને એમાં પાંચ લાખ ખરચવા છે, પહેરામણી કરવી છે, ચાંદીના થાળમાં સવાશેર બરફી નાતમાં પાંચસે ઘરમાં આપવી છે. એ કુટુંબનું કાર્ય તમારે કરવું પડશે. તમે ગામમાં મોટા છો તમે ઘરમાં. આહાહા! ધર્મીને તો કાળ જેવું લાગે.

હા, મોઢા આગળ બેસાડે કે નહીં તમને ચીમનભાઈને? ચીમનભાઈ તમે મોટા છો, પડો આમાં. હા, પણ એમાં મોટા એ છે. ભાઈઓમાં મોટા આ છે ત્રણમાં. એને પૂછીને કરેને. ભાઈ એમ જ કહેને. તમે જ કરજો, પાછા એમ કહે. તમે જ કરજો, જાઓ, મને પૂછવું નહીં. કનુભાઈ! એમ થાય છે ને? એવું છે. બોલાવે, ભાઈને ભાઈ બોલાવે અને પછી કહે, ‘જો ભાઈ આ કામ તમારે સંભાળવાનું છે. હું સમજું નહીં, મને પૂછશો નહીં’.

ઠીક, ભાઈ હાલો. એ હિંમતભાઈ! પણ નાનોય કહે. હવે તો મોટો નાનાને કહે. નાનો હુશિયાર હોય મોટા એને કહે, 'જો ભાઈ! આ કામ તારે સંભાળવાનું છે. મારી બુદ્ધિ બહુ પહોંચતી નથી.' ધર્મી આત્માના આનંદનો રસિયો, એને કુટુંબના કામ કાળ જેવા લાગે. આહાહા! આખી વાત ફરી ગઈ છે ને. कालसौ कुटुंबकाज..

लोक-लाज लारसी.. લોકલાજ તે લાળ સમાન છે. આહાહા! લાળ.. લાળ.. આ મોઢાની લાળ હોયને. તમારી લાજ બહુ વધી હોં લોકમાં. લાળ વધી છે, ધૂળેય નથી સાંભળને! લોકલાજમાં આત્માને શું છે? ઘરેણે મૂકાય એવી છે? કે બહુ આબરુ તમારી હતી તો હવે મરીને જાશો તો હવે ઘરેણે મૂકો એને. અહીં તો પૂર્વના પુણ્યનો ઉદય હોય તો મળે એને. ધર્મીને લોકલાજ આહાહા! લાળકે સમાન. મોઢાની લાળ.. લાળ.. લાળ છોકરા—બાળક લે, મોટા લે? નાના બાળક હોયને, એને નીકળે લાળ. એ પાછા સબળકે લે, નાના છોકરા હોયને, ચૂસે આમ. મોટા લે? એમ અજ્ઞાનીને લોકલાજ સારી લાગે છે. આબરુ બહુ વધારી તમે હોં ઓહોહો! તમારા બાપ કરતાં સવાયા જાગ્યા. વળી કો'ક કહે ત્યાં ઓલો ખુશી ખુશી થઈ જાય. મૂરખ છેને મૂરખ મોટો. એલા, પણ આત્માના અંદર ભાન વિના તારા બહારની લાજું ક્યાં ઘરેણે મુકાય એવી છે? (શ્રોતા : એકલી આકુળતા.) એકલી દુઃખ છે દુઃખ બધી.

રામજીભાઈની આબરુ બહુ હતી વકીલાતની. લો, હજી ઘણી છે કહે છે. સલાહ આવે લેવા. 'સલાહ કેમ આપી? ચાલો. કેદમાં.' ભાઈ ચાલો. મહિનો કેદમાં ગયા હતા. ..... અમદાવાદવાળો વકીલ. રામજીભાઈના વખતમાં તો રામજીભાઈની હાકલ વાગતી. અમને પણ કહેતા કે આમ કરવું, આમ કરવું, આમ કરવું. અહીં આવ્યા હતા હોં. પછી આવી ગયા હતા. પણ બહારની આબરુ શું ત્યાં ઘરેણે મૂકાય? અંતરની આબરુ વધે અંદરમાં ચૈતન્ય શાંતિ, આહાહા! આ તો બધી આકુળતાનું કારણ છે. મોટી ડીગ્રી, ગણાધિપતિ, આચાર્ય. પૂછડું વળગ્યું છે? ભાન તો નથી અંદરનું તને?

सुयशको नाकके मेल समान, લ્યો. લોકલાજ ઘણી આવી. ઓલો જશ વધ્યો, જશ. આબરુ ઘણી આવે એને નાકના મેલ સમાન જાણે. નાકનો મેલ કાઢી જ નાખવો પડે ફટ કરીને આમ. મેલને ચૂસતો હતો અમારે.. નહોતો દાખલો આપ્યો? અમારા ગામમાં હતા સુંદરજી ભાવસાર. સુંદરજી રૂપા. ભાવસાર સ્થાનકવાસી જૈન. આ તો ૭૦ વર્ષ પહેલાની વાત છે. ૧૦-૧૧ વર્ષની ઉંમર હતી. સુંદરજી રૂપા. આ ઓલા જીવાભાઈનું મકાન છેને જીવાભાઈ.. આપણા.... જીવાભાઈની સામે. એ ત્યાં જ રહે છે. મકાન હતું. સુંદરજી એના બાપ રૂપા. સુંદરજી રૂપા. એ નવરો થાય એટલે ગૂંગો કાઢીને મોઢામાં લે દાંતમાં અને જીભ

એને અડાડે. એલા, પણ તું શું કરે છે એલા સુંદરીયા? 'ભાઈ, મને ટેવ પડી ગઈ છે હોં', એમ કહે. વળી અડધો કલાક થાય કે જ્યાં આડીઅવળી નજર થાય, ત્યાં બીજો કાઢે. આહાહા!

એ નાકના સ્વાદ જેવું છે, કહે છે, દુનિયાની જશ. (જશ) છે દુનિયામાં. આહાહા! જશ તો જાનગરા, એમ દુનિયા બોલે છે. બોલે છે કે નહીં? જશ તો જાનગરા. જાનગરા એટલે જીવને જાન જાય પણ જશ ક્યાંથી મળે? એમ કહે છે. એય! સાંભળ્યું છે કે નહીં? જશ તો જાનગરો છે. જાનગરોનો અર્થ કે જીવ જાય ભલે પણ જશ મળે ક્યાંથી? હાં, એમ છે. ધૂળમાં તારા ઢગલા રહેશે, સાંભળને! આહાહા! सुयशको नाकके मैल समान बीठसौ वखत मानै.. હમણાં તો તમારો વખત છે ભાઈ. દીકરાઓ કમાઉં, દીકરીઓ સારે ઘરે વરી, તમારા આડતિયાઓ પણ મોટા, તમારો સમય છે. ભાઈ! હમણાં તમારો ભાગ્યનો ઉદય છે. કહે છે કે એ વિષ્ટા સમાન માને. ધર્મી ભાગ્યના ઉદયને વિષ્ટા સમાન માને.

આ વાંધો ઉઠે છેને ઓલા પુણ્યને વિષ્ટા કહેવામાં. (શ્રોતા : કાગ વિટ, કાગડાની વિષ્ટા). કાગડા વિટ સમાન, એ તો કીધું હતુંને ઓલું. સમ્યગ્દ્રષ્ટિ જીવ. 'ચક્રવર્તી કી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સમ માનત હૈ, સમ્યગ્દષ્ટિ લોગ.' કાગડાની વિષ્ટા કાંઈ કામ ન આવે. એવી કાગડાની વિષ્ટા છે. એ શ્લોક છે ઈન્દોરમાં છે. કાંચના ઓલામાં, કાચનું મંદીર છેને બજારમાં શેઠનું, સર હુકમીચંદનું. કાંચનું મંદીર, દિગંબર મંદિર મોટું. કાગવિટ સમ માનત હૈ. ધર્મી જીવ પોતાના આનંદના પ્રેમમાં આહાહા! ભાગ્યોદયને—પુણ્યના ઉદયને તો કાગડાની વિષ્ટા જેવું માને છે. આહાહા! છે ને અંદર?

बीठसौ वखत मानै, ऐसी जाकी रीति ताहि वंदत बनारसी.. આહાહા! આવી જેની દશા, બનારસીદાસ કહે છે, એને વંદન કરું છું હું. भावार्थ यह है कि ज्ञानी जीव सांसारिक अभ्युदयको एक आपत्ति ही समझते है, લ્યો. ટૂંકામાં કીધું. ધર્મી જીવ આત્માના આનંદના અનુભવી એને ધર્મી કહીએ, એને સમકિતી કહીએ. આહાહા! એ જ્ઞાની ધર્માત્મા સાંસારિક અભ્યુદય—સંસારની શોભાઓ—આબરુ, કીર્તિ ને પૂજા આદિ આપત્તિ સમજતે હૈં. આપત્તિ છે ભાઈ! આહાહા. દુનિયા જેને સંપત્તિ માને, એને જ્ઞાની આપત્તિ માને. વિચારફેર છે. એની માન્યતા ફેર છે. અજ્ઞાનીને આત્મા શું ચીજ છે? આત્મામાં શું સ્વભાવ છે? આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એની ખબરું વિના બહારની અભ્યુદય એટલે બહારની ઋદ્ધિ. અભ્યુદય—બહારની ઋદ્ધિ. 'રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ વિશે ઘટમેં પ્રગટ સદા' આવે છે ને? ધર્મીને તો ઋદ્ધિ સિદ્ધિ આત્મામાં દેખાય છે. બહારમાં રૂદ્ધો, સુદ્ધો ક્યાં ધૂળનો હતો? આહાહા!

છ ખંડના રાજ(ના ધણી) ભરત ચક્રવર્તી પણ ભાગ્યોદય પુણ્યને વિષ્ટા સમાન માને

છે. આહાહા! હમણાં આવ્યું હતુંને ઓલામાં, નહીં? સન્મતિ સંદેશમાં. સર્વાર્થસિદ્ધિનો દેવ નહીં આમ બેઠો છે આમ? આવ્યું હતું કે નહીં? મુખ મોઢામાં. સર્વાર્થસિદ્ધિનો દેવ. મુનિ હતા આત્મધ્યાની, જ્ઞાની. પણ શલ્ય રહી ગયું એટલે સ્વર્ગ સર્વાર્થસિદ્ધમાં જવું પડ્યું. એણે લખ્યું હતું એવું. 'અરે! પુણ્યનો અપરાધ કર્યો મેં, આ સ્વર્ગમાં આવવું પડ્યું. સ્વર્ગની જેલમાં આવવું પડ્યું'. 'એ કરતાં શ્રાવકપણું સારું' વળી એક જણો કહે. એ કોણે કહ્યું તને? એમ કે શ્રાવક જે આત્મજ્ઞાની હોય એને દેવલોકમાં થોડી સ્થિતિ આવે. અને મુનિઓ જે આત્મધ્યાની-જ્ઞાની હોય એને સ્વર્ગલોકમાં મોટી સ્થિતિ હોય. પણ એથી શું? એ તો બહારની ચીજ છે. વહેલા-મોડાનો પ્રશ્ન ક્યાં છે? રાગથી ભિન્ન પડીને મુક્તદશા જોઈ આત્માની, મુક્ત જ છે સદાય. આહાહા!

'मुक्तएव' આવ્યુ હતુંને સવારના. નહોતું આવ્યું કળશમાં? 'मुक्तएव' આ શરીરના રજકણ તો જડ છે, એનાથી તું જુદો—મુક્ત છે. જુદો કહો, મુક્ત કહો. અને અંદર દયા, દાન, વ્રતના પરિણામ રાગ આસ્રવ છે એનાથી આત્મા જુદો છે. જુદો કહો કે મુક્ત કહો. એવો મુક્તસ્વરૂપ ભગવાન આત્મા, એનું જ્યાં અંતર ભાન અને રાગની ઘણી દશા ઘટી ગઈ છે, એને આ સંસારી શોભાઓ, સંસારી પદવીઓ અને સંસારીના બધા ભાવો આપત્તિ સમાન દેખાય છે, લ્યો. મધ્યમ પુરુષનો સ્વભાવ હવે. હવે એનાથી કાંઈક એક હલકો. છે જ્ઞાની.

મધ્યમ પુરુષનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)

जैसैं कोउ सुभट सुभाइ ठग-मूर खाइ,
चेरा भयौ ठगनीके घेरामैं रहतु है।
ठगौरी उतरि गई तबै ताहि सुधि भई,
पन्यौ परवस नाना संकट सहतु है।।
तैसे ही अनादिकौ मिथ्याती जीव जगतमैं,
डोलै आठौं जाम विसराम न गहतु है।
ग्यानकला भासी भयौ अंतर उदासी पै,
तथापि उदै व्याधिसौं समाधि न लहतु है।।२०।।

**શબ્દાર્થ :—**મૂર=મૂળિયુ, જડીબૂટ્ટી. ચેરા=ચેલો. જામ=પહોર. વિસરામ=ચેન. વ્યાધિ=આપત્તિ. સમાધિ=સ્થિરતા.

**અર્થ :—**જેવી રીતે કોઈ સજ્જનને કોઈ ઠગ જડીબૂટ્ટી ખવડાવી દે તો તે મનુષ્ય

ઠગોનો દાસ બની જાય છે અને તે ઠગોની આજ્ઞા પ્રમાણે ચાલે છે. પરંતુ જ્યારે તે બૂટ્ટીની અસર મટી જાય છે અને તેને ભાન આવે છે ત્યારે ઠગોને ભલા ન જાણતો હોવા છતાં પણ તેને આધીન રહીને અનેક પ્રકારના કષ્ટો સહન કરે છે. તેવી જ રીતે અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જીવ સંસારમાં હમેશા ભટકતો ફરે છે અને ચેન પામતો નથી. પરંતુ જ્યારે જ્ઞાનજ્યોતિનો વિકાસ થાય છે ત્યારે અંતરંગમાં જોકે વિરક્તભાવ રહે છે તોપણ કર્મ-ઉદયની પ્રબળતાના કારણે શાંતિ મેળવતો નથી. (એવો મધ્યમ પુરુષ છે.) ૨૦.

**अर्थ :**—जैसे किसी सज्जनको कोई ठग ठगमूली खिला देवे तो वह मनुष्य ठगोंका दास बन जाता है और उन ठगोंकी आज्ञामें चलता है। परन्तु जब उस बूटीका असर मिट जाता है और उसे होश आता है तब ठगोंको भला नहीं जानता हुआ भी उनके आधीन रहकर अनेक प्रकारके कष्ट सहता है। उसी प्रकार अनादिकालका मिथ्यात्वी जीव संसारमें सदैव भटकता फिरता है और चैन नहीं पाता। परंतु जब ज्ञानज्योतिका विकास होता है तब अंतरंगमें यद्यपि विरक्तभाव रहता है तो भी कर्म-उदयकी प्रबलताके कारण शांति नहीं पाता। (ऐसा मध्यम पुरुष है)॥२०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ચૈતન્ય ભગવાન રાગ, વિનાની ચીજ જ્યાં જોઈ અને જાણી, ग्यानकला भासी भयौ अंतर उदासी पै, तथापि उदै व्याधिसौ समाधि न लहतु है. આહાહા! પણ રાગની આવી અસ્થિરતા છે, તેથી સ્થિરતા ઘટી નથી એમ કહે છે. પહેલાવાળાને તો સ્થિરતા છે વધારે, એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યાધિની જેમ લાગે છે. શું કહે છે?

जैसे कोउ सुभट.. किसी सज्जनको कोई ठग ठगमूली खिला देवे.. આ મુંબઈમાં ઘણું બને છે. કાંઈક આપે, પછી એને જ જુએ. બસ, એની ને એની પાછળ જાય, જ્યાં સુધી ઓલો નશો ઉતરે ત્યાં સુધી. બને છેને. છોડીનું આવ્યું હતુંને છાપામાં. આમ તો... નહોતું કહ્યું પણ બીજાને કહેતો હતો. બાવા હોય સુંઘાડે પછી લઈ જાય ઘરે, હાથ કાપી નાખે, પગ કાપી નાખે. માંગવા માટે નથી કરતાં કલકત્તામાં? ..... લોકો દેખે એટલે દયા આવે એટલે (પૈસા) આપે. એક એક શેરીએ પચાસ-પચાસ રૂપિયા. પછી એમાં હોય બધા પોલીસો, એના અમલદાર, ડોક્ટરો બધાનો ભાગ, ભાગીદાર હોય. પૈસા બહુ કમાય.

છોકરો લઈને કો'કનો સુંઘાડીને પછી પગ કાપી નાખે, હાથ કાપી નાખે. લાકડાની ગાડી નાની હાંકે મોઢા આગળ અને પૈસા આપે પછી બિચારા દેખીને આહાહા! આવું દુઃખ છે. આવું ખાસ કરે છે હોં. ધંધો છે કલકત્તામાં. આહાહા! છોડીનું થયું હતુંને. મા ને દીકરી સાથે રહેતા હતા મુંબઈમાં. .......... લઈ ગયા. ઘરે જઈને આંખો ફોડી નાખી. .......... બાર મહિને છોડીની મા આમ નીકળી. એમાં એણે ઓલી બાઈનો અવાજ સાંભળ્યો

છોડીનો. 'અરે, આ તો મારી દીકરી.' ....... આહાહા! એમ ઠગમૂલી.. ઠગમૂલી સમજ્યાને, જડીબુટ્ટી આદિ હોય. ઠગમૂલી હોયને, પરાણે ખવરાવે,

चेरा भयौ ठगनीके घेरामें रहतु है, લ્યો. ચેરા એટલે ચેલો થઈ ગયો. આ બાવા બહુ કરે કેટલાક તો. ટોડામાં રહે છે નહીં? ટોડામાં. ભાઈને ખબર નથી. છોકરાઓને લઈ ગયેલા ટોડામાં. પાછો આવ્યો એ. ફરતા-ફરતા વળી કેટલાય વર્ષે આવ્યા ટોડામાં. એની બાયડી-છોકરાં..... એને ઘરની ખબર...... આ મારું ઘર છે, આ મારા ભાઈ છે. ખબર પડી બીજાને........ ... હતો ટોડાનો. એને નાની ઉંમરે લઈ ગયેલા. પછી એને ત્યાં મોટો કર્યો, પરણાવ્યો... ભાઈઓને ખબર પડી એટલે આવ્યા. ચાલને ભાઈ પાછો. હવે મારે શું કામ છે? સાઈઠ વર્ષ થયા. ત્યાં બાયડી–છોકરા છે.

સૂંઘાડે છે. આ રેલમાં થાય છે રેલમાં. સૂતું હોયને સૂંઘાડી દે. કહે છે કે जैसे किसी सज्जनको कोई ठगमूली खिला देवे तो वह मनुष्य ठगोंका दास बन जाता है. ઠગનો દાસ થાય. આહાહા! चेरा भयौ ठगनीके घेरामैं.. એના ઘેરામાં રહે. ठगौरी उतरी गई तबै ताहि सुधि भई.. આ તો દાખલો છે હોં. જ્યાં ઉતરી ગયો પ્રેમ ત્યાં સુધી રહ્યો. पन्यौ परवस. જાણ્યું કે અરે, મને આ લઈ ગયા હતા... नाना संकट सहतु है.. પરવશ કરવું પડે. શું કરે? એ તો દ્રષ્ટાંત થયો.

હવે तैसेही अनादिको मिथ्याती जीव जगतमैं.. ભ્રમણામાં ઠગાઈ ગયો છે અનાદિથી. આહાહા! अनादिको मिथ्याती जीव जगतमैं.., લ્યો. अनादि कालका मिथ्यात्वी जीव संसारमें भटकता फिरता है. મિથ્યાત્વરૂપી ઠગે એને ઠગ્યો છે. આહાહા! આ શરીર સારું છે ને શરીર મારું છે ને પુણ્યના ભાવ મારા ને પાપના ભાવ મારા ને બાયડી મારી ને મકાન મારું ને દેશ મારો ને.. મિથ્યાત્વથી ઠગાઈ ગયો છે. डोलै आठौ जाम विसराम न गहतु है.. આઠો જામ એટલે રાત અને દિ'. મિથ્યાત્વમાં બસ ભ્રમણા.. ભ્રમણા.. ભ્રમણા.. ભ્રમણા.. જ્યાં જ્યાં આયુષ્ય રહે ત્યાં ગામ મારું. અમારું જન્મ ગામ? એ ગામ કે દિ' તારું હતું? સાંભળને માળા! મારા મા-બાપ, મારા કુટુંબ, આ મારી બાયડી, આ મારા છોકરા. મિથ્યાત્વમાં અજ્ઞાનમાં ચેન પડતું નથી. વિશ્રામ મળતો નથી એને.

ग्यानकला भासी.. ઓલા ઠગનો દાખલો આપ્યો. ग्यानकला भासी भयौ अंतर उदासी. ભાન થયું કે અરે! હું તો આત્મા છું. હું તો જ્ઞાન અને આનંદનો ધામ આત્મા છું. એમ ઠગની મિથ્યાત્વની વિદ્યા ઉતરી ગઈ. છતાં उदै व्याधिसौ समाधि न लहतुं है.. પણ એને કર્મના ઉદયમાં જોર છે અંદર. અનુદયનું જોર કહેવાયને. એમાં જોડાઈ જાય છેને. આહાહા! ભેદજ્ઞાન છે. મધ્યમ પુરુષની વાત છે આ. રાગ ને દયા-દાનના વિકલ્પથી પણ

જુદો. એક કહે કે છૂટ્ટો, એક કહે કે મુક્ત. એવું ભાન હોવા છતાં, ઉદયની વ્યાધિ, લ્યો. **कर्म—उदयकी प्रबलतासे कारण शांति नहीं पाता.** સ્થિરતા જે જોઈએ એ થતી નથી. પુરુષાર્થની કમી ઘણી છે, એમ કહે છે. સમાધિ અંતર જોઈએ વિશેષ શાંતિ, એ વિશેષ શાંતિ પામતો નથી. ઠગના ઓલોમાં રહેવું પડે છે એને. રાગના વશે કેટલીક પરિણતી છે ધર્મીને, એને અહીંયાં મધ્યમ્ પુરુષ કહેવામાં આવે છે.

ઓલાને (ઉત્તમ પુરુષને) શાંતિ વધારે હતી. આ જરી કર્મના ઉદયની અંદર પરવશ થઈ જાય છે. અંતરમાં એનાથી (રાગથી) ભિન્નનું ભાન હોવા છતાં પરાધીન થઈ જાય છે તેને મધ્યમ પુરુષ કહેવામાં આવે છે. બંધ અધિકાર છે ને? અબંધના ભાવમાં જોડાય છે એથી પ્રસન્નતા છે. ઠગમાં.. ઠગની વિદ્યા નીકળી ગઈ, પણ ઠગમાં રહેવું પડે છે, આસ્રવમાં રહેવું પડે છે એમ કહે છે. સમજાણું? પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે, તેનાથી ભિન્ન જ્ઞાનપણું છે. એટલી પુરુષાર્થની તીવ્રતા નથી એટલે એને પુણ્ય-પાપના આસ્રવમાં રહેવું પડે છે, અસ્થિરતાની અપેક્ષાએ. આમ તો પુણ્ય પાપના રાગથી ભિન્ન જ્ઞાનકળા ભાસી, એમ તો કહ્યું. भयौ अंतर उदासी.. અંતરમાં તો રાગના ભાવથી પણ ઉદાસ છે. આ નહીં, આ નહીં. આહાહા! એ અંદરમાં ઉદયનો આવે ભાગ, એ જોડાય પરવશ થઈને, જેને લઈને સ્થિરતા, શાંતિ નથી, એને અહીંયાં મધ્યમ પુરુષ કહેવામાં આવે છે.

હવે અધમપુરુષ. એ તો મિથ્યાદૃષ્ટિ. એમ કષાયની મંદતામાં, પુણ્યમાં ધર્મ માનનારો. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એ અમારો ધર્મ, એમ અજ્ઞાની માને. એ અધમ પુરુષ છે. મિથ્યાદૃષ્ટિ અધમ છે. ચોથામાં પછી અધમા-અધમ એકલો અશુભભાવવાળો લેશે. મિથ્યાદૃષ્ટિ તો છે પણ અશુભભાવ. આ મિથ્યાદૃષ્ટિ છે પણ જરી શુભભાવ... મિથ્યાત્વ માન્યતા. વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી, દયા-દાન કરવા, બસ, આપણને એ જરૂરિયાતનો ધર્મ. જુઓ, અત્યારે ચાલે છે બધું એ. એ ચાલે છે કે નહીં? આપણે તો બસ રાગની મંદતાનો ભાવ કરીએને શુભભાવ, બસ છે. આ પુણ્ય છે ને એને છોડવા જેવું છે ને ધર્મ બીજી ચીજ છે, આવી માથાકૂટમાં કોણ પડે? બધું ચાલે છે કે નહીં? વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૯૩ અષાઢ સુદ ૧૦ શનિવાર તા. ૩-૭-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૨૧ થી ૨૪ પર પ્રવચન

આ સમયસાર નાટક. બંધ અધિકાર. અધમ પુરુષનો સ્વભાવ. અધમ પુરુષ એટલે અહીં મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. એનો સ્વભાવ કેવો છે, એ કહે છે.

અધમ પુરુષનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)

जैसें रंक पुरुषके भायें कानी कौड़ी धन,
उलुवाके भायें जैसें संझा ही विहान है।
कूकरुके भायें ज्यौं पिडोर जिखानी मठा,
सूकरुके भायें ज्यौं पुरीष पकवान है॥
बायसके भायें जैसें नींबकी निंबोरी दाख,
बालकके भायें दंत-कथा ज्यौं पुरान है।
हिंसकके भायें जैसें हिंसामें धरम तैसें,
मूरखके भायें सुभबंध निरवान है॥२१॥

**શબ્દાર્થ :—**રંક=ગરીબ. ભાયૈ=પ્રિય લાગે. કાની=ફૂટેલી. ઉલુવા=ઘુવડ. વિહાન=સવાર. કૂકરુ=કૂતરો. પિડોર=ઉલટી. સૂકરુ=સુવ્વર. પુરીષ=વિષ્ટા. વાયસ=કાગડો. દંતકથા=લૌકિક વાર્તા. નિરવાન=મોક્ષ.

**અર્થ :—**જેમ ગરીબ માણસને એક ફૂટેલી કોડી પણ સંપત્તિ સમાન પ્રિય લાગે છે, ઘુવડને સંધ્યા જ સવાર સમાન ઇષ્ટ લાગે છે, કૂતરાને ઉલટી જ દહી સમાન રુચિકર હોય છે, કાગડાને લીમડાની લીંબોળી દ્રાક્ષ સમાન પ્રિય હોય છે, બાળકોને લૌકિક વાર્તાઓ (ગપ્પા) જ શાસ્ત્રની જેમ રુચિકર લાગે છે, હિંસક મનુષ્યને હિંસામાં જ ધર્મ દેખાય છે, તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય લાગે છે. (એવો અધમ પુરુષ હોય છે). ૨૧.

**अर्थ :—**जिस प्रकार गरीब मनुष्यको एक फूटी कौड़ी भी बड़ी सम्पत्तिके समान प्रिय लगती है, उल्लूको संध्या ही प्रभातके समान इष्ट होती है, कुत्तेको वमन ही दहीके समान रुचिकर होता है, कौवेको नीमकी निबोरी दाखके समान प्रिय होती है, बच्चेको लौकिक वार्ताएँ (गप्पें) ही शास्त्रवत् रोचक होती हैं, हिंसक मनुष्यको हिंसाहीमें धर्म दिखता है; उसी प्रकार मूर्खको पुण्यबंध ही मोक्षके समान प्रिय लगता है (ऐसा अधम पुरुष होता है)॥२१॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જુઓ, અહીં નાંખ્યું. શું કહે છે? રંક પુરુષને એક કોડી મળે કોડી. આ કોડી નથી? તો એ જાણે આપણે મહા (ધનવાન), ઓહોહો! આ છોકરા નાના હતા ને કોડી રમતાં. એક કોડી જીતે તો આમ ખુશી-ખુશી થઈ જાય. કોડી હોયને કોડી. એમાં પાછું દાણી હોય કાંઈ શું કહેવાય ઓલું? શીશું નાંખેલો. બધાને આપે, ઓલા ફોજદાર હોયને. કોઈ છોકરાને ખબર હશે નહીં? ઓલી કોડી કોડી હોય છે ને. આ તો ફૂટી કોડી પાછી અહીં તો લેવી છે, કાણી કોડી. એક કોડી કાણી મળે તો એને એમ થઈ જાય, આહાહા! रंक पुरूषके भायैं कानी कौड़ी धन. આ બધી ઊપમા આપે છે હોં.

उलुवाके भायैं जैसैं संझा ही विहान है. ઉલ્લુ—ઘુવડ, ઘુવડ. એને સાંજ પડે એટલે જાણે સવાર પડી. એને રાતમાં ઉડવા થાય, એકબીજાને જાવું-આવવું. (શ્રોતા : આંખ ઉઘડે ને) આંખ ઉઘડે. સાંજ પડે ત્યારે સવાર પડી એને. ઉલ્લુ હોય છે ને ઉલ્લુ—ઘુવડ. એ હોય છે ઓલી શું કહેવાય, ઊંધે લટકે? ચામાચિડીયું, ચામાચિડીયું નહીં. વાગોળ. આવડી-આવડી મોટી અમારે ઉમરાળા બહુ હોય. બહુ વાગોળ હોય. વાગોળ-વાગોળ. વાગોળ મોટી-મોટી આવડી હોય. આંહીં મેં તો હજારો જોઈ છે ને. ત્યાંય આપણે ઘણી હતી નહીં? મુડબિદ્રી, ઊતારા પાસે. એટલી ઝાડ ઉપર લટકે આમ. એને સાંજ પડે ત્યારે સવાર પડી કહેવાય કારણ કે એને આંખો ઊઘડે, સાંજ પડે અને ફરે પછી. અને કાનકડિયા. એ ત્રણેને—ઉલ્લું, વાગોળ અને કાનકડિયા.

जैसैं संझा ही विहान. સાંજ પડે એટલે સવાર પડી જાણે. આ ચોરને એમ હોય છે. રાતે ચોરી કરવા જવું હોય એટલે સાંજ પડે....એવા ચોર હોય કેટલાક, ફોજદાર જેની પર વહેમ હોય, એને પકડે. ૧ વાગે હાજર થાવું. રાત્રે હાજર થઈ જાય પછી જાય ચોરી કરવા, પછી જાય. સવારમાં હાજર થઈ જાય ગામમાં. હા, ઘણા ચોરી કરી જાય. એ છે ને ઘણા. રાત પડે ૭ કે ૧૧(વાગે) ફોજદાર પાસે જઈ આવે, 'હું છું અહીંયાં'. ત્યાંથી જઈને ચોરી કરવા જાય. એમ રાત પડે એટલે સવાર પડી જાણે. એમ ઉપમા આપશે. અહીંયાં. એમ અજ્ઞાનીને આ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થાય, એ બંધનું કારણ છે. પણ મોક્ષ માને અજ્ઞાની, એમ દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ? દાખલા તો સમજાવ્યું છે. એય, છોકરાઓ! સમજાય છે કે નહિ? શું કીધું? એ રાંકને કોડી મળે તો જાણે પૈસા મળ્યાં, એમ માને, જુઓ.

એમ અજ્ઞાનીને આ પુણ્ય ભાવ કરે કાંઈક દયાનો ને વ્રતનો ને ભક્તિનો ને પૂજાનો ને દાનનો, આહાહા! થઈ ગયો (ધર્મ.) આંહીં તો શુભ બંધની વાત. બંધ અધિકાર છે ને.

શુભભાવ થયો બંધ, પુણ્ય થાય તો નિર્વાણ થઈ જશે આપણે, જાવ. મૂરખ છે, કહે છે. આહાહા! જુઓ, આ બનારસીદાસે આ જૈન સંપ્રદાયમાં રહ્યા છતાં મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, એ શુભભાવમાં બંધ છે, એને ધર્મ અને નિર્વાણ માને છે. (શ્રોતા : બંધને મોક્ષ માને છે.) ઈ તો મોક્ષનું જ કારણ છે, એ કહે છે અમારે. પુણ્ય છે પછી આ વૈકુંઠ, સ્વર્ગમાં જાઈશું ને ત્યાંથી ભગવાન પાસે જાશું ને ત્યાંથી મોક્ષ થાશે. ધૂળેય નહિ થાય, સાંભળને! સમજાણું કાંઈ?

उलुवाके भायैं जैसें संझा ही विहान हैं। कूकरुके भायैं ज्यौं पिडोर जिरवानी मठा. એ કૂતરાંને માણસનું વમન, વમન છે ને, એમ દહીં જેવું લાગે. દહીં જેમ ચાટે. શીખંડ ખાય ને શીખંડ માણસ. એમ ઓલું વમન. માણસને એક સાથે વમન થઈ જાય, કૂતરો એને ચાટે વમનને. એમ અજ્ઞાની આ તો બધી ઉપમા ન્યાં આપેલી છે. ઓલા બે તો જ્ઞાની હતા. અજ્ઞાની ય વ્રત પાળે, અપવાસ કરે, સમજાય છે? પૂજા, ભક્તિ કરે ને આ અષ્ટાહ્નિકા ઊજવે. એય! એમાં પુણ્ય થાય ને માને ધર્મ, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! મૂઢ જીવ શુભ બંધનું કારણ, એને મોક્ષનું કારણ માને.

सुकरुके भायैं ज्यौं पुरीष पकवान है. અને સુવરને વિષ્ટા એ પકવાન. સુવ્વર-સુવ્વર, ભૂંડ-ભૂંડ, માણસની વિષ્ટા ખાય, બહુ ચાટે. ધોલેરામાં ભુંડ બહુ ધોલેરામાં. ચારેકોર ભુંડ વિષ્ટા ચારેકોર ફર્યા જ કરતો હોય. એકવાર ગ્યા ત્યાં. હમણાંય ભૂંડ હતાં ક્યાંક, નહિં? જયપુરમાં ભુંડ ઘણા, જયપુરમાં ય હતાં. જ્યાં ત્યાં વિષ્ટા હોય ચાટ્યા જ કરે. સમજાણું? ભૂંડને તો એ વિષ્ટા એ પકવાન છે. શીરો મળ્યો જાણે ઊનો લસલસતો એને, એમ. ઓલાએ અર્થ કાંઈક બીજો કર્યો'તો, जिरवानीનો અર્થ. આ જીરવાની શબ્દ છે ને. જીરવાની-મઠા, એમ કાંઈક બીજું કર્યું હતું આમાં કાંઈક. પણ એવો મતલબ દહીં કે એવું હોયને ચાટે. આહાહા!

એમ અજ્ઞાની વ્રત, નિયમ, તપનાં પરિણામ શુભ છે, એને એ અજ્ઞાની ધર્મ માને ને મુક્તિનું કારણ માને. આહાહા! ગુણવંતભાઈ! આ બધું એજ હાલે છે અત્યારે તો. કહો, સમજે છે કે નહિ? છે એમાં અંદર લખ્યું છે? જુઓ, શુભભાવને નિર્વાણ માને તો મૂઢ છે, અધમ છે, એમ કહે છે. અપવાસ કર્યા, તપસ્યાઓ કરી ને એમાં પુણ્ય બંધાણું, ધૂળેય ધર્મ નથી. ન્યાં ક્યાં ધર્મ હતો એવામાં? ધર્મ તો રાગથી ભિન્ન પડીને આત્માનો આશ્રય લઈને પવિત્રતા પ્રગટ કરી, એ ધર્મ છે. આરે, ભારે વાતું! સમજાણું કાંઈ?

જુઓને ત્યાં ગ્યાં'તા ને ઓલે પણે આદર્શનગર. પહેલાં ગયા હતા. ૩ થી ૪ વ્યાખ્યાન હતું. રવિવારનો દિવસ હતો. માણસ ઘણું હતું. ૫-૬ હજાર માણસ હતું. એમાં એ લોકો ભક્તિ કરતાં બધું આખું મંડળ હોં. પણ ઉછળી ઉછળીને છોકરાંઓ નાનાં-નાનાં મોટા-મોટા કુદે જાણે અંદરમાં. જાણે શું ય હશે આવું? હું ય બેઠો તો ખરો. લખ્યું હતું, મહારાજની હાજરીમાં આવી ભક્તિ થઈ. પણ વહેલું ત્યાં જાવું પડે ને. એમ ૩ થી ૪ વ્યાખ્યાન હતું. તમે હતાં? નહોતા, ક્યાં ગયા હતા તે દિ'? બસ તે દિ'. આપણામાં એ વાત થઈ હતી. વહેલાં શું કરવા જાય? ઓલી ઓરડી મળે, જગ્યા મળે. બાઈયુંમાંય એવું શીખી છે બાઈયું. પહેલાં સાથે જતા સાથે ફરતાં. શું કહેવાય? જાત્રામાં. વહેલાં ઓરડી લઈ લે અને તાળું મારી દે એટલે બીજાનો હક્ક નહિ. આ જાત્રા કરવા નીકળ્યા છે. કાંઈ ઠેકાણા ન મળે, પરિણામનાં ઠેકાણા ન મળે.

એય! એને ઓરડી લઈ લે. અને આય હતા આપણી સાથે હતા એક-બે જણા. એક ગુજરી ગયાં અને એક છે અહીંયાં. નામ ન અપાય. એ સાથે જાય વહેલાં-વહેલા. ઘોડાગાડી લઈને જાય ને પછી જગ્યા રોકી લે. એમ માણસો સાથે ઘણું હતું ને તે દિ' જાત્રામાં ૫૦૦-૧૦૦૦ માણસ તે દિ'. સુદર્શન શેઠ પાટણા, પાટણા શું કહેવાય? પટણામાં ગ્યાં ને તે દિ' ૫૦૦ માણસ સાથે ને ૫૦૦ સ્પેશ્યલ આવ્યું'તું. એક હજાર માણસ આવ્યું'તું. ૧૩ ની સાલમાં. એટલે ઓલા મોઢા આગળ જઈ-જઈને રોકી લે જગ્યા. આ જાત્રા કરવા નીકળ્યા. કાંઈ વિવેક ભાન ન મળે. સમજાણું કાંઈ? ઈ જાણે આમાંથી મુક્તિ થશે.

કેટલાંક તો ભગવાનને પહેલાં દર્શન દોડીને કરીએ તો આપણી મુક્તિ વહેલી થાય. વહેલાં ઊઠીને એમ કે પગલાંના દર્શન કરીએ, વહેલાં દર્શન કરીએ. સ્વામિનારાયણમાં વહેલાં ઊઠીને પાણીને જગાડે. જગાડે એટલે નહાય, એમ. પડ્યું હોય ને પાણી. ગઢડામાં એમ હતું. અમારે બધું જોયેલું. ગઢડામાં ચોમાસું હતું ને વહેલા ઊઠીને નાહીં લે. પાણી પડ્યું હોય ને જગાડે, બહુ ધર્મ થાય. ધૂળેય નથી, સાંભળને માળા! આહાહા! અજ્ઞાની એ પુણ્યની ક્રિયામાં મોક્ષ માને છે. બંધને મોક્ષ માને છે, એમ આંહીં લેવું છે ને આંહીં તો. બંધ અધિકાર છે. આહાહા! એને આત્માનો ધર્મ શું છે? કેમ થાય? વીતરાગ શું કહે છે? એની ખબર નથી.

बायसके भायैं जैसे नींबकी निंबोरी दाख. આ કાગડાને તો જાણે ઓલી લીંબોળી મળે. શું કહેવાય? આ લીંબોળી, લીંબોળી મીઠી દ્રાક્ષ જેવી લાગે. દ્રાક્ષ.....લીંબોળી અને દ્રાક્ષ. આપણો આ લીમડો છે ને આ જુઓ, એની મીઠી લીમડી બહુ થાય છે. શું કહેવાય? લીંબોળી. આ લીમડો છે ને. તપસીનો દીકરો હતો. દીકરાનો દીકરો એ કહે છે, એ તપસી!

ક્યાં સાંભળે છે? એક હતો ને છોકરો પ્રભુભાઈનો. ઈ કહે, ભારે મીઠી દ્રાક્ષ જેવી છે, કહે. કાલે એક કહેતો હતો. હસમુખભાઈ છે ને. શશી તોડીને ખાતો'તો. બાઈયું કહે, મીઠી ભારે અહીંની લીમડી. કાગડાને લીંબોળી દ્રાક્ષ જેવી લાગે. ગમે તેવી મીઠી પણ લીંબોળી ને? એ કાંઈ દ્રાક્ષ છે? આહાહા!

એમ અજ્ઞાનીને વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને પૂજાના ભાવ—એ બધાં શુભ બંધનું કારણ છે, એને એ નિર્વાણનું કારણ માને છે. ભારે આકરું કામ ભાઈ! એય! સમ્મેદશિખરનાં પહેલાં પગલાંના દર્શન કરે, એને બહુ લાભ થાય ધર્મનો. એમ હશે? એય, વજુભાઈ! તો શું કરવા જાવું પણ મફતમાં? (શ્રોતા : આપ લઈ ગયા હતા.) એ તો એવો ભાવ હોય છે બહુમાનનો, એટલું. પણ એ છે શુભભાવ. એ શુભભાવ તો ભક્તિનો શુભભાવ છે. આ શ્રવણનો શુભભાવ નથી આ? સાંભળવામાં શું છે? શુભભાવ છે. ધર્મ છે આ? વાંચણી દેવી, વાંચણી એ પણ શુભભાવ છે, વિકલ્પ છે. હોય એ જુદી વાત છે અને એ ધર્મનું કારણ અને ધર્મ થાય એનાથી, એ વાત જુદી છે. આહાહા! સમજાણું કાંઈ?

જોર જ આપી દે બધું. કોણ જાણે એવા....કરતા'તા, જાણે શું હશે? કીધું પણ શું છે આમાં? ભક્તિ ભગવાનની જાણે, ભગવાન આપી દે એવું નથી કાંઈ. તારો ભાવ હોય શુભ, એનું પુણ્ય બંધાય. અહીંયાં ગાયને આ શત્રુંજય. ભક્તિ કરે, ગાય છે ને સાંભળ્યું છે ને? "શિવપદ અમને દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો." ભગવાન કહે છે, શિવપદ મારી પાસે નથી તારું, લે. (શ્રોતા : બોલે છે પણ જવાબ નથી દેતા.) એનો અર્થ જ કે આંહીં બોલે છે ને જવાબ નથી દેતા. એનો અર્થ કે તારી પાસે છે, અમારી પાસે મફતનો શું કરવા આવ્યો છે? વાહ આરે, આરે, ભારે! એ હિંમતભાઈ! શું કરવું આમાં? આવે, કરે વળી કહે એ બંધનું કારણ છે ને મોક્ષનું કારણ ને ધર્મ નહિ. (શ્રોતા :....છોડી દેતા હોય તો....) પણ છોડવું, એની વ્યાખ્યા શું? પહેલી દ્રષ્ટિમાં છોડે ત્યારે છોડ્યું કહેવાય. એ વિકલ્પ ટળે, ઈ તો શુદ્ધ ઉપયોગ થાય ત્યારે જાય. આહાહા! કહે છે, કાગડાને તો લીંબોળી દ્રાક્ષ જેવી લાગે, દ્રાક્ષ-દ્રાક્ષ. એમ અજ્ઞાનીને શુભભાવ મુક્તિનું કારણ અને મોક્ષ લાગે છે. આ તો સમજવા જેવી વાત છે. બરાબર દાખલા આપ્યાં છે. છોકરાઓને સમજાય એવા છે. बालकके भायैं दंत—कथा ज्यौं पुरान है. બાળકને તો પુરાણ-ભગવાનની કથા હોય. ત્રિલોકનાથ તીર્થંકરદેવ અહીં જનમ્યાં, મોક્ષ પામ્યાં, એ મોટી મહાપુરાણ કથા. બાળકને તો એક ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો ખીચડી ને મગનો દાણો. એની કરી ખીચડી પછી એને કુંભારને આપી ને એણે આપ્યું ફલાણું-ઢીંકણું. એય, લાંબી લાંબી વાત

નથી? એ દંતકથા, એને એ પુરાણ માને. જાણે ભગવાનની વાત હશે આ, એમ. સમજાણું કાંઈ? ગપગોળા હોય, એવો શબ્દ છે ક્યાંક. ગપ, લખ્યું છે ને આ લખ્યું છે જુઓ, बच्चेको लौकिक वार्ताएँ (गप्पें) ही शास्त्रवत रोचक होती है. પુરાણ શબ્દે શાસ્ત્ર જેવી વાત, એમ. એવો અર્થ કર્યો એણે પુરાણનો અર્થ.

हिंसकके भायैं जैसें हिंसामैं धरम. હિંસક પ્રાણીને તો પ્રાણી એકેન્દ્રિય આદિ મરે, પંચેન્દ્રિય મરે, જંગલમાં બકરા મારે અને થાય ધર્મ. મૂઢ છો કહે છે માળા. આહાહા! हिंसकके भायै जैसे हिंसामें धरम तैसैं, मूरखके भायैं सुभबंध निरवान है. એ મૂર્ખને તો એ પુણ્ય પરિણામમાં જેને મુક્તિ માને છે. આહાહા! ભારે વાત કરી છે. આ બધા દાખલા તો વાંચ્યા. એક રંક પુરુષનો કોડીનો, ઉલુવાને સવારનો, કૂતરાને વમનનો, છે ને? અને સુવ્વરને વિષ્ટાનો, કાગડાને દ્રાક્ષનો, બાળકને દંતકથાનો, આ હિંસકને હિંસા ધર્મમાં.

એમ मूरखने भायैं सुभबंध निरवान हैं. મૂર્ખ મિથ્યાદષ્ટિ મૂઢ જીવ એ પુણ્ય પરિણામ કરે, એને એમ થાય કે આહાહા! આપણે તો કોઈ મોક્ષ થઈ ગયો. એકવાર જાત્રા કરી આવીએ, અષાઢ સુદ પૂનમની, કાર્તિક પૂનમની, ભગવાનને ખબર. પૂર્વે નવ્વાણું વાર ઋષભદેવ ત્યાં આવ્યાં'તાં. એકવાર જઈ આવીએ તો આપણું કલ્યાણ થઈ જાય. ધૂળેય નહિ થાય, સાંભળને હવે! એય! આરે, ભારે! સિદ્ધગિરી સિદ્ધગિરી થઈ ગઈ. સિદ્ધગિરી નહીં, ઓલા કાશીમાં કરવત મુકાય તેમ અહીં સિદ્ધગીરીમાં મરે તો સમાધિમરણ થાય. મૂરખ છો, કહે છે માળા! ન્યાં પથરાની પથ એ તો પથ્થર છે. અને ભગવાનની મૂર્તિ એ ય પથ્થર છે. આકર્ષણ કોને હતું? એ તો શુભ-ભાવમાં નિમિત્ત છે. શુભભાવ કરે પુણ્યનો, એને એ નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી કાંઈ શુભ થાતો નથી.

ભાઈએ કહ્યું નથી 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં? એલા બહુ તમે ભક્તિમાં પડ્યા રહેશો થાશે તો તારા પરિણામનું ફળ, એમાં કાંઈ ભગવાન કાંઈ આપી દેતા નથી. ઈ કરતા ચરણાનુયોગ કે એના વિચારમાં રહે તો પરિણામ શુભ ઘણાં થાશે. પણ ઈ એને બેસે નહિ. પણ ત્યાં રોકાય તો શુભભાવ તો થાય, શુદ્ધ ભલેને ન આવે. શું કહે છે આ? સમજાણું કાંઈ? એ આવાં શલ્ય હોય છે જૈનમાં રહેલાંને. એ અહીં વાત કરે છે. ભાવ હોય, એ  નામ સ્મરણનો, સ્વાધ્યાય કરવાનો, વાંચનનો, ભાવ તો હોય. પણ એ ભાવમાં... આપણે સ્વાધ્યાય.....હમણાં આવ્યું'તું. કો'ક કહેતું હતું. નિર્જરા થાય, કહે. કો'કે લખ્યું'તું. ઉપદેશ કરતાં નિર્જરા થાય. આવ્યું હતું ખરું.....નિર્જરા થાય. કાંઈક હતું ખરું.

નિર્જરા થાય. ધૂળેય નિર્જરા નથી. આહાર નિર્દોષ ખાય તો નિર્જરા થાય, ફલાણું થાય તો નિર્જરા થાય. ધૂળેય નિર્જરા ન થાય. આવા ને આવા લાકડાં ગરી ગયા છે ને. (શ્રોતા : શાસ્ત્રમાં આવે.) આવે કઈ અપેક્ષાએ આવે? એ તો સ્વનું લક્ષ છે અંદર અને શુભ વિકલ્પ પર તરફનો છે. એ વખતે સ્વનાં લક્ષનું જેટલું જોર છે એટલી નિર્જરા થાય, એમ વાત છે. પરના લક્ષે વિકલ્પ, એમાંથી નિર્જરા કેમ થાતું'તું? આહાહા! કહો, સમજાણું આમાં?

सुभबंध निरवान, બસ, લ્યો. આહાહા! નિર્જરા કહો, ધર્મ કહો, નિર્વાણ કહો, બધું એક જ છે ને. ધૂળેય નથી સંવર, નિર્જરા. આમ કરે તો આમ થાય, ઢીંકણું કરે તો આમ થાય, અપવાસ કરે તો નિર્જરા થાય. માને છે ને આ લોકો અઠ્ઠમ. અઠ્ઠમ કર્યો હોય એમાં જો પોરશી ચડાવે, પચ્ચીસ અપવાસનું ફળ મળે. આવતું નથી? સાંભળ્યું છે કે નહિ? ધૂળેય નથી, સાંભળને માળા! એ તો રાગની મંદતાનો શુભભાવ જો કર્યો હોય તો પુણ્ય છે. આત્માનો સ્વભાવ શું છે, એનો આશ્રય કર્યો નથી ને પરના આશ્રયે ધરમ-બરમ થાતો નથી. એક શ્લોક કીધો, લો. ऐसा अधम पुरुष होता है, લ્યો. मूर्खको पुण्यबंध ही मोक्षके समान प्रिय लगता है. અજ્ઞાનીને પુણ્યનો બંધ તો જાણે મોક્ષ જેવો લાગે. આહાહા! આવા છે મૂર્ખ, કહે છે માળા!

મોક્ષનું કારણ ધર્મ તો કોઈ રાગ ને વિકલ્પ એનાથી ભિન્ન પડીને ચૈતન્યસ્વરૂપનો, આનંદનો સ્વાદ લઈને ભાન થાય ને પ્રતીત થાય, એને ધર્મ કહે છે. આ ધર્મ કાંઈ બહારથી થાતા હશે? શેત્રુંજયથી ને સમ્મેદશિખરથી ને? સમજાણું કાંઈ? છતાં એ ભાવ હોય ખરો ભક્તિવંતને હોય, અશુભથી બચવા અને એ કાળે એ પ્રકારનો જ ભાવ હોય. શુભભાવના અસંખ્ય પ્રકાર છે. એ ધર્મી જીવને પણ આત્માને આશ્રયે લાભ થાય, એવી માન્યતા હોવા છતાં પૂર્ણ વીતરાગ નથી, એને એવો શુભભાવ આવે. પણ ઈ માને કે આ શુભ ભાવ બંધનું કારણ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? અજ્ઞાની એને ધર્મ-મોક્ષનું કારણ માને, બસ આટલો ફેર છે. દ્રષ્ટિમાં મોટી વિપરીતતા. તેથી એને અહીં મૂર્ખ કહ્યો છે. मूरखके भायैं सुभबंध निरवान है,

લ્યો. હવે, અધમાઅધમ પુરુષ. હવે મિથ્યાદ્રષ્ટિ તો છે પણ દ્વેષી-સત્‌નો દ્વેષી, અસજ્જન. આ તો એની માન્યતામાં ફેર છે. આ તો સજ્જનતાય નથી જેને. अधमाधम पुरुषका स्वभाव

અધમાધમ પુરુષનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)

**कुंजरकौ देखि जैसैं रोस करि भूंसै स्वान,**

रोस करै निर्धन विलोकि धनवंतकौं।
रैनके जगैय्याकौं विलोकि चोर रोस करै,
मिथ्यामती रोस करै सुनत सिद्धंतकौं।
हंसकौं विलोकि जैसैं काग मन रोस करै,
अभिमानी रोस करै देखत महंतकौं।
सुकविकौं देखि ज्यौं कुकवि मन रोस करै,
त्यौं ही दुरजन रोस करै देखि संतकौं।।२२।।

**શબ્દાર્થ :**—કુંજર=હાથી. રોસ (રોષ)=ગુસ્સો. સ્વાન=કૂતરો. વિલોકિ=જોઈને. કાગ=કાગડો. દુરજન=અધમમાં પણ અધમ.

**અર્થ :**—જેવી રીતે કૂતરો હાથીને જોઈને ક્રોધિત થઈને ભસે છે, ધનવાન માણસને જોઈને નિર્ધન મનુષ્ય ક્રોધિત થાય છે, રાતે જાગનારને જોઈ ચોર ક્રોધિત થાય છે, સાચું શાસ્ત્ર સાંભળીને મિથ્યાત્વી જીવ ક્રોધિત થાય છે, હંસને જોઈને કાગડો ગુસ્સે થાય છે, મહાપુરુષને જોઈને ઘમંડી મનુષ્ય ક્રોધ કરે છે, સુકવિને જોઈને કુકવિના મનમાં ક્રોધ આવે છે, તેવી જ રીતે સત્પુરુષને જોઈને અધમાધમ પુરુષ ગુસ્સે થાય છે. ૨૨.

अर्थ :—जिस प्रकार कुत्ता हाथीको देखनेपर क्रोधित होकर भोंकता है, धनाढ्य पुरुषको देखकर निर्धन मनुष्य क्रोधित होता है, रातमें जातनेवालेको देखकर चोर क्रोधित होता है, सच्चा शास्त्र सुनकर मिथ्यात्वी जीव क्रोधित होता है, हंसको देखकर कौवा क्रोधित होता है, महापुरुषको देखकर घमंडी मनुष्य क्रोध करता है, सुकविको देखकर कुकविके मनमें क्रोध आता है; उसी प्रकार सत्पुरुषको देखकर अधमाधम पुरुष क्रोधित होता है।।२२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સરવાળો આંહીં છે. આહાહા! કુંજરકો દેખિ, હાથીને દેખી અને કૂતરો ભસે. હાથી જતો હોયને હાથી, (કુતરાથી) સહન ન થાય. ઓય માળા! આ આવડું મોટું આ. હાથીને દેખી, કુંજરકો દેખી, કુંજર એટલે હાથી. रोस करि भूसैं श्वान. એ કૂતરા ભસે પાછળ. હાથીને કાંઈ ખબર નથી એને. અને હોય તોય એની સામે જુએ નહિ. પણ આ માળું સહન ન થાય એને. આવડો મોટો હાથી અને ઓહોહો! એના પર રાજા બેસે. લ્યો કૂતરા ભસે, એવો એનો સ્વભાવ છે. એમ દુર્જનનો સ્વભાવ ધર્મી સંત જ્ઞાની પોતાથી અધિક લાગે, બીજાને માન મળે; એને દેખીને રોષ કરે, દ્વેષ કરે. સમજાણું?

रोस करै निर्धन विलोकी धनवंतकौ. પૈસાદારને દેખી ગરીબ માણસ રોષ કરે. આ

બધાં પૈસાવાળા થઈ ગયાં, ફલાણું થઈ ગયું. એક ગામમાં અમે હતાં, તેના કુટુંબમાં બધાં કરોડપતિ હતાં. આ પોતે સાધારણ માણસ. પછી ઘરે આવીને એં.....એં.....કર્યા કરતો ભીંસાઈને. એ આમ છે, હે આમ છે, હે આમ છે. સહન ન થાય. એક કુટુંબના માણસ. બ્રાહ્મણ હતા. બીજા કરોડપતિ હતાં અને પોતે સાધારણ. એની સાથે કાંઈ મેળ નહિ ખાધો હોય ન્યાંથી. તે આવીને તેના ઘર પાસે.........ભાઈ, તને સહન થાતું નથી તારા કુટુંબનું સવળું. આહાહા!

रोस करै निर्धन विलोकी धनवंतकौ. रैन के जगैय्याकौ विलोकि चोर रोष करै. રાતે જાગે માણસો, ચોર એના પર દ્વેષ કરે. માળા જાગે છે અમારે ગરવું શી રીતે આમાં? ચોરી શી રીતે કરવી? સળવળતાં હોય, જાગતા હોય, બોલતાં હોય, ચોર લોક રોષ-દ્વેષ કરે, દ્વેષ કરે. દાખલા ઠીક ગોઠવ્યા છે બધાં. मिथ्यामती रोस करै सुनत सिद्धांतकौ. સાચાં સિદ્ધાંત. રાગથી ધર્મ ન થાય, સ્વભાવથી ધર્મ થાય. એવા સિદ્ધાંતો જે સત્ય છે એને સાંભળીને ઓલો (રોષ કરે). આવા ધર્મની વાતો કરે માળા. વ્યવહારનો તો લોપ થઈ જાય છે, એમ કરીને રોષ કરે બહાર આવીને. અધમાઅધમ, એ તો કહ્યું ને મિથ્યાદ્રષ્ટિ છે અને દ્વેષ કરે છે. એ તો વાત આવી ચાર પ્રકારે એને. ચાર પહેલેથી કર્યા. કહો, સમજાણું કાંઈ?

मिथ्यामती रोस करै सुनत सिद्धंतकौ, લો. સાચા શાસ્ત્ર સુનકર....સત્ય સિદ્ધાંત સંભળાય કે આમ હાય, હાય? આવી વાત હોય આ તો નખ્ખોદ કરી નાખે. વ્યવહારનો તો (ખો કરી નાખે.) વ્યવહારથી ધર્મ થાય નહિ, નિશ્ચયથી ધર્મ થાય. કહે, નિશ્ચયનાં કરનારાં કેટલાં હોય? વ્યવહારથી ધર્મ થાય. આ કહે છે કે સમકિત આવું થાય. સમકિત-બમકિત અત્યારે હોય નહિ. અત્યારે તો આ હોય, બસ, એમ કહે છે. અત્યારે તો વ્રત પાળવાં, અપવાસ કરવા, તપ કરવા ને મરીને સુકાવું, એ ધર્મ. વળી આ સમકિતની વાતો મોટી કરે કે સમકિત આવું હોય. એ તો પુણ્ય ને પાપનાં રાગથી ભિન્ન એક સમયની પર્યાયનો પણ જ્યાં આદર નથી. એવો પરમાત્મા પોતાનો નિજ સ્વભાવ, એની દ્રષ્ટિ થતાં એનો આશ્રય કરતાં સમકિત થાય, એ ધર્મ છે. એ સિવાય આવા બહારના આશ્રયે ધર્મ નથી. પુસ્તક લઈ, લ્યો. કોનું છે? એય, છોકરાઓ. લઈ લ્યો, કોનું છે? અહીં અત્યારે વાંચવાનું હોય કે સાંભળવાનું હોય? કહો, સમજાણું કાંઈ? શું કીધું?

मिथ्यामती रोस करै सुनत सिद्धंतकौ. સાચાં સિદ્ધાંત સાંભળતા (શ્રોતા : વ્યવહારનો લોપ થઈ જાય.) પુણ્યથી ધર્મ ન થાય ત્રણ કાળમાં. વ્રત ને નિયમ ને ભક્તિ ને પૂજા ને સમેદશિખરની જાત્રાને, એનાથી ધર્મ ન થાય. હાય-હાય! આ તો માળે કાળા કેર કરે છે. સમજાણું કાંઈ? એવા સત્ય સિદ્ધાંત સાંભળીને દ્વેષ કરે. નહિ, આમ ન હોય. આપણે તો

વ્યવહાર કરવો, નભાવવો ને આત્માનું કલ્યાણ કરવું, એનું નામ ભગવાનનો ધર્મ છે. ભગવાનનો અનેકાન્ત ધર્મ છે. એકલો એકાન્ત નિશ્ચય—આત્મા આશ્રયે ધર્મ થાય, આત્મા આશ્રયે ધર્મ થાય. આ મીંડા છે એકલા. પર આશ્રયે ધર્મ ત્રણ કાળમાં ન થાય. ત્રણલોકનાં નાથ સાક્ષાત્ તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય. આ એની ભક્તિ કરે તો ય શુભ ભાવ છે. સમજાણું કાંઈ? હોય એ જુદી વાત છે, પણ એનાથી ધર્મ થાય, એ વાતમાં એકેય દોકડો સાચો નથી. આરે, આરે, ભારે આકરું કામ!

અહીં તો કહે, આગમ ને મૂર્તિ, બેય ભવ્યજીવને આધાર છે. હવે એવા આ સાંભળે. પહેલાં ગ્યાતા ને જ્યારે આંહીં શેત્રુંજય. પહેલે કરી હતી પંચાણું, નહીં? પંચાણું, મોતીશિખરના ધર્મશાળામાં ઉતર્યા થા. આની કોર મકાન છે ત્યાં. એક લીંબડીનો ગૃહસ્થ હતો. ઈ જોડે ઊતરેલો જોડે. નાની ઉંમરનો ૩૦-૪૦(ઉંમર) હશે. એ પછી આમ જોડે રાખે ને, એમાં ફૂલ રાખે, ડબ્બામાં એક ફૂલ રાખે. એટલે.......અને અમારી પાસે સાંજે આવીને બેઠો આવ્યો સાંભળવા. વાત આ કરી કે ભગવાનને ફૂલ ચડાવવા, ભગવાનને આ કરવું, એ ધર્મ નથી. શુભભાવ છે, પુણ્ય છે. સ્થાનકવાસી કહે છે, એમેય નથી અને આ શુભભાવને ધર્મ માને, એમેય નથી. બેય વાત જૂઠ્ઠી છે. ભડક્યો પછી હોં. તે દિ' તમે નહોતા. પંચાણુમાં.

એક લીમડીનો હતો. ઈ એય જોડે ઊતરેલો આમ અને સાંજે નવરા થઈને બેઠા ને આ વાત નીકળી. જો ભઈ ભગવાનની ભક્તિ, પૂજા આદિ છે, એ તો પુણ્ય ભાવ છે. રાગની મંદતા કરે તો, બાકી ત્યાં એમ માની લે કે અમે આમ ફૂલ ચડાવતા જઈ ફલાણાને. જતનાથી ફૂલ લેવા. પણ હવે જતનાથી લે તો ફૂલ તો જીવને અડશે (મરશે) જ તે. સમજાણું કાંઈ? આમ કરતા જાય. દોરી બાંધેને આમ. પછી આમ ફૂલ હોય ઓલામાં, ફૂલ પણ એવા લીધા હોય ને હેઠુ પડેલું ન લે. ઉપરથી તોડીને અને એમાં નાખે પછી ભગવાનને ચડાવે. એને એ જાણે કે આપણને ધર્મ થશે. રાગની મંદતા હોય, શુભ છે, પુણ્યભાવ થાય. પણ એને ધર્મ માને અને એનાથી જન્મમરણ ટળશે. ધૂળેય નહિ ટળે. કહો હિંમતભાઈ! તમારા પ્રેમચંદભાઈ હતા ઈ તો કહે હવે જાત્રાબાત્રા કરી લીધી એટલે હવે વાંધો નહિ. એય! એમ કહેતાં કે નહિ? પ્રેમચંદભાઈ, એમ કહેતા ઈ, હવે વાંધો નહિ, હવે ધર્મ નથી, એમ કહે તો. તે દિ' કહેતા પહેલા ન્યાં ક્યાં.......? એણે નહિ નક્કી કર્યું હોય. આહાહા!

मिथ्यामती रोस करै सुनत सिद्धांतकौ. મૂળ તો આ દુર્જનકો રોષ કરે દેખી સંતકો, એમ ઉતારવું છે. આ તો બધા દાખલા છે. આહાહા! हंसकौ विलोकि जैसैं काग मन रोस

करै, હંસને દેખી કાગડો. આ માળા મોટા. હંસલાનું આવ્યું છે આમાં મોટું. ઓલું આવ્યું'તું ને રશિયાનું. નહીં રશિયાનું આવ્યું'તું ને? એમાં ઉડતા હંસ નાંખ્યા હતા. બહાર, બહાર પુસ્તક ઉપર, હંસલા ઉડતા. ત્યાં હંસ બહુ હશે. અહીં મોકલે છે ને ગુજરાતીમાં રશિયા, રશિયાનું. એ બધા સામ્યવાદ મૂઢ જેવા સામ્યવાદ. શેના સામ્યવાદ માળા? બધાના પૈસા સરખા કરવા. ધૂળેય સરખા ન થાય. સિદ્ધ થાય ત્યારે સરખા થાય. વીતરાગીદશા ને પૂર્ણ થાય, એ સરખા હોય. અહીંયાં ક્યાંથી સામ્યવાદ લાવવા?

આંહીં કહે છે, मिथ्यामती रोस करै सुनत सिद्धांतकौ. બહુ સરસ વાત છે હોં. પરમ સત્ય સિદ્ધાંત એટલે પરમ સત્ય. સચ્ચા શાસ્ત્ર, એમ છે ને અર્થમાં, જુઓને. સાચા સિદ્ધાંત. વીતરાગી વાણી, એમાં વીતરાગતા ભરેલી છે અને વીતરાગતા આત્માને આશ્રયે પ્રગટ થાય છે. પરથી પ્રગટ થતી નથી. એવું સિદ્ધાંતનું સત્ય સ્વરૂપ છે. પરંપરાએ તો મોક્ષ જાય કે નહિ? એમ વળી કહે પાછા. ધૂળેય ન થાય, સાંભળ, તારી દ્રષ્ટિ ખોટી છે. સમકિતી જાણે છે કે શુભભાવ છે, તે બંધનું કારણ છે. પણ મારે અશુભથી બચવા એ કાળે એ ભાવ આવે છે, એમ જાણે છે. એ ધર્મનું કારણ અને ધર્મ શુભભાવને માનતો નથી. એને શુભભાવ ટળીને શુદ્ધ થશે, એટલે પરંપરા સમકિતીને માટે કહેવામાં આવે છે. અજ્ઞાનીને પરંપરા તો અનર્થનું કારણ કહ્યું છે. નથી કહ્યું? બાર(ભાવના)માં, બારભાવનામાં. 'કુંદકુંદઆચાર્યે' શબ્દાર્થમાંય છે, આ તો બહાર મૂળપાઠમાં. આસ્રવ બારભાવનામાં છે. 'કુંદકુંદઆચાર્ય'નું છે.

મિથ્યાદૃષ્ટિને શુભભાવ તો અનર્થનું કારણ છે. કારણ કે એને એની રુચિ છે, એને એ સર્વસ્વ કલ્યાણનું કારણ માને છે. અનર્થની પરંપરા ઊભી થાય છે ત્યાં તો. આહાહા! માર્ગ એવો છે બાપા! વીતરાગ સ્વભાવનો ધર્મ તો વીતરાગભાવથી થાય. રાગથી થાય? વીતરાગનો ધર્મ વીતરાગભાવે થાય. વીતરાગભાવ તો સ્વનો આશ્રય કરે તો થાય. પરનો આશ્રય કરે ને વીતરાગતા આવે? સમજાણું કાંઈ? પણ કહે છે, અજ્ઞાની એવું રોષ કરે છે. हंसकौ विलोकी काग मन रोस करै. કાગડા હંસલાને દેખીને રોષ કરે. આ ધોળા માળા. આ જુઓને, અમે પણ પંખી છીએ, એ પણ પંખી છે. ભઈ એટલો બધો શેનો ગર્વ કરે? આમ હંસલા મોતી ચરે, અમે વળી માંસ ચરીએ.

આમ હંસલા ઉડાડ્યા છે ને. આવ્યું છે ને. કાલે નથી? કાલે આવ્યું'તું. કો'ક મોકલે છે. આમાં આંહીં મફત, કોકે કીધું હશે. કોક કહેતું'તું. વસંતભાઈ ને રામજીભાઈને બેયને મોકલે છે. કોણ કહેતું'તું? વસંતભાઈ, કો'ક કહેતું'તું. ચંદુભાઈ કહેતા'તા. કોક હશે ગમે તે. કો'કે નામ આપ્યું. એમાં છે એમાં. છે ને ઓલું રશિયનનું છાપું-છાપું. હમણાં

આવ્યું હશે. કાલે જ કાલે આવ્યું ઈ હોં. એમાં ઓલા હંસલા છે, જુઓ, ઉડતા હંસલા, છે? કાલનું છે આ? કાલે જ આવ્યું છે ને. ક્યાંક નાંખ્યા હશે. આ બધા હંસ છે. આ હંસનું બચ્ચું છે. ઓલો હંસલો. ધોળા હંસ નાખ્યા છે. મોતી ચરે હોં ઉંચા. એવા હંસલાને દેખી કાગડા રોષ કરે.

એમ અજ્ઞાની સાચા સંત ધર્મી ધર્માત્મા, એને દેખીને રોષ કરે. આવાને આવા ધર્મી પાક્યાં. લોકોને ભરમાવે છે અને કહે છે, અમે સંત સાધુ છીએ, અમે ધર્મી છીએ. એમ અજ્ઞાની દુર્જન રોષ કરે. अभिमानी रोस कहै देखत महंतकौ. પોતા કરતાં મોટા ગુણમાં દેખે, રોષ કરે અભિમાની. મોટાં થઈ ગયાં હવે તમે, અહીં અમે તો જુનાં માણસ સાઈઠ-સાઈઠ વર્ષનાં છીએ. આજના નીકળ્યા તમે થઈ ગયા ધર્મી મોટા-મોટા જ્ઞાની. એમ અજ્ઞાની રોષ કરે. सुकविकौ देखि ज्यौ कुकवि मन रोस करै, સાચાં કવિ હોય સારાં, બનારસીદાસ જેવા. લખ્યું છે ને सुकवि कुकवि, લખ્યું છે બનારસીદાસે પાછળ. કુકવિ આવાં હોય. શરીરનાં વખાણ કરે, કેળ જેવાં થાંભલા આ પગ છે, નાક આવું છે ને ધુળ. માણસનાં વખાણ શું કરે? कुकवि, એવું લખ્યું છે હોં. આપણે સમયસાર નાટકમાં. આ છે ને આ શું છે આ? આ ઈ જ છે, પાછળ છે જુઓ ક્યાંક. છે કે નહિ ક્યાંક? ૪૧૫ પાને. એ તરફ છે. હાં, ઈ જુઓ ઈ. ૪૧૫. ऐसे मूढ़ कुकवि कुधी, गहै मृषा मग दौर. વાણી, વ્યાખ્યા, ઓલામાં બધું ઘણું ઉપદેશ્યું છે.

रहै मगन अभिमानमैं, कहैं औरकी और॥१६॥
वस्तु सरुप लखै नहीं, बाहिज द्रिष्टि प्रवांन,
मृषा विलास विलाकिकैं, करै मृषा गुन गान॥१७॥

मांसकी गरंथि कुच कंचन-कलस कहैं. આ તો કંચનનાં કળશા જેવાં છે, સ્ત્રીનાં સ્તન. હાડકા માંસ છે. એમાં જ્યારે સડો થાય છે ત્યારે પીડાનો પાર ન હોય એને. માંસનો ભાગ એકલો છે. હાડકા નથી ને એમાં પીડા થાય. સડે છે અંદર, બહુ સડે. એમાંય ક્ષય થઈ જાય, કેન્સર થઈ જાય. આહાહા! પણ કુકવિ એનાં વખાણ કરે કે, कहैं मुख चंद जो सलेषमाको धरु. મુખ તો ચન્દ્રમા જેવું છે. પણ એકલા શ્લેષ્મ છે, એમાં જીવડા પડશે માળા, સાંભળને! જીવડાં પડ્યા'તા જડબામાં એક ફેરી. જીવડા પડ્યા'તા આમ ફરે તો જીવડા પડે નીચે. ઘણાં વખતની વાત છે. સાંભળ્યું'તું. એને ખબર હશે, ભૂલી ગયાં ઈ.

એક ફેરી જીવડાં પડ્યાં હતા ને એમના દાંતમાં? આમ જ્યાં કર્યું ત્યાં ઈયળું નીકળી હતી. ઘણા વરસની વાત છે, એને ખબર છે. हाड़के दसन आहि हीरा मोरी कहै ताहि, ઠીક. હડીનાં દાંતો હોયને, એને હીરા-મોતી કહે. મોતી જેવા દાંત છે આના. દાંત તો હાડકા

છે. એમ કહે છે ને? मांसके अधर औठ कहै बिंबफरु है. લાલ, શું કહેવાય? હોઠ હોયને લાલ. ઉપમા આપે છે. ભરવાળા. ચણોઠી જેવા. કુકવિ લડાવે, કહે છે માળા. મૂર્ખ છે, આવા. છે ને? मांसके अधर ओंठ कहै बिंबफरु. બિમ્બફળ, જુઓ. બિમ્બ હોઠ બિંબ જેવા છે, આમ લાલ.

हाड़ दंड भुजा कहैं कौंलनाल कामधुजा,
हाड़हीकै थंभा जंघा कहैं रंभातरु है।

આ તો કેળનાં (થંભ) હાડકા છે આ તો બાપા. આહાહા!

योंहीं झूठी जुगति बनावें औ कहावें कवि
येतेपर कहे हमैं सारदाको वरु है॥१८॥

અમે શારદાના....આવી કથાઓ લખે, સ્ત્રીના શરીરની ને પુરુષના શરીરની. માળા હાડકા છે, ધૂળ છે. આહાહા! છે ને?

मिथ्यावंत कुकवि जे प्रानी।
मिथ्या तिनकी भाषित वानी॥
मिथ्यामती सुकवि जो होई।
वचन प्रवांन करै सब कोई॥१९॥

ભલે, કહે છે, મિથ્યા શ્રદ્ધા હોય એની, પણ સાચું બોલે ને સાચું લખે તો વચન પ્રમાણ કરે. શાસ્ત્રથી મળે છે એમ. એમ કહે છે હોં. પણ ખોટી દ્રષ્ટિ અને ખોટા લખાણ, એ કવિ કુકવિ છે, એમ કહે છે. મિથ્યામતી છે જરી દ્રષ્ટિ ખોટી....પણ કુકવિ જો કોઈ વચન પ્રમાણે ને શાસ્ત્ર પ્રમાણે વાત હોય તો જરી પ્રમાણ કરે, એમ કહે છે.

सुकविकौं देखि ज्यौं कुकवि मन रोस करै,
त्यौं ही दुरजन रोस करै देखि संतकौ

સત્પુરુષને દેખીને અધમાધમ પુરુષ ક્રોધિત થાય. હવે એની ને એની વધારે વાત લે છે. બંધ અધિકાર છે ને. આવાં બંધના ભાવવાળા જીવો હોય છે, એમ કહે છે.

सरलकौं सठ कहै वकताकौं धीठ कहै,
विनै करै तासौं कहै धनकौं अधीन है।

छमीकौं निबल कहै दमीकौं अदत्ति कहै,
　　मधुर वचन बौलै तासौं कहै दीन है।।
धरमीकौं दंभी निसप्रेहीकौं गुमानी कहै,
　　तिसना घटावै तासौं कहै भागहीन है।
जहाँ साधुगुन देखै तिन्हकौ लगावै दोष,
　　ऐसौ कछु दुर्जनकौ हिरदौ मलीन है।।२३।।

**શબ્દાર્થ :—**સરલ=સીધા. સઠ=મૂર્ખ. વક્તા=બોલવામાં ચતુર. વિનૈ(વિનય)=નમ્રતા. છમી=ક્ષમા કરનાર. દમી=સંયમી. અદત્તિ=લોભી. દીન=ગરીબ. દંભી=ઢોંગી. નિસપ્રેહી(નિસ્પૃહ)=ઇચ્છા રહિત. તિસના(તૃષ્ણા)=લોભ સાધુગુન=સદ્‌ગુણ.

**અર્થ :—**અધમાધમ મનુષ્ય, સરળ ચિત્તવાળા મનુષ્યને મૂર્ખ કહે છે, જે વાતચીતમાં ચતુર હોય તેને ધીઠ કહે છે, વિનયવાનને ધનનો આશ્રિત બતાવે છે, ક્ષમાવાનને કમજોર કહે છે, સંયમીને[1] લોભી કહે છે, મધુર બોલનારને ગરીબ કહે છે, ધર્માત્માને ઢોંગી કહે છે, નિસ્પૃહીને ઘમંડી કહે છે. સંતોષીને ભાગ્યહીન કહે છે અર્થાત્ જ્યાં સદ્‌ગુણ દેખે છે ત્યાં દોષ લગાવે છે. દુર્જનનું હૃદય એવું જ મલીન હોય છે. ૨૩.

૧. જે પાન, તમાકુ વગેરે વ્યસન રાખતા નથી અથવા અનાવશ્યક શ્રૃંગાર ચટક-મટક કરતા નથી તેમને અજ્ઞાની જીવો કંજૂસ—કૃપણ આદિ કહે છે.

**अर्थ :—**अधमाधम मनुष्य, सरल चित मनुष्यसे मूर्ख कहता है, जो बात-चीतमें चतुर होवे उसे धीठ कहता है, विनयवानको धनके आश्रित बतलाता है, क्षमावानको कमजोर कहता है, संयमीको कृपण कहता है, मधुभाषीको गरीब कहता है, धर्मात्माको ढोंगी कहता है, निस्पृहीको घमंडी कहता है, संतोषीको भाग्यहीन कहता है अर्थात् जहाँ सद्गुण देखता है वहाँ दोष लगाता है। दुर्जनका हृदय ऐसा ही मलीन होता है।।२३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! સરળ ચિત્ત હોય સરળ. તો કહે, આ તો મૂર્ખ છે, માળા ભાન ક્યાં છે? એમ કહે. સમજાણું? આહાહા! એક ફેરી કહ્યું'તું ને ન્યાં ઓલા અમારે માલ લેવા ગયાં'તા મુંબઈ, પાલેજથી. ઘણો પાંચ-છ મણનો ભાર હશે. ૧ ટીકીટનો પોણો મણ ભાર હતો ને પોણો મણ ભાર હતો તે દિ' હોં. હવે શું થયું, ખબર નથી. હવે પચ્ચીસ કિલો છે તે દિ' પોણો મણ હતો. અમે બે જણ હતાં અને પાંચ-છ મણ ભાર. કીધું, પણ આપણે શું આમાં બે-ચાર....પછી શું કહેવાય? પાસ. બે પૈસાનો પાસ લઈને અંદર આવશે, ઈ મૂકી

જશે અને આપણે પાલેજ ઉતરવું છે. આપણે પાલેજમાં તો બધાં ઓળખીતા હોય. પણ આવી ચોરી (ન હોય.) ત્યારે કહે એમ, આ ભગત તો આવો જ છે. બાપા, આપણને તો ગોઠતું નથી.

બે ટીકીટમાં છ મણ ભાર, દોઢ મણને ઠેકાણે. ત્યાં તો આપણે પાલેજમાં ઓળખીતા હોય, પોર્ટર-બોર્ટર બધા. માસ્તર બધાં ઓળખીતા હોય. ગમે ત્યાંથી ઊતારીએ, કાંઈ અમને બોલે નહીં કાંઈ. અમને જાણેને. પણ અહીં ચોરી કરે છે આ. હવે એક જણ હતો આણંદનો. ભારે ઠગ, ભારે ઠગ. મશ્કરી કરે. ગધેડાને શું ખબર પડે આવું? એમ જ માલ લેવાય. ઠીક, કીધું, આવા ચોરીયું કરીને માળા ઠગ. ઈ માને બધા ડાહ્યા પોતાને. (શ્રોતા : લૌકિક ડાહ્યા કહેવાય.) લૌકિક મૂર્ખા કહેવાય.

सरलकौं सठ कहे वकताकौ धीठ कहैं. વચનમાં હોંશીયાર હોય માણસ. 'એ તો ધીઠો છે', એમ કહીને સહન થઈ શકે નહિ. સાચી વાતનું વક્તવ્ય, એમ કહે. छमीकौं निर्बल कहे. विनै करै तासौ कहे धनकौ अधीन है. વિનયથી બોલે અને વિનયથી કહે (તો માને) કે 'હં, એને કાંઈ પૈસા જોઈતા લાગે છે'. એવા અજ્ઞાની (હોય છે.) વિનય કરે ને, એને ઈ ધનકો આધીન માને. विनयवानको धनके आश्रित बतलाता है. એને ઈ નરમાઈને બધું બોલે છે ને પૈસા જોઈએ છે એને, એમ. बातचीतमें चतुर होवे उसे धीठ कहता है.

छमीकौ निर्बल कहै. क्षमावानको कमजोर कहता है. શાંતિ રાખે છે 'હવે એનામાં જોર ક્યાં છે? નમાલો છે', એમ કહે. ક્ષમા રાખે. 'આવડે છે ક્યાં? બીજાને હણતા આવડવું જોઈએ, બધાને હતાશ કરવી જોઈએ, બીજાને અપમાન કરવું જોઈએ. આ તો આ મૌન કરીને બેઠા'. ક્ષમા રાખે તેને દુર્જન નિર્બલ કહે. दमीकौ अदत्ति कहै, લ્યો. जो पान तम्बाकू आदि व्यसन नहीं करते अथवा अनावश्यक श्रृंगार चटक-मटक नहीं करते, અનાવશ્યક નીચે છે ને, उसे अज्ञानी जीव कंजूस-कृपण कहते है. આ તો કૃપણ છે, નથી નાગરવેલના પાન ખાતો, નથી....ઓલો કહે, ભઈ, નકામો કારણ વિના....નાગરવેલનું પાન તો મોઢે હોવું જ જોઈએ, લાલ હોઠ માટે.

અજ્ઞાની પાન-તમાકુ આદિ વ્યસન નહિ કરતે. અનાવશ્યક શૃંગાર ચટક-મટક.....આંહીં આંગળીમાં સોનાના વેઢ ને લટકણ ને કરે છે ને અહીં બધું શૃંગાર. એવું ન કરે એને (કહે), આ કંજુસ છે. અજ્ઞાની એવા અધમાઅધમ પુરુષ, એવાને કંજુસ ઠરાવે છે, એમ કહે છે. मधुर वचन बोलै तासौं कहै दीन है. મીઠા વચન બોલે તોય 'એ તો માળો વીર્યહીન છે'. मधुभाषीको गरीब कहे, લ્યો. અને ધર્મીકો દંભી, લ્યો. धर्मात्माको ढोंगी कहे. ધર્મ કરવા નીકળ્યા, લો. અત્યારે આ કરવાનું હોય જુવાન અવસ્થામાં? માળો ઢોંગી છે,

કહે છે. એમ કરીને ઢોંગી બનાવે છે. निसप्रेहीकौं गुमानी कहै. નિસ્પૃહી હોય, એ આવે ને કોઈ આદર-બાદર ન કરે તો, આ તો અભિમાની માણસ છે. પણ એ તો નિસ્પૃહી હોય. એ આવે તો આદર ને ન આવે તોય અનાદર નથી. પણ ઓલાં આવે ને આવ્યાં તો ય સામું ય જોતો નથી. માળો અભિમાની લાગે છે આ ઓલો હોય વૈરાગ્યમાં.

निसप्रेहीकौ गुमानी-અભિમાની. तिसना घटावै तासौं कहै भागहीन है, કહો. संतोषी को भाग्यहीन कहे. સંતોષ રાખે. થોડું ખાવાપીવાની.......માં સંતોષી. 'એ તો માળો ભાગ્યહીન છે. ભાગ્યહીન ને શું મળે ખાવાનાં સારાં? અમારે તો જુઓ, આ બધું શીખંડ, પુરીયું ને વેશ્યાઓ નાચે, આવા સાધન. અમે ભાગ્યવાન છીએ, આ તો ભાગહીન છે'. સમજાણું? સંતોષીને ભાગ્યહીન કહે, जहा साधुगुन देखै तिन्हकौ लगावै दोष. આહાહા! જ્યાં સાચા सद्गुण देखते है, લ્યો. सद्गुण देखता है वहाँ दोष लगाता है. दुर्जनका हृदय ऐसा ही मलीन होता है. દુર્જનનું હૃદય આવું હોય છે, લો. એ બંધ અધિકારમાં બનારસીદાસે પોતે નાંખ્યું છે. હવે કળશ છે. અમૃતચંદ્ર-આચાર્યનો કળશ. આઠમો છે ને?

मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुर्विपर्ययात्।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते॥८॥

मिथ्यादृष्टिकी अहंबुद्धिका वर्णन.

મિથ્યાદૃષ્ટિની અહંબુદ્ધિનું વર્ણન (ચોપાઈ)

मैं करता मैं कीन्हीं कैसी।
अब यौं करौं कहौ जो ऐसी।
ए विपरीत भाव है जामैं।
सौ बरतै मिथ्यात दसामैं॥२४॥

**અર્થ :—**હું કહું છું કે મેં આ કામ કર્યું (જે બીજાથી બની શકે નહિ), હવે પણ હું જેવું કહું છું તેવું જ કરીશ. જેનામાં આવા અહંકારરૂપ વિપરીતભાવ હોય છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે. ૨૪.

**अर्थ :—**मैं कहता हूँ मैंने यह कैसा काम किया (जो दूसरोंसे नहीं बन सकता), अब भी जैसा कहता हूँ वैसा ही करूँगा। जिसमें ऐसे अहंकाररूप विपरीतभाव होते हैं वह मिथ्यादृष्टि होता है॥२४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

મે કર્તા હું, मैने यह काम कीया. ગામનું કામ, ફલાણાનું કામ. જુઓ, હું અંદર મોઢા આગળ હતોને, તો આ બધાં કામ થયાં. એમ પરનાં કામનો અભિમાન મિથ્યાદ્રષ્ટિ કરે. પરનો કર્તા થઈ શકતો નથી. છતાં અમે કર્યા. આને જીવાડ્યો. અને હું પાપી હતો બહુ એ વખતે માટે મારી નાખ્યો. એવું અભિમાન અજ્ઞાનીઓ અહંકાર કરે. કોઈને મારી શકતો નથી ને બચાવી શકતો નથી. આહાહા! मैं करता. मैं कहता हूँ, मैने यह कैसा काम किया (जो दूसरोसे नहीं बन सकता), એમ કહે. મારાથી કામ થાય એવું બીજાથી થાય નહિ. વાહ! કોના કામ કરે છે તું? સાંભળને!

ઘણાં માણસને નભાવીએ. આ મિલમાલિકો હોય છે ને. 'ઘણાંને અમે નભાવીએ. અમારા.....તમે મફતમાં નમાલા માળા પાપ, પાપ દેખો છો અમારા ઓલામાં. અમે કેટલાંને નભાવીએ છીએ'. એમ પરના કર્તાના અભિમાની અજ્ઞાની હોય છે. આહાહા! મિથ્યાદ્રષ્ટિ પરનું અભિમાન કરે, એમ કહે છે. अब यौं करौं कहौ जो ऐसी. अब भी मैं जैसा कहता हूँ वैसा ही करूँगा, એમ એણે એમ નાંખ્યું છે. अब यौं करौ. હમણાં વળી આમ કરીએ, ફલાણું કરીએ, આમ કરીએ. બે-પાંચ વર્ષમાં તો દુકાનને સુધારી દઈને માણસને નોકર—બોકરને કરીને એકદમ સુધારો કરી દઈશ. હું જો મોઢા આગળ બેઠો તો બધાં કામ આવા કરીશ. મૂઢ છો, હવે કાંઈ રજકણ ફેરવવો, એ તારી તાકાત નથી. આહાહા!

કહો, ગુણવંતભાઈ! વેપારી હોંશિયાર હોય તો ફેર પડે ને. કેટલું કામ કરે, લો. કાંઈ ન કરે? કેવી આ દુકાન તમારી નથી ચાલતી? દવાઉં—બવાઉં બધું. પણ માણેકલાલભાઈ ને સુરેન્દ્રભાઈને બધાં ભેગાં હતાં ત્યાં. આંહીં બેઠા ચાલે છે કે નહિ ત્યાં? આજ અમે છીએ દુકાનમાં ત્યારે વ્યવસ્થા બરાબર ચાલે. આ ભોટ જેવો ઓલો નાનોભાઈને બેસાડીએ, એ બધું ઉંધુ વાળે. આ અજ્ઞાની લોકો મૂઢ. એ, ચીમનભાઈ! પણ ચીમનભાઈ મોઢા આગળ હોય તો કામ બીજી જ જાતનું થાય, લ્યો ત્યાં. ચૂનાની કોથળીઓ લાવે. આમ.......નહીં એવું કાંઈક છે ને ચૂનાનું? ચૂનાનો ધંધો છે. ગીરધરભાઈને કહે, એને એ પ્રમાણે કરે. ચીમનભાઈ જેવું કરી શકે ઈ? ધૂળેય કરે નહિ, ચીમનભાઈ એ કરે નહિ. ગીરધરભાઈ એ કરે નહિ, આહાહા! બાપુ પરના રજકણમાં લેવાદેવાની ક્રિયાઓ તારાથી ત્રણકાળમાં ન થાય. આહાહા!

अब यौं करौं कहौ जो ऐसी. 'કહેશો' એમ કરશું અમે તો. કર્યા વિના રહેવાના નથી. ફલાણા ઠેકાણે....ગાંડા છો તમે. અમે બોલીએ છીએ, અમારું નહિ ફરે, અમે એજ પ્રમાણે કરશું. સારા ઠેકાણે કન્યાને વરાવશું. બે-પાંચ લાખ ખરચશું. અને એવું લગન કરશું

કે દુનિયા ન કરે એવું કરશું'. મરી જઈશ હવે, સાંભળને! પરનાં લેવા-દેવાનાં કામ કોણ કરે? ભાઈ! તારા કામ નથી તને. એ દારુ થઈ (ચઢી) ગયો છે. દારૂ પીધો છે તે, મિથ્યાત્વનો દારૂ. આહાહા! (શ્રોતા : ......) એ ત્રણકાળમાં નથી, એ તો વાત પહેલી કરી. એ પણ દાંડીપીટીને. ઈ ક્યાં સંતાડી રાખ્યું છે આંહીં? પરલક્ષે ધર્મ થાય નહિ, પણ પરનો કર્તા થઈ શકે નહિ, એની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ?

અમે આમ હતાં ને સારી પ્રતિમા લાવ્યા અને મંદિર, જુઓ, દેખરેખ નીચે હું હતો. મંદિર કેવું થયું? ધૂળેય થયું નથી, સાંભળને! એ તો એને કારણે થયું. તું કર્તા છો એનો? (શ્રોતા : કોઈ કામ નહીં કરે) કોણ કરે છે? તે નહિ કરે. આહાહા! અમે જઈએ ઉઘરાણીએ તો, ફટફટ ઘરાકો આપે, લ્યો. તું નમાલો જેવો ગયો તો બે હજાર લઈ આવ્યો આખા દિવસનાં ને અમે પચાસ હજાર લઈ આવ્યા. હોય છે ને ઉઘરાણી? હોશિયાર જઈને મોટર લઈને ફરે. અમને દેખીને ફટફટ આપવા માંડે. એ અમારી હોશિયારી છે. એ, પ્રવીણભાઈ! (શ્રોતા : ફેર તો પડે એવો) ધૂળેય પડે નહિ. એમ કે ચીમનભાઈમાં ફેર પડે ને અમારામાં ફેર પડે, એમ. ચીમનભાઈ ત્યાં આમ રળે, આટલું રળે. ધૂળેય નથી રળતા.

ए विपरीत भाव है जामैं. કાંઈપણ રજકણનાં કામ, પર આત્માના, પર શરીરના, જડનાં હું કરું ને હું કહીશ એવું કરીશ. મૂઢ છો. આહાહા! विपरीत भाव है जामैं, सो बरतै मिथ्यात दसामैं. અમે પાઠશાળાઓ ચલાવશું, અમે આ કરશું. પૈસામાં અમે મોઢા આગળ જઈને પૈસા સરખી ઉઘરાણી કરશું. અમે જશું ત્યાં આમ કરશું. કોણ કરે બાપુ? એક પાઈના રજકણો પણ જ્યાં જવાના હોય ત્યાં જાય અને રહેવાના હોય ત્યાં રહે. એ તારું કર્તાપણે થાય, એ ત્રણ કાળમાં છે (નહિ). એ માને છે કે હું કરું તો આ થાય, એ મિથ્યાદ્રષ્ટિ છે.

जिसमें ऐसे अहंकाररूपे विपरीतभाव होते हैं वह मिथ्यादृष्टि होता है. અહીં તો ઓલો અહંકારનો અર્થ 'હું કરું છું', એવો અહંકાર હોં, એ. એમ કે કરે ને અહંકાર ન કરવો. કરવું એ જ અહંકાર છે. હું કરી શકું છું આનું. તમે ત્યાં હતા, નાનું આવવાનું હતું ને મોટું આવ્યું. ખબર છે ને પ્લેન. ત્યાં નોકર હતાં ને. નાનું પ્લેન આવવાનું હતું મુંબઈનું. જે આવવાનાં હતાં ને ભાવનગરથી આવવાનું હતું, નહીં? ભાવનગર ત્યાંથી પ્લેન નાનું આવશે. આ કહે, નહિ નાનું નહિ, મોટું લાવો. વાહ! આવ્યું મોટું દિલ્હીથી. (શ્રોતા : એ આવવાનું જ હતું.) એય, હિંમતભાઈ! એ તો આવવાનું હતું, (તે આવ્યું). ભારે ભાઈ આકરું, કોયડો આકરો ભારે! પણ એણે લખ્યું'તું તરત જ હોં તમારા તારથી. 'મહારાજ

અહીં આવે છે. નાનું નહિ કરતાં, મોટું લાવો પ્લેન'. આવ્યું'તું. આંહીં તો મુંબઈથી તો એક કલાકમાં આંહીં. ઈ કરી શકાતું હશે કે નહિ? એમણે લખ્યું ને કહ્યું માટે આવ્યું કે નહિ? એ પરનો કર્તા મારા માનનારા મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે. એ તો આત્મા જ્ઞાતા, દૃષ્ટા છે. એ વાત, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

વીતરાગે આ જ કહ્યું છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે વાણીમાં ઈન્દ્રોની સમક્ષ અને ગણધરોની સમીપમાં આ કહ્યું હતું. 'ભાઈ! તું પૂરો છો ને પ્રભુ તારે શોધવું હોય તો ત્યાં શોધજે હોં. બાકી બહારમાં ઝાંવા નાખે કંઈ મળે એવું (નથી)'. એવી જ્યાં અંતરમાં વસ્તુનો આ સ્વીકાર થઈને, વસ્તુમાં અનંતા આનંદ અને જ્ઞાન એવો સ્વીકાર દૃષ્ટિમાં થયો, એને તો આનંદનું વેદન છે. આ વીંછી કરડે ને સર્પ કરડે ને આ વાઘ ખાય છે ને. ધર્મીને વેદન જ નથી, એમ કહે છે. વાઘનું તો મોઢું એને અડતું જ નથી. કટકા થાય એ એનામાં થાતા નથી. પણ જરીક અંશ દુઃખનો વેદનનો પર્યાય આવે, એ પણ જીવના સ્વભાવમાં વ્યાપતો નથી એમ કહે છે.

**નાટક સમયસાર પ્રવચન નં. ૮૩નો અંશ, પાના નં. ૨૧૩**

## પ્રવચન નં. ૯૪, અષાઢ સુદ ૧૧, રવિવાર, તા. ૪-૭-૧૯૭૧
## બંધ દ્વાર, પદ ૨૫ થી ૨૭ ઉપર પ્રવચન

પહેલું આવ્યું છે એનું આ જરી સ્પષ્ટ કરે છે, ઓલા સાથે

अहंबुद्धि मिथ्यादसा, धरै सो मिथ्यावंत।
विकल भयौ संसारमैं, करै विलाप अनंत॥२५॥

**અર્થ :—**અહંકારનો ભાવ મિથ્યાત્વ છે, આ ભાવ જે જીવમાં હોય છે તે મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિ સંસારમાં દુ:ખી થઈને ભટકે છે અને અનેક પ્રકારના વિલાપ કરે છે. ૨૫.

**अर्थ :—**अहंकारका भाव मिथ्यात्व है, यह भाव जिस जीवमें होता है वह मिथ्यात्वी है। मिथ्यात्वी संसारमें दुःखी हुआ भटकता है और अनेक प्रकारके विलाप करता है॥२५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? અહંબુદ્ધિ. અજ્ઞાની અનાદિથી... જરા આગળ આવો, જગ્યા છે પાછળ.... આજ રવિવાર છેને, છોકરાઓ આવ્યા છેને. છોકરાઓ ન હોય તો ત્યારે તો વધારે... આ તો બોર્ડિંગના છે ને. શું કહે છે? જેની દૃષ્ટિમાં મિથ્યાત્વ—ઊંધી માન્યતા છે, જેને મિથ્યાદર્શન શલ્ય કહે છે. એ જીવ જ્યાં હોય ત્યાં હું શરીરનું કરું, દેશનું કરું, નાતનું કરું, બીજાની દયા પાળી દઉં, બીજાની હિંસા કરી શકું, બીજાને સગવડતા આપી શકું, બીજાને અગડવતા આપું—એવો મિથ્યાદ્રષ્ટિને પરનો અહંકાર વર્તે છે. સમજાય છે કાંઈ? अहंबुद्धि मिथ्यादसा... આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વભાવ એને કરે, રચે, બનાવે, પણ એ સિવાય આ શરીરની હાલવું, ચાલવું, બોલવું 'એ હું કરું છું' એ માન્યતા મિથ્યાદષ્ટિ અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ?

अहंबुद्धि मिथ्यादसा.. પોતાના સ્વરૂપને છોડી જ્યાં ત્યાં અહંપણું—આ દયા, દાન, વ્રતના પરિણામ એ રાગ એને પણ હું કરું—એવી જે કર્તાપણાની બુદ્ધિ એ મિથ્યાદષ્ટિની બુદ્ધિ છે. સમજાણું કાંઈ? अहंबुद्धि मिथ्यादसा धरै सो मिथ्यावंत.. એવી માન્યતા રાખે એ મિથ્યા દૃષ્ટિવાળો છે. આહાહા! विकल भयौ संसारमैं.. અનાદિથી મુરખ વિકલ થયો છે. ગાંડો થયો મૂરખ, એમ કહે છે. मिथ्यात्वी संसारमें दुखी हुआ भटकता है. પરનું કાંઈ કરી શકું, પોતાના આત્મા સિવાય બીજા આત્માને જીવાડી શકું, મારી શકું, સુખી કરી શકું, દુ:ખી કરી શકું, આ મંદિર બનાવી શકું, પુસ્તક બનાવી શકું, વાણી બોલી શકું, શરીરનો

સદ્‌ઉપયોગ કરી શકું—એ બધો મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વભાવ છે. પ્રવિણભાઈ! આવું છે.

विकल भयो संसारमैं.. મૂરખ દુઃખી થઈને આ બધા ભાવો માને છે. માને છે હોં. વેપાર બરાબર કરી શકું. જયંતિભાઈ! દુકાને થડે બેઠો હોય તો બરાબર ઘરાકોને સાચવી શકું. કેમ હશે એમાં દાસ? નહીં? આ મીલના બધા માણસો, નોકરોને.... આહાહા! ભાઈ! તું આત્મા છો. તારા હોવાપણામાં તારું અવળું–સવળું કરી શક. પણ જ્યાં તારું હોવાપણું પરમાં નથી, એના હોવાપણામાં હું આમ કરું ને તેમ કરું ને હું આમ કરી દઉં... એ ચીમનભાઈ! આ બધા તમે કાર્યવાહકો મોટા કહેવાઓ, નહીં? કહે છે, આત્માનો આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ એનો કર્તા થાય એ તો સમ્યગજ્ઞાની ને સમ્યગ્દષ્ટિ છે. પણ એ સિવાય શરીરનું, વાણીનું, કુટુંબનું, રળવું, વેપાર-ધંધા, બહારના કામોની વ્યવસ્થા બરાબર કરી શકું, વ્યવસ્થિત કરી શકું, પડાયા હાથમાં રાખી બધા કામ કરું.. કેમ હશે આમાં? આ સંચા બરાબર કરી શકું, કહો, નોકરોને વ્યવસ્થિત સાચવું. સમજાવીને પણ એને વ્યવસ્થિત કરી શકું—એ બધી માન્યતા મિથ્યાદ્રષ્ટિ અજૈનની છે.

(શ્રોતા : અજૈન થઈ ગયો?) એ અજૈન થયો, એ જૈન ન રહ્યો. જૈન તો એને કહીએ કે જે આત્મા સિવાય પરનો કર્તા નહિ, પરનો અહંકાર નહિ (કે) હું કરી શકું છું. તેમ અંદર દયા, દાન, વ્રતના, પૂજાના ભાવ આવે, એનોય હું કર્તા નહિ, એ તો વિકાર છે. આહાહા! હું એ વિકારનો જાણનાર એવા જાણવા-દેખવાના પરિણામને ઉપચાર વ્યવહારથી કરું. સમજાય છે કાંઈ? એ સિવાય બીજાનું કરી દઉં, રાગનું કરું, દયાના પરિણામ કરું, એ મારું કર્તવ્ય છે (એમ માને છે), એ જૈન નથી. એ મિથ્યાત્વથી જીતાઈ ગયો છે. એ મિથ્યાત્વને જીતનારો નથી. સમજાણું કાંઈ? આ ઇન્દ્રિયો છે માટી–જડ, એનાથી વિષય લઈને હું સુખી થાઉં, મૂઢ છે. આ તો જડ છે માટી. એનાથી વિષય શું લે? એને રાગ આવે. રાગ આવે એમાં (સુખ) માને.

આ દાખલો આપશે કૂતરાનો. આવશે દાખલો. હમણાં નહીં, પછીના (પદમાં) આવશે. કૂતરાનો દાખલો છે એમાં, નહીં? કેટલામું? ૩૦મું. ઓહો! આઘું ગયું. ત્રીસમામાં છે. जैसे कोउ कूकर छुधित सूके हाड़ चाबै.. સુકુ હાડકું હોય, એને हाडनिकी कौर चहुं और चुभैं मुखमैं.. એ હાડકાંની અણી એનાં દાંતમાં અંદરમાં આળવામાં ગરે, નીકળે લોહી. મૂરખ માને કે આ લોહી ત્યાંથી આવે છે. આહાહા! હાડકામાંથી આવે છે. એમ મૂઢ મિથ્યાદ્રષ્ટિ જીવ સ્ત્રીને ભોગવતાં, દાળ-ભાત ખાતાં, શીરો ખાતાં, આબરુ સાંભળતા, એમાં એને મજા પડે છે એવો જે રાગભાવ (એમાં) પોતાનું ચિત્ત ત્યાં એકાગ્ર થાય છે. એ એકાગ્ર થઈને માને છે કે આમાં મને સુખ મજા થાય છે. એ પરથી કાંઈ આવતું નથી. આહાહા!

આ શરીરને ભોગવવું.. આ તો માટી જડ છે. એને શું ભોગવે? આત્મા તો અરૂપી છે. પણ એ શરીરના ભોગવવાના આમ ક્રિયાના કાળમાં, એનું ચિત્ત ત્યાં એકાગ્ર થાય છે. એકાગ્ર થાય છે એટલે જેમ લોહી કૂતરાના મોઢામાંથી નીકળે છે, એમ આને એકાગ્રતામાં રાગ થાય છે એમાં એ માને છે કે આ મજા મને આંહીંથી આવે છે. આ માંસનું મૈથુન, આ હાડકાનું મૈથુન કરતાં એનાથી મને મજા આવે છે. એમ મિથ્યાદ્રષ્ટિની દ્રષ્ટિ મિથ્યાત્વ છે. કહો, સમજાણું કાંઈ? એ જૈન નથી એમ કહે છે. આહાહા!

ભગવાન! તારો આનંદ તો તારામાં છે ને. અહીં બંધ અધિકાર છે ને. તારું સુખસ્વરૂપ તો પ્રભુ આત્મા પોતે ત્રિકાળી આનંદનો નાથ છે. એ આનંદમાં એકાગ્રતા થાય તેને આનંદ આવે અને તેને જૈન અને તેને ધર્મી કહેવાય. પણ રાગમાં એકાગ્ર થઈને આમાંથી મને મજા આવે છે અને એ રાગનું કર્તવ્ય અમારું કર્તવ્ય છે, અમારી ફરજ છે., આ સ્ત્રી પરણ્યા તો એ સ્ત્રીનો હાથ ઝાલ્યો તો તેને અમારે નભાવવા જોઈએ, કુટુંબને નભાવવા જોઈએ, નાતને કાર્યવાહક તરીકે કાર્ય બધા પરના કરવા જોઈએ.—એમ જે માને છે, તે મિથ્યાદ્રષ્ટિ મહામિથ્યાત્વનું પાપ કરે છે. આરે, આરે! શું હશે આમાં ચીમનભાઈ? આ ચુનાની કોથળીયું–બોથળીયું લાવે, નહીં? સારી સારી. આહાહા!

એ આંહીં કહે છે, विकल भयौ संसारमैं, करै विलाप अनंत.. એ જ્યાં હોય ત્યાં વિલાપ અભિમાન કરી, આહાહા! સાધુ નામ ધરાવે તો એને એમ કે અમે આટલા પુસ્તક બનાવ્યા, આટલાં શ્લોકો બનાવ્યા અને જગતને અમે આટલાને સમજાવ્યા, એ બધો મિથ્યાત્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? કોણ બનાવે પુસ્તક? રજકણની ક્રિયા કોણ કરે? અને કોણ સમજાવે કોને? આહાહા! વાત તે વાત છે ને. ભાષાનું કાર્ય કરતાં એને એમ થાય કે હું બીજાને સમજાવી દઉં. અરે ભગવાન! ભાષા જડ છે ને. આહાહા! કહે છે કે અજ્ઞાની અનાદિનો विकल भयौ संसारमैं.. દુઃખી થયો એમ કહે છે.

करै विलाप अनंत... જ્યાં ત્યાં પોરો કરે પોરો. એ તો આપણી કાઠિયાવાડી સાદી ભાષા છે. શેઠના આવા કામ કર્યા, જીનના આવા કર્યા, મિલના આવા કર્યા, છોકરાને પરણાવ્યો. પણ કેવી રીતે આમ અમે બીજા ન કરે એવો પરણાવ્યો. પાંચ-પચ્ચીસ હજાર ખરચ્યા, પણ હવે એના પછીનાં છોકરાઓને કન્યા ઝટ મળે એવી રીતે વ્યવસ્થિત કામ કર્યું છે અમે, લ્યો. મૂઢ છો, કહે છે માળા. શું હશે આમાં? દીકરીને પરણાવી, પાંચ-પચ્ચીસ હજાર ખરચ્યા, એવી રીતે શોભા (કરી) કે હવેના છોકરાઓને સારી કન્યા મળશે. મૂઢ છો, સાંભળને હવે! એ કાર્ય જ તારા નથી. એને લઈને બીજા તને દીકરી–કન્યા આપે ને આ કરે એવો વિલાપ હરખમાં અજ્ઞાનીએ મૂઢ થઈને પરના કામનો બોજો માથે ઉપાડ્યો છે.

આહાહા ! કહો, કાંતિભાઈ! શું હશે આ ? માળો આવો વીતરાગનો માર્ગ હશે ?

પછી આ તો થઈ રહ્યું કે કોઈનું કરવું નહિ ત્યારે. હવે પછી એ તો સ્વાર્થી થઈ ગયો. (શ્રોતા : સ્વાર્થી જ છેને અનાદિનો.) પણ કોઈનું કરી શકે છે કોણ ? જગતની ચીજ આત્માઓ ને પરમાણુઓ સ્વતંત્ર પદાર્થ છે અને તે પદાર્થની વર્તમાન અવસ્થાના કાર્ય વિનાનો એ પદાર્થ હોય નહિ. તો એનું કાર્ય બીજો કરે, (કેમ બને ?) મંદિર અમે બનાવ્યા, સોનાનાં બનાવ્યા, ફલાણું કર્યું, રૂપાના ફૂલ નાખીને ભગવાનને પૂજા કરી. આરે, આરે, ભારે ! રૂપાના ફૂલ તો જડ છે. એ જડને આમ નાખી શક તું ? પર માટે પાંગળો જ છે. ત્રણ કાળનો જાણનાર છે. પાંગળો એટલે ત્રણ કાળનો જાણનાર-દેખનાર છે. આહાહા ! શાંતિભાઈ ! ભારે કામ ભાઈ આવું ! દુનિયાની અભિમાનીની દશાથી તો બધું ઊલટું છે. मूढ मनुष्य विषयोंसे विरक्त नहीं होता. એનો ૨૬મો પદ. એ જે માથે કહ્યુંને એ હેઠા કળશનો અર્થ છે. નવ છેને નવ નીચે.

'अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः એનો છે એ ભાઈ. ઉપર જે કહ્યુંને આ. 'तत्किश्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्। ' એટલો બધો અંદર ખુલાસો નથી. પણ એનો અર્થ સામાન્યમાં નાખી દીધો. अनेनाध्यवसायेन.. આ તો બીજું કહે છે. એ તો ફક્ત વિષયમાં વિરક્ત નથી, એવી શૈલી છે. પણ આ શ્લોકનો અર્થ સાતમામાં ગયો. શબ્દાર્થ કરીએ એનો. જુઓ નીચે છે ને. अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः અજ્ઞાની પરના કાર્યને કરું એવા અધ્યવસાનને લઈ નિષ્ફળ.. નિષ્ફળ વિમોહિત—મફતનો મોહ કરે છે. સમજાણું કાંઈ ? અને છોકરાઓને બરાબર શીખવું, પઢાવું, ભણાવું, હોશિયાર કરું. મૂઢ છો માળા ! કહે છે. મફતનો મૂઢ છો. પરને કોણ કરે ? પરના કામ તારાથી થાય, એ ત્રણ કાળમાં નહિ. એનો તને પોરસ થાય છે એ જ મિથ્યાત્વનું, મહા સાત વ્યસનના પાપ કરતાં પણ એ પાપ મોટું છે. સમજાણું કાંઈ ?

तत्किञ्चनापि नैवास्ति.. શું કહે છે ? જગતમાં એવી કોઈ ચીજ નથી રહી હવે એને કે આ મારું, મારું, મારું કર્યા વિના, માન્યતા વિના રહ્યો હોય, એમ કહે છે. સમજાણું કાંઈ ? અનાદિની અજ્ઞાનીની માન્યતા આવી છે. આનું મેં કર્યું, આનું મેં કર્યું, આનું મેં કર્યું, પાંજરાપોળ અમે ચલાવીએ છીએ. પૈસા અમારા. અને ગૃહસ્થો પૈસાવાળા હોય એ કાંઈ ધર્મમાં મદદ કરી શકે, એને લઈને ધર્મ ટકે. ગરીબથી ટકે ? અરે ભગવાન ! પૈસા જ ક્યાં તારા છે કે તું પૈસાવાળો થઈ ગયો? શું થયું તને ? પૈસાવાળો એ જ અજીવવાળો, એ માન્યતા જ અજીવ ને અહંકારમાં છે પોતે. આહાહા ! પૈસાવાળો હું, દીકરાવાળો હું, બાયડીવાળો હું, સારી બાયડી અમારે. એ વાળા એટલાં બધા વાળા વળગ્યા એને.

અજ્ઞાનથી આવો મૂઢ, કોઈ ચીજ જગતમાં બાકી રહી નથી કે જેને એ પોતે પોતાનું ન માનતો હોય, એમ કહે છે અહીં. શ્લોકમાં એ છે. સમજાણું કાંઈ? આહાહા!

હું શરીરને બરાબર રાખું જાળવીને, પથ્ય આહાર લઈએને (તો) રોગ ન થાય, બરાબર હશે? કોણ પથ્ય આહાર લે? કહેવો કોને? એ તો જડ છે. આહાર લેવાથી શરીરની નિરોગતા રહે આવી રીતે, એ મૂઢની માન્યતા છે. ભારે કામ જગતથી ઊંધુ ભારે! આહાહા! એ તો એકત્વબુદ્ધિ કરે છે મફતનો, એમ કહે છે. એક આંખની પાંપણ ફેરવવાની તાકાત આત્મામાં નથી. આંખની પાંપણ એ અનંતા રજકણનો જડનો પિંડ છે. એનું આમ ફરવું એ જડને લઈને છે, આત્માને લઈને નહિ. પણ જગતના મૂઢે એક વાત બાકી નથી રાખી કે દરેકનું મારું કાર્ય, આ મારું કાર્ય', આ મારું કાર્ય. આહાહા! કહો, દેવશીભાઈ! ધ્યાન રાખીને મકાન ચણાવતા હતા કે નહિ સરખું? લ્યો, એ તો હવે બેસી રહ્યા, પણ પહેલા તો કરતા હતા ને. માન્યતાનો ફેર. માન્યતાએ કરે. આહાહા! એય તંબોળી! આ બધા સંચા-બંચાનું કોણ કરે? ભાઈઓ કરતા હશેને. (શ્રોતા : સંચાનું કામ સંચા કરે).

બાપુ! તારા તત્ત્વ સિવાય, તારા દ્રવ્ય સિવાય, બીજા દ્રવ્યોની હયાતી તો એને લઈને છે, એની દશાનું થવું તો એને લઈને છે, છતાં તેં કોઈ પરવસ્તુને બાકી નથી રાખી પોતાની (છે એમ) માન્યતા કરવામાં. બધી જગતની ચીજોનો હું કર્તા. આહાહા! એનો વિશેષ હવે... मूढ मनुष्य विषयोंसे विरक्त नहीं होता. સમકિત વિષયોથી વિરક્ત છે. સમ્યગ્દૃષ્ટિ આત્માના આનંદસ્વરૂપનો અનુભવનાર, એ ૯૬ હજાર સ્ત્રી ભોગવે તો પણ વિષયથી વિરક્ત છે. (શ્રોતા : પરનું કરે નહીં ને ભોગવે, એ આવ્યું ક્યાંથી?) એ ભાષા આવેને, ઉપભોગ કરે ઇન્દ્રિયથી. એય! વજુભાઈએ તો બહુ કર્યું ઈજનેરનું કામ. ઈજનેર કહેવાયને, શું કહેવાય એ? ઈજનેર. મોટા બંધ. બંધ જોવા ગયા હતાને, નહિ? (શ્રોતા : દામોદર બંધ). દામોદર કુંડી. એ સાથે હતા, અમે ગયા હતાને જ્યારે ત્યાં.

ધૂળેય કરે નહિ, ભાઈ! તારું સ્વરૂપ તો જગતના અનંત પદાર્થને તારામાં રહીને તેને જાણવાની જ્ઞાનપર્યાય તારાથી થાય, તે જ્ઞાનનો કર્તા તું છો. આહાહા! સમજાણું કાંઈ? ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ એની ભક્તિનો જે ભાવ એનો કર્તા થાય, એ પણ મિથ્યાદ્રષ્ટિ છે કહે છે. (શ્રોતા : કાલે અધમ કહી દીધું.) અધમમાં નાખ્યું હતું કાલ, કાલ આવ્યું હતુંને. શુભબંધ નિર્વાણ, નહોતું આવ્યું? રંક પુરુષને તે કોડી મોટું ધન લાગે. એ ૨૧માં હતું. રાંકને તો કોડી એક મળે ફુટલી, આહાહા! उलुवाके भायैं जैसै संझा ही विहान है.. ઉલ્લુને સાંજ પડે એટલે જાણે સવાર પડી. ઉલ્લુ-ઉલ્લુ સમજાય છે? ઘુવડ. સાંજ પડી એટલે (એને માટે) સવાર પડી. આવું મૂર્ખ. કારણ કે રાત્રે ઉડી શકાય, ઓલો (સવારે) ન ઉડી શકાય.

कूकरुके भायै ज्यौं पिडोर जिखानी मठा.. કૂતરાને વમન આમ દહીં જેવું લાગે. વમન.. વમન.. એ કૂતરા શીખંડની જેમ ખાય વમનને. सूकरुके भायैं ज्यों पुरीष पकवान हैं.. સૂવરને તો વિષ્ટા એ પકવાન લાગે. આહાહા! बायसके भायैं जैसै नींबकी निंबोरी दाख.. કાગડાને લીંબોળી દ્રાક્ષ જેવી લાગે. આપણે આ લીમડોય એવો છે હોં. બહુ મીઠો લાગે. ઘણા આમને આમ ખાય. તોડતા હોય સામે. કોને ના પાડવી. છોડીઓ ઉછળી ઉછળીને... આ લીંબોડી છેને આપણે, નહિ? મીઠી બહુ (એમ) બધા કહેતાં. રાળ જેવી લાગે. ધૂળેય નથી હવે. આંહીં કાગડાને લીંબોળી દ્રાક્ષ જેવી દેખાય. એ બાળકને દંતકથા, ભગવાનની કથા જેવી દેખાય. તીર્થંકર પરમાત્માની કથા.. એને અજ્ઞાની–બાળકને એવી દંતકથા એ તો ભગવાનની કથા (જેવી લાગે).

हिंसकके भायैं जैसैं हिंसामैं धरम, मूरखने भायै सुभबंध निरवान.. એ મૂરખને એ પુણ્યભાવ થાય–દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એને નિર્વાણનું કારણ મૂરખ માને છે. કહો, જયંતિભાઈ! આમાં ખાનગી રાખ્યું છે કાંઈ? છે કે નહીં અંદર? मूरखके भायैं सुभबंध निरवान... બસ, એક પુણ્ય થયું. ભગવાનની પૂજા કરી આજ તો, દાન દીધા, દયા પાળી, વ્રત પાળ્યા, અપવાસ કર્યા, ઉણોદરી કરી, રસપરિત્યાગ કર્યો. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે એને એ ધર્મ માને. એ તો નિર્વાણનું કારણ છે, એ નિર્વાણ છે અમારો. એમાં જ નિર્વાણ અમારો, જાવ. આ મૂરખની માન્યતા છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ આ તો વીતરાગ પરમેશ્વરનો માર્ગ દુનિયા કરતાં કાંઈક જુદી જાતનો છે.

सुभबंध निरवान છે. એને તો પુણ્યના ભાવ થાય, પુણ્યબંધ થાય. બસ, આપણે તો કલ્યાણ થઈ ગયું. ધૂળેય કલ્યાણ નથી, સાંભળને! રખડવાનાં રસ્તા છે બધા. આહાહા! આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સિદ્ધસ્વરૂપ, એની સન્મુખ જોઈને એના આશ્રયથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, તે ધર્મ છે. બાકી ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજે, એની ભક્તિનો ભાવ પણ રાગ, પુણ્ય છે. એનાથી કલ્યાણ થાય એમ માને, એ મૂરખ મિથ્યાદ્રષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? શશીભાઈ! દાખલાય એવા આપ્યા છેને બધા. હવે ૨૬મો (પદ).

સમકિત... કોઈ કહે, ભઈ આ સમકિતી હતા, જ્ઞાની હતા શ્રેણિક રાજા, ભરત ચક્રવર્તી. એને તો સ્ત્રીઓ હતી, રાજ હતું, વિષયનો ભોગ હતો. કહે, ના. તને ખબર નથી. ધર્મીને વિષયનો ભોગ હોતો જ નથી. આહાહા! એ ધર્મી સમ્યગ્દષ્ટિ ધર્માત્માને આત્મા આનંદસ્વરૂપ છે એવા જેણે આનંદના સ્વાદ લીધા છે, એને વિષયના ભોગનો વિકલ્પ કાળા નાગ જેવો એને દેખાય છે. આહાહા! દુઃખ લાગે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ

ચક્રવર્તીની સ્ત્રીઓ ૯૬ હજાર. દુનિયા દેખે કે આના લગન થયા ને વર હતો ને એણે આ કર્યું, ફલાણું કર્યું ને ઢીંકણું કર્યું. બાપુ! તને ખબર નથી. ધર્મી જીવ એને કહીએ કે જેને પોતાના આનંદના સ્વભાવ સિવાય પુણ્ય-પાપના પરિણામમાં કે ક્યાંય આનંદ એને ભાસતો નથી. આહાહા! એવી વાત છે ઝીણી બહુ પણ હોં. એટલે સમકિતી વિષયથી વિરક્ત છે. એ વિષયની વિકલ્પની દશા હોવા છતાં અને દેહની ક્રિયાના સંગમાં ભાસતો છતાં, સમકિતી ક્રિયા અને રાગથી ભિન્ન છે. આહાહા! અજ્ઞાનીને વિષયસુખમાં (સુખ)બુદ્ધિ દેખાય છે, એવા મૂઢ પુરુષની વ્યાખ્યાની વાત છે આ. આહાહા!

મૂઢ મનુષ્ય વિષયોથી વિરક્ત હોતા નથી. (સવૈયા એકત્રીસા)

रविकै उदोत अस्त होत दिन दिन प्रति,
अंजुलिकै जीवन ज्यौं जीवन घटतु है।
कालकै ग्रसत छिन छिन होत छीन तन,
आरेके चलत मानौ काठ सौ कटतु है॥
ऐते परि मूरख न खौजै परमारथकौं,
स्वारथकै हेतु भ्रम भारत ठटतु है।
लगौ फिरै लोगनिसौं पग्यौ परै जोगनिसौं,
विषैरस भोगनिसौं नेकु न हटतु है॥२६॥

**શબ્દાર્થ** :—જીવન=પાણી. જીવન=જિંદગી. આરા=કરવત. પરમારથ (પરમાર્થ)=મોક્ષ. સ્વારથ(સ્વાર્થ)=પોતાનું ભલું કરવું તે. લોગનિ=લૌકિક પર વસ્તુ. પગ્યૌ=લીન. નેકુ=જરા પણ.

**અર્થ** :—જેવી રીતે ખોબામાંથી પાણી ક્રમે ક્રમે ઘટે છે, તેવી જ રીતે સૂર્યના ઉદય–અસ્ત થાય છે અને પ્રતિદિન જિંદગી ઓછી થાય છે. જેવી રીતે કરવત ખેંચવાથી લાકડું કપાય છે, તેવી જ રીતે કાળ શરીરને ક્ષણે ક્ષણે ક્ષીણ કરે છે. આમ છતાં પણ અજ્ઞાની જીવ મોક્ષમાર્ગની શોધ કરતો નથી અને લૌકિક સ્વાર્થ માટે અજ્ઞાનનો ભાર ઉપાડે છે, શરીર આદિ પરવસ્તુઓમાં પ્રેમ કરે છે, મન, વચન, કાયાના યોગોમાં અહંબુદ્ધિ કરે છે અને સાંસારિક વિષયભોગોથી જરા પણ વિરક્ત થતો નથી. ૨૬.

**अर्थ** :—जिस प्रकार अंजुलिका पानी क्रमशः घटता है, उसी प्रकार सूर्यका उदय-अस्त होता है और प्रतिदिन जिन्दगी घटती है। जिस प्रकार करौंत खींचनेसे काठ कटता है, उसी प्रकार काल शरीरको क्षण-क्षणपर क्षीण करता है। इतने पर भी अज्ञानी जीव मोक्षमार्गकी खोज नहीं करता और लौकिक-स्वार्थके लिये अज्ञानका बोझा उठाता है, शरीर आदि परवस्तुओंसे प्रीति

करता है, मन-वचन-कायके योगोंमें अहंबुद्धि करता है और सांसारिक विषय-भोगोंसे किंचित् भी विरक्त नहीं होता।।२६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

नेकु न हटतु है.. કહે છે, અજ્ઞાની કિંચિત્‌માત્ર પણ.. દાખલો આપે છે. रविके उदोत अस्त दिन दिन प्रति.. સૂર્ય ઉગે ને આથમે. अंजुलिकै जीवन ज्यौं जीवन घटतु हैं.. જેમ અંજુલીમાં પાણી હોય, એ આમ ગળી જાય છે, એમ જીવન ચાલ્યું જાય છે. અજ્ઞાની, પરમાર્થ આત્મા આનંદસ્વરૂપ છે એને ખોજતો નથી. સમજાણું કાંઈ? અંજુલીના (પાણીની) જેમ જીવન ચાલ્યું જાય છે. આહાહા! આયુષ્ય જેટલું લઈને આવ્યો, એ આયુષ્ય ઘટતું જાય છે, આમ. દેહને છૂટવાની સન્મુખ જાય છે. છતાં એ આત્મા—આ હું કોણ છું, આ દયા, દાન, વ્રતના વિકલ્પથી ભિન્ન કોણ છે—એને ખોજવાની દરકાર કરતો નથી. આહાહા! સમજાણું કાંઈ? कालकैं ग्रसत छिन छिन होत छीन तन.. શરીરની જુવાની ચાલી ગઈ. ક્ષણે-ક્ષણે અવસ્થા બદલતી જાય છે. તન એટલે શરીર. छिन होत.. જીર્ણ થતું જાય છે ક્ષણે ક્ષણે, જેમ જેમ કાળ (નજીક) આવતો જાય છે. છતાં પરમાર્થ એવો મારો ભગવાન આત્મા આનંદસ્વરૂપ એને શોધવાની—ખોજવાની દરકાર કરતો નથી. સમજાણું કાંઈ?

आरेके चलत मानौ सौ कटतु हैं.. લાકડાને કરવત મૂકે ને કપાય છે, એમ આયુષ્ય તુટતું જાય છે, ખલાસ થતું જાય છે. આહાહા! ऐते परि मूरख न खोजै परमारथकौ.. આવું આવું વર્તે છતાં 'હું ચૈતન્ય કોણ છું, મારામાં શું સ્વભાવ છે, હું ક્યાં ભાવથી રહિત છું ને ક્યાં સ્વભાવથી સહિત છું' એને એ ખોજતો નથી. ऐते परि मूरख न खौजै परमारथकौ.. અહો! આયુષ્ય ચાલ્યું જાય છે. ક્ષણે ક્ષણે જીર્ણતા શરીરમાં આવતી જાય છે. स्वारथकै हेतु.. એ દુનિયાના લૌકિક કાર્યને માટે भ्रम भारत.. ભ્રમણાનો બોજો ઉપાડ્યો છે બધો. આ મારે આટલા મારા દીકરાને પોષવા જોઈએ, આવા ભણાવવા જોઈએ, દીકરીયુંને આટલી ઠેકાણે લગાડવી, એવા લૌકિક કાર્યમાં અજ્ઞાની મૂઢે મોટો બોજો ઉપાડ્યો છે મિથ્યાત્વનો. આહાહા! 'આ તો બાવા થાય તો આવું થાય' એમ અમારે એક કહે છે. નારદ છેને ઓલા અમરતલાલ જરીયાવાળા. પણ બાવો જ છો, સાંભળને! ક્યાં તારામાં શરીર, વાણી છે? એના વિનાનો તું છો.

આંહીં તો રાગ વિનાની ચીજ આત્મા છે, વળી પર વિનાની ચીજ તો છે. વિકલ્પ જે ઊઠે દયા-દાન, એ વિનાની ચીજ આત્મા છે. એ તો વિકાર છે, આસ્રવ છે. આસ્રવવાળું તત્ત્વ છે? આસ્રવવાળું તત્ત્વ આત્માને માનવું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા!

સમજાણું? અજ્ઞાની સ્વાર્થમાં લૌકિક કાર્ય આ કરવા ને તે કરવા એમ.... છેને? એમાં લખ્યું છે. लौकिक-स्वार्थके लिये..... આ રળવાના ધંધા, કાં બાયડીને રાજી રાખવાના, છોકરાને રાજી રાખવાના, શેઠને રાજી રાખવાના, રાજાને રાજી રાખવાના, વેવાઈ-વેવલાને રાજી રાખવાના.. અજ્ઞાનીની જીંદગી એમને એમ ચાલી જાય છે. જગતને રૂડું બતાવવા કામ કરે છે, કહે છે. શ્રીમદે કહ્યું છેને, 'જગત કેમ મને સારો કહે, જગત કેમ મને મોટો કહે, જગત કેમ મને બીજા કરતાં તરવાયેલો વિચિક્ષણ કહે.' ઉદ્યોગપતિ. ઉદ્યોગ કરીને આટલો ધંધો પાંચ કરોડ ભેગા કર્યા. લોકો લખે ઉદ્યોગપતિ, એણે આમ કર્યું. ઉદ્યોગ—જડનો પતિ! મૂરખ છે. આવા લૌકિક કાર્યમાં ફસાઈને અજ્ઞાનીએ भ्रम भारत.. ભ્રમણાનો ભાર મોટો ઉપાડ્યો છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે કામ ભાઈ આવું!

लगौ फिरै लोगनिसौ.. અને લોક.. લોક જે હલકો હોય એને સાથે લગની લગાડે. મિત્રો હોય, સગા-સંબંધી હોય, એની સાથે લગ્યો રહે. ન્યાં ને ન્યાં એની પ્રીતિ ને રૂચિ અજ્ઞાનીને. અરે ભગવાન આત્મા! હું કોણ છું? ક્યાં છું? સાધુ નામ ધરાવે તોય ન્યાં ને ન્યાં શિષ્યો કરવા, આ કરવા, પૈસા ઉઘરાવવા ને પૈસા ભેગા કરવા. હોળી બધી છે કહે છે. આહાહા! એક સાધુ હતો. તે એના શિષ્યે પગે લાગીને પચાસ રૂપિયા મૂક્યા હશે. બીજો શિષ્ય આવ્યો. બીજો પાછળ આવ્યો એનો ગુરુ. ગુરુને પચાસ મૂક્યા. ગુરુને ખબર હતી કે મારા શિષ્યે આને પચાસ મૂક્યા છે. 'એલા, હું તો એનો ગુરુ છું. સો મૂક, પચાસ નહિ'. આ બધું બનેલું છે હોં. નામ, ઠામ ન અપાય. 'ત્યાં ફલાણા મારા શિષ્ય છે એને તમે દસ, દસ કરતા પચાસ રૂપિયાની નોટ મૂકી હતી, મને ખબર છે. તમે દર્શન કરવા આવ્યા. પચાસ મને મૂક્યા. હું તો એનો ગુરુ છું, સો મૂક'. જુઓ, આ સાધુ. માળા હેરાન થઈને બિચારા.. પણ પૈસાનું શું કામ છે તારે? સમજાણું કાંઈ? આહાહા!

लगौ फिरै लोगनिसौ.. એવા અનુકૂળ હોયને શેઠિયાઓ ને પૈસાવાળા ને આબરુવાળા ને એની પાછળ-પાછળ ફર્યા કરે. કંઈક આપણને પૈસા દેશે ને આમ કરશે. મૂરખ છો, કહે છે, માળા. આહાહા! पग्यौ परै जोगनिसौं,.. એ મન, વચનની ક્રિયામાં ચોંટી રહે લવલીન. આ મન ને વચન ને કાયા—એ ત્રણ. એની ક્રિયા તો જડની છે. એમાં લવલીન રહે અજ્ઞાની મૂરખ, એમ કહે છે. છેને અર્થમાં? શરીર આદિ પરવસ્તુમાં પ્રીતિ કરે, એમ કહે છે. मन-वचन-कायके योगोमें अहंबुद्धि करता है. દેખો છે ને? અહીં મન છે, આ વાણી છે ને શરીર છે, એ તો જડ માટી છે. એની ક્રિયાનો કરનાર હું છું. બરાબર મેં યોગની ક્રિયા કરી છે. આહાહા!

આ ઉપધાન કરે છેને ત્યાં જુઓને. સો-સો ખમાસણા લે. ચેતનજીને ખબર હશે.

આપણે કાંઈ ખબર ન મળે. સો ખમાસણા લેવા પડે દરરોજ ભગવાનની પાસે. મજૂરી કરીને મારી નાખે બિચારાને. દેહની ક્રિયા, કહે કે હું કરું છું. એમાં રાગની મંદતા હોય એમાંય કલુષતા પાછી આવે. હાય-હાય! અવસ્થા થઈ ગઈ, આવું થયું. એક વાર ખાવું. કહે છે કે અરે! જોગની ક્રિયામાં ફસ્યો અને આત્મા કોણ છે એનું તને ભાન નથી. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! વીતરાગમાર્ગ દુનિયાથી આખો જુદી જાતનો છે.

એમ विषैरस भोगनिसौं नेकु न हटतु है.. દેખો. અજ્ઞાની વિષયના રસમાંથી જરીએ પાછો ફરતો નથી. શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ—પાંચે વિષયો, એમાં એનું ધ્યેય છે અજ્ઞાનીનું. સ્વદ્રવ્યનો વિષય આત્મા શું છે એના ધ્યેયની ખબર નથી. અજ્ઞાનીનો વિષય પાંચ શબ્દ-રૂપ આદિ કાં રાગ, પુણ્ય-પાપનો વિકલ્પ એ અજ્ઞાનીનો વિષય છે. એમાંથી જરીયે પાછો હટતો નથી. આહાહા! બંધ છે ને. અહીં બંધ કહેવું છે ને. બંધ અધિકાર છે ને. મન, વચન, ક્રિયાઓ એમાં શુભભાવ એ બંધનું કારણ છે. એ પરવિષય છે, એ કાંઈ સ્વ વસ્તુ નથી. આહાહા! આકરું પડેને.

ભાઈએ લખ્યું છેને એકવાર. 'નિહાલભાઈ સોગાની'એ એકવાર લખ્યું છે કે 'જેવી સ્ત્રી આદિની વિષયની વાર્તા સાંભળવી એ જેમ વિષય છે, એમ વીતરાગની વાણી પણ વિષય છે.' એ પ્રેમચંદભાઈ! સોગાની સાંભળ્યા છેને. 'નિહાલભાઈ' 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. ભાઈએ વાંચ્યું નહિ હોય. વાંચ્યું છે ભાઈ? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. ભાઈને કહું છું, બલ્લુભાઈના ભાઈને. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે એક. બે ભાગ જુદા છે. ત્રીજો ભાગ જરી... એ એમાં છે ત્રીજામાં. જેવો સ્ત્રીનો વિષય, એવો જ વાણી છે એ વિષય છે. રાડ નાખી જાય માણસો. બાપુ! આ અહીં એ કહેવા માંગે છે. ઓલો વિષય કહેતા લક્ષ. પરલક્ષ એ જ વિષય છે. સ્વ વિષય છુટી ને પરમાં જાય, ચાહે તો વીતરાગની વાણી સાંભળતો હોય, એ શુભભાવનો વિષય છે. એય! ગજબ વાત છે. જીરવ્યું જાય નહિ એવું છે.

૩૧મી ગાથામાં કહ્યું છેને ભાઈ! ૩૧મી ગાથા. जो इंदिये जिणित्तं.. ત્યાં વીતરાગની વાણી પણ વિષયમાં લીધી છે. ૩૧ ગાથા. जो इंदिये जिणित्तँ णाणसहावाधियं मुणदि आदं. શાસ્ત્ર હો, દેવ હો, ગુરુ હો. એ બધા ઈન્દ્રિયના વિષયો ઈન્દ્રિય છે, એમ કીધું છે ત્યાં. એને ઈન્દ્રિય કીધી છે. દેવ, ગુરુ, શાસ્ત્રની વાણી અને દેવ, ગુરુને ઈન્દ્રિય કીધા છે. એ અનિન્દ્રિય આત્મા નહિ. એ ઈન્દ્રિય, આ જડ ઈન્દ્રિય અને ભાવ ઈન્દ્રિય (એટલે) ખંડખંડ જ્ઞાન—એ ત્રણેને ઈન્દ્રિય કહીને ત્રણને જીતવા, એમ કહ્યું છે. એટલે કે તેના લક્ષને છોડી અતિન્દ્રિય ભગવાન આત્માની દૃષ્ટિ કરવી, એનું નામ ઈન્દ્રિય જીતી એમ કહેવામાં આવે છે. આહાહા! એય ચેતનજી! ભારે આકરું કામ છે. રાડ નાખી જાય. આવું લખ્યું.

અરે, સાંભળને!

આત્માના આનંદનો વિષય દ્રવ્ય છે એને છોડીને જેટલું પર ઉપર લક્ષ જાય, એ બધો પરવિષય છે. આહાહા! સમજાણું કાંઈ? એ શાંતિભાઈ! આ બધું જીરવી શકે નહિ તમારા હોં ન્યાં અંદર. સોનગઢનું એકાંત છે, એમ પોકારે બિચારા, એકાંત છે. પરથી પણ લાભ થાય, પર આશ્રયે પણ કલ્યાણ થાય ને સ્વઆશ્રયે થાય તો એ અનેકાન્ત કહેવાય. લે! આ માણેકલાલભાઈ કહે... આંહીં તો કહે, સ્વવિષય પ્રભુ આત્મા અખંડ આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ, એને વિષય બનાવે તો ધર્મ થાય. પરનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર જ્યાં સુધી રહે, ત્યાં સુધી એને ધર્મ ન થાય. એય જયંતિભાઈ! આવી વાત છે. विषैरस भोगनिसौं नेकु न हटतु है.. પરના વિષયના લક્ષથી એક અંશે પણ ખસતો નથી એમ કહે છે. આ બંધનો અધિકાર છેને ભાઈ આમાં. આ બંધ બતાવે છે. (શ્રોતા : ભાવબંધ માટે....) હા, અંદર રાગ અને પુણ્યનો વિકલ્પ અને એનું નિમિત્ત પર, એ બધો પરવિષય છે. આહાહા! બંધ અધિકાર છેને. એ બતાવવું છે. આહાહા!

જેને આ લોકો તો ધર્મ માની બેઠાં છે. (શ્રોતા : લોકો તો માનીને બેસે જ ને). એ તો કહે છે, स्वारथकै हेतु भ्रम भारत ठटतु हैं.. લૌકિક કાર્ય. સ્વાર્થના લૌકિક (કાર્ય) એ બધા લૌકિક. શુભભાવેય લૌકિક છે. આહાહા! विषैरस भोगनिसौ निकु.. જરીય પાછો ફરતો નથી પરના વિષયમાંથી, એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય, તોપણ એ પર વિષયથી છૂટેલો છે. આહાહા! એ આવશે આગળ. સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં લીન છે. સ્વ-આશ્રયની દૃષ્ટિમાં એકાગ્ર છે. પરવિષયથી, રાગથી તો મુક્ત છે. સમજાણું કાંઈ? જુઓ આવશે. આ તો તમારે એના પછી આવે છે ને. ૩૨મો. ૩૨મો છે ૫દ. ૧૧મો કળશ છેને એમાંથી. सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं.. ૩૧ છેને પછી ૩૨. ૧૯૩ પાને. सम्यग्दृष्टि जीव आत्मस्वरूपमें स्थिर होते है, દેખો. છે? ૧૯૩ પાનું. નીચે ૧૧મો શ્લોક, એમાં અંદરમાં ૩૨મું ૫દ.

असंख्यात लोक परवांन जे मिथ्यात भाव,
तेई विवहार भाव केवली-उकत है।

જેટલા વ્યવહાર છે એને ધર્મ માને, એટલા મિથ્યાત્વભાવ છે. ભારે કામ!

जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ, ते नियत--लीन....

એ તો જ્ઞાનસ્વરૂપમાં જ એકાગ્ર છે એ સ્વ-વિષય એનો છે. विवहारसौं मुकत हैं.. છે? દયા, દાન, ભક્તિ, ભગવાનનો વિકલ્પ, એનાથી સમકિતિ મુક્ત છે. વીતરાગની વાણી

સાંભળવી.. વીતરાગની વાત સાંભળવી દુર્લભ થઈ પડી જગતને. આંહીં તો કહે કે વ્યવહારમાં.... વ્યવહાર કહો કે રાગ કહો કે આસ્રવ કહો, એમાં જેની એકત્વબુદ્ધિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે... ભાઈ! વ્યવહાર એટલે શુભભાવ, શુભભાવ એટલે ભાવબંધ. ભાવબંધની દૃષ્ટિ જેની છે, મિથ્યાદૃષ્ટિ છે. પણ ભાવબંધથી સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે. આહાહા! બંધ અધિકારનું લીધું છેને આમાં. જેટલો ભગવાનની ભક્તિ, દયા, દાન, વ્રત, પૂજા, શાસ્ત્ર શ્રવણ, મનન, ચિંતવન. કહેવું—એ બધો ભાવ વ્યવહાર છે, રાગ છે, બંધ છે. એ બંધભાવથી એકત્વ છે જે જીવ, એ મિથ્યાદૃષ્ટિ છે. બંધભાવથી મુક્ત છે તે સમકિતી છે, એમ કહે છે. આરે! આ વાત છે.

**निरविकलप निरुपाधि आतम समाधि,**
**साधि जे सुगुन मोख पंथकौं ढुकत है।**
**तेई जीव परम दसामैं थिररूप ह्वैकै,**
**धरममैं धुके न करमसौं रुकत हैं॥३२॥**

ધર્મી તો સ્વભાવ તરફના વલણમાં અંદર ચાલ્યો જાય છે. એ રાગથી રોક્યો જાય નહિ, એમ કહે છે. આહાહા! અહીંયાં પણ એમ કહે છે, विषैरस भोगनिसौं नेकु न हटतु है.. આ વિષય (એટલે) આ સ્થૂળ (વિષય) લે. આ સ્ત્રીનો વિષય, પણ એ તો સ્થૂળ (વિષય છે). આંહીં તો વીતરાગની વાણી પણ પરવિષય છે, પરાશ્રિત છેને. સમજાણું કાંઈ? કહેને, આપણે ભઈ, ગુરુને બરાબર માનો, તમારા ભવનો છેદ થઈ જશે. બિલકુલ મિથ્યાત્વ ભાવ છે. ગુરુ અને દેવને માનવા એ તો પરદ્રવ્યને માનવાનો વિકલ્પ છે, રાગ છે. એ રાગથી કલ્યાણ થાય, દૃષ્ટિ મિથ્યાત્વ છે. આવી વાત છે. હિંમતભાઈ! (શ્રોતા : આકરું પડે એવું છે.) આકરું પડે કે સહેલું પડે, માર્ગ આ છે. વીતરાગ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવે છે. કહો, સમજાણું કે નહિ? સમજાણું? આહાહા!

વ્યવહારમાત્રથી ધર્મી તો છૂટો છે, કહે છે, અજ્ઞાનીને વ્યવહારથી એકત્વ છે. આહાહા! તેથી એણે રાગ અને શુભથી લાભ માન્યો, એ તો રાગથી એકત્વ છે. ભારે કામ ભઈ આ! પણ આવો પાધરો સીધો રસ્તો? એને તરવાનો કોઈ (બીજો) માર્ગ હશે કે નહિ? સાવ એલ.એલ.બી.ની વાતો? એમ કેટલાક કહે છે. એલ.એલ.બી.ની નથી, સાંભળને! હજી તો સમ્યગ્દર્શનના પહેલા એકડાંની વાત છે આ. સમજાણું કાંઈ? विषैरस भोगनिसौं.. જરીએ માળો પરની રૂચિથી ખસતો નથી, એમ કહે છે. સમજાણું? પરનો પ્રેમ છે એને આત્માના સ્વભાવનો દ્વેષ છે. સમજાણું કાંઈ? દૃષ્ટાંત આપે છે. अज्ञानी जीवकी मूढ़ता पर मृगजल और अंधेका दृष्टान्त. આંધળાનો દે છે દાખલો.

અજ્ઞાની જીવની મૂઢતા ઉપર મૃગજળ અને આંધળાનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसैं मृग मत्त वृषादित्यकी तपत मांहि,
तृषावंत मृषा-जल कारन अटतु है।
तैसैं भववासी मायाहीसौं हित मानि मानि,
ठानि ठानि भ्रम श्रम नाटक नटतु है।।
आगेकौं धुकत धाइ पीछे बछरा चवाइ,
जैसैं नैन हीन नर जेवरी बटतु है।
तैसैं मूढ़ चेतन सुकृत करतूति करै,
रोवत हसत फल खोवत खटतु है।।२७।।

**શબ્દાર્થ :—**વૃષાદિત્ય=વૃષ[૧], સંક્રાંતિનો સૂર્ય. તૃષાવંત=તરસ્યો. મૃષા=જૂઠો. અટતુ હૈ=ભટકે છે. નટતુ હૈ=નાચે છે. નૈનહીન નર=આંધળો મનુષ્ય.

---

૧. જેઠ મહિનામાં સૂર્ય વૃષ સંક્રાંતિ પર આવે છે.

**અર્થ :—**જેવી રીતે ગ્રીષ્મકાળમાં સૂર્યનો તીવ્ર આતાપ થતાં તરસ્યું હરણ ઉન્મત્ત થઈને મિથ્યા જળ તરફ નકામું જ દોડે છે, તેવી જ રીતે સંસારી જીવ માયામાં જ કલ્યાણ માનીને મિથ્યા કલ્પના કરીને સંસારમાં નાચે છે. જેવી રીતે આંધળો મનુષ્ય આગળ દોરડું વણતો જાય અને પાછળ વાછડું ખાતું જાય તો તેનો પરિશ્રમ વ્યર્થ જાય છે, તેવી જ રીતે મૂર્ખ જીવ શુભાશુભ ક્રિયા કરે છે અથવા શુભ ક્રિયાના ફળમાં હર્ષ અને અશુભ ક્રિયાના ફળમાં ખેદ કરીને ક્રિયાનું ફળ ખોઈ નાખે છે. ૨૭.

**अर्थ :—**जिस प्रकार ग्रीष्मकालमें सूर्यका तीव्र आताप होनेपर प्यासा मृग उन्मत्त होकर मिथ्याजलकी ओर व्यर्थ ही दौड़ता है, उसी प्रकार संसारी जीव मायाहीमें कल्याण सोचकर मिथ्या कल्पना करके संसारमें नाचते हैं। जिस प्रकार अंध मनुष्य आगेको रस्सी बटता (भाँजता) जावे और पीछेसे बछड़ा खाता जावे, तो उसका परिश्रम व्यर्थ जाता है, उसी प्रकार मूर्ख जीव शुभाशुभ क्रिया करता है वा शुभक्रियाके फलमें हर्ष और अशुभक्रियाके फलमें विषाद करके क्रियाका फल खो देता है।।२७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? આ તો વીતરાગમાર્ગની વાત છે, બાપા! જ્યાં ઈન્દ્રો અર્ધલોકના સ્વામી સાંભળતા હશે એ વાત કેવી હશે? સાધારણ વાત હશે કુંભાર જેવી? દયા પાળો, દયાથી ધર્મ થાય. એ તો કુંભારેય કહે છે. વીતરાગ એમ કહે છે? સમજાણું કાંઈ? એકભવતારી

ઈન્દ્ર શક્રેન્દ્ર ધર્મકથા સાંભળવા આવે, એ કથા બાપુ! કેવી હશે? સમજાણું કાંઈ? ક્ષાયિક સમકિતી. એક ભવે મોક્ષ જનારા છે ઈન્દ્ર અને ઈન્દ્રાણી બેય, પહેલા દેવલોકના. ન્યાંથી થઈ છેલ્લો મનુષ્યનો ભવ કરીને મોક્ષ જવાના છે. એવા પણ જ્યારે સંત આદિ સમવસરણમાં આવે, એ કથા કેવી હોય? ભાઈ! સમજાણું કાંઈ? जैसै मृग मत्त वृषादित्यकी तपत मांहि.. ગ્રીષ્મકાળમાં સૂર્યનો તીવ્ર આતાપ અને તરસ્યો મૃગ.. तृषावंत मृषा-जल कारन अटतु है.. મૃગજળ માટે દોડાદોડ કરે છે, ક્યાંય પાણી નહિ મળે ભગવાન! આહાહા! સમજાણું કાંઈ?

ભાઈએ નાખ્યું છેને ઓલું. છે કે નહિ એમાં? છે હોં આ. નાખ્યું છેને એણે. મુંબઈનું વ્યાખ્યાન હતું, તે બનાવ્યું છેને એણે. 'સરોવર કાંઠે મૃગલા તરસ્યા રે લોલ, એ દોડે હાંફી ઝાંઝવા જળની રે કાજ. અરેરે, સાચા વારિ એને ના મળે રે લોલ.' વારિ એટલે પાણી. ભર્યા સરોવર મૂકી દઈ અને મૃગજળ (પાછળ) તરસ્યા મૃગલા દોડે હાંફીને. ધૂળેય નહિ વળે ત્યાં. પાણી ક્યાં હતાં? માળા. એમ ભગવાન આનંદનો સરોવર પ્રભુ, એવા જળને અંતરથી મૂકીને એ પુણ્યની ક્રિયા—દયા, દાન, વ્રતની ક્રિયા મૃગજળ છે. એમાં શાંતિને ધર્મ માનીને મૃગલા ફર્યા કરે છે અજ્ઞાનીઓ. સમજાણું કાંઈ? 'એમ મનના મૃગલાને પાછા વાળજો રે લોલ, જોડી દ્યો આતમ સરોવર આજ, એને મળશે આતમ સુખ અમૂલા રે લોલ.' એ મનનું મૃગલું આમ ફર્યા કરે ને આમ વાળને હવે! આ પરવિષયને છોડ ને આમ (વળ), એમ કહે છે. સમજાણું કાંઈ?

જેની દૃષ્ટિ પર્યાય ને રાગ ને નિમિત્ત ઉપર છે, એ બધા વિષયના ભોગના જ અર્થી છે, એમ કહે છે. ભગવાન આનંદ સરોવરથી ભરેલો પ્રભુ, એની સામું (જોતો નથી એટલે) સ્વ વિષય તો કરતો નથી. સ્વને ધ્યેય બનાવતો નથી. જે કરવા જેવું છે એ કરતો નથી ને મફતનો હેરાન થઈને (રખડે છે.) સમજાણું કાંઈ? 'એ મિથ્યાત્વ મૂળ અનંત પડ્યા રે લોલ.' એ રાગ પુણ્યને ધર્મ માનવો એ મિથ્યાત્વનું મૂળિયું સાજું છે. 'ડાંખળા તોડે વૃક્ષ ન સુકાય, તમે લેજો સમ્યક્ કુહાડી હાથમાં રે લોલ.' ચૈતન્ય જ્ઞાનનંદ સ્વભાવ ભગવાન આત્મા, એમાં નજર કર, એમાં જો, તને શાંતિ મળશે અને સમ્યગ્દર્શન થશે. બાકી બહારના ઝાંઝવાના મૃગ(જળ)માં.. મૃગ ઝાંઝવાના પાણી જોઈને (માને કે) શાંતિ મળશે, તૃષા છૂટશે. નહિ મળે ભાઈ! આહાહા!

લ્યો, આંહીં તો કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્ર માનવાથી તૃષા નહિ છૂટે. એમ કહે છે. એ તો પરદ્રવ્ય છે. રાગ છે એ તો વિકલ્પ છે. ન્યાં જોવા જઈશ કે આમાં કલ્યાણ થાશે, નહિ મળે. હેરાન થઈશ ઓલા મૃગલાની જેમ, એમ કહે છે. એય શાંતિભાઈ! માર્ગ તો આવો

છે. બેસે ન બેસે, માર્ગ આ છે ત્રણ કાળમાં. વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની ભગવાન એનો આ માર્ગ છે. આથી કંઈ પણ ફેરફાર કરીને બોલે, એ વીતરાગનો માર્ગ નથી. સમજાણું કાંઈ ?

तैसैं भववासी मायाहीसौं हित मानि मानि, દેખો. જેમ મૃગજળમાં મૃગલા પાણી પીવા જાય, ત્યાં મળશે નહિ. એમ भववासी मायाही.. એ બધા પુણ્ય ને પાપના ભાવ માયા છે, વિકાર છે. આહાહા ! हित मानि मानि.. એમાં હીત થશે મારું, એમ માનીને... એ પુણ્યના ભાવ એ મૃગજળ જેવા પાણી છે ન્યાં. ન્યાં ધરમ-બરમ છે નહિ. આહાહા ! ભારે આવી ભાષા તો... भववासी मायाहीसौं हित मानि.. બધી માયા કહેવાય એ. એ પુણ્ય-પાપ, વિકલ્પ ને સંયોગ, એ બધી માયા છે, એ આત્મામાં છે નહિ. એને हित मानि मानि, ठानि ठानि भ्रम श्रम.. ભ્રમણાને નક્કી—પાકો કરતો.. કરતો શ્રમ કરીને नाटक नटतु है. આહાહા ! मायाहीमें कल्याण सोचकर मिथ्या कल्पना करके संसारमें नाचते हैं. સમજાણું કાંઈ ? आगेकौं धुकत धाई पीछे बछरा चवाई.. આંધળો માણસ હતો. એ દોરડું વણતો હતો, દોરડું.. દોરડું.. મોઢા આગળ વણતો જાય ને પાછળ વાછરડો ચાવતો જાય વાછરડો.

आगेकौं धुकत धाई पीछे बछरा चवाई, जैसैं नैन हीन नर जेवरी बटतु है.. એ દોરી વણે દોરી. પણ મોઢા આગળ વણતો જાય ને પાછળ ઓલો વાછરડો ચાવતો જાય. આહાહા ! એમ વ્યવહારની ક્રિયામાં ધર્મ માનનારા, પણ મિથ્યાત્વથી એ બધું નાશ થઈ જાય છે. આંધળો છો. કાંઈ સુકૃત કરીને મને ધર્મ થશે (એમ માને). तैसैं मूढ़ चेतन सुकृत करतूति,.. દેખો. છે ને ? એ સુકૃત કરે. रोवत हसत.. એવા સુકૃત કામ કરે ને અશાતાનો ઉદય હોય ત્યારે એં.. એં.. એં.. હાય, હાય! શાતાનો ઉદય હોય તો હરખ, અશાતાનો ઉદય તો શોક. બધું તારું કરેલું પાણી ફરી જાય છે, સાંભળને ! શુભભાવ .... વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરૂદેવ.)

## પ્રવચન નં. ૯૫, અષાઢ સુદ ૧૨, સોમવાર, તા. ૫-૭-૧૯૭૧
## બંધ દ્વાર, પદ ૨૭ થી ૩૦ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક, બંધ અધિકાર. અજ્ઞાની જીવની મૂઢતા ઉપર દૃષ્ટાંત આપ્યોને? છેલ્લો અધિકાર. દૃષ્ટાંત આપ્યોને? જેમ મૃગજળમાં પાણી નથી ને મૃગલા પાણી પીવા દોડે છે, એમ અજ્ઞાની... પુણ્ય-પાપના ભાવ, શરીર, વાણી, મન, લક્ષ્મી આદિ આ બાહ્ય ચીજો છે એમાં ક્યાંય સુખ નથી, છતાં મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ, તૃષ્ણામાં મૃગજળમાં જેમ મૃગ દોડે છે, એમ અજ્ઞાની દોડે છે. બરાબર છે આ? માણેકલાલજી! આ પૈસા માટે, આ બાયડી માટે ... એમ કહે છે આ. આખી દુનિયાની વાત છે ને. મૃગજળમાં પાણી નથી કાંઈ. એ તો ખારીલી જમીનમાં સૂર્યના કિરણો પડવાથી આમ વરાળ જેવું લાગે. વરાળ ક્યાં હતી ત્યાં? જેમ મૃગલા ત્યાં દોડે છે એમ અજ્ઞાની, આત્મામાં આનંદ છે એને ભૂલીને (બહારમાં દોડે છે).

આ બંધ અધિકાર છે ને. પૈસામાં, સ્ત્રીમાં, કુટુંબમાં, આબરુમાં, કીર્તિમાં કાંઈક ઠીક છે એમ ધારીને વેગે અજ્ઞાનમાં પડ્યા છે. છેવટે પુણ્ય ને પાપના ભાવમાં પણ કાંઈક ઠીક છે (એમ માનીને) એમાં પડ્યાં છે. શુભભાવ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા—એ બંધભાવ છે. બંધભાવમાં પણ અજ્ઞાની ગતિ કરી રહ્યા છે (કે) એમાંથી કાંઈક ધર્મ થશે ને શાંતિ મળશે. બીજો દાખલો ઓલો આપ્યો આંધળાનો. આંધળો દોરડી દોરડી વણે. એક કોર વણે ને પાછળ વાછરડો ચાવે. એમ અજ્ઞાની मूढ चेतन सुकृत करतूति करैं. આંહીં એમ કહેવું છે પાછું હોં. સુકૃત કહે છે આંહીં. શુભભાવ કોઈ દયા, દાન, વ્રત, પૂજા આદિ ભાવ કરે. रोवत हसत फल.. પણ અજ્ઞાની છે, મૂઢ છે. એથી એને શાતાનો ઉદય હોય અનુકુળ (તો) હરખ કરે અને અશાતાનો ઉદય હોય ત્યાં શોક કરે. છે ને?

तैसें मूढ़ चेतन सुकृत करतूति करै.. બંધભાવ કરે, શુભભાવ કરે, પણ મિથ્યાદૃષ્ટિ છે. અને સુકૃતમાં ધર્મ માને છે. એથી... શુભક્રિયા જોઈએ, પણ એમણે એમ લખ્યું છે. शुभक्रियाके फलमें हर्ष, अशुभक्रियाके फलमें विषाद करके क्रियाका फल खो देता है. એ ક્રિયા એટલે શુભક્રિયા, શુભપરિણામ. શુભપરિણામનું કાંઈક ફળ જોઈએ ઠીક પુણ્ય આદિ, એ પણ એને મળતું નથી, એમ કહે છે. કેમ કે દૃષ્ટિ આત્મા ઉપર નથી, એની દૃષ્ટિ તો રાગના ભાવ ઉપર છે. એથી એ ભાવવાળો તો અનુકૂળ(માં હર્ષ), પ્રતિકૂળતામાં દ્વેષ કર્યા વિના રહેશે જ નહિ. એટલે ખરેખર એને સુકૃતનું ફળ પણ યથાર્થ મળશે નહીં. સંયોગ

મળે. સંયોગ મળે, કીધુંને. સુકૃતથી શાતાનું ફળ મળે. પણ મળતાં પાછો હરખ કરશે.

જે આત્મામાં નથી એ શાતાનો સંયોગ—આ પૈસા, લક્ષ્મી, આબરુ, શરીર-બરીર આ અનુકુળ, લ્યોને, એમાં હરખ કરશે. એ પોતાના સ્વભાવને ભૂલી બંધભાવને અનુમોદન કરે છે, એમ કહે છે. એટલે આમ જોઈએ હોં અંદરમાં. એમ કર્યું છે ઓલાએ? એમણે શું કર્યું છે? બંધ છેને. કેટલામો? ૨૭. બસ, સુકૃતની ક્રિયાનો અર્થ કર્યો છે. આ બરાબર છે. तैसे मूढ प्राणी સુકૃતની, એમ કહેવું છે ને? એક કોર વણે અને એક કોર ચાવે. એમ ફળ પાછું આવે, અનુકૂળમાં હરખ કરશે એટલે બધું જાય છે એનું. સુકૃતની ક્રિયા કરે તબ રોવત-હસત ખટતુ હૈ. અરતિ-રતિ કરી બેસે. खोवत खटतु है.... એમાં કાંઈ મળે નહિ, છતાંય એને અનુકૂળમાં પ્રતિકૂળમાં.... રાગ-દ્વેષ છેને, એને મિથ્યાત્વ છે ને?

જ્ઞાનીને તો સ્વભાવ પર દૃષ્ટિ હોવાથી એને બંધના પરિણામનો તો (ત્યાગ જ છે), વિરક્ત ત્યાગી છે ધર્મી. એટલે એનું ફળ એને કાંઈ છે નહિ. એને તો અંદર જ્ઞાતા-દૃષ્ટાનું ફળ શાંતિ અને વીતરાગતા છે. અબંધ પરિણામ છેને. આ તો બંધ પરિણામના સ્વામી(પણા)ની વાત ચાલે છે. સમજાણું કાંઈ? જેને આત્મા અબંધસ્વરૂપી ચૈતન્ય આનંદનું ધામ, જેને એના આનંદની પિપાસા અંતરમાં નથી, એવા જીવને તો બહારમાં સુખબુદ્ધિ પડી છે. ત્યાં પુણ્યના ભાવમાં શુભભાવમાં બહારમાં આમાં કાંઈ ઠીક.. ઠીક.. ઠીક.. ઠીક.. એ તો બધું સુકૃતને પણ ખોઈ બેસશે, કહે છે. કારણ કે એણે દ્રષ્ટિ તો... અનુકૂળતા મળશે એટલે હરખ કરશે. પ્રતિકૂળતા મળશે એટલે ખેદ કરશે. તો આ ઠીક છે અર્થ. આણે એવો અર્થ કર્યો છે ઓલાએ? એણે અર્થ કર્યો હશે આંહીં બુદ્ધિલાલે. જોવું તો ખરો, કોણે જોયું છે? જોવામાં શું કાંઈ...... અહીંયાં ૨૭ ને?

શુભક્રિયાકે ફલમેં હરખ... ઉસી પ્રકાર મૂર્ખ જીવ શુભાશુભ ક્રિયા.... આંહીં હવે એવો અર્થ કર્યો છે. શુભાશુભ ક્રિયા કરતા હૈ ને અશુભ ક્રિયા ફલમેં...... આ બરાબર છે. सुकृत करतूति करै, रोवत हसत फल खोवत खटतु हैं. બસ, એ બરાબર છે. ચેતન સુકૃત કરે, શુભભાવ કરેને. રાગની મંદતાનો ભાવ કરે છે. અને એને ખટકે છે... અંદર સ્વભાવ નથી... છતાં એને ખટકને જ પોતાનું સ્વરૂપ માને છે. અને એમાં પુણ્યફળ થાય, સંયોગો મળે છે, એમાં હરખ કરશે. પ્રતિકૂળ મળશે એને ઓલું કરશે. કારણ કે રાગ-દ્વેષ છે, એમ કહે છે.

હવે अज्ञानी जीवके बंधनसे न सुलझ सकने पर दृष्टांत. બંધનમાંથી છૂટો પડતો જ નથી અજ્ઞાની. બંધનને જ પોતાનું સ્વરૂપ અનાદિથી માને છે.

અજ્ઞાની જીવ બંધનથી છૂટી શકતો નથી. તેના ઉપર દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

लियैं द्रिढ़ पेच फिरै लोटन कबूतरसौ,
　　उलटौ अनादिकौ न कहूं सुलटतु है।
जाकौ फल दुख ताहि सातासौं कहत सुख,
　　सहत-लपेटी असि-धारासी चटतु है।।
ऐसैं मूढ़जन निज संपदा न लखै क्यौंही,
　　यौंही मेरी मेरी निसिवासर रटतु है।
याही ममतासौं परमारथ विनसि जाइ,
　　कांजीकौ परस पाइ दूध ज्यों फटतु है।।२८।।

**શબ્દાર્થ :—**દ્રિઢ(દ્રઢ)=મજબૂત. સહત(શહદ)=મધ. અસિ=તરવાર. નિસિવાસર=રાત-દિન. પરસ (સ્પર્શ)=અડવું તે.

**અર્થ :—**જેમ આળોટતા કબૂતરની પાંખોમાં મજબૂત ગુંચ પડી હોવાથી તે ઉલટું-સુલટું (ઊંધુ-ચત્તું) થયા કરે છે, તેવી જ રીતે સંસારી જીવ અનાદિકાળથી કર્મ-બંધનની ગૂંચમાં ઉલટો થઈ રહ્યો છે, કદી સન્માર્ગનું ગ્રહણ કરતો નથી અને જેનું ફળ દુઃખ છે એવી વિષય-ભોગની થોડીક શાતાનું સુખ માનીને મધ ચોપડેલી તરવારની ધારને ચાટે છે. આવો અજ્ઞાની જીવ સદા પરવસ્તુઓને મારી મારી કહે છે અને પોતાના જ્ઞાનાદિ વૈભવને જોતો નથી, પરદ્રવ્યના આ મમત્વભાવથી આત્મહિત એવું નાશ પામે છે જેવું કાંજીના સ્પર્શથી દૂધ ફાટી જાય છે. ૨૮.

**अर्थ :—**जिस प्रकार लोटन कबूतरके पंखोंमें मजबूत पेंच लगे होनेसे वह उलट-पुलट फिरता है, उसी प्रकार संसारी जीव अनादिकालसे कर्मबन्धनके पेंचमें उलटा हो रहा है, कभी सन्मार्ग ग्रहण नहीं करता, और जिसका फल दुःख है ऐसी विषय-भोगकी किंचित् साताको सुख मानकर शहद लपेटी तलवारकी धारको चाटता है। ऐसा अज्ञानी जीव सदाकाल परवस्तुओंको मेरी मेरी कहता है और अपनी ज्ञानादि विभूतिको नहीं देखता, परद्रव्यके इस ममत्वभावसे आत्महित ऐसा नष्ट हो जाता है जैसे कि कांजीके स्पर्शसे दूध फट जाता है।।२८।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જેમ... લોટન કબૂતર થાય છે, એની પાંખમાં પેંચ હોય છે, એથી આમ ફર્યા જ કરે, ફર્યા જ કરે. એમ અજ્ઞાની અનાદિનો न कहूं सुलटतु है.. રાગના પરિણામથી ભિન્ન મારી ચીજ છે એમ સુલટો અનાદિનો થતો નથી. રાગના ભાવને જ પોતાનું સ્વરૂપ માને છે. कर्मबंधनके पेचमें उलटा हो रहा है.. જે ભાવથી બંધન થાય, એ ભાવને જ પોતાનું

સ્વરૂપ માની (રહ્યો છે). કહો, બરાબર છે? अनादिकौ न कहूं सुलटतु है, जाकौ फल दुःख ताहि सातासौ कहत सुख.. પુણ્યને કારણે કોઈ શાતા મળે, હવે એમાં તો દુઃખ છે, છતાં અમને ઠીક બાદશાહી છે (એમ) સુખ કહે છે, માને છે.

આ પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, ધૂળના બંગલામાં સુખ છે, એમ મૂઢ જીવ મિથ્યાદ્રષ્ટિ માને છે. કહો, મલુકચંદભાઈ! આ તો આ આવ્યું આમાં, કાંઈ પૈસા-બૈસામાં હખ (શાંતિ) નથી, એમ કહે છે. આ શું કરી આવ્યા અત્યાર સુધી બધું? (શ્રોતા : આનંદ કરી આવ્યા). આ તો ઓલા છોડીના લગન કર્યાં એમાં પૈસા ખર્ચ્યા હશેને, ૫-૬ લાખ. કેટલાક કાંઈક કહેતા હતા. એનો દીકરો, પણ આને કહેવાય તો ખરું ને કે એનો દીકરો કરશે. આનો હક ન હોય ભલે, પણ કહેવાય તો ખરુંને કે આનો દીકરો કરશે. (શ્રોતા : ......) પણ ખુશી તો થાયને મોઢા આગળ બેઠા હોય તો. આ ન્યાલભાઈ આ દીકરીને પરણાવતા... (શ્રોતા : ....) બીજો વિષય હશે, મૂઢનો વિષય.... આહાહા!

કહે છે, અરે! कभी सन्मार्ग ग्रहण नहीं करता. આહાહા! રાગ અને નિમિત્તમાં જેની રૂચિ અને પ્રીતિ છે. રાગ રહિત અને નિમિત્ત રહિત ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે એની તો એને ખબરેય નથી, એની એને રૂચિ નથી. जिसका फल दुःख है ऐसी विषय-भोगकी किंचित् शाताको सुख मानकर.... લ્યો. શાતા, પૈસા, લક્ષ્મી... એ શું કહેવાય? એ બધા જલસા ઊડે લગનમાં પાર્ટી, એમ બધું. અને પાર્ટી કાંઈ ઘરે ન કરે, પાંચસો હજાર માણસો હોય તો વીશીમાં નાખે, નહિ? વીશીમાં કહે ને? લોજમાં નાખે કાં મોટા-મોટા.... આહાહા! (શ્રોતા : મોટી જગ્યા હોય). ધૂળેય નથી, કહે છે, મૂઢ માળો. એવાં પૈસા ખરચવામાં.... (શ્રોતા : દીકરી હોય એને કેવું દુઃખ હોય...) કોની દીકરી ને કોના દીકરા? બાપા! વસ્તુ પર એમાં તારી ક્યાં હતી? આહાહા!

આંહીં કહે છે, જરી ફળ દુઃખ... વિષય-ભોગની કિંચિત્ શાતા મળે, દેખાય. સ્ત્રી અનુકૂળ હોય, પૈસા હોય, મહેલ-મકાન હોય અને એમાં જરી શાતા પામે તો, કહે છે, શહદ લપેટી તલવારની ધારને ચાટે છે. તલવારની ધાર ઉપર જેમ મધ ચોટ્યું હોય, જરી ઠીક લાગે જરીક મીઠાપણે, પણ જીભ કપાઈ જાય, કટ ફાટી જાય. એમ શાતાના ઉદયમાં જગતને બહારની ચીજ રાજપાટ, સ્ત્રી, કુટુંબ મળે, એમાં જરીક શાતા ઠીક લાગે. પણ એમાં મિથ્યાત્વથી એની જીભ તો કપાઈ જાય છે, આત્માની શાંતિ તો કાપી નાખે છે, કહે છે. આહાહા! સમજાણું કાંઈ? શહદ લપેટી તલવારની ધારને ચાટે છે. મધથી ચોપડેલી તલવાર ચાટે. જરીક લાગે સ્વાદ પણ કપાઈ જાય જીભ, ભાન ન મળે એને. આહાહા!

એમાં છોકરાં ઠીક હોય, વહુઓ કહ્યાગરી હોય, સારા ઘરની આવી હોય, વળી

છોકરાના છોકરાં ઠીક થાય એટલે મૂરખ માને કે અમે હમણાં સુખી છીએ. મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. (શ્રોતા : ભલેને મિથ્યાદ્રષ્ટિ હોય, સુખી તો છે.) આ કીધુંને સુખી. તલવારની ધારે (ચોપડેલા) મધને ચાટવા જેવું સુખ છે. જીભ તો કપાઈ જાય છે ફડાક, ફડાક અંદર. આહાહા! બંધભાવની વાત છે ને. રાગ છે, પુણ્યનો ભાવ છે, એ બંધ છે. એના ફળમાં અનુકૂળ મળે એમાં સુખ જેવું એને લાગે, એમ કહે છે. પણ સુખ છે નહિ, ત્યાં તો દુઃખ છે. આહાહા! મિથ્યાત્વભાવથી એની શાંતિ લૂંટાઈ જાય છે.

ऐसैं मूढ़जन निज संपदा न लखै क्यौंहीं... દેખો. કોઈ પ્રકારે પણ... ભગવાન આત્મા જ્ઞાન ને આનંદની લક્ષ્મી છે એને કોઈ પ્રકારે પણ લખતો નથી એટલે કે જાણવાની દરકાર કરતો નથી. આહાહા! આ સાધુ નામ ધરાવીને પણ, આચાર્ય નામ ધરાવીને પણ આમ મૂઢ મુંઝાય છે, મિથ્યાત્વમાં પડ્યો છે, એમ કહે છે. હોય મિથ્યાત્વ ને મોટા આચાર્ય નામ ધરાવે. શિષ્યો થાય ૨૫-૫૦-૧૦૦-૧૦૦. ધમાધમ હોય, હાથીને હોદ્દે દીક્ષાઓ થાતી હોય ને, કહો. એ તો કોઈ પૂર્વના પુણ્યને કારણે એ સંયોગ હોય. મૂઢ એમાં સુખ માને છે કે અમારે ઠીક થાય છે આ. (શ્રોતા : પ્રભાવના થાય છે.) ધૂળેય પ્રભાવના નથી. પ્રભાવના તો અંદર થાતી હશે કે બહાર? આહાહા! બહારમાં, એ તો વિકલ્પ હોય એને બાહ્ય કહેવાય. બહારની તો વસ્તુ ક્યાં હતી? આહાહા!

ચૈતન્ય ભગવાન.. વિકલ્પથી ભિન્ન એવા નિર્વિકલ્પ સ્વરૂપના આનંદનું વેદન એ પ્રભાવના છે. સાચી પ્રભાવના તો એ છે. આહાહા! અને બહુ તો વિકલ્પ ઉઠે શુભ, એને વ્યવહાર પ્રભાવના (કહેવાય), એ બંધનું કારણ છે. બંધનું કારણ છે એ. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ એવો જુદો છે. ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, એની નિજસંપદા તો જાણે નહીં, કહે છે. છે ને? निज संपदा न लखै.. હું આનંદ અને જ્ઞાનનો સાગર છું. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતના વિકલ્પ એ તો રાગની ઉપાધિ અને મેલ છે. મારામાં નથી ને મારી ચીજ નથી. અજ્ઞાની નિજસંપદાને જાણતો નથી. વિપદાને પોતાની સંપદા જાણે છે. શુભ-અશુભ રાગ તો વિપદા છે, આપદા છે. આપદાને સંપદા માને છે. જોકે બહારની લક્ષ્મી તો ક્યાંય રહી ગઈ ધૂળ. આહાહા!

मूढ़जन निज संपदा न लखै क्यौंही.. એમ છે ને? કોઈ પ્રકારે પણ, આત્મા અંદર શુદ્ધ આનંદ છે એના ઉપર એની દૃષ્ટિ જતી જ નથી. ન્યાં જ અટકીને પડ્યો છે પુણ્યભાવમાં, એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? જૈન સાધુ થાય, દિગંબર હોં નગ્ન દિગંબર, પંચ મહાવ્રતના વિકલ્પ ઊઠે, રાગ છે એ તો. મહાવ્રતના પરિણામ તો રાગ છે. એ રાગમાં એકાકાર થઈ શાતા બાંધે, અનુકૂળતા હોય તો એનો હરખ વેદે. આત્માની શાંતિ

કટ, કપાય જાય છે ત્યારે. આહાહા! હું એક આત્મા, શુભ-અશુભ વિકલ્પના રાગથી તદ્દન મારી ચીજ જુદી છે. મારી સંપદામાં તો આનંદ અને શાંતિ પડી છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની સાધુ થયો હોય તો પણ એવી બહારની ક્રિયામાં (રત) નિજસંપદાને જાણતો નથી. આહાહા! निज संपदा न लखै क्यौंही.. કોઈપણ પ્રકારે પરમાં જ એની બુદ્ધિ ચોંટી હોય છે, બસ, બંધભાવમાં.

यौंही मेरी मेरी निसिवासर रटतु है.. રાત ને દિન. નિસિ એટલે રાત, વાસર એટલે દિ'. રાત ને દિ' આહાહા! આ મેં પુણ્ય કર્યા, આ મારી લક્ષ્મી છે, અમે પૂર્વના પુણ્ય કર્યા એના ફળ મને છે. એમ મૂઢ જીવ બંધભાવ અને બંધના ફળને મારું મારું કરી રહ્યો છે. આહાહા! याही ममतासौं परमारथ विनसी जाई.. એ પરમાં મમતા કરવાથી.. અરે, દયા-દાન-વ્રતના પરિણામમાં મમતા કરવાથી મિથ્યાત્વ થાય છે, કહે છે. આત્માની શાંતિનો નાશ થાય છે. સમજાણું કાંઈ? ममतासौं परमारथ विनसी जाई.. જ્ઞાનાનંદસ્વરૂપ ચિદાનંદ પ્રભુ એનું તો ભાન નથી. कांजीकौ परस पाई दूध ज्यौं फटतु है.. એ મીઠાનું પાણી દૂધમાં નાખે, દૂધ ફાટી જાય. એમ અજ્ઞાની શુભરાગને પોતાનો માને અને એની શાંતિ ફાટી જાય છે, તૂટી જાય છે, કહે છે. આહાહા! સમજાણું કાંઈ? મૂળ તો સુકૃતમાં લીધું હતુંને ઓલામાં. વધારે જોર ત્યાં દેવું છે. બંધભાવ છેને એને. હા, અહીં શાતા મળી એનું ફળ. માને મૂઢ, ક્યાં સુખ હતું? આહાહા!

શરીર અનુકૂળ હોય, પૈસા-આબરુ મોટી હોય, દુનિયામાં મહા પ્રશંસા—એ તો બધી પરવસ્તુ છે. પર એ મને છે, એ માન્યતા જ નિજસંપદાને ખોઈ બેસે છે, એમ કહે છે. कांजीकौ परस पाई.. મીઠાના પાણીનો દૂધને સ્પર્શ મળતાં દૂધ ફટ જાય, દૂધ ફાટી જાય. એમ રાગની ક્રિયા પુણ્યની, દયા, દાન, વ્રત, ભક્તિની એ ક્રિયા મારી છે, એ બંધભાવ એ હું છું. એમાં એનું સમ્યગ્દર્શન ફાટી જાય છે, નાશ થઈ જાય છે, સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી, એનો અર્થ જ નાશ થઈ જાય છે, એમ. કર્તા-કર્મમાં આવ્યું છેને. કર્તા-કર્મમાં, નહીં? ૬૯, ૭૦ ગાથામાં આવ્યું છે. છેને એમાં? સમ્યગ્દર્શનનો નાશ કરે છે. રાગની એકતાબુદ્ધિમાં સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી એટલે એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છેને એમાં? કર્તા, નહીં? ૬૯, ૭૦. લ્યો, પાનું એ આવ્યું.

કહે છે, એ શુભરાગ જે પુણ્ય છે, એ મારું સ્વરૂપ છે એમ માનનારા અજ્ઞાની 'અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર સહજ ઉદાસીન જ્ઞાતા-દૃષ્ટા અવસ્થા તેનો ત્યાગ કરીને...' શું કહે છે? રાગ જે શુભ વિકલ્પ છે, એ મારો છે એમ અજ્ઞાનભાવે માનીને જ્ઞાનભવન—જ્ઞાનનું થવું, આત્માનું થવું, શુદ્ધનું થવું—એવી દશાનો ત્યાગ કરી, એમ. સહજ

ઉદાસીન અવસ્થા તેનો ત્યાગ કરી એટલે કે સહજ ઉદાસીન અવસ્થા ઉત્પન્ન કરતો નથી, એમ 'ત્યાગ કરી'નો અર્થ છે. સહજ અવસ્થા હતી ને ત્યાગ કરે છે, એમ નથી. એમ ન્યાં ક્યાં હતું? સમજાય છે કાંઈ? અહીં તો એમ સિદ્ધ કરવું છે કે જે બંધભાવને પોતાનો માને છે, એ અબંધપરિણામનો નાશ કરે છે. અબંધપરિણામ ઉત્પન્ન થતા નથી એટલે એનો અર્થ કે એ નાશ કરે છે, એમ. સમજાણું કાંઈ? ભારે અટપટી વાતો છે ભાઈ આ!

આ ઓલું તો સહેલું સટ હતું દયા કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા. આવું માળે નીકળ્યું, આ તો બીજું નીકળ્યું. અરે ભાઈ! એવી ક્રિયાઓ તો અનંત વાર કરી. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્ર માટે માથા આપ્યા એવુંય અનંત વાર કર્યું છે. એટલી અર્પણતા, એમ કહેવું છે. પણ એ તો રાગની અર્પણતા છે. કહે છે, રાગમાં એકાકાર થવાથી એની અરાગી આત્મદશાનો નાશ કરે છે. કારણ કે આત્મા વસ્તુ પોતે અબંધ દ્રવ્ય ને અબંધ ગુણ છે. એના પરિણામ અબંધ થવા જોઈએ. સમજાણું કાંઈ? અજ્ઞાનીને ભાન ન મળે. અનાદિથી શુભભાવને પોતાનો માની અને શુદ્ધતાની અવસ્થાનો એ નાશ કરે છે. સમજાણું કાંઈ? નાશ કરે છે એટલે ઉત્પન્ન થતા નથી. એને ઠેકાણે આ ઉત્પન્ન થાય છે એમ કહે છે. આહાહા!

વસ્તુ તો રાગ રહિત અબંધસ્વરૂપ છે, એનો આશ્રય કરતાં અબંધ પરિણામ જ થાય. એવી જ એની દશા અને સ્થિતિ છે. એવા અબંધપરિણામને ઉત્પન્ન નહિ કરતાં, અબંધ પરિણામનો એ નાશ કરે છે. ઉત્પન્ન થયા છે એમ નહિ, પણ ઉત્પન્ન કરતો નથી અને એના સ્થાનમાં રાગની એકતામાં મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે. આહાહા! સમજાણું કાંઈ? कांजीकौ परस पाई दूध ज्यौं फटतु है.. आत्महित ऐसा नष्ट हो जाता है. એટલે આત્મહિત પ્રગટેલું છે અને નષ્ટ થાય? એ રાગબુદ્ધિમાં-અહિતબુદ્ધિમાં આત્માની હિતબુદ્ધિની પર્યાય ઉત્પન્ન થતી નથી. આહાહા! હવે, अज्ञानी जीवकी अहंबुद्धि पर दृष्टांत

અજ્ઞાની જીવની અહંબુદ્ધિ પર દૃષ્ટાંત. (સવૈયા એકત્રીસા)

रूपकी न झाँक हीयैं करमकौ डांक पियैं,
ग्यान दबि रह्यौ मिरगांक जैसैं घनमैं।
लोचनकी ढांकसौं न मानै सद्गुरु हांक,
डोलै मूढ़ रांकसौ निसांक तिहूं पनमैं।।
टांक एक मांसकी डलीसी तामैं तीन फांक,

तीनकौसौ आंक लिखि राख्यौ काहू तनमैं।
तासौं कहै नांक ताके राखिवैकौं करै कांक,
लांकसौं खड़ग बांधि बांत धरै मनमैं॥२९॥

**શબ્દાર્થ :**—મિરગાંક(મૃગાંક)=ચંદ્રમા. ઢાંક=ઢાંકણું. હાંક=પોકાર. ટાંક(ટંક)=જોખવાનું એક માપ (ચાર માશા). ફાંક=ખંડ. કાંક=ઝગડો. લાંક(લંક)=કમર. ખડગ(ખડ્ગ)=તરવાર. બાંક=વક્તા.

**અર્થ :**—અજ્ઞાની જીવને પોતાના સ્વરૂપની ખબર નથી, તેમાં કર્મોદયનો ડાંક[1] લાગી રહ્યો છે, તેનું શુદ્ધ જ્ઞાન એવી રીતે દબાઈ ગયું છે જેમ ચંદ્ર વાદળાઓથી દબાઈ જાય છે. જ્ઞાનરૂપ નેત્ર ઢંકાઈ જવાથી તે સદ્ગુરુની શિખામણ માનતો નથી, મૂર્ખાઈ વશ દરિદ્રી થઈને હંમેશા નિઃશંક ફરે છે. નાક છે તે તો માંસનો એક ટૂકડો છે, તેમાં ત્રણ કાણા છે, જાણે કોઈએ શરીરમાં ત્રણનો આંકડો જ લખી રાખ્યો છે, તેને નાક કહે છે. તે નાક (અહંકાર) રાખવા માટે લડાઈ કરે છે, કમરે તલવાર બાંધે છે અને મનમાં વક્તા ધારણ કરે છે. ૨૯.

૧. સફેદ કાચ ઉપર જે રંગનો ડંક લગાવવામાં આવે છે તે જ રંગનો કાચ દેખાય છે. તેવી જ રીતે જીવરૂપ કાચ ઉપર કર્મનો ડંક લાગી રહ્યો છે, તેથી કર્મ જેવો રસ આપે છે તેવા જ રૂપે જીવાત્મા થઈ જાય છે.

**अर्थ :**—अज्ञानी जीवको अपने स्वरूपकी खबर नहीं है, उस पर कर्मोदयका ढांक लग रहा है, उसका शुद्ध ज्ञान ऐसा दब रहा है जैसे कि चन्द्रमा मेघोंसे दब जाता है। ज्ञाननेत्र ढँक जानेसे वह सद्गुरुकी शिक्षा नहीं मानता, मूर्खतावश दरिद्री हुआ सदैव निःशंक फिरता है। नाक है सो मांसकी एक डली है, उसमें तीन फाँक है, मानों किसीने शरीरमें तीनका अंक ही लिख रखा है, उसे नाक कहता है, उस नाक (अहंकार)के रखनेको लड़ाई करता है, कमरसे तलवार बाँधता है और मनमें वक्रता ग्रहण करता है॥२९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

कांक એટલે ઝગડા. लांकसौ, लांक એટલે કમર કસીને. खड़ग बांधि बांत धरै मनमैं

અમે આવા છીએ, અમે આવા છીએ, અમે મોટા, એના પ્રમાણમાં અમારો વૈભવ હોવો જોઈએ. અમારે હીણું સાધારણ ન ચાલે. કહો, સમજાણું કાંઈ? આહાહા! એમ અભિમાની પરના અહંકારી रूपकी न झांक हीयैं.. અર્થ ચાલે છે પહેલો. સ્વરૂપનું તો ભાનેય નથી, કહે છે, ઝાંક જરીયે નથી. સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળ આનંદકંદ પ્રભુ આત્મા, એની તો ઝાંકેય નથી, કહે છે, ખબરેય નથી. ઉસ પર कर्मोदयका डांक लग रहा है, લો. सफेद काँच पर जिसका रंगका डाँक लगाया जाता है, उसी रंगका काँच दिखने लगता है। उसी प्रकार जीवरूप काँचपर कर्मका डाँक लग रहा है, सो कर्म जैसा रस देता

है, जीवात्मा उसी रूप हो जाता है. પર્યાયમાં રાગરસ આવે. તો 'રાગરૂપ મેરા' ઐસા માનકર રાગરૂપ અજ્ઞાની હો જાતા હૈ. રાગરૂપ થઈ જાય છે, એમ કહે છે, પર્યાયમાં હોં.

બનારસીદાસે આ સ્વતંત્ર રચ્યું છે આ. करमको डांक पियैं. ડાંક રહી ગયો છે કર્મના નિમિત્તમાં. નિમિત્તનાં સંગમાં રાગાદિ ઉત્પન્ન થાય, એથી એમાં રહ્યો રાગની પ્રસિદ્ધિ કરે છે, પણ સ્વરૂપની ઝાંક કરતો નથી. જ્ઞાનાનંદ મારી ચીજ છે, શુદ્ધ છે, દ્રવ્ય છે, ખબર નહિ, એના ઉપર તો ઝાંક પણ કરતો નથી. ग्यान दबि रह्यौ मिरगांक जेसैं घनमैं. મૃગાંક એટલે ચંદ્ર જેમ વાદળામાં દબાઈ રહ્યો છે, એમ જ્ઞાન દબી ગયું છે. એ પુણ્ય-પાપના ભાવમાં દબાઈ ગયું. એ મારા છે ને આ મારું હિત છે. જેમ આ મૃગાંક—ચન્દ્રમા ઘનવાદળામાં ઢંકાઈ ગયો, એમ ભગવાન આત્મા ચૈતન્ય પુણ્યના પ્રેમમાં ઢંકાઈ ગયો, એમ કહે છે. સમજાણું કાંઈ ?

ग्यान दबि रह्यौ मिरगांक जैसैं घनमैं, लोचनकी ढांकसौ न माने सदगुरु हांक.. એ નેત્ર ઢંકાઈ ગયા છે અંદરના, કહે છે. આહાહા ! જ્ઞાનનેત્ર ઢંક ગયા છે, એથી સદ્‌ગુરુની શિક્ષા માનતો નથી. એ કહે બધું ભલે, પણ આપણે અત્યારે એમ ન હોય. એ જ્ઞાની એને કહે લાખ વાર, પણ સાંભળે નહિ ને દરકાર કરે (નહિ). આહાહા ! (શ્રોતા : સાંભળવા આવે શું કરવા ?) સાંભળવા તો આવે કે નહિ ? ખાડામાં પડ્યો હોય ને. ભગવાનના સમવસરણમાં જાય. એમાં શું છે ? જાય તો પણ ધોયેલ મૂળાની જેમ પાછો આવે. આહાહા !

लोचनकी ढांकसौं.. એ અંદર જ્ઞાનનેત્ર ઢંકાઈ ગયા. न मानै सदगुरु हांक.. હાંક નામ આજ્ઞા. આજ્ઞાનો અર્થ, સદ્‌ગુરુની આજ્ઞા એવી હોય છે કે રાગથી રહિત તારી ચીજ છે એની દૃષ્ટિ ને અનુભવ કર. એવી એની આજ્ઞા છે એ આજ્ઞા માનતો નથી, એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? કારણકે ઓલો માને છે એનાથી જ્ઞાનીની આજ્ઞા જુદી છે. રાગ ને પુણ્ય, આ ને આ ને આ ને આ. એ બંધ ભાવમાં એકાકાર છે, એને સદ્‌ગુરુની આજ્ઞાની હાંક વાગતી નથી, કહે છે. અડવા દેતો નથી. डोलै मूढ़ रांकसौ निसांक तिहूं पनमैं.. રાંક જેવો ગરીબ થઈ, मूर्खतावश दरिद्री हुआ सदैव निःशंक फिरता है. રાંકો ભિખારી, જાણે હું છું. આહાહા ! કાંઈક મને લાભ થાય, મને કાંઈક મળે, મને કોઈ મોટો કહે, કાંઈક ગણતરીમાં દુનિયા લે—એમ ભિખારી પરમાં માંગણી આવી કરે છે. આહાહા !

डोलै मूढ़ रांकसौ.. ભિખારી જેવો ડોલે. આહાહા ! ક્યાંય મને મોટો કહો, મોટો કહો. સારો કહો, મારા નામની જલ્સા ઉડાવો, જલ્સા ઉડાવો. નામ જ તારું નથીને, આ નામ તો જડનું છે. निसांक तिहूं पनमें, લ્યો. એ અજ્ઞાની તો નિઃશંક થઈને ફરે છે, સદૈવ

નિઃશંક થઈને. પણ આ તને ભાન નથી માળા. તારે દુનિયા પાસે શું લેવું છે? ભઈ, જશ મળે જાનગરા. જશ ક્યાંથી હોય? દુનિયા સારા કહે. મરી જઈશ પણ, હવે સાંભળને! टांक एक मांसकी डलीसी तामैं तीन फांक.. આ નાક રાખવા માટે મરી જાય છે, કહે છે. આ ત્રગડો છેને જુઓને. આ ત્રગડો છે ને આ. જુઓને આ ત્રણ. ત્રણ છેને ત્રણ. (શ્રોતા : બે આ બાજુ.....) ને એક વચ્ચે. टांक एक मांसकी डलीसी तामैं तीन फांक.. ત્રણ તો આ. तीनकौसौ आंक लिखि राख्यो काहू तनमै.. શરીરમાં ત્રણનો આંકડો લખી રાખ્યો છે, જાણે. એ નાક માટે બધું કરવું પડે. એ તમને ખબર ન પડે, તમને શું,,, ? નાક રાખવા માટે કરવું પડે. આ નાકની તો થાશે રાખ.

અમારા ઘર પ્રમાણે, મોભા પ્રમાણે બધું સાચવવું પડે, તમને ન ખબર પડે. તમે કોઈ દિ' પૈસા જોયા નથી. એય! એક ફેરી કહ્યું'તું હોં એણે. 'બાપુજીએ આટલા બધા પૈસા ક્યાં જોયા હતા?' કહે. ખબર છે? અમદાવાદ કહ્યું હતું. એ તમને ખબર નથી, ભૂલી ગયા. એય! ખબર છે કે નહિ? લ્યો, તમારા છોકરાને ખબર છે. લે કહ્યું હતું એણે. તમારી પાસે ક્યાં હતા? પચીસ હજાર, પચાસ હજાર હતા. આને તો કરોડો રૂપિયા. ૩ કરોડ. 'બહારમાં પડવા જેવું નથી હોં' પાછું ઓલાને કહે.... પણ એ તો બહાર તો પાડે. લોકોય પાડે છે ને. એ પછી એના કટકા કરીને પાડે. વહુના નામના, છોકરાના નામના. ફલાણા નામના, ઢીંકણા નામના. એ કંઈ વાણિયા છે એટલે એમ કંઈ ઝટ આપી દે એવું છે નહિ કાંઈ. આહાહા!

तीनकौसौ आंक लिखि राख्यौ काहू तनमैं.. કહે છે, માણસની એક ડલી એક નાનો કટકો. કાંઈ ઝગડા કરે ઝગડા. फांक – ખંડ. ત્રણ ફાંક છેને ત્રણ ખંડ, આમ. એક, બે ને ત્રણ ખંડ. કમર.. એ તો પછી કહેશે. અરે! नाक कहता है उस नाक(अहंकार)के रखनेको लड़ाई करता है. ભઈ નાકની વ્યાખ્યા કરી અહંકાર. ભઈ, અમારે દીકરી પરણાવવી હોય તો રીતસર જોઈએ ઘર. ઘર જોઈએ, વર જોઈએ, એનાં પ્રમાણમાં જોઈએ. હવે ગરીબને ઘરે ગામમાં આપે, એ કાંઈ સરખાઈ કહેવાય? એમ મૂઢ અહંકાર કરીને ચૈતન્યના સ્વભાવને ભૂલી જાય છે. આહાહા! આ તો બધું પાણી મૂકીને થયું છે આ બધું. ચીમનભાઈ! શું હશે આ બધું? આવી નાની ભૂલેય મોટી કહેવાતી હશે? (શ્રોતા : સાહેબ! મોટામાં મોટી છે.) અરે! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ, એની તો તને ખબર નથી, એની તને શ્રદ્ધા નથી અને આવા નાના-મોટામાં અહંકાર કરી રહ્યો છે. મૂઢ છો, એમ કહે છે. આહાહા! મિથ્યાત્વ છે ત્યાં મોટું, એમ કહે છે. આહાહા!

करै कांक लांकसौं खड़ग, એમ. લો, કમર બાંધી.. બરાબર કમર બાંધી છે હમણાં,

કહે છે. ધંધો-બંધો એવો હાલતો હોયને, (તો કહે), કમર બાંધી છે, હમણાં કમર બાંધી છે. એક કોર પોતાનું રક્ષણ કરે ને કહે, અમારી પાછળ તમે કમર બાંધી છે હોં. બોલે છે કે નહિ? આહાહા! શેના કમર બાંધે? ધૂળેય... માળા મૂઢ. 'અમારી પાછળ તમે કમર બાંધી, અમારા માટે તમે બહુ કમર બાંધી' એવું કહે. કાંતિભાઈ! શું હશે આ બધું? આવું હશે ઘોર અંધકાર? એ વ્યવહારનો જે અભિમાન છે એ મિથ્યાત્વ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો પરચીજ છે. એમાં અમે કરીએ ને અમારે જોઈએ, અમારા પ્રમાણમાં અમારે જોઈએ, કહો. હરખ જમણ કરે છે ત્યારે... કરે છેને હરખજમણ? પહેલાં હતું, હવે તો ક્યાં...? પહેલા નવ ટંક જમાડતા ને દસમું ટંક હરખ જમણ. (શ્રોતા : આ પાર્ટી એ હરખ જમણ) આ પાર્ટી. એક દિ' સાંજે જમીને સાંજે રવાના કરી દે. એક ટંક જમણ.....

પહેલા તો નવ-નવ ટંક જમાડતા અને વરસીતપ... વરસીતપ શું કહેવાય એ? ના, વરસી નહીં. વરસી તો મરી ગયા હોય એને કહેવાય. ત્યાં તો વરસીતપ કહીએ, પણ વરસીતપેય નહિ, વરસી એય નહિ. વણોઠી. વણોઠી કરે. અમારા ગામમાં થાતાં ને પહેલાં નાની ઉંમરમાં..... વણોઠી કરતા. વેવાઈ વેલાં આવ્યા હોય તો કરે બે ટંક. પછી માણસ, માણસને લાવે સારી રીતે. ઓલો વણોઠી કરતો હોય વેવાઈ એટલે માંડવાવાળો પણ ગામના પોતાના સગાંવહાલા બીજા સંબંધી બધાને લાવે. ત્રણસો-ચારસો માણસ થઈ જાય. એલા, પણ આપણે સો માણસનું કરી.... વણોઠી કરી છે એટલે અમારા સંબંધી આવ્યા બધા. નાક રાખવા માટે મરી જાય. દેણું કરીને પણ કરે.

खड़ग बांधि बांक धरै मनमैं, લ્યો. વાંક એટલે વક્રતા. માળા વાંકા થઈ વાંકા આડા. આહાહા! અરે પ્રભુ! તું કોણ ક્યાં છો? ભાઈ! એ બધા પરના અહંકાર એ બધું મિથ્યાત્વભાવ છે. આહાહા! અમારા જેવું શરીર સુંદર નહિ, અમારા જેવા ઘરની બાયડી કહ્યાગરી અને એવી ખાનદાન દીકરી નહીં. એલા પણ તારે હતું કે દિ'? સાંભળને! મફતનો શેનો મંડ્યો છે? અમારા છોકરા... ફલાણા તોફાન કરે તો એ અમારો છોકરો ન હોય. અમારા છોકરા તો ડાહ્યા હોય. હોય ભલે ચોર મોટા, પણ માને નહિ.

'છગન મગન સોનાના, પાડોશીના ગારાનાં', પાછું વળી એમ કહે. પાડોશીના પિત્તળના ને ગામમાં ગારાના, એમ. પાડોશી ને પિત્તળ. ઓલો પ-પ આવ્યોને. ગામનો ગારો. એટલે ગ ને ગ. એમ છગન, મગન સોનાના. અમારાં છોકરાં સોનાના. છોકરાં કે દિ' હતા તારા? સાંભળને માળે! એ તો કો'ક જગતના આત્મા છે. જગતની ચીજ છે. જગતના રજકણ, એના શરીર એ જગતના રજકણ જુદી ચીજ છે. હાય, હાય, મારી નાંખ્યા. આંહીં તો કહે છે, આત્મા આનંદસ્વરૂપ સિવાય એક રાગના કણને અને રજકણને

પોતાના માને, અહંકાર કરે, એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? લ્યો, રખનેકો લડાઈ કરે. નાક રાખવા. અહંકાર રખના હો... कमरसे तलवार बांधता है और मनमें वक्रता ग्रहण करता है.

अज्ञानीकी विषयासक्तता पर दृष्टांत હવે.

(સવૈયા એકત્રીસા)

जैसैं कोउ कूकर छुधित सूके हाड़ चाबै,
　　हाड़निकी कोर चहुं ओर चुभैं मुखमैं।
गाल तालु रसना मसूढनिकौ मांस फाटै,
　　चाटै निज रुधिर मगन स्वाद-सुखमैं।।
तैसैं मूढ़ विषयी पुरुष रति-रीति ठानै,
　　तामैं चित्त सानै हित मानै खेद दुखमैं।
देखै परतच्छ बल-हानि मल-मूत-खानि,
　　गहै न गिलानि पगि रहै राग-रुखमैं।।३०।।

**શબ્દાર્થ** :—પગિ રહૈ=મગ્ન થઈ જાય. રુખ=દ્વેષ.

**અર્થ** :—જેમ ભૂખ્યો કૂતરો હાડકું ચાવે છે અને તેની અણી ચારે કોર મોઢામાં વાગે છે, જેથી ગાલ, તાળવું, જીભ અને જડબાનું માંસ ચીરાઈ જાય છે અને લોહી નીકળે છે, તે નીકળેલા પોતાના જ લોહીને તે ખૂબ સ્વાદથી ચાટતો થકો આનંદિત થાય છે, તેવી જ રીતે અજ્ઞાની વિષય-લોલુપી જીવ કામ-ભોગમાં આસક્ત થઈને સંતાપ અને કષ્ટમાં ભલાઈ માને છે. કામક્રીડામાં શક્તિની હાની અને મળ-મૂત્રની ખાણ સાક્ષાત્ દેખાય છે, તોપણ ગ્લાનિ કરતો નથી, રાગ-દ્વેષમાં મગ્ન જ રહે છે. ૩૦

**अर्थ** :—जिस प्रकार भूखा कुत्ता हड्डी चबाता है और उसकी नोंक चारों ओरसे मुखमें चुभ जाती है, जिससे गाल, तालु, जीभ तथा जबड़ोंका मांस फट जाता है और खून निकलता है, उस निकले हुए अपने ही रक्तको वह बड़े चावसे चाटता हुआ आनंदित होता है। उसी प्रकार अज्ञानी विषयलोलुपी जीव काम-भोगमें आसक्त होकर संताप और कष्टमें भलाई मानता है। कामक्रीड़ामें शक्तिकी हानि और मल-मूत्रकी खानि साक्षात् दिखती है, तो भी ग्लानि नहीं करता, राग-द्वेषमें मग्न ही रहता है।।३०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન** :

જેમ ભૂખ્યો કૂતરો હડ્ડી ચાવે છે હાડકાં. હાડની કોર વાગે અણી દાઢમાં, આહીં તાળવામાં. તાળવું પોચું હોય, એમાં અણી વાગે, એમાંથી લોહી નીકળે. चुभै मुखमैं, गाल तालु रसना मसूढ़निकौ मांस फाटै.. તાળવું, જીભ એમાં બધે માંસ ફાટે. चाटै निज रुधिर.. એ તો પોતાનું લોહી ચાટે ને મૂઢ માને છે કે હું હાડકા ચાટું છું. આહાહા! मगन स्वाद-सुखमैं, तैसैं मूढ़ विषयी पुरुष रति–रीति ठानै.. આહાહા! સ્ત્રીનો વિષય એમાં રમવામાં રતિ માને, એમાં સુખ છે ને મજા છે એમ માને. મૂઢ છે, કહે છે, મિથ્યાદૃષ્ટિ છે એ. આવી વ્યાખ્યા છે. रति रीती ठानै, એમ છે ને? રતિમાં સુખ માને. अज्ञानी विषय लोलुपी जीव काम–भोगमें आसक्त होकर संताप और कष्टमें भलाई मानता है, લો.

तामैं चित्त सानै.. ખરેખર તો એનો રાગ ત્યાં એકાગ્ર થાય છે. હિત માને. એમ કહે, એમાં મને મજા પડે છે. આહાહા! સ્ત્રીનું શરીર–માંસ, હાડકા, ચામડાં, પેશાબ, વિષ્ટાથી ભરેલું બધું, એની એમાં रति–रीति ठानै.. પ્રેમ કરે, વિષય-રતિ. चित्त सानै हित मानै.. ઠીક છે આમાં, મજા પડે છે. અને શરીરમાં ખેદ થાય, શરીરમાં દુઃખ થાય, કષ્ટ થાય, પ્રત્યક્ષ દેખે તો પણ એને સુખ માને. देखै परतच्छ बल–हानि.. આહાહા! વિષયની વાસનામાં બળની હાનિ, વીર્યની હાનિ થાય છે, શરીરનું બળ ઘટે છે. मल–मूत–खानि.. આહાહા! ઝાડા, પેશાબ ને વિષ્ટાની ખાણ છે. અમૃતની ખાણ છે પ્રભુ આત્મા (અને) શરીર મળ-મૂત્રની ખાણ છે. સંતાપ અને કષ્ટમાં ભલાઈ માને. શરીરમાં કષ્ટ થાય, પસીનો થાય, શરીર જીર્ણ થાય, જઠર મંદ પડી જાય, ખોરાક લઈ શકે નહિ. એટલું શરીરમાં વીર્યની હાનિ થતાં છતાં એને સુખી માને. એ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે, એમ કહે છે આંહીં.

ત્યારે કહે, સમકિતી હોયને, એ પણ સ્ત્રીને તો પરણે છે ને લગન હોય છે. નથી, બાપુ! તને ખબર નથી. એ સ્ત્રીનો લગન કરતો જ નથી સમકિતી. એ તો લગની આત્મા ઉપર એને લાગી છે. આહાહા! એને રાગ આવે છે વિકલ્પ એનો એ ધણી નથી ને એમાં દુઃખ માને છે. આહાહા! સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રીઓ. એને છે એમ કહેવું એ વાત જ ખોટી છે, કહે છે. સમકિતીને સ્ત્રી જ ન હોય. સમકિતીને રાગ ન હોય તો સ્ત્રી ક્યાંથી આવી? એમ કહે છે અહીં તો. આહાહા! રાગ ન હોય એટલે પોતાની દૃષ્ટિમાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રાગ લાવતો જ નથી. રાગને પોતામાં ખતવતો નથી એટલે રાગરહિત છે સમકિતી. આહાહાહા! સમજાણું કાંઈ?

અહીં તો સમ્યગ્દર્શન અને મિથ્યાત્વ—બેની જ વાત છે આમાં. પોતાનો આનંદસ્વરૂપ ભગવાન, એમાંથી સુખબુદ્ધિ છોડી દઈને રાગમાં રતિ અને સુખબુદ્ધિ કરે છે, એ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે, એમ કહે છે. આહાહા! ભલે પછી દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો

હોય. સમજાણું? પણ એમાં સુખ માને છે એ મૂઢ મિથ્યાદષ્ટિ છે. ખરેખર એ દેવ-ગુરુને માનતો નથી. કેમ કે દેવ- ગુરુ એ તો શુદ્ધની શ્રદ્ધાની વાત કરે છે. 'દેવ, ગુરુ, ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો'. રાગના—પુણ્યના પ્રેમભાવથી પણ પ્રભુ ભિન્ન છે એવી શુદ્ધ શ્રદ્ધા કરતો નથી, તો દેવ-ગુરુ-શાસ્ત્રની પણ તને શ્રદ્ધા નથી, એમ કહે છે. ઓહોહો! આત્મામાં આનંદને ભૂલી કોઈપણ રાગના વિકલ્પમાં ને નિમિત્તમાં ઉલ્લાસિત વીર્યનું થવું, એ જ મિથ્યાત્વભાવ છે. ધરમચંદભાઈ! આવી વાત છે બહુ ભારે!

गहै न गिलान पगि रहै राग—रुखमैं.. ગ્લાનિ ન ગ્રહે કે અરેરે! આ શરીર પેશાબ, વિષ્ટા, મળ-મૂત્રની ખાણ, હાડકાં ને ચામડા એની ગ્લાનિ ન ગણે. पगि रहै.. મગ્ન રહે રાગ ને દ્વેષમાં. રાગમાં લીન છે ને કાં દ્વેષમાં લીન છે. એ બધા મિથ્યાદષ્ટિના લક્ષણ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? કેમ કે રાગમાં ને પરમાં સુખ નથી. એવા તત્ત્વને સુખરૂપ માન્યું, એ વિપરીત દૃષ્ટિ થઈ. સ્વરૂપમાં સુખ છે એ ન માન્યું, એ વિપરીત દૃષ્ટિ થઈ. અજીવમાં ઠીક છે તો અજીવને જીવ માન્યો, રાગમાં મજા છે એ આસ્રવમાં જીવ માન્યો. આહાહા! હમણાં આમાં ઊતાર્યુ છે. 'જે આ તમે એમ કહો છો', જૈન સંદેશમાં આવ્યું છે ભાઈ! એણે એવું લખ્યું છે ઓલા રતનચંદજીએ. 'વિપક્ષ' છેને ઓલો શબ્દ. અસમગ્ર સમકિત આદિ. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં. પૂર્ણ વસ્તુથી વિપક્ષ એટલે એણે કહ્યું કે 'દેશ સમકિતી નામ દેશ—અંશે ચારિત્ર છે એ સમગ્રથી વિપરીત છે. માટે એનાથી બંધ થાય.' રતનચંદજી (ઉવાચ).

પણ એ વિપક્ષ નથી. પૂર્ણ દર્શન-જ્ઞાન-ચારિત્રથી દેશરૂપે—અંશે ચારિત્ર ને સમ્યગ્દર્શન-જ્ઞાન એ વિપરીત નથી, વિપક્ષ નથી, એ તો એક જાત છે. સારું લખ્યું છે. ઓલામાં આપ્યો છેને દાખલો. ધવલમાંથી આપ્યો છે. ધવલમાં આવે છેને કે દેવ છે તે પૂર્ણ વીતરાગ છે, અરિહંત ને સિદ્ધ. આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ તો પૂર્ણ વીતરાગ નથી અને એને તમે રત્નત્રય કહો છો. એમાં આવે છે. એમાં લખ્યું છે હોં. પણ એ દેશ રત્નત્રય છે એ પણ વીતરાગતા છે, એ વીતરાગની જાતના જ છે. પૂર્ણ અને અપૂર્ણ, એટલો જ ફેર છે. છે અપૂર્ણ, પણ છે વીતરાગતા. આહાહા! સમજાણું કાંઈ? એમ આત્મામાં... વિપક્ષ કહ્યું છેને એમાં. ગાથા કેટલામી છે?

असमग्रं भावयतो रत्नत्रयमस्ति कर्मबन्धो यः।
स विपक्षकृतोऽवश्यं मोक्षोपयो न बन्धनोपायः॥२११॥

એનો અર્થ ઓલો ઊંધો કર્યો છે. જે અસમગ્રભાવ છે, એનાથી દેશભાવ છે તે વિપક્ષ છે અને એ વિપક્ષથી બંધ થાય છે અને એ બંધ મોક્ષનો ઉપાય છે. અપૂર્ણ

રત્નત્રયની ભાવના કરનાર પુરુષને શુભકર્મનો બંધ થાય છે. તે બંધ વિપક્ષકૃત અથવા રાગકૃત હોવાથી... વિપક્ષ તો રાગ વિપક્ષ છે. પૂર્ણ દર્શન, જ્ઞાન, ચારિત્રનું અંશે જે (પરિણમન) છે એ એનું વિપક્ષ નથી. પણ એ અન્વય વ્યતિરેક લગાડીને લાવ્યા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે. કે અપૂર્ણ હોય ત્યાં રાગથી બંધ થાય છે અને અપૂર્ણ ન હોય તો બંધ થતો નથી. માટે સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર સાથે અન્વય-વ્યતિરેક થાય છે. પણ આણે કહ્યું, એમ નહીં. 'विपक्षकृतोऽवश्यं...' એમ કીધુંને, 'विपक्षकृतोऽवश्यं मोक्षोपयो' એમ નાંખ્યું એમણે કાવ્યમાં. માળા ઊંધા.

માથેથી ચાલે છે કે જેટલે અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એટલે અંશે તો અબંધ છે અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે બંધ છે. એટલો રાગ બંધનું કારણ છે, સમકિતીને, મુનિને પણ. એ રાગ, નિશ્ચયસ્વરૂપ જે મોક્ષનો માર્ગ એનાથી વિપક્ષ છે. પૂર્ણ સ્વરૂપથી, અપૂર્ણ વિપક્ષ છે, એમ નહીં સમજાણું કાંઈ? બહુ લડાઈ ચાલે છે અંદર માંહોમાંહે. આ બધા જાગ્યા હવે. ભાઈ! માર્ગ તે કાંઈ... જે ભાવે બંધ થાય એ ભાવ મોક્ષમાર્ગ હોય? અને જે મોક્ષનો–છૂટવાનો માર્ગ છે એનાથી બંધ થાય? આહાહા! બહુ બધી વાત.... છેલ્લે તો લીધું છે, શુભ ઉપયોગ અપરાધ છે એ. .....અપરાધ છે એ. સમકિતીની ભૂમિકામાં તીર્થંકરગોત્ર બંધાય ને મુનિની ભૂમિકામાં આહારક શરીર બંધાય, એ શુભ ઉપયોગ અપરાધ છે. મોક્ષના માર્ગથી બંધ છે નહિ. આહાહા! આરે, લોકોને કાંઈ ખબર નહિ, હવે આ સળવળ્યા.

અહીંથી બહાર આવ્યુંને કે જરાક માત્ર.... અહીં તો નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ, તીર્થંકરની શ્રદ્ધાનો રાગ અને સિદ્ધાંતની રૂચિનો રાગ–બેય બંધના કારણ છે. ૧૭૦ (ગાથા)માં આવ્યું. 'પંચાસ્તિકાય'. 'પંચાસ્તિકાય'માં. નવ તત્ત્વની રૂચિ એ રાગ. તીર્થંકર કહે છે કે અમારી રૂચિ એ રાગ. છે ને? પંચાસ્તિકાય નહીં? ૧૭૦ ગાથા છે. જુઓ, 'સંયમ, તપ સંયુક્ત હોવા છતાં નવ પદાર્થો, તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે, સૂત્રો પ્રત્યે જેને રૂચિ વર્તે, તે જીવને નિર્વાણ દુરતર છે.' તેને મોક્ષ દુર છે. પાઠમાં જુઓ. 'सपयत्थं.' નવ પદાર્થની ભેદવાળી શ્રદ્ધા વિકલ્પ છે. તીર્થંકર, પોતે તીર્થંકર સાક્ષાત્ ત્રણ લોકના નાથ, એની શ્રદ્ધા પણ રાગ છે. 'अभिगदबुद्धिस्स सुत्तरोइस्स.' અને સિદ્ધાંત શાસ્ત્ર વીતરાગના, આગમનો પ્રેમ, રૂચિ એ પણ રાગ છે. 'दूरंतरं णिव्वाणं'. કોને? 'संजमतवसंपउत्तस्स.' સમ્યગ્દૃષ્ટિ છે, અંતર ચારિત્ર દશા છે, એને પણ જે આટલો રાગ રહે, એ બંધનું કારણ છે. માર્ગ વીતરાગ માર્ગ છે આ તો. સમજાય છે કાંઈ?

કહે છે, રાગ અને દ્વેષમાં મગ્ન છે... અહીં છેલ્લું એ લેવું છે ને? ચાહે તો સત્ય

સ્થાપવાનો શુભરાગ હો કે અસત્ય ઉથાપવાનો દ્વેષ અંશ હો. સમજાય છે કાંઈ? છદ્મસ્થ સત્ય સ્થાપવા જાય છે ત્યાં શુભરાગ આવે છે. અસત્ય ખોટું ઉથાપવા જાય છે, ત્યાં દ્વેષનો અંશ આવે છે. છે એ બધો પ્રશસ્ત રાગ અને બંધનું કારણ છે. વસ્તુ જ્ઞાતા-દ્રષ્ટા જ્ઞાનસ્વરૂપ, તેમાં વળી આ સ્થાપન ને આ અસ્થાપનની વૃત્તિ ઉઠે, (એ વિકલ્પ છે.) એવી વાત છે.

એટલે કહે છે, અરે! શરીરમાંથી હાડકાં, ચામડા, પેશાબ, લોહી આદિ—પાંચ જો જુદા કરીને તપેલામાં ભરે, પાંચ અહીંથી કાઢીને, સામું જોવે નહિ. પણ માથે જ્યાં ચામડું મઢેલું. અંદર હાડકાં, ચામડાં માથે. આ માથે.... એની ગ્લાનિ નથી એને અજ્ઞાનીને, કહે છે. એમાં એને સુખબુદ્ધિ પ્રેમ વર્તે છે. આહાહા! દ્વેષ નથી હોં આમ કંઈ. આવું શરીર છે માટે એમાં દ્વેષ છે, એમ નહીં. શરીરની સ્થિતિ આવી છે. અજ્ઞાની પરમાં પ્રેમ કરી અને રાગ-દ્વેષને પ્રગટ કરે છે. રાગદ્વેષના નિમિત્ત... પણ રાગ-દ્વેષ રહિત ભગવાન આત્મા શુભરાગથી પણ રહિત પ્રભુ, એવા ચૈતન્યની રૂચિ અને જ્ઞાન કરતો નથી, તેથી તેને બંધભાવ ટળતો નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૯૬, અષાઢ સુદ ૧૩, મંગળવાર તા. ૬-૭-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૩૧ થી ૩૪ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક. બંધ અધિકાર. નીચે ૧૦મો કળશ છે. ૧૯૩ પાનું છે ને? ૧૦મો કળશ.

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावादात्मानमात्मा विदधाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष नास्तीह येषां यतयस्त एव॥१०॥

એનું ૫૬ છે ૫૬. जो निर्मोही है वह साधु है.

જે નિર્મોહી છે તે સાધુ છે (અડિલ્લ)

सदा करमसौं भिन्न, सहज चेतन कह्यौ।
मोह-विकलता मानि, मिथ्याती ह्वै रह्यौ॥
करै विकल्प अनंत, अहंमति धारिकै।
सो मुनि जो थिर होइ, ममत्त निवारिकै॥३१॥

**શબ્દાર્થ :—**અહંમતિ=અહંબુદ્ધિ. નિવારિકૈ=દૂર કરીને.

**અર્થ :—**વાસ્તવમાં આત્મા કર્મોથી નિરાળો સહજ ચેતનરૂપ છે, પરંતુ મોહને કારણે સ્વરૂપ ભૂલીને મિથ્યાત્વી બની રહ્યો છે અને શરીર આદિમાં અહંબુદ્ધિ કરીને અનેક વિકલ્પો કરે છે. જે જીવ પરદ્રવ્યોમાં મમત્વભાવ છોડીને આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તે સાધુ છે. ૩૧.

अर्थ :—वास्तवमें आत्मा कर्मोंसे निराला है, परन्तु मोहके कारण स्वरूपको भूलकर मिथ्यात्वी बन रहा है और शरीर आदिमें अहंबुद्धि करके अनेक विकल्प करता है। जो जीव परद्रव्योंसे ममत्वभाव छोड़कर आत्मस्वरूपमें स्थिर होता है वह साधु है॥३१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

વાસ્તવમાં આત્મા કર્મથી સદાય—ત્રિકાળ ભિન્ન છે. सदा करमसौं भिन्न, सहज चेतन कह्यौ.. એ સ્વાભાવિક જ્ઞાનાનંદ સ્વરૂપ એ આત્મા. બંધ અધિકાર છેને એટલે બંધરહિત જ આત્મા છે એમ કહે છે. શરીર, કર્મ આદિ અથવા રાગ આદિથી બંધરહિત જ સદાય આત્મા ભિન્ન છે. सदा करमसौं भिन्न.. સ્વાભાવિક ચેતન કહ્યો. સહજ સ્વરૂપ

ચૈતન્ય–જાણન, આનંદ આદિ, એને કંઈ કર્મનો ને રાગનો સંબંધ છે નહિ. मोह विकलता मानि.. પણ પોતાના સ્વરૂપને ભૂલી, રાગ ને દ્વેષ ને કર્મસહિત છું, કર્મવાળો છું, રાગવાળો છું—એમ મોહની વિકલતા–મૂઢતા માની मिथ्याती व्है रह्यौ.. રાગ તે હું છું, કર્મ તે મને છે, કર્મના બંધમાં હું છું—એવો જે વ્યવહાર છે, એને જ પોતાનું સ્વરૂપ માન્યું છે. એ મિથ્યાત્વી જીવ છે એમ કહે છે.

કર્મબંધન સહિત છું, રાગસહિત છું—એ માન્યતા મિથ્યાદષ્ટિની છે એમ કહે છે. કેમ કે સદા કર્મથી ભિન્ન, એ તો ત્રિકાળ ભિન્ન છે, અબદ્ધસ્વરૂપ છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ અતીન્દ્રિય આનંદસ્વભાવ ચેતન સહજ કર્મ ને રાગથી ભિન્ન હોવા છતાં મિથ્યાદષ્ટિ મોહમાં ઘેલછાઈમાં (માને છે કે) હું રાગ છું, કર્મથી બંધાયેલો છું. દેખો, શાસ્ત્રમાં કર્મથી બંધાયેલો તો કહ્યું છે. (શ્રોતા : ક્યા નયે કહ્યું છે?) વ્યવહારનયે. એ વ્યવહારનય છે એ જૂઠી છે, એમ કહ્યું. અસદ્‌ભૂતનયની સાથે આ પોતાનો.... રાગ તે નિશ્ચયથી અસદ્‌ભૂત છે. આહાહા! રાગનો વિકલ્પ હો કે કર્મસંબંધ, એ સંબંધ વિનાની–બંધ વિનાની ચીજ છે એમ કહે છે. સંબંધરહિત કહો કે બંધરહિત કહો. એવો આત્મા સદાય એવી ચીજ હોવા છતાં મોહની ભ્રાંતિથી મિથ્યાત્વી થઈને, રાગ તે હું, કર્મ તે હું, કર્મબંધનમાં છું—એ માન્યતા મિથ્યાત્વીની છે.

करै विकल्प अनंत.. હું નારકી છું, હું મનુષ્ય છું, હું દેવ છું, હું ક્રોધી છું, હું માની છું, લોભી છું, રાગી છું, દ્વેષી છું, દેવ છું—એવા અનંત વિકલ્પો મિથ્યાદષ્ટિ अहंमति धारिकै.. રાગાદિમાં ને પરાદિમાં અહંપણું માની અનંતા આવા વિકલ્પ કરે છે. છે નહિ એવો માનીને અનંતા વિકલ્પો કરે છે એમ કહે છે. सो मुनि जो थिर होइ.. તેને સમ્યગ્દષ્ટિ કહીએ. મુનિ... यतयः શબ્દ પડ્યો છે ખરો. थिर होइ, ममत निवारिकै.. રાગ અને કર્મ એ મારામાં છે જ નહિ. એમ પરનું મમત્વ છોડી અને પોતાના આનંદસ્વરૂપમાં સ્થિર એકત્વપણે રહે છે, એને અહીંયાં સમકિતી અથવા મુનિ કહે છે. કહો, સમજાણું? વિકલ્પ અનંત કરે છે. એમાં મોટી વ્યાખ્યા છેને આખી. નારકી છું, મનુષ્ય છું, દેવ છું, ક્રોધ છું, માન છું, હું પુણ્યવાળો છું, પાપવાળો છું. આહાહા! જેનાથી રહિત છે, એનાથી સહિત માનવાનો વિકલ્પ પોતે મિથ્યાત્વભાવ છે એમ કહે છે. હવે, सम्यग्दृष्टि जीव आत्मस्वरूपमें स्थिर होते हैं. એ શ્લોક આવ્યો અગિયાર.

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै–**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।**

सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बघ्नान्ति संतो धृतिम् ।।११।।

સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે. (સવૈયા એકત્રીસા)

असंख्यात लोक परवांन जे मिथ्यात भाव,
तेई विवहार भाव केवली-उकत हैं।
जिन्हकौ मिथ्यात गयौ सम्यक् दरस भयौ,
ते नियत-लीन विवहारसौं मुकत हैं।।
निरविकलप निरुपाधि आतम समाधि,
साधि जे सुगुन मोख पंथकौं ढुकत हैं।
तेई जीव परम दसामैं थिररूप ह्वैकै,
धरममैं धुके न करमसौं रुकत हैं।।३२।।

**શબ્દાર્થ** :—અસંખ્યાત લોક પરવાંન=જેટલા લોકાલોકના પ્રદેશો છે. ઉક્ત=કહેલા. નિયત=નિશ્ચયનય. મુક્ત=છૂટેલા.

**અર્થ** :—જિનરાજનું કથન છે કે જીવને જે લોકાલોકના પ્રદેશો જેટલા મિથ્યાત્વભાવના અધ્યવસાયો છે તે વ્યવહારનયથી છે. જે જીવને મિથ્યાત્વ નષ્ટ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે વ્યવહાર છોડીને નિશ્ચયમાં લીન થાય છે, તે વિકલ્પ અને ઉપાધિરહિત આત્મ–અનુભવ ગ્રહણ કરીને દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં લાગે છે અને તે જ પરમધ્યાનમાં સ્થિર થઈને નિર્વાણ પ્રાપ્ત કરે છે, કર્મોનો રોક્યો રોકાતો નથી. ૩૨.

**अर्थ** :—जिनराजका कथन है कि जीवके जो लोकाकाशके प्रदेशोंके बराबर मिथ्यात्वभावके अध्यवसाय हैं वे व्यवहारनयसे हैं। जिस जीवको मिथ्यात्व नष्ट होनेपर सम्यग्दर्शन प्रगट होता है वह व्यवहार छोड़कर निश्चयमें लीन होता है, वह विकल्प और उपाधिरहित आत्म-अनुभव ग्रहण करके दर्शन-ज्ञान-चारित्ररूप मोक्षमार्गमें लगता है और वही परमध्यानमें स्थिर होकर निर्वाण प्राप्त करता है, कर्मोंका रोका नहीं रुकता।।३२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

असंख्यात लोक परवानं जे मित्यात भाव, तेइ विवहार भाव केवली—उकत हैं. જેટલા અસંખ્યાત લોક પ્રમાણે પુણ્ય-પાપના વિકલ્પો-ભાવ છે, એ બધા વિભાવ છે અને તેટલા જ મિથ્યાત્વ છે. तेइ विवहार भाव केवली—उकत है.. મિથ્યાત્વભાવને જ વ્યવહારભાવ કહ્યો, વ્યવહારભાવને મિથ્યાત્વભાવ કહ્યો. આહાહા! આ મોટી ચર્ચા ચાલી

હતી આના ઉપર. એ વખતે—બનારસીદાસ વખતે શ્વેતાંબરના મેઘવિજય (સાથે). એમ કહે, 'વ્યવહાર એ મિથ્યાત્વ?' આંહીં તો વ્યવહાર નામ પરવસ્તુ, વિકલ્પ આદિ એ સહિત વસ્તુ નથી. અબદ્ધસ્પૃષ્ટ છે તે સમ્યગ્દર્શન છે અને તે સમ્યગ્દર્શનનો વિષય છે. એમ ન માનતાં એ વ્યવહારવાળો, રાગવાળો, પુણ્યવાળો, દયા-દાન-ભક્તિ-પૂજાવાળો—એવું માન્યું (તો) જેટલા વ્યવહાર તેટલા મિથ્યાત્વ છે. આકરું કામ આ! સમજાણું કાંઈ? तेइ विवहार भाव... અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ.. तेइ विवहार भाव केवली—उकत है.. છે ને પાઠમાં? 'जिनै यदुक्तं.. त्याज्यं जिनै यदुक्तं.' આહાહા! જેટલા વિકલ્પો, એ બધા સ્વભાવમાં નથી અને એ વિકલ્પ અસંખ્ય પ્રકારના એ મારા, એ પરાશ્રિત ભાવ એ મારા—એ જેટલા ભાવ તેટલા મિથ્યાત્વ છે. કહો, સમજાણું કાંઈ?

અસંખ્યાત લોકપ્રમાણ.. જે આ લોક છેને લોક, એના આકાશના પ્રદેશ છે અસંખ્ય—એવા અસંખ્યાત લોકપ્રમાણ શુભ-અશુભ ભાવ છે. એ બધો વિભાવ છે, પર છે, બંધભાવ છે. એ બધાં 'મારાં' (એ માન્યતા) એટલા મિથ્યાત્વભાવ છે. કહો, સમજાય છે? 'વ્યવહાર એ મિથ્યાત્વ?' એમ કહે પાછા. કઈ અપેક્ષાએ કહ્યું છે? કે જે એનામાં નથી એવા વિભાવભાવના અસંખ્ય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાન સ્મરણ, ભગવાનની ભક્તિ—એ બધા પરિણામ વ્યવહાર છે, પર આશ્રિત છે અને તેટલા પરિણામ 'મારા' છે અથવા 'એ પરિણામ સહિત છું'. તો જેટલા પરિણામ છે એટલા મિથ્યાત્વ(ભાવ) છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે આકરું લાગે વર્તમાન માણસને તો. વ્યવહારના અવલંબન છે ને વ્યવહારથી થાય. નિશ્ચય-વ્યવહારનું આવ્યું હતું. હવે ચાલવા માંડ્યું છે એ બધી વાતું. વ્યવહાર તો, ભલે શરીરને આશ્રિત વ્યવહાર પણ એ સાધન છે, નિશ્ચય સાધ્ય છે. એવો મોટો લેખ લખ્યો છે ઓલો પન્નાલાલ કોઈ દાદરવાળા. આહાહા!

આંહીં તો કહે છે, જેને તું વિકલ્પ આદિને વ્યવહાર સાધન કહે છે, એ બધા નિમિત્તની વ્યાખ્યા શાસ્ત્રે કરી છે. પણ એ બધાં 'મારાં' છે (એ માન્યતા) એટલો મિથ્યાત્વભાવ છે બધો. આહાહા! અબંધસ્વભાવી ભગવાન આત્મામાં આસ્રવ અને રાગ અને કર્મ, એ બધો બંધભાવ છે. એક ભાવબંધ, એક દ્રવ્યબંધ. એનાથી રહિત છે. છતાં એને સહિત માનવો (એ) જેટલો વ્યવહાર એટલો મિથ્યાત્વ છે. આહાહા! जिन्हकौ मिथ्यात्व गयौ.. પાઠમાં તો એવું જ લીધું છેને કે ભગવાને જ્યારે (કહ્યું કે) પરને મારું, જીવાડું, સુખી—દુ:ખી કરું, અનુકૂળતા આપું, પ્રતિકૂળતા આપું—એવો જે અધ્યવસાય તે મિથ્યાત્વ છે. એ છોડ. એમ કહેતાં આચાર્ય કહે છે કે પરનું કરી શકું, જીવાડું, મારું, સુખી-દુ:ખી કરું—એવા ભાવને જ્યારે ભગવાન અધ્યવસાય અને મિથ્યાત્વ કહે છે. તો હું તો એમ કહું છું.. એમ છેને પાઠમાં?

'व्यवहार एव निखिलोऽपि.. तन्मन्ये व्यवहार एव निखिलोऽपि.' તો ભગવાન એમ કહેવા માગે છે કે પરનું કરું, જીવાડું, મારું, સુખીદુઃખી કરું, શસ્ત્ર લઉં, શસ્ત્રથી કામ લઉં, શરીરથી કામ લઉં, વાણીથી કામ લઉં—એવી જે એકત્વબુદ્ધિ એટલો અધ્યવસાય છે, એ મિથ્યાત્વ છે. એનો ભગવાને ત્યાગ કહ્યો છે. તો આચાર્ય કહે છે કે એનો તો ત્યાગ છે, પણ એની અપેક્ષામાં એમ હું માનું છું કે જેટલો પરાશ્રયભાવ થાય એ બધો વ્યવહાર છે, ભલે એકત્વબુદ્ધિ ન હો. સમજાણું કાંઈ?

આ દેવ-ગુરુ ને શાસ્ત્રને આશ્રયે પણ જે ભાવ થાય, એ બધો વ્યવહાર છે, એને ભગવાને છોડાવ્યો છે. છે ને એમાં? 'अन्याश्रयस्त्याजितः' બીજા પદમાં છે. 'निखिलोऽप्यन्याश्रयस्त्याजितः' આહાહા! ગજબ વાત છે! દેવ-ગુરુ-શાસ્ત્ર, ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર, એનો આશ્રય લેવા જાય ત્યાં રાગ થાય છે. એ વ્યવહાર છે ને એનો ત્યાગ ભગવાને કહ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? અધ્યવસાય ત્યાજ્ય જ્યારે ભગવાને કહ્યા, તો તો હું એમ માનું છું કે 'व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्ताजितः' 'અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદઆચાર્ય' એમ કહે છે કે 'અમે તો એમ માનીએ છીએ કે જેટલો પરદ્રવ્યની ક્રિયાનો કર્તા છું એવો જે અધ્યવસાય એકત્વબુદ્ધિ એને જ્યારે ભગવાને છોડાવી છે, તો હું એમ જાણું છું કે પરને આશ્રયે જેટલો વિકલ્પ ઊઠે, એ વ્યવહારને પણ ભગવાને છોડાવ્યો છે.' સમજાણું કાંઈ? માર્ગ બહુ અલૌકિક માર્ગ છે! સાધારણને તો અંદર...

जिन्हकौ मिथ्यात गयौ, सम्यक दरस भयौ.. દેખો. જેટલા વિકલ્પો શુભના પર આશ્રિત, એ પણ છોડવાલાયક છે. એને આદરવાલાયક (માને) છે અને એ મને છે—એટલા ભાવ બધા મિથ્યાત્વ છે. ત્યારે એ મિથ્યાત્વ અન્ય આશ્રિત ક્રિયાના કે અન્ય આશ્રિત પરિણામના.. मिथ्यात गयौ सम्यक दरस भयौ.. એકલો આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક એ 'હું' એમ અનુભવ થયો. ते नियत लीन.. સમ્યગ્દ્રષ્ટિની સ્વભાવમાં એકાગ્રતા એ એની સ્થિતિ છે. विवहारसौं मुक्त है.. ઓહોહો! વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. વ્યવહાર કારણ છે, નિશ્ચય કાર્ય છે. વ્યવહાર હેતુ છે, હેતુમાન નિશ્ચય છે—એ બધા નિમિત્તના કથન છે. એ તો જ્ઞાન કરાવ્યું છે. આહાહા!

(શ્રોતા : છોડ્યો ત્યારે કારણ કહેવાય). કારણ ક્યાં હતું? એ તો કારણ આ છે, એને નિમિત્તનો આરોપ આપ્યો છે. કારણ બે છે જ નહિ, કારણ તો એક જ છે. કારણનું કથન બે પ્રકારે છે, નિરૂપણ બે પ્રકારે છે. કારણ બે છે જ નહીં નિશ્ચયથી. આહાહા! એમ સમ્યગ્દર્શન બે છે જ નહીં. સ્વને આશ્રયે દૃષ્ટિ અનુભવ થઈ એ જ સમ્યગ્દર્શન છે. પણ સમ્યગ્દર્શનનું પ્રરૂપણ બે પ્રકારે છે. એક નિશ્ચય સમ્યગ્દર્શન અને વિકલ્પ ઉઠ્યો દેવ-ગુરુ-

શાસ્ત્રની શ્રદ્ધાનો એને આરોપિત સહચર દેખીને વ્યવહાર સમકિત કહ્યું છે, પણ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા!

બંધ અધિકાર છે ને. જે ભાવ પરાશ્રિત છે એ બધો બંધનું કારણ છે. તેથી ધર્મીને બંધના કારણભાવની દૃષ્ટિ છુટી ગઈ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ તો નિયતમાં લીન છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ નિર્મળ, એમાં તેની એકાગ્રતા છે. આહાહા! અને વિકલ્પ જે વ્યવહાર છે, નિર્વિકલ્પ દૃષ્ટિ ને અનુભવમાં એ વિકલ્પનો પણ અંદર ત્યાગ છે. એની પર્યાયમાં વિકલ્પ નથી, એમ આંહીં તો કહે છે. સમજાણું કાંઈ? જેની પર્યાયમાં શુભરાગ છે એમ જેણે માન્યું છે, તો જેટલા પ્રકારના શુભ છે એટલા પ્રકારના મિથ્યાત્વભાવ છે. ભારે કામ ભાઈ આવું! આવી વાત તો સાંભળવી કઠણ પડે. ભગવાન આત્મા.. આત્મા કોને કહીએ? રાગ ને આસ્રવ એ આત્મા? એ તો ભિન્ન તત્ત્વ છે. રાગ, આસ્રવ, દયા-દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, બધું પર—એ તો આસ્રવતત્ત્વ છે. તો આસ્રવતત્ત્વ સહિત 'હું' છું, એટલા વ્યવહાર ભાવો તે બધા મિથ્યાત્વ છે. કામ ઉથલપાથલનું છે આ તો.

ઓલા કહે કે વ્યવહારને મિથ્યાત્વ કહો છો. પણ કઈ અપેક્ષાએ કહ્યું? અન્ય આશ્રિત ભાવ તે 'મારો' છે તેટલો તેનું નામ મિથ્યાત્વ છે. ચાહે તો અરિહંત ભગવાન, પંચ પરમેષ્ઠી, એને આશ્રયે ભક્તિ ને એની શ્રદ્ધા એ ભાવ રાગ ને પરાશ્રિત છે. અને એ પરાશ્રિત ભાવ 'મારો છે, મારામાં છે, એનાથી મને લાભ થાય છે—એટલા બધા મિથ્યાત્વભાવ છે. પ્રેમચંદભાઈ! આવી વાતું બહુ આકરી! આંહીં તો કહે, 'ગુરુને બરાબર શ્રદ્ધો, માનો, રુચો, તમારું કલ્યાણ થઈ જશે.' અહીં ના પાડે છે. એય! 'જ્ઞાનીને પકડો બરાબર શ્રદ્ધામાં, તમારું કલ્યાણ થઈ જશે.' આંહીં કહે છે, જ્ઞાની પરદ્રવ્ય છે, એને પકડતાં રાગ થાય છે અને રાગથી લાભ થાય (એમ માનવું) એ મિથ્યાત્વભાવ છે. ભારે કામ ભાઈ આકરું આ તો!

આ શ્લોક જ એવો છે. કારણ કે ૨૭૨ પહેલાનો છેને આ? ૨૭૨. 'व्यवहारनयः प्रतिषिद्धो जानीहि निश्चयनयेन'. વ્યવહાર તે પ્રતિષિદ્ધ છે. સ્વનો આશ્રય કરતાં પરનો આશ્રય તેમાં આવતો નથી એમ કહે છે. આહાહા! ધર્મીને જેટલો પરાશ્રયભાવ ઉત્પન્ન થાય, એટલો ભાવ સ્વાશ્રયભાવ એનાથી રહિત ભાવ છે. આહાહા! ગજબ વાત છે. લ્યો, ગજબની વાત કરે છે ને. અમારા મૂળચંદ કાપડીયા. જ્યાં ત્યાં ગજબ.. ગજબ.. બહુ ભાષા વાપરે. મૂળચંદ કાપડીયા. સુરતવાળા નહિ? જ્યાં ત્યાં વાપરે 'ગજબનું વ્યાખ્યાન હતું. ગજબનું આમ હતું.' એમ બહુ ભાષા વાપરે. ગજબ તો આ છે! આહાહા!

અહીંયાં તો કહે છે કે પર આશ્રય.. 'પરનું કરું, જીવાડું, સુખી કરું, બીજાને મોક્ષ કરી દઉં, બીજાને નરકમાં નાખું, બીજાને સગવડતા આપું, શસ્ત્રો વડે ને હાથ વડે હું કામ કરું'—એ બધી પરદ્રવ્યની એકત્વબુદ્ધિ ને મિથ્યાત્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? આમ ભગવાનને 'સ્વાહા' થાયને આમ, એ દેહની ક્રિયા મારી છે અને એનાથી મને લાભ થાય—એટલા મિથ્યાત્વભાવ છે. માળે ભારે! એ સિવાય.. હવે એ સિવાય આવ્યું પાછું. સ્વાહા.. સ્વાહા.. વાણીમાં લેતાં.. હવે આવ્યો વિકલ્પ એમાં, પરાશ્રયી છેને વિકલ્પ. ભગવાન આ છે એમ પરમાત્મા(નો વિકલ્પ). એ વિકલ્પ પણ મારો છે અને એ વિકલ્પથી મને લાભ થશે—એટલા ભાવ બધા મિથ્યાત્વ છે. આવું છે. એય!

સંપ્રદાયમાં તો આ ભાઈ મુશ્કેલ પડે હોં. રહેવા ન દે માળા. ઓલું પણ લખ્યું છે. હવે ચાલ્યું છેને એ. (શ્રોતા : સંપ્રદાયમાં વ્યવહારથી લાભ થાય એ માન્યતા ઉપર જ ચાલ્યા છે.) એના ઉપર તો આ વાત છે. એની જગ્યાએ આમ થાય, આમ થાય એની જ માંડી છે. 'વ્યવહાર સાધન.' અરે ભાઈ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સ્વરૂપને આશ્રયે સાધન થાય છે, ત્યાં જે નિમિત્તની યોગ્યતા પ્રમાણે રાગની મંદતા તેની ભૂમિકા પ્રમાણે કેટલી હતી એનું જ્ઞાન કરાવ્યું છે. એ સાધન-બાધન છે નહિ. આહાહા! ગજબ વાત છે. જેને સાધન કહ્યું, એને સાધન માને તો મિથ્યાત્વ છે એમ કહે છે. કારણ એ તો વ્યવહારનયનું કથન છે. અને વ્યવહારનયને માનવો, હેય છે એને (ઉપાદેય) માનવો અને એનાથી લાભ માનવો (એ) મિથ્યાત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

असंख्यात लोक परवान जे मिथ्यात्व भाव, तेई विवहार भाव केवली-उकत है. આહાહા! तेई विवहार भाव.. મિથ્યાત્વ તે વ્યવહાર અને વ્યવહાર તે મિથ્યાત્વ. આહાહા! એમ केवली-उकत है.. એમ કેવળીપરમાત્મા સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં આમ આવ્યું છે. એમ કે વ્યવહારભાવ એ પરભાવ છે, વિભાવ છે અને વિભાવ છે એ સ્વભાવથી ભિન્ન છે. એને એકત્વપણે માનવું અથવા એ વિભાવથી મને લાભ થશે (એ) આત્માની માન્યતા જેટલા પ્રકાર શુભના એટલા (પ્રકાર) મિથ્યાત્વના છે. આહાહા! जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ.. પરના આશ્રયથી લાભબુદ્ધિ ખસી અને ચૈતન્યના આશ્રયે લાભ થયો— એવી જ્યાં માન્યતા સમ્યક્‌ની થઈ, એ તો સ્વભાવના સ્વાશ્રયમાં જ એકત્વ છે. પરાશ્રયભાવથી તો એ મુક્ત છે. આહાહા! જેનાથી મુક્ત છે એનાથી એને લાભ થાય? ભારે કઠણ!

વાદવિવાદ કરવા બેસાડ્યા હોય, એમાં ચર્ચા... કીધુંને, એક ફેરી ચર્ચા થઈ હતી ઘણી. અહીં સાધુ એક આવ્યા હતાને વિદ્યાવિજય, નહિ? ધરમવિજયના શિષ્ય. કેવું

કહેવાય, શિવપુરી? શિવપુરી. આપણે ગયા હતા શિવપુરી? એક ફેરી ગયા હતા. શિવપુરી ગયા હતા એકવાર. ત્યાં છે દિગંબરના ઘર. એ આવ્યા હતા આંહીં. ચર્ચા ઘણી ચાલી. વિદ્યાવિજય હતા, ૪૦ વરસની દીક્ષા અને આ હતા કલ્યાણચંદજી માંહ્યલા દેવચંદજી ને. કલ્યાણચંદ ને બધા હતા. છ-આઠ ઠાણા બધા બેઠેલા. ચર્ચા થતાં થતાં કીધું, 'કરમ-ફરમને આત્મા કરે એ વાત આત્મતત્ત્વમાં નથી અને કર્મથી વિકાર જીવમાં થાય એ વસ્તુનું સ્વરૂપ નથી.' ત્યારે કહે, 'પણ આ બધું અત્યાર સુધી ચાલે છે ને?' 'ચાલે ગમે એ ચાલે, ચાલે એટલે અજ્ઞાનથી ચાલે છે' કીધું. પછી જ્યારે પોગ્યા નહીં ન્યાયમાં એટલે ઊભા થયા. ચાલીસ વર્ષની દીક્ષા. ઘણા વરસ પહેલાંની વાત છે હોં. વીસેક વરસ થયાં હશે. આંહીં સમયસાર નાટક.... 'આ ૪૦ વરસથી મુંડાવ્યું છે, કાંઈક તો લાભ થાશે કે નહીં?' કહે. (સંવત) ૯૮? એ તો ઓલા... એ તો દર્શનવિજય. આ તો વિદ્યાવિજય. એ ત્રિપુટી. આ વલ્લભચંદ.. ધરમવિજયના (શિષ્ય).

ઓલ્યા ૯૮માં આપણે આવ્યા હતા. ૯૯માં પોષ મહિનામાં. દર્શનવિજય ત્રિપુટી. એ તો કહે કે આપણને આ કાંઈ ખબર ન પડે. મેં કીધું, ભવી કે અભવી છીએ એ ખબર પડે? કહે, 'ખબર ન પડે'. ત્યારે તમે પરીક્ષા કરવા નીકળી ગયા. આ વીતરાગની વાણી ને આ ગુરુની વાણી. દર્શનવિજય, જ્ઞાનવિજય ને ચારિત્રવિજયની ત્રિપુટી. બહુ કહેવા મંડ્યા કે આ ગુરુની વાણી કહેવાય, ભગવાનની વાણી નહિ. બહુ સારી વાત, કીધું, તમારું શું નામ છે? કીધું. મારું નામ દર્શનવિજય. ભવી છો કે અભવી એ નક્કી કર્યું? કહે, ના. કહે, ભવી અભવીનું નક્કી નથી કર્યું? અને ગુરુવાણીની, વીતરાગની વાણીનું નક્કી કરવા બેઠા તમે? પણ માળે પક્કડ હોયને એટલે . પછી ફરવા માંડ્યા. એ તો આવ્યું, એ તો જે હતું તે આવી ગયું.

એ તો પછી ૯૯માં ગયા હતાને કાંપમાં. હતાને પૂનમ કેવા? પૂનમચંદજી. સ્થાનકવાસી પૂનમચંદજી. રતનશીના શિષ્ય અને આ હતા. બેય ત્યાં ગયા પૂનચંદજી પાસે. 'આપણે બેય ભેગા થઈ શ્વેતાંબર–સ્થાનકવાસી, દેરાવાસી, એનો (કાનજીસ્વામીનો) વિરોધ કરીએ.' ઓલો કહે, 'હવે રહેવા દ્યો વિરોધ કરવા, મને પકડ્યો હતો એક શબ્દે ત્યાં મફતમાં. વાત ચાલતી હતી એમાં પકડ્યો. કહે, ભવી છો કે અભવી? દર્શનવિજય નામ તમારું એમ ને?' એ ખબર ન પડે ભવી–અભવીની, નામ નક્કીના ઠેકાણા ના મળે. અનંત સંસારમાંથી કોઈ દિ' નીકળે (કે) નહિ એનું હજી નક્કી નથી, એ તમને વીતરાગવાણીની પરીક્ષા આવડે, બિલકુલ ખોટી વાત છે. એક વાત.

અને ઓલ્યો કહે, ત્યારે.... એ તો ૨૦૦૦ પછી હોં. ૨૦૦૦નું ચોમાસું હતુંને

આહીં પાછા ભાવનગરમાં ચોમાસુ હતું દેવચંદજીનું. ૨૦૦૦માં હતું. એ પછી આવ્યા હતા ત્યાં. એ ૨૦૦૦ પછી. છ-આઠ ઠાણા હતા. કલ્યાણજી હતા, ઓલા દેવચંદજી હતા, ઓલો હતા આચાર્ય છેને એક. જતી થઈ ગયો. આને બેસાડ્યો હતો કેશરચંદજીને. બધા હતા છ-આઠ ઠાણા. એ બે ઠાણા હતા વિદ્યાવિજયજી. કીધું, કર્મથી આત્માનો વિકાર થાય નહિ અને કરમ-ફરમનું પરનું આત્મા કાંઈ કરી શકે નહિ. હજી આટલા ઠેકાણા નથી. ભગવાન જાણે, હવે ૪૦ વરસથી મુંડાવ્યું છે. શું મુંડાવ્યું? મુંડાવ્યા લોંચ કર્યા એ તો જડના છે. અંતરથી મુંડાવ્યા વિના બહારનું મુંડન! આહાહા!

આંહીં તો કહે છે, જેને પરાશ્રયી ભાવ—ચાહે તો ત્રણ લોકના નાથ અને નવ તત્ત્વો અને આગમ-પરમાગમ વીતરાગની વાણી, એની ભક્તિ અને એને આશ્રયે થતો શુભભાવ—એ બંધ છે, બંધનું કારણ છે. આ બંધ અધિકાર છે. બંધના કારણને પોતાનું સ્વરૂપ માને એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું આમાં? એ આમાં કહે છે, जिन्हकौ मिथ्यात गयौ सम्यक् दरस भयौ.. એ તો નિયત બંધભાવથી ભિન્ન પડી ગયો છે એમ કહે છે. બંધભાવ નામ રાગ, શુભરાગ એનોય આશ્રય જેણે છોડ્યો છે અને સ્વભાવનો આશ્રય કર્યો છે. ચિદાનંદ ભગવાનનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું, એ સ્વભાવની નિર્મળ પર્યાયમાં એકત્વ છે. રાગ ને વિકલ્પથી તો ભિન્ન પડી ગયો છે. આહાહા! સમજાણું કાંઈ?

निरविकलप निरुपाधि आतम समाधि.. હવે જુઓ. રાગથી ભિન્ન પડેલો સમ્યગ્દ્રષ્ટિ આત્મા શું સાધે છે? કહે છે, શું ઓલો વ્યવહારથી જુદો પડ્યો એને સાધે છે? निरविकलप निरुपाधि आतम समाधि, साधि जे सुगुन मोख पंथकौ ढुकत हैं.. આહાહા! वह व्यवहार छोड़कर निश्चयमें लीन होता है. वह विकल्प और उपाधिरहित आत्म—अनुभव प्रगट करके दर्शन-ज्ञान-चारित्ररूप मोक्षमार्गमें लगता है. સમ્યગ્દ્રષ્ટિ—ધર્મી તો સ્વભાવ તરફની એકાગ્રતામાં લાગ્યા છે. પોતાના શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા, શુદ્ધનું જ્ઞાન અને શુદ્ધમાં લીનતા—એવી નિર્વિકલ્પ ચીજ, રાગની ઉપાધિ વિનાની આતમ સમાધિ.. એવો જે આત્મા એની રાગ વિનાની શાંતિ, વ્યવહાર વિનાની સમાધિ... વ્યવહાર તો અસમાધિ છે. આહાહા! સમજાણું કાંઈ?

વ્યવહારભાવ તો રાગ છે અને રાગ છે એ તો અસમાધિ ને અશાંતિ ને આકુળતા છે. શું સાધે? સમ્યગ્દ્રષ્ટિ સાધે શું? કે નિર્વિકલ્પ અસ્તિ તત્ત્વ પૂર્ણાનંદ અને રાગની ઉપાધિ વિનાનો એવા આત્માની સમાધિ. એ અંતર શાંતિ, રાગ વિનાની શાંતિને સાધે. साधि जे सुगुन, લ્યો. आत्म अनुभव ग्रहण करके दर्शनज्ञानचारित्ररूप मोक्षमार्गमें लगता है. मोख पंथकौ ढुकत है. રાગથી ભિન્ન પડી સ્વભાવ સન્મુખની એકતામાં એ લાગેલો છે.

આહાહા! કેવી વાત કરી છે, જુઓને! મહાપ્રભુ ચૈતન્ય એ વિકલ્પથી ભિન્ન છે, એવી દૃષ્ટિ થઈ, તો આત્મામાં લાગેલો છે, એ વ્યવહારમાં લાગેલો નથી. વ્યવહારનું સાધન કરે તો નિશ્ચય થાય એવું છે નહિ, એમ કહે છે. આહાહા! ભારે કામ આકરું! મોટો આભ ફાટ્યો છે ચારેકોર ઊંધો. હવે આ વાત એને (કેમ બેસે?) હા-હો, હા-હો. ધામધુમે ધમાધમ કરી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. શું થાય? આહાહા!

કહે છે, मोख पंथकौ ढुकत है.. વ્યવહારથી મુક્ત હે ને મોક્ષપંથમાં ઢુકત હે. નિશ્ચયમાં લીન છે ને મોક્ષમાર્ગમાં લાગ્યો છે, એમ કહે છે. આહાહા! રાગ-વિકલ્પ વિનાની નિર્વિકલ્પ ચીજ પ્રભુ આત્માની, એની જ્યાં દૃષ્ટિ થઈ, એ રાગથી મુક્ત છે અને સ્વભાવના સાધકમાં જોડાઈ ગયો છે, એમ કહે છે. આહાહા! વ્યવહાર તો નભાવવો છે ને નિશ્ચયમાં આવવું છે. (શ્રોતા : બે વાત કેમ બને?) જે છોડવાયોગ્ય છે એને નભાવવો છે. આહાહા! ગજબ વાત છે બાપુ! આકરી કામ છે. એ તત્ત્વ.. વાસ્તવિક તત્ત્વ.. હજી તો એની સમજણમાં ફેર છે, કહે છે. વ્યવહારથી થાશે, વ્યવહાર કરશું સાધન તો એનાથી નિશ્ચય થાશે. એ તારા વ્યવહારશ્રદ્ધામાં ફેર છે. નિશ્ચય તો છે નહિ, પણ સમ્યક્ વ્યવહારશ્રદ્ધા જોઈએ હજી એનાય ઠેકાણા નથી. આહાહા! સમજાણું કાંઈ? साधि जे सुगुन मोख पंथकौ ढुकत है.. આહાહા! એ તો આત્મા શુદ્ધતાનો અનુભવ કરી અને શુદ્ધતામાં શુદ્ધતાને જ સાધે છે, લ્યો. 'ઢુક્ત'નો અર્થ 'લગતા હૈ'.

तेई जीव परम दसामैं थिररूप ह्वैकै.. परम दसामैं थिररूप ह्वैकै.. ઓલો રાગ છે વ્યવહાર, એ તો વિનયમાં ગયો પરમાં. પોતાનો શુદ્ધ સ્વભાવ ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપ, એની નિર્મળ પર્યાય એમાં સ્થિરરૂપે દશામેં ह्वैकै धरममैं धुके, લ્યો. પોતાનો નિજ સ્વભાવ શુદ્ધ, એમાં ધુકે—જોડાય છે. न करमसौं रुकत है.. રાગથી હવે રોક્યો જાય એવું નથી, એમ કહે છે. આહાહા! ભારે વાત! રાગથી રોક્યો જાય નહિ કારણ કે એનાથી ભિન્ન પડ્યો, એને હવે કોણ રોકે? એમ કહે છે. ભાઈ! વાત હજી તો સમજણમાં લેવી કઠણ પડે, પ્રયોગ કરવો તો વળી... એવું સ્વરૂપ અંધાધૂંધી હાલ્યું છે અને વાસ્તવિક માર્ગ રહી ગયો દૂર. આહાહા! કરો વાદવિવાદ. વાદવિવાદે કાંઈ પાર ન પડે બાપા! કારણ કે શાસ્ત્રમાં લખાણ વ્યવહારના ઘણા આવે. નિમિત્ત દેખીને કહ્યું છે કે નહિ? હસ્તાવલંબન દેખીને (કથન) ઘણા આવે, પણ એનું ફળ તો સંસાર છે.

ભગવાને કહ્યું શું કરવા? (શ્રોતા : છોડવા). એને જાણવા કે આવો રાગ અંદર મંદ હોય છે, મુનિઓ હોય એને કે સમકિતી હોય એને આવો રાગ હોય છે, એટલું જ્ઞાન કરાવવા, આદરવા માટે નહિ. આહાહા! धरममैं धुके, લ્યો. परमध्यानमें स्थिर होकर निर्वाण

प्राप्त करता है. न करमसौं रुकत है—कर्मोंका रोका नहीं रुकता. આહાહા! અમથોય ક્યાં કર્મ એને રોકતું હતું? પોતે રાગમાં પ્રીતિ કરીને પોતે રોકાતો હતો. એ રાગની પ્રીતિ છૂટીને સ્વભાવની દૃષ્ટિ થઈ એટલે હવે રાગથી રોક્યો જાય એવું નથી. આહાહા! ભારે વાતું ભાઈ આવી! અનંત કાળના સંસારના અંત લાવવા એ તે કાંઈ સાધારણ વાત છે? અને અનંત-અનંત કાળ શાંતિની પ્રાપ્તિ સમાધિની રહે, એનો ઉપાય તો અપૂર્વ જ હોય ને. આહાહા! લ્યો, એ પૂરું થયું.

હવે શિષ્યનો પ્રશ્ન. ૧૨મો કળશ. નીચે છેને ૧૨?

**रागादयो बन्धनिदानमुक्तास्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।**
**आत्मा परो वा किमु तन्निमित्तमिति प्रणुन्नाः पुनरेवमाहुः॥१२॥**

શિષ્યનો પ્રશ્ન (કવિત્ત)

**जे जे मोह करमकी परनति,**
**बंध-निदान कही तुम सब्ब।**
**संतत भिन्न सुद्ध चेतनसौं,**
**तिन्हकौ मूल हेतु कह अब्ब॥**
**कै यह सहज जीवकौ कौतुक,**
**कै निमित्त है पुग्गल दब्ब।**
**सीस नवाइ शिष्य इम पूछत,**
**कहै सुगुरु उत्तर सुन भब्ब॥३३॥**

**શબ્દાર્થ :—**પરનતિ=ચાલ. નિદાન=કારણ. સંતત=સદૈવ. મૂલ હેતુ=મુખ્ય કારણ. કૌતુક=ખેલ.

**અર્થ :—**શિષ્ય મસ્તક નમાવીને પ્રશ્ન કરે છે કે હે ગુરુજી ! આપે મોહકર્મની સર્વ પરિણતિને બંધનું કારણ કહી છે તેથી તે શુદ્ધ ચૈતન્યભાવોથી સદા નિરાળી જ છે. હવે કહો કે બંધનું મુખ્ય કારણ શું છે ? બંધ જીવનો સ્વાભાવિક ધર્મ છે અથવા એમાં પુદ્ગલ દ્રવ્યનું નિમિત્ત છે ? ત્યાં શ્રીગુરુ ઉત્તર આપે છે કે હે ભવ્ય ! સાંભળો. ૩૩.

**अर्थ :—**शिष्य मस्तक नवाकर प्रश्न करता है कि हे गुरुजी! आपने मोहकर्मकी सब परिणति बंधका कारण कही है, सो वह शुद्धचैतन्यभावोंसे सदा निराली ही है। अब कहिये बंधका मुख्य कारण क्या है? बंध जीवका ही स्वाभाविक धर्म है अथवा इसमें पुद्गल द्रव्यका निमित्त है? इसपर श्रीगुरु उत्तर देते हैं, कि हे भव्य! सुनो॥३३॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

હવે શિષ્ય પ્રશ્ન કરે છે, जे जे मोह करमकी परनति, बंध—निदान कही तुम सब्ब. કર્મના નિમિત્તથી થતા વિકારી ભાવોની પરિણતિ એ તો બંધનું કારણ તમે કહ્યું. આપે તો એમ કહ્યું કે શુભરાગથી પણ આત્મા તો સતત નિરંતર ભિન્ન છે. तिन्हकौ मूल हेतु कहु अब्ब, कै यह सहज जीवकौ कौतुक.. જો વિકાર બંધનો ભાવ છે, બંધનું નિદાન તો તમે વિકારી પરિણામ કહ્યું. વળી કહ્યું કે વિકારી પરિણામથી આત્મા જુદો છે. હવે બંધનું કારણ કહેવું કોને? એ તો જુદી પરચીજ છે અને તમે એને બંધનું કારણ કહ્યું. આહાહા! संतत भिन्न सुद्ध चेतनसौं.. જ્ઞાન અને આનંદ એવો પ્રભુ, એનાથી નિરંતર ભિન્ન છે રાગ-વિકલ્પ, તો એનું કારણ કોણ છે? રાગ થાય એનું કારણ કોણ? વિકારભાવ—વિભાવભાવ એનાથી તમે ભગવાન આત્માને ભિન્ન કહ્યો અને વળી એનાથી બંધ કહ્યો. પણ જેનાથી જુદો એનાથી બંધ થાય એને શું? આ શું કહો છો તમે? એમ કહે છે.

આમાંય ગોટા છે મોટા. कै यह सहज जीवकौ कौतुक.. આ વિકાર તે જીવનું કુતુહલ છે? कै निमित्त है पुग्गल दब्ब.. કે પુદ્ગલદ્રવ્ય નિમિત્ત છે, એનાથી થાય છે આ? कहै सुगुरु उत्तर सुन भब्ब.. હે ભવ્ય! સાંભળ ત્યારે, કહ્યું એનો ઉત્તર. તમે કહો છો કે આ બંધન.. આ પુણ્ય ને પાપ વિકલ્પ આદિ કર્મપરિણતિ છે એ બંધનનું કારણ છે. વળી એક બાજુ કહ્યું કે વિકલ્પથી તો ભગવાન ભિન્ન છે. રાગથી તો આત્મા જુદો છે. હવે તારા બંધનો હેતુ કોણ? એ વિભાવનું કારણ કોણ? એમ શિષ્ય પ્રશ્ન કરે છે. એનો ઉત્તર. છેને ભાવાર્થમાં આવી ગયું ને.

અર્થ : शिष्य मस्तक नवाकर प्रश्न करता है कि हे गुरुजी! आपने मोहकर्मकी सब परिणति बंधका कारण कही है, सो वह शुद्ध चैतन्यभावोंसे सदा निराली है. अब कहिये बंधका मुख्य कारण क्या है? बंध जीवका ही स्वाभाविक धर्म है? કુતૂહલ. રાગ સ્વાભાવિક ધર્મ છે? अथवा इसमें पुद्गल द्रव्यका निमित्त है? કે પુદ્ગલને લઈને થાય છે? એમ કહે છે. કર્મને લઈને થાય છે કે જીવનો એ તે કોઈ સ્વાભાવિક ધર્મ છે? इसपर श्रीगुरु उत्तर देते हैं कि हे भव्य! सुनो. ૧૩મો કળશ નીચે.

न जातु रागादिनिमित्तभावमात्मात्मनो याति यथार्ककान्तः।
तस्मिन्निमित्तं परसंग एव वस्तुस्वभावोऽयमुदेति तावत्॥१३॥

અહીં બધા વાંધા. ઓલા આહીં કહે કે પરને લઈને વિકાર થાય. એમ આંહીં ભગવાને કહ્યું છે. આંહીં કહે કે પરનો સંગ તું કરે તો મમતા કરવામાંથી ભાવ થાય. સમજાણું? એ કહે છે જુઓ. સ્ફટિકમણિનો દાખલો આપ્યો. નહોતું છઠ્ઠી સાલમાં ત્યાં?

રાજકોટ...... આણે લખ્યું છે. એકલો આત્મા પોતાને કારણે વિકાર ન કરે, એ તો પરને કારણે વિકાર કરે. સ્ફટિકમણિ. સ્ફટિકમણિ એકલો રંગવાળો થાય નહિ, એને રંગના નિમિત્ત કારણ એને લઈને રંગનું કારણ થાય. એમ જીવ એકલો વિકાર ન કરે, કર્મને લઈને વિકાર થાય. ખોટી વાત છે, કહે છે, તને ખબર નથી. નિમિત્તનો સંગ(માં) તું મમતા કરે છે એથી તને વિકાર થાય છે. એ બંધનું કારણ છે.

શિષ્યની શંકાનું સમાધાન (સવૈયા એકત્રીસા)

**जैसैं नाना बरन पुरी बनाइ दीजै हेठ,**
**उज्जल विमल मनि सूरज-करांति है।**
**उज्जलता भासै जब वस्तुकौ विचार कीजै,**
**पुरीकी झलकसौं बरन भांति भांति है॥**
**तैसैं जीव दरबकौं पुग्गल निमित्तरूप,**
**ताकी ममतासौं मोह मदिराकी भांति है।**
**भेदग्यान द्रिष्टिसौं सुभाव साधि लीजै तहां,**
**सांची शुद्ध चेतना अवाची सुख सांति है॥३४॥**

**શબ્દાર્થ** :—નાના-બરન=અનેક રંગ. પુરી=ડંક. હેઠ=નીચે. કરાંતિ (ક્રાન્તિ)=ચમક. માંતિ=ઉન્મત્તપણું. અવાચી=વચન-અગોચર.

**અર્થ** :—જેમ સ્વચ્છ અને સફેદ સૂર્યકાંતમણિ અથવા સ્ફટિકમણિની નીચે અનેક પ્રકારના ડંક મૂકવામાં આવે તો તે અનેક પ્રકારના રંગ-બેરંગી દેખાય છે અને જો વસ્તુના અસલ સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો ઉજ્જ્વળતા જ જણાય છે, તેવી જ રીતે જીવદ્રવ્યમાં પુદ્‌ગલના નિમિત્તે તેની મમતાના કારણે મોહ-મદિરાનું ઉન્મત્તપણું થાય છે, પણ ભેદવિજ્ઞાન દ્વારા સ્વભાવ વિચારવામાં આવે તો સત્ય અને શુદ્ધ ચૈતન્યની વચનાતીત સુખ-શાંતિ પ્રતીતમાં આવે છે. ૩૪.

**अर्थ** :—जिस प्रकार स्वच्छ और सफेद सूर्यक्रान्ति अथवा स्फटिकमणिके नीचे अनेक प्रकारके डाँक लगाये जावें तो वह अनेक प्रकारका रंग-बिरंगा दिखने लगता है, और यदि वस्तुका असली स्वरूप विचार किया जावे तो उज्ज्वलता ही ज्ञात होती है, उसी प्रकार जीवद्रव्यमें पुद्गलके निमित्तसे उसकी ममताके कारण मोह-मदिराकी उन्मत्तता होती है, पर भेदविज्ञान द्वारा स्वभाव सोचा जावे, तो सत्य और शुद्ध चैतन्यकी वचनातीत सुख-शांति प्रतीत होती है॥३४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

દેખો, કર્મના નિમિત્તમાં તારી મમતા છે. એ મોહ મદિરાકી ભ્રાંતિ મિથ્યાત્વભાવ છે. આહાહા! કર્મના નિમિત્તમાં તારી મમતા છે. આ કર્મ મને છે, આ કર્મ મારું છે— એવી જે કર્મમાં મમતા એ મદિરા મોહ છે, એ મિથ્યાત્વભાવ છે. એ તારાથી થયેલો છે. પરથી થયો નથી, એમ કહે છે. લ્યો, ઠીક. भेदग्यान द्रिष्टिसौं सुभाव साधि लीजै तहां, सांची शुद्ध चेतना अवाची सुख सांति है, લ્યો.

जैसैं नाना बरन पुरी.. અનેક પ્રકારના બહારના ડંક. સ્ફટિકમણિ હોય એને કાળા, લાલ આદિ ફૂલનું નિમિત્ત હોય, એ એનું ડંક કહેવાય. बनाई दीजै हेठ, उज्जल विमल मनि सूरज करांति है.. એ (સ્ફટિકમણી) તો શુદ્ધ છે. जिस प्रकार स्वच्छ और सफेद सूर्यकान्त अथवा स्फटिकमणिके नीचे अनेक प्रकारके डाँक लगाये जायें तो, સૂર્યકાંત—આ કાચ અથવા સ્ફટિકમણિ, वह अनेक प्रकारका रंग–बिरंगा दिखने लगता है.. હૈ તો સફેદ પણ નિમિત્તના સંગમાં તે રંગબેરંગી દેખાય છે. वस्तुका असली स्वरूप विचार किया जावे.. उज्जवलता भासै, उज्जल विमल मनि सूरज करांति है. જેમ वस्तुकौ विचार कीजे.. સ્ફટિકનો વિચાર કરે તો તો ઉજ્જવલ જ છે, એનો સ્વભાવ ઉજ્જવલ જ છે.

पुरीकी जलकसौं बरन भांति भांति है.. એ નિમિત્તના કારણે, નિમિત્તના સંગે, નિમિત્તની મમતાએ बरन भांति भांति.. સ્ફટિકમાં રંગરાગ દેખાય છે, એમ કહે છે. દૃષ્ટાંત છે એ તો પહેલો. पुरीकी झलकसौं.. લાલ ફૂલની લાલ ઝાંખી દેખાય , કાળા ફૂલની કાળી દેખાય ઝાંખી સ્ફટિકમાં. पुरीकी झलकसौं बरन भांति भांति है, લ્યો. નિમિત્તના કારણે ત્યાં રંગબેરંગી દેખાય છે, પણ એ નિમિત્તના સંગથી છે એમ કહે છે.

तैसैं जीव दरबकौं पुग्गल निमित्तरूप, લ્યો. એમ ભગવાન આત્મા ચૈતન્યવસ્તુ, એને વિકારમાં પુદ્ગલ નિમિત્ત છે. જુઓ આ નિમિત્તના વાંધા. पुग्गल निमित्तरूप, ताकी ममतासौं.. એ આહીં પ્રશ્ન છે. નિમિત્તની એને મમતા છે કે બંધમાં હું છું, બંધ મને છે— એવો જે મમત્વ મિથ્યાત્વભાવ ताकी ममतासौं मोह मदिराकी भांति है, લ્યો. जीवद्रव्यमें पुद्गलके निमित्तसे उसकी ममताके कारण... દેખો, કેટલું સ્પષ્ટ કર્યું છે, પોતે સ્પષ્ટ કર્યું છે. ..मोह मदिराकी उन्मत्तता होती है. મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઘેલછા ઉત્પન્ન થાય છે. એ નિમિત્તની મમતાને કારણે, નિમિત્તને લઈને નહીં. સમજાણું કાંઈ?

એ સ્ફટિકમણિનું દૃષ્ટાંત જ્યાં હોય ત્યાં એ જ ચાલે છે. એક જણાએ એ નાખ્યું છે ઓલામાં. જુઓ, સ્ફટિકમણિ પોતાને કારણે રંગબેરંગી ન થાય, પરને કારણે રંગબેરંગી થાય. પણ પરને કારણેનો અર્થ? એની પોતાની યોગ્યતા છે માટે રંગબેરંગી થાય. પરને કારણે રંગબેરંગી થાય તો લાકડાને રંગબેરંગી કરો, લ્યો. આની નીચે મૂકો લાલ કાળું ફૂલ.

થશે? લાકડું, આ લ્યો લાલ-લાલ. લ્યો, કાંઈ નહિ થાય. આની યોગ્યતા વિના શું થાય? નિમિત્ત કરે શું એને? એ આંહિ કહે છે.

નિમિત્તના વાંધા, વ્યવહારના વાંધા, ક્રમબદ્ધના વાંધા. પાંચના વાંધા આખા. ઉપાદાન-નિમિત્તના વાંધા, નિશ્ચય-વ્યવહારના વાંધા ને ક્રમબદ્ધ—આ પાંચ બોલો સોનગઢના ચર્ચાય જ્યાં ત્યાં. એ પાંચમાં ભૂલ છે. એ તો એકમાં ભૂલ તો પાંચમાં ભૂલ છે એમ લ્યોને. ક્રમબદ્ધને માને એ યથાર્થ સર્વજ્ઞને માને... સર્વજ્ઞ(સ્વરૂપી) છે જીવ. જેમ કેવળી ત્રણ કાળ ત્રણ લોકને જાણે, એમ આત્મા તો એકલો જાણનાર દેખનાર છે. એવો જો નિર્ણય કરે તો એનો અર્થ જ એ કે ક્રમસર થાય છે એને જાણનારો રહે અને રાગ આવે એનો જાણનારો રહે. રાગને લઈને જણાય એમ છે નહિ. એથી નિમિત્તથી, વ્યવહારથી થાય એ વાત ઊડી જાય છે. અને નિશ્ચય ને વ્યવહાર. નિમિત્ત એ જ વ્યવહાર છે. વ્યવહારથી ત્યાં જ્ઞાન થાય, એમેય નથી, એ તો જ્ઞાનથી જ્ઞાન થાય છે. નિમિત્તથી જ્ઞાન થાય? એ તો જ્ઞાનનો સ્વભાવ છે એનાથી જ્ઞાન થાય છે. પાંચેય ઊડી જાય છે એક ગોળીએ.

ત્યાંય પ્રશ્ન કર્યો હતો સભામાં. એક જણે પ્રશ્ન કર્યો. 'ક્રમબદ્ધની વ્યાખ્યા કરો મહારાજ! વખત ઘણા થઈ ગયા દિવસો. થોડા દિવસ રહ્યા. ક્રમબદ્ધની વ્યાખ્યા કરો.' કહ્યું, બરાબર છે. બરાબર પૂછ્યું. ટાઈમસર પૂછ્યું તમે. જરૂરનું છે આ, કીધું. એ વાત બે દિ' ચાલ્યું હતું. એ તો પોતે અનુકૂળ હતો. પણ એમ પ્રશ્ન કર્યો ઊભા થઈને, સભામાં. ક્રમબદ્ધનો ખુલાસો બરાબર થવો જોઈએ. દિવસ થોડા રહ્યા. કેટલાક રહ્યા હતા...... થોડા રહ્યા હતા. દસ બાર દિવસ થઈ ગયા હતા ત્યાં. ઓલો નહિ શ્વાસવાળો? વકીલ હતો એ? દમ ચડતો એને. પછી ભજન બોલ્યો હતો. .... ભજન. દમ ચડે શ્વાસ.

અરે ભાઈ! ક્રમબદ્ધ એટલે શું? આત્મા જ્ઞાનસ્વરૂપ સર્વજ્ઞ છે. જેમ સર્વજ્ઞ જ્ઞાન છે એ જાણે છે. બસ, જાણે છે. થાય છે એમ જાણે છે. એમ આંહીં થાય તેને જાણનારો જ્ઞાનસ્વભાવ છે. અને તે તે સમયે તે તે થાય છે, તેનું તે તે સમયે તે જ પ્રકારનું જ્ઞાન પોતાથી થાય છે. આહાહા! એટલે પછી રાગથી થાય એ રહેતું નથી અને આડુંઅવળું થાય એ પણ રહેતું નથી અને વ્યવહારથી નિશ્ચય થાય એ પણ વાત રહેતી નથી. એમ પાંચેય ખોટી (વાત) ઊડી જાય છે. આહાહા!

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એનો પોતાનો ત્રિકાળી સ્વભાવ ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો છે ત્રિકાળી. એમાં ત્રિકાળીમાં જ્ઞાનચેતના પડી છે ત્રિકાળ. લ્યો ઠીક. ભાઈનો પ્રશ્ન હતો. ત્રિકાળીમાં જ્ઞાનચેતના ત્રિકાળ પડી છે. પર્યાય નહીં, ધ્રુવ. એક ત્રિકાળ

જ્ઞાનચેતના છે અંદર. બસ, એનું જ્ઞાન થતાં પર્યાયમાં જ્ઞાનચેતના પ્રગટ થાય છે. રાગાદિ થાય એને જાણનાર રહી જાય છે, બસ. એ કહેવું પણ વ્યવહાર છે. પોતાની પર્યાયને ખરેખર જાણે છે. એ અસદ્ભૂત વ્યવહારથી કથન છે. માર્ગ એવો છે. નયનું સ્વરૂપ સત્યને સ્પષ્ટ કરવા માટે છે, એને ઠેકાણે નયના સ્વરૂપમાં ગુંચવાઈ ગયા. વ્યવહાર આમ છે ને ફલાણું આમ છે ને ઢીંકણું આમ છે.

આંહીં તો કહે છે, પુદ્ગલના નિમિત્તની મમતાથી એને વિકાર થાય છે, મિથ્યાદૃષ્ટિને. સમજાય છે કાંઈ? भेदग्यान द्रिष्टिसौं सुभाव साधि लीजै तहां, દેખો. કહે છે કે નિમિત્તની મમતા છોડી દઈ પરની મમતા ને પરથી ભિન્ન દૃષ્ટિ કરી, भेदग्यान द्रिष्टिसौं सुभाव साधि लीजै.. પોતાનો શુદ્ધ સ્વભાવ તેનું સાધન કરે. વિભાવની મમતા છોડ. પરથી થાય એ વાત છોડી દે. भेदग्यान द्रिष्टिसौं सुभाव साधि लीजै, દેખો. રાગથી ભિન્ન પડ્યો એને સ્વભાવ સાધવાનો છે. રાગ સાધવો છે?

सांची शुद्ध चेतना अवाची सुख सांति है.. ત્યાં તો સાચી શુદ્ધચેતના પ્રગટ થાય છે. ...सोचा जावे तो सत्य और शुद्ध चैतन्यकी वचनातीत अवाची सुख-शांति... રાગથી ભિન્ન પડી—ભેદજ્ઞાન કરીને અંતરના સ્વભાવનું સાધન કરતાં સાચી શુદ્ધચેતના અને આનંદ—બેય પ્રગટે છે, એમ કહે છે. જ્ઞાનચેતના ને કર્મચેતના. કર્મ એટલે આવી શુદ્ધ... કર્મ છેને એ. સમજાણું કાંઈ? એવી અવાચી સુખ શાંતિ. રાગથી ભિન્ન પડી સ્વભાવનું સાધન કરતાં કથનમાં ન આવે એવી શાંતિ પ્રગટે, એને ધર્મ કહે છે અને એ ધર્મનું સાધન છે. આવું પૂર્ણ એ સાધન છે, બીજું કોઈ સાધન છે નહિ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૯૭, અષાઢ સુદ ૧૪, બુધવાર, તા. ૭-૭-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૩૫ થી ૩૯ ઉપર પ્રવચન

સમયસાર નાટક. બંધ અધિકાર. ૧૯૬ પાને ૩૫મું (પદ) છે. બંધ અધિકાર છેને એથી એમ કહે છે... આ સંગ આવી ગયુંને. 'परसंग एव'. આત્મામાં વિકાર કેમ થાય છે? પહેલો શિષ્યનો પ્રશ્ન હતો કે જેટલી રાગ-દ્વેષ આદિની પરિણતી છે વિકારભાવ, એ તો આત્માના સ્વભાવથી ભિન્ન છે. અને જ્યારે આત્માના સ્વભાવથી ભિન્ન (છે, તો) એ આત્માને બંધનું કારણ કેમ થાય? આત્મા પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ છે એને છોડીને કર્મના નિમિત્તનો સંગ કરે છે. સ્વભાવનો સંગ છોડી અને કર્મના નિમિત્તનો સંગ કરે છે. જે પરની મમતા છે એના પ્રમાણમાં—સંગના પ્રમાણમાં એની યોગ્યતા (પ્રમાણે) એને વિકાર થાય છે. એના આ દૃષ્ટાંત—દાખલો આપે છે.

વળી — (સવૈયા એકત્રીસા)

जैसैं महिमंडलमैं नदीकौ प्रवाह एक,
　　ताहीमैं अनेक भांति नीरकी ढरनि है।
पाथरकौ जोर तहां धारकी मरोर होति,
　　कांकरकी खांनि तहां झागकी झरनि है।।
पौंनकी झकोर तहां चंचल तरंग ऊठै,
　　भूमिकी निचांनि तहाँ भौंरकी परनि है।
तैसैं एक आतमा अनंत-रस पुद्गल,
　　दुहूंके संजोगमैं विभावकी भरनि है।।३५।।

**શબ્દાર્થ** :—પાથર=પત્થર. ઝાગ=ફીણ. પૌંન=પવન. નિચાંનિ=ઢાળ.

**અર્થ** :—જેવી રીતે પૃથ્વી ઉપર જોકે નદીનો પ્રવાહ એકરૂપ હોય છે, તોપણ પાણીની અનેક અવસ્થાઓ થાય છે, અર્થાત્ જ્યાં પત્થર સાથે અથડાય છે ત્યાં પાણીનો પ્રવાહ વળાંક લે છે, જ્યાં રેતીનો સમૂહ હોય છે ત્યાં ફીણ પડી જાય છે, જ્યાં પવનનો ઝપાટો લાગે છે ત્યાં તરંગો ઊઠે છે, જ્યાં જમીન ઢાળવાળી હોય છે ત્યાં વમળ ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે એક આત્મામાં જાતજાતના પુદ્ગલોના સંયોગ થવાથી અનેક પ્રકારની વિભાવપરિણતિ થાય છે. ૩૫.

**अर्थ :—**जिस प्रकार कि पृथ्वीतलपर यद्यपि नदीका प्रवाह एकरूप होता है, तो भी पानीकी अनेक अवस्थाएँ होती हैं, अर्थात् जहां पत्थरसे ठोकर खाता है वहाँ पानीकी धार मुड़ जाती है, जहाँ रेतका समूह होता है वहाँ फेन पड़ जाता है, जहाँ हवाका झकोरा लगता है वहा लहरें उठती हैं, जहां धरती ढालू होती है वहाँ भँवर पड़ती है। उसी प्रकार एक आत्मामें भाँति भाँतिके पुद्‌गलोंका संयोग होनेसे अनेक प्रकारकी विभाव परिणति होती है।।३५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે, જુઓ. जैसे महिमंडलमैं.. નદીનો પ્રવાહ, પાણીનો પ્રવાહ તો એકરૂપ આમ જાય. નદીનું પાણી. પણ ताहीमैं अनेक भांति नीरकी ढरनि है.. પાણીના—એના નીચાણ—ઉંચાણમાં અનેક પ્રકારે તરંગ થાય. એનું કારણ? पाथरकौ जोर.. જ્યાં પથ્થરા આવે નદીમાં મોટા, એના જોરને લઈને પાણીનો પ્રવાહ મોડ ખાય છે.. મોડ ખાય છે. સમજાય છે કાંઈ ? પથ્થર મોટા આવે (તો) પાણીનો પ્રવાહ આમ વળી જાય. એમાં પ્રવાહ તો એકરૂપ હોય ખરેખર તો. મોટા પથ્થરો હોય, પાણી આમ આડ મારી જાય. આમ જવાને ઠેકાણે આમ જાય. આ તો દૃષ્ટાંત છે હોં. આમાં સિદ્ધાંત તો આત્મામાં ઉતારશે. पाथरकौ जोर तहां धारकी मरोर होति.. पथ्थरसे ठोकर खाता है. પાણી, પથરાં હોય ત્યાં પાણી ઠોકર ખાય પાણી એટલે પાણી આમ વળી જાય, મરોડ ખાઈ જાય. पानीकी धार मुड़ जाती है.

અને कांकर की खांनि तहां झागकी झरनी है.. જ્યાં રેત બહુ હોય પાણીની નીચે.. પાણીનો પ્રવાહ ચાલતો હોય પણ રેત ઘણી હોય નીચે તો ત્યાં ફીણ વળે. ફીણ-ફીણ વળે પાણીની ઉપર. હેઠે રેતી વધારે હોય તો પાણીમાં ફીણ વળે. पौनकी झकोर तहां चंचल तरंग ऊठै.. જે પાણીનો પ્રવાહ જાય છે, પવનનું જ્યાં ઝકોર આવે વાવાઝોડું, પવનનું વાવાઝોડું થાયને નદીમાં ઘણું. ત્યાં હવાના ઝકોરા લાગે, લહેર ઊઠે, પાણી ઊંચું નીચું થાય. भूमिकी निचांनि तहां भौंरकी परनि है.. જ્યાં ખાડ આવે પાણીમાં, નદીનો પ્રવાહ ચાલે છે ને જ્યાં ખાડ-ખાડ-ખાડો (આવે), ત્યાં ભમ્મર થાય માથે, ભમરી ખાય પાણી. तैसैं एक आत्मा.. ઓલામાં એમ કહ્યું હતું. નદીનો પ્રવાહ એક, એમ હતું. પાણીનો પ્રવાહ એક, પણ જેવા પથ્થર આદિના નિમિત્ત થાય, નિમિત્તને સંગે એમાં એ પ્રકારની વિવિધતા થાય.

એમ आत्मा अनंत-रस पुद्‌गल.. આત્મા એક. અનંત આનંદ ને જ્ઞાનનો સાગર પ્રભુ આત્મા છે. પણ એને કર્મના નિમિત્ત જેટલા અનેક પ્રકારના રસવાળા હોય એનો એ સંગ કરે. अनंत—रस पुद्‌गल.. આત્મા એક અને પુદ્‌ગલ અનંત રસ. दुहुं के संयोगसे... જેમ પાણીના પ્રવાહમાં પણ પથ્થર, રેતી, પવન, ખાડ ભિન્ન-ભિન્ન પ્રકારના કારણે પાણીમાં

પણ એ પ્રકારની વિવિધતા ઉત્પન્ન થાય. એમ ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય પ્રવાહ એવી મૂર્તિ હોવા છતાં કર્મના નિમિત્તના રસમાં એનું જોડાણ થાય, જે પ્રકારનો રસ એમાં જોડાણ થાય, તે अनंत—रस पुद्गल, दुहुंके संजोगमैं विभावकी भरनि है. ત્યાં વિભાવ ઉત્પન્ન થાય છે. विभाव परिणति होती है, લ્યો. સમજાણું કાંઈ આમાં?

એ પોતે બનારસીદાસે (સ્પષ્ટ કર્યું છે). 'संगएव' છેને, આહાહા! એને સ્પષ્ટ કર્યું છે. આત્મા તો એક સ્વરૂપે છે. જેમ નદીનો પ્રવાહ એકરૂપ છે. પણ એને પથ્થરનો સંયોગ થતા પાણીનું પૂર મરડી જાય, આમ મરોડ ખાય, આડ ખાય. વેળુ વધારે હોય ત્યાં ફીણ હોય, ખાડ હોય ત્યાં ભમરી આવે, પવનનો ઝકોર આવે જ્યાં, ત્યાં તરંગ ઊછળે. એમ આત્મા તો એક સ્વરૂપે છે. ત્યારે ઓલા કહે છેને કે આત્મા એક પણ જેવું કર્મ આવે એવી વિવિધતા એને લઈને થાય. એમ નહીં. અહીં તો કર્મના જેટલા પ્રકાર છે એ તરફનો સંગ કરે છે, સંબંધ કરે છે, એથી એને (વિભાવ) થાય છે એમ કહે છે. એની મમતાથી... આવી ગયુંને પહેલાં. જે કર્મના રસના અનંત પ્રકાર, એના સંયોગમાં મમતા કરે છે. તેથી તેને વિકારની પરિણતી અનેક પ્રકારની ઉત્પન્ન થાય છે. ત્યારે એ લોકો એમ કહે છે કે જુઓ, આત્મા તો એક છે, એને એક પ્રકાર હોવો જોઈએ. તો વિવિધતા થાય છે એ કર્મને લઈને થાય છે. એ કઈ અપેક્ષા છે? સ્વભાવ એનો નથી, એથી કર્મના સંગમાં જોડાતા વિવિધ પ્રકારના વિકારો થાય છે. કર્મ છે માટે થાય છે ને કર્મને લઈને થાય છે, એમ નથી. સમજાણું કાંઈ?

જુઓ, આમાં ને આમાં પંડિતોમાં મોટા પ્રશ્ન ઊભા થયા છે. નિકાલ તો થઈ ગયો છે, પણ એને નિકાલ થતો નથી. ત્યાં ન્હોતું કહ્યું બનારસમાં ? હતા તમે ત્યાં? ભાઈએ પ્રશ્ન કર્યો હતોને. કૈલાસચંદજી. કાશીના પંડિત મોટા. ત્યાં ઉપાદાન—નિમિત્તનો (પ્રશ્ન) એમ કે વિચારમાં છે હજી. વિચારમાં શું, એનો તો ખુલાસો થઈ ગયો છે, કીધું. વિચાર કોટીમાં છે. ચૌદ વર્ષ પહેલા. બધું થઈ ગયું નક્કી એમાં, કીધું. આટલા વર્ષ થઈ ગયા તો નિર્ણય કર્યો નથી. વિચાર કોટીમાં છે, એમ કહ્યું હતું. બનારસ-કાશીમાં. વ્યાખ્યાન ચાલતું હતું. આ બધા પંડિત હતા કાશીમાં ભણેલા ફુલચંદજી, આ કૈલાસચંદજી. કહે, ઉપાદાનથી કેમ થાય ને નિમિત્તથી થાય, એ વિચાર કોટીમાં છે. કીધું, વિચાર કોટીનું સમાધાન થઈ ગયું છે.

આ તો ૭૧ની સાલથી (નક્કી) થઈ ગયું છે, કીધું. એ ટાઈમે નહોતું કહ્યું એને. ૭૧ની સાલથી (નક્કી) થઈ ગયું છે, લાઠીમાંથી. આત્મામાં જેટલો વિકાર થાય તે પોતાની યોગ્યતાથી થાય છે, ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અને પોતાના પુરુષાર્થથી જ તે વિકારને ટાળી શકે છે. તો એક સિદ્ધાંત (સંવત) ૭૧ લાઠીમાં ચોમાસું હતુંને બીજું. ૭૦નું બોટાદ હતું ને ૭૧નું લાઠી હતું. ૫૬ વર્ષ થઈ ગયા. ૫૬ની ભેરી વાગી. ખળભળાટ

થઈ ગયો તે દિ'. ખળભળાટ થવા માંડ્યો ખાનગી. તે દિ' અમારા દામોદર શેઠ હતા દામનગરના. એ કર્મના પક્ષના બહુ. કર્મથી થાય, કર્મથી થાય. ધૂળેય ન થાય કર્મથી, કીધું, પરદ્રવ્યથી આત્મામાં કાંઈ થાતું હશે? જેવી પોતાની પર્યાય નિમિત્તના સંગે જોડાય છે, એની મમતા કરે છે, તે પ્રમાણે વિકાર થાય. એનાથી થાય છે (એમ) નહીં અને (નિમિત્તમાં) વિવિધતા છે માટે એકરૂપતા ટળીને વિવિધતા થાય છે, માટે નિમિત્તની વિવિધતાથી વિવિધતા અહીં થાય, એમ નહીં. એ અહીં કહે છે, જુઓ.

एक आत्मामें भांति–भांतिके पुद्‌गलोंका संयोग होनेसे अनेक प्रकारकी विभाव परिणति होती है. પહેલામાં સંગ કહ્યો હતોને, અહીં સંયોગ કીધો. કોને પડી છે આનો નિર્ણય કરવાની? એ તો જેમાં પડ્યા એમાં ચાલ્યા–હાંક્યા. આપણે જૈનમાં તો કર્મને લઈને બધું થાય. ધૂળેય થાય નહીં, સાંભળ. કર્મ તો જડ–માટી–ધૂળ છે. ઓલા કહે કે ઈશ્વરને લઈને અમારે બધું થાય. તો આ કહે કે કર્મને લઈને થાય. ઓલાને ઈશ્વર ધણી, આને જડ ધણી. મલુકચંદભાઈ! શું કીધું? તમારે જડ ધણી. કર્મ એનો ઈશ્વર એટલે કર્મ પ્રમાણે રખડે. એમ નથી. પોતાની વર્તમાન પર્યાયમાં જેવા નિમિત્તોના સંગમાં જેટલા પ્રમાણમાં એ મમતા કરે, એટલા પ્રમાણમાં (વિભાવ) થાય. આ આખો સિદ્ધાંત છે. સમજાણું કાંઈ?

એ માટે તો આ દાખલો આપ્યો નદીનો. એમાં કહ્યું હતું, 'મહારાજ! આત્મા એકરૂપ રહેતો નથી અને વિકાર થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે, એમ કહે છે કાનજીસ્વામી.' પ્રશ્ન ઊઠ્યો છેને એ. એય! શું કહેવાય આ તમારું? ટેપ રેકોર્ડીંગમાં ઉતરી ગયું છે. તેરની સાલ. ચૌદ વર્ષ થયા. એ કહે છે કે પોતાની યોગ્યતાથી થાય. કહે, નહીં. શું કીધું? પછી તમને બીજું કીધું હતું. ભગવાન આવે તોય... કંઈક એવું કહ્યું હતું, ન માનું. અહીં તો કીધું, આત્મા વસ્તુ શુદ્ધ એકરૂપ હોવા છતાં એની અશુદ્ધતાની જેટલી યોગ્યતા છે, તે પ્રમાણે નિમિત્ત આધીન થઈને કરે છે. નિમિત્ત આધીન પોતે થાય છે, નિમિત્ત કાંઈ કરાવતું નથી. કરાવે શું? ધૂળ કરાવે. એને બિચારાને ખબરેય નથી કે અમે જડકર્મ જગતના તત્ત્વ છીએ કે નહીં? આહાહા!

જૈનમાં આ મળ્યું બધાને. કર્મને લઈને વિકાર થાય, 'કર્મે રાજા કર્મે રંક, કર્મે વળ્યો આડો અંક.' એય! પહેલી સ્તુતિ બોલેને. .... એમ કહીને બોલેને. સાંભળ્યું છે કે નહીં? સ્થાનકવાસીમાં બોલે. પહેલી દસ મિનિટ–પા કલાક .... એમાં એ આવે બધું. 'કર્મે રાજા, કર્મે રંક.' એ વાત બરાબર છે. પણ 'કર્મે વાળ્યો આડો અંક' એ ખોટી વાત છે. પેલા માથે મૂકે ને ઓલા હા પાડે સાંભળનારા. એમ નથી. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ પોતાના સ્વભાવને ભૂલે છે, ત્યારે નિમિત્તની મમતામાં જોડાય છે, એટલા પ્રમાણમાં તેને વિકાર થાય ને દુઃખ થાય છે. આમ છે. સમજાણું કાંઈ? ૩૬મો. હેઠે ૧૪મો. હેઠે ૧૪મો કળશ.

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः॥१४॥

એમ કે ન अतो भवति कारक.

જડ અને ચૈતન્યનું પૃથકપણું. (દોહરા)

चेतन लच्छन आतमा, जड़ लच्छन तन-जाल।
तनकी ममता त्यागिकै, लीजै चेतन-चाल॥३६॥

**અર્થ :**—આત્માનું લક્ષણ ચેતના છે અને શરીર આદિનું લક્ષણ જડ છે, તેથી શરીર આદિનું મમત્વ છોડીને શુદ્ધ ચૈતન્યનું ગ્રહણ કરવું ઉચિત છે. ૩૬.

**अर्थ :**—आत्माका लक्षण चेतना है और शरीर आदिका लक्षण जड़ है, सो शरीर आदिसे ममत्व छोड़कर शुद्ध चैतन्यका ग्रहण करना उचित है॥३६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

चेतन लच्छन आतमा, जड़ लच्छन तन—जाल, तनकी ममता.. જુઓ આવ્યું ત્યાંથી. તનમાં બધું નાખવું હોં, તન-શરીર, કર્મ બધું. હેઠે નાખ્યું છેને જુઓ. शरीर आदिका लक्षण जड़ है, બધું. चेतन लच्छन आतमा, जड लच्छन तन—जाल. तनकी ममता त्यागिकै, लीजै चेतन—चाल. આહાહા! કહે છે, આત્માનું લક્ષણ તો જાણવું—દેખવું—ચેતના છે. એ તો જાણન-દેખનાર ભગવાન છે. जड़ लच्छन तन—जाल.. કર્મ, શરીર, વાણી એ બધું જડ છે. શરીર, કર્મ આદિ જડ છે. હવે तनकी ममता त्यागिकै.. આ શરીર અને કર્મની મમતા ત્યાગીને, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? लीजै चेतन—चाल.. ભગવાન આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એની ચાલ—ગતિનું પરિણમન કર. પરને લઈને કાંઈ તારામાં થતું નથી. એની મમતા ત્યાગ, એમ કીધું. ઓલામાં મમતા કરી છે એટલે મમતાનો ત્યાગ કર.

કર્મ મને છે અને કર્મ મને હેરાન કરે છે, કર્મ છે તો મને વિકાર થાય છે—એવી જે મમતા, એ મમતાને છોડ અને ચૈતન્યની ચાલ લે. આહાહા! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, જાણનાર—દેખનાર છે, આનંદમૂર્તિ છે, એની ગતિનું પરિણમન કર. સમજાય છે કાંઈ? शरीर आदिसे ममत्व छोड़कर शुद्ध चैतन्यका ग्रहण करना चाहिये. એટલે કે કર્મના નિમિત્તની મમતાથી જે વિકાર થતો હતો, એના તરફની મમતા છોડી દઈને આત્મા તરફની દૃઢતા કરીને ચૈતન્યના શુદ્ધ પરિણમનને ગ્રહણ કર. કહો, સમજાણું કાંઈ? શ્લોક ૧૫મો છે. નીચે છે એ? આ તો પછી શુદ્ધ પરિણતિની વાત છે. એ તો વિશેષ એનું સ્પષ્ટ વધારે.

આમાં આવશે આ પછી. आत्माकी शुद्ध परिणति. ભગવાન આત્મા એને જે કર્મના નિમિત્તથી અશુદ્ધ અવસ્થા વિકાર થતો હતો, એ પરની મમતા છોડીને સ્વભાવની દૃષ્ટિ કરતાં આત્માની શુદ્ધ પરિણતિ નિર્મળ દશા થાય તેને ધર્મ કહે છે. આરે, આ ભારે !

આત્માની શુદ્ધ પરિણતિ (સવૈયા તેવીસા)

जो जगकी करनी सब ठानत,
जो जग जानत जोवत जोई।
देह प्रवांन पै देहसौं दूसरौ,
देह अचेतन चेतन सोई॥
देह धरै प्रभु देहसौं भिन्न,
रहै परछन्न लखै नहि कोई।
लच्छन वेदि विचच्छन बूझत,
अच्छनसौं परतच्छ न होई॥३७॥

**શબ્દાર્થ :—**જોવત=દેખે છે. પ્રવાંન=બરાબર. પરછન્ન(પ્રચ્છન્ન)=ગુપ્ત, ઢાંકેલ. વેદિ=જાણીને. વિચચ્છન=જ્ઞાની. બૂઝત=સમજે છે. અચ્છનસૌ=ઇન્દ્રિયોથી. પરતચ્છ(પ્રત્યક્ષ)=પ્રગટ.

**અર્થ :—**જે સંસારની સર્વ ક્રિયાઓ કરે છે, જે જગતને જાણનાર, દેખનાર છે, જે શરીર પ્રમાણ રહે છે, પણ શરીરથી ભિન્ન છે, કેમ કે શરીર જડ છે અને તે ચૈતન્ય છે, તે પ્રભુ (આત્મા) જોકે દેહમાં છે પણ દેહથી નિરાળો છે, તે ઢંકાઈને રહે છે, બધાને દેખાતો નથી, જ્ઞાનીઓ લક્ષણ આદિથી તેને ઓળખે છે, તે ઇન્દ્રિગોચર નથી. ૩૭.

**अर्थ :—**जो संसारकी सब क्रियाएँ करता है, जो जगतको जानने-देखनेवाला है, जो शरीरके बराबर रहता है, पर शरीरसे पृथक् है। क्योंकि शरीर जड़ है और वह चैतन्य है, वह प्रभु (आत्मा) यद्यपि देहमें है पर देहसे निराला है, वह ढँका हुआ रहता है, सबको दिखाई नहीं देता, ज्ञानी लोग लक्षण आदिसे उसे पहिचानते हैं, वह इन्द्रियगोचर नहीं है॥३७॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

परतच्छ—પ્રગટ. હેઠે परतच्छनो અર્થ प्रत्यक्ष કર્યો. प्रत्यक्ष હેઠેનો (શબ્દ) છે. હેઠે છેને એ. परछन्नનો અર્થ ઢાંકવું. ગુપ્ત થઈ ગયો છે. બહુ ટુંકા દોહા કર્યા છે.

जो जगकी करनी सब ठानत, દેખો. કહે છે, અજ્ઞાનભાવમાં ચાર ગતિમાં રાગ-દ્વેષ કરવા, ગતિ થવી એ જીવ પોતે કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? जो जगकी करनी सब ठानत.. ચાર ગતિ, રાગ-દ્વેષ એ જીવ પોતે કરે છે, અજ્ઞાનભાવે. સમજાણું કાંઈ ? जो

जग जानत जोवत जोई.. એનો એ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને જાણવામાં પોતે જગતને જોનારો થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? जो जगकी करनी सब ठानत.. ચાર ગતિ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ—એ પોતે અજ્ઞાનભાવે—પરની મમતામાં વસ્તુના સ્વભાવના અજાણપણે કરે છે. અને જ્ઞાન થતાં जो जग जानत जोवत जोई, લ્યો. जगतको जानने-देखनेवाला है. ભગવાન! તું રાગથી માંડીને (સમસ્ત) પરચીજ એને જાણવા-દેખવાવાળો આત્મા છે. એવા આત્માને જાણતાં એને ધર્મની શુદ્ધ પરિણતિ—અવસ્થા થાય છે. સાર સાર નાખ્યો છેને એકલો.

देह प्रवांन पै देहसौं दूसरौं.. છે આ શરીરના પ્રમાણે ભગવાન આત્મા અંદર, છતાં દેહથી જુદો છે. આ તો માટી છે. અજીવતત્ત્વ છે આ શરીર તો. દેહ પ્રમાણે—શરીરના અવગાહન પ્રમાણે અંદર ભિન્ન, પણ શરીરથી દુસરો જીવ છે. देह प्रवांन पै देहसौं दूसरौ, देह अचेतन चेतन सोई.. દેહ ને કર્મ તો બધા અચેતન જડ છે. ભગવાન આત્મા તો ચૈતન્ય જાણનાર-દેખનાર છે. એમ દૃષ્ટિ કરવી. એ વસ્તુનો સ્વભાવ જાણતા એને આનંદ અને જ્ઞાનની પરિણતિ થાય છે. અજાણતા અજ્ઞાનમાં રાગ-દ્વેષ અને ચાર ગતિ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

देह धरैं प्रभु देहसौं भिन्न.. આહાહા! દેહ માટીને જાણે આમ ધરતો હોય, રાખતો હોય, પણ છે ભિન્ન. રાખતો નથી. આત્મા આત્મામાં છે અને દેહ દેહમાં છે. દેહસે નિરાલા હૈ. देह धरैं प्रभु.. દેખો, પ્રભુ આત્માને પ્રભુ કહ્યો. પ્રભુ પોતે છે ચૈતન્યનો નાથ. આહાહા! देह धरैं प्रभु देहसौं भिन्न.. શરીરના રજકણે રજકણથી ભગવાન આત્મા તો જુદી ચીજ છે. रहै परछन्न लखै नहि कोई.. પણ ગુપ્ત છે. ગુપ્ત છે એથી તેને જાણી શકતા નથી. લોકો જાણતા નથી. અંદર ગુપ્ત ચૈતન્ય છે. ચૈતન્ય ચમત્કાર ગુપ્ત છે અંદર. શરીર-વાણી અને મનથી અંદર જુદી ચીજ ગુપ્ત પડી છે. એને લખે નહીં, લખે નહીં એટલે જાણે નહીં. જાણે નહીં કોઈ. ગુપ્ત છે એટલે જાણતા નથી.

लच्छन वेदि विचच्छन बूझत.. પણ આત્માનું લક્ષણ જ્ઞાન ને આનંદ છે એ દ્વારા જાણીને, વેદીને વિચક્ષણ એને સમજે છે, સમકિતી આત્માનું જ્ઞાન ને આત્માને જાણે છે, એમ કહે છે. ज्ञानी लोग लक्षण आदिसे उसे पहिचानते है. लच्छन वेदि विचच्छन बूझत.. જ્ઞાની એને જાણે છે. अच्छनसौं परतच्छ न होई.. એ આખ્યુંથી જણાય એવો નથી. આ બનારસીદાસનું સ્વતંત્ર છે. ઓલા પાઠની સાથે સંબંધ છે.

इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः।
रागादीनात्मनः कुर्यादतो भवति कारकः ॥१५॥

સમજાણું કાંઈ? પોતાનો નિજ સ્વભાવ શુદ્ધ જ્ઞાન ને આનંદ, એને નહીં જાણનાર રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે. આમાં કર્મ કરે છે, એમ અહીં નથી નાખ્યું. બીજે ક્યાંય નથી. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું, લ્યો. શું રોકે જ્ઞાનને? જડને બિચારાને ખબરે ય નથી. પોતે જ્ઞાનની હીણી અવસ્થા કરે છે, ત્યારે જ્ઞાનાવરણીયકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. બહુ ફેરફાર. लच्छन वेदि—લક્ષણનો જાણનાર, લ્યો. પહિચાનતે હૈ... આત્મા જાણનાર છે. એ રાગેય નથી, પુણ્યેય નથી, વિકલ્પેય નથી. શરીર ને કર્મ તો નથી, નથી ને નથી. એ તો ચૈતન્યસ્વરૂપ આનંદ ને જ્ઞાન છે. આહાહા! ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થાય એવો નથી. હવે શરીરની અવસ્થા.

देह अचेतन प्रेत-दरी रज,
रेत-भरी मल-खेतकी क्यारी।
व्याधिकी पोट अराधिकी ओट,
उपाधिकी जोट समाधिसौं न्यारी॥
रे जिय! देह करै सुख हानि,
इते पर तौ तोहि लागत प्यारी।
देह तौ तोहि तजेगी निदान पै,
तूही तजै किन देहकी यारी॥३८॥

**શબ્દાર્થ** :—પ્રેત દરી=મૃત શરીર રાખવાનું સ્થાન. રજ=રક્ત. રેત=વીર્ય. ક્યારી=વાડી. પોટ=ગાંસડી. અરાધિ=આત્મસ્વરૂપ. ઉપાધિ=ક્લેશ. જોટ=સમૂહ.

**અર્થ** :—દેહ જડ છે જાણે એક મડદાનું સ્થાન જ છે. તે રજ અને વીર્યથી ભરેલું છે, મળ-મૂત્રરૂપી ખેતરનો ક્યારો છે, રોગોનું પોટલું છે, આત્માનું સ્વરૂપ ઢાંકનાર છે, કષ્ટોનો સમૂહ છે અને આત્મધ્યાનથી ભિન્ન છે. હે જીવ! આ દેહ સુખનો ઘાત કરે છે, તોપણ તને પ્રિય લાગે છે, છેવટે એ તને છોડશે જ તો પછી તુ જ એનો સ્નેહ કેમ છોડી દેતો નથી? ૩૮.

**अर्थ** :—देह जड़ है मानों एक मुर्दाखाना ही है। वह रज और वीर्यसे भरी हुई है, मल-मूत्ररूपी खेतकी क्यारी है, रोगोंकी गठरी है, आत्माके स्वरूपको ढँकनेवाली है, कष्टोंका समुदाय है और आत्मध्यानसे पृथक् है। हे जीव! यह देह सुखका घात करती है, तो भी तुझे प्रिय लगती है, आखिरको यह तुझे छोड़ेगी ही, फिर तू ही इससे अनुराग क्यों नहीं छोड़ देता?॥३८॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? देह अचेतन प्रेत-दरी रज.. એ મડદાનું ખાનું છે, આ સ્મશાનનું ખાનું છે. આહાહા! છે ને? एक मुर्दाखाना ही है. આ મડદું છે. એમાં ભગવાન વસે છે. આ ખાનું છે, લ્યો, યે ખાના હૈ મુર્દાખાના. તિજોરીના ખાના. આ મુડદા ખાનું છે, સ્મશાનખાનું છે આ માટીનું. આહા! देह अचेतन प्रेत-धरी.. એ તો ચૂડેલને રહેવાનું સ્થાન છે આ, કહે છે. ચૂડેલ હાડકામાં રહેને, એમ આ હાડકામાં ચૂડેલને રહેવાનું સ્થાન છે. આત્માને રહેવાનું સ્થાન છે, (નહીં). આહાહા! देह अचेतन प्रेत-धरी.. છેને, પ્રેત.. પ્રેત.. મુર્દાખાનું અથવા શું કીધું? ચૂડેલખાનું. આ ચૂડેલ-ચૂડેલ. કીધું હતુંને એક ફેરી, નહીં? (સંવત) ૫૯માં ગયાને જ્યારે પાલેજ. ૫૯. પાલેજ. ત્યારે આસો મહિનો હતો. ૫૯નો આસો મહિનો. એટલે જોડે મકાન છેને ભાઈનું મકાન, નહીં? મનસુખનું. ત્યાં જીન હતું. ત્યાં ઓલી.... અમે સાત-આઠ નવા ગયેલા પાલેજમાં પહેલાવહેલા. તેર વર્ષની ઉંમર. મેં કીધું, આ શું ગાય છે? આ બાઈયું ભેગી થઈને રાસડાં ગાયને. ત્યાં ન જવા દેવા માટે કહે, 'ત્યાં ચુડેલ ગાય છે. ત્યાં ન જવું.' કહે. 'ચુડેલ બોલે ને આપણે જો હા પાડીએ તો ચોંટે, વળગે'.

આ તો ૫૯ની સાલની વાત છે. સંવત ૫૯નો આસો. ઓલી પૂનમ જ હશે. કારણ કે પૂનમની રાત હતીને રાસડા ગાતા. અમે પહેલાવહેલાં ગયા. નાની ઉંમર હતી. તેર વર્ષની ઉંમર. એલા શું છે આ? પાછળ બોલે છેને આટલી બધી બાઈયું. આ બાઈયું નથી, એ ચૂડેલ છે. પછી તો જોયું કે આ તો જીન છે. જીનની બાઈયું ઓલી મજુર હોયને. નવરી થઈને ગાતી હતી. ઓલા રાસડા લે રાસડા. ઓલા નાના છોકરાને જવા ન દેવા માટે આવું કહેતા હતા. પણ આ ચુડેલખાનું છે ખરું તો. આહાહા! કેટલા વર્ષ થયા (સંવત) ૫૯ને? ૬૮? ૬૮ વર્ષ થયા. ઓસરી હતી ખુલ્લી ત્યાં સુવાનું હતું. ત્યાં ગાતા હતા તે સાંભળતા. કહે, 'ચુડેલ છે, ચુડેલો છે. હવે આપણે ન જવું ત્યાં'. આહા!

એમ આ (શરીર) ચૂડેલનું ઘર છે. આને પોતાનું ન માનવું, એમ કહે છે. मानो एक मुर्दाखाना ही है. એ ક્યાંક અર્થ બીજો કર્યો છે હોં પ્રેતનો અર્થ. ચુડેલખાનું. પ્રેત—ભૂત.. ભૂત.. ભૂતની ગુફા, લ્યો. પ્રેત એટલે ભૂત, દરી એટલે ગુફા. આહાહા! ભગવાન આનંદસ્વરૂપ પોતે. આ પ્રેત-ભૂતનું ખાનું. આ એની ગુફા, એને પોતાનું માને. ગજબ છે ને! કહે છે. ત્યાંથી તો ભાગે. આ ચુડેલ અહીં રહે છે તો ભાગે ત્યાંથી. એને ઠેકાણે આ ભૂતનું ખાનું—ગુફા મારી છે, મારી ચીજ છે. ધૂળેય નથી, આ તો માટી હાડકાં છે. સાંભળને હવે માળા! આ તો અજીવ છે. આહાહા! देह अचेत प्रेत-दरी रज, रेत-भरी मल खेतकी कयारी.. આહાહા!

रज और वीर्यसे भरी हुई मल-मूत्ररूपी खेतकी कयारी है. મળમૂત્ર આમાં વહે છે ક્યારામાં. ભગવાન આત્મામાં તો અતીન્દ્રિય આનંદ, સ્વચ્છતા, શુદ્ધતા ભરી છે. આ બાજુ મળમૂત્રની ખાણ છે. આહાહા! અમૃતનો સાગર પ્રભુ મૃતક ક્લેવરમાં મૂર્છાણો છે. આવે છેને એ કર્તા-કર્મમાં. ધૂળેય નથી, આ તો બધી માટી છે અને ચૂડેલનું ઘર છે આ તો ભૂતનું. ત્યાંથી ભાગવું જોઈએ કે ગરવું જોઈએ એમાં? માળું પણ શરીર કાંઈક ઠીક હોય, લાડવા-બાડવા પચતા હોય બે-ત્રણ ચુરમાના, પરતવેલીયા આવે. એને એમ કહેવું કે (મડદાખાનું) ! એ જાદવજીભાઈ! લટ્ઠ જેવું શરીર હોય, સોનાની વીંટી જેવું. આમાં બીજે ક્યાંક આવે છે. એ પછી આવશે. ऊपरकी चमक दमक पट भूषनकी.. પછીમાં આવશે, ચાલીસ (પદ)માં. આ ચામડીનું માથે ચમક-દમક લાગે છે. આ ચામડી છે માથે. હાડકાં ઉપર ચામડી છે. જેમ ગાર હોયને ઉપર, તેમ આ ગાર છે ઉપરની. આ બંધ અધિકારમાં લેવાનું હેતુ કે આ શરીર જડ છે એને પોતાનું માનવું એ બંધભાવ અજ્ઞાન છે. એમ કહે છે.

रेत भरी मल–खेतकी क्यारी.. આ ખેતરમાં ક્યારા હોય છેને ક્યારા. એમ આ ક્યારી રેતની ભરેલી છે. व्याधिकी पोट.. આ વ્યાધિની પોટલી છે આ તો આખી. આહાહા! કહ્યું હતુંને રાતે, નહીં કાંઈક? આ એક શરીરમાં ભગવાને આટલા રોગ જોયા. પાંચ કરોડ.. કેટલાં? અડસઠ લાખ નેવું હજાર પાંચસે ને ચોર્યાશી. ભગવતી આરાધનામાં છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે આ શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નેવું હજાર પાંચસે ચોર્યાસી (૫,૬૮,૫૮૪) એટલા રોગ છે આંહીં. વ્હાલું તો લાગે જાણે કે આહાહા! શું કરવું આને? શું છે? ધૂળ છે, સાંભળને! એને મારું માનવું ને એની સંભાળ કરવામાં રોકાવું, એ બધો બંધભાવ છે, એમ કહે છે. બંધભાવ. આહાહા! ચૈતન્યની સંભાળ કરવી, એ અબંધભાવ છે. આહાહા!

व्याधिकी पोट.. છે ને? એ તો રોગોની ગાંઠડી છે. ખીલે ત્યારે ખબર પડે. જીવને આમ સારું લાગે, રૂપાળું લાગે આમ થાય. ઈયળું પડે છે એક એક આહીં. નહોતું કહ્યું ઓલું? શીતળા નીકળ્યા હતા. નહોતું કહ્યું? લાઠીમાં એક બેન હતા, લાઠીમાં. ચીમનભાઈ! લાઠી નહીં આ..? ડેલામાં ઓલી કોર સુખલાલ રહે... એમાં એક બહેન હતા. જામનગર પરણાવ્યા હતા, નહીં? ચંપક હતો કોઈ. બે વર્ષનું લગ્ન હતું. અને નીકળ્યા શીતળા અને દાણે દાણે ઈયળો. બે વર્ષનું પરણેતર. ચામડી કાંઈક ઓલી હતી. નરમ બાઈ હતી હોં. ઘણા વર્ષની વાત છે. ચાલીસેક વર્ષ પહેલાની વાત છે. પછી આમ ફરે આમ અને ઈયળોનો આંહીં ઢગલો. આમ ફરે તો આંહીંથી. દાણે દાણે ઈયળો. એમ બોલતી હોં બિચારી 'એ બા! મેં આવા પાપ આ ભવમાં નથી કર્યા હોં. આ પીડા સહન થતી નથી.' એમ બોલે બિચારી. એ વહાલું લાગતું હતું ને? આહાહા!

અમારે બધા જાણીતાને એ દામનગરના, લાઠીના. એમ બોલતી હોં, 'એ બા ! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યા. ક્યાંના આવ્યા હશે?' ઈયળો કરડે. આમ ફરે તો આમ ઢગલો, આમ ફરે. આખા શરીરે. એ કાનજીભાઈ! નામ ઓળખતા કે નહીં? આ શું કહે એને ....નો ડેલો કહેવાય એને? આ એ. નાગરભાઈની દીકરી. આ એ. ઘણા વર્ષ થઈ ગયા હોં. આહાહા! વૈરાગ્ય હતો એ વખતે.... દાણે-દાણે ઈયળો પડી અને એવી પીડા પાકેલી. આ હવે આ શરીર વ્હાલું (લાગે). માળા ગજબની વાત છેને. व्याधिकी पोट अराधिकी ओट.. એ આત્માની તો આડશ આડશ કરનારી છે. ઓટ એટલે आत्माके स्वरूपको ढँकनेवाली है. આહાહા! ભગવાન આત્મા શરીરની ઓટમાં ઢંકાઈ ગયો છે. આહાહા! ઓટ આવી ગઈ ઓટ. આ ભરતી-ઓટ કહે છે ને? આહાહા!

ચોવીસ કલાક નવરાવવું ને ખવરાવવું ને ધવરાવવું ને. ધવરાવવું છોકરાને, મોટાને લુગડાં. લુગડાંમાં અત્તર નાખે, એવી (ગંધ) ફેલાવે. અત્તર અત્તર—સેન્ટ. આહાહા! અરે ભગવાન! આ મડદાને શણગારવું છે આ તો. પ્રભુ! તારો શણગાર તો બીજી ચીજ છે. આહાહા! જુઓને દેહની પણ કેટલી વાત! બંધ અધિકાર છે ને. આહાહા! ભાઈ! આવું શરીર.. સમજાણું? उपाधिकी जोट.. છે ને? કષ્ટોનો તો સમુદાય છે. એ કષ્ટનો તો ઢગલો છે. આમાં કષ્ટો જ ભર્યા છે બધા. આહાહા! શૂળ આવે ને કાનમાં શૂળ આવે. ઈયળો અહીં પડે ને અહીં કંઈક થાય. આને શું કહેવાય તમારે? કેન્સર. આંહીં કેન્સર થાય છે છાતીમાં. આહાહા!

આ બિચારીને થયું છેને કેન્સર, જુઓને. ભાઈ નથી આવ્યા? નથી આવ્યા. ઘરે હશે. દેવશીભાઈની વહુને કેન્સર થયું છે. ઓપરેશન થાય એવું નથી. ઓપરેશન કરશે તો મરી જશે. શરીર એવું જીર્ણ છે. હમણાં ગયા હતા. ચંદુભાઈની બાની મામી થાય, મામા થાય. અહીં દેવશીભાઈ નથી રહેતા? આ જીર્ણ શરીર. આહા! આમ જાપ કરે છે. આને શણગારવું અને આને આહાર પાણી દેવા. કહે છે કે બાપા ! એ ઈંધણ ખાતર દે એ વળી જુદું, આ તો પ્રેમથી દે એને. ભૂતના મુખમાં કોળિયા દે. એ ભૂતડું આવ્યુંને ભૂતડું. આ ભૂતડું છે. આહાહા! દેહથી વૈરાગ્ય કરાવે છે. બાપુ! આ ચીજ તારી નથી. આહાહા! શું કીધું? ઓટ કીધુંને ઉપાધિની. ઉપાધિનો સમુદાય છે, એ કષ્ટના સમુદાય છે આ એકલા. શ્રીમદે, વેદનાની મૂર્તિ છે એમ કહ્યું છે. આ દેહ વેદનાની મૂર્તિ છે. ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. આહાહા! અંદર આનંદ અતીન્દ્રિય આનંદ. દેહ તો એકલા કષ્ટ ને વેદનાની મૂર્તિ છે. આહાહા! એ કોણ જાગે? આહાહા!

ઓલા નથી આવતું ભાઈ, શું કહેવાય તમારે? વિરાવાળા નહીં? વિરાવાળા. અંદર આખું ભગંદર. અહીંથી ઈયળું બધી. વિરાવાળાને તકરાર હતીને રાજકોટની. વ્યાખ્યાનમાં

આવ્યા હતા ૮૯ની સાલમાં, વિરાવાળા વ્યાખ્યાનમાં આવ્યા હતા. કાંઈ ઠેકાણું નહીં. આમ સૂવે પુંઠમાં ઈયળું હોં, મરી ગયા ત્યારે અહીં બધે. પછી એટલું દુઃખ થાય કે એને માંસ થોડું નાખે હેઠે એટલે ઈયળું માંસ ખાય તો દુઃખ ઓછું લાગે. આહાહા! આ દશા! વિરાવાળા હતાને આ રાજકોટ. કઈ સાલ ૯૫, નહીં? ૯૫. આપણું ૯૫માં ચોમાસું હતું, એ પહેલા બધું થયેલું. વ્યાખ્યાનમાં આવ્યા હતા ૮૯માં. ચોમાસું હતુંને સંપ્રદાયમાં. ભોજનશાળે. ત્રણ હજાર માણસ આમ માતા નહોતા. ત્યારે આવ્યા હતા, વ્યાખ્યાનમાં બેઠા હતા. આ લોખણી. ભાઈ આવ્યા હતાને તલકશીભાઈ. એણે સાંભળ્યું હતું. ભાઈ કહેતા હતા. મણીભાઈ નહીં? એ વકીલ જોવા ગયા હતા ત્યાં મણીભાઈ. આમ ઈયળુ પડે છે. આંહીંથી આમ ઈયળું. માંસ મૂકે થોડું તો ઈયળું એને બટકા ઓછા ભરે. આ ગજબ વાત છે! આહાહા!

એનાથી તારી ચીજ પ્રભુ! જુદી છે, એમ કહે છે. તારે ને એને કાંઈ સંબંધ નથી. આટલો કેમ પ્રેમ છે તને? એમ કહે છે. પ્રેમ તો પ્રભુ સાથે થવો જોઈએ, ચૈતન્ય આનંદ સાથે. આ શું છે તને? આનો પ્રેમ તો બંધનું કારણ છે એમ કહે છે. અબંધ પરિણામી ભગવાન આત્માનો પ્રેમ એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? समाधिसौं न्यारी.. આત્માની શાંતિથી તો ન્યારું છે આ જડ. સમાધિ આમાં ક્યાં હતો આ આનંદ? આહાહા! समाधिसौं न्यारी.. આત્માને આશ્રયે શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એવી શાંતિરૂપી સમાધિ, એનાથી દેહ તો જુદી ચીજ છે. એને લઈને સમાધિ નથી, એને લઈને સમાધિ પ્રગટ થતી નથી. એ તો કષ્ટનું પુતળું છે. આહાહા! બે દ્રવ્યની ભિન્નતાનું ભાન કરાવે છે. આહાહા! મારાપણું થઈ ગયું છેને એકમેક જાણે. ત્રણ કાળમાં એક નથી. એ તો કીધુંને, પ્રભુ દેહથી ભિન્ન છે.

देह धरै प्रभु देहसौं भिन्न, रहै परछन्न लखे नहि कोई.. પ્રભુ અંદર બિરાજે છે ચૈતન્ય. અરે, કોઈ ઈન્દ્રિયથી જણાય એવો નથી, એ તો અતીન્દ્રિયથી જણાય એવો છે. આહાહા! ખબરેય નથી એની, ખ્યાલેય નથી અને થઈ ગયા ધર્મી. શું થાય? અનાદિથી એમ જ કર્યું છે ને. समाधिसौं न्यारी.. એક એક શબ્દમાં ભર્યું છે કેટલું જુઓને! रे जिय! देह करै सुख हानि.. અરે જીવ! દેહની પ્રીતિ તો તારા શાંતિને નાશ કરી નાખે છે. આહાહા! સવારના નાહે, અત્તર-બતર લગાવે, સામે અરીસો હોય. સામું જોતો હોય તો વાંદરો જોઈ લ્યો. પટીયા માટે. આ ઓલું હોયને, શું કહેવાય એને? દાંતિયો. આમ વળી એક આમ ને વળી એક આમ. બે જુદા પડે ને. માળા ગજબ છેને આ! શું કરું છું આ? એની ખબરેય ન મળે. આની કોરના વાળ આમ રાખે આમ અને પાડે સેંથો, આની કોરના આમ રાખે આમ એક સેંથો અને વચલા કરે આમ. હાં, હવે બરાબર થયું. પછી એકને કરે ત્રણ.

કહે છે, रे जिय! देह करै सुख हानि.. તારા ધર્મના સુખ-શાંતિની તો હાનિ કરી નાખશે. હવે એ દેહથી ધર્મ થાય, લે વળી ઠીક. કહો, સચેત દેહનું.. શું કીધું? સજીવ દેહથી ધર્મ થાય, આ પ્રશ્ન ઊઠ્યો અહીંયાં. આહાહા! ખાણીયાચર્ચા છેને એમાં બીજો બોલ નાંખ્યો છે. એ અહીંથી ઉઠ્યું બધું. એ પંડિતોમાં ખળભળાટ થઈ ગયો. આ લોકો કહે છે, 'ધર્મ પુણ્યથી અને દેહથી ન થાય'. અરે, એમ નહીં. દેહ સચેતન હોય તો એનાથી ધર્મ થાય. કોનાથી ધર્મ થાય? ધૂળથી? કાશીના ભણેલા મોટા પંડિતો ભેગા થયા છેને ખાણીયાચર્ચાથી. ખાણીયાચર્ચા દેખી હૈ કે નહીં? ઓ પ્રેમચંદજી! ખાણીયાચર્ચા ત્યાં છે. વાંચી છે? નહીં! વો મંદિરમેં આયી હૈ ન. ભેટ આવી છે. બધે મંદિરમાં આપી છે. જ્યાં જ્યાં મંદિરો છે. બે પુસ્તક છે. ૧૬ રૂપિયાના. આઠ-આઠના છે. ૧૬ના બે. બહુ સરસ છે. આહા!

रे जिय! देह करै सुख हानि.. ભગવાન તો આનંદની મૂર્તિ છે. આ દેહની મમતા તો એના સુખ ને શાંતિનો નાશ કરે છે. इते पर तौ तोहि लागत प्यारी.. આવું હોવા છતાં તને પ્યારી લાગે છે દેહ. આહાહા! देह तो तोहि तजेगी निदान.. શરીર તો તને છોડશે ચોક્કસ. तूही तजै किन देहकी यारी.. દેહનો પ્રેમ તું કેમ છોડતો નથી? એ તો છોડી દેશે. ૫૦-૬૦ વર્ષ, ૮૦ વર્ષ થયા, દેહ તો ટાણું આવશે તો ફટ, જાવ. ચલો દેહ હમારી સંગમેં. મડદું કહે, નહીં આવીએ. આનંદઘનજી કહે છેને. આનંદઘનજીમાં આવે છે. 'ચલો દેહ હમારે સંગે'. અરે મૂર્ખા! અમે કોઈ (સાથે) ગયા છીએ? સાંભળને, આઘો જાને. અમે તો મડદા છીએ. આહાહા! આત્માનું દર્શન સમ્યક્ કરાવવા આ વાત બધી લીધી છે. અબંધ પરિણામ પ્રગટ કરાવવા બંધની ચીજમાં મૂળ (કારણ) આ થયું છે એમ કહે છે. કારણ તો એ સાચું છે. આહાહા! દેહ સારા હોય તો ક્રિયા સારી થાય. દેહ દુઃખનું માથું. શ્વેતાંબરમાં આવે છે દશવૈકાલિકમાં. ધુળેય નથી. આહા!

देह तो तोहि तजेगी निदान.. आखिरको यह तुझे छोडेगी ही, फिर तू ही इससे अनुराग क्यों नहीं छोड़ देता? તું કેમ રાગ છોડતો નથી? આ તો છોડશે. છોડ. આમ ફીણ વળી જશે ફટાક દઈને. .... જાવ. દેહ છોડી દેશે તને. તું હવે કેમ પ્રેમ છોડતો નથી માળા? એક બાજુમાં એ છોડે અને તું છોડતો નથી? આહાહા! આત્માનું ભાન થતાં દેહનો વૈરાગ્ય હોય છે એમ કહે છે. અને જેને દેહ ઉપર રાગ છે એ મિથ્યાદૃષ્ટિ બંધને કરે છે, એમ કહે છે. કહેવાનો આશય આ છે. સમ્યગ્દૃષ્ટિને તો રાગનો રાગ નથી, તો દેહનો રાગ (ક્યાંથી હોય?) આહાહા! અરે, ધન અને આબરૂ તું છોડી દે. અરે, આવો દેહ સારો મળ્યો હોય એને ભોગવી જાણવો. લે, આ મુરખ. ભોગવવું શું આ હાડકાને શું ભોગવવું?

આહા! आखिरको यह तुझे छोडेगी ही, फिर तू ही इससे अनुराग क्यों नहीं छोड़ देता? ઠીક પોઈન્ટ નાખ્યો છે હોં. એક કોર ભગવાન આત્મા ને એક કોર દેહ, બેનું ભેદજ્ઞાન.

સારો દેહ હોય તો ધર્મ થાય, લ્યો. શું કીધું? શરીર સાધન.. 'શરીર આદ્યં ખલું ધર્મ સાધનમ્', લ્યો. એવું આવે છે, પુરુષાર્થસિદ્ધિમાં આવે છે. વૈદ તો કહે, શરીર ઠીક હોય તો મનની સ્ફૂરતા રહે, મનની સ્ફૂરતા હોય તો ધર્મ થાય. ધૂળેય ન થાય, સાંભળને માળા ગાંડા! સમજાણું કાંઈ? એ કાંઈ આવ્યું હતું દવા. એમાં બહુ મુકે. એ કોઈ ફાર્મસી કહી... નથી દવા આવતી આ? મોટું એક પાનું ભરીને જાહેરખબર આપે છે આપણા જૈનમાં હોં. એક ફલાણી દવા. બહુ ઉંચી દવા, કહે છે. અમારી પ્રસિદ્ધ છે. ફલાણા મહારાજે વખાણી છે, ફલાણા મહારાજે વખાણી છે. તેલ તેલ કંઈક આવે છે. ઓલામાં આવે છે આપણા જૈનમાં હોં! ઓલામાં આપણે ક્યાં વાંચવા જઈએ? આખું પાનું આમ ભરી... આહાહા! એમ કે આના તો વખાણ સાધુએ કરેલા, ફલાણાએ કરેલા. માટે લ્યો, સ્ફૂર્તિ થાય.

એક વળી જૈન ગેઝેટમાં આવે છે. મોતીનો સાબુ, નહીં? આખું મોટું પાનું. ચરબી વિનાનો મોતી સાબુ. બહુ વખાણ આવે છે. સાબુ, મોતી સાબુ. ત્યાં વધારે થાય છે. એ ત્યાં થાય જમશેદપુર. ત્યાંના છાપામાં આવે છે. ટાટા કંપની. એક બાઈ ફૂલદાની હાથમાં લઈ ભગવાનની જાત્રા કરવા જાય, દર્શન કરવા જાય. મન શુદ્ધિ આ છે અને શરીર શુદ્ધિ માટે સાબુ લ્યો. જેથી કપડામાં તેજ મારે. એવું લખ્યું છે હોં. ઝાગ મારે ને આમ મારે. ધૂળેય નથી. ત્યાં એવું ચોપાનિયામાં છે. જૈન ગેઝેટમાં, નહીં? એક પાછળ આખું પાનું આવે છે. દરેકમાં આખું પાનું આવે. ભગવાનની પૂજા કરવા જાય. પૂજા કરવા જાય એ મન શુદ્ધિ અને સાબુથી કાયા શુદ્ધિ થાય. આરે, આવા ને આવા ધંધા કરે. કોલસાને સાબુએ ધોવે, કોલસો ધોળો થાતો હશે? બાળી નાખે તો થાય, સળગાવે તો થાય. આહાહા!

**सुन प्रानी सद्गुरु कहै, देह खेहकी खांनि।**
**धरै सहज दुख दोषकौं, करै मोखकी हांनि॥३९॥**

**શબ્દાર્થ** :—ખેહ=માટી. સહજ=સ્વભાવથી.

**અર્થ** :—શ્રીગુરુ ઉપદેશ આપે છે કે હે જીવ ! શરીર માટીની ખાણ છે, સ્વભાવથી જ દુ:ખ અને દોષમય છે તથા મોક્ષસુખમાં બાધક છે. ૩૯.

**अर्थ** :—श्रीगुरु उपदेश करते हैं कि हे जीव! शरीर मिट्टीकी खदान है, स्वभावसे ही दुःख और दोषमय है मोक्षसुखमें बाधक है॥३९॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

લ્યો, અહીં તો મોક્ષની હાનિ કરે, ભાઈ. ઓલામાં તો કહે, ...... પંડિતો આ ચર્ચા કરે છે, લ્યો. અરે, ભગવાન! **सुन प्रानी सद्‌गुरु कहै..** ગુરુ ઉપદેશ કરે છે. **देह खेहकी खांनि..** શરીર તો માટીની ખાણ છે, રાખની ખાણ છે. આમાં રાખ છે, ધૂળ છે. આમાં શું થાય? **धरै सहज दुख दोषकौ,** લ્યો. એ તો **स्वभावसे ही दुःख और दोषमय..** દેહ તો દોષમય એકલા ગંધ મારે વિષ્ટા, પેશાબ. આહાહા!

પરસેવો થોડીવાર રહે બે કલાક—ચાર કલાક તો જાણે આમ થઈ જાય જાણે. ગંધાય શરીર ગંધાય. કેટલાકને ઓલું હોય છેને વાયુ. વાગળું વા વા. એ શ્વાસ જ ગંધાય, બહુ ગંધાય. આમ શરીર સારું હોય પણ વા ગંધાય. વાયુ કહેવાય છે વાગળું વા. એવો વા થાય છે. છેને અમારે ઘણા જોયા હોય. અહીંયાં નજીક ઉભા હોય તો ગંધાય. શરીર ગંધાય. પણ એમાં ગંધમાં શું હોય ન્યાં ? બીડી પીવે એ ગંધાય, એ તો અહીંથી ગંધાય. ન્યાં પીને આવ્યો હોય, છોડીને આવ્યો તોય ગંધાય.

**धरे सहज दुख दोषकौ..** સ્વભાવિક દુઃખ ને દોષ, બેય. આહાહા! **करै मोखकी हानि..** એ મોક્ષના માર્ગ ને મોક્ષની હાનિ કરનાર (છે). દેહ જડ હાનિ કરે છે કે નહીં મોક્ષની? નિમિત્ત. એય! એ તો પોતે પરની મમતા કરી એટલે હાનિ થાય છે, એમ એની વાત કરી છે. આહાહા! **शरीर मिट्टीकी खदान है, स्वभावसे ही दुख और दोषमय है तथा मोक्षसुखमें बाधक है.** વિશેષ કહેશે. શરીરની વાત પછી કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૯૮, અષાઢ સુદ ૧૫, ગુરુવાર, તા. ૮-૭-૧૯૭૧
## બંધ અધિકાર પદ ૪૦ થી ૪૪ ઉપર પ્રવચન

આ શરીરની વ્યાખ્યા કરે છે. શરીર તદ્દન જુદી ચીજ છે, છતાં અનાદિનો શરીર ઉપર એને પ્રેમ છે. એથી એને મિથ્યાત્વનો બંધ પડે છે એમ કહે છે. કારણ કે આ શરીર તો પરચીજ છે જડ  માટી. એ મારું છે એ માન્યતા મિથ્યાત્વ છે. એથી એના અવગુણ ગાય છે. શરીર આવું છે. ભગવાન અમૃતનો સાગર છે. આત્મા તો અમૃત અતીન્દ્રિય અબંધ સ્વરૂપ છે, એમ કીધું છે અહીં. આ શરીર તો બંધનું જ કારણ છે. એની એકતાબુદ્ધિ શરીરની એ સંસાર છે, મિથ્યાત્વ છે. તે શરીર કેવું છે એની વાત કરે છે. ૪૦મું (પદ) છે.

વળી — (સવૈયા તેવીસા)

रेतकीसी गढ़ी किधौं मढ़ी है मसानकीसी,
अंदर अंधेरी जैसी कंदरा है सैलकी।
ऊपरकी चमक दमक पट भूषनकी,
धोखे लागै भली जैसी कली है कनैलकी।।
औगुनकी औंडी महा भौंडी मोहकी कनौडी,
मायाकी मसूरति है मूरति है मैलकी।
ऐसी देह याहीके सनेह याकी संगतिसौं,
ह्वै रही हमारी मति कोल्हूकेसे बैलकी।।४०।।

**શબ્દાર્થ :—**ગઢી=નાનો ગઢ કે કિલ્લો. મઢી=નાનું. મંદિર–દેરી. કંદરા=ગુફા. સૈલ=પહાડ. ફૂલી હૈ કનૈલકી=કનૈરના ફૂલની કળી. ઔંડી=ઊંડી. ભાંડી=ખરાબ. કનૌડી=કાણી આંખ. મસૂરતિ=આધાર.

**અર્થ :—**આ દેહ રેતીના ગઢ સમાન અથવા સ્મશાનની દેરી સમાન છે અને અંદર પર્વતની ગુફા સમાન અંધકારમય છે, ઉપરના ઠાઠમાઠ અને વસ્ત્રાભૂષણોથી સારો દેખાય છે પરંતુ કનૈરની કળી સમાન દુર્ગંધવાળો છે, અવગુણોથી ભરેલો, અત્યંત ખરાબ અને કાણી આંખ સમાન નકામો છે, માયાનો સમૂહ અને મેલની મૂર્તિ જ છે, એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી થઈ ગઈ છે જેથી સંસારમાં સદા ભ્રમણ કરવું પડે છે. ૪૦.

**अर्थ :—**यह देह बालुकी गढ़ींके समान अथवा मरघटकी मढ़ीके समान है और भीतर

पर्वतकी गुफाके समान अंधकारमय है। ऊपरकी चमक-दमक और वस्त्र-आभूषणोंसे अच्छी दिखती है, परंतु कनैरकी कलीके समान दुर्गंधित है, अवगुणोंसे भरी हुई, अत्यन्त खराब और कानी आँखके समान निकम्मी है, मायाका समुदाय और मैलकी मूर्ति ही है इन्हींके प्रेम और संगसे हमारी बुद्धि कोल्हूके बैलके समान हो गई है, जिससे संसारमें सदा भ्रमण करना पड़ता है।।४०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઘાણીનો બળદ હોયને, એવી મતિ થઈ રહી છે અજ્ઞાનીની. रेतकीसी गढ़ी.. રેતનો મોટો ઢગલો. આ થાય છેને આ રેતીમાં જુઓને આમ ત્યાં રાજસ્થાનમાં. મોટા ઢગલા. પવન એવો આવે, ખાડો હોય ત્યાં ઢગલો થાય ને આ ઢગલો હોય એ ઉડીને ખાડો થાય. એવી રેતી બહુ રેતી જયપુર. આપણે દેખાતું, નહીં? ઘણા ઢગલા થઈ જતા એકદમ. એવો પવન આવે ને ઢગલો થઈ જાય. એમ આ રેતીનો ઢગલો છે. આહાહા! रेतकीसी गढ़ी.. છોટા ગઢ, કિલ્લો.. કિલ્લો.. એ રેતીનો કિલ્લો છે આ બધો. પળભર ભૂકો થતાં વાર ન લાગે, એમ કહે છે. રેતીનો કિલ્લો. આહા! નાશવાન છે આ. અંદર અમૃતસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો ધામ... બધાને વાંધા ઉઠ્યા છે. ઘણા આવે છે ચર્ચામાં હોં. પર્યાયબુદ્ધિ... એ પર્યાયબુદ્ધિ એ મિથ્યાત્વ છે? નહીં. પર્યાય ન માને તો તો વેદાંત થઈ જાય. (શ્રોતા : પર્યાય ન માનવાની ક્યાં વાત છે? એકાંત પર્યાયને માને અને ધ્રુવને ન માને એની વાત છે.) તમારો લેખ છે હોં હિંમતભાઈનો. તમારો કાકો.

ત્યાં એમ કહે... વ્યાખ્યાન વાંચતા હતા, પણ ખબર પડી ઓલી, ખબર પડી ત્યાં ભાગ્યા. આ પંડિત કહેવાય સોનગઢના, જુઓ. એય! આ તમારા ભાઈની વાત ચાલે છે. ઓલું સળગ્યુંને.. ત્યાં કારખાનું નવું નાખ્યુંને? એવું ... નાખ્યું. એમ કે પંડિત કહે એટલે કહેવાતા, એમ લાગે છે. કહે શબ્દ હોયને, એનું મીંડું વાળ્યું. પંડિત કરીને કહે એમ કરીને મીંડું વાળ્યું. પંડિત કહેવાતા એમ લાગે. ઈંદોર વાંચતાને તે દિ.' એમાં સળગ્યું હતુંને. ત્યાં તાર આવ્યો એટલે ભાગ્યા એ. જુઓ, આ પંડિત. હાથીના દેખાડવાના કાંઈક ને ચાવવાના કાંઈક. બહારમાં દેખાડે કે આમ છે, આમ છે અને પોતાનું ટાણું આવે તો ભાગે. એ હિંમતભાઈ! ..... એવી ટીકા કરી છે.

એક ચીમનભાઈની ટીકા કરી. ચિમનભાઈ ત્યાં ખાતેગામ ગ્યા હશેને ખાતેગામ. ચીમનભાઈ. ચીમનલાલ તારાચંદ એની ટીકા કરી. કાંઈક ગાયન-બાયન બોલ્યા હશે બેલાતેલાનું. એમ કે બેલાતેલા... એ કાંઈ ધર્મ નથી, અપવાદ માર્ગ છે. સામે પંડિત બોલ્યા હશે. આખરે તો એને તપસ્યા કીધી છે અને તમે ત્યાગને ઉડાડો છો. અને તમે પણ બધા

આ સુગંધ, સુગંધી તેલથી ન્હાવ, સાબુથી ન્હાવ, સારા-સારા આહાર કરો છો સુગંધિત, એવું બધું આપ્યું હશે.

અરેરે! શું થાય? ભાઈ! એ તો રાગ આવે છે, હોય છે, પણ વસ્તુસ્થિતિ શું છે એમ એણે નક્કી કરવું જોઈએને. સમ્યગ્દષ્ટિ છ ખંડના ધણી ચક્રવર્તી, લ્યો. ભોજન ખાય તે કેટલું? ૩૨ કવળ. હવે એક કવળ ૯૬ કરોડ પાયદળ ન ખાઈ શકે, એવો એનો ખોરાક હોય. શું કીધું? ભરત ચક્રવર્તીનો ૩૨ કવળનો ખોરાક એનો. એક કવળ ૯૬ કરોડ પાયદળ ન પચવી શકે એવો ખોરાક. લાખો કરોડોની ભસ્મ અંદર, હીરાની-મોતીની ભસ્મ. એની દાસી હોય એવી મજબૂત કે આમ હીરો આમ તોડે... (શ્રોતા : ભૂકો કરે). એવી તો દાસીઓ. હવે એ સમકિતી અને એ જ ભવમાં મોક્ષ જનાર છે. આહાહા! આવો ખોરાક! એક કવળમાં કેટલી ભસ્મ હોય એને. ભઈ! એ તો પુણ્યના યોગે એવો યોગ હોય છે, પણ ધર્મીને એના પર રુચિ હોતી નથી. એ (વાત) સમજાતી નથી. આહા! સમજાણું કાંઈ?

ધર્મીને આહારમાં એવી સુખબુદ્ધિ હોતી નથી. વિકલ્પ આવ્યો છે, એને જાણે છે કે દુઃખદાયક છે આ. પણ એ વખતે બીજું સમાધાન થતું નથી એથી એ આહાર લે છે. કારણ કે ખરેખર તો આહાર અને વિકલ્પથી રહિત છે. આહાહા! શું થાય? એવી વાત ગડબડે ચડી ગઈ. બહારના ત્યાગનું આ.... આહા! કહે છે, અરે! આ શરીર રેતનો ઢગલો છે. આહાહા! પ્રભુ! તું અમૃતનો સાગર છો. શાશ્વત નિત્ય જ્ઞાનાનંદનો પૂંજ છો, જ્યારે શરીર એકલી રેતનો ઢગલો છે. આહાહા! બેય ચીજ નિરડળી છે. मढ़ी है मसानकीसी.. એ સ્મશાનની મઢી. સ્મશાનમાં ઓરડી કરેને રહેવાની. मसानकीसी मढ़ी है, લ્યો. સ્મશાનની મઢી છે એ તો. મરઘટ છેને મરઘટ. મરેલાનો ઘાટ હોય ત્યાં ઓરડી કરે. એવું મરેલું આ મડદું છે. ભગવાન અંદર અમૃતસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ છે, એમ આ મરઘટ છે. આહાહા!

अंदर अंधेरी जैसी कंदरा है सैलकी.. મોટી ડુંગરમાં પત્થરની ગુફા હોયને ગુફા. એકલું અંધારું, એમ અંદરમાં અંધારું. ઓલો છોકરો પૂછતો હતોને કે અંદર જોઈએ તો અંધારું દેખાય છે. આ જામનગરનો પરેશ.. પરેશ. આઠ વરસની ઉંમર. અત્યારે તો પંદર-સોળ વરસની હશે. આઠ-નવ વરસ પહેલાં. છોકરો હોશિયાર છે. 'મહારાજ! તમે આત્મા જુઓ, આત્મા જુઓ કહો છો.' આઠ વર્ષની ઉંમરે હોં. અત્યારે તો પંદર-સોળ વરસ થઈ હશે. અત્યારે તો (આ પ્રશ્ન) બીજા ઘણા કરે છે. એ આત્મા જોવો, ક્યાં જોઈએ અમે? બહાર તો આ દેખાય છે. આંખો મીંચીએ તો અંધારું દેખાય છે અંદર. પણ અંધારાનો જાણનાર કોણ છે અંદર? કીધું. આ કહે છે, વાત સાચી છે. અંદર અંધેરી હૈ. ગુફામાં અધારું હોયને એમ અંધારું છે. પણ અંધારાનો જાણનાર (કોણ)? પ્રકાશમય છે ચૈતન્યમૂર્તિ. જેની સત્તામાં અંધારું જણાય, તે અંધારારૂપ નથી. આહાહા!

અંધારારૂપ તો આ જડ છે માટી. જેની સત્તામાં—હોવાપણામાં અંધારું જણાય છે એ અંધારારૂપ નથી. ખબર નથી પણ કોઈ દિ' વિચાર કર્યા નથી. આ શરીર ને આ બાયડી, છોકરા ને કુટુંબ ને પૈસા થઈ રહ્યું, મર્યો એમાં. કાંઈક રળતાં આવડે એટલે.. તો થઈ રહ્યું, ઊંડો ગયો. આહાહા! પણ તું કોણ છો? ભાઈ! તારી હયાતી ન હોય તો આ શરીર તેની હયાતીને કહે કોણ? આ છે એમ જાણે કોણ? શરીર જાણે? જાણનાર ચૈતન્ય ભગવાન છે. એ જાણે છે કે આ શરીર છે. એ અંધારારૂપ છે (નહીં.) આમાં અંધારું છે આ બધું.

ऊपरकी चमक दमक पट भूषनकी.. આ ચામડીની ચમક લાગે ઉપરની આ અને પટ ભૂષણનું ચિતરામણ લાગે, લ્યો. છે ને चमक दमक.. ભાષા એમ વાપરે છેને ચમક-દમક. આમ ચમક-દમક થઆ ગયું. એ તો ચામડી ઉપરની જે ચમક-દમક લાગે છે આ. એક છોલ કાઢીને જો. શેરડીની છોલ માથે કાઢે, એટલી જો આ ચામડી કાઢે ઉપરથી.. (શ્રોતા : લોહી નીકળે). થૂંકવા ન ઉભો રહે એવું છે આ. અને પ્રભુ તો અંદર આનંદમૂર્તિ અમૃતનો સાગર છે. એમાં જરી એકાગ્ર થાય તો અમૃત ઝરે એવો છે. આની ચામડી ઉખેડે તો માંસ દેખાય. એમાં એકાગ્ર થાય તો એમાં આનંદ આવે. આહાહા! એવી બેય ચીજ નિરાળી છે.

धोखै लागै भली जैसी कली है कनैलकी.. એ ધોખો દે એવી છે માળી. આ ઉપરથી લાગે આ અને અંદર ગંદકી. માંસ, હાડકાં ને ચામડાં ને પેશાબ ને વિષ્ટા ને વીર્ય. આહાહા! ધોખો દે છે એ આત્માને. દગો.. દગો દ્યે છે. આહાહા! धोखै लागै भली जैसी कली है कनैलकी.. એ આપણને કાંઈ ખબર નથી, કો'ક હશે કનૈલની કળી. બહારથી સારી લાગે અને અંદર ગંધ ભરી હોય, દુર્ગંધ ભરી હોય. औगुनकी औंडी.. એ અવગુણની તો ઊંડી ખાઈ છે, લો. ઊંડી છેને, ગહરી. ગહરી લખ્યું છે. ઔંડી એટલે ગહરી, ઊંડી. અવગુણકી ઊંડી ગહર.. ગહર એટલે ઊંડું. ગંભીર ગુમડું હોયને એવું અવગુણનું ગુમડું છે આ શરીર. આહાહા! જેને સર્વસ્વ માન્યું જાણે આહાહા! મિથ્યાદૃષ્ટિ શરીરને પોતાનું માની ચૈતન્યને ભૂલી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

औगुनकी औंडी महा भौंडी.. મહા ભૂંડી છે કહે છે. આહા! છે ને? અત્યંત ખરાબ. ભૂંડીનો અર્થ કર્યો અત્યંત ખરાબ. मोहकी कनौडी.. મોહની કાણી આંખ છે. એ કાણી આંખની સમાન નિકમ્મી છે એમ કહે છે, મોહની કનૌડી, એમ. મોહની કાણી આંખ. આંધળો થઈ જાય છે એટલે દેખતો નથી એનાથી. આત્મા આ છે ને શરીર આમ... मायाकी मसूरति.. એ માયાનો સમુદાય છે. એકલો માયાનો આ સમુદાય છે. मूरति है मैलकी.. મેલની મૂર્તિ છે. ભગવાન નિર્મળાનંદની મૂર્તિ આ છે. આ (શરીર) મેલની મૂર્તિ છે. ऐसी

देह याहीके सनेह.. આવો જે દેહ એના પ્રેમમાં અને એની સંગતિમાં.. લ્યો બેય. પ્રેમ અને સંગતિસે ह्वै रही हमारी मति कोल्हूकेसे बैलकी.. એ બળદ હોયને બળદ કોલ્હૂનો. શું કહેવાય? ઘાણીનો. ઘાણીના બળદ જેવો છે ઘાણીના બળદ જેવો. હવે એને વિશેષ કહેશે.

વળી —(સવૈયા એકત્રીસા)

ठौर ठौर रकतके कुंड केसनिके झुंड,
हाड़निसौं भरी जैसें थरी है चुरैलकी।
नैकुसे धकाके लगे ऐसै फटि जाय मानौ,
कागदकी पूरी किधौं चादरि है चैलकी।
सूचै भ्रम वांनि ठानि मूढ़निसौं पहचांनि,
करै सुख हानि अरु खांनि बदफैलकी।
ऐसी देह याहीके सनेह याकी संगतिसौं,
ह्वै रही हमरी मति कोल्हूकेसे बैलकी।।४१।।

**શબ્દાર્થ :—**ઠૌર ઠૌર=ઠેકઠેકાણે. કેસનિકે=વાળના. ઝુંડ=સમૂહ. થરી(સ્થલ)=સ્થાન. ચુરૈલ=ચુડેલ. પૂરી=પડીકું. વાંનિ=ટેવ. ચૈલ=કપડા. બદફૈલ=બુરા કામ.

**અર્થ :—**આ દેહમાં ઠેકઠેકાણે લોહીના કુંડ અને વાળના ઝુંડ છે, એ હાડકાંઓથી ભરેલો છે જાણે ચુડેલોનું નિવાસસ્થાન જ છે. જરાક ધક્કો લાગતાં એવી રીતે ફાટી જાય છે જાણે કાગળનું પડીકું અથવા કપડાની જૂની ચાદર. એ પોતાનો અસ્થિર સ્વભાવ પ્રગટ કરે છે પણ મૂર્ખાઓ એના પ્રત્યે સ્નેહ કરે છે. એ સુખનો ઘાતક અને બુરાઈઓની ખાણ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી સંસારમાં ભટકનાર થઈ ગઈ છે. ૪૧.

**अर्थ :—**इस देहमें जगह-जगह रक्तके कुण्ड और बालोंके झुण्ड है; यह हड्डियोंसे भरी हुई है, मानों चुडैलोंका निवासस्थान ही है। जरासा धक्का लगनेसे ऐसे फट जाती है जैसे कागजकी पुड़िया अथवा कपड़ेकी पुरानी चद्दर हो; यह अपने अथिर स्वभावको प्रगट करती है, पर मूर्ख लोग इससे स्नेह लगाते हैं। यह सुखकी घातक और बुराईयोंकी खानि है। इसहीके प्रेम और संगसे हमारी बुद्धि कोल्हूके बैलके समान संसारमें चक्कर लगानेवाली हो गई है।।४१।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઠૌર-ઠૌર રક્તના કુંડ છે, લોહીના કુંડ ભર્યા છે કહે છે લ્યો. આહાહા! જ્યાં જ્યાં મારો ઓલી ત્યાં લોહી નીકળે. સમજાણું? જગહ જગહ રક્તના કુંડ છે, લોહી છે લોહી.

ચેલણાને થયું હતું ડોળો. લોહી પીઉં શ્રેણિકનું. લોહી જોવું છે. શ્વેતાંબરમાં બીજી વાત છે એટલે પછી ઠીક ન બેઠી. ભાઈ લાવ્યા હતાને પ્રદીપ. ચેલણા રાણી તો સમકિતી હતા પહેલેથી. ધર્મ તો એણે પમાડ્યો શ્રેણિકને. એ વળી પાછા માંસ ખાય? માંસના એને વિચાર આવે એમ કે ભલે છોકરો ગમે એવો પણ માંસ નહીં ખાઉં. .... વાત સાચી. એને ડોળો આવ્યો કે શ્રેણિકનું લોહી જોવું છે. જ્યાં હોય ત્યાં લોહી. એક છરી મારી લોહી બતાવ્યું આમ, લ્યો. લોહી ભર્યું છે જ્યાં ને ત્યાં. ગમે ત્યાં મારો છરી. પાણી ભર્યાં હોય.. જ્યાં ત્યાં વીરડી ખોદે તો પાણી નીકળે. નદીનું પાણી ચાલ્યું જતું હોય ત્યાં વીરડો ખોદે તો નીકળે. અહીં તો જ્યાં ખોદો ત્યાં લોહી નીકળે. એમાં ક્યાં અમૃત ભર્યું છે ? આવ્યુંને?

ठौर ठौर रक्तके कुंड केसनिके झुंड.. આ વાળ.. વાળ.. हाड़निसौ भरी जैसे थरी है चुरैलकी.. હાડકાંથી ભરેલી છે, જાણે ચૂડેલનું ઘર હોય. चुरैलकी थरी એટલે રહેવાનું સ્થાન. છે ને? થરી એટલે સ્થળ–સ્થાન. એ ચૂડેલનું સ્થાન. આરે, ભારે! બનારસીદાસે... આ શરીરના પ્રેમમાં આત્માને ભૂલી ગયો છો એમ કહે છે. (શ્રોતા : નીચેની બે લીટીમાં છે.) આહાહા! हमारी मति कोल्हुके बैलकी.. એમ કીધુંને. नैकुसे धकाके लगै.. જરીક ધક્કો લાગે ને ફૂટી જાય ફટ. ऐसे फटि जाय मानौ, कागदकी पूरी, લ્યો. કાગળનો કટકો હોય જેમ ફૂટી જાય ફટ દઈને, એમ ફાટી જાય. कीधौं चादरि है चैलकी.. જૂની જૂની ચાદર. જૂના લૂગડાં જીર્ણ ફાટી જાય ખેંચતા, એમ ફાટી જાય. આમ જરીક આ ફાટ્યું, આ થયું, આ થયું, આ થયું, આહાહા!

જુઓને આ શું કહેવાય ઓલા લોહીનો? લોહીનો (શ્રોતા : બ્લડપ્રેશર). બ્લડપ્રેશર. બ્લડપ્રેશર તો... લોહી દબાણ નહિ, બીજું આ થાય છે અંદર આ.... નીકળે છે આમ ગૂમડાંની જેમ, નહિ? શું કીધું આ શાંતિભાઈને હતું એ? (શ્રોતા : ડાયાબીટીસ). ડાયાબીટીસ. ડાયાબિટીસ એવું વ્યાધિ છે કે કંઈક ગૂમડાં નીકળે, કાંઈ નીકળે. દાક્તર બહુ કહેતા ચુનીભાઈ. પડી જાય કે આમ થાય ને આમ થાય. ફૂટ્યું હોય કે ગુમડું થયું હોય તો એ રુઝાય નહીં કારણ તે અંદર દરદ છે. બહુ ધ્યાન રાખતા. ખાતાય ખરા, પણ ઈન્જેક્શન લેતા. દરરોજ નિયમથી. દગો દીધો, દગો દીધો. ઘડીકમાં સડે, ફાટે. આહાહા! कागदकी पूरी.. એ કાગળનું વહાણ મૂકે પાણીમાં, તરત ડૂબી જાય. આહા! कागदकी पूरी चादरि है चैलकी.

सूचै भ्रम वांनि, લ્યો. શું કીધું? वांनि–ટેવ. कागजकी पुडिया अथवा पुरानी चद्दर हो, यह अपने अस्थिर स्वभावको प्रगट करती है, લ્યો. सूचै भ्रम वांनि.. એ તો અસ્થિર ભ્રમણા દેખાડે છે, એમાં ઠેકાણું કાંઈ નથી. આહાહા! ठानि मूढ़निसौं पहचानि.. મૂઢે એને

પોતાનું માન્યું છે. मूर्ख लोग इससे प्रेम लगाते हैं. શરીરનો પ્રેમ એમાં ભગવાન આત્માને ભૂલી જવો, એ વાત કરે છે. मूर्ख लोग इससे प्रेम लगाते हैं. આહાહા! करै सुख हानि... સુખની તો હાનિ કરનાર છે. જેટલું શરીરને માટે સંભાળ, એની દરકાર, એટલી સુખની હાનિ કરનાર છે. આહા! अरु खांनि बदफैलकी.. બદફૈલની ખાણ છે. બદફૈલ છેને, બૂરાઈઓ. બૂરાઈની ખાણ છે—બદફેલની ખાણ છે. બૂરાઈની, બૂરાઈની ખાણ. ऐसी देह याहीके सनेह याकी संगतिसौं.. બે વાત. એનો સ્નેહ અને એનો પરિચય કરવો. ह्वै रही हमारी मति कोल्हूकेसे बैलकी, લ્યો. संसारी जीवोंकी दशा कोल्हूके बैलके समान है. હવે દાખલો ઉતારશે.

સંસારી જીવોની દશા ઘાણીના બળદ જેવી છે. (સવૈયા એકત્રીસા)

पाटी बांधी लोचनिसौं सकुचै दबोचनिसौं,
कोचनिके सोचसौं न बेदै खेद तनको।
धायबो ही धंधा अरु कंधामांहि लग्यौ जोत,
बार बार आर सहे कायर है मनकौ।।
भूख सहै प्यास सहै दुर्जनको त्रास सहै,
थिरता न गहै न उसास लहै छनकौ।
पराधीन घूमै जैसौ कोल्हूकौ कमेरौ बैल,
तैसौई स्वभाव या जगतवासी जनकौ।।૪૨।।

**શબ્દાર્થ** :—પાટી=પટ્ટી. લોચનિસૌં=આંખોથી. સકુચૈ=સંકોચાય છે. કોચનિકૈ=ચાબુકોના. ધાયબૌ=દોડવું. આર=એક પ્રકારની અણી. કાયર=સાહસહીન. ત્રાસ=દુઃખ. ઉસાસ=વિસામો. કમેરૌ(કમાઉ)=નિરંતર જોડનારો.

**અર્થ** :—સંસારી જીવોની દશા[1] ઘાણીના બળદ જેવી જ થઈ રહી છે. તે આ રીતે છે—નેત્રો ઉપર પાટો બાંધેલો છે, જગ્યા સાંકડી હોવાથી દબાઈ—સંકડાઈને રહે છે, ચાબુકના મારની બીકથી શરીરના કષ્ટની જરા પણ દરકાર કરતો નથી, દોડવું એ જ તેનું કામ છે, તેના ગળા ઉપર જોતર લાગેલું છે (જેથી નીકળી શકતો નથી,) દરેક પળે આરનો માર સહન કરતો મનમાં નાહિંમત થઈ ગયો છે. ભૂખ—તરસ અને નિર્દય પુરુષો દ્વારા પ્રાપ્ત કષ્ટ ભોગવે

૧. સંસારી જીવોની આંખો પર અજ્ઞાનની પટ્ટી બાંધેલી છે, તેઓ મર્યાદિત ક્ષેત્રથી આગળ જઈ શકતા નથી એ તેમને માટે દબાવનાર છે, સ્ત્રી આદિના તીખા વચન ચાબુક છે, વિષય-સામગ્રીને માટે ભટકવું તે તેમનો ધંધો છે, ગૃહસ્થપણું છોડીને નીકળી નથી શકતા એ તેમના ઉપર જોતરું છે. કષાય, ચિંતા વગેરે આર છે, પરિગ્રહનો સંગ્રહ કરવા માટે ભૂખ તરસ સહન કરે છે. શેઠ, રાજા વગેરેનો ત્રાસ સહન કરવો પડે છે, કર્મોની પરાધીનતા છે. ભ્રમણા કરતાં અનંતકાળ વીતી ગયો પણ એક

**છે, ક્ષણમાત્ર પણ વિસામો લેવાની સ્થિરતા પામતો નથી અને પરાધીન થઈને ચક્કર ફરે છે. ૪૨.**

**अर्थ :—संसारी जीवोंकी दशा कोल्हूके बैलके समान हो रही है, वह इस प्रकार है कि—नेत्रोंपर ढँकना बँधा हुआ है, स्थानकी कमीके कारण दबोचसे सिकुड़ासा रहता है, चाबुककी मारके डरसे शरीरके कष्टकी जरा भी परवाह नहीं करता, दौड़ना ही उसका काम है, उसके कंधेमें जोत लगा हुआ है (जिससे निकल नहीं सकता), हर समय अरईकी मार सहता हुआ मनमें हत-साहस होता है, भूख-प्यास और निर्दय पुरुषों द्वारा प्राप्त कष्ट भोगता है, क्षणभर भी विश्राम लेनेकी थिरता नहीं पाता और पराधीन हुआ चक्कर लगाता है।।४२।।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા! ખૂબ વખાણ કર્યા છે હોં. નીચે છે જુઓ. पाटी बांधी लोचनिसौं.. संसारी जीवोंके नेत्रों पर अज्ञानकी पट्टी बंधी हुई है. (શ્રોતા : કોલ્હુના બેલની જેમ). હા, જેમ ઓલા બળદને પાટો બાંધી દે, એને સૂઝ જ પડે નહિ કાંઈ. એમ અજ્ઞાનીને અજ્ઞાનની પટ્ટી બાંધી દીધી છે મોટી. 'હું આત્મા છું, આ દેહ ભિન્ન છે, રાગ ભિન્ન છે' એનું કાંઈ ભાન નથી. આહાહા! सकुचै दबोचनिसौं.. वे परिमितक्षेत्रसे आगे नहीं जा सकते, એમ. એનામાં એટલામાં ને એટલામાં રહે છેને ઘાંચીનો (બળદ). આ પણ પોતાના ક્ષેત્રમાં બસ. માનેલું ક્ષેત્ર હોય ઘર, મકાન આહાહા! બસ ખુશી ખુશી થઈ જાય. મકાન જુનું હતું બાપનું, વેચી નાંખ્યું હતું એના છોકરાએ, પછી થયો પૈસાવાળો. એની મા કહે કે પણ ગમે તે માગે એ આપ, પણ મકાન આપણું જુનું છે એ લીધે જ છૂટકો. આપણે ત્યાં રહ્યા છીએ જૂના.

અમારા ઉમરાળામાં (થયું હતું). પહેલા આપ્યું હશે હજાર-બે હજારની કિંમતે. તે દિ' ક્યાં હતી કાંઈ? બે-ત્રણ હજારની હશે. હવે ઓલા પૈસાવાળા થઈ ગયા, જેણે વેંચ્યું. ... ડોસી કહે, એ મકાન લીધે છૂટકો. માગે એટલા દ્યો. એમ કંઈક ઘણા પૈસા આપ્યા. એને કાગળમાં લખ્યું, પણ એ મકાન મારી માને જોઈએ છે, લાવ. આપ્યું પછી. ઘણા લીધા પૈસા..... ઉમરાળામાં બ્રાહ્મણ... (શ્રોતા : ઘણું કરીને વીસ હજારનો આંકડો હતો.) હા, એટલો આંકડો હતો. બે-ત્રણ હજારનું મકાન હતું. વીસ હજાર દઈ આવ્યા, લે. જુઓ, આ ક્યાં મકાન તારા? તું કોનો? આહાહા! કહે છે, परिमितक्षेत्रसे आगे नहीं जा सकते. એ અમારું આ ક્ષેત્ર આટલું, બસ. અમારું જન્મસ્થાન. અમે આમાં મોટા થયા. બહાર નીકળવું. આહાહા! यह उनके लिये दबोचनी है.

स्त्री आदिके तीखे वचन चाबुक है. (પહેલા) હળવે-હળવે કહે, હવે કહે આકરા

વચન. સમજાણું? નભાવતા નથી આવડતું તો શું કરવા પરણ્યા હતા? હવે તો આપવું પડશે બધું. એક રાણી હતી રાજાની. રાજા કંઈક બોલવા માંડ્યો હશે એટલે રાણી ખાનગી કહે, 'અમે ગરાસણીની દીકરી છીએ. દરબાર! ધ્યાન રાખજો. અમે ગરાસિયાણી'. બસ એટલું કીધું તો ઓલો.... આરે, આરે! 'આ અમે કોઈ કોળી-કણબીની દીકરી નથી. આ વાણિયા વેવલાની નથી. ગરાશિયાની દીકરી છીએ'. ઉપજ હોં મોટી, બે-ત્રણ કરોડ રૂપિયાની. ઘરમાં દબાવે, બહારમાં આમ મહારાજા.. મહારાજા.. મહારાજા..

'ધ્યાન રાખજો હોં દરબાર! અમારી ઉપર આવશો નહીં કોઈ વખતે, ધ્યાન રાખજો. અમારી ઉપરવટ થઈને અમારું અપમાન કરો એમ નહિ ચાલે. અમે ગરાસિયાણી છીએ'. હાય, હાય! એવું લાગે પુરુષને (જાણે) મારી નાંખ્યા. એવા બોલે વચન અંદર. હાય હાય! બહારમાં દિવાનખાને બેઠા હોય ખમ્મા, ખમ્મા માણસ કરે અને ઓલી રાણી અંદર આમ કરે. એવા આકરા વચન બોલે, કહે છે. આ છોડી વીસ વરસની થઈ ઢગી થઈ મોટી, તમને અક્કલેય છે કાંઈ? ગોત્યું અત્યાર સુધી? શોધ્યું કે નહિ કાંઈ? અક્કલ વિનાના છો. સાંભળીને બેસી રહે. શું કરે? છે કે નહિ? ગુણવંતભાઈ, બધું આવું ચાલે છે સંસારમાં. શું કહે છે? ઓલો ચાબૂક મારે ને ઓલો આર મારે. બળદને આમ આર મારે. એમ આ સ્ત્રીનાં આર મારે, કહે છે. ચાબૂક, સ્ત્રી આદિકે તીખે વચન ચાબુક હૈ. આહાહા!

कोचनिके सोचसौं न बेदै खेद तनको.. विषय सामग्रीके लिये भटकना... આ આવ્યું પાછું જોયું? धायबो ही धंधा, લ્યો. કોચે—કોચે, કોચનીથી કોચે આમ શરીર. તેમ સ્ત્રીના વચનો. सोचसौं न बेदै खेद तनकौ. મનમાં ખેદ થાય પણ શું કરે? જેમ....स्थानकी कमीके कारण, स्थानकी कमीके कारण दबोचसे सिकुडासा रहता है. આમ સંકોચ હોય ને ઓલાનો અને चाबुककी मारके डरसे शरीरके कष्टकी जरा भी परवाह नहीं करता. આહાહા! ઓલો બળદ નહોતો આવ્યો? જ્યોતિષનો શિષ્ય નહોતો બળદ? ચીમનભાઈ! તમારી પાસે આવીને નહોતું કર્યું? કોણ બનાવે ટીકા? હવે ન્યાં જઈને ઊભા રહ્યો. બળદ પહેલેથી શીખવેલા હોં, મારીને શીખવેલા. મેલી વિદ્યાઓ. મેં જોયું છે એને. એ એનો ઓલો હતો, એ બધા માણસ રાખેલા નોકર. એના મૂળ માણસ શીખવેલા હોય. પણ એનાથી એવો ડરતો, બળદ એવો ડરતો. મારતો અંદરથી. મારી મારીને ઠડ કાઢી નાખે. મેલી વિદ્યા શીખવીને.

આ કોણ છે અહીંયાં? ટીકા કરી એ કોણ છે? હિંમતભાઈની (નજીક) જઈને ઉભો રહ્યો ફરીને ત્યાં. તમારી છોડી કોણ છે? હવે..... તેડીને ઊભી હતી. વિદેહા. આમાં વિદેહા કોણ છે? આણંદભાઈની દીકરી. ગોતવા બાઈયુંમાં ગયો. ઓલો ધણી હોં. ધણી જાણે કે

બાઈયુંમાં હશે. વિદેહાને ઉપાડી લીધી છોકરે. ત્યાં પાછો જઈને ઊભો રહ્યો. આવી મેલી વિદ્યા. મારે એવો હોં. બહારમાં એમ કહે, હા, બળદને ભારે વિદ્યા. ધૂળેય નથી એ બધી. મેલી વિદ્યા. મારી મારીને ઠડ કાઢી નાખે.

આંહીં કહે છે, चाबुकके मारके डरसे शरीरके कष्टकी जरा भी परवाह नहीं करते. दौडना ही उसका काम है, લ્યો. એ धायबो धंधा—મુંબઈ જાય, આફ્રિકા જાય, મા-બાપ મૂકે, કુટુંબ મૂકીને દોડાદોડ ધંધા-ધંધા બળદિયાની જેમ, આ બળદની જેમ. કહો, બરાબર હશે કે નહિ, માણેકલાલજી? જુઓ, દાહોદ મુકીને મુંબઈ. આ તો દાખલો. બધાયને એમ જ છે. આહાહા! धायबो ही धंधा अरु. બળદ બિચારો જેમ દોડાદોડ કરે એમ આયે દોડાદોડ કામ. દોડના ઉસકા કામ, એમ. घायबो ही धंधा अरु कंधामांहि लग्यौ जोत. ઓલા બળદને નાખે ને માથે જોત. એમ આને. कंधेमें जोत लगा हुआ है जिससे निकल नहीं सकता. એવા કષ્ટ. એવા બાયડી, છોકરા, કુટુંબ, મકાન, આબરૂ ઝાળ પાથરીને બેઠો હોય (એમાંથી) નીકળવું આહા! ભાઈ, હમણાં તો મને શરીરે ઠીક નથી. હમણાં બે દિ' જુદા રહેવા દે. કોણ કરશે ત્યારે આ બધું? હવે લૂંટાવી દેવુ છે બધું. હેરાન થઈને બિચારા! એ, મોહનભાઈ! આવા સંસારી ઘાણીના બળદ જેવા છે, કહે છે. આહાહા!

પણ ઈ કહે છે કે મોહમાં લાગ્યો છે ને, તે એને જોત માથે પડ્યા છે. દુઃખ ભોગવવું છે એને. આહા! શરીરનાં પ્રેમથી શરીરને ઓળખનારાઓની સાથે આવી લગની એને લાગી છે, કહે છે. આ તો ધૂળને ઓળખે કે આ અમારો દીકરો. પણ ક્યાં ત્યાં તારો હતો? લગની લાગી છે, કહે છે. નિકલ નહી સકતે. વળી बार बार आर सहै कायर है मनकौ, આર મારે ને શું કહેવાય ઈ? લાકડી હોય ને. લાકડીમાં ઓલી ચૂંક ચૂંક. પાછળ ભોંકે બરડામાં. આર—આર મારે, શું કરે? ખેદ સહન કરે પણ अरईकी मार सहता हुआ मनमें हत-साहस होता है. આહા! જાય ક્યાં? ઈ કુંડાળે ને કુંડાળે ફરે. એમ આ મૂઢ જાય ક્યાં? એ ઘર ને એ બાયડી ને છોકરામાં ન્યાં-ન્યાં ફરે. ધંધો. આહા! ઠીક, આ પંડિતજીએ ઊતાર્યું છે આ. સંસારનો નાટક ખેલ. कायर है मनको. મનમાં જરી કાયર થઈ જાય પણ શું કરે, એમ કહે છે.

भूख सहै प्यास सहै दुर्जनको त्रास सहै, લ્યો. भूख-प्यास और निर्दय पुरुषों द्वारा प्राप्त कष्ट भोगता है. थिरता न गहै न उसास लहै छनकौ. સ્થિરતા ક્ષણ પણ ન મળે. क्षणभर भी विश्राा लेनेकी थिरता नहीं पाता. બળદ તો હાંકે રાખે સવારથી સાંજ સુધી આમ ને આમ. આય સવારથી સાંજ ધંધા-મજૂર મોટા. (શ્રોતા : કામ ૪૦ કલાકના ને દિવસ ૨૪ કલાકનો. કરે શું?) કામ છે જ નહિ પણ મારું એ તે. હું તો આત્મા છું. મારે

કામ કેવા? આત્માનું કામ જાણવાનું–દેખવાનું કામ. એને આ કામ કેવા? વખત થોડો લાગે છે ને કામ ઘણા મોટા કરોડો, શું કરવું? આહા! दुर्जनको त्रास सहै. નિર્દય માણસ હોય. નોકર હોય ને શેઠ માથે એવા બોલે, એવા બોલે. શું કરે નહિ તો નોકરી છોડી દેશે. હમણાં નહીં બોલાય એની સામું. સહન કરો, આહાહા! આ સંસારના(દુઃખ)...थिरता न गहै न उसास लहै छनकौ. ક્ષણ પણ બેસીને શાંતિ ઠરવાનો વખત ન મળે એને. આહા! આત્માનો તો વિચાર કરવાનો વખત ક્યાંય એની પાસે! નવરો બેઠો ઈ આનું આમ થાય, આનું આમ થાય, સંચો આમ કરું, ફલાણું આમ કરું, ઢીંકણું આમ કરું.

पराधीन धुमै जैसौ कोल्हूकौ कमैरौ बैल. એ ઘાણીનાં બળદ કામ કરનારો, कमैरौ એટલે. ઘાણીનો બળદ જે છે એ કામ કરનારો છે. એ કામ કરનારો જે છે બળદ, કમાઉ છે ને અંદર? निरंतर जुतनेवाला, છે ને. શબ્દાર્થ છે. कमैरौ એટલે કમાઉ, એમ. કમાઉ બૈલ. આહા! निरंतर जुतनेवाला.. એ કમાઉ બૈલ કહેવાય. આહાહા! (શ્રોતા : આ કમાઉ દીકરો.) અને કમાઉ બૈલ આ. तैसौई स्वभाव या जगतवासी जनकौ.. આહાહા! અરે! ક્યાં જાવું છે ને ક્યાં કોણ છો? એનો (વિચારવાનો) વખત મળતો નથી. 'મરવાનો વખત નથી, તમે શું વાત કરો છો' વળી એક જણ એમ કહેતો હતો. ઠીક! મરીશ ત્યારે તો ટાંગો પડ્યો રહેશે ત્યાં, સાંભળને હવે! મરવાનો વખત નથી હમણાં. તમે ધર્મ.. ધર્મ.. ધર્મ આમ કહો છો. માળા મશ્કરીયું કરે. એવો સ્વભાવ આ જગતવાસી જનનો છે. હેઠે ઊતાર્યું છેને, હેઠે કહ્યું છે.

विषयसामग्रीके लिये भटकना उनका धंधा है. જ્યાંથી આબરૂ મળે, પૈસા મળે, ખાવાના મળે, પીવાના મળે, આબરૂ મળે, ત્યાં ભટક્યા કરે માળા. गृहस्थी छोडकर निकल नहीं सकते यह उन पर जोत है. ગૃહસ્થીપણાને છોડી શકતો નથી. कषाय-चिंता आदि आर વાગે છે. મોટા આરના ગોદા-કષાયના—ક્રોધ, માન, માયા, લોભ. આહાહા! परिग्रहसंग्रहके लिये भूख--प्यास सहते हैं. એક ટંકનું બે વાગે ખાય–ત્રણ વાગે ખાય, આખો દિ' ય ન ખાઈ શકાય. ભાઈ, આજ તો બહુ ઘરાક છે. સાચી વાત સાચી. આવા ધંધા અજ્ઞાનીઓના, આત્માને માટે વખત લેતો નથી, એમ કહે છે. स्वामी–राजा आदिका त्रास सहना पडता है, જુઓ આવ્યું જુઓ. નિર્દય હોય ને એવા રાજા કે ધણી. શું કરે? कर्मोंकी पराधीनता है अनंतकाल चक्कर लगाते हो चुका पर एक क्षणभरके लिये भी सच्चा सुख नहीं पाया. આહાહા!

ભગવાન આત્મા આનંદસ્વરૂપ, એમાં દૃષ્ટિ દીધે આનંદ આવે, એને (માટે) વખત લેતો નથી. બહારની આબરૂ, કીર્તિ, શરીર ને ધંધા આડે (વખત જાય છે). આણે એમ કીધું,

तैसोई स्वभाव या जगतवासी जनकौ. सच्चा सुख नहि पाया, સાચું સુખ મળતું નથી. કહો, મલૂકચંદભાઈ! તમે જોઈ આવ્યા કે નહિ બધે? મુંબઈ, સ્વિટ્ઝર્લેન્ડ. બેય મજૂર છે ને મોટા. આ મજૂરના બાદશાહ. ભાઈ આ મોટા માણસો.... પાંચ કરોડનો બાપ. ભલે એની પાસે પૈસા ન હોય, પણ છોકરાની પાસે ઘણા પૈસા. ભલે એને પૂછીને કરે નહિ. કરે તો એમ થાય ને. પણ કહેવાય તો બાપ ને! આ છોડ, કહે છે કે પરનો પ્રેમ છોડીને આત્માને જાણ, આંહીં એમ કહે છે કરવાની વાત આવી. મૂક હોળી તારી. તારી ચીજ કોણ છે, એને ઓળખને ભાઈ! તારામાં કિંમત છે. તારા મૂલ્ય ન થાય એવી તારી ચીજ છે. આહાહા! એનાં મૂલ્ય શી કરવા! એનો મૂલ્ય ટાંકતા પોતે મૂરખ થઈ જાય એવો છે. આહા! એવી ચીજ આ! એને છોડીને આ પરના રસમાં કેમ પડ્યો, એમ કહે છે આંહીં તો. सच्चा सुख नहि पाया, લ્યો. संसारी जीवोंकी हालत. પોતાનું બનાવીને નાંખ્યું છે.

સંસારી જીવોની હાલત. (સવૈયા એકત્રીસા)

जगतमैं डोलैं जगवासी नररूप धरैं,
प्रेतकेसे दीप किधौं रेतकेसे थूहे हैं।
दीसैं पट भूषन आडंबरसौं नीके फिरि,
फीके छिनमांझ सांझ-अंबर ज्यौं सूहे हैं।।
मोहके अनल दगे मायाकी मनीसौं पगे,
डाभकी अनीसौं लगे ओसकेसे फूहे हैं।
धरमकी बूझ नांहि, उरझे भरममांहि,
नाचि नाचि मरि जांहि मरीकेसे चूहे हैं।।४३।।

**શબ્દાર્થ** :—ડોલૈં=ફરે. પ્રેતકેસે દીપ=સ્મશાનમાં જે દીવો સળગાવવામાં આવે છે તે, રેતકેસે થૂહે=રેતીના ઢગલા. નીકે=સારા. ફીકે=મલીન. સાંઝ-અંબર=સંધ્યાનું આકાશ. અનલ=અગ્નિ. દગે=બળે. ડાભકી=ઘાસની. અની=અણી. ફૂહે=ટીપા. બૂઝ=ઓળખાણ. મરી=પ્લેગ

**અર્થ** :—સંસારી જીવ મનુષ્ય આદિનું શરીર ધારણ કરીને ભટકી રહ્યા છે તે સ્મશાનના દીવા[1] અને રેતીના ટીંબા[2] જેવા ક્ષણભંગુર છે. વસ્ત્ર-આભૂષણ આદિથી સારા દેખાય છે પરંતુ સંધ્યાના આકાશ જેવા ક્ષણવારમાં મલિન થઈ જાય છે. તેઓ મોહની અગ્નિથી બળે છે છતાં પણ માયાની મમતામાં લીન થાય છે અને ઘાસ પર પડેલ ઝાંકળના ટીપાની જેમ ક્ષણમાત્રમાં નાશ પામી જાય છે, તેમને પોતાના સ્વરૂપની ઓળખાણ નથી. ભ્રમમાં ભૂલી રહ્યા છે અને પ્લેગના ઉંદરોની[3] જેમ નાચી નાચીને તરત જ મરી જાય છે.

૧. જલ્દી ઓલવાઈ જાય છે, કોઈ રોકનાર નથી. ૨. મારવાડમાં પવનના નિમિત્તે રેતીના ટીંબા બને છે અને પાછા મટી જાય છે. ૩. જ્યારે ઉંદર ઉપર પ્લેગનું આક્રમણ થાય છે ત્યારે તે દરમાંથી નીકળીને જમીન ઉપર પડે છે અને ખૂબ આકુળતાથી બેએકવાર પટકાઈને તરત જ મરી જાય છે.

**अर्थ :—**संसारी जीव मनुष्य आदिका शरीर धारण करके भटक रहे हैं, सो मरघटके दीपक तथा रेतके टीलेके समान क्षणभंगुर हैं। वस्त्र-आभूषण आदिसे अच्छे दिखाई देते हैं परंतु सांझके आकाशके समान क्षणभरमें मलिन हो जाते हैं। वे मोहकी अग्निसे जलते हैं फिर भी मायाकी ममतामें लीन होते हैं और घासपर पड़ी हुई ओसकी बूंदके समान क्षणभरमें नष्ट हो जाते हैं। उन्हें निजस्वरूपकी पहिचान नहीं है, भ्रममें भूल रहे हैं और प्लेगके चूहोंकी समान नाच-नाचकर शीघ्र मर जाते हैं।।४३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એ પ્લેગના ઉંદર પ્લેગના ઉંદરનો દાખલો આપ્યો, લ્યો. એ વખતે પ્લેગ હશે? ત્રણસો વર્ષ પહેલાંની વાત છે. जगतमैं डोलैं जगवासी नररूप धरैं. આ તો દાખલો આપ્યો છે. કોઈ પણ મનુષ્યનું ધારણ કરે, મનુષ્ય આદિ કોઈ પણ ભવ ધારણ કરે. प्रेतकेसे दीप कीधौं रेतकेसे थुहे हैं. મરગટ પર ચિરાગ જલાયા જાતા હૈ. એ સ્મશાનનો દીવો. સ્મશાનનો લાડવો થાય છે. સ્મશાનમાં જાય ને લાડવો મૂકવા. ઘડો હોય ને પછી ઉપર લાડવો મૂકે અને આમ બે પગ હેઠે પથરો મારે. એવું કરે છે કાંઈક સાંભળ્યું છે સ્મશાનમાં દીવો એનો. સ્મશાનના દીવા જેવું છે, કહે લ્યો. ભટક રહે હૈં. मरगटके दीपक.....जल्दी बुझ जाता है, कोई थामनेवाला नहीं है. સ્મશાનમાં દીવાને શું રહે? પવન લાગે એટલે ખલાસ. આ એવું છે આ, સ્મશાનના દીવા જેવું છે. ચમક લાગે છે આ થોડી. પવન, આ કાળ આવ્યો ઊડી જશે, ફૂ થઈને ઊડી જશે. ભગવાન તો શાશ્વત છે નિત્ય, એ કંઈ ઊડે એવો નથી. આહાહા!

प्रेतकेसे दीप कीधौं रेतकेसे थूहे हैं. એ રેતના ઢગલા મોટા. મારવાડમાં છે ને. रेतके टीलेके समान क्षणभंगुर है. मारवाडमें वायुके निमित्तसे बालूके टीले बन जाते हैं और फिर मिट जाते हैं. આ તો હમણાં જોયું છે. જયપુર, નહિ? આમ દિશાએ જતા હતા અમે. મોટો ઢગલો આમ. બીજું કાંઈ નહિ. પવન આવ્યો ઢગલો થઈ ગયો. આમ ચાર માઈલ છેટે જાતા દિશાએ ત્યાં. એવો પવન વાય અને ધૂળ એવી ઊડે કે માણસ દબાઈ જાય. અને टीलेके समान क्षणभंगुर. ઘડીકમાં ઊડી જાય. એવો પવન વાય કે ખાલી. એમ આ શરીરનાં રજકણો ક્ષણમાં ઊડી જાય. આહા! તરફડીયા મારતો મરે. रेतकेसे थूहे.

दीसैं पट भूषन आडंबरसौं नीके फिरि. नीके—અચ્છે અને ફીકે એટલે મલિન,

લ્યો. આડંબરથી ભલા માણસ દેખાય, કહે છે. શરીરે આમ લૂગડાં પહેર્યાં હોય, ટાપટીપ કર્યાં હોય. આમ ટીલું અહીં કર્યું હોય અને દાગીના પહેર્યાં હોય એ લટકતા હોય અને હોઠ લાલ કર્યા હોય, હાથમાં વળી મહેંદી રાખીને નખ-બખ લાલ કર્યા હોય. મહેંદી નથી કરતા? આ છોડીઓ બહુ કરે. હવે તો છોકરાય કરે છે માળા. કોણ જાણે શું થયું છે? પહેલાં છોડીયું કરતી હોં. હવે છોકરાઓ કરે છે. જોયું છે ? અમારે ત્યાં ઘણા આવેને છોકરાઓ. આમ છોડીઓ જેવા નખ લાલ કરે, હાથેય લાલ કરે. હા, એ કરતા હશે.

वस्त्र-आभूषण आदिसे अच्छे दिखाई देते हैं, परंतु सांझके आकाशके समान क्षणभरमें मलिन हो जाते हैं. સંધ્યા થાય આમ સંધ્યા, એક ક્ષણમાં અંધારું. ઓલું સંધ્યા જેવો દેખાવ લાગે. બાયડી, છોકરા, કુટુંબ ને પૈસા ને બંગલા ને આબરૂ. ઓહોહોહો....એક ક્ષણમાં ફૂ...જાવ. फीके छिनमांझ सांझ—अंबर ज्यौं सूहे हैं, એમ. આકાશમાં જેમ સંધ્યા ખીલે, એમ ખીલેલી દેખાય પણ એ ખીલતી વાર કેટલી એને? અંધારું થઈ જાય ક્ષણવારમાં. આહાહા !

मोहके अनल दगे. મોહની તો અગ્નિ સળગે છે, કહે છે. પર મારા, એવી માન્યતા પણ અગ્નિ સળગે છે અને રાગ-દ્વેષના ભાવ એ બધા અનલ—અગ્નિ સળગે છે. मायाकी मनीसौं पगे. मायाकी ममतामें लीन होते हैं, એમ. मायाकी मनीसौं पगे, એમ. એમાં લીન થઈ જાય છે. डाभकी अनीसौं लगे ओसकेसे फूहे हैं. ડાભની અણી ઉપર પાણીનું બિંદુ, (એને) પડતાં કેટલી વાર ! घास पर पड़ी हुई ओसकी बूंदके समान क्षणभरमें नष्ट हो जाते हैं. આહાહા !

પેલો પરણવા ગયો હોય ત્યારે જાણે શું થયું હોય જાણે આમ આહા ! મોટા આમ નાખે શું કહેવાય ઈ મોટા? કલગી. કલગી લગાવે, મોઢે ઓલું ચોપડે સરખું. શું હોય? ધોળું આવે છે ને કાંઈક ? (શ્રોતા : પાઉડર) પાઉડર. મોઢે ચોપડીને આમ જાણે રૂપાળો લાગે એમ બેસે. બે-ચાર ઘડી તો લાગે, કહે છે, डाभकी अनीसौं लगे ओसकेसे फूहे हैं. ઓસનું બિંદુ—પાણીનું બિંદુ જેમ ડાભની અણીએ હોય.

ઉતરાધ્યયનમાં બહુ આવે છે, દસમા અધ્યાયમાં. समयं गोयमं मा समाहि. બધું મોઢે હતું, ભૂલી ગયા.... આખું ઉત્તરાધ્યયન મોઢે હતું ને. ૩૬ અધ્યયન. છ હજાર શ્લોક મોઢે હતા. આખું દશવૈકાલિક, આખું ઉત્તરાધ્યયન. આચારનો પહેલો ભાગ, સૂયણડાંગનો પહેલો ભાગ..... ત્રણે આખા-આખા. કંઠસ્થ હતા અમને. હા, હા, રોજ પંદરસો-પંદરસો શ્લોક. અમારા હીરાજી મહારાજને સ્વાધ્યાયનું બહુ. નવરા બેસે નહીં.

હવે એ વખતે જાણપણું નહોતું તો લોકો બેસતા એની ચર્ચામાં. હવે આ બધું થયું

છે. તે દિ' હતું ક્યાં? સામાયિક-પોષા કરવા, વાંચવું પછી આ અમારા શ્વેતામ્બરમાં કેવા બધા? એક કલાક માંડ આવે સાંભળવાને. આમ જ્યાં પૂરું થાય તે બધા સંકેલીને દુકાને. એય! બધા પૈસાવાળા હોં બધા ત્યાં. તે દિ' પોણો-પોણો લાખ તે દિ', હવે તો વધી ગયા પૈસા. અઢાર ઘર, બધા આગળ પૈસા. એક વ્યાખ્યાનમાં આવે, મહારાજના શરમે આવે. પણ જ્યાં પૂરું થાય ત્યાં તો ભાગે. કાંઈક પૂછવું–કરવું કે શું.... કાંઈ નહિ. આહાહા!

धरमकी बूझ नांहि. એક આત્મા કોણ છે, એનું ભાન ન મળે. ધર્મની ખબર ન મળે. ઈ બહારની ખબરુમાં ગુંચાઈ ગયો. उरझे भरममांहि'. ભ્રમણા હોય એમાં તલ્લીન થઈને સાવધાન રહે, એમ કહે છે. આહાહા! भ्रममें भूल रहे हैं और प्लेगके चूहोंके समान नाच-नाचके शीघ्र मर जाते हैं, લ્યો. પ્લેગનાં ઉંદર હતા ને. એ બહાર નીકળે ખરા બહુ ચાલી ન શકે. પાણી એક પાણી પીવા ય આમ જાય, ઊંચું-ઊંચું. ત્યાંથી બહાર નીકળી ન શકે. આ તો બહુ અમે ત્યાં પાલેજમાં (જોયું'તું). ઓલા ભાગી ગયા હતા. અમે તો ત્યાં હતા. કાંઈ થયું નથી, ઉંદરને પકડતા પણ ખરા. પ્લેગના ઉંદર હોં. મરી ગ્યો. લ્યો, આ હળવે-હળવે ચાલે છે. વળી મોટા ઉંદર. પાણી પીવા આવે. ઓલું હોય ને પાણી આમ કળશો ખાલી પડ્યો હોય ને જરીક પાણી–પાણી પડ્યું હોય, આમ પીવા જાય પાછા નીકળવા મુશ્કેલ પડે. એવા મડદા જેવા. એમ મરીના– પ્લેગના જે ઉંદર, આહા!

દાખલો કેવો આપ્યો જુઓને. નાચી-નાચી મરે. નાચી એટલે આમ ફરે....ફર્યા ફર કરે, એમ. નાચીનો અર્થ ન્યાં ક્યાં નાચ ફર્યાફર કરે જ્યાં-ત્યાં. મરી જાય જુઓ. નાચ-નાચકર શીઘ્ર મર જાતે હૈં. ફરીને આમ.....મારે ચક્કર જાય આમથી આમ. પાલેજમાં આમ ઘણું જોયેલા. (સંવત) સાઠની સાલ. ૫૯ માં ગ્યા'તા ને....રાતે સૂવા વયા જાય. અમે તો ત્યાંને ત્યાં રહીશું. કાંઈ થયું નહોતું. થઈ રહ્યું ત્યારે એને. આહાહા! સંપત્તિની વાત કરે છે હવે જરી. અમારી લક્ષ્મી. એય મલૂકચંદભાઈ! અમારા મકાન, અમારા પૈસા, અમે આબરૂવાળા. (શ્રોતા : એ શું? જગતના જીવો કરે એ બધું જ ઊંધું?) બધું ઊંધું. આત્માનું ન કરે અને બીજું કરે એ બધું ઊંધું. આહાહા!

ધનસંપત્તિનો મોહ દૂર કરવાનો ઉપદેશ (સવૈયા એકત્રીસા)

जासौं तू कहत यह संपदा हमारी सो तौ,
साधनि अडारी ऐसैं जैसै नाक सिनकी।
ताहि तू कहत याहि पुन्नजोग पाई सो तौ,
नरककी साई है बड़ाई डेढ़ दिनकी।।

घेरा मांहि पन्यौ तू विचारै सुख आंखिनकौ,
माखिनके चूटत मिठाई जैसै भिनकी।
एते परि होहि न उदासी जगवासी जीव,
जगमैं असाता है न साता एक छिनकी।।४४।।

**શબ્દાર્થ :**—અડારી=છોડી દીધું. સાઈ=નાખનાર. ઘેરા=ચક્કર.

**અર્થ :**—હે સંસારી જીવો ! જેને તમે કહો છો કે આ અમારું ધન છે, તેને સજ્જનો, જેવી રીતે નાકનો મેલ ખંખેરી નાખવામાં આવે તેમ છોડી દે છે અને પછી ગ્રહણ કરતા નથી. જે ધન તમે પુણ્યના નિમિત્તે મેળવ્યું કહો છો તે દોઢ દિવસની મોટાઈ છે અને પછી નરકમાં નાખનાર છે અર્થાત્ પાપરૂપ છે, તમને એનાથી આંખોનું સુખ દેખાય છે તેથી તમે કુટુંબીજનો વગેરેથી એવા ઘેરાઈ રહો છો જેવી રીતે મિઠાઈ ઉપર માખીઓ ગણગણે છે. આશ્ચર્યની વાત છે કે આટલું હોવા છતાં સંસારી જીવો સંસારથી વિરક્ત થતા નથી. સાચું પૂછો તો સંસારમાં એકલી અશાતા જ છે, ક્ષણમાત્ર પણ શાતા નથી. ૪૪.

**अर्थ :**—हे संसारी जीवो! जिसे तुम कहते हो कि यह हमारा धन है, उसे साधुजन इस तरह छोड़ देते हैं जिस तरह कि नाकका मैल छिनक दिया जाता है और फिर ग्रहण नहीं किया जाता। जिस धनके लिये तुम कहते हो कि पुण्यके निमित्तसे पाया है सो डेढ़ दिनका बड़प्पन है पीछे नरकोंमें पटकनेवाला है, अर्थात् पापरूप है। तुम्हें इससे आँखोंका सुख दिखता है, इसके कारण तुम कुटुम्बीजन आदिसे ऐसे घिर रहे हो जैसे मिटाईके ऊपर मक्खियाँ भिनभिनाती हैं। आश्चर्य है कि इतने पर भी संसारी जीव संसारसे विरक्त नहीं होते, सच पूछो तो संसारमें असाता ही असाता है क्षणमात्रको भी साता नहीं है।।४४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जासौं तू कहत यह संपदा हमारी सो तौ, साधनि अडारि एसैं जैसै नाक सिनकी. એ સંપદા કહે છે કે અમારી. એ સાધુએ તો નાકના મેલની જેમ છોડી દીધી. આહાહા! નાકનો મેલ કાઢી નાખે એમ. કહે છે, ને? ....यह हमारा धन है, उसे साधुजन इस तरह छोड़ देते हैं जिस तरह कि नाकका मैल छिनक दिया जाता है. આમ જાણે ફડાક. આહાહા! સાધુ, છ ખંડના ધણી ચક્રવર્તી એક ક્ષણમેં બળખા છોડે, એમ છોડીને ચાલ્યા જાય. અરે, આ નહિ અમારી ચીજ. અમે જ્યાં છીએ ત્યાં આ નથી ને આ છે ત્યાં અમે (નથી). આહાહા! પોતાના સ્વરૂપનું સાધન કરવા સાધુજને અબજો-અબજોની કિંમતના પૈસા, નાકનો મેલ જેમ છોડે, છોડી દે છે. फिर ग्रहण नहीं किया

જાતા, લ્યો. ताहि तू कहत याहि पुन्नजोग पाई सो तौ, લ્યો. અમારા પુણ્ય છે. પુણ્યેય તારું નહિ, બધી તારી ચીજ નહિ, ભાઈ! આહાહા! લ્યો, શબ્દ તો આવ્યો આમાં.

ताहि तू कहत याहि पुन्नजोग पाई—પુણ્યને યોગે આ બધી મળ્યું. મરી જઈશ પણ હવે, સાંભળને! પુણ્યે ય તારા નથી ને પૈસા ય તારા નથી. આહાહા! પુણ્યનો ભાવે ય વિકાર, એનો બંધ પડ્યો ઈ જડ, એનું ફળ આવ્યું આ સંયોગ—ત્રણેય તારી ચીજ નથી. पुन्नजोग पाई सो तौ. અમે ક્યાં લેવા જઈએ છે? અમારા જુઓને પુણ્ય એવા છે, એમ કહે છે. नरककी साई है बड़ाई डेढ़ दिनकी, લ્યો. નરકનું સાઈ છે. નરકમાં લઈ જનાર. નરકમાં પટકને વાલી હૈ. એ પૈસા—બૈસાનો બહુ મોહ કરે ને મરીને નરકે જઈશ, કહે છે માળા! જડ તારા થઈ ગયા? જડને તું રળ્યો? કમાણા પાપ અને પૈસા કમાણા એમ માને. કમાણો પાપ.

नरककी साई,.. એ તો નરકમાં પટકનારી છે. बड़ाई डेढ़ दिनकी.. દોઢ દિ'ની વાત છે તારી બધી, કહે છે, ફૂ થઈને રહી જશે. (શ્રોતા : ચાર દિનકી ચાંદની). આ દોઢ દિ'ની વાત લીધી છે. बड़ाई डेढ़ दिनकी.. એનો અર્થ ન થયો બરાબર એમાં. છે, દેઢ દિનકા બડપન, એટલું. પહેલો અર્થ કર્યો, પછી નરકનું નાખ્યું. દોઢ દિનનું મોટપ છે, પછી જાય નરકે હેઠે. આહા!

....પૈસા લખાવો. લખો એકાવન હજાર, ઓહો! મોઢા ફાટી જાય બીજાના. આહાહા! એય! મોટી રકમ લખાવજો હોં પહેલા તમને નાંખ્યા છે. પછી બીજા પાસે....નહિ તો રકમ સરખી નહિ આપે. આ લખાવો.....લખો. એકાવન હજાર એકસો ને અગિયાર. એક લાખ અગિયાર હજાર એકસો ને અગિયાર. બધા એકડા એટલે ખુશી—ખુશી થઈ જાય. હવે ધૂળેય તારી નથી, સાંભળને! આહાહા! (શ્રોતા : પણ એ પૈસા દઈને મંદિર બનાવે.) મંદિર એની મેળે થાય છે. આંહીં કોઈ માંગવા જાતા નથી રામજીભાઈ ક્યાંય. તોય પૈસા તો આવે છે ન્યાંથી. એય! આંહીંનો રિવાજ જ નથી કોઈ એવો.. (શ્રોતા : માંગવું અલગ ચીજ, પણ પૈસા વિના થાય?) પૈસા વિના જ થાય છે. પૈસા ક્યાં ગરી જાય છે એમાં? એ તો જડથી થયું છે. એ કીધું નહોતું કે ભીંત..... ઈંટોથી થાય છે આ. ઈંટોના રજકણથી ખડકાય છે, પૈસાથી ખડકાય છે? આહા! પરને લઈને પર થાય, એ વસ્તુ ક્યાં છે? આહા! મોટી દોઢ દિ'ની બડાઈ છે. કહે છે, પછી જાઈશ, હેઠો. આહાહા! નરકમાં જાઈશ એમ કહે છે.

घेरा मांहि पन्यौ तू विचारै सुख आंखिनकौ.. આહાહા! બાયડી બેઠી હોય, છોકરા બેઠા હોય, જમાઈ ને દીકરીયું, ઈ તો ચક્રવર્તીનું રાજ બેઠું જાણે. ક્યાં હમણાં થયું ને ભેગું?

એક છોકરો, બે છોકરાની વહુરો, બે છોડીયું, બધું કુટુંબ ભેગું, બેસે જાણે, આહાહા! એય! તમારા તો કોઈ ન મળે એટલે શું છે? આહા! આઠ-આઠ દીકરા હોય, આઠ-આઠ વહુરું હોય સરખાઈની. છોકરાં હોય બધા આમ જાણે. એય, શું કહે છે? આપણી ભાષા છે ને કાઠીયાવાડની. કહળ્યું કુટુંબ, એમ. ક ને ક બે ભેગા થાય ને. કહળ્યું કુટુંબ ભેગું થયું છે. કહે છે આહાહા! અને બોલે તો માળા એવા ભાવ, એવી ભાષા. આ કહળ્યું કુટુંબ ભેગું થયું. હવે કહળ્યું કુટુંબ મરવા ભેગું થયું છે. સાંભળને, સ્મશાનમાં છે. તને શું છે? આહાહા! तू विचारै सुख आँखिनकौ. આંખનું સુખ છે આ બધા. દેખવા તો મળે છે, આહાહા! એમ કહે છે હોં.

माखिनके चूटत मिठाई जैसै भिनकी, एते परि होहि न उदासी जगवासी जीव,લ્યો. મિઠાઈ ઉપર માખી આમ બેસે ને મિનમિનાતી (ગણગણતી). એમ તારી પાસે બધા સ્વાર્થના પૂતળાં બધા ભેગા થયા છે. ધૂતારાની ટોળીઓ બધી ભેગી થઈ છે. બાયડી ને છોકરાં ને. આવે છે ને નિયમસારમાં આવે છે. આજીવિકા માટે ધૂતારાની ટોળીઓ બધી ભેગી થઈ છે. (શ્રોતા : એ લૂંટવાને તૈયાર છે...) લૂંટાય..... લૂંટાય માટે, એને કહે છેને. નહિતર કોણ એને કહે છે? પૈસા રળી રળીને.... સુમનભાઈમાં ખરચ્યા ઓલામાં, લ્યો. શું કહેવાય એ? ભણતરમાં. અમેરિકામાં, કહો. એય! પાછું મકાન.... એ સંસાર જ એવો છે બધો. કેમ માનીએ? કાંતિભાઈ! કાંતિભાઈને કાંઈ પરિવાર નથી. પણ બીજા હોય મા ને બાપા. માના હાથમાં, ઢીકણાના હાથમાં. એક રાખી છે. બે રાખ્યા છે, નહિ? બહેન ને એક ભાઈ. जैसे मिठाईके ऊपर मक्खियाँ भिनभिनाती हैं, आश्चर्य है कि इतने पर भी संसारी जीव संसारसे विरक्त नहीं होते, લ્યો. દેખો. न उदासी जगवासी जीव, जगमैं असाता है न साता एक छिनकी. અશાતાથી ભરેલો છે, એક ક્ષણમાત્ર શાતા ક્યાંય છે નહિ.

(પ્રમાણ વચન ગરુદેવ)

## પ્રવચન નં. ૯૯ અષાઢ વદ ૧, શુક્રવાર, તા. ૯-૭-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૪૫ થી ૪૮ ઉપર પ્રવચન

સમયસાર નાટક. બંધ દ્વાર. ૪૫મો બોલ છે. છેને ૨૦૨ પાનું. બંધ અધિકાર છે એટલે બંધ નામ પરની સાથે તારે કાંઈ સંબંધ નથી એમ સિદ્ધ કરે છે. लौकिक जनोंसे मोह हटानेका उपदेश.

લૌકિકજનોનો મોહ દૂર કરવાનો ઉપદેશ. (દોહરા)

ए जगवासी यह जगत्, इन्हसौं तोहि न काज।
तेरै घटमैं जग बसै, तामैं तेरौ राज॥૪૫॥

**અર્થ :—**હે ભવ્ય ! આ સંસારી જીવો અને આ સંસાર સાથે તમારે કાંઈ સંબંધ નથી, તમારા જ્ઞાનઘટમાં સમસ્ત સંસારનો સમાવેશ છે અને તેમાં તમારું જ રાજ્ય છે. ૪૫.

**अर्थ :—**हे भव्य! ये संसारी जीव और इस संसारसे तुम्हारा कोई सम्बन्ध नहीं है, तुम्हारे ज्ञानघटमें समस्त संसारका समावेश है और उसमें तुम्हारा ही राज्य है॥૪૫॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

હે જગવાસી ! એમ કહે છે, 'તું સંસારમાં—જગમાં રહેલ આત્મા છો.' આ જગત એટલે શરીર, કર્મ, પરવસ્તુ એની સાથે તારે કાંઈ સંબંધ છે નહીં. આ શરીર જડ-માટી છે. કર્મ પણ જડ છે. બીજા આત્માઓ બીજા છે. બીજાના શરીર જડ—પુદ્‌ગલ બીજી ચીજ છે. એ ભવ્યજીવને કહે છે કે 'હે જગવાસી ! જગમાં રહેલા આત્મા ! આ જગત એની સાથે તારે કાંઈ સંબંધ નથી, કાર્ય નથી.' (શ્રોતા : નિમિત્ત સંબંધેય નથી ?) સંબંધ જ ન હોયને. શું કામ ? એને કારણે એનું (કાર્ય) થાય છે. તારે કારણે આ અજ્ઞાન, જ્ઞાન, સુખ-આનંદ બધું તારે કારણે તારામાં થાય છે. પરને કારણે કાંઈ છે નહીં. છે ને ? तेरै घटमैं जग बसै.. તારા આત્મામાં જ, આખા જગતની બધી જે ચીજ છે એનું જે જ્ઞાન એ તારામાં વસે છે.

तामैं तेरौ राज.. તારી અવળી દશા વિકારની કે સવળી દશા ધર્મની, એ બધું તારામાં છે, બહારમાં છે (નહીં.) કહો, સમજાણું આ? तामैं तेरौ राज.. ભાઈ! તું આત્મા છો. એ વસ્તુ છે અનાદિ-અનંત. હવે એમાં અવળી-સવળી દશા કે ગુણ-અવગુણ, એ બધું તારું તારામાં તારે લઈને છે. પરને લઈને કાંઈ છે નહીં. કહો, બરાબર છે? (શ્રોતા : બહુ

ટૂંકુ). બહુ ટૂંકું કહ્યું. તું આત્મા વસ્તુ છો. આ દેહ, વાણી, મન આ તો જડ માટી છે. બીજા આત્માઓ દેવ-ગુરુ-શાસ્ત્રના કે સ્ત્રી-દીકરા કુટુંબ આદિના એ બીજા છે. એની સાથે તારે શું કામ છે? બાબુભાઈ!

(શ્રોતા : બધા ધર્મપાલક થાઓ.) ધર્મ પામે—ન પામે, તે એને કારણે પામે. તે આને કારણે ક્યાંથી હોય? એ તે એની યોગ્યતા હોય તો એ પામે. એને તારે લઈને પામે એવું કાંઈ છે નહીં, એમ કહે છે આ. અને તું પણ પામ તો પરને લઈને (પામ) એમ નથી, એમ કહે છે. તું પણ ધર્મ સમજે કે અધર્મ કરે, એ બધું તારું તારામાં છે. પરને લઈને કાંઈ છે નહીં. આહાહા! બંધ છેને એટલે પરનો સંબંધ તારામાં કાંઈ નથી એમ સિદ્ધ કરે છે. (શ્રોતા : અબંધસ્વભાવ) હા, હા, બંધસ્વભાવ નથી. પરનું બંધપણું એ તારામાં છે જ નહીં. તારા પર્યાયમાં અજ્ઞાનપણે રાગ થાય કે વિકાર થાય, અધર્મ થાય કે જ્ઞાનપણે ધર્મ થાય, એ બધું તારામાં તારાથી છે. પરને લઈને કાંઈ છે નહીં. કહો, એનો ખુલાસો કરે છે, લ્યો.

तुम्हारे ज्ञानघटमें समस्त संसारका समावेश है और उसमें तुम्हारा ही राज है. કહો. લોકાલોક જાણવામાં આવે એ તારું જ્ઞાન છે. જ્ઞાનને અને પરને કાંઈ સંબંધ છે નહીં. એ જ્ઞાન પરને જાણે એવો તારે સંબંધ છે. પણ પરથી તને કાંઈ થાય અને તારાથી પરમાં કાંઈ થાય, એવું વસ્તુનું સ્વરૂપ નથી. આ ધંધા-પાણીમાં તો હુશિયાર માણસ કરી શકે કે નહીં? કહે છે કે પરના રજકણો—એ ધંધાના, પૈસાના, શરીરના એ તો જગતની ચીજ જડ છે. એ જગતની સાથે તારા આત્માને કાંઈ સંબંધ છે નહીં. તારું તત્ત્વ જુદું, એ તત્ત્વ જુદું. આહા! આંહીં તો કહે છે કે દેવ-ગુરુ અને શાસ્ત્રથી પણ તારે કાંઈ સંબંધ નથી. એમ કહે છે. કારણ એ પરચીજ છે. તારામાં અવળી-સવળી માન્યતા થાય કે જ્ઞાન થાય... મૂળ આંહીં તો જ્ઞાન થાય એને આ બધું સમજાય છે, એમ કહે છે. દશા અવળી થાય વિકાર એ પણ મારાથી મારામાં અને ધર્મ થાય એ પણ મારા સ્વભાવને આશ્રયે મારાથી મારામાં. પરને લઈને કાંઈ ધર્મ-અધર્મ છે, એમ છે નહીં. આહા! એ વાત કરે છે. જુઓ, शरीरमें त्रिलोकके विलास गर्भित है. ૪૬.

याही नर--पिंडमैं विराजै त्रिभुवन थिति,

પિંડે સો બ્રહ્માંડે એમ કહેવાય છેને. આ પિંડમાં તે બધું બ્રહ્માંડમાં છે અને બ્રહ્માંડમાં છે એ તારામાં બધું છે.

શરીરમાં ત્રણલોકનો વિલાસ ગર્ભિત છે. (સવૈયા એકત્રીસા)

याही नर-पिंडमैं विराजै त्रिभुवन थिति,
याहीमैं त्रिविधि-परिनामरूप सृष्टि है।

याहीमैं करमकी उपाधि दुख दावानल,
याहीमैं समाधि सुख वारिदकी वृष्टि है।।
याहीमैं करतार करतूति हीमैं विभूति,
यामैं भोग याहीमैं वियोग यामैं घृष्टि
है ।
याहीमैं विलास सब गर्भित गुपतरूप,
ताहीकौं प्रगट जाके अंतर सुदृष्टि है।।४६।।

**શબ્દાર્થ** :–નરપિંડ=મનુષ્ય શરીર. ત્રિવિધ=ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ. વારિદ=વાદળું. ઘૃષ્ટિ=ઘર્ષણ. ગર્ભિત=સમાવેશ.

**અર્થ** :—આ જ મનુષ્ય શરીરમાં ત્રણ લોક મોજૂદ છે, એમાં જ ત્રણે પ્રકારના પરિણામ છે, એમાં જ કર્મ–ઉપાધિજનિત દુ:ખરૂપ અગ્નિ છે, એમાં જ આત્મધ્યાનરૂપ સુખની મેઘવૃષ્ટિ છે, એમાં કર્મનો કર્તા આત્મા છે, એમાં જ તેની ક્રિયા છે, એમાં જ જ્ઞાન–સંપદા છે, એમાં જ કર્મનો ભોગ અથવા વિયોગ છે, એમાં જ સારા કે ખરાબ ગુણોનું સંઘર્ષણ છે અને આ જ શરીરમાં સર્વ વિલાસ ગુપ્ત રીતે સમાયેલા છે. પરંતુ જેના અંતરંગમાં સમ્યગ્જ્ઞાન છે તેને જ સર્વ વિલાસ જણાય છે. ૪૬.

**अर्थ** :—इसी मनुष्य-शरीरमें तीन लोक मौजूद हैं, इसीमें तीनों प्रकारके परिणाम हैं, इसीमें कर्म-उपाधिजनित दुःखरूप अग्नि है, इसीमें आत्मध्यानरूप सुखकी मेघवृष्टि हैं, इसमें कर्मका कर्ता आत्मा है, इसीमें उसकी क्रिया है, इसीमें ज्ञान-संपदा है, इसीमें कर्मका भोग वा वियोग है, इसीमें भले-बूरे गुणोंका संघर्षण है और इसी देहमें सब विलास गुप्तरूप गर्भित है; परंतु जिसके अंतरंगमें सम्यग्ज्ञान है उसे ही सब विलास विदित होते हैं।।४६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જેને, આત્મા ત્રણે કાળ કર્મ-શરીરથી તદ્દન ભિન્ન છે, એવું અંતરમાં જેને ભાન થાય, એને આ બધી સ્થિતિ મારામાં છે (એમ) એને જણાય, એમ કહે છે. શું કીધું? याही नर–पिंडमैं.. આ શરીરરૂપી પિંડ એમાં નિજ ભગવાન આત્મા જુદો. એમાં विराजै त्रिभुवन थिति.. પાતાળ, આ તીરછું અને ઊર્ધ્વ. (એમ) આ શરીરમાં ત્રણ—પગ (એટલે) નીચે પાતાળ, આ મધ્યમ, આ ઉર્ધ્વ. ત્રણ લોક તારામાં છે. છે ને? तीनलोक मौजूद है. कटिके नीचे पाताललोक.. કટી-કટી. नाभि मध्यलोक, नाभिके ऊपर ऊर्ध्वलोक. દેહના રજકણોથી તદ્દન જુદી ચીજ છો તું, કહે છે. તારે અને શરીરને.. એ કો'કના પરમાણુ–રજકણો છે, એને

અને તારે કાંઈ સંબંધ છે નહીં. આહાહા!

આંહીં તો ત્યાં સુધી આગળ લેશે. દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ તારે કાંઈ સંબંધ નથી. એ તો પરચીજ છે. પરથી કાંઈ તને મળે એવું નથી અને પર તને કોઈ દે એવું નથી. બાલચંદભાઈ! બરાબર હશે આ? આ બધા ધંધા—બંધામાં કરી કરીને... (શ્રોતા : અભિમાન) અભિમાન? હરીભાઈ તો બહુ પ્રસિદ્ધ છેને તમારામાં. રળે છે મોટું. ઘણા આમ છે ને તેમ છે, એવી વાતું કરે લોકો. (શ્રોતા : વાતું કરેને). વાતું કરે. આહા! (શ્રોતા : સત્ય નહીં, એનો અર્થ એમ). સત્ય જ નથી બધી વસ્તુ. તારામાં તારા ભાવ, તારામાં તારો ધર્મ, તારામાં તારો અધર્મ, તારામાં ને તારામાં.. ત્રણ લોક તારામાં ને તારામાં છે તારે લઈને. આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ વીતરાગ એમ કહે છે અને આગળ તો એમ કહેશે હજી તો. કે કોઈ ભગવાનને ગોતવા શીકું ચડીને જાય પર્વતે, ત્યાં ક્યાં ભગવાન હતા? ભગવાન તો આંહીં છે. (શ્રોતા : મારા ભગવાન મારામાં છે.) મારામાં છે. આહાહા! ત્યાં કાંઈ શેત્રુંજયથી ભગવાન મળે એવા નથી. ભગવાન ત્યાં ક્યાં હતા? ભગવાન તો આંહીં છે. (શ્રોતા : સમ્મેદશિખરમાં હશે?) સમ્મેદશિખર... આહાહા!

એ પછીમાં આવે છે જુઓ. केई उदास रहैं प्रभु कारन, केई कहैं उठि जाहिं कहींकै.. ભાગો, છોડી દો, ત્યાગો બધાને, ચાલો. केई प्रनाम करै गढ़ि मूरति.. મૂર્તિ કરીને પ્રણામ કરે. ત્યાં મૂર્તિ ક્યાં દે એવું છે? એ તો પર છે એમ કહે છે. केई पहार चढ़ैं चढ़ि छींकै.. ડોળી.. ડોળી.. ડોળીમાં બેસીને જાય છેને ઉપર. ત્યાં ક્યાં ભગવાન હતા? એ તો પરવસ્તુ છે. ભગવાન તો આંહીં છે અંદર. ત્યાં ગોતતો નથી ને જોવા જાય બહાર. ત્યાં ક્યાં મળે એવું છે? એમ કહે છે. આહાહા! એ તો એક ભાવ શુભ હોય ત્યારે ભક્તિનું એક નિમિત્ત છે, પણ એ શુભભાવ પુણ્ય છે. ત્યાં કંઈ ધર્મ છે અને એમાં ભગવાન પ્રાપ્ત થાય એવું છે નહીં. આહા! ભારે વાતું ભાઈ! ભગવાન પાસે લેવા જા તો કાંઈ મળે એવું નથી. ભગવાન ત્યાં નથી, તારો ભગવાન તો આંહીં છે. એ ભગવાન કહે છે કે તું તારી સામું જો અને અંદર જા તો તને ભગવાનની પ્રાપ્તિ થશે. અમે ક્યાં (અમારામાં તને) લઈ લીધો છે કે અમારી પાસે તું છો?

જુઓ, केई पहार चढैं चढ़ि छींकै.. છે કે નહીં? છીંકા.. છીંકા (એટલે) આ ડોળી ચડીને જાય, જાણે ભગવાન મળશે ત્યાં. ત્યાં ક્યાં ભગવાન હતા? સમ્મેદશિખર ને શેત્રુંજય ને ગીરનાર. એ તો પરપદાર્થ છે. ભગવાનની મૂર્તિ છે એ તો. ભગવાન પોતે સાક્ષાત હોય તોય તારાથી જુદા છે. એ કાંઈ તને દે—લે એવું છે નહીં. આહા! આવી વાત પણ ભારે કઠણ ! ભગવાન પાસે માંગે છેને 'શિવપદ અમને દેજો રે, મહારાજ'. કહે છે કે તારું

શિવપદ મારામાં મારી પાસે છે કે અમે તને (દઈએ)? અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળ શુદ્ધ આનંદનો ધામ તારો આત્મા છે. ત્યાં નજર કર તો ત્યાંથી મળે એવું છે. બાકી બહારથી કાંઈ મળે એવું નથી. એ તો પુણ્યબંધ અશુભથી બચવા એવો શુભભાવ ભક્તિ, જાત્રા આદિનો હોય, પણ એમાંથી આત્માને ધર્મ થાય કે આત્માની પ્રાપ્તિ થાય, એ વસ્તુ બહારમાં નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એ આવશે બધું.

केई कहैं असमान.. ઉપર છે, કોઈ કહે હેઠે છે. મુસલમાન કહે કે હેઠે છે. આ કહે, ઉપર વૈકુંઠ છે. मेरो धनी नहि दूर दिसन्तर, मोहीमैं है मोहि सूझत नीकै.. હું પોતે ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી આત્મા હું છું, એવું અંતરમાં જોતાં ભગવાન પોતાનો પોતામાં ભાસે છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : બધેથી આંખો ઉપાડી લે છે). ઉપાડી... (શ્રોતા : પોતામાં સ્થાપવું...) ન્યાં ક્યાં? પણ તું તો આંહીં છો બધો. જે છે આંહીં છે.

જુઓ, એ કહે છે ને. याही मैं त्रिविध—परिनामरूप सृष्टि है, લો. ત્રણે લોક— ઊર્ધ્વલોક, મધ્યલોક અને તીરછાલોક એ તારામાં ત્રણ છે અને ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ પ્રકારના છેને પરિણામ. બીજો બોલ છે ને. याहीमैं त्रिविधि परिनाम.. જે તારા શુદ્ધ કે અશુદ્ધ પરિણામ ઉત્પન્ન કર, પૂર્વના પર્યાયનો અભાવ થાય અને ધ્રુવ—એ બધું તારામાં છે. કોઈ તને પરિણામ ઉત્પન્ન કરાવી દે અને ધ્રુવ એટલે કોઈ ટકાવી દે (એમ છે નહીં). (શ્રોતા : પૂર્ણતામાં પરિણામ કીધાં). આહા! એ પરિણામ ત્રણ ભેદ આપ્યાને ત્રણ કરીને. ત્રણ અપેક્ષાએ ભેદ. ત્રણને પર્યાય કીધી છેને ભેદથી. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાતું કહે છે.

આંહીં તો પરદ્રવ્યના લક્ષે રાગ થાય છે એ પણ તારાથી રાગ થાય, પરને લઈને નહીં. અને ધર્મ થાય એ પણ તારા ચૈતન્યના આશ્રયને લઈને થાય, પરને લઈને નહીં. કહો, ત્રિવિધ પરિણામરૂપ સૃષ્ટિ છે ઉત્પાદ વ્યય ને ધ્રૌવ્ય. ક્ષણે ક્ષણે નવા ભાવ ઉપજે, પુરાણી અવસ્થા નાશ થાય, ધ્રુવપણે રહેવ—એ ત્રણે તારામાં તારે લઈને છે. તારાં પરિણામ કોઈ બીજા ઉપજાવી દે, ભગવાન ઉપજાવી દે (એમ નથી). સાક્ષાત્ ત્રણ લોકના નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય, તે પરિણામ તારાં એ ઉપજાવી દે? (શ્રોતા : ભગવાનને માનવાથી લાભ શેનો?) માનવાથી... શુભરાગ થાય. (શ્રોતા : એ લાભ કે ગેરલાભ?) લાભ એટલે શુભરાગ થાય એટલે પુણ્ય. ધર્મ નહીં. આવું સ્વરૂપ વીતરાગે (કહ્યું અને) આવું સ્વરૂપ જ છે. લોકોને સાંભળવામાં ન મળે એટલે કાંઈ ચીજ કાંઈ બીજી થઈ જાય? આહાહા!

ભગવાન કહે છે કે મારી સાથે તારે સંબંધ નથી. એ તો આંહીં પોકારે છે. હું તને કોઈ પરિણામ દઈ દઉં શુભ-અશુભના કે શુદ્ધના, એ મારી સાથે કાંઈ સંબંધ નથી તારે. હું જગતનું તત્ત્વ ભિન્ન છું. તારું તત્ત્વ ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? (શ્રોતા : આજ તો દિ' ધન્ય છે તે આજ કાંઈ લાભ મળવો...) લાભ તો એના આત્માથી થાય કે કાંઈ બહારથી દેખાતો હશે? એ માટે તો વાત કરે છે આ.

ભગવાનની દિવ્યધ્વનિમાં આ આવ્યું આજ. શ્રાવણ વદ એકમ. વિપુલાચલ પર્વત રાજગૃહીની પાસે. ભગવાનની દિવ્યધ્વનિ. સિદ્ધાંતને હિસાબે શ્રાવણ વદ એકમ છે આજ. પહેલો વદ બેસે છે ને. શ્રાવણ વદ એકમ છે આજ. એ તો લૌકિક અષાઢ વદ એકમ છે. વીતરાગના શાસનને હિસાબે તો આ શ્રાવણ વદ એકમ છે. ભગવાનની વાણી આજ છૂટી હતી. રાજગૃહીનગરીના વિપુલાચલ પર્વત ઉપર ગૌતમસ્વામી આવ્યા અને વાણી (છૂટી). છૂટવાનો કાળ હતો તો છૂટી. એમાં આ આવ્યું કે મારે લઈને તારે કાંઈ છે નહીં, કહે છે.

याही मैं त्रिविधि परिनामरूप सृष्टि, याहीमैं करमकी उपाधि.. એ કર્મની ઉપાધિ તું માન અંદરમાં તો એ તારામાં છે. પરને લઈને કાંઈ (છે નહીં). दुख दावानल.. દુઃખનો દાવાનલ અગ્નિ સળગે છે રાગની, એ પણ તારામાં તારે લઈને છે. કર્મ ઉપાધિજનિત દુઃખરૂપી અગ્નિ. આહાહા! શું કહે છે? કર્મનું નિમિત્ત છે એની સાથે કાંઈ સંબંધ નથી તારે. પણ એના નિમિત્તના સંબંધમાં તને પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ થાય, એ અગ્નિ છે. શુભ-અશુભ ભાવ અગ્નિ છે. આ ભગવાનની ભક્તિનો ભાવ અગ્નિ છે એમ કહે છે. બાલચંદભાઈ! તમારે ઠીક હતું. પહેલા ઢૂંઢિયા જાણે મૂર્તિ માનતા નહોતા, એમ કહેતા માળા. અને હવે પાછો મૂર્તિમાં ધર્મ નથી એટલે એની એ વાત રહી ગઈ તમારે, એમ કહે છે કેટલાક. (શ્રોતા : સ્થાનકવાસીની ગંધ રહી જાય છે). અરે ભગવાન!

કહે છેને, અરે ભાઈ! ભગવાન સાક્ષાત્ હોય તોય એ પરવસ્તુ છે. કંઈ પરને લઈને તને કાંઈ પરિણામ શુભ થાય, એ છે નહીં. તારે લઈને એને માન કે ભગવાન છે, ત્રિલોકનાથ છે. માન તો એ શુભભાવ થાય અને શુભભાવ તો ખરેખર તો અગ્નિ છે. આહાહા! ગજબ વાત જગતની! વીતરાગમાર્ગને સમજવો જગતને (શ્રોતા : કઠણ પડે). આંધળે આંધળું એમ ને એમ ચાલ્યું જાય છે. ધર્મ શું છે? વિકાર શું છે? કાંઈ નથી. જુઓ શું કહે છે? करमकी उपाधि दुख दावानल.. એ તો દુઃખ છે બધું. આહાહા! શુભ એ પોતે દુઃખ છે. રાગ છે ને. પ્રશસ્ત, પણ રાગ છે ને. રાડા નીકળી જાય એવું છે.

આમ ભગવાન પાસે જઈને, હે ભગવાન! ભગવાન કહે છે કે તું મારા ઉપર લક્ષ કરે છો, એ તારો શુભભાવ એ અગ્નિ છે—દુઃખ છે—રાગ છે. એ તારાથી ઉભી થયેલી છે,

અમારાથી નહીં. આહાહા! આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં રાગનો અંશ પણ કષાય અને દુઃખ (કહ્યો) છે. આહાહા! આવે, અશુભથી બચવા હોય, પણ છે રાગ અને અગ્નિ ને દુઃખ. આહાહા! દયા-દાન-ભક્તિ-પૂજા-વ્રત-તપ—એવો જે વિકલ્પ ઉઠે છે રાગ, એ શુભરાગ અગ્નિ છે. (શ્રોતા : છતાં પણ લોકો બહુ કરે છે.) કોણ કરે છે? ભાવ હોય એની પાસે, માટે અગ્નિ છે, કહે છે. જ્ઞાની એને જાણે છે કે આ દુઃખ છે. આવે તો જાણે છે કે આ દુઃખ છે. સુખ તો મારા સ્વભાવનો આશ્રય લઈ જેટલું પ્રગટ—વ્યક્ત કરીશ એટલું સુખ છે. (શ્રોતા : મજા તો બહુ પડે). ધૂળમાંય પડતી નથી, માને છે માળો.

બખબખિયાં વગાડે અને આમ ધૂન લગાવે ધૂન. જાણે આ ધર્મ. બાપુ! એ તો રાગની મંદતાનો ભાવ છે. આ વીતરાગ માર્ગને સમજવો કઠણ છે. એમ ને એમ બધા વરસ ગાળ્યા બધા, એમ કહે છે. વીતરાગના સંપ્રદાયમાં જન્મે તોય એમને એમ વરસ ગાળ્યા ભાન વિનાના. કહે છે, ઓહોહો ! દુઃખ દાવાનલ છે. કહો, ઉપાધિ દુઃખરૂપ અગ્નિ છે. દાવાનલ લખ્યું છેને. દાવાનલ એટલે અગ્નિ (અર્થ) કર્યો. આહાહા! પણ તારે લઈને તારામાં થઈ. એ રાગ શુભ હો કે અશુભ હો, જ્ઞાની એને જાણે, એમ કહેવું છે અહીં હોં. આ જ્ઞાનીને ખબર છે ને કે આ અગ્નિ છે ને દુઃખ છે. આ મારો સ્વભાવ આનંદ અને શાંતિ છે. સમકિતી ધર્મી એને આ જ્ઞાન હોય છે. અજ્ઞાનીને આનું ભાન હોતું નથી.

याहीमैं समाधि सुख वारिदकी वृष्टि है, દેખો હવે. સાધક છેને જ્ઞાની, એ જાણે છે કે જેટલો રાગ થાય—શુભ કે અશુભ, એ દુઃખની અગ્નિ છે. અને આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એનો આશ્રય લઈને સમાધિ—શાંતિ—પુણ્ય-પાપના રાગની અગ્નિની વિનાની ચીજ એ સમાધિ, એ પણ તારી તારે લઈને છે. એવું सुख वारिद.. એ સુખરૂપી વરસાદની વૃષ્ટિ છે. એ સુખરૂપી ઝરમર ઝરમર વરસે છે સુખ, એ તારે તારામાં છે. આહાહા! આનંદમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા છે. એની અંતર દૃષ્ટિ થતાં સમાધિ સુખનો વરસાદ વરસે છે, કહે છે. એ પણ તારે લઈને છે, પરને લઈને (નહીં). તારામાં તારે લઈને છે, પરના સંબંધે કાંઈ સુખ ને સમાધિ છે નહીં. માળે, આહા!

वारिदकी वृष्टि है.. વારિદ છેને એટલે વાદળ. નીચે અર્થ કર્યો છે, વાદળ. વાદળની વૃષ્ટિ. આહાહા! જેમ વાદળ ભર્યું હોય અને એમાંથી વરસાદ આવે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે અનાદિથી. એની અંતર્દ્રષ્ટિ એકાગ્ર થતાં આનંદની વૃષ્ટિ વરસે. એ પણ તારે લઈને તારામાં તારાથી થાય. પરને લઈને પરમાં એ છે નહીં. આહા! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ! આવી વાત માણસને એમ લાગે કે આ બધો વ્યવહાર—વ્યવહાર થાય છે ને કરે છે, એ તો બધા મીંડા મૂક્યા. એ મીંડા જ મૂક ત્યારે

તને આ ધર્મ થાશે. આંહીં તો જ્ઞાનીની વાત છેને. જ્ઞાની જાણે છે કે જેટલો રાગ થાય એ દુઃખ છે. આહાહા! દાવાનલ છે, જુઓ. કર્મની ઉપાધિ કીધી છે ને. અશુભરાગ જ કર્મની ઉપાધિ છે? શુભ ને અશુભ–બેય રાગ ઉપાધિ છે.

याहीमैं करतार.. એ વિકારી પરિણામનો કર્તા પણ તું. જ્ઞાની જાણે છેને આંહીં જ્ઞાનમાં કે આ જેટલા રાગના પરિણામનું પરિણમન છે એ મારું મારામાં છે. ૪૭ નયમાં આવે છે ને. પરને લઈને કાંઈ ન મળે. આહાહા! याहीमैं करतार करतूति भी यहाँ.. ક્રિયા જે રાગની થાય કે અંતર ધર્મની નિર્મળ ક્રિયા થાય, એ ક્રિયા પણ તારી તારામાં છે. એ ક્રિયા કર્મમાં નહીં, શરીરમાં નહીં અને કર્મ શરીરને લઈને નહીં. સમજાણું કાંઈ? આહાહા! ભારે! હજી તો વાત.... સમજી જાય નહીં એ કરે કે દિ' ? याहीमैं विभूति, લ્યો ઠીક. જ્ઞાનની સંપદાની વિભૂતિ પણ તારામાં તારે લઈને છે. એ આનંદસ્વરૂપ ચૈતન્ય ચમત્કાર આત્મા, એનો આશ્રય લઈને–પોતે પોતાનો આશ્રય લઈને જ્ઞાનસંપદા અંદરમાંથી પ્રગટ થાય છે. એ કંઈ બહારથી થાતી (નથી). આહા! આ વાણીને સાંભળવાથી જ્ઞાન થાતું નથી એમ કહે છે. એય! કારણ કે એ તો પર જગત છે. વાણી આદિ જગતમાં જાય અને તું એનાથી જુદો છો. આહાહા!

ए जगवासी यह जगत, इन्हसौं तोहि न काज.. તારે એની સાથે કાંઈ કામ નથી. ભાઈ! આહા! તારું ધર્મ અને અધર્મરૂપી કાર્ય–પરિણતી એ તારામાં તારે લઈને છે, એમ જ્ઞાની–સમ્યગ્દ્રષ્ટિ બરાબર જાણે છે એમ કહે છે. વિકારના પરિણામ થાય તોય એ પરિણમન–કર્તૃત્વ મારું મારે લઈને છે. અને ધર્મની દશા થાય–શુદ્ધ આનંદની દશા પ્રગટ થાય, એ પણ મારે લઈને મારામાં મારાથી છે, પરને લઈને છે (નહીં). આહાહા! હે જગવાસી! જગસે તેરા કામ નહીં તેરા. બનારસીદાસે પણ બંધદ્વારમાં સ્વતંત્ર શ્લોકો બનાવ્યા છે. આહાહા!

याहीमैं विभूति.. અરે! તારી સંપદા તારામાં છે. ધૂળમાંય નથી આ પૈસા ને.. શું કહેવાય તમારે ઘરવખરો? (શ્રોતા : ફર્નીચર). ફર્નીચર. મોટા ગૃહસ્થને અંદર બે લાખના ફર્નિચર હોય. (શ્રોતા : ફર્નિચરને લઈને તો ઘર શોભે). ધૂળેય નહીં. (શ્રોતા : નહીં તો ઉજ્જડ જેવું લાગે). એય મલૂકચંદભાઈ! કેટલું ફર્નિચર હશે તમારે છોકરાને. એ જઈ આવ્યા, હમણાં જઈ આવ્યા સ્વિટ્ઝર્લેન્ડ. મોટાં બંગલા ને મોટા બાગબગીચા. આંહીં ભલે આપણી ઓરડી હોય નાનામાં, ન્યાં ક્યાં એ હતા? ના, એ કહેતો હતો હોં તે દિ' જાતા, આ તમને બહુ વિભૂતિ છે તમારી. (શ્રોતા : વૈભવ, ન્યાલભાઈનો વૈભવ). છોકરાનો. એનો મોટો છોકરો છે ને. (શ્રોતા : ન્યાલભાઈનો વૈભવ). ન્યાલભાઈનો. બે કરોડ રૂપિયા એની

પાસે છે.

મેં કીધું, આ તમારો વૈભવ મોટો છે (એમ) કહે છે માણસ. બંગલા ને બધા... પણ એવી રીતે અમારે બધાને રહેવું પડે સ્વિટ્ઝર્લેન્ડમાં, એમ કહેતો હતો. સ્વિટ્ઝર્લેન્ડમાં બધાને એવી રીતે જ રહેવું પડે. મોટા બાગબગીચ. પાછા ૨ કરોડ. એને કાંઈ ઓછું ખરું.. (શ્રોતા : ૧ કરોડને બદલે ૨ કરોડ આમના). આ બધા ન્યાં સુખ મ્હાલી આવ્યા છે. એનો બાપ છે ત્યાં. (શ્રોતા : એમાં શું માણવાનું છે?) ભઈ! ત્યાં એને આમ ચોરણો પહેરવો પડે, આવું ન હોય ત્યાં. આહા! (શ્રોતા : એ ચોરણો પહેરે એમાં શું? એ તો જે દેશમાં જાય એવો રંગ આવેને). સ્વિટ્ઝર્લેન્ડમાં આવું ન પહેરાય. ત્યાં ચોરણો હોય. (શ્રોતા : પાટલૂન). આહા! ધૂળમાંય નથી ક્યાંય, કહે છે. બાપા! મૂઢ થઈને તેં પરમાં સુખ છે એમ માન્યું છે. જ્ઞાની માનતો નથી, પણ એવી કલ્પના આવ્યા વિના રહેતી નથી. એ કલ્પનાને દુઃખરૂપ જાણે છે. આહાહા! ધર્મી, એવી કલ્પના આવે વિષયની એને દુઃખરૂપ જાણે. અજ્ઞાની એને સુખરૂપ માને. આ એની દૃષ્ટિમાં મોટો ફેર. આહા!

याहीमैं भोग.. શરીરનો ભોગ ને સ્ત્રીનો ને પૈસાનો ભોગ કરી શકે કોઈ (એમ) ત્રણ કાળમાં નથી, કહે છે. એ તો પરવસ્તુ છે. પરનો ભોગ આત્મા કરી શકે? એ તારામાં રાગનો ભોગ થાય કે આનંદનો ભોગ થાય, એ તારો તારે લઈને છે. સમજાણું કાંઈ? આહા! એ તમારા લાઠીવાળા આવ્યા હતા લખતરથી. ન્યાં ગયા હતાને આપણે. પગલાં કરવા ગયા હતા બહાર. એ સંભાર્યું હતું આજ. આહાહા! બાપુ! આ વાત તો એવી છે, અગમનિગમની વાત છે. સમ્યગ્દ્રષ્ટિ—ધર્મી એને કહીએ કે જે (જાણે છે કે) રાગનો ભોગ એ પણ મારો મારામાં છે. સ્ત્રીનો, પૈસાનો ભોગ અને મોસંબી ખાઈ શકું, એ આત્મામાં છે જ નહીં. પરની સાથે કાંઈ સંબંધ (નથી). આહાહા! અને રાગ વિનાનો આત્માનો અનુભવ ધર્મ—આનંદનો અનુભવ એ પણ મારે લઈને છે. કહો, સમજાણું આમાં?

यामैं भोग याहीमैं वियोग, લ્યો. એ રાગનો વિયોગ થાય, પણ એ તારો તારે લઈને છે. પરને લઈને છે (નહીં). અને સુખનો પણ વિયોગ જેટલો વર્તે છે એ પણ તારે તારે લઈને છે. આત્મા આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિ થતાં જેટલો આનંદ આવે એનો અનુભવ પણ તારો અને જેટલો આનંદનો વિયોગ રહે છે એ પણ તારો તારે લઈને છે. કર્મને લઈને વિયોગ રહે છે એ વાત છે (નહીં). આહા! માળે! સમજાણું કાંઈ? આવી વાત સાંભળતાં બેસે નહીં એને. એ કરતાં કહે કે વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો, ૫૦ હજાર ખરચી નાંખો, એક જાત્રા-બાત્રા કરીને. કહે છે કે મરી જા તો પણ ધર્મ નથી, લે. તારા લાખ ખરચ ને કરોડ ખરચ. (શ્રોતા : પણ આપ એક એમ કહો, બીજા તો એક ધર્મ બહુ....) આખી

દુનિયા કહે, ગાંડા. પાગલ તો બહુ કહે વાતું. ભગવાન તો આમ કહે છે. કહો સમજાણું કાંઈ? આહાહા!

यामैं भोग याहीमैं वियोग, यामैं घृष्टि.. આ ગુણનું ઘર્ષણ થાય પ્રભુ! એ પણ તારામાં છે. કોઈ ઘર્ષણ કરે છે અવગુણ, એમ છે (નહીં). છે? इसीमें भले-बूरे गुणोंका संघर्षण है. એ રાગ થઈને ગુણનું ઘર્ષણ થાય, એ તારું તારામાં અને ઘર્ષણ થઈને નિર્મળતા પ્રગટ થાય એકાગ્રતાની એ પણ તારું (તારામાં). આહાહા! સમજાણું કાંઈ? આરે, આવી કેવી વાત હશે આ? કહે. વીતરાગનો માર્ગ આવો હશે? વીતરાગ તો આમ કહે છે. ભાઈ! તને માનવામાં ન આવ્યું એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય ? વસ્તુ તો આ છે.

यामैं भोग ने याहीमैं वियोग, यामैं घृष्टि है.. ઘર્ષણ હોય તો પરની સાથે કાંઈ નથી, એમ કહે છે. કર્મને લઈને અવગુણ થાય અને કર્મ ખસે તો ગુણ થાય, એવું કાંઈ છે (નહીં). આહાહા! (શ્રોતા : આખી માન્યતા ઊંધી). ઊંધી માન્યતા છે, બસ વાત એ છે. અજ્ઞાનમાં પડ્યો છે અને ભાન નથી કાંઈ અને કહે અમે ધર્મ કરીએ છીએ. ધૂળેય નથી ધર્મ. આહાહા! સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમાત્મા એનું આ કથન છે. દિવ્યધ્વનિમાં આવેલી આ વાત છે. આહાહા!

याहीमैं विलास, લ્યો ઠીક. એ દેહમાં બધો વિલાસ ગુપ્ત—ગર્ભિત છે. વિકારનું થવું, ધર્મનું અંતરથી થવું, ધર્મનું ઘર્ષણ થવું, વિલાસ પ્રગટ થવું, એ બધું તારું તારી પર્યાયમાં, તારામાં—તારા અસ્તિત્વમાં છે. પરના અસ્તિત્વને કાંઈ પણ સંબંધ નથી તારે, એમ કહે છે. સમજાણું કાંઈ? याहीमैं विलास सब गर्भित गुपत है.. ગુપ્તરુપ. (શ્રોતા : શક્તિરૂપ). ના, શક્તિની અહીં વાત નથી. તારી પર્યાયમાં તારામાં છે. શરીર ને વાણીથી ગુપ્ત છે બહાર, એમ વાત છે. સમજાણું કાંઈ? (શ્રોતા : એને ધ્રુવ જોતું હતું). ના, ના, એ ધ્રુવ-ફ્રુવની વાત નથી આંહીં. (શ્રોતા : ધ્રુવની ધુન લાગી). પણ એ ધ્રુવની ધુન લાગે, એને પર્યાય કેવી હોય એવું એને ભાન હોય. આ મારી પર્યાય મારાથી થઈ છે, એ ગુપ્ત એટલે શરીર, વાણીના સંબંધમાં કાંઈ નથી, એમ. એનાથી ગુપ્ત—ભિન્ન છે. આ બહારથી કાંઈ દેખાય એવું (નથી) એમ કહે છે. બરાબર છે? આરે, આરે!

ભક્તિ કરીએ ને આમ જાણે શેત્રુંજયના દર્શન કર્યા હોય તો જાણે ધર્મ. એમાં આવું સાંભળે તો કેવું ઘા વાગે હોં. એય! નથી આવ્યા કે ગયા? (શ્રોતા : એ ગયા). ગયા. ધીરુભાઈ.. ધીરુભાઈ તંબોળી. એ હમણાં એક ફેરી આવ્યા હતા સાંભળવા. ત્યાં સાંભળવા આવ્યા હતા. એકની સાલ નહીં, ભાઈ? સાંભળવા..... બીજી વાત છે આ. એકની.. એકની સાલમાં. નહીં તે દિ' થયું હતુંને ભાઈ? લીલાધરભાઈ ગુજરી ગયા હતા. એકની

સાલ. જાત્રા કરીને આવેલા ને આંહીં વાત આ આવી. ભાગ્યા, ભડક્યા. હાય.. હાય ! આ તો કહે, મહારાજ મૂર્તિ માને છે, દેરાસર માને છે, એમ અમે સાંભળતા હતા. આ કહે છે કે મૂર્તિ ને ઓલાથી ધર્મ ન થાય. વળી પાછું આ કેવું ?

(શ્રોતા : નવો નુસ્ખો કાઢ્યો). તંબોળી હતાને. ધીરુભાઈના બાપ ફૂલચંદભાઈ. શેત્રુંજય ગયા હશે, ત્યાંથી આંહીં આવ્યા હતા. લીલાધરભાઈ તે દિ' ગુજરી ગયા આંહીં હાર્ટફેલ થઈને. પારેખ. કહે, ભાઈ? એ ભગવાનની ભક્તિ થાય એ પણ એક શુભભાવ છે. એમાં કાંઈ ધર્મ છે ? નહીં. ત્રણ કાળમાં વીતરાગનો માર્ગ આવો છે. એય? આ વળી બીજા એવું પ્રરુપે, એને ગોઠતું હોય અને પ્રરુપે એવું. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા' કહ્યું હતુંને? હેમચંદજી! 'ભાવધર્મ રુચિ ભિન્ન, ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવિન.' નવું કરે ક્યાંથી બિચારા ! આહા ! અનાદિ કાળની વાત એનું આમાં ઘૂંટીને પડ્યા બિચારા.

**याहीमैं विलास सब गर्भित गुपतरूप, ताहीकौं प्रगट जाके अंतर सुदृष्टि हैं,** દેખો. જેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે, એ બધું આ રીતે માને અને જાણે છે. સમજાણું કાંઈ? આહાહા ! એક તો હજી શુભભાવ કરવાય નવરા ન હોય, દુકાનના ધંધા આડે. એ કો'ક વળી કરવા જાય, તો આંહીં કહે કે એ ધર્મ નહીં. હાય.. હાય ! (શ્રોતા : તો પછી કરવું શું એવું થાય ?) (શ્રોતા : આંહીં આવે તો ના પાડે કે એ પણ નહીં, તો હવે કરવું શું ?) એ ધર્મ નથી, પુણ્ય છે, શુભભાવ છે. અશુભથી બચવા કહો કે એ કાળે આવે એમ કહો. એ વાત એમ છે પણ હવે... એય ! આવો માર્ગ... આંહીં તો કહે છે, **ताहीकौं प्रगट..** જેને અંતર સુદૃષ્ટિ છે, જેને આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદ છે એવું સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું, એ બધું પોતામાં, પર્યાયની ઊંધાઈ—સવળાઈ બધી પોતામાં જાણે છે. પરને લઈને કાંઈ જાણતો નથી. આહાહા ! કહો, કાંતિભાઈ ! પુસ્તક રાખ્યું છે કે નહીં ? ઠીક. બહુ સરસ વાત છે!

**याही—ताहीकौं प्रगट जाके अंतर सुदृष्टि है,** દેખો. જેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે કે આત્મા પરથી નિરાળી ચીજ છે એવો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હું છું. એવું જેને અંતર ભાન છે એને આ બધું પ્રગટ છે, એમ કહે છે. કે વિકારનું થવું એ પણ મારાથી મારામાં છે, પરને લઈને નહીં. શુભભાવનું થવું એ મારાથી મારામાં છે, પરને લઈને નહીં. અશુભભાવનું થવું મારાથી મારામાં છે, સ્ત્રી, કુટુંબ ને પરિવારને લઈને નહીં. કહો, સમજાણું કાંઈ ? એ ભોગની જે ક્રિયા છે માટે અશુભપરિણામ થાય છે, એમ નહીં, એમ કહે છે. આહાહા ! અશુભ પરિણામ પણ મારે લઈને મારામાં પરિણમ્યા એમ જ્ઞાની જાણે છે. આહાહા ! ભારે વાત ભાઈ ! શુભભાવ પણ મારો મારામાં મારે લઈને છે. આ શાસ્ત્ર સાંભળે છે માટે શુભભાવ એને લઈને છે, એમ નથી, એમ કહે છે. અપૂર્વ વાત છે. વાત

તો એવી વીતરાગની છે. અજ્ઞાનીઓ કહે એ વાત (સરખી હોય) તો વીતરાગ ને એમાં ફેર શું? આહાહા!

જુઓ, जिसके अंतरमें सम्यग्ज्ञान है उसे ही सब विलास विदित होते हैं, લ્યો. આહા! કહે છે કે ગુણનું ઘટવું—ઘર્ષણ થવું એ પણ મારે લઈને છે. હું રાગમાં જેટલો જોડાઉં છું એટલું ગુણનું ઘર્ષણ છે. સ્વભાવમાં એકાગ્ર થાઉં એટલું ગુણનો વિકાસ છે. એ બધો મારે લઈને મારામાં છે. હવે આ લોકો કહે, કર્મને લઈને વિકાર થાય, કર્મ ઘટે તો વિકાર ઘટે. એમ જ્ઞાની જાણતો નથી. અજ્ઞાની એમ માને છે. સમજાણું કાંઈ? પૂર્વ નવાણું વાર ઋષભદેવ... શું તમારે કહે છે ને? (શ્રોતા : સમોસર્યા). સમોસર્યા. એની જે જાત્રા કરે, એ ૯૯ કરે તો બસ, એનું કલ્યાણ થઈ જાય. આંહીં એ ના પાડે છે.

એકવાર વંદે જો કોઈ, સમ્મેદશિખર.. એને પશુ ને નરક ન હોઈ. એમાં શું થયું પણ? એ શુભભાવ હોય. અને એવો શુભભાવ હોય કે એને લઈને મનુષ્ય ને દેવ થાય. નારકી ને ઢોર ન થાય. પણ એ તો મનુષ્ય ને.. જે ભાવે મનુષ્ય થાય અને જે ભાવે દેવ થાય, એ ભાવ જ પોતે કષાય છે. આહાહા! એમ જ્ઞાની જાણે છે. આહાહા! ભારે વાતું ભાઈ! ઘર્ષણ જ ઊભું થાય... વળી કરવું ને કહે કે એ રાગ દુઃખ અગ્નિ છે. કરે શું? થાય છે. થાય છે એને જાણે કે આ રાગ છે એ દુઃખ છે. મારા પુરુષાર્થની કમીને લઈને, મારે લઈને એ રાગ ઉત્પન્ન થયો છે. એમ ધર્મી (જાણે છે કે) રાગનું કરવા—પરિણમવાપણું અને રાગનું ભોગવાપણું મારે લઈને મારામાં છે અને ધર્મનું કરવાપણું અને ધર્મનું ભોગવવાપણું એ મારે મારે લઈને છે. આહાહા! કહો, બાલચંદજી! કહો, આ વાંચ્યું છે કે નહીં? ઘરે છે કે નહીં? (શ્રોતા : વાંચ્યું છે) વાંચ્યું છે ઠીક. આ ... બરાબર આપ્યો છે જુઓ. હરીભાઈ ગોટા આ તો .... કહો, સમજાણું આમાં? આહાહા!

आत्मविलास जाननेका उपदेश. ૪૭, ૪૭

(સવૈયા એકત્રીસા)

रे रुचिवंत पचारि कहै गुरु,
तू अपना पद बूझत नांही।
खोजु हिये निज चेतन लच्छन,
है निजमैं निज गूझत नांही।।
सुद्ध सुछंद सदा अति उज्ञल,
मायाके फंद अरुझत नांही।

तेरौ सरूप न दुंदकी दोहीमैं,
तोहीमैं है तोहि सूझत नांही॥४७॥

**શબ્દાર્થ** :—રુચિવંત=ભવ્ય. પચારિ=બોલાવીને. બૂઝત=ઓળખતો. હિયેં=હૃદયમાં. ગૂઝત નાહીં=ગુંચવાતો નથી. સુછંદ=સ્વતંત્ર. ઉજ્જ્વલ=નિર્મળ. અરૂઝત નાહીં=છૂટતું નથી. દુંદ(દ્વંદ)=ભ્રમજાળ. દોહી=દુવિધા.

**અર્થ** :—શ્રીગુરુ બોલાવીને કહે છે કે હે ભવ્ય ! તું તારા સ્વરૂપને ઓળખતો નથી, પોતાના ઘટમાં ચૈતન્યનું લક્ષણ ગોતો, તે પોતાનામાં જ છે, પોતાથી ગુંચવાતો નથી, તમે શુદ્ધ, સ્વાધીન અને અત્યંત નિર્વિકાર છો, તમારી આત્મસત્તામાં માયાનો પ્રવેશ નથી. તમારું સ્વરૂપ ભ્રમજાળ અને દુવિધાથી રહિત છે જે તમને સૂઝતું નથી. ૪૭.

**अर्थ** :—श्रीगुरु बुला करके कहते हैं कि हे भव्य! तुम अपने स्वरूपको पहिचानते नहीं हो, अपने घटमें चैतन्य-चिह्न ढूंढो, वह अपनेहीमें है, अपनेसे उलझता नहीं है, तुम शुद्ध स्वाधीन और अत्यन्त निर्विकार हो, तुम्हारी आत्मसत्ता-पर मायाका प्रवेश नहीं है। तुम्हारा स्वरूप भ्रमजाल और दुविधासे रहित है जो तुम्हें सूझता नहीं है॥४७॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

तेरौ सरूप न दूंदकी दोहीमैं.. દુવિધામય તારું સ્વરૂપ નથી ભ્રમજાળમાં. तोहीमैं है तोहि सूझत नांही.. આહાહા! ભગવાન ! તારું આનંદસ્વરૂપ તારું તારામાં છે. આહાહા !

रे रुचिवंत.. એને કહે છે કે હે રૂચિવંત ! पचारि એટલે બોલાવીને કહે છે. બોલાવીને કહે છે. कहे गुरु, तू अपनौ पद बूझत नांही,.. ભાઈ ! तेरा સ્વરૂપને તું જાણતો નથી. रुचिवंत તો શબ્દ કીધો છે. તારું સ્વરૂપ શરીર, વાણી, કર્મથી જુદું અને શુભ-અશુભ વિકલ્પો—રાગ ઉઠે એનાથી જુદું છે. આહાહા! એવા સ્વરૂપને તું જાણતો નથી. तू अपनौ पद बूझत नांही.. તારું નિજપદ છે એને જાણતો નથી. ભગવાન અને ભગવાનનું પદ તો ભગવાન પાસે રહી ગયા. તારું પદ ન્યાં ક્યાં છે ?

खोजु हिये निज चेतन लच्छन.. આ જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનારના લક્ષણે જો, શોધ અંદર. તારો ભગવાન તારી પાસે જ છે અંદર. આહા! अपने घटमें चैतन्य चिन्ह ढूंढो. આ જાણનાર.. જાણવું.. જાણવું.. એ જાણવાના લક્ષણે અંદર જો. એ આત્મા છે. ન્યાં શોધ. રાગ ને પુણ્ય ને (શુભ)ભાવમાં કાંઈ આત્મા નથી. બંધનો અધિકાર છે ને. બંધભાવમાં આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જેટલા પુણ્ય-પાપના ભાવ એ બંધ

છે, એમાં આત્મા નથી. है निजमैं निज गूझत नांही.. તારામાં તારો પ્રભુ છે પણ તને દેખાતો નથી, લ્યો. गूझत नाहिं उलझता नहीं.. ખ્યાલમાં આવતો નથી એમ કહે છે.

सुद्ध सुछंद सदा अति उज्जल.. આહાહા! કેવો છે ભગવાન અંદર ? શુદ્ધ છે. સુછંદ—સ્વતંત્ર છે. સુછંદ છેને (એટલે) સ્વતંત્ર. સદા અતિ ઉજ્જવળ છે. ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ છે. આરે, ભારે ! આવી અધ્યાત્મની વાતો ઓલા વ્યવહારની રુચિવાળાને બેસે નહીં હોં. વ્યવહારને કહ્યું છે ને. વ્યવહારથી સમજાવ્યું છે, પણ તું વ્યવહારની રુચિ (કર) તો સાંભળવાને લાયક નથી, લે, એમ કીધું 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં.' આહાહા! એનો—વ્યવહારનો જેને પ્રેમ છે, એ આ સાંભળવાને લાયક નથી. કારણ કે વ્યવહારની વાત આવશે અને તને છે એનો પ્રેમ, એટલે વ્યવહારથી રહિત આત્મા છે એ વાત તને નહીં રુચે—નહીં ગોઠે. આહાહા! ભારે કામ!

ભગવાન અંદર નિર્મળાનંદ પ્રભુ, કહે છે, શુદ્ધ સદા અતિ ઉજ્જવલ બિરાજે છે. ત્રિકાળ શુદ્ધ આનંદસ્વરૂપ છે. નિર્મળ.. નિર્મળ.. સરોવર નિર્મળ જળથી ભરેલું છે, એમ ભગવાન જ્ઞાનના નિર્મળ ભાવથી ભરેલ છે. આરે, પણ ક્યાં પડ્યો છે સ્વભાવ એની નજરું નહીં અને એનામાં નથી એવા પુણ્ય-પાપ ઉપર નજર છે, એથી ઓલો દેખવામાં આવતો નથી. मायाके फंद अरुझत नांही.. પણ માયા નામ રાગ આદિ વિકલ્પના પ્રેમમાં તને દેખાતો નથી. मायाके फंद.. છોડતો નથી છોડતો, કહે છે. માયાનું ફંદ છોડતો નથી એટલે દેખાતો નથી, એમ.

तेरौ सरूप न दूंदकी दोहीमैं.. આહાહા! तुम शुद्ध स्वाधीन और अत्यंत निर्विकार हो, तुम्हारी आत्मसत्ता पर मायाका प्रवेश नहीं है. પુણ્ય-પાપના વિકલ્પનો પ્રવેશ નથી. तुम्हारा स्वरूप भ्रमजाल और दुविधासे रहित है. ભ્રમથી કહે કે પરમાં સુખ છે. એ બધી ભ્રમણાથી પણ ભિન્ન છે. દુવિધા—પુણ્ય અને પાપની દુવિધા એનાથીય રહિત છે. जो तुम्हें सुझता नाहीं.. है તો ઐસા, પણ તને દેખાતો નથી. આહાહા! ભારે! આ તો બધી નિશ્ચય.. નિશ્ચયની વાતું છે, કહે છે, એમાં અમારે વ્યવહાર કરીને નિશ્ચય પામવો એ વાત તો આમાં આવતી નથી. એય! વ્યવહાર કરીએ તો પછી હળવે હળવે પામશું. આંહીં તો કહે, વ્યવહારથી ભિન્ન છો. ભિન્ન પાડ તો મળશે. એનાથી (વ્યવહારથી) મળશે નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

तोहीमैं है तोही सूझत नांही.. તેરો ભગવાન તો અંદર જ્ઞાનાનંદ સહજાનંદ મૂર્તિ અનાદિ વસ્તુ તેરી તારી પાસે છે. તું છો. तोहीमैं है तोही सूझत नांही.. તને દેખાતો નથી એમ કહે છે. હા, પણ આ તો બધું નિશ્ચયની વાત કરી. પણ હવે એમાં વ્યવહાર કરતાં..

વ્યવહાર પહેલો કરે તો નિશ્ચય પમાય એવું આવ્યું કે નહીં? આવી ગયું કે વ્યવહારથી જુદો પડ તો પમાય. એય ! હમેં તો વ્યવહાર નિભાના.. શું કીધું? નિભાતે હુએ.. વ્યવહાર તો નિભાતે હુએ આત્માકા દર્શન કરના, આત્માકી શુદ્ધિ કરના. ધૂળેય શુદ્ધિ ન થાય, એમ કહે છે આંહીં. વ્યવહારના વિકલ્પથી ચીજ જ જુદી છે તદ્દન. આહાહા! જેને હજી સમજણના ઠેકાણા ન મળે, વ્યવહારશ્રદ્ધાના ઠેકાણાં ન મળે કે રાગથી આત્માને કાંઈ લાભ ન થાય, વ્યવહારથી ભિન્ન પડે તો લાભ થાય. વ્યવહારને રાખીને લાભ થાય? આહાહા! એમ ને એમ અવતાર એળે ગ્યા અનંતા જગતના. ધર્મને નામે પણ...

तोहीमैं है तोही सूझत नांही.. તને સૂઝતો નથી. તને ખબર નથી કહે છે. ઠીક. आत्मस्वरूपकी पहिचान ज्ञानसे होती है.

આત્મસ્વરૂપની ઓળખાણ જ્ઞાનથી થાય છે. (સવૈયા તેવીસા)

केई उदास रहैं प्रभु कारन,
केई कहैं उठि जांहि कहींकै।
केई प्रनाम करैं गढ़ि मूरति,
केई पहार चढैं चढ़ि छींकै।।
केई कहैं असमानके ऊपरि,
केई कहैं प्रभु हेठि जमीकै।
मेरो धनी नहि दूर दिसन्तर,
मोहीमैं है मोहि सूझत नीकै।।४८।।

**શબ્દાર્થ** :—ઉદાસ=વિરક્તિ. ગઢિ=બનાવીને. મૂરતિ(મૂર્તિ)=પ્રતિમા. પહાર(પહાડ)=પર્વત. અસમાન(આસમાન)=ઊર્ધ્વલોક. હેઠિ=નીચે. જમીં(જમીન)=ધરતી. દિસન્તર(દેશાન્તર)=અન્ય ક્ષેત્ર, વિદેશ.

**અર્થ** :—આત્માને જાણવા માટે અર્થાત્ ઈશ્વરની ખોજ કરવા માટે કોઈ તો ત્યાગી બની ગયા છે, કોઈ બીજા ક્ષેત્રમાં યાત્રા આદિ માટે જાય છે, કોઈ પ્રતિમા બનાવીને નમસ્કાર, પૂજન કરે છે, કોઈ ડોળીમાં બેસીને પર્વત પર ચડે છે, કોઈ કહે છે કે ઈશ્વર આકાશમાં છે અને કોઈ કહે છે કે પાતાળમાં છે, પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી– આપણામાં જ છે તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે. ૪૮.

**अर्थ** :—आत्माको जानने अर्थात् ईश्वरकी खोज करनेके लिये कोई तो बाबाजी बन गये हैं, कोई दूसरे क्षेत्रमें यात्रा आदिको जाते हैं, कोई प्रतिमा बनाकर नमन-पूजन करते हैं, कोई

छींके पर बैठ पहाड़ोंपर चढ़ते हैं, कोई कहता है कि ईश्वर आसमानमें है और कोई कहता हैं कि पातालमें है; परंतु हमारा प्रभु दूरदेशमें नहीं है—हमहीमें है सो हमें भले प्रकार अनुभवमें आता है।।४८।।

---

એ આત્માનું ભાન અંતરનાં જ્ઞાનથી થાય. બહારની મૂર્તિ-ફૂર્તિથી કે જાત્રાથી ન થાય, એમ કહે છે. केई उदास रहैं प्रभु कारन.. आत्माको जानने अर्थात् ईश्वरकी खोज करनेके लिये कोई तो बाबाजी बन गये हैं.. બાવા. છોડી દો બધું, એક કોર જંગલમાં રહો. પણ જંગલમાં રહે તો એ ભગવાન ક્યાં ન્યાં હતા? આમ બાવા બની કુટુંબ-કબીલો છોડી એકલા ચાલ્યા જાઓ જંગલમાં. પણ એકલા.. ન્યાં ક્યાં ભગવાન હતા? ભગવાન તો આંહીં અંદર છે. આહાહા! केई उदास रहैं प्रभु कारन.. ઉદાસ.. ઉદાસ.. નાસ્તિથી આમ. આખું જગત મારું નથી, આ નથી. તારું નથી, પણ તારામાં શું છે એની એને ખબર નથી.

उदास रहैं प्रभु कारन, केई कहैं उठि जाहिं कहींकै.. ભાગો, ભઈ આંહીંથી. જુઓ. कोई दूसरे क्षेत्रमें यात्रा आदिको जाते है. લખ્યું છેને અંદર. અર્થમાં છે. સમ્મેદશિખર ચાલો, શેત્રુંજય ચાલો, ન્યાંથી મળશે. ઘરમાં રુંધાવું, દુકાનમાં બેસવું એ કરતાં.... ન્યાંથી મળશે. સિદ્ધગીરીમાં મોક્ષ થાશે. એમ અજ્ઞાની એની.... કહે છે કે નહીં આપણે ? મરણ કરવું તો સિદ્ધગીરીમાં કરવું. ન્યાં સિદ્ધગીરીમાં ક્યાં છે ? સિદ્ધગીરી તો આંહીં છે. આહાહા! केई कहै उठि जांहि कहीकै.. ભાગો અહીંથી. આ બાયડી-છોકરા ને વેપારધંધા માળા છોડ. છોડી દઈને જાવું છે ક્યાં તારે? જંગલમાં ગયો, ન્યાં ભગવાન છે? ભગવાન તો આંહીં અંદર છે.

ઓલો છોકરો કહેતો હતોને આપણો દિલીપ. દિલીપ કલકત્તા. ૧૨ વર્ષનો છે ને. હમણાં નથી આંહીં. એના બાપેય નથી, એના દાદાય નથી આંહીં. હમણાં ગયા હશે કલકત્તા. તે એક ફેરી કહે.. આ ધર્મચંદભાઈના સાળીનો દીકરો અને અહીંયાં સતીષનો નાનો ભાઈ કમલેશ. આંહીં ગયો હશે ખાવા.. ન્યાં એક છે ઓલી બદામનું ઝાડ છે લીલું. તે ખાવા ગયો હતો. આંહીં દિલીપ છે. છેને મોટો ગૃહસ્થ, નહીં? જાદવજીભાઈના દીકરાનો દીકરો. ઘણા લાખોપતિ છે આમ કલકત્તાના. ધંધો છે આ વ્યાજવટાવ હૂંડીનો.

તે દિલીપ કહે ઓલા છોકરાને—કમલેશને, 'અલ્યા કમલેશ! તારા મા-બાપ પડ્યા છે ખાડમાં અને આપણને ખાડમાં નાખવા માંગે છે માળા.' ૧૨ વર્ષનો હોં. ગુણવંતભાઈ! ગુણવંતભાઈ તો કહેતા કે વીર્યવાળો છે. હમણાં કહેતા હતા નહીં બે દિ' પહેલાં? વીર્યવાળો છે. છે ૧૨ વર્ષનો. પણ માળો એવું... અમારે વજુભાઈ તો એમ કહે છે કે આ તો કોઈ

(મુમુક્ષુ) આત્મા મરીને આવ્યો છે. (શ્રોતા : આપણો કોઈ મુમુક્ષુ..) કોઈ મુમુક્ષુ મરીને આવ્યો. આ આવું કેમ બોલે છે એકદમ? તો ઓલાને (કહે), ચાલ, આપણે જંગલમાં જઈએ.

આ મારા મા-બાપ કહે છે આ ભણો.. ભણો.. ભણ્યા, અનંત વાર ભણ્યા. એ ભણ્યું કહેવાય? યાદ છે કંઈ ભણતરનું ? એ ભણતર નહીં. એમ બોલે છે. એવું બોલે તે... એના બાપને એકવાર બોલાવે. કહે, આપણે જંગલમાં જાઈએ. ત્યારે ઓલો કમલેશ કહે છે. આપણા બોર્ડિંગમાં છે. 'પણ આપણે જંગલમાં જઈને કરવાનું તો આ છેને, પરથી જુદો આત્માને જાણવો. એ તો આંહીં પણ થઈ શકે છે.' એણે એવો જવાબ આપ્યો. એ મોટી ઉંમરનો છે. મેટ્રિકમાં આવ્યો. નાની ઉંમરનો છે આ. એવો બોલે માળો. આત્માની વાત ઝીણી આવે ૧૧મી ગાથાની. બોલે કે આહાહા! આવો આત્મા ! આવો આત્મા! જગતને આવી વસ્તુ કેમ બેસતી નથી? એમ બોલે. આહાહા! આવી વાત સાંભળવા મળે તો ભાગ્યશાળી છે, એમ બોલે. આત્મા છેને સ્વતંત્ર. એમાં ન્યાં કોઈને આધીન છે એ આત્મા? આહા! ચાલો ભાગો ભાઈ, એમ કહે, આ બાવા થઈએ.

केई प्रनाम करैं गढ़ि मूरति.. મંદિર બનાવો, પ્રતિમા સારી લાવો અને પ્રણામ કરીએ ભગવાનને. તે ન્યાં ક્યાં ભગવાન હતા? એ તો શુભભાવ છે. એય! છે? केई प्रनाम करै गढ़ि मूरति.. મંદિર બનાવે લાખ, ૨ લાખ, પાંચ લાખ, દસ લાખનું અને મૂર્તિ એવી.... એય મલૂકચંદભાઈ! કેવી બનાવી છે તમારે ન્યાં? અમદાવાદ. એ મલુકચંદભાઈ પ્રમાણે નથી બનાવી. મંદિર નથી બન્યું હજી એના પ્રમાણમાં. એ આબરૂવાળા માણસ પ્રમાણે એવું બન્યું નથી. એય! આ તો મૂર્તિ એવી બની. છે ને? હા. અન્યમતિ જોવા આવે છે અમદાવાદમાં. શું કહેવાય એ? (શ્રોતા : ખાડિયા) ખાડિયા. પણ કહે છે કે એ પ્રણામ કરે એ તો શુભભાવ છે. એ કાંઈ ધર્મ છે? ન્યાંથી આત્મા મળશે ? એ વસ્તુમાં માલ કાંઈ (નથી). વીતરાગમાર્ગમાં એમ નથી. એય! ન્યાંથી આવ્યાને આવું આવ્યું પાછું. છે તો જૂના માણસ. સાંભળેલું ઘણીવાર એટલે એટલો વાંધો ન આવે. નવા તો ભાગે. નહીં ત્રંબકભાઈ? (શ્રોતા : ભડકે કે આ શું ?) છે? અર્થમાં લખ્યું જુઓ.

कोई प्रतिमा बनाकर नमन-पूजन करते हैं. પ્રતિમાનું નમન ને પૂજન ને ભક્તિ. આમ ધૂન કરો, બસ. તે શું છે એમાં? એ તો શુભભાવ છે. એ કંઈ ધર્મ છે કે સંવર-નિર્જરા છે કે સમ્યગ્દર્શન ત્યાંથી થાય? કહો. તો શું કરવા આ બધું કરાવ્યું તમે ન્યાં? હરિભાઈ ત્યાં હતા ઓલા રસોડામાં. હવે કેટલા માણસો જમતાં, નહીં? રસોડે કેટલા માણસ જમતાં, નહીં? ત્રણ-ત્રણ હજાર, ચાર હજાર. બધું હરિભાઈને માથે હતું આ બધું. કરી શકતા

હશે? નહીં?

જુઓ, પોતે મૂર્તિને માનનારા.. આગળ કહેશે. અમે જાણે આ મૂર્તિ ને આનાથી અમને આ વિવેક આવ્યો છે ને. પણ એ તો નિમિત્તથી કથન છે ને, વ્યવહારથી વાત છે. છેને શેમાં ? ૧૪ ગુણસ્થાનમાં? આ શરૂઆત કરી છેને એમણે. ચર્તુદસ ગુણસ્થાન? કેટલામે પાને છે? ૩૩૫. ઓહોહો! હા, એ. લ્યો. ૩૩૫ ક્યાં આવ્યું? ૩૩૫? (શ્રોતા : ૩૬૫). ૩૬૫. હા, એ બરાબર છે. (શ્રોતા : ૩૬૪ પછી) હા, હા, એ લ્યો ભાઈ. जाके मुख दरससों भगतके नैननिकौं, थिरताकी बानी बढ़ै चंचलता विलसी. ૩૬૫ પાને છે. એ શુભભાવની વાત કરે છે. આંહીં કહે છે કે એ શુભભાવ છે એ કાંઈ ધર્મ નથી. આવે ખરો, પણ ન્યાંથી પરમાત્મા મળી જાય એવી ચીજ નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

ધર્મી જીવ તો નિઃશંક છે કે સુખદુઃખની કલ્પનાનું વ્યાપવું મારામાં છે નહીં. સમકિતીને એમ થાય છે, 'હું તો નિઃશંક શુદ્ધ આનંદ અને જ્ઞાનનો સ્વામી એ નિઃશંક છું. નિઃકલંક—મારામાં એ રાગની વેદના એવા કલંક વિનાની હું ચીજ છું'. આ ભાવમાં આ વાત છે હોં. વસ્તુ, આવો જ્યાં ચૈતન્ય ભગવાન સ્વીકાર્યો, શ્રદ્ધામાં અનુભવ્યો એટલે કહે છે, નિઃશંક છે ઈ તો. અરે, વેદના કેવી આકરી આવશે? અને મારું મરણ બગડશે અથવા કંઈક થશે. શું થશે? શું થાય? હું તો આનંદનો વેદનારો આનંદ લઈને આગળ જવાનો, એમ કહે છે. દુઃખી થઈને વેદના થઈને જાવાનો, એ મારી ચીજ છે (નહીં.)

**નાટક સમયસાર પ્રવચન નં. ૮૩નો અંશ, પાના નં. ૨૧૬**

## પ્રવચન નં. ૧૦૦, અષાઢ વદ બીજ, શનિવાર તા. ૧૦-૭-૧૯૭૧
## બંધ દ્વાર પદ ૪૮ થી ૫૧ ઉપર પ્રવચન

૪૮મું ચાલે છે ને. आत्मस्वरूपकी पहिचान ज्ञानसे होती है.

આત્મસ્વરૂપની ઓળખાણ જ્ઞાનથી થાય છે. (સવૈયા તેવીસા)

केई उदास रहैं प्रभु कारन,
केई कहैं उठि जांहि कहींकै।
केई प्रनाम करैं गढ़ि मूरति,
केई पहार चढ़ैं चढ़ि छींकै॥
केई कहैं असमानके ऊपरि,
केई कहैं प्रभु हेठि जमींकै।
मेरो धनी नहि दूर दिसन्तर,
मोहीमैं है मोहि सूझत नीकै॥४८॥

**શબ્દાર્થ** :—ઉદાસ=વિરક્તિ. ગઢિ=બનાવીને. મૂરતિ(મૂર્તિ)=પ્રતિમા. પહાર(પહાડ)=પર્વત. અસમાન(આસમાન)=ઊર્ધ્વલોક. હેઠિ=નીચે. જમીં(જમીન)=ધરતી. દિસન્તર(દેશાન્તર)=અન્ય ક્ષેત્ર, વિદેશ.

**અર્થ** :—આત્માને જાણવા માટે અર્થાત્ ઈશ્વરની ખોજ કરવા માટે કોઈ તો ત્યાગી બની ગયા છે, કોઈ બીજા ક્ષેત્રમાં યાત્રા આદિ માટે જાય છે, કોઈ પ્રતિમા બનાવીને નમસ્કાર, પૂજન કરે છે, કોઈ ડોળીમાં બેસીને પર્વત પર ચડે છે, કોઈ કહે છે કે ઈશ્વર આકાશમાં છે અને કોઈ કહે છે કે પાતાળમાં છે, પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી—આપણામાં જ છે તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે. ૪૮.

**अर्थ** :—आत्माको जानने अर्थात् ईश्वरकी खोज करनेके लिये कोई तो बाबाजी बन गये हैं, कोई दूसरे क्षेत्रमें यात्रा आदिको जाते हैं, कोई प्रतिमा बनाकर नमन-पूजन करते हैं, कोई छींके पर बैठ पहाड़ोंपर चढ़ते हैं, कोई कहता है कि ईश्वर आसमानमें है और कोई कहता हैं कि पातालमें है; परंतु हमारा प्रभु दूरदेशमें नहीं है—हमहीमें है सो हमें भले प्रकार अनुभवमें आता है॥४८॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ કરવું આ. આ બધા એમ કહે છે કે આ બધું પણ આ નહીં, આ નહીં, ત્યારે પણ કરવું શું અમારે? કર્યા વિના ચાલે નહીં જિંદગીમાં, એમ કહે છે. (શ્રોતા : ખુલાસો તો કરવો પડશેને આજ?) એ કહે છે, જુઓ. केई उदास रहै प्रभु कारन.. કેટલાક તો પ્રભુને કારણે ઉદાસ અને બાવા થઈ જાય જોગી—સાધુ. પણ ભાન-બાન એને છે નહીં. બાવા થઈ જાય તેથી કંઈ આત્મા પ્રાપ્ત થાય, એમ છે (નહીં). બાયડી-છોકરાં છોડી દો, ભાગો જંગલમાં. ત્યાં ક્યાં પણ જંગલમાં ભગવાન હતો? ભગવાન તો આંહીં છે અંદર. (શ્રોતા : પરનો તને લાભ નથી એમ આપ કહો છો એટલે છોડવા તો પડેને?) એ છોડવા નહીં. રાગનો સંગ છોડીને સ્વભાવનો સંગ કરવો એમ વાત છે. પરને છોડે કોણ? (કોણ) છોડે ને ગ્રહે? આહાહા!

ઉદાસ.. ઉદાસ પરથી. આ બાયડી, છોકરા, કુટુંબ બધા ધૂતારાની ટોળી છે. છોડો, ભાગો. ભાગીને ક્યાં જઈશ તું ત્યાં? આત્મા શું ચીજ છે એનું તો તને જ્ઞાન નથી અને જ્ઞાન વિના એની પ્રાપ્તિ થતી (નથી). જ્ઞાન કરવું એમ કહે છે. બાબુભાઈ! ત્યાં એમ કહે, કેટલાય વાતું કરે છે અમદાવાદમાં. ભાઈ! વાત તો કેટલીક ઠીક લાગે, પણ પછી કરવું શું અમારે? આ ફલાણું નહીં, આ નહીં, આ નહીં, આ નહીં, કરવું નહીં. હવે કરવાની તો ના પાડે છે, ત્યારે કરવું શું? એય બાલચંદજી! આહાહા!

કહે છે કે એ પરથી ભાગે એથી કરીને આત્મા મળે, એમ છે નહીં. આત્મા અંદર સચ્ચિદાનંદસ્વરૂપ છે. ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો આત્મા એનું એ જ્ઞાન કરે, એની શ્રદ્ધા કરે, એમાં રમણતા કરે તો આત્મા પ્રાપ્ત થાય. તો પહેલું હજી જ્ઞાન તો કરે એનું કે ચીજ શું છે? જ્ઞાનગુણને સુધારવો, એ તો કાંઈ કરવું નથી જાણે એને. જ્ઞાનગુણ જે રાગની એકતામાં છે અને પર તરફના વલણમાં છે એ જ્ઞાન બગડેલું છે. એ જ્ઞાનને જ્ઞાનમાં... આ આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છું, આનંદ છું, એવું એનું જ્ઞાન કરવું, એ જ્ઞાનથી આત્માની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ?

केई उदास रहै प्रभु कारन.. ઈશ્વર મેળવવા માટે આત્માનો સાક્ષાત્ કરવા માટે બાવા થઈને ભાગે. મુંડાઓ. મુંડાઈને શું છે ત્યાં? આ આત્મા અંદર પોતે સચ્ચિદાનંદ શુદ્ધસ્વરૂપ છે. એ તો અંતરના જ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય એવું છે. બહારનાં કોઈ બાહ્ય ત્યાગથી, બાવાપણાથી કાંઈ મળે એવું (નથી). સમજાણું કાંઈ? केई कहै उठि जांहि कहींकै.. ચાલો હવે સમ્મેદશિખરની ને શેત્રુંજયની, સિદ્ધગીરીની જાત્રા કરીએ. ત્યાં ક્યાં ભગવાન હતો સિદ્ધગીરીમાં? એ તો એક શુભભાવ ભક્તિનો હોય, વચ્ચે (આવે), પણ

એનાથી ધર્મ થઈ જાય અને એનાથી જનમ-મરણ મટે, એ વસ્તુ નથી.

'તન મંદિરમાં જીવ જિન.' યોગસારમાં છે ને? મંદિર, મૂર્તિ અને દેવ. મંદિર અને મૂર્તિમાં દેવ નથી, એ તો સ્થાપના (નિક્ષેપ) છે. એ તો ભક્તિનો શુભભાવ હોય છે ત્યારે એનું ત્યાં લક્ષ જાય છે, પુણ્ય બંધાય એટલું. પણ એનાથી આત્માને ધર્મ થાય (એમ નથી.) એ સિદ્ધગીરી ૯૯ કરી કરીને મરી જાય આમ સવારથી સાંજ ચડી ચડીને. રખડપટ્ટી છે. આકરું લાગે હોં પણ આ. સ્પષ્ટ કરવું જોઈએ, લે. પણ આ પૂનમની મોટી જાત્રા થઈને. (શ્રોતા : ....બધું પાણીમાં ગયું.) સિદ્ધગીરી, કદંબગીરી અને ઓલી શું કીધું? (શ્રોતા : હસ્તગીરી). હસ્તગીરી. હસ્તગીરી છે વળી. (શ્રોતા : ચોકમાં). ત્યાં આગળ છે. આહાહા!

સિદ્ધગીરી તો આ આત્મા છે, અનંત.. અનંત.. જ્ઞાન-દર્શન-આનંદથી ભરેલો. એનું અંદર જ્ઞાન કરે ને અંદરમાં જાય તો આત્માની પ્રાપ્તિ થાય તો ધર્મ થાય. આમ છે. આહાહા! બાબુભાઈ! તો શું કરવું? આ કરવું પણ... આત્મા વસ્તુ છે, હવે એનામાં જ્ઞાન-દર્શન-આનંદ ગુણ છે. હવે ગુણની પર્યાય સુધારવી એ કરવું નથી? એ કરવાનું છે. આ તો માટી જડ છે, એને કાંઈ સંબંધ નથી. એ તો વાત (સ્પષ્ટ છે.)

केई कहै उठि जांहि कहींकै.. ભાગો ભાઈ, જાત્રા કરો. પહેલા તો બિચારા ગાડે જાત્રા કરતા. ૨ મહિને-૩ મહિને આવતા. હવે તો રેલ વળી... ચાર મહિને આવે ને પછી સામૈયું કરે સામે. જાત્રા કરીને આવ્યા છે. એ લોકોમાં જાત્રા કરવા જાય ને ગંગાજળ લઈને આવે ને... ગંગાજળ લઈને આ થોડું થોડું આપે વળી. ધૂળેય નથી ક્યાંય.

આંહીં તો કહે છે, સમ્મેદશિખરમાં લાખ વાર, કરોડ વાર જા, એનાથી ધર્મ નથી, લે. આ અંતરમાં આત્મા આનંદસ્વરૂપ છે એની સમીપે જાય. રાગની સમીપે છે એ સ્વભાવ સમીપે જાય તો ધર્મ થાય. કહો, ગુણવંતભાઈ! એક તો એમ કહેતા કે સ્થાનકવાસીમાં જાણે મૂર્તિ માનતા નહોતા. વળી આંહીં આવ્યા મૂર્તિમાં, તો મૂર્તિમાં ધર્મ નથી એમ કહે છે. માળે પૂર્વની ગંધ રહી ગઈ લાગે છે, કહે. એય! આ આવા ને આવા છે. મૂર્તિ માનવી એ વસ્તુ શુભભાવ છે એક. એવો ભાવ હોય છે. બિલ્કુલ નથી મૂર્તિ—પ્રતિમા અને એની પૂજા, એમ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. પણ મૂર્તિની પૂજાથી ધર્મ થાય (એમ માને) એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આ ભારે કામ ભાઈ!

સિદ્ધગીરીમાં મરે, થઈ રહ્યું. ઓલો કાશીમાં કરવત મૂકે તો ત્યાં મોક્ષ થાય. આ કહે, સિદ્ધગીરીમાં મરે તો મોક્ષ થાય. ધૂળેય ન થાય. સિદ્ધગિરિમાં કંઈક કીડી ને કાગડા ને કૂતરા મરે છે ન્યાં. એમાં શું દાડીયા વળે? (શ્રોતા : એ સિદ્ધગિરિની જાત્રા કરવા ન આવ્યા હોય....) પણ જાત્રા કરવા આવ્યા હોય તો શુભભાવ વિકલ્પ છે, રાગ છે. આહા!

જાત્રા.. એ જાત્રા તો, આંહીં અંતરમાં જ્ઞાનાનંદ ચિદાનંદસ્વરૂપ ઉપર આરૂઢ થાય એ જાત્રા છે. આહાહા! સમજાણું કાંઈ? केई प्रनाम करैं गढ़ि मूरति.. મૂર્તિ બનાવે, દેરાસર બનાવે અને પ્રણામ કરે. જય ભગવાન! જય ભગવાન! (શ્રોતા : કરવું પડશે). ભગવાન શિવપદ આપજો પ્રભુ! ન્યાં ક્યાં હતું શિવપદ હતું? ભગવાન કહે છે. આહાહા!

એ તો ભક્તિનો ભાવ હોય છે એ શુભભાવ છે કેમ કે પરદ્રવ્ય છેને. પ્રતિમા કે ભગવાન સાક્ષાત્ પરમાત્મા હોય, પણ એ પરવસ્તુ છે. અને પરદ્રવ્ય અનુસાર વૃત્તિ થાય એ રાગની જ થાય, ધર્મની ન થાય. સ્વ ચૈતન્યદ્રવ્યને અનુસારે પરિણતિ થાય એ ધર્મ. હજી તો એની ખબરું પણ નથી. એની ખબરું, એનું જ્ઞાન, એની વ્યવહારશ્રદ્ધા તો કરે. આહાહા! કહે છે, केई प्रनाम करैं गढ़ि मूरति.. એથી કંઈ ભગવાન આત્મા પ્રાપ્ત થાય નહીં. એનાથી સમકિત થાય નહીં, એમ કહે છે. લે, નવ્વાણું પૂર્વ વાર... કીધુંને, ન્યાં આવ્યા હતા ઋષભદેવ. એની પૂજા કરો, ૯૯ પૂજા કરો, તમારું કલ્યાણ (થશે). અરે, લાખ કરીને મરી જાય તોય કલ્યાણ નથી, લે. એય બાબુભાઈ! રાગની મંદતા છે, પુણ્ય બાંધે અને મિથ્યાત્વ સાથે છે. આનાથી મને ધર્મ થાય છે. પરદ્રવ્યને અનુસારે મારો મને ધર્મ થાય છે, એ મિથ્યાત્વનું લાકડું મોટું છે. આહાહા!

केई पहार चढैं चढ़ि छीकै.. ચાલી ન શકે તોય નબળાઈથી ભાઈ કરો, ડોળી કરો. ડોળીવાળાને તરત ત્યાં બોલાવે. કહે, ડોળી. ડોળી રાખી. ચાલો પર્વત ઉપર, ભઈ. શક્તિ નથી પણ હવે ભગવાનને ભેટાં તો કરી આવીએ. ન્યાં ભગવાન છે? એ તો સ્થાપના છે. અને સાક્ષાત્ ભગવાન હોય તો એ તો પર છે. એ ક્યાં તારો આ ભગવાન છે? આહા! તારો ભગવાન તો આંહીં અંદરમાં છે. જ્ઞાનાનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદનો સાગર, એના સમીપમાં એનું જ્ઞાન કરે, એની શ્રદ્ધા કરે, એમાં ઠરે એ ધર્મ છે. એ કરવું તો એને સૂઝતું નથી. એ કરવું તો એને ભાસતું નથી.

બે-ચાર જાત્રા કરી નાખીએ. એક શેત્રુંજયની, એક ગિરનારની, એક સમ્મેદશિખરની, એક પાવાપુરીની. (શ્રોતા : ચંપાપુરીની) ચંપાપુરીની. લ્યો, વાસુદેવ ભગવાન ન્યાંથી (મોક્ષ ગયા). શું આવ્યું એની પાસે આ ચંપાપુરીનો આ બન્યો ઓલો ગઢ? (શ્રોતા : ગુણાવત) નહીં, એ તો ગૌતમનું. (શ્રોતા : મંદાર..) મંદારગીરી. ન્યાં (ગયા) હતાને. જઈ આવ્યા છેને બધે જઈ આવ્યા છે ને. બધે જઈ આવ્યા છીએ. મંદાગરી. ચંપાપુરી ને ભાગલપુર ને. બધે જઈ આવ્યા છીએ ને. પાવાપુરી ને.. (શ્રોતા : રાજગૃહી) રાજગૃહીના પાંચ પહાડ બધે જઈ આવ્યા છીએ. એ તો એક ભક્તિનો શુભભાવ હોય છે, એ પુણ્યભાવ છે. એ પાપથી બચવા માટે એવો ભાવ હો, પણ એ કોઈ ધર્મ છે અને

એનાથી કરતાં કરતાં કલ્યાણ થઈ જશે, એમ નથી.

આ વ્યવહાર ઉથાપે છે. વ્યવહારથી ધર્મ થાય નહીં, એમ કહે છે આમાં. (શ્રોતા : ધર્મ સ્થાપવાનો છે એમાં ઉથાપ્યો ક્યાં કહેવાય?) આહાહા! તો પછી કરવું શું કરવા? કોઈ નહીં જાય, એમ કહેતા હતા. બાબુભાઈ કહેતા હતા. (શ્રોતા : અરે, પણ રાગ કરીને....) એ રાગ આવ્યા વિના રહે નહીં. સમકિતીનેય થાય અને અજ્ઞાનીને પણ થાય. એવો ભાવ આવે, પણ એને સમજવું જોઈએ કે એ પુણ્ય છે, ધર્મ નહીં. આહાહા! સમજાણું કાંઈ? એવી ખેંચાતાણ થઈ ગઈ છે ને. એક જણે આખી મૂર્તિ—પ્રતિમા, દેરાસર ઉથાપ્યા. એક જણે એમાં ધર્મ છે એમ સ્થાપ્યું. બેય ખોટાં છે. આમાં ક્યાં હવે ઢાંકીને રાખ્યું છે આ. આ તો ઉઘાડો માર્ગ છે. માર્ગ આ છે.

केई पहार चढैं चढ़ि छींकै.. ગમે રીતે પણ એકવાર ભગવાન પાસે ભેટો કરાવો. આ મરતાંય પણ ભગવાનની મૂર્તિ પાસે જાય, લ્યો. એ મૂર્તિ પાસે જાય, ત્યાં તો શુભભાવ છે. સમજાણું કાંઈ? અંતર ચૈતન્યસ્વરૂપ આનંદ અને જ્ઞાનનો સાગર છે. એનું જ્ઞાન કરે એટલે જ્ઞાનનું જ્ઞાન કરે, આત્માનું જ્ઞાન કરે, આત્માની શ્રદ્ધા કરે અને આત્મામાં ઠરે, એ ધર્મ છે. ભારે માર્ગ ભાઈ આકરો! આ દસ દસ હજાર માણસો જાય જાત્રામાં અને એમાં જો આ મૂક્યું હોય, ભાગે. ભાગો કહે. આને પૂછ્યું'તું કાલે કો'કને. કીધું, કેટલું માણસ આવ્યું આ જાત્રામાં? પૂછ્યું નહીં છોકરા કો'કને? કહે, ૮-૧૦ હજાર હશે. ગયું હશે. કોણ ગણવા ગયું હતું. પણ એ વખતે જો આ કહ્યું હોય કે આમાં ધર્મ નથી. હાય! હાય! ત્યારે ઓલા સ્થાનકવાસી ખુશી થાય. હં, ઠીક લાગે છે આ.

(શ્રોતા : આવી વાત મહારાજ રાખે છે ખરા) ઓલા સ્થાનકવાસીને એમ કહે કે પૂજાનો ભાવ ન આવે અને ભક્તિ ન આવે અને દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતાનો (ભાવ ન આવે), પ્રતિમા ને મંદિર આદિ છે એમ ન આવે તો એ મિથ્યાદૃષ્ટિ છે. એય! ગઈ વાત માળે. (શ્રોતા : પણ હોય એમ કહેવાયને). વસ્તુ તો એમ છે ને. આવે ભાવ. ભાવ ભક્તિનો હો, પણ એ ભાવ શુભ છે, પુણ્ય છે. પરદ્રવ્ય તરફની લાગણી છે, એ ધર્મ નથી. ધર્મ તો ભગવાન આત્મા આનંદસ્વરૂપના સમીપમાં જઈ એનું જ્ઞાન કરે, એની શ્રદ્ધા કરે, એનું નામ ધર્મ. કહો, કાંતિભાઈ! તમે તો સ્થાનકવાસી હતા એટલે આ મૂર્તિમાં ધર્મ ન માને તો ઠીક લાગે. મૂર્તિમાં ધર્મ નથી એમ માને તો વળી બાબુભાઈને ઠીક ન લાગે. એક દેરાવાસી અને એક સ્થાનકવાસી. આ તો એક દાખલો.

केई कहैं असमानकै उपरि.. કોઈ કહે કે ભગવાન ઉપર રહે છે. ત્યાં ભગવાન ઉપર રહે એ તો સિદ્ધ ભગવાન છે. તું ક્યાં ત્યાં છો? केई कहैं प्रभु हेठि जमींकै.. આમાં લખ્યું

છે હોં એ. જુઓ. પાતાળમાં છે, કોઈ કહે કે પાતાળમાં છે. (શ્રોતા : જાય છેને ભગવાન પાતાળમાં જાય છે). હા, એ વળી જુદું છે. આ તો પાતાળમાં ઓલું લખ્યું છે. કુરાનવાળા મુસલમાન પાતાળમાં માને છે એમ લખ્યું છે. આમાં છે એમાં. આમાં નથી નહીં? કોઈ કહે કે પાતાળમેં હૈ. (શ્રોતા : ભગવાન પાતાળમાં....) એ વળી જુદું. આ તો આણે આમ લખ્યું છે. કેટલામું છે આ? (શ્રોતા : ૪૮) ૪૮. જુઓ નીકળ્યું. કેઈ તો પ્રભુકો આસમાન પર કહે, કેઈ શ્રદ્ધા લીએ... કેઈ જમીનકે હેઠે પ્રભુ કહે. ઐસી કુરાનવાલેકી (માન્યતા) હૈ, લ્યો. એમ બીજામાં લખ્યું છે હોં. કુરાન મુસલમાન એમ કહે છે. એ કંઈ સાંભળ્યું નથી. ક્યાંક હશે. (એમની માન્યતા પ્રમાણે) હેઠે ભગવાન રહેતા હશે. ઐસે (માન્યતા) કુરાનવાલેકી હૈ. યહ બાત.... મેરો ધણી ક્યાંય હેઠે નથી ને ઉપરેય નથી. છે ને?

मेरो धनी नहि दूर दिसन्तर.. મારો પ્રભુ મારાથી દૂર નથી અને દેશાંતર ક્યાંય નથી. ન્યાં સમ્મેદશિખરેય નથી ભગવાન. ભાઈ! હવે જિંદગીમાં એકાદવાર સમ્મેદશિખરના દર્શન કરી આવીએ તો જનમ સફળ. ધૂળેય નથી સફળ, સાંભળને હવે! એય, માણેકલાલજી! આ બધું ઉથાપી જાય છે આ તો વ્યવહાર. (શ્રોતા : જેમ છે એમ સ્પષ્ટ થાય છે). વ્યવહાર હોય છે, પણ એ વ્યવહાર ધર્મનું કારણ છે કે એનાથી ધર્મ થાય, એમ નહીં. આવી વાત છે. આકરું પડે હોં આ બધા અમદાવાદવાળાને. (શ્રોતા : અપૂર્વ વાત છે). અપૂર્વ વાત છે, કહે. માર્ગ તો આવો છે. અનાદિનો છે. વીતરાગ પરમેશ્વર તીર્થંકર કેવળીઓ અનાદિથી આમ કહેતા આવે છે. એ કંઈ નવી વાત (નથી). સાંભળી ન હોય એટલે એને નવી લાગે.

मेरो धनी नहि दूर दिसन्तर.. પણ મારો પ્રભુ દૂર દેશમાં નહીં. मोहीमैं है.. 'હું પોતે જ પરમાત્મા ઈશ્વર છું. આનંદ અને જ્ઞાનનો સ્વભાવ એ હું પોતે ઈશ્વર છું'. मोहीमैं है मोहि सूझत नीकै.. મારા જ્ઞાનમાં મને બરાબર ભાસે છે એમ કહે છે. દેખો, છે? हमें भले प्रकार अनुभवमें आता है. રાગ અને પરના અનુભવમાં આત્મા નથી. પણ પોતાના સ્વભાવનો અનુભવ કરે તો એમાં આત્મા એને જાણવામાં આવે. એનું નામ એને ધર્મ અને આત્માના સન્મુખ જોયું અને જાણ્યું અને માન્યું, એમ કહેવામાં આવે. દિશા ફેરવવી આકરી વાત છે. (શ્રોતા : કરવાનું એ છે). આમ (બાહ્યક્રિયા) કરીને થાશે એમ નહીં, આમ (અનુભવ) કરીને થાશે આંહીં એવી વાત છે આંહીં તો. આહાહા!

કેટલાક એ મતના હોય કે દેરાસર બે ચાર કરાવીએ, પાંચ-દસ લાખ ખરચીએ અથવા ખરચાવીએ. સાધુ પાસે પૈસા ન હોય તો ખરચાવે. (શ્રોતા : અનુમોદન). અનુમોદન નહીં, કરાવે. તમે અમારા ભક્તો છો. તમે આમ કરો. જુઓ, કેવું મંદિર થયું સરસ તમારે

નહીં હમણાં નવું? પાલીતાણે. આ બધું નવું કર્યુંને. કેસરીયાજી. જોયું હતું હોં. અંદર ગયા હતા એક ફેરી. વળતા અંદર ન ગયા અને સાધુ એક હતો. આવો, આવો, કહે, જુઓ અંદર કેસરીયાજી. કીધું, જોયું નથી. જોયું છે, અંદર ગયા હતા એક ફેરી. કેસરીયાજી ક્યાં...? ન્યાં કેસરીયાજી ક્યાં હતો? કેસરીયો તો આંહીં છે. આહા! સમજાણું કાંઈ? આહા! मोहीमैं है मोहि सूझत नीकै.. नीकै એટલે બરાબર અનુભવમાં આવે છે એમ કહે છે. આહાહા! અંતર્મુખ જોતાં—જ્ઞાનમાં આત્માને લેતાં અનુભવમાં બરાબર 'આ આત્મા' એમ આવે છે. એને—અનુભવને આત્માનો ધર્મ કહેવામાં આવે છે. આહા!

વળી — (દોહરા)

कहै सुगरु जो समकिती, परम उदासी होइ।
सुथिर चित्त अनुभौ करै, प्रभुपद परसै सोइ॥४९॥

**શબ્દાર્થ** :—પરમ=અત્યંત. ઉદાસી=વીતરાગી. પરસૈ=પ્રાપ્ત કરે.

**અર્થ** :—શ્રીગુરુ કહે છે કે જે સમ્યગ્દષ્ટિ અત્યંત વીતરાગી થઈને મનને ખૂબ સ્થિર કરીને આત્મ-અનુભવ કરે છે તે જ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. ૪૯.

**अर्थ** :—श्रीगुरु कहते हैं कि जो सम्यग्दृष्टि अत्यन्त वीतरागी होकर मनको खूब स्थिर करके आत्म-अनुभव करता है वही आत्मस्वरूपको प्राप्त होता है॥४९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

कहै सुगुरु जो समकिती, परम उदासी होइ. ઓલામાં એકલું ઉદાસ કહ્યું હતું, આ તો પરમ ઉદાસ. ઓલામાં કહ્યું હતુંને, केई उदास रहै प्रभु कारन. कहै सुगुरु जो समकिती, परम उदासी होइ. રાગ અને નિમિત્તથી પરમ ઉદાસીન. सुथिर चित्त अनुभौ करै. सुथिर चित्त.. પોતાના ચિત્તને સ્થિર કરીને, આત્મા આનંદ અને જ્ઞાન છે એનો જે અનુભવ કરે. આ કરે આવ્યું, દેખો. બાબુભાઈ! અનુભવ કરે, એમ. પણ એક... (શ્રોતા : કરવું એ તો રાગ છે). પણ કરવું એટલે ? કરવું એ રાગ ક્યાં છે? અનુભવ કરે એમ કહેવું છે આંહીં. આ તો શું કરવું, એમ આવ્યું આ તો. सुथिर चित्त अनुभौ करै.. સ્થિર ચિત્ત થઈને આનંદનો અનુભવ કરે આત્માનો. प्रभुपद परसै सोइ.. એ પ્રભુપદને સ્પર્શે એટલે આત્મા પ્રભુ પોતે, એને સ્પર્શે છે. આહાહા! ભારે! જગતથી આખી વાતું બહુ ફેર પણ. (શ્રોતા : ફેર જ હોયને). આહાહા!

એમાં ઓલા હીરા-માણેક ને ચાંદી ને સોનું ને.. હવે ચોરીયું કેટલી થાય છે, જુઓને. બહુ ચોરીઓ ઓહોહો! ઓલા સાડા ચાર ફૂટની પ્રતિમા, પાંચ-સાત મણની.

આઠ જણ આવ્યા બંદૂક લઈને, લ્યો. ૯૦૦ વર્ષ પહેલાંની મહાવીર ભગવાનની. ઓહોહો! બે મોટર લઈને આવ્યા અને એક જીપ. જીપમાં નાખીને લઈ ગયા લોકો. એમાં લેતા હતા ને પગ તૂટી ગયા. એને તો ઓલું આ આમ .... તરીકે જોઈતી હોયને. હજી હાથ આવી નથી. હમણાં મહિનાં પહેલાં વિષ્ણુની મૂર્તિ ૫૦ લાખની ગઈ. એ તો પછી પકડાણી મુંબઈમાં. પચાસ લાખની ધાતુની ઊંચી. (શ્રોતા : કાંસાની) હોય, હોય બધું ધાતુ. આહા! ચોરીઓ.. ચોરીઓ.. ચોરીઓ.. ચોરીઓ..

આને કોણ ચોરે? ભગવાન આત્મા સત્તા–હોવાપણે આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન, એને રક્ષા કરે તો રહે અને ન કરે તો ન રહે, એવું છે? નિર્જરા અધિકારમાં આવી ગયું છે. વાત એ કે આ વસ્તુ છે એનાથી (બાહ્ય) ચીજ ભિન્ન છે. રાગના વિકલ્પથી પણ ભિન્ન છે એવું એને આસ્થામાં બેસતું નથી, વિશ્વાસ નથી આવતો. આ અંદર ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ જ છું, એવો વિશ્વાસ નથી આવતો. આ બધું દેખે. એ દેખે એનો વિશ્વાસ આવે. દેખનાર કોણ કેવડો છે એનો વિશ્વાસ નથી આવતો. આહાહા! સાધુને પણ પાછું બહાર માન રાખવા, મંદિરો બનાવવા, નામ ચોડવા. લખે અંદર, ફલાણા મહારાજે બનાવ્યું છે અને ફલાણા મહારાજે..... ક્યાં નામ હતા? ભગવાન! તું ક્યાં હતો અહીંયાં? આહાહા! અરેરે! ક્યાંનો ક્યાં રખડે અને માને કે અમે ધર્મ કરીએ છીએ અને કરાવીએ છીએ.

આ સોનાના ભગવાન.... ભરત ચક્રવર્તીએ તો સોનાના ત્રણ કાળના બિંબ ભરાવ્યા નહોતા? તે મફતમાં ભરાવ્યા હશે? (શ્રોતા : મફતમાં જ ભરાવ્યાને. એની પાસે ઘણા પૈસા હતા. એની શું એને કિંમત?) ભરત ચક્રવર્તીએ ત્રણ કાળના ૭૨ પ્રતિમા સોનાના ભરાવ્યા ભલે. પણ એથી શું થયું? એ તો શુભભાવ હતો. સમજાણું કાંઈ? ભરતેશમાં આવે છેને, 'ભરતેશ વૈભવ'માં. 'ભરતેશ વૈભવ'માં આવે છે. હેમચંદજી ! આવ્યું? વાંચ્યું છે? 'ભરતેશ વૈભવ' નથી? બેન પાસે નહીં હોય તારાબેન પાસે? 'ભરતેશ વૈભવ' છે, એક હશે. છે કે નહીં? બેન પાસે હશે ક્યાંક. તારાબેન પાસે, નહીં?

એમાં એક આવે છે વાત. ભરતના દીકરા છે એના મામા, એનું સગપણ કરવા આવેલા. મામામાં વરે છેને. ફોઈ–મામામાં વરે. એ ભરતેશમાં આવે છે ભરતેશવૈભવમાં. મોટું પુસ્તક છે ગુજરાતીમાં. હતું હિન્દી પણ ગુજરાતી.... આપણે આંહીં ઘણા હતા, ખપી ગયા. આંહીં તો પુસ્તક સાડા સાત લાખ–આઠ... ઘણાં છપાણાં ને ઘણાં ગાડાં જાય. એમાં એ છોકરાંનું સગપણ કરવા આવેલા એના મામા. એની કન્યા આપવા. પછી એમાં મામા સાથે વાત થઈ કે ભઈ, જુઓ, ભેદરત્નત્રય એ વસ્તુ નથી, એનાથી ધર્મ નથી. સાક્ષાત્

ઋષભદેવ ભગવાન બિરાજે છે આપના દાદા. એને માનવાથી અને એની પૂજાથી પણ ધર્મ નથી. અભેદરત્નત્રયથી ધર્મ છે. એમ એના મામા સાથે વાત થયેલી અને છોકરાને તો બેઠેલી હતી પહેલેથી.

પછી હવે એના બાપ સાથે વાત થવા માંડી ભરત સાથે. ભરત કહે કે જુઓ, આપણા દાદા ઋષભદેવ ભગવાન છે. કહો, એને માનીએ ને પૂજા (કરીએ) તો ધર્મ ન થાય? આ કહે કે પિતાજી ! શું કહો છો તમે આ? શું ફરી ગયા? તમે પહેલું કહેતાને કે પરદ્રવ્યને કારણે ધર્મ ન થાય. એ ઋષભદેવ દાદા છે અને એને માનીએ માટે ધર્મ થાય, એમ નહીં. ત્યારે ઓલા ભરત કહે છે, પણ તું કેમ ફરી ગયો? છોકરાને કહે છે. આ તારો મામો આવ્યો કન્યા દેવા તે એના લોભમાં ફરી ગયો તું? ભગવાનને માનવા નહીં? ઋષભદેવ ભગવાન ત્રિલોકનાથ સાધુ થઈ, મુનિ થઈને કેવળી થયા. એને માનવાથી અને એની ભક્તિથી ધર્મ નહીં? 'અરે પિતાજી! શું કહો છો આ તમે? વળી આ ક્યાંથી ફરી ગયું તમારું આ?' છોકરા કહે છે હોં.

આપ કહેતા હતાને કે ભેદરત્નત્રયથી તો ધર્મ ન થાય. અભેદ ચૈતન્યમૂર્તિ ભગવાનનો આશ્રય શ્રદ્ધા-જ્ઞાન કરે તો ધર્મ થાય એમ કહેતા હતા. વાહ શાબાશ વાહ! પછી કહે, દીકરા શાબાશ, જાઓ. વાત સાચી તારી છે, કહે. આવે છેને એમાં. 'ભરતેશ વૈભવ' (શ્રોતા : પરીક્ષા કરે છે). હા. આ તો વાત, પરીક્ષા તો ઠીક. આ તો એની વાત થયેલી. (શ્રોતા : આવે છે કે નહીં, એટલું) આવે છે એટલું. તો ત્યાં વળી પરીક્ષાની કહી. (શ્રોતા : નહીં તો આ જવાબ દેવા એમાં લખાય છે). એની ટેવ છે. ચાલતું હોય કાંઈક ને નાખે કાંઈક. મેં તો એમાં છે કે નહીં એટલું કીધું હતું. મને ખબર છે કે એની પરીક્ષા કરવા માટે, એનો હેતુ એમ હતો. કહો, સમજાણું આમાં? એય, કાંતિભાઈ !

આપણે ઘણા પુસ્તક વેચાઈ ગયા અત્યારે. અત્યારે છે કે નહીં ખબર નથી. ભાઈએ કર્યું હતુંને કાંઈ ઝાટકિયાએ. અમૃતલાલે ગુજરાતી કર્યું હતું. અમરેલીવાળા, નહીં? એમાં એ લખ્યું હતું, લ્યો. ભેદરત્નત્રય એ વ્યવહારરત્નત્રય છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા અને એમની પૂજા કરવી એ બધો શુભરાગ છે. એનાથી કલ્યાણ ને ધર્મ ન થાય. અરે, પણ આ દાદા ધર્મકેવળી થઈને બેઠા, એને માનવા નહીં ? તમે શું કહો છો આ? કહે, માનવા ન માનવાનું કોણ કહે છે આંહીં? એને માનવા એ શુભરાગ છે. કહો, એના છોકરાઓને ત્યાં આગળ આવા જવાબ દેતા આવડે. બેઠી હશે વાત ત્યારે જ (જવાબ) દીધોને એણે. આંહીં તો મોટાને ભાન ન મળે કાંઈ. સાઠ-સાઠ વર્ષના થયા હોય, ૪૦ વર્ષથી મૂંડાઈને બેઠા હોય. તોય કહે, નહીં, ધર્મ થાય. ભગવાનને માનવાથી ધર્મ ન થાય? કયો ભગવાન પણ? પર

ભગવાન કે આ ભગવાન? ભારે ભાઈ!

એ તો કહ્યું ને, कहै सुगुरु जो समकिती.. સુગુરુ એમ કહે છે અને એમ એની માન્યતા ને અનુભવ છે, એમ કહે છે. કહે સદ્ગુરુ–જ્ઞાનીગુરુ એમ કહે છે કે समकिती परम उदासी होई.. પર નિમિત્ત ને રાગથી ઉદાસ થઈને, सुथिर चित्त अनुभौ करै.. ઓલાથી ઉદાસ કીધો અને આંહીં થયો સ્થિર. વ્યવહારના રાગથી પણ ખસીને सुथिर चित्त अनुभौ करै.. આત્માની અંદરમાં અનુભવ કરે. એ નિશ્ચય આવ્યું. प्रभुपद परसै सोइ.. એ આત્મસ્વરૂપકો પ્રાપ્ત હોતા હૈ, લો. આહાહા! प्रभुपद परसै सोइ.. પ્રભુપદ આત્મા ચિદાનંદ પ્રભુ એને परसै એટલે અનુભવ કરે, એનું નામ ભગવાન ધર્મ કહે છે. આ છે, વીતરાગ માર્ગમાં આ છે. એથી વિરુદ્ધ કહે, એ ગુરુ પણ નહીં ને શાસ્ત્ર પણ નહીં ને ધર્મ પણ નહીં. એટલું તો નક્કી તો કરે. આ તો એમાં ધર્મ થાશે. વાહ મહારાજ વાહ!

એક જણો કહે, નકાર કરે અને તમે સ્થાપો છો વાત. એ વાત તો..... એની જરૂર જ હોયને. વ્યવહારથી થાયને ? પાધરા પગલા નિશ્ચયના? એકડો આવડતો ન હોય ને M.A.ની પરીક્ષા? સાંભળને હવે! એ બધી દલીલ તો સાંભળી છે કે નહીં? .... કે દિ'નું કહેતા આવ્યા છે ઘણા વરસથી. આ તો M.A.ની વાત છે. પહેલા એકડા શીખો, વ્યવહાર શીખો. શું શીખે, સાંભળને હવે! અનાદિથી શીખેલો જ છે એ તો. એ વ્યવહારના વિકલ્પ અને તેના નિમિત્તો, એના ઉપરથી દૃષ્ટિ છોડી અને આત્મા ઉપર દૃષ્ટિ મૂકતાં આત્માનું જ્ઞાન અને અનુભવ થાય ત્યારે એને ધર્મ થાય. એ સિવાય કોઈ એ લાખ-કરોડ ક્રિયા કરીને મરી જાય, દયા-દાન ને વ્રત ને તપ ને જાત્રા ને પૂજા ને સમ્મેદશિખર ને સિદ્ધગીરી. સમજાણું કાંઈ?

હવે આંહીં પરમ દિ' તો પૂનમને દિ' તો કેટલાય... પૂનમ નહીં ચૌદસ, નહીં? છેલ્લે ચૌદસે સાંજે સાંજે. પણ તે દિ' આંહીં વરસાદ હતો. સવારે ગયા હતા ગામમાં. વરસાદ બહુ હતો બપોરે. આ વળી માણસ કંઈક જાય હજારો. ઝટ ભગવાનને મળીએ અને પહેલા ભગવાનને મળે એ આહાહા! ભગવાનને વિનવે એટલું. અમને મુક્તિ આપો. ભગવાન કહે છે કે મુક્તિ મારી પાસે નથી. મારી સામું જોયે તને મુક્તિ મળે એવી નથી. આહાહા! શાંતિભાઈ!

શું કરવું આ માળે ? કીધુંને, અનુભવ કરે. આહાહા! હું તો એક જાણનાર-દેખનાર ચૈતન્યતત્ત્વ છું, એનો અનુભવ કરવો, એની શ્રદ્ધા, એનું જ્ઞાન ને રમણતા, બસ, એ પ્રભુપદ સ્પર્શે. એ પ્રભુપદને સ્પર્શે છે. પ્રભુ એટલે આત્મા. છેને જુઓને અર્થમાં એમ કર્યું છે. वही आत्मस्वरूपको प्राप्त होता है. કહે છે કે વ્યવહારમાં તો મનની ચંચળતા ઉભી થાય છે. એમ

કહે છે. એ ચંચળતાને રોકે ને સ્વરૂપમાં દૃષ્ટિ કરે તો ધર્મ થાય. આહા! मनकी चंचलता. દેખો.

મનની ચંચળતા (સવૈયા એકત્રીસા)

छिनमैं प्रवीन छिनहीमैं मायासौं मलीन,
छिनकमैं दीन छिनमांहि जैसौ सक्र है।
लियें दौर धूप छिन छिनमैं अनंतरूप,
कोलाहल ठानत मथानकौसो तक्र है।।
नटकौसो थार किधौं हार है रहटकौसौ,
धारकौसो भौंर कि कुंभारकौसो चक्र है।
ऐसौ मन भ्रामक सुथिरु आजु कैसे होई,
ओरहीकौ चंचल अनादिहीकौ वक्र है।।५०।।

**શબ્દાર્થ :—**પ્રવીણ=ચતુર. સક્ર(શક્ર)=ઇન્દ્ર. ઠાનત=કરે છે. મથાન=વલોણું. તક્ર=છાશ. થાર=થાળી. હાર=માળા. ચક્ર=ચાકડો. ભ્રામક=ભ્રમણ કરનાર. ચંચળ=ચપળ. વક્ર=વાંકુ.

**અર્થ :—**આ મન ક્ષણમાત્રમાં પંડિત બની જાય છે, ક્ષણમાત્રમાં માયામાં મલિન થઈ જાય છે, ક્ષણમાત્રમાં વિષયોને માટે દીન બને છે, ક્ષણમાત્રમાં ગર્વથી ઇન્દ્ર જેવું બની જાય છે, ક્ષણમાત્રમાં જ્યાં-ત્યાં દોડે છે અને ક્ષણમાત્રમાં અનેક વેષ કાઢે છે. જેમ દહીં વલોવતાં છાશની ઉથલ-પાથલ થાય છે તેવો કોલાહલ મચાવે છે, નટનો થાળ, રહેંટચક્રની માળ, નદીના પ્રવાહનું વમળ અથવા કુંભારના ચાકડાની જેમ ઘૂમ્યા જ કરે છે. આવું ભ્રમણ કરનારું મન આજે કેવી રીતે સ્થિર થઈ શકે કે જે સ્વભાવથી જ ચંચળ અને અનાદિકાળથી વક્ર છે. ૫૦

**अर्थ :—**यह मन क्षणभरमें पंडित बन जाता है, क्षणभरमें मायासे मलिन हो जाता है, क्षणभरमें विषयोंके लिये दीन होता है, क्षणभरमें गर्वसे इन्द्र जैसा बन जाता है, क्षणभरमें जहाँ-तहाँ दौड़ लगाता है और क्षणभरमें अनेक वेष बनाता है। जिस प्रकार दही बिलोने पर छाँछकी गड़गड़ी होती है वैसा कोलाहल मचाता है; नटका थाल, रहटकी माला, नदीकी धारका भँवर अथवा कुंभारके चाकके समान धूमता ही रहता है। ऐसा भ्रमण करनेवाला मन आज कैसे स्थिर हो सकता है, जो स्वभावसे ही चंचल और अनादिकालसे वक्र है।।५०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ऐसौ मन भ्रामक सुथिरु आजु कैसे होई.. કહે છે કે પર તરફમાં તો ભ્રમણા જ

હોય મનની. ચંચળતા જ હોય. ત્યાં કાંઈ અંદર સ્થિરતા થાય એવું છે (નહીં). આહાહા! ભગવાનને આમ જોવે બરાબર પ્રતિમાને આમ. એ શું છે? એ પ્રતિમા તો પરદ્રવ્ય છે. એના પર જોવે તો વિકલ્પ છે. એમાં વળી આ તો પાછો આંગી-બાંગી રચીને જોવો ભગવાનને, કહો. માથે મુગટ ૩ લાખનો, સોના-રૂપાના બાજુબંધ. આમ નાખે, નહીં? આંહીં કંઈ. એક ફેરી ગયા હતાને ૯૫માં. (શ્રોતા : કોટ-પાટલૂન પહેરાવે). એ તો હવે કોટ-પાટલૂન, અત્તર ચોડે ને. આહાહા! અત્તરના એક બિંદુમાં મહાપાપ. એવા અત્તર ચોડે ને એમાં અર્ક નાંખે. તે દિ' ગયા હતાને. ૯૫માં. આપણે ભાઈ સાથે આવ્યા હતાને સાકળચંદભાઈ. સાકળચંદભાઈ ત્યાં ઓલાના શ્વેતાંબરના વકીલ હતા. શ્વેતાંબરના વકીલ. ૬૦૦-૭૦૦ પગાર હશે કાંઈક.

૯૫માં સાથે હતા આંહીંથી. પછી દર્શન ન કર્યા પણ બેઠા હતા. શ્વેતાંબરના (મંદિરમાં બેઠા), પણ દર્શન તો આંહીં દિગંબરનાં (કર્યા). પછી ઓલો મુગટ હતોને ઉપર એટલે પછી આવ્યો એક માણસ. કહે, મુગટ હેઠે ઉતાર્યો છે જોવો હોય તો. હજી પણ..... સાકળચંદભાઈ હતા. વકીલ હતા આમ શ્વેતાંબરના. આ તો સ્થાનકવાસી મોરબીના. અહીંના પાળનારા આંહીં હતા. સાથે હતા જાત્રામાં. તે એણે કીધેલું, ભાઈ આ માણસો મહેમાન છે સાથે એને જોવું હોય તો. એટલે મુગટ હેઠે ઉતર્યો. ત્રણ લાખનો હતો. હવે ભગવાનને મુગટ ને આ શું માંડ્યું? આહા! આ તો એકલી વીતરાગ મુદ્રા હોય તો પણ તેના દર્શનથી શુભરાગ છે. આહા! પણ એ તો પ્રશસ્તરાગ છે ને. (શ્રોતા : પણ રાગ છે ને?) પણ પ્રશસ્ત છે ને? સારો છે ને? સારો કોણ કહે છે, સાંભળને હવે ! એ તો અશુભની અપેક્ષાએ એને પ્રશસ્ત કહ્યો, ધર્મની અપેક્ષાએ એ તો પ્રશસ્ત નથી, એ તો અશુભ છે. આહાહા! શું થાય પણ હવે? લૂંટમલૂંટ ચાલી છે ધર્મને બહાને. આહા!

અરે ! જીવન જાય છે. કોઈ એને આ મદદ કરનાર નથી. આહાહા! સત્ય વાતને જો સમજ્યો નહીં અને અનુભવમાં, દૃષ્ટિમાં લીધો નહીં તો બધું થોથે–થોથાં છે. હજી લાખ માણસને ધર્મ પમાડ્યો એમ માનતો હોય, મંદિર કરાવ્યા હોય કરોડો. શું ઓલા ... નહીં રાજા? અઢી કરોડ કેટલું કરાવ્યું? સંપત રાજાએ. એ કંઈ કહે છે, આપણે બહુ આંકડો.... (શ્રોતા : સવા લાખ) સવા લાખ જિનબિંબ ભરાવ્યા. એય! આવે છેને? એ બધી ખબર હોય એને. સવા લાખ શું, સવા કરોડ ભરાવે તોય ધર્મ નથી, લે. અને ભરાવે શું એ? પરની ક્રિયા કરી શકે આત્મા? મંદિર કરી શકે આત્મા? મૂર્તિને સ્થાપી શકે આત્મા? એ તો પરવસ્તુ છે. એનો ભાવ હોય મંદતાનો કદાચિત્, તો શુભભાવ છે. અને એમાં ધર્મ માને, સાચો ધર્મ આથી થાય (એમ માને તો) મિથ્યાત્વને પોષે છે. આહાહા! આ તે ભારે કામ ભાઈ! દેરાસર કરાવ્યા ને વળી કહેવું કે દેરાસરથી ધર્મ નહીં. આ ભારે માર્ગ છે.

કરાવે કોણ? એ કાળે થવાના હોય એ થાય. કરાવી શકતું હતું કોઈ?

આ પરમાગમ થાય છે, લ્યો. તો કહે છે, કર્યા થાય છે ને? કીધું હશે ત્યારે થાય છે ને? કોણે કીધું છે? સાંભળને! એ તો મુંબઈવાળાએ ૮૦ વરસે.. ૮૦ ને ? ૮૦. સુઝ્યું કે ભાઈ, આપણે મંદિરનો ભાવ છે ૩ લાખનું. એમ એ કહેતા હતા. સાંભળ્યું અમે તો આંહીં. આંહીં કોને ન્યાં પૂછતા'તા ? ૩ લાખનું કરવું છે. હવે કરતા.. કરતા.. કરતા.. ૧૦-૧૨ (લાખ) સુધી આવી ગયું છે. હવે ઈ કર્યું થાય છે ? કોણ કરે એને ? આહાહા ! કેટલા લાખ આવ્યા છે ? એ બધી ખબર છેને. પ્રવીણભાઈને ખબર છે. (શ્રોતા : પોણા નવ) પોણા નવ. લ્યો, એ એને ખબર હોયને. પોણા નવ લાખ તો આવી ગયા છે. કોણ લાવે ? એ તો આવવાના હોય એ (આવે). કરાવે કોણ? આપણે ભઈ આ કરાવવાનો ભાવ છે. કરવાનો ભાવ કર્તાપણું? પરદ્રવ્યની ક્રિયાનો કર્તા મિથ્યાદષ્ટિ છે. આહા! આ ભારે કામ ભાઈ!

આંહીં તો કહે છે, શું કીધું? આવ્યું નહીં? મન.. મનની આવીને? छिनमैं प्रवीन छिनहीमैं मायासौं मलीन, લ્યો. ઘડીકમાં મોટો પંડિત લાગે મનમાં. વાતો કરે જાણપણાની ને વળી.. (यह मन) क्षणभरमें पंडित बन जाता है. મન-મન. જ્ઞાનમાં પંડિત નહીં. મનમાં ..... કરે વાતું મોટી, આમ છે ને આમ છે. એમાં શું થયું તને? એ તો સંકલ્પ—વિકલ્પ છે. મનથી થતું જ્ઞાન એ બંધનું કારણ છે. આહા! क्षणभरमें मायासे मलिन (हो जाता है). ઘડીકમાં પાછો વળી આહા! આબરુ ને પૈસા ને બાયડી-છોકરામાં બેઠો હોય, મલીન ચિત્ત... જેને કાંઈ સંબંધ નથી એને. છતાં ઘડીકમાં પંડિત દેખાય મૂરખ અને ઘડીકમાં મૂરખ દેખાય (પંડિત). એ મનની ચંચળતા છે, કહે છે. એ ચંચળતા છોડી અને આત્મામાં સ્થિરની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા!

પહેલો સમ્યગ્દર્શન તો પ્રગટ કરે. કરવાની તો એ ક્રિયા છે. એ સાથે હોતું નથી ? હોય છે. શુભભાવ નથી ? સાંભળવામાં આવે એ શુભભાવ નથી ? (શ્રોતા : શુભભાવ છે). આ અત્યારે શું છે ? આ સાંભળવાનો શુભભાવ છે. ન્યાં ધર્મ છે ? સમજાણું કાંઈ ? ધર્મ તો, એ સાંભળવાનો જે વિકલ્પ છે એનાથી જુદી ચીજ છું હું અંદર (એમ) દૃષ્ટિ કરે, રાગથી જુદો પડે ત્યારે ધર્મ થાય. આહાહા! આવો ભારે ભાઈ માર્ગ! छिनमैं.. કીધુંને ઘડીકમાં. ઘડીકમાં મલિન. छिनकमैं दीन छिनमांहि जैसौ सक्र है.. ઘડીકમાં દીન થઈ જાય, રાંકો છું ભાઈ, અમે તો પામર છીએ. क्षणभरमें विषयोंके लिये दीन होता है. વિષય પાંચ ઈન્દ્રિયના મને મળે, આબરુ મળે, ભોગ મળે આ બધું. ભિખારી, ઘડીકમાં મનમાં ભિખારી. આ મને આવું સાધન મળે, આવી સ્ત્રી મળે, આવા છોકરાં, આવી આબરુ અને

આવો પૈસો અને આવી દુકાન અને આવા માલ ને આવા મુનીમ. દીન-ભિખારી છે. આહા !

क्षणभरमें गर्वसे इन्द्र जैसा बन जाता है. ગર્વ માને. અમે ઈન્દ્ર છીએ, અમારી પાસે બધું છે. ધૂળ. આહાહા ! ક્ષણમાં તો ઈન્દ્ર જેવો અભિમાની થાય છે, કહે છે. મન.. મન.. મનથી થાય એ ધર્મ નથી એમ સિદ્ધ કરવું છે. બંધ અધિકાર છેને. दीन छिनमांहि जैसौ सक्र है, लियें दौर धूप छिन छिनमैं अनंतरूप.. क्षणभरमें जहाँ-तहाँ दौड लगाता है. મુંબઈ અને વિલાયત ને આ ને તે ને.. ન્યાં બે લાખ રોકશું તો આમ થાશે, ઢીકણું રાખશું તો આમ. આમ કરો ને આમ કરો. (શ્રોતા : માલ વિલાયતમાં ખપે તો શું કરે?) શું માલ... ભાઈ જાય છેને, જુઓને. ગોદિકા. જાય બે ચાર મહિના ને બે-ચાર લાખ લઈ આવે. લોકો જાણે કે આહાહા ! ધૂળેય નથી ત્યાં. સાંભળને હવે! એ તો એના પૂર્વના પુણ્ય હોય તો આવવાનું હોય એ આવે અને મન ઘડીકમાં દોડધામ કરે પણ પાછા.

અને એમાં તો અત્યારે સાધન એક જુઓને. ૬૦૦-૬૦૦ માઈલ હોય તો એક કલાકમાં-બે કલાકમાં જાઓ. અને ઓલા આ પણે તો મોટું કહે છે. મુંબઈથી આફ્રિકા જાય એ. છ કલાકમાં. કેટલા માઈલ ? (શ્રોતા : ૨૨૦૦). બસ, ૨૨૦૦ છ કલાકમાં ૨૨૦૦ માઈલ, લ્યો. તો તો જાય... બે કલાકમાં ૪૦૦ માઈલ જાય છે આ. એ જાય છે. આ અમદાવાદથી બે કલાકે જયપુર. ૪૦૬ માઈલ છે. ૨ કલાક તો ઓલું થાય. આહા ! આ તો મનની દોડધામ. ઘડીકમાં જયપુર ને ઘડીકમાં વિલાયત. ઘડીકમાં મુંબઈ ને ઘડીકમાં અમદાવાદ. આહા ! દોડધામ, લ્યો.

और क्षणभरमें अनेक वेष बनाता है. અનંત રૂપ છેને અનંત. छिनमैं अनंतरूप.. કંઈક ભિન્ન-ભિન્ન વિકલ્પના બનાવે અંદર અશુભભાવ અંદરમાં આમ, લ્યો. कोलाहल ठानत मथानकौसौ तक्र है, લ્યો. વલોણું. છાશ. છાશ બનાવવાનું હોય છેને આ, શું કહેવાય એ ? શું કીધું આ ? (શ્રોતા : જેરણી). જેરણી. ઓલા દહીંને જેર કરી નાંખેને એટલે જેરણી આનું નામ છે. આખું દહીં હોયને આમ ઘટ્ટ. જેરણી નાંખે એટલે જેર કરી નાંખે ભૂકો. એમ ઘડીક-ઘડીકમાં... दहीं विलोवने पर छाछकी गडगड़ी होती है. ગડગડી ગડગડી અંદર એમ મનમાં. જેમ છાશમાં ગડગડ એવા ગડગડાટ વિકલ્પ હોતા હૈ. આહાહા !

સપના એવા આવે, કલ્પના એવી આવે. આહાહા ! અરે ભગવાન ! તું તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો. આ ક્યાં દોડધામ કલ્પનાની (માંડી છે?) આહાહા ! છાશમાં જેમ જેરણી ફર્યાફર કરે, એમ મન ફર્યાફર ઘડીકમાં આમથી આ ને આમથી આમ. આમથી આમ. એક વાર અમદાવાદ ને એકવાર મુંબઈ ને એકવાર ક્યાંય. હવે આત્મામાં ઠરવું હોય

તો એને ઠેકાણું.... ના, એ અમારું કામ નહીં ભાઈ. આહા! कोलाहल ठानत मथानकौसौ तक्र है

नटकौसौ थार.. નટનો થાળ. આમ ફેરવેને આ થાળ. આપણે હતો એક જણો કો'ક, કરતો હતો એક. (શ્રોતા : મધુકર). મધુકર. પણ એ બીજો હતો આપણો વાણિયો. (શ્રોતા : ....) કોણ? (શ્રોતા : ભજનમંડળીવાળો). હા, એ. એક હતો. પણ આમ... શું છે પણ આ? (શ્રોતા : ભજન કરે). ભજન ન્યાં ક્યાં આવ્યું એમાં? દુનિયાનો દેખાવ કરવો હોય કે અમને આ આવડે છે. થાળ તો એને કારણે ફરે છે હોં. એ આમ આમ કરે છે માટે ફરે છે એમ નહીં. આરે, આરે, ભારે વાતું! એ આમ આમ કરે માટે થાળ ફરે છે એમ નહીં. થાળ તો પોતાને કારણે એ પર્યાયમાં એ રીતે ફરે છે. આહાહા! એવો થાળનો જેમ ચક્ર ફરે છે, એમ અજ્ઞાનીનું મન नटकौसो थार कीधौं हार है रहट कौसो.. આ રહેંટ છેને. પાણી ઉપરથી નીકળે ને હેઠે ફરે નહીં આ? (શ્રોતા : રહેંટ.. રહેંટ) રહેંટ. રહેંટમાંથી.. रहटकी माला, લ્યો. માળા છેને એ એક, એમ. આમ અંદર ડોલું ભરી હોય. ડોલું હોય બધી આખી. ઉપરથી પાણી નીકળે ને હેઠેથી ભરાતું જાય. એમ મનમાં એક વિકલ્પ જાય ત્યાં બીજો આવે ને બીજો જાય ત્યાં ત્રીજો આવે. ઓલા રૂને કાંતેને. એમ કાંત્યા જ કરે એક પછી એક સંકલ્પ-વિકલ્પ. આહાહા! એમ કહે છે જુઓ.

धारकौसौ भौंर कि कुंभारकौसौ चक्र है. ધારના ભંવરની પેઠે. નદીમાં ચક્ર હોયને ભંવર.. ભંવર.. આ ચક્ર પાણીમાં આમ. (શ્રોતા : ભમરી ખાય) ભમરી ખાય. એમ આનું મન ભમરી ખાય. ઘડીકમાં કંઈક, ઘડીકમાં કંઈક બીજું ઓહોહો! બાયડીનો વિચાર આવે તો બાયડી આહાહા! આપણા ઘરમાં હુશિયાર હોં. આવી બાયડી મળી. છોકરો પણ આપણો હુશિયાર પાક્યો માળો. આમ ને આમ કલ્પનાના ઘોડા દોડાવી મનને ચંચળ કરે છે, કહે છે. અસ્થિર કરે છે, એ બંધભાવ પ્રગટ કરે છે એમ કહે છે. આહાહા! કુંભારનું ચક્ર, લ્યો ઠીક. કુંભારનું ચક્ર હોયને, ઘૂમે આમ ફર્યાફર કરે. (શ્રોતા : ચાક) ચાક. એમ મન ચંચળ રહ્યા જ કરે. પ્રભુનો સ્વભાવ તો સ્થિર થવાનો છે, જ્ઞાન કરવાનો છે. જ્ઞાન કરીને ઠરવાનું છે. એને ઠેકાણે આવા ભાવમાં ચંચળ થઈને અસ્થિર થઈ જાય છે એમ કહે છે.

ऐसौ मन भ्रामक सुथिरु आजु कैसे होई.. આવું જે મન ભ્રમણા ને અજ્ઞાનમાં સ્થિર શી રીતે થાય? જ્ઞાન કરે તો સ્થિર થાય. કે આ ચંચળ કલ્પના એ મારું સ્વરૂપ નથી. પરને ને હું કાંઈ કરી શકતો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છું. એમ અંતરમાં આમ દૃષ્ટિ કરે, સ્થિર થાય. औरहीकौ चंचल अनादिहीकौ वक्र है. અનાદિનું છે આ વક્ર—વાકું

અનાદિનું, એમ. 'મનડું કેમ રહીને બાજે' એવું આવે છેને. 'કુંથુ જિન મનડું...' આનંદઘનજીમાં આવે છે.

લ્યો. मनकी चंचलता पर ज्ञानका प्रभाव. ग्यानके जगैसौं निरवाण पथ धसा है. સિદ્ધ એ કરવું છે ને. સમ્યગ્જ્ઞાન થાય તો એવી કલ્પના ખસી જાય અને કોઈ કલ્પના—અસ્થિરતા થાય તો એનો જ્ઞાતા-દ્રષ્ટા રહે. આ તો કલ્પનાનો જ સ્વામી થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ ?

મનની ચંચળતા ઉપર જ્ઞાનનો પ્રભાવ. (સવૈયા એકત્રીસા)

धायौ सदा काल पै न पायौ कहूं साचौ सुख,
रूपसौं विमुख दुखकूपवास बसा है।
धरमकौ घाती अधरमकौ संघाती महा,
कुरापाती जाकी संनिपातकीसी दसा है।।
मायाकौं झपटि गहै कायासौं लपटि रहै,
भूल्यौ भ्रम-भीरमैं बहीरकौसौ ससा है।
ऐसौ मन चंचल पताकासौ अंचल सु,
ग्यानके जगेसौं निरवाण पथ धसा है।।५१।।

**શબ્દાર્થ** :—ધાયૌ=દોડ્યો. વિમુખ=વિરુદ્ધ. સંઘાતી=સાથી. કુરાપાતી=ઉપદ્રવી. ગહૈ=પકડે. બહીર=શિકારી. સસા(શશા)=સસલું. પતાકા=ધ્વજા. અંચલ=કપડું.

**અર્થ** :—આ મન સુખને માટે સદાય ભટકતું રહ્યું છે પણ ક્યાંય સાચું સુખ મેળવ્યું નથી. પોતાના સ્વાનુભવના સુખથી વિરુદ્ધ થઈ દુઃખના કુવામાં પડી રહ્યો છે, ધર્મનો ઘાતક, અધર્મનો સાથી, મહાઉપદ્રવી સનેપાતના રોગી જેવો અસાવધાન થઈ રહ્યો છે. ધન-સંપત્તિ આદિનું સ્ફૂર્તિથી ગ્રહણ કરે છે અને શરીરમાં સ્નેહ કરે છે. ભ્રમજાળમાં પડ્યો થકો એવો ભૂલી રહ્યો છે જેવો શિકારીના ઘેરામાં સસલું ભટકી રહ્યું હોય, આ મન ધજાના વસ્ત્રની જેમ ચંચળ છે, તે જ્ઞાનનો ઉદય થવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે. ૫૧.

**अर्थ** :—यह मन सुखके लिये हमेशासे ही भटक रहा है, पर कहीं सच्चा सुख नहीं पाया। अपने स्वानुभवके सुखसे विरुद्ध हुआ दुःखोंके कुएँमें पड़ रहा है। धर्मका घाती, अधर्मका संगाती, महा उपद्रवी, सन्निपातके रोगीके समान असावधान हो रहा है। धन-सम्पत्ति आदिको फुर्तीके साथ ग्रहण करता है और शरीरसे मुहब्बत लगाता है, भ्रमजालमें पड़ा हुआ ऐसा भूल रहा है जैसा शिकारीके घेरेमें खरगोश भ्रमण करता है। यह मन पताकाके वस्त्रके समान चंचल

है, वह ज्ञानका उदय होनेसे मोक्षमार्गमें प्रवेश करता है।।५१।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એ આત્મા અને રાગાદિનું જ્ઞાન કરવું—ભેદજ્ઞાન કરવું, ત્યારે એ ચંચળતા નાશ થાય છે. સમજાણું કાંઈ? धायौ सदा काल पै न पायौ कहूं साचौ सुख.. ભટક ભટક કરે. પૈસામાં સુખ, બાયડીમાં સુખ, છોકરામાં સુખ, આબરુમાં સુખ. મોટા હજીરા બનાવે ને વાસ્તુ લે ને પછી સુખ. મૂઢ છે માળા, કહે છે. આહાહા! यह मन सुखके लिये हमेशासे ही भटकता रहता है. આહાહા! દેશ મૂકીને પરદેશ, પરદેશ મૂકીને જાય આઘા, પાછા. જુઓને, આ આફ્રિકા જાય છેને બધા મહાજન લોકો. કેટલાય ગયા. આફ્રિકાવાસી થાય નહીં તો રહેવા ન દે ત્યાં. અહિંયાં રહો તો રહો, નહીં તો ભાગી જાઓ. આહા! સુખને માટે અજ્ઞાની (ભટકે છે). સુખ છે આત્મામાં, એની શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી. અને બહાર સુખ માટે ભ્રમણા.. ભ્રમણા.. ભ્રમણા. આહાહા!

भटकता रहा है, पर कहीं सच्चा सुख नहीं पाया, લ્યો. रूपसौं विमुख दुखकूपवास.. કહો. अपने स्वानुभवके सुखसे विरुद्ध हुआ. रूपसौं विमुख એટલે સ્વરૂપ(થી વિમુખ). ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય સુખસ્વરૂપ જ છે. એવા સુખસ્વરૂપથી વિમુખ दुखकूपवास बसा है.. દુઃખના મોટા કૂવામાં વસ્યો છે કહે છે. દુઃખના કૂવામાં પડ્યો છે એમ કહે છે. આહાહા! પુણ્ય ને પાપના ભાવ એ દુઃખનો કૂવો છે. શુભ-અશુભ ભાવ બેય. એમાં પડ્યો છે દુઃખમાં. એનાથી આનંદ ભિન્ન છે એનું ભાન કરતો (નથી). આહાહા!

પરમાં સુખ, પરમાં સુખ, પરમાં સુખ. દુનિયામાં પણ ખુરશી એવી મળે પૈસાવાળાને. (શ્રોતા : પણ ખુરશી મળેને. સુખ ન મળેને?). માનેને એ. અમારે વેવાઈ સુખી છે, કહે લ્યો. શું કીધું હતું.... વેવાઈ સુખી છે? પૈસા છે, આબરુ છે, કુટુંબ આમ બહોળું છે. એમાં સુખ ક્યાં આવ્યું? એ તો પરવસ્તુ છે. પાંચ હજારનો પગાર મહિને, વળી બક્ષિસ મળે ૧૨ મહિને ને ઓફિસર મોટો કહેવાય. કહો, સુખ હશે કે નહીં આમાં? (શ્રોતા : સાંભળી પોરસ કરે). સાંભળી પોરસ... કોટ પાટલૂન પહેરે, માથે આમ નાખ્યું હોય. પાંચ હજાર, દસ હજારનો પગાર મહિને. આહા! ફાટી જાય પ્યાલો હોં.

એકવાર એવું બન્યું હતું ત્યાં વળામાં હોં વળામાં. છોકરો બહુ પૈસાવાળો હતો ને આબરૂ મોટી થઈ ગઈ. એટલે વળામાં ગયો ને માન બહુ આપેને બધું. એટલે ઊંટે બેસીને જાતો હશે એનો બાપ અને બેય. એમાંથી આ ગામમાં ગયો માન માટે. કોઈ સાથે છે?

કહે, હા એક માણસ સાથે છે. બાપ છે મારી સાથે એમ ન બોલ્યો એ. એટલે ઓલા કહે, પણ ત્યારે બોલાવો આંહીં. તમને આંહીં જમવાનું ને આંહીં તમારે.... પછી ત્યાં આવ્યો એનો બાપ. એટલે ઓલે ન્યાં એમ કીધેલું કે એક માણસ છે મારી સાથે. આ તો મારે માણસ, એમ બોલ્યો ભાઈ અને આણે સાંભળ્યું એના બાપે.

ઠીક, માણસ મને ઠરાવ્યો આંહીં. મારો બાપ છે (એમ) બોલતાં એને શરમ લાગી. પછી ગાળ દીધી સરખાઈની એણે—એના બાપે હોં. એની માનો લોંઠો છું હું, કહે, માણસ નથી. કોણે કીધો તને માણસ? એમ કહીને... ઓલો તો.... એની માનો ધણી છું, એમ. ઓલો તો.... માળા, આવું બોલે..... એટલું માન? મારા બાપુજી સાથે છે પિતાજી, એટલું તને કહેતાં (શરમ આવે છે). માળા આવા ફાટેલ. આ બન્યું હતું વળામાં ઘણા વરસ (પહેલા). ઘણે ઠેકાણે બને, એ તો ઘણે ઠેકાણે.. અભિમાની હોયને. અને બાપ તો સાધારણ કપડાં પહેરતા હોય, સાધારણ ઓલું ફેંટા-બેંટા પહેરતા હોય ને આ વળી સુધરેલો હોય વધારે. આહા!

કહે છે, दुखकूपवास बसा है.. દુઃખના કૂવામાં પડ્યા છે બધા માળા. માન ને માયા ને લોભ આહાહા! धरमकौ घाती, લ્યો. એ ધર્મનો તો ઘાત કરનાર છે. શુભાશુભ પરિણામ થાય ચંચળ.. ચંચળ.. એ ધર્મનો ઘાતી છે. લ્યો, ધર્મનો ઘાત કરે છે પુણ્ય-પાપનો ભાવ, એમ કહે છે. ધર્મ તો નથી, પણ ધર્મનો ઘાત કરે છે. આંહીં તો મનના સંગે બંધ થાય એમ સિદ્ધ કરવું છે. મનનો સંગ છોડીને આત્માનો સંગ કરે તો ધર્મ થાય. આહાહા! બહુ આકરું માણસને એટલે... (શ્રોતા : એકદમ ઉતરે નહીં). ન ઉતરે. અભિમાનના ચડી ગયા છેને અંદર (પડળ). ધર્મ કર્યા છે ને મંદિર કર્યાં છે ને આ કર્યાં છે. ધૂળેય કર્યાં નથી, મરી જઈશ. નિગોદમાં જઈશ, સાંભળને! દુનિયા મોટો ગમે એમ ઠરાવે તને. વસ્તુના સ્વભાવથી વિરુદ્ધ તું માને એટલે કંઈ તત્ત્વ મળી જાય તને? (શ્રોતા : બિલ્કુલ નહીં). આહાહા!

धरमकौ घाती अधरमकौ संघाती.. એ મન તો અધર્મનો સંગાથ છે. પુણ્ય-પાપ ભાવ બેય અધર્મ છે, એમ કહે છે. જુઓ ભાઈ, આંહીં તો ખુલાસો કર્યો. એય! મનનો સંગ થતાં જે શુભાશુભ પરિણામ થાય, એ બેય અધર્મનો સંગાથ છે. આહાહા! એવા પુણ્ય-પાપના વિકલ્પ રહિત ભગવાન આત્મા ચૈતન્ય એનો અંદર દૃષ્ટિ કરવી, એમાં સુખ છે, એમાં શાંતિ છે અને એમાં ધર્મ છે. મનના વિકલ્પમાં કાંઈ ધર્મ છે (નહીં). આહાહા! ધર્મનો ઘાતી છે ને અધર્મનો સંઘાતી છે એમ કહે છે. આહાહા! પાછો સંઘાતી મહા, એમ. અધર્મનો મહાસંઘાતી છે. આહાહા!

कुरापाती जाकी संनिपातकीसी दसा है, લ્યો. મહાઉપદ્રવી છે. કુરાપાતી શબ્દ છે

છેને અંદર, (એટલે) ઉપદ્રવી. મનમાં શુભ અશુભના સંકલ્પ-વિકલ્પ એ તો મહાઉપદ્રવ છે. ભગવાન આત્મા એ મનનાં સંગ વિનાનો, એ પુણ્ય-પાપના રાગ વિનાનો છે. એનો સંગ— અસંગનો સંગ કરવાથી ધર્મ થાય. મનનો સંગ કરવાથી ધર્મ થાય નહીં. આહાહા! વાત એવી...

कुरापाती जाकी संनिपातकीसी दसा है.. સન્નિપાત જેવી દશા છે, કહે છે. આહા! છે ને? સન્નિપાતી કીધુંને. ઉપદ્રવી અને सन्निपातके रोगीके समान असावधान हो रहा है. સનેપાતિયાને કાંઈ ભાન નથી. આહા! ચાંપો આંહીં છે. આવે છેને ભાઈ 'અનુભવપ્રકાશ'માં. ભૂલી ગયો મારો ચાંપો. એ ઘરમાં આવ્યો સાંજે. એને એમ કે ચાંપો બહાર છે. પોતે ચાંપો હતો. બૈરાને કહો, ઉઘાડો. કોણ છે? કહે, ચાંપો આહીં છે? ત્યારે તમે કોણ છો? એમ આત્મા છે? પણ તું કોણ છો? આ આત્મા છે એ આત્મા આનંદ ને જ્ઞાન છે. આવા સનેપાતિયા ભાન વિનાના હોય છે. એને મનના સંગમાં થતા વિકલ્પો સન્નિપાત જેવા છે, કહે છે. પીછે વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

દહીંના મંથનથી ઘીની સત્તા સાધવામાં આવે છે, ઔષધિઓની ક્રિયામાં રસની સત્તા છે, શાસ્ત્રોમાં જ્યાં-ત્યાં સત્તાનું જ કથન છે, જ્ઞાનનો સૂર્ય સત્તામાં છે, અમૃતનો પુંજ સત્તામાં છે, સત્તાને છૂપાવવી એ સાંજના અંધકાર સમાન છે અને સત્તાને મુખ્ય કરવી એ સવારના સૂર્યનો ઉદય કરવા સમાન છે. સત્તાનું સ્વરૂપ જ મોક્ષ છે, સત્તાનું ભૂલવું તે જ જન્મ-મરણ આદિ દોષરૂપ સંસાર છે, પોતાની આત્મસત્તાનું ઉલ્લંઘન કરવાથી ચાર ગતિમાં ભટકવું પડે છે. જે આત્મસત્તાના અનુભવમાં વિરાજમાન છે તે જ ભલો માણસ છે અને જે આત્મસત્તા છોડીને અન્યની સત્તાનું ગ્રહણ કરે તે જ ચોર છે.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષ દ્વાર, ૫૬-૨૩)

# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચનના

### ૭ ભાગના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

**રૂા. ૧૦૦૦૦૦=૦૦**

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ

**રૂા. ૫૧૦૦૦=૦૦**

શ્રી સ્વ. અંજુબેન માણેકલાલ ડેલીવાળા
હ. અનુજ કૌશિકભાઈ ડેલીવાળા
મુલુંડ–મુંબઈ

ડૉ. લીનાબેન અનિલકુમાર મોદી, પાર્લા

શ્રી ઈવેટ મીલન શાહ, એન્ટવર્પ

શ્રીમતી હીરાબેન શાંતિલાલ દોશી, તથા શ્રીમતી ઈન્દિરાબેન જયંતીલાલ શેઠ (હ. મમતાબેન ભાવીનભાઈ શેઠ) તથા શ્રીમતી કોકિલાબેન અનિલભાઈ ડેલીવાળા

**રૂા. ૧૫૦૦૦=૦૦**

શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર

**રૂા. ૧૧૦૦૦=૦૦**

શ્રી ધીરજબેન દાદભાવાળા

શ્રી રંજનબેન શાહ

શ્રી મંજુલાબેન ગાલા

ડૉ. હીરાબેન સી. શાહ

શ્રી પ્રસન્નભાઈ બ્રોકર

શ્રી મંજુલાબેન કિશોરભાઈ ગોપાણી

શ્રી વિપુલભાઈ ભરવાડા

શ્રી સરોજબેન

શ્રી કનકબેન અનંતરાય શેઠ પરિવાર

શ્રી ચંદ્રાબેન મધુભાઈ શાહ પરિવાર

શ્રી જયાબેન જયંતીલાલ દોશી પરિવાર

શ્રી મીરા અનીલભાઈ શાહ, મસ્કત

શ્રી છગનલાલ કાલીદાસ વાધર પરિવાર

શ્રી એક મુમુક્ષુબેન

**રૂા. ૭૫૦૦=૦૦**

શ્રી નીતાબેન મધુભાઈ દોશી પરિવાર

**રૂા. ૫૦૦૦=૦૦**

શ્રી દક્ષાબેન બાબુલાલ ગાંધી

શ્રી ચંદ્રમણિબેન મણિયાર

શ્રી સંધ્યાબેન શૈલેષભાઈ લોડાયા (ઘાટકોપર)

શ્રી ઉષાબેન કીર્તિભાઈ કોઠારી

શ્રી દેવાંગ

શ્રી મમતાબેન ભાવીન શાહ

શ્રી હસમુખભાઈ વસાણી

શ્રી કસુંબાબેન અમૃતલાલ શેઠ,
હ. સુધાબેન રજનીકાંત શેઠ

શ્રી હીરાબેન મણિલાલ શાહ

શ્રી દિવાળીબેન ભાણજીભાઈ ગડા

શ્રી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ

શ્રી લાભુબેન મનુભાઈ કામદાર, પરિવાર

શ્રી કનકબેન કે. શાહ, કે. કે. શાહ

શ્રી મીતાબેન નીતિનભાઈ ઉદાણી

શ્રી ચંદ્રાબેન

શ્રી ઇન્દુબેન એમ. શાહ
શ્રી રૂપાબેન બ્રોકર
શ્રી નયનાબેન સંઘવી
શ્રી કોકીલાબેન નલીનભાઈ શાહ

**રૂા. ૫૦૦૦=૦૦**

શ્રી રજનીભાઈ શાહ
શ્રી ધનલક્ષ્મીબેન પ્રાણલાલ કામદાર પરિવાર
શ્રી લીનાબેન સંઘવી
શ્રી તરુબેન વી. શાહ
શ્રી ઇન્દુબેન જસવંતભાઈ મહેતા
શ્રી કાંતાબેન માસ્તર,
હ. મધુરીબેન નંદુ, સોનગઢ
શ્રી વસુમતી બાબુલાલ મોદી
શ્રી સેજલબેન મહેતા
શ્રી મીતેશ જે. મહેતા
શ્રી ઇન્દુભાઈ પીપલીયા, હ. મહેન્દ્ર પીપલીયા, મનીષ પીપલીયા
શ્રી લક્ષ્મીબેન સાવલા
એક મુમુક્ષુબેન, પાર્લા-સાંતાક્રુઝ

**રૂા. ૩૦૦૦=૦૦**

શ્રી ઝરણા કેતન શાહ
શ્રી બેલા કેતન દફતરી
શ્રી જ્યોતિબેન પ્રવીણભાઈ મહેતા
શ્રી હર્ષાબેન જનકભાઈ ટીમ્બડીયા
શ્રી ઈન્દિરા ધીરજલાલ શાહ
શ્રી નીકિતા ઋષભ મહેતા

**રૂા. ૨૫૦૦=૦૦**

શ્રી ચંદ્રકાંતભાઈ કે. શાહ
શ્રી રંજનબેન પ્રવીણભાઈ અજમેરા
શ્રી બચુભાઈ પારેખ
શ્રી શાંતાબેન કે. શાહ
શ્રી રૂપાબેન કિરીટભાઈ જોબાળિયા
શ્રી પ્રતીભાબેન છેડા
શ્રી પૂર્ણિમાબેન રોહિત માલીયા
શ્રી ભારતીબેન સાવલા
શ્રી રસિલાબેન આર. કે. શાહ
શ્રીમતી સરોજબેન ચંદ્રવદન શેઠ

**રૂા. ૨૧૦૦=૦૦**

શ્રી પ્રીતિબેન સંજીવભાઈ કોઠારી

**રૂા. ૧૧૦૦=૦૦**

શ્રી કુંદનબેન ધીમંતભાઈ શેઠ
શ્રી ભાનુબેન સૂર્યકાંત કામદાર

**રૂા. ૧૦૦૦=૦૦**

શ્રી કલ્પના ઉદય ગોસલીયા
શ્રી દેવીબેન નીતિનબાઈ અજમેરા
શ્રી રીદ્ધિ ઋષભ વોરા
શ્રી અંકિતા કિરણ દેસાઈ

**રૂા. ૫૦૦=૦૦**

ડૉ. દીપક શેઠ
શ્રી નલીની મિલન સંઘવી
શ્રી ભારતીબેન દિ. દોશી
શ્રી અંશ દેવેન દોશી
શ્રી અર્હન કૈનેશ શાહ
શ્રી પૂનમ પરાગ દેસાઈ
શ્રી હર્ષાબેન શાહ
શ્રી લક્ષ્મીબેન સાવલા



શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર
(વિલે પાર્લા) મુંબઈ